[illegible]

[illegible]

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૧૧૪૭ वर्गांक

पुस्तकनु नाम ચાંદરડાના

विषय ક- ૩



રામ સૂર્યરામ દેશાઈ

[illegible]

[illegible]

CHANDRAKANT

A TREATISE ON THE PRINCIPLES OF VEDANT

VOL I

ITCHARAM SURYARAM DESAI,
LATE EDITOR 'GUJARATI

NINTH EDITION

BOMBAY
THE GUJARATI PRINTING PRESS
SAMVAT 1980 A D 1924

PRICE RS 4-0-0

(ALL RIGHTS RESERVED)

First edition			1891
Second	,,	Revised	1894
Third	,,	Revised and enlarged	1897
Fourth	,,	Reprint	1899
Fifth	,,	Revised and enlarged	1904
Sixth	,,	Revised and enlarged	1908
Seventh	,,	Revised and enlarged	1912
Eighth	,,	Reprint	1919
Ninth	,,	Reprint	1924

PRINTED AND PUBLISHED
BY M. [illegible] DESAI
THE GUJARATI PRINTING PRESS
SASSOON BUILDINGS, FORT
BOMBAY

ચન્દ્રકાન્ત

(वेदान्त ज्ञाननो मुख ग्रन्थ)

પ્રથમ ભાગ

રચનાર

ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ

"ગુજરાતી"ના આદ્ય તંત્રી,
પંચદશીના વિવરણ કર્તા ઈ

નવમી આવૃત્તિ

મુંબઈ

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ

વિક્રમાબ્દ ૧૯૮૦ ઈ સ ૧૯૨૪

કિંમત રૂ૦ ૪-૦-૦

વિદ્યાપીઠ
(... સ્વાધીન ...)
૧૫૧૬
૧૧૧૭૮
ગુજ... ...પીરાઈટ સંગ્રહ

शिखरिणी

न रम्य नारम्य प्रकृतिगुणतो वस्तु किमपि
प्रियत्व यत्र स्यादितरदपि तद्ग्राहकवशात् ।
रथाङ्गाह्वानाना भवति विधुरङ्गारशकटी
पटीराम्भ कुम्भ स भवति चकोरीनयनयो ॥

અર્થ–કોઈ પણ વસ્તુ તેમા રહેલા મુખ્ય ગુણને લીધે સારી કે નરસી મનાતી નથી, પરતુ વસ્તુનુ સારાપણુ કે નરસાપણુ જે ભાસે છે તે ગ્રાહકને લઇને ગણાય છે દૃષ્ટાંત તરીકે–ચક્રવાકીઓને ચન્દ્રમા અગારાની શગડી થઈ પડે છે (બળતા અગારાની શગડી જેવો ભાસે છે), પરતુ તે ચન્દ્રમા ચકોરીના નેત્રને ચન્દનના જળથી ભરેલા ઘડા જેવો ભાસે છે (જોતા વાર તેના નેત્રને શીતળ કરે છે)

DIVINE philosophy begins with the idea of God, and has been eloquently described as "capable of continual expansion, which transforms into its own likeness the mind that receives it, grows more refulgent by having transferred upon it new perceptions of beauty and goodness—attracting to itself as a centre whatever bears the impress of dignity order, or happiness, which borrows splendour from all that is fair, subordinates to itself all that is great, and sits enthroned in the riches of the universe."

HALL

પરમ સ્નેહી

રા. રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી

મુંબઈ

ચૈતન્ય ચન્દ્રોદયના પ્રકાશથી નિરન્તર શીતળ જ્ઞાનના ઝરાને જન્મ આપનારા આ ચન્દ્રકાન્તમણિ, પુરુષાર્થાદિ જિજ્ઞાસા-સંશયથી તપ્ત અત-કરણના મારા સરખા મિત્રોને અર્થે ઉત્સર્ગ કરતા હુ વિચારુ છુ તો યથાર્થ ઉપયોગ લેનારા અને મારી કૃતિનુ સાફલ્ય કરનારા, તેમ મારા સબધમા સ્નિગ્ધ ભાવથી વર્તનારા અનેક સત્પુરુષો છે, તોપણ સામાન્ય-વિશેષભાવથી પુનર્વિચારતા મારા જેવી વિટબણાને પાર પહોંચી અપરોક્ષ જ્ઞાનથી આનન્દનો લહાવો લેનાર, સારાસાર વિચાર કરનાર, ગુજરાતી ભાષાના કલેવરને પુષ્ટ કરનાર, મારા સદાના એક સરખા સ્નેહી આપને જોઈને, આ મણિ પ્રેમપૂર્વક સમર્પું છુ, તે આપ સ્વીકારશો.

આષાઢી પૂર્ણિમા
સવત્ ૧૯૪૭

મને માનો તમારો સદાનો
ઈચ્છારામ સૂ. દેસાઈ

જિજ્ઞાસુની શોધ

અખિલ વિશ્વના આધાર અને સમગ્ર ચરાચરના સ્વામી પ્રગટ પરમાત્માના ચરણનુ શરણ ગ્રહીને, આધિ, વ્યાધિ તથા ઉપાધિથી પીડિત મનના સાંત્વનને માટે, શરદ પૂર્ણિમાનો પૂર્ણ ચન્દ્રમા જેમ સર્વને શાન્તિ દે છે તેમ શાંતિ આપનારો આ ચન્દ્રકાન્તમણી, જિજ્ઞાસુ જનો સમક્ષ મૂકતા પહેલા જે નિવેદન કરવાનુ છે, તે આ જ છે કે, માનવી સૃષ્ટિનો પ્રાણિ ધર્મવિષયમા અને પરમાત્માની પ્રાપ્તિવિષયમા સદોદિત ગુચવાયા કરે છે, તેના મનના સકલ્પવિકલ્પના નિરાકરણાર્થે, બાવરુ ચિત્ત કેમ સ્થિર થાય, જ્ઞાનના વિષયની ઘટના અતિ દુર્ઘટ છે તેમા કેમ પ્રવેશ કરી શકાય, અને સજ્ઞાનનિવૃત્તિના આનંદના ભોક્તા કેમ થવાય, તે જિજ્ઞાસા પૂર્ણ કરવાર્થે, આ મણિ પ્રકાશે છે

અખડિત વિષયવાસનાના વેગવન્ત વમળવાળા પ્રવાહમા પડેલો જન, અજ્ઞાન અને દુર્જ્ઞાનના યોગે નિવૃત્તિથી વિમુખ રહે છે, પણ સજ્ઞાનનિવૃત્તિ એ નિત્યની સુખદાયી અને આનન્દની મૂર્ત્તિ હોવાને લીધે, તેમા જેવુ સ્થિર-ચિર સુખ સમાયુ છે તેવુ કોઇમા પણ ન હોવાથી, આ બાવરો મનુષ્ય, જ્ઞાનથી વિમુખ હોવાને કારણે, બહુવાર હૃદયમા સતપ્ત થાય છે તેવા મનુષ્યો-જિજ્ઞાસુઓને ઘણીવાર સ્વાભાવિક ઉદાસીનતા આવે છે ખરી. તે વિચારે છે કે, મારુ શુ થશે? હુ કોણ? ક્યાથી આવ્યો? ક્યા જઇશ? વગેરે ન જાણવા-સમજાયાના કારણથી તે ઉદાસ-બાવરો રહે છે વળી તેને એવી પણ જિજ્ઞાસા ઉત્પન્ન થવા પામે છે કે સત્ય શુ? નિત્ય શું? અને પરમપદ ચિદાત્મા તે શુ? અને તે જાણવા જોવાનુ સાધન શુ અને સત્સિદ્ધાન્ત શો? એવા એવા વિચારથી, તેના મનમા એવો તો ઉદ્વગ રહે છે કે, તેને લીધે તેનુ હૃદય બાવરુ-વિભ્રમવાળુ બની રહી, ભવભટકણમા ભટકયા કરે છે આ લોકમા આવા ઘણા મનુષ્યો પડેલા છે, પણ સત્સગને અભાવે ને પ્રવૃત્તિની દોડમા પડ્યા રહેવાથી તેઓને કોઈ એવું ઉત્તમ સાધન પ્રાપ્ત થતુ નથી કે, જેનાવડે તે હૃદય અને આત્માને શાન્તિ પમાડી શકે. એવા ભટકતા-બાવરા-વિહ્વળ મન-ચિત્ત-હૃદય-આત્માને શાન્ત કરવાના હેતુથી, જૂદા જૂદા સંતો પાસેથી જૂદેજૂદે સમયે, જૂદેજૂદે સ્થળેથી સાભળી, વિચારી,

શોધીને જિજ્ઞાસુ તરિકે જે ચુંટકા–તત્ત્વજ્ઞાનનો ઓઘોપયોગી સગ્રહ- ઘણુા વરસ થયા મારી તરફથી સંગ્રહિત થયેલા છે, તે સર્વે આ ચન્દ્ર- કાન્તમા દાખવ્યા છે–પંડિતાઈ બતાવવા તથા જ્ઞાનધર્મમાં યથાર્થ સમ- જણ પહોચી છે, તે દર્શાવવા નહિ જ

આજકાલ બુદ્ધિમાહાત્મ્ય વધી ગયું છે, અને તેમા દેખાતી ચંચળતા બહુ વિસ્મય પમાડનારી તથા વિચિત્રતા દર્શાવનારી છે અહુણુા સત્ય અને નિત્ય શું છે તે શોધવા કરતા, ભવભટકણનું કારણ શોધવા પ્રત્યે વિશેષ વલણ રહે છે; અને દર્શાવવામા એમ આવે છે કે, પરમઅદ્વૈતનુ, પરમ- પુરુષનું, પરમગતિનુ, પરમબ્રહ્મનુ પરમરહસ્ય જાણવા અર્થે અમે પરમશ્રમ સાધીએ છીએ આને લીધે પરમાત્મા સંબધી વિવેકવિચારમા નિરાળી વૃત્તિએ વર્તવામા આવે છે પણ જેમ અસાધ્યરોગ માટે ઊંટવૈદ્યો નકામા છે, તેમ પરમસત્યને શોધવા માટે ચચળ બુદ્ધિ વ્યર્થ છે અવિદ્યામા ઘેરાયલો અને રગડામા રોળાયલો જીવ ભૂલી જાય છે કે, જેમ અમિશ્રિત ને સ્વચ્છ સુવર્ણ બજારમા વારવાર ચલણમા આવતુ નથી, તેમ જ આ ગુહ્ય- ગૂઢ વિષયમા ચચલબુદ્ધિથી દોરવાયલુ મનુષ્યમન પ્રવેશ કરી શકતુ નથી પણ જો કોઈ જિજ્ઞાસુની ઈચ્છા, શુદ્ધ મનથી પરમાત્માના શોધની, કે દર્શન માટેની હોય તો તેણે તેની તરફથી કાઈ પણ વારસાની આશા રાખવી નહિ, પણ તેને તે જેવો છે તેવો જ જોવા માટે, અંતરાત્મામા જ શોધવો, બહાર નહિ. તેણે સકલ્પવિકલ્પ વચ્ચે સુદૃઢ રહી, માયાની મોહિની ત્યજી દઈ, મમતા રહિત બની, આગ્રહવાળા મતમતાતરની પરવા વગરના બનવુ. તે સાથે જ્યા દૃષ્ટિ પણ પહોચવી અશકય છે તેવા કૂવામાથી, નવી નવી કલ્પનાની સાકળ જોડીને પાણી કાઢવાનો પણ પ્રયત્ન કરવો નહિ કેમકે તે સાકળ ઠેઠ કૂવામા પહોચશે જ નહિ! એમ કરતા તો તેનો જન્મારો એળે જ વહી જશે અને કદાચ આ દેહ પહોચાડવા શક્તિમાન્ થયો તો જ્યા ઉપલા આંકડા તૈયાર થઈ રહેશે ત્યા તો નીચલા આકડા કટાઈ જશે. આથી પરમાત્માને જાણવા–પામવાનો તેનો હેતુ સિદ્ધ થઈ શકશે નહિ ડાહ્યા વિવેકી મનુષ્યે તો આવા ગહન–ગૂઢ વિષયમા આટલો જ વિચાર રાખવો કે શાસ્ત્રો ઘણા છે, તેનો પાર નથી, આયુષ્ય અલ્પ છે–વિઘ્નો બહુ છે–તેથી આંતર જે નિત્ય છે ને બાહ્ય જે અનિત્ય છે, તે અનિત્યનો ત્યાગ કરી, નિત્ય એવા આતરને નિરતર પ્રકાશિત રાખવા બને તેટલું મથવું અને જ્યાં સૂધી આતરનો પ્રકાશ પૂરેપૂરો થયો નથી,

ત્યા સૂધી તે અનેક દેહના સંબંધમાં આવ્યા કરે છે ને કરશે જ; કર્મો કરે છે ને ભોગવશે, સુખદુઃખને જન્મ આપશે ને ભોગવશે; વારેવારે ચોરાસીના ફેરા ફર્યા કરશે. જે જ્યાં ત્યાં ભટકશે, તે માત્ર પરમાત્માની પ્રાપ્તિના સબંધમા વેવલાં જ વીણશે. પણ જેમા આંતરનો પ્રકાશ પૂરેપૂરો થયો છે, તે તો છેલ્લો દેહ છોડતા જ નિજસ્વરૂપમા મળી જાય છે

આ જ્ઞાન જાણવું, જડબુદ્ધિના-સ્થૂલમતિના-વિવેકરહિત જિજ્ઞાસુને ઘણું ભારે થઈ પડે છે. જિજ્ઞાસુઓ ઘણા હોય છે· જાણવુ, વિચારવુ, સમજવુ, પ્રાપ્ત કરવુ એવી ઇચ્છાથી પણ ભરેલા હોય છે, પરતુ ગહન વિષયમા તેઓની મતિ પ્રવેશ કરી શકતી નથી તેવાઓની સમજણમા ઉતરે એવા હેતુથી આ મણિની રચના થઈ છે એમા કોઈ પણ મતનો આગ્રહ નથી, પણ ભગવાન્ શકરે, જગતના કલ્યાણ માટે જે વિશુદ્ધ લયયોગનું જ્ઞાન જગતને આપ્યું છે, તે જ જ્ઞાન અત્ર દર્શાવ્યુ છે, કે જે પગથિયાથી વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ કરી શકાય એવી મણિ ઘડનારની આશા છે. જિજ્ઞાસુને સહજ શ્રમે સમજણ પડે તેવા હેતુઓથી-ઉદાહરણોથી સિદ્ધાતોને દૃઢ કીધા છે

સહજ જ્ઞાનપ્રાપ્તિ અર્થે, સહજ પ્રાપ્ત થયેલા પ્રસગમા લખાયલા આ ગ્રથની રચના આ પ્રમાણે કીધી છે-ચન્દ્રકાન્ત એ એક એવો મણિ છે કે, જેના સયોગથી નેત્રના સર્વે અસાધ્યરોગો દૂર થાય છે, ને તે મણિ જો હૃદયપર ધર્યો હોય તો મનને શાતા વળે છે. આ મણિમાથી ઝરતા રસના પ્રવાહ કલ્પેલા છે અને તે પ્રત્યેક પ્રવાહમા બિન્દુની ઘટના કીધી છે આવા પ્રવાહ સાત છે જે આ પ્રમાણે છે—

પ્રથમ પ્રવાહ-પુરુષાર્થ (એમા સમયે સમયે ઉઠતા તરગી સંશયોનું નિરાકરણ કીધુ છે)

દ્વિતીય પ્રવાહ-ચૈતન્ય (એમા ઉત્તરોત્તર કેવા પ્રકારે જ્ઞાનમાર્ગે પડવુ-પરમ પદાર્થને કેમ પ્રાપ્ત કરવો, પરમ પુરુષને કેમ પામવુ, તેનું સાચુ સ્વરૂપ દર્શાવ્યું છે)

તૃતીય પ્રવાહ-પર્યટન-અચ્યુતપદારોહણ. (એમા પરમધામને પામવાને જિજ્ઞાસુ કેવા કેવા સકટ ઉઠાવે છે, ને ત્યા પહોચવામા કેવા સકટો નડે છે તેનું વર્ણન છે તેમ ષડ્ અરિ ને વિકારોથી જીવની કેવી સ્થિતિ થાય છે, તે પણ દર્શાવ્યું છે)

ચતુર્થ પ્રવાહ-પર્ણકુટી-રહસ્ય-(ઋષિ મુનિની સ્થિતિનું વર્ણન કૃષ્ણાદિક અવતારોનુ રહસ્ય ને શાસ્ત્રોની કુચી-વિશેષે કરીને ભાગવતના દશમની ને ભગવદ્‌ગીતાની)

પંચમ પ્રવાહ–અભ્યાસ યોગ (પરમાત્માને પામવા માટે શું કરવુ, અને કેવો યોગ ફળદાયી નિવડે તેનું વર્ણન)

ષષ્ઠ પ્રવાહ–જીવન્મુક્તિ (જીવન્મુક્ત એટલે શુ? અને કેવા પ્રકારે જીવન્મુક્તિ મળે તેનુ વર્ણન)

સપ્તમ પ્રવાહ–પરમધામ (પરમધામ એ શું છે, ત્યાના ઐશ્વર્ય–પ્રતાપ, કૈવલ્ય દશા પ્રાપ્ત થતા, થતી જનની–આત્માની સ્થિતિ, પરમાત્માનુ નિત્યમુક્ત સ્વરૂપ–પરમધામ–અક્ષરધામ કેવુ છે, તે સર્વેનુ વર્ણન)*

આ પ્રમાણે સાત પ્રવાહમા જિજ્ઞાસુને યોગ્ય સર્વ વિષયોનુ વર્ણન, બોધોપયોગી ટુચકાઓથી, સામાન્ય મનુષ્યને પણ પરિશ્રમ વિના સમજાય તેવી સરળ ભાષામા સમજાવ્યુ છે આ મણિના પ્રથમ પ્રવાહમા યથાવિધિ સકલના થઈ નથી–અને તેનું કારણ એ જ કે, વિકળ સ્થિતિનો જન, જેમ અહિંયા તહિંયા દોડે છે, પણ ઠરીઠામ પડી કાર્ય સિદ્ધ કરી શકતો નથી, તેમ ધર્મવિષયમા અને પરમાત્માના જ્ઞાનવિષયમા પણ મનુષ્યની સ્થિતિ એવી જ થાય છે પણ એ પુરુષાર્થ છે પુરુષાર્થ કરતા ચૈતન્ય આવે છે–સમજણ પડે છે–લાભાલાભ સમજાય છે–સત્યાસત્ય જણાય છે એ સર્વે દ્વિતીય પ્રવાહમા સમજાવ્યુ છે આ દ્વિતીય પ્રવાહની ઘટના યથાયોગ્ય રાખી છે ઘરેડમા પડેલો જન માર્ગ ભૂલતો નથી ચૈતન્ય આવ્યા પછી મનુષ્ય નિત્ય સત્ય શોધવા ફરે છે ત્યા સદ્‌ગુરુએ યોજેલા માર્ગે પડતા ઘણી વિટમ્બણાઓ નડે છે, એને પર્યટન કહ્યુ છે એમ પર્યટન કરતા તે સત્ય શોધવા પર્ણકુટીમા નિવાસ કરીને શાસ્ત્રોનુ ને સદ્‌ગુરુના વચનોનુ રહસ્ય નિદિધ્યાસનથી સમજે છે તે સમજ્યા પછી યોગ–એક ધ્યાનથી પરમાત્માને પામવાનો અભ્યાસ આદરે છે એમ અભ્યાસ કરતા કરતા પ્રારબ્ધ પુરુષાર્થયોગે તે જીવન્મુક્ત થઈ જશે, ને જેવો જીવન્મુક્ત થયો કે પરમધામને પામી લય યોગ સાધશે એ રીતની ઘટના શિષ્ટ સપ્રદાયને અનુસરીને કીધી છે.

સ્થિતિ વિના ધર્મ સમજાતો નથી, અને ધર્મ વિના પરમાત્મ પ્રાપ્તિનુ જ્ઞાન પ્રાપ્ત થતુ નથી, અને જ્ઞાનપ્રાપ્તિ વિના નિવૃત્તિપરાયણ વર્તવાની સ્થિતિ દૃઢીભૂત થતી નથી, અને તે થયા વિના પરમાત્માના દર્શન થતા નથી, અને પરમાત્મામા આત્માના અનુસધાન વગર ત્રિકાળે પણ શાન્તિ થતી નથી નાના પ્રકારના વિષયમા વળુધેલા જનનુ મન,

* પ્રથમ ભાગ તૈયાર કીધો ત્યારે આ પ્રમાણેની રચના કરવા નિર્ધારી હતી ને માત્ર દિશા દર્શાવી હતી, પણ લખતા લખતા, જેમ જેમ વિચારમા વધારે ઉંડો ઉતરતો ગયો, તેમ તેમ એ ક્રમમા સહજ ફેરફાર થતો ગયો છે

નાનાવિધ સઙ્કલ્પ વિકલ્પવડે સદા ગભરાયલુ રહે છે. એ મોટું દુ ખ છે પણુ પરમાત્માથી દૂર રહેલુ-વિમુખ થવુ, તેના જેવું દુઃખ એક પણુ નથી. મનુષ્યે તેના જ્ઞાન વિના રહેવું, તેના જેવુ અસુખ આપનાર-દુ.ખ દેનાર કોઈ પણુ આ વિશ્વમા નથી જ્ઞાનપ્રાપ્તિનો મુખ્ય હેતુ આજ છે કે, ક્ષરથી પર અક્ષર, કે જેને વેદમા પરમપદ કહે છે તેને પામવુ, અને તેનામા લીન થઈ જઈ, અખડ આનદના ભોક્તા થવુ. એનું નામ લયયોગ! મનુષ્યજન્મનુ સાફલ્ય પણુ ત્યા જ છે. આટલુ તો સ્પષ્ટ કહેવું જોઇએ કે, જે જ્ઞાનમા-જ્ઞાનપ્રાપ્તિ સાથે પૂર્ણાનંદ પ્રાપ્તિનો અતિ ઉત્તમ-સર્વોત્તમ હેતુ સમાયલો નથી, તે જ્ઞાન જ નથી, પણુ કઇક જૂદું જ છે બુદ્ધિ બહુવાર ગોથા ખવરાવે છે-અમુક માર્ગે નિશ્ચયાનુસાર વર્તવાનુ કહે છે, પણુ જ્યા આપણે અટક્યા કે પછી તે આપણું ઉપહાસાસ્પદ ચિત્ર આલેખી રેખેરેખે એવો તો વિચિત્ર રગ પૂરે છે કે, આપણી આકૃતિથી આપણે જ લજ્જા પામીએ છીએ પણુ તે જ બુદ્ધિ શ્રેષ્ઠ છે કે, જે દુરબીન પેરે ઝીણું જાડુ-સ્થૂલ સૂક્ષ્મ-યોગ્ય અયોગ્ય-સાર અસાર-રે સત્ય-નિત્ય ને જે નિત્યપ્રકાશિત છે, તે જોઈ શકે છે. મનુષ્યને વિકટમા વિકટ આજ કર્મયોગ સિદ્ધ કરવાનો છે, કર્મયોગમા પરમમા પરમ પણુ આ જ ફળ છે-લયયોગને પામવુ આ ગ્રન્થમા તે સાધનની-તે ફળ માટેની ઘટના વગર ભભકે કીધી છે કે, અનિત્ય ત્યજી, નિત્ય પામવુ, અને તે પામવા માટે અસગ રહી, બાહ્ય તથા આતરધર્મ સતેજ ને એક રસરૂપ રાખવા

સવત્ ૧૯૪૭
આષાઢી એકાદશી

ઇચ્છારામ સૂ. દેશાઈ

પુનઃ પ્રસ્તાવ

આ જીવિતનુ પ્રાધાન્ય પ્રયોજન, પ્રાચીન કાળથી આજ મનાયલુ છે, ને બ્રહ્મત્વસ્થિતિને પામેલા જ્ઞાનવાળા ઋષિ મુનિઓએ એ જ સિદ્ધ કર્યું છે કે, જીવતર-જે અનિશ્ચિત, અનિત્ય, ક્ષણભંગુર અને માયામા વિટાઈ વળેલુ છે અને આ જગત્‌ના પદાર્થો ભ્રાંતિથી સત્ય મનાયલા છે, તે ભ્રાતિમાથી નીકળી, નિત્ય પદાર્થની પ્રાપ્તિ માટે મથન કરવુ, અને આત્મા, જે નિત્ય, અવિનાશી, નિર્વિકારી અને શુદ્ધ છે તેને જાણવો સસાર જ્ઞાની પુરુષ, સૂક્ષ્મદેહ અને સ્થૂળદેહના ધર્મ જાણે છે, છતા નિર્વિકારી આત્માની શુદ્ધતામા, મિથ્યાભાસથી ભ્રાતિ ઉત્પન્ન કરે છે ને મિથ્યા વસ્તુને સત્ય માને છે, તદપિ તેપર વિચાર કરી, આડ-વાટે શુદ્ધાત્મા દોરાય નહિ તેની શોચના કરે છે ખરો, અને આ ભવ-જીવન-યાત્રામા થતા આગમન નિર્ગમન, સયોગ વિયોગ, લાભ હાનિ, જે ક્ષણિક છે, નાશવત છે તેની શોચના કરતો નથી આવી સ્થિતિને પામવુ એ મનુષ્યનુ મહાભાગ્ય છે સસ્કાર વિના એવી સ્થિતિ પ્રાપ્ત થવી દુર્લભ છે

આવી ભાવનાથી સદ્‌ગુરુઓનો મેં સમાગમ કર્યો, ત્યાથી નિત્ય પ્રાપ્ત થયેલા મણિનો મેં સંગ્રહ કર્યો હતો, તેમાનો એક ભાગ આ ગ્રથમા પ્રગટ કીધો છે આ ગ્રથની પ્રથમાવૃત્તિનો લાભ જિજ્ઞાસુ-જનોએ સારી રીતે લીધો છે ક્ષણભર વિચાર કરતા જે દૃષ્ટિગોચર થાય છે તે આ જ છે કે, આર્યોનુ પુરાતન જ્ઞાન શું છે, તેમા સત્ય શુ છે, એ સત્ય આ મૃત્યુલોકના અગાધ દુ ખાર્ણવમા કેમ સહાય કર્ત્તા છે, તે જાણવા પ્રતિ લોકપ્રવાહ વળ્યો છે, વેદાત જ્ઞાનના ગ્રથો રુચિથી લોકો વાચે છે, સમજે છે, વિચારે છે, આસ્થાથી સેવે છે આવા જનોની ઉપરાઉપરી થતી માગણીઓ પૂર્ણ કરવા આ દ્વિતીયાવૃત્તિ પ્રકટ થાય છે. અનુગીતામા કહ્યુ છે તે સત્ય છે, સિદ્ધ છે, ને જિજ્ઞાસુજનોએ જાણવા જોગ છે કે ज्ञानस्यान्तो न विद्यते-જ્ઞાનનો અન્ત નથી, પણ જે પ્રેમપૂર્વક બ્રહ્મને વિચારે છે તે જ્ઞાનયોગને પામે છે.

રથયાત્રા,
૧૯૫૦

ઇચ્છારામ સૂ. દેશાઈ

વિવેક

વિશ્વમાં વિભૂતિરૂપ ચરાચર વ્યાપી પરમાત્માને નમસ્કાર હો. શ્વેતાશ્વતર ઉપનિષદ્માં દર્શાવ્યું છે કે, 'એક જ દેવ સર્વ પ્રાણી વિષે ગુપ્ત(પણે) વસી રહેલો છે, સર્વ વ્યાપક છે, સર્વ પ્રાણીનો અતરાત્મા છે, (સર્વ) કર્મનો અધિષ્ઠાતા છે, સર્વભૂત વ્યાપી છે, સર્વસાક્ષી છે અને સર્વને ચેતન આપનાર છે' જીવની જો એનાપર પૂર્ણ શ્રદ્ધા હોય તો મારો નિશ્ચય છે કે મનુષ્યવૃત્તિ પાપ પ્રતિ પ્રેરાતા સંકોચ પામી, વિશ્વના કારણરૂપ અવિનાશી પવિત્ર પરમાત્માને જાણવા પ્રાત દોરાય છે અહુણાં જડવાદમાંથી જીવવૃત્તિ ચલિત થઇ છે, ને જ્યા ત્યા ચૈતન્યવાદના આનદે કલ્લોલ કરે છે. 'એક ઈશ્વર, એક નિયમ, એક તત્વ', એ જાણવાને પ્રત્યેક દિશામા મથન થાય છે, એમ માનવાનું મુખ્ય સાધન આ ગ્રથની આ ત્રીજી આવૃત્તિ છે ઈશ્વર–વિશ્વ વિભૂવિના પવિત્ર અસ્તિત્વને જાણવા, માનવી કેટલો જિજ્ઞાસુ છે તે જાણવાથી મને પરમ સતોષ થાય છે અને જિજ્ઞાસુઓની વૃદ્ધિથી મારો શ્રમ અફળ ગયો નથી ઈશ્વરપ્રતિ આસક્તિ, ઈશ્વર સબધી વિચાર કરવો, ઇશ્વરને જાણવો, જોવો એ ઉત્સાહ આ કાળે વિજયી નિવડે છે અને કલ્યાણકારી થઈ પડે છે. આ ઉપાધિરૂપ અને પાપકર્મથી ભરપુર સસાર સાગરમા ડૂબતા આ જીવના શૂન્યહૃદયમા ભક્તિનો પવિત્ર અને અવિનાશી મધુર સ્વર અહુણા વ્યાપી રહ્યો છે; અધારી નિર્જન ગલીઓમા, વ્યાપારીઓના ગોઘાટવાળા સ્થાનોમા, જનસમૂહમા કે એકાતમા, ફરતા કે બેસતા પણ આ આત્મામાં જે મધુર મૂર્તિનો વાસ છે, અને સદાકાળ તેનું ગાન થયા કરે તેવી આનંદજનક ઘડી મેં ભૂતકાળમાં કદી ગાળી નથી એ સ્થિતિ સર્વમા આવે એવો દહાડો કયારે જોઇશ? જગત્મા શુદ્ધ પ્રેમ–ભક્તિ (LOVE) જોઇએ. મને તે મળો એ જ નિત્યની પ્રાર્થના છે.

ચકોરવૃદ ચન્દ્રકળાથી આનદ પામે છે તેમ વાચકવૃદ ચન્દ્રકાન્તથી આનદ પામ્યુ છે. ઘણાઓની ઈચ્છાથી આ આવૃત્તિના અક્ષરો સુરેખ ને મોટા રાખ્યા છે, અને આખો ગ્રથ સુધારી જેમ બને તેમ વિશેષ સરળ કીધો છે મારી પ્રાર્થના આજ છે કે ઘટઘટમા વ્યાપક પરમાત્મા સર્વના હૃદયમા પોતાના સ્વરૂપધર્મનુ ભાન કરાવવાની શક્તિ આપો; કેમકે ધર્મ સર્વ પ્રાણિનો આશ્રય છે, ધર્મમા સર્વ રહ્યું છે, માટે ધર્મને શ્રેષ્ઠ કહ્યો છે, એ ધર્મનું સાફલ્ય આટલું જ છે કે પરમાત્માને જાણી, જોઈ તેમા પ્રેમભક્તિથી લીન થવું.

વસત ઉત્સવ } સ ૧૯૫૩ }   ઈચ્છારામ સુ. દેશાઈ

ચોથી આવૃત્તિની પ્રસ્તાવના

અદ્વૈતાત્મદર્શનનો પરમ વિશુદ્ધ અને પરમાનંદનો માર્ગ દર્શાવનારુ તત્ત્વજ્ઞાન, વેદ અને તદનુસારે જીવનપરંપરાએ વર્તતા પણ કાળયોગે શિથિલ થાય છે ને એ શિથિલતામા પડેલા છતા ઉચ્ચતર સ્થિતિની અપેક્ષાવાળાઓને માટે યોજાયલો વેદાન્ત જ્ઞાનનો આ મુખ ગ્રન્થ, જનપ્રિય થઈ પડ્યો છે અને સત્ય જે બહુ સાદુ ને સુતરુ છે, ને તે સાદુ ને સુતરુ છે તેથી જ તેનાપર લક્ષ રહેતુ નથી, પરન્તુ એ સત્યનો નિર્દેશ કરાય છે ત્યારે તેના મહિમા ઉપર દૃષ્ટિ આકર્ષાય છે તેમ આ મણિમા સમાયલી સત્યતા–જ્ઞાનપ્રાપ્તિ પ્રતિ દૃષ્ટિ આકર્ષાયાથી સમ્પૂર્ણ શોધ–સુધારો કરી, આ ચોથી આવૃત્તિ પ્રકટ થાય છે આ આવૃત્તિમા પુષ્કળ મોટા ફેરફાર સાથે, ઉપનિષદોના પ્રમાણવાક્યોથી વિષયનુ સ્ફોટન વધારે સરળતા સાથે કીધુ છે, અને મુંબઈ યુનિવર્સિટીએ, આગલા વરસ માટે 'સ્કૂલ ફાઇનલ' પરીક્ષામા ગૂજરાતીની 'ટેક્ષબુક' તરીકે સ્વીકારવાથી, વિદ્યાર્થીને વિષય સમજવો કઠિન થઈ પડે નહિ, તે તપાસી જવામા આવ્યું છે

રાજ્યમા, વ્યવહારમા, ધર્મમા, વિચારવમળમા પડેલા જનને, આજે નહિ તો કાલાતરે પણ પરમજ્ઞાનની અપેક્ષા રહે છે જ આ પરમજ્ઞાન ઉપનિષદોમા સંગ્રહાયલુ છે પણ તે સસ્કૃત ભાષામા હોવાથી, પરમાર્થદર્શનનુ પરમતત્ત્વ, સરળ ને લોકરુચિને અનુસરતી ભાષામા અત્ર દર્શાવવુ એવો મારો વિચાર હતો, જે વિચાર અશત પાર પડ્યો છે, તે માટે તે પરમાત્માનો જ પાડ છે પૂર્વાવૃત્તિમા જે અપૂર્ણતા હતી તે શોધી, શાસ્ત્રીય રીતે ગ્રન્થ બનાવવા મથન થયુ છે એ મથન સાર્થ છે કે નિ સાર છે, તે તપાસવાનું કાર્ય વિદ્વાનોનુ છે. એમા જે કઈ દોષરૂપ હોય, તે મને દર્શાવવામા આવશે તો આભાર થશે આ ગ્રન્થનો વિજય તે અદ્વૈતાત્મદર્શનનો વિજય છે અને અદ્વૈતાત્મદર્શનનો વિજય, તે ભાવી આર્યાવર્તના વિજયની આશા છે સમગ્ર જગત્ જે વિટબનાઓમા અહુણા સપડાયલુ છે ને જે રીતે તેમાથી પસાર થાય છે તેની મુક્તિ અદ્વૈતાત્મદર્શનથી જ છે, તેમા મારી તરફની આ પુષ્પાજલિ કઈ પણ લાભ–સહાય–આપે, તેનાથી પણ વિશેષ ઉંડા ઉતરવું જોઇએ અને બુદ્ધિની પાર પહોંચવા પ્રમુદિત હૃદયે પ્રયત્ન થવો જોઇએ.

સાતમી આવૃત્તિ માટે બે બોલ

ઘણીક તરફથી સૂચના થવાથી ગ્રન્થની પદ્ધતિમા મોટો ફેરફાર કીધો છે ને ગ્રન્થ મોટો થવા છતા, એનો લાભ બહુ લેવાય તેવા હેતુથી જ, એના મૂલ્યમા ફેરફાર કીધો નથી ઉપનિષદોના પ્રમાણ-વચનો સ્થળે સ્થળે યોજાયા છે ને તે મેં ઉલટપાલટ યોજ્યા છે, એ કદાચિત્ પડિતવર્ગને માન્ય નહિ રહે તેવી શકા છે, પરન્તુ જે સરળ-તાથી આ પરમજ્ઞાન દર્શાવવાની આવશ્યકતા છે, તે પૂર્ણ કરવા એ જ માર્ગ યોગ્ય છે એવુ મારુ નમ્ર મત છે. એવી પદ્ધતિએ અપાયલો ઉપદેશ તે જ **सैषानन्दस्य मीमांसा भवति.**

સવત ૧૯૫૫ }
દેવશયની એકાદશી }

ઇચ્છારામ સૂ. દેસાઈ

સાતમી આવૃત્તિ માટે બે બોલ

આસરે ૧૮૬૯ થી તે ૧૮૭૫ સૂધીના જૂદેજૂદે પ્રસગે જૂદાજૂદા સાધુસતો અને મહાત્માઓના શ્રીમુખે શ્રવણ કરેલી કથાઓની અને સિદ્ધાતોની મારી નોંધ ઉપરથી ૧૮૮૮ મા તૈયાર કરેલી ચન્દ્રકાન્ત પ્રથમ ભાગની પ્રથમ આવૃત્તિ ઈ. સ ૧૮૯૧ મા કાઢવામા આવી હતી, તે વખતે જેવી નોંધ હતી તેવા જ વિભાગો પાડી લખી નાખ્યું હતુ તે સમયે વધઘટ કરવુ ભાસ્યુ નહિ. ત્યાર પછીની પાચ આવૃત્તિમા પ્રસંગોપાત્ત જે જે દોષો મને દેખાયા, તે તે મેં સુધાર્યા પણ આ સાતમી આવૃત્તિ સાદ્યંત તપાસી જઇ તેને યોગ્ય આકારમા મૂકી છે, સદિગ્ધ વાક્યો સ્પષ્ટ કીધા છે, સિદ્ધાતો વધારે સુસ્પષ્ટ સમજાય, તે માટે કહિં કહિં ઉદાહરણો વધાર્યાં છે, સિદ્ધાંતોને શાસ્ત્રીય પદ્ધતિપર બની શકયા તેમ મૂકયા છે, અને જ્યા મને યોગ્ય લાગ્યુ ત્યા મેં વધારો કીધો છે જોડણીના નિયમો બનતા સૂધી જાળવ્યા છે, અને વાચનારને વિશેષ સરળ રીતે સમજાય તેમ કરવાની પૂરતી સભાળ લેવામા આવી છે પૂર્વાવૃત્તિમા જે ન હતુ, તેનુ કંઇક ઉમેરણ કરવામા આવ્યું છે, અને પુનરુક્તિ દોષ જેવુ જણાયું તે કાઢી નાખ્યું છે આશા છે કે, આ આવૃત્તિ વાચનારને વિશેષ આવકારદાયક અને જ્ઞાનપ્રાપ્તિમાં સરળ થઇ પડશે

ઇતિ શુભમ્ .

સ ૧૯૬૮ }
વામન જયતી }

ઇચ્છારામ સૂ. દેશાઇ

નવમી આવૃત્તિ સબંધી ખુલાસો

આ ચન્દ્રકાન્ત નામક ગ્રન્થની ગુજરાતી ભાષામા નવ નવ આવૃત્તિઓ થવાનો પ્રસગ આવે છે, તે વિષય ગ્રન્થની લોકપ્રિયતા દર્શાવે છે એની સાત આવૃત્તિઓ કર્તાના પોતાના જીવનકાળમાં જ થઈ હતી તે પછી એક આવૃત્તિ ખપી ગયાને ઘણો વખત થઈ ગયો, તેથી તેની ઘણી માગણી થતી હતી સાથે ગ્રન્થકર્તાની જીવનકથા જાણવાની ઘણી જિજ્ઞાસા વાચકવૃન્દમા થતી હતી. તેની તૃપ્તિ માટે આ નવમી આવૃત્તિમા પૂર્વની આવૃત્તિઓની સર્વ પ્રસ્તાવનાઓ અને ગ્રન્થકર્તાનુ પોતાનું લખેલુ "સ્વાત્મકથન" આ આવૃત્તિ ભેગુ છાપ્યુ છે મૂળ ગ્રન્થ સાતમી આવૃત્તિ અનુસાર છે આ ગ્રન્થની હિન્દીમા બે અને મરાઠીમા એક આવૃત્તિ અમારા તરફથી થઈ છે, અને જતે દાહડે હિન્દની હરેક ભાષામા તેના ભાષાતરો થાય એ સંભવિત છે, અને તેના વાચનારાઓનું ક્ષેત્ર વિશાળ થતું જાય છે, અને ગ્રન્થનુ ગૌરવ એટલુ વધ્યુ છે કે વ્યાસ વાલ્મીકીના ગ્રન્થોની માફક પૂજાપાઠ અને કથાશ્રવણમા તેનો પ્રચાર થયો છે, અને તેણે અનેક જનોના જીવન સસ્કારી કર્યા છે ગ્રન્થકર્તાની અતિમ ઇચ્છાનુસાર તેની કૃતિ લોકોનુ માનસિક જીવન ઉચ્ચગામી કરવામા અને પરબ્રહ્મપ્રાપ્તિના માર્ગમા વાળવામા એક ઉત્તમ સાધન થઈ છે, તેથી અમે અહોભાગ્ય માનીએ છીએ

સવત ૧૯૮૦
શ્રી દત્તજયતિ

પ્રકટકર્તાઓ

ગ્રન્થકર્તાનું "સ્વાત્મકથન"[1]

परमार्थव्यासक्ता दुपजहदपि स्वार्थपरता-

मभेदैकत्व यो वहति गुरु भूतेषुसततम् ।

स्वभावादस्यान्त स्फुरति ललितोदात्तमहिमा

समर्थो यो नित्य स जयतितरा कोऽपिपुरुष ॥

જે પુરૂષ પરાયા કાર્યો કરવા માટે પોતાના સ્વાર્થનો પણ ત્યાગ કરે છે, તથા જે પુરૂષ નિત્ય સર્વ પ્રાણીઓની સાથે અભેદપણાથી વર્તે છે, તથા જેના હૃદયમા સ્વાભાવિક રીતે જ ઉદારતાનો ઉત્તમ મહિમા સ્ફુરી રહે છે તથા જે આરભેલા કાર્યો કરવાને સમર્થ છે, એવા અનિર્વચનીય ગુણવાળા પુરૂષ અત્યત વિજયી થયા છે

'ગુજરાતી' પત્રનો પચ્ચીસ વર્ષનો ઇતિહાસ આપ્યા પૂર્વે, મારા ઘણાક મિત્રો અને ગ્રાહકોની ઇચ્છાને અનુસરીને મારે મારૂ કેટલુક આત્મકથન કરવુ પડે છે મારો જન્મ ઇ સ ૧૮૫૪[2]–જે સમય આખા ભરતખડમા એક કટોકટીના અને મોટી રાજ્યક્રાતિનો ભય હતો, તેની ૨૩ મી આગષ્ટે થયો છે મારા પિતાનુ કુળ ઘણુ ઉંચુ કહેવાય છે સુરતની મારી ન્યાતિમા મારૂ એકલુ જ કુળ દેશાઇગીરીની પદવી ભોગવે છે મારા વડવાઓએ શાહનશાહ અકબરની દરબારમા સારી રાજસેવા કરવાથી આ દેશાઈ-ગીરી મેળવી છે, અને તે પછી શાહનશાહ જહાગીર, શાહજહાન અને બીજા શાહન-શાહોએ તે દેશાઇગીરી કબુલ રાખી, પોતાની મહોરછાપ મારી, નવા નવા પટાઓ કરી આપ્યા હતા ઇનામ કમિશને અમારી દેશાઇગીરી સબધે વાંધો ઉઠાવ્યો હતો, પરતુ તે બાબતમા પ્રીવી કૌન્સીલ સૂધી લડીને અમારી દેશાઇગીરીનુ વ્યાજબીપણુ મારા પિતાએ સરકાર પાસે કબુલ રખાવ્યુ છે, જે દેશાઇગીરી આજ સૂધી મારા કુટુબને સુરત કલે-ક્ટરેટમાથી મળ્યા કરે છે

મારા પિતાનો જન્મ સને ૧૭૯૯ મા થયેલો કહેવામા આવે છે તેઓની આખી જીદગી અગ્રેજ સરકારની લશ્કરી નોકરી કરવામા ગઈ હતી કુટુમ્બના કઇ કારણસર અઢાર વર્ષની વયે તેઓ ઘર છોડી ડીશાની કેમ્પમા જઇ સીપાઇગીરીમા દાખલ થયા હતા મારા પિતા ફારસીના મોટા ઉસ્તાદ હતા લશ્કરમા નોકરી કરતાં તેઓ કેઇ પદવીએ પહોચ્યા હતા તેની મને ખબર નથી, પરતુ નોકરી છોડ્યા પછી તેમને આશરે રૂ ૬૯ નુ પેન્શન મળતુ હતુ, તેપરથી સમજાય છે કે તેઓ સૈનિક ખાતામા કઈ સારા અધિકારપર ચઢયા હશે નોકરી દરમ્યાન તેઓ પહેલી અફઘાન લડાઇમા ઠેઠ કાબુલ

---

૧ આ "સ્વાત્મકથન" ગ્રન્થકર્તાએ ૧૯૦૪ ના જુલાઈ માસની ૨૭ તારીખના ગુજરાતી પત્રના અકમા "ગુજરાતી" પત્રના રૌપ્ય મહોત્સવ પ્રસગે લખેલુ તેમાથી ઉપયોગી ભાગ અત્રે છાપેલો છે

૨ ચદ્રકાન્તના કર્તાનો જન્મ વિક્રમ સવત ૧૯૧૦ શકે ૧૭૭૫ શ્રાવણ શુદ ૭૮ ને બુધવારે સુરતમા માતા પ્રાણકુવરને કુક્ષે થયો હતો

ગની ગયા હતા, એમ તેમની ફારસીમા લખેલી ડાયરીપરથી જણાય છે ગુજરાન વાલાની લડાઇમા પણ તેઓ ગયા હતા, એમ તેમને પોતાને મોઢે મેં સાભળ્યુ હતુ મારી ઘણી નાની ઉમ્મરે તેમનુ પરલોકગમન થવાથી અને મારા અજ્ઞાનને લીધે તેમના મિત્રો અને તેમના મા પાસેથી હુ જોઇતી હકીકત મેળવી શક્યો નથી, તથાપિ જે કઈ જાણુ છુ તે એટલુ જ કે તેઓ એક સારા નિશાન તાકનાર હતા હમેશા મારા ઘરની પડોસમા આવેલા એક મેદાનમા જઈ બદુક છોડતા હતા તેમના પગમા ગોળીઓ વાગેલી હોવાથી શિયાળામા ઘણા દુખી થતા હતા તેઓ એક સારા વેદાન્તી પણ હતા ને એવા આગ્રહી હતા કે સુરતના શ્રીજરતનજી મહારાજ સાથે કોર્ટમા જવા જેટલો રટા થયો હતો એમના પાછલા વળના મિત્રોમા મરહુમા રા બા ભોળાનાથ સારાભાઈ, દુર્ગારામ મછારામ મહેતાજી, જમીયતરામ વિષ્ણુરામ, ઠાકોરભાઈ મિઠારામ દિવાનજી, જગન્નાથ શાસ્ત્રી અને ગોપાળરાવ દફતરદાર વગેરે હતા એ ગૃહસ્થોને હુ મારા ઘરમા આવતા જતા જોતો હતો મારા પિતાએ લખેલી ફારસી ડાયરી ઘણી અસ્તવ્યસ્ત હાલતમા છે, જે હુ તરજુમો કરાવી છપાવવા ધારુ છુ તેઓને અંગ્રેજી બોલતા ઘણુ સારુ આવડતુ હતુ, પણ સહી કરવા સિવાય વિશેષ લખતા આવડતુ હોય એમ મારી જાણમા નથી નોકરી છોડી ત્યાર પછી, વરસેક દહાડે મારા પિતાને સરકાર તરફથી સારુ માન મળ્યુ હતુ તેમના મરણ પછી ૧૦૩ વરસની વયે તેમના માતુશ્રી ૧૮૭૩ મા મરણ પામ્યા હતા

મારી તેર વર્ષની ઉમરે મારા પિતાનુ મૃત્યુ થયુ હતુ મારા મોટાભાઈના આશરા નીચે હુ ઉછર્યો છુ અમે ચાર ભાઇઓ હતા, જેમાના મોટાભાઈ મરણ પામ્યા છે, બીજા બે હૈયાત છે પાચ વર્ષની ઉમ્મરે તુલજારામ મહેતાજીની ગામઠી નિશાળે હુ બેઠો હતો તે મહેતાજીને મોઢેથી મારા પિતા સબધી કેટલીક હકીકત મેં જાણી હતી મારા મહેતાજી તુલજારામ ૮૪ વર્ષનુ લાબુ આયુષ્ય ભોગવતા હજી સુરતમા હૈયાત છે ત્રણ વર્ષ ગામઠી શાળામા રહી, નવમા વર્ષમા હુ ત્રિપુરાશકર મહેતાજીની નિશાળમા દાખલ થયો હતો મારા પિતાના ઘડપણને લીધે મારા લગ્ન દશ વર્ષની ઉમ્મરમા કરવામા આવ્યા હતા ૧૮૭૦ ની શરૂઆતમા મારા પિતા મરણ પામ્યા હતા એ વખતે હુ અંગ્રેજી ત્રીજા ધોરણમા અભ્યાસ કરતો હતો સુરત હાઇસ્કુલના એડમિટ કલાસ સુધીનો મારો અભ્યાસ છે લાબો મદવાડ ભોગવવાને લીધે મારે શાળા છોડવી પડી હતી ૧૮૭૫ મા હુ સરકારી નોકરીમા જોડાયો હતો અને તે જ વર્ષમા દશ મહિના સરકારી નોકરી કરી, ડીસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષામા બેઠો, પણ નાપાસ થયો હતો તે પછી પાચમા અંગ્રેજી ધોરણની ડીપાર્ટમેન્ટલ પરીક્ષા લેવાતી હતી જેમા મેં પરીક્ષા આપી હતી

કુટુમ્બના કેટલાક કારણોને લીધે ૧૮૭૬ મા હુ મુબઇ આવ્યો પહેલાથી જ મને લખવાનો શોખ હોવાથી ચાર મહિના સુધી મે 'આર્યમિત્ર' નામનુ સાપ્તાહિક પત્ર ચલાવ્યુ તે પછી એક વેપારીને ત્યા સાત મહિના નોકરી કરી અને છેલ્લે 'મુબઇ સમાચાર'મા અગિયાર મહિના નોકરી રહ્યો હતો, પણ તે નોકરી ૧૮૭૭ ની આખરે છોડી દઈ, હુ પાછો સુરત ગયો હતો

સ્વતંત્રતા ને સુરત રાયટ

સુરત જઇ 'સ્વતંત્રતા' નામનુ એક માસિક કહાડ્યુ તેની ગ્રાહકી તો સારી ન હતી, માત્ર ૩૦૦ નકલ ખપતી હતી, પણ લોકોમા તે પુષ્કળ વચાતુ હતુ તે માસિકના બીજા અકમા લોર્ડ લીટને મૂકેલા 'લાયસન્સ ટેકસ' સબધે એક ઘણો કડક વિષય લખવામા આવ્યો સજોગાસજોગ એવો બન્યો કે તા૦ ૫ મી એપ્રિલ ૧૮૭૮ મા સુરતમા એક મોટુ હુલ્લડ થયુ તે વખતના સુરતના સત્તાવાળાઓએ પહેલે સપાટે જ એમ જણાવ્યુ કે હુલ્લડ થવાના જે કેટલાક કારણો છે તેમા આ 'લાયસન્સ ટેકસ'નો આર્ટિકલ પણ એક છે એ લખાણને ફિતુરી ગણી, મે મહિનામા મને મારા મિત્ર મી૦ જેવચરામ કેશવરામ સાથે પકડવામા આવ્યો તે પછીના જુન મહિનામા સુરતના છ આગેવાનોને રાજદ્રોહના ગુનાહ માટે પકડવામા આવ્યા અમને બે જણને જામીનપર છોડ્યા, પણ બીજા છ જણાઓને છોડ્યા ન હતા અમને બે જણાઓને છોડવાનુ ખાસ કારણ એટલુ જ હતુ કે, અમે બે નાદાન વયના હોવાથી અમને ઉપલા છ જણાઓની વિરૂદ્ધમા સાક્ષી બનાવવા અમારે અમારી બુદ્ધિથી જ લડત લડવાની હતી હુ, જેવચરામ તથા ઉપલા છ જણામાના નારણશકરના પુત્ર ભાનુશકર, જે કૃત્રિમ કેસ પોલીસના એક આગેવાન મોતીલાલ ફોઝદારે ઊભો કીધો હતો, તેની સામા બચાવ કરવાના રસ્તા શોધતા હતા સત્તાવાળાનો એટલો ત્રાસ હતો કે કાઇ મદદ કરવા આવનાર ન હતુ સુરતમા ભયત્રાસનુ રાજ્ય વ્યાપી રહેલુ અમારી સાથે કોઈ વાત પણ કરે નહિ, તો સલાહ તો ક્યાથી જ આપે ? સરકારનો ગુનોહ કીવો છે તેથી અમે સાત સાત વર્ષ કાળાપાણીએ જવાના, એમ જાણી અમારા સગાવાહલા રોજ રડાપીટ કરતા મને જેવચરામની હિમ્મત હતી અને જેવચરામને મારી અમારે જે કઇ કામ કરવાનુ હતુ તે જાતે જ કરવાનુ હતુ ફોજદાર મોતીલાલે અમને હેરાન કરવામા કોઇ પણ જાતની મણા રાખી ન હતી કોઇ પણ રીતે અમે ઉપલા છ કેદીઓની વિરૂદ્ધમા સાક્ષી પુરીએ કે તેઓએ હુલ્લડ કરવા કરાવવામા ભાગ લીધો છે, એટલો જ તેનો હેતુ હતો અમને ફોડવાને માટે સત્તાવાળાઓએ મલ્હારરાવના કેસમા જે ગજાનન વિઠ્ઠલ નામના કીરી હતી તેને સુરત તેડાવ્યો એક દિવસ અને બે રાત સુધી તો તેણે લેનના બગલામા અમને નજરકેદ જેવા રાખ્યા ને જેટલી ધમકીઓ, જેટલી ગાળો અને જેટલી લાલચ બતાવવી જોઇએ તેટલી બતાવી હતી તેનુ માગણુ એટલુ જ હતુ કે, અમારે ઉપલા છ ગુનેહગારોએ ભાષણથી તથા લોકોને સમજાવીને હુલ્લડ કરાવ્યુ છે, એવુ કહેવુ જો કે અમે ખરી ખાતરીથી જાણતા હતાં કે, એ છમાના એકેનો પણ એ ગુનાહમા હાથ નથી મોતીલાલ ફોજદાર હસ્કે ને તસ્કે દમ દેતો હતો કે મેં ઘણા ઘણાને કાળેપાણીએ મોકલાવી દીધા છે અને જે મારી સામા થયા છે તેમને મેં જડમૂળથી ઉખેડી નાખ્યા છે વાત પણ ખરી હતી ૧૮૫૭ ના બળવા વખતે, તે નામજાદાએ ઓન મી૦ એસ બર્નસની સહાયતાથી પચમહાલમા ઘણાને કાળેપાણીએ મોકલાવી દીધા હતા અમારી સ્થિતિનુ જ્યારે આજે પણ મને સ્મરણ થાય છે ત્યારે મને કપારો છુટે છે જો કે અમારી ખરેખરી સ્થિતિ શી હતી તેના તો અમે તે વેળા જ્ઞાનરહિત હતા

અમારા બારિસ્ટર ઓનરેબલ સર ફીરોજશાહ મહેરવાનજી મહેતા હતા તેઓ અમને હમેશા એટલી ભારી ધીરજ આપતા હતા કે જેનુ વર્ણન કરવુ પણ શક્ય નથી. ખરે ખરા રાજકીય જ્ઞાનનો તો અમને તેજ વખતે તે ઉદારચિત્ત રાજનેતા તરફથી દૃષ્ટાંત મળ્યા હતો સત્તાવાળાઓની ધમકીથી નહિ ડરી જતા અને તેમની લાલચમા નહિ ફસાતા અમને સત્યને વળગી રહેવાને તેઓએ બહુ આગ્રહપૂર્વક સમજુતી આપી હતી. પહેલા છ જણાઓનાં અમે સાક્ષીપત્રીમા તથા બેરિસ્ટરની સલાહને અનુસરતી રીતે ખર્ચ કરતા હતા, તે દૂર કરાવવાને માટે 'સ્વતંત્રતા' પત્રનુ ડેકલેરેશન ન લેવા નિમિત્તે મને, અને વિકટોરીયા પ્રેસના માલીક, જે છ પકડાયલામાના એક હતા તે મછારામ નાનાભાઈપર, મી૦ લેલીએ એક જુદુ જ કામ ચલાવ્યુ અને ઉભા કરવામા આવ્યો, ત્યારે ઓનરેબલ સર ફીરોજશાહ મહેરવાનજી મહેતા હાજર ન હોવાથી, મેં જણાવ્યુ કે મારા બારિસ્ટર આવે ત્યા સુધી કેસ મુલતવી રાખો પણ સત્તાવાળાઓ અમારા તરફ એટલા બધા નાપાયમન હતા કે મારી કઇ પણ દલીલ સાભળ્યા વગર કેસ ચલાવવા લાગ્યા એ વખતની મારી સ્થિતિનુ બ્યાન હુ કરી શકુ એમ નથી મારી નજર દાદર તરફ અને દાદર તરફ જ હતી એ વખતે સર ફીરોજશાહ ત્વરાથી કોર્ટમા હાજર થયા અને ગપાટાભર મછારામ વિરુદ્ધ મારી સાક્ષી લેતા માજીસ્ટ્રેટને પ્રાર્થના કરી, અટકાવી, ત્યદેસર અસર કર્યા વગર ઓછી, કે જે દેખાવ મારા ચિત્તના ચિત્રમાથી જીદગી પર્યંત ભુસાઈ શકે એવો નથી સર ફીરોજશાહની દલીલ પછી એ કેસ મુલતવી રહ્યો હતો, તે આજની ઘડી અને કાલના દહાડો તે પાછો નીકળવાજ પામ્યો નહિ

સુરતના હુલ્લડ કેસમા અમારા બપરનો આરોપ ફીતુરી લખાણ લખવાને લગતો હતો, બીજાઓ ઉપર બાળા કરવાનો હતો લગભગ સાડા પાચ મહિના સૂધી એ કેસ ચાલ્યો હતો તેમા સર ફીરોજશાહ મેહેતા અને મી૦ બીજા બારિસ્ટરોએ જે કાર્ય કીધુ હતુ તે ઘણુ અદ્ભુત હતુ જો આરોપીઓ જો ગુનેહગાર ઠરે તો અમારે માટે મોતના વાન્ડા તૈયાર જ હતા હાઇકોર્ટે એ કેસ ચલાવવાને માટે ખાસ જડજ નીમ્યા હતા લાંબી તપાસ પછી સઘળાઓ નિર્દોષ ઠરી છુટી ગયા હતા ન્યાય મળ્યા પણ એટલો મોડો હતો કે તેમા સઘળાઓ પાયમાલ થઇ ગયા[1] એ કેસ પૂર્ણ થયા પછી 'સ્વતંત્રતા માસિકને નામે ચાલતુ માસિક છાપવાની સુરતમા કોઇ પણ છાપખાનાવાળાએ હામ ભીડી નહિ થોડો વખત તે બંધ પડ્યુ, પાછળથી 'ગુજરાત' મિત્રના અધિપતિએ તે ચલાવ્યુ, પણ છેવટે મરણ પામ્યુ પ્રારંભમા ઘવાયલુ ક્યા સુધી જીવે ?

'સ્વતંત્રતા' મારા હાથમાથી ગયા પછી મારા મિત્ર મી૦ જેવચરામે એક અંગ્રેજી પત્ર કહાડવાનો વિચાર કર્યો હુ તેમા સમ્મત થયો ને પત્ર નીકળ્યુ, પણ આશ્રયની ગેરહાજરીમા તેરે અડવાડિયા ચાલી, 'સ્વતંત્રતા'ની ગતિને પામ્યુ સુરત રાયટ કેસમા

૧ આ રાયટ કેસ સબધી પોતાની સંપૂર્ણ હકીકત ગ્રન્થકર્તાએ, ૧૯૧૧ ના માર્ચથી આગસ્ટ સુધીના "ગુજરાતી પત્રના અંકમા છુટક આપી છે, જે એક ઐતિહાસિક સત્ય-ઘટનાત્મક વાત જેવી છે

આશરે છ મહિના સુધી મેં મી૦ જેવચરામની સાથે "ગુજરાત મિત્ર" તથા "દેશી મિત્ર" ચલાવ્યું હતું "ગુજરાતી" કહાડ્યા પહેલાનું આ મારૂં સંક્ષિપ્ત વૃત્તાંત છે.[1]

* * * * * *

સર મંગળદાસ નથુભાઈ પોતાના માથાપરનો બોજો ઓછો કરવા માટે એક છાપખાનું કાઢવાની ૧૮૮૩ થીજ ભલામણ કરતા રહ્યા, અને મારો વિચાર પણ આખરે એક નાનું સરખું છાપખાનું કાઢવાનો થયો. ફોર્ટ પ્રિન્ટિંગ પ્રેસના હેડ પ્રિન્ટર મી૦ રતનજી નશરવાનજી આટિયાએ ત્યાંથી નોકરી છોડવા પછી મને આગ્રહપૂર્વક જણાવ્યું કે, 'ગુજરાતી' પેપર અને "આર્ય જ્ઞાનવર્ધક" નામનું માસિક, જે તે વખતે મારા હસ્તક નીકળતું હતું તે એક નાના સરખા પ્રેસમાંથી નીકળી શકે એમ છે. આ હકીકત સર મંગળદાસ અને શેઠ લક્ષ્મીદાસને જણાવતાં સર મંગળદાસે રૂ ૩૦૦૦ પ્રેસ કહાડવામાં સહાયતામાં આપ્યા. ૧૮૮૪ ના જાનેવારીથી પોતાના 'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસમાં "ગુજરાતી' પત્ર છપાવા માંડ્યું. સાડા ત્રણ વર્ષ દરમ્યાનમાં લગભગ ૧૨૭૦૦ રૂપિયા સર મંગળદાસ નથુભાઇએ આ પત્રને પગભર કરવાને આપ્યા હતા. ૧૮૮૪ ના માર્ચથી તેમની તરફની પૈસાની મદદ બંધ થઈ હતી.

* * * * * *

હિન્દ બ્રિટાનિયા.

૧૮૮૫ ના વર્ષમાં 'હિન્દ અને બ્રિટાનીયા' નામનો એક ગ્રંથ મેં પ્રગટ કીધો. એ ગ્રંથમાં ભરતખંડની પ્રજાનું અને રાજ્ય સ્થિતિનું બહુ સૂક્ષ્મ રીતે સ્વરૂપ દર્શાવ્યું હતું. 'ગુજરાતી'ની વૃદ્ધિથી બળતા ઝળતા પત્રોએ તે ગ્રંથ ફીતુરી લખાણવાળો છે એવો આક્ષેપ કીધો. 'ગુજરાતી' પત્ર તથા હું આખા દેશમાં ચર્ચાનો વિષય થઈ પડ્યા. રાજદ્રોહના આરોપસર સરકાર તરફથી મને પકડાવાનો પણ ભય ઉભો થયો હતો. મુંબઈ સરકારે મારાપર કામ ચલાવવાની પરવાનગી માગી છે, એવી વાતો વર્તમાનપત્રોમાં ચર્ચાવા લાગી. પરંતુ વાઇસરૉયની કાઉન્સીલના એક મેમ્બરે એ ગ્રંથનું સારી રીતે અવલોકન કર્યા પછી, ગ્રંથમાં તીક્ષ્ણ ટીકા છે, એ વાત સ્વીકારી, પરંતુ તે દોષિત છે, એવો સ્વીકાર કર્યો નહીં. એ ગ્રંથ ભારતવર્ષના રક્ષક ન્યાયી રીપન ધી જસ્ટને અર્પણ કરવામાં આવ્યો હતો, અને અર્પણપત્રિકામાં જ તેનું આલંકારિક ભાષામાં યશોગાન કીધું હતું. વળી સરકારનો ઉપલો નિર્ણય છતાં પણ 'ગુજરાતી' પત્રના વિરોધીઓએ આક્ષેપ કરવો જારી ને જારી રાખ્યો. પણ 'મુંબઇ ગેઝેટ' અને 'પાયોનીયર'ના સપાટા પછી તેઓ થોડા ઘણા ઠંડા પડ્યા. 'ગુજરાતી'ના વિરોધીઓએ ગ્રંથ નિમિત્ત મારી ઉપર આક્ષેપો કરવા ચૂક્યા નહતા, પણ તેમના એ ચાલુ ને ચાલુ આક્ષેપોથી 'ગુજરાતી' પત્રને ખાસ લાભ થયો. 'ગુજરાતી' પત્રના ગ્રાહકોને તે પુસ્તકની ૧૮૮૭ માં

---

૧ આ ભાગ પછી "ગુજરાતી" પત્રની જીવનકથની છે, જે લાંબી હોવાથી તે અત્રે આપી નથી.

ભેટ આપવાથી તેના ફેલાવામા ન ધારેલો વધારો થઈ ગયો ૧૮૮૬ ના નવેમ્બરમા 'ગુજરાતી' પત્રના ગ્રાહકની સખ્યા જે ૬૫૦ હતી, તેણે કુદકો માર્યો. ૧૮૮૭ ની આખરે 'ગુજરાતી'ના ગ્રાહકની સખ્યા ૨૫૦૦ ની થઈ "હિન્દ બ્રિટાનીયા"ની ત્રણ આવૃત્તિ મળી તેની પણ ૫૪૦૦ નકલ લોકોમા ફેલાઇ અને લોકોને રાજકીય સ્થિતિ જાણવાનો વિશેષ ઉત્સાહ થયો એજ વર્ષથી 'ગુજરાતી' ૨૮ પૃષ્ઠ જેટલુ નીકળવા લા યુ હતુ

*   *   *   *   *   *

"ગુજરાતી"ની સાહિત્ય સેવા.

"ગુજરાતી"ને અગે જે સાહિત્યના ગ્રથો બહાર પાડવામા આવ્યા છે તેણે ગુજરાતી સાહિત્યમા ઘણો સારો વધારો કીધો છે સાનદસતોષ સાથે હુ જણાવુ છુ કે આ ગ્રથાની યોગ્યતાની પિછાણ પ્રજાવર્ગમા બહુ સારી રીતે કરવામા આવી છે વીસ વર્ષ દરમ્યાન ગુજરાતી પ્રસમાથી લગભગ ૬૦૦૦ સાહિત્યના ફાર્મો કહાડવામા આવ્યા છે એ સાહિત્યના ગ્રથાની સખ્યા લગભગ ૭૦ની છે એમા ગુજરાતના પ્રાચીન કવિઓના સગ્રહ મોટી જગ્યા લે છે અને પચદશી, રામાયણ, ભાગવત તથા કથાસરિત્સાગરના ચાર મોટા ગ્રથો બહાર પાડવામા આવ્યા છે મહાભારતના ભાષાતરનુ કામ ચાલુ છે અને તેનો અન્ ભાગ આવતા મહિનામા બહાર પાડવાની હુ આશા રાખુ છુ મારા સ્વરચિત ચદ્રકાન્તની પ્રજાએ બહુ સારી રીતે પિછાણ કીધી છે અને તેનો પણ ત્રીજો ભાગ છપાય છે

*   *   *   *   *   *

મુબઈ, તા૦ ૨ ૭ જુલાઈ ૧ ૦૮ }
"ગુજરાતી"નો ગૌપ્ય મહોત્સવ }

ઇચ્છારામ સૂ. દેશાઈ

સ્વાત્મકથનની પુરવણી

આટલુ આત્મકથન ગ્રન્થકર્તાનું પોતાનુ છે તે ૧૯૦૪ મા લખાયુ હતુ તે પછી તેઓ ૧૯૧૨ ની ૫ મી ડીસેંબર સુધી વિદ્યમાન હતા શ્રીમન્ મહાભારતનો બીજો ભાગ તેમના શુભ હસ્તે ૧૯૧૧ મા બહાર પડ્યો હતો ત્રીજો ભાગ અર્ધા ઉપર છપાયો હતો, જે તેમના સુપુત્ર અને "ગુજરાતી" પત્રના વિદ્યમાન તત્રી રા મણિલાલે પૂર્ણ કરી ૧૯૨૧ મા પ્રકટ કર્યો છે "ચન્દ્રકાન્ત"નો ત્રીજો ભાગ ગ્રન્થકર્તાએ ૧૯૦૭ મા બહાર પાડ્યો અને તેની બે આવૃત્તિઓ તેમણે પોતાના જીવનકાલમા પ્રકટ કરી હતી, અને ચોથા ભાગનો આરભ કરી રાખ્યો હતો, પણ તે પૂર્ણ કરવાને આ સસારમા તેઓ રહ્યા નહિ. ચોથામા ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રના મુખે શ્રી ગીતાજીના ૧૫ મા અધ્યાયમા તેમના એક ભક્ત અર્જુનને જે વાત કહેલી કે યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમ મમ એવા કૈવલ્યધામનુ વર્ણન પોતાના અનન્ય બીજા ભક્ત ઉદ્ધવજીને સ્વધામ પ્રયાણ પહેલા રૈવતાચળ પર્વત ઉપર સમજાવેલી, તે કથા વર્ણવવી એવી તેમની ઈચ્છા હતી પણ ભગવાનના પરમધામ-કૈવલ્યધામનુ વર્ણન પ્રાકૃતજનો માટે થાય એ ઠીક નહિ, એવી જાણે ભગવાન શ્રીરામની પણ ઇચ્છા કેમ નહિ હોય

તેમ તેણે ઇચ્છારામને પરમધામમા ૧૯૬૯ ના કાર્તિક શુદ બારસ ઉપરાત તેરસને દિને બોલાવી લીધા તેમનો સ્થૂળ દેહ એ દિવસે શાંત થયો, પણ જરામરણના ભયથી વિમુક્ત એવી તેમની યશકાયા ચન્દ્રકાન્તાદિ રસસિદ્ધ સુકૃતિઓથી સદોદિત અમર રહી જય પામે છે

* * *

ગ્રન્થકર્તાનું સક્ષિપ્ત આત્મજીવન ઉપર પ્રમાણે છે એમણે ગુજરાતી ભાષામા કેટલા ગ્રન્થો રચી સાહિત્ય અને ધર્મની યતકિંચિત્ સેવા કરી છે તેનો નામનિર્દેશ ક્યાં વિના સમાપ્તિ કરવાથી આ આત્મકથન અપૂર્ણ રહી જાય છે છેક બાળપણમા એટલે ૧૮૭૧ મા તેમણે સત્યનારાયણની કથા છપાવી હતી, જે પ્રસગ તેમની સાહિત્ય અને લેખન પ્રવૃત્તિનુ બીજ હતુ તે પછીનુ વૃત્તાત ઉપર વર્ણવાયલુ છે તેમણે ગુજરાતી ભાષામા થઈ ગયેલા પ્રાચીન કવિઓના કાવ્યોનુ શોધન કરી બૃહત્ કાવ્યદોહનના આઠ ભાગો બહાર પાડ્યા છે ૧૮૮૫ મા હિન્દ અને બ્રિટાનિયા લખ્યા પછી ૧૮૮૬ મા ડા૦ જોન્સનની અગ્રેજી ભાષામા રચેલી રાસેલાસની કથા અથવા મિસરના રાજકુમારની વાર્તા બહાર પાડી અને ૧૮૮૭ મા રાજતેજોમયી મહારાણીશ્રી વિક્ટોરિયાનુ જીવન-ચરિત્ર લખ્યું અને ૧૮૮૮ મા ગુજરાતી ભાષાના મહાકવિ પ્રેમાનદનુ દશમ ચરિત્ર અને ગણુદેવીના કવિ વલ્લભનુ ભાગવત જુની પ્રતો ઉપરથી સુધારીને બહાર પાડ્યું. ૧૮૯૧ મા ટીપુ સુલતાનની ઐતિહાસિક વાર્તાનો પહેલો ભાગ અને ગુજરાતી પ્રજામા ઘરડા વરને બાળકી પરણાવવાથી કેટલી હાનિ છે તેનુ આબેહુબ વર્ણન કરતી સવિતા સુન્દરી નામની સ્વતત્ર નવલકથા અને ગગા એક ગૂર્જર વાર્તા નામની સાસારિક ચિત્ર દર્શનવાળી મનોવેધક સામાજિક સ્વતત્ર નવલકથા પ્રકટ કર્યાં ગગા નામની વાર્તામા શિવાજી મહારાજે સુરતની લૂટ ચલાવી તે પ્રસગની એક અતિહાસિક વાર્તા સાથે જોડેલી છે પ્રસ્તુત વાર્તાઓ તેની શુદ્ધ ગુજરાતી આદર્શ ભાષાશૈલી માટે વિખ્યાતિ પામી છે ૧૮૯૫ મા તેમણે દિલ્લીપર હલ્લો એ નામની પૃથ્વીરાજના સમયની એક ઐતિ-હાસિક નવલકથા રચીને બહાર પાડી, જેના હિન્દી અને મરાઠી ભાષામા પણ અનુવાદો અને અનુકરણો થયા છે ધર્મગ્રન્થોમા શ્રી પચદશીનુ ભાષાતર અને તેના ઉપર ચન્દ્રકાન્ત નામનુ સ્વતત્ર વિવરણ વિદ્વાનોમા ઘણું પ્રિય અને આદરને પાત્ર થઈ પડેલુ છે સસ્કૃત ભાષામાથી ભાષાતર કરેલા ગ્રન્થોમા કવિ કહ્લણ રચિત ઐતિહાસિક રાજતરગિણિ અથવા કાશ્મીરનો ઇતિહાસ એ નામનુ પુસ્તક ઉત્તમ ગણાયુ છે તેનો એકજ ભાગ તેમણે બહાર પાડ્યો હતો મહાકવિ ક્ષેમેન્દ્ર રચિત કળાવિલાસ (પોતાની ટીકા ટીપ્પણ સાથનુ) અને ચારૂચર્યા અથવા શુભાચારના ભાષાતરો ઘણા સરળ અને સ્વતત્ર કૃતિઓ જેવા જ વખ-ણાયા છે યમસ્મૃતિ, વિદુરનીતિ, શુક્રનીતિ એ ત્રણ ગ્રન્થોના ભાષાતરો પણ સુદર થયા છે આ ત્રણ નીતિના ગ્રન્થો સાથે કામદક નીતિસાર નામના ગ્રન્થની પહેલી આવૃત્તિ પણ વાચવા જેવી છે. પણ તેના ઉપર વિસ્તૃત ટીકાનો અન્ય ગ્રન્થ મળી આવતા ગ્રન્થકર્તાના એક સહાયક સ્વર્ગવાસી પ્રાણજીવન હરિહર શાસ્ત્રીએ તેમના અવસાન બાદ નવેસરથી અનુવાદ

કર્યો છે, અને તે ગુજરાતી પ્રેસે છાપેલો છે એમણે એ ઉપરાંત શ્રીમદ્ ભાગવત, શ્રી મહાભારત, અને શ્રીમદ્ ભગવદ્ગીતાના ભાષાંતરો પ્રકટ કરાવેલાં છે, જેમાંની ભાષા માટે ગુજરાતી પ્રજામાં તે ઘણાં પ્રિય થઈ પડ્યાં છે શ્રી રામાયણનું ભાષાંતર તેમનું કરેલું છે અને તે પણ અતિ લોકપ્રિય ગ્રન્થ છે બૃહત્ કાવ્યદોહનના આઠ ભાગોમાં ગુજરાતના જૂના કવિઓની કૃતિઓનો સંગ્રહ કર્યા ઉપરાંત આદિ કવિ નરસિંહ મેહેતાના પદોનો મોટો સંગ્રહ તેમાંનું છપાવ્યો છે, અને કવિ ગિરધરનું કૃષ્ણચરિત્ર સંશોધન કરી પ્રકટ કર્યું છે બાણભટ્ટની કાદમ્બરી ઉપરથી સરળ કાદમ્બરી તેમણે રચી છે અને અંગ્રેજીમાંથી અરેબિયન નાઇટ્સનું હૃદયંગમ ભાષાંતર કરી છપાવેલું છે આ અરેબિયન નાઇટ્સનું ભાષાંતર એટલું સરસ થયું છે કે તેની હરિફાઇમાં બીજાં ભાષાંતરો નિર્માલ્ય થઈ પડ્યાં છે રૂલર્સ ઑફ ઇન્ડિયા (હિન્દના રાજકર્તાઓ) એ નામની માળામાંથી ઔરંગઝેબનું તેમણે ભાષાંતર કરેલું છે, જેની પણ એક સારા ઐતિહાસિક ગ્રન્થમાં ગણના થાય છે સંસ્કૃત ભાષાના નાટકસાહિત્યમાંથી ભાસના પ્રકારનું રાજભક્તિ વિડમ્બનનો અનુવાદ પણ સુંદર છે તેમણે એક સ્વતંત્ર ગુજરાતી વાચનમાળા કાઢવા આરંભ કર્યો હતો અને ગુજરાતી સચિત્ર પહેલી ચોપડી છાપી હતી નાનાં ગુજરાતી બાળો અને કુમારો માટે તેમણે ઇવનિંગ્સ એટ હોમ નામના અંગ્રેજી પુસ્તક ઉપરથી સંયોજન કરી બાળકોનો આનંદ એ નામના ગ્રન્થના બે ભાગો બહાર પાડ્યા છે એમાંની કથાઓ હૃદયંગમ હોવા ઉપરાંત કેમ જાણે ગુજરાતી જીવનમાં સાચી બનેલી ન હોય તેવો જ આભાસ આપે છે અને તેની ઘણી આવૃત્તિઓ થઈ છે એ ઉપરાંત ગ્રન્થકર્તાના “ગુજરાતી” પત્રમાં સામયિક રાજકીય પ્રકરણો ઉપરના અગ્ર લેખો શિવાય અન્ય ઘણા લેખો છે અને તે સંગ્રહ કરી છપાવવા યોગ્ય છે ગ્રન્થકર્તાની આ પ્રમાણે અનેકવિધ સાહિત્યસેવા છે, અને તે કેટલી લોકોપકારક છે તે તેની થયેલી અનેક આવૃત્તિઓ સિદ્ધ કરી આપે છે ઉપર પ્રમાણે ગ્રન્થકર્તાના જીવનની ઝાંખી રૂપરેખા છે અને તે જિજ્ઞાસુઓની કુતૂહલ વૃત્તિને સંતોષ આપશે એવી આશા છે

મુંબઈ, વિ સં ૧૯૮૦
શ્રી દત્તજયંતિ

પ્રકટકર્તાઓ

અનુક્રમણિકા

પ્રથમ પ્રવાહ—પુરુષાર્થ

દ્વિતીય પ્રવાહ-ચૈતન્ય

અનુક્રમણિકા

चन्द्रकान्त

प्रथमप्रवाह—पुरुषार्थ

मङ्गलम्

ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै ।
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शाति शाति शाति.

ઉપનિષદ્ગીતા પરમાત્મ વિદ્યાનુ સ્વરૂપ પ્રકટ કરીને અમારુ (ગુરુ શિષ્યનુ) પાલન કરો, વિદ્યાનુ ફળ પ્રકટ કરીને અમારુ પાલન કરો, અમે બન્ને સાથેજ વિદ્યા સબધી સામર્થ્ય સિદ્ધ કરીએ, અમારા બન્નેનુ અધ્યયન તેજસ્વી થાઓ, તથા અમે બન્ને પ્રમાદજન્ય અન્યાયવડે અધ્યયન અને અધ્યાપનના દોષને માટે પરસ્પર દ્વેષ કરીએ નહિ ' શાતિ શાતિ શાતિ

उपहरण विभवाना सहरण सकलदुरितजालस्य ।
उद्धरण ससाराच्चरण व श्रेयसेऽस्तु विश्वपते ।

વૈભવોને આપનાર, સકળ પાપપુજનુ હરણ કરનાર અને સસારમાથી ઉદ્ધાર કરનાર વિશ્વપતિનુ ચરણ તમારુ કલ્યાણ કરો

વિદ્યારણ્ય

दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्येकसाराय नम शान्ताय तेजसे ॥

દિશા, કાળ આદિથી માપરહિત, અનત (છેડા વિનાના) ચૈતન્ય માત્ર મૂર્તિ તથા આત્માના અનુભવના જ એક સારરૂપ શાત તેજને હુ નમસ્કાર કરુ છુ

ભર્તૃહરિ

आपन्नोस्मि शरण्योस्मि सर्वावस्थोस्मि सर्वदा ।
भगवंस्त्वां प्रपन्नोस्मि रक्ष मां शरणागतम् ॥

હે ભગવન્! હું આપને શરણે આવ્યો છું, શરણ આવવા યોગ્ય છું સર્વદા સર્વ જાતની અવસ્થાના અનુભવ કરનારો છું અને આપને પ્રાપ્ત થયો છું આપ મારી શરણાગતની રક્ષા કરો'

जपो जल्पः शिल्पं सकलमपि मुद्राविरचना ।
गतिः प्रादक्षिण्यक्रमणमशनाद्याहुतिविधिः ॥
प्रणामः संवेशः सकलमिदमात्मार्पणविधौ ।
सपर्यापर्यायस्तव भवतु यन्मे विलसितम् ॥

હું જે વાતચિત કરું છું તે આપના નામનો જપ થાઓ, હું જે સર્વ શિલ્પ રચના કરું છું તે આપની મુદ્રા થાઓ, હું જે ચાલું છું તે આપની પ્રદક્ષિણા ગણાઓ, હું જે ભોજન કરું છું તે આપની આહુતિઓ થાઓ, હું જે બેસું છું તે આપને પ્રણામરૂપ થાઓ અને મારો જે કંઇ વિશ્રામ હોય તે આપની પૂજા થાઓ આમ આત્માર્પણમાં હું આ સર્વ અર્પણ કરું છું **શ્રીશંકરાચાર્ય**

नमो विश्वसृजे पूर्वं विश्वं तदनु बिभ्रते ।
अथ विश्वस्य संहर्त्रे तुभ्यं त्रेधास्थितात्मने ॥

આપ આરંભમાં જગતને સરજો છો, તે પછી વિશ્વનું પોષણ કરો છો, અને પછી તેનો સંહાર કરો છો, આમ ત્રણ પ્રકારે રહેલા આપને હું નમસ્કાર કરું છું

चिरं ध्याता रामा क्षणमपि न रामप्रतिकृतिः
परं पीतं रामाधरमधु न रामाङ्घ्रिसलिलम् ।
नता दृष्टा रामा यदपि न रामाय विनतिर्-
गतं मे जन्माद्य न दशरथजन्मा परिगतः ॥

મેં રામા-સ્ત્રીનું લાંબો વખત ધ્યાન કર્યું, પરંતુ શ્રીરામની પ્રતિકૃતિનું ક્ષણભર પણ ધ્યાન કર્યું નહિ, રામાના અધરામૃતનું સંપૂર્ણ રીતે પાન કર્યું, પરંતુ શ્રીરામના ચરણામૃતનું પાન કર્યું નહિ દૃષ્ટ થયેલી રામાને નમ્યો પરંતુ શ્રીરામને પ્રણામ કર્યા નહિ, આમ મારો ઉત્તમ જન્મારો વહી ગયો, પરંતુ દશરથપુત્ર રામને મેં મેળવ્યા નહિ



चन्द्रकान्त

प्रथमप्रवाह—पुरुषार्थ

प्रवेशक

दुर्लभं त्रयमेवैतद्देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥ शङ्कराचार्य.

અર્થ-મનુષ્યજન્મ, મોક્ષની ઇચ્છા, (અને) મહાપુરુષોનો આશ્રય, એ ત્રણ દુર્લભ છે તે દૈવનો અનુગ્રહ હોય તો જ એ મળે છે

મહાત્મા ગુરુના ચરણની સેવા કરવાથી શિષ્યોની વૃત્તિ પણ મહાત્મારૂપ જ થાય છે કહ્યું છે કે—

सत्सङ्गाद्भवति हि साधुता खलाना
साधूना नहि खलसङ्गमात्खलत्वम् ।
आमोद कुसुमभव मृदेव धत्ते
मृद्गन्ध नहि कुसुमानि धारयन्ति ॥

અર્થ-ખળ પુરુષોને સત્સંગથી સાધુપણું-સજ્જનપણું પ્રાપ્ત થાય છે, પણ સાધુ પુરુષોને ખળના સંગથી ખળપણું પ્રાપ્ત થતું નથી માટી જ ફૂલની સુગંધને ધારણ કરે છે, પણ ફૂલો માટીની સુગંધ ગ્રહણ કરતા નથી

કોઈએક બ્રહ્મવેત્તા સત્પુરુષ કોઈ નિર્જન સ્થાનમા એકાતવાસ કરીને રહેતા હતા તેમની સેવામા એક સુશીલ સ્વભાવનો શિષ્ય હતો. તે, પ્રતિદિન તેમની ઉત્તમ પ્રકારે સેવા કરી, તેમની પાસેથી તત્ત્વજ્ઞાન સપાદન કરતો હતો પ્રસગે પ્રસગે તે ગુરુશિષ્ય વચ્ચે અનેક પ્રકારના પ્રશ્નોત્તર થતા હતા શિષ્ય નિરતર ગુરુવાક્યોનુ મનન કરતો અને તેમા ઉપજેલી શંકાઓ ગુરુ પાસે કહેતો હતો અને ગુરુદેવ તેના પર પરમ કૃપા કરીને અતિ અદ્ભુત યુક્તિપ્રયુક્તિઓવડે તે શકાઓનુ સમાધાન કરતા હતા. તે ગુરુશિષ્યના ત્રિવિધ વાપ ટાળનાર અને મોક્ષપ્રદ સશય નાશક સવાદમાથી કઈક ભાગ અહીં લીધેલો છે

પ્રથમ બિન્દુ

સત્સંગ અને વ્યવહાર

उद्धरेदात्मनात्मानं मग्नं संसारवारिधौ ।
योगारूढत्वमासाद्य सम्यग्दर्शननिष्ठया ॥

અર્થ–પોતાનો આત્મા જે સસાર સાગરમા મગ્ન–ડૂબ્યો છે, તેને યોગારૂઢત્વ પ્રાપ્ત કરી, યથાર્થ જ્ઞાનનિષ્ઠા રાખીને પોતાની મેળે જ ઉગારવો જોઇએ

એક દિવસે એક શિષ્યે, ગુરુની પૂજા કરી, દડવન્નમસ્કાર કર્યા પછી તેમની આજ્ઞા લઈ, નમ્ર વાણીએ પૂછ્યું કે, "હે પરમ કૃપાળુ ગુરુદેવ! આ સસારમા કેટલાક મનુષ્યોને સત્સગ અને આત્માનુ અનુભવ સુખ, એ બનેમા વિશેષ પ્રીતિ (આસક્તિ) હોય છે, છતા તેઓની ચિત્તવૃત્તિ વ્યવહારમા પણ વહે છે, અર્થાત્ તેવો પુરુષ સત્સગ અને આત્મસુખમા અત્યત લોભાઈ, તેમા પ્રીતિ કરે છે ખરો, પરતુ વળી તે વ્યવહારમા પણ પ્રવર્તે છે અને સસારનો ભાર વહે છે, તેનુ શુ કારણ, તે કૃપા કરીને આપ મને જણાવો.

ગુરુ–હે બાપ! ધન્ય છે તને! શનૈ. શનૈ. તારી જ્ઞાનરતિનો વિકાસ થતો જાય છે, એ તારુ અહોભાગ્ય છે–પૂર્વ જન્મનો સસ્કાર છે. તને હુ અધિકારી સમજું છુ એમ નિત્ય નિત્ય વિકાસમાર્ગમા ભ્રમણ કરતો જજે. એમાથી જ નિત્યના સુખદાયી મુક્તિમાર્ગ ઉપર ચઢાશે અને ત્યાથી અખડિત આનંદધામમા પહોંચાશે તારુ પ્રશ્ન અતિ ઉત્તમ અને સૂક્ષ્મ વિચારવાળુ છે આ પ્રસગમા હું એક મક્ષિકાનુ ઉદાહરણ કહું છુ, તે તું શ્રવણ કર. હે વત્સ! એક મક્ષિકા (માખી), જે અહર્નિશ

મૂત્ર અને વિષ્ઠાના સ્થળોપર ફરીને નિરતર તેનો જ રસ લેનારી છે, તેને કોઇક સમયે ફરવાં ફરતા એક મધથી પરિપૂર્ણ ભરેલો ઘડો મળી આવ્યો તે, પોતાને અતિ દુર્લભ અને ઘણી સ્વાદિષ્ટ વસ્તુ પ્રાપ્ત થયેલી જોઇને, અતિ આનંદ પામી અને તેનાપર બેઠી. પછી ધીરે ધીરે પોતાનો એક પગ મધપર ઠરાવ્યો અને જરાક મધ ચાખતા ઘણું જ મીઠુ લાગવાથી પુન બીજો પગ પણ મૂકયો એમ કેટલીકવાર સૂધી નિશ્ચિન્તપણે મધનો સ્વાદ લેવા લાગી અને સતોષ પામી, એટલે ત્યાથી તુરત નીકળી પાછી અહીંતહીં ઉડવા લાગી પણ ભમતા ભમતા તેને આગળનુ વિષ્ઠાનુ સ્થળ મળી આવ્યું અને આગલા અભ્યાસ અને આસક્તિને લીધે તેનો દુર્ગંધી રસ લેવા માટે તેપર પણ જઈ બેઠી એમ વારવાર તે માખી મધનો અત્યુત્તમ સ્વાદ લીધા છતા પણ, પૂર્વનો અભ્યાસ–આસક્તિ તથા પ્રકૃતિને લીધે, તે પાછી મૂત્ર તથા વિષ્ઠા ઉપર જતી અટકી નહિ પણ જો એ માખી જે સમયે મધપર બેઠી હોય અને તેનો સ્વાદ લેવામા આસક્ત થયેલી હોય તે સમયે, એકાએક પવનનો સપાટો આવ, અને તેને લીધે તેની બન્ને પાખો મધની સાથે લપટાઈ તેમા ચોંટી જાય તો તેની વિષ્ઠા મૂત્રના–નરકરસપરની–આસક્તિ આપોઆપ છૂટી જાય છે તથા ત્યા જતી અટકે છે, અને મધુના મધુર સ્વાદ લેવારૂપ સર્વોત્તમ સુખમા જ લીન રહે છે

એવી જ રીતે વિષયાદિકરૂપ વિષ્ઠાના સ્વાદના અભ્યાસ અને આસક્તિવાળી મનોવૃત્તિ, આત્મસુખરૂપી મધ લેવા માટે, આત્મસુખરૂપ મધથી ભરેલા સત્સગરૂપ ઘડાના કાઠા ઉપર ઠરે છે ખરી પરન્તુ વળી પૂર્વના અભ્યાસથી પાછી ત્યાથી વિષય પ્રતિ દોડી (ઉડી) જાય છે, અને પુન પાછી મનોવૃત્તિને આત્મસુખરૂપી મધના સ્વાદની સ્મૃતિ આવતા, તેમ જ તેની અત્યત શ્રેષ્ઠતા જાણીને, તેપર પાછો મોહ થાય છે, એટલે પાછી આવીને તેનો રસાસ્વાદ લે છે વળી ત્યાથી જાય છે અને પુન પાછી આવે છે એમ જતા ને આવતા સમયમા, જ્યારે પવનનો સપાટો લાગીને મધમા પાખ ચોંટી જાય–અર્થાત્ જ્યારે ઈશ્વરનો અનુગ્રહ, સદ્‌ગુરુની કૃપા અને પોતાના શુભ કર્મ, એ ત્રણે અથવા ત્રણેમાની એકાદિ વસ્તુરૂપ પવનના સપાટાથી, વિષયરૂપ વિષ્ઠાના સ્વાદપર દૃઢ વૈરાગ્ય થઈ જાય અને મનોવૃત્તિ, બ્રહ્માનન્દરૂપ મધમા દટાય, તો પછી આપોઆપ વ્યવહારમા વહેતી જીવની વાસનાવૃત્તિ અટકે, એટલે માન-

સિક વૃત્તિ પોતે જ જળમા પડેલા સૈન્ધવની પેરે ગળી જઇને બ્રહ્મરૂપ થાય. પરંતુ તે પણ જો વિપરીત સાધન કરે છે તો ઉલટી બગડે છે એ માટે એક ઉદાહરણ કહું છુ, તે તું સાભળ.—

એક ગામમા જરાક ધનપાત્ર ગણાતો કોઈ એક પટેલ રહેતો હતો. તેને પ્રતિષ્ઠિત જાણી ત્યાના રાજાએ કઇંક કામસર પોતાની કચેરીમાથી તેડુ મોકલ્યુ રાજાનુ તેડુ અને તે વળી માનભેર આવ્યુ, તેથી ત્યા જવા માટે પટેલભાઇએ સર્વ નવા શ્વેત વસ્ત્ર ધારણ કર્યા અને સજ્જ થઈ તે રાજસભા પ્રતિ ચાલ્યો વસ્ત્ર ખૂબ સ્વચ્છ પેહર્યા હતા અને રાજાની સભામા જવુ હતુ, માટે વસ્ત્રને કોઈ પણ સ્થળે જરાએ ડાઘ લાગે નહિ, તેની પટેલ બહુજ સભાળ રાખતો જતો હતો પરતુ તેમ છતાએ રસ્તામા જતા કોઇક ઠેકાણેથી તેના કપડાને કોયલાનો ડાઘ લાગી ગયો તે વખતે પટેલ રાજસભામા ગયો તો ખરો, પણ ત્યા કામકાજ થઈ રહ્યા પછી ઘેર આવતી વેળાએ તેને પેલી કપડાને ડાઘ લાગવાની વાત યાદ આવવાથી, તે બહુ ખેદ પામ્યો અને કપડા ઉપર કોયલાનો ડાઘ લાગ્યો હતો, માટે તેને કોયલા માત્ર ઉપર વેર ઉત્પન્ન થયુ! તેણે અત્યત ક્રોધે ભરાઈ આખા ગામના કોયલાની કાળપ કાઢી નાખવાનો નિશ્ચય કીધો તુરત ગામમાથી સઘળા કોયલા મજુરો પાસે એકઠા કરાવી, એક મોટા તળાવ ઉપર નખાવ્યા આ એકઠા કરાવેલા કોયલા તો લગભગ સો મણ જેટલા થયા. હવે સો મણ કોયલાને ધોવા માટે થોડામા થોડો પણ પચ્ચાસ મણ સાબુ તો જોઇએ જ તે સાબુવડે કોયલા ધોવાનુ કામ આરમ્ભાવ્યુ અને ખળખળાટ કરતુ કાળુ પાણી, એક વહેળાની માફક ગામની ભાગોળે થઇને વહેવા લાગ્યુ તે જોઈ એ જ ગામનો એક બીજો પટેલ આશ્ચર્ય પામ્યો તેણે તળાવ ઉપર જઈ કોયલા ધોવરાવનાર પટેલને પૂછ્યુ "અરે પટેલભાઈ! તમે આ શુ કરો છો?" એ સાભળી તેણે જવાબ દીધો કે, "કપડાને કાળા ડાઘ લગાડનાર કોયલાને તેની શ્યામતારૂપ દુર્ગુણથી મુક્ત કરીએ છીએ!" આવુ ઉત્તર સાભળી બીજા પટેલે વિચાર કીધો કે, આ કોઇ અક્કલનો સાગર દેખાય છે, કારણ કે, કોયલાને તે સો વર્ષ સૂધી ધોઇએ તો પણ ઉજળા થાય નહિ, તેની એને ખબર જ નથી કોયલા તો કાળા તે કાળા જ રહેશે પણ હશે, એ બિચારાને આ મિથ્યા શ્રમ કરતાં અટકાવી સરળ અને સત્ય માર્ગ બતાવવો જોઇએ એમ ધારી તેણે તે પટેલને કહ્યુ "ભાઈ!

તમો કહો તો હુ એ સઘળાને માત્ર ચાર કલાકમા રૂની પુણી જેવા ધોળા કરી આપુ !” આથી અચરત પામી પટેલભાઈ વિચાર કરવા લાગ્યા કે, “અરે! આટલી બધી મહેનત અને પચ્ચાસ મણ સાબુનો ખર્ચ કર્યા છતા પણ એ કોયલા ઉજળા થતા નથી, તેને આ માત્ર ચાર કલાકમા જ કેમ કરી ધોળા કરી આપશે? માટે જોઇએ તો ખરા કે એ કેમ કરે છે !” એમ વિચારી તેણે તે સર્વ કોયલા બીજા પટેલને સ્વાધીન કરી દીધા પછી પેલા ડાહ્યા પટેલે તુરત તે ભીના કોયલાને જમીન પર છૂટા ફોળી નાખી, તડકામા સૂકવીને રાત્રિ પડતા જ તે સઘળામા અગ્નિ લગાડી દીધો, એટલે સવાર થતા સૂધીમા તો તે સઘળા બળીને સફેત રાખ થઈ ગયા આ જોઈ આપણા મિથ્યા શ્રમ કરનાર પટેલભાઈ ઘણા જ પ્રસન્ન થયા અને મનોવૃત્તિનો સદુપયોગ કરનાર તે બુદ્ધિમાન્ પટેલને નમી પડ્યા

માટે હે શિષ્ય! સત્પુરુષના સમાગમથી મનોવૃત્તિને સસ્કારવાળી કરીને પેલા બીજા પટેલની પેઠે ઉત્તમ સાધનો યોજવા કોયલા કાળા હતા, તો પણ અગ્નિના સગથી પોતાની શ્યામતા છોડીને ધોળા રગના થઈ ગયા, તેમ મનુષ્ય જો જ્ઞાનાગ્નિનો ઉપયોગ કરે તો પોતાની મનોવૃત્તિ, કામ ક્રોધાદિક મળોમાથી મુક્ત થઇને, શુદ્ધ પરબ્રહ્મરૂપ થાય છે જ્ઞાન રૂપી અગ્નિ માત્ર મળને જ બાળતો નથી, પણ તે તો કર્મોને પણ બાળીને ભસ્મ કરે છે ભગવાને અર્જુનને ઉપદેશ આપતા કહ્યુ છે કે, ज्ञानाग्नि सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन। આ જ્ઞાન–આત્મસ્વરૂપનુ જ્ઞાન મહાત્માઓનો આશ્રય કરવાથી જ પ્રાપ્ત થાય છે



દ્વિતીય બિન્દુ

આત્મસ્વરૂપનું ચિન્તન

सति सक्तो नरो याति सद्भाव ह्येकनिष्ठया।
कीटको भ्रमरीं ध्यायन् भ्रमरत्वाय कल्पते॥

અર્થ–ભમરીનું ધ્યાન ધરતો કીટ ભમરીપણાને પામે છે, તેમ એકનિષ્ઠાથી બ્રહ્મનું ધ્યાન ધરવામા મચેલો પુરુષ બ્રહ્મપણું મળવે છે

શિષ્ય–હે પરમ કૃપાળુ ગુરુદેવ! મેં સાભળ્યું છે કે, આ સસારમા જે ચોર્યાંશી લક્ષ યોનિ, જીવોને અવતરવા–ભોગવવા માટે છે, તેમા સૌ કરતા આ મનુષ્યયોનિ અતિ ઉત્તમ છે, અને તે જીવને પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે. છતા તે ઈશ્વરકૃપાથી પ્રાપ્ત થઈ, તો પછી તેને સહજમા–મૌજ–વિલાસમા વ્યર્થ ન ગુમાવી દેતા, મનુષ્યે જરૂર તેને સાર્થક કરવી જ જોઇએ, અર્થાત્ મનુષ્યે અહર્નિશ પરમાત્માનુ ચિન્તન કરીને સ્વસ્વરૂપને ઓળખવુ જોઇએ પણ હે ગુરુજી! આ સર્વ મનુષ્યો તો દુસ્તર સસારના ચીકણા વ્યવહાર કાર્યોમા સદા ગુથાયલા–મચેલા જ રહે છે, તો પછી તેમનાથી અહર્નિશ પરમાત્મસ્વરૂપનુ ચિન્તન કેવી રીતે થાય?

ગુરુ–હે વત્સ! હે મુમુક્ષુ! તારુ કલ્યાણ થાઓ. આ તારુ પ્રશ્ન મોક્ષની જિજ્ઞાસાવાળા પુરુષોને અત્યત કલ્યાણકારી થઈ પડે એવુ છે એ સબધી હવે હુ તને એક ઉદાહરણ આપી સમજાવુ છુ, તે તું લક્ષ દઇને સાભળ

સર્વે દૂઝણી ગાયના નવા પ્રસવેલા વાછરડાનુ સર્વ હિત તેની માતામા જ સમાયેલુ છે, અર્થાત્ તેની માતાના પય પાનથી જ તેનુ સર્વથા

પોષણુ થનારુ છે, અને એવી જ રીતે ગાયને પણ પોતાના વાછરડા ઉપર અત્યત પ્રીતિ હોવાથી તેના વગર તેને ક્ષણુવાર પણ ચહેન પડતુ નથી પરતુ આખો દિવસ કઈ ગાય પોતાના વાછરડા પાસે રહી શકતી નથી, કારણ કે તેને વનમા ચારો ચરવા જવું પડે છે. તેથી, પ્રભાતે દોહોતી વખતે જ વાછરડાને છોડી, તેની પાસે લઈ જવામા આવે છે ત્યારે ધવાડે છે, પણ વાછરડુ ધાવીને સતોષ પામ્યુ, કે તુરત તેને તેની જગાપર બાધીન ગાયને વનમા ચરવા માટે છોડી મૂકવામા આવે છે એ ગાય આખો દિવસ વનમા નાના પ્રકારના કોમળ તૃણાકુરો ચરે છે, પાણી પીએ છે, વૃક્ષોની શીતળ છાયા નીચે, પોતાના ટોળામા નિશ્ચિન્તપણે બેસીને વાગોળે છે અને સાજે પાછી સૌ ગાયો સગે ઘેર આવે છે, આટલા સમયમા ગાય પોતાના વાછરડાને યાદ પણ કરતી નથી કે, તે શુ કરતુ હશે! પરતુ ઘેર આવ્યા પછી, જ્યારે પાછો દોહોવાનો સમય થાય છે, ત્યારે જ તે પોતાના વાછરડાનુ સ્મરણ કરે છે અને તેને ધવડાવ્યા વગર કદી તે પોતાના ધણીને દોહોવા દેતી નથી એ પ્રમાણે પ્રતિદિન કરતા, પોતે ઉત્તી* જઈ, ફરીથી ગાભણી થાય ત્યા સૂધીમા, તે વાછરડો પણ નિયમ પ્રમાણે સારુ પોષણ થવાથી શરીરે દૃઢ તથા બળવાન્ થઈ રહે છે, અને વયે આવતા તે ચારો ચરવા લાગે છે અને તેને પોતાની માતાના પય પાનની જરૂર પણ પડતી નથી, અર્થાત્ સ્વતત્ર થઈ વિચરે છે

આ ઉદાહરણ પ્રમાણે મનુષ્ય જો નિત્ય દૃઢ નિશ્ચય અને નિયમથી, વધારે નહિ તો દિવસમા માત્ર એક અથવા બે જ મુહૂર્ત સૂધી પણ, અમુક નીમેલે સમયે સત્સગ, ભગવત્સ્મરણ, પરમાત્મસ્વરૂપનુ ચિન્તન આદિક કરે તો સમય વીતતા તેનો અભ્યાસ સ્થિર થઈ જાય છે, અને તેથી તે મનુષ્ય ગમે તેવા પ્રપચના કાર્યોમા પડે છે, તોપણ તે પોતાના નિત્ય નિયમમા ચૂકતો નથી એમ લાબા અભ્યાસથી સ્વાત્મસ્વરૂપના ચિન્તનનુ પોષણ થઈ, આખરે મનુષ્ય સસારની ઉપાધિમાથી મુક્ત થઈ, ભગવત્સ્વરૂપ બની રહે છે, એમા સશય નથી જેમ ગાય સવારે પોતાના વાછરડાને ધવરાવી, તેને ઘર આગળ મૂકી પોતે વનમા જઈ ફરેહરે છે, હાભા હામા કરે છે, ઘાસ ચરે છે, પાણી પીએ છે, પોતાના ટોળામા જઈ બેસે છે, શીતળ છાયામા વિશ્રામ લે છે અને સાજે

* ઉત્તી જવુ કહેતા ઉતરી જવુ એટલે દૂધ આપતુ બધ થવુ

દોહોવાનો સમય થતાં જ લાગલી ઘર તરફ વળે છે, પછી વાછરડાને ધવરાવે છે; એવી જ રીતે મનુષ્ય પણ પ્રભાતે પોતાના નિત્ય નિયમ (ભગવદ્ધ્યાન અને સ્વસ્વરૂપચિન્તન) વગેરે કરી લઇ, પછી આખો દિવસ અહીંથી તહીં ફરીને પોતાની આજીવિકાર્થે અનેક પ્રકારના કાર્યો કરે છે, ખાય છે, પીએ છે, ઘરરૂપી વૃક્ષની છાયામા વસતા સ્ત્રીપુત્રાદિકરૂપ પોતાના ટોળામા બેસી નિશ્ચિન્તપણે વિશ્રામ લે છે અને પાછો (દોહવાના વખતરૂપ) સધ્યા સમય થતા, તુરત સજ્જ થઇને પોતાનુ નિત્ય કૃત્ય (ભગવત્સ્વરૂપચિન્તન) કરવા મડી જાય છે. એ પ્રમાણે, સસારના વ્યવહારોમા નિરતર વિચરતા છતા પણ, સમય આવે ત્યારે ગાયની પેઠે જે મનુષ્ય પોતાનુ કાર્ય સાધવા ચૂકતો નથી તે મનુષ્ય, મહાત્મા પુરુષોની પાસેથી પરબ્રહ્મસ્વરૂપના જ્ઞાનનુ શ્રવણ કરી તેનુ મનન કરે છે, મનન પછી નિદિધ્યાસન કરે છે ને તેના પરિણામે ભગવત્સ્વરૂપ પ્રાપ્તિને માર્ગે જ વિચરે છે એવો જીવ, સસારના બંધનોથી મુક્ત થઇ જાય છે એવા મનુષ્યને માતા, પિતા, સ્રી, પુત્ર વગેરે પોષ્યવર્ગને દુખે ટળવળતો મૂકી, વૈરાગી થઈ રાખ ચોળવાની જરૂર પડતી નથી પ્રિયવ્રત રાજા જ્યારે સસારનો ત્યાગ કરી વનમા જવાને તૈયાર થયો હતો, ત્યારે બ્રહ્માએ તેને ઉપદેશ આપતા કહ્યુ હતું કે, 'તું ધારતો હોઇશ કે, ઘરનો ત્યાગ કરીને વનમા રહેવુ એ જ ઉત્તમ છે અને તે વિના પ્રાણીને મોક્ષ મળતો નથી, પરતુ તેમા તારી ભૂલ છે વિષયાધીન મનુષ્યને ઘરમા કે વનમા સસાર છોડતો નથી, કારણ કે વનમા પણ કામાદિક છ શત્રુઓ તેની સાથેના સાથે જ રહે છે' માટે, મનુષ્ય જો ઘરમા પણ જિતેન્દ્રિય થઇને પરબ્રહ્મના સ્વરૂપમા નિમગ્ન રહે, તો ગૃહસ્થાશ્રમ પણ તેનુ કલ્યાણ કરે છે ઇન્દ્રિયોને તથા કામાદિક શત્રુઓને જિતવા માટે ગૃહસ્થાશ્રમરૂપી કિલ્લામા રહીને ધીરે ધીરે પ્રયત્ન કરવો, એ જ સર્વથા ઇષ્ટ, પ્રથમ ને ઉત્તમ કર્તવ્ય છે પરમાત્માની સર્વ આજ્ઞાનું પાલન કરતો જે મનુષ્ય પોતાનું કાર્ય સાધી લે છે, તેને જ ભગવાનનો ભક્ત જાણવો. શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યુ છે કે.—

> સસારસુ સરસો રહે, ને મન મારી પાસ,
> સસારમા લેપાય નહીં, તેને જાણુ મારો દાસ

એ વચન કદી પણ અસત્ય ગણતો ના.

११७८०

તૃતીય બિન્દુ

માયા એ કોણ છે?

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ गीता ७–१४

અર્થ–આ મારી દૈવી ગુણમયી માયા દુરત્યય* છે જે મારે જ શરણે આવે છે તે માગી આ માયાને તરી જાય છે.

શિષ્ય–હે પરમ દયાળુ ગુરુદેવ! વિદ્વજ્જનોના મુખથી વારવાર મેં સાભળ્યુ છે કે પ્રભુની જે માયા, કે જેના પ્રાબલ્યથી આખુ જગત્ નાનાવિધ પ્રપચોમા સપૂર્ણ રીતે ફસાઈ રહ્યુ છે અને જેના બધનવડે બધાઇને સાસારિક મિથ્યા પદાર્થોને સત્ય માને છે, તે જ માયા આત્માને નાના પ્રકારના કર્મયોગવડે સસારબધનમા નાખી, ઈશ્વરથી વિમુખ કરે છે હે ગુરુદેવ! આ પ્રમાણે કહેનારા પુરુષો પાછા એમ પણ કહે છે કે, એ માયા સાક્ષાત્ ઈશ્વરની અગભૂત શક્તિ હોવાથી તેની અગના (સ્ત્રી) છે આ બને વાક્યો સાભળીને મારા મનમા મોટી શકા ઉત્પન્ન થાય છે અને વિચાર કરતા તે બને વચનો પરસ્પર વિરુદ્ધ લાગે છે તે એવી રીતે કે, જો માયા પરમેશ્વરની શક્તિ અને અગના છે, તો પછી તેની યોગ્યતા કઈ ઓછી ગણાય નહિ, અને જગતના ઉપાદાન કારણરૂપ હોવાથી જેમ ઈશ્વર સર્વનો પિતા છે, તેમ માયા તેની અર્ધાંગના હોવાથી સર્વ જગતની માતા છે માતા પોતાના સતાનોને તેના પિતાથી વિમુખ કરે એ કેમ સભવે? કેમકે, માતાનુ હેત તો પિતા કરતા પણ બાળકો ઉપર

* અનુલ્લંઘનીય અર્થાત્ ઉલ્લંઘન કરનાને અશક્ય

વધારે હોય છે, એટલે તે તો તેના હિતમા જ સદા તત્પર રહેવી જોઇએ અને બાળકોનુ હિત તો તેનો પિતા જે ઈશ્વર, તેના સ્વરૂપનુ જ્ઞાન થઈ તેને પ્રાપ્ત થવુ એમા જ સમાયલું છે, તો પછી માતા તેનુ વિપરીત કેમ જ કરે?

ગુરુ—અહો! હે વત્સ! તને ધન્ય છે કે, તારો વિચાર આટલો બધો સૂક્ષ્મ છે. તારી શંકા સત્ય છે માયાને ઈશ્વરથી વિમુખ કરનારી માનીએ તો તે કેવળ વિમુખ વિહારિણી પુંશ્ચલી ગણાય પણ માયા તેવી નથી તુ જો કે, ભગવાનના ભક્તો, કે જેઓ તે માયાના જ વિસ્તારમા વિચરનારા હોય છે, છતા હરિની ભક્તિ તેમના અત:કરણમા હોવાથી, તેઓ ભગવાનના સત્વાદિ ગુણોને જ અનુસરે છે, અર્થાત્ તેઓ સત્વ-ગુણી, દયાળુ અને નિત્ય પરોપકારી સ્વભાવના હોય છે, તો પછી ભગ વાનની અર્ધાંગનાનુ પદ ધરાવનારી માયામા ભગવાનથી વિપરીત ગુણો કેમ હોય? માટે હે શિષ્ય! એ મહામાયા ઈશ્વરીની નિન્દા કરવી, એ અયોગ્ય પુરુષોનુ કાર્ય છે એ માયા સાક્ષાત્ ઈશ્વરી, ભગવતી, વૈષ્ણવી અને જગન્માતા છે, એ નારાયણી તથા લક્ષ્મી છે, એ સર્વદા આખા જગતના હિતમા તત્પર રહે છે અને એ જ પ્રાણીઓને પ્રભુની સન્મુખ ઠરાવનારી છે જગતમા સર્વ પદાર્થોનો સારો અથવા તો નરતો, એમ બે રીતે ઉપયોગ થઈ શકે છે આ લોકનો જીવ, એ માયાના સ્વરૂપને યથાર્થ રીતે જાણીને તેના સ્વરૂપની યોગ્ય રીતે સેવા કરે તો તે પોતે તેને પરમાત્માની સન્મુખ કરે છે, પરતુ તેના સ્વરૂપને જાણે નહિ અને તેનાથી વિરુદ્ધ વર્તે તો તે સસારના અટપટા કર્મમાર્ગોમા ગોથા ખવ-રાવીને ભગવાનથી વિમુખ કરે છે

હવે તેની સેવા કરવી, કિંવા તેમ ન કરતા તેથી વિરુદ્ધ વર્તવુ, તે આ રીતે છે આ સર્વ જગત્ પ્રભુની માયારૂપ છે, અર્થાત્ તે સર્વ રીતે માયાને આધારે જ રચાયેલુ છે, અને તેમા અવતરેલા ઈશ્વરાશ જીવો તેના નિયમોને અનુસરીને જ વ્યવહાર કરે છે જગતમા પૃથક્ પૃથક્ પ્રાણીઓને નિયમાનુસાર પૃથક્ પૃથક્ અનેક કાર્યો કરવા પડે છે, અને તેવા નિયમો અસખ્ય છે, માટે તે સર્વનું વર્ણન કરવુ સર્વથા અશક્ય છે, માટે તે સર્વમાથી મુખ્ય એકાદ સૃષ્ટિનિયમ તને હું કહું છુ.—

પ્રથમ સ્ત્રીની સાથે પુરુષને અને પુરુષની સાથે સ્ત્રીને શાસ્ત્રોક્ત વિવાહવિધિથી પરસ્પર જોડાયા પછી, ગૃહસ્થાશ્રમના ધર્મમા વર્તવુ પડે છે અને તેમ વર્તવા માટે પરસ્પરમા ગાઢો પ્રેમ જોડાવાની જરૂર છે

ક્રમે ક્રમે દૃઢ પ્રેમ થયો, એટલે સસાર સરળ અને સુખદ થઈ પડે છે પરંતુ મહામાયાની સેવા નહિ કરનારા તથા તેનાથી વિરુદ્ધ વર્તનારા, અર્થાત્ પરમાત્માની માયાના નિયમોનુ ખરુ રહસ્ય નહિ સમજનારા જીવો, પરસ્પર બધાયલા પ્રેમને સત્ય માર્ગે ન લગાડતા, મરતા સૂધી વિષયવાસનાને માર્ગ જ ચોંટાડી રાખે છે, તેથી તેઓ વિમુખ થાય એમા શી નવાઈ? માયાની સેવા કરીને તેને પ્રસન્ન રાખનારાઓ તો તે (માયા)ના નિયમોનો મર્મ યથાર્થ રીતે સમજી, દમ્પતીમા પરસ્પર બધાયલા પ્રેમનો થોડાક કાળ સૂધી સાસારિક માર્ગમા અનુભવ લે છે અને તે પ્રેમ સુદૃઢ થયો કે, તત્ક્ષણે ત્યાથી ખચી લઈને જગત્પિતા પરમેશ્વરમા તે પ્રેમને દૃઢ રીતે જોડે છે, જે પ્રેમ, પ્રમભક્તિના રૂપમા પલટાઈ જાય છે અને તે ભક્તિના યોગથી તે હરિના પદને પામે છે, અર્થાત્ પરબ્રહ્મ સન્મુખ થાય છે

હે વત્સ! આનુ જ દ્રઢીકરણ કરનારુ એક બીજુ ઉદાહરણ તને કહુ છુ કોઈ એક નાના બાળકને જ્યારે પ્રથમ નિશાળે ભણવા બેસાડે છે, ત્યારે પ્રથમ જ તેને કઈ લખતા વાચતા આવડતુ નથી, માટે એક પાટી પર એકથી તે દશ સૂધીના અકોના ખરડા કરી આપવામા આવે છે આ ખરડા તેની પાસે ઘુટાવવામા આવે છે ઘુટતા ઘુટતા થોડા સમયમા તે હાથે બેસી જાય છે અને અક્ષરો ધ્યાનમા ઉતરી જાય છે, એટલે તે ખરડો છોડાવી દઈ, તેને પોતાની મેળે બીજી પાટીપર અક્ષરો લખાવવાનો પ્રારભ કરાવવામા આવે છે અને પૂર્વના ખરડાપર તેનો હાથ દૃઢ થયેલા હોવાથી, થોડા સમયમા અને થોડે શ્રમે બાળક પોતાની મેળે જ સર્વ અક્ષરો લખી શકે છે અને આગળ જતા સારી વિદ્યા સપાદન કરે છે. પણ જો ખરડો ઘુટતા શીખી રહ્યો કે તુરત તે છોડાવી, અક્ષર લખવા ન મડાવતા તેની પાસે ખરડો જ ઘુટાવ્યા કર્યો હોત તો તે કયા સૂધી ઘુટત? થોડાક દહાડા ઘુટ્યા પછી થાકીને કટાળી જાત ને વિદ્યા સપાદન કરવાના કાર્યથી વિમુખ થાત

એવી રીતે ઈશ્વરની માયા તે ઈશ્વરી જ છે અને તેના નિયમો તે પ્રાણીઓને ડૂબાડવાને નહિ, પણ મર્મ સમજે તો તારવાને માટે જ છે તેના સૃષ્ટિનિયમો તે પ્રાણીઓને, ઈશ્વરને પામવારૂપ વિદ્યા સપાદન કરવાના આરભના ખરડા છે. ઈશ્વરી માયાને અનુસરી રહેવા છતા, જે જીવ સસારના રગડામા ખરડાતો નથી, પણ ત્યા સ્વચ્છ રહે છે ને પછી અવસ્થાએ બહાર નિકળી આવે છે, એટલે જેમ તપ્યુ તાવ્યુ

સુવર્ણ અગ્નિના સ્પર્શથી સ્વચ્છ થાય છે ને પોતાપર કાળપ લાગવા દેતું નથી, તેમ સંસારમા રગડાયા-રગડોળાવા છતા, જે સ્વચ્છ-નિર્મળ રહે છે, તેને એ જ ઈશ્વરી મહામાયા તારે છે, અને એ જ માયા પરમ તત્ત્વ-ભગવાનને માર્ગે વાળે છે, અને એ જ માયા પરમ ધામમાં પહોંચાડે છે માયાની સેવા કરવી, એ માયાના નિયમનો મર્મ બરાબર સમજી, તે પ્રમાણે ચેતીને ચાલવુ એ છે, અને તેમ કરવાથી જરૂર એ માયા ઈશ્વરની સન્મુખ કરે છે તેને નિન્દવી અથવા તેનાથી વિરુદ્ધ વર્તવુ, એ તેના નિયમોનો મર્મ ન જાણી, વિષયમા લોભાઈને પડ્યા રહેવુ એ છે અને તેમ કરવાથી એ માયા નિશ્ચે પ્રાણીને પ્રભુથી વિમુખ કરે છે

ચતુર્થ બિન્દુ

સત્સંગ પ્રતાપ

महानुभावसंसर्ग. कस्य नोन्नतिकारक ।
रथ्याम्बु जाह्नवीसङ्गात्त्रिदशैरपि वन्द्यते ॥

અર્થ-મહાત્મા પુરુષનો સબધ કોની ઉન્નતિ કરતો નથી સર્વની કરે છે રાનીના પાણીને ગગાના સગથી દેવતાઓ પણ નમે છે

શિષ્ય-હે પરમ કૃપાળુ ગોવિન્દરૂપ ગુરુજી' આપના આ મહદુપકારનો બદલો હુ કગાળ તો શુ, પણ મોટા દેવતાઓ સરખા પણ કેમ વાળી શકે? કેમ કે

अन्नदानात्परं नास्ति विद्यादानं ततोऽधिक ।
अन्नेन क्षणिका तृप्तिर्यावज्जीवं तु विद्यया ॥

અર્થ-બીજા સર્વ દાનો કરતા અન્નનુ દાન (ભૂખ્યાને અન્ન ખવરાવવુ તે) સર્વોત્કૃષ્ટ કહેલુ છે, કારણ કે, તે દેહને સતોષ આપનાર પરમ જીવનરૂપ છે. પણ તે (અન્નદાન) કરતા વિદ્યાનું દાન બહુ ફળ આપનારુ છે, કારણ કે, અન્નનુ દાન તો અલ્પ તૃપ્તિ કરનારુ જ છે એ ખાધેલુ અન્ન પચી ગયુ, એટલે પુન પાછી ભૂખ લાગે છે, ત્યારે તૃપ્તિ કરવાને કઈ આગળ ખાધેલુ અન્ન કામ લાગતુ નથી, અને વિદ્યાનુ દાન તો મનુષ્યના જીવિત પર્યન્ત તેને તૃપ્તિ આપે છે. વિદ્યા ભણીને તેના યોગે મનુષ્ય અન્ન પાનાદિક અનેક શરીરપોષક પદાર્થો પેદા કરીને, તેના ઉપભોગથી નિરતર તૃપ્ત થાય છે આવી રીતે તે દાન લેનાર પ્રાણી વિદ્યાદાન કરનાર મનુષ્યના કેટલા બધા ઉપકારના બોજા તળે આવે છે? પોતાના આખા જન્મ સૂધી તે દાતાનો દાસ થઇ રહે, તો

પણ તેનો બદલો વળી રહે નહિ. જ્યારે, હે દયાળુ ગુરુજી! આ ક્ષણભગુર સસારમા અવતરીને અલ્પકાળ પર્યંત જ ટકનારા આ નાશવંત જીવતરનું પોષણ થઈ શકે, એવી વ્યાવહારિક વિદ્યાનુ દાન કરનારનો બદલો કોઈ રીતે વાળી શકાય એમ નથી, તો પછી આપ, કોઈ કાળે નાશ પામે નહિ, એવા અખડ સુખથી નિત્ય તૃપ્તિ કરનારી જે સદ્ (બ્રહ્મ) વિદ્યા-પરા વિદ્યા, જે બ્રહ્મના-પરમાત્માના સ્વરૂપના જ્ઞાનનું દાન કરનારી છે તેને આપો છો, એ આપના ઉપકારનો બદલો મોટા ઇંદ્ર સમાન દેવથી પણ કેમ જ વાળી શકાય? માટે હે સ્વામિન્! હું એક તુચ્છ પ્રાણી, આપના ઉપકારનો બદલો વાળવા ઇચ્છુ, એ આકાશનુ પુષ્પ મેળવવાની ઇચ્છા કરવા જેવુ છે માટે આવા મિથ્યા ફાંફા મારવા મૂકી દઈ, સર્વદા સર્વથા આપના ભવતારણ ચરણને શરણે જ પડ્યો છુ, જેથી આપ મને પરમ દીન જાણીને મારો ઉદ્ધાર કરશો જ.

ગુરુ-વાહ! વાહ! ધન્ય છે તારી બુદ્ધિને શિષ્ય! તું મોક્ષ તત્ત્વનો જિજ્ઞાસુ છે અને બ્રહ્મવિદ્યાના ઉપદેશનુ પાત્ર બન્યો છે, માટે હે વત્સ! તુ તારા મનમા સર્વ સકલ્પ વિકલ્પને ત્યજી દઈ, કોઈ વાતની ગ્લાનિ ન આણતા, તને જે જે શકા થાય, તે સર્વ સુખેથી તું મારી આગળ કહે મારી પાસેથી તે શકાઓનુ સમાધાન મેળવી તું ભવબન્ધનથી મુક્ત થઇશ, એવો મારો આશીર્વાદ છે

શિષ્ય-હે સ્વામિન્! આપે આ ઉપલા ઉદાહરણ પ્રસંગે કહ્યુ છે કે, પ્રત્યેક પદાર્થને બને માર્ગે લગાડી શકાય છે અને તેથી તેના સારા અને માઠા, એમ બને રીતના ફળો ઉત્પન્ન થાય છે, ત્યારે એ સમ્બન્ધે મને એક સંદેહ ઉત્પન્ન થાય છે કે, સર્વ શિષ્ટ જનોમા નિત્ય પ્રશસા પામેલો સત્સગ, જેની તુલનાએ કોઇ પણ વસ્તુ આવી શકતી નથી અને જે સર્વ વાતે શુભ ફલદાયક જ છે, તેને પણ એ ઉપરનો નિયમ લાગુ પડી શકે ખરો કે?

ગુરુ-હે વત્સ! જો કે સત્સગ એટલો બધો ઉત્તમ છે ખરો, તોપણ જો તેને સેવન કરનાર પુરુષમા કેટલાક મહા અવગુણો હોય છે, તો તે સત્સગ, તેને પોતાના ઉત્તમ સ્વભાવ પ્રમાણે ફળી શકતો નથી. એ અવગુણો-દોષો, કાયિક (શરીરથી ઉપજતા), વાચિક (વાણીથી ઉપજતા) અને માનસિક (મનથી ઉપજતા), એમ ત્રણ પ્રકારના છે, અને તે પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદ છે માટે એ સર્વ દોષોને જો જડમૂળથી ત્યજી દે. તો જ તે પ્રાણીને સત્સંગ ફળે છે એ દોષો સંબધે કહ્યુ છે કે.—

(દુહા)-ચોરી, ચારી, હિંસતા, તનહિ દોષ હૈ તીન,
નિંદા, જૂઠ, કઠોરતા, વાક્ચાપલ્ય ઔ ભીન.
તૃષ્ણા ચિંતવન, દોષ બુદ્ધિ, નૃસિંહ ત્રૈ મન દોખ,*
કાયિક વાચિક મનો કે, ત્રિધા દોષ તજ મોખ †

કાયિક એટલે શરીરથી ઉત્પન્ન થતા દોષો ત્રણ છે, ચોરી, વ્યભિચાર અને જીવની હિંસા, વાચિક એટલે વાણીથી (બોલવાથી) ઉત્પન્ન થતા દોષો ત્રણ રીતના છે પારકી નિંદા, જૂઠું બોલવુ અને સામાને કઠોર-કડવા લાગે તેવા વચનો કહેવા તથા માનસિક એટલે મનથકી ઉપજનારા દોષો પણ ત્રણ છે તૃષ્ણા (નાના પ્રકારના તુચ્છ વિષયોની આશા કર્યા કરવી તે), ચિંતવન અને દોષબુદ્ધિ (પરાયા દોષો-અવગુણો જોવાની બુદ્ધિ) આ મન, વાણી અને કાયાના સર્વ દોષોને ત્યજે, તો જ સત્સગ ફળે છે

હે શિષ્ય! એ તો મેં તારા પ્રશ્નનુ ઉત્તર કહ્યુ પણ એ સત્સગ કે જે સદ્વિદ્યા-સદ્જ્ઞાન પ્રાપ્ત થવાનુ મુખ્ય સાધન છે, તેના હું શા શા ગુણ ગાઉં! ઉપર કહેલા ત્રિધા-ત્રણ પ્રકારના દોષ, જેને ત્યજવાથી સત્સગ ફળે છે એમ હું કહી ગયો છુ, અને એ દોષો સત્સગ કરવાથી આપોઆપ મટી જાય છે આવડો મોટો સત્સગનો પ્રભાવ છે, માટે પ્રત્યેક મનુષ્યે નિરંતર સત્સગ કરવો સત્સગથી મહા ખળ પુરુષો પણ સત્વગુણી અને સાધુ બને છે, સત્સગથી પાપાત્મા પણ પુણ્યવાન્ અને પવિત્ર થાય છે, સત્સગથી અવિદ્યા માત્ર જઈ, સદ્વિદ્યા પ્રાપ્ત થાય છે, સત્સગથી સદ્ગુરુના ચરણારવિંદનુ શરણ મળે છે, અને સત્સગના યોગે જ મનુષ્ય પ્રાણી પ્રભુપદને પામે છે. અહો! એ સત્સગને માટે મહા ભક્તરાજ તુલસીદાસજીએ કહ્યું છે કે —

(દુહા)—સર્વ સ્વર્ગ અપવર્ગ સુખ, ધરિય તુલા ઈક અગ,
તુલૈ ન તાહિ સકલ મિલિ, જો સુખ લવ સત્સગ

સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ, એ ત્રણે લોકના સર્વ સુખોને એક પલ્લામા મૂકીએ અને બીજા પલ્લામા એક ક્ષણભર સત્સગના સુખને (એટલે સત્સગના ફળરૂપ સુખને) મૂકીને તોળીએ તો સત્સગના સુખવાળુ પલ્લુ નીચે નમશે, અર્થાત્ બીજા બધા સુખો સત્સગ તોલે આવી શકશે નહિ, એવો સત્સગનો મહિમા અગાધ છે સત્સગનુ માહાત્મ્ય કથવાને શેષ ને શકર પણ અસમર્થ છે મહાત્મા પુરુષો કહી ગયા છે કે 'સત્સગ સબ નકો સાર.' એ સત્ય જ છે

* દોષ   † મોક્ષ

પંચમ બિન્દુ

ઈશ્વરનું કર્તવ્ય

प्रमत्तमुच्चैरितिकृत्यचिंतया । प्रवृद्धलोभं विषयेषु लालसम् ॥
त्वमप्रमत्त सहसाभिपद्यसे । क्षुल्लेलिहानोऽहिरिवाखुमन्तक ॥

श्रीमद्भागवत द अ ५१

અર્થ-નાના પ્રકારના કાર્યો કરવાની ચિન્તાથી ઘણાજ મદમત્ત થયેલા, મહા લોભી અને વિષયની લાલસાવાળા પુરુષને, જેમ ભૂખથી ગલોફા ચાટતો સર્પ ઉંદરને ગળી જાય છે, તેમ કાળમૂર્તિ એવા તમે, સાવધાન થઈને એકાએક પકડી પાડો છો

શિષ્ય-હે ગુરુજી! આ જગતનો કર્ત્તા પ્રભુ, જે સાકાર તથા નિરાકાર, બન્ને રૂપે રહેલો છે, તે શું આપણી એટલે પ્રાણીઓની પેઠે આહાર આદિ વ્યવહાર-ખાવુ, પીવુ, બોલવુ, હસવુ વગેરે કરતો હશે? એ વિષે મને આશ્ચર્ય થાય છે, માટે કૃપા કરીને એનુ સમાધાન કરો

ગુરુ-હે વત્સ! એ સબધે એક રાજાના પૂછેલા તારા જ જેવા પ્રશ્નો મને યાદ છે, તે હું તને કહું છુ, તે તું સાભળ

મનોમયી નામની નગરી વિષે પૂર્વે કોઈ બુદ્ધિધન નામનો રાજા રાજ્ય કરતો હતો એ રાજા જાતે પણ બુદ્ધિમાન્ ' વિદ્યાનો હોંસીલો, હાસ્ય વિનોદ તથા ચમત્કારિક કથા વૃત્તાતોનો શ્રવણ કરનાર, અને અનેક કળાકુશળ પુરુષોનો સમાગમ કરવા વગેરે વિષયોપર બહુ પ્રીતિ રાખનારો હતો આવી તેની યોગ્ય વૃત્તિ હોવાથી, ઘણાક વિદ્વાનો, કવિઓ અને બુદ્ધિમાન્ પુરુષો, વારવાર તેની સભામા આવીને માન પામતા હતા. એ રાજા પોતાના હાસ્ય વિનોદાદિના અતિશય શોખને માટે મશ્કરા,

વાચાળ, હાજરજવાબી, ખેલાડી વગેરે કલાકુશલ પુરુષોને જાણુકને માટે વર્ષાસન આપીને, પોતાની સભામા રાખતો હતો, અને વારવાર રાજકાજથી પરવારી. નવરાશના વખતમા, તે તેઓને અનેક તરેહના વિલક્ષણ પ્રશ્નો પૂછીને, તેના સતોષકારક ઉત્તરોથી આનદ પામતો હતો એવી જ રીતના વિનોદમા તે એક દિવસે બેઠો છે, તેવામા તેને કઈ બુટ્ટો સૂઝી આવ્યો તે ઉપરથી તે બોલ્યો, "હે સચિવ! આપણી આ વિનોદી રાજસભામા અનેક પ્રકારનુ જ્ઞાન ધરાવનારા પુરુષો છે, પણ શુ તેઓ મને હમણા ઉપજેલા પ્રશ્નોનુ ઉત્તર દઈ શકશે?" એ સાભળી પ્રધાને કહ્યુ, "મહારાજાધિરાજ! એમ પ્રથમથી શકા કરવાનુ શુ પ્રયોજન છે? આપ પ્રશ્ન કરો, અને પછી જો આપને સતોષકારક ઉત્તર ન મળ્યુ તો આપની આજ્ઞાનુસાર કાર્ય કરવાને આપના ચરણનો દાસ હુ તૈયાર જ છુ" રાજાએ તુરત તે પ્રશ્ન પ્રધાનદ્વારા જ રાજસભામા કહી સભળાવ્યુ, પરતુ એ પ્રશ્ન પૂછવા પૂર્વે પ્રધાને મહારાજાધિરાજની આજ્ઞાનુસાર જણાવ્યુ કે, આ પ્રશ્નોનુ ઉત્તર જેઓ આપી શકે નહિ, તેઓએ તુરત રાજસભા છોડી જવી, અને પુન મહારાજાની આજ્ઞા વગર સભામા પ્રવેશ કરવો નહિ રાજાની આવી કડક પ્રતિજ્ઞા સાભળીને સભાજનો ગભરાઈ ગયા, અને ઉત્તર આપવાની શક્તિ હશે, તેવાઓ પણ આ વખતે તો સ્તબ્ધ જ થઈ ગયા પછી પ્રધાને સૌ સાભળતા રાજાનુ પ્રશ્ન નિવેદન કર્યુ

૧ ઈશ્વર શુ ખાય છે? ૨ ઈશ્વર શુ કરે છે? ૩ તે કયા રહે છે? ૪ તે ક્યારે હસે છે?

એ પ્રશ્નો સાભળીને સૌ એકબીજાના મ્હોં સામુ જોવા લાગ્યા. કેટલાક નીચુ ઘાલી રહ્યા, અને કેટલાક જ્યારે જ્યારે રાજા કોઈ પણ પ્રશ્ન પૂછતો, ત્યારે ત્યારે તુરત જ જવાબ દેનારા હતા, તેઓ પણ આ સમયે તો લજ્જિત થઈ દિગ્મૂઢ બની છાનામાના બેસી રહ્યા પડિતોની આવી મૂઢતા જોઈ, રાજાએ ક્રોધ કરી તુરત સભા વિસર્જન કરવાની પ્રધાનને આજ્ઞા આપી, અને તેને એમ પણ કહ્યુ કે "તારે પડે આ પ્રશ્નોના ઉત્તર આપનાર પુરુષને શોધી લાવવો એ ઉત્તર આપનાર ગમે તેવી સ્થિતિમા હશે, તોપણ હું તેને રાજ્યાસનપર બેસાડીને તેની સેવા કરીશ ' એ સમયે રાજાએ વિચાર કીધો કે, મારી સમર્થ સભાના આટલા બધા બુદ્ધિમાન્ પુરુષોથી પણ જેનુ ઉત્તર નહિ અપાયુ, તેવા અગમ્ય પ્રશ્નનો ખુલાસો કરનાર પુરુષ કઈ થોડો અનુભવી કે થોડો યોગ્ય

વાવાળો હશે નહિ, પણ કોઈ મહાત્મા જ હશે, એવા મહાત્માની સેવા કરવી, એ તો ઘણી દુર્લભ વાત છે આવી સૂક્ષ્મદૃષ્ટિથી તેણે એવી પ્રતિજ્ઞા કરી હતી

રાજાના આવા વચન સાભળીને, બીજે દિને પ્રાત કાળ થતા જ મત્રી ઘોડેસ્વાર થઈને કોઈ મહાત્મા પુરુષની શોધ કરવા ચાલી નિકળ્યો. એ પ્રશ્નનુ ઉત્તર આપે એવો મહાત્મા કેવી રીતે અને કયા મળશે એના વિચારમા અને ચિન્તામા તે માર્ગ કાપતો અરણ્ય તરફ ચાલ્યો ત્યાથી વળી તે એક ગામથી બીજે ગામ ને બીજેથી ત્રીજે, એમ ફરતો અને તપાસ કરતો ઘણેક દૂર દેશ નિકળી ગયો આમ ફરતા ફરતા બે દિવસ નીકળી ગયા, છતા કોઈ તેને એવો પુરુષ મળ્યો નહિ કે, જે તેના પ્રશ્નોનુ સમાધાન કરે આથી મત્રીને પોતાના મનમા બહુ જ ખેદ અને સતાપ થવા લાગ્યો તે એવી ચિન્તા કરવા લાગ્યો કે,—"અરે! એક તો મારુ પાણી જશે કે, મને સોંપેલુ કાર્ય હુ પૂર્ણ કરી શકયો નહિ અને બીજુ, કાર્ય કર્યા વિના પાછા જવાથી મહારાજા મારાપર ક્રોધે ભરાશે અને મારા પ્રધાનપદથી મને ભ્રષ્ટ કરશે ખરેખર, હુ ધર્મસકટમા સપડાયો છુ હવે મારે શું કરવુ? શુ નિરાશાભરેલુ મુખ લઈને પાછુ રાજધાનીમા જવુ? ત્યા જઈ અપમાન ખમવુ? ત્યા જઈ અપમાન પામ્યાથી તો મરવુ ભલુ ત્યારે શુ આત્મઘાત કરીને દેહત્યાગ કરવો? ના, ના ધિક્કાર છે એવા નપુસકને, જે કાયર થઈને પોતાના દુર્લભ, અનેક જન્મના સુકૃતથી પ્રાપ્ત થયેલા માનવ દેહનો પોતે જ ઘાત કરવા ઇચ્છે છે. ત્યારે હવે શો ઉપાય કરવો? આવા પરમ સકટના સમયમા મને કોણ સહાય થશે? હું તો મારાથી બન્યુ તેટલુ કરી ચૂકયો કહ્યુ છે કે –

(સોરઠો) હસ્ત પદાદિક અગ, અરુ બુધ દીની મનુજ કો,
હોની અહોની હરિ સગ, હોઈ સકે સો યત્ન કર

પ્રભુએ મનુષ્યને હાથ, પગ ઇત્યાદિ શરીરના સર્વ અવયવો તથા બુદ્ધિ વગેરે આપ્યા છે, માટે પોતાથી બની શકે તેટલો યત્ન અવશ્ય કરવો પણ તેમ કરતાએ કાર્ય જ્યારે સિદ્ધ ન થાય ત્યારે કર્તાનો વાક નથી, કેમકે મનુષ્યથી જે ન બની શકે, તે કાર્ય કરવાને તો શ્રી હરિ જ સમર્થ છે ત્યારે શુ તે પરમ કૃપાળુ પ્રભુ મને આ નિષ્ફળતા સમયે સહાય નહિ થાય?" એમ કહી તે, બે હાથ જોડીને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો, "હે પરમ કૃપાળુ! હે અનાથબધુ! હે દીનાનાથ! હે પર-

મેશ્વર! તુ અશરણનુ શરણ છે, એમ શાસ્ત્રો તારુ વર્ણન કરે છે, તો હે પ્રભુ! આ સકટ સમયે હુ તારે શરણે છુ, મને અન્યથા (બીજા) કોઇનુ શરણ નથી, માટે તું મારી લજ્જા રાખીને આ અનિવાર્ય ધર્મ-સકટમાથી મુક્ત કર હે દેવ! તારે શરણે આવેલાને તુ કદી તરછોડતો નથી, પણ તેને અભય આપીને તારા ચરણનો આશ્રય આપે છે માટે મને નિશ્ચય છે કે, મારી સર્વ ચિન્તાઓને તુ ચૂર્ણ કરશે જ" એમ અનેક પ્રકારે સ્તુતિ કરતો કરતો મન્ત્રી, મદ સ્થિતિમા મદ મદ પગલે, આગળ ને આગળ ચાલ્યો મધ્યાહ્ન થયુ હતુ, ક્ષુધા પણ લાગી હતી, સૂર્ય શરદૃઋતુના ચિત્રા નક્ષત્રનો હોવાથી, તડકો પણ અતિ જોશભેર પડતો હતો થોડુક ચાલ્યા પછી તેણે બપોરો કરવાનો વિચાર કર્યો, અને રસ્તાપરના એક ખેતરના છેડાપર સુદર ઘટાવાળુ આબાનુ વૃક્ષ હતું, તેની છાયા તળે જઈ, ઘોડાપરથી ઉતરી, ઘોડાને તે આબાના થડે બાધીને, ભગવાનનુ સ્મરણ કરતો બેઠો એટલામા તે ખેતરમા હળ હાકનાર ખેડૂત પણ મધ્યાહ્ન થવાથી, હળપરથી બળદોને ચરવા છોડી દઈ, ભાતુ ખાવાને તે ઝાડ તળે આવ્યો આ ખેડૂત સ્વભાવે ઘણો શાત હતો, જ્ઞાનતેજથી તેનુ મુખ લખલખાટ ભર્યું હતુ, તેના મુખપર દયા ને કરુણાની ઝાઈ છાઈ રહી હતી તેણે આવતા જ તે પ્રધાનનુ મુખ ઉતરી ગયલુ જોઈ, તેને પ્રમથી પૂછ્યુ, "ભાઈ! તમે કોણ છો? અને શાને માટે મહા શોકસાગરમા પડેલા જેવા દેખાઓ છો? તમે આજ મારા ક્ષેત્ર ઉપર આવી ચઢ્યા છો, માટે મારા પ્રાહુણા છો, તેથી મારી સાથે આનદથી ભોજન કરો, અને પછી તમારા સુખદુખની વાર્તા, ઈચ્છા હોય તો મને કહેજો તમારા શરીરના ચિન્હોપરથી જણાય છે કે, તમે ક્ષત્રિય હશો માટે અમારુ બ્રાહ્મણનુ અન્ન જમવાને તમને બાધ નથી વળી મારી સ્ત્રી પોતે એ ભોજન અહીં લાવી છે અને તે દૂધથી જ તૈયાર કરેલુ છે" તે ખેડૂતના આવા વિવેક ભરેલા મૃદુ વચનો સાભળીને પ્રધાને, આ કોઈ ઉત્તમ પુરુષ જણાય છે એમ માન્યુ, અને તેનુ નિમન્ત્રણ માન્ય કર્યું તે પછી બને યથારુચિ જમ્યા પછી પ્રધાને પોતાની સઘળી વિતક વાત તેને કહી સભળાવી, અને છેવટે કહ્યુ કે, "હે બ્રહ્મદેવ! હવે મારો સઘળો આધાર ઈશ્વર ઉપર છે, માટે તેને ગમશે તેમ કરશે" એ સાભળી ખેડૂત બ્રાહ્મણે કહ્યુ, "રાજન્! આપે બહુ જ સારુ કર્યું કે, તેનો જ વિશ્વાસ રાખ્યો તે સર્વ સમર્થ છે, માટે

તમને નિશ્ચય સહાય કરશે એમ જાણજો સારુ થયુ કે તમે અહીં આવી ચઢ્યા તમારા રાજાના એ ચારે પ્રશ્નોનુ ઉત્તર ઈશ્વરકૃપાથી હુ આપી શકીશ, અને તમે તમારુ માથે લીધેલુ કામ બજાવવાથી રાજાની કૃપાને પાત્ર થશો હવે આપ વિલબ ન કરતા રાજધાની પ્રત્યે ચાલો" એમ કહીને તે ખેડૂત, પોતાની સ્ત્રીને બળદ વગેરેને સમય થાય, એટલે ઘેર લઈ જવાનુ તથા થોડા દિનમા પોતે પાછા ઘેર આવવાનુ કહી, તુરત કમર બાધીને પ્રધાનની સાથે વિદાય થયો રસ્તામા બન્ને જણા વારાફરતી ઘોડાપર બેસતા, ત્રીજે દિવસે રાજનગરમા આવી પહોંચ્યા, અને શહેરની ભાગોળે આવેલી એક વાડીમા બન્નેએ ઉતારો કીધો પછી પ્રધાને રાજાને કહાવ્યુ, "તમારા પ્રશ્નોનુ ઉત્તર આપનાર મહાત્માને હુ તેડી લાવ્યો છુ, માટે તે મહાત્માના માનાર્થે, તેના સામે આવી તેને નગરમા તેડી જાઓ" ખબર મળતા જ રાજા કેટલાક ઠાઠમાઠથી વાડીએ ગયો, અને તે બ્રહ્મદેવને સારુ સન્માન આપી તે બન્નેને રાજમદિરમા તેડી લાવ્યો બીજે દિવસે રાજાએ સભા ભરી અને સર્વના દેખતા તે ખેડૂતને એક સારા આસનપર બેસાડી, પોતાના પ્રશ્નો પૂછવા માડ્યા

પ્રથમ પૂછ્યુ, "બ્રહ્મદેવ! કહો ઈશ્વર શુ ખાય છે?" તે સાભળી ખેડૂત બોલ્યો, "હે રાજન્! યૌવન, ધન, સપત્તિ, પ્રભુતા, બળ ઇત્યાદિ વસ્તુની પ્રાપ્તિ થવાથી મનુષ્યને અહકાર આવે છે, અને તેને વશ થઇ જવાથી પ્રાણી દુષ્ટ કર્મો કરવા તરફ વળે છે. તે અહકારના પ્રભુ ભક્ષણ કર્તા (ગર્વગજન) છે જુઓ કે, સૃષ્ટિના આરભથી અદ્યાપિ પર્યંત કોઇનો પણ અહકાર છાજ્યો નથી અહકાર એ ભગવાનનુ ભક્ષ છે એ અહકાર જેની પાસે વૃદ્ધિ પામે છે, તેનુ પરમાત્મા તુરત પ્રાશન કરી જાય છે તેનો અહકાર ઉતારી નાખે છે માળી જેમ પોતાની વાડીમા પ્રતિદિવસ નિરીક્ષા કર્યા કરે છે અને તેમ કરતા જે જે વૃક્ષોપર વધારે ખીલી નિકળેલા પુષ્પો દૃષ્ટિએ પડે છે, તેને તુરત તોડીને ઉતારી લે છે, તેવી જ રીતે હિરણ્યકશિપુ, રાવણ, શિશુપાલ, બાણાસુર, દુર્યોધન ઇત્યાદિ અનેક ભૂપતિઓ અહકારના મદવડે અત્યત ફાટી ગયા હતા તે સર્વેનો ગર્વ ભગવાન્ ભક્ષ કરી ગયા, તો પછી બીજા સાધારણ મનુષ્યોની તો વાત જ શી કરવી? હે રાજન્! એ પૂર્વના દૃષ્ટાતોથી તારા મનનુ જો સમાધાન થતુ ન હોય તો આ પ્રત્યક્ષ જ જો કે, તારી સભામાના આ અનેક ગુણીજનો, જેઓ પોતાના ગુણોને લીધે તારી તરફથી સારા

માનપાનાદિક મળતા હોવાથી અહંકારી બની ગયા હતા, અને પોતાના અહંકારથી જાણતા હતા કે અમારા સમાન બીજો કોઈ ગુણી નથી. તે સર્વનુ આ વખતે પ્રભુએ તારી સભામા અપમાન કરીને ગર્વ ઉતાર્યો છે, એ વાતમા તેઓનું અતઃકરણ જ સાક્ષી આપે છે"

આ સાભળીને સર્વ સભાજન સહિત રાજા અતિ હર્ષ પામ્યો. બીજા પ્રશ્નોનુ ઉત્તર સાભળવાને રાજાના મનમા એટલામા જ અતિ આતુરતા-ઉત્કઠા થઈ રહી, તેણે બીજુ પ્રશ્ન પૂછવાને જણાવ્યુ તત્ક્ષણે તે ખેડૂત મહાત્માએ કહ્યુ, "ઓ રાજા! હવે તેં કરેલી પ્રતિજ્ઞા તારે પાળવી જોઈએ તે વિના હું એકે પ્રશ્નનુ ઉત્તર આપીશ નહિ" એ સાભળીને રાજાએ ઉત્તરો શ્રવણ કરવાની ઉત્કઠાથી, તે જ દિવસે શુભ પળ ચોઘડીઓ જોવડાવી, બ્રાહ્મણો પાસે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે, તે ખેડૂતને રાજ્યાભિષેક કરાવીને સિંહાસનપર બેસાડ્યો પછી પોતે બે હાથ જોડી સેવકની પેઠે તેની સામે ઉભો રહ્યો હવે તે મહાત્માએ (નવા બનેલા રાજાએ) કહ્યુ, "હે રાજા! હવે તારી ઇચ્છામા આવે એવા પ્રશ્નો આનદથી પૂછ" ત્યારે રાજા બોલ્યો, "હે મહારાજ! પરમેશ્વર શુ કરે છે?" ખેડૂતે ઉત્તરમા કહ્યુ, "અહો! સર્વતંત્ર સ્વતંત્ર સર્વેશ્વર જગદાત્મા પ્રભુ, તૃણનો મેરુ અને મેરુનુ તૃણ કરી દે છે તે પરમાત્મા, આ આખા બ્રહ્માડને ક્ષણવારમા ઇચ્છા માત્રમા પ્રગટ કરીને ક્ષણમા તેનો લય કરવા શક્તિમાન્ છે રાયને રક અને રકને રાય બનાવી દે છે આવા દૃષ્ટાતો જગતમા ઘણીવાર જોવામા આવે છે. મારા તરફ તુ દૃષ્ટિ કર હું મહારક અને કૃષિકર્મ (હળ ખેડવુ–ખેતી કરવી) કરીને ઉદરપોષણ કરનારો એક ખેડૂત છુ, પણ સર્વકર્તા સર્વેશ્વરની ઇચ્છા માત્રથી આજે રાજા થઈ બેઠો છુ, અને તુ જે આવા મોટા રાજ્યનો પાલન કરનાર ભૂપતિ હતો, તે મારી આગળ દાસ સમાન થઈને ઉભો છે, તો હવે પ્રભુ શું કરે છે તે તુ તારી પોતાની મેળે જ સમજી લે"

આ ઉત્તરથી આખી સભામા સાનન્દાશ્ચર્ય ફેલાઇ રહ્યુ પછી રાજાએ ત્રીજુ પ્રશ્ન પૂછ્યુ, "મહારાજ! પરમેશ્વર કયા રહે છે?" તેના ઉત્તરમા ખેડૂત બોલ્યો, "ઈશ્વર સર્વત્ર વસે છે, એના વિના જગતમા કોઇ પણ ઠામ ખાલી નથી, અને એટલા જ માટે તેના ॥ विष्णु, विभु ॥ વગેરે નામો છે વળી શાસ્ત્રમા પણ કહ્યુ છે કે, ॥ सर्वं विष्णुमय जगत् ॥ આખુ જગત્ વિષ્ણુમય છે અર્થાત્ પરમેશ્વર જગતમા સઘળે ઠેકાણે વસી રહેલો છે

ભગવાનના દશ મુખ્ય અવતારો થયા છે, તેમાનો નૃસિંહાવતાર તો આ વાત સિદ્ધ કરવા માટે જ થયેલો છે પોતાના ભક્ત પ્રહ્લાદને સહાય કરવા તથા તેના પિતા હિરણ્યકશિપુને, ભગવાન્ સર્વત્ર વસી રહેલો છે, ઘટઘટ ને સ્થળ સ્થળ વ્યાપી છે, એવુ પ્રત્યક્ષ જ્ઞાન કરાવવા માટે, શ્રીહરિ પોતે તેની સભાના સ્તભમાથી પ્રકટ થયા હતા એ કથા અદ્યાપિ પર્યંત સર્વત્ર પ્રસિદ્ધ પણ છે પરતુ આટલુ નિશ્ચે જાણ કે, પરમેશ્વર ભક્તોના રાગાદિક દોષરહિત શુદ્ધ અત.કરણમા જ નિત્ય વાસ કરે છે"

ત્યાર પછી રાજાએ ચોથુ પ્રશ્ન એ પૂછ્યુ કે, "પરમેશ્વર ક્યારે હસે છે?" તેના ઉત્તરમા ખેડૂતે કહ્યુ, "જીવાત્માની વારવાર બેવચની-પણાની કુટેવને લીધે ભગવાનને હસવુ આવે છે. તે આ પ્રમાણે છે — જીવ જ્યારે ગર્ભવાસમા અત્યત દુ ખ પામે છે, ત્યારે તેમાથી છૂટવા માટે દીન થઈને પરમેશ્વરની પાસે અનેક પ્રકારની પ્રાર્થના કરે છે, અને તે સાભળી ભક્તવત્સલ ભગવાન્ દયા લાવીને તેને દુ.ખમાથી મુક્ત કરે છે, પરતુ તે પહેલા તેની પાસે વચન લે છે કે, હે જીવ! તુ વારવાર આમ જ કરતો આવ્યો છે, તોપણ આ વખતે દયા આવવાથી તને છોડુ છુ, માટે હવે તુ સસારમા જઈને સન્માર્ગે વર્તજે, કે જેથી पुनरपि जननं पुनरपि मरणं, पुनरपि जननीजठरे शयनम् સમય પ્રાપ્ત થાય નહિ એ સમે જીવ કહે છે કે, 'હવે હું કદી નીચ કૃત્ય કરીશ નહિ' વળી હરિ કહે છે કે, 'તું ગૃહસ્થાશ્રમમા રહીને મને–પરબ્રહ્મને જાણવાથી વિમુખ થતો નહિ, પણ ત્યા ધર્મના માર્ગ ઉપર ચાલજે, મને જાણવાનો શ્રમ પણ કરજે' ત્યારે સાડસામા સપડાયલા સર્પ જેવો રાક જીવ કહે છે કે, 'હે મહારાજ! હું ગમે તે કાળે અને ગમે તે સ્થળે તારા ધ્યાનમાથી વિમુખ થઇશ નહિ, ધર્મ માર્ગે વર્તીશ અને વિવેકથી સસારયાત્રા કરીશ, મને કૃપા કરીને છોડ હુ તારા વિના અન્યને ભજીશ નહિ, પણ તારો જ થઈને રહીશ' એ પ્રતિજ્ઞા લેવડાવ્યા પછી ભગવાન્ કહે છે, 'ના ભાઈ! તુ માત્ર સ્વલ્પ કાળ જ મારુ ધ્યાન ધરજે એટલે બહુ થયુ' 'રે મહા-રાજ! તમને ક્ષણભર પણ ભૂલીશ નહિ,' એમ કબૂલ થઈ જીવ ગર્ભમાથી બહાર આવે છે કે, એ સઘળુ ભૂલી જઈને એમાનુ કશુ કરતો નથી. પણ ઉલટા પાપકર્મો કરીને નરકમા પડે છે એમ જીવનું બેવચનીપણું જોઈને ભગવાન્ હસે છે"

એ ચારે પ્રશ્નોના સતોષકારક ઉત્તર સાભળી, રાજા અતિ પ્રસન્ન

થયો અને લાઓ થઇને તે, ખેડૂત મહાત્માને નમસ્કાર કરી બોલ્યો, "હે મહારાજ! આજ પછી તમે આ રાજ્યના અધિપતિ છો અને હુ તમારો સેવક છુ આપ શી જ્ઞાતે છો, એ જો કે હુ જાણતો નથી, તો પણ આવા ઉત્તમ બ્રહ્મજ્ઞાનનુ પાત્ર હોવાથી બ્રાહ્મણ જ હશો, એમ ધારી મારો મનોરથ સફળ થયો સમજુ છુ" એ પછી તે બ્રાહ્મણે, પેલા પ્રધાનને યોગ્ય શિરપાવ આપ્યો અને પછી રાજાને કહ્યુ, "અમે બ્રાહ્મણ હોવાથી રાજ્ય ભોગવવાનો અમારો અધિકાર નથી, તુ જ તારુ રાજ્ય સુખે ભોગવ," એમ રાજાને કહી ત્યાથી તે બ્રહ્મવેત્તાએ ચાલવા માડ્યુ, ત્યારે રાજાએ આગ્રહથી તેના સ્રીપુત્રાદિકને ત્યા તેડાવી લઈ, તેને પોતાના નગરમાજ રાખ્યો અને ગુરુભાવથી અહર્નિશ તેની સેવા કરીને બ્રહ્મજ્ઞાન સપાદન કીધુ

વળી હે શિષ્ય! એમ પણ છે કે, द्व वाव ब्रह्मणो रूप मूर्तं चैवामूर्तं च એ ઉપનિષદ્ વચન પ્રમાણે ભગવાન્ નિરાકાર તેમ જગત્‌રૂપે સાકાર છે અર્થાત હુ, તુ, સ્રી, પુરુષ, બાળક, પશુ પક્ષી ઇત્યાદિ સર્વે પ્રાણીઓ, વૃક્ષો, પર્વતો અને સાગર વગેરે સૌ સ્થાવર પદાર્થોથી ભરપૂર આખુ જગત્, ભગવાન્‌રૂપ જ છે, અને તેમા (જગત્‌રૂપ ભગવાનના વિરાટ-સ્વરૂપમા) વસનાર પ્રાણી માત્ર ભગવાન્‌રૂપ જ છે, અને તેઓ જે જે આહાર વિહારાદિ દેહના ભોગ ભોગવે છે, તે સર્વ તેઓરૂપે ભગવાન્ જ ભોગવે છે, એમ સમજવુ



ષષ્ઠ બિન્દુ

જ્ઞાન પામ્યા પછી જ્ઞાનીની અવસ્થા

विहाय कामान्य सर्वान् पुमाश्चरति नि स्पृह ।
निर्ममो निरहकार स शांतिमधिगच्छति ॥ गीता २-७१

અર્થ-જે મનુષ્ય સર્વ કામના તજી નિ પૃરહ થઇને વિચરે છે, અન જેની અહતા મમતા ટળી ગઈ છે, તે શાન્તિને પામ છે

શિષ્ય-હે દીન દયાળુ ગુરુદેવ! જ્ઞાન પામ્યા પછી જ્ઞાની કેવો થાય છે?

ગુરુ-હે વત્સ! જ્ઞાન જેવી પરમ દુર્લભ વસ્તુની પ્રાપ્તિ થવા પછી બાકી તે શું રહે? જ્ઞાન પામ્યા પછી જ્ઞાની સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ થાય છે

શિષ્ય-હે સ્વામિન્! જ્યારે એ સર્વવ્યાપક બ્રહ્મરૂપ થાય, ત્યારે તે સર્વજ્ઞ શા માટે નહિ? અને તેને બીજાના મનની ખબર કેમ પડતી નથી?

ગુરુ-હે વત્સ! જ્ઞાની તે વળી અલ્પજ્ઞ કે સર્વજ્ઞ શાને માટે હોય? કારણ કે અલ્પજ્ઞ એ જીવ અને સર્વજ્ઞ એ ઈશ્વર છે, અને જ્ઞાની તો શુદ્ધબ્રહ્મરૂપ થવાથી, અલ્પજ્ઞ અને સર્વજ્ઞ એકે નથી, પણ તે બનેથી વિરક્ત છે મહદાકાશની પેઠે જીવનુ અને ઈશ્વરનુ જે વાસ્તવ સ્વરૂપ બ્રહ્મ છે, તે રૂપ જ જ્ઞાની છે અલ્પજ્ઞપણું તથા સર્વજ્ઞપણું એ માત્ર ઉપાધિઓ જ છે અને તેના સબધથી જ જીવ અને ઈશ્વર એવા ભેદ માનવા પડે છે તે ઉપાધિઓ એવી રીતે છે કે, જેમ આકાશ (પોલાણ) સર્વત્ર એક જ છે, તેમ ઘડામાનુ અને ઘરની અદરનુ આકાશ પણ પેલા સર્વત્ર વ્યાપી રહેલા મહદાકાશ (મોટા પોલાણ) થી જૂદુ નહોતા તેનુ તે જ છે, પણ ઘર અને ઘડો એ રૂપ, જૂદી જૂદી ઉપાધિઓ વળગવાથી નાનુ મોટુ એમ માનવાપણું થઇ પડે છે, તેવી જ રીતે જીવ તથા

ઈશ્વરપણાની ઉપાધિઓને અનુસરીને અલ્પજ્ઞતા તથા સર્વજ્ઞતા થાય છે પણ જ્ઞાની તો એ બન્ને-જીવની તથા ઈશ્વરની-ઉપાધિઓથી રહિત થઈ જાય છે અને સાક્ષાત્ નિર્ગુણ બ્રહ્મરૂપ જ થાય છે, એટલે તે સર્વજ્ઞ કે અલ્પજ્ઞ નથી. વળી જીવ તથા ઈશ્વર, એ બન્ને પોતપોતાની ઉપાધિઓથી રહિત થઈ જાય તો પછી તેઓ બન્ને સરખા જ છે તે ઉપર આ એક કથા સાભળ

કોઈ એક મહાસપત્તિવાળો ચક્રવર્તી રાજા હતો બીજા અનેક માડલિક રાજાઓ તેની આજ્ઞામા રહેતા હતા તે ધર્મ પ્રમાણે પ્રજાનું પાલન કરતો હતો તે આખી પૃથ્વીનો પતિ હતો, તો પછી તેની સમૃદ્ધિની તો વાત જ શી કરવી? એક વખતે તે ચક્રવર્તી રાજા કેટલુક સૈન્ય લઈને વનક્રીડા કરવા ગયો વનમા તે રાજાએ, અતિ સુશોભિત વૃક્ષલતાઓથી આનદ પામીને, ત્યા સૈન્યનો પડાવ નાખ્યો પછી પોતાના કેટલાક ખાસ અગરક્ષકો વગેરેને સાથે લઈ, અશ્વારૂઢ થઇને તે વનમા મૃગયા કરવાને નિકળ્યો મૃગયા માટે ચારે બાજુ ફરી ઘણી શોધ કરી છતા કોઈ મૃગલી કિવા મૃગ, વાઘ કે સિંહ પણ તેની દૃષ્ટિએ પડ્યુ નહિ એથી ક્રોધાયમાન થઈ તેણે પોતાનો ઘોડો આગળ ચલાવ્યો થોડે દૂર જતા પોતાથી કેટલેક દૂર તૃણાકુર ચરતુ કેટલાક કૃષ્ણમૃગોનુ ટોળુ તેની દૃષ્ટિએ પડ્યુ રાજાને પોતાની તરફ જોસભેર ધસી આવતો જોઈ, તે ટોળામાના મૃગો ચારે બાજુએ નાસવા લાગ્યા. તુરત રાજા, પોતાના સાથીઓને પછવાડે છોડી દઈ, પાતાના અશ્વની લગામ છૂટી મૂકીને, તે મૃગોની પૂંઠે પડ્યો. એ ટોળાનો નાયક મૃગ ઘણો જ સુદર હોવાથી, બીજા મૃગો તરફ દૃષ્ટિપાત ન નાખતા, રાજાએ તેની જ પછવાડે દોડ કરી, છતા તે મૃગ રાજાની ઘણીક ચોટો ચૂકાવતો બહુ દૂર નિકળી ગયો આટલુ છતા પણ રાજાએ તેની પૂઠ છોડી નહિ, પણ તેની પછવાડે દોડતા જ બાણોનો મારો ચાલુ જ રાખ્યો આમ જોસભેર દોડતા, ઘોડાનો એક પગ સહજ ખાડામા આવી જવાથી લથડ્યો, તેથી તેણે જરાક ખાચો ખાધો એ સધિમા તે મૃગ, રાજાની દૃષ્ટિ ચૂકવીને વૃક્ષોની ઘનઘટામા અદૃશ્ય થઈ ગયો રાજા ઘણો નિરાશ થઈ ગયો, કેમકે સૈન્ય તથા સાથીઓ અત્યત દૂર રહી ગયા હતા સમય મધ્યાહ્નકાળનો થયો હતો અને શરીરે અત્યંત શ્રમ પહોંચ્યો હતો તથી, તુરત પાછુ વળવુ માડી વાળી, પોતાને થયેલો પરિશ્રમ દૂર કરવા માટે નદીના તીર ઉપરના એક વૃક્ષની શીતળ છાયા નીચે જઇને રાજા,

અશ્વપરથી ઉતર્યો, અને અશ્વને વૃક્ષના થડ સાથે બાંધી, ઝાડના થડની પાસે બેઠક કરી, ધનુષ્યને ઓશીકે રાખીને જરાક આડો થયો. તે બહુ થાકેલો હતો તેથી, તુરત તેને મીઠી નિદ્રા આવી ગઈ. એમ ઘડીએકનો સમય વીત્યા પછી ત્યા એક કૌતુક થયુ

પાસેની વૃક્ષોની ઘાટી ઘટામાથી સ્ત્રીની આકૃતિનું એક જગલી પ્રાણી,* એકાએક દોડતુ રાજાની પાસે આવ્યુ, અને તુરત રાજાના બન્ને હાથ પકડી, તેને પોતાની પીઠપર નાખીને તે, સપાટાબધ પાછુ તે વૃક્ષોની ઘટામા અદૃશ્ય થઈ ગયુ રાજા જો કે તુરત જાગ્રત્ થઈ ગયો, પણ તે પ્રાણીના બળ આગળ તેનુ કશુ ચાલ્યું નહિ તે જગલી પ્રાણીએ રાજાને એક નાનીશી ગુફામા લઈ જઈ ત્યા બેસાડ્યો, અને તેના બારણાને એક મોટા ભારી પત્થરથી બધ કીધુ રાજાએ એ ગુફામા જોયુ તો પોતાની પેઠે પકડાયલો એક પુરુષ ત્યા હતો તેને જોતા રાજાનો ગભરાટ આગળ કરતા જરાક ઓછો થયો. પછી તે તેની સમીપ જઈને બેઠો પરસ્પર વાતો કરતા રાજાએ તે મનુષ્યને પૂછ્યુ, "ભાઈ, તુ કેવી રીતે અહીં આવ્યો છે ? અને તુ કોણ છે?" એ સાભળીને તે બોલ્યો, "ભાઈ હું આ વનની પાસેના ગામનો કઠિયારો છુ હું ઘરનો અત્યત ગરીબ છુ. મારા સ્ત્રી પુત્રાદિક અન્ન માટે દુ ખી હોવાથી, આ વનમાથી પ્રતિદિન એક સુકા લાકડાની ભારી ગામમા લઈ જઈને વેચુ છુ અને તેનાપર મારા

* કેટલાક ઘાડા વનોમા "મ" જાતના પ્રાણીઓ હોય છે, જેઓ જગલના ઘણા ઊંડા ભાગમા પોતાની ગુપ્ત ગુફાઓ કરીને વસે છે તેઓનો આકાર ઘણે દરજ્જે મનુષ્યના અગોને મળતો આવે છે અને તે ઘણા રુપાળા હોય છે પણ માત્ર તેઓના શરીરપર વાળ ઘણા હોવાથી તેમનું શરીર કઈક વિલક્ષણ અને ભયકર લાગે છે આ પ્રાણીઓમા નરો કરતા માદાઓનો ભાગ વિશેષ હોય છે એ જગલી પ્રાણીઓની માદાઓમા પુરુષ ભોગનવાની આસક્તિ એટલી બધી હોય છે કે, તેઓ તેટલા સારુ વનમા ફરી, વારનાર મનુષ્ય પુરુષોની શોધ કરે છે (કારણ કે, તેઓમા એક તો નરોનો ભાગ ઘણો જ થોડો હોય છે, ને કઈક કુદરતી રીતે વિષય ઇચ્છાનો દુર્ગુણ પણ તેમનામા વિશેષ હોય છે) જો એકાદ પુરુષ તેના ઝપાટામા આવે છે તો તે તેને નિર્વિલબે વાસાપર ઉચકીને પોતાની ગુફામા લઈ જાય છે, ને પોતાને રહેવાની જૂદી નાની ગુફા (જે તે મોટી ગુફાની માહે જ આવેલી હોય છે, તે)મા તેને રાખી, તેના બારણા મજબૂત શિલાઓથી બધ કરી દે છે અન જ્યારે ઇચ્છા થાય છે ત્યારે તેની પાસે આવી, તેને વનફળો, માસ (કાચુ) વગેરે ખાવા આપીને પોતે સભોગ કરાવે છે, ને પાછુ ગુફાદ્વાર બધ કરીને પોતે નિકળી જાય છે આમ કરતા કેટલેક દિવસે પેલો પુરુષ વિષય કરતો થાકી જાય છે, ને તેના શરીરમા કોઈ વાતની શક્તિ રહેતી નથી, એટલે તેને ઉપાડીને પાછો વનમા છૂટો મૂકી દે છે

કુટુમ્બનુ પોષણ કરુ છુ આજે હુ આ પાસેની ઝાડીમાથી લાકડા કાપી, ભારી બાધીને ગામમા જવા માટે તૈયાર થયો હતો, પણ મધ્યાહ્ન થયુ હતુ અને ભૂખ પણ લાગી હતી, તેથી છેડે બાધેલો રોટલો ખાઈ, પાસેના એક ઝરામાથી પાણી પીધુ, અને પછી શીતળ છાયામા જરાક વિશ્રામ લેવાનો વિચાર કર્યો મારી કુહાડી, જેમા મારા આખા કુટુમ્બનુ પોષણ છે, તેમ જ મારી સઘળી સમૃદ્ધિ સમાયલી છે, તેને બહુ જતનથી મારે ઉસીકે મૂકીને હું સૂતો પરતુ મારી આખ મળી ન મળી, એટલામાં તો આ દુષ્ટ પ્રાણીએ આવી એકાએક મારા બને હાથ પકડી લીધા, અને મને કાંધ ઉપર નાખીને ક્ષણવારમા અહિં આણી મૂકયો તારા આવ્યા પહેલા થોડીક ક્ષણ પૂર્વે જ હુ અહીંઆ આવ્યો છુ, અને મારી કુહાડી તથા કાષ્ઠનો ભારો બન્ને ત્યા જ પડ્યા રહ્યા છે અરેરે! હે પ્રભુ! દયા કર, કૃપા કર હવે મારા બાળકોનુ શુ થશે? તે બીચારા ભૂખે રડવડી મરશે" એવી રીતે પોતાની વાત કહીને તે ગરીબ કઠિયારો બહુ બહુ વિલાપ કરવા લાગ્યો, ત્યારે રાજાએ તેને કહ્યુ, "અલ્યા ભાઈ! તુ આમ વિલાપ શા માટે કરે છે? તારે માટે તો માત્ર તારુ કુટુમ્બ જ દુ ખી થશે, પણ હું, જે આ પૃથ્વીનો સાર્વભૌમ રાજા છુ, તેને માટે તો આખુ રાજ્ય દુ ખી થશે મારી રાણી અને કુવરો મને ન જોવાથી આત્મઘાત કરશે, અને મારુ રાજ્ય, રાજા વિનાનુ સૂનુ પડવાથી તેમા અનેક પ્રકારના મોટા ઉત્પાતો થશે પણ હે ભાઈ કઠિયારા! એ સઘળુ, અર્થાત્ મારા કે તારા પછવાડેના દુ ખ સુખોમાનુ આ વખતે આપણી પાસે કઈ પણ નથી, અહીં તો આપણે બન્ને સમાન જ છીએ, માટે તુ કશો કલેશ કર મા દુ ખી અવસ્થામા મનુષ્યે એકાએક ગભરાવુ નહિ, પણ ધીરજ રાખવી, અને આવી પડેલા દુ ખનુ નિવારણ કરવા માટે પ્રયત્ન કરવો, અને તે પ્રયત્નમા સફળ થઈ દુ ખમાથી મુક્ત થવા માટે દયાસિંધુ પરમાત્માની સ્તુતિ કરીને તેની સહાયતા માગવી, એ જ આ વેળા આપણુ કર્તવ્ય છે શરણ પ્રભુનુ જ સાચુ છે. હુ, તુ તથા આ જગતના પ્રાણીમાત્રની ગતિ, તે પરમાત્મા જ છે પ્રાણીઓ તેના નામમાત્રથી સસારના મોહમય કઠિન બધનોમાથી પણ મુક્ત થાય છે, તો પછી આ અલ્પ બધન તે શા લેખામા છે? માટે હે ભાઈ! હવે આપણે બન્નેએ, હુ રાજા અને તું કઠિયારો એવો ભેદભાવ મૂકી દઈને, ભગવાનને જ શરણે થવુ જોઈએ" આવી રીતે વાતચિત કરીને તે બન્ને જણા ભગવાનની

વિશુદ્ધ ભાવથી સ્તુતિ કરવા મડ્યા, અને દયાળુ પરમાત્માએ સતુષ્ટ થઇને તેઓને સુબુદ્ધિ સુઝાડી અને બળપૂર્વક યુક્તિ કરીને તેઓ સકટમાથી મુક્ત થયા

હે શિષ્ય? ઈશ્વરરૂપ રાજા અને જીવરૂપ કઠિયારો, બને જેમ એક ગુફામા પૂરાયાથી અને પોતાની ઉપાધિ(રાજાની ઉપાધિ ચક્રવર્તી રાજ્ય અને કઠિયારાની ઉપાધિ તેની વહાલામા વહાલી કુહાડી) રૂપ રાજ્ય તથા કુહાડી, જયાના ત્યા પડ્યા રહેવાથી, બન્ને સમાન દશામા આવી ગયા, અને જ્યારે તે બન્ને એકમન કરી, જગન્નિયતા પરમાત્માની સ્તુતિ કરી, તેને શરણે ગયા ત્યારે જ મુક્ત થયા હતા, કારણ કે તેની આગળ તો બન્ને સમાન જ છે–ઉંચ કે નીચ નથી, રાજા કે રાક નથી, બ્રાહ્મણ કે ચાડાળ નથી પરમાત્મા સન્મુખ સર્વ સમાન છે ઈશ્વરની અને જીવની ઉપાધિઓ મટી જવાથી તે બન્ને સમાન છે, માટે જીવ–અલ્પજ્ઞ–કિંચિત્ માત્ર જાણનાર જીવ અને સર્વજ્ઞ–સર્વ જગતને જાણનાર ઈશ્વર–એ બન્નેની ઉપાધિથી રહિત એવુ બ્રહ્મરૂપ છે, ત્યા એક્ સમાન છે એ જ રૂપ, જ્ઞાન થવા પછી જ્ઞાનીનુ બને છે, એમ સમજવુ જોઇએ

સપ્તમ બિન્દુ

જ્ઞાનીને સિદ્ધિ મળે છે?

जितेन्द्रियस्य युक्तस्य जितश्वासस्य योगिनः ।
मयि धारयतश्चेत उपतिष्ठन्ति सिद्धयः ॥

અર્થ-યોગી, ઇન્દ્રિયોનો વિજય કરી સાવધાન થઈને પ્રાણવાયુને જ્યારે પોતાને આધીન કરે છે અને મનને સ્થિર કરીને મારા વિષે જોડે છે, ત્યારે તે યોગીની પાસે સિદ્ધિઓ સેવામાં હાજર થાય છે.

શિષ્ય-હે સ્વામિન્! આપના વચનામૃતોનુ પાન કરીને હું કૃતકૃત્ય થયો છુ હું જેવા પામરને આપ જેવા પ્રભુસ્વરૂપ મહાત્માના ચરણનો પરમ દુર્લભ આશ્રય મળ્યો છે, એથી હું અહોભાગ્ય છુ હે કૃપાળુ ગુરુદેવ! આપ વિના મારા મૂઢમતિના મનના સશયોનુ છેદન કોણ કરે? હે દયાળુ! આપની કૃપાથી મે જાણ્યુ કે, જ્ઞાની જન સાક્ષાત્ પરબ્રહ્મસ્વરૂપ થાય છે, તો તેને કોઈ પણ સિદ્ધિ પ્રાપ્ત થતી હશે કે નહિ?

ગુરુ-હે વત્સ! સિદ્ધિ, એ તે શી મોટી વસ્તુ છે કે, જે મેળવવાની જ્ઞાનીને ઇચ્છા પણ થાય? આ જગતમા વિશેષતાએ કરીને, કદી કોઇએ નહિ જોયેલી વસ્તુ જોવી અથવા અલૌકિક કર્મ કરવું, એને જ લોકો સિદ્ધિ કહે છે જેમ કે ઘડિકમા ઘણેક દૂર જઈ બેસવુ, નાના શરીરનુ મોટુ અને મોટાનુ ઘણું નાનુ રૂપ ધારણ કરવુ, પારકાના મનની વાત કહેવી, આકાશમાર્ગે ગતિ કરવી, ઇત્યાદિ જે સાધારણ મનુષ્યોથી નહિ બની શકે તેવી કૃતિઓ કરવી, તેને સિદ્ધિ કહી છે પરતુ એ કરતાએ વધારે ચમત્કારિક ઈશ્વરી સિદ્ધિઓ જગતમા ક્યા થોડી છે? જગતમા જ્યા

જોઈએ ત્યા સિદ્ધિ જ છે. તું વિચાર કે ગર્ભમા એક અલ્પમાત્ર બિન્દુ પડયુ હતું, તેમાથી આપણે આવડી મોટી સાડા ત્રણ મણની કાયા લઈ બેઠા એ શું મોટો ચમત્કાર નથી? એ સિદ્ધિ નથી? એથી પછી કેવી સિદ્ધિ જોઈએ? વળી મળ અને મૂત્રાદિ કુત્સિત પદાર્થોથી જ ભરેલા ગર્ભસ્થાનમાથી, પરમહંસ એવા જ્ઞાની મહાત્મારૂપ અમૂલ્ય રત્નો, જેવા કે શુક, યાજ્ઞવલ્કય, જનક, વસિષ્ઠ ઇત્યાદિ અગણિત મહાત્માઓ ઉત્પન્ન થયા ને થાય છે, એથી વળી વિશેષ કેવી સિદ્ધિ હોય? આકાશને વિષે જોઈએ તો અસંખ્ય નક્ષત્ર, તારા, સૂર્ય તથા ચદ્ર આદિ ગ્રહો નિરાધાર (કોઈના પણ ટેકા વગર) સ્થિર રહ્યા છે, કિંવા ગતિ કરી રહ્યા છે, પણ પૃથ્વી ઉપર પડીને આપણને ચગદી નથી નાખતા, એ શું થોડી સિદ્ધિ છે? કેટલાક પુરુષો ચાર ચાર, ને ઘણાક રાજાઓ સેંકડો સ્ત્રીઓ પરણે છે, તોએ તેઓને કશી પ્રજા થતી નથી, ને કેટલાકને માત્ર એક જ સ્ત્રીથી દશ દશ, પદર પદર ને વખતે સો સો (ધૃતરાષ્ટ્રને એક જ સ્ત્રી ગાધારીથી સો કૌરવો થયા હતા) પુત્રો થાય છે, એ કેવી સિદ્ધિ? આવી કુદરતી (ઈશ્વરી) સિદ્ધિઓ શુ થોડુ આશ્ચર્ય પમાડનારી છે? પણ એનાથી કોઈને આશ્ચર્ય થતુ જણાતુ નથી, તો પછી જ્ઞાનીને પેલી મિથ્યા સિદ્ધિઓની શી જરૂર છે? વળી તુ જો કે, પ્રત્યક્ષ સિદ્ધિઓ આપણા અગમા જ છે આપણને ક્ષુધા તૃષા લાગે છે, અન્ન જળ ખાઈએ છીએ, એ અન્ન નિયમ પ્રમાણે પેટમાના ડાબા નળમા અને જળ જમણા નળમા, ગળેથી નીચે ઉતર્યા પછી અલગ અલગ થઈ ચાલ્યુ જાય છે તે પાચન થાય છે, ત્યારે તેમાથી ઉત્તમ રસ થઈને તે શરીરની રગેરગમા પ્રસરે છે, અને નકામો પદાર્થ મળ મૂત્ર ઇત્યાદિરૂપ થઈ ગુદા, ઉપસ્થ આદિ ઇંદ્રિયોદ્વારા બહ ર નિકળી જાય છે, એ શું મહાસિદ્ધિ નથી? આવી સિદ્ધિઓ જાણ્યા પછી, જે વિશુદ્ધ જ્ઞાની છે, તેને તેનાથી ઉતરતી સિદ્ધિઓમા કેમ પ્રેમ થશે? માટે એવી સિદ્ધિઓની લાલચ જ્ઞાની જનને થાય જ નહિ, કારણ કે જ્ઞાની પુરુષ કામનારહિત હોય છે અને સિદ્ધિઓ તો સકામ પુરુષો ઇચ્છે છે જ્ઞાની કામનાના અનર્થને જાણે છે અને તેના તરફ તેની મનોવૃત્તિ જતી નથી જેમ કોઈ પ્રતિષ્ઠિત સદ્દગૃહસ્થ, પોતાની સર્વ રૂપ ગુણાદિસપન્ન ગૃહસુદરીને ત્યજી, મહાકુટિલ વેશ્યાને ઘેર જઈને તેની સાથે પ્રીતિ કરે, એ જેટલુ અઘટિત છે, અધમ છે, તેટલુ જ જ્ઞાનીજને સિદ્ધિઓ ઇચ્છવી, એ પણ અઘટિત ને અધમ છે.

અષ્ટમ બિન્દુ

સસાર બંધનમાંથી છૂટવાનો ઉપાય

वेदान्तार्थविचारेण जायते ज्ञानमुत्तमम् ।
तेनात्यन्तिकसंसारदुःखनाशो भवत्यनु ॥
त्यक्त्वाहंममताभावं निश्चेष्टो निरुपाधिकः ।
धीरो ज्ञानकुठारेण छिन्ते संसारबन्धनम् ॥

અર્થ-વેદાન્તના અર્થનો વિચાર કરવાથી ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને તે જ્ઞાનથી નક્કી સંસાર બંધનથી સર્વ દુઃખનો નાશ થાય છે. ધીર પુરુષ અહંતા મમતાના વિચારો ત્યજી દઈ, ઉપાધિરહિત થઇને કંઈ પણ કર્મ કરતો નથી અને તે જ્ઞાનરૂપી કુહાડાથી સંસારના બંધનને કાપી નાખે છે.

શિષ્ય-હે ભગવતસ્વરૂપ ગુરુદેવ! આ આત્માને થયેલુ સસારનુ બધન કેવી રીતે અને કયા જવાથી છૂટશે?

ગુરુ-હે વત્સ! એ સસારબધન સદ્ગુરુના જ્ઞાનોપદેશથીજ છૂટે છે અને તે વળી બીજે કોઈ સ્થળે ન જતા આ દેહદેશમા રહ્યાથીજ છૂટે છે, અને આત્મા જીવન્મુક્ત થાય છે એ સબધે હુ તને એક રાજાની કથા કહુ છુ, તે તું સાભળ -

કોઈ એક નગરનો રાજા બહુ પરાક્રમી હતો તેણે ઘણાક દેશાતરોમા જઈ, ત્યાના મહીપતિઓને જિતી, ત્યાથી અનેક પ્રકારના રત્નો, મણિઓ, માણિકયો, હીરા ઇત્યાદિ જવાહીર લાવી પોતાને ત્યા એકઠુ કીધુ હતુ તે રાજા ઘણો વિલાસી હતો તેણે વિલાસને માટે એક અતિ સુદર મહેલ બધાવ્યો હતો એ મહેલને એકપર એક એમ ઓછામા ઓછા ચૌદ માળો હતા તે માળોમા ભોંયતળીએથી તે ઉપર સૂધીના માળોમા અનુક્રમે એક કરતા બીજામા વિશેષ ને બીજા કરતા ત્રીજામા વિશેષ, એમ

પરરાજ્યોમાથી જિતી આણેલા અમૂલ્ય મણિઓ અને રત્નો જડાવ્યાં હતા એ મહેલમા જેમ જેમ ઉપર જતા જઇએ, તેમ તેમ માણિકયોનો વધારે વધારે પ્રકાશ અને શોભા માલમ પડતા હતાં તે રાજા આ સુદર મહેલમા પ્રતિદિન નવનવા વિલાસ ભોગવતો હતો એક દિવસે રાત્રે એવુ થયુ કે, તે રાજાના શરીરને જરાક તદ્રા આવી ગઇ એ વેળાએ જ ધીરે ધીરે તેના પેટમા દુખવા લાગ્યું પરતુ રાજાએ તે ગણકાર્યુ નહિ તે પોતાના વિલાસભવનમા જઇને સૂતો પણ ત્યા ગયા પછી તો પ્રથમ કરતા તેના પેટમા જરાક વધારે દુખવા માડ્યુ પહેલા માળપર કઇ કળ ન પડવાથી તે ઉપરના માળપર જઇને સૂતો અહીંઆ પણ પેટનો દુખાવો મટ્યો નહિ જેમ જેમ સમય વીતતો ગયો, તેમ તેમ પેટમાનું દરદ વધારે ને વધારે જોરપર આવવા માડ્યુ. એથી તે અકળાયો, અને 'અહીં હવા વગેરે બરોબર આવતા નથી, તેમ કઇ ઠીકે પડતું નથી, માટે લાવ ઉપર જઈ સુઉં,' એમ વિચાર કરતો એકેક માળ ચઢતો જ ગયો છેવટે તે ચૌદમે માળે જઇને છત્રપલગ પર સૂતો એ સ્થાનમા મણિમાણિકયો જડીને સૌ કરતા વધારે શોભા કરેલી હતી, અને તેમાં દીવાઓનો પ્રકાશ મિશ્રિત થવાથી ત્યા વધારે ઝાકઝમાળ થઇ રહ્યુ હતુ આ પ્રકાશ વગેરેથી તે રાજાનુ ચિત્ત વધારે ગભરાટમા પડ્યુ અને પેટમાનો દુખાવો પણ વધી પડ્યો રાજા બહુ અકળાવા માડ્યો તેણે પલગપર પડી આમ તેમ ઘણાએ તરફડિયા માર્યા, પણ પેટમા થતી પીડા મટી નહિ આ દુ ખથી ચિત્ત અત્યત વ્યગ્ર થવાથી, તે ત્યાથી ઉઠીને એક પછી એક માળ ઉતરતો છેક નીચે આવ્યો અને તેણે મહેલના બારણાના ઓટલાપર આમ તેમ ફેરા મારવા માડ્યા એ સમયે તેણે વિચાર કીધો કે, હવે તો કોઈ વૈદ્યને બોલાવુ તો ઠીક આવો વિચાર કરીને વૈદ્યને બોલાવવા માટે એક નોકરને જેવો તે હુકમ કરવા જાય છે, તે જ ક્ષણે મહેલના દરવાજા આગળ થઇને કોઈ મહા પવિત્ર અને રોગીનુ ભલુ કરવાની જ ઇચ્છાવાળો વૈદ્યરાજ, "કોઇને ઓસડ કરવુ છે?" એમ પોકારતો પોકારતો જતો હતો, તેનો પોકાર સાભળવાથી રાજાએ તુરત તેને પોતાની સમીપ બોલાવ્યો, અને સન્માનથી આસનપર બેસાડીને તેની પાસે પેટમા દુખવાનું બધ થવાનુ ઓસડ માગ્યુ. તુરત વૈદ્યરાજે પોતાની ઝોળીમાથી એક ચમત્કારિક બુટ્ટી કાઢી, અને તેને પાણીની સાથે ઘસીને રાજાના પેટપર ચોપડી દીધી ક્ષણવાર થતા, તે બુટ્ટીનો અશ

પેટમા પ્રસર્યાં એટલે પેટમા ગગડાટ થવા માડ્યો, અને રાજાને મળત્યાગ કરવાની ઇચ્છા થઇ તુરત ત્યાથી ઉઠીને તે જાજરૂમા ગયો, ત્યા તેને એવો ખુલાસે હસ્ત થયો કે, જેથી તેના પેટમાનુ દુ:ખ માત્ર મટી ગયુ અને તેને પરમ આનદ થવા લાગ્યો તેની સર્વ ઇદ્રિયો પણ શાત થઈ ગઈ અને મોડી રાત્રિ સૂધી પીડાથી અકળાવાને લીધે ઉજાગરો થયો હતો, તેથી તેને ત્યા જાજરૂમા જ સૂઈ જવાનુ મન થયુ અહો! કેટલો બધો તે સદ્વૈદ્યરાજનો, તેમ જ તેની બુટ્ટીનો અદ્ભુત પ્રભાવ!

હે વિચક્ષણ! એ ઉદાહરણ પ્રમાણે આ જીવાત્માના સબધમા પણ તારે સમજવું આ જીવ છે, તેને રાજારૂપ ગણવો, અને ચૌદ તબકનો તેનો મહેલ છે, તેને આ ચૌદ તબકનો દેહ જાણવો. દેહના ચૌદ તબક તે આ છે–પાચ કર્મેન્દ્રિય અને પાચ જ્ઞાનેન્દ્રિય મળીને દશ, અને મન, બુદ્ધિ, ચિત્ત તથા અહકાર, એ સર્વ મળીને ચૌદ છે રાજાને જેમ પેટમા દુખતુ હતું તેની પેઠે જીવને પણ આ સસારરૂપી બધનનો મહાદુખાવો–રોગ પ્રાપ્ત થયો છે તે બીજા કશા ઉપાયોથી ન મટતા, બુટ્ટી આપનારા સદ્ગુરુરૂપ સદ્વૈદ્યરાજનો ચમત્કારિક બુટ્ટીરૂપી સદુપદેશ મળે તો જ મટે એને માટે કોઈ સારા, ઉંચા કે પવિત્ર સ્થળે જવાની જરૂર નથી, પણ જેમ તે વૈદ્યરાજની બુટ્ટીથી ગમે તેવી સારી, નરસી, પવિત્ર કે અપવિત્ર જગ્યામા રાજાનુ દુ ખ મટયુ ને આનદ થયો, તેમ સદ્ગુરુના ઉપદેશથી મળમૂત્રથી ભરેલા આ દેહમા જ તત્ત્વને વિચાર કરવાથી ઉપાધિરૂપ દુખાવો મટી આનદ થાય છે (મુમુક્ષુ જીવન્મુક્ત થાય છે), એમ જાણવુ



નવમ બિન્દુ

પ્રારબ્ધ અને પુરુષાર્થ

पूर्वजन्मकृत कर्म प्रारब्धमिति चोच्यते ।
पुरुषार्थ. परो लोके मोक्षदायी स्मृतः सदा ॥
प्रारब्धं भुज्यमानोऽपि तत्रासक्तो विवेकवित् ।
यतेत सच्चिदानन्दचरणाम्भोजलब्धये ॥

અર્થ-પૂર્વ જન્મમા જે કર્મ કર્યા હોય તે પ્રારબ્ધ કહેવાય છે, અને ઉત્તમ પુરુષાર્થ આ જગતમા મોક્ષકારક છે આત્મા અને અનાત્માના વિવેક જાણનારા પુરુષે પ્રારબ્ધનો ઉપભોગ કરતા છતા પણ તેમા બધાતુ નહિ, પણ સચ્ચિદાનન્દના ચરણકમળના લાભ માટે પ્રયત્ન કરવો જોઇએ

શિષ્ય-હે મહાત્મન્! સસારને વિષે પ્રાણીમાત્રને જે લાભ અલાભ, જય પરાજય, સુખ દુ ખ, સસારબધન અને મુક્તિ ઇત્યાદિ પ્રાપ્ત થાય છે, તે શુ તેઓના પ્રારબ્ધને અનુસરીને થાય છે, કિંવા તેઓના પુરુષાર્થવડે પ્રાપ્ત થાય છે? અર્થાત્ જગતમા પ્રારબ્ધ મુખ્ય છે કે પુરુષાર્થ?

ગુરુ-હે મુમુક્ષુ! શ્રીકૃષ્ણ પરમાત્માએ ગીતામા એક સ્થળે પ્રારબ્ધને મુખ્ય કરીને કહ્યુ છે, અને મનુષ્યને લાભ હાનિ, જય પરાજય, સુખ દુ ખ ઇત્યાદિ પ્રારબ્ધ પ્રમાણે જ મળે છે વળી તેણે જ પાછુ એમ પણ કહ્યુ છે કે,

ईश्वर सर्वभूताना हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥

અર્થ-હે અર્જુન! સમસ્ત પ્રાણીઓના હૃદયદેશને વિષે ઈશ્વર અન્તર્યામી રહે છે, તે જન્મમરણરૂપ યત્ર ઉપર ચઢેલા સર્વ જીવને પોતાની માયાશક્તિવડે ભ્રમણ કરાવે છે; અર્થાત્ મનુષ્ય કઈ કરી શકતો

નથી, સઘળું ઈશ્વરની પ્રેરણાથી જ થાય છે. મહાત્મા વસિષ્ઠ ઋષિએ પણ પુરુષાર્થને મુખ્ય કર્યો છે. ત્યારે હવે શું પરમાત્મા શ્રીકૃષ્ણના વચનો પરસ્પર વિરોધતા દર્શાવનારા હોવાથી અમાન્ય કિંવા પ્રમાણ વગરના હશે ? ના. સર્વ અવતારના કારણ, સર્વ કળા પ્રપૂર્ણ, સર્વ જ્ઞાતા, વેદ જેને 'નેતિ નેતિ' કરી વર્ણવે છે, અને ઉપનિષદ્ જેને શોધવા ઉદેશે છે, તેવા શ્રીકૃષ્ણ પરમાત્માના વચનને અપ્રમાણ કેમ કહેવાય ? પરતુ તેના કહેવાનો ભાવાર્થ ઘણો જ ગૂઢ છે ને એ બન્ને વચનો સપ્રમાણ જ છે. પ્રારબ્ધ માત્ર સૂક્ષ્મ શરીરનુ જ બંધાય છે, આત્માનુ નહિ. આથી કરીને લાભ અલાભ, જય પરાજય તથા સુખ દુ ખ એ સર્વ પ્રારબ્ધ પ્રમાણે આ જડ દેહને ભોગવવા પડે છે, પણ આત્માને નહિ, કારણ કે, આત્મા એ જડદેહથી જૂદો જ છે માટે જડદેહને વળગેલા પ્રારબ્ધો આત્માને વળગેલા નથી એમ અહીં આગળ પ્રારબ્ધ મુખ્ય છે. હવે પુરુષાર્થ તે શુ ? લાભાલાભ, જયાજય, સુખદુઃખ, એ પ્રારબ્ધાનુસાર જ જડ દેહને થાય છે, પણ મને (આત્માને) નથી, કારણ કે હુ તો તેથી વિરક્ત—અસગ આત્મા છુ એમ આ જડ દેહથી હુ—આત્મા જૂદો છુ, એમ સમજવું, એ પુરુષાર્થ છે હવે એ દેહની અંદર રહેતા સુધી તેના સબધને લીધે જડદેહના પ્રારબ્ધોને આત્મા પોતાનો ભોક્તા માને છે, એ અવિદ્યા છે, પણ આત્માને જ્યારે 'હુ આત્મા છુ, જડ નથી,' એવું જ્ઞાન થવારૂપ પુરુષાર્થ થયો એટલે —

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ॥

એ શ્રીકૃષ્ણના વચનાનુસાર જ્ઞાનરૂપી અગ્નિથી સર્વ કર્મો બળી જાય છે અરે ! સર્વ કર્મો બળી જાય છે, એટલુ જ નહિ પણ सर्वकर्माणि એમા પ્રારબ્ધ પણ આવી જવાથી તે પ્રારબ્ધ (કર્મ) પણ સઘળા ભસ્મ થઇ ગયા ! એટલે આત્મા નિષ્પાપ થઈ જાય છે આ સ્થળે પુરુષાર્થ મુખ્ય છે

આમ છે, છતા વળી વિચારીએ તો પ્રારબ્ધ, એ શરીરનુ હોવાથી શરીરને આધારે છે, તેમ પુરુષાર્થ પણ શરીરને જ આધારે છે, કારણ કે શરીર ન હોત તો પ્રારબ્ધ જ કયા અને તે ભોગવવાના કોણે ? "આ પ્રારબ્ધો તો શરીરના છે, મારા નથી, કારણ કે, હુ તો અસગ આત્મા હોવાથી શરીર નથી, પણ તે કરતા જૂદો જ છું" એમ માનવા—જ્ઞાન થવારૂપ પુરુષાર્થ કોણ કરત, અને શા માટે કરત ? પચતત્ત્વથી ઘડાયલુ શરીર, પૃથ્વીને આધારે છે, પૃથ્વી જળને આધારે છે, જળ તેજને આધારે છે, તેજ વાયુને આધારે

છે, વાયુ આકાશને આધારે છે, આકાશ ગુણને આધારે છે, ગુણ પ્રકૃતિ-માયાબ્રહ્મને આધારે છે. એ માયાબ્રહ્મમાં માત્ર શશશૃંગવત્ (શશલાને શિંગડા છે, એમ કહેવું હોય તો માત્ર કલ્પનાથી જ કહીએ; કારણ કે તેને કદી શિંગડાં હોય જ નહિ તેવી જ રીતે) કલ્પના માત્ર છે; અર્થાત્ છે જ નહિ; એટલે પ્રારબ્ધ તથા પુરુષાર્થ ક્યા રહ્યા? બેમાંનું એકે મૂળે છે જ નહિ; તો પછી મુખ્યામુખ્યની વાત જ ક્યા રહી? પ્રારબ્ધ અને પુરુષાર્થ એ બેમા કોઈનો આત્મા સાથે સબંધ જ નથી; માત્ર આધાર ભાવથી જોઈએ તો ઈશ્વરેચ્છા, એ જ મુખ્ય છે. આ શરીર માત્ર પ્રપંચનુ ભરેલુ છે, એમા પ્રારબ્ધની સ્થિતિ ક્યાં છે? પણ જેને જ્ઞાતાઓ પ્રારબ્ધ કહે છે, તે તો અજ્ઞાની જનના બોધાર્થે છે, બીજું કંઈ જ નથી.

દશમ બિન્દુ

આધારભૂત માયાનું સ્વરૂપ

माया ह्यचेतना बीजधर्मिणी त्रिगुणात्मिका।
अपूर्वघटनाभिर्या मायिनामपि मोहिनी॥

અર્થ-જડ, બીજ ધર્મવાળી અને ત્રણ ગુણમય માયા અપૂર્વ ઘટનાઓથી માયાવીઓને પણ મોહિત કરે છે

શિષ્ય-હે દયાળુ! આપે જે ગુણોની આધારભૂત માયા કહી, તેનું સ્વરૂપ કેવુ છે?

ગુરુ-હે વત્સ! જડ, દુખમય, અસત્ અને અઘટિતઘટનાનિપુણ એવુ માયાનું રૂપ છે પત્થર આદિ જડોમા માયા જડરૂપ છે, અતકરણમા દુખરૂપ છે, અને શશશૃગવત્, વધ્યાપુત્રવત્ (વાઝણી સ્ત્રીને પેટે પુત્ર કહેવો, એ કલ્પના વગર કહેવાય જ નહિ અને કલ્પના એ મિથ્યા છે) વગેરે કહેવામા માયા અસત્રૂપ છે માયાને યથાર્થ રીતે વર્ણવીને તેનુ સ્વરૂપ કહી શકાતું નથી, કેમકે એ વળી સત્યા, તુચ્છા, અસત્યા એમ પણ કહેવાય છે, કારણ કે, આ સર્વ જગતનો આવિર્ભાવ થવાના કારણરૂપ માનીએ તો સત્ (સત્યા) છે, અને તેનાથી માડી તે આખા જગત્ સૂધી સર્વ બ્રહ્મમા કલ્પિત છે એમ જોતા, તે અસત્યા (અસત્-જૂઠી) છે, માટે સત્યા કહેવા જતા અસત્યા અને અસત્યા કહેવા જતા સત્યા થઈ પડે છે. વળી જ્ઞાનીઓને મન માયા તુચ્છારૂપ છે. સ્વસ્વરૂપની વિસ્મૃતિથી અને બુદ્ધિદોષદ્વારા, જેમ જારિણી સ્ત્રી પોતાના પ્રિયતમને ઘસડી જઈ કામમોહિત કરી રમાડે છે, લપટાવે છે, તેમ વિદ્વાનને પણ વિષયાભિમુખ જોતા જ એ માયા વિક્ષેપ પમાડે છે એ માયા પ્રાજ્ઞ છતે પણ જે પરાઙ્મુખ છે, તેને આવરણ કરી દે છે, અને ચિત્તને જે અનુભવ થાય છે, તે અનુભવના સ્થાનમા રાગ ધરવો, એજ માયાનુ લક્ષણ-સ્વરૂપ છે રૂપે રૂપે તે પ્રતિરૂપ છે તેનું રૂપ યથાર્થ વર્ણવી શકાતુ નથી, તેથી તેને અનિર્વચનીયા પણ કહેલી છે

એકાદશ બિન્દુ

જ્ઞાની બ્રહ્મસ્વરૂપ કેમ?

चिन्ताशून्यमदैन्यभैक्षमशन पान सरिद्वारिषु
स्वातन्त्र्येण निरङ्कुशा स्थितिरभीर्निद्रा स्मशाने वने ।
वस्त्र क्षालनशोषणादिरहित दिक् चास्ति शय्या मही
सचारो निगमान्तवीथिषु विदां क्रीडा परे ब्रह्मणि ॥

અર્થ-જ્ઞાની પુરુષો ચિન્તા વિનાની અને ઉદારતાવાળી ભિક્ષાનુ ભોજન કરે છે, નદીના પાણીનું પાન કરે છે, સ્વતત્રપણાથી નિરંકુશ થઇને નિર્ભય રીતે જીવન ગાળે છે, સ્મશાનમા અથવા તો વનમા નિદ્રા કરે છે, જેને ધોવુ પડે નહિ, તેમ સૂકવવુ પડે નહિ, તેવુ દિશાઓરૂપી વસ્ત્ર પહેરે છે, પૃથ્વી ઉપર શયન કરે છે, ઉપનિષદ્‌રૂપી શેરીઓમા ફર્યા કરે છે અને પરબ્રહ્મ સાથે ક્રીડા કરે છે

શિષ્ય-હે સ્વામિન્! જ્ઞાની પુરુષ, ભગવત્સ્વરૂપનુ પરિપૂર્ણજ્ઞાન થવાથી, સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ જ થાય છે, એમ આપે આગળ કહેલુ છે, પરંતુ બ્રહ્મનુ સ્વરૂપ તો નિરાકાર, નિરવયવ અને સચ્ચિદાનંદઘન એમ વર્ણવેલુ છે અને જ્ઞાની પુરુષને તો શરીર છે, અવયવ છે, ખાવુ પીવુ આદિ કર્મો વળગેલા છે, તેમ છતા તેને બ્રહ્મસ્વરૂપ કેમ કહેવાય?

ગુરુ-હે બાળ! એ સંત પુરુષનુ-જ્ઞાની જનનુ શરીર, જો કે સ્થૂલદૃષ્ટિએ દેખાય છે ખરુ, પણ સૂક્ષ્મદૃષ્ટિએ જોતા તેમ નથી, તે અશરીરી જ છે અને જે શરીર સ્થૂલદૃષ્ટિને ગોચર થાય છે, અને સ્થિતિ પામી રહેલુ છે, તે માત્ર દગ્ધ પટવત્ (બળેલા લુગડા જેવુ) જાણવુ. બળેલુ લુગડુ જેમ જોવા માત્ર છે, પણ તે કઇ ઓઢાતું કે પહેરાતુ નથી, તેમ એ શરીર ને એ કર્મો દેખવા માત્ર જ રહે છે, અને એમ દેખવા માત્ર પણ ઉત્પન્ન થઈ સ્થિતિ પામીને રહેવાનુ કારણ એટલુ જ છે કે, તે (સાધુ-

જનોનું શરીર) મુમુક્ષુઓના પુણ્યનું અને દ્વેષીઓના પાપનુ ફળ ભોગવવા–ફળ અપાવવા ઉત્પન્ન થયેલુ છે તથા સ્થિતિ કરી રહેલુ છે. તેનાથી મુમુક્ષુઓને સુખ અને દ્વેષીઓને પરમ દુ:ખ થાય છે. શ્રીકૃષ્ણ ભગવાનનો દેહ મનુષ્યલોકમા ઉત્પન્ન થયો, તે માત્ર સાધુ મહાત્માઓના પુણ્યથી અને કસ, દુર્યોધન, કાલયવન ઇત્યાદિ દુષ્ટોના પાપથી થયો હતો તેનાથી ઉદ્ધવ, વિદુર, દ્રૌપદી, પાંડવો ઇત્યાદિ સર્વ સાધુજનોની રક્ષા થઈ હતી તથા કંસકૌરવાદિ પાપીઓ મરણને શરણ થયા હતા જ્ઞાનીને વર્ણ, આશ્રમ આદિ કઈ નથી. તે બાહ્ય પદાર્થની લાગણી વગરનો રહી, આ શરીરરૂપી વિમાનમા રહી, પરેચ્છાથી આવેલા વિષયોને જેમ બાળક ભોગવે છે, તેમ ભોગવે છે તેને કશામા આસક્તિ જ નથી, બંધ નથી, તે નિષ્કામ રહી, જગતમા વિચરે છે તે દિગમ્બર રહે કે સાબર રહે, વલ્કલવેષ્ટિત રહે કે ઉન્મત્ત પેરે રહે, બાળક પેરે રહે કે પિશાચ પેરે રહે, સગમા રહે કે અસગી રહે, પણ તે સ્વસ્વરૂપમા તૃપ્ત રહી, નિષ્કામપણે વિષયો ભોગવે છે ને જગતમા વિચરે છે તે શરીરી છતે, અશરીરી જ છે તેને પ્રિય અપ્રિય, સુખદુ:ખ કઈ બાધ કરી શકતુ નથી. તે અભિમાનરહિત છે, કેમકે અભિમાન તો સ્થૂલના સબધીઓને છે, પણ જેણે સર્વ બધન તોડી નાખ્યુ છે, તે તો બ્રહ્મરૂપ જ છે મુક્ત પુરુષોનો દેહ પ્રારબ્ધ કર્મની વાસનાનુ ફળ છે અને તેથી જ તે સસારીપેરે વિચરે છે, પણ તે સકલ્પ વિકલ્પ રહિત બની સાક્ષીરૂપે જ રહે છે આ રીતનો વિશ્વમા વિહરતો અને જગતની દૃષ્ટે દેખાતો જ્ઞાની, બ્રહ્મસ્વરૂપ કેમ ન સભવે?

દ્વાદશ બિન્દુ

નિત્ય નૈમિત્તિક કર્મ કરવાની આવશ્યકતા

बोधोऽन्यसाधनेभ्यो हि साक्षान्मोक्षैकसाधनम् ।
पाकस्य वह्निवज्ज्ञानं विना मोक्षो न सिद्ध्यति ॥

અર્થ–કર્મ આદિ અન્ય સાધનો (અંતઃકરણના મળ વિક્ષેપ આદિ) દોષોની નિવૃત્તિદ્વારા મોક્ષના સાધક છે અગ્નિ વિના જેમ પાકની સિદ્ધિ થતી નથી, તેમ જ્ઞાન વિના મોક્ષની સિદ્ધિ થઇ શકતી નથી

શિષ્ય–હે દયાનિધે! આ સંસારમા મનુષ્યોને માથે નિત્ય અને નૈમિત્તિક એવા બે પ્રકારના કર્મો છે તે શા માટે હશે? જ્ઞાનીને પ્રતિદિવસ તેનો તે રગડો શા માટે જોઇએ?

શિષ્યના આ વચન સાભળીને ગુરુને અત્યંત હસવું આવ્યું ગુરુએ વિચાર્યું કે, એ ગૃહસ્થાશ્રમી છે, છતા પણ એને કર્મો ઉપર કટાળો આવી ગયો છે, તેથી જો જ્ઞાન થયા પૂર્વે જ પ્રમાદથી કર્મો છોડી દેશે તો નિશ્ચે લથડશે, કારણ કે ગૃહસ્થને પોતાના વર્ણાશ્રમ ધર્માનુસાર નિત્ય નૈમિત્તિક કર્મો અવશ્ય કરવા જોઇએ, અને એ કર્મો તો જ્ઞાનગિરિ (જ્ઞાનરૂપી પર્વત) પર ચઢવાનુ પ્રથમ પગથિયુ છે એથી પોતે દયા કરીને તે શિષ્ય પ્રત્યે બોલ્યા કે, "હે વત્સ! આજે આ તેં શું પૂછ્યુ? શું તને કર્મપર હમણાથી જ અનાસ્થા થાય છે? જ્ઞાની જનો પોતાને સપૂર્ણ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયા પછી જે કશા કર્મ કરતા જણાતા નથી, તે શુ કર્મપર અનાસ્થા થવાથી તેને ત્યજી દે છે? ના તેમ નથી તેઓ તો નિત્યનૈમિત્તિક કર્મો અહર્નિશ કરતા રહીને, આત્મજ્ઞાનનુ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કર્યા જ કરે છે. એમ કરતા કરતા સમ્પૂર્ણ જ્ઞાન થયા પછી એ કર્મો આપોઆપ છૂટી જાય છે, પણ તે કંઈ છોડવા માટે મથતા નથી કે છોડેલા છૂટતા નથી. જ્ઞાની જનો અનાસ્થાથી અથવા એ કર્મો વૃથા છે કે બધનકારક છે, એમ માનીને અધવચમાથી તે કર્મોને છોડી દેતા નથી આ તારા પ્રશ્નના જેવુ જ પ્રશ્ન પૂર્વે કોઇ મહાત્માને તેના શિષ્યે પૂછ્યું હતુ,

ત્યારે તેનું પ્રત્યુત્તર તેમણે વાણીરૂપે નહિ કહી સંભળાવતાં પ્રત્યક્ષ પ્રમાણથી આપ્યું હતું એ વૃત્તાંત મને યાદ છે, તે તું ચિત્ત દઇને શ્રવણ કર.

તરણતારિણી, પતિતપાવિની ભાગીરથીના પવિત્ર તટપર આવેલા એક અતિ રમણીય આશ્રમને વિષે તે મહાત્મા રહેતો હતો તેનાથી કેટલેક દૂર આવેલા વિષ્ણુપત્તન નામે નગરમાં તેનો કોઇ એક ગૃહસ્થાશ્રમી શિષ્ય રહેતો હતો. તે પ્રતિદિન પોતાના વ્યાવહારિક કાર્યમાંથી અમુક સમય સુધીનો અવકાશ લઇને, તે મહાત્માના આશ્રમે, જ્ઞાનપ્રાપ્તિ થવા સારુ જતો હતો. પ્રાત કાળે જેવો તે ઉઠતો, તેવો જ શૌચ, દન્તધાવન, સ્નાન, સંધ્યા આદિ પોતાના નિત્ય આહ્નિક કર્મો આટપી લઇ, તે પછી મહાત્મા ગુરુને આશ્રમે આવતો હતો. ત્યા આવતા જ ગુરુદેવને દણ્ડવન્નમસ્કાર કીધા પછી પોતાના હાથમા સાવરણી લેતો. તેવડે પ્રથમ આખા મઠમાથી કચરો કાઢી નાંખતો, પછી આશ્રમના બારણા આગળ તથા મઠની આસપાસ, સઘળેથી વાળી ઝાડીને જગા સાફ કરતો, પછી ગોમય, મૃત્તિકા વગેરેને પાણીની સાથે એકત્ર કરી, મઠ (પર્ણકુટી)ની ચારે બાજુએ સડો* નાખતો, તે પછી, મઠના દ્વાર સમીપ ખડી અથવા તો એવી કોઇ સફેદ માટીની કે પત્થરની ઝીણી ભૂકીથી કોઇ દિવસ ષટ્દલ,† કદી અષ્ટદલ,‡ ક્યારેક ષોડશદલ,§ એવી રીતનું કમલચિહ્ન કાઢતો,‖ પછી ગંગામાથી જળ લાવી મઠની ચારે બાજુએ આવી રહેલા પુષ્પવૃક્ષો, તુલસીવૃન્દો વગેરેને સિંચન¶ કરતો અને તે વૃક્ષોપર ખીલી રહેલા સુંદર પુષ્પો, તુલસીના માંજર વગેરે વીણી લાવી, ચંદન ઘસી, તૈયાર કરીને ગુરુ પાસે જતો અને તેના ચરણ પ્રક્ષાલન કરી, ચંદન પુષ્પાદિથી તેની અર્ચા કરતો હતો પછી તેની સમીપ બેસી, પોતાને જે કઇ શંકા હોય તે નિવેદન કરતો ને સમાધાન પામ્યા પછી ગુરુઆજ્ઞાથી સમયસર ઘેર ચાલી જતો હતો

એક દિવસે એ પોતાના નિત્ય નિયમાનુસાર સર્વ કામ કરી લઇ,

* છાણ માટી ભેળા કરી, તેમા પુષ્કળ પાણી નાખીને પછી જમીનપર છાંટવુ, ને પછી એક બોઘરાવતી વાળી નાખવુ, જેમ કરવાથી પાતળા પાતળા લિંપણ સરખુ થઇ રહે છે, તેને સડો નાંખવો એમ દક્ષિણી લોકો કહે છે એ ચાલ દક્ષિણીઓમા પ્રચલિત છે

† છ પાખડીવાળું ‡ આઠ પાખડીવાળું § સોળ પાખડીવાળુ ‖ એ કમલચિહ્ન ગૃહસ્થના બારણા આગળ અત્યંત શુભકારક છે, અને મહાત્મા જ્ઞાનીએ દેહવિષે જે જૂદા જૂદા કમળસ્થાનો કહી, તેમા દેહના દેવતાઓના સ્થાનો કલ્પ્યા છે, તેમા પરમાત્માના હૃદયસ્થાનનુ ચિહ્ન કમળ છે, અર્થાત્ બ્રહ્મલિંગ (બ્રહ્મચિહ્ન) એ કમળ છે ¶ પાણી સિંચવુ તે

ગુરુજી આગળ બેઠો અને ઉપરનું પ્રશ્ન પૂછયું. મહાત્મા ગુરુએ વિચાર્યું કે, આનું પ્રત્યુત્તર એને માત્ર મોઢેથી જ કહી સંભળાવવુ એ ઠીક નહિ. એ વિચક્ષણ છે, તેથી સમજશે તો ખરો, પણ માત્ર ઉત્તરથી જ કઈ કર્મ ઉપર થયેલી એની અનાસ્થા મટવાની નથી, માટે કંઇક નવીન યુક્તિથી એ દૃષ્ટાંત એને યોગ્ય રીતે સમજાવું તો એના મનનુ ખરેખરુ સમાધાન થાય આમ વિચારી તેણે એ વખતે માત્ર તેને એમ જ કહ્યું કે, "હે બાપ! જો કે એ નિત્ય નૈમિત્તિક કર્મો પરમહંસ જ્ઞાનીને કઈ ઉપયોગના નથી, છતા ગૃહસ્થાશ્રમીને તે કેટલા બધા આવશ્યક છે, તે થોડા સમય પછી આપોઆપ તને સમજાશે."

બીજે દિવસે પ્રાતઃકાળમા શિષ્ય જેવો આશ્રમમા આવ્યો અને જેવી સાવરણી હાથમા લીધી કે, તુરત ગુરુ હાથમા દંડ કમંડલુ લઇને ઉભા થયા તેઓએ પર્ણકુટીના બારણા આગળ આવી, શિષ્ય પ્રત્યે કહ્યું; "હે બાપ! આજે મારી ઇચ્છા છે કે, ગગાતટપર, જ્યા સર્વ ઋષિ મુનિઓ મળી પોતાના આહ્નિક કર્મો કરે છે, ત્યા આગળ સ્નાન કરવા આપણે જઇએ એ બહાને આપણને ઘણાક મહાત્માઓના ત્યા દર્શન પણ થશે ને પતિતપાવિની ગગાનુ સ્નાન પણ થશે. માટે તુ આ સાવરણી મૂકી દઇ, મારુ કટિવસ્ત્ર લઇ, મારી સંગે ચાલ." આ સાંભળી શિષ્યે તુરત વસ્ત્ર બગલમા મારી લીધુ, અને ગુરુ શિષ્ય સાથે જાહ્નવી-તટ પ્રતિ ચાલ્યા ત્યા જઈ ગગાસ્નાન કર્યા પછી તર્પણાદિ ક્રિયા કરીને ગુરુ શિષ્ય બન્ને મહાત્મા ઋષિઓના દર્શન કરવા ગયા. ત્યા કોઈ ઋષિ બેઠા બેઠા સધ્યા જ કરી રહ્યા છે, કોઈ તર્પણ કરે છે; કોઈએ પ્રાણાયામ કરી સમાધિ ચઢાવેલી છે, કોઈ પોતાના બ્રહ્મરંધ્રમા પરમાત્માનુ ધ્યાન કરે છે, કોઈ ચારે વેદનો મન્ત્રોચ્ચાર કરી બ્રહ્મયજ્ઞ કરે છે કોઈ ઉભા થઈ, બન્ને બાહુ ઉંચા કરી, સૂર્યનારાયણનુ મહોપસ્થાન કરે છે, કોઈ ગૌમુખીમા હાથ ઘાલી, એકાગ્રચિત્તે ગાયત્રીમન્ત્રનો જપ કરી રહ્યા છે આમ અનેક પ્રકારે પ્રભુપરાયણ ઋષિઓ ભગવદ્ધ્યાનમાં નિમગ્ન છે, તેઓના દર્શન કરતા કરતા ગુરુ શિષ્ય ચાલ્યા જાય છે એ સમયે સૂર્યનારાયણ ઘણો ઉચે ચઢ્યો છે તે જોઈ, ગુરુએ શિષ્યને કહ્યું; "હે બાપ! હવે તારા ગૃહ પ્રત્યે જવાનો સમય વીતી ગયો છે, ને પાછા આશ્રમે જઇશું ત્યાર સુધીમા બહુ વિલંબ થશે, માટે હવે તુ અહીંથી પરબારો શહેરમા જા." આવી ગુરુની આજ્ઞા થવાથી શિષ્ય, તુરત ગુરુને નમસ્કાર કરીને માર્ગસ્થ થયો.

બીજે દિવસે પ્રભાતમાં, નિયમ પ્રમાણે શિષ્ય આશ્રમ પ્રત્યે આવ્યો એ સમયે પણ ગુરુ તેની વાટ જોતા જ છેક આશ્રમની બહાર આવી તૈયાર થઈ ઉભેલા હતા શિષ્યને આવતો જોઈને ગુરુ બોલ્યા, "હે વત્સ! આજ તો મારા જાણવામા આવ્યું છે કે, સામેના ત્રિવેણી ઘાટપર આવેલા એક આશ્રમમા કોઈ બ્રહ્મનિષ્ઠ મહાત્મા પુરુષ, કોઈ દેશાતરથી પધારેલા છે. તેઓ સાક્ષાત્ પરમહસ મૂર્તિ છે, માટે તેમના દર્શનનો અલભ્ય લાભ લેવાની અતિ ઉત્કઠા થવાથી ત્યા જવા માટે હું તારી વાટ જોઇ ઉભો છુ ચાલ આપણે નિર્વિલબે ત્યા જઈએ," આવા ગુરુવચન સાભળી શિષ્યે તેને પ્રણામ કીધા, અને આશ્રમમા ન જતા બન્ને જણા ત્રિવેણીઘાટને માર્ગે ચાલ્યા. કેટલીકવારે તે મહાત્માના ઉતારા સમીપ જઇ પહોંચ્યા તે આશ્રમની ચારે દિશાએ આવેલી સુંદર વૃક્ષ-લતાઓથી આનદ પામી અદર ગયા તો ત્યા ઘણા મુનિઓ, વિદ્વજ્જનો, મુમુક્ષુઓ વગેરેથી વિંટાઇને તે મહાત્મા બેઠેલા હતા. તેને આ બન્ને ગુરુ શિષ્યે પોતપોતાની યોગ્યતાપૂર્વક નમસ્કાર કર્યાં પછી સર્વની સાથે સભામા બેઠા. જ્યા આવી મહા મુનિની મડળી હોય ત્યા પૂછવુ જ શુ? જિજ્ઞાસુઓ પોતાની અનેક પ્રકારની શકાઓનું સમાધાન કરાવવા માટે જૂદા જૂદા પ્રશ્નો કરી રહ્યા છે, અને સતોષકારક ઉત્તરો સાભળી, મનનુ સમાધાન થવાથી શ્રોતાઓ હર્ષ પામે છે વળી ધર્મશાસ્ત્ર, ઉપનિષદ્, સાખ્ય, યોગ, મીમાસા, વૈશેષિક, પુરાણ આદિનુ રહસ્ય તથા એ સર્વ શાસ્ત્રોના જૂદા જૂદા જે આશયો બ્રહ્મનિષ્ઠ મહાત્મા વર્ણવે છે, તે સાભળીને, તેમ જ "તે સર્વ સિદ્ધાતો જો કે જોવા માત્ર જૂદા છે, પણ તે સર્વ વેદાતપ્રતિપાદ્ય પરમાત્માને દર્શાવનારા છે, કારણ કે, તે સર્વ મળી વેદના રહસ્યનુ યથાર્થ સ્ફોટન કરે છે, અર્થાત્ તે સર્વ શાસ્ત્રો વેદના અગ છે, અને તે સર્વ અગો થી જ પરમાત્માના સ્વરૂપનુ યથાર્થ જ્ઞાન થઈ શકે છે," ઇત્યાદિ વચનોથી, સત્ય પ્રતીતિ કરાવીને, તે મહાત્મા સર્વ વિદ્વાનોના મનનું સમાધાન કરતા હતા એ પ્રકારે ત્યા સાક્ષાત્ બ્રહ્માનન્દ રસ પ્રકટ વહી રહ્યો હતો આવો પ્રકાર જોઈ, તે બન્ને ગુરુશિષ્ય આનન્દરસમા ગળી ગયા હોય તેવા થઈ રહ્યા અને ઘણીવાર સૂધી એકેકને ત્યાથી ઉઠવાનુ મન થયુ નહિ

થોડીકવારે જ્યારે તે સભા આપોઆપ વિસર્જન થઈ, ત્યારે સૌ સાથે આ બન્ને ગુરુશિષ્ય પણ તે બ્રહ્મનિષ્ઠ મહાત્માને નમસ્કાર કરીને ત્યાથી ચાલી નિકળ્યા. ત્રિવેણીઘાટના આશ્રમની બહાર ઝાડોની મહાન્ ઘટા

છવાઈ રહી હતી, ત્યા થઈને જતાં એક વિશાળ મેદાનમા અવાતું હતું ત્યા આવ્યા ત્યારે બરાબર મધ્યાહ્ન થયલા હતા ગુરુશિષ્ય પેલા મહાત્માની પ્રશસા કરતા કરતા ઉતાવળા ચાલ્યા જતા હતા હંમેશનો સમય આજે ઘણો સમય થયા વીતી ગયો હતો, અને ભૂખ પણ કકડીને લાગી હતી ચાલવાની પણ પૂરી શક્તિ રહી હતી નહિ, એથી શિષ્યે તો માર્ગમાથી જ ગુરુની આજ્ઞા માગી શહેરનો રસ્તો પકડ્યો ગુરુને તો એટલુ જ જોઇતું હતું જેવો શિષ્ય, નગર પ્રતિ ચાલ્યો તેવા જ ગુરુજી પાસેના ઉપવનમા પેઠા, અને ત્યાથી વનફળ વગેરે લઇને સ્વાશ્રમ પ્રત્યે ગયા.

બીજે દિવસે પોતાના નિત્ય નિયમ પ્રમાણે, પણ રોજ કરતા બહુ મોડો અને ઢીલે પગે, હળવે હળવે ચાલતો શિષ્ય, આશ્રમ પ્રત્યે આવ્યો. એ સમયે જ ગુરુજી આશ્રમથી બહાર નિકળી, પોતાનુ કમડલુ લઈ, ગગાપર જળ ભરવા જતા હતા, તે તેને સામે મળ્યા ગુરુએ શિષ્યને રોજ કરતા આજે કેવળ ઉદાસીન અને નિસ્તેજ જોયો, તેથી આશ્ચર્ય પામીને સમાચાર પૂછવા લાગ્યા કે, "બચ્ચા! તુ આજે આમ ઢીલો કેમ છે?" શિષ્ય હાથ જોડી હલકે સ્વરે બોલ્યો, "મહારાજ! કાલે ભોજનનો સમય ઘણો વ્યતીત થયા પછી ઘેર જઈ હું જમવા બેઠો હતો પરન્તુ ભૂખ મરી ગઈ હતી, મસ્તક દુ ખતું હતુ, તેથી યથોચિત જમાયું નહિ થાક અને ભૂખ, એ બન્ને દુ ખ ભેગા થવાથી રાત્રે સખત તાવ ચઢી આવ્યો, તેથી શરીર અશક્ત બની ગયું છે, અને ચાલવાની પણ શક્તિ રહી નથી" એ સાભળી ગુરુએ તુરત માર્ગની પાસેના ભાગમાથી એક વનસ્પતિ આણી અને તેને આપીને કહ્યુ કે, "તુ આનો રસ કાઢી ત્રણ દિવસ પર્યંત તેનું સેવન કરજે (પીજે) એનાથી તારો જ્વરાદિ સર્વ વ્યાધિ શાત થઈ જશે. શરીરમા જ્યા સૂધી જ્વરનો અશ હોય ત્યા સૂધી તું બીલકુલ સ્નાન કરીશ મા!" તે ઔષધિ લઈ શિષ્ય તો પરબારો જ વિદાય થયો. આ વનસ્પતિના સેવનથી શરીર તો સારુ થયુ, પણ ચાર દિવસ સૂધી સ્નાન નહિ થવાથી શરીર તદ્દન મલિન અને નિસ્તેજ દિસવા માડ્યુ શરીરપર સઘળે મેલ ચઢી ગયો હતો, પરસેવો પણ શરીરના ઉપર જ સૂકાવાથી દુર્ગંધ આવતી હતી, અને અગપર માખીઓ બણબણવા માડી હતી. જ્યારે મૂળમા સ્નાન જ ન થયું, ત્યારે સંધ્યા, તર્પણ, વૈશ્વદેવ ઇત્યાદિ કર્મો તો ક્યાથી અને કેમ જ થાય? આમ કર્મોનો લોપ થવાથી તેનું મન

પણ વ્યગ્ર-અસ્વસ્થ થઈ ગયું હતું આમ સઘળી રીતે ગ્લાનિ પામીને તે ઉતાવળો ઉતાવળો સ્નાન કરવાની આજ્ઞા લેવા ગુરુજી પાસે આવ્યો

તે શિષ્ય આશ્રમની અંદર પેસે છે, તો ત્યા પણ સઘળુ વિલક્ષણ અને નિસ્તેજ જોવામા આવ્યું તે જેમ જેમ આગળ જવા લાગ્યો, તેમ તેમ અંદર જવા પણ ગમે નહિ, એવુ બની રહેલુ તેની દૃષ્ટિએ પડયુ જ્યા જુવે ત્યા કચરાના ટીમ્બા થયેલા હતા, પુષ્પવૃક્ષોના, તેમજ ફૂલ-વૃક્ષોના કયારા તદ્દન સૂકાઈ જઈ, તેપર ઝાડોપરથી ખરી પડેલા સૂકા પાંદડા તથા જનાવરોની અઘારના ઢગ થઈ ગયા હતા, ઘણા દિવસથી પાણી ન મળવાને લીધે કેટલાક નાજુક રોપાઓ તો તદ્દન કરમાઈ ગયા હતા, પ્રતિદિન ન વીણી લેવાવાને લીધે ખીલેલા પુષ્પો કરમાઈને નીચે પડ્યા હતા, અથવા તો ઉપરના ઉપર સૂકાઈ ગયા હતા, તુલસીવૃક્ષો જળની તાણને લીધે સૂકાઈ જવાની તૈયારીમા હોવાથી પીળાં પડી ગયા હતા, રસ્તા ઉપર અને ઝાડવાના થડો ઉપર, ઉધઈના પોપડા બાઝી ગયા હતા, ઝાડોપર અને છોડવાઓપર જ્યા ત્યા કરોળીઆઓએ જાળા બાંધ-વાની શરુઆતને માટે લાળના તાતણા નાખ્યા હતા અને માર્ગપરની, તેમજ કયારાઓમાની જમીનમા જ્યા ત્યા ઉંદરોએ તથા કીડીઓએ પોતાને રહેવાને દર પાડી દીધા હતા આ સર્વ જોઈને મનમા બહુ ખિન્ન થતો તે, આશ્રમમા આગળ ગયો ત્યા પણ તેવો જ સીયાડો ને કચરો સઘળે જામી ગયા હતા, જ્યા ત્યા લિપણ ઉખડી ગયુ હતું અને ચોમેર જાળા બાઝી ગયા હતા. આવી રીતે આખા આશ્રમની અવસ્થા થઈ પડી હતી.

આ સઘળુ અવલોકન કરવાથી પરમ ખેદ પામતો પામતો તે મઠમા પેઠો સામે જ ગુરુજી બેઠા બેઠા પરમાત્માનુ સ્મરણ કરતા હતા પ્રથમ તેને દંડવત્નમસ્કાર કર્યા, પણ પોતાના શરીર વગેરેના સમાચાર પણ તેને કહેવાનુ તુરત મુલતવી રાખી, લાગલો જ હાથમા બોધરો* લીધો આ જોઈ તુરત ગુરુએ પૂછ્યુ, "બેટા! એને તુ શુ કરીશ?" શિષ્યે કહ્યુ, "પૂંજો કાઢીશ" ગુરુજી બોલ્યા, "ભાઈ! રોજ રોજ એ રગડો શાને માટે કરવો જોઇએ? રહેવા દે" આ સાભળી તે જરાક મનમા અકળાઇને બોલ્યો, "આશ્ચર્ય જેવી વાત છે કે, આ મઠ તથા આખો આશ્રમ, ક્ષણભર ઉભુ રહેવુ ન ગમે તેવો ખરાબ થઈ રહ્યો છે, છતા આપ મને આ પ્રમાણે વારો છો!" ગુરુએ મનમા જાણી લીધુ

* રસ્તા વગેરેમાથી ઘણો પુંજો-કચરો કાઢવાની મોટી મજબૂત સાવરણી

કે, હવે એ પોતાના મનમા સમજ્યો છે ખરો કે, પ્રતિદિન વાળઝાડ ન કરવાથી આશ્રમની આવી દશા થઈ ગઈ છે, છતા પુનઃ તે વાત દૃઢ કરવા પૂછ્યુ કે; "આજથી ચાર પાંચ દિવસ પહેલાં જ્યારે આપણે બેઉ ગંગાસ્નાન કરવા ગયા હતા, ત્યારે તો આશ્રમ ઘણો સુદર દેખાતો હતો, અને આજે એમ કેમ થઈ ગયો હશે વારુ? પણ એ તો બધું ઠીક, તારા શરીરની હવે કેવી સ્થિતિ છે? જ્વર વગેરે ઉતરી ગયો કે?" એ સાભળીને તે બોલ્યો, "જેવી આશ્રમની સ્થિતિ છે તેવી જ, બલકે તેથી પણ વધારે ખરાબ સ્થિતિ મારા આ સ્થૂલ શરીરની છે, કેમકે ચાર ચાર દિવસ થયા સ્નાને થયું નથી, સંધ્યા તર્પણાદિ નિત્યાહ્નિક કર્મનો પણ લોપ થઈ ગયો છે, શરીર આખુ ગધાય છે, મન જાણે ભ્રમિત સરખુ અને મલિન થઈ ગયુ છે, તથા સર્વ પ્રકારે આખુ અંગ ભારે શિલાસમાન લાગે છે! વળી આગળ હું બ્રાહ્મ મુહૂર્તમા* ઉઠી, સ્નાન સંધ્યાદિ આટપી, દિવસ ઉગતા પૂર્વે તો સર્વ કાર્યથી મોકળો થઈ જતો હતો, અને તેથી મન પણ અતિ આનદી અને પ્રફુલ્લિત રહેતું હતું, તેમ જ તત્ત્વજ્ઞાન સાભળવાને અધિકાધિક પ્રીતિ ઉપજતી હતી, અને પ્રભાતમા શ્રવણ કરેલી કથાનુ મનન કરવાથી અનેક પ્રકારના તર્કવિતર્કો અને શંકાઓ ઉઠતી હતી, જેનુ સમાધાન મેળવવાને ઉમગ ભરયો હું અહીં આવતો હતો પણ આજે તો સઘળુ એથી ઉલટુ જ છે, તેમાએ આ આશ્રમની સ્થિતિ જોઈને તો મારુ મન વધારે વ્યગ્ર થયુ છે. માટે આપ કૃપા કરીને આજ્ઞા આપો કે, જેથી હું આશ્રમને પ્રથમની પેઠે વાળી ઝાડીને ઘેર જાઉં અને સ્નાન મર્દનાદિથી શરીરને પણ સ્વચ્છ કરીને પાછો નિત્ય કાર્યમા પ્રવૃત્ત થાઉં" ગુરુ બોલ્યા, "હરિ હરિ! એ વળી કાલી પચાતમા તુ શુ કામ પડે છે? અલ્યા! તારે વળી નિત્ય કૃત્ય શા અને સ્વચ્છતાનુ કામ શું છે? કેમકે, તુ તો હવે જીવન્મુક્ત થઇ ગયો છે! પાચેક દિવસ ઉપર તેં પૂછ્યુ હતુ કે, 'આ નિત્ય કૃત્યની કડાકૂટ રોજ રોજ શા માટે કરવી જોઇએ?' માટે હવે એ બોઘરો નીચો મૂકી દે અને બ્રહ્મવાર્તા કર!" આ સાભળી શિષ્ય, ગુરુના વચનોનો ભાવાર્થ સમજી ગયો અને એકદમ દોડી, બોઘરો નીચે નાખી દઈ, તેના ચરણમા પડીને બોલ્યો, "આપના પ્રભાવને ધન્ય છે અહો! મારી શંકાનું સમાધાન આવી રીતે આપ વિના કોણ કરે? હે દેવ! હું હવે આપને

* પાછલી ચાર ઘડી રાત્રે

શરણે આવ્યો છું. આ દુસ્તર ભવનાં બંધનોથી મને મુક્ત કરનાર આપ વિના બીજું કોઇ જ નથી, માટે હું સર્વથા સર્વદા આપને શરણે છુ" એ પ્રમાણે અનેક પ્રકારે સ્તુતિ કરતો નીચે પડી રહ્યો.

તે પછી ગુરુએ તેને હાથ ઝાલીને બેઠો કર્યો, અને તેને હૃદય સાથે ચાપી આશ્વાસનયુક્ત પ્રશસા કરીને પૂછ્યુ, "હે વત્સ ! હવે તારી શકાનુ સમાધાન થયુ ? નિત્ય નૈમિત્તિક કર્મો ગૃહસ્થાશ્રમીને કેટલા બધા આવશ્યક છે, તે તારા સમજવામા આવ્યુ એ યોગ્ય થયુ જેવી રીતે વાળ ઝાડ, લિપ ગુપ, સાફ સૂફ વગેરે નિત્ય કૃત્ય વિના આશ્રમની વિલક્ષણ સ્થિતિ થઇ ગઇ છે, તે જ રીતે સ્નાન, સધ્યા ઇત્યાદિ નિત્ય કર્મ વિના તારા શરીરની સ્થિતિ પણ વિલક્ષણ થઇ ગઇ છે માટે હે શિષ્ય ! જ્યા સૂધી સસારની સર્વ વસ્તુ ઉપરથી આસક્તિ ઉઠી જાય નહિ, જ્યા સૂધી આત્માનુ યથાર્થ સ્વરૂપ જાણવામા આવે નહિ, જ્યાસૂધી આયાસે વા અનાયાસે (ચિંતવે કે વગર ચિંતવે) થઇ જતા પાતકો વિરમે નહિ, ત્યાસૂધી નિત્ય કર્મો ગૃહસ્થની પછવાડે લાગેલા જ છે. ગૃહસ્થો નિત્ય પાચ હિંસા* કરે છે, તે દોષના નિવારણાર્થે દ્વિજ વર્ગને પ્રતિદિન વૈશ્વદેવાદિ પચ મહાયજ્ઞ કરવા પડે છે જો નિત્ય પચ મહાયજ્ઞો કરવામા આવે નહિ તો આશ્રમમા જેમ કચરો ભેગો થઇને તે ઉજ્જડ થવા વખત આવ્યો હતો, તેમ એ પાપો મનાદિક ઇંદ્રિયોને મલિન અને વ્યગ્ર કરીને મનુષ્યને બ્રહ્મજ્ઞાનમાથી પાછો પાડે છે, અર્થાત્ પરબ્રહ્મ સમ્બન્ધી ઉત્તમ જ્ઞાનના વિચારો મનમા ટકી શકતા નથી વેદના ત્રણ વિભાગ છે, કર્મકાડ, ઉપાસનાકાડ અને જ્ઞાનકાડ તેમા પણ કેટલાક મુનિઓ કર્મકાડને મુખ્ય ગણે છે, કારણ, કર્મમા પ્રવૃત્ત થયાથી ઉપાસના (ભક્તિ) મા દ્દઢતા આવે છે એ ઉપાસનાથી મન, સસ્કારી તથા પવિત્ર થઇને પછી તેમાથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, અને એ જ્ઞાન શ્રવણ, મનન ને નિદિધ્યાસનથી સુદૃઢ થાય છે ત્યારે જ તે હૃદયમા સ્થિર થાય છે એવી રીતે પગથીએ પગથીએ ચઢવાથી જ્ઞાનરૂપ મેરુના શિખરપર વિરાજી રહેલા પરમાત્માની

* ખાડણીઓ, ઘટી, ઝાડુ, પાણીયારુ અને ચુનો, આ પાચ પદાર્થોનો ઉપયોગ કરતા નાના પ્રકારના જતુઓની હિસા થાય છે, તેનો ગૃહસ્થોને દોષ લાગે છે તેને શાસ્ત્રમા "પચસૂનાજનિત" દોષ કહે છે એ દોષોના નિવારણાર્થે વેદ ભણી ભણાવી બ્રહ્મયજ્ઞ, પાણીથી પિતૃઓનુ તર્પણ કરી પિતૃયજ્ઞ, અગ્નિમા હોમ કરી દેવયજ્ઞ, પ્રાણી માત્રને બલિ આપી ભૂતયજ્ઞ અને અતિથિઓનો સત્કાર કરી મનુષ્યયજ્ઞ ગૃહસ્થાશ્રમીએ અવશ્ય કરવા જોઇએ

ભેટ થાય છે, અને એમા જ લીન થવાથી દ્વૈતભાવ મટી જઈ અદ્વૈતભાવ સ્થિર થાય છે. જ્ઞાની જનને અજ્ઞાનાવસ્થાના યોગે જ દ્વૈતભાવ ભાસે છે, અર્થાત્ ભિન્નતા જોવામા આવે છે, પણ સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થતાંજ જરાએ ભેદ-દ્વૈતભાવ જોવામાં આવતો નથી. જ્ઞાન (એટલે અનુભવવાળુ જ્ઞાન) થવા પછી જ્ઞાની, કર્મને તથા અકર્મને સમાન જ જુવે છે, કારણ કે કાર્ય સહિત અજ્ઞાન નિવૃત્ત થવાથી તેને દ્વૈત પ્રતીત થતું નથી. પણ એથી એમ ન સમજવું કે, માત્ર કર્મકાંડને જ પકડીને બેસી રહેવું જેમ કે દૂધમાં ઘી રહેલું જ છે, તેમ કર્મકાંડમા પરમાત્માનુ તત્ત્વ સમાયલું છે ખરુ, પરંતુ જેમ દૂધમાંથી દહીં, દહીંમાથી માખણુ, અને તેને તાવ્યાથી ઘી થાય છે, તેમ જ કર્મથી ભક્તિ, ભક્તિથી જ્ઞાન, અને જ્ઞાનથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે * વળી જેમ શરીર આરોગ્ય કરવા માટે વૈદ્ય પ્રથમ રેચ આપી શરીરને શુદ્ધ કરે છે, તે પછી કવાથાદિક આપીને રોગના મૂળ કાઢે છે અને તે પછી શક્તિનુ ઔષધ આપે છે; તેમ પરમ જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રથમ કર્મ કરવાના છે, પછી ઉપાસના છે, અને છેવટે જ્ઞાન છે આ રીતે કર્મો કેટલા ઉપયોગી છે, એ આ દૃષ્ટાંતપરથી જ તારે સમજી લેવું એ કર્મો (નિત્ય અને નૈમિત્તિક-નિત્ય એટલે પ્રતિદિવસે કરવાના, અને નૈમિત્તિક એટલે કોઈ નિમિત્તને લઇને કરવાના) આપણે હાથે કરીને છોડી દેવા જોઇએ નહી, પણ સમય આવે આપોઆપ છૂટી જાય છે જેમ દૂધનું દહીં થયા પછી આપોઆપ દૂધપણું મટી જાય છે, અને દહીંને વલોવી માખણ કાઢયા પછી દહીંપણું રહેતુ નથી, અને તે માખણને પણ ખૂબ તાવી કાઢયા પછી માખણુ-પણું પણ લય પામી જાય છે; તેવી જ રીતે કર્મ ઉપાસના ઇત્યાદિ એક પછી એકમા લય પામતા છેવટે પરમાત્માના સ્વરૂપનુ દર્શન થવાથી જ્ઞાની પણ અવિનાશી એકરસ બ્રહ્મરૂપ જ થઇ રહે છે, એમ નિશ્ચે જાણવું."

આવુ મહા જ્ઞાન શ્રવણ કરવાથી પરમ આનન્દ પામી, ગુરુચરણમા વારંવાર દંડવત્ પ્રણામ કરીને શિષ્ય પોતાના નિત્ય કૃત્યમા વળગ્યો, તથા આશ્રમને ઝાડી ઝપટીને પાછો પૂર્વ સ્થિતિમા આણ્યો, અને ગુરુની આજ્ઞા લઇને પોતાને ઘેર ગયો

પ્રથમ ગુરુ, જિજ્ઞાસુ શિષ્યને ઉદ્દેશી બોલ્યા; "હે વત્સ! આ પરથી નિત્ય નૈમિત્તિક કર્મ કેટલા અગત્યના છે, તે યથાર્થ તને સમજાયું હશે"

* કોઈ વળી આમ પણ કહે છે કે, કર્મથી ભક્તિ, ભક્તિથી જ્ઞાન, જ્ઞાનથી પુન ભક્તિ અને ભક્તિથી પરમાત્માની શુદ્ધ જ્ઞાનભક્તિ અને તે જ ભક્તિ આનન્દસહ મુક્તિ આપે છે

ત્રયોદશ બિન્દુ

મનુષ્ય પરીક્ષા

यथा चतुर्भि कनक परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनै ।
तथा चतुर्भि पुरुष परीक्ष्यते श्रुतेन शीलेन कुलेन कर्मणा ॥

અર્થ-જેમ કસોટી ઉપર ઘસવાથી, કાપવાથી, અગ્નિમા તપાવનાથી અને હથોડાવતી ટીપનાથી, આમ ચાર પ્રકારે સોનાની પરીક્ષા થાય છે, તેમ શાસ્ત્રાભ્યાસથી, સ્વભાવથી, કુળ અન કર્મ ઉપરથી, એમ ચાર પ્રકારે પુરુષની પરીક્ષા થાય છે

શિષ્ય-હે દીનવત્સલ! આ જગતમા અનેક પ્રકારના મનુષ્યો ઉત્પન્ન થાય છે, અને તેઓની પ્રકૃતિમાં પણ બહુ ફેરફાર હોય છે માટે કાર્ય પ્રસગે આપણે તે મનુષ્યોને કેવી રીતે ઓળખવા, અને મુખ્યત્વે કરીને તેઓમા કેટલા ભેદ હોય છે, તે કૃપા કરી મને જણાવો

ગુરુ-હે બાપ! તું કહે છે કે, જગતમા અનેક પ્રકારના મનુષ્યો ઉત્પન્ન થાય છે, પરતુ અનેક તો શું, પણ જગતમા તો અનન્ત પ્રકારના, પાર વગરના, ને ભિન્ન ભિન્ન રુચિ ને ભિન્ન ભિન્ન ભાવના-કામના-આચાર ને વિચારવાળા મનુષ્યો ઉત્પન્ન થાય છે તું જો કે, અદ્યાપિ પર્યન્ત તેં તથા મેં જે જે મનુષ્યો જોયા, તે સઘળામા કોઇની પણ આકૃતિ (ચહેરો) મળતી આવતી નથી, તો પછી પ્રકૃતિ (સ્વભાવ) તે મળતી કેમ જ આવે? તથાપિ આ સત્ય છે કે, કોઈ અમુક વાતનો નિશ્ચય કરવો હોય ત્યારે સો સત્પુરુષોનો વિચાર એક સરખો મળે છે, બહુધા તેઓ સઘળા એક જ નિશ્ચય ઉપર આવે છે. પરન્તુ તે જ વાતપર, બે ચાર શઠ અથવા મૂર્ખ મનુષ્યના વિચાર અલગ અલગ આવ્યા વિના રહેશે નહિ હવે તેવા (શઠ તથા સજ્જન) મનુષ્યોની પરીક્ષા કેમ કરવી? એ વિષે કહ્યું છે કે, જેવી રીતે નિઘર્ષણ (કસોટીપર ઘસી રગ જોવો), છેદન (કાપી જોવું), તાપ (ભઠ્ઠીમા ઘાલી ખૂબ તાવી જોવું), તાડન (ટીપી જોવું), એ ચાર પ્રકારવડે સોનાની પરીક્ષા કરવામા આવે છે અને એ ચાર પ્રકારો અજમાવતા જો સોનુ ફાટી વેરાય નહિ, તેમ જ તેના રગમા, રૂપમા કે તોલમા કશો

ફરક પડે નહિ તો તે સોનું શુદ્ધ છે, એમ માનવામાં આવે છે; તેવી જ રીતે મનુષ્યોની પણ ચાર પ્રકારે પરીક્ષા કરવામા આવે છે મનુષ્યપરીક્ષા કરવાં પ્રથમ તો તેનામાં જ્ઞાન (વિદ્યા) આદિ કેટલું અને કેવા પ્રકારનું છે તે; તેનામાં શીલ (સ્વાભાવિક લક્ષણો) કેવું છે તે, કેવા કેવા ગુણ અવગુણોનું તે પાત્ર છે તે; અને તે કેવા કામમા પ્રવર્તેલો છે તે; તેને કેવો સગ છે તે અને તેનું કુલ કેવુ છે તે, ઇત્યાદિની પરીક્ષા કરવી. એ સર્વ ગુણો સહવાસથી જાણવામા આવે છે પરીક્ષા કરતા સર્વ વાતે જો તે મનુષ્ય ઉત્તમ પ્રકારનો જાણવામા આવે છે, તો તે સજ્જન મનુષ્ય છે

વળી મનુષ્યોમા મુખ્યત્વે કરીને ત્રણ ભેદ માનવામા આવે છે, ઉત્તમ, મધ્યમ અને અધમ; તેમ તામસ, રાજસ અને સાત્વિક. આ જગતમા એ કઈ નવાઈ જેવી વાત નથી કે સૌ પ્રાણીઓ પોતાના હિતમા અહર્નિશ તત્પર હોય છે પણ જેઓ પરહિત કરવામા પ્રીતિ ધરાવનારા છે તેઓને ધન્ય છે શાસ્ત્રમા પણ કહ્યુ છે કે, 'परोपकार. परम हि पुण्यम्।' પરોપકાર એ પરમ પુણ્ય છે. જગતના પિતા વિષ્ણુ ભગવાન્ પણ પરોપકારથી જ અત્યંત પ્રસન્ન થાય છે હવે પરોપકાર કરવાની બુદ્ધિ જેના અત કરણમા નિરંતર થયા કરે છે, તે સાત્વિક વૃત્તિવાળા ઉત્તમ મનુષ્ય ગણાય છે તેમા પણ જે મનુષ્યો પારકુ હિત કરવામા એટલી બધી આતુરતા ધરાવતા હોય કે, તેમ કરવા જતા પોતાનું સઘળુ કાર્ય બગડે ભલે, પણ તેની કંઈ દરકાર ન કરતા, પરાર્થ અને પરોપકાર કરવામા જ મચ્યા રહે છે, તેઓને સર્વોત્તમ મનુષ્ય જાણવા હવે જેઓ પરોપકાર કરવામા બહુ જ પ્રીતિવાળા છે, પરતુ પોતાનુ કાર્ય બગાડીને તેમ કરતા નથી, અર્થાત્ પોતાના કાર્યને ધક્કો ન લગાડતા થઈ શકે તેટલો પરમાર્થ કરે છે, તેને મધ્યમ અને રાજસી મનુષ્ય જાણવા, અને જે મનુષ્ય પોતાનુ તો સુધારી શકતા નથી, પણ ઉલટા પારકાનુ બગાડવામા તત્પર હોય છે, અર્થાત્ જેઓ પોતાનુ તથા પારકુ બન્નેનુ બગાડે છે, પારકુ બગાડવાની જેની મતિ જ છે, તે અધમ–નીચ પુરુષ છે. જે પારકુ બગાડે છે, તેનુ તો પેહેલે જ બગડ્યું એમ ધારવું કેમકે, "જેવુ ઇચ્છે પારકુ, તેવુ નિજનુ હોય," એ નીતિ વચન પ્રમાણે તેનુ પ્રભુ સારુ થવા દેતો જ નથી એવાઓને, અધમ–તામસી વૃત્તિવાળા અથવા રાક્ષસી પ્રકૃતિના મનુષ્ય જાણવા. દૂધપાક વગેરે પદાર્થમા માખી પોતાના સ્વાર્થ (સ્વાદ) સારુ બેસે છે, પણ તેમા લપટાયાથી પોતાનુ ભલુ કરવા (ઉડવા)ની શક્તિ

ન હોવાને લીધે, પોતે પણ તેમાં લપટાઈ મરે છે, અને પછી તે પદાર્થ (દૂધપાક વગેરે) ખાનારને પણ વમન કરાવે છે, એટલે બન્નેનુ બગાડે છે. તેવા માખી જેવા નરો બન્નેનું બગાડે છે એવા જીવોને અધમ અથવા આસુરી સંપત્ જીવ જાણવા. કોઈએક મહાત્મા પુરુષે પ્રકૃતિ આ પ્રમાણે વર્ણવેલી છે, જે યથાર્થ છે.–

"વૃક્ષ વૃષભ ને વ્યાઘ્ર વ્યાળ, એ ચારો જીવ જાત,
સાધુ, સજ્જન, સ્વાર્થી, નીચ એહી જગ વ્યવહાર"

આ લોકમા ચાર પ્રકારની જીવજાતિ છે એક વૃક્ષ જેવી છે, તેવા સાધુ પુરુષો છે જેમ વૃક્ષને કોઈ છેદે છે, ભેદે છે, બાળે છે, છતા તે મનુષ્યપર સદા ઉપકાર જ કરતું રહે છે અનેક અપાય કર્યા છતા વૃક્ષ છાયા આપે છે, ફળ આપી મનુષ્યને સતોષે છે, ફૂલ આપી આનદે કલ્લોલ કરાવે છે, તેમ સાધુ પુરુષને ગાળ દો, તાડન કરો, તેટલુ છતા તે પર ઉપકાર કરવામા જ લીન રહે છે વૃક્ષને જેમ કંઈ બદલો માગતો નથી, છતા સર્વને સુખ દે છે, તેમ સાધુ પુરુષ પણ બદલા વગર કલ્યાણ કરે છે બીજી જાતિ વૃષભ–બળદ જેવી છે બળદને ખાવાપીવાનુ આપે છે, તેટલાપર સતોષ રાખી, જેટલો ભાર વહેવડાવવામા આવે છે, તે સામે બડબડાટ કર્યા વગર તે વહે છે તેનો ધણી મારે છે, ખાવાનુ મોડુ આપે કે વહેલુ આપે છે, પાણી પાય કે નયે પાય તેની પરવા વગર, થાય ત્યા સૂધી તે ધણીનું કામ કર્યો જાય છે એવો જ સજ્જન પુરુષ છે જેનુ હિત કરવાનુ છે તે કરે છે, પછી સામો ભલે અણહિત કરે ત્રીજી જાતિ વાઘના જેવી છે જ્યારે તે ભુખ્યો હોય છે ત્યારે જ તે ભક્ષપર તુટી પડે છે સ્વાર્થી તેવો જ છે સ્વાર્થ માટે તે બીજાનુ ભુડુ કરતા ખચાતો નથી સ્વાર્થ માટે અન્યનુ ભુડુ કરે, પણ સ્વાર્થ ન હોય તો તે સીધો રહે છે. ચોથી જાતિ સર્પ જેવી છે વગર લાભે અન્યને સર્પ કરડે છે નીચ મનુષ્ય એવો જ છે આ જગતના જીવે એવા નીચનો કદી સગ કરવો નહિ, સદાય સાધુ ને સજ્જનનુ જ સેવન કરવુ સાધુ ને સજ્જનની સેવાથી પરમ કલ્યાણ થાય છે, સ્વાર્થીના સગથી પ્રપચમા રગડાય છે, અને નીચના સગથી નીચ બુદ્ધિ આવે છે હે વત્સ! મેં આપેલા દૃષ્ટાંતોપર વિચાર કરી, વિવેક બુદ્ધિ વાપરી, જનસમુદાયમાથી નીચ–ખળ–અધર્મી પુરુષોનો ત્યાગ કરી, સાધુસજ્જન મહાત્માઓને ઓળખી કહાડી, તેમની જો તુ નિત્ય સગત રાખશે તો તારુ સદા કલ્યાણ થશે

ચતુર્દશ બિન્દુ

કર્મ અને ઉપાસના કેમ છૂટે?

अविरोधितया कर्म नाविद्या विनिवर्तयेत् ।
विद्याविद्या निहन्त्येव तेजस्तिमिरसघवत् ॥ आत्मबोध

અર્થ–જે જેનો વિરોધી હોય છે, તે તેનો નાશ કરે છે, તેજ તિમિરનું વિરોધી છે, તેથી તે તેનો નાશ કરે છે, કર્મ અને અવિદ્યાને વિરોધ નથી, માટે કર્મ અવિદ્યાની નિવૃત્તિ કરવાને સમર્થ નથી, પરતુ વિદ્યા (તેજ), અવિદ્યા (તિમિર)ને હણે છે

શિષ્ય-હે કૃપાળુ ગુરુદેવ! આપે કહ્યું કે, "કર્મ તથા ઉપાસના બન્ને અવશ્યના છે, અને જ્યારે જ્ઞાનોત્પત્તિ થાય છે ત્યારે તે આપોઆપ છૂટી જાય છે," એ મેં જાણ્યું, પણ તે આપોઆપ કેવી રીતે છૂટી જાય છે, તે યથાર્થપણે આપ કૃપા કરીને સમજાવશો।

ગુરુ–હે બાપ! તને ધન્ય છે આ પ્રમાણે ગુરુવાક્યનુ વારંવાર મનન કરવુ, એ મુમુક્ષુ શિષ્યનુ લક્ષણ છે જેમ કે દહીંને ગોળીમા નાખી, વારવાર મથન કરવાથી તેમાનુ તારણ (માખણ) નીકળી આવે છે, તેવી રીતે અત કરણરૂપી ગોળીમા ગુરુવાક્યનુ મથન (મનન) કરવાથી તે વાક્યગત સાર સમજાઈ આવે છે હે વત્સ! એ તારા પ્રશ્નને માટે તને એક ઉદાહરણ કહું છુ, જે પરથી તારુ આપોઆપ સમાધાન થશે

કોઈ એક નગરમા એક વણિક્ રહેતો હતો તે નગરમા સર્વનો જાણીતો અને પૈસેટકે તથા સંતતિ વગેરેથી સુખી હતો, પરતુ એક વાતે તે અત્યત દુ ખી હતો એ કારણથી આ સસાર તેને ખારો ઝેર જેવો લાગતો હતો પૈસોટકો, માલમતા, સ્ત્રીપુત્ર, માનપ્રતિષ્ઠા વગેરે સર્વ વાતનું સુખ હોવા છતા, તે સર્વ સુખનો ઉપભોગ જેનાથી લેવાય છે તે શરીર, જો સાજુ ન હોય તો, એ સઘળા સુખ નિરર્થક છે, કેમકે,

કહેવી છે કે, "પહેલુ સુખ તે જાતે નર્યા" તે પ્રમાણે એ વાણિયો સર્વ સુખસંપન્ન છતાં, શરીરે દુઃખી હોવાથી પોતાને સર્વ વાતે દુઃખી જ સમજતો હતો એના ઉદરને વિષે એવો મહારોગ હતો કે, તેનાથી જરા પણ અન્ન ખાઈ શકાતું નહિ કદાચ પરાણે જો ખાતો તો તે તુરત મળ-દ્વારે થઇને સઘળુ નિકળી જતું હતું અને તે ઉલટો વિશેષ પીડા ભોગવતો હતો તે રોગથી તે વણિક્ ઘણા વર્ષ પર્યન્ત પીડાનો જ રહ્યો. કોઈ એક સમયે તેના નગરમા એક પરોપકાર બુદ્ધિવાળા વૈદ્યરાજ પધાર્યા તે મહાત્મા પરમ દયાળુ હોવાથી, કોઈ પણ રોગગ્રસ્ત મનુષ્યને જોતા કે, તુરત તેનુ અંત.કરણ દયાથી દ્રવી જતું, અને પછી તેને ધીરજ આપી પોતાની આખી ઉમ્મરમા, ઘણાક પરિશ્રમથી સંપાદન કીધેલી ચમત્કારિક વૈદ્યવિદ્યાનો ઉપયોગ કરીને, તેને રોગથી મુક્ત કરીને સુખી કરતા હતા. તે વૈદ્યરાજ એ નગરમા પહોચ્યા ત્યારથી ઘણા રોગીઓ, તેને આવેલા જાણી, તેને શરણે ગયા, અને પોતાના અસાધ્ય દુ ખો નિર્મૂળ કરી સુખી થયા હતા આ વાત આખા નગરમા પ્રસિદ્ધ થઈ. તે વાત એ વાણિયાએ પણ જાણી તેણે પણ વૈદ્યની પાસે જવાનો નિશ્ચય કીધો

બીજે દિવસે પ્રાત.કાળમા ઉઠીને તે વાણિયો, વૈદ્યને મુકામે ગયો ત્યા તેના જેવા ઘણાક રોગીઓથી વીંટાયલા તે વૈદ્યરાજને બેઠેલા તેણે જોયા દંડવત્નમસ્કાર કરીને તેની આગળ તે બેઠો પછી તેને વિનતિપૂર્વક પોતાનુ શરીર બતાવી, સઘળા રોગથી વૈદ્યરાજને જ્ઞાત કર્યા વૈદ્યરાજે એ જ પ્રમાણે પોતાની આસપાસ બેઠેલા સર્વ રોગીઓની વ્યાધિઓ પણ જાણી લીધી હતી, તેથી તેણે તે સર્વના પ્રતિ દૃષ્ટિ કરીને કહ્યું, "ભાઇઓ! તમારા સર્વના રોગો મેં જાણી લીધા છે, અને તે સઘળાનો ઔષધાદિક ઉપચાર કરીને હું સત્વર શાંતિ કરી શકું એમ છુ, પરતુ તે સર્વ વ્યાધિઓ પૃથક્ પૃથક્ હોવાથી, તેઓને માટે જોઇતા પૃથક્ પૃથક્ ઔષધો હાલ મારી પાસે તૈયાર મળી શકે એમ નથી, કારણ કે, હું ઘણા દિવસથી પ્રવાસમા છુ માટે જો તમે સૌ મારી સાથે આ પાસેના વનમા આવો તો જેને જેવી જોઇએ તેવી લાગુ પડતી ઔષધિ હું ત્યા બતાવીશ, જે તમે પોતપોતાની મેળે, મેં કહી છે તે તે વિધિએ લેશો તો જરૂર આરોગ્ય પ્રાપ્ત કરશો." આ સાભળી સર્વે રોગીઓ તેની સાથે જવાને તૈયાર થયા. વૈદ્યરાજ ચાલ્યા તેની પછવાડે પછવાડે સર્વ રોગીઓ પણ ચાલ્યા. નગ-રથી થોડેક દૂર એક ઘાડુ વન આવેલુ હતું એ વનમાં અનેક પ્રકારના

વૃક્ષો, લતાઓ તથા ઔષધિ ઉગેલી હતી. ત્યાં જઈ વૈદ્યરાજે કહ્યું; "આ સ્થળે સર્વ જાતની ઔષધિઓ છે. હું વનમાં ચાલ્યો જઇશ અને આ મારી લાકડીની અણીવડે માર્ગમાં જે જે ઔષધિ આવતી જશે, તે તે બતાવતો જઇશ, તથા તેના નામ અને ગુણ કહેતો જઈશ. માટે જેના જેના ખપની જે જે ઔષધિ હોય, તેણે તેણે તે તે ઔષધિ લઈ, ત્યાંથી જ પાછા વળી નગરમા જવું."

પછી હાથમા જયેષ્ટિકા લઈ વૈદ્યરાજ વનમાં પેઠા. માર્ગની બને બાજુએ ઉગેલી વનસ્પતિઓ, તે લાકડીની અણીવડે બતાવતો ચાલે છે અને કહે છે કે, આ ઔષધિનું નામ ફલાણું, અને એ અમુક અમુક વ્યાધિઓને શાત કરે છે. આ ફૂલ ફલાણુ, અને એનાથી અમુક ગુણ થાય છે" તે વૈદ્યરાજનાં એવા એવા વચનો સાભળી, જેના જેના ખપની જે જે ઔષધિ આવતી ગઈ, તે તે રોગીઓ તે તે ઔષધિઓ લેવા માટે, ત્યા ત્યા અટકતા ગયા. પેલો વણિક્ પણ વૈદ્યની સાથે જ હતો તે પણ વૈદ્યરાજની પછવાડે પછવાડે ચાલ્યો જતો હતો, અને તેની દૃષ્ટિ વૈદ્યરાજના મુખમાથી કોઈ ઔષધિનું નામ નિકળે છે, તે તરફ આતુરતાથી લાગી રહેલી હતી વૈદ્યરાજ બોલ્યા પછી જ્યારે ઔષધિ બતાવતા, ત્યારે તેની દૃષ્ટિ, લાકડીની અણી તરફ ફર્યા કરતી હતી. જયેષ્ટિકાને છેડે જ તેની દૃષ્ટિ દૃઢ ચોટેલી હતી, અને જે જે વનસ્પતિ તરફ તેનો છેડો જતો હતો, તે તે તરફ તે ફર્યા કરતી હતી એવામાં તેના જ રોગનુ નામ વૈદ્યરાજે લીધું, અને તેના ઉપયોગની ઔષધિ લાકડીના છેડાવતી બતાવી. એ ઔષધિ જોવા જ તેની દૃષ્ટિ જે લાકડીના છેડાપર દૃઢ ચોંટેલી હતી, તે ખસી તુરત ઔષધિપર ચોંટી, અને પછી તે લાકડી, વૈદ્યરાજનુ બોલવું અને વૈદ્યરાજ, એ સર્વને છોડીને, તે તો પેલી ઔષધિ આગળ જ ઉભો રહ્યો, અને બીજા રોગીઓને તેઓના ઔષધો બતાવતો વૈદ્યરાજ આગળ ચાલ્યો ગયો તે વાણિયો, તે વનસ્પતિ લઇને તુરત ઘેર આવ્યો અને એ અમૂલ્ય ઔષધિનું પૂર્ણ શ્રદ્ધાથી સેવન કરવા માડ્યુ, તેથી થોડા સમયમા તે અસાધ્ય રોગમાથી મુક્ત થઇને સંપૂર્ણ આરોગ્ય ભોગવવા લાગ્યો.

હે વત્સ ! એ ઉદાહરણ ઉપરથી સિદ્ધાત સમજવાનો એ છે કે, પ્રાણીને આ ભવસસારરૂપ મહારોગ લાગુ પડ્યો છે, તેથી તેણે મહાત્મા, જ્ઞાની અને પરમ દયાળુ પરાર્થી ગુરુરૂપ વૈદ્યરાજને શરણે પ્રેમથી જવું

ગુરુના વચનપર શ્રદ્ધા અને હેતુપર લક્ષ રાખીને, જેમ આજ્ઞા કરે, તેમ વિચાર કરીને વર્તવું. એ પ્રમાણે કરવાથી, વાણિયાને જેમ વનમાથી વૈદ્યરાજે ઔષધિ બતાવી, તેમ આ સંસારરોગમાંથી મુક્તિરૂપ જે મહૌષધિ–આત્મજ્ઞાનતત્ત્વ–તે પ્રાપ્ત થાય અને તેવડે પ્રાણી જીવન્મુક્ત થઈને પરમાનદમા પ્રવર્તે, એ નિશ્ચય છે તે વણિક્ પ્રથમ વૈદ્યરાજને શોધતો તેની પાસે ગયો હતો, ત્યાથી તેની સાથે વનમા ગયો હતો, ત્યા તેના બોલવાપર અને પછી લાકડીની અણી તરફ ધ્યાન રાખીને કેટલીકવાર સૂધી ચાલ્યો હતો, અને અતે જ્યારે તેના કામની ઔષધિ, વૈદની લાકડીવડે દીઠી કે, તુરત તે વૈદ્યરાજ, તેનું બોલવુ અને લાકડીની અણી, એ સર્વે આપોઆપ ત્યજી, માત્ર પોતાની ઓષધિ તરફ જ તે સુરતા રાખી રહ્યો હતો એમ જ મુમુક્ષુએ પણ, પ્રથમ ગુરુએ બતાવેલા શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરવામા સાધનરૂપ ભિન્ન ભિન્ન કર્મો, ઉપાસના તથા ધ્યાન ધારણા વગેરે સર્વ કરવાના છે, પણ પરબ્રહ્મના દર્શન થયા પછી–તે સર્વે આપોઆપ સહજ છૂટી જાય છે

પંચદશ બિન્દુ

આત્મા ક્યારે ઓળખાય છે?

स्वयमेवात्मनात्मानमवष्टभ्य विचारत ।
ससारमोहजलधेस्तारयेत्स्वमनोमृगम् ॥ योगवासिष्ठ

અર્થ–વિચાર કરી, પોતાની મેળે આત્માએ આત્માને અવલબીને સસારરૂપી મોહસાગરમાથી પોતાના મનરૂપી મૃગને તારી લેવો

શિષ્ય–હે પરમ દયાળુ ગુરુદેવ! આપે કોઈ એક સમયે કહેલુ છે કે, 'तत्त्वमसि'* એ પદ વેદ તથા વેદાતના સારરૂપ છે; કારણ કે, આત્માને ઓળખાવનારુ એ વેદનુ મહાવાક્ય છે, અને જ્ઞાન થવા માટે મુમુક્ષુને પ્રથમ એ મહાવાક્યનો ઉપદેશ થવો જોઈએ ત્યારે હે ગુરુદેવ! શુ એ મહાવાક્યનો ઉપદેશ થતા જ મનુષ્ય જ્ઞાની થઈ જાય છે અને આત્માને ઓળખવા માડે છે?

ગુરુ–અહ્યા વત્સ! તું જો, કે ગમે તેવા સુંદર સ્વાદિષ્ટ અને ગુણકારી પકવાન્નો આપણા સામે તૈયાર પડેલા હોય છે, પણ તેમાથી આપણી ક્ષુધા મટાડવા માટે તે ખાવાની જ જરૂર છે, કઈ માત્ર નજરે જોયા કરવાથી જ આપણને તેનો રસાસ્વાદ આવવાનો નથી, કિંવા જોયાથી ક્ષુધા મટીને શાતિ થવાની નથી. તેમ तत्त्वमसि મહાવાક્યના ઉપદેશનુ સુદૃઢતા અને વિવેકસહ મનન કરી, આત્માની રાજસી તામસી વગેરે અનેક વૃત્તિઓ જ્યારે મૂકી દેવાય, અને સૌ વાતે નિઃસ્પૃહ થવાય, ત્યારે જ તે મહદુપદેશનો ગુણ લાગે છે, અર્થાત્ જીવ, આત્માના સ્વરૂપને ઓળખવા માડે છે માત્ર तत्त्वमसि એ પદ ગોખવાથી જ પ્રાણી, સસારની દુઃખાથી

---

* तत्त्वमसि–(આત્મા) તે તુ જ છે, અર્થાત્ જે આત્માને ઓળખવા માટે તુ યત્ન કરે છે, તે આત્મા તુ પોતે જ છે, બીજો નથી

છૂટી આત્માને જોઈ કે જાણી શકતો નથી, અને મોક્ષ પણ પામી શકતો નથી. એમ શબ્દના પાઠથી કે જપથી મોક્ષ થતો હોય તો, સહસ્રાવધિ શુક, નિત્ય પ્રાતઃકાળમા રામનામનો જપ કરે છે, તેઓનો મોક્ષ જ થઈ જાય! પણ જેના આનદલેશથી વિશ્વ સપૂર્ણ આનદમય છે, જેના સત્ત્વાભાસથી સર્વને ભાસ છે, જેના આલોચનથી અન્ય સર્વ નીચુ જણાય છે, એવા પરબ્રહ્મમા જે સંશય ઉઠે છે, એ ઉઠાડનારને જે જાણે છે, તે જ તત્ત્વસરિતના પારને પામે છે એ ઉપર એક પુરાતન કથા કહું છું, તે તું સાભળ

પૂર્વે કોઇએક સમયે અશ્વિનીકુમારો, જેઓ દેવતાઓના વૈદ્યરાજ છે તેઓ, સર્વ વાતે નિપુણ છતા, પિંગલશાસ્ત્રથી અજાણ હતા, માટે તે શિખવા સારુ શેષનાગ પાસે ગયા ત્યા જઈ જૂવે છે તો શેષનાગની એક આખ દુખતી હતી, અને તેને એટલી બધી પીડા થતી હતી કે, તે, શેષથી સહન ન થતા તે આકુળવ્યાકુળ થઈ ગયો હતો શેષરાજ આમ તેમ આળોટતા હતા, તેથી જાણે માથાપર ધારણ કરેલી પૃથ્વી હમણા પડી જશે, એવી ધાસ્તી રહેતી હતી! અશ્વિનીકુમારે જઈ પોતાની પિંગલ ભણવાની ઈચ્છા જણાવી, ત્યારે અનતે કહ્યુ, "હે કાતિમાન્ અશ્વિનીકુમાર! હું તમોને મોટા હર્ષથી પિંગલ ભણાવુ, એ વાતે મને બહુ સતોષ થાય એમ છે, કારણ કે એ વિદ્યા શિખવાને તમે પાત્ર છો, પરતુ મારી તો આવી દશા છે! હું જાણું છુ કે, તમે સર્વ દેવતાઓના વૈદ્ય છો, તેથી મારી આખની ઔષધિ જાણતા જ હશો, માટે મને આરામ કરો, એટલે હું તમને યથાર્થ પિંગલ ભણાવીશ" એ સાભળી અશ્વિનીકુમારે તુરત તેની ચિકિત્સા કરવા માડી અને તેની દુખતી આખમા "ત્રિઘાત" નામનું એક ઉત્તમ ઔષધ આજ્યુ, કે જેનાથી શ્રેષ્ઠ ઔષધ આખને માટે બીજુ છે જ નહિ પરન્તુ એથી તો આખ ઉલટી બમણી દુખવા માડી અને શેષ તેની પીડાને લીધે બહુ આકળા થવા લાગ્યા એટલામા ફરતા ફરતા નારદજી ત્યા આવ્યા તે શેષની આવી અવસ્થા જોઇને, અશ્વિનીકુમાર પ્રત્યે બોલ્યા, "અરે અશ્વિનીકુમાર! તમે મનુષ્યવૈદ્યના જેટલી પણ યુક્તિ નથી જાણતા એ શુ? મૃત્યુલોકમા જઈ, અમુક દેશને વિષે એક વૈદ્ય છે તેને મળો, જે તમને આ રોગનો ઉપાય બતાવશે" તુરત અશ્વિનીકુમાર બ્રાહ્મણનો વેશ લઇને મૃત્યુલોકમા તે વૈદ્યની પાસે ગયા અને નમ્રતાપૂર્વક પૂછયુ, "વૈદ્યરાજ! આખ દુખતી હોય, તેનુ

ઓસડ બતાવો. અમે ત્રિઘાત ઔષધ આંજ્યું, તોપણ શાંતિ થઇ નહિ, તેથી આપની ખ્યાતિ સાંભળીને અહીં આવ્યા છીએ." એવું સાંભળીને વૈદ્યે કહ્યું; "શું તમે ત્રિઘાત આજ્યું? અરે તે તો માત્ર અશ્વિનીકુમાર જ જાણે છે, માટે તે અશ્વિનીકુમાર તો તમે નથી? અને વળી એ ત્રિઘાતથી જ્યારે સારુ થયુ નહિ, ત્યારે તો નિશ્ચે શેષનાગની આંખ દુખતી હોવી જોઇએ." આમ એકાએક પરીક્ષા કરી, તે જાણી અશ્વિની-કુમારે આશ્ચર્ય પામીને પોતાનું સ્વરૂપ પ્રકટ કીધું. ત્યારે તે વૈદ્યે આદર-સત્કારથી પૂજા કરીને દેવવૈદ્યને કહ્યું, "મહારાજ! એ સહસ્ર ફણાવાળા શેષનાગને બે હજાર આખો છે, તે સઘળી મીંચાવી દઇ, માત્ર જે આખ દુખતી હોય, તેજ ઉઘાડી રાખીને તેમાં ત્રિઘાત આજજો, એટલે તત્કાળ એ સર્વોત્કૃષ્ટ ઔષધથી જ તેને સારુ થઈ જશે એનાથી શ્રેષ્ઠ ઓષધ ત્રણે લોકમા બીજું નથી" પછી અશ્વિનીકુમાર બહુ વિસ્મય પામી, હર્ષસહિત શેષનાગની પાસે ગયા, અને તે વૈદ્યના કહ્યા પ્રમાણે શેષની સઘળી આખો મીંચાવી, દુખતી આખમા, પૂર્વે આજ્યું હતું, તે જ ત્રિઘાત ઔષધ આજ્યુ, કે તુરત તેમાથી ખળખળાટ પાણી નિકળી ગયુ અને અનંતની આખ પરમ શીતળ થઈ રહી. આથી આનદ પામી, સતોષપૂર્વક શેષે, અશ્વિનીકુમારને પિંગલશાસ્ત્ર ભણાવ્યું.

હે શિષ્ય! એ પ્રમાણે ત્રિઘાત ઔષધિરૂપ 'તત્ત્વમસિ' ઉપદેશનો ગુણ લાગવાને ઉપર કહેલો ઉપાય લાગુ પાડવો જોઈએ. શેષને તો બે હજાર આખો છે, પણ જીવરૂપ શેષનાગને તો રાજસી, તામસી વૃત્તિ-રૂપ લાખો અને કરોડો આખો છે; માટે સર્વે આખો બધ કર્યા પછી, જેમ શેષને તે ઔષધિનો ગુણ લાગ્યો હતો, તેમ સર્વે વૃત્તિઓ મીંચી દેવાય, અર્થાત્ ત્યજી દેવાય ત્યારે જ જીવને 'તત્ત્વમસિ' ઉપદેશરૂપ ત્રિઘાત મહાવાક્યનો ગુણ લાગે, અને પછી પરમ જ્ઞાની થઈ, આ જીવ જીવન્મુક્ત થાય. પણ મહાવાક્યો સાભળીને, તેમ તે ગોખીને વેદિયા ઢોર પેરે કે શુક પંખી પેરે મુખપાઠ કરવાથી કંઈ જ્ઞાની થઈ જવાય નહિ, તેમ આત્માએ ઓળખાય નહિ.

ષોડશ બિન્દુ

સન્તસમાગમ કેમ થાય?

शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्ध्यवधारणम् ।
सा श्रद्धा कथिता सद्भिर्यया वस्तूपलभ्यते ॥

અર્થ શાસ્ત્ર અને ગુરુવાક્ય એ સત્ય છે, એવો જે નિશ્ચય, તેને બુદ્ધિમાનો શ્રદ્ધા કહે છે એ શ્રદ્ધાથી જ આત્મવસ્તુની પ્રાપ્તિ થાય છે

શિષ્ય–મહારાજ! સતસમાગમ એ ઘણો જ ફળદાયક છે, અને તેની જે મોટી યોગ્યતા છે, તેનુ વર્ણન કરી શકવાને કોઈ પણ સમર્થ નથી, તેટલા માટે સર્વ મનુષ્યોએ અવશ્ય સત્સગ કરવો જોઇએ, પરતુ આ સસારના અનેક વ્યવસાયોમા પરોવા, જેઓને ઘણાક મનુષ્યોનુ પોતાની પાછળ પોષણ કરવુ પડે છે તેવા, અને જેઓ રાત્રિ દિવસ પરિશ્રમ કરીને ધધો કરે છે ત્યારે મહા મહાકષ્ટે પોતાના કુટુબનુ પોષણ કરી શકે છે, તે મનુષ્યો સતસમાગમ કેવી રીતે કરી શકે? શુ તેઓ પોતાની પાછળનાઓને રવડતા મૂકીને સત્સગ કરવા જાય?

ગુરુ–અરે મૂઢ! હજુ સૂધી તારા મનમા એમ જ છે કે, મનુષ્ય જ સર્વ કર્મ કરે છે? તે જ સર્વ કર્તાહર્તા છે? રે માણસ પોતાની શક્તિથી શું કરી શકે તેમ છે વારુ? અહીંથી ઉઠીને તહીં બેસવુ, એટલુ પણ માણસના પોતાના સ્વાધીનમા છે ખરુ કે? મુખ આગળ પાચે પકવાન્ન તૈયાર પડેલા હોય, છતા તે ઉપાડી મ્હોંમા મૂકવા જેટલુ કાર્ય પણ તે પોતાપર વ્હોરી લઇને ભોજન કરવાની શક્તિ ધરાવે છે ખરો કે? અરે ના, એવુ મિથ્યાભિમાન ધરવુ, એ જ્ઞાની પુરુષનુ કર્તવ્ય જ નથી મનુષ્ય સ્વતંત્ર રીતે કશુ પણ કરી શકવા સમર્થ નથી સચરાચરવ્યાપી જગત્કર્ત્તા પરમેશ્વરની પ્રેરણાથી જ મનુષ્ય નાના પ્રકારના વ્યવહારો કરે છે તેની પ્રેરણા વગર વાયુ, વૃક્ષનુ એક પાદડુ પણ હલાવવા

સમર્થ નથી, અને તું તો કહે છે કે, વ્યવસાયી મનુષ્ય પોતાના કુટુંબને ભૂખે મરતું મૂકીને કેમ સત્સગ કરી શકે ? શું એ વ્યવસાયી, અહોળા કુટુંબવાળો, જો પોતાના કુટુંબીની સગે ન હોય તો તેનું કુટુંબ ભૂખે મરી જશે કે ? અરે ! એમ કેમ બને ? શું તેનું રક્ષણ કરનાર પ્રભુ નથી ? તે પ્રભુ તે જ સર્વ કર્તા હર્તા ને ખરો ભર્તા છે પરમ દયાળુ છે મનુષ્યને તો માત્ર પોતાની કિંવા પોતાના કુટુંબની જ ચિંતા હોય છે, પરન્તુ પરમાત્માને તો આખા વિશ્વની ચિંતા છે તે પ્રાણીને માટે સર્વ વાતની આગળથી જ પેરવી કરી મૂકે છે. બાળક જન્મવાને લગભગ ત્રણ માસ બાકી હોય છે, ત્યાર અગાઉથી તે, અવતરનાર બાળકની માના સ્તનોમા દૂધ ઉત્પન્ન કરી મૂકે છે, જેથી બાળક અવતરતા વેંત જ, તેનુ પોષણ કરવાને તૈયાર રાખેલા ઉપાયોનો ઉપભોગ કરી શકે છે ઈશ્વરની એ અદ્ભુત રચનામા શી ખૂબી છે ? પ્રાણીમાત્રના હિત માટે તેનો કેટલો પ્રેમ છે તેનો તું વિચાર કર એટલા જ માટે મહાત્માજનોએ તેને પરમ દયાળુ, વિશ્વમ્ભર, વિશ્વપાલક વગેરે વિશેષણો આપ્યા છે ! માટે હે વત્સ ! ઈશ્વર જ સૌને સભાળે છે જેનુ કોઈ ન બેલી, તેનો ઈશ્વર બેલી છે વ્યવસાયી મનુષ્ય પોતાના વ્યવસાયકાળમાથી અમુક થોડો ઘણો કાળ પણ જો સત્સગમા ગાળે તો તેથી તેના કુટુંબને ઈશ્વર દુ ખી થવા દેશે નહિ, એ નિશ્ચયપૂર્વક જાણ એ સબધે પૂર્વે કોઈ વણિક્ સત્સગ કરતો હતો, તેની આખ્યાયિકા હું તને સભળાવુ છુ.

એક શહેરમા કોઈ વાણિયો રહેતો હતો. તે નિર્ધન અવસ્થામા હોવાથી પોતાના કુટુંબનુ પોષણ કરવા માટે શહેરમા કોથળો* કરીને તેમાથી જે કઇ મળતું, તેનાથી કુટુંબનુ ગુજરાન ચલાવતો હતો. તેને બે દીકરા અને એક દીકરી મળીને માત્ર ત્રણ જ સતાન હતાં પણ પોતે, પોતાની સ્ત્રી અને ત્રણ છોકરા મળી પાચ જણના પોષણનો ભાર તેના ઉપર હતો, જે તે મહાકષ્ટે ઉપાડી શકતો હતો સવારના પહોરમા નહાઈ ધોઈ, ક્ષણભર હરિસ્મરણ કરીને તુરત ખભે કોથળો ભેરવતો, અને શહેરમા ફરીને લોકોને જોઇતો માલ આપી, ત્રીજે પહોરે ઘેર આવીને ભોજન કરતો હતો ગામમા ફરતા કયાઈ દેવ દેવાલયમા દર્શન કરવા જતો અને ત્યા કથા વાર્ત્તા થતી હોય તો જરૂર ઘડી પા ઘડી ઉભો રહેતો, અને જે

* હળદર, મીઠુ, મરચુ, હિંગ, જીરુ, મરી મસાલો વગેરે રોજ અવશ્ય ખપમા આવતી જણસો લઈ ગામમા ફેરી ફરીને વેચવુ, તેને કોથળો કરવો કહે છે

કઈ સાભળવામા આવતું, તે હરિગુણનું શ્રવણ કરીને, પાછો પોતાને માર્ગે પડતો હતો. એમ કરતાં કરતાં કોઈક દિવસ તે કોથળો ભરીને ઘેર વળતો હતો, એવામાં તે એક વિષ્ણુના મદિરમા દર્શન કરવા ગયો ત્યા દર્શન કરી, એક સત પુરુષ કથા વાચતા હતા, તે સાભળવા થોડીક વાર થોભ્યો. કથા પ્રસગમા તેના સાભળવામા એવું આવ્યું કે, **मनुष्य प्राणीए प्रतिदिन अवश्य सत्सग करवो** એટલુ સાભળી તુરત તો તે ચાલતો થયો પણ એ વાત તેના હૃદયમા ઠસી ગઈ, તેથી હંમેશ થોડીવાર સત્સગ કરવાનો તેણે નિશ્ચય કીધો. બીજા દિવસથી તેણે તેજ મહાત્મા પાસે જવા માડ્યું અને અનેક પ્રકારના હિતવચનોનો પોતાના અતર્ભંડારમા સગ્રહ કરવા માડ્યો ઘણાક દિવસ પર્યંત એમ સત્સગ કરવા છતા, તે હવે વૃદ્ધ થવા આવ્યો હતો તેથી, પ્રતિદિન પોતાનાં બૈરા છોકરાની વારવાર ચિતા કરતો હતો તે સ્વગત બોલતો કે, "અરે રે! હુ વૃદ્ધ થવા આવ્યો છોકરા મોટા થયા છે, તેઓને હજી પરણાવ્યાએ નથી, વખતે વચમા જ મારો કાળ થઈ ગયો તો તેઓના ગુજરાનને માટે પછવાડે મૂકી જવા મારી પાસે કઈ ધન પણ છે નહિ ઓ હરિ! તું એ સર્વનો બેલી છે!" વગેરે વિચારોમા તેનું મન વધારે ને વધારે ગુચવાતું ગયુ, તેથી સત્સગમા કેટલોક અતરાય પડવા લાગ્યો. કેટલાક દિવસથી તેની આવી ચર્યા માલમ પડવાથી તેને, તે સત પુરુષે કહ્યુ, "હે વણિક્! તારુ મ્હો ઉદાસ કેમ માલમ પડે છે? શું તું હજુ સૂધી તારા બૈરા છોકરામા જ લપટાઈ રહ્યો છે કે! હવે તારી વૃદ્ધાવસ્થા થવા આવી, તોએ તુ કેમ ચેતતો નથી?" એ સાભળી વણિક્ બોલ્યો, "મહારાજ! શુ કરુ? છોકરા ન્હાના છે, જાતે નિર્ધન છુ, આખો દહાડો ટાટિયાતોડ કરી સાજે બે આના લાવુ છુ તો છોકરા ખાવા પામે છે તો પછી ચિંતા તે કેમ ન થાય? હુ હમણા ઘરબાર છોડી દઇને વિરક્ત થઈ જાઉં, તો એમને પછી ખાવા કોણ આપવાનુ હતું? પાકા ઝાડ તળે જઇને પણ ભૂખે મરે, એવી લાચાર મારી સ્ત્રી છે; અને છોકરા સાવ ન્હાના છે, તો પછી એમની શી દશા? હુ ન હોઉં તો પછી તે તો રવડી રવડીને જ મરે. હે ગુરુદેવ! તેથી જ મારુ મન આજકાલ સદા વ્યગ્ર રહે છે." એ સાભળી સતે કહ્યુ; "અલ્યા મૂઢ! શુ એ બધાનું ખાવાનુ તું જ પૂરુ કરે છે કે? તેઓ પોતપોતાના પ્રારબ્ધોને ક્યાઇક ગીરો મૂકીને આવ્યા હશે, એમ કે! રે અજ્ઞાન! સર્વનો રક્ષક તેજ નિયતા છે, અને તેજ સૌને પૂરુ પાડે છે. તું કોનું પૂરુ કર-

વાનો હતો? તને જો આ વચન અસત્ય લાગતું હોય તો તું એક કામ કર. મારા વચનની પરીક્ષા જોવા માટે, તે બધાઓને મૂકીને તું માત્ર એક મહિનો દહાડો જ બહાર-કઈ ગામગમાતરે જા, અને એક મહિનો વીત્યા પછી પાછો આવીને જોજે કે, તેઓની શી દશા થઈ છે?" એ સાભળીને વાણિયો પોતાને ઘેર ગયો. બીજે દિવસે સવારમાં બૈરી છોકરાને કહ્યું; "આ ગામમાં હવે કોથળામા કઇ પેદાશ થતી નથી, કારણ કે ફેરીઆ ઘણા થઇ ગયા છે વળી તેઓ એક બીજાનો ધધો તોડવા માટે બહુ સોંઘે ભાવે વકરો કરે છે, માટે મારો વિચાર એવો છે કે કોઈ બીજા ગામમા જઇને હું કોથળો કરીશ, અને ત્યા જો ફાવી ગયો તો પછી ત્યા હાટડી પણ માડી દેવાશે આજે હું કોથળો લઈ બહાર ગામ જાઉં છુ, તમે ફિકર કરશો નહિ, શ્રીહરિ સર્વ સહાય કરશે, થોડાક દિવસમા હું પાછો આવીશ" એમ સ્ત્રી પુત્રને આડુ અવળુ સમજાવીને તે પરગામ ચાલ્યો ગયો.

મહાત્માએ તે વાણિયાના ગયા પછી થોડેક દહાડે એક અપરિચિત માણસને નામે કાગળ લખીને તેને ઘેર મોકલાવ્યો. તેમા એવુ લખ્યું હતું કે, "હરિદાસ શેઠ ગામ જતા હતા, ત્યા રસ્તામાની ઝાડીમા તેને એક વાઘ મળ્યો, તેણે તેને મારી ખાધા! શું કરીએ, જે પરમેશ્વરને ગમ્યુ તે ખરુ!" આવા સમાચાર મળતા તે વાણિયાના સ્ત્રી છોકરાં બહુ શોકાતુર થયા. રડ્યા, કૂટ્યા, કાણુ મોકાણુ મડાઈ, ને દશા થયા પછી સૂતક વગેરે કાઢી, જે કઈ બની શક્યું તે ક્રિયા કર્માતર પણ કરી દીધું તેઓની ગરીબ સ્થિતિની તો આખા ગામમા સૌને ખબર હતી, માટે મોહોલ્લાના તથા જ્ઞાતિના સૌ લોક એકઠા મળ્યા, અને દયા લાવી તેઓએ વિચાર કરવા માડ્યો કે, વાણિયો અતરિયાળ ગુજરી ગયો, ને છોકરા ન્હાના છે, માટે શું ખાશે? આમ કરુણા લાવી સૌએ મળી, તેઓ માટે આઠ દશ મહિના ચાલે તેટલો દાણોદૂણી ભરાવી આપ્યો, ને છોકરાઓને છૂટક છૂટક આનો બબે આના રોજ આપવો કરી, દુકાનો-પર નોકરી રાખ્યા. આમ થવાથી તેઓ પ્રથમ હતા તે કરતા પણ વધુ સુખી અવસ્થામા આવી ગયા ને સુખેથી ખાઈ પીને દહાડા ગુજારવા લાગ્યા

મહિના દોઢ મહિના પછી વાણિયો ગામમા આવ્યો તે મદિરમા જઈ, પ્રથમ ગુરુને મળ્યો ગુરુએ તેને કહ્યુ કે, "મોડી રાત્રિના, છાનોમાનો તું તારે ઘેર જજે,' ને સઘળી વિગત જોઈ આવજે, હાલમા

અહીં જ બેસ" પછી ગુરુએ છાનામાના એક તેલિયારાજાને કંઈ આપવુ કરી, સર્વ સમજાવીને તે વાણિયાને ઘેર મોકલ્યો. તેણે જઈ તેની સ્ત્રીને કહ્યું, "બાઈ! તમારો મરી ગયેલો ભરતાર આજ રાત્રે અહીં આવશે તે ભૂત થયો છે, માટે તમારા ધણી જેવું જ બરોબર રૂપ ધરીને અહીં ઘરમા આવશે, ને કહેશે કે હુ હરિદાસ છુ, અને હુ મરી ગયો નથી એમ અનેક જૂઠી સાચી વાત કરી, તમને ફુસલાવશે, છતા તમે તેને ઘરમા પેસવા દેતા નહિ, પણ પત્થરા મારીને હાકી કાઢજો એ ભૂત જો ઘરમા ધુસી જશે, તો તમો જન્મપર્યન્ત દુ:ખી થશો, ને અનેક ઉપાયે પણ તે નિકળશે નહિ" આવું આડુ અવળુ ને જૂઠુ સાચુ સમજાવીને તે તેલિયોરાજા તો વિદાય થયો હવે જ્યારે રાત્રિ પડી, ને સૌ જળજપ્યું ત્યારે તે વાણિયો છાનોમાનો પોતાને ઘેર ગયો અને બારણા ઠોક્યા તેલિયાએ ચેતાવી રાખ્યા હતા, માટે છોકરા ચમકી ઉઠ્યા ને ધડાધડ તેને પત્થરા મારવા લાગ્યા વાણિયાએ કહ્યુ, "અલ્યા ભાઈ મોહન! અલ્યા રમણ કેમ બારણા ઉઘાડતા નથી? અલી! (સ્ત્રીને કહે છે) કેમ સાભળતી નથી? ઉઘાડ, હુ ક્યારનો ખોટી થાઉં છુ." એ સાભળીને તો છોકરા બારીમાથી વધારે વધારે પત્થરા મારવા મડ્યા ને કહેવા લાગ્યા કે, "ઓ બા! ઓ જી! પેલો ભૂત આવ્યો છે, બારણા ઉઘાડીશ નહિ" સ્ત્રીએ પણ બારીએ આવી કહ્યુ, "મારા રોયા પ્રેત! શા માટે છોકરાને ડરાવવાને આવ્યો છે? જા તારુ કાળુ કર થુ તારી આખમા રાઇ ને મીઠુ હે અબા મારી મા! તમારુ રખવાળુ છે તુ આ પીટ્યા ભૂતના દાત પાડજે!" એ સાભળી તે બોલ્યો, "અરે! હુ મરી ગયો નથી, જીવતો છુ, હું તો ગામથી આજેજ ઘેર આવુ છું, માટે બારણા ઉઘાડો, મને દુખી શા માટે કરો છો? તમે મારુ કહ્યુ સાભળતા નથી, ને ભ્રમણામા પડ્યા છો, પણ પછી મારા વગર દુખી થશો" એટલે તો તેની સ્ત્રી વધારે ગુસ્સો કરીને બોલી; "જા મારા પીટ્યા! તું જીવતો હતો, તે કરતા તો હમણા અમે બહુ સુખી છીએ, તારા જીવતા છતા ખાવાનુ પણ તાણ્યુ તોણ્યુ મળતુ હતું અને આજે તો અમે પેટ ભરીને ખાઈએ પીએ છીએ માટે જા, અહીંથી જલદી જા, નહિ તો પત્થર મારીને માથુ ભાગી નાખીશું. આ તો તુ મરી ગયેલો છે, પણ કદાચ જીવતો હોત, તોપણ હવે અમારે તારુ કઈ કામ નથી!" વાણિયાએ વિચાર કીધો કે, "અરે! આ કેમ થયુ હશે? ગમે તેમ હોય, પણ

તેઓ સુખી તો દીસે છે, માટે લાવની પૂછી જોઉં; જો તેઓ એકલાં રહેવા ખુશી હોય તો મારે માથેથી જંજાળ ઉતરી!" પછી તે બોલ્યો, "અહીં એ, હું તો જીવતો જ છું, પણ તમારે મારા વગર રહેવાની ખુશી છે? તમે એકલા રહી શકશો?" સ્ત્રીએ કહ્યું, "હા, હા, જા, મુવા પ્રેત! ભૂત થઇને અમને ફોસલાવવા આવ્યો છે. જા અહીંથી. ખબરદાર જો અહીં ફરીથી આવ્યો છે તો; અમોને તારુ કંઇ કામ નથી" આવાં વેણ સાંભળીને તે તુરત ત્યાંથી પાછો વળ્યો ને ગુરુ આગળ આવી સર્વ વૃત્તાંત નિવેદન કીધો. ગુરુએ કહ્યું, "જોયું? તું કહેતો હતો કે, તેનું પોષણ મારા વગર કોણ કરશે, પણ હવે ખબર પડી? કોણ કોનું પોષણ કરે છે? સર્વ કર્ત્તાહર્ત્તા શ્રીહરિ જ છે, માટે હવે સઘળી લલુતા મૂકી દે અને પ્રભુચરણમા ચિત્ત લગાડ"

આ સર્વ બનાવથી વાણિયાને ખરેખરો ચટકો લાગ્યો અને તુરત ક્ષણભંગુર સંસારની માયાપરથી મન ઉતારી દઈ, ગુરુ ઉપદેશને અનુસરીને જીવન્મુક્તાનું સુખ અનુભવવા લાગ્યો. એક વખતે તેને નાનક ગુરુનું કહેલું વચન યાદ આવ્યું કે:—

જીવતકો વ્યવહાર, જગતમેં, જીવતકો વ્યવહાર ટેક
માતપિતા ભાઈ સુત બાંધવ, અરુ નિજ ઘરકી નાર જી૦
તનસેં પ્રાણ હોત જબ ન્યારે, ટેરત પ્રેત પોકાર જી૦
આધ ઘડી કોઉ નવ રાખે, ઘરતેં દેત નિકાર જી૦
મૃગતૃષ્ણા જ્યોં યે જગ રચના, દેખો હૃદે બિચાર જી૦
જન નાનક યે મત સંતનકો, ભાંખ્યો તોહે પોકાર. જી૦

વળી તેણે કહ્યુ કે —

જુઠી દેખી પ્રીત, જગતમેં જુઠી દેખી પ્રીત ટેક
અપને સુખકુ સબ જગ રોવે, ક્યા દારા ક્યા મીત જુ૦
મેરો મેરો સબહી કહતહૈ, હેતસે બાંધે ચીત જુ૦
અંતકાળ કોઇ સંગ ન ચાલે, યહિ અચરજહૈ રીત જુ૦
મન મુરખ જીન અજહુ ન સમજત, સુખ દેહારે નીત જુ૦
નાનક ભવજલ પાર પરો જબ, ગાઓ હરીકો ગીત જુ૦

સપ્તદશ બિન્દુ

સત્ય સત્સંગ

स्थूलादिसम्बन्धवतोऽभिमानिन सुख च दु ख च शुभाशुभे च ।
विध्वस्तबंधस्य सदात्मनो मुने. कुतः शुभं वाप्यशुभ फल वा ॥

અર્થ–સ્થૂલ શરીરના સબધવાળા પુરુષને, અભિમાનને લીધે સુખ દુખ, શુભ અશુભ થાય છે, પણ જેણે અભિમાનનો નાશ કર્યો હોય છે, એવા (બ્રહ્મરૂપ) મુનિને શુભાશુભ ફળ થવુ સભવિત જ નથી

શિષ્ય–હે ગુરુજી! આપ વારવાર સત્સગની બહુ પ્રશસા કરો છો, માટે મને એ વિષે બહુ આશ્ચર્ય થાય છે કે, સત્સગમા તે એવડુ બધુ શું સમાયલુ છે? ખરો સત્સગ કયો કહેવાય અને તેથી શું ફળ થાય છે, તે આપ કૃપા કરીને જણાવશો.

ગુરુ–અહો વત્સ! સત્સંગની પ્રશસા શી કરુ અરે! સત્સગના તે હુ શા શા ગુણ ગાઉં તેની પ્રશસા કરવા કોણ સમર્થ છે? પ્રભુ-પરાયણ સત્યશીળ પરોપકારી મહાત્મા પુરુષોનો સગ કરવો, તેને સત્સગ કહે છે જેણે પોતાના તન મન ધન પૂર્ણ પ્રભુ શ્રીકૃષ્ણચદ્ર પર વારી નાખ્યા છે, અને પોતા પાસે આવતા સર્વને મોહમાયાનો ત્યાગ કરવાનો ઉપદેશ દેઈ સન્માર્ગની લગની લગાડાવે છે એવા સદ્ગુરુનો જે સગ, તે સત્સગ. એને સંતસગ પણ કહે છે. સતને મન આ જગત્ તૃણવત્ છે એવા સત ગુરુનો–સત્સગ જો એક ક્ષણવાર થાય છે, તોપણ તેનુ અનંત ફળ મળે છે એક ભક્તે કહ્યુ છે કે, "સત્સગ સબનકો સાર" તે સત્ય છે. સત્સગ, શ્રીહરિને પ્રસન્ન કરવાનું પ્રથમ સાધન છે. તેનાથી બ્રહ્મપ્રાપ્તિનો માર્ગ મળે છે, બ્રહ્મ પણ મળે છે. રે! બ્રહ્મરૂપજ બને છે! એવા સત્સગનું વર્ણન કરવા કહે કોણ સમર્થ છે? એના માહાત્મ્યનુ વર્ણન ક્યા સૂધી કરીએ? સરસ્વતી પણ સત્સગનુ માહાત્મ્ય વર્ણવવાને અશક્ત છે, તો મનુષ્ય કોણ ગણત્રીમા? સત્સગના માહાત્મ્ય ઉપર એક પુરાતન ઈતિહાસ છે, તે હુ તને કહી સભળાવું છું.

પૂર્વે વિજયકુલમાં ઉત્પન્ન થયેલા પ્રતાપી ગાધિ રાજાને વિશ્વામિત્ર નામે મહાપરાક્રમી પુત્ર હતો. વિશ્વામિત્ર યુવરાજ હોવાથી ગાધિ રાજાએ, પોતાની વૃદ્ધાવસ્થા થતાં તેને રાજ્યપદાભિષેક કીધો, ત્યારથી તે પોતાની પ્રજાને પૂર્ણ ન્યાયીપણે અને પુત્રની પેરે પાળતો હતો. પોતે અતિ વીર્યવાન્ અને ધનુર્વિદ્યામાં કુશળ હોવાથી થોડા કાળમાં ઘણાક રાજાઓને જિતીને તેણે પોતાના રાજ્યને મોટા વિસ્તારવાળું બનાવી દીધું હતું એક વખતે કોઇક પ્રસંગને લઇને તેના મનમા એમ નિશ્ચય થયો હતો કે, રાજા જો કે મોટો ચક્રવર્તી હોય, પણ તેનું રાજ્ય (ક્ષત્રિય) બળ, બ્રહ્મબળ (બ્રાહ્મણના બ્રહ્મતેજ–પરાક્રમ) આગળ નિસ્તેજ છે ! આ વાત તેના મનમા એવી ઘર કરી રહી હતી કે, તે દિવસ અને રાત્રિ બ્રહ્મત્વ અને બ્રહ્મત્વ ઝંખ્યા કરતો હતો ! "અરે બ્રાહ્મણ એ કેવુ પરમ દૈવત છે ! અહો ! બ્રહ્મત્વનો પ્રતાપ કેટલો બધો છે ! મને બ્રહ્મત્વ ક્યારે પ્રાપ્ત થશે !" તે જેમ જાગ્રદવસ્થામા ઝંખ્યા કરતો હતો તેમ સ્વપ્નામા પણ હમેશાં એ જ ઝંખ્યા કરતો હતો છેવટે તેણે રાજ્યપદ છોડી બ્રાહ્મણપદ પ્રાપ્ત કરવાનો વિચાર કીધો. તત્ક્ષણે પુત્ર પુરોહિત વગેરેને રાજ્યનો કાર્યભાર સોંપી તથા ઘણી જ કાળજી સાથે પોતાની જ રૂઢિ પ્રમાણે રાજ્ય ચલાવવાની તથા પ્રજાને સારી રીતે રંજન રાખવાની શિખામણ દઇને તે પોતે વનમા ચાલી નીકળ્યો ત્યા તેણે અનેક પ્રકારના મહાતીવ્ર વ્રતો આચરવા માંડ્યા; કોઈ સમયે નિરાહાર, તો કોઈ સમયે માત્ર જળ કે વાયુનું જ ભક્ષણ કરીને તપ તપવા માંડ્યું; અને તેવી બીજી ઘણી કઠિન પ્રતિજ્ઞાઓથી તે રાજા તપ કરવા લાગ્યો આવી રીતે મહા ઉગ્ર તપ કરતાં વિશ્વામિત્રને થોડા ને ઘણા સાઠ હજાર વર્ષ વીતી ગયા, છતા એ બ્રહ્મત્વ ભિલાષી રાજવીર પુરુષ તપથી પાછો હઠ્યો નહિ. તેના તપના પ્રભાવથી આખું બ્રહ્માંડ વિહ્વલ થઈ ડોલવા લાગ્યું પછી બ્રહ્મદેવ તથા ઇંદ્ર આદિ સર્વ દેવતાઓ, વિશ્વામિત્રની આગળ ગયા અને તપમાથી તેને ઉઠાડીને કહેવા લાગ્યા, "હે મહા તપસ્વી વિશ્વામિત્ર ! તને ધન્ય છે. તારા જેવુ તપ કરનાર ત્રૈલોક્યમા પણ કોઈ નથી, તારા તપથી અમે બહુ પ્રસન્ન થયા છીએ, માટે હવે તપશ્ચર્યા સમાપ્ત કરીને કહે કે તને શી કામના છે ?" વિશ્વામિત્રે કહ્યુ; "હે દેવો ! જો તમે સર્વ પ્રસન્ન થયા હો તો તો મારી બ્રહ્મત્વ પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા પૂર્ણ કરો." "અસ્તુ ! તને બ્રહ્મત્વ પ્રાપ્ત થાઓ. અમો

તો તને બ્રહ્મર્ષિ કહીએ છીએ; કારણ કે તારા તપના પ્રભાવથી તું બ્રહ્મર્ષિપણાને યોગ્ય થઈ જ ચૂકયો છે; પણ વસિષ્ઠાદિ મહાન્ બ્રહ્મર્ષિઓ તને પોતાના વર્ગમાં ગણે એવો યત્ન કર, એટલે આ તારી મનકામના સર્વ પ્રકારે પૂર્ણ થશે." આટલું કહીને દેવતાઓ અંતર્ધાન થયા. પછી વિશ્વામિત્ર તપ સમાપ્ત કરીને વસિષ્ઠ ઋષિ પોતાને બ્રહ્મર્ષિ કહે એવો પ્રયત્ન કરવા માટે ત્યાંથી ચાલી નિકળ્યો.

ઇક્ષ્વાકુવંશના રાજાઓની આગળ વસિષ્ઠ ઋષિ પુરોહિતપણું કરતા હતા, માટે વારંવાર અયોધ્યાપુરીમા રાજસભાને વિષે તેનું બેસવું થતું હતું. બીજા પણ ઘણા મહર્ષિઓ નિરંતર તેની જોડે તે સભામા હાજર જ રહેતા હતા, તેથી એ રાજસભા સાક્ષાત્ બ્રહ્મસભા સમાન જ હતી. વિશ્વામિત્ર પોતાને બ્રાહ્મણ મનાવવાને વસિષ્ઠ મુનિ પાસે એ સભામા ગયો. વિશ્વામિત્ર તપ કરીને બ્રાહ્મણપણાને યોગ્ય થયો હતો, છતાં ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થવાથી, જાતિ સ્વભાવને લીધે ધનુષ, ભાથા, ખડ્ગ ઇત્યાદિ આયુધો ધારણ કરીને, સભામા દાખલ થયો. તેના દાખલ થતા જ સર્વ મન્ત્રીઓ તથા ઋષિઓ ઉભા થયા અને મોટા આવકાર સાથે તેને ઉત્તમ આસનપર બેસાડ્યો અને પછી સહુ બેઠા, પરન્તુ વસિષ્ઠ ઋષિ કે જે પરમ સત્યવક્તા હોવાથી જેવું જોતા તેવું જ કહેતા હતા તે, વિશ્વામિત્ર આવતા ઉભો તો ન જ થયો પરન્તુ ઉલટું, "આવો વિશ્વામિત્ર રાજર્ષિ!' એમ મર્મ વાણીથી તેને આવકાર દીધો! આ સાંભળી સર્વ સભા સાંભળતા પોતાને રાજર્ષિ કહ્યો એટલા માટે, વિશ્વામિત્ર તુરત તો કાંઈ બોલ્યો નહિ, પણ તે જ સમયથી તેના મનમા વૈર વ્યાપ્યું કે, "અરે! બ્રહ્માદિ સર્વ દેવતાઓએ મને બ્રહ્મર્ષિ કહ્યો, છતાં આ વસિષ્ઠ શા માટે મને બ્રહ્મર્ષિ કહેતો નથી? નિ:શંક એ મારો દ્વેષ કરે છે, માટે લાવ એને સતાપ કરુ" આવો વિચાર કરીને સૌદાસ નામના એક રાજાને કોઈ ઋષિના શાપથી રાક્ષસપણું પ્રાપ્ત થયું હતું, તેની પાસે વસિષ્ઠ ઋષિના એક પુત્રનો ભક્ષ કરાવ્યો. બીજે દિવસે વિશ્વામિત્ર સભામા ગયો, ત્યારે પણ પૂર્વની પેઠે જ, "આવો રાજર્ષિ!" કહીને વસિષ્ઠ ઋષિએ તેને બોલાવ્યો, એટલે તેણે ક્રોધાવિષ્ટ થઇને પુન. વસિષ્ઠ ઋષિના બીજા પુત્રનો નાશ કરાવ્યો પુન તે સભામાં ગયો, તો પણ વસિષ્ઠે તેને રાજર્ષિ જ કહ્યો. આથી તે બહુ જ ચીરડાઈ ગયો, અને પ્રતિ દિવસે પોતાને વસિષ્ઠ ઋષિ, બ્રહ્મર્ષિ ન કહેતા રાજર્ષિ કહે છે, એ વચન સાંભળી તેણે વસિ-

ઠના સોએ પુત્રોનો અનુક્રમે નાશ કરાવી નાંખ્યો. આટલું છતાં પરમ સત્વગુણી ધીર વીર સત્યવક્તા વસિષ્ઠને કંઈ માઠું લાગ્યું નહિ. તેઓ જાણતા હતા કે આ કામ વિશ્વામિત્રનું છે, તથાપિ પોતાનામાં વિશુદ્ધ બ્રહ્મભાવના હતી તેથી એમ માનતા હતા કે, મારા પુત્રોનું એ નિમિત્તે જ મૃત્યુ થવાનું હશે તેમાં કોનો દોષ ગણવો? પુનઃ વિશ્વામિત્ર, 'હવે તો મને વસિષ્ઠ મુનિ હારીને બ્રહ્મર્ષિ કહેશે જ,' એમ ધારીને સભામાં ગયો ત્યારે પુનઃ પણ સત્યવક્તા વસિષ્ઠ મુનિ તો હતા તેના તે જ રહ્યા, તેણે તો વિશ્વામિત્રને રાજર્ષિ કહીને જ બોલાવ્યો, કારણ કે, હથીઆર ધારણ કરવા વગેરે રજોગુણી રાજાનાં લક્ષણો જ્યાસૂધી વિશ્વામિત્રમાં જોવામાં આવ્યાં ત્યાસૂધી વસિષ્ઠ મુનિ તેને બ્રહ્મર્ષિ કેમ કહે? આ વેળા તો વિશ્વામિત્રને અત્યંત ક્રોધ વ્યાપ્યો, ને આખરે તેણે વસિષ્ઠ મુનિનો ઘાત કરવાનું મનમાં ધાર્યું. પછી એક સમયે મધ્યરાત્રે તે છાનોમાનો વસિષ્ઠ મુનિના આશ્રમ પ્રત્યે ગયો અને આશ્રમની પાછળ છૂપાઇને વસિષ્ઠ મુનિ નિદ્રાવશ થાય તેની વાટ જોતો ઉભો રહ્યો. અત્રે ચાંદની પૂર્ણ શોભાથી ખીલી છે, ચંદ્રમા માથાપર આવેલો છે, અને આકાશ વાદળા વગરનું હોવાથી સર્વત્ર સરખો પ્રકાશ પડી રહ્યો છે, તે જોઈ અરુંધતીએ વસિષ્ઠ ઋષિને કહ્યું, "સ્વામીનાથ! અહા! જુઓની આજે રાત્રિ કેવી શોભી રહી છે? ચન્દ્રનો પ્રકાશ કેવો નિર્મળ દીસે છે? ત્યારે શું આવા નિર્મળ અને પૂર્ણ તપવાળા કોઈ મહર્ષિ હશે, કે જેનું પવિત્ર ને દીર્ઘ તપ આવું પ્રકાશી રહ્યું હોય?" આવું વચન સાંભળીને વસિષ્ઠ મુનિ બોલ્યા, "અહો! આવું-પૂર્ણિમાના ચન્દ્ર સમાન નિર્મળ તપ તે બીજા કોનું હોય? એવા ઉગ્ર તપસ્વી ઋષિ તો આપણામાં એક માત્ર વિશ્વામિત્ર જ છે. એના સમાન આ કાળમાં અન્ય કોઈ તપસ્વી નથી."

સ્ત્રી પુરુષની પરસ્પર આવી એકાન્તમાં વાતચિત સાંભળી, વિશ્વામિત્ર, કે જે વસિષ્ઠનો પ્રાણઘાત કરવાને શસ્ત્ર ધારણ કરીને આશ્રમ પછવાડે છાનોમાનો ઉભો હતો, તેને અત્યંત પરિતાપ ઉત્પન્ન થયો. તે સ્વત વિચાર કરવા લાગ્યો કે, "અરે રે! હું કેવો પાપી અને મૂઢ છું કે, જેઓ નિષ્પક્ષપાતથી પરોક્ષપણે મારી પ્રશંસા-સ્તુતિ કરી રહ્યા છે, તેવા વસિષ્ઠ મુનિનો હું નાશ કરવા ઇચ્છું છું! અરર! ધિક્કાર છે મને, હું બ્રહ્મહત્યાના વજ્ર સમાન પાપમાંથી કેમ કરીને છૂટત? તામસી પ્રકૃતિને વશ થઈ આ પ્રતાપી બ્રાહ્મણનો સહસા મેં ઘાત કીધો હોત તો પછી

મારી શી દશા થાત? મારા સર્વ તપનો નાશ થઈ હું ઘોર નરકકુંડમાં જ પડત. અરેરે! હું પોતાને પરાણે બ્રહ્મર્ષિ કહેવરાવવાને મથું છું, તે કંઈ જ નહિ પણ મારું મિથ્યાભિમાન જ છે. ખરા બ્રહ્મર્ષિ તો આ વસિષ્ઠ જ, કે જેના સો સો પુત્રોનો નાશ કરીને મેં તેને અપુત્ર કરી નાંખ્યો છે તેટલું છતા મારી પછવાડે તે આ પ્રમાણે પ્રશંસા કરે છે, ખરો સત્વ-ગુણી સ્વભાવ એનામા જ છે! મારામા નહિ. હું તો અલ્પ ને તુચ્છ છુ! ક્યાં વસિષ્ઠનું સત્વ ને ક્યા મારો તામસ ગુણ! અસમ સરખામણી! ધન્ય છે એને અને એના બ્રહ્મત્વને" એમ કહી તુરત પોતાના હથીઆરને ત્યા જ ફેંકી દેઈ દોડ્યો દોડ્યો આશ્રમમા ગયો ને તુરત વસિષ્ઠને દંડવ-નમસ્કાર કરીને તેના ચરણ પકડી લીધા. તે જોઈ આશ્ચર્ય પામીને વસિષ્ઠે કહ્યું, "અહો બ્રહ્મર્ષિવર* વિશ્વામિત્ર! આ સમયે તુ ક્યાથી પધાર્યો?" એ પ્રમાણે વસિષ્ઠના મુખમાથી બ્રહ્મર્ષિ એવો શબ્દ સાભળી, પોતાની બ્રહ્મત્વપદની પ્રાપ્તિની અપેક્ષા પૂરી થઈ જાણી, આનદથી ગદ્ગદિત થઈ, વિશ્વામિત્રે વસિષ્ઠને કહ્યુ, "મહારાજ! આ સમયે હુ તારા દર્શનાર્થે અત્રે આવ્યો છુ. આટલા દિવસ હુ રાજર્ષિ હતો, ને આજે હુ બ્રહ્મર્ષિ કેમ કરીને થયો તે કૃપા કરી મને જણાવ" વસિષ્ઠે કહ્યુ, "હે મુનીંદ્ર! બ્રહ્મર્ષિપણાને યોગ્ય થવા માટે બ્રહ્મર્ષિના સત્વગુણ–સત્ય, શીલતા, નિર-ભિમાનત્વ વગેરે બ્રાહ્મણ ગુણોનો આ વખતે તારામા પ્રવેશ થયો છે અને તારામાંથી શસ્ત્ર ધારણ કરવા, ક્રોધ અને રાજસી સ્વભાવ વગેરેનો સમૂળો વિનાશ થયો છે, માટે તુ બ્રહ્મર્ષિ છે; તુ મહા પવિત્ર અને તપ પ્રભાવથી સાક્ષાત્ બ્રહ્મદેવ સમાન છે, પરતુ તું જ્યાસૂધી રજોગુણને અનુસરતો હતો, ત્યાસૂધી હું તને બ્રહ્મર્ષિ કેમ કહી શકુ? પણ હવે તારી આવી નિર્મળ સ્થિતિ હોવાથી તું બ્રહ્મર્ષિ જ છે!" આથી વિશ્વામિત્રે પોતાને કૃતાર્થ માન્યો, અને હર્ષયુક્ત થઇને પોતાને આશ્રમે ગયો. આ સમયથી તેમનુ પરસ્પર ગાઢ સખ્ય થયુ, અને એક બીજાને તેઓ અત્યત ચાહવા લાગ્યા.

પછી કોઈ સમયે વસિષ્ઠ મુનિ વિશ્વામિત્રને ત્યા જઈ ચઢ્યા, ત્યારે વિશ્વામિત્રે ઘણા આદરસત્કાર પૂર્વક તેનુ આતિથ્ય કર્યું નાના પ્રકારનાં પુષ્પ, વનફળ વગેરેથી તેની યોગ્ય પૂજા કરીને તેને ભોજન કરાવ્યું. પછી દક્ષિણા આપવી જોઇએ, તેમા પોતાના એક સહસ્ર વર્ષના તપનું ફળ સંકલ્પ કરીને અર્પણ કર્યું. તે લઈ વસિષ્ઠ મુનિ પોતાને આશ્રમે

* બ્રહ્મર્ષિઓમા શ્રેષ્ઠ

ગયો. તે પછી કોઇએક સમયે વિશ્વામિત્ર ઋષિ વસિષ્ઠને ત્યા જઇ ચડ્યા, ત્યારે તેણે પણ તેની આદર સહિત પૂજા કરીને જમાડ્યા અને દક્ષિણા આપતી વખતે માત્ર એક ઘડીના સત્સંગનું ફળ અર્પણ કીધુ. એ જોઈ વિશ્વામિત્રને ક્રોધ ચઢ્યો કે, 'અરે! વસિષ્ઠ શું મારી મશ્કરી કરે છે કે, એણે આમ એક હજાર વર્ષના તપ સમાન એનો એક ઘડીનો સત્સંગ ગણ્યો?' આવા અજ્ઞાત ભાવથી તેનું મોં ચઢેલું જોઇને વસિષ્ઠે કહ્યુ કે, 'વિશ્વામિત્ર! તારા મનમા ખેદ થયો તેથી કઈ ક્રોધ ચઢ્યો હોય એમ મને ભાસે છે, પણ તેમા તારે ક્રોધ કરવા જેવું નથી સત્સંગની યોગ્યતા તથા માહાત્મ્ય તારા જાણવામા નથી શું? એ વિષે તારા મનમા શકા હોય તો ચાલ આપણે કોઈ મહાન્ પુરુષ પાસે એનો ન્યાય કરાવીએ.' એમ કહી, વસિષ્ઠ તથા વિશ્વામિત્ર બંને મળી, સત્યલોકમા બ્રહ્મા પાસે ન્યાય કરાવવા માટે ગયા બ્રહ્માએ સર્વ વાતનો મર્મ જાણી લઈને વિચાર કીધો કે, 'આ બન્ને બ્રાહ્મણો સરખા પરાક્રમી છે, તેઓના તપનો પ્રભાવ અત્યત છે, માટે હું તેઓને જે ઉત્તર દઇશ, તે જો કે યથાર્થ દઇશ, છતા તે કંઈ બનેના લાભમા તો ઉતરવાનો નથી જ, માટે જરૂર એમાથી એકાદો મારાપર ક્રોધે ભરાશે ને વખતે શાપ દેશે તો તે ભોગવતા કષ્ટ વેઠવુ પડશે, માટે લાવને પરભારી પીડા કાઢું!' એમ વિચારી તેણે કહ્યુ કે, "હે ઋષિઓ! આ તમારુ પ્રશ્ન ઘણું ગૂઢ છે, તેથી તેનો સત્વશીળ પુરુષથી જ માત્ર ખુલાસો થઈ શકશે અને હું તો રજોગુણી છું, માટે તમે ભગવાન્ વિષ્ણુ પાસે પધારો" બન્ને ઋષિઓ તુરત ત્યાથી વૈકુઠમા ગયા તો ત્યાં વિષ્ણુએ પણ એમ જ વિચારીને જવાબ આપ્યો કે, "મુનિવરો! એ તો નિરંતર સમાધિસ્થ રહેનારા અને એકાગ્રવૃત્તિવાળા પુરુષનુ કામ છે. માટે તમે દૃઢ ધ્યાની શિવજી પાસે જાઓ; તે તમારી તુલના કરશે" એ સાભળી ઋષિઓ કૈલાસ પ્રત્યે ગયા. ત્યા શિવજી સમાધિમા બેસવાને તૈયાર થઈ રહ્યા હતા, માત્ર સમાધિ કાળ આવવાને ચાર કિંવા પાંચ ક્ષણ બાકી હતી, તેથી તેણે કહ્યુ કે, "મારે તો હવે સમાધિનો વખત નજીક આવ્યો છે, તેથી મારાથી ઉત્તર દેવું બની શકશે નહિ; માટે તમે અનતની પાસે પધારો." મુનિઓ ત્યાથી અનત પાસે ગયા. પોતાની પાસે મુનિઓને આવેલા જોઇને અનત બહુ પ્રસન્ન થઈ કહેવા લાગ્યા કે; "અહો! આજે બહુ કૃપા કરી કે, મુનીશ્વરો મારે ત્યા પધાર્યા!

આજે મને કૃતાર્થ કર્યો! કહો શી આજ્ઞા છે?" એ સાંભળી ઋષિઓએ પોતાનો વાદ નિવેદન કીધો અને કહ્યુ; "બ્રહ્મદેવની પાસેથી ફરતા ફરતા છેક શિવજી પાસે આવ્યા, ત્યારે તેણે તમારી પાસે અમને મોકલ્યા છે, માટે તું અમારો ન્યાય કરી સત્ય કહે કે, એક હજાર વર્ષના તપનું ફળ વધારે કે એક ઘટિકાના સત્સગનું ફળ વધારે?"

એ સાભળી અનતે (શેષે) વિચાર કરીને કહ્યુ, "હે વિશ્વામિત્ર! મને આ પૃથ્વીનો ભાર બહુ લાગે છે, તેને લીધે મારુ ચિત્ત ઘણું જ આકુળવ્યાકુળ થાય છે, માટે મારા માથાપરથી તેને જરાક વાર ઉઠાવી લ્યે તો હું નિરાતે તારા વાદનો ન્યાય કરુ." "મહારાજ! અમારી કંઈ એટલી બધી શક્તિ હોય?" એમ વિશ્વામિત્રે કહ્યુ. "ત્યારે માથાપર ન લ્યે તો તારા એક હજાર વર્ષના તપના પ્રભાવથી મારે માથેથી માત્ર એક વેંતભર પૃથ્વીને ઉંચી કરની કે થયુ," આમ શેષ બોલ્યો. ત્યારે વિશ્વામિત્રે તુરત હાથમા જળ લઈને કહ્યું, "હે ધરા! મારા એક હજાર વર્ષ પર્યન્તના તપનું ફળ તને આપુ છું, તે તપોબળના પ્રતાપે તું એક વેંતભર અદ્ધર થા!" પણ પૃથ્વી જરાએ હાલી સુદ્ધા નહિ. ત્યારે શેષે વસિષ્ઠને કહ્યુ; "તું એને અદ્ધર કર." તુરત વસિષ્ઠે જળ લઈને કહ્યુ; "હે પૃથ્વીદેવિ! માત્ર એક ઘડી પર્યન્તના સત્સંગનુ ફળ તને દઉં છુ, તું ઉંચી થા, કે જેથી અમારા વાદનો નિર્ણય થાય!" તત્ક્ષણે આશ્ચર્ય થયુ પૃથ્વી શેષના માથાપરથી ધમધમાટ કરતી ઉંચી થઈ, ને શેષ બહુ રાજી થયા પછી વિશ્વામિત્ર તેને કહેવા લાગ્યા, "હે સકર્ષણ! હવે શીઘ્રતાથી અમને ઉત્તર કહે." આ વચન સાભળી, શેષ ખડખડાટ હસીને બોલ્યો; "ઋષિવર! ઉત્તર કયારનોએ અપાઈ ગયો! વિના બોલ્યે તમારા પ્રશ્નનો ખુલાસો આપ મેળે જ થઈ ચૂકયો છે!" આ સાભળીને વિશ્વામિત્ર તુરત સમજી ગયો, અને તેથી જરાક ઝખવાઈ ગયો પોતાની સમક્ષ જ જેવું જોઈએ તેવું નિષ્પક્ષપાત ઉત્તર મળ્યું, તેથી કંઈ ક્રોધ ન કરતા, શેષની આજ્ઞા લઈ, વસિષ્ઠની સાથે આનદથી તે મૃત્યુ લોકમા આવ્યો.

હે શિષ્ય! આ સર્વનું તાત્પર્ય એ છે કે, માત્ર એક ઘડીનો પણ સત્સગ અતિ દુર્લભ છે. તું જો કે, વિશ્વામિત્રના એક હજાર વર્ષના તપોબળ કરતા પણ વસિષ્ઠનો એક ઘડીનો સત્સગ પ્રબળ થયો, માટે સત્સગ સર્વ મનુષ્યનું સર્વદા કર્તવ્ય છે.

અષ્ટાદશ બિન્દુ

સત્સંગનું ફળ

अघौघं प्राचीन विघटयति पुण्यं प्रथयति
प्रसूते सद्बुद्धिं नवनवकलां पल्लवयति ॥
हरत्यज्ञानान्ध्यं दिशति परमानन्दपदवीं
सतां सङ्गः कल्पद्रुम इव न किं किं वितनुते ॥

અર્થ—સત્પુરુષોનો સંગ કલ્પવૃક્ષના જેવો છે, તે શું શું કરતો નથી? તે, પાપના પુરાણા પુંજનો નાશ કરે છે, સદ્બુદ્ધિ આપે છે, નવનવી કલિઓને વિસ્તારે છે, અજ્ઞાનરૂપી અંધારાને દૂર કરે છે અને પરમાનંદની પદવી આપે છે

વળી હે વત્સ! પૂર્વે તેં મને પૂછ્યું હતું કે, સત્સંગનું ફળ શું? અને તે કેવી રીતે મળે છે? તે ઉપર એક પુરાતની કથા કહું તે સાંભળ.

એક રાજનગરમાં કોઈ મહા વિચક્ષણ અને બહાદુર ચોર રહેતો હતો. તેણે પોતાની આખી ઉમ્મરમાં ઘણીક મોટી મોટી ચોરીઓ કરીને ઘણું દ્રવ્ય મેળવ્યું હતું. તે સર્વ વાતે નિપુણ હોવાથી જાણતો હતો કે, શાસ્ત્ર પુરાણ ઇત્યાદિનું શ્રવણ કરવાથી મનુષ્ય નિશ્ચે સત્વગુણી, ધર્મભીરુ અને ઉત્તમ પુણ્ય કર્મ કરનારો થાય છે; પણ આપણે ચોર લોકને એવા સત્વગુણી અને ડરકુ થવું પાલવે તેમ નથી અને વિચાર કરીને પુણ્યકર્મ કરનારા થવું પણ કેમ પાલવે? એમ ધારીને પોતાના છોકરાઓને તેવા થતા અટકાવવા માટે તે બહુ જ કાળજી રાખતો જણાતો હતો. તેની એવી ધારણા હતી કે, એવા વિચારવંત થવાથી મારા પુત્રો ચોરી કિંવા લૂટફાટ કરશે નહિ, તો ધંધા વગર ભૂખે મરી જશે, અને મારું નામ ડૂબાવશે? આવા વિચારમાં ઘેરાયલો તે ચોર મરવા પડ્યો;

પણ તેનો જીવ કેમે કરી દેહ ત્યજી જાય નહિ. તેના નેત્ર સમીપ એના એ જ વિચાર રમ્યા ભમ્યા કરે ને ડરાવ્યા કરે! તે ઘડીએ ઘડીએ ઝપકી ઉઠે ને બડબડાટ કરે કે, 'શું થશે? ફોકટમાં મરી જશે! શિખ ન માનશે તો રઝળી મરશે,' ઇત્યાદિ લવ્યા કરે. બાપની આવી સ્થિતિ જોઈ, એક વખતે તેના સૌ દીકરા તેની આજુબાજુએ આવી બેઠા, અને તેની પાસે દાટેલી થાપણ વગેરેની ખબર પૂછી. તે વૃદ્ધ ચોરે જે જ્યા હતુ, તે સઘળુ પોતાના વારસાનું ધનમાલ દીકરાઓને હવાલે કર્યું, છતા તેનો જીવ કેમે કર્યો જાય નહિ ડોસાના આવા હાલ જોઈ દીકરાઓ આતુર થઇને તેને પૂછવા લાગ્યા, "કાકાજી!* તમારો જીવ કેમ પીડાય છે? તમારુ મન શી વાતમા અટકી રહ્યુ છે? હવે તમારા જીવની મુક્તિ કરો!" ત્યારે બાપે ડચકિયા ખાતા ખાતા ધીરેસથી કહ્યુ, "ભાઇઓ રે! તમે મારું કહ્યુ માનો તો તમને કહુ" તે સાભળી મોટા છોકરાએ વચન આપી કહ્યું, "જાઓ, અમારુ વેણુ છે, જે તમે કહેશો તે પ્રમાણે અમે તમારી પાછળ કરીશુ!" એ સાભળી ડોસાએ કહ્યુ, "મારી પછવાડે દહાડો પાણી તો તમારી સપત પ્રમાણે કરજો, પણ મારે તો કહેવાનુ એટલુ જ છે કે, તમારે કોઇએ, કોઈ દિવસ કથા કિંવા પુરાણ સાભળવુ નહિ, તેમ જ કોઈ સત પુરુષની પાસે બેસવુ પણ નહિ અમારા ઘરડા અમને જે ધર્મ કહી ગયા છે, તે પ્રમાણે તમારે ચાલવું" એટલું કહી ડોસાએ પ્રાણ તજ્યા!

ડોસો મુવા પછવાડે છોકરાઓ પોતાના બાપના કહ્યા પ્રમાણે જ વર્તવા લાગ્યા કોઈ ઠેકાણે કથા કીર્તન થતું હોય તો ત્યાથી આડે માર્ગે ચાલ્યા જાય, બેઠા હોય ત્યા કદાચ કોઈ સંત પુરુષ આવ્યો, કે કોઇએ ભગવાનનું નામ દીધુ તો તુરત ત્યાથી ઉઠીને હીંડવા માડે આ પ્રમાણે વૂડ સરખા મૂઢ થઇને તે અજાણુ છોકરાઓ વર્ત્યાં જતા હતા. એક દિવસે મોટો છોકરો કંઈ કામ સારુ બહાર જતો હતો, ત્યા માર્ગમા એક મન્દિર આગળ થઇ નિકળતા હરિકથા થતી સભળાઈ બાપનાં વચનને અનુસરી, તે કથાનો એક શબ્દ પણ ન સાભળવો જોઇએ, પરન્તુ માર્ગમાથી ક્યાંઈ આડે અવળે જવાય એવું ન હતું, તેથી તેણે કાનોમા આંગળીઓ ઘાલી, અવળું મ્હોં કરી ચાલવા માડ્યુ ઊંચી આંખ

---

* હલકી વર્ણના કોળી કાછિયા વગેરે લોકોમા બહુધા બાપને કાકાજી કહેવાનો ચાલ છે

ને નીચા પગ, તેથી માર્ગમાં શું હતું, તે દૃષ્ટિએ પડે તેમ નહોતું. કર્મ-સંજોગે માર્ગમાં એક મોટો બાવળનો કાંટો ઉભો થઈ રહેલો હતો, ત ભચ્ચ દઈને તેના પગમાં પેસી ગયો. હવે કાંટો કાઢ્યા વિના ચલાય કેમ? તેથી ન ચાલતે કાનમાથી આગળીઓ કાઢી, કાંટો કાઢવા તે ચોર ઉભો રહ્યો. જલદી જલદી કાટો કાઢી નાખ્યો, પણ જેટલી વાર તેને ઉભુ રહેવું પડ્યુ, તેટલી વારમા તે મન્દિરમા થતી કથામાથી તેના કાનમા બે ચાર શબ્દો પેસી ગયા તેના સાભળવામા આવ્યું કે; "દેવને છાયો હોય નહિ!" તેણે કાંટો કાઢી તુરત ચાલવા માડ્યુ, પણ પેલી સાભળેલી વાત તેના હૃદયમા ચોંટી રહી.

એક વખતે તે ચોર મધ્યરાત્રે ચોરી કરવા નિકળ્યો. બીજે કોઇ ઠેકાણે લાગ નહિ ફાવવાથી ઘેર તરફ પાછો ફર્યો. પણ તે રાજમહેલની પછવાડે થઇને જતો હતો, તેવામા ઉંચી દૃષ્ટિ કરતા મહેલની પછવાડેની બારી અનાયાસે ઉઘાડી પડેલી જોઈ ચોકી પહેરાને ભૂલવી તુરત ભીંત ઉપર પોતાની પાસેની પાટલાઘોને ચઢાવી દીધી, અને બારી આગળ પહોંચી કે, તુરત દોરી પકડી તે ઉપર ચઢી ગયો અંદર પેઠો તો તેનુ ભાગ્ય ઉઘડી ગયેલુ જોયુ મોટો જવાહીરનો ખજાનો જ તેના હાથમા આવ્યો તેમાથી લેવાય તેટલું દ્રવ્ય લઇ, તેણે ગાસડો બાધ્યો, અને દોરી ફાસીને બારી-એથી તે નીચે ઉતારી દીધો, અને પછી પોતે પણ તુરત નીચે ઉતરી પડ્યો દ્રવ્ય પોતે ઉપાડવા જાય છે તો તે એકલાથી ઉપાડી ઘેર સુધી પહોંચી શકાય તેમ નહોતુ. તેને કેવી રીતે ઘેર લઇ જવુ, એમ તે વિચાર કરતો હતો, તેવામા પાસેની દેવડીની પછવાડે એક ઊંટ બેઠેલું તેના જોવામા આવ્યુ. તુરત ગાસડાના બે ભાગ કરી, તેને પલાણની માફક ઊંટની પીઠપર બાધ્યા અને યુક્તિથી ઊંટને ઉભું કરી, છાનોમાનો રાજવાડામાથી બહાર નિકળી આવ્યો ચોર લોકો ગુપ્તમા ગુપ્ત રસ્તો શોધી કાઢવામા બહુ કુશળ હોય છે; તેવી રીતે આણે રાજવાડામાથી એવો માર્ગ લીધો કે, જ્યા ચોકી પહેરો તો શુ, પણ કાળું કુતરુએ મળે નહિ, અને એ રસ્તેથી ચોરીનો પગ પણ નિકળી શકે નહિ. ઘેર આવી તુરતાતરત દ્રવ્ય જમીનમા દાટી દીધુ અને ઊંટને, ચોરીનો પત્તો ન લાગી શકે, માટે છૂટું ન મૂકી દેતા ઠાર કરી દીધું

બીજે દિવસે પ્રાતઃકાળમાં ચોરી થવાની રાજ્યમા ખબર પડી એટલે રાજાએ વિચાર કીધો કે, 'અરે! જ્યારે ખુદ મારે ત્યાં જ

આવી રીતે ચોરી થઇ, ત્યારે બીચારી રૈયતની શી ગતિ? માટે ગમે તે રીતે પણ તે ચોરને પકડી આણી તેને યોગ્ય શિક્ષા કરીને રાજ્યમા એવો દાખલો બેસાડવો, કે જેથી ચોર લોકોના કાળજા થરથરી જાય અને હવે પછી કોઇ પણ વખતે ચોરી થતી અટકે' આવા વિચારથી તેણે નગરમા ડાડી પીટાવી, ઠરાવ પ્રસિદ્ધ કીધો કે, "જે ધણી ચાર દિવસની અદર ચોરને પકડી આણશે, તેને ચોરાયલા દ્રવ્ય કરતા સવાયુ ઇનામ મળશે!" આ ડાડી આખા નગરમા પીટાવી, પણ કોઈ તૈયાર થયુ નહિ છેવટે એક વેશ્યા ચોર પકડવા તૈયાર થઈ આ નગરનારીઓ બહુ યુક્તિબાજ અને ચતુર હોય છે, તેઓને ત્યા હજારો લુચ્ચા લફંગાની જા આવ પણ હોય છે, તેથી કોઇ વાત તેઓનાથી અજાણી રહેતી નથી. બીજે દિવસે તે વેશ્યાએ, પોતાનો સુદર વેશ ત્યજી, એક કગાલ ભીખારણનો વેશ ધારણ કીધો, અને હાથમા એકતારો તબુરો લઇ, ભજન ગાતી ને વચમા વચમા આસુ પાડતી, અને કલ્પાત કરતી, ચોર લોકોના મોહોલ્લામા આવી ત્યા ઘેર ઘેર ફરી દયામણું મ્હો કરી કરુણાળ સ્વરે કહેવા લાગી કે, "એ બાઇઓ! હું ગરીબ માણસ છુ, મારો એકનો એક છોકરો છે તેને મસાણ રોગ થએલો છે. તેને માટે મુવેલા ઊંટનુ જરાક માસ જોઇએ છીએ. જો તમારી પાસે તે હોય અને મને આપો તો મારા છોકરાને જીવતદાન આપ્યાનું પુણ્ય તમને થશે હું કગાલ છુ, લાચાર છુ, અનાથ છુ, રાક છુ, માટે બને એટલુ આ અભ્યાગત ભીખારણનુ કામ કરો, દયા કરો! પ્રભુ તમારુ સારુ કરશે!" આવુ દયામણું બોલવુ સાભળી ચોરોની સ્રીઓના મન પીગળી ગયા, અને એક ચોરની સ્રીએ, જે ઊંટ આગલે દિવસે મારી નાખ્યું હતું, તેનુ થોડુક માસ તેને આપ્યુ. આ વખતે તે વેશ્યાએ ફલાણા ઘરમાથી માસ મળ્યું છે, તેની નિશાની રાખવા માટે તે ઘરના બારણાપર કંકુનો થાપો માર્યો, અને કોઇને સશય ન પડે તે માટે સ્રીઓને સમજાવી કે, "હું મહામાયાની સેવકી છું ને તેને પ્રસન્ન કરવા માટે ભોગ આપવા આ માસ લઈ જાઉં છુ તમે પરમાર્થ માટે મારુ કામ કર્યુ છે તેથી તમારે ત્યા પણ માતાજી લીલાલહેર કરે, એ માટે આ મગળ થાપો મારુ છુ!" એમ કહીને તે ત્યાથી તુરત વિદાય થઈ ગઈ.

જ્યારે પેલો ચોર બહારથી આવ્યો ને ઘરપર નજર કરી, ત્યારે જોયું તો બારસાખે થાપો મારેલો છે. તે જોતાં જ તેણે માન્યુ કે, જરૂર

કોઈ ઉસ્તાદ મળ્યો. પછી સ્ત્રીઓને પૂછયું, ત્યારે તેઓએ જણાવ્યું કે, કોઈ ભીખારણ આવી હતી, તે ઉંટનું માસ લઇ ગઇ છે અને બારણે દેવીના આશીર્વાદનો થાપો મારી ગઇ છે. આ વૃત્તાંત સાભળી તે ચોરે તુરત તે થાપો લીપાવી સાફ કરાવી નાંખ્યો ને રાત્રે દસ બાર ઘેર એવા થાપા કરી નાંખ્યા કે, ત ચોરનું ઘર કીયું, તે જણાય જ નહિ. બીજે દહાડે વેશ પાલટી પેલી વેશ્યા ત્યાં જોવા ગઈ તો જે ઘરપર તેણે થાપો માર્યો હતો ત્યા કંઈ જ ન હતું, પણ બીજે દસ બાર ઠેકાણે થાપા મારેલા હતા, તે નજરે પડ્યા તે જોઇ તેને નિશ્ચય થયો કે, જરૂર જેણે થાપો લીપી નાંખ્યો છે, તે જ ચોર છે આવું અનુમાન કરી, લીપેલા થાપાની બરાબર નિશાની રાખીને તે ઘેર ગઇ પછી રાત્રે દેવીનું રૂપ લીધું, બે હાથ કૃત્રિમ કરીને ચાર હાથ કર્યા, એક હાથમા બળતી સગડી રાખી, એકમા ખપ્પર, એકમા ઉઘાડી તરવાર અને એકમા ત્રિશૂળ, એમ આયુધ ધારણ કરી, કેશ છૂટા મૂકી, ભવ્ય યોગમાયાનું સ્વરૂપ ધરી, પાડા ઉપર ચ્હડીને, ઘરમાંથી બહાર નિકળી. આ વખતે મધ્યરાત્રિ વીતી જવા આવી હતી, ગામમા સોપો* પડી ગયો હતો પછી દેવીના રૂપમા રહેલી તે વેશ્યા ચોરવાડામાં ગઇ અને પેલા ચોરના ઘર આગળ જઈ બારણું ઠોક્યું. ઘરમાથી પાંચ સાત જણ બહાર નિકળી જુએ છે તો સાક્ષાત્ જોગણી તેમને ત્યા પધારી છે, એમ ધારી ઘરનાં સઘળાં માણસો પગે પડી, “માતાજીને ઘણી ખમા! જય આશાપૂર્ણા! જયજય જગદંબે! જય મહેમાયા!” વગેરે શબ્દોથી તેને વધાવવા લાગ્યા. ચોર લોકો દઢ દેવીભક્ત હોય છે. પછી ચોરોની આગળ ગભીર વાણીથી તે દેવી કહેવા લાગી; “કેમ રે નગણાઓ! તમારા મનમા શુ ધાર્યું છે? આઠ આઠ દિવસ થઇ ગયા મોજ મારો છો, છતા હું કોઇને તમારુ નામ લેવા દેતી નથી ને ચારે કોરથી તમારી રક્ષા કરુ છુ, છતા હજુ તમે મારુ બલિદાન આપવું કેમ ભૂલી ગયા?” દેવીના આ વચન સાભળીને ચોરો ભયથી થરથર ધ્રૂજવા લાગ્યા ને માતા કોણ જાણે શુનું શું કરી નાંખશે, એવી બીકથી તે ચોર, ત્રણે ભાઇ સાથે, લાબો થઇને માતાને પગે પડ્યો અને હાથ જોડીને પ્રાર્થના કરી; “અહો માતાજી! આપે અમારાપર બહુ કૃપા કરી, કે અમોને આજે દર્શન દીધા! ઓ મા! તારી કૃપાથી અમને જે કંઇ

* સર્વે જીવ જતુ સમસમાકાર નિદ્રાવશ થઇ ગયા હોય, તે વખતને સોંપો પડ્યો એમ કહે છે આ શબ્દ કાઠિયાવાડી છે.

મળ્યું છે, તેમાથી હજુ સૂધી એક પાઇ પણ અમે વાપરી નથી; બધુ એમને એમ આ ઠેકાણે અકબંધ દાટેલું છે એ તો, પહેલુ તને બલિદાન આપીને પછી અમો લઇશું, ત્યા સૂધી તો અમારે તે હરામ બરોબર છે. હજુ સૂધી શહેરમા તપાસ ચાલે છે, માટે તને ભોગ અપાયો નથી, માટે ખંમા કરો માજી !"

આ કરતાં બીજી કેવી તપાસ તે વેશ્યાને કરવી હતી? આનાથી વધારે બીજી શી ખાતરી કરવી જોઇએ? આમ પૂર્ણ નિશ્ચય થયા પછી, તે વેશ્યા પોતાનું કામ થયુ એમ જાણીને, મનમા હરખ પામતી ત્યાથી વિદાય થઇને જતી વેળા કહેતી ગઇ કે, "ઠીક ત્યારે, પણ ભૂલવા નહિ, નિકર આ ખપ્પર જોયું છે કે?" એમ ભય આપી ઝટ લઇને ત્યાંથી ચાલવા માડી. પરતુ તેના હાથમા બળતી સગડી હોવાથી તેના અજવાળાને લીધે, તે જ્યારે ચાલી ત્યારે તેના શરીરનો ઓળો પડ્યો. એ જોઈ પેલા ચોરને તુરત યાદ આવ્યુ કે, "અરે ! આ તો દેવી ન હોય ! કારણ કે, દેવને તો છાયો ન હોય, ને આનો તો છાયો પડે છે ! માન ન માન, પણ આમા જરૂર કંઇક દગો છે, તેથી રખેને એ રાડ દેવી કંઇ ઉંધુ મારે !" એવો વિચાર કરી, સમયસૂચકતા વાપરી, તત્ક્ષણે મોટો ચોર તેની પછવાડે દોડ્યો ને તે વેશ્યાને પકડી ભોંયરામા પૂરી દીધી

વેશ્યાની મુદત પૂરી થઇ ચોરની ભાળ જડી નહિ. રાજાએ બીજો ઠરાવ જાહેર કર્યો કે, "જે કોઇ ચોર પકડી આપે તેને, અથવા ચોર જાતે હાજર થશે ને ગુન્હો સ્વીકારશે તો તેને, મારી દીકરી પરણાવું ને અર્ધા રાજ્યનો માલિક કરુ!" આ વાત જાણીને, બીજે દિવસે ચોર પોતે જ દરબારમા જઇ ઉભો, અને રાજાને કહ્યુ, "મહારાજ ! આપનું વચન પાળો હું પોતે જ ચોર છું, તથા દ્રવ્ય સઘળુ મારી પાસે તૈયાર છે" તે જ ચોર છે, એમ ખાતરી થવા માટે ઘણીક વાતે પરીક્ષા કીધા પછી, રાજાએ પોતે પોતાના કહેવા પ્રમાણે તેને કહ્યુ, "તું કહે છે તે સત્ય છે લે આ કન્યા પરણ ને તારુ અર્ધુ રાજ્ય સભાળી લે હું એક વખત જે બોલ્યો છું તે સત્ય જ છે!" આ સાભળી ચોરે વિચાર કીધો કે, "અહો ! કેવુ આશ્ચર્ય ! શું ચોરને તે ફટકાના માર અને બેડી હોય કે રાજકન્યા સાથે લગ્ન તથા રાજવૈભવની પ્રાપ્તિ હોય? શુ ચોરને તે મારો, તાડો, બાધો, એમ હોય, કે આ મારુ અર્ધું રાજ્ય લે અને આ કન્યા પરણ, એમ હોય? અહા ! કેવી અદ્દભુત ગતિ ! પણ એ સર્વ

શાને લીધે બન્યું? પેલી વેશ્યા અમને ઠગીને સહીસલામત ચાલી ગઈ હોત, તો બીજે જ દિવસે અમારું મોત હતું. પણ તેનો છાયો જોઈ, પેલા મંદિર આગળ ઉભા રહેતાં સંભળાયલું કથાવચન યાદ આવ્યું, તેણે જ અમને ઉગાર્યાં છે અને મને આવો ભાગ્યવાન્ બનાવ્યો છે. અહો! એક જ દિવસે, માત્ર એક જ વાર, અને તે પણ ફક્ત એક જ શબ્દ, અને તે વળી અનિચ્છાએ, કષ્ટથી, પણ સત્‌વચન સાંભળવામાં આવ્યું, તેથી મારો આવો ભાગ્યોદય થયો છે, તો એ સત્સંગ નિરંતર થાય અને કથા સંભળાય તો તેથી આ લોકમા ને પરલોકમા મારું કલ્યાણ થવામા શી ન્યૂનતા રહે? અરેરે! મારા મૂર્ખ પિતાએ કહ્યું કે, 'સત્સગ ન જ કરવો!' પણ એ કેવા અજ્ઞાની, કેવા મૂઢ, કે પોતે પણ એમને એમ ટાટિયા ઘસતા ઘસતા કૂવા (નરક)મા પડ્યા, ને પાછળથી બીજાઓને પણ તેમા પડવાનો ઉપદેશ દેતા ગયા છે!" આમ વિચાર કરતા તે ચોર, પૂર્વજન્મના કોઈક સુસંસ્કારના યોગથી, પરમ વૈરાગ્યમા ડૂબી ગયો, અને પછી જેમ ઉંઘમાથી જાગે તેમ, એકાએક ઝબકીને બોલ્યો; "રાજાધિરાજ! આ રાજવૈભવ અને આ રાજકન્યા, એને મારે શું કરવુ? એ તો નરકની ખાણુ છે! પાપના પુતળા છે! રાજપુત્રી મારે ભગિની સમાન છે, તેને હુ શુ કરુ? હરિ! હરિ! એને પરણું? રે એ તો મોટા અકલ્યાણુની વાત થાય; કારણુ કે, એ કાર્ય કરવાથી મારા હાથમા આવેલો અમૂલ્ય હીરો હું ગુમાવું છું માત્ર એક જ વચન, એક જ ક્ષણુ, ઈચ્છા વિના અનાયાસે, એક જ શ્રવણુદ્વારા મારા હૃદયમા પ્રવેશ્યું, તેનાથી આવો અદ્‌ભુત અને અલભ્ય લાભ મળે છે, તો નિરતર શાસ્ત્ર-શ્રવણુ અને સત્સંગ કરવાથી શી વાતની ન્યૂનતા રહે? મહારાજ! મારે એ રાજ્યવૈભવનું સુખ નથી જોઈતું, હું તો હવે આ સંસારને પણુ ચાહતો નથી; અસારના સેવનથી શો સાર મળશે? હું વૈરાગ્ય લઈ વનમાં જઈ રહીશ ને ત્યા રહી ઈશ્વર આરાધન કરી, પાપ કર્મ માટે પશ્ચાત્તાપ કરીશ, અને મારા આ દેહગેહનું કલ્યાણુ કરીશ, પછી આત્માને શોધી પરમાત્મા કે જેને મેળવવાને અનેક ઋષિ મુનિઓ મથે છે, તેને મેળ-વવા મથીશ!" આટલું કહીને તે ચોરે રાજાને દંડવત્ પ્રણામ કર્યા, અને રાજાના થોડા સેવકોને સાથે લઈને પોતાના ગૃહપ્રતિ પ્રયાણુ કર્યું ત્યાં જઈ જે ભોંયરામા વેશ્યાને પૂરી હતી તેમાથી તેને મુક્ત કરી, અન રાજાના અનુચરોને તેઓના સ્વામીનું દ્રવ્ય પોતાના કુટુંબીઓ અને સહોદર ભ્રાતાની

અણુહદ અબાયથી વચ્ચે, સુપરત કર્યું. તત્પશ્ચાત્ સંન્યાસ ધારણ કર્યા, અને તુરત સદ્ગુરુ પાસે જઈ ઉપદેશ લીધો. જ્ઞાન થતાં તીવ્ર વૈરાગ્યવાન્ થઈ આત્માનાત્માનું સ્વરૂપ જાણી, એ જ જન્મે તે પરમપદને પામી ગયો મૃત્યુના ભયમા સપડાયલી વેશ્યાએ પણ છૂટ્યા પછી ચોરનો ઇત્થભૂત વૃત્તાત જાણ્યો! અને તે જ્યારે સત્સંગનો પ્રભાવ સમજી, ત્યારે ચટકી લાગવાથી પોતાની અધમ વૃત્તિ ત્યજી દઈ, સંત સમાગમ કરવા લાગી તેના યોગે કરીને તે શ્રીહરિના ગુણાનુવાદ ગાતી અતે નિર્વેદને પામી

એ પ્રમાણે, હે વત્સ' સત્સમાગમથી કેવા કેવા લાભ થાય છે, તે તારા જાણવામા આવ્યુ હશે. અનેક સાધનો કરતા જ્ઞાન એ મોક્ષનુ પરમ સાધન છે અગ્નિ વિના પાક થતો નથી, તેમ જ્ઞાન વિના મોક્ષ મળતો નથી જ્ઞાનપ્રાપ્તિનુ દ્વાર સત્સંગ છે ને સત્સગ એ સર્વ શુભ સાધનનુ મૂળ છે, વૈરાગ્યનો માર્ગ છે, ભગવત્પ્રાપ્તિનું દ્વાર છે અને મોક્ષના નિસરણી છે એને માટે જેટલુ કહીએ તેટલું થોડુ જ છે

એકાનવિંશ બિન્દુ

વૈરાગ્ય

भोगे रोगभय कुले च्युतिभय वित्ते नृपालाद्भयं
मौने दैन्यभय बले रिपुभयं रूपे जराया भयम् ॥
शास्त्रे वादभय गुणे खलभय काये कृतान्ताद्भय
सर्वं वस्तु भयान्वित भुवि नृणां वैराग्यमेवाभयम् ॥

અર્થ–ભોગમા રોગનો ભય, કુળમા ભ્રષ્ટ થવાનો ભય, ધનમા રાજાનો ભય, મૌનમા દીનતાનો ભય, બળમા રિપુનો ભય, રૂપમા જરાનો ભય, શાસ્ત્રમા વાદનો ભય, ગુણમા ખળનો ભય અને કાયામા કૃતાન્ત કાળનો ભય, એમ સર્વ વસ્તુ મનુષ્યોને જગતમા ભયવાળી છે, માત્ર વૈરાગ્ય જ અભય છે

શિષ્ય–મહારાજ! આપે હમણા જે વૈરાગ્ય કહ્યો, તે કેવો હોય છે; વૈરાગ્ય કયારે અને કોને ઉત્પન્ન થાય છે ને તેથી કેવુ ફળ પ્રાપ્ત થાય છે, તે મને યથાર્થ કહો.

ગુરુ–વત્સ! આ જગત્ માયાની ઉપાધિરૂપ છે. તેમાની સારી કિંવા માઠી સર્વ વસ્તુને મિથ્યા માનીને તે ઉપરથી પ્રીતિ ઉઠાડી દેવી, તેનુ નામ વૈરાગ્ય છે આ સૃષ્ટિમાની સર્વ વસ્તુ પરમાત્મા વિના મિથ્યા–અસત્ય જ છે, એવુ દૃઢ જ્ઞાન થયા પછી, જ્ઞાનીને–મુમુક્ષુને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. પછી તેને લીધે કોઈ પણ વિષયપર જ્ઞાનીનુ ચિત્ત ચોંટતું નથી, તે માત્ર આત્મસ્વરૂપમા જ દૃઢપણે લીન થાય છે, અને પૂર્ણ લીન થતા સ્વસ્વરૂપને જાણ્યા પછી કાળાવધિએ તે (જ્ઞાની) પરમ મુક્તિને પામે છે. હવે વૈરાગ્ય કેવો હોય છે, તે વિષે સાભળ

પૂર્વે મિથિલાપુરીને વિષે જનક નામના રાજાઓનો વશ રાજ્ય કરતો હતો મિથિલાના સર્વ રાજાઓ પરપરાથી જનક વિદેહીના નામથી જ સુપ્રસિદ્ધ હતા. તેઓના ગુરુ યોગીશ્વર યાજ્ઞવલ્કય પરમ ઋષિ હતા. યાજ્ઞવલ્કય

ઋષિ મહાપ્રતાપી અને બ્રહ્મવિદ્યાના જાણનાર હતા તત્ત્વજ્ઞાનીઓમા તે અગ્રગણ્ય હતા એ જ પ્રમાણે જનક પણ ઉત્તરોત્તર ગુરુપ્રસાદવડે મહા-તત્ત્વવેત્તા જ થતો આવતો હતો. જનકે એક સમયે યોગીંદ્ર યાજ્ઞવલ્ક્યને પ્રશ્ન કર્યું કે, "મહારાજ! ગુરુદેવ! આપે ઘણીક વખતે કહ્યુ છે કે વૈરાગ્ય વગર પ્રાણીની મુક્તિ નથી મને પ્રશ્ન થાય છે કે એ વૈરાગ્યનુ સ્વરૂપ કેવું હોય?" જનકનુ એ વચન સાભળી રાજગુરુ યાજ્ઞવલ્કયે વિચાર કીધો કે હવે એને તે શું સમજાવુ? કારણ કે, કોઈ અજાણ હોય, તેને વર્ણન કરી બતાવીએ કે, ભાઈ! આવી સ્થિતિ થાય ત્યારે તેને વૈરાગ્ય કહેવાય! પણ આ કઈ અજાણ નથી, એ પોતે વિરક્તની સ્થિતિ કેવી હોય, તે સારી રીતે સમજે છે, વૈરાગ્ય સ્થિતિનું સ્વરૂપ હું પણ જાણું છુ ને એ પણ જાણે છે, બન્ને તત્ત્વવેત્તા કહેવાઈએ છીએ, છતા વિરક્તની પેરે વર્તતા નથી એ દોષ છે, હું પણ વ્યવહાર અને વિષયોમા લુબ્ધ છુ, એ પણ વ્યવહાર અને વિષયમા લુબ્ધ છે, તો એને કેમ કરીને સમજાવાય? એને તો પ્રત્યક્ષ પ્રમાણથી સમજાવવો જોઈએ એમ વિચારી યાજ્ઞ-વલ્કયે કહ્યુ, "હે રાજન્! આજે સમય નથી, માટે આવતી કાલે તને વૈરાગ્યનુ સ્વરૂપ યથાર્થ-તેના વિશુદ્ધ અગમા જ દર્શાવીશ!"

યાજ્ઞવલ્કય ઋષીશ્વરને કાત્યાયની અને મૈત્રેયી નામે બે સ્ત્રીઓ હતી ઋષિએ રાજસભામાથી ઘેર આવી નિર્વિલબે પોતાનુ સર્વ ધન તે બન્ને સ્ત્રીઓને, તેના પછવાડે પોતપોતાની પ્રજાના સરક્ષણાર્થે વહેચી આપવા માડ્યુ, ત્યારે તેમાથી મૈત્રેયી, જે સતાન રહિત, પતિપ્રેમમા પૂર્ણ, પાતિવ્રત્ય પાળનારી અને સમર્થ સતી હતી, તેણે ઋષિદેવને કહ્યુ, "સ્વામીનાથ! મારે આ દ્રવ્યની લાલસા શા માટે રાખવી જોઈએ? ચાહે તો એપર પૂળો મૂકો, ઈચ્છા થાય તો દાન કરો, પણ મારે તેની અપેક્ષા નથી હું તો જ્યા આપ જશો ત્યા આપના ચરણની સેવા કરવામા જ તત્પર રહીશ મારે તો ધન માલમતા અને આખુ જીવતર તમે જ, આ લોક પરલોક તથા પરમેશ્વર, એ સહુ પણ આપ જ છો! સ્ત્રીનુ પરમ ધન પતિ છે! પરમ દૈવત પતિ છે! પરમ પુરુષ પતિ છે! તેનુ સર્વસ્વ પતિ જ છે!" એ સાભળી ઋષિએ તેને કહ્યુ, "હે સ્ત્રી! હું તો સન્યસ્ત ધારણ કરીશ, માટે સન્યાસીની સાથે સ્ત્રી કેમ રખાય?" પછી સન્યાસીના ધર્મ વગેરે ઋષિએ મૈત્રેયીને સમજાવ્યા, પણ મૈત્રેયી પોતાના નિશ્ચયમાથી જરાએ ડગી નહિ અને દ્રવ્ય પણ લીધુ નહિ, પણ સર્વ દ્રવ્ય કાત્યા-

યની—જે સવાનવાળી હતી, તેને જ આપી દીધું. પછી મૈત્રેયી સતી, જે સદ્‌ગુણનું પાત્ર અને પતિપ્રેમમા મગ્ન હતી, તેને એક રાત્રમા તત્ત્વોપદેશ કરી, સર્વ જ્ઞાન અગથી પૂર્ણ બનાવી, ઋષિએ યોગ ધારણ કરાવ્યો પ્રાત કાળ થતા જ ઘરબાર વગેરે સર્વ ઉપાધિ તજી દઈ, લગોટ મારીને મુનીન્દ્ર યાજ્ઞવલ્કય સર્વ ત્યજી બહાર નીકળ્યા અને તુરત રાજદ્વારે જઈ ઉભા રહ્યા આજનો મુનિનો વેશ સૌએ દરરોજ કરતા તદ્દન નિરાળો જ દીઠો પરતુ કાન્તિ કઈ છાની રહે નહિ તેથી રાજાના ગુરુ છે એમ ઓળખી, રાજદરબારમા જતા કોઈએ તેને અટકાવ્યા નહિ રાજા જનક સભા ભરીને બેઠેલા છે તેવા જ ઋષિદેવ ત્યા જઈ "ૐ तत्सत्परमात्मने नम" કરી વિલક્ષણ સ્વરૂપે ઉભા રહ્યા. આ જોઈ સર્વ સભા અત્યત આશ્ચર્ય પામી ગઈ, અને રાજા એકાએક ઋષિને આવા ડોળમા નિરખી હિંદ્‌મૂઢ સરખો બની ગયો. તેણે ઋષિને પ્રણામ કરી પૂછયુ; "અહો ઋષિરાજ! સદ્‌ગુરુદેવ! આ શું?" યાજ્ઞવલ્કયે કહ્યુ, "તારા કાલના પ્રશ્નનુ ઉત્તર, વૈરાગ્યનુ સ્વરૂપ! દર્શન કરી લે! સમજ!" તુરત જનક સિંહાસનપરથી નીચે ઉતરી, દંડવત્પ્રણામ કરી, ઋષિના ચરણારવિંદમા પડ્યો અને કહ્યુ કે, "મહારાજ! થયું, ઘણું થયુ, હવે તો હદ વળી રહી, વૈરાગ્ય સ્વરૂપ મૂર્તિના દર્શન થયા! વૈરાગ્યનુ ખરુ સ્વરૂપ સમજ્યો હવે આપ કૃપા કરી આ યોગીવેશનો શીઘ્ર ત્યાગ કરો!" ત્યારે સર્વ સભા સાભળતા, જેમ ઉપદેશ આપતા હોય તેમ મોટેથી ઋષિ કહેવા લાગ્યા, "હે રાજન્! પુરુષ શું મળ મૂત્રનો ત્યાગ કરી ફરીને કદી પણ તેની તરફ પાછુ વળી જોવા ઈચ્છે છે? હાથીના દતશૂળ, મ્હોડામાથી બહાર નીકળ્યા હોય તે શું ફરી પાછા પેસે છે? સતી સહગમન માટે માયિક ઉપાધિ તજીને બહાર નિકળે છે, તે શું પાછી ફરે છે? સર્પ કચુકી ઉતરી, તે પાછી ચઢી જોઈ-સાભળી છે! ધ્રુવનો તારો સ્થાનથી ડગ્યો છે? નહીં જ જે વિદ્યા અને અવિદ્યા ઉભયને જાણે છે તે, અવિદ્યામાથી કષ્ટે મૃત્યુને તરી જઈ, વિદ્યાથી અમરપણાને પામે છે, આવો શાસ્ત્રોમા બોધ છે, પણ જેને બોધ્યા છતા પણ કોઈ પ્રકારે અનુભવ થતો નથી તેવા અજ્ઞાનીઓને શાસ્ત્ર શી રીતે બોધ કરશે? લોકવાસનાથી, શાસ્ત્રવાસનાથી તથા દેહવાસનાથી જીવને યથાર્થ જ્ઞાન થતું નથી, પણ જ્યારે સત્ અને અસત્‌નુ જ્ઞાન ઉત્પન્ન થાય છે કે તત્ક્ષણે વાસનાઓનો ત્યાગ સત્સંગીને થાય છે અને એ જ વૈરાગ્યનું

ખરુ સ્વરૂપ છે. જે આ છે, તે તું જો. એ જ વૈરાગ્યયોગ! હું હવે તે કેમ તજી દઉં! બસ; હવે તો એ જ! હવે તો સન્યસ્ત ધારણ કીધું તે કીધું જ. હું તો મારા મનને ઉલટો કૃતાર્થ માનું છું અને હર્ષ પામું છું કે, આવો અમૂલ્ય સમય ઈશ્વરે મને અનાયાસે પ્રાપ્ત કરાવ્યો; કારણ કે આ અસાર અને વિષયોથી ભરેલો સંસાર, કે જેના વિષયો ભોગવતા કોઈ પણ કાળે તૃપ્તિ થતી નથી ને થશે પણ નહિ, તેમાથી પ્રભુએ મને એકાએક મુક્ત કીધો છે માટે હે જનક! હે રાજન્! આ ભવની જાળમાથી પરાણે છૂટેલો આ જીવ, ફરી તેમા ફસાવાને કદી ઇચ્છતો જ નથી હવે તો મને યોગ યોગ અને યોગ જ અત્યત પ્રિય અને કલ્યાણકારક છે જાણ્યા (જ્ઞાન થયા) પછી સંસારરગડામા પડ્યા રહેવુ, એ જ્ઞાતા પુરુષોનું લક્ષણ નથી!" એ વગેરે ઘણીક રીતે વૈરાગ્ય યોગની પ્રશસા કરીને, યાજ્ઞવલ્કય યોગીશ્વર ત્યાથી વન તરફ ચાલી નિકળ્યા.

એ જ યાજ્ઞવલ્કય કે જે અત્યાર સૂધી જનકના પુરોહિત અને ઋષીશ્વર કહેવાતા હતા, તે ત્યાર પછી યોગીઓમા શ્રેષ્ઠ થવાથી યોગીશ્વર એવે નામે પ્રખ્યાત થયા છે

વિંશ બિન્દુ

આત્માનન્દ

न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति न मनो ।
न विद्मो न विजानीमो यथैतदनुशिष्यात् ॥
अन्यदेव तद्विदितादथोऽविदितादधि ।
इति शुश्रुम पूर्वेषां ये नस्तद्व्याचचक्षिरे ॥

અર્થ-પૂર્વ જેઓએ અમને એ (આત્માનંદનુ સ્વરૂપ) સમજાવ્યું છે, તેમની પાસેથી અમે આ પ્રમાણે સાભળ્યુ છે-ત્યા (આત્મનંદનુ સ્વરૂપ જાણવામા) ચક્ષુની ગતિ નથી, વાણીની ગતિ નથી, (અને) મનની (પણ) ગતિ નથી, અમે તેને જાણુતા નથી, તેમ શી રીતે જણાવાય તે પણ જાણુતા નથી, તે વિદિતથી અન્ય છે, તેમ અવિદિતથી પણ અધિક છે

શિષ્ય-હે અશરણુશરણુ ગુરુદેવ! આપના ઉપદેશથી મને જે જે આનદ પ્રાપ્ત થાય છે, તે કેવળ અવર્ણ્નીય જ છે. હે પ્રભુ! આપ જે જે કહો છો તે સઘળું, સત્યથી પૂર્ણ ને મોક્ષરૂપ જ છે, અર્થાત્ મનુષ્ય પ્રાણીએ અવશ્ય સત્સમાગમ કરવો, ગુરુ પાસેથી ઉપદેશ લઈ જ્ઞાન સપાદન કરવું, સસારના સર્વ વિષયોમાથી ચિત્ત ઉઠાડી દઈ વૈરાગ્ય ધારણુ કરવો, તથા અનુક્રમે કહીએ તો, પ્રથમ વર્ણાશ્રમ ધર્માનુસારે સચ્છાસ્ત્રે પ્રતિપાદન કરેલા કર્મો કરવા કર્મથી ચિત્તની નિર્મળતા અને સન્માર્ગે વલણુ થયા પછી, તેમા બધાઈ ન રહેતા ત્યાથી આગળ વધવુ. પરબ્રહ્મ પરમાત્મા-પરાત્પર પ્રભુના સગુણુ સ્વરૂપમા સર્વ લક્ષ પરોવી મનને સ્થિર કરવું. સગુણુ સ્વરૂપનું ધ્યાન દૃઢ થયા પછી નિર્ગુણુ બ્રહ્મની ઉપાસના (ભક્તિ) કરવી, અને એ સર્વને લીધે અત કરણુ પવિત્ર તથા જ્ઞાન સપાદન કરવા યોગ્ય થયા પછી મહાત્મા ગુરુને શરણે જવુ, ને તેના ભવતારણુ ઉપદેશ (તત્ત્વમસિ ઇત્યાદિ મહાવાક્યો)નુ વારવાર મનન કરીને, વૈરાગ્યવાન્ બની જગતની સર્વ ઉપાધિઓ માત્ર તજી દઈ, આત્મા અને

પરમાત્માને ઓળખવો. એ સર્વ કાર્યો, માત્ર આત્મા પરમાત્માને ઓળખી, તેના અનુભવથી થતા સુખની પ્રાપ્તિને માટે જ કરવા જોઈએ, તો હે દયાનિધે ! મને એથી પરમ આશ્ચર્ય થાય છે કે, એવા પરમ દુષ્કર સાધનોથી પ્રાપ્ત થનારુ જે આત્માનુભવ સુખ, તે જેને પ્રાપ્ત થતું હશે, તેને તે સમયે કેવો અને કેટલો આનદ થતો હશે, તે કૃપા કરીને જણાવો

ગુરુ—હે બાપ ! તે કહ્યુ તે સર્વ યથાર્થ છે કર્મ, ઉપાસના, જ્ઞાન ઇત્યાદિ સર્વે, માત્ર આત્મા પરમાત્માની ઓળખાણ અને તેનાથી થતા મહાસુખની પ્રાપ્તિને અર્થે જ છે પણ ભાઈ! શુ એ આત્મસુખ કઈ વર્ણવી શકાય એવુ છે? અહો! એ પરમ સુખનુ સ્વરૂપ કોણ કથન કરી શકે એમ છે? સરસ્વતી, શેષ, શિવ, અજ (બ્રહ્મદેવ) તથા સનકાદિક બ્રહ્મ-કુમારો વગેરે મહાજ્ઞાની મહાત્માઓ પણ એ સુખનુ વર્ણન ત્રિકાળે પણ કરી શકે એમ નથી, તો એનુ વર્ણન કરવાની મારી શી ગતિ? એ સુખ અનિર્વચનીય જ છે પરતુ આવું જ પ્રશ્ન પૂર્વ કાળમા એક મહાત્માને તેના મુમુક્ષુ શિષ્યે પૂછ્યુ હતુ, જેનુ પ્રત્યુત્તર ગુરુએ ઘણા જ વિલક્ષણ પ્રકારે આપીને તેનુ સમાધાન કર્યું હતુ તે સર્વનો ઇતિહાસ વિસ્તાર-પૂર્વક હું તને સભળાવુ છુ તે શ્રવણ કર, એથી તારી શંકા નિવૃત્ત થશે

પૂર્વે કોઈ એક રમણીય નગરને વિષે જ્ઞાનસિંહ નામનો મહાપ્રતાપી રાજા રાજ્ય કરતો હતો તે ન્યાયી, દયાળુ, પ્રજાપાલન કરવામા અહ-ર્નિશ તત્પર, શૂરવીર અને તેજસ્વી હતો તેને ભક્તિમતી નામની મહા-પતિવ્રતા સ્ત્રી હતી આ સૌન્દર્યસપન્ન અગનાની સાથે જ્ઞાનસિંહ અત્યત પ્રેમ સાથે નિત્ય નવનવા રાજવૈભવો ભોગવતો હતો. આમ કરતા તેઓને ઘણોક કાળ વ્યતીત થઈ ગયો, છતા રાણી ભક્તિમતીને પેટે પુત્ર વા પુત્રી કશી પણ સતતિ થઈ નહિ આથી બન્ને દપતી દિનદિન પ્રત્યે સતતિની ઇચ્છાથી આતુર રહેવા લાગ્યા સસારી સ્ત્રી પુરુષનું જોડુ પ્રજો-ત્પત્તિને માટે જ ઈશ્વરે કલ્પેલુ છે, માટે તેમને પુત્રની કામના થાય, એ સ્વાભાવિક જ છે પરતુ ઘણાક વર્ષો એમ પુત્ર વગર જ વહી ગયા તેથી જ્ઞાનસિંહ ને ભક્તિમતીની આતુરતા અત્યત વધી પડી એક દિવસે પોતાના પુરોહિત તેમ જ પ્રધાન વગેરેને એકાતમા બોલાવી રાજાએ જણાવ્યુ; "કોઈ પણ ઉપાયથી મારુ વાઝિયાપણું ટાળવુ જોઉએ!" એ સાભળી સૌ વિદ્વા-નોએ વિચાર કરી જણાવ્યુ, "હે રાજન્ ! આપે સતાનપ્રાપ્તિ અર્થે ધર્મશાસ્ત્રે કહેલો પુત્રેષ્ટિ યજ્ઞ કરવો જોઇએ." પુત્રપ્રાપ્તિમા જ પોતાનું શ્રેય સમજનારા

જ્ઞાનસિંહે તત્ક્ષણે મુહૂર્ત જોવરાવી યજ્ઞમંડપ રચાવ્યો, યજ્ઞમા આવશ્યકની બીજી સર્વ વસ્તુઓ સત્વર એકઠી કરાવી દીધી, દેશાતરોમાંથી સર્વ વિદ્વાન્ બ્રાહ્મણો તથા રાજાઓને નિમન્ત્રણ કરીને બોલાવ્યા, અને સ્ત્રી સહિત યજ્ઞદીક્ષા લઇને યજ્ઞ ચાલુ કીધો મડપમા કર્ણને આનદ ઉત્પન્ન કરનારા સુસ્વરે વાજિંત્રો વાગી રહ્યા છે, સુદરીઓ મગળ ગીતો ગાઈ રહી છે, બ્રાહ્મણો વેદમત્રોના ઉચ્ચારો કરી સ્વાહા, સ્વાહા, એવા શબ્દોવડે આહુતિઓ આપી રહ્યા છે, અને દેવતાઓ પોતાના યજ્ઞભાગ ગ્રહણ કરે છે. એવી રીતે ધમધોકાર યજ્ઞક્રિયા ચાલી રહી હતી, એવામા એક આશ્ચર્ય થયુ

યજ્ઞની પૂર્ણાહુતિનો સમય થયો હતો, બ્રાહ્મણો વેદધ્વનિ કરી રહ્યા હતા, અને યજ્ઞની સમાપ્તિની આહુતિ આપવાની તૈયારી હતી એટલામા, યજ્ઞકુડમાથી એક મહાઅગ્નિ સમાન તેજસ્વી પુરુષ હાથમા દૂધપાકથી ભરેલી સોનાની થાળી લઇને પ્રકટ થયો એ સાક્ષાત્ યજ્ઞનારાયણ દેવ હતા. તેને પ્રકટ થયેલા જોઇને સૌ ચકિત થઈ ગયા અને રાજા સહિત સર્વેએ ઉભા થઈ તેની બહુ બહુ પ્રકારે સ્તુતિ કરી, તેથી પ્રસન્ન થઈ યજ્ઞદેવે રાજા પ્રત્યે કહ્યું, "હે જ્ઞાનસિંહ! તારા હુતકર્મથી હું અત્યત પ્રસન્ન થયો છુ, માટે આ મારા પ્રસાદરૂપ ચરુ (યજ્ઞપુરુષે આણેલા દૂધપાક)ને તુ ગ્રહણ કર અને તે તારી સ્ત્રીને ખવરાવ, જેથી તેને સર્વ-ગુણસપન્ન પુત્ર થશે પણ એટલુ સાચવજે કે, તેને ખવરાવ્યા પહેલા કોઈ વાતે તે અપવિત્ર થવા પામે નહિ, નહિ તો એનાથી થનાર પુત્ર અલ્પાયુષી થશે" આટલુ કહી તુરત યજ્ઞનારાયણ દેવ અતર્ધાન થઈ ગયા તે પછી રાજા ચરુ લઈ યજ્ઞની સમાપ્તિ કરીને અત.પુરમા ગયો

ભાવી વસ્તુ કોઇથી મિથ્યા થઈ શકતી નથી ભાવી હરકોઈ વાતે ભૂલવે જ છે રાજાએ તે યજ્ઞચરુ લઈ જઇને રાણીને આપ્યો પતિ-આજ્ઞા પ્રમાણે રાણી સ્નાન કરી ધોએલુ વસ્ત્ર પહેરી ઉમગભેર તે ચરુ જ્યા મૂકયો હતો ત્યા આગળ આવી જૂવે છે તો એક બિલાડી તે પાત્ર-માથી મોઢુ ભરીને નાસતી તેની દૃષ્ટિએ પડી તે વાત રાજાને જણાવ-વાનો વિચાર કીધો, પરંતુ ચરુ અપવિત્ર થયો જાણી, પ્રાણવલ્લભ ઘણા કોપાયમાન થશે એમ ધારી, રાજાને બિલકુલ જણાવ્યા વગર રાણી તે શેષ ભાગ ભક્ષણ કરી ગઈ જો કે ચરુ અપવિત્ર થયો, છતા તે સાક્ષાત્ યજ્ઞનારાયણે સ્વત. આપેલો પ્રસાદ હતો, એટલે તેનો પ્રતાપ કઈ જેવો તેવો હોય નહિ. ઋતુકાળ પ્રાપ્ત થતા જ રાણીએ ગર્ભ ધારણ કર્યો,

અને સંપૂર્ણ દશ માસ થતા રાણીએ એક દિવ્ય સ્વરૂપવાળા પુત્રને જન્મ આપ્યો રાજકુવરને જાતિકર્માદિ સર્વ સસ્કારો જેમ જેમ સમય આવતો ગયો તેમ તેમ તેના પિતાએ બ્રાહ્મણો પાસે કરાવ્યા. વય થતુ ગયુ તેમ તેમ તેને વિદ્યા કળાકૌશલ્ય વગેરેમા ખૂબ પાવરધો કીધો, અને અશ્વારોહણ (ઘોડા પર ચઢવાની) વિદ્યા, ધનુર્વિદ્યા, મલ્લવિદ્યા વગેરે રાજપુત્રને આવશ્યક વિષયોનુ એક પછી એક અનુક્રમે જ્ઞાન આપવા માડ્યુ. થોડાક વર્ષમા એ રાજપુત્ર સર્વ વિષયોમા નિપુણ થયો, અને સ્વરૂપસૌન્દર્યની અદર અલકારરૂપ થઈ પડેલા દુર્લભ ગુણોથી તે બહુ શોભવા લાગ્યો અત્યાર સૂધી કેવળ અપુત્રપણે સસાર ગુજારનાર પોતાના માતાપિતાને, તે પોતાના ગુણ લાવણ્યથી અત્યત આનદ આપીને, તેઓના અત કરણને બહુ જ શાતિદાયક થઈ પડ્યો હતો સ્રીપુરુષ બને પુત્રના સ્નેહમા કેવળ તરતા હતા, ને પોતાના સર્વ મનોરથ સિદ્ધ થયા ગણી પરમ આનદમા દિવસ વ્યતીત કરતા હતા એમ કરતા કુવરની ઉમર સોળેક વર્ષની થઈ ત્યારે તેના સમાન ગુણોવાળી એક સુંદર રાજકન્યા સાથે તેના લગ્ન કરવાનો રાજાએ નિશ્ચય કર્યો પણ એટલામા તો પુત્રસુખમા લીન થયેલા તે દપતીના સર્વ સુખોનો અત જ આવ્યો, કારણ કે, ઈશ્વરેચ્છા જ સર્વથા બળવાન્ છે કહ્યું છે કે—

अपने मन कछु और है, श्रीहरिके मन और,
ओधोसें माधो कहैं, जरी माकी दौर

અહીં પણ તેમ જ બન્યુ રાજકુમારને બીજા પ્રધાનપુત્રોની સાથે બહુ ગાઢી મિત્રતા બધાઈ હતી તેથી તેઓ ઘણી વખત અશ્વારૂઢ થઈને, સાથે સાથે વનમા મૃગયા ખેલવા સારુ જતા હતા તેઓ જતા તેમા રાજા પણ અત કરણથી ખુશી હતો, કારણ કે રાજપુત્રને એથી અશ્વારોહણ, ધનુર્વિદ્યા વગેરેની પુનરાવૃત્તિ થઈ ટેવ પડતી હતી. એક દિવસે તેઓ નિયમ પ્રમાણે સર્વ મળીને વનમા ગયા એક એકની સ્પર્ધાથી તેઓ મૃગો પછવાડે દોડવા માડ્યા. મૃગો પણ, તે વન બહુ વિસ્તીર્ણ હોવાથી ઘણા જ હતા સૌએ પોતપોતાની ઇચ્છાનુરૂપ જૂદા જૂદા મૃગયૂથો પછવાડે દોડ ચલાવી આમ મૃગની પાછળ દોડવાથી કોઈ ક્યાંઈ અને કોઈ ક્યાંઈ, એમ ચારે દિશાએ વિખરાઈ ગયા મૃગની જાત દોડવામા ને ફલગ ભરવામા ઘણી ચપળ હોય છે, અને તે વનમા ઝાડી પણ ઘણી ગાઢી હતી, તેથી હજુ સૂધી એકે મૃગ કોઈના

બાણુની ચોટમાં આવ્યો ન હતો. આથી તે જુવાનીઆઓ વધારે ચડસે ભરાયા. પણ તેઓ ઉપરાઉપરી જેમ જેમ તીવ્ર દોડ કરતા ગયા, તેમ તેમ એકએકથી વધારે છેટે પડતા ગયા રાજકુમારનો ઘોડો ઘણો તેજદાર હોવાથી તે ઘણો દૂર નિકળી ગયો તેની ઝપટમા કેટલાક મૃગો આવી ગયા, પણ ઘણો વખત સૂધી એકેસામટા દોડવાથી ઘોડો અને રાજકુમાર બને અતિ શ્રમિત થઈ ગયા. બન્નેને શરીરે પરસેવાના ઝોબેઝોબ છૂટી ગયા, ઘોડાને મોઢે ફીણ આવ્યા અને તેનો શ્વાસ સમાવ્યો સમાતો નહોતો તુરત જ રાજપુત્રે, એક વૃક્ષ તળે જઈ, નીચે ઉતરી પડીને, ઘોડાપરનો સાજ ઉતારી ઝાડના થડ આગળ નાખ્યો, અને ઘોડાને વૃક્ષ સાથે બાધી પોતે તે સાજને અઢેલી શ્રમ નિવારણ માટે જરાક આડો થયો. વનલતાઓમાથી મદમંદ અને શીતળ પવન આવતો હતો, નિર્જન સ્થાન હોવાથી સર્વત્ર શાતિ પસરી રહી હતી, તેથી રાજકુમારને થોડીકવારમા મીઠી નિદ્રા આવી ગઈ

બનવું દૈવાધીન છે ને યજ્ઞનારાયણના પ્રસાદનુ ફળ અપાવવુ છે, તેટલા માટે જ કેટલાક સમય પછી તે વનમા ફરતો ફરતો એક મોટો વિકરાળ નાગ ત્યા આવ્યો, અને તે જ ઝાડની આસપાસ ફેરા મારવા લાગ્યો તે પોતાનો રાફડો શોધતો હતો તે નાગરાજ વનમા ચારો ચરી આવેલો હોવાથી તેને વિશ્રામ સારુ પોતાના રાફડામા જવુ હતું, પણ તેનો રાફડો તો ઝાડના મૂળમા જ આવેલો હતો અને તેના ઉપર તો આપણા રાજકુમારે અજાણપણે ઘોડાનો સાજ નાખ્યો હતો, અને પોતે તેનુ ઓસીકું કરીને સૂતો હતો, તેથી ચારેકોરથી તે નાગનો રાફડો મજબૂત દબાઈ બધ થએલો હોવાથી, નાગે રાફડામા જવાના ઘણા ફાંફા માર્યા, પણ કોઇપણ પ્રકારે તેને માર્ગ મળ્યો નહિ, તેથી તે બહુ જ ક્રોધાયમાન થઈ ગયો કહેવત છે કે 'નાગ ખીજવાયો ભૂડો' તેમ નાગે એકાએક રીસ ચઢાવીને રાજકુમારના પગના અગુઠાને જોરથી ડંશ દીધો અને તુરત પાસેના ઝાડની બખોલમા ભરાઈ ગયો. આ વખતે તો રાજકુમાર નિદ્રાવશ હોવાથી તેના ડશનો તેને ચટકો ઝાઝો લાગ્યો નહિ, પણ માત્ર કોઈ સાધારણ જીવજતુએ ચટકો ભર્યો હશે એમ ધારી પગ તરછોડીને તે પાછો જેમનો તેમ સૂતો. ગરમ દેશના સર્પો ઘણા જ ઝેરી હોય છે, તેથી જરાકવાર થઈ નહિ, એટલામા તો નાગનુ વિષ સપાટાભેર રાજકુમારના આખા શરીરમા વ્યાપી ગયુ અને રાજકુમાર ચારે તરફથી મૃત્યુપાશમા ઘેરાયો. નિદ્રા

ભેગી તેને તો મહાનિદ્રા આવી ગઈ! શરીર લીલુછમ થઈ ગયુ, મર્મસ્થાનોને ભેદીને રુવે રુવે વિષ વિષ અને વિષ જ પ્રસરી ગયુ, અને થોડીવારમા માતપિતાને અત્યત પ્યારો, સ્વર્ગ કરતા પણ અધિક સુખનો ભોગી, તેમજ થોડા કાળમા યુવરાજપદ ધારણ કરવાને યોગ્ય થયેલો રાજકુમાર, પોતાનો આત્મા શ્રીહરિને સ્વાધીન કરી, આ લોક તજી પરલોકમા ચાલ્યો ગયો

આણી પાસ સર્વે પ્રધાનપુત્રો ઘણોક સમય વીતી જવાથી ઘેર જવા માટે એકત્ર થઈ રાજપુત્રને ખોળવા મડ્યા કુવરજી ફલાણી દિશા તરફ ગયા છે, એમ પ્રથમથી તેઓના ધ્યાનમા હોવાથી, તેઓ તે રસ્તે શોધવા ચાલ્યા શોધતા શોધતા ઘણેક દૂર એક ઘોડો વારવાર ખોંખારતો તેઓને સભળાયો તે આધારે ત્યા જઇને તેઓ જૂએ છે તો, સમય થઈ ગયો છતા પોતાનો ધણી ઉઠતો નથી તેથી ઘોડો બહુ ખડતાળ કરી રહ્યો છે અને રાજકુમાર લાબો થઇને સૂતેલો છે પાસે જઈ, "કુવરજી ઉઠો, હવે ઘણીવાર થઈ ગઈ છે, તેથી રાજાજી બહુ ચિન્તા કરતા હશે" વગેરે ઘણી રીતે હાકો પાડી રાજપુત્રને ઉઠાડવા માડ્યો પણ ઉઠે કોણ? આખરે તેઓ હાથેવતી રાજકુમારને ઢઢોળવા લાગ્યા તો તેનુ શરીર તદ્દન લીલુછમ થઈ ગયેલુ જોવામા આવ્યુ એ જોઈ સર્વે મિત્રો આશ્ચર્ય પામી માહોમાહે કહેવા લાગ્યા કે, "અરે! રાજકુમાર જાગતા નથી અને તેમનુ શરીર જે ગુલાબના ફૂલ જેવુ સુદર સકોમળ હતુ તે આજ લીલુછમ કેમ થઈ ગયુ હશે? જરૂર કઈ કારણ હોવુ જોઈએ એમના અગરગથી માલમ પડે છે કે, એમને કોઈ ઝેરી જનાવરનુ વિષ ચઢયુ છે" આવા વિચારની સાથે જ તેઓ હાવરાબાવરા ને ગાભરા બની ગયા પછી સર્વે મિત્રો મનમા જ વિચારવા લાગ્યા કે, હવે શુ કરવુ? સર્વે ગોઠીઆઓએ મત્ર કરી એક જણને તુરતાતુરત મારતે ઘોડે શહેરમા મોકલ્યો ને રાજાને કહાવ્યુ કે, કુવરજીને શરીરે આરામ નથી, માટે એક રથ મોકલાવો રાજમા આવી ખબર ફેલાતા સહુ હાફળાફાફળા થઈ ગયા, અને રથ તુરત જોડાવીને રાજા પડેજ વનમા ચાલ્યો વત્સ—પુત્ર, એ જ પોતાનુ જીવતર સમજનારા આ રાજાએ પોતાના પુત્રની આવી દશા જોઈ હશે, તે સમે તેની શી સ્થિતિ થઈ હશે? ચિત્ત જેમ પોતાના ભાનના નિર્વાહ માટે સમર્થ છે, તેમ પોતાના અને પારકાના નિર્વાહ માટે કુશળ એવી માયા, વિભ્રમથી મોહ ઉપજાવી પ્રાણીને ભમાવી મૂકે છે, અને એવી રીતે મોહથી ભમાયલા તે રાજાપર બ્રહ્માડ જ તૂટી પડ્યુ હશે અરે! તેનો આત્મા પોતાના પુત્રની સાથે જ

ચાલ્યો ગયો હશે પણ ના, તેમ બન્યું નહિ. તે જેવો પુત્રના શબ આગળ ગયો કે, તુરત તેને મૂર્ચ્છા આવી ગઈ પ્રધાનાદિએ ઘણીક મહેનતે પુષ્કળ આસનાવાસના કરીને તેને સાવધ કરી, રડતો કકળતો રથમાં બેસાડ્યો, અને કુવરના શબને પણ રથમા મૂકીને રડતા કકળતા સૌ નગર તરફ ચાલ્યા શહેરમા પહોંચતા તો સર્વત્ર હાહાકાર વર્તાઈ રહ્યો રાણીએ માથું અને છાતી કૂટવા માડી તે કુવરનુ માથુ ખોળામા લઈ અખડ અશ્રુધારાએ મહાકલ્પાત કરવા મડી પડી વિવિધ પ્રકારે પુત્રના ગુણોને સભારીને વિલાપ કરતા તે માતપિતાના ચક્ષુઓમાથી નીર પણ ખૂટી પડ્યા, ત્યારે અશ્રુને ઠેકાણે રક્તની ધારાઓ વહેવા માડી! ઘણા ઘણા પ્રકારે મત્રીમડળ વગેરેએ આસનાવાસના કરી તેમને જરાક શાત પાડ્યા, અને મરનાર રાજપુત્રના શરીરને અગ્નિદાહ કરાવ્યો તે દિવસથી પુત્રવિયોગથી મહા-શોકસાગરમા પડેલા દપતી એકલા અટૂલા જેવા થઈ ગયા ઘડીએ ઘડીએ ને ક્ષણે ક્ષણે તેઓ મોટો સમુદ્ર પણ સૂકાઈ જાય તેવો નિ સાસો નાખતા, અન્ન જળ ત્યાગ કરીને મહામહા કષ્ટે દિવસ નિર્ગમન કરતા હતા, અને આખરે તેમને કશુ ન સૂઝતા તેઓએ શોકમા ને શોકમા જ દેહનો અત આણવાનો નિશ્ચય કીધો. રાજસભા બધ થઈ ગઈ, શહેરમા સઘળે હડ-તાળ પડી રાજા રાણીના શોકને લીધે આખા નગરમા પણ સર્વત્ર શોક જ વર્તાઈ રહ્યો. ઘણાક કાળ વાઝિયાપણું ભોગવવા છતા છેવટે મહા પરિ-શ્રમે ઈશ્વરકૃપાથી અમૂલ્ય પુત્રરત્ન સાપડેલુ તે ચાર દિવસના ચાદરણાની પેઠે સુખનો ઝબકારો દેખાડીને પાછુ છીનવી લીધુ, એ શુ સસારમોહિત માતપિતાના હૃદયને ઓછુ કપાવનારુ છે? આ કારણથી રાજદરબારમા તો શુ, પણ શેરીએ, ચૌટે, મોહોલ્લે ને ઘેરઘેર શોકસતાપે નિવાસ કીધો

એવામા એક મહર્ષિ ફરતા ફરતા તે નગરમા આવી ચઢ્યા પ્રસગ સાધી રાજભવનમા ગયા તેની અર્ઘ્યપાદ્યાદિકથી રાજાએ પૂજા કરી અને નિઃસાસા નાખતો તેની આગળ બેઠો આશીર્વાદ દેઈ ઋષિએ પૂછ્યુ, "હે રાજા! તું આમ શોકસિંધુમા ડૂબેલા જેવો કેમ દેખાય છે? હુ જાણું છુ કે, એકના એક પુત્રના મરવાથી શોક થાય, પણ તારા જેવા વિચક્ષણ, વિદિત મનુષ્યો એવી અનિત્ય વસ્તુપર સદાકાળ શોક કરતા નથી, એ તો અવિદિતનું કાર્ય છે આ સસારમા કોઈ કોઈનુ સગું નથી કહે, કોણ કોનો બાપ અને કોણ કોનો પુત્ર છે? પોત-પોતાના ઋણાનુબધે સહુ ભેગુ મળે છે, ને નિમિત્ત કર્મ પૂરુ થયે સૌ

પોતપોતાને માર્ગે પડે છે, તેમા હર્ષ કે શોક શા માટે કરવો? આપણો દેહ આત્માની સાથે હમ્મેશાં દૃઢ સબધ ધરાવે છે, તેને પણ મૂકીને આત્મા ચાલ્યો જાય છે, ને આટલા બધા દિવસ સૂધી તેની સગે રહી, અનેક પ્રકારના સુખ ભોગવ્યા, તેની કશી દરકાર કરતો નથી, તો પછી બીજાની શી વાત? જો એ પુત્ર તારો હતો, તો તુ પહેલે વાઝિયો કહેવાતો હતો, તે વખતે તે કયા ગયો હતો! અને અત્યારે તને મૂકીને તે કેમ ચાલ્યો ગયો? જે પોતાનુ છે તે તો સદા પોતાની સગે જ રહે છે, તેને મૂકી એક ડગલુ પણ તે કયાઈ દૂર જતુ નથી હે રાજન્! આ દેહ અને અવતાર ધારણ કરાવનારા પ્રારબ્ધો પણ પોતાના નથી કેમકે તેઓ પણ ભોગવાઈ રહ્યા પછી સમૂળા નાશ થઈ જાય છે, તો બીજું કોણ તારુ હોય? આ દેહમા તો પોતાનુ કહેવા યોગ્ય માત્ર આત્મા જ છે, કે જે સર્વદા અખડ, નિર્વિકાર અને અવિનાશી છે હે રાજન્! જે લોકો મહામૂર્ખ છે, તેઓ જ અનિત્ય વસ્તુપર પ્રીતિ કરે છે તુ તેવો નથી, માટે પુત્રશોકનો સર્વથા ત્યાગ કરી સાવધ થા, તે પૂર્ણબ્રહ્મ પરમાત્મા કે જે નિત્ય, શાશ્વત, અખડ અને પૂર્ણાનદરૂપ છે તેની સાથે દૃઢ પ્રીતિ કર, કારણ કે તે જ માત્ર તારો પોતાનો કહેવા યોગ્ય અને સદા સગે રહેનારો છે અર્થાત્ આત્માની સગે સદા સર્વદા રમણ કરનારા, માત્ર આત્મામા જ રહેનારા, આનદથી આનદ પામનારા અને તેને જ ઇચ્છનારા, આ સંસારના દેખીતા સારા પણ પરિણામે દુખરૂપ નિવડનારા ક્ષુલ્લક સુખોની કોઈ વાતે કામના કરતા નથી, કારણ કે, એના (આત્માના) અખંડ સુખનો ઉપયોગ લેવાને જેઓનુ મન તલપી રહ્યુ છે, તેઓ સસારસુખને પદાર્થમા જ ગણતા નથી સત્-ચિત્-આનદ-લીન મનુષ્ય આ લોકના વિષયથી ભરેલા નાશવત સુખની કામના કરી અવિનાશી સુખ ગુમાવતો નથી" એ પ્રમાણે તે મહાત્માએ અનેક પ્રકારે જ્ઞાનસિંહને સદ્બોધ દીધો તેથી તેનો શોક ઘણીક રીતે શાન્ત પડ્યો ગુરુના ઉપદેશનો પ્રતાપ જ એવો હોય છે કે, તે કર્ણદ્વારાએ અત કરણમા જતા અતરના પાપોને ધોઈ નિર્મળ કરે છે, અને ફરી ફરી તેવા ઉપદેશની ઇચ્છા ઉત્પન્ન કરે છે પછી ઋષિ, જેવા ઉભા થઈને જવાની ઇચ્છા કરવા લાગ્યા કે, તુરત રાજા લાગો થઈ તેના ચરણમા પડી વિનતિ કરવા લાગ્યો, "હે દયાળુ! આપ એક ઘુટડો જ અમૃત પાઇને કેમ વિદાય થાઓ છો? તૃષાતુરને જલદાન કરનારાએ જયાસૂધી તેની તૃષા છીપે ત્યાસૂધી તેને જળ પાવુ જોઇએ. થોડુ જલપાન

તૃષા વધારીને શોષ પાડે છે. એકાદો ઘુટડો પાવો તે કરતાં તો બિલકુલ પાવુ જ નહિ, એ વધારે ઉત્તમ છે. માટે આપનું ઉપદેશરૂપ અમૃત હવે મારી તૃષા છીપે ત્યાસૂધી પાઓ હે ગુરુદેવ! હું આપને શરણે આવ્યો છુ આ શોકરૂપી સમુદ્રમાં ડૂબેલાને હાથ પકડીને કિનારાપર લાવનાર આપ એક જ છો, માટે મને શરણે રાખીને સસારત્રાસમાથી સર્વ વાતે અભય કરો!" એ સાભળી ઋષિને દયા આવી અને તેણે કહ્યુ, "હે રાજન્! તારી પૂર્વની ખેડ ઘણી ઉત્તમ છે, પરતુ એક પુત્રના શોકથી તું હાથે કરીને દુ ખી થતો હતો, તે જાણીને હું અહીં આવ્યો છુ, અને એ તારો મિથ્યા શોક દૂર થવાથી હું બહુ સતોષપૂર્વક મારા આશ્રમે જાઉં છુ પણ તારી જિજ્ઞાસા તત્ત્વોપદેશ શ્રવણ અને ગ્રહણ કરી સેવન કરવાની છે, તો હવે તુ મારા આશ્રમપર આવજે, કારણ કે વિરક્ત પુરુષોએ એક દિવસ ઉપરાત વસ્તીમા વધારે રહેવુ જોઇએ નહિ. આ નગરથી ઉત્તર દિશાએ ગગાના તટપર થોડેક દૂર પર્વતની તળેટીમા મારો આશ્રમ આવેલો છે, જ્યા હું નિરંતર સમાધિસ્થ રહ્યા કરુ છુ" એટલુ કહી ઋષિ રાજાની પૂજાને અગીકાર કરીને ત્યાથી આશ્રમ પ્રત્યે પધાર્યા

બીજે દિવસે પ્રાત કાળમા સ્નાન સધ્યાદિક કર્મથી પરવારી રાજા અશ્વારૂઢ થઈને તે મુનિ પાસે જવા નિકળ્યો. ઉપવન ઓળગી મહાવનની સરહદ ઉપર તે ગયો, એટલે તેને ગગા તટપર પવનની સાથે અથડાતા આશ્રમનાં ગગનચુંબિત વૃક્ષો દેખાયા, તેને આધારે ચાલ્યો ચાલ્યો તે આશ્રમમા ગયો તે સુદર આશ્રમની અપ્રતિમ શોભા જોઈ તેને બહુ આનદ ઉત્પન્ન થયો સુદર પુષ્પો તથા ફળોવાળા સુશોભિત વૃક્ષો મદમદ વાયુને લીધે લહેકી રહ્યા છે, તેઓ પર અનેક જાતના પક્ષીઓ મધુર વાણીથી કલરવ કરી રહ્યા છે તે જોતા સાભળતાં તેને અત કરણમા બહુ જ હર્ષ ઉત્પન્ન થયો એ સર્વ શોભા નિરખતો તે પર્ણકુટીમા ગયો તો આશ્રમની બરોબર મધ્યમા આવેલી એક પર્ણશાળામા પૂર્વોક્ત મહાત્મા ભગવન્નામોચ્ચારણનો ધ્વનિ કરતા બેઠા હતા, તેના દર્શન થયા ઘણાક મુમુક્ષુ શિષ્યો તેની આસપાસ નાના પ્રકારના પ્રશ્નો કરી પોતાની શંકાઓનુ સમાધાન કરતા હતા જ્ઞાનસિંહે ગુરુચરણમા સાષ્ટાગ નમસ્કાર કર્યા પછી ગુરુએ તેને શુદ્ધ સત્વગુણી જિજ્ઞાસુ જાણી "अह ब्रह्मास्मि" એ મહાવાક્યનો ઉપદેશ કરીને પોતાનો શિષ્ય કર્યો પછી ત્યા થતી જ્ઞાનગોષ્ઠિથી પરમ આનદ પામી સર્વે મુમુક્ષુઓ સાથે

રાજા પણ ગુરુની આજ્ઞા લઈ ચાલી નિકળ્યો અને ગુરુવાક્યનુ મનન કરતો કરતો ઘેર આવ્યો જેને જ્ઞાનરસની પ્રાપ્તિ થાય છે તેને તે સિવાય બીજુ કશું મીઠુ લાગતું નથી જ્ઞાનસિંહ પણ ગુરુના ઉપદેશ ઉપર મોહ પામીને નિયમપૂર્વક તેની પાસે જવા લાગ્યો, અને પ્રતિ દિવસ આત્મતત્ત્વનો ઉપદેશ સાભળીને મહાજ્ઞાની થયો પોતે ગુરુ પાસે તત્ત્વ-કથા શ્રવણ કરવા જાય અને ત્યાથી ઘેર આવી પોતાની સ્રીને તે સર્વ વાતનો ઉપદેશ કરે તેથી ભક્તિમતી પણ દેહાભિમાન છોડીને તથા સર્વ શોક તજી દઇને પરમ નિર્વાસનામય જ્ઞાની બનતી ગઈ

પુત્ર પુત્રને ઠેકાણે ગયો અને ગુરુકૃપાથી બન્ને દપતી અહતા મમતા રહિત થયા ઉભયના અત કરણમાથી શોકદુ ખનો સમૂળો નાશ થઈ ગયો, અને તેઓ પરમ આનદથી નિત્ય નિત્ય ચન્દ્રની ચઢતી કળા પેરે વધતા જતા પ્રેમથી ગુરુની સેવા કરવા લાગ્યા, અને પ્રજા એ જ પોતાના પુત્રો તથા પુત્રીઓ વગેરે સતતિ છે, એમ માની પ્રેમથી પ્રજાનું પાલન કરવા માડ્યુ નિત્ય શ્રવણ કરેલા ગુરુવાક્યોનુ તેઓ સારી પેઠે મનન કરતા હતા, અને નિત્ય શ્રવણ કરેલા અધ્યાત્મ વિષયનુ મનન કરતા ઉપજેલી શકાઓનુ બીજે દિવસે ગુરુ પાસેથી સમાધાન કરતા હતા. એ જ હમ્મેશા તેઓનો ઉદ્યમ થઈ પડ્યો હતો. એક દિવસ ગુરુ મહા-રાજે ઉપદેશ કરતા એમ કહ્યુ કે, "મુક્તિ પામેલો (જીવન્મુક્ત થએલો) પુરુષ, આત્માનુભવજન્ય (આત્માને ઓળખી તેના અનુભવથી થએલા) સુખમા નિમગ્ન થઈ જાય છે ત્યાર પછી તેને સસારના મિથ્યા વિષયો તરફ અનાદર આવી જાય છે" એ સાભળીને જ્ઞાનસિંહ તે દિવસે તો ત્યાથી ઘેર આવ્યો, પણ તે વાક્યનુ મનન કરતા તેને શકા ઉઠી કે, "અરે! એવુ તે આત્માનુભવ સુખ કેવુ હશે, કે જેમા મુક્તજનો સદા જ લોભાઈ રહે છે, ને મુમુક્ષુઓ જેની નિરતર કામના કર્યા કરે છે? પછી ત્રીજે દિવસે તે શંકા ગુરુને નિવેદન કરતા ગુરુએ વિચાર કીધો કે," આણે પૂછ્યુ તે જો કે છે યથાર્થ, પરતુ તેનુ સમાધાન માત્ર મોઢેથી કહેવા વડે જ થઈ શકશે નહિ, માટે પ્રત્યક્ષ પ્રમાણથી તેની શકાનું સમાધાન થવુ જોઇએ" એમ ધારીને ગુરુએ તેને કહ્યુ, "હે વત્સ જ્ઞાનસિંહ! તને ધન્ય છે કે, તને આવી શકા ઉત્પન્ન થઈ! તારી હું શી પ્રશસા કરુ? ગુરુવાક્યનું મનન કરી આવુ પ્રશ્ન કરવાનુ મોટુ ફળ છે, પરતુ હે બાપ! એનું સમાધાન હું પોતે કરીશ નહિ. અહીંથી તું વિષ્ણુપુરી પ્રત્યે જા, ત્યાનો

વિષ્ણુપ્રતાપ નામનો મહાપરાક્રમી રાજા મારો શિષ્ય છે, તે તારા પ્રશ્નનુ સર્વ રીતે સમાધાન કરશે."

ગુરુની આજ્ઞા થવાથી જ્ઞાનસિંહ ઘેર આવ્યો, અને બીજે દિવસે રાજ્યકાર્યભાર પોતાના વિશ્વાસુ પ્રધાનોને તથા પુરોહિતોને સોંપી, તેઓને પ્રજાપાલનની સારી રીતે ભલામણ કરીને, રાણી સહવર્તમાન સુખપાલોમા બેસી વિષ્ણુપુરનો રસ્તો લીધો. માર્ગમા અનેક વનો, પર્વતો, નદીઓ, શહેરો વગેરે સૃષ્ટિરચનાનુ અવલોકન કરતાં કેટલેક દિવસે તે સૈન્ય સહિત વિષ્ણુપુર નજીક જઈ પહોંચ્યો. વિષ્ણુપ્રતાપ ગુરુકૃપાથી સાક્ષાત્ પરબ્રહ્મરૂપ થયો હતો, તેથી તેણે આગળથી યોગબળવડે જાણી લીધુ હતું કે, જ્ઞાનસિંહ આત્માનુભવજન્ય સુખનુ સ્વરૂપ જાણવાને પોતાની તરફ આવે છે. જ્ઞાનસિંહના આવતા જ તે પચરગી સૈન્ય તૈયાર કરાવી બહુ ઠાઠમાઠ સાથે તેની સામો સત્કાર કરવાને સરહદ સૂધી આવ્યો વિષ્ણુપુરના ઉપવનમા તેઓની પરસ્પર ભેટ થઈ પરમ આદરપૂર્વક પોતાના ગુરુ ભાઈને વિષ્ણુપ્રતાપ નગરમા તેડી લાવ્યો, ને એક સુદર મહેલમા સૈન્ય સહિત તે દપતીને ઉતાર્યા પછી નાના પ્રકારનાં પકવાન્નો તૈયાર કરાવી તે સૌને જમાડ્યા, ને તેઓ માર્ગના શ્રમથી નિવૃત્તિ પામ્યા, એટલે વિષ્ણુદત્તે તે દપતી પાસે આવી વિવેકયુક્ત વાણીથી તેમને પૂછ્યું, "હે ક્ષત્રિયકુલ શોભન જ્ઞાનસિંહ! તને અહીં સૂધી શ્રમવડે પધારી અમારા દેશ તથા ગૃહને પાવન કરવાની મતિ કેમ ઉપજી? તુ ભલે પધાર્યો તેં અહીં પધારીને મને કૃતાર્થ કીધો છે, માટે હવે જે આજ્ઞા હોય તે સેવક પ્રત્યે કહે" એ સાભળી જ્ઞાનસિંહ બોલ્યો, "હે સત્કૃત! હે ભૂપતિ! હે વિષ્ણુપ્રતાપ! ભગવન્ સ્વરૂપ મહર્ષિ કૌણ્ડિન્ય, જે જગદુદ્ધારક છતા તારા તેમ જ અમારા દેહના સ્વામી તથા ગુરુ છે, તેણે મને તારી સેવામાં મોકલ્યો છે, અને કહ્યુ છે કે, વિષ્ણુપ્રતાપ તારી સર્વ શકાઓનુ સમાધાન કરીને તને યથાર્થ રીતે અધ્યાત્મ જ્ઞાન સમજાવશે, તે ઉપરથી આ હું તારી પાસે આવ્યો છુ હે મહાત્મન્! આત્માનુભવજન્ય સુખ' કેવું છે, એ જાણવાની મારી પૂર્ણ કામના છે" તે સાભળીને વિષ્ણુપ્રતાપ બોલ્યો, "પ્રિય બાધવ!* આ ઘર તારુ જ છે, માટે સર્વ વાતે મન સ્થિર કરી નિ:શક થઈને અત્ર રહે તારી શકાઓ સર્વ રીતે ગુરુકૃપાથી હુ નિવારણ કરીશ!" પછી વિષ્ણુપ્રતાપ પ્રતિદિન તેને એક જ આસને

* એક ગુરુના શિષ્ય હોવાથી વિષ્ણુપ્રતાપે એ પ્રમાણે સબોધન કરીને કહ્યુ છે

જોડે લઈ જમવા બેસે; સાથે લઈ રાજસિંહાસને વિરાજે, વાડી, બગીચા વગેરેમા પણ સાથે જ ફરવા જાય. એ પ્રમાણે તેની સાથે વિશુદ્ધ-અભેદભાવમય એકતાથી વર્તવા લાગ્યો. એ વિષ્ણુપ્રતાપ, કે જે મહાજ્ઞાની, તત્ત્વવેત્તા, વેદવેદાંગ પારગત અને सर्वं खल्विदं ब्रह्म એ વેદવચનાનુસાર આખા જગતને બ્રહ્મરૂપ જાણવાથી સર્વની ઉપર સમાન દૃષ્ટિ રાખનારો—અભેદપણું યથાર્થ રીતે સમજનારો ને તે પ્રમાણે આચાર પાળનારો હોવાને લીધે, સાક્ષાત્ બીજો જનક જ હોયની શું તેવો પ્રતાપી હતો. તેણે જ્ઞાનસિંહની શકા નિવારણ કરવાનો ઉપાય યોજવા માડ્યો

તેણે પોતાના નગરથી સુમારે બે ત્રણ કોશ દૂર આવેલા પોતાના વિલાસકુજમા, જ્યા એક સુંદર મહેલ ચણાવ્યો હતો, ત્યા ત્રયોદશીને દિવસે મધ્યાહ્ને, સર્વ જાતના પકવાન્નો તથા બીજા અનેક પ્રકારના ઉત્તમ સ્વાદિષ્ટ અન્નો તૈયાર કરાવવાની કાર્યભારીઓને આજ્ઞા આપી એકાદશીવ્રત કરનારને દશમીને દિવસે એકટાણુ અને દ્વાદશીએ પારણું કરવાનો નિયમ હોય છે, પરતુ વિષ્ણુપ્રતાપે એવો યોગ સાધ્યો હતો કે, જેથી દશમીને દિવસે જ્ઞાનસિંહથી કઈ કારણને લીધે જમાયું જ નહિ બીજે દિવસે એકાદશી હતી ને ત્રીજે દિવસે વામનદ્વાદશી હતી, તેથી લાગલાગટ ત્રણ ઉપવાસ થાય અને ઠેઠ ત્રયોદશીને દિવસે પારણું થઈ શકે એવો જોગ આવ્યો વિષ્ણુપ્રતાપે આવો યોગ આગળથી જાણીને જ બરોબર તેરસને દિવસે મધ્યાહ્ને રસોઈ તૈયાર થાય, એવી આજ્ઞા આપી રાખી હતી નીતિ વચન છે કે, “अन्नाद्भवन्ति भूतानि । અન્નને આધારે પ્રાણ છે” ત્રણ દિવસના સામટા ઉપવાસ થવાથી જ્ઞાનસિંહનો આત્મા તો આકુળવ્યાકુળ થઈ રહ્યો. પણ તે પરમ વૈષ્ણવ હતો, ભગવત્પરાયણ હતો, નિયમ પ્રમાણે વ્રત કરનારો હતો તેણે નિરાહાર રહીને ત્રણે દિવસ ભગવન્નામોચ્ચારણ કરવામા પૂર્ણ કીધા ત્રયોદશીનો પ્રાતઃકાળ થયો, એટલે વિષ્ણુપ્રતાપ તથા જ્ઞાનસિંહ, સ્નાન સંધ્યાદિ આહ્નિકથી પરવારી તૈયાર થયા, અને સુખપાલ સજ્જ કરાવી કેટલાક કાર્યભારીઓ સાથે પેલા વિલાસકુજ તરફ પ્રયાણ કર્યું તડામાર કરતા વાહનો મધ્યાહ્ન થતા પૂર્વે ત્યા આવી પહોંચ્યા, રસોઈ પણ તૈયાર હતી રાજાને જમવા બેસવા માટે જે ચોક તૈયાર કરી રાખ્યો હતો તેમા ચાકરોએ ચપોચપ રગોળીઓ પૂરીને સુવર્ણના બાજઠ ઢાળી દીધા, સુવર્ણના જળપાત્રો તથા ઉપપાત્રો, શીતળ જળ ભરીને દરેક બાજઠની

બાજુએ મૂકી દીધાં; દરેક બાજઠની આગળ મનને અત્યંત આનંદ પમાડનારી સૌગંધિક અગરતગરની બત્તીઓ ધરી દીધી, અને બીજી સર્વ સામગ્રીઓ પણ સજ્જ કરીને ચાકરો બાજૂપર ઉભા રહ્યા તુરત નાના પ્રકારના પકવાન્નો તથા બીજી સામગ્રીઓથી ભરેલા રત્નજડિત સુવર્ણના થાળો દરેક બાજઠ આગળ ગોઠવી દીધા. તે પછી વરદી પહોંચતા જ સર્વ સાથસહિત બને રાજવીરો, પીતાંબર ધારણ કરી તૈયાર થયેલા જ હતા, તે ત્યા આવીને બાજઠોપર વિરાજી ગયા જ્ઞાનસિંહ તો એક ક્ષણ પણ બીજા કોઇની સાથે બોલ્યા વગર કિંવા નજર સરખી પણ કોઇ તરફ ફેરવ્યા વગર એકચિત્તે મોટા મોટા કોળીઆ જ ભરવા મંડી ગયો લગભગ અર્ધ ઉપરાંત જમી રહેવા આવ્યો, ત્યારે મધ્યજળ કરવા માટે માત્ર મુખ ઉંચું કીધું. અનેક પ્રકારના હાસ્યવિનોદ કરતા સૌ કોઇ જમી તૃપ્ત થયા અને હાથ મ્હોં પ્રક્ષાલન કરીને ઉઠયા તુરત જ સેવકોએ કેસર, કસ્તૂરી આદિ પદાર્થોથી ભરેલા પાનબીડાં લાવી સૌને આપ્યા. પછી વસ્ત્રો સજી એકાંત બેઠકમા સૌ વિનોદ કરતા બેઠા છે, એટલામા વિષ્ણુપ્રતાપે આગળથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે એક મત્રીએ સવિનય પૂછ્યુ, "ભાઇઓ! આજે ભોજન કરતી વખતે આપણને કેવો આનદ પ્રાપ્ત થયો હતો?" ત્યારે કોઇના બોલતાં પૂર્વે જ જ્ઞાનસિંહ બોલી ઉઠયો; "અરે! શું આજનો આનદ? ભોજનની લહેજત? સ્વાદમા તો મણા જ ન હતી. જમતા જમતા જે આનદ થતો ને લહેજત પડતી તેની તો વાત જ ન કરો! અહા! તેનું વર્ણન કોણ કરી શકે એમ છે? તે તો માત્ર હું અને આ સૌ જમનારા પોતપોતાના મનમા જ જાણતા હશે મારી શક્તિ કોઇ પણ કાળે એને વર્ણવી શકવાની નથી કે એ આનંદ આવો અને આટલો હતો! મારી જિહ્વેન્દ્રિય, જેનાદ્વારા મને એ આનદ થયો, તે પણ એને વર્ણવી શકવાને કોઇ કાળે સમર્થ થઇ શકે એમ નથી" જ્ઞાનસિંહ આમ બોલ્યો, તેનુ કારણ એ હતું કે, તે પોતે ત્રણ દિવસનો ભૂખ્યો હતો તેથી તેને જમતા જે લહેજત પડી હતી, તે બીજા સૌ કરતાં અધિક જ હતી

તે પછી એક બીજા દિવાનખાનામા નાના પ્રકારની મખમલની તળાઇઓ બિછાવેલા સુવર્ણના પલગો તૈયાર હતા તે ઉપર સૌ જરાક વાર આડા થયા.* ત્રીજે પહોરે ઉઠી મુખ પ્રક્ષાલન કરીને સૌ એકત્ર થયા,

* જમ્યા પછી થોડીક વાર ડાબુ પડખુ દબાવીને સૂવુ, એ ગુણકારક છે.

ત્યારે તંબોળીએ કેસર, કસ્તૂરી, બરાસ, એલચી વગેરે પદાર્થો નાંખી બનાવેલા નાગરવેલનાં પાનનાં બીડા લાવીને હાજર કર્યાં, જેનો મુખવાસ કરી સૌ ગપાટા મારવા બેઠા. એટલામા રાજાના માળીએ ગુલાબ, મોગરા, ચંબેલી વગેરે સુગંધી પુષ્પોના તોરાઓ તથા હારો લાવીને દરેકના કંઠમાં આરોપણ કરી દીધા. તે પછી એક અત્તારિયો હાજર થયો, તેણે તુરત પોતાનો અત્તરનો દાબડો ઉઘાડયો ને અનેક પ્રકારના એક કરતાં એક ઉત્તમ અત્તરો અત્તરદાનીમાથી તેમના શરીરોપર નાખવા માંડ્યા તેણે અનુક્રમે ગુલાબ, મોગરા, ચબેલી, જાઈ, ખસ, અબર, મલિયાગર, કેવડા વગેરે ઋતુને અનુસરતા ઉંચામા ઉંચા અત્તરોની સુગંધથી મગજ તર કરી પ્રાહુણાઓને સુગંધમા તલ્લીન કરી નાંખ્યા આ સર્વથી એકાએક હરખાઈ જ્ઞાનસિંહ બોલી ઉઠયો, "અહાઃ! હાઃ! હાઃ! ભાઈ વિષ્ણુપ્રતાપ! આજે તો તે મારી પરોણાગત કરીને મને આનદના સમુદ્રમા છેક જ ડુબાડી દીધો છે!" એ સાભળી વિષ્ણુપ્રતાપ બોલ્યો; "પ્રિય બંધુ! એવો તે શો તને આનંદ થાય છે તે તો કહે, તેનુ કંઈક વર્ણન તો કરી બતાવ તે વિના અમે જાણીએ કેમ કરીને, કે તારો આનદ આવો છે?" ત્યારે જ્ઞાનસિંહ બોલ્યો, "શું એ આનદ કહેવાને કોઇ પણ શક્તિમાન્ થાય ખરુ? એ તો મારી નાસિકા ઇંદ્રિય જ જાણે છે કે એ આનદ કેવો છે!"

ત્યાર પછી વિષ્ણુપ્રતાપે સવિનય વિજ્ઞાપના કરી કે; "હવે ઠંડા-પહોર થયો છે, માટે ચાલો આપણે બાગમા ફરવા જઇએ!" સૌ ઉઠીને ઉભા થયા અને બાગમા ચાલ્યા. બાગની શોભા તો વળી કંઈ અપ્રતિમ જ હતી. તે સઘળી શોભાનુ યથાર્થ વર્ણન કરવું એ અશક્ય છે, પરતુ સંક્ષેપે વર્ણવીએ તોપણ દિવસના દિવસ વીતી જાય, માટે એટલું કહેવુ ઘણું છે કે, ઉદ્યાનના જલાશયો, ફલ તથા પુષ્પોવાળા વૃક્ષો, તેઓપર કલ્લોલ કરતા નૂતન નૂતન જાતના રગબેરગી મનમોહક પક્ષીઓ, પિંજરાઓમા પૂરેલા, તેમ જ છૂટા ફરતા અનેક દેશાંતરમાંથી આણેલા અનેક જાતના પ્રાણીઓ, બાગમા ફરવાના નાના પ્રકારના માર્ગો, દ્રાક્ષના તથા પુષ્પવેલીઓના ખીલેલા માડવાઓ, તેમા ચોમેર ફરતી ગોઠવેલી સુદર બેઠકો તથા મનને આનદ આપે એવી કુંજોની નૂતન નૂતન રચના રચી હતી તે જોતા જોતા તેઓ ફરતા ફરતા એક દ્રાક્ષના માંડવાની નીચે જઈ પહોંચ્યા તેની તળેની શીતળ બેઠકમા સૌ બેસી ગયા. જે જે કંઇ કરવુ હતુ,

તે સઘળાની તૈયારી રાજાએ પ્રથમથી જ કરી રાખેલી હતી, માટે પૂર્વાપર આપેલી આજ્ઞા પ્રમાણે વગર કહે પોતાનું કાર્ય બજાવવાને સમય પ્રમાણે સૌ હાજર થવા લાગ્યા. જ્ઞાનસિંહ ને વિષ્ણુપ્રતાપ બેઠકમા બેઠા હતા, એટલામા ત્યા એક વિલક્ષણ પુરુષ હાજર થયો તેણે રાજાને આશીર્વાદ દઈ તુરત પોતાની માયિક વિદ્યા દેખડાવવા માડી. એકાએક સૌની નજરમાથી તે બાગ બેઠક અને મહેલ સર્વે અદૃશ્ય થઈ ગયા, અને ક્ષણ માત્રમાં એક તેજનો અબાર તેમની સામે ખડો થઈ ગયો. આ તેજપુજથી અંજાઈ જઈ તેઓ આખો મીંચી જઈ ફરી ઉઘાડવા જાય છે, તેટલામાં એક અત્યત સુંદર નગર તેઓના જોવામા આવ્યું. તેનો દેખાવ, તેનો વિસ્તાર, તેની અંદરના સુવર્ણમય અને રત્નજડિત અવર્ણનીય શોભાવાળાં સુંદર મદિરો, તેમા આનંદભેર ફરતા દિવ્ય સ્વરૂપવાન્ તેજસ્વી નવયૌવન સ્ત્રી પુરુષો, ત્યાના રાજાની ભવ્ય રાજસભા, તેમા વિરાજનારા મહાન્ દેવર્ષિઓ, દેવતાઓ સરખા વીર પુરુષો, તેમા નાચ કરતી લાવણ્યમયી કોકીલકઠી ગુણિકાઓ વગેરે ઈન્દ્ર સમાન સર્વ વૈભવ નિરખીને, આ ઈન્દ્રપુરી જ હશે કે શું? એમ પ્રત્યેક જણ અનુમાન કરવા લાગ્યુ. એટલામાં તે નગર એકાએક અદૃશ્ય થઈ ગયુ અને સર્વની દૃષ્ટિ આગળ બીજી જ ભવ્ય શોભા ખડી થઈ ગઈ! તેમા આગળની ઇંદ્રપુરીની શોભા કરતા પણ કંઈ વિલક્ષણ પ્રકાર જોવામા આવ્યો. તે નગરી દેખવામા સૂર્ય કે ચદ્રના પ્રકાશની જરાએ જરૂર ન હતી; કારણ કે ત્યા વસનારા પુરુષોના મસ્તકોમા આવેલા મહાતેજસ્વી મણિઓનો પ્રકાશ સર્વત્ર પ્રસરી રહ્યો હતો એટલું જ નહિ, પણ ત્યાના મદિરો પણ મણિમય જ હતા, તેમા સ્વત. તેજ પલકારા મારી રહ્યુ હતુ, તેથી પ્રકાશ માટે દીપક વા બીજા કોઈ તેવા જ પ્રકાશક પદાર્થની કશી જરૂર જણાતી ન હતી તેમા વસનારા પુરુષો કોઈ પચમુખવાળા, કોઈ દશ મુખવાળા, કોઈ સો મુખવાળા ને કોઈ કોઈ તો સહસ્ર મુખવાળા જણાતા હતા. તેઓ ઘડીકમા સર્પનું રૂપ ધારણ કરતા, તો ઘડીકમા દિવ્ય પુરુષરૂપે જણાતા હતા તેઓની સ્ત્રીઓના સ્વરૂપ-સૌંદર્ય આગળ તો કામદેવની સ્ત્રી રતિ પણ લજ્જા પામે, એમ દેખાતું હતું. તે સર્વાંગ સુંદરીઓ નાના પ્રકારના દિવ્ય વસ્ત્રાલંકારો સજી રત્ન હિંડોળા ઉપર બેઠી બેઠી હિંચકા ખાતી હતી, અને તેઓની આસપાસ તેઓના જેવી હજારો દાસીઓ સેવામા ખડી ને ખડી ઉભી રહી ચમરી ઢાળતી હતી. ચોમેર પરમ વૈભવ દૃષ્ટિગોચર થતો હતો આ સર્વ જોઇને, "અરે!

શાસ્ત્રમા કહેલી રચના મળતી આવે છે, માટે આપણે આ નાગલોકમા તો નથી આવ્યા કે, એમ આશ્ચર્ય સહિત સૌ કોઈ અનુમાન કરવા લાગ્યું. થોડી ક્ષણમા ત્યા એક નૂતન કૌતુક જોવામા આવ્યુ. તે પાતાળ (નાગલોક)ને વિષે આવેલા એક મહાતેજસ્વી મંદિરમા રત્નજડિત હિંડોળા ખાટપર એક અતિ સુંદર મોહિની સ્વરૂપ લાવણ્યવતી સુંદરીની સાથે બેઠેલા એક પોતાના ઓળખીતા લાવણ્યમય પુરુષને, દિવ્ય શણગાર ધારણ કરીને, આનંદમા વિલાસ કરતો જ્ઞાનસિંહે જોયો. તેને ધારી ધારીને જોયો તો તે પોતાનો મરણ પામેલો પુત્ર જ હતો! તે જોઈ જ્ઞાનસિંહ પરમ આનંદમા ગાંડો થઈ એકાએક બોલી ઉઠયો, “અહો! મારા પ્રિયપુત્ર! તું આવા અનુપમ અને અલભ્યસ્થાનને વિષે કેવી રીતે આવી બેઠો છે? શું તને તારા વિયોગી માતપિતાનું સ્મરણ થતું નથી?” એ સાભળીને પેલા વિલાસી પુરુષે પ્રત્યુત્તર દીધું; “હે જ્ઞાનસિંહ! તું પુત્ર કોને કહે છે? તારા ગુરુજીના વચન વિસરી ગયો? શુ તને પાછું અજ્ઞાન ઉપજ્યુ છે કે અવિદ્યાએ ઘેર્યો છે? તુ જ્ઞાનમા સિંહરૂપ છતા માયાવશ કેમ બન્યો છે? હું તો મણિગ્રીવ નામનો નાગ છું. તે માત્ર તારા પૂર્વના સત્કર્મયોગે તને પુત્રવિયોગદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરાવવાને જ તારે ત્યા અવતર્યો હતો અત્ર પુત્ર કોણ ને પિતા કોણ? અત્ર તો પિતા અપિતા છે, માતા અમાતા છે, લોક અલોક છે, દેવ અદેવ છે, વેદશાસ્ત્ર અવેદશાસ્ત્ર છે, ચાંડાળ અચાંડાળ છે, સાધુ અસાધુ છે, તપસ્વી અતપસ્વી છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એમાનું અત્ર કંઈ નથી. અત્ર પુણ્ય પાપ કશાનો સ્પર્શ નથી. અત્ર સર્વ કામનાથી તરી જવાય છે અત્ર દ્રષ્ટા કે દૃષ્ટિ નથી, દ્રષ્ટાની દૃષ્ટિનો લોપ થતો નથી, જોવા ન જોવાનુ કંઈ નથી, અત્ર સર્વ અભેદમય છે આ જ નાગલોક, બ્રહ્મલોક, અક્ષરલોક! એ જ પૂર્ણ છે, પૂર્ણથી પણ પૂર્ણ છે, એમાથી પૂર્ણ બને છે ને એ પૂર્ણનુ પૂર્ણ જ રહે છે. હે જ્ઞાનસિંહ! તું વિનાશી સસારની મોહિની મૂકી દઇને બ્રહ્માનંદ જેવા અખંડ સુખનીજ ઇચ્છા કર!” આટલી વાતચિત થઈ, એટલામા તો તે સઘળો દેખાવ લય પામ્યો. સૌ પાછા ચકિત થઈ ગયા અને જ્ઞાનસિંહ જાણે ઊંઘમાથી એકાએક ઝબકીને જાગ્યો હોય તેમ આશ્ચર્ય પામ્યો, અને મનમા ખેદ કરતો બોલ્યો; “અહાહા! મારા જોવામા આ શો ચમત્કાર આવ્યો! અરે! હજુ સૂધી જેનુ સ્મરણ થઈ આવતા વારવાર મારો પુત્ર, મારો પુત્ર કહી હું રડતો હતો, તેણે મને શુ કહ્યું? અહો? મારા મિત્રની કૃપાથી કેવો ચમત્કાર

મારા જોવામા આવ્યો. આજે તે મણિગ્રીવના કહેવાથી મારો મહામોહ દૂર થયો અને સસારાસક્તિ સમૂળ નાશ થઈ ગઈ! વાહ! મારા મનના આનદની વાત હું કોને કહું? મારી નજરે જે જે આનંદપ્રદ વસ્તુ જોવામા આવી, તેનાથી થએલો અવર્ણનીય આનંદ માત્ર મારુ અત કરણ જ જાણે છે.”

એમ કરતા સધ્યાકાળ થવા આવ્યો, એટલે સર્વે મંડળી ત્યાથી ઉઠીને ફરતી ફરતી પાછી રંગમહેલમા આવી. આ વખતે ભોજન તૈયાર હતું, તેથી સૌ વાળુ કરવા ઉઠ્યા જેને જે ભાવ્યું તે જમી લીધું. (કારણ કે બપોરે તેઓ સારી પેઠે જમ્યા હતા) તે પછી વસ્ત્ર બદલી પાનસોપારી લીધા. એટલામાં જોડેના દિવાનખાનામાંથી તબલા, તંબુરા, સારગી, વીણા વગેરે વાદ્યો સજ્જ થવાના સ્વરો સભળાવા માડ્યા વિષ્ણુપ્રતાપે સૌને દિવાનખાનામા લઈ જઇને યોગ્ય આસને બેસાડ્યા દિવાનખાનાને બહુ જ ઠાઠથી શણગારવામા આવ્યું હતું. ત્યા અપ્સરાઓ નૃત્ય કરવા માટે તત્પર થઇને બેઠી હતી. તેમાથી રાજાની આજ્ઞાથી એકેકીએ અનુક્રમે નૃત્યનો આરભ કર્યો, અને જૂદી જૂદી સરગમો,* ચતરગો, તીલાનાઓ વગેરેના આલાપ કરીને સગીતનો આરભ કીધો. એક કરતા એક અધિક સૌન્દર્યવતી તે લલનાઓના મનોહર આલાપ, ઘુઘરાનો ઠમકારો; તબલાની તાલ, સારંગી, વીણા ઇત્યાદિના અત·કરણમા આરપાર નિકળી જનારા મધુર સ્વરોના રણકાર અને નૃત્ય કરતા કરતા વારાગનાઓએ દર્શાવેલા હાવભાવ, કટાક્ષ પ્રહાર વગેરેથી નર્તકીઓએ આખી સભાને દિઙ્મૂઢ કરી મૂકી. પછી કલ્યાણ, બિહાગ, ટોડી, કાનરો, વસત ને છેલ્લે ભેરવી વગેરે સમયને અનુસરતા રાગો એક પછી એક એવી રીતે આલાપ કરીને ગાયા કે, જેથી વિષ્ણુપ્રતાપ વિના સર્વ પુરુષો મોહિત થઈ ગયા. હે વત્સ ! સગીત એક એવી વસ્તુ છે કે, જેથી જડપેરે વિચરતા પશુઓ પણ વશ થઈ જાય છે, તો પછી સપૂર્ણ રસ સમજનારા પુરુષનું તો શું જ કહેવું? હવે આ ગાયનોથી ઉત્પન્ન થયેલો મોહ, અને વિષ્ણુપ્રતાપે વાળુ કર્યા પછી પાનમા ખવરાવેલી કામોદ્દીપન ગુટિકા, એ બનેનો એકઠો માર પડવાથી જ્ઞાનસિંહ તદ્દન કામવિવશ થઈ ગયો તે બોલી ઉઠ્યો કે; “અહા વિષ્ણુપ્રતાપ! હવે હદ થઈ! આ આનંદ મારા હૃદયમાં સમાવ્યો સમાતો

---

* સા, રી, ગ, મ, પ, ધ, ની, એ સાતે સ્વરોના નામોના પ્રથમ અક્ષરો છે, જેને ટૂકમા બોલવા માટે સરગમ, સારીગમ, વગેરે કહે છે

નથી, હવે સમાપ્ત કરો!" તુરત ગાયન બંધ થયું, ને સૌ સુવા માટે જૂદા જૂદા ઓરડાઓમાં વિખરાઈ ગયા.

જ્ઞાનસિંહની આ ભક્તિમતીને આગળથી જ વિષ્ણુપ્રતાપે દાસીઓ સાથે શહેરમાથી બાગમાં તેડાવી હતી. તે પણ સમયસર આવી પહોંચી અને કામવિવશ થએલો જ્ઞાનસિંહ નિર્માણ કરેલા વિલાસગૃહમાં જેવો જઇને સુતો કે તુરત તે નાના પ્રકારના હાવભાવ કરતી તેના પલગપર જઇને તેના ચરણની સેવા કરવા લાગી. જ્ઞાનસિંહને એટલું જ જોઇતું હતું. આ વેળાએ તે આનંદના મધ્યબિંદુપર હતો.

બીજે દિવસે સધ્યાકાળે વાળુ કરીને ચન્દ્ર ઉદય થયા પછી સૌ અગાસીપર એકત્ર થયા, ત્યારે જ્ઞાનસિંહે વિષ્ણુપ્રતાપને કહ્યુ, "ભાઈ, તુ હવે મારી શકાનું નિવારણ તે ક્યારે કરશે? તેં તો મને, આ સર્વ માયામા જ ફસાવવો ધાર્યો હોય એમ લાગે છે; કારણ કે તારે ત્યા આવ્યા પછી અત્યાર સૂધીમા મેં કેવળ માયિક પદાર્થોમા જ રમણ કીધું છે, અને હમણા પણ માત્ર માયા, માયા ને માયા જ હું નજરે નિરખુ છુ! જ્ઞાનસબધી પવિત્ર વાર્તા તો વિસારી જ મૂકી છે!" એ સાભળી વિષ્ણુપ્રતાપે હસીને કહ્યું; "મહાત્મા જ્ઞાનસિંહ! એ તેં શું કહ્યુ? શું હજી સૂધી તારી શકા નિવારણ થઈ નહિ! તું પરમ જ્ઞાની છતા આટલી બધી વાતોપરથી કંઈ સમજી શકયો નહિ, અને ઉલટો માયાને નિંદવા મડી ગયો, એ શુ? પણ ભાઈ! એ માયા શું એટલી બધી ધિક્કારવા જોગ છે? મહાત્મા પુરુષ જ્ઞાની કહેવાય છે તે શાને લીધે? એ માયા ન હોત અને તેમા લપટાયો ન હોત તો પછી પુરુષે વિરક્ત કોનાથી થવાનું હતું? જ્ઞાની થવાની શી જરૂર હતી? દીવા આડું ગમે તેવુ અતરપટ હોય તો અધારુ પડે છે, ને તેથી તેને કોરે ખસેડવાનો યત્ન કરવો પડે છે, પરતુ તે ન હોય તો નિર્મળ દીપક પ્રકાશી જ રહે છે, એટલે શાનો અધકાર પડે અને શુ દૂર કરવાની જરૂર પડે? માટે પ્યારા બાધવ! સસારની માયા પ્રાણીને સાવધ અને જ્ઞાની કરનાર છે-જો તેના પરિણામ ઉપરથી જે ગ્રહણ કરવાની ખૂબી છે, તે ગ્રહણ કરી તેનો સદુપયોગ કરવામા આવે તો જ! માટે અજ્ઞાનપણાથી માયાનો કદીએ તિરસ્કાર કરવો નહિ. પણ તે ભોગવી તેના પાશમા બધાયા વગર જ, તેનાથી મુક્ત થવુ, એ મહાન્ વિજય, જ્ઞાન-પ્રાપ્તિનુ મહાન્ ફળ છે. એમાથી તો ઘણુંક જાણવાનુ અને સમજવાનું મળે છે અત્યાર સૂધીમા જે જે મહાન્ જ્ઞાની પુરુષો થઈ ગયા છે, તે તે સઘળા

પ્રથમ માયામાં લપટાયા હતા, અને તે માયાને સન્માર્ગે ભોગવતાં જ તેઓ જ્ઞાની બની, પરમભક્ત બની, સર્વત્ર ઇષ્ટને દેખતા સ્વસ્વરૂપને જાણી તરી ગયા છે. સંપૂર્ણ વિષયમા રગાઈ ગયેલા જ્ઞાનીનું જ્ઞાન દૃઢ હોય છે–કોઈ વાતે ન ચળે એવુ હોય છે, તેથી તેને માયા બંધન કરી શકતી નથી. એ માયા ત્રિગુણાત્મક છતે સમસ્ત જગતની કલ્યાણ કરનારી છે હરિહરાદિ પણ એને જાણી શકતા નથી. એવી એ માયા ગૂઢ ને અપાર છે. સર્વની આશ્રયી છે, આ અખિલ જગતનો અંશ છે; અવ્યાકૃત ને આદ્ય છે, પરમ પ્રકૃતિ છે, માયા મહાવ્રતવાળી, મુક્તિદાતા, પરમવિદ્યા, ઇન્દ્રિયોને સુનિયત કરી, સમસ્ત દોષથી નિર્મુક્ત કરનારી, ને મુનિજનોને સેવવા યોગ્ય છે. કેમકે એ માયા, જ્ઞાનીના ચિત્તને પણ બલાત્કારે આકર્ષણ કરી, મહા મોહમા નાખી દે છે! અવિદ્યારૂપી તિમિરપટને દૂર ખસેડી જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ આપનારી પણ એ જ માયા છે રે! એ દરિદ્રીઓને ચિંતામણિ જેવી છે. એ માયા તો મિથ્યા છે. એને આદિએ નથી, અંતે નથી ને વર્તમાને નથી, માત્ર મિથ્યા છતે એ સત્ય ભાસે જ છે! એનો જ તેં વિચાર કીધો હોત તો તારા પ્રશ્નનું ઉત્તર આપોઆપ મેળવી શકયો હોત" એમ કહી પુનઃ તે બોલ્યો; "ભાઇ! એ બધું તો ઠીક, પણ ગઇ કાલે શી શી મઝા તારા જોવામા આવી, એ સબંધે તો આપણે વાતચિત જ કરવી ભૂલી ગયા!" એ સાંભળી જ્ઞાનસિંહ બોલ્યો, "અહો! કાલની વાત તે શી કરવી? એ રંગના ચટકાં તો કાલે જ વહી ગયા મિત્ર! કાલે તો તેં મારી પાચે ઇન્દ્રિયોને આનદથી તૃપ્ત કરી દીધી હતી. ભાતભાતના સ્વાદિષ્ટ ભોજનો, સૌગંધિક પુષ્પો, અત્તરો, અપ્સરાઓના નૃત્યો, ગાયનો અને આલિંગનો, એ વગેરેથી મારુ મન આખી રાત અને દિવસ આનદના સમુદ્રમા જ તરતું હતુ હજુ પણ તે આનંદસાગરની લહરીઓ કોઈ કોઈ વખતે મને સાંભરી આવે છે, ત્યારે તે મારા મન-શરીરને પુલકિત બનાવી મૂકે છે. અને અરે! હું ભૂલી કેમ ગયો? પેલા માયાવી એલે તો વળી હદ્દ જ વાળી દીધી છે! અહો ઘેર બેઠે સ્વર્ગ અને પાતાળના દિવ્યલોકના પ્રત્યક્ષ દર્શન થયાં, એ શું થોડી વાત છે? વળી વિષ્ણુપ્રતાપજી! એક વાત તા તેમા મેં એવી જોઈ કે તેથી થયલું આશ્ચર્ય મને જન્મોજન્મ યાદ રહેશે, કારણ કે, તે મનોહર અને આનદપ્રદ અદ્ભુત દેખાવ મારા હૃદયમા આબેહૂબ ચિતરાઈ રહ્યો છે. ભાઇ! તેમા મારા મરી ગયલા પુત્રને મેં જોયો, ને વળી તેની

સાથે કેટલીક વાતચિત પણ કીધી. અહા! એ સંબધે મને કેવો આનદ થયો હશે, તેનો વિચાર તું જ કર. એ પ્રમાણે જિહ્વા, નાસા, ચક્ષુ, શ્રોત્ર અને સ્પર્શેન્દ્રિય-ત્વચા આનંદમા લેહ વિલીન થઈ છે, એ પાચે ઇન્દ્રિયો હજુ સૂધી તે સમયના સુખમાં લહરિયા લે છે"

એ સાંભળી વિષ્ણુપ્રતાપ બોલ્યો, "જ્ઞાનસિંહ! તુ કયારનો આનદ થયો, આનદ થયો અને સુખ સુખ કરી રહ્યો છે, પણ એવો તે આનંદ અને એવું તે સુખ કેવું હતું, તે મને જરાક સમજાવશે ?" ત્યારે જ્ઞાનસિંહે કહ્યું, "તે સુખ તે હુ કેમ કરીને વર્ણુવું? મારા મનમાએ નથી વર્ણવાતું, તો પછી હું વાણીએ કરીને તને કેમ કરી કહી શકું? જમવાનું સુખ માત્ર જિહ્વા જ જાણે છે, સુગધથી જે લહઝત આવી તે મારી નાસિકાને જ ખબર છે, ગાયનથી જે આનદ થયો તેના ભોગી તો કાન જ થયા છે, માયાવી ખેલની લીલાની લહઝત દૃષ્ટિ જ જાણે છે, અને મારી પ્રિયાના આલિંગનની મોજ અને આનંદ મારી સ્પર્શેન્દ્રિય જ જાણે છે એમ એ પાંચે જ્ઞાનેંદ્રિયોને થયલું સુખ માત્ર તેઓ જ જાણે છે, ખૂબી એ છે કે જે જાણે છે તે બોલતા નથી, જે બોલે છે તેની પાસે બોલવાના શબ્દો નથી! મારાથી તો શું, પણ હું જાણું છું કે આપણા ગુરુજીથી પણ એ સુખાનન્દનુ વર્ણન થઇ શકવું વહન અશક્ય છે." "બસ બસ! હું એટલુ જ જાણવા માગુ છુ હવે તારા મનનો નિશ્ચય થયો કે, ઇન્દ્રિયજન્ય અલ્પ સુખને પણ જ્યારે તેનો ભોક્તા ભોગવ્યા છતા વર્ણવી શકતો નથી, ત્યારે કેવળ નિર્વિકાર આત્મા કે જે અતીંદ્રિય છે—દશ ઇન્દ્રિયોથી જાણી શકાય નહિ એવો અથવા તો દશે ઇન્દ્રિયોની ઉપર સત્તા ચલાવનાર છે, તેનુ યથાર્થ જ્ઞાન થવાથી જે અપાર આનંદ થાય છે, તેનું સ્વરૂપ વર્ણવવાને કોણ સમર્થ હોય?" એ સાભળીને જ્ઞાનસિંહ બોલ્યો, "ત્યારે શું આત્માનુભવજન્ય સુખ કેવળ અવર્ણનીય-અનિર્વચનીય જ છે! અહો! હવે હુ યથાર્થ સમજ્યો, રે સમજ્યો. અહા! ધન્ય! ધન્ય! જેમ ઉદાર ચમત્કારવાળો, સદાચાર વિહારવાળો મૃગેન્દ્ર પાજરામાથી છૂટી જાય છે, તેમ હુ જગમોહથી તારા પ્રતાપે છૂટી ગયો છું!" એટલુ કહીને જ્ઞાનસિંહ તુરત આસનપરથી ઉઠયો અને વિષ્ણુપ્રતાપના ચરણમા પડી તેને દડવત્નમસ્કાર કરીને હર્ષાલિંગન દીધું તેનો અભ્યાસયોગ વધારે દૃઢ કરવા માટે અને અતદ્રૂપ બુદ્ધિનો લય થવા માટે સ્વસ્થ થઇને વિષ્ણુપ્રતાપે કહ્યું; "ભાઇ! જો કે આ આકાશમા ખીલી રહેલો ચન્દ્ર, તારા કંઠમા પડેલી માળાના

મોતી, તારા હાથમા રહેલું મોગરાનું પુષ્પ અને આ કટોરામાં ભરેલુ દૂધ, એ ચારે વસ્તુઓ આપણે સૌ જાણીએ છીએ કે શ્વેત છે, પણ એ કેવા શ્વેત છે, તે કોઈ કહી શકશે? હું ધારતો નથી કે તેનો ભેદ સમજાવી શકાય! કારણ કે ચન્દ્ર જેવુ દૂધ શ્વેત નથી, દૂધ જેવુ મોતી શ્વેત નથી, ને મોતી જેવો મોગરો શ્વેત નથી એ સર્વેનું સ્વરૂપ, પોતપોતાના સ્વરૂપમા કેવા શ્વેત છે, તે મનમા જાણ્યા સમજ્યા છતા પણ, કોઈ તેની શ્વેતતા વર્ણવી કે આળેખી શકતું નથી. સૌ તે પદાર્થને બીજા પદાર્થોની ઉપમા આપીને કહેશે કે, ફલાણી વસ્તુ ફલાણા જેવી શ્વેત છે, અને ફલાણો પદાર્થ ફલાણા જેવો શ્વેત છે, પણ કોઈ કોઇની તુલનામા સમાન નથી. 'માયાવી ખેલની લીલાની લહજત દૃષ્ટિ જ જાણે છે, અને મારી પ્રિયાના આલિંગનની મૌજ અને આનંદ મારી સ્પર્શેન્દ્રિય જ જાણે છે'—એમ ઘી ખાધું તેનો કેવો સ્વાદ છે તે ફક્ત ખાનાર જાણશે. લાડુ જમી તૃપ્ત થયો, પણ તેનો સ્વાદ માત્ર જમનારનું મન જ જાણશે, બીજાના કહેવાથી તે સ્વાદ કેવો હતો, તેનો આભાસ પણ મનમા થશે નહિ તેવી જ રીતે પરમાત્માનુ નિરાકારી નિર્વિકારી—અવિકારી સ્વરૂપ, તે ગુરુ શી રીતે વાણીથી કહી-વર્ણવી સમજાવે? એ તો માત્ર અધ્યારોપ કરીને જ—ફલાણું સુખ ફલાણાના જેવું, ફલાણો આનદ ફલાણાના જેવો વગેરે—સમજાવે, પણ એ સ્વરૂપનો અનુભવ કરી, શિષ્ય જાતે તે લેવાને—જાણવાને સમર્થ થાય, ત્યારે જ લેશે અને સુખાનુભવી થશે. કોઇએક સાસરે જવાને યોગ્ય નવબાળા પોતાની માતા પાસે સેંથી ગુંથાવવા બેઠી હતી, તેણે માને પૂછ્યું, 'મા! સાસરાનુ સુખ તે કેવુ?' આને મા શી રીતે સમજાવે? તેણે એટલુ જ ઉત્તર દીધુ, 'બેહેન, તુ જશે ત્યારે જાણશે!' નવબાળા સાસરે ગઈ વર્ષેકે પાછો સેંથી ગુથાવવાનો પ્રસગ આવતા, માએ તે જ પ્રશ્ન કર્યું; 'બહેન! સાસરાનું તે સુખ કેવું?' પુત્રી શુ બોલે? એમ જ પરમાત્માના સ્વરૂપના દર્શનનો આનંદ જે ભોગવે છે તે જ જાણે છે કે, તે આનદ 'આવો' છે. આ સુખ તે આવુ છે. પરમાત્માનુ સ્વરૂપ તે આવું છે. પણ જાણ્યા પછી બોલાશે નહિ જ! જાણનાર જ તે આનંદની લહજત લેયા કરશે અને જેમ જેમ લેશે તેમ તેમ વધારે ને વધારે મુંગો થતો જશે. સંક્ષિપ્તમાં એટલું જ કહેવું બસ છે કે, ઇન્દ્રિયજન્યસુખો જ્યારે વાણીથી કહેવાઈ શકાતાં નથી, ત્યારે અતીંદ્રિય

આત્માનું સ્વરૂપ, કે તેના અનુભવથી થતું સુખ ને તેથી થતો આનંદ કોઈ વર્ણવી શકતું નથી. કોઈક એને આશ્ચર્યવત્ જૂએ છે, કોઈક એને આશ્ચર્યવત્ વદે છે, કોઈક એને આશ્ચર્યવત્ અનુભવેછે, કોઈક એને આશ્ચર્યવત્ સાભળે છે, કોઈ એને સાભળ્યા છતા પણ સમજાવી શકતો નથી–કોઈ કંઇ જ કહી શકતું નથી. સૌ વદે છે, સાભળે છે, જૂએ છે, અનુભવે છે, પણ કોઈ તે કહી શકતું નથી, સમજાવી શકતું નથી, બોલી શકતું નથી. જે કહી શકાતું નથી, સમજાવી શકાતું નથી–સમજ્યા ને જાણ્યા, રે! અનુભવ્યા છતા સમજાવી કે કહી શકાતું નથી, રે પોતે પણ સમજ્યા છતા અણસમજ્યા જેવો જ રહે છે, તે સ્વરૂપ સુખ વાણીથી કેમ કહી શકાય? માટે જાણ કે "आत्मानुभव-जन्यसुख केवल अनिर्वचनीय ज छे!"

એ પ્રમાણે જ્ઞાનસિંહની શંકાનું પૂરેપૂરુ સમાધાન થયું, એટલે બીજે દિવસે તેઓ સર્વે વિષ્ણુપુર ઉપડી ગયા ત્યા કેટલાક દિવસો પર્યંત આનંદથી જ્ઞાનવાર્તામા કાળ ગાળીને જ્ઞાનસિંહ, વિષ્ણુપ્રતાપની આજ્ઞા લઈ સ્વદેશ ગયો અને ગુરુપ્રતાપે પરમ જ્ઞાની થઇને અવસાને સ્રીસહિત મોક્ષને પામ્યો

એ કથા ગુરુએ શિષ્યને સભળાવી કહ્યુ, "વત્સ! જેમ આનંદનુ વર્ણન જાણ્યા છતા વર્ણવી શકાતું નથી, તેમ આત્માનુભવજન્યસુખ સમજાવી શકાય તેવું નથી જે જાણે છે તે જ જાણે છે, પણ તે બીજાને જણાવી–કહી શકતો નથી કયો પુરુષ સ્થૂલ કામનાની પૂર્ણતાનું સુખ વર્ણવવા સમર્થ છે?"

એકવિંશ બિન્દુ

જીવશિવ

निरुपममनादि तत्त्व त्वमहमिदमद इतिकल्पनादूरम् ।
नित्यानन्दैकरस सत्य ब्रह्माद्वितीयमेवाहम् ॥

અર્થ—ઉપમારહિત, અનાદિ, તત્ત્વસ્વરૂપ, તુ, હું, આ અને તે, એ કલ્પનાથી દૂર, નિત્યાનન્દ, એકરસ, સત્ય અને અદ્વિતીય બ્રહ્મ છે તે જ હું છું.

શિષ્ય-હે દીનદયાળ! આપ કહો છો કે, આ દેહધારી જીવ, અવિદ્યા-પ્રપચ-સસારમા' પચેલો-ચકચૂર થયલો છે, છતા જ્ઞાન પ્રાપ્ત થવાથી દેહમાં હોવા છતા શિવ-બ્રહ્મરૂપ થઈ જાય છે, એ સબધે મને મોટુ આશ્ચર્ય લાગે છે કે એમ તે કેવી રીતે બને!

ગુરુ-વત્સ! એ જીવ અને શિવ, ભક્ત અને ભગવાન્, કૃષ્ણ અને ગોપી, આત્મા અને પરમાત્મા, જેમને તુ જેવા અજ્ઞાન પ્રાણીઓ જૂદા-દ્વૈતરૂપ-માને છે, એમ તે દ્વૈતરૂપ નથી તે કેવળ એકરૂપ, એકરસ છે, અર્થાત્ અદ્વિતીય જ છે. તે માત્ર ઉપાધિભેદે કરીને જૂદા જૂદા ભાસે છે આત્મા સદૈવ એક પરબ્રહ્મરૂપ અને અદ્વિતીય છે અને પ્રારબ્ધોને અનુસરીને દેહમા વસવાથી જીવ કહેવાય છે; છતા ગુરુ ઉપદેશે છે કે तत्त्वमसि (પરમાત્મા) તે તુંજ છે એવા ઉપદેશના પ્રભાવથી તે પોતાને, अहं ब्रह्मास्मि। હું પરમાત્મા છુ-બ્રહ્મ છુ, અર્થાત્ જીવ નથી એમ સમજવા માડે છે, ત્યારે તેની વૃત્તિ દેહમાજ રહ્યા છતા પણ ફેરવાઈ જાય છે અને અદેહી-વિદેહી બની રહી, પ્રપચમા ક્રિયમાણ ભોગવવાને સચરે છે. એમા જે વિકલ્પો થાય છે તે ચિત્તથી થાય છે ચિત્ત જ આ ઉપાધિ-રૂપ જગતનું સર્જનહાર છે! પણ ચિત્તાભાવ હોય તો દ્વૈત જ નથી, સર્વત્ર અદ્વૈત જ છે. જેમ જળને વિષે ઓગળી ગયેલા મીઠાનો કટકો આંખે જણાતો નથી, તેમજ હૃદયમાં પ્રકાશવા છતા, જે ઇંદ્રિયોથી

ગ્રહાતો કે દેખાતો નથી, પણ કેવળ સદ્ગુરુના વચનરસમા પરમ શ્રદ્ધાથી એકતાર થવાથી ગ્રહાય છે-દેખાય છે, તેજ બ્રહ્મ છે. એ બ્રહ્મ અજ્ઞાનપટના અતરાયથી દેખાતું નથી, પણ જેમ સ્વચ્છ દર્પણમા મુખ સ્પષ્ટ દેખાય છે, તેમ અધિકારીના શરીરમા રહેલી નિર્વિકાર ભક્તિ-જ્ઞાન-યોગથી સુસજ્જિત બુદ્ધિને વિષે આત્મા પરમાત્માની એકતા જણાય છે. એ એકતા જાણ્યા પછી સર્વ સશય નિર્મૂળ થાય છે તે વિષે કર્ણનો ઇતિહાસ તેં સાભળ્યો ન હોય તો સાભળ.

પૂર્વે દ્વાપરયુગના અતમાં ચદ્રવશી શંતનુ રાજાને પાડુ અને ધૃતરાષ્ટ્ર નામના બે પૌત્રો થયા હતા તેમા ધૃતરાષ્ટ્રના પુત્રો તે ધાર્તરાષ્ટ્ર (કૌરવો) કહેવાયા અને પાડુના પુત્રો તે પાડવો કહેવાયા. એ પાડવો ખરું જોઇએ તો છ ભાઇઓ હતા, કર્ણ, યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, નકુલ અને સહદેવ પરતુ લોકો તેઓને પાચ ભાઇજ જાણતા હતા, કેમકે કર્ણ તેઓનો મોટો ભાઈ છે એ પાડવોને તેમજ બીજા કોઇને પણ ખબર ન હતી. એમ હોવાનું કારણ કર્ણનો વિલક્ષણ પ્રકારે થનાર જન્મ જ હતો કર્ણ પાડુપત્ની કુન્તાની કુમારિકા અવસ્થામા અવતર્યો હતો કુન્તા બાલ્યાવસ્થામા પોતાના પાલકપિતા કુન્તીભોજ રાજાને ત્યા રહેતી હતી તે વખતે તેના પાલકપિતાએ પોતાને ત્યા કોઈ મહર્ષિઓ, સાધુ પુરુષો વગેરે આવે તેઓની અતિથિસેવા કરવાનુ કામ તેને સોંપ્યું હતું રાજા કુન્તીભોજને ત્યા જે જે બ્રાહ્મણો મહાત્માઓ વગેરે આવતા હતા, તેઓની કુન્તા સારા પ્રકારે સેવા કરતી હતી કોઇક સમયે ત્યા દુર્વાસા મહામુનિ પધાર્યા તેની રાત અને દિવસ કુન્તા પરમ શ્રદ્ધાથી સેવા કરવા લાગી. દુર્વાસાએ પોતે જ્યાસૂધી ત્યા રહ્યા ત્યાસૂધી પરમ પવિત્રપણાથી અને એકનિષ્ઠાથી આ કુમારિકાને પોતાની અનેક પ્રકારે પરિચર્યા કરતી જોઇ, તેથી તેનાપર મુનિ બહુ પ્રસન્ન થયા કુન્તીભોજને ત્યાથી જતી વખતે મુનિએ તે બાળાને કહ્યું, "હે કન્યકે! બેટા! તેં મારી પરમ શ્રદ્ધાથી નિષ્કામપણે સેવા કરી છે, તેથી હું અતિ સંતોષ પામ્યો છું, માટે તારુ હું શું પ્રિય કરુ? મારી ઇચ્છા છે કે, તને યથેચ્છ પુત્ર સપાદન કરવા માટે કેટલાક દેવતાઓના મત્રો આપુ ને તે દેવતાના મત્રોના આવાહન કરવાથી; તે તે દેવ તને પ્રત્યક્ષ થઇ તારી મનઃકામના પૂર્ણ કરશે. પણ ખરેખરી અડચણ વગર તારે તે દેવોનું આવાહન કરવું નહિ, અર્થાત્ તારે જે સમયે પુત્ર અવશ્ય થવો જોઇએ, એવો પ્રસગ પ્રાપ્ત

થાય ત્યારે જ, એમાંથી ગમે તે દેવનું ચિંતન કરીને તે દેવનો જપ કરવો, એટલે તે પ્રકટ થઈને તને પુત્ર આપશે!" એમ કહી ઋષિએ તેને ધર્મ, (યમ) સૂર્ય, વાયુ, ઈંદ્ર અને અશ્વિનીકુમાર, એ પાંચ દેવોના મંત્રોનો ઉપદેશ કર્યો અને આશીર્વાદ દઈ, પોતે સ્વસ્થાન પ્રત્યે ચાલ્યા ગયા.

દુર્વાસા ઋષિના ગયા પછી એક સમયે દેવી કુન્તીના મનમાં એવો સંદેહ ઉત્પન્ન થયો કે, "જોઉં તો ખરી, ઋષિએ ઉપદેશેલા મંત્રોથી દેવતાઓ અહીં આવે છે કે નહિ? વળી શું દિવ્ય લોકવાસી અમર પુરુષોનો આ ભૂમિપર વસનારા મનુષ્યોને સાક્ષાત્કાર થતો હશે? એમના તેજસ્વી સ્વરૂપો કેવા હશે, તે હું જોઉં!" આવા આવા કુતૂહલથી તેણે પવિત્ર થઈ એકાગ્ર ચિત્તે શ્રીસૂર્યનારાયણના મન્ત્રનો જપ જપવા માંડ્યો. તે પૂરો થતાં થોડીવારમાં તેના એકાંતભવનમાં ઝળઝળાટ પ્રકાશ થઈ રહ્યો. તુરત પ્રાણીમાત્રના પ્રકાશદાતા આદિત્યમંડળના અધિપતિ શ્રી સૂર્યદેવ તેની આગળ દિવ્ય સ્વરૂપે આવી ઉભા રહ્યા. આ સમયે કુન્તીના એકાંતગૃહમાં માત્ર તે અને તેની એક માયાળુ-વિશ્વાસુ દાસી વિના અન્ય કોઈ ન હતું. એકાએક પ્રકાશ થઈ જવાથી ને અપ્રતિમ તેજને લીધે અંજાઈ જઈ તે બંને જણા આશ્ચર્યથી ચકિત થઈ ગયાં કુન્તી તો નીચું મ્હોં ઘાલી સ્તબ્ધ જેવી થઈ ગઈ આ બંને બાળાઓમાંથી કોઈ બોલી શકી નહિ, તેમ સૂર્યનો આદરસત્કાર પણ કરી શકી નહિ. અંતે ભગવાન્ સૂર્યે પોતે જ પહેલ કરી કહ્યું, "રે બાલિકે! તેં કયા નિમિત્ત માટે મારું આવાહન કર્યું છે, તે મને તું સત્વર નિવેદન કર" આ વચન સાંભળી તેમનું આતિથ્ય (પૂજાઆદિ સત્કાર) કરવું તો એક કોરે રહ્યું; પણ કુન્તી ઉલટી ભયભીત થઈ ગઈ અને થરથર ધ્રુજતાં ધ્રુજતાં બે કર જોડીને સૂર્યદેવને પ્રત્યુત્તર દીધું, "મહારાજ! હે દેવના દેવ! મહામુનિ દુર્વાસાએ આપેલા મંત્રોની પરીક્ષા જોવાના હેતુથી જ માત્ર મેં આપનું આવાહન કર્યું હતું! હું આપને પ્રણામ કરું છું, હવે કૃપા કરીને આપ સ્વસ્થાને પધારો!" ત્યારે સૂર્યે કહ્યું, "હે સુંદરિ! કોઇપણ સ્થળે મારું ગમન મિથ્યા થતું નથી, તેથી અહીં પણ મારું આગમન વ્યર્થ થશે નહિ, માટે તારે મારી ઇચ્છાને અધીન થવું જોઇએ." એ સાંભળી કુન્તીએ લજ્જાવશ થઇને નીચું મ્હોં ઘાલી દીધું, ત્યારે દાસીએ સાવધ થઈ કુન્તીને સમજાવી કહ્યું, "બાઈ! તમારાં અહોભાગ્ય છે, જે સાક્ષાત્ સૂર્યનારાયણ દેવ તમારા સુખની કામના કરે છે. તમારું સૌંદર્ય આજે સફળ થયું છે ને દુર્વાસા ઋષિનો મંત્રોપદેશ પણ આજે સફળ થયો છે, કે

જેથી તમે અને તમારે લીધે મેં આ જગદેવ શ્રીસવિતાનારાયણનાં દર્શન કર્યાં! હવે તો તમે લજ્જા મૂકી સૂર્યદેવનું આતિથ્ય કરી તેની આજ્ઞાને અનુસરો. તમારું વય તો યોગ્ય થએલું છે, પરંતુ હજુ કુવારા છો, તેથી મનમા લજ્જા ધરો છો એ હું જાણું છું; પણ સૂર્યદેવની કૃપાથી સર્વ રુડા વાનાં થશે; માટે કોઈ વાતની પણ ભીતિ ન ધરતા તેની આજ્ઞા માન્ય કરવારૂપ પૂજા કરો." એમ કહી દાસી આડી અવળી ખસી ગઈ, એટલે જગત્પિતા સૂર્યનારાયણ દેવે કુન્તીની સર્વ મન:કામના પૂર્ણ કરી. પછી તેના આતિથ્યથી પ્રસન્ન થઈ પ્રયાણકાળે વરદાન આપ્યું કે, "હે દેવી! મારા પ્રસાદથી તને એક મહાતેજસ્વી અને પૂર્ણ પરાક્રમી પુત્ર થશે તેં કુમારી અવસ્થામા મારી સાથે સગ કર્યો છે, છતાં પણ તારી તે અવસ્થા નષ્ટ થશે નહિ; અને તારો તે પુત્ર મારો અશ હોવાથી મહાપ્રતાપી થશે." આટલુ કહી તત્ક્ષણે શ્રીસૂર્યનારાયણ ત્યા ને ત્યા જ અતર્ધાન થઇને પોતાના લોકપ્રત્યે પધારી ગયા.

કુન્તીએ આ વાતથી, પોતાના મનને કૃતકૃત્ય માન્યું તો ખરુ પણ સૂર્યથી રહેલા ગર્ભને કેવી રીતે છૂપાવવો તથા લજ્જાનું કેવી રીતે સરક્ષણ કરવું, એ વાતની તેને મોટી ચિંતા થઈ; પણ દાસીએ સર્વ વાતની ચિંતાથી તેને મુક્ત કરવાનુ વચન આપ્યું ચતુર દાસીએ એવી યુક્તિ રચી કે જેથી દશ માસ પૂરા થતા સૂધીમા કોઇને કશો સંશય આવ્યો નહિ; તેમ બીજા કોઈ પણ મનુષ્યને કુન્તીનું મુખ દેખાવા દીધું નહિ પૂરે દશ માસે કુન્તીને પોતાના એકાન્ત મહેલમા એક મહાતેજસ્વી દિવ્ય શરીરવાળો, કુડલ તથા કવચધારી સુંદર પુત્ર પ્રસવ્યો. પુત્રને જોઈ કુન્તી અત્યત હર્ષ પામી અને તેના હ્રદયમા વાત્સલ્ય પ્રેમ ઉભરાવા માડ્યો. પોતાના ખોળામાથી બાળકને વેગળો કરવો, એ દેહમાંથી આત્માનો ત્યાગ કરવા કરતા પણ વધારે દુ:ખકારક તેને થઈ પડ્યુ. પણ શું કરે? કોઈ પણ ઇતર મનુષ્યને જાણ થતા જ, આત્મા કરતા પણ વાહલી પોતાની લજ્જાનો સમૂળ નાશ થવાના મહાભયથી તેણે તે પુત્રને અળગો કીધો. પછી પાણીમા તરી શકે તેવા આકારની પેટીમા સુવરાવ્યો, અને તે પેટી બધ કરીને વિશ્વાસુ દાસીને સોંપી અને તેને જણાવ્યું કે, આ બાળને નદીમા વહેતો મૂકી દે દાસીએ કોઇ ન જાણે તેમ તે પેટી પોતાના નગરની સમીપ વહેતી ગગા નદીમાં તરતી મૂકી દીધી. કુન્તી તો સૂર્યકૃપાથી કન્યારૂપ જ થઈ રહી અને તેણે તે સર્વ વાતને સર્વથા વિસારી દીધી.

યયાતિ રાજાના અતિ પ્રસિદ્ધ અને મહાપવિત્ર અને વંશમાં ઉત્પન્ન થયેલા સત્કર્મા નામના પ્રતાપી રાજાને અધિરથ નામનો એક સારથિ હતો. તે રથ હાંકવાની વિદ્યા ઘણી જ ઉત્તમ રીતે જાણતો હતો. ઘણીક વેળા યુદ્ધ સમયે મોટા મોટા મહારથીઓ પોતાનો રથ* હાંકવા માટે તે અધિરથને બહુ આર્જવ કરીને લઈ જતા હવા. અધિરથ પોતે મહા વીર્યવાન્ અને ધનુર્વિદ્યામા કુશળ યોધો હતો, છતા ઘણે ભાગે તે રથ જ હાંકવાનું કાર્ય કરતો હતો; માટે તેને સૂત (રથ હાકનાર–સારથિ) કહીને બોલાવતા હતા. એક દિવસે તે સૂત, "અશ્વ" નામની નદીના તીરપર સ્નાન કરી પોતાનું આહ્નિક કર્મ કરતો હતો, તેવામા નદીના પ્રવાહ ઉપર તેને છેટેથી કંઇ તરતું આવતું દેખાયું. થોડીકવાર સૂધી તો તે શું છે તે જાણવા માટે તે આતુર થઈ જોઈ રહ્યો. ક્ષણવારમા તણાતી તણાતી એક વિલક્ષણ આકારની લબવતુંલ પેટી તેની આગળ આવી, જે જોતા તેણે કિનારેથી કૂદકો મારી, વેગવાળા પ્રવાહમાંથી તે પેટીને ઝડપી લીધી. પછી કિનારે લાવીને જોયું તો તેને સારી પેઠે મજબૂત બધ કરેલી દીઠી સૂતે તે પેટીને ઘેર આણી કોઇ ચતુર કારીગર પાસે ઉઘડાવી, તો તેમા તેણે મોટુ આશ્ચર્ય જોયું. કવચકુડલાદિ દિવ્ય અલકારોવાળો એક દિવ્ય સ્વરૂપવાન, તેજસ્વી તેમ જ નાલચ્છેદન કીધા વિનાનો, તુરતનો જન્મેલો સુકુમાર બાળક દૃષ્ટિએ પડ્યો. તે પગનો અગૂઠો ધાવતો હતો, મંદમદ હસતો આનદમા પડેલો હતો. બાળકને જોઇ તેને બહુ હર્ષ થયો અને ઈશ્વરેચ્છાથી અનાયાસે જ તેની મનઃકામના પૂર્ણ થઈ, એમ તેણે માન્યું, કારણ કે હજી સૂધી તેણે પોતે પુત્ર પૌત્રાદિ કશી પણ સંતતિનુ સુખ જોયું નહતુ તુરત તે તેને પોતાની રાધા નામની પતિવ્રતા સ્રીની પાસે લઈ ગયો અને એ બાળ પોતાને પ્રાપ્ત થયું તે માટે કહેવા લાગ્યો કે, "ઈશ્વરે જ આપણને તે પુત્રભાવે અર્પણ કર્યો છે, અને એથી આપણું અપુત્રત્વ મટી ગયું; હવે આપણે પુત્રસુખ ભોગવીશું, તેથી તું એને ખૂબ સભાળથી ઉછેરજે," એમ કહી, તેને સોંપ્યો. આ બાળને નિરખી રાધાને પણ પરમાવધિ આનદ ઉત્પન્ન થયો. તે બાળકનું મુખાવલોકન કરતાં જ તે હર્ષઘેલી થઇ ગઈ પછી તેનો નાલચ્છેદન કરાવી અધિરથે જાત કર્મ સસ્કાર ઘણી ધામધુમ

* સાધારણ રથ હાકવા જેવુ જ કઇ યુદ્ધ સમયે રથ હાકવાનું કામ સુલભ નથી તે વખતે તો લડનાર યોધાઓ કરતા પણ ઉત્તમ પ્રકારનુ ચાતુર્ય રથ હાકનાર સારથિને વાપરવુ પડે છે, નહિ તો સારથિની મૂર્ખતાથી ગમે તેવો યોધો પણ સકટમા આવી પડે છે

સાથે કર્યાં નામકરણનો સમય થયો, એટલે તેનું "વસુષેણ" એવું નામ પાડ્યું. અધિરથ ને તેની પત્ની રાધા ઘણા પ્રેમથી તેનું પાલન પોષણ કરવા હતાં. તે બાળક પ્રતિદિન વૃદ્ધિગત થતો ગયો અને પોતાના માતાપિતાને બહુ આનન્દ આપવા લાગ્યો. એ પુત્રનાં રુડા પગલાના પ્રતાપે, તેની પાલક મા રાધાને એક બીજો ઔરસ પુત્ર પણ થયો, જેનું નામ પણ રાધેય હતું.

આ વસુષેણ કેટલાક કારણને લીધે કર્ણ એવે નામે પ્રખ્યાત થયો હતો પરન્તુ પય પાન કરાવીને તેનું પોષણ રાધાએ કરેલુ હોવાથી રાધેય એવે નામે પણ ક્વચિત્ તેને બોલાવવામા આવતો હતો વળી તેનો પિતા સારથિપણું કરતો હોવાથી, બીજા રાજપુત્રો તેને સૂતપુત્ર અથવા દાસીપુત્ર કહીને પણ ચીડવતા હતા. કર્ણ તથા રાધેય બન્ને વયે યોગ્ય થવાથી તેના પિતાએ તેઓને ધનુર્વિદ્યા શિખવવાનુ ધાર્યું. એ સમયમા હસ્તિનાપુરને વિષે કૌરવો તથા પાંડવોને દ્રોણાચાર્ય નામના ધનુર્વિદ્યામા અતિ કુશળ મહર્ષિ ધનુર્વિદ્યાનું અધ્યયન કરાવતા હતા હસ્તિનાપુરનુ રાજ્ય મોટુ હોવાથી ત્યા રાજપુત્રોને શિખવવાની શાળા હતી અને તેમા બીજા ઘણાક દેશના રાજપુત્રો પણ ધનુર્વિદ્યા ભણવા માટે આવતા હતા કર્ણના પાલકપિતા અધિરથે પોતાના ઔરસ તથા અનૌરસ બન્ને પુત્રોને હસ્તિનાપુરને વિષે ગુરુ દ્રોણાચાર્ય પાસે અધ્યયન કરવા મૂક્યા સઘળા રાજકુમારો જો કે એક જ ગુરુ પાસે ભણતા હતા તથાપિ તેઓ કંઈ એક સરખી જ વિદ્યા સંપાદન કરી શકતા નહોતા પાડવો આદિ બીજા ઘણાક કુમારો, જેઓ વિચક્ષણ અને ચપળ હતા તેઓ સૌ કરતા તેમા આગળ પડતા હતા અને દ્વેષીલા કૌરવો, જેમને માટે જ ખાસ કરીને ગુરુને રાખવામા આવ્યા હતા, તેઓ બિચારા ઘણે ભાગે ઢ જેવા જ હતા, કારણ કે અભ્યાસપર ચિત્ત ન દેતા આગળ પડી ચાતુર્ય દેખાડનારાઓનો દ્વેષ કરવામા જ તેઓ તત્પર હતા એ સઘળામા આપણો આ વસુષેણ (કર્ણ) બહુ જ ચાલાક નિકળ્યો પાડવોમાના અર્જુનની બરોબરી કર્ણે કરવા માડી, ને કેટલીક વાતમા તો અર્જુન કરતા પણ વધારે ચાતુર્ય દેખાડવા માડ્યુ અર્જુનપર કૌરવોનો સ્વાભાવિક જ દ્વેષ હતો, અને વળી તે સર્વ વિદ્યામાં નિપુણ થવા માડ્યો, એટલે તેઓ વધારે ઈર્ષા કરતા હતા, અને આ કર્ણ જ્યારે તેના કરતા પણ શ્રેષ્ઠ, સર્વ વિદ્યાવિશારદ જણાવા લાગ્યો, ત્યારે કૌરવોએ તેને રાજી રાખી તેની સાથે મિત્રતા કીધી, કારણ

કે, અર્જુન જેવા બળવાન્ પ્રતિપક્ષીની સામે કર્ણની સહાયતાથી પોતે ફાવી જવાને બહુ ઉત્સુક હતા. કૌરવોનો વડીલભાઈ દુર્યોધન, કર્ણની સાથે ઘાડી પ્રીતિ રાખવા લાગ્યો. ઘણીક વાતે કર્ણનો સત્કાર કરી તેને પોતાના આશ્રય તળે રાખ્યો. દિવસે દિવસે કર્ણનો પ્રતાપ, બાહુબળ અને વિદ્યા-બળને લીધે ઘણો વધતો જતો જોઈ, તેમ જ જરાસધ વગેરે મોટા રાજાઓની સાથે તેની મૈત્રી થવાથી તેનો વગ ઘણો જ વધી ગયો. તેના (કર્ણના) વગના રાજાઓ, તે, તેનુ પરાક્રમ વગેરે યુદ્ધ પ્રસગે પોતાને ઘણા ખપ લાગશે એમ ધારી, દુર્યોધને કર્ણને અગ દેશનું રાજ્ય આપીને તેનો અધિપતિ બનાવ્યો. આ તો એક સર્વસાધારણ નિયમ જ છે કે, કોઇને સામાન્ય સ્થિતિમાથી એકાએક ઉંચી સ્થિતિમા ચઢેલો જોઈ, કેટલાક ઓછી મતિવાળા દુર્જનો તેનો નિષ્કારણ દ્વેષ કરે છે એવી જ રીતે બીજા રાજાઓએ કર્ણને ઉંચેપદે પહોંચેલો જોઇને તેનો દ્વેષ કરવા માડ્યો કર્ણને અગ દેશનુ આધિપત્ય મળ્યુ હતુ ખરુ, પરતુ તે નિરતર હસ્તિનાપુરમા, દુર્યોધનની સાથે જ રહેતો હતો આ કારણથી તેનો દ્વેષ કરનારાઓ તેને (ડરતા હતા તેઓ પાછવાડે, અને સમાન હતા તે સન્મુખ રહીને) સૂતપુત્ર, દાસપુત્ર, રાધેય વગેરે હલકા વિશેષણોથી બોલાવતા અને ચીડવતા હતા. ભીમ જે સ્વભાવત ઉદ્ધત, બરંગ ને ટીખળી હતો, તે તેની સાથે વારવાર ચડભડી પડતો અને તેને દાસપુત્ર, દાસપુત્ર જ કહ્યા કરતો હતો કર્ણ પડે તેજસ્વી, શૂરવીર અને પરાક્રમી હોવા છતા, આ ટોણાથી પોતાના મનમા બહુ મુઝાતો હતો અને ભીમ જેવા તડાકીઆઓના મહેણા સાભળીને ઘણો જ ખેદ પામતો હતો. કોઇ પણ કાર્યમા આગળ પડીને કર્ણ બોલવા જતો હતો તો, "બેસ બેસ, સૂતપુત્ર! જા, જા, દાસપુત્ર! તુ તે શુ મોં લઇને રાજસભામા બોલે છે? તને તે શો અધિકાર છે? અલ્યા સૂતપુત્ર! તુ શુ રાજપુત્રની બરોબરી કરવા માગે છે કે?" એમ વારવાર કઠોર વચનો કહી, તેની પ્રતિષ્ઠાને હલકી પાડવા સર્વે મથતા હતા કર્ણ પોતે સારી રીતે જાણતો હતો કે, તે પેટીમાથી પ્રાપ્ત થયેલો સારથિનો પુત્ર છે! તેથી તે કોઇને કશુ કહી શકતો નહોતો, પણ ઉલટા મહેણા ટોણા સાભળીને તેને મનમા ને મનમા જ બળીને બેસવુ પડતુ હતુ 'અરે, શું હું દાસપુત્ર છું? અહા! મને લોકો સૂતપુત્ર કહે છે એ શું? અરે પ્રભુ! હું તે કોનો અને કોને પેટે ઉત્પન્ન થયેલો પુત્ર હોઇશ? હે હરિ! આ કલકમાથી હું કેવી રીતે

પાર ઉતરું? હે દીનદયાળ! આ મહાન્ અપવાદમાંથી તું મને મુક્ત કર, હું તારે શરણે છું,' એવી રીતે તે એકાંતસ્થળમાં વારંવાર પ્રભુની પ્રાર્થના કર્યા કરતો હતો. તે અતુલ પરાક્રમી હતો અને તેના હાથથી ઘણાં જ ચમત્કારિક અને અશક્ય કર્મો સહેલથી થતા હતા; છતાં આ વાત જ્યારે તેના અંતઃકરણમાં સ્ફુરતી હતી, ત્યારે સર્વ કાર્યોમાંથી તેનો ઉમંગ તદ્દન ભગ્ન થઈ જતો હતો. આવી રીતે તે મહાક્લેશાબ્ધિમાં ડબકાં મારતો હતો. તેનું કારણ માત્ર એ જ હતું કે, તેને પોતાના ખરા માતપિતાની, અને પોતે કેવી રીતે, ક્યાં જન્મ્યો હતો, તેની જરા જેટલી પણ ખબર નહોતી

શ્રીહરિ અંતર્યામી અને ભક્તવત્સલ છે. પોતાના ભક્તને-શરણાગતને દુઃખ પડ્યું હોય તો તેને જરાપણ સહેન પડતું નથી તે તેનું દુઃખ દૂર કરે છે ત્યારે જ જંપે છે! એવો પરાત્પર પ્રભુનો સ્વભાવ જ છે વળી પોતે તે માટે સંકટ ઉઠાવી, ભક્તનું સંકટ એવી પરોક્ષ રીતે દૂર કરે છે કે, મનુષ્યના મનને કંઈ આશ્ચર્ય માનવાનું કારણ મળે નહિ કર્ણની શરણાગતિ ધ્યાનમાં લઈ, તેનું સંકટ સહજ રીતે દૂર કરવાની પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રની ઇચ્છા થઈ. કૌરવ અને પાંડવો વચ્ચે રાજભાગ સંબંધે ઘણાક કાળથી વિગ્રહ ચાલતો આવતો હતો કૌરવો સર્વ રાજ્ય પચાવી પાડીને પાંડવોને તેમાંથી થોડો ભાગ પણ આપવાને કેવળ નારાજ હતા અને તેથી જ તેઓએ પાંડવોને દ્યૂત રમાડીને વનમાં હાંકી મૂક્યા હતા. આટલો બધો અન્યાય પાંડવોથી સહન થઈ શકતો નહોતો, માટે તેમના અંતઃકરણમાં હવે એ જ રમણ કરી રહ્યું હતું કે, યુદ્ધ કરવું, કૌરવોનો પરાજય કરવો અને રાજ્ય મેળવવું પણ પહેલાં કૌરવોને સામ ભેદ ઇત્યાદિ યુક્તિઓથી સમજાવવા, એવો વિચાર થયો, અને તેમ કરતાં તેઓ માને નહિ તો પછી દંડ દેવો આવો વિચાર ધર્મમૂર્તિ ધર્મરાજનો હતો. તેણે રાજ્યનીતિનિપુણ તથા પોતાને નિરંતર સહાય કરનારા અને લાડ લડાવનારા શ્રીકૃષ્ણચન્દ્રને હસ્તિનાપુરપ્રતિ સામ (વિષ્ટિ-સમજૂતી) કરવા સારુ મોકલ્યા. ભગવાનને તો "એક પંથ ને દો કાજ" એમ આ સમયે કર્તવ્ય પૂર્ણ કરવાનું હતું કૌરવોની સભામાં જઈ શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, ભીષ્મપિતામહ, શકુની, કર્ણ ઇત્યાદિ મહાપુરુષો, કે જેઓ સભાના પ્રમુખ નરો હતા, તે સૌના સાંભળતાં, શત ભ્રાતા સહિત દુર્યોધનને વિવિધ પ્રકારે, પાંડવો સાથે

ઐક્ય કરવા માટે સમજાવ્યો, ઘણોક ભય બતાવ્યો, છતાં તે દુષ્ટે માન્યું નહિ; અને અમે કૌરવો, પાડવો સાથે યુદ્ધ જ કરીશું, પણ પાંડવોને ભાગ આપીશું નહિ, એમ છેવટે જણાવ્યું. આથી ક્રોધ કરી શ્રીકૃષ્ણ હસ્તિનાપુરથી ઉપપ્લવ્ય ગામ જવા માટે વિદાય થયા તે વખતે ભીષ્મ-પિતામહ આદિ સર્વ શિષ્ટજનો તથા કર્ણ, દુર્યોધનાદિ કૌરવો વગેરે સૌ, ભગવાનને વળાવવા માટે તેની સાથે ગયા હતા. શહેર બહાર નિકળ્યા પછી ઘણેક દૂર સૂધી સૌ ભગવાનના રથની સાથે, તેની જોડે વાતો કરતા ગયા, કેટલેક ગયા પછી શ્રીકૃષ્ણે સૌને વિનયપૂર્વક આગ્રહથી પાછા વાળ્યા એકલા કર્ણને પાછા વળવા માટે આજ્ઞા આપી નહિ તે તેના સગમા જ ચાલતો હતો. પાછા વળનારાઓથી રથ કેટલે છેટે પડી ગયો, એટલે શ્રીકૃષ્ણે કર્ણને હાંક મારીને પાસે બોલાવ્યો અને પ્રેમ પૂર્વક રથમા બેસાડી લીધો પછી સારથિને ઘોડા ધીમે હાકવાની આજ્ઞા આપી ભગવાને કર્ણ સાથે અનેક પ્રકારના વિવેકવચનોથી વાતચિત કરવા માડી. શ્રીકૃષ્ણે કહ્યુઃ-

"હે કર્ણ! હુ જે કઈ બોલુ છુ, તે તુ સાવધપણાથી શ્રવણ કર. તું મારી સાથે શો સબધ ધરાવે છે ને તું કોનો પુત્ર છે, તેની તને ખબર છે? તને લોકો જે નામથી બોલાવે છે, જેથી તારુ અપમાન થાય છે અને જેને લીધે તુ નિરતર ખેદ જ પામતો રહે છે, તે હુ સારી પેઠે જાણું છુ પણ ભાઈ! તુ જ્યાસૂધી સત્ય વાતથી અજાણ છે, ત્યાસૂધી તારો તે કલેશ મટવાનો નથી. તેં દુર્યોધનનો આશ્રય કીધો છે અને તેથી તું પાડવો સાથે વૈરભાવથી વર્ત્તે છે, પણ વાસ્તવિક રીતે જોતા તેમ કરવું, એ તને સર્વથા અયોગ્ય જ છે તું એમ સમજે છે અને માને છે કે, તારો સબંધ-નિકટનો સબધ કૌરવોમા છે ને તેથી તુ કૌરવોનો પક્ષ કરે છે, અને પાડવો તારા શત્રુ છે એમ માની, તેઓની તું ઉપેક્ષા કરે છે! પણ તું પાડવોનો સગો ભાઈ થાય છે! અને તારો જન્મ મારી ફોઈ કુન્તાના ઉદરથી થયો છે તું તેનો જ્યેષ્ઠપુત્ર છે, એમ તુ સાભળીશ-જાણીશ ત્યારે તને આશ્ચર્ય થયા વિના રહેશે નહિ અમારુ સપૂર્ણ વૃષ્ણિકુલ તારા માતૃપક્ષનું છે, સર્વ પાડવો તારા સગા ભાઇઓ છે અને તું યુધિષ્ઠિરનો મોટો ભાઈ છે, એવું જ્યારે તેના જાણવામાં આવશે, ત્યારે તેને અપાર આનંદ થશે અને તે પોતાના સર્વ બધુસહિત તારે સેવક થશે. એટલુ જ નહિ, પણ ભીમ વગેરે તને દાસપુત્ર, સૂતપુત્ર વગેરે

કહી ચીડવે છે, તેઓ તારી ક્ષમા માગી, તને પાંડવ કહેશે ને તારું પૂજન કરશે!" એ સાભળી અદ્યાપિ પર્યંત કર્ણ, જે મહાક્લેશસાગરમા ડુબેલો હતો, તે એકાએક મહાહર્ષમા આવી ગયો અને શ્રીકૃષ્ણને પૂછવા લાગ્યો, "હે શ્રીકૃષ્ણ, આપ એ શું બોલ્યા? શું હું કુન્તાપુત્ર! અહો! તે કેવી રીતે? હે પ્રભો! કૃપા કરીને મને તે સર્વ વૃત્તાંત ઇત્થભૂત સભળાવો" પછી શ્રીકૃષ્ણે કુન્તાને પેટે કુમારી અવસ્થામા તે કેવી રીતે પ્રગટયો હતો, અને અધિરથને હાથે કેવી રીતે આવ્યો હતો, એ વગેરે સર્વ ગુપ્ત વૃત્તાત તેને યથાર્થ રીતે કહ્યો; અને પછી કહ્યુ, "હે કર્ણ! હવે તું તારા મનને નિશ્ચિન્તપણે શાન્ત કર તને લોકો રાધેય કહે છે, પણ તું રાધેય નથી, કૌન્તેય જ છે. તને સૂતપુત્ર કહેનારાઓના મ્હોમા ધૂળ છે, તું સૂતપુત્ર નહિ, પણ સૂર્યપુત્ર છે!" પોતાના જન્મનુ સર્વ પૂર્વ વૃત્તાત સાભળી, કર્ણનો સર્વ શોક મટી ગયો ને તે આનદસાગરમા તરવા લાગ્યો પછી તે પાડવોનો ભ્રાતા અને કુન્તીપુત્ર છે, માટે તેઓનેજ અનુસરવુ જોઈએ, એવી શ્રીકૃષ્ણની સમજણ સ્વીકારી, પરતુ અધિરથ અને રાધાએ પોતાનું પાલન કર્યુ છે અને દુર્યોધને તેને મોટો બનાવ્યો છે-રાજા બનાવ્યો છે, માટે તેની જ સેવા કરવી, એ પોતે યોગ્ય ગણ્યુ દુર્યોધનને જ સાહાય્ય કરવુ અને તેના જ આશ્રયમા રહેવું, એમ પોતે ઘણા કાળથી વચનથી બધાઈ ચૂકેલો છે, માટે હવે તેથી ફરી જવુ, એ સજ્જન ને ક્ષત્રિયનુ લક્ષણ નથી, માટે કોટિ ઉપાયે પોતાનાથી પાડવોના પક્ષમા જઈ શકાશે નહિ, વગેરે બાબતોથી શ્રીકૃષ્ણનુ સમાધાન કરી, તેને દડવત્નમસ્કાર કરીને, તેનાથી જૂદો પડ્યો કેટલાક સમય પછી કુરુક્ષેત્ર વિષે કૌરવ પાડવના યુદ્ધમાં તે, નારાયણ સારથિ છે જેના, એવા નર (અર્જુન)ને હાથે મરણ પામ્યો હતો

હે વત્સ! (ગુરુ શિષ્યને કહે છે) આ ઇતિહાસપરથી અજ્ઞાનથી ઘેરાવાને લીધે, તારા સમજવામા સ્પષ્ટ આવ્યુ હશે કે, આત્મા બ્રહ્મરૂપ જ છે. છતા પોતાને જીવરૂપ માનવાને લીધે નાના પ્રકારના કલેશ ભોગવે છે; પણ જ્યારે તે ભ્રમનો નાશ થાય છે ત્યારે તે ભ્રમરહિત બની, જાણે છે કે હુ દેહ નથી, હુ પુરુષ અથવા તો સ્ત્રી નથી, તેમ હું દશ ઇન્દ્રિયરૂપ નથી, પરતુ હું ગુણરહિત સત્-ચિત્ અને આનન્દમય પરમ પરમાત્મા-બ્રહ્મરૂપ છુ જેમ કર્ણ, હું રાધેય છુ, દાસપુત્ર છુ, સૂતપુત્ર છુ, એમ જાણી મહાકલેશ ભોગવતો હતો, પણ તેને શ્રીકૃષ્ણે તેની ઉત્પત્તિ કેવી રીતે

થઈ, તેનો ઇતિહાસ કહ્યો, ત્યારે તેના મનનો નિશ્ચય થયો કે, હું દાસપુત્ર નથી, તેમ સારથિપુત્ર પણ નથી, પણ હું તો કુન્તાપુત્ર ને પાંડવનો સહોદર છુ. આમ જ્ઞાન થવાથી તેની કલેશવૃત્તિ શાન્ત થઈ ગઈ, ને તે સર્વ કલેશમાંથી મુક્ત થયો તેમ પુરુષ જ્યારે પોતાના સત્ય સ્વરૂપને જાણે છે ત્યારે ત દેહાદિક ઉપાધિમા રહ્યા છતા પણ પોતાને તેનાથી ભિન્ન માને છે અને તેની વૃત્તિ ફેરવાઈ શિવ (બ્રહ્મ)-મય બની જાય છે ને તે જીવનમુક્તપણાનું સુખ ભોગવે છે. જીવ પોતે જ બ્રહ્મ છે. સ્વસ્વરૂપના જ્ઞાન વગર માણસ, આ દેહ અને તેના સબંધીને પોતાના માને છે, અને તેથી ક્લેશ ભોગવે છે. પણ સ્વસ્વરૂપનુ જ્ઞાન થતા, જેમ કર્ણને આનદ થયો હતો, તેમ માણસને પણ થાય છે આ વિસ્તીર્ણ જગત્ જ બ્રહ્મ છે, બ્રહ્મનું અશી છે, પણ જ્યાં સૂધી પુરુષ આ દેહને ભજે છે અને પરમ પુરુષ–પુરુષોત્તમ–પ્રાણીમાત્રના યત્રીના સ્વરૂપમાંજ લીન થતો નથી, ત્યા સૂધી તે ક્લેશને પામે છે અને જન્મ મરણાદિક વ્યાધિગ્રસ્ત રહે છે પરન્તુ જ્યારે તે સ્વસ્વરૂપને અને પરમ નિત્ય મુક્ત અજર અમર એવા અવિનાશી ચૈતન્યમય વિશ્વાધાર વિશ્વવ્યાપકના સ્વરૂપને જાણે છે, તેનો ને પોતાનો શો સબધ છે તે સર્વાશે જાણે છે. ત્યારે સર્વ કલેશથી મુક્ત થઈ અર્થાત પોતાના દેહાદિક સ્વરૂપમા આરોપિત કરેલી–ના, રે થઈ ગયેલી–આભાસરૂપ વસ્તુનુ નિરાકરણ કરે છે, ત્યારે તે પૂર્ણ અદ્વય ને ક્રિયા-રહિત પરબ્રહ્મમય જ થઈ રહે છે.

इति श्रीनन्दनन्दनपादारविंदमिलिंदेन देशाईकुलोत्पन्नेन सूर्यरामसुतेन इच्छारामेण विरचिते
चन्द्रकान्ते तत्त्वज्ञानपूर्वकसत्सारोद्धारपुरुषार्थनामा प्रथम प्रवाह

ધ્વનિ : પ્રથમ પ્રવાહ

चन्द्रकान्त

द्वितीय प्रवाह—चैतन्य

चन्द्रोदय

उत्तिष्ठत, जागृत, प्राप्य वरान्निबोधत।
क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गम्पथस्तत्कवयो वदन्ति ॥

અજ્ઞાનરૂપી નિદ્રામાથી ઉઠીને આત્મજ્ઞાનના અભિમુખ થાવ' અને મહાત્માઓની પાસે જઇને આત્મસ્વરૂપને જાણો।' કારણ કે તીક્ષ્ણ, દુર્ગમ અને દુરત્યય એવી છરીની ધારા જેવો જ્ઞાનમાર્ગ પણ તીક્ષ્ણ, દુર્ગમ અને દુરત્યય છે, એમ સર્વજ્ઞ મુનિઓ કહે છે

अनपेक्षितगुरुवचना सर्वान्ग्रथीन्विभेदयति सम्यक् ।
प्रकटयति पररहस्य विमर्शशक्तिर्निजा जयति ॥

ગુરુના વચનની અપેક્ષા નહિ રાખનારી, સર્વ ગ્રથિઓનુ સારી રીતે ભેદન કરનારી, એવી પોતાની જે વિચારશક્તિ પરમ રહસ્યને પ્રકટ કરે છે, તે વિજયવતી હો।

वय येभ्यो जाताश्चिरतरगता एव खलु ते ।
सम यै सवृद्धा स्मरणपदवीं तेऽपि गमिता ॥
इदानीमेते स्म प्रतिदिवसमासन्नपतना
गतास्तुल्यावस्था सिकतिलनदीतीरतरुभि ॥

અમે જેમનાથી જન્મ્યા હતા, તેઓ તો ક્યારનાએ પરલોકમા સીધાવ્યા અને જેઓની સાથે અમે ઉછરીને મોટા થયા હતા તેઓ પણ પરલોકમા ગયા, તથા હમણા પ્રત્યેક દિવસે પડુ પડુ થઇ રહેલા એવા જે અમે, તેઓની અવસ્થા પણ રેતીવાળી નદીના તીર ઉપર ઉગેલા વૃક્ષોના જેવી થયેલી છે

शान्ता महान्तो निवसन्ति सन्तो वसन्तवल्लोकहितं चरन्त ।
तीर्णा स्वय भीमभवार्णव जना न हेतुनान्यानपि तारयन्तः ॥

શાન્ત, મહાન્, વસન્તપેરે લોકોનુ હિત કરનારા, ભયકર ભવસાગરમાથી જાતે તરેલા અને કેવળ કરુણાથી બીજાને પણ ભવસાગરમાથી તારનારા સન્તપુરુષો જગતમા વસે છે.

शरीर सुरूपं ततो वै कलत्रं यशश्चापि चित्र धनं मेरुतुल्यम् ।
मनश्चेन्न लग्नं हरेरङ्घ्रिपद्मे तत किं तत किं तत किं तत किम् ॥

સુંદર રૂપવાળું શરીર, સુંદર સ્રી, ઉત્તમ યશ તથા અનેક જાતનું મેરુ સમાન ધન હોય, તો પણ જો શ્રીરામના ચરણકમળમા મન લાગ્યુ ન હોય તો તે બધાથી શું છે? શું છે? શું છે? શું છે?

कदा वृन्दारण्ये विमलयमुनातीरपुलिने
चरन्त गोविंद हलधरसुदामादिसहितम् ।
अये कृष्ण स्वामिन्मधुरमुरलीवादन विभो
प्रसीदेत्याक्रोशन्निमिषमिव नेष्यामि दिवसान् ॥

યમુનાના નિર્મળ અને વિશાળ તીરઉપર બળદેવ અને સુદામા આદિની સાથે વિહાર કરતા શ્રીકૃષ્ણ ભગવાનને, હે શ્રી કૃષ્ણ' હે સ્વામિન્' હે મધુર મુરલીને વગાડનારા વિભો' મારા ઉપર પ્રસન્ન થાઓ, આમ સંબોધન કરત । કરતા વૃંદાવનમા મારા દિવસોને મટકુ મારવા માત્રમા ક્યારે હુ ગાળી કાઢીશ?

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञ स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरय ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहक सत्य पर धीमहि ॥ १ ॥

જે પરમેશ્વરથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય થાય છે, જે પરમેશ્વર ઘડામા કારણરૂપ, જેમ માટી વ્યાપી રહેલી છે તેમ, કાર્યરૂપ આ પ્રપચમા કારણરૂપે વ્યાપી રહેલા છે તથા જે મિથ્યાકાર્યથી જૂદા છે, જે પરમેશ્વર જ્ઞાનરૂપ અને સ્વયપ્રકાશ છે તથા મોટામોટા પડિતો પણ જે વેદનું રહસ્ય જાણુવાને મુઝાય છે, તે વેદનો પરમાત્માએ આદિકવિ બ્રહ્માને ઉપદેશ કર્યો હતો, વળી સૂર્યના કિરણોથી જેમ ઝાઝવામા જળની ભ્રાતિ થાય છે, પણ તે ખરી નથી, તથાપિ સૂર્યના કિરણોની સત્તાથી સત્ય ભાસે છે, સ્થિર પાણીમા ભ્રાતિથી જેમ આ કાચ છે, આવુ ભાન થાય છે, તે સત્ય નથી, તથાપિ પાણીની સત્તાથી સત્ય ભાસે છે, અને કાચમા જેમ ભ્રાતિથી આ પાણી છે, એવુ ભાન થાય છે, પણ તે સત્ય નથી, છતા કાચની સત્તાથી સત્ય ભાસે છે, તેમ અધિષ્ઠાનરૂપ જે પરમાત્મામા તમોગુણના કાર્યરૂપ પચમહાભૂતની સૃષ્ટિ, રજોગુણના કાર્યરૂપ ઇન્દ્રિયોની સૃષ્ટિ અને સત્વગુણના કાર્યરૂપ દેવતાઓની સૃષ્ટિ કલ્પિત અને અસત્ય છે, તથાપિ પરમાત્માની સત્તાથી સત્ય જેવી ભાસે છે, અને જેણે પોતાના જ્ઞાનરૂપી પ્રકાશથી માયાનો નાશ કર્યો છે, એવા સત્ય પરમાત્માનુ અમે ધ્યાન ધરીએ છીએ

चन्द्रकान्त

द्वितीय प्रवाह—चैतन्य

પીઠિકા

तत्त्वमस्यादिवाक्योत्थं यज्जीवपरमात्मनो ।
तादात्म्यविषयं ज्ञानं तदिदं मुक्तिसाधनम् ॥

અર્થ—तत्त्वमसि આદિ મહાવાક્યના શ્રવણથી થયેલુ, જીવાત્મા પરમાત્માનું તાદાત્મ્ય વિષયનુ જ્ઞાન, એજ મુક્તિનુ સાધન છે

પૂર્વકાળમા દૃઢદુર્ગા નામની અતિ રમણીય નગરી હતી. તેમા યજ્ઞભૂ નામનો મહાપ્રતાપી અને ધર્મશીલ રાજા રાજ્ય કરતો હતો તે રાજા ક્ષત્રિયના સર્વ ધર્મોથી પરિપૂર્ણ હતો. વંશપરપરાથી તેનુ રાજ્ય એક સરખી રીતે પ્રતિદિન વૃદ્ધિગત થતુ ચાલ્યું આવતું હતુ તેનો રાજ્યાસનપર અભિષેક થયા પછી, તેણે બીજા અનેક રાજાઓને જિતી સ્વરાજ્યને મોટા વિસ્તારવાળુ કીધું હતુ વળી એકી વખતે સૌ રાજાઓને તેણે જિતેલા અને ઉત્તરોત્તર બીજાં પણ ઘણાક અદ્ભુત પરાક્રમો કરેલા હોવાથી, તેની સામે ચૂ કે ચાં કરવાની કોઈ રાજાની હિમ્મત ચાલતી નહોતી. તેનુ રાજ્ય કેવળ નિષ્કટક હતું અને પ્રજા પરમ શાન્તિનું સુખ ભોગવતી હતી. તે સર્વ વાતે નિરતર સુખી રહેતી હતી. કોઈ પણ વાતની અનીતિ નહોતી ચોર, લુટારા, દગાખોર, ચાડીઆ, પાપી, હરામી, અધર્મી એવા કોઈ પાપાત્માનુ નામ પણ એના રાજ્યમા નહોતું યજ્ઞભૂ પોતાની પ્રજાને સતતિ જ જાણતો હતો. તે તેનું રુડી રીતે પાલન કરતો હતો. યજ્ઞભૂ જેવો પરાક્રમી અને વિદ્વાન્ હતો, તેવો જ સત્યશીલ અને મળતાવડો પણ હતો તેને સૌ કરતાં તત્ત્વજ્ઞાન ઉપર પરમ પ્રીતિ હતી. તે વળી શ્રેષ્ઠપક્તિનો રસિક પુરુષ પણ હતો. તે ઘણીક વેળા નાના પ્રકારના

વિલાસોમાં મગ્ન થયેલો જોવામા આવતો હતો! તથાપિ વિલાસો ભોગવવામા બીજા પશુ સમાન એકેન્દ્રિયજ્ઞાનવાળા વિષયી પુરુષોની માફક, વિષયની લહઝત જ લેયા કરવી અને તેમા લેહલીન થઈ જવું, એ વૃત્તિથી તે વિમુખ હતો. આમ વર્તવામા તેનો ઘણો જ ઊંડો હેતુ સમાયલો હતો કોઈ કોઈ વાતમા તો સાધારણ જનોને તેની પ્રકૃતિ એવી વિલક્ષણ પ્રકારની જણાઈ આવતી કે, પ્રસગોપાત્ત તેઓ યજ્ઞભૂ ગાડો વા ભ્રમિષ્ઠ છે, એમ કહી તેને અલ્પજ્ઞ જણાવતા હતા! પરતુ તે જ્યારે ન્યાયની તુલના કરવા રાજ્યાસનપર વિરાજતો ત્યારે તેની અદ્ભુત તુલનાશક્તિ અને ન્યાયપરાયણવૃત્તિ જોઈને, લોકોને સાનંદાશ્ચર્ય થયા વિના રહેતું નહિ દાન કરવામા તે કર્ણની કીર્તિનુ ઉલ્લઘન કરતો હતો, ધર્મની આજ્ઞા પાળવામા મહાત્મા રામથી શ્રેષ્ઠ હતો, સત્યમા સાક્ષાત્ હરિશ્ચન્દ્ર હતો, ન્યાયમા ધર્મરાજા હતો, જ્ઞાનમા શકરતુલ્ય હતો જ્ઞાન ધર્મ કે વ્યવહારના પ્રત્યેક કાર્યમા તે પાત્રાપાત્રનો સારી પેઠે વિચાર કરતો હોય, એમ સૂક્ષ્મદૃષ્ટિએ જોનારાને પ્રત્યક્ષ માલમ પડતુ હતુ, છતા તે કોઈ વેળા કર્મ તથા ઉપાસના બન્નેને એક બાજુપર મૂકી દઈ, પરમ નાસ્તિક સરખો શઠ પણ દેખાતો હતો! કદી વિષયોથી રાજી થતો, કદી વિષયોથી બહુ કટાળતો, કદી અહકારમય ને કદી અહકાર રહિત બની જતો, કદી નિર્ભય ને કદી સભય દેખાતો, કદી અખડઆનદરસમા તૃપ્ત, તો કદી ખેદમા ડૂબેલો દૃષ્ટિએ પડતો હતો તે કદી એકલો ફરતો, તો કદી સર્વ સપત્તિથી ભરેલો ફરતો હતો. તે કદી મૂઢ, કદી મૌનવ્રતધારી, કદી સમદૃષ્ટિ, કદી વિષમદૃષ્ટિ, કદી દેહધારી ને કદી દેહ વગરનો બની વિચરતો હતો ખરી રીતે તેના પોતામા કઈ જ ન હતું તેને પ્રિય અપ્રિય, સુખદુ:ખ, આનદશોક, મોહમદ, એમાનુ કઈ પણ સ્પર્શ કરતુ નહોતુ. એનો સર્વ વાતનો હેતુ ઘણો જ ગૂઢ હોવાથી તે હેતુ માત્ર કોઈ મહાત્મા જનોના જ જાણવામા આવી શક્તો હતો. ખરી રીતે વર્ણવવા ચાહીએ તો આપણે તેને બીજો જનક વિદેહી જ કહેવો પડે.

આ યજ્ઞભૂ જે જે સાસારિક વ્યાપાર કરતો, તે સઘળા માત્ર બહાર દેખાડવાના જ હતા તેની સત્ય નિત્ય પ્રીતિ માત્ર એક જ વસ્તુપર સ્થિર હતી તે સાચો બ્રહ્મૈવ જ હતો તે પરમપુરુષના પરમરહસ્યનો પરમજ્ઞાતા હતો બીજા રાજાઓની પેઠે તેને કંઈ દશ કે સો સો સ્ત્રીઓ નહોતી તે માત્ર એક જ, અને વળી પોતાને પૂરેપૂરી સાનુકૂલ ભાગ્યવતી ભાર્યા

સાથે પરણ્યો હતો. સ્ત્રી સાનુકૂલ હોય, તે કંઈ માત્ર સંસારકાર્યમાં જ સુખરૂપ થઈ પડે છે એમ નથી, પણ તે તો પારમાર્થિક કાર્યમાં પણ એક બુદ્ધિમાન્ સહાયક થઈ પડે છે આ રાજાને પેટે કશી સંતતિ ન હતી છતાં તે વાતની તેની સ્ત્રીને જાણે અપેક્ષા જ ન હોય, તેમ તે સદા આનંદમસ્ત રહેતી હતી દૈવેચ્છાથી તેના અદ્વૈતભાવની કસોટી કસવા માટે જ કેટલેક કાળે રાણીને ગર્ભ રહ્યો. પૂર્ણ દશ માસ થતા એક ઘણા જ સુંદર પુત્રને રાણીએ જન્મ આપ્યો ઘણાક દિવસથી અપુત્ર છતા આજે રાજાને પુત્ર થયો, તેથી સર્વ પ્રજામડળમા જયજયકાર અને આનદ ઉત્સવ વર્તાઈ રહ્યો. જ્યા જોઈએ ત્યા મગળમય ચિહ્નો જણાવા લાગ્યા પરન્તુ યજ્ઞભૂને તો તે નહોતો તોય શું, અને થયો તેથી પણ શુ? એમ હર્ષે નહિ ને શોકે નહિ, તેમ હતું. તે એવા પ્રકારે પુત્ર સબધમા, પ્રિયા સબંધમા, પ્રજા સબધમા–આ સમયે વર્ત્યો કે, તેથી પ્રધાનમંડળમા અદ્ભુતાશ્ચર્ય ઉત્પન્ન થયુ મત્રીઓ વગેરેના કહેવાથી મોટા સમારભ સાથે પુત્રને જાતકર્માદિ સર્વ સસ્કારો કરીને તેને રૂડી પેરે સસ્કૃત કીધો

હવે રાજકુવર એટલો બધો ફુટડો હતો કે, તેની કાતિને માટે દેશ-દેશાંતરોમા પ્રશસા થઈ રહી. વયે આવતા પરાક્રમમા પણ તે પોતાના પિતા જેવો જ અત્યન્ત શૂરવીર જણાયો રાજાએ પોતાને ઘેર ખાસ કરીને તેને જ માટે, અશ્વારોહણ, રથારોહણ, ગજારોહણ વગેરે વિષયોનું જ્ઞાન થવા માટે તે તે વિદ્યામા નિપુણ ગુરુઓ રાખી, તેને સર્વ વાતે કુશળ કીધો. ધનુર્વિદ્યા પણ બહુ જ શ્રમ સાથે તેને શિખવવામા આવી થોડાક વર્ષોમા તે ચાર વેદ, ધનુર્વેદ, છ શાસ્ત્ર, રાજનીતિ શાસ્ત્ર અને અન્ય સર્વ કલાકૌશલ્યમા નિપુણ થયો. મોટા પ્રતાપી રાજાનો કુવર ને વળી રૂપગુણાદિકથી સપન્ન, એટલે તેના રાજના તાબાના બીજા અનેક રાજાઓ, પોતાની પુત્રી તે પાટવીકુવરને આપવા માટે વારવાર કહેવડાવવા લાગ્યા, પરતુ યજ્ઞભૂ તે સર્વ રાજાઓના માગા પાછા વાળતો હતો. આમ છતે દીકરે આવતી વહુ કીયા સસારીને ન ગમે? અને તે પણ વળી માન સાથે આપવામા આવે ત્યારે કોણ ના કહે? પણ આ વિવાહ ન થવા દેવામા યજ્ઞભૂનો હેતુ જૂદો જ હતો વખત વીતતા કુંવરની ઉમર પણ વિવાહ કરવા યોગ્ય થઈ તેની મા અને યજ્ઞભૂના મત્રી વગેરે સૌએ રાજાને વારવાર એ સબધે કહેવા માડ્યુ "મહારાજ! હવે કુવરજીને પરણાવો!" પરતુ રાજા તે કોઇનો એક શબ્દ પણ સાભળતો નહિ "આપણે આપણા કુળના

મોભા પ્રમાણે કુંવરને હવે કુંવારો રાખવો જોઇતો નથી. આપણા શત્રુઓ એથી રાજી થશે અને પછવાડે એમ કહેવા પણ ચૂકશે નહિ કે, યજ્ઞભૂના કુળને કન્યા મળતી નથી! માટે હવે તો આપે કુવરના લગ્નને માટે તૈયારી કરવી જોઇએ હજારો ઠેકાણેથી કુવરના માગા આવે છે, તો પણ આપ શા માટે હવે તે પાછા વાળો છો?" આ પ્રમાણે તેને ઘણુંએ કહેવામા આવ્યું, પરતુ તેણે કઇ જ સાભળ્યુ નહિ. રાજાનો આવો દુરાગ્રહ જોઇને સૌ ચકિત થયા.

એ રાજાનો એક પરમ વિશ્વાસુ અને પ્રેમપાત્ર મત્રી હતો. તેણે આ સબંધે રાજા સાથે એકાન્તમા વાતચિત કરવાનો વિચાર કીધો. તેને ઘણા દિવસનો અનુભવ હોવાથી તે જાણુતો હતો કે, રાજા જ્યારે જ્યારે આવી હઠ લઈ બેસે છે, ત્યારે ત્યારે તેનો વિચાર કઈ હેતુયુક્ત હોય છે, પણ તે શું છે, એ જાણવુ જોઇએ એક દિવસે સ્નાન સધ્યાદિ કર્મ કરીને રાજા તૈયાર થતો હતો, તે સધિ સાધીને પ્રધાન તેની પાસે ગયો તુરત રથમા બેસી, માત્ર તે બે જણા જ નગર બહાર આવેલા એક સુદર ઉદ્યાનમા હવા ખાવા નિમિત્તે ગયા વાટિકામા અનેક પ્રકારના પુષ્પોનો પરિમલ લેતા, કુજલતામા ફરતા ફરતા, એક બેઠક આવી ત્યા બન્ને બેઠા તેઓ અનેક પ્રકારની વાતો કરતા હતા, તેવામા જ્યારે પ્રધાનને લાગ્યું કે, રાજા હમણા આનન્દમા છે, ત્યારે તેણે તે સધિ સાધીને કુવરના વિવાહની વાત છેડી મત્રીએ ઘણી નમ્રતાથી રાજાને પૂછ્યુ, "હે રાજન્! આપને હું એક વાત પૂછવા ઈચ્છુ છુ, જો આજ્ઞા હોય તો પૂછુ" રાજાએ તે સાભળવાની ઈચ્છા દર્શાવી, એટલે તેણે કહ્યુ, "મહારાજ! આપણા કુવરજી હવે પૂર યુવાવસ્થામા આવ્યા છે, અને બહારના રાજ્યોમાથી તેમને પોતાની કન્યાઓ અર્પણ કરવા માટે ઘણાક રાજાઓએ આપની મરજી પૂછાવી છે, તો હવે આપ શા માટે તેને પરણાવવાની ઇચ્છા કરતા નથી? હુ જાણુ છુ કે, આ વાતમા આપનો કંઈ ગૂઢ હેતુ હશે, જો તેમ હોય તો કૃપા કરી આ દાસને કહો કે એમા શુ કારણ છે?" રાજાએ કહ્યુ, "હે સુજ્ઞ સચિવ! એ સબધે તું ધારે છે તેમ જ છે, અને તેથી હું તે હેતુ કોઇને જણાવવા ઇચ્છતો નથી. પણ તુ મને અતિપ્રિય અને મારા વિશ્વાસનુ પાત્ર છે, તેથી જ માત્ર તને કહું છુ, તે લક્ષપૂર્વક સાભળ. આ દેહનો ગણાતો પુત્ર વિલાસચક્ષુ (એ રાજકુવરનુ નામ હતુ), જો કે તમારી સૌની દૃષ્ટિએ યુવાન અને વિવાહયોગ્ય થયેલો જણાય છે, પરતુ હું તેને મરણના

મુખમા પેસતો જોઉં છું! એ હવે થોડા માસમાં મૃત્યુને આધીન થશે! હે બુદ્ધિમાન્! તું વિચાર કર કે, આવું સુદૃઢપણે જાણ્યા પછી, કોઈ પણ રાજાની સુકોમલ, કુંટડી અને સૌન્દર્યવતી કન્યાને હું એની સાથે પરણાવીને જન્મપર્યન્ત વૈધવ્ય દુ:ખના ઉંડા કૂપમા કેમ હડસેલી પાડું?" પ્રધાન બોલ્યો, "હરિ! હરિ! રામ! રામ! આપ એ શું બોલો છો? રંભાવૃક્ષના ગર્ભ સમાન, કોમળ ચપાની પાખડી સમાન વર્ણવાળો સુકુમાર રાજકુવર વિલાસચક્ષુ, શું મરણોન્મુખ છે? આપે એ શાથી જાણ્યુ? એ મરણ કેવી રીતે તથા ક્યારે થશે?" એ પ્રમાણે આતુરતાથી પ્રધાને પૂછ્યું, ત્યારે બ્રહ્મતેજવાળા યજ્ઞભૂએ કહ્યું, "હે વિશાલકેતુ! (એ તે સચિવનું નામાભિધાન હતું) આજ પછી છ માસે એ કુવર, મારા શત્રુની સામે યુદ્ધ કરવા, તેની કાલશક્તિના પ્રહારથી મરણ પામશે. પરતુ તેના મરણથી તે પોતાની પછવાડે મોટો યશ પ્રવર્તાવતો જશે. એ મહાયુદ્ધ, એને ગોરક્ષા માટે કરવું પડશે!" વિશાલકેતુ બોલ્યો, "ત્યારે આપણે હરકોઈ રીતે તેને યુદ્ધમા જતો અટકાવીશું, કેમકે એ બહાને જ એનું મરણ છે તો યુદ્ધમા એને ન મોકલતા,' આપણે જઈશું ને એનું મરણ નિવારીશું પ્રાકૃત મનુષ્યના આયુષ્યનો જે ક્ષય થાય છે, તે તો તે બિચારા અજ્ઞાત હોવાથી જાણતા નથી કે આપણે ક્યારે મરીશુ તેથી સાવધ થતા ન હોવાથી થાય છે, પણ જો સાવધ રહી મરણવેળા સભાળવા-ચૂકાવવામા આવે તો 'અણી ચૂક્યો સો વર્ષ જીવે,' તેની પેરે જરૂર તો એ મરણથી બચે' એમ મારુ માનવુ છે. માટે આપ કુવરના લગ્નને માટે તૈયારી કરો, અને મરણની કશી ધાસ્તી રાખો નહિ" યજ્ઞભૂએ કહ્યુ, "હે વિશાલકેતુ! તુ કહે છે કે, આપણે એનુ મરણ ચૂકાવીશું, એ શું મૂર્ખતા નથી? નિર્માણ થયેલુ ભાગ્ય શુ બ્રહ્મા પણ ફેરવવા સમર્થ છે ખરો? તું કહે છે કે, એનુ મરણ ચૂકાવીશું તો તે ટાકણું જશે, ત્યાર પછી વિવાહ અને લગ્ન બધુએ સાથે જ કરીશુ. એનું મરણ ટાળવા માટે જેટલી થાય તેટલી હોંશિયારીથી પેરવી કરજે. એનુ મરણ કેવી રીતે થશે, તે જાણવાની ઇચ્છા હોય તો હું કહું છું, તેપર લક્ષ આપ. આવતી વિજયાદશમીને દિવસે આપણા સૈન્યને શણગારીને સ્વારીએ ચઢીશું, તે વેળા આખા નગરમા કોઈ વીરપુરુષ રહેશે નહિ. આ લાગ સાધીને, આપણો શત્રુ યવન રાજા, આપણી ગોશાળામા આવી ગાયોનું હરણ કરશે. તે વખતે, ગાયોને પાછી વાળવા જતા, વિલાસચક્ષુ મરણ પામશે!

આ સિદ્ધ જ છે, નિર્માણ જ છે. તથાપિ બુદ્ધિમાને નિયતિનો આશ્રય કરી, પુરુષાર્થનો ત્યાગ કરવો નહિ; કેમકે નિયતિ પણ પુરુષાર્થરૂપે જ નિયામક થાય છે એવું વચન છે તેથી, અને નિર્માણ છે તે ફરવાનુ નથી તેટલું છતા, પુરુષાર્થનુ બળ શું છે ને નિર્માણનું બળ કેવુ છે, તે પણ તું જોજે! આ સસારસાગરમાથી તરવા માટે પણ પુરુષાર્થ જ પ્રયોજાયલો છે, ને તે વડે જ સર્વ પરમ ફળ સર્વદા સિદ્ધ થઈ શકે છે, તો વ્યવહારમા આ પુરુષાર્થ કેટલે અશે ફલીભૂત થાય છે, તે જાણવા માટે તારી ઈચ્છા છે તો તે ઇચ્છા પણ એથી તૃપ્ત થશે."

રાજા તો જાણતો જ હતો કે, ભવિષ્ય કોટી ઉપાયે પણ ટાળ્યું ટળવાનુ નથી, તેથી તે તો સર્વ વાતે નિશ્ચિંત જ થઇને બેઠો હતો. પણ સચિવ વિશાલકેતુએ, કુવરનુ મરણ ટાળવાના ઉપાય પ્રયોજવા માડ્યા એક પછી એક દિવસ જતા વિજયાદશમી આવી. એ દિવસ સૂધી યવન રાજાની નગરપર ચઢી આવવાની કશી પણ નિશાની જણાઈ નહિ. તથાપિ એ દિવસ પૂર્વે ગાયોની રક્ષા કરવા માટે પોતાના સર્વથી વધારે બળવાન્ ઘોડેસ્વારવાળુ લશ્કર અને ઘણીક તોપો, ગોશાળાની આસપાસ ગોઠવીને પૂરેપૂરો બદોબસ્ત કીધો, અને દશરાના પ્રભાતના, તે સેનાને જણાવ્યુ કે, આજે સ્વારી ચઢે, તે વેળાએ એકાએક યવનનું લશ્કર ગાયોનુ હરણ કરવા માટે આવશે, માટે તેનો તે હેતુ કોઈ પણ વાતે સિદ્ધ ન થવા દેવા, તમે મરણાત સૂધી એક પણ ગાયનુ હરણ થવા દેશો નહિ આ પ્રમાણે સર્વ વ્યવસ્થા કરી રહ્યા પછી, પાછલા પહોરના, હાથી, રથ, ઘોડા અને પાયદળવાળુ બાકીનુ ચતુરગ સૈન્ય શણગાર્યું. પ્રધાન, રાજા તથા રાજકુવર સહિત, સૈન્યસ્વારીએ પૂર્વ દિશાના ઉપવનમા શમીપૂજન કરવા જવાની તૈયારી કીધી મોટી ધામધૂમથી સર્વે સજ્જ થયા. હાથીઓપર સોનાની હીરાજડિત અબાડીઓ આવી રહી છે, તેઓના ગળામા સોનાની સાકળીએ બાધેલા મોટા ઘટના રણકાર થઈ રહ્યા છે, સુવર્ણના શણગારો અને જરીની ઝુલોથી હૃષ્ટપુષ્ટ હાથીઓ અત્યત શોભી રહ્યા છે, ઘોડાઓને પણ શણગારવામા આજે કશી કચ્ચાસ રાખેલી નથી મોઘા મૂલના રત્નોથી જડેલો ઉત્તમ સાજ તેઓપર આવી રહ્યો છે, માણેક અને પન્નાની તેજસ્વી માળાઓ તેઓના ગળામા ઝુલી રહી છે, રત્નજડિત લગામો લટકેલી છે, હીરાજડિત સોનાના ઝાઝરો તેઓના પગમા ઝણકારા કરી રહ્યા છે કુકુમ, કેસર, અબીલ, ગુલાલ, પુષ્પની માળા તથા

ગુચ્છાદાર છોગા, કલગી અને ગજરાઓથી તેઓને ફક્કડ રીતે શણગારી મૂક્યા છે. તેમ જ તેઓની ઉપર સ્વારી કરનારા વીર પુરુષોની શોભાનો પણ વર્ણવ્યે પાર આવે તેમ નથી. છત્રીસે હથિયારો બાંધી, સોનાની અને રૂપાની ઝળકીવાળા રત્નજડિત બખ્તરો, મસ્તકપર સુશોભિત ટોપો, કેસર ચંદનાદિનાં તિલક અને ગળામાં સુગંધી પુષ્પની માળાઓ, કાંડામાં પુષ્પના ગજરા તથા શિરપેચપર મોતીના કે ગુચ્છાદાર પુષ્પોના તુર્રાઓ વગેરેથી સર્વ યોદ્ધાઓ દેદીપ્યમાન થઈ રહ્યા છે. પાયદળ સેનાની શોભા પણ સારી રીતે દીપી રહી છે. વળી સુવર્ણના સાજવાળા ચાર ચાર અશ્વો જોડેલા છે, એવા સુવર્ણના અનેક રથોમાં બેઠેલા સમર્થ સુભટો સૌને ચકિત જ કરી નાખે છે સૌથી ઉત્તમ શણગારેલા ભદ્ર જાતના શ્રેષ્ઠ ગજરાજપર, સુવર્ણ અંબાડીમા મહારાજાધિરાજ યજ્ઞભૂ વિરાજ્યો છે તેની પછવાડે બે દાસ ઉભા રહીને ચામર ઢાળે છે. જોડમા સચિવ વિશાલકેતુ બેઠો છે, બીજી બાજુએ રાજકુંવર વિલાસચક્ષુને બેસાડવા માટે જગા કરી રાખી છે અત્ર જ નિર્માણ ને પુરુષાર્થનો પ્રતાપ પ્રથમ જ દર્શન દે છે

રાજકુવરે આજે પોતાના ખાસ અશ્વ ઉપર બેસીને જ સ્વારીમા નિકળવું, એવી હઠ લીધી પ્રધાને અને રાજાએ ઘણુંએ સમજાવ્યા છતા, રાજકુવર અંબાડીમા બેઠો નહિ "હશે! આપણે કુવરને સ્વારીમાથી ક્યાંઇ આઘો પાછો થવા દઇશું નહિ," આવો વિચાર કરી, પ્રધાને સારા શુકન જોઇને સ્વારીને ઉપડવાનો હુકમ કીધો કે, તુરત દડિદ્ધિક્ દડિદ્ધિક્ કરતો નોબતવાળો પોતાના હાથીને ડોલાવતો આગળ ચાલ્યો. તેની પછવાડે નાના પ્રકારના શંખ, ભેરી, તૂરી, સિંગી ઇત્યાદિ છત્રીસે પ્રકારના ઘોર શબ્દ કરનારા વાજાવાળાઓ, પોતપોતાની ટુકડીઓમા ગોઠવાઈ અનેક પ્રકારના શૂર ચઢાવનારા સિંધુડા રાગો ગાવા મડી ગયા ચારે તરફથી ભાતભાતના રંગ બેરંગી નેજાઓ જળહળવા લાગ્યા; જરીના નિશાનો ફરકવા લાગ્યા, રાજા તથા રાજકુમાર ઉપર સુંદર છત્રો ધરાયા. એમ સઘળી રીતે સેના ઉપડવાની તૈયારી થઈ ચૂકી. માત્ર કોઇ પણ જાતના શુકન થાય, એટલો જ વિલબ હતો

ઉભા ઉભા લગભગ દોઢ મુહૂર્ત જેટલો સમય વીતી ગયો, ત્યારે યજ્ઞભૂએ પ્રધાનને પૂછ્યુ. "શા માટે સૈન્ય ઉભુ રહ્યુ છે? કોની વાટ જૂઓ છો?" પ્રધાને હાથ જોડીને કહ્યું, "દયાસિંધુ મહારાજાધિરાજ!

આપણા યોદ્ધાઓ સારા શુકન થવાની વાટ જોઇ રહ્યા છે, તે થયેથી ઘડીકમા પ્રયાણ કરશે" "સચિવ! હું તને શું કહું! કયારના શુકન થતા નથી, એ જ અપશુકન છે અને તે મારૂ ભવિષ્ય વર્તી આપે છે. માટે તેની વાટ જોતા કયા સૂધી ઉભા રહેવુ? ચાલવાને તત્પર થયા, તે જ સમયે જે ચિહ્ન દેખાય, તે ઉપરથી જ શુકન કે અપશુકન ગણાવા જોઇએ આપણને શુકન કે અપશુકન ક્યારનાએ થઈ ચૂકયા છે. હુલ્લાસમય મન એ શુકન, ખિન્ન મન એ અપશુકન! હવે ઉભા રહેવાનુ પ્રયોજન નથી થવાનુ તે કોટી ઉપાયે થશે જ. કુંવરે પ્રથમ જ હઠ પકડી અબાડીમા બેસવાની ના કહી, આપણા મનને દુભવ્યા છે, એ અપશકુન નહિ ત્યારે બીજુ શુ?" શુકનને માટે એક વચન મને યાદ છે –

उष:प्रयाणको गर्ग शकुन च बृहस्पति ।
अंगिरास्त्वमनोत्साहो विप्रवाक्यो जनार्दन ॥

ભાવાર્થ–"શુકનને સબંધે ગર્ગાચાર્ય મુનીનો મત એવો છે કે, કોઈ સ્થળે પ્રયાણ કરવુ હોય ત્યારે તે ઉષકાળમા ઉઠીને (ચાર ઘડી રાત્ર લઇને) ચાલવુ એટલે શુભ છે, બૃહસ્પતિ ઋષિનો મત એવો છે કે, શુભ ચિહ્નોનુ દર્શન થતું હોય તો જ કાર્ય કરવુ, અગિરા મુનિ કહે છે કે, પોતાના મનમા ઉત્સાહ હોય ત્યારે કાર્ય કરવા તત્પર થવુ અને જનાર્દન (શ્રીકૃષ્ણ) એમ કહે છે કે, વિદ્વાન્ બ્રાહ્મણ જે સમય કહે, તે સમયને ઉત્તમ માનવો"

"આમા આપણને અગિરા મુનિના કહેવા, પ્રમાણે બન્યુ છે, જેવી હરીચ્છા. હવે સૈન્યને ચાલતું કરો" આ પ્રમાણે રાજાએ આજ્ઞા કરી અને પ્રધાને તુરત સૈનિકોને આજ્ઞા કરી કે ધમધમાટ કરતું સૈન્ય ચાલવા માડ્યું. જોતજોતામા રાજમાર્ગપર થઇ, માર્ગપર તેમ જ બારીઓ અને અટારીઓમા જોવા ઉભેલા લોકોની ઠઠને સાનદાશ્ચર્ય પમાડતી રાજસ્વારી પૂર્વ દિશાના દરવાજા આગળ આવી પહોંચી પછી તે શહેરથી સુમારે કોશેક દૂર આવેલા સામેના ઉપવનમા શમીવૃક્ષની પૂજા કરવા માટે ધામધુમ ભેર ચાલી. શમીવૃક્ષની બાજુમા એક વિશાળ મેદાન હતુ એ સ્થળે વર્ષોવર્ષ દશરાને દિવસે ઘોડેસ્વારો શમીપૂજન થયા પછી, પોતાના ઘોડાઓને એક બીજા સાથે સરસાઇ કરવા દોડાવતા હતા આજે પણ રાજાની સ્વારી તે શમીવૃક્ષની આગળ ઉતરી તે પછી રાજા, રાજકુવર, મુખ્ય મત્રી, બીજા પ્રધાનો, સૂબા અને ઇતર કામદારોથી તે એક સાધારણ પ્યાદા સુદ્ધાત સૌએ ક્રમવાર ગધાક્ષતપુષ્પ, જવારા, અબીલ, ગુલાલ, ધૂપ, દીપ, નૈવેદ્ય,

દક્ષિણા, પ્રદક્ષિણા અને નમસ્કાર ઇત્યાદિ સામગ્રીથી શમીવૃક્ષની પૂજા કરી. પછી સૌ પોતપોતાના વાહનોપર અસ્વાર થઈ, ચાસદર્શન* માટે તત્પર થયા. પણ આજે ઈશ્વરેચ્છાથી એમ બન્યું કે, ચારે તરફ રાજાના સ્વારો ઉપવનના વૃક્ષેવૃક્ષ શોધી વળ્યા, તથાપિ કોઈ સ્થળે ચાસ દેખાયો નહિ. થોડીવારે ગમે ત્યાથી ચાસ ઉડતો ઉડતો આવશે, એટલે દર્શન કરીશુ, એમ ધારી તેઓ હવે ઘોડાઓની સરત રમવા મડી ગયા. પ્રથમ સરખે સરખા પ્રધાનો, સૂબાઓ વગેરે બબ્બે ચાર ચાર કે તેથી પણ વધારે યોધાઓ સાથે મળી, રાજા આગળથી પોતાના શણગારેલા અશ્વોને દોડાવવા લાગ્યા તેઓમા જેનો ઘોડો આગળ જતો, તેને રાજા શેલાં, મદીલ વગેરે ભારે શિરપાવ આપતો હતો. એમ કરતા કરતા છેવટે સરખે સરખી વયના રાજકુમારના મિત્રો, ભાયાતો, પ્રધાનપુત્રો અને છેવટે કુવર વિલાસચક્ષુનો વારો આવ્યો. પ્રધાન વિશાલકેતુના મનમા હતું કે, આજે રાજપુત્ર ઘોડાની સરતમા ન ઉતરે તો ઠીક, કારણ કે, દોડશે તો કઇ ને કઈ નવા જૂની થવાનો સભવ રહે, માટે તેણે રાજપુત્રને કહ્યું; "કુંવરજી! આપ આજે અશ્વ ન દોડાવો તો વધારે સારુ, કારણ કે, હજુ ચાસદર્શન થયા નથી, તેથી રામજીનુ મન વ્યગ્ર છે અને તેઓ તમને શરતમા દોડવાની ના કહે છે." આટલુ કહેતા જ કુંવરને તો રુવેરુવે ક્રોધ ભરાઈ ગયો. તેનું મસ્તક ધમધમી ગયું. તે મોટેથી બૂમ મારી કહેવા લાગ્યો, "પ્રધાનજી! શું કહો છો? તમે જે તે વાતમા આડા ને આડા જ આવો છો, એનું કઈ કારણ? યાદ રાખો, આજે સુપર્વનો દિવસ છે, મને છેડશો નહિ ચાસદર્શન થયા નથી તો શું થયું? બાર માસમા આજના જેવો શ્રેષ્ઠ દિવસ એકે નથી, તો આજે પણ ક્ષત્રિય-પુત્ર હર્ષભેર અશ્વચર્ચા કરશે નહિ કે? આજે હું બીજા કોઇને અર્થે કિંવા મારા પોતાના આનદ કે ભલાને અર્થે નહિ, પણ આ ભાગ્યશાળી ભારતવર્ષમા એકચક્રે સર્વોત્કૃષ્ટ રાજનીતિથી પ્રજાનું પાલન કરનારા ભરતખડના સર્વોપરી રાજાધિરાજ અને આર્યપ્રજાના પરમ પૂજ્ય તેમ જ આખી પૃથ્વીના કટકરૂપ રાવણ, કુભકર્ણાદિ રાક્ષસોનો તથા તેઓના કુળનો નાશ કરનારા, પચ સતીમા પરમ પવિત્ર સર્વ શ્રેષ્ઠ

* દશરાને દિવસે ચાસ પક્ષીના દર્શન કરવાનુ લોકો મોટુ માહાત્મ્ય સમજે છે અને કેટલાકો તો તેના બોલેલા શબ્દ ઉપરથી કાઇક ગણત્રી કરી, આવતુ વર્ષ કેવુ નિવડશે, તેનો પણ સુમાર બાંધે છે આ ચાલ સર્વત્ર હોય એમ લાગતુ નથી.

મહાસતી સીતાના પ્રાણપતિ અને સાક્ષાત્ ઈશ્વરાવતાર એવા રામભદ્રના માનાર્થે તથા રાવણકુળનો ક્ષય કરીને તેમણે કરેલા મહાવિજયના સ્મરણાર્થે, હું મારા વહાલા અશ્વને ખૂબ ખેલાવી દોડાવીને મોજ માણીશ! માટે તમારે આડા આવીને મને સંતાપવો નહિ; નીકર તેનું પરિણામ તમે સારું જોશો નહિ." રાજહઠ, બાળહઠ, સ્ત્રીહઠને મૂકાવવા કોણ સમર્થ છે? કુંવરે પકડેલી હઠ કોઈ પણ મૂકાવી શકે તેમ ન હતું; તેથી પ્રધાને વિચાર કર્યો, "હશે! દોડાવીને કુવર પાછો અહીં જ આવશે કેની? ક્યા દૂર જવાનો છે?" તેથી કુવરનુ કહેવું સાભળી, તે મૌન ધરી, રાજા પાસે જઈ બેઠો તુરત રાજપુત્રે ઘોડાને એડી મારી, અને તેના મિત્રો પણ તેની સાથે જ ઉપડ્યા. સૌ એકીનજરે જોઈ રહ્યા છે, ને એ જાય, એ જાય, એમ જોતજોતામા રાજપુત્રનો ચપલ અશ્વ સૌથી આગળ નિકળી ગયો. એટલામા ક્યાંઇથી આકાશમા ઉડતો ઉડતો ચાસ, સૈન્ય ઉપર આવ્યો અને દક્ષિણ દિશા ભણી આવેલા એક ઉંચા તરુ ઉપર જઇને બેઠો તેને જોતા જ રાજાની સલામતિને અર્થે સૈન્યની ચારે બાજુએ તૈયાર કરી રાખેલી તોપો ઉપરાઉપરી ધડાધડ છૂટવા માડી. તોપો, નલિકાઓ અને જજાળો વગેરે એકાએક છોડીને તેઓએ ઉત્સાહનું ધમસાણ મચાવી મૂકયુ વાજિત્રો એક સાથે વાગવા માડ્યા સૌ પુન દક્ષિણ દિશા તરફ દૃષ્ટિ કરી ચાસના દર્શન કરવાને આતુર થઈ રહ્યા. આ ઉમગમા રાજા, પ્રધાન અને સેના તથા સામત વર્ગ સર્વે, રાજપુત્રની દોડની વાત ભૂલી ગયા ને તે ક્યા ગયો તથા આવ્યો કે નહિ, તેનું પણ કોઇને સ્મરણ થયુ નહિ

હવે રાજપુત્રનુ શું થયુ, તે તરફ આપણે દૃષ્ટિ કરીએ તે પોતાના સાથીઓને છોડીને ઝુમમા ને ઝુમમા બહુ આગળ નિકળી ગયો. શૂરભેર દોડાવતા, ઘોડો ઉત્તર દિશા ભણીના આડ માર્ગે ચઢી ગયો, તેની પણ તેને ખબર રહી નહિ ઉત્તર દિશા ભણી જતા, કેટલેક દૂર સુમારે હજારેક ઘોડેસ્વારોની ટુકડી રાજકુમારના જોવામા આવી. આ સ્વારોના હાથમા જે ધ્વજાઓ હતી, તે લીલા રગની હતી અને પોતાના સૈન્ય કરતા જૂદી છે એમ તેને છેટેથી પણ લાગ્યુ રાજપુત્રને વિચાર થયો કે, તેઓ કોણ છે તેની તપાસ કરવી જોઇએ એવી ઇચ્છાથી તેણે તેઓના તરફ અશ્વને વાળ્યો તેટલામા તેના ચાર મિત્રોના અશ્વો પણ પાછળથી તેને આવી મળ્યા, એટલે સૌ સાથેસાથે તે સૈન્ય તરફ ગયા.

બીજી તરફ દૃઢદુર્ગનગરીમા વૃદ્ધ કે બાળક, નિર્ધન કે શ્રીમંત, સઘળા પુરુષો દશરાની સ્વારી સાથે શમીપૂજન કરવા માટે નગર બહાર નિકળી ગયા હતા આખું નગર નિર્જન જેવું થઈ પડ્યુ હતું. જ્યા જોઈએ ત્યા સ્ત્રીઓ જ જણાતી હતી. નગરમા કોઈ પણ પુરુષનો અવાજ કે બોલ સભળાતો નહિ હતો. રજવાડા આગળ જોઈએ તો છૂટાછવાયા પોહરેગીરો ચોકી કરતા હતા. માર્ગોપર ક્યાંય પણ મનુષ્ય અથવા તો હાથી, ઘોડા વગેરે વાહન પણ જતું આવતું દેખાતું હતું નહિ ગોશાળા આગળ બળવાન્ યોધાઓ, આયુધોથી સજ્જ થઈને ઉભેલા હતા. વિશાલકેતુએ તેઓને કહ્યું હતું કે, "ગાયોનું હરણ કરવાને જે દુષ્ટો આવનાર છે, તેઓની સાથે પ્રાણસમર્પણથી યુદ્ધ કરવું; તેમા જય પામનારને રાજા પાસેથી ઉત્તમ શિરપાવ મળશે!" માટે તે સર્વ યોધાઓ યવનોના આવવાની વાટ જોઇને જ તત્પર ઉભા હતા. એક તો રાજા પાસેથી શિરપાવ મેળવવાની ઉત્કંઠા અને બીજું ગાય માતા, જે ભારતવાસી મનુષ્યમાત્રની માતુશ્રી છે તેનુ રક્ષણ, સર્વ આર્યે તન મન અને તથા ધનથી કરવું જોઈએ, એવા ધર્મ વચનપર સ્વાભાવિક થયેલી પ્રીતિ, એ સર્વ કારણથી સૈનિકોના મન ગૌરક્ષણાર્થે પ્રાણસમર્પણ કરતા સૂધી યુદ્ધ કરવા માટે તત્પર થઈ રહેલા હતા પાછલા પહોરનો ચાર પાચ ઘડી દિવસ બાકી હતો ત્યા સૂધી તો કોઈ પણ રીતે કોઇ પણ દિશામાથી શત્રુસૈન્ય આવવાના ચિહ્ન જણાયા નહિ, ત્યારે સર્વ યોધાઓ પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા, 'શત્રુ શો ને ગાયોનું હરણ શું? પ્રધાનજીના મનમા કંઈ ધૂન ભરાઇ આવી હશે, તેથી આવે સપરમે દિવસે આપણને સ્વારીમાં જતા રોકી રાખ્યા છે. પણ ચિંતા શી છે? એ નિમિત્તે પણ ગાય માતાની સેવા તો થાય છે. એ પણ અહોભાગ્ય છે! શત્રુ આવો વા ન આવો આપણા રાજાને માથે કોઇ શત્રુ છે જ નહિ, તો આવે કોણ? આપણી નજર આગળ સૌને મહારાજા યજ્ઞભૂએ જેર કરી દીધા છે અને સર્વે રાજાઓ તેના દાસ સરખા થઇને વર્તે છે, ત્યારે યુદ્ધ કરી જીવ આપવા કોણ આવે?' એટલે બીજો બોલ્યો; 'ભાઇ! ભૂલી કેમ ગયો? આજથી સુમારે દશેક વર્ષ ઉપર મહારાજા પોતાના રાજ્યમા ફરવા નિકળ્યા હતા, તેવામા કામ્બોજ દેશના યવન અધિપતિને પોતાને તાબે કરી તેની પાસે ખંડણી કબૂલાવી હતી તે યાદ નથી? અને પછી તેણે બાર રાખીને આપણા સુમારે હજારેક સ્વારો, તેને ત્યા ખંડણી ઉઘરા-

વવા ગયા હતા, તેઓને તેણે ખડણી ન આપવાં હેરાન કીધા હતા, તે શું તારાથી અજાણ્યું છે? મારા સાભળવામાં આવ્યું છે કે, કાંબોજાધિપતિએ આપણા મહારાજા ઉપર ઘણા દિવસથી વૈર રાખેલું છે અને તેને માટે તે પ્રતિદિન પોતાના બળ (સૈન્ય) મા વધારો કર્યો જ જાય છે. તમે જાણો જ છો કે, યવનો કદી ધર્મયુદ્ધ કરવાનુ તો સમજેલા કે સરજેલા જ નથી જ્યારે ને ત્યારે તેઓ ધાડ કે વાટ પાડવામાં જ ફાવી જાય છે. તેઓ ક્યારે ચઢી આવશે, તેની આપણને કેમ ખબર પડે? આપણા પ્રધાનજીના વિચાર અગ્રમચેતિવાળા છે અને તેણે તેને અનુસરીને જ આ, પાણી પહેલી પાળ બાંધેલી હશે'

આ પ્રમાણે તે યોધાઓના બને સરદારો વાતચિત કરે છે ને આ બાજુથી પેલી બાજુ હેરાફેરા કરે છે, એટલામા શહેરની દક્ષિણ બાજુએથી એક ભયકર ચીસ સભળાઈ ઘોર ગર્જનાનો અવાજ થયો. સર્વ સ્વારો ચમકીને સ્તબ્ધ થઈ ગયા ઉપરાચાપરી ચીસો અને કિકિયારીઓ પડવા લાગી તત્કાલ ત્યા ઉભેલા સરદારે કેટલાક સ્વારોને આજ્ઞા કરી કે, શહેરમા વળી શું અકસ્માત્ બન્યો, તે ઝપાટાબધ જોઇ આવો' તત્ક્ષણે સુમારે પચીશેક યોધા ઉતાવળી ચાલે શહેર તરફ દોડી ગયા ત્યા જોય છે તો મહાભયંકર કતલ ચાલી રહી છે, ઘણાક પાળા અને ઘોડેસ્વાર યવનો, જેઓને કેવળ કળિયુગના રાક્ષસોની જ ઉપમા આપી શકાય તેઓ, શેરીએ શેરીએ અને ઘેરે ઘેર ફરી વળેલા છે, શું કન્યા, શુ તરુણી અને શું વૃદ્ધા, એમ સર્વ સ્ત્રીઓની મહાનિર્દયપણે લજ્જા લૂટવાનો પ્રયત્ન કરી રહ્યા છે બીજી તરફ ઘણાક દુષ્ટ યવનો રાજવાડામા પણ ઘૂસી જઈ, આગળના પોહરેગીરોને કતલ કરીને છેક રાજમદિર સૂધી પહોંચી ગયા છે જ્યાં ત્યા અબળાઓની દીન દયામણી, અત.કરણને મુઝાવી નાખનારી કારમી ચીસ પડી રહી છે આવો અણધાર્યો બનાવ જોઇ ધડકતા અંત કરણે તે સ્વારો પાછા પોતાની ટુકડી આગળ આવ્યા ને પ્રત્યક્ષ જોયેલો સર્વ બનાવ વર્ણવીને કહ્યુ, "હવે અન્ય સ્ત્રીઓની તો શુ, પણ છેક રાજપત્નીઓ અને રાજપુત્રીઓની પણ લજ્જા રહેવી મુશ્કેલ છે, માટે આપને જેમ રુચે તેમ કરવું!" આટલુ સાભળતા જ સરદારોએ આખા લશ્કરને એકાએક ચેતાવી દીધુ અને આજ્ઞા આપી કે, "જેણે પોતાના પિતાના જ વીર્યથી દેહ ધારણ કર્યો હશે, તે સૌએ આજે આ નગરની સ્ત્રીઓની

લજાવવું, દેહ પડતાં સૂધી પણ રક્ષણ કરવું. આમાંથી ડરીને જે પાછો હઠશે, તેણે પોતાની માતુશ્રીને દશ માસ સૂધી મિથ્યા જ ભારે મારી જાણવી." આટલું કહેતાં તો સર્વે યોધાઓના અતઃકરણ ઉકળી આવ્યાં અને 'પડે તેના કકડા' એમ તડામાર કરતા સૌ, દોડ્યા, ને 'મારો, કાપો' કરતા તેઓ એકાએક યવનોપર તૂટી પડ્યા.

ગોશાળા મૂકીને આખુ લશ્કર શહેરમા દોડ્યું. એ સમય સાધી યવનોની બીજી, સુમારે હજાર દોઢેક સ્વારોની ટુકડી સપાટાબેર દોડતી ગોશાળા આગળ આવી પહોચી અને ચારેબાજુથી ઘેરો ઘાલીને ગોશાળાના દરવાજા બળાત્કારથી ઉઘાડી નાખ્યા, તથા યજ્ઞભૂનુ વહાલામા વહાલુ ગોધન, તે દુષ્ટો હરણ કરી ગયા! તોપખાનું, ગોશાળા આગળ જ હતું, તેથી તોપચીઓએ બને તેટલો મારો ચલાવ્યો. તેણે સુમારે પાચશો યોધાઓનો નાશ કર્યો, પરંતુ નાસતા સ્વારોપર, અને રખેને ગાય માતાને ઇજા થાય તેવા ભયથી, સભાળી સંભાળીને તોપનો મારો ચલાવે તેની અસર કેટલીક થાય? વળી કોઈ સરદાર હાજર નહિ, તેથી કેમ સામા થવુ તેનો નિર્ણય કોને પૂછી કરે? ધણી વિનાના ઢોર સૂના

આ રીતે દૃઢદુર્ગા નગરીમા વિલક્ષણ ખેલ મચી રહ્યો છે. ચાસદર્શન વખતે રાજાનો દેખાવ, પાસેના આખા સૈન્યની ધામધુમ, વાજિત્રો તથા બદૂકોના એક સામટા થયેલા અવાજ, નગર વિષે સુંદરીઓના દયામણા, 'સહાય કરો, સહાય કરો, આ દુષ્ટોથી કોઈ છોડાવો! ઓ સ્વામીનાથ! ઓ પિતાજી! ઓ ભાઈરે! અરે કોઈ મૂકાવો રે!' એવા ત્રાસ ઉપજાવનારા પોકારો; તેમની વહારે ધાયલા યોધાઓના 'મારો, કાપો, ખબરદાર, નાસે નહિ, જાય નહિ, ગભરાઓ નહિ, હમણા શત્રુને હણીએ છીએ, જુઓ તો ખરા!' એવા સુદરીઓને ધીરજ આપનારા તથા યવનોને કપાવનારા તાડુકાઓ અને ગોશાળામા થયેલી જબરી ઝપાઝપી વગેરેથી બહુ ભયંકર પ્રકાર બની રહ્યો છે તેની અદર વળી ગાયોએ આ સઘળી ગડબડથી ચમકીને હુંભા હુંભાઃ ઇત્યાદિ સ્વરથી બરાડાઓ પાડીને એક જૂદુજ રમખાણુ મચાવી મૂક્યું છે. છતા તે આરડતી ગાયોને તડામાર હાકીને તે યવન લશ્કર માર્ગે પડ્યું. તે કોશેક દૂર ગયુ નહિ હોય, એટલામા તેને જતું જોઈ તેની પૂઠે રાજકુમાર અને પોતાની સાથેના ચાર પ્રધાનપુત્રો મળી પાચે, ધનુર્વિદ્યાના શિખેલા મહાન્ યોધાઓ પડ્યા. તેઓ દરેક જણ એકીવખતે પોતાની

સામેના હજાર હજાર યોધાઓ સાથે બાથ ભીડી શકે તેવા ધનુર્ધારી હતા, તેથી આ હજાર યવનોનું લશ્કર તેઓની વિસાતમાં પણ નહોતું. તુરત રાજપુત્રે મહાભયંકર ગર્જના કરી ને તે લશ્કરના સરદારને લલકારી કહ્યું; "અરે પાપી ચંડાળ! અરે ચોર શિયાળવા! હે દુષ્ટાત્મા! આમ ચોરી કરી, છેતરીને સિંહના આગળથી નાસી જાય છે? ધિક્કાર છે તને. સામી છાતીએ ઉભો રહી યુદ્ધ કર ને અમને જિતીને પછી બેલાશક ગાયોનું હરણ કરી જા!" આટલુ કહેતા જ યવન સરદાર ચમક્યો ને આ મહારથીઓને ન પિછાણતાં, માત્ર તેઓ પાચ જણ છે, તે કીસ ગણતીમા, એમ ધારી, તેઓને સામા મર્મવચનથી ભેદી, યુદ્ધની તૈયારી કરી એટલામા શહેરમાના એકેએક યવનોનો નિપાત કરી, ગોરક્ષક યોધાઓ, તેઓની પૂઠે પડ્યા હતા, તે ત્યા આવી પહોચ્યા સામસામા થતા જ ને રાજકુમારને જોતા જ, તેઓના મનમા મોટી ધીરજ અને હિમ્મત આવી હવે તો પૂછવું જ શું? ગોરક્ષકોના મનમા તો રક્ત વરસી રહ્યુ હતું અને તેઓનો હાથ ઉપડી ચૂકયો હતો, તેથી તેઓ જરા પણ વિલંબ ન કરતા એકદમ યવનોપર તૂટી પડ્યા જો કે યોધાઓ પોતાના પરાક્રમથી જ લડી શકે છે, પરંતુ તેની પછવાડે પીઠ ઠોકનાર, અને હકારનાર હોય છે તો તેઓને ચોગણું શૂર ચઢે છે આ વાતે રાજકુમારનો લલકારો અને પ્રધાનપુત્રો વગેરેથી અપાતી શાબાશીઓથી, ગોરક્ષક સેનાએ બાકી રહેલા યવનોને હાણુહાણુ કરી નાખ્યા. જેઓ નાસી ગયા તેઓ જ માત્ર બચવા પામ્યા, બાકી સઘળાઓનો કચરઘાણ કરી, આખીઅણીએ રાજપુત્રે ગાયોને પાછી વાળી ને મિત્રો સાથે મળીને ઉપવનવાળા સૈન્ય તરફ ચાલવા માડયું ઉતાવળમા ને ઉતાવળમા પેલા સ્વારોએ શહેરમા શું બન્યુ હતુ, તેની હકીકત પણ રાજકુંવરને કહી ન હતી રાજપુત્રે ઉપવન સામી ચાલ પકડી, ને લશ્કર ગાયો લઈ શહેર તરફ વળે છે, એટલામા પછવાડેથી કેટલાક બળવાન્ યવન સ્વારોએ આવી રાજપુત્રને ઘેરી લીધો તેના અસાવધપણામા એકાએક તેના પર પાચ પહર યવનો શસ્રો લઈ તૂટી પડ્યા પાચ સ્વારો એકાએક ચમક્યા, પણ હવે કઈ તેમનો ઉપાય ચાલે તેવું ન હતુ તેઓ પોતાના શસ્રો સભાળે છે, એટલામા તો રાજપુત્રપર અનેક ઘા પડી ચૂકયા છે, સંધિ મળતા એક યોધાએ એક તીક્ષ્ણ શક્તિ (સાગ) રાજપુત્રના હૃદય ઉપર મારી, જે આરપાર નિકળી જવાથી, કુમાર વિલાસચક્ષુ મૂર્ચ્છિત થઇને ઘોડાપરથી લથડ્યો પણ એક પ્રધાનપુત્રે તેને

પોતાના ઘોડા સાથે જોરથી તાણી આંકયો ને બીજા યવનો આવી પહોંચે, તેટલામાં તો આ રાજપુત્રને મારનારાઓનો સમૂળો નાશ કરીને, ત્યાંથી ઘોડા ઉપાડી મેલ્યો.

રાજપુત્રને લઈને તેઓ સૈન્યને આવી મળ્યા. આ વખતે સૈન્ય નગર તરફ વળેલું હતું અને ચાલવાની તૈયારી હતી. પણ રાજપુત્રની આ દુરવસ્થા જોઇ, સૌને સખેદાશ્ચર્ય થયું! પ્રધાન વિશાલકેતુ તો ચકિતજ થઈ ગયો. ક્ષણે ક્ષણે રાજપુત્રનો આત્મા વધારે ને વધારે ગભરાતો ગયો, અને અનેક પ્રકારના ઉપચારો કરવા છતા પણ તે જરાએ સાવધ થયો નહિ. તેને લાગેલો મર્મસ્થાનનો ઘા કંઇ જેવો તેવો ન હતો. વાતચિત કરતું સૈન્ય નગરમા જઈ પહોંચ્યુ. જ્યારે રાજકુવરને મહેલમા લઇ ગયા ત્યારે તે તદ્દન બેશુદ્ધ થઇ ગયેલો જણાયો. આખુ કુટુબ તેની આસપાસ વિંટાઇને બેઠું. રાજવૈદ્યોએ ઉપરાઉપરી ઉપાયો કરવા માડ્યા, છતાં પણ તેની આખ મીંચાઈ અને છેવટે "શ્રીહરિ, સચ્ચિદાનદ પ્રભુ પરમાત્માનો જય" એટલુ મહા કંઠે પોકારતો, તેનો અજર અમર અવિચ્છિન્ન આત્મા, ઘાયલ દેહને છોડી, શ્રીપરમ પ્રભુ પરમાત્માને શરણે ગયો. અહો! ભાવિ પદાર્થ હરકોઇ વાતે બને છે જ. રાજપુત્રનું મરણ ટાળવા માટે પ્રધાને બની શકે તેટલી પેરવી કીધી, છતા આખર શ્રીહરિને ગમતું જ થયુ. દિવસ રાત્રિ, સવાર સાઝ, ઉહ્નાળો શિયાળો એમ ક્રમવાર આવે છે ને જાય છે, એમ કાલ અનેક ક્રીડા કરે છે. અનેકના મરણો જોડાવે છે, જોનારો પણ ચાલ્યો જાય છે, આયુષ્ ક્ષણેક્ષણે ક્ષીણ થાય છે, તે કોણ જાણે છે? ગયા ને જનારાની ગતિ સર્વે જાણે છે, છતા આશાનો અકૂર આ વ્યાવહારિક મનુષ્ય ત્યજી શકતો નથી, એ પણ કાલની જ ક્રીડા છે

રાજપુત્રનો શોક વીત્યા પછી એક દિવસે પ્રધાન વિશાલકેતુ સાથે વાત કરતા રાજાએ તેને કહ્યુ; "પ્યારા સચિવ! કેમ, ભાવીના લેખની હવે તને સમજણ પડી? રાજપુત્રને કન્યા પરણાવી હોત તો આજે આપણે સુખેથી વાત કરવા દાહાડો દેખત ખરા? એને પરણનાર વિધવાને, કરુણાળ સ્વરે શોચતી ને વિલપતી આપણાથી કેમ સહન કરી શકાત? જે થયું તે પ્રભુને ગમતું જ થયું છે અને તે વળી રુડુ જ થયું છે!" રાજાના મુખથી એ વચન સાભળી, અને તેની ધીરજ જોઇ, પ્રધાને વિનયપૂર્વક પૂછ્યુ, "મહારાજ! ત્યારે શું એ ભવિષ્ય કોઇથી ટાળ્યું ટળતું નહિ જ હોય? કોઇ સમર્થ પુરુષ પણ એને ટાળી ન શકે?" એ સાભળી

યજ્ઞભૂ બોલ્યો, "પ્રિય વિશાલ! એમ જો ભવિષ્ય ટાળ્યું ટળી શકતું હોય તો પછી જગતમા મરે કોણ? કાંઈ કોનું બગડે ને દુ ખી કોણ થાય? સૌ આગળ આગળથી પોતાના ભલાને અર્થે સર્વ સાવધતા રાખી મૂકે. પરતુ હે મિત્ર! મોટા મોટા ધીરવીર પુરુષોએ પણ ભવિષ્ય આગળ છક્કડ ખાધી છે, તો આપણે માનવી શી વિશાતમા?" એ ભવિષ્ય ટાળવા સબધે હું તને એક પુરાતન ઇતિહાસ કહું છુ, તે તું સાભળ

ભાવી સબધે જનમેજયના કોઢની કથા

હે વિશાલકેતુ! એક સમયે પાડવકુલોત્પન્ન પરીક્ષિતપુત્ર જનમેજય રાજાની સભામા,યદૃચ્છાથી શ્રીવેદવ્યાસ મુનિ પધાર્યા હતા. જનમેજયે સાષ્ટાગ દડવત્નમસ્કાર કરી, અર્ઘ્યપાદ્યાદિ ઉપચારોથી તેની વિધિયુક્ત પૂજા કરી, સુવર્ણસિંહાસનપર બેસાડી, પોતે બે કર જોડી વિનતિ કરતો, તેના ચરણકમળમા મસ્તક નમાવીને ઉભો રહ્યો મહર્ષિ વેદવ્યાસે ઘણીક પ્રકારે તેની પ્રજા, સૈન્ય, રાજકાર્યભાર, કુટુબ, સતતિ, ધન, ધાન્ય, પશુ, શત્રુ, મિત્ર ઇત્યાદિ સબધે. કુશળ સમાચાર પૂછ્યા પછી પ્રસગવશાત્ વાતચિતમા કહ્યુ, "હે રાજન્! હે નિષ્પાપ જનમેજય! ભાવી (ભવિષ્યે નિર્માણ કરેલુ) કોઈ વાતે ટળતું નથી મોટા મોટા સમર્થ અને ભવિષ્ય-વેત્તા પુરુષો પણ તેને ટાળી (તેનાથી ઉલટું કરી) શકતા નથી" આ સાભળતા જ જનમેજય, તારી પેઠે આશ્ચર્ય પામીને બોલ્યો, "હે મહા-રાજ! આપ એ શુ બોલ્યા? શું ભાવી ટળી શકે નહિ? કદાચ અજાણમા જો કોઈ વાત બની જાય તો તે સભવિત છે, પણ અદૃશ્ય દૃશ્ય થયા પછી, પૂર્ણ સાવધતાથી વર્તનાર મનુષ્યથી તે ન ટળે, એ તે કઈ વાત હોય? એ તો આપનુ કહેવુ મને આળપપાળ સરખુ લાગે છે!" રાજ્યના ગર્વને લીધે સર્વત્ર આમ જ ચાલે છે, તેથી તેણે મહામુનિ વેદવ્યાસ જેવા મહાત્માના બોલવાને પણ તુચ્છ ગણી કાઢયુ એ સાભળી વ્યાસ મુનિએ તેને કહ્યુ, "વત્સ જનમેજય! તારા મનમા એમ છે તો સાભળ, તુ લાબો ક્યા જાય છે હુ તને તારુ જ એક ભવિષ્ય-ઘણું અનિષ્ટ કરનારુ છે તેવુ ભવિષ્ય-કહું છુ, શુ તુ તે ટાળી શકીશ?" "હા, પિતામહ, આપ કહો તો ખરા, તે શુ છે કે ન ટળે!" ભૂત ભવિષ્ય જ્ઞાતા મુનિએ જણાવ્યુ, "તને અઢાર પ્રકારનો કોઢ નિકળવાનો છે, તે ભાવીને તુ ટાળજે! તે ટાળવાને તુ સપૂર્ણ યત્ન કરજે તદર્થે હું તને તેના સર્વ માર્ગો પણ બતાવુ છુ, પછી તારાથી થાય તેટલો એ ભવિષ્યને ટાળવાનો પ્રયત્ન કરજે! પ્રથમ તો ગમે તેમ થાય

તો પણ તું અશ્વમેધ યજ્ઞનો અશ્વ ખરીદ કરતો નહિ. એમા તો તને કંઈ યત્ન કરવો પડે તેમ નથી. અશ્વ ખરીદ કરવો હોય તો કંઈપણ યત્ન કરવો પડે, પણ આ તો ઉલટું ન ખરીદ કરવો એમ હું કહું છુ. પણ તે પ્રમાણે તારાથી બની શકવાનું નથી અને હરેક વાતે તું ભાવીને આધીન થઇને યજ્ઞાશ્વ વેચાતો લેશે. એ જ સિદ્ધ છે-એ જ નિર્માણ છે. હવે બીજું; કદાચ એમ કરતાએ તારે અશ્વ ખરીદ કરવો પડ્યો તો ખેર; પણ તે અશ્વને લઇને તું દક્ષિણ દિશાએ પ્રયાણ કરતો નહિ પરતુ તેમ પણ તારાથી થવાનુ નથી તું હરકોઈ રીતે દક્ષિણ દિશા તરફ જવાનો એ સિદ્ધ જ છે. વારુ, તેમ કરતાએ કદાચ દક્ષિણ દિશાએ જઇ ચઢાયું તો ત્યા તને એક અદ્ભુત લાવણ્યમયી સ્ત્રી મળશે તે સ્વસૌંદર્યથી ઘણા પ્રકારે તને લલચાવશે, તોપણ તું તેને તારે મદિર લાવતો નહિ છતા તુ જરૂર લાવવાનો. એ સ્ત્રીને રાજભુવનમાં લાવે તો ભલે, પણ તેને ગમે તેમ થાય તોએ પટ્ટરાણીપદે સ્થાપતો નહિ. પણ તારાથી તેને પટ્ટરાણી–સૌથી માનીતી રાણી કર્યા વગર રહેવાશે જ નહિ હવે તેને પટ્ટરાણી કીધી, તો પણ પછી તું કદી યજ્ઞ કરતો નહિ, અને યજ્ઞ પણ કરે તો તેમા અશ્વમેધ યજ્ઞ કદી પણ કરતો નહિ પણ તારુ ભવિષ્ય તારી પાસે અશ્વમેધ યજ્ઞ જરૂર કરાવશે. કદી અશ્વમેધ યજ્ઞ પણ કરે, તો તેમા વરુણી માટે જે અઢાર બ્રાહ્મણોને વરાવવા પડે છે, તે વૃદ્ધોને વરાવજે, યુવાનને વરાવતો નહિ પણ તેમાએ તને ભવિષ્ય ભૂલાવશે ને તું સર્વ યુવાન્ બ્રાહ્મણોજ વરુણીમા વરાવશે. હવે છેલ્લું કહું છુ તે લક્ષમા રાખશે તો પણ તું આપત્તિમાથી બચશે. પણ તેમ તારાથી કદી બનશે નહિ. તે બ્રાહ્મણોથી કદાચ તારો યત્કિંચિત્ પણ અપરાધ થાય તો તું તેઓપર પ્રાણાતે પણ ક્રોધ કરતો નહિ. પણ તું જરૂર ક્રોધ કરવાનો. હવે તારાથી ક્રોધ થઇ જાય તો પણ તેઓને તું દેહાત દડ દેવાનો સકલ્પ કરતો નહિ, પણ તેવો મનમા સકલ્પ થતા વેંત જ તેઓનો શિરચ્છેદ થશે; એટલે તુરત તને એ અઢાર બ્રહ્મહત્યાના દોષથી અઢાર જાતનો કુષ્ઠ નિકળશે! એ કુષ્ઠ (કોઢ) નિવારણાર્થે તું, જેના વાણી અને હસ્ત દગ્ધ થયા ન હોય, તેવા બ્રાહ્મણ પાસેથી મહાભારતના અષ્ટાદશ પર્વ શ્રવણ કરશે, પણ તેમા કશી વાતે યત્કિંચિત્ શકા કરશે નહિ તો તારો બધો કોઢ સારો થઈ જશે! પણ તેમાએ તને શકા થશે ને એ કોઢમાથી એક ભાગ જેવો ને તેવો જ રહી જશે. લે, એ તને તારુ સઘળુ ભાવી કહ્યુ હવે તારાથી બને તેટલા ઉપાયો કરીને ભવિષ્ય ટાળજે!" એટલુ કહી વ્યાસમુનિ ત્યાથી અતર્ધાન થઇ ગયા.

મુનિના ગયા પછી જનમેજય રાજાએ તુરત અગમચેતી કરવા માંડી લાગલી દાંડી પીટાવી કે કોઈ પણ ગૃહસ્થે અશ્વમેધનો અશ્વ ખરીદવો નહિ, તેમ વિક્રયાર્થે યજ્ઞાશ્વ કોઈએ નગરમા પણ લાવવો નહિ. થોડા દહાડા પછી નગરમા સર્વત્ર પેં પેં ચેં ચેં વાતો થવા લાગી સૌ કહેવા લાગ્યા કે, "ભાઈરે! હવે તો હડહડતો કળિયુગ આવ્યો. રાજાઓ અધર્મી થઈ ગયા. કર્મપરથી-યજ્ઞાદિ વૈદિક કર્મો પરથી મનુષ્યની આસ્થા ઉઠવા લાગી! રાજાને ત્યા શી ધાડ આવી છે કે, યજ્ઞાશ્વ ન લેવાય? તેની શી કુબુદ્ધિ થઈ છે, કે પોતે તો યજ્ઞયાગાદિ કરવા બધ કીધા, પણ બીજા જે કોઈ તેવા નાના યજ્ઞ કરે, તેને પણ ન કરવા દેવા અને યજ્ઞાશ્વ ખરીદવા અથવા શહેરમા લાવવા દેવો પણ બધ કીધો પોતે યજ્ઞ કરવોએ નહિ, ને બીજાને કરવા દેવોએ નહિ. અધર્મ! અધર્મ! પાહિ! પાહિ!" આ પ્રમાણે શહેરમા ઠામઠામ નિન્દા થવા લાગી રાજાના પ્રધાનો, કાર્યભારીઓ વગેરેને વારવાર કહી કહીને પ્રજા તેમને પણ ચુટી ખાવા લાગી અનેક પ્રકારની લોકનિંદા ન સહન થવાથી તેઓએ રાજાને એ વાત નિવેદન કીધી, એટલે પોતાની નિન્દા થાય છે એમ જાણી રાજાએ કહ્યુ, 'ભલે અશ્વો નગરમા આવે, અને જેને જોઇએ તે ખરીદે, માત્ર આપણે ખરીદશું નહિ' ગામમા અશ્વ આવવાની છૂટ થઇ, એટલે તો અનેક દેશદેશાતરથી વ્યાપારી લોકો ભાતભાતના મહામૂલી અશ્વો લઇ વેચવા આવ્યા ને તેમા અશ્વમેધના ઘણા ઘણા અશ્વો પણ આવવા લાગ્યા

અશ્વમેધનો અશ્વ ખરીદવો, એ કઈ સહજ વાત નથી. જે યજ્ઞ કરી શકે તે જ અશ્વ ખરીદે ને અશ્વમેધ યજ્ઞ પણ સર્વ દિશાઓમા વિજય કરનાર રાજા જ કરી શકે હવે રાજા, અશ્વમેધનો અશ્વ ખરીદે નહિ, તેથી શહેરમા વેચાવા આવેલા અશ્વ પાછા જવાનો વખત આવ્યો અશ્વમેધના અશ્વ, રાજા વગર કોઇ ખરીદી શકે એમ છે જ નહિ, ને રાજાને તો ખરીદવો નથી, તેમ જો નગરમા આવેલા અશ્વ પાછા જાય તો દેશદેશ અપકીર્તિ થાય અને રાજા નિ સત્વ ગણાય, એથી ડરીને એક અશ્વ, કીર્તિને અર્થે લેવો પડ્યો! પણ તેનાપર સ્વારી કરવી નહિ, એમ તેણે નિશ્ચય કર્યો થોડે કાળે રાજાએ વિચાર કર્યો કે શી હરકત છે સ્વારી કરવામા? આપણે દક્ષિણ દિશામા નહિ તો ઉત્તર દિશા તરફ જઇશું આવો વિચાર કરી એક સમયે અશ્વ ઉપર સ્વારી કરીને તેણે ઉત્તર દિશામા પ્રયાણ કીધુ પરતુ ભાવી ગતિ સદા ભૂલવે છે અશ્વે વેગમા દક્ષિણ દિશા તરફ ગતિ કીધી. માર્ગમા

કોઇએક સ્થળે એક અતિ સૌંદર્યવાન્ સ્ત્રીના દર્શન થયા, જેનાથી અત્યન્ત મોહિત થઈ જવાને લીધે પોતે જ (જનમેજયે) આગળ પડીને પૂછ્યું, 'હે મનમોહને! તું અકસ્માત્ આ સ્થળે ક્યાંથી આવી?' રાજાના તે શબ્દ સાંભળી તે બોલી; 'સ્વર્ગલોકમાંથી!' પુનઃ રાજાએ પૂછ્યું; 'તારી શી ઈચ્છા છે? તું મારી સાથે આવીશ? હું પૃથ્વીપતિ રાજા છું' તે સ્ત્રીએ કહ્યું, 'હા, આવું ખરી પણ મને પટ્ટરાણીપદે સ્થાપો તો જ.' જનમેજયે કહ્યું; 'ચાલ, હું તને મારી પટ્ટરાણી કરીશ!' પણ એ જ સમયે તેણે મનમાં એમ નિરધાર્યું કે આપણે યજ્ઞ નહિ કરીએ. જનમેજય રાજા સુંદરીને નગરમાં લઈ આવ્યો, પરણ્યો અને તેને પટ્ટ-રાણીપદે સ્થાપી. ભાવી મટાડવાને માટે યજ્ઞ નહિ કરવો, એવો રાજા નિશ્ચય કરી બેઠા, પણ સર્વત્ર તેની અપકીર્તિ થવા લાગી કે, 'અરે! રાજા પણ હવે સમયને અનુસરતા જ થવા લાગ્યા છે કાળ તેવા કર્મ, કર્મ તેવા રાજા, રાજા તેવી પ્રજા! કળિયુગ ખરેખરો પ્રવર્ત્યો! જ્યારે યજ્ઞયાગાદિ ક્રિયાઓ બંધ પડી, વેદના ઘોષ બંધ પડ્યા, ત્યારે હવે પર્જન્ય (વરસાદ) કેમ વરસે? અશ્વમેધના કર્મ વગર દેશમા દુષ્કાળ પડવા લાગ્યા, ને પ્રજા પણ પૂરી હેરાનગતિ ભોગવવા લાગી, ત્યારે અશ્વ ખરીદ્યા છતા, તેમ જ દિગ્વિજય કર્યા છતા, રાજા હવે શા માટે યજ્ઞ કરતો નથી? અરે ભાઈ! રાજાઓમા આમ કળિ પ્રવેશ્યો છે, તેથી ડરીને જ ધર્મ પણ પલાયન કરી જવા લાગ્યો છે. આગળના જેવા રાજા પણ હવે ક્યાં છે? દેશ કાળ બહુ માઠા આવવા લાગ્યા હરિ! હરિ! જો તેમ ન હોય તો અશ્વમેધ જેવો મહાયજ્ઞ કરવાની તો રાજાઓને મોટી હોંશ હોવી જોઇએ, પણ તે આ પાડુકુલદીપકમા ન હોય, એ પણ કળિનું માહા-ત્મ્ય જ તો!' આમ અપકીર્તિ થતી સાભળી રાજાએ યજ્ઞનો આરંભ કર્યો દેશ દેશાતરના સર્વ રાજાઓ તથા યજ્ઞ કરાવનારા ઋષિ મુનિઓને આમત્રણ કીધા ને સર્વ સામગ્રી તૈયાર કરી યજ્ઞમાં મુનિના કહ્યા પ્રમાણે વૃદ્ધ ઋત્વિજો* માટે ઘણી શોધખોળ કરાવ્યા છતા, એકે વૃદ્ધ બ્રાહ્મણ મળ્યો નહિ, પણ સઘળા યુવાન્ અને મશ્કરા બ્રાહ્મણો મળ્યા

યજ્ઞ ચાલતો થયો—બ્રાહ્મણો સ્વાહા સ્વાહા શબ્દોની ગર્જના કરી હોમવા આણેલા દ્રવ્યની આહુતિઓ હોમવા લાગ્યા, મડપમા વેદમત્રનો ઘોષ થઈ રહ્યો, વાજિત્રો વાગવા લાગ્યા, સુંદરીઓ મગળ ગીતો ગાવા લાગી

---

* વરણીમા વરેલા બ્રાહ્મણો

ને દર્શનાર્થે આવેલા રાજાઓ તથા પ્રજાજનોની મોટી ભીડ મચી રહી કેટલાક દિવસ પર્યંત યજ્ઞક્રિયા ચાલી અને હવે યજ્ઞમા અશ્વ હોમવાનો સમય આવ્યો. વેદમંત્રોના ઉચ્ચાર થવા લાગ્યા; અશ્વનાં પૃથક્ પૃથક્ અગો હોમાવા માંડ્યા, યજમાન અને યજમાનપત્ની બન્ને વેદીની આગળ આવીને ઉભાં રહ્યાં; બ્રાહ્મણો યજ્ઞાશ્વના પ્રત્યેક અગો, મંત્ર ભણી ભણીને હોમાવવા લાગ્યા મહારાજા જનમેજયની પટ્ટરાણી અત્યંત સૌન્દર્યનો ભડાર હતી અશ્વમેધ યજ્ઞની યજ્ઞવિધિ એવો છે કે, યજ્ઞાશ્વને વધ કરવા પહેલા પણ તેના સર્વ અવયવો, જેવા કે પાદ, ગુલ્ફ, ઉરુ, જંઘા, કટિ, ગુદા, ગુહ્યેન્દ્રિય, નાભિ, ઉદર, હૃદય, કઠ, મુખ, શિર, કર્ણ, નાસિકા ઇત્યાદિ સર્વ અગોનો ન્યાસ (અગશુદ્ધિ) યજમાનપત્નીને હાથે જ કરાવવો જોઇએ આવો શાસ્ત્રમા વિધિ છે હોમકર્મ સમયે યજમાનપત્ની પોતાના કોમલ હસ્તવડે અશ્વનાં તે તે અગોનો સ્પર્શ કરીને મત્રવડે તેને શુદ્ધ કરે છે. એ વિધિ પ્રમાણે આ અશ્વને પણ જનમેજયની પટ્ટરાણીને હાથે ન્યાસ કરાવવા માડ્યા ને જ્યારે અશ્વની ગુહ્યેન્દ્રિયને હાથ અડકાડવાનો સમય પ્રાપ્ત થયો, ત્યારે પેલા વરુણીમા વરેલા સર્વ બ્રાહ્મણો, તે ક્રિયા જોઇ પરસ્પર નેત્રની સજ્ઞાથી મશ્કરી કરવા લાગ્યા આ જોઈ જનમેજયને ક્રોધ ચઢ્યો તો ખરો, પણ તેણે ક્રોધનુ શમન કરી, બ્રાહ્મણોને એક શબ્દ પણ કહ્યો નહિ; કેમ કે ન્યાસ કરાવવા, એ આવશ્યક કર્મ છે અને ગુહ્યેન્દ્રિય તો અશ્વનુ મુખ્ય અગ છે, તેથી તેને અડક્યા વગર ચાલે એમ નહોતું, તેથી રાજા બ્રાહ્મણોને પણ શુ કહી શકે? રાજા મૌન ધરી રહ્યો, પણ જ્યારે તે અશ્વનો વધ કરવા પછી તેના જૂદા જૂદા અગો યજ્ઞમા હોમવાનો વખત આવ્યો, ત્યારે દ્વૈતભાવને વશ થયેલા ભૂદેવોના હૃદયમા અન્યભાવ પ્રગટ થયો બીજા કેટલાક અગો હોમ્યા પછી ગુહ્યેન્દ્રિય હોમવાનો સમય આવ્યો, ત્યારે રાણી, બન્ને હાથ પસારી આગળ આવી ઉભી રહી, ને તેના હાથમા અશ્વની પૂજા કરેલી ગુહ્યેન્દ્રિય મૂકવામા આવી! રાણી નવયૌવના, સૌંદર્યની મૂર્તિ—લાવણ્યવતી, મુગ્ધાવસ્થામા હતી, તેના હાથમા સૌના દેખતા અશ્વલિંગ જોઇ, પેલા વરુણીવાળા, યજ્ઞનુ માહાત્મ્ય ન સમજનારા અઢારે મૂઢ બ્રાહ્મણો, ખડખડાટ હસી પડ્યા અને તે જોઈ બીજા સર્વના મોઢા ખુલ્લા થઈ ગયા! હે વિશાલકેતુ! તુ જાણે છે કે, આવે સમયે આવો પ્રસગ જોઈ, આવેલુ હસવુ કેમ દાબ્યું રહી શકે? બ્રાહ્મણો હસવામા રોકાયા, તેથી ઘણીવાર

સૂધી તેમનાથી મન્ત્રોચ્ચાર પણ થઈ શકચો નહિ, અને જ્યારે મન્ત્ર ન ભણાયો ત્યારે તે વગર રાણી, તે ઇન્દ્રિયઅંગ કેવી રીતે હોમી શકે? તેથી લાજાળ રાણી, તે અગને પકડીને જ કેટલીકવાર સૂધી ઉભી રહી જનમેજયના મનમા ક્રોધ તો આગળથી જ ભરાઈ રહ્યો હતો, તેમા વળી આ નવીન પ્રસંગ બન્યો, તેથી અગ્નિમાં ઘી હોમાયા સમાન જ થયું! રાજાના ક્રોધનો કંઈ પાર રહ્યો નહિ. તેના નેત્ર લાલચોળ થઈ ગયા, ભ્રુકુટી ઊંચી ચડી ગઈ અને રોમે રોમે ક્રોધાગ્નિ વ્યાપી રહ્યો. તેથી તે આવેશમા જ એકાએક બોલી ઉઠયો; "અરે! આ દુષ્ટ બ્રાહ્મણોને શું કરુ? તેઓ મારી સ્ત્રી-રાજપત્નીની હાંસી કરે છે! ઠીક મારી પાસે આ ક્ષણે જો ચક્ર હોત તો હું એ અઢારે જણનો આ જ ક્ષણે શિરચ્છેદ કરત!" એટલુ કહેતામા જ, તે પ્રતાપી રાજાના બોલવાથી, તે બ્રાહ્મણોની આગળ પડેલા ચક્રના આકારના (તરભાણા છીબા વગેરે) યજ્ઞપાત્રો ગતિને પામ્યા ને ફટોફટ જમીનઉપરથી ઉછળી, ચક્રરૂપ થઈ, તે પ્રત્યેક બ્રાહ્મણના ગળામા વાગ્યા, અને જોતજોતામાં તે સઘળા બ્રાહ્મણોના મસ્તકો જમીનપર તૂટી પડ્યા સર્વત્ર હાહાકાર વર્તાઈ રહ્યો અહો! ઘડીમા શું હતું અને શું થઈ ગયુ? ક્રોધ આવો વિનાશકારક છે, અને ભાવી કેટલુ બળવાન્ છે તેનો તુ વિચાર કર તુરત જ સૌ લોકો ધિક્કાર સાથે જ્યારે રાજા તરફ જોવા લાગ્યા, ત્યારે તે મહાકુષ્ઠરોગી જણાયો તેના શરીરમાથી રક્ત ગળે છે, અગમા ચાંદાં પડેલા છે, પરુ વહે છે, એવી રીતે તેના શરીરે અઢાર પ્રકારનો દુ ખરૂપ કોઢ ઉપડી આવ્યો છે ને તે ત્રાહિ ત્રાહિ પોકાર કરતો સર્વની દૃષ્ટે પડ્યો. અહા! શુ ભવિષ્ય? શી ઈશ્વરની ગહન ગતિ? લોકો તેને બ્રહ્મહત્યારો, પાપી, દુષ્ટ, કોઢીઓ વગેરે કહેવા લાગ્યા ને તેની અનેક પ્રકારથી નિંદા કરવા મંડી પડ્યા.

પછી જેમ તેમ કરી, બીજા બધા ઋત્વિજ આદિ બ્રાહ્મણોએ મળી યજ્ઞની સમાપ્તિ કરી ને સર્વે સ્વસ્થાન પ્રત્યે વિદાય થઈ ગયા રાજા કુષ્ઠરોગી થયો, એટલે તેના સગાવહાલા-આખું કુટુમ્બ અને વહાલામાં વહાલી સ્વરૂપસુંદરી તેની પટ્ટરાણી, કે જેને માટે તેને ક્રોધ ચઢયો હતો, અને જેને પરણવાથી તે આ અપાયમા પડ્યો હતો, તે સઘળાઓને, તે હવે ઝેર જેવો અળખામણો થઈ પડ્યો! કોઈ તેની પાસે જાય નહિ, પ્રીતિ કરીને બોલાવે નહિ, પણ કરે શું? તે રાજા હતો, તેથી પરાણે પણ તેની આજ્ઞામા રહેવુ પડતુ હતું. માત્ર તારા જેવો એક તેનો

સત્યવાદી અને સદ્‌ગુણનું પાત્ર, એવો પ્રધાન હતો, તે વારંવાર તેની પરિચર્યામાં હાજર રહેતો હતો. તે રાજાને કશી વાતની અડચણ પડવા દેતો નહિ. રાજાને શ્રીવેદવ્યાસ ઋષિએ કહ્યું હતું કે, આ કુષ્ઠ રોગનો ઉપાય મહાભારતનું શ્રવણ કરવું એ જ છે ને તે પૂર્વોક્ત સત્પાત્ર બ્રાહ્મણની પાસેથી જ શ્રવણ કરવાનું હતું, તેથી તેણે પોતાના પ્રધાનોદ્વારા જેનાં હસ્ત વાણી આદિ દગ્ધ નહિ થયાં હોય તેવા* બ્રાહ્મણની શોધ કરાવી તેવો બ્રાહ્મણ મહાતેજસ્વી મુનિ વૈશમ્પાયન, કે જે શ્રીવેદવ્યાસ મુનિના શિષ્યોમાં મુખ્ય હતો તેને તેડાવી, સાષ્ટાંગ પ્રણિપત કરી, મહાભારત શ્રવણ કરાવવાની જનમેજયે વિનતિ કરી મુનિએ કહ્યુ, “હે રાજન્! આ મહાભારત ઇતિહાસ શ્રીવેદવ્યાસ પ્રણીત છે, તે પરમ સત્ય અને મોક્ષપ્રદ છતા અતિ અદ્‌ભુત છે, તેના સત્યપણામા તારે કોઈ પણ વાતની શકા કરવી નહિ નહિ તો તારા પાપનો પૂરો નાશ થશે નહિ!” તે પછી મુનિની તે વાત માન્ય કરી, જનમેજયે કથા સાભળવા માડી આટલુ તો પ્રસિદ્ધ જ છે કે, શ્રીમહાભારતની અદરના ઘણાક ઇતિહાસો અતિ આશ્ચર્યકારક અને અસભવિત સરખા ભાસે છે, પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતા તેમા પૂરેપૂરુ સત્ય તત્ત્વ સમાયેલુ છે, તેમા અતિશયોક્તિ ભરેલુ કે મિથ્યા વચન એકે નથી. પણ ભવિષ્યમા જે નિર્માણ થયેલુ છે, તે કોટી પ્રયત્ને પણ ટળે એમ નથી વૈશમ્પાયન મુનિના સત્ય વચનપર જનમેજયને પૂરેપૂરો વિશ્વાસ રહ્યો નહિ મહાભારતના આદિ પર્વથી માડીને અનુક્રમે છ પર્વો તો મુનિએ તેને સભળાવ્યા તેમા કશી શકા થઈ નહિ રાજા જેમ જેમ પર્વો સાભળતો ગયો, તેમ તેમ તેનો એક એક જાતનો કોઢ મટતો ગયો. એમ સત્તર જાતના કોઢ મટ્યા, પણ સાતમા પર્વમા તેને શકા થઈ હતી. તેથી એક જાતનો કોઢ રહ્યો કથામા એમ આવ્યું કે, “ભારતના યુદ્ધમા ભીમસેને અત્યત પરાક્રમ કર્યું હતુ, ભીમે શત્રુના સૈન્યના હાથીઓને પગેથી પકડી પકડી ફેરવી ફેરવીન આકાશમા એવા બળથી ફેંકી દીધા હતા કે જેમાના ઘણાક હસ્તીઓ હજુ પણ ગગનમા વાતાવરણની અંદર ભ્રમણ કર્યા જ કરે છે, પણ નીચે પડવા પામતા નથી!” આવું આશ્ચર્યજનક વચન જનમેજયથી સત્ય મનાયું નહિ, તેથી તે બોલ્યો, “અહા! મુનીશ્વર! આપ એ

---

* દાન આદિ પ્રતિગ્રહ લેવાથી હાથ દગ્ધ થાય છે, અને અસત્ય અરુચિકર, અયોગ્ય વગેરે ભાષણ કરવાથી જિહ્વા—વાણી દગ્ધ થાય છે, અર્થાત્ ભ્રષ્ટ થાય છે, ને તેવા મનુષ્યમા કાઈ તત્ત્વ કે પરાક્રમ રહેતુ નથી.

શું કથન કરો છો ? એ તો એટલી બધી અસંભવિત વાતો છે કે, સાધારણ બુદ્ધિના મનુષ્યથી પણ એ વચન સત્ય મનાય તેમ નથી, તો મારા જેવા બુદ્ધિમાનથી તો તે કેમ જ સત્ય મનાશે?" મુનિએ કહ્યું; 'હે રાજા! એ સર્વથા સત્ય છે અને પુનઃ પુનઃ કહું છું કે, એ સત્ય જ છે; એમા શંકા કર નહિ; નિકર તારો કોઢ એમનો એમ જ રહી જશે. હું અદ્યાપિ પર્યંત અસત્ય બોલ્યો નથી અને બોલીશ પણ નહિ; પણ સ્મરણમા રાખ કે, તારું ભવિષ્ય તને ભમાવે છે, માટે હે મૂઢ! મનવડે ચેત, અને મૌન ધર!" "મહારાજ! કોઢ બાકી છે તેથી બેવડો ભલે થાય, પણ એવી અસત્ય વાતને હું સત્ય માની લેઉં ને અસત્યને સમત થાઉં તેમ નથી!" એમ રાજાએ આગ્રહપૂર્વક કહ્યુ, ત્યારે ફરી ફરીને ઋષિએ રાજાને સમજાવ્યો, છતા પણ રાજાએ ન માન્યુ, ત્યારે ક્રોધ ચઢવાથી ઋષિ બોલ્યા, "દુષ્ટ ગર્વિષ્ઠ! રાજમદમા છકેલા! તુ નથી માનતો તો આ પ્રત્યક્ષ પ્રમાણથી જો; હું તને બતાવું છું" એમ કહી ઋષિ સભાની મધ્યે પદ્માસન વાળી બેઠા ને યોગબળવડે સમાધિ ચઢાવી, આખા બ્રહ્માડના વાયુનું રુધન કર્યું. પળ વિપળ થતા તો સર્વ જગત્ ત્રાસ પામવા માડ્યુ. અન્ન કિંવા ભક્ષ્ય પદાર્થ ન મળે તો પ્રાણી કેટલાક દિવસો કાઢી શકે છે; જળ ન મળે તો કેટલાક પ્રાણી કેટલાક પ્રહર જેમ તેમ કરીને પણ ગાળી શકે છે, પરતુ સર્વ જીવન જે વાયુ, તે જો ક્ષણભર ન મળે તો કોઈ પણ પ્રાણી થોડીક પળ કરતા પણ વધારે વાર રહી શકતુ નથી એવો વાયુ, આ સમયે સર્વત્ર બંધ થયો, ત્યારે પ્રાણી માત્ર આકુળવ્યાકુળ થવા લાગ્યા પછી મુનિએ પાછુ રુધન કરેલા વાયુનુ આકર્ષણ કર્યું, એટલે એક અર્ધ ઘટિકામા તો આકાશ માર્ગેથી અનેક હસ્તીઓના પ્રચણ્ડ શરીરોના ખોખા ધડોધડ, કોઈના ઘર ઉપર, કોઇના ચોકમા, કોઈના આગણામા ને ખુદ જનમેજયના સભામંડપમાં પડવા માડ્યા આ જોઈ અત્યત આશ્ચર્ય પામી રાજા વારવાર પોતાના દુરાગ્રહની ક્ષમા માગતો ઋષિના ચરણમા પડ્યો. અનેક પ્રકારે સ્તુતિ કરવાથી મુનિએ સમાધિ ઉતારી, વાયુને મુક્ત કર્યો પછી રાજાએ ગમે તેટલું માન્યું કે, "મહારાજ! આપે જે જે ઇતિહાસો કહ્યા, તે સર્વથા સત્ય જ છે અને મેં મૂઢે આપના વચનપર મિથ્યા આશંકા કરી છે, મારુ સર્વથા રક્ષણ કરો!" પણ તેથી વળે શુ? સત્તર પ્રકારના કોઢ મટ્યા, પણ એક પ્રકારનો કોઢ તો તેના શરીરમા રહ્યો જ પછી મુનિએ તેને સમજાવ્યો કે, "ભાઈ, એમા તું શું કરે? તારો યત્કિંચિતે દોષ નથી! તારુ ભાવી એ જ

છે! ભાવી હરકોઈ પ્રકારે પોતાનો ભાવ ભજવે જ છે; તે કોઇથી કોઈ પણ ઉપાયે હરગીજ ફેરવી શકાતું નથી." એ પ્રમાણે તેની આશ્વાસના કરી, મહાભારતનાં બીજા પર્વો સભળાવી મુનિ સ્વસ્થાન પ્રત્યે ગયા ને રાજા વિમાસણ કરતો જ રહ્યો. માટે હે પ્યારા સચિવ! ભાવી ટાળવા માટે કંઈ પણ યત્ન કરવો, એ આકાશકુસુમની પ્રાપ્તિ માટે કરેલા યત્નની બરાબર છે."

આ વૃત્તાંત સાભળી વિશાલકેતુએ કહ્યુ, "કૃપાનાથ! આપનુ કહેવુ યથાર્થ છે અને તે માત્ર આપના કહેવાથી જ નહિ, પણ પ્રત્યક્ષ રીતે અનુભવી ચૂક્યો છુ મહારાજાધિરાજ! આપના કુવરના આયુષ્યનું ભવિષ્ય આપે કોનાથી અને કેવી રીતે જાણ્યુ હતું?" મત્રીનુ એ વચન સાભળી યજ્ઞભૂએ ક્ષણવાર વિચાર કરીને કહ્યુ; "પ્યારા વિશાલ! એ વાત હું અદ્યાપિ પર્યન્ત કોઇને કહેવાનો પણ નહોતો, પરતુ તુ પરમ ભગવદ્-ભક્ત, સત્યવાદી અને મારો વિશ્વાસપાત્ર છે, સાથે જિજ્ઞાસુ પણ છે, તો તારી આગળ એ વૃત્તાત સવિસ્તર પ્રકાશ કરીશ. હું એ એટલુ જ નહિ, પણ એવા બીજા અનેક ભવિષ્યો જાણું છુ પણ તે તને જણાવવા માટે મારે મારો પૂર્વનો સઘળો ઇતિહાસ તારી આગળ વર્ણવવો પડશે. તે સહજ વિસ્તીર્ણ હોવાથી એક જ દિવસે પૂરો નહિ થાય, માટે પ્રતિદિન નિયમપૂર્વક થોડો થોડો તું સાભળજે"

એ પ્રમાણે મહારાજા યજ્ઞભૂની આજ્ઞા થવાથી પ્રતિ દિવસે પ્રાત -કાળના પોતાના નિત્યાહ્નિકથી પરવારી, રાજસભાના સમય પહેલા વિશાલકેતુ, યજ્ઞભૂ આગળ જતો અને આનદપૂર્વક તેમના વચનામૃતનુ પાન કરતો હતો.

યજ્ઞભૂએ કહ્યુ,–"હે વિશાલ! હું બલિભક્ષ નામના મારા પ્રતાપી પિતાનો પુત્ર છુ. મારા ધર્માત્મા પિતાને છેક છેલ્લી અવસ્થામા માત્ર હું એક જ પુત્ર પ્રાપ્ત થયો હતો તેથી તેઓ મારા પર બહુ પ્રેમ રાખતા હતા. મારા પરના તેના અનહદ પ્રેમનો હું બદલો વાળી શકું તે તો વાત હજુ ઘણી છેટે રહી હતી, પણ હું ઉછરીને પાચેક વર્ષનો થઈ મારા કાલાકાલા શબ્દોવડે અને મનોહર આકૃતિવડે તેને આનંદ પમાડી શકુ તે પહેલા જ, તેઓ સ્વર્ગલોકમા સિધાવ્યા! હું વદન બાળક છતાં પણ પિતાજીના મત્રીઓ ઘણા સાત્વિક અને સ્વામિભક્ત હોવાથી તેમણે મને રાજ્યપદપર અભિષેક કરી, રુડી રીતે રાજ્ય ચલાવવા ધાર્યું પણ પિતૃ-ચરણના મૃત્યુ પામવાનો લાગ સાધી, આ રાજ્યનો પરાપૂર્વનો કટ્ટો શત્રુ રાજ્યપર ચઢી આવ્યો અને સર્વ અમાત્યો વગેરેને પરાજિત કરી, તેણે

આ દેહે માનેલું મારુ રાજ્ય સ્વહસ્તગત કરી લીધું. આ સમયે મારી માયાળુ માતુશ્રી મને લઈ મારા માતુલપક્ષમા જઇને રહી. ત્યાં રૂડી રીતે પાળીપોષી મને મોટો કર્યો યોગ્ય વયે પહોંચવા આવ્યો, એટલે મારા મામાએ સત્યદેવ નામના મહાપ્રતાપી ગુરુ પાસે અધ્યયન કરવા મને મૂક્યો. આ મહાત્મા ગુરુ બ્રહ્મનિષ્ઠ–તત્ત્વવેત્તા હતા. મારા સિવાય તેની પાસે બીજા અનેક શિષ્યો વેદ, વ્યાકરણ, ન્યાય, મીમાસા, સાખ્ય વગેરે શાસ્ત્રોનો પૃથક્ પૃથક્ અભ્યાસ કરતા હતા. કેટલાક ક્ષત્રિયપુત્રો ધનુ-ર્વિદ્યાનો અભ્યાસ કરતા હતા. બીજા કેટલાક જ્યોતિષ્, કેટલાક વૈદ્યક ને કેટલાકો શિલ્પશાસ્ત્ર શિખતા હતા. પણ તે સૌ કરતા વેદાતશાસ્ત્રનુ અધ્યયન કરનારા શિષ્યોનો સમુદાય તેને ત્યા મોટો હતો એ ગુરુદેવ, સર્વ શાસ્ત્ર સપૂર્ણ રીતે પોતે એક જ સમયે જાણતા હતા તેથી સાક્ષાત્ સર્વજ્ઞ (ઈશ્વરતુલ્ય જ) હતા, એમ કહ્યા વગર મારાથી રહેવાતું નથી તેની પાસે હું સપૂર્ણ ધનુર્વેદ શિખ્યો ને તેના ચરણની કૃપાથી મને તે ફલીભૂત પણ થયો પરતુ એક વાતે મારી જિજ્ઞાસા તેની કનેથી તૃપ્ત થઈ નહિ હું ધનુર્વેદ શિખતો તે સમયે જ મારા ગુરુના મુમુક્ષુ (મોક્ષની ઇચ્છાવાળા–તત્ત્વેચ્છુ) શિષ્યો પણ પાઠ લેતા હતા. એટલુ જ નહિ, પણ બીજા વિષયો શિખનારાને પૃથક્ પૃથક્ પાઠ આપી દઈ, પછી બાકીનો સઘળો સમય નિરતર વેદાતની જ ચર્ચા તેના આગળ ચાલતી હતી હું જલદીથી મારો પાઠ સમજી લઈ આ ચર્ચા સાભળતો. સર્વ વિષયો કરતા મને તેમા વધારે આનદ થતો હતો પણ ગુરુની આજ્ઞા, 'વિદ્યાર્થીએ પોતાનો ચાલતો વિષય સપૂર્ણ ભણી રહ્યા સિવાય બીજા કોઈ પણ વિષયમા કદી મન લગાડવુ નહિ' એવી હોવાથી, વેદાંતની ચર્ચા ચાલતી તે હું, ગુરુથી ગુપ્ત રહી સાભળતો હતો અને કદાચ તેમ કરતાં ગુરુજીની દૃષ્ટિ મારાપર પડી કે, તુરત તે સાભળવું પડતું મૂકી મારે ઘેર ચાલવા માડતો હતો. એક વિષય સપૂર્ણ કર્યા વિના બીજામા ચિત્ત લગાડવા દેવું નહિ, એવો જે ગુરુનો નિયમ હતો, તે ઘણા જ ઉંડા હેતુને લીધે હતો વિદ્યાર્થીનુ મન નિર્મળ આરસી જેવું હોય છે. તેમા કોઈપણ વસ્તુનુ પ્રતિબિમ્બ સ્વચ્છ રીતે પડે છે, તેથી પ્રથમ તો તેને જે જે વિષય જૂએ તેમા આનદ અને ઉમગ ઉપજે છે; પણ પોતાનો ચાલનો વિષય મૂકી બીજામા પ્રવૃત્તિ કરે, ત્યારે તેના મનપર તે બીજા વિષયની છાપ પડી જાય છે ને આગળનો વિષય ત્યાથી જ અટકી પડે

છે. તમાંએ વળી વેદાંતનો પરમ શ્રેષ્ઠ વિષય તો કાચી ઉમરના કે વિદ્યાર્થી જેવા અસ્થિર અને કાચી મનોવૃત્તિના મનુષ્યને શિખવા-જાણવા-વિચારવા યોગ્ય જ નથી. પણ મને તો તે વેદાંતીઓના નાનાં પ્રકારના સિદ્ધાન્તવાક્યો અને **अहं ब्रह्मास्मि** (હું પોતે જ બ્રહ્મ-પરમાત્મા છુ), **तत्त्वमसि** (તું તે (બ્રહ્મ) છે) વગેરે મહાવાક્યો સાંભળીને તેમા અનેક પ્રકારનું કુતૂહલ અને નવીન નવીન આનન્દ ઉત્પન્ન થતો હતો હું પ્રથમ વેદ, વેદાંગો, શાસ્ત્ર વગેરેનું અધ્યયન કરી, રાજાને ઉપયોગી ધનુર્વેદ ભણતો હતો અને તે સંપૂર્ણ થયા પછી મારુ મન વેદાંત વિષયનો અભ્યાસ કરવા માટે જ ઉત્કંઠિત થઈ રહ્યુ હતું પણ મારી તે ઇચ્છા પૂર્ણ થઈ નહિ હું ધનુર્વેદ સંપૂર્ણ ભણી રહ્યો, ત્યારે મારા ગુરુજીએ મારા મામા તથા બીજા અનેક રાજાઓ અને ઋષિઓને આમન્ત્રણ કરી, મારી પરીક્ષા કરવા માંડી. સર્વ પ્રકારના અસ્ત્રો (ફેંકી મારવાના આયુધ) અને શસ્ત્રો (હાથમા પકડ્યા પકડ્યા ઘા કરવાના આયુધ), મુક્ત, અમુક્ત, મુક્તામુક્ત ને મન્ત્રમુક્ત વગેરે સર્વ પ્રકારના શાસ્ત્રના મત્રો ને તેની ક્રિયાઓ, મારેલા આયુધને પાછા ખેંચી લેવાની ક્રિયા, યુદ્ધ સમયે રાખવી જોઇતી સર્વ પ્રકારની ચાતુરીઓ, સર્વ પ્રકારની સૈન્ય રચનાના વ્યૂહો, અશ્વ, ગજ, રથ ઈત્યાદિ વાહનોપર રહી યુદ્ધ કરવાની કળાઓ, આકાશ માર્ગે રહી યુદ્ધ કરવાની અદ્ભુત શક્તિઓ, વગેરેમા સર્વ પ્રકારે હું તેઓ સમક્ષ પરીક્ષોત્તીર્ણ થયો. પછી મારાપર અતિ રાજી થઈ મારા માતુલે ગુરુને યથાશક્તિ ગુરુદક્ષિણા આપી તે પછી જ્યારે વેદાંતમાર્ગમા પ્રવૃત્તિ કરવાને હું તૈયાર થઈ ગયો, તેવામા જ મારા ગુરુનો મારે સદાને માટે વિયોગ થયો તેઓ ઘણા વૃદ્ધાવસ્થાએ પહોંચેલા હતા અંત્યાવસ્થા સમીપમા આવેલી જોઇને કોઈ તીર્થસ્થાનમા જઈ નિવાસ કરવો, એવા વિચારથી બદરિકાશ્રમ પ્રત્યે જવાને તૈયાર થયા. કેટલાક શિષ્યો પણ તેની સાથે જવા માટે તત્પર થયા સર્વ ભેગો હું પણ તત્પર થયો પરંતુ મારી માયાળુ માતુશ્રીએ અને મામાએ મને કોઈ પણ રીતે ગુરુ સાથે જવાની આજ્ઞા આપી નહિ માતુશ્રીએ કહ્યું; 'હે પુત્ર! તું હવે ઘણીએ વિદ્યા ભણ્યો છે તે સર્વ વિદ્યાનો એક વખતે પૂરો ઉપયોગ કીધા વિના બ્રહ્મવિદ્યા (વેદાંત) ભણવાને તને હું આજ્ઞા આપીશ નહિ. તુ ક્ષત્રિયપુત્ર છે, વીર્યવાન્ છે, પણ નિરાધાર છે ને પરાશ્રિત છે, તે છતા તને અંત:કરણમા જરાએ વૈર વસતું નથી, કે ક્ષત્રિયપણાનુ અભિ-

માન આવતું નથી એ શું? તું કેમ વિચાર કરતો નથી? હમણાં તારી કેવી સ્થિતિ છે? તારુ ઘરબાર ક્યાં છે? તું રાજપુત્ર છતાં રાજ્ય તો શું, પણ એક નાનીશી ઝુંપડી પણ તારે સ્વતંત્ર રહેવા માટે તારા વતનમા નથી તું હમણાં ક્યા છે? કોનુ અન્ન ખાય છે? તારા પિતાની શી ગતિ થઈ છે? તેનું તને કંઈ પણ સ્મરણ થાય છે? એ સઘળી વાતનું તું સ્મરણ કર તારા પિતાને મારનાર શત્રુપર વૈર લઈ, તારી સ્વભૂમિને પાછી સ્વાધીન લે ક્ષાત્રધર્મમા પ્રવૃત્તિ કર! જો કે માના જણ્યા ભાઈને ત્યા હું રહું છુ, તોપણ પરતન્ત્રપણે પડી રહેનારી જે હું, તેને રહેવાને તથા પોષણ કરવાને યોગ્ય વસ્તુ તથા સમય સંપાદન કર, પિતાના કરતા પણ અધિક વિસ્તારવાળા રાજ્યનો અધિપતિ થા, હાથ નીચે ઘણા વિચક્ષણ વિશ્વાસુ મન્ત્રીઓ અને હય, ગજ, રથ ઈત્યાદિવાળી મોટી ચતુરંગિણી સેના મેળવી મસ્તકપર છત્ર ધરાવ, અને એક વખતે આ ભૂમંડળમા 'શ્રીમાન્ ચત્રભૂ મહારાજાધિરાજનો જય' એવો સર્વત્ર ડંકો વજડાવી, મારા હમ્મેશના બળતા અંતઃકરણને શીતળ કર પછી તારી ઇચ્છામાં આવે તે સ્થળે અને ઇચ્છામા આવે તે કાર્ય માટે, 'ઇચ્છિત સમયે જવાને હું હર્ષપૂર્વક આજ્ઞા આપીશ.' આવા શૂર ચઢાવનારા, શત્રુઓપર ક્રોધ અને દ્વેષ ઉત્પન્ન કરાવનારા અને રાજ્યસંપાદન કરવાની પૂર્ણ લાગણીને જન્મ આપનારા માતુશ્રીનાં વચન સાભળી, મેં તુરતને માટે ગુરુજી સાથે બદરિકાશ્રમ જવાનું માડી વાળ્યુ

"હે પ્રિય વિલાસ! જો કે મારી માતુશ્રીના પ્રતિબંધથી હું ગુરુજી સાથે જતો અટક્યો. તોપણ તેથી કંઈ પરબ્રહ્મને શોધવાની–જાણવાની મારી પ્રીતિ કિંચિન્માત્ર પણ ઓછી થઈ નહિ, પણ ઉલટું એમ બન્યું કે તેના ઉપદેશથી મને ઉપજેલી રાજ્ય સંપાદન કરવાની લાગણીની સાથે પરમશ્રેષ્ઠ બ્રહ્મવિદ્યા–આધ્યાત્મિકવિદ્યા સંપાદન કરનારી લાગણીના મૂળ પણ વધારે દૃઢતર થયા જેમ કોઈ પુરુષની અત્યંત સૌન્દર્યવતી નવયૌવના સ્વકીયાની સાથે, તેના પતિનો ક્ષણવાર નયનમિલાપ–તારા મૈત્રક થવા ઉપરાંત–જરાકવાર સૂધી, બનેના અંતઃકરણ એકબીજાને સંપૂર્ણ પ્રેમથી મળવાને ઉછળી રહે છે ને હવે ઈશ્વર ક્યારે મનઃકામના પૂર્ણ કરશે, એવી પરસ્પર પ્રેમની વાતો કરયા પછી, તુરત તેનો વિયોગ થાય અને પછી તેઓના મનમા એક બીજાને મળવાને માટે જેવી ઇચ્છા–પ્રીતિ વધતી જાય ને એક બીજાના સ્મરણ કરી, તેઓ જેવા

ઉલ્લાસ અને ભ્રમિતાવસ્થાને પામે, તેવી અવસ્થામાં હું, વેદાંત શાસ્ત્રની પ્રીતિને લીધે આવી પડ્યો. મને વારંવાર એમ સ્મરણ થવા લાગ્યું કે, 'એ વેદાત-પરમ દર્શનનું જ્ઞાન કેવું હશે! અહા! તેનો કેટલોક ઉપર-ચોટિયો સંવાદ અને ઉપરઉપરની વાતચિત સાભળીને મને એટલો બધો આનદ થતો હતો ત્યારે તેને યથાર્થ જાણવાથી કેટલો આનંદ થતો હશે અને તેના નિત્ય ભોગી, સપૂર્ણ અધ્યયન કરીને તેનો અનુભવ લેનારા તથા હું પોતેજ પરમાત્મા (બ્રહ્મ) છુ એમ સમજી તેના પરમ સુખમા મહાલનારાને કેટલો બધો આનદ થતો હશે! વળી આપણે આ પચતત્ત્વના પૂતળાની અવસ્થામા છતા, પોતે જ ઈશ્વર (બ્રહ્મ) છીએ, એમ અત:કરણ કેવી રીતે અને શા પ્રમાણથી તથા શી પ્રતીતિથી કહી શકતુ કિંવા માની શકતું હશે એ ઉપર મારા મનમા ઘડભાજ થવા લાગી મને એની પ્રાપ્તિ ક્યારે થશે? શું હું બ્રહ્મવિદ્યાને માટે નિર્ભાગી જ રહીશ? 'હે પરમાત્મા! હું કગાલપર કૃપા કરો, દયા કરો,' એવા એવા સકલ્પવિકલ્પ થવા લાગ્યા પુન મને વિચાર થવા લાગ્યો 'હું કોણ? ક્યાથી આવ્યો? ક્યા જઈશ? આ જીવાત્મા સસારરૂપ સમુદ્રમા ડૂબી ગયો છે, તેને કેવા જ્ઞાનમા નિષ્ઠા રાખીને ઉદ્ધારવો? પુરુષોત્તમ શું? ક્યા છે? મનુષ્ય દેહ મળ્યા છતા, અને તેમા પણ પુરુષ દેહ પ્રાપ્ત થયા છતા, અને તેમા પણ વિચારશક્તિ આપ્યા છતા, અને તેમા પણ સદ્ગુરુની પ્રસાદી પામ્યા છતા, જે જીવ, મુક્તિના સાધનમા પ્રમાદી રહે છે, તેનાથી વધારે બુદ્ધિહીન બીજો કોણ હશે? આ સંસારરૂપ સમુદ્રને તરવા માટે, મારી શી ગતિ છે? સદ્ગતિનો ઉપાય શું?" એ જાણવા માટે હું બહુ આતુર થઈ ગયો, સસારરૂપ દાવાનલની જ્વાલાઓમા બહુ તપી ગયો ને બ્રહ્માનન્દના રસથી ભરેલા, પવિત્ર ઠડાગાર, પરમાનંદરૂપ, કાનને સુખ આપનારા, સદ્ગુરુના વચનામૃતનું પાન કરવામા બહુ તીવ્રતર લાગણીવાળો બની ગયો. છતા અજ્ઞાનના યોગથી પ્રથમ દેહાદિક અનાત્મ પદાર્થોમા બધન જણાયું, સસાર, રાજપાટ, માતપિતા વગેરે સત્ય મનાયા પણ જ્ઞાનાગ્નિથી દેહવાસનાનું દહન કરવામા એ સર્વ પદાર્થોને તૃણવત્ જોવા લાગ્યો મારુ મન સદા ભ્રમિત સરખુ રહેતુ હતું પરમ પુરુષના બ્રહ્મના જ્ઞાનની પ્રાપ્તિની દૃઢ જિજ્ઞાસાએ મને બીજા સર્વ કાર્યોમા નિ:સ્પૃહ અને કેવળ અસ્વસ્થ બનાવી દીધો આમ કરતા સુમારે છએક માસ ચાલ્યા ગયા એટલામા શ્રીહરિએ મારી દીન વિનતિ ધ્યાનમા લીધી હોય તેવું એક મહદાશ્ચર્ય પ્રાપ્ત થયું

એક સમયે હું મારા એકાંતભુવનમાં આવા જ વિચારોમાં તલ્લીન થઈ, એક તકિયાને અઠેલીને આડો પડ્યો હતો. પ્રાતઃકાળનો દિવસ સુમારે બે એક પહોર થયો હતો. મારાં સર્વ આહ્નિક કર્મ–પૂજન, ભોજન-ક્રિયા વગેરે સર્વથી પરવારી, બે ઘટિકા વિશ્રામાર્થે જ હું પડેલો હતો. કોઈ પણ મનુષ્ય મારી પાસે આવતું જતું નહોતું. આખા મહેલમાં પણ એ સમયે સૌ ખાઈ પી પરવારેલા હોવાથી સઘળે શાંત હતું કોઈ પણ જાતનો શબ્દ કાને પડતો ન હતો, સર્વત્ર સૂમસામ હતું હું પણ કશો શબ્દ કર્યા વગર નિશ્ચેષ્ટ પડ્યો હતો તેવામા મને જરાક પરમાત્મા ને આત્માના વિચારનું ઘેન આવવા લાગ્યુ એક તરફ પરમાત્માનો વિચાર, બીજી તરફ દૈવનો, ત્રીજી તરફ દેહનો ને ચોથી તરફ માયાનો, એવા વિચારના ઘેનમા જાગ્રતાવસ્થામા પડ્યો હતો. મારી આંખ મળવાની તૈયારીમા હતી, છતા હું કંઈ નિદ્રાવશ થયો ન હતો એટલામા એકાએક મને કઈ સ્વપ્ન સરખું દેખાયું. એ સ્વપ્ન સરખુ હતું, પણ સ્વપ્ન તો નહિ જ, કેમકે નિદ્રા પ્રાપ્ત થવાની તૈયારીમા જે કઈ સાભળવામાં કે જોવામા આવે છે ને આપણું મન નિદ્રાને ચેંહાતું હોવાથી તે વસ્તુપર સપૂર્ણપણે લાગેલું ન હોવાને લીધે સ્વપ્ન સરખુ ભાસે છે, પરતુ તે સ્વપ્ન નથી હોતું, પણ ચેતનબળની ક્રીડા હોય છે તત્ક્ષણે એક અત્યંત તેજસ્વી અને સૌન્દર્યનો ભડાર, દ્વિભુજા સ્ત્રીએ એકાએક મારા એકાત-ગૃહમા પ્રવેશ કીધેલો મેં જોયો તે સ્ત્રીના તેજ અને સ્વરૂપથી મારા નેત્ર અંજાઈ ગયા તેની અદ્ભુત કાંતિ અને વિચિત્ર સ્વરૂપ જોઈને મને લાગ્યુ કે, એ કોઈ પરમાત્માની અલૌકિક શક્તિ હશે, તેથી તેના ઉપર મને સ્વાભાવિક રીતે જ માતૃભાવ ઉત્પન્ન થયો અને 'અહો મહામાયે ! તું કોણ છે, અને શા અર્થે અત્ર પધારવાની કૃપા કરી છે ?' એટલા શબ્દો હું તેને કહેવાનો વિચાર કરતો હતો, તેની પૂર્વે તો તે દેવી ઝપાટાબધ મારી તરફ ચાલી આવી અને લાગલો મારા મસ્તક-પર હાથ મૂકીને, 'વત્સ ! તારુ કલ્યાણ થાઓ, તું કશી પણ ચિંતા કરીશ નહિ, હું તારી મન કામના પૂર્ણ કરુ છુ !' એટલુ બોલી ચડપ દેતો કે, તેણે મને, જેમ મા બાળકને બને હાથમા ઉપાડે છે તેમ, હાથપર આડો ઉપાડી લીધો. આવી મારી અવ્યવસ્થિત સ્થિતિમાં જ તે મને પોતાની દિવ્ય શક્તિવડે ઉપાડી, સડસડાટ જેવી આવી હતી તેવી પાછી ચાલી ગઈ. આ સમયે મારી વાચા બધ થઈ ગઈ હતી, જેથી હું ચૂ કે ચા કશુંએ

કરી શકયો નહિ. તે મહેલમાથી બહાર નિકળીને તુરત આકાશમાર્ગે પડી. તેણે એટલી ઝડપથી ઉત્તર દિશાનો માર્ગ કાપવા માંડ્યો કે, માર્ગમાની કશી વસ્તુનું મારાથી અવલોકન તો શું, પણ દર્શન સુદ્ધા થઈ શક્યું નહિ. તેની ઘણી ઝડપને લીધે મને ફીક આવી ગઈ; અને વાયુ થઈ જવાથી જેમ આંખે અધારાં અને ચક્કર આવે છે, તેમ થવાથી નિરુપાયે મેં મારાં ચક્ષુ મીંચી દીધા. થોડીકવાર થઈ, એટલામા તો તેણે મને (લાગે છે કે) હિમાલયની ઉત્તર દિશાએ આવેલા સુંદર સઘન અરણ્યના, એક સુદર ઘટાવાળા આમ્રવૃક્ષ નીચે મૂકી દીધો. પૃથ્વીનો સ્પર્શ થવાથી મેં ચમકીને આખ ઉઘાડી જોયુ તો મારી દૃષ્ટિએ ભયકર પર્વતો અને સઘન ઝાડીવાળું વિશાળ અરણ્ય પડ્યું એ વખતે મને ઉપાડી લાવનારી શક્તિ કોણુ જાણે કયા અદૃશ્ય થઈ ગઈ હતી, તે પણ હું જાણી કે જોઈ શકયો નહિ. આ વખતે મારા અત.કરણની વિલક્ષણ સ્થિતિ થઈ રહી મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ હું કયા હતો ? કયા આવ્યો ? કયા જઇશ ? શું કરીશ ? એવા વિચારમા મારુ મન બહુ ગભરાઈ ગયું

"ચૈત્ર માસનો સૂર્ય મસ્તકપર આવેલો હતો તાપ પણ સારી રીતે પડતો હતો છતા સર્વત્ર ઠડક હતી. પણ મારુ મન ગભરાટમા હતું, તેથી મને થોડીવારે તૃષા લાગી. તે આમ્રવૃક્ષ નીચેથી ધીરે ધીરે ઉઠી સ્વસ્થ થઈ, પાણીની શોધ કરવા માટે હું પર્વતની એક દિશા પ્રતિ ચાલ્યો થોડીકવાર સૂધી ચારેકોરે નજર કરતો આમ તેમ ફર્યો, એટલામા એક બાજુએ કઇક માર્ગ–પગથી જેવુ મને દેખાયુ તેને આધારે 'જ્યા જવાય ત્યા ખરુ' એવો નિશ્ચય કરીને હું આગળ આગળ ચાલવા લાગ્યો.

"પણ મારો ગભરાટ ક્ષણે ક્ષણે અને ડગલે ડગલે ઓછો થવા માડ્યો બન્ને બાજુના સ્વાભાવિક રીતે ઉગીને વૃદ્ધિ પામેલા અતિ સુંદર વૃક્ષો, કે જેઓ વસતઋતુને લીધે પુષ્પો અને મ્હોરોથી ભરપૂર હતા તથા કેટલાક ફળવાળા પણ હતા, તે જોવાથી મને અધિકાધિક આનદ થવા માડયો. જો કે વૃક્ષો તો આપણે અહીંઆ ઘણાક જોઇએ છીએ, ને તેઓ બહુ આનદ આપનારા પણ હોય છે, પરતુ આ વખતે જે વનલીલા હું જોતો હતો ને તેની અદર જે અનેક જાતના વૃક્ષોની અનેક જાતની શોભા મારી દૃષ્ટિએ પડતી હતી, તે શોભાનુ તો મારાથી વર્ણન થઈ શકતું નથી એ વન તો ખરેખર કોઈ દિવ્ય જ વન હતું મનુષ્યોને તેના દર્શન ભાગ્યે જ થતા હશે. એ માર્ગે ચાલતા મારી તરફ જે સૌગન્ધિક

વાયુનો મઘમઘ બેહદકાટ આવતો હતો, તેવો દિવ્ય પરિમળ પૂર્વે કદી મેં મારી નાસિકા ઇંદ્રિયદ્વારા ગ્રહણ કીધો નહોતો; અને વૃક્ષોપર જે ભાગ્યશાળી પક્ષીઓ (એવા અલૌકિક વનમાં જન્મ પામ્યા માટે ભાગ્યશાળી જ) આનંદમગ્ન થઈ આલાપ કરી રહ્યાં હતાં; અને તે સાંભળી વખતો વખત હું પગલાં ભરતો માર્ગમાં જ સ્થિર થઈ જતો હતો એ વનની ભૂમિ પણ કંઈ ઓરજ તેજસ્વી દીસતી હતી. ક્યાક ક્યાક ઝાડીની છાટમાથી પર્વતોના સુશોભિત શૃંગો દેખાતા હતા, તેથી હું વખતે એમ પણ ભ્રમણામાં પડતો કે, આ સુવર્ણના કિંવા મણિના દેવાલયો તો નહિ હોય? આ સઘળી શોભા નિરખતો અને મારુ સઘળું દુ:ખ વિસરી જઈ તેથી આનદ પામતો હું ચાલ્યો જતો હતો, એવામા એક સુંદર સરોવર દૃષ્ટિએ પડ્યુ તેની ચારે દિશાએ આંબાના તથા વડના વૃક્ષો વિસ્તારવાળી શાખાઓથી તેના તટપર શીતળ છાયા કરી રહ્યા હતા. તેના કિનારાઓ, ઘણા નિર્મળ અને હસાદિક પક્ષીઓથી સુશોભિત થઈ રહેલા હતા. સ્વચ્છ જળની ઉપર નીલ, પીત, શ્વેત અને રક્ત ઇત્યાદિ ભાતભાતના કમળપુષ્પો સંપૂર્ણ વિકાસ પામી રહ્યા હતા આવુ રમ્ય સરોવરનુ જળ જોતા જ, વગર પાણી પીધે, મારી તૃષા આપોઆપ શાત થઇ ગઇ. જ્યારે એ સુદર જળના દર્શનથી મને આટલો બધો આનદ થયો, ત્યારે તેનુ પાન કરવાને હું ભાગ્યશાળી કેમ ન થાઉં, એવા વિચારથી હું તટપર ગયો, ને મ્લાન મુખ પ્રક્ષાલન કરી ખોબો ભરીને જળ પીવા માડ્યું. અહા! પ્યારા સચિવ! એ જળનુ પાન કરતા મને જે આનદ થયો હતો, તેનું હું તારી આગળ શું વર્ણન કરુ? તે સાક્ષાત્ અમૃતથી જ ભરી મૂકેલુ સરોવર હતું. જળ પી તૃપ્ત થઇ, વિશ્રામાર્થે તેના તટપરની આમ્રની ઘટ્ટ છાયામા હું થોડીકવાર બેઠો. પણ એમ ઘણીવાર બેસી રહેવા કરતા આ દિવ્યવનની અધિક લીલા નિરખવાનું મેં વધારે ઉત્તમ ગણ્યું, તેથી હું પાછો ત્યાથી ઉઠ્યો આટલી ઘડી સૂધી તો મને એ વનમા દિશાનુ ભાન નહોતુ, કારણ કે, હું એકાએક ત્યા જઈ પડ્યો હતો. તેમ વળી સૂર્ય મસ્તકપર હતો, તેથી હું દિશા નક્કી કરી શક્યો ન હતો. પણ જેમ જેમ દિવસ નમતો ગયો, તેમ તેમ સૂર્યગતિપરથી મેં સર્વ દિશાઓ નક્કી કરી ને હવે તે સરોવરથી ઉત્તર દિશા ભણી હું ચાલુ છુ, એમ મને લાગ્યુ જેમ જેમ હું આગળ ચાલતો ગયો, તેમ તેમ મને વિશેષ ચમત્કાર દેખાતો ગયો. એવા એવાં તો સુંદર ફલિત વૃક્ષો મારા

જોવામા આવ્યાં કે, જેઓને હું ઓળખી શક્યો નહિ. પૂર્વે કદી કોઈ સ્થળે તેવાં વૃક્ષો મારા જોવામાં આવ્યાં નહોતાં. ત્યાં સુંદર અગવાળા ચપળ કૃષ્ણમૃગો, આમથી તેમ નિર્ભયતાથી વિચરતા–દોડતા–કુદતા હતા તેની તરફથી આવતો વાયુ કસ્તૂરી સમાન સુગંધ આપતો હતો, તેથી તે કસ્તૂરીમૃગો હશે એમ મેં અનુમાન કીધું. એ વિના બીજાં પણ અનેક સુદર પશુઓ ને હસ, કોકિલા, શુક, મયૂર ઇત્યાદિ મનોહર પક્ષીઓને નિરખતો તથા તેઓના નવલ નવલ કુહૂકુહૂ, ટિહુટિહુ, કિલ-કિલ, કલરવ શબ્દોને શ્રવણ કરતો કરતો હું વિચરતો હતો, એટલામા એક ગુફાના દ્વાર આગળ આવી ઉભેલો છુ, એમ મને લાગ્યું

"આ ગુફાના દ્વારમાં બે ચાર દિશાઓથી આવેલા જૂદા જૂદા માર્ગો પ્રવેશ કરતા હતા, ને તેઓપર કહીં કહીં મનુષ્યના પાદચિહ્ન, ભાગાટૂટા દેખાતા હતા મેં ધાર્યું કે, આ ગુફાની અદર કોઇ મનુષ્ય પ્રાણીનો નિવાસ હશે ક્ષણભર થભી શ્રીહરિની ઇચ્છા હશે તેમ થશે, આવો વિચાર કરીને મે તે ગુફાની અદર પ્રવેશ કીધો જેમ જેમ હું આગળ વધતો ગયો, તેમ તેમ પ્રથમ તો અધિકાધિક અધકાર આવતો ગયો પણ તેથી ધૈર્ય ન ત્યજી, બીહીક વગર મેં અદર ચાલવાનું જારી જ રાખ્યુ આગળ ચાલતા એક ચોગાન આવ્યું, જેમા જઈ વચ્ચોવચ ઉભો તો તેમાથી ચારે બાજુએ જૂદા જૂદા ચાર માર્ગો નિકળતા જણાયા પ્રત્યેક માર્ગના મુખ આગળ જઈ નજર કરી જોવાનો મેં યત્ન કીધો, પણ વૃક્ષઘટા ખૂબ ઘાડી હોવાથી દૃષ્ટિ દૂર પહોંચી શકી નહિ આ કારણથી અને મારી મનોવૃત્તિથી દોરા-યલો હોઉં તેમ, બીજો કશો વિચાર ન કરતા જે માર્ગે આવ્યો, તેની જ બરોબર સામે જે માર્ગ હતો તેમા પ્રવેશ કીધો ધીમે ધીમે આગળ ચાલવા માડ્યુ થોડેક દૂર ગયો તો વળી પાછી એક સુદર ખીણ આવી, જે નાના નાના અનેક વૃક્ષોની ઘટાથી ભરપૂર એવા સુદર પર્વતોની હારની બનેલી હતી તેની અદર પ્રવેશ કરવાનો માર્ગ તે પર્વતની ઉપર થઇને જતો હતો તે માર્ગને આધારે હું ઉપર ચઢ્યો આહાહા વિશાલ! આ પર્વત ઉપર ચઢવાથી મને એ વનની જે અપ્રતિમ શોભા દૃષ્ટિ-ગોચર થઈ, તેણે તો મારા મનને આનન્દમા તલ્લીન બનાવી દીધુ એ સઘળુ જોતો જોતો હું પર્વતપરથી ખીણની અદરની બાજુએ નીચે ઉતર્યો, તે વખતે હું જાણે ઇંદ્રના નન્દનવનમા જ આવ્યો છુ, એમ મને લાગ્યું. આખી ખીણ કેવળ ઈશ્વરની અદ્ભુત લીલાથી ભરપૂર હતી. જ્યા જ્યા

દૃષ્ટિ કરી, ત્યાં ત્યાં નવીન નવીન પુષ્પવાટિકાઓ, તુલસીવૃન્દો, કદંબ, આમ્ર, આસોપાલવ ઇત્યાદિ કલ્પતરુ સમાન વૃક્ષો, હારોહાર ઝઝુમી રહ્યાં હતા; નાનાં નાનાં પણ સુંદર કમલપુષ્પોથી ભરેલી સરસીઓ, અનેક પ્રકારના રંગબેરંગી પુષ્પોવાળી વેલીઓ, ચંદનનાં વૃક્ષો વગેરે સર્વ દિશામા આવી રહેલા હોવાથી સર્વત્ર આનંદ, આનંદ અને આનંદ જ છવાઈ રહ્યો છે, એમ જ મને ભાસવા માંડયુ. પછી ચાલતાં ચાલતા છેક મધ્ય-ભાગમાં જઈ પહોંચ્યો. ચોમેર દૃષ્ટિ કરતા ઘાડી ઘટાવાળા આંબાના વૃક્ષ નીચે બેઠેલી એક મહાતેજસ્વી મૂર્તિનાં મને દર્શન થયા છેટેથી પ્રથમ તો મને એમ જ લાગ્યું કે, એ તપાવેલા સોનાનો ઢગલો જ પડ્યો છે પણ જેમ જેમ તેની નજીક જતો ગયો તેમ તેમ એક પરમ તેજસ્વી વિલક્ષણ દિવ્ય સ્વરૂપનુ દર્શન થયું છેક પાસે ગયો તોપણ મને શંકા થઈ કે, શું આ ચૈતન્ય છે કે કેવળ સુવર્ણની બનાવેલી પ્રતિમા જ છે? કશા પણ હલનચલન કે આંખની પાપણ પણ ઊંચી નીચી કર્યા વગર તે ભવ્ય દિવ્ય મૂર્તિ સ્થિરપણે વિરાજિત હતી. આ મૂર્તિને ધારી ધારીને દર્શન કરતા મને કંઇક કંઈક ખબર પડવા લાગી, કે એ ચૈત-ન્યચન્દ્ર મૂર્તિ છે! એક અખંડ કૃષ્ણાજિનપર* તે દિવ્ય શાંત મૂર્તિ વિરા-જેલી હતી. તેણે સિદ્ધાસન વાળેલુ હતું—વલ્કલની કૌપીન વાળેલી હતી, બન્ને હાથ, બન્ને પગના ઉરુઓપર આવી રહેલા હતા; પેનીથી તે શિખા-પર્યન્ત સઘળા અંગો, નહિ ઘણા પુષ્ટ કે નહિ ઘણા કૃશ, એ પ્રકારે સર્વત્ર સરખા સુવર્ણમય રંગથી દીપી રહ્યા હતા; હૃદય વિશાલ, અને બાહુ પ્રચણ્ડ હતા; કંઠ, શંખ સમાન દેખાતો હતો, મસ્તકપર સોનેરી જટાનો આડંબર આવી રહ્યો હતો, વામ સ્કંધપર સુંદર ત્રિરેખાયુક્ત યજ્ઞોપવીત પડ્યુ હતુ એટલો જ માત્ર અલંકાર તેના અંગપર દેખાતો હતો. હૃદય, પેટ, તેમ જ આખા શરીરપરની રુવાટી, સોનેરી રંગની હોવાથી શરીરના રંગની સાથે મળી જવાને લીધે તે છે કે નહિ, એમ વર્તી પણ શકાતુ નહોતું કમળ સમાન નેત્ર, મીંચેલાં અને મુખ બીડેલુ હતું. મુખપર મૂછોના તથા દાઢીના કેશ પણ કંઈ અતિશય વૃદ્ધિ પામેલા નહોતા આટલું છતા તે મૂર્તિનું વય કળી શકાતુ નહોતું આ સઘળા દેખાવ ઉપરથી મેં સહજ અનુમાન કીધું કે, એ પુરુષ કોઈ મહાત્મા ઋષિ હશે પરતુ હું પૂછું

* કાળા મૃગનુ ચર્મ, જેની ખરીઓ, પુચ્છ, શિંગ, મુખનો ભાગ વગેરે સર્વ અંગોનો આકાર દેખાતો હોય તેનુ

પણ કોને? એ આખા વનમા મનુષ્યરૂપે માત્ર મેં એને જ જોયા હતા, અને તે પણ કંઈ શબ્દ કે ચેષ્ટા કર્યા વગર જ શાતપણે બિરાજેલા જોયા હતા તેની બાજુમા એક જળથી ભરેલુ કમણ્ડલુ હતું ને તેના આસનથી દશેક કદમને છેટે, લીલા વૃક્ષોની પોતાની મેળે જ રચાઈ હોય તેવી કુજના જેવી પર્ણકુટી હતી તે પર્ણકુટી અનેક પ્રકારની પુષ્પવેલીઓથી ચારે બાજુએ છવાઈ રહી હતી જરાક આઘો જઇ નજર કરી જોયુ તો તેમા એક પણ વસ્તુ પડેલી દીઠી નહિ. ચારે તરફ વાટિકામા નજર કરી, પાછા વળી તે મહાત્મા તરફ જોયુ, તો મને આગળ કરતા કંઈ વિલક્ષણ સ્વરૂપ દેખાયુ જેમ જેમ વધારે વાર તેની તરફ જોતો ગયો, તેમ તેમ મને તેનાપર વધારે વધારે પૂજ્યભાવ ઉત્પન્ન થતો ગયો અને સ્વાભાવિક રીતે જ મને કંઈ એમ લાગવા માડ્યુ કે, આ આખા વનનું જ નહિ, પણ વિશ્વનું ચૈતન્યરૂપ તાત્પર્ય આ મહાત્મા જ છે. પછી બીજુ કંઈ પણ ન કરવા, હું હાથ જોડી તેની સામે ઉભો રહ્યો સધ્યાકાળ થવા આવ્યો હતો, તેથી સાયંસધ્યા તરીકે ઉઠીને હું દડની પેઠે લાબો પડ્યો, નમસ્કાર કર્યા. પણ જેવા એક, બે ને ત્રણ નમસ્કાર કર્યા ને વળી ઉઠી નમસ્કાર કરવા જાઉં છુ કે, તુરત તે ભવ્ય દિવ્ય મૂર્તિએ ઉંચુ જોયુ, ચક્ષુ ઉઘડ્યા, ને મુખેથી हरये नम हरये नम. એવો ઉચ્ચાર કર્યો હવે મને પરમાનદ થયો મેં પુન પુન. ઉપરાઉપરી બે ત્રણ વાર દંડવત્નમસ્કાર કર્યા 'હું કયા આવ્યો છુ? આ કયુ સ્થળ છે? આપ કોણ છો? મારે હવે કયા જવું? આપ મારાપર કૃપા કરશો?' વગેરે પ્રશ્ન કરવાની શકાઓ મારા મનમા ક્યારની થતી હતી, અને હું અનુક્રમે તે બોલવાનો વિચાર કરતો હતો, પણ તે પૂર્વે મારે એની કંઈક સ્તુતિ કરવી જોઇએ, એવી ધારણાથી કંઈક બોલવા જાઉં છુ, એટલામા તો તે મહાત્મા પોતે જ, જેમ પરોક્ષ રીતે આકાશમા ગભીરવાણી થતી હોય, તેવા મધુરા અને આત્માને આહ્લાદ પમાડતા વચનામૃતોનું પાન કરાવવા લાગ્યા.

"અલ્યા મૃત્યુલોકના માનવી! આ હિમાચલની ઉત્તરે આવેલા અને કોઈ મનુષ્ય પ્રાણીથી પોતાની મેળે પ્રવેશ કરી શકાય નહિ એવા દુર્ગમ્ય, અદ્ભુત અને ઈશ્વરી લીલાથી પરિપૂર્ણ ત્રિવિષ્ટપ પ્રદેશમા તુ આવ્યો તે ઠીક થયુ તું એમ જાણ કે, 'તને તારા મહાલયમાથી અત્ર ઉપાડી લાવનાર યોગમાયા પરમાત્માની દિવ્ય શક્તિ હતી તે તારા કલ્યાણાર્થે જ તને અહીં ઉપાડી લાવી છે તારુ ઇચ્છિત હવે પૂર્ણ થશે. તુ

ચિન્તા મા કર. તને ક્ષુધા લાગી છે, માટે પેલા સામા વૃક્ષની નીચે જઇને બેસ માત્ર આટલું બોલી તે અદ્ભુત મૂર્તિ ત્યાથી ઉઠી અને હું કંઈ બોલું તે પૂર્વે જ, તે પોતે ત્યાથી ક્યાં ગઈ, તે હું જોઈ જાણી કે વિચારી પણ શક્યો નહિ. આશ્ચર્યમાં નિમગ્ન થતો હું, તેણે બતાવેલ નીચે જઇને બેઠો. ત્યાં અનેક પ્રકારના ફળો તથા જળ ભરેલુ કમણ્ડલુ મારી આગળ પડેલુ મેં જોયું મેં સન્ધ્યા વગેરે નિત્ય કર્મ કર્યા પછી યથેચ્છ પ્રકારે મારી ક્ષુધા શાત કરી, કે મારી આગળ તેમાનુ કશું મને દેખાયુ નહિ–મારે હવે તેની ગરજ પણ નહોતી થોડીકવારે ચદ્રનો પ્રકાશ થયો, ત્યારે મને તે મહાત્મા પુન તે વૃક્ષ નીચે બેઠેલા જણાયા એકલા બેઠા ગમતુ નહોતું, તેથી હું તેની આગળ જઈ દડવત્ કરીને બેઠો, ત્યારે તેણે પોતાની મેળે જ વળી બોલવાનો ઉપક્રમ કીધો.

"કેમ યજ્ઞભૂ! તું હવે ચિંતામુક્ત થયો? સાભળ હું કહું તે. જીવ અને બ્રહ્મની એકતાનો અનુભવ લેવામા તારી બુદ્ધિ તત્પર બની છે, તારી પ્રવૃત્તિ નાશ પામી છે, દૃશ્ય પદાર્થપરમોહ નથી, અદૃશ્ય પદાર્થ જાણતો નથી, બ્રહ્મલબ્ધિનું સુખ અપાર, અવધિ રહિત, નિરતરનું છે એમ તને વિચાર થાય છે; કેવી રીતનું ને કેટલુ છે, તે જાણવાનો અધિકારી તું બન્યો છે આ જગત્ શું છે? કયા હતું? ક્યાં વિલીન થશે! જે હમણા તારી દૃષ્ટિમાં ક્રીડા કરે છે, એ શુ છે? એવી ગુચવાડાભરી સ્થિતિમા પડેલો તુ કઈ દેખતો નથી, સાભળતો નથી, જાણતો નથી, પરતુ સદાનદમય, નિત્ય અદ્વિતીય આનદ રસરૂપ, વ્યાપક સ્વરૂપમાં લીન થવાની તારી ઇચ્છા છે તથા કૃતાર્થ થઈ સસારજુડથી મુક્ત થઈ નિત્ય આનન્દરૂપ બનવા ઇચ્છે છે. તેમા પરમાત્માના જ અનુગ્રહથી ભાગ્યશાળી થા. સર્વ પદાર્થોમા અંદર અને બહાર જ્ઞાનરૂપે રહેતો પરમાત્મા–બ્રહ્મ તારુ ભાવી કહે છે કે, 'તું તારા પિતાના મારનારનું વૈર લઈ પશ્ચિમ સમુદ્રથી પૂર્વ સમુદ્રપર્યંત રાજ્ય મેળવીશ, તારી ધનુર્વિદ્યાના પરાક્રમથી તારા સર્વે શત્રુઓ પરાજય પામશે, તારી માતુશ્રીએ તારાપ્રત્યે કહેલા સર્વ વચનો સિદ્ધ થશે અને તને ઘણે કાળે એક પુત્ર થશે પણ તેને તું પરણાવીશ મા, કારણ કે તે યુવાવસ્થામા જ મરણ પામશે. તું પરમ ધર્માત્મા થઇને લાબા કાળપર્યંત નિષ્કટક રાજ્ય ભોગવીશ.' આટલુ સાભળી મારુ મન પૂછવા જતું હતું કે, મારે જે ઇચ્છા છે તે બીજી જ (પરમ આત્માની–પરમ સુખના ધામની–બ્રહ્મજ્ઞાન સંપાદનની) છે, તેટલામા તો તે મહાત્મા બોલ્યા, 'ભો આર્ય! શુણુ વિશેષ

તારી જિજ્ઞાસા મેં જાણી છે. તું અધ્યાત્મ વિદ્યાનો પૂર્ણ જિજ્ઞાસુ અને મુમુક્ષુ છે માટે, આવતી કાલથી પ્રતિદિન પ્રાતઃકાળે એકેક મુહૂર્ત મારી સન્મુખ બેસ અને હું જે જે સિદ્ધાંત વાકયો કહું, તે તે તું શ્રવણ કર. તે પછી સાંજ સુધીનો મારો સઘળો કાળ સમાધિનો છે. સાંજે સહજ સમાધિથી નિવૃત્ત પામી, ફલમૂલાદિ પ્રાશન કરીને વળી પ્રાત કાળ પર્યંત સમાધિસ્થ જ રહું છું હવે સમાધિ કાળ આવી પહોચ્યો છે, માટે પૂર્વના વૃક્ષની નીચે જઈને તું યથેચ્છ શયન કર. અત્ર કોઈ વાતનો તું ભય રાખીશ મા અત્ર દ્રષ્ટા નથી, દૃશ્ય નથી, કર્તા નથી, ભોક્તા નથી, સગ નથી, અત્ર મગળ જ છે. તારું કલ્યાણ થાઓ!' તરત જ હું ઉઠીને પૂર્વ વૃક્ષની નીચે ગયો અને મુનીંદ્ર સમાધિસ્થ થયા

"વૃક્ષની નીચે જઈ મેં વિચાર કીધો કે, 'રે હું કયા સૂઇશ?' કેમ કે, હું રાજપુત્ર હતો ને સાધારણ મનુષ્યો કરતા મેં વધારે સુખમા દિવસો કાઢયા હતા 'અહીં તો કશું વસ્ત્ર કે બિછાનું નથી હશે, ચાલો, આ સુંદર સુકોમલ ઘાસ ઉગેલું છે, તે પર જ સૂઈ રહું!' એમ વિચાર કરુ છુ, એટલામા પાછળ ફરી જોયું તો એક સુંદર તકિયા સહિત બિછાવેલું બીછાનુ તૈયાર પડેલુ હતું તે પર હું સૂતો હવે મને નિશ્ચય થયો કે, 'આ વૃક્ષ સાધારણ નથી, પણ કલ્પવૃક્ષ જ છે, કેમકે હું જે જે ઇચ્છા કરુ છું, તે તે તુરત મને પ્રાપ્ત થાય છે' આખી રાત સુખથી નિદ્રા કરીને પ્રાત કાળને ઝળઝળે હું ઉઠયો, ને તુરત ગઈ કાલે આવ્યો હતો તે જ માર્ગે, ગુફાની બહાર નીકળી, શૌચ, સ્નાન ઇત્યાદિ ક્રિયા કરવા માટે, મેં જેમાથી જળ પીધું હતુ તે સરોવર ઉપર ગયો ત્યા મારુ પ્રાત-કાળનુ સઘળુ કર્મ આટોપીને, તુરત તે મહામુનિએ કહેલે સમયે, ગુફામા જઈ તેની આગળ તત્પર થઈને ઉભો રહ્યો. પછી દડવત્નમસ્કાર કર્યા અને આજ્ઞા થતા, તેની સન્મુખ બેઠો."

પ્રથમ બિન્દુ

જ્ઞાનમાર્ગ

द्वौ क्रमौ चित्तनाशस्य योगो ज्ञानं च राघव ।
योगस्तद्वृत्तिरोधो हि ज्ञानं सम्यगवेक्षणम् ॥
अभ्यासवैराग्याभ્યાં तन्निरोध ॥

અર્થ-હે રાઘવ ! ચિત્તનાશના બે માર્ગ છે યોગ અને જ્ઞાન યોગ એટલે વૃત્તિનો નિરોધ અને જ્ઞાન એટલે સમ્યક્ દર્શન અભ્યાસ અને વૈરાગ્યથી તે (ચિત્ત)નો નિરોધ થાય છે

યજ્ઞભૂ પ્રધાન વિશાળને કહે છે.-બેઠા બેઠા મને વિચાર થયો કે, મુનિને કહું જે, "આપની સેવા કરવાની મને આજ્ઞા કરો" એટલામા તેજ બોલ્યા, "જિજ્ઞાસુ માનવી ! શિષ્યે અવશ્ય ગુરુની ભક્તિભાવ અને પ્રેમપૂર્વક સેવા કરવી જોઈએ તેવડે જ સદ્ગુરુની કૃપા સંપાદન થાય છે. ગુરુની સેવા કરવી, એ શિષ્યનો પ્રથમ ધર્મ છે ગુરુસેવામા આળસ કરનારા શિષ્યને કદાપિ (જો કે ગુરુ, સેવા કરાવવાની ઇચ્છા ન કરતા હોય તોપણ ગુરુસેવા કર્યા વગર) ઇચ્છિત પરા વિદ્યા-સદ્જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી ગુરુ એ સેવ્ય અને શિષ્ય એ સેવક છે ગુરુને કોઈ પણ જાતનો કિંચિત્ પણ શ્રમ ન પડવા દેતા, તેનું ઇચ્છિત કાર્ય કરવુ અને તેને સતુષ્ટ રાખવા, એ તેની સેવા કહેવાય ગુરુસેવા કરનારા શિષ્યને અત્યન્ત લાભ અને સેવાપ્રમાદી શિષ્યને બહુ હાનિ થાય છે"

પૂર્વે હસ્તિનાપુર વિષે નિર્મળયશ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને બે રાણીઓ હતી. જૂની કરતા નવી સ્રીપર વિષયાભિલાષી પુરુષની પ્રીતિ વિશેષ હોય છે, અને તેમાએ વળી આ રાજાને જૂની સ્રીની સાથે કંઈક કારણસર અણબનાવ હોવાથી તેણે તેનો ત્યાગ કીધો હતો. પણ જે વેળા રાજાએ તેને ત્યજી, તે વેળા તે ગર્ભવતી હતી-

ગર્ભને આઠેક માસ થયા હતા અમે તેટલી અણમાનીતી તોએ પણ રાજાની રાણી, એટલે તેને રાજમહેલના એકાતભવનમાં રાખી હતી. પૂરે માસે તેને એક સુંદર પુત્ર જન્મ્યો. પટ્ટરાણીને સતતિ થયા પહેલા, નવી રાણીને એક પછી એક એમ બે બે વરસને આતરે બે પુત્રો થયા હતા ત્રણે રાજપુત્ર મોટા થયા ત્યારે તેમને રાજાએ વિદ્યાભ્યાસ કરાવવા એક ઋષિને આશ્રમે મૂકયા ઋષિ મહાસમર્થ હતા અને એકાતવાસ કરનારા હતા તે પોતાની પાસે ઝાઝા શિષ્યોને રાખતા નહોતા. પરતુ બાળપણથી જ આ રાજાની સાથે તેની બહુ પ્રીતિ હોવાને લીધે, તેણે તેના કુંવરોને અધ્યયન કરાવવાનુ સ્વીકાર્યું હતું ઋષિને કઈ પુત્ર પુત્રાદિ સતતિ નહોતી માત્ર દપતી એકલા જ તાગડધિન્ના કરતા હતા એ તાગડધિન્ના હરિસ્મરણમા પરાયણ રહેવુ તે જ હતું તેઓ સતતિની ઇચ્છા પણ કરતા નહોતા તેમના મનમા એમ જ સિદ્ધ થયુ હતું કે, સતતિ વગેરેનો પ્રપચ, તે આ સસારજાળમા ફસાવી, ભગવદ્ભક્તિમા અતરાય પડાવનાર છે. આમ સ્વત સમજવા છતા મૂર્ખતા કરી તેઓ અપાયમા કેમ પડે? પ્રભુસેવન કરી સતત આનદમા રહેનારા તે ઋષિ તથા ઋષિપત્ની પૂર્ણ વૃદ્ધાવસ્થાએ પહોચવા આવ્યા હતા, અને અપુત્ર હોવાથી આ રાજકુવરોને જોઇને, ઉભય બહુ આનદ માનતાં ને તેમને પોતાની સતતિ સમાન જ ગણતા હતા ત્રણે રાજપુત્રો, જેઓ પરસ્પર સાવકા ભાઇઓ હતા, તેમાના મોટા બેને આ ભગત્સ્વરૂપ ગુરુ, અને લક્ષ્મીસ્વરૂપ ગુરુ પત્નીની કૃપા સપાદન કરવા આવડી નહિ બે મોટા ભાઇઓ નવી રાણીના દીકરા હતા, એટલે તેમની મા, રાજાની માનીતી હોવાથી, સ્વાભાવિક રીતે જ પોતે પણ રાજાના માનીતા હતા તેઓ, અણમાનીતીનો પુત્ર, જેનુ નામ વિમળમતિ હતું, તેની સાથે કદી કદી ક્લેશ કરતા હતા વિમળમતિની મા સુશીલ, પતિવ્રતા, ડાહી અને સાધ્વી હતી તેણે પુત્રને ભણવા મોકલતી વેળાએ કહ્યુ હતું કે, "ભાઈ કુમાર! તારુ કલ્યાણ થાઓ તને સરસ્વતી તથા ગુરુદેવ પ્રસન્ન થાઓ, એવી મારી આશિષ છે. પરતુ તને ગુપ્તમા ગુપ્ત અને સર્વથા હિતરૂપ થઈ પડનારુ એક વચન હું જે કહું છુ, તે કદી વિસરતો નહિ સરસ્વતી (વિદ્યા) સપાદન કરવાનું મુખ્ય સાધન ગુરુની કૃપા એ જ છે, અને તે તેમની (ગુરુ અને ગુરુપત્નીની) સેવા કરવાથી આપોઆપ પ્રાપ્ત થાય છે માટે પુન પુન હું તને એટલુ જ કહું છું કે, તારા અધ્યયન ઉપરાતનો સઘળો કાળ તું તારા ગુરુની સેવા

કરવામાં જ ગાળજે. ગુરુસેવા કરવામાં કદી પ્રમાદ, કિંવા આળસ, કિંવા અનાદર કરતો નહિ. ગુરુસેવામાં પરાયણ થવાથી તને અભ્યાસ કરવાનો સમય ન મળી શકે, તોપણ ચિંતા નહિ પરતુ તું નિરંતર શુદ્ધ મને ગુરુની સેવા કરજે જેમ ગુરુની સેવા વિશુદ્ધ મને કરવાની છે, તેમ ગુરુપત્નીની સેવા પણ વિશુદ્ધ મને જેમ પુત્ર માતાની કરે તેમ, કરવાની છે. ગુરુપત્નીની સેવાનુ કેવુ પરમ ફળ પ્રાપ્ત થાય છે, તેપર એક પુરાતની ઇતિહાસ આ પ્રમાણે છે, તે તું શ્રવણ કર.

"બહુકાળપર ગેરખપુરમા કોઈ બે બ્રાહ્મણોને એકેક પુત્ર હતો. બને સ્નેહી હતા, તેથી વિદ્યાભ્યાસ કરવા કાશીક્ષેત્રમા ગયા એમાં એક બ્રાહ્મણપુત્ર સૂક્ષ્મબુદ્ધિ હતો, બીજો જડમતિ હતો બાર વરસ વિદ્યાભ્યાસ કરવા છતા, જડમતિ કઈ પણ શિખી શકયો નહિ. પણ તે અહોદિત ગુરુ ને ગુરુ પત્નીની સેવાપરાયણ રહેતો હતો જ્યારે સ્વદેશ જવાનો વખત આવ્યો, ત્યારે જડમતિ, ગુરુપત્નીને પગે પડી રડી પડ્યો ને કહ્યુ, 'માતુશ્રી! સૂક્ષ્મબુદ્ધિ દેશમા જઈ, સત્કારને પાત્ર થશે, અને હુ અપમાનને પાત્ર થઇશ કે બાર વરસ સૂધી કાશીમા રહ્યો, પણ જડને જડ જ રહ્યો! માટે, હે માતા! હું દેશમા જઇશ નહિ. પણ અત્રે રહી ગુરુસેવામા જ મારા દેહનો ત્યાગ કરીશ!' ગુરુપત્નીને કરુણા ઉપજવાથી, પોતાના સ્વામીનાથની પ્રાર્થના કરી, જડમતિને નારસિંહ ભગવાનનો મંત્ર અપાવ્યો, તેથી જે જ્ઞાન-વિદ્યા સૂક્ષ્મબુદ્ધિ બાર વર્ષના શ્રમે પ્રાપ્ત કરી, તેવું સર્વોત્તમ જ્ઞાન જડમતિ ગુરુની અદ્ભુત કૃપાથી દિવસના કષ્ટ અને ધૈર્યથી પ્રાપ્ત કરી શકયો ને જગતમાં વરરુચિ નામે વિખ્યાત થયો છે, એવો ગુરુસેવાનો અદ્ભુત પ્રતાપ છે"

ત્રણે કુવરોને સાથે લઇને રાજા ઋષિને આશ્રમે ગયો અને ગુરુને પોતાના કુમારો સોંપીને તેઓને સારી રીતે વિદ્યા ભણાવવાની ભલામણ કરતા મુનિને વિનતિ કરી કે, "મહાત્મા! આ પુત્રો હું આપને ખોળે મૂકી જાઉં છુ, માટે આપ કૃપા કરી તેઓને અધ્યયન કરાવજો. તેઓ આપના જ પુત્ર અને આપના ચરણના સેવક છે, એમ સમજી સદા આપની પરિચર્યા કરશે!" મુનિએ તેઓને અનુક્રમે વિદ્યાભ્યાસ કરાવવો શરુ કર્યો અને કેટલેક કાળે ત્રણે વ્યાકરણ, વેદ, ધર્મશાસ્ત્ર, સાખ્ય ઇત્યાદિ શાસ્ત્રોમાં કુશળ થયા. હવે ક્ષાત્રધર્મને ઉપયોગી જે ધનુર્વેદ, તેનું અધ્યયન તેઓએ આરભ્યું પણ આ સઘળા શાસ્ત્રનુ અધ્યયન કરતી વખતે તેઓ

પરસ્પર કેવી રીતે વર્ત્યાં, તે તને જણાવું છું. અહ્યા યજ્ઞજ્ઞ! એ ત્રણેને રહેવાને માટે ગુરુના આશ્રમની નજીક એક પર્ણકુટી હતી, તેમા અધ્યયનથી નિવૃત્ત થઈ તેઓ નિદ્રા લેતા હતા. અભ્યાસ કરવામા વિમળમતિ સૌ કરતાં બહુ આગળ પડતો દેખાતો હતો, કારણ કે તે બહુ બુદ્ધિમાન્ અને ગુરુભક્ત હતો ગુરુજી જે વચન કહેતા, તે એકચિત્તે શ્રવણ કરી, તુરત પોતાના લક્ષમા લેતો હતો અને આગળનુ અધ્યયન સપાદન કરવા ગુરુને વિનતિ કરતો, ત્યારે માનીતી રાણીના બને પુત્રો પાછળના પાઠમા જ ગોથા ખાયા કરતા હતા. આથી તે બને ભાઈઓ તેની ઈર્ષા કરવા લાગ્યા. ગુરુજી પાસેથી છૂટા પડ્યા કે, તુરત તેઓ પોતાની પર્ણશાળામા જઈ, વિમળમતિને નવા નવા કૌતક કરી ચીડવે અને અનેક પ્રકારે સતાપે પ્રતિદિન ઈર્ષા વધતી જવાથી ગુરુ પાસેથી પાઠ લેતા પણ તેઓ તેને અડચણ કરવા લાગ્યા કંઈને કઈ કારણસર તેને ગુરુ પાસેથી ખસેડી પોતે પાઠ લેતા હતા. વિમળમતિ તેમને કંઈ શિખામણની વાત કહે અથવા સમજાવે કે, “ભાઈઓ! આપણે એક પિતાના પુત્ર છીએ, એક ગુરુના શિષ્યો છીએ અને સહાધ્યાયી છીએ, તો આપણે સહુએ પરસ્પર સપ અને પ્રીતિથી વર્તવુ જોઇએ, છતા તમે આમ કરો છો, એ ઠીક નહિ.” એ ઉપદેશ સાભળી તેઓ ઉલટા તેનાપર ક્રોધે ભરાઈ તેને શિક્ષા કરવાની ધમકી આપતા હતા ને સમય ઉપર ઝપાટો પણ લગાવી દેતા હતા! વિમળમતિ તેઓ કરતા નાનો અને વળી એકલો એટલે પહોંચી વળે તેમ નહોતું, ને વળી પોતાની મા રાજાની અણમાનીતી હોવાથી તેને પછવાડેથી પણ કશી સહાયની આશા નહોતી, તેથી જેમ તેમ કરી દુઃખે દુઃખે દિવસ નિર્ગમન કરી અભ્યાસ કર્યો જતો હતો એટલુ દુઃખ છતા પણ તેઓ કરતા તે આગળનો આગળ જ રહેતો હતો આ તો જાણે કૌરવ પાડવવાળુ જ થયુ અર્જુનને અભ્યાસમા વિશેષ ચાપલ્ય ધરાવતો જોઈ, કૌરવો તેનો નિરતર દ્વેષ કરતા હતા, તેમ આ અજ્ઞાની, આળસુ, જડ, નિદ્રાળુ, પ્રમાદી અને મૂઢ ભાઇઓ પણ વિમળમતિની અદેખાઈ કરવા લાગ્યા. વિદ્યાર્થીઓએ અભ્યાસમા સ્પર્ધા કરવાની જરૂર છે, પણ તે કેવી રીતે! પોતાના કરતા બીજા અધિક નિવડે તો તેનો દ્વેષ કરી, તેને હરકોઈ રીતથી પીડવો નહિ, અથવા તો તેના અધિકપણામા ભગ પાડવો નહિ વિદ્વાનોએ જે ગુણ અવશ્ય પોતાનામા રાખવાનો છે તે દ્વેષ નહિ, પણ દ્વેષના સખી સ્પર્ધા છે. પોતાના કરવા

અધિક નિવડનારનું ઉદાહરણ શુદ્ધ રીતે અંતઃકરણમાં લઈ તેના જેવા, બલકે તેના કરતાં પણ સરસ નિવડવાનો યત્ન કરવો અને તેમ ન થઈ શકે તો પોતાના આત્માપર ઇર્ષા કરવી કે, 'અરે! હું શા માટે તેવો ન થઈ શકુ? રે મારામા શી વસ્તુ ઓછી છે? મારે વધારે યત્ન કરવો જોઇએ, ને તેના કરતા પણ શ્રેષ્ઠ નિવડવું જોઇએ,' એવી જ સ્પર્ધા શ્રેયસ્કર થઈ પડે છે પણ જે પોતે યત્ન ન કરતા સામાનો યત્ન તોડવાની દુષ્ટ ઈર્ષા કરે છે, તે પોતાનું તેમ જ સામાનું, બન્નેનુ અહિત જ કરે છે તેવી જ રીતે વિમળમતિની સાથે તેના મોટા ભાઇઓએ વર્તવા માડ્યુ. આવુ દુ:ખ કેટલા દિવસ સહન થાય? આખરે વિમળમતિએ તેઓને કહ્યુ કે, 'જો તમારે નિરંતર આમ જ કરવું હોય તો હું તમારી પર્ણકુટીમાથી નિકળી જઇશ' તેઓને તો ગમતું જ હતું, તેથી હા કહી, એટલે ગુરુની આજ્ઞા લઇને તેણે ગુરુના મઠમા જ રાત્રે સૂવાનું રાખ્યું.

ત્રણે રાજપુત્રો જ્યારથી ઋષિના આશ્રમે ગયા હતા, ત્યારથી તેઓ સારો દહાડો મઠમા જ રહેતા હતા ને તેટલા સમયમા ગુરુજી જે બતાવે, તે કામકાજ તેઓ કરતા હતા. પાસેના ગામમાથી ભિક્ષા માગી લાવવી, વનમાથી પાકાં ફળો, પુષ્પો, ગુરુના અગ્નિહોત્ર કાર્યાર્થ દર્ભ, સમિધ આદિ વસ્તુઓ, ગગામાથી ભરીને થોડાક જળના ઘડાઓ વગેરે સઘળું તેઓને લાવવુ પડતું હતું, તથા આશ્રમની વાળઝાડ તથા નાના મોટાં વૃક્ષોને પાણી વગેરે પાવા સબધી સંભાળ રાખવી પડતી હતી. આટલું કઈ તે ત્રણ જણા આગળ વધારે નહોતું હાથોહાથ કરતાં સપાટામા તે થઇ જાય તેમ હતું. છતા તેમા પણ વિમળમતિપરની પેલા મોટા ભાઇઓની ઇર્ષા આડે આવતી હતી. તેઓ સાથે પાણી ભરવા, વનફળ લેવા અથવા બીજાં કામકાજ કરવા જતા ત્યા તે બને ભાઇઓ જોડે જતા, જરાએ હાડકા વાળતા નહિ, પણ વિમળમતિની પાસે જ સઘળુ કામ કરાવતા, છતાં ઉલટો તેનાપર દાબ રાખીને એમ જણાવતા કે, તારાથી કઈ બની શકતું નથી, સઘળું કામ અમે જ કરીએ છીએ! આમ મોટા કુવરો ગમે તેમ કરે અને ગમે તે કહે, પણ વિમળમતિ તેને ન ગણકારી, પોતાની માતુશ્રીના વચન ઉપર નિરન્તર લક્ષ રાખી, પ્રેમપૂર્વક શુદ્ધ મનથી, ગુરુની સેવા કરવી, એમાં જ પોતાનું શ્રેય છે એમ સમજતો હતો. મોટેરાઓ જે ન કરે, તે કામ પોતાને માથે આવી પડવાથી કદાચ પોતાના અભ્યાસમાં ભગ થાય, તોપણ તે મુગે મોઢે સહન કરતો હતો. મધ્યાહ્ન નમ્યા પછી ગુરુપત્ની તેને ભોજન કરાવતી,

તે ઉપરાંત સવારમાં અથવા સાંજના જો કદાચ ક્ષુધા લાગે તો તે વનફળનો આહાર કરતો હતો. રાત પડે, એટલે પેલા બને જ્યારે પેટપર હાથ નાંખી, લાંબા થઈ સૂઈ જતા, ત્યારે વિમળમતિ ગુરુજીની તથા ગુરુપત્નીની પાદ-સેવા કરતો હતો. હવે બનતું એમ કે, ગુરુજી પોતાની સ્ત્રીને કિંવા વિમળ-મતિને સંબોધી રાત્રે અનેક પ્રકારની કથાઓ, નાના પ્રકારના શુભ વ્રતો, વૃત્તાંતો, ઈતિહાસો ને ધર્મ સબધી આખ્યાનો ઉપરાત યોગની મહત્તા તથા તે પ્રાપ્ત કરવાનો માર્ગ કહી સભળાવતા હતા તેમ, દિવસે શિખેલા પાઠનું મનન કરતા વિમળમતિને કંઈક શકા થતી અથવા કોઈ વિષય કઠણ હોવાથી પોતાને યથાર્થ સમજણ નહિ પડતી તો તે પણ વિમળમતિ, એ સમયે ગુરુજીને પૂછી પોતાની શંકાનું સારી રીતે સમાધાન કરતો હતો. હે યજ્ઞભૂ! તું વિચાર કર કે, ગુરુસેવામા પોતાનું હિત સમજનારા વિમળમતિને એથી કેટલો બધો લાભ થયો હશે અને તેને તે સમયે કેટલો બધો આનદ થયો હશે? પણ એટલા જ આનદથી કંઈ તેનું ગુરુએ મન વળાવ્યું ન હતું તેને તો ગુરુસેવાનો અગાધ લાભ મળ્યો હતો. એ સઘળાથી વિમળમતિના સેવાપ્રમાદી ઓરમાન ભાઈઓ, જેઓ 'સર્વ કામકાજ વિમળમતિ કરતા અમે જ વધારે કરીએ છીએ' એમ ગુરુને વારંવાર કહી દેખાડતા હતા, તેઓ તો નિર્ભાગી જ રહ્યા હતા.

વિમળમતિ, રાત્રિ દિવસ પોતાના માતાપિતા કરતાં પણ અધિક ગુરુ અને ગુરુપત્નીની, સપ્રેમ વિશુદ્ધ મને સેવા કરતો હતો, તે ગુરુના ધ્યાનમા હતું આવી શુદ્ધ મનની સેવાથી તેણે, તે દપતીનો પોતાપર અત્યત પ્રેમ ખેંચી લીધો. વાતવાતમા તે ગુરુના પ્રત્યેક કાર્યમા તત્પર જ થતો પોતાનાથી થઈ શકે તેવા હરકોઇ કાર્યની અદર તે ગુરુને કશો પણ શ્રમ પડવા દેતો નહિ તેના દ્વેષીઓ, ગુરુ આગળ તેની વારવાર નિંદા કરતા, તેને તે લેખવતો જ નહિ. તેમ પોતે એક પણ શબ્દ પોતાના ભાઇઓ વિરુદ્ધ ગુરુજી આગળ કદી પણ બોલતો નહિ આવી રીતે દિવસો નિર્ગમતા તેઓને કેટલાક વર્ષ વીતી ગયા એ અરસામા વિમળમતિએ પુષ્કળ વિદ્યા સંપાદન કીધી. પછી ધનુર્વિદ્યા, કે જે માત્ર ગોખવાથી કે ગુરુના વચનો યાદ રાખવાથી જ સાધ્ય કરી શકાતી નથી, પણ તેમા અગને પણ ઘણીક પ્રકારની કેળવણી આપી અભ્યાસ પાડવો પડે છે, તેનું અધ્યયન ચાલવા માડ્યુ ઘણેક દરજ્જે તે પણ હવે સમાપ્ત થવા આવ્યું હતું એવામા તે અધ્યયનમા વિઘ્ન આવી પડ્યુ.

ઋષિ અને ઋષિપત્ની બન્નેનાં શરીર આ કાળે ઘણાં જર્જરિત થઈ ગયાં હતા. તેઓ આ પૃથ્વીપર દીર્ઘાયુષ્ય ભોગવતાં હતા ને સત્કર્મ કરી દિવસ વ્યતીત કરતાં હતા. આખરે ગમે તેટલુ દૃઢ છતા પણ પરિણામને પામનાર આ પચ ભૂતમય શરીર જે નાશવંત જ છે, તેનો અવધિ આવ્યો. સમાધિદ્વારા (યોગબળે) ઋષિએ જાણ્યું કે, હવે થોડા જ સમયમા આ શરીર પડશે. એક રાત્રિએ મહાત્મા ઋષિ, પવિત્ર આસનપર સૂતા હતા, મહા સતી ગુરુપત્ની એક બાજુપર બેઠી હતી, વિમળમતિ તેમના ચરણનુ સેવન કરતો હતો, સર્વ તપોવન અને તેમનો આશ્રમ કશા પણ શબ્દ વગર કેવળ શાત બની રહ્યો હતો, એ સમયે રાત્રિ આશરે દોઢેક પ્રહર વીતી ગયેલી હતી; એવામા તે બ્રહ્મનિષ્ઠ ગુરુદેવ એકાએક બોલી ઉઠ્યા કે, "અયે સાધ્વી ધર્મપત્ની! તને કંઈ સ્મરણ છે? ત્રણેક સંવત્સર અગાઉ મેં તને કહ્યુ હતું કે, હવે થોડા કાળમા આ સસારપ્રદેશ પ્રત્યેનો આપણો લાબો પ્રવાસ સમાપ્ત થશે. તે દિવસ આજે આવ્યો છે. માટે શીઘ્રતાથી તત્પર થા અને સર્વ ભવબધનમાથી સ્મરણ માત્રમા મુક્ત કરનાર પરમાનન્દદાયક શ્રીહરિના મગળ ચરણારવિંદનુ અંતઃકરણમા ધ્યાન ધર, કેવળ એક શ્રીકૃષ્ણ પરમાત્માને જ હૃદયસ્થળમા ચિન્તવી મનની સર્વ વૃત્તિઓને તેમા લીન કર; ઉતાવળથી સર્વ ઇંદ્રિયો સહિત દેહને ગંગાસ્નાનથી શુદ્ધ કરી, દર્ભ, ગોમય ઇત્યાદિથી આસન કરવા યોગ્ય પૃથ્વીને પવિત્ર કર; હોત્રના અગ્નિને છેલ્લા નમસ્કાર કર, તેનું પૂજન કર, આ દેહ, વાણી કિંવા મનથી યત્કિંચિત્ પણ અજાણે કિંવા જાણે થયેલા પાપને તદ્દન ભસ્મ કરવા માટે અગ્નિદેવની વિનતિ કર; પછી સ્વસ્થ થા, શાત થા અને સર્વ વસ્તુથી નિઃસ્પૃહ થઈ, પરમાત્મા સાથે આ આત્માનું ઐક્ય કરી, આ અસ્થિર દેહના સગથી સદાને માટે છૂટી થા હવે તે અજર, અમર તથા અવિનાશી જીવાત્માને આ દેહનું કામ નથી. હવે એ અમર આત્મા કોઈ અલૌકિક દેહ ધારણ કરશે અને થોડીકવાર પછી કોઈ દિવસ નહિ જોયેલા એવા અદ્ભુત અને પુણ્યમય લોકને તે જોશે." આટલુ કહી, ઋષિ ચડપ બેઠા થઇ ગયા ને જાણે કોઈ વિદેશ જવાની તૈયારી કરતા હોય, તેમ, 'ચાલો, ચાલો, ઉતાવળ કરો, હવે સમય થવા આવ્યો છે, હમણા મધ્યરાત્રિ થશે!' એમ કહેતા હાથમા કમંડલુ લઇને ગગાસ્નાન કરવા સારુ ઉભા થયા. ઋષિપત્ની પણ ઉઠ્યા ને પતિના કહેવા પ્રમાણે સઘળી તૈયારી કરવા મંડી પડ્યા. એકાએક આવો પ્રકાર જોઈ, વિમળમતિ જે પૂર્ણ

પ્રેમથી ગુરુ અને ગુરુપત્નીની ચરણુસેવા કરતો હતો, તે બહુ આશ્ચર્ય પામ્યો; અને 'ગુરુજી આ શું બોલ્યા? હજુ તો માત્ર દોઢેક પ્રહર રાત્રિ વ્યતીત થઈ છે, ને સ્નાનાર્થે જવાને બે પ્રહરની વાર છે, છતાં હમણા તેઓ કયા જવાની તૈયારી કરે છે?' એવો વિચાર કરવા લાગ્યો.

એટલામાં વળી પાછા ગુરુ જાણે કઈ ભૂલી જતા હોય, તેમ એકાએક સ્મરણ કરીને બોલી ઉઠ્યા, "હે સુભગે! મને એક વાતનુ વધુ સ્મરણ થાય છે, તેનો તાત્કાલ-નિર્વિલબે અમલ કરવો જોઈએ અપુત્ર મનુષ્યે, કિંવા જેને કોઈ પણ વારસ ન હોય તેવા મનુષ્યે, જો તે વિવેકી હોય અને સારાસાર વિચાર કરી જાણતો હોય તો પોતાનુ સર્વસ્વ ધન, પોતાના અવસાન સમયે, દાન કરી દેવુ જોઈએ; કારણ કે, જો તેમ કરવામા નહિ આવે તો પોતે જન્મપર્યંત શ્રમ વેઠી ઉપાર્જિત કરેલુ ધન, હરકોઈ કુપાત્રના હાથમા જશે અને તેથી કા તો અધર્મ થશે કે નિરર્થક વપરાશે, પરતુ તેનો-તે ધનને પ્રાપ્ત કરનારનો શ્રમ તો મિથ્યા જ જશે અને તેમાએ વળી સપાદન કર્તા-પ્રત્યક્ષ-દેખાય તેવું ધન તો તેવે ઉપયોગે (ગમે તેવે-સારે કે માઠે ઉપયોગે) પણ લાગશે; પણ પરોક્ષ ધન-પોતાના હૃદય આત્મામા દાટી મૂકેલું ધન, જે હશે, અથવા બીજી કોઈ રીતે ગુપ્તરૂપે રહેલુ હશે, તે ધન જો સ્વતઃ (પોતાના જ હાથે) ખરચવામા નહિ આવે તો, તેનો ઉપયોગ કોઈ પણ રીતે કોઈથી પણ થવાનો નથી એવી રીતે દાટી મૂકી તેનો ઉપયોગ (દાનાદિકથી) નહિ કરનાર મનુષ્ય, કૃપણ નહિ પણ કૃપણનો શિરોમણિ જ સમજવો ભય, શકા તથા સંકોચનુ નામ શાસ્ત્રમા કૃપણુતા છે કૃપણુતા એટલે દ્રવ્ય ન વાપરવારૂપ કૃપણુતા નહિ, પણ ન વાપરવાની વૃત્તિ ઉપજાવનાર હૃદયનુ સાકડાપણું સ્વાર્થ બુદ્ધિએ પ્રેરેલા ભય, શકા, સકોચ ને વસ્તુગતિને યથાર્થ રીતે અનુભવવારૂપ અજ્ઞાન અને તે અજ્ઞાનજન્ય જે કૃપણુતા છે તે, હમેશા જ આ જીવોને પાછા પાડે છે હે સતિ! તેવી જ રીને મારે બન્યુ છે મારી પાસે અગાધ ગુપ્ત ધન છે-પરોક્ષ સપત્તિ છે તેનો જો કે મેં ઘણી ઘણી રીતે પરાર્થે અને પરોપકારાર્થે ઉપયોગ કીધો છે ખરો, પરંતુ તેનું દાન અદ્યાપિ પર્યંત કોઈને પણ થયુ નથી. મારુ તે પરોક્ષ ધન બીજાઓના જેવું નથી, અર્થાત્ જેટલુ દાન કર્યું, તેટલુ તો પોતાની પાસેથી ઓછું જ થાય છે તેવું નથી; પણ મારુ પરોક્ષ ધન જેમ જેમ બીજાઓને આપવામા આવે છે, તેમ તેમ વૃદ્ધિ પામે તેવું છે છતા મેં કોઈને પણ

તેમાનું કશું દાન કર્યું નથી. આમ થવાનું કારણ કંઇ મારૂ અજ્ઞાન કિંવા કૃપણતા નથી, પણ અણમોલ સર્વ સિદ્ધિદાતા એવા પરોક્ષ ધનનું દાન કરવાને મને કોઈ પાત્ર જીવ અદ્યાપિ પર્યન્ત મળ્યો નથી. પાત્ર વગર અમૂલ્ય વસ્તુનું દાન કરવુ, એ મહાદોષ કહેવાય છે પણ હવે મને પાત્ર મળ્યો છે. મારૂ અવસાન પણ નજીક પ્રાપ્ત થયું છે, તેથી એ મારા સર્વસ્વ પરોક્ષ ધનનુ દાન તેને સત્વર જ હું કરીશ. એ મારૂ પરોક્ષ ધન તે મેં જન્મપર્યંત અતિ શ્રમ સહિત ગુરુસેવા કરી સપાદન કરેલી અનેક પ્રકારની બ્રહ્મવિદ્યા છે—આત્મા પરમાત્માની એકતાનુ જ્ઞાન છે, પરમ પુરુષના દિવ્ય દર્શન કરાવવારૂપ નિધિ છે! આ જીવાત્મા બુદ્ધિમાન્, ગુણજ્ઞ, પડિત, ચતુર અને સૂક્ષ્મવિષયનો જ્ઞાતા છતા તથા સર્વ કળાનો જાણનાર છતા પણ વ્યવહારથી ઘેરાયલો હોય છે, ત્યાસૂધી પાત્રાપાત્રની પરીક્ષા કરી શકતો નથી, પણ તે તમોગુણથી વિંટાયલો રહી, સ્વાત્માભિમાનમા મસ્ત રહેવાથી હું અને મારુ એવી આવરણ-શક્તિના સંસર્ગમા રહી સદા સશયવાળો રહે છે ને તેથી જન્મેલી વિક્ષેપ-શક્તિના સેવનથી નિરંતર દુ ખ વેઠે છે. એમાથી છૂટવાનો માર્ગ સત્ત્વગુણનું સેવન છે એ સત્ત્વગુણના સેવનવડે જ પરમ શાતિ, હર્ષ સાથે પરમાત્મામા નિષ્ઠા થાય છે. એથી જ્યારે શુદ્ધ બનાય છે, ત્યારે અહભાવ ટળી જાય છે. આ કારણથી દૈવી સપત્તિ જીવે પોતામાથી પોતાપણું છોડવા માટે, સત્પાત્રને જે હોય તે આપી દેઈ, આનદ રસની પ્રાપ્તિ માટે કેવળ એકાકી થવુ જોઇએ. આવી રીતના બનવા માટે મારી પાસે જે કઈ છે, તે હું સત્પાત્રને આપવા ઉત્સુક બન્યો છુ આ મારા ત્રણે શિષ્યો રાજ-પુત્રો છે એઓમા આ વિમળમતિ સર્વદા મારી સેવા કરનારો, સુશીલ, બુદ્ધિમાન્ અને પૂર્વજન્મનો સંસ્કારી છે. એ આ સર્વ સપત્તિનો—જ્ઞાનનો અધિકારી છે. એના પૂર્વજન્મની વાસનાઓના બધનથી આ દેહ એને ધારણ કરવો પડ્યો છે. પરન્તુ હવે મને જણાયુ છે કે, પૂર્વ-જન્મની વાસનાના બધનમાથી એ મુક્ત થયો છે. એની યોગ્યતાથી વિશ્વાસયુક્ત થયેલો હું, મારી સર્વ વિદ્યાનુ દાન એને કરીશ માટે તું સત્વર તારા કાર્યમા લાગ ને હું એને ઉપદેશ આપુ છું" આ સાભળી સતી (ઋષિપત્ની)એ કહ્યું, "કૃપાનાથ! આપે એ અત્યત યોગ્ય ધાર્યું છે. હું પણ આપને એ સબધે વિનતિ કરવાની હતી. આ વિમળમતિ સર્વથા આપની કૃપાનું પાત્ર છે વળી મુમુક્ષુપણું, શ્રદ્ધા, ભક્તિ, નિર્મા-

નીપણું આદિક ગુણ એનામાં વસેલા છે. એણે પોતાના પિતા કરતાં પણ અધિક પ્રેમથી આપની અને માતા કરતાં પણ વિશેષ ભાવ રાખી મારી સેવા કરી છે. હું અંતઃકરણપૂર્વક કહું છું કે, એનું કલ્યાણ થાઓ! એને પ્રભુ પ્રસન્ન થાઓ ને આપની કૃપાથી એ સર્વદા જીવન્મુક્ત રહે!" આટલું કહી ઋષિપત્ની ગંગાતીરે ચાલ્યા, ત્યારે ઋષિએ વિમળમતિને કહ્યું: 'વત્સ! તું તારી માતારૂપ ગુરુપત્ની સાથે જઈ શીઘ્રતાથી ગંગાસ્નાન કરી આવ પછી રાજપુત્રને આવશ્યક ઉપયોગી ધનુર્વિદ્યા, જે મોટા મોટા ધનુર્ધારીઓને પણ દુર્લભ છે, તે મારી કનેથી સંપાદન કર. તે પછી એકાગ્રચિત્તે આ સંસારાર્ણવ ટાળનારી સર્વોત્તમ અને દુષ્પ્રાપ્ય પરમ બ્રહ્મપ્રાપ્તિની વિદ્યાને પણ ગ્રહણ કર'

તુરત વિમળમતિ તથા ગુરુપત્ની સ્નાન કરી ગંગાજળ તથા ગોમય લઈ મઠમાં આવ્યા. તેટલામા ગુરુએ અગ્નિહોત્રના અગ્નિને પ્રજ્જ્વલિત* કીધો. પછી તેમા ઘી, જવ, તલ ઈત્યાદિ સંયુક્ત સમિધોથી અવસાન આહુતિ (છેલ્લી આહુતિ) આપી, તેને સ્તુતિથી સંતુષ્ટ કર્યો અને તેની સ્ત્રી, મઠને ગોમયથી લીપી તથા ગોમૂત્ર, ગંગાજળ વગેરે છાંટી શુદ્ધ કરવા મંડ્યા એટલી વારમા ગુરુદેવ, વિમળમતિને ઉપદેશ કરવા બેઠા.

"વત્સ વિમળમતિ! મારી ડાબી બાજુએ આ દર્ભાસનપર સ્વસ્થ થઇને તું બેસ અને પ્રથમ આચમન તથા પ્રાણાયામ કરી, પછી દશ ગાયત્રી મંત્રનો જપ કર હું તારી સેવાને તથા તારા સુશીલપણાને જોઈ તારા ઉપર બહુ જ પ્રસન્ન થયો છું, માટે તને અશેષ ધનુર્વિદ્યાના મંત્રો આપુ છુ તે ગ્રહણ કર! એ સર્વ શસ્ત્રોનો અભ્યાસ (એટલે તે આયુધો કેવી રીતે વાપરવા ને કેવી રીતે ધારણ કરવા વગેરે સારી રીતે જાણવું તથા તેનો શુદ્ધ રીતે મહાવરો પાડવો તે) તો તેં કીધો છે પરતુ તેઓના વિધાન તથા તે શસ્ત્ર કે અસ્ત્રમા તેના તે દેવતાનું આવાહન કરવાથી, તે દેવતાનુ પ્રાબલ્ય આવી, ધારેલુ કાર્ય સિદ્ધ કરવાને જોઇતી દિવ્ય શક્તિ, તેનો તેં અભ્યાસ કીધો નથી-જેના વગર તે અસ્ત્રો કે શસ્ત્રો કંઈ કામના નથી જેમ આત્મા વિના દેહ કંઈ કામનો નથી, તેમ દૈવત વિનાના

* હોત્રનો અગ્નિ કઈ વારે ઘડીએ બુઝાઈ જતો નથી, તે તો વગર ઓલવાએ નિત્ય જ પ્રજ્જ્વલિત રહે છે, પરતુ માત્ર હોમ કરવા વખત તેને ઉઘાડી આહુતિ આપ્યા પછી પાછો છાણાની સાથે રાખની અંદર ગુપ્ત રાખવામા (ભારવામા) આવે છે તેને ઉભારી ઋષિએ સચેત કીધો

અસ્ત્રો પણ થોથાં જ છે; માટે તેને સતેજ કરવા માટે તને સર્વ મંત્રો આપું છું તે તું લે. એથી તે આયુધો યુદ્ધ સમયે શીઘ્ર પ્રાપ્ત થઈ, તને ધાર્યો જય અપાવશે.”

વિમળમતિ એકચિત્ત થઈ ગુરુની આજ્ઞા પ્રમાણે આસનપર બેઠો. એક પછી એક, એમ અનેક પ્રકારના ચક્ર, બાણ, શક્તિ (સાંગ), પાશ, ખડ્‌ગો, ગદાઓ અને જેટલી જાતના બીજા અસ્ત્રો છે, તે સર્વના પૃથક્ પૃથક્ મંત્રોનો તેના વિધાન સહિત ગુરુએ તેને ઉપદેશ કર્યો. પછી ‘આ સર્વ શસ્ત્રાસ્ત્રો સફળ થાઓ તથા સમય આવ્યે તારું કાર્ય કરવામાં તત્પર રહો,’ એમ આશીર્વાદ આપીને પછી ગુરુએ કહ્યું, “હે વત્સ! આ અસ્ત્રો તું અયોગ્ય સમયે અને નિરપરાધીપર કદી વાપરતો નહિ, અપાત્રને કદી તેનો ઉપદેશ કરતો નહિ, કેમકે તેમાંના ઘણા અસ્ત્રો એક વખતે આખા બ્રહ્માંડને પણ ધ્રુજાવી-ખળભળાવી મૂકે તેવા છે એ અસ્ત્રો ક્ષત્રિય પુત્રે માત્ર પ્રજાના રક્ષણાર્થે ને દુષ્ટનો નાશ કરવાને જ વાપરવાના છે. માટે તું સર્વ દુર્જનોને શાસન કરી, ધર્મથી સર્વ પૃથ્વીનું પાલન કરજે અને તે કાર્યાર્થે વખતો વખત તને આ સર્વ આયુધો સહાયભૂત થાઓ!”

થોડી ક્ષણ વીત્યા પછી ગુરુએ પુનઃ બોલવાનો પ્રારંભ કીધો; “વળી સર્વ કરતા શ્રેષ્ઠ એક વસ્તુ મારે તને આપવાની છે. તે શ્રી હરિની પૂર્ણ કૃપા વિના બીજા કોઇને પણ પ્રાપ્ત થતી નથી તું તારા બંને પગની એડીઓને બંને સાથળોના મૂળમાં મૂકી સિદ્ધાસન વાળીને બેસ, બંને હાથ બન્ને ઉરુઓપર મૂક; દૃષ્ટિ નાસિકાની અણીપર જોડ; મુખ બંધ કર ને માત્ર નાસિકાથી જ શ્વાસ લે આ ચિત્તવૃત્તિ સ્થિર કરવાની ક્રિયા છે અને એને પ્રાણાયામ કહે છે પછી તારા હૃદયની અંદર પ્રથમ દીવાની શિખા જેવું અને પછી સૂર્યના બિંબ જેવું તેજોમય બિમ્બ કલ્પી તેમાં એકાગ્રચિત્તે જો તે બિમ્બના મધ્યમાં એક સુંદર સકોમલ તથા રક્ત (ગુલાબી) વર્ણની સહસ્ર પાંખડીઓવાળું, સંપૂર્ણ વિકાસ પામેલું, કાંતિમાન્ કમળ તને જણાશે એ હજાર પાંખડીના કમળના બરાબર મધ્યભાગમાં એક વિસ્તીર્ણ, વર્તુલાકાર તપોવન જણાશે. તે તપોવનની પૃથિવી કોમળ અને નવીન તૃણાંકુરોને લીધે લીલીકુંજા થઈ રહેલી તું જોશે. તે દિવ્ય ભૂમિપર અનેક પ્રકારના મંગલ પુષ્પવૃક્ષ તથા આમ્રાદિ ફલવૃક્ષોને અવલોકન કરજે. તે વનના મધ્યસ્થ રહેલું એક

સુલલિત અને પુષ્પોથી શોભી રહેલું કદમ્બવૃક્ષ તને જણાશે એ વૃક્ષ સ્કંધ, શાખા, પરિશાખા તથા પત્રોથી પરિપૂર્ણ ઘટ (ઘટાવાળું) થઈ રહેલું જણાશે. સમયને બરોબર મધ્યાહ્નનો કલ્પજે તે કદંબવૃક્ષની નીચે, છાયામા ચારે બાજુ તૃણાંકુરોને ચરતી સુંદર, યુવાન્, હૃષ્ટપુષ્ટ શરીરવાળી, ગૌર, શ્વેત, શ્યામ રંગની તથા વત્સવાળી ગાયોને તું જો તે ધેનુવૃંદના મધ્યમા અને કદમ્બવૃક્ષના થડની પાસે એક ષોડશ વર્ષની વયના સુંદર બાળકનાં તને દર્શન થશે એ બાળકનુ શરીર તેજોમય (દિવ્ય) છતાં તેનું વર્ણ આષાઢ માસમા ચઢી આવતા જળભરેલા નવીન વાદળા જેવું (ઘનશ્યામ) જણાશે તેના સર્વે અગ સમાન, અતિ સુકોમળ અને ઘણી જ સુંદર આકૃતિવાળા લલિત લાલિત્યથી ભરપૂર છે, તેના મગલમય યુગલ (બન્ને) ચરણમા રત્નજડિત સુવર્ણના નૂપુર છે, કટિએ પીત વર્ણનું અતિ પ્રકાશિત કૌશેય વસ્ત્ર (દિવ્ય પીતાબર) ધારણ કરેલું છે અને તેનાપર અમૂલ્ય રત્નોથી ભૂષિત કરેલી કટિમેખલા પહેરેલી છે, તેની નાભિ અતિ ગભીર, ઉદર સૂક્ષ્મ, વક્ષઃસ્થલ (હૃદય) અતિ વિશાળ અને ચઢિયાતુ છતા તેનાપર અનેક દિવ્ય મુક્તાફળ તથા મણિઓથી પરોવેલી, મધ્યભાગમા સર્વથી શ્રેષ્ઠ કૌસ્તુભ નામના મણિના લટકણવાળી માળા વિરાજી રહેલી છે; તેના ગજશુંડાકાર (હાથીની શુંડના જેવા–ઉપરથી જાડા અને નીચે પાતળા થતા થતા આવેલા) બન્ને કોમળ બાહુઓમા સુંદર રત્નો તથા મોતીઓના બાજુબન્ધ છે, પહોંચામા મોતીની ચોસરી લટોવાળી અતિ પ્રકાશિત હરિત (લીલી) મણિઓથી સુશોભિત પહોંચીઓ છે, ખીલેલા કમળો સરખા સુંદર હસ્તની કોમળ અગુલીઓમા રત્નમુદ્રિકાઓ પહેરેલી છે હે વત્સ! એ મૂર્તિના ચદ્ર સમાન મુખારવિંદની શોભાનું અવલોકન કરતા તું કદી પણ તૃપ્તિ પામતો નહિ, પણ હુલ્લાસ મને તે જ મૂર્ત્તિ અવિચ્છિન્ન દૃષ્ટિથી–પાપણ હલાવ્યા વગર જોયા કરજે, જગતમા સર્વથી સ્વરૂપવાન્ કામદેવ કહેવાય છે, પણ તેવા અનેક કામદેવોને પણ લજ્જિત કરે તેવા એ બાળકના અતિ મનોહર, સુખરૂપ, સર્વ શ્રી (શોભા)ના પરમ સ્થાનરૂપ, મદમદ હાસ્ય કરી રહેલા વદનની પૃથક્ પૃથક્ પરમ અલૌકિક શોભાથી કોણ તૃપ્તિ પામે? કોઈ જ નહિ તેને તું નિરખી નિરખીને જોજે તેનો, શખની અદરની બાજૂએ આવેલા ગુલાબી રંગના, વગર ઓકળીવાળા અને અતિ સુવાળા ભાગ જેવા લાકવાળો કઠ, તેની ઉપરની બાજૂએ ખૂબ ભરેલી, આગળ

આવતાં જરાક તીણી અને મધ્યમાં જરાક ખોડવાળી હડપચી; સુંદર પ્રવાલા જેવા મરકમરક કરી રહેલા અધર તથા ઓષ્ઠ; મંદમંદ હસતાં મુખની અંદરથી દર્શિત તથા દાડિમ્બબીજ જેવા સુંદર દશન; તે ઓષ્ઠ-પર લળકી રહેલી સુંદર મોતીના બેસર (લટકણ)* વાળી તથા પોપટની ચાંચની પેઠે જરાક નમેલી અને જરાક તીક્ષ્ણ એવી નાસિકા, તથા કમળની પાખડીના જેવા વિશાળ તથા કલાવાળા–અણીઆળા, અતિ કોમળ, અંદરના ભાગથી કંઇક ગુલાબી ઝાંઈવાળા તેજસ્વી લોચન; ધનુષ્ય સમાન ભ્રુકુટિ, ભવ્ય લલાટ–ઉપડેલું કપાળ અને તેનાપર આવી રહેલા સ્નિગ્ધ, કર્ણપર લહેકેલા તથા ગુચ્છાદાર આકડીઆળા કેશ, બન્ને કર્ણપર આવી રહેલા અતિ પ્રકાશિત રત્નોથી ભૂષિત મકરાકૃતિ (મગર અથવા મત્સ્યના આકારના) કુંડળ અને મંદમંદ હસતા ખંજન પડેલા બન્ને કોમળ અને પ્રફુલ્લિત ગાલોપર પડેલા તે કુંડળના ઝળકઝળક કરી રહેલા પ્રતિબિમ્બ–એ વગેરે અવર્ણનીય શોભાનુ, પરમ સૌંદર્યનું જે સ્વરૂપ, તેનું તુ ભક્તિ, શ્રદ્ધા અને વિવેકવડે દર્શન કરજે એ શ્રીમુખારવિંદના મસ્તકપર, કેશર, કસ્તૂરી, મિશ્રિત ઊર્ધ્વપુંડ્ર ધારણ કરેલા તેજસ્વી લલાટમા, છેક જમણી ભ્રુકુટિ અને કપોલપર લહેકેલો–કુલ્હે સહિત મયૂરચન્દ્રિકાનો અતિ સુશોભિત મુકુટ જણાશે; અને તેની જમણી બાજુએ લહેકી રહેલા તેજસ્વી મુક્તાફળોના ઝુમતા અને ડાબી બાજુએ લહેકી રહેલી મયૂરપિચ્છની વાંકદાર નમણી કલગીઓને નિરખી, તારા હૃદયચક્ષુને આનંદિત કરજે. એ મહામંગલ સ્વરૂપ, દક્ષિણચરણ–વામચરણ આગળ વાળી (ત્રિભંગીરૂપે), બન્ને હસ્તમા રત્નથી જડેલી તથા મોતીના ઝૂમતાવાળી વેણુ ધારણ કરી, તેનો મનોહર નાદ કરતા તને જણાશે. પછી તે પરમ શાંત, આનન્દઘન મૂર્ત્તિને પૂર્ણ પ્રેમ ધરી, મનોમય જળવડે પાદ્ય અર્પણ કરી, તેના ચરણારવિંદનુ પ્રક્ષાલન કરજે; તેને સ્નિગ્ધ વસ્ત્રવડે લોહીને તેપર મનોમય કેશર, કસ્તૂરી ઇત્યાદિ સુગંધીનો લેપ કરજે; તેપર સુંદર મનોમય દિવ્ય પુષ્પો, તુલસી ઈત્યાદિ અર્પણ કરજે. પછી તે મંગળ સ્વરૂપને મનોમય સુવાસિત કમલપુષ્પની કંઠથી તે ચરણ લગી પહોંચે

* એ વેસર અથવા બેસર (રતી)નુ મોતી, લંબગોળ, પણ નીચેથી ઘણું ગોળ અને ઉપરથી તરોર ચઢતુ અણીદાર (o) આવા આકારનુ હોય છે તે નસકોરાના મધ્ય ભાગમા ઝીણી વાળી સાથે લટકાવવાનો ઉત્તર હિન્દુસ્થાનમા ચાલ છે તે ઘણી જ શોભા આપે છે એને બુલાખ પણ કહે છે

એવી લાંબી વનમાળા અર્પણ કરજે; તે પછી તેને મનોમય ધૂપ, દીપ, નાહાના પ્રકારનાં સ્વાદિષ્ઠ મેઠ પકવાનોનું નૈવેદ્ય ધરી, જળ, તાંબૂલ ઇત્યાદિ ભાવપૂર્વક અર્પણ કરજે; પછી તારા મનરૂપ મોટા પ્રજ્વલિત દીપકથી તેનું નીરાજન (આરતિ ઉતારવી—અર્થાત્ તે મંગલદીપવડે ભગવાનના અંગોઅંગનું રૂડી રીતે અવલોકન કરવું) કરજે; પછી તારા બન્ને હસ્તની મનોમય અંજલિ (ખોબા)માં, મનોમય મંગલ પુષ્પો ભરીને, પૂર્ણ પ્રેમથી તેને વધાવી લેજે; પછી બન્ને હાથ જોડી આ પ્રમાણે તું તેની સ્તુતિ કરજે:—'હે પરબ્રહ્મ! અદ્વિતીય પરમ તત્ત્વરૂપ! શાંત! નિરંજન! સર્વદા પૂર્ણ! પૂર્ણના પૂર્ણ! આનંદઘન! ચિદ્રૂપબ્રહ્મ! હે શ્રી કૃષ્ણ! હે ગોપાલ! હે ગોવિંદ! હે મુરારિ! હે જગત્કારણ! હે સત્સ્વરૂપ! હે સર્વ લોકાશ્રય! હે ચિત્સ્વરૂપ! હે અદ્વૈતતત્ત્વ! હે આનન્દસ્વરૂપ! હે મુક્તિપ્રદ! હે બ્રહ્મ-સ્વરૂપ! હે સર્વવ્યાપી! હે સનાતન! હે સચ્ચિદાનન્દ! હે પરમાત્મા! હું તને નમસ્કાર કરું છું. હે પ્રભો! તું એકલો જ અશરણનું શરણ છે, તું જ જગતનો પાલન કર્ત્તા છે અને તું જ સર્વમાં પ્રકાશે છે. તું જ જગતનો ઉત્પન્ન કર્ત્તા અને લય કર્ત્તા છે, તું પર થકી પણ પર છે, તું નિશ્ચળ અને નિર્વિકલ્પ છે; તું સર્વ ભયોનો પણ ભય અને ભીષણનો ભીષ-ણરૂપ છે પ્રાણી માત્રની ગતિરૂપ અને પાવનોનો પણ પાવન તું જ એક છે વળી સર્વથી મોટામાં મોટા અને ઊંચામાં ઊંચા પદનો નિયંતા પણ તું એકલો જ છે, છતાં સર્વ રક્ષણોનો પણ રક્ષણરૂપ છે હે જીવના સાક્ષી! હું તને જ સ્મરું છું, તને જ ભજું છું, તને ધ્યાઉં છું ને વારવાર તને જ નમસ્કાર કરું છું હે સત્! હે એક! હે નિરાલંબ ઇશ્વર! હું સર્વદા સર્વથા કેવળ તારે જ શરણે છું મને અન્યથા આશ્રય કે શરણ નથી હું તને જ વદું છું, તને જ પૂજું છું, તને જ આરાધું છું, તારું જ ધ્યાન ધરું છું, તને જ હૃદયમાં ધરું છું, તારા વિના જગતમાં બીજું કંઈ હું જોતો નથી! બીજું પ્રિય નથી! સર્વત્ર તું જ અને તું જ છે. તે તું મારા કોટીક પાપો અને અપરાધો, એ સર્વનો નાશ કરી, તારા ચરણકમળને શરણ મને લે અને આ જીવને પૂર્ણ પ્રેમથી પૂર્ણ આસ્થા-વાળી ભક્તિ આપ'

"આ પ્રમાણે તે પરમાત્મસ્વરૂપ-પરમ બ્રહ્મસ્વરૂપ પૂર્ણ પુરુષો-ત્તમ શ્રીકૃષ્ણચંદ્રની સ્તુતિ, પૂજા કરીને પછી નખથી તે શિખાપર્યંત તે મહામંગલ મૂર્તિને વારવાર સ્થિર ચિત્તવડે અવલોકન કરી, તારા

કોમળ હૃદયમા તેને દૃઢપણે સ્થિર કરજે. કદાપિ એનું વિસ્મરણ કરતો નહિ. જેના જ્ઞાનથી અમૃત ભોગવાય છે તે જ જ્ઞેય અને તે એ જ છે. એ અનાદિ પરબ્રહ્મ છે. એ સત્ કહેવાતો નથી, તેમ અસત્ પણ કહેવાતો નથી. એ સર્વત્ર હસ્ત પાદવાળો છે, સર્વત્ર ચક્ષુ મુખ મસ્તકાદિવાળો છે, સર્વત્ર શ્રોત્રવાળો છે, સર્વને આવરીને રહેલો છે, સર્વ ઇંદ્રિય ગુણનો આભાસ કરનાર છે, સર્વેન્દ્રિય રહિત છે, અશક્ત સતે સશક્ત છે, નિર્ગુણ સતે સગુણ છે, પ્રાણી માત્રમાં બાહ્ય છે ને અંદર છે, ચર છે ને અચર છે, સૂક્ષ્મ છે ને અવિજ્ઞેય છે. એ હાથ અને પગ વિના શીઘ્ર ગ્રહિતા છે એ અચક્ષુ છતે સર્વ દેખે છે, અકર્ણ છતે સર્વ સાંભળે છે, તે વેદ્યને જાણે છે, પણ તેનો કોઈ વેત્તા (જાણનાર) નથી. એ જ અગ્ર્ય મહાપુરુષ છે, એ જ પરમ સીમા છે, એ જ પરમ ગતિ છે, એ જ પરમ પુરુષ છે, એ જ પરમ બ્રહ્મ છે, એ જ વિશ્વનું કારણ છે. ઇંદ્રિયથી અર્થો, અર્થથી મન, મનથી બુદ્ધિ, બુદ્ધિથી મહત્, મહતથી અવ્યક્ત, ને અવ્યક્તથી પુરુષ પરબ્રહ્મ પરમાત્મા છે. એ પુરુષથી કોઈ પણ પર નથી—તે જ એ. એ સનાતન પુરાણપુરુષ, પરબ્રહ્મ, નિત્ય, અને પરમ જ્યોતિ છે એ જ સાક્ષાત્ મોક્ષનુ ફળ છે, એ જ પરમાત્માનું નિત્યમુક્ત સાક્ષાત્ સાકાર સ્વરૂપ છે એ પરમાત્મા સાકાર અને નિરાકાર બન્ને સ્વરૂપે રહેલો છે, અર્થાત્ તે મૂર્ત્તિમાન્ છે તેમ જ અમૂર્ત્તિમાને છે * પરમાત્મા જગદ્રૂપે સાકાર છે અને બ્રહ્મરૂપે નિરાકાર છે નિરાકાર ને અગોચર સ્વરૂપનું જ્ઞાન થવું અતિ વિકટ છે, તેથી બીજા સર્વ સાધનો મૂકી, આ સાકાર સ્વરૂપનું નિરતર ધ્યાન અને સેવન કરવાથી આપોઆપ તેનુ (નિરાકાર સ્વરૂપનું) દૃઢ અને પૂર્ણ જ્ઞાન થાય છે જે જ્ઞાનથી આ જીવ તે પરમાત્માનો એકાંતિક ભક્ત, જ્ઞાની બની, મુક્ત થઇને પરમ પદને મેળવે છે આ મેં તને સર્વોત્તમ બ્રહ્મજ્ઞાન કહ્યું છે; જેનો નિત્ય પ્રતિ અભ્યાસ કરવાથી તુ પરબ્રહ્મનાં ચરણારવિન્દને પામીશ. એ સર્વ સાધનનું સાધન, સર્વ યોગોનો યોગ અને સર્વ જ્ઞાનોનૂ જ્ઞાન છે કેવળ નાસ્તિકપણાથી, મનને મનાવવાની સાચી ખોટી યુક્તિ પ્રયુક્તિથી કે તર્ક વિતર્કથી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થવા ઇચ્છનારા, જેમ કોઈ વામનો (ઠીંગણો માણસ) આમ્રફળની ઇચ્છા કરે, અથવા તો કોઈ અજ્ઞાની આકાશકુસુમ લેવાને મથે તેવા છે; તેના તે ઇચ્છા સદેહે સૂર્યમંડળમા જવા સરખી છે. માટે તેવા હઠીઓથી

---

* द्वाव ब्रह्मणो मूर्त्तं चामूर्तं च। શ્રુતિ–ઉપનિષદ્ વચનથી

નિરંતર અલગ રહીને, પ્રેમપૂર્વક પરમાત્માની માનસિક સેવા કરવાનો પ્રયત્ન કરવો, જેથી પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા, તારાપર કૃપા કરી, તને પોતાના સ્વરૂપનો નિત્ય પ્રતિ અનુભવાનન્દ આપશે; અને તેથી તુ દેહી છતા વિદેહી થઇને પરમાત્મસ્વરૂપાનન્દમા મગ્ન થતો થકો, જીવન્મુક્ત થઇને આ જગતમા વિચરીશ ”

એટલુ કહીને ગુરુજી શાત થયા. તે વખતે વિમળમતિ ગુરુની નિકટ આસનપર ધ્યાનસ્થ થઈ, ગુરુ જેમ ઉપદેશ કરતા હતા, તેમ જ એકાગ્રચિત્તથી, ચિત્તવૃત્તિને વહેતી મૂકનો ગયો તેના રોમેરોમમા આનદ વ્યાપી ગયો, તેથી તે ખડા થઈ ગયા, સર્વ અગે પ્રસ્વેદના બુદ છૂટ્યા અને તે હર્ષના આવેગથી એકાએક ધ્યાનમાં જ બોલી ઉઠયો, “અહાહાહા! પરમ કૃપાળુ ગુરુદેવ! સત મહાત્મા! આપે આજે મને કેવળ કૃતાર્થ કરી દીધો છે. હું પામરને આ અલભ્ય લાભ ક્યાથી? હે પ્રભો! હું હવે આ મારો આનદ કેમ કરીને વર્ણવુ? મારો ભગવદ્દર્શનાનદ મારા અગમા ક્યાય સમાતો નથી. રે! ત્રૈલોક્યમા પણ તે સમાતો નથી. હે પરોપકારી દયાળુ ગુરુદેવ! આપના કહ્યા પ્રમાણે જ હું આ મારી સન્મુખ તે આનંદના મહાસાગરરૂપ, ઘનશ્યામસુંદર, લલિત ત્રિભગી, કોટીમદનમોહન, પરમાત્મા-પરબ્રહ્મની સાક્ષાત્ છબીને નિરખુ છું મારા અંગ અને ઉપાગ સર્વમા તે દર્શન દે છે તે વિના અન્ય મારી દૃષ્ટિમા જ નથી! હે મહારાજ! તેના મહામંગલ સ્વરૂપનું જો કે હું યથાર્થ દર્શન કરુ છુ, પરતુ તેનું આપની આગળ વર્ણન કરવાની મારી શક્તિ જ નથી. સ્વરૂપાનદરૂપી અમૃતથી ભરેલા પરબ્રહ્મસાગરનો મહિમા શબ્દથી વર્ણવી શકાય તેમ નથી, તેમ જ મનથી ધારી શકાતો પણ નથી. હે દેવ! હવે આ જગત્ કયા ગયું, તે પણ જણાતુ નથી. આપ મહાત્માના અનુગ્રહથી હું ભાગ્યશાળી થયો છુ, કૃતાર્થ થયો છુ, મોહથી છૂટ્યો છુ, અખડ આનદ વૈભવવાળા આત્મપદને પામ્યો છુ હે કૃપાળુ! હું કેવળ અનધિકારી છતા પણ આપનુ માન રાખવાને માટે પ્રભુ મને મારો હાથ ઝાલીને પોતાને શરણે લે છે. હે દયાળુ! મારા ભાગ્યનો કઈ પાર નથી આપે મને પગુને એકાએક સુમેરુના શિખરપર બેસાડી દીધો છે હું પામરને તે પરમાત્માનું શરણ કયાથી? અને પરબ્રહ્મનુ દર્શન ક્યાથી? ધન્ય છે મારા ભાગ્યને! અને ધન્ય છે મારાપરની આપની કૃપાદૃષ્ટિને!” એ સાભળીને ઋષિએ કહ્યું; “શિષ્ય!

હવે એ પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમને વારંવાર પ્રણામ કરી, સર્વદા પોતાને શરણે રાખવાની તેને વિનતિ કરીને તારા નેત્ર ઉઘાડ!"

નેત્ર ઉઘાડતાં જ વિમળમતિ હર્ષભેર એકાએક ઉભો થયો અને દડવત્નમસ્કાર કરીને ઋષિના ચરણારવિંદમા નમી પડ્યો અને આનંદનાં અશ્રુથી તેના ચરણને ભિંજવી દીધાં. પછી ઋષિએ તેને ઉઠાડી પોતાના હૃદય સરસો ચાપ્યો અને કહ્યું. "તારું નામ આજથી દ્યુતિમાન્ ધરજે; તું માત્ર નામનો જ દ્યુતિમાન્ (તેજ–પ્રભા–કાંતિવાળો) નથી, પણ આજથી પરમાત્માના જ્ઞાનરૂપ દ્યુતિવાળો થયો છે તને મેં મારી સંપૂર્ણ બ્રહ્મવિદ્યાના મૂળરૂપ ઉપદેશ કીધો છે, તે તને સફળ થાઓ. એ ઉપદેશ, તું કોઈ અપાત્રને, અભક્તને, નાસ્તિકને, દુષ્ટને કૃતઘ્નીને, શઠને, દમ્ભીને, પાપીને, વેદની અને પરમાત્માની નિન્દા કરનારને, તેમ જ આત્મા પરમાત્મામા દ્વૈતભાવ ધરનારને કદી પણ આપતો નહિ."

આ પ્રમાણે કહ્યા પછી તે મુનિએ પોતાની સ્ત્રી તરફ જોયું તો તેને સર્વ તૈયારી કરી રાખેલી દૃષ્ટિએ પડી અહીં મધ્યરાત્રિ પણ લગભગ થવા આવી હતી પછી ગુરુ સ્થિરચિત્તે ઉભાં થયા અને બોલ્યા, "પુત્ર દ્યુતિમાન્! પેલા ઘૃતદીપકોની જ્યોતિઓ સતેજ કર; તેમાં ઘી પૂર ને હવે મારુ છેલ્લુ વચન સાંભળ; 'અમો હવે આ અસાર સંસારનો ત્યાગ કરીને પરમાત્માના (જેનું હમણા તેં દર્શન કર્યું તે પરમાત્માના) પરમ આનન્દરૂપ ધામને વિષે જઇશું, માટે તારે અમારો જરા પણ શોક કરવો નહિ અમારા મૃતદેહોને આ તારા સમક્ષ પ્રજ્વલિત થયેલા કુંડમાના હોત્રાગ્નિથી સંસ્કૃત કરજે (અગ્નિસંસ્કાર કરજે); આ આશ્રમમાનું મારું સર્વ વિત્ત મારી પછવાડે શ્રી પુરુષોત્તમ પ્રીત્યર્થે સત્પાત્ર બ્રાહ્મણોને અર્પણ કરજે, મારી કામધેનુ સમાન સો ગાયો છે, તે મારી પછવાડે કોઈ સત્પાત્ર બ્રાહ્મણોને આપી દેજે. પણ એટલું ધ્યાનમાં રાખજે કે, તેમ કરવાથી તેઓ કોઈ વાતે જરા પણ દુઃખી થાય નહિ, અને કદાચ તેવું થવાનો સભવ જણાય તો દાન ન કરતાં તું પોતે જ રુડી રીતે તેનું પાલન (જેવું હાલ કરે છે તેવું) કરજે, અને તેનાથી ઉત્પન્ન થતા ગોરસ વગેરેથી શ્રેષ્ઠ બ્રાહ્મણોનું પોષણ કરજે. તને હવે શીઘ્ર રાજ્ય ને મહારાજ્ય લક્ષ્મી પ્રાપ્ત થશે. તેવડે પરમ સદ્ધર્મવાન્ અને રાજનીતિયુક્ત થઈને તારે આસરે વસેલી પ્રજાનું ઉત્તમ પ્રકારે પાલન કરજે; દુષ્ટોને દડ આપી સાધુ જનોનું નિરંતર રક્ષણ

કરજે; અને ઘણા લાંબા કાળ સૂધી તે સુખનો અનુભવ કરીને અવસાને શ્રીહરિના પરમપદને પામીશ,' એવી મારી અંતઃકરણપૂર્વક આશિષ્ છે! મારો સમય થઇ ચૂક્યો છે, હું ઉઠું છું, તું દૂર બેસ"

એટલું કહી વિષ્ણવે નમ । વિષ્ણવે નમ । વિષ્ણવે નમ । એમ બોલતા બોલતા ઋષિ ઉભા થયા પછી કુડમા પ્રજ્જવલિત થયેલા ભગવદ્વિભૂતિરૂપ હુતાશનને નમસ્કાર કરી પોતાની ધર્મપત્નીએ, ગોમયલિપ્ત ભૂમિપર બિછાવેલા દર્ભાસનપર પદ્માસન વાળી વિરાજ્યા. તેની જોડે સાક્ષાત્ મહાયોગિની સ્વરૂપ, ઋષિપત્ની પણ તેવી જ રીતે વિરાજ્યા. બન્નેએ સાથે યોગમાર્ગવડે પ્રાણાયામ સાધી સમાધિ ચઢાવી અને પરબ્રહ્મ પરમાત્માનુ મંગલ ધ્યાન ધરીને આત્માને બ્રહ્મરંધ્રમા સ્થિત કર્યો

મધ્યરાત્રિ વીતી ગઈ છે સર્વ સ્થળે શાંતિ પથરાઈ ગઈ છે પવન બધ પડ્યો. મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ, વનસ્પતિ, નદીઓમા વહન કરતું જળ, અને કહો કે એક રીતે આખુ જગત્ કેવળ શાત બની ગયું છે સર્વ સ્થળે શૂન્યકાર વ્યાપી રહ્યો છે એવામા દ્યુતિમાનના જોતજોતામા તે બન્ને દપતી (યોગી યોગીની)ના બ્રહ્માડ ફટોફટ ફાટ્યા ને તેમાથી કેવળ તેજના જ પ્રતિબિમ્બ નિકળ્યા, જે નિમેષ માત્રમા દિવ્ય સૂક્ષ્મ મૂર્તિઓ થઈ વાયુમા વ્યાપી દ્યુતિમાનને પ્રત્યક્ષ થતા સ્થિર થભી રહ્યા. એટલામા આકાશ માર્ગેથી નાના પ્રકારના મનોહર શબ્દ કરતુ સૂર્યસમાન તેજસ્વી વિમાન ઉતરી આવ્યુ, જેને જોતા દ્યુતિમાન્ દિઙ્મૂઢ થઈ ગયો. તેમા અનેક પ્રકારના દિવ્ય શણગારોથી સજેલી સુદરીઓ, હાથમા વ્યજન, ચામર, પૂજાના ઉપચારો વગેરે લઇને તત્પર થઇને ઉભી હતી, ગધર્વો વીણા, વેણુ ઇત્યાદિ વાદ્યોના મનહર રવ કરી રહ્યા હતા; ઘણાક દિવ્ય સ્ત્રી પુરુષો ઉત્તમ પ્રકારના ભગવન્નામોચ્ચારણ સહિત ગાયનના આલાપ કરી રહ્યા હતા તે દિવ્ય વિમાનને માહેથી તથા બાહેરથી અપરિમિત બેઠકોની શોભાથી શણગારેલુ હતું. તુરત તેમાથી બે દિવ્ય પુરુષો (શખ, ચક્ર, ગદા, પદ્માદિ ચતુર્ભુજોને વિષે ચતુરાયુધાત્મક) નિકળી, પેલા દપતીના શરીરમાથી પ્રકટેલી બન્ને દિવ્ય મૂર્તિઓની આગળ આવીને ઉભા રહ્યા, અને તેને વિમાનારૂઢ થવાને વિનતિ કરી. પછી પોતાની સાથે આણેલા દિવ્ય વસ્ત્રાભૂષણ તથા ચદન પુષ્પમાળાઓ વગેરેથી અલકૃત કરીને તેઓને વિમાન ઉપર લઈ ગયા. દપતીને વિમાનપર બેસતા જ આકાશમાથી મગળ સૌગધિક સુમનોની

વૃષ્ટિ થઈ, દેવદુંદુભિ ગડગડી રહ્યાં ને જયજયકારના શબ્દો થઈ રહ્યા. તુરત વિમાન ઉપડ્યું અને અનેક પ્રકારના વાજિંત્રોના ઘોષ થતા વિષ્ણુ-લોકને માર્ગે ચાલ્યુ. આશ્રમમાં તુરત અંધારુ ઘોર થઈ ગયું તેજસ્વી આત્માઓ સ્વધામમા પધારી ગયા અને ખંખ જેવા મઠમા દ્યુતિમાન્ એકલો જ રહ્યો વિમાન આકાશમા અદૃશ્ય થઈ ગયું કે, તુરત દ્યુતિ-માન્ મોટી નિરાશા અને શોકનો પોકાર કરીને, "હે ગુરુ દેવ! અહ્હ ગુરુજી! હે માતુશ્રી!" એમ ગળગળા કંઠે બોલતો અને રડતો, મઠના દ્વાર આગળ પડ્યો. તત્ક્ષણે તેને મૂર્છા આવી ગઈ.

ઉષ કાલ થયો. ધીરે ધીરે પૂર્વ દિશા અરુણપ્રકાશથી કુંકુમવર્ણી દીસવા લાગી બધ પડેલો વાયુ મદમંદપણે વાવા લાગ્યો પક્ષીઓ ધીરે ધીરે જાગ્રત થઇ પોતપોતાના કામે વળગી ગયા ને બ્રાહ્મણોના આહ્નિક કર્મોનો આરંભ થઈ ચૂક્યો આ સમયે બ્રહ્મલોકનિવાસી ઋષિરાજના પેલા સેવાપ્રમાદી શિષ્યો (રાજપુત્રો), જેઓ મઠથી કેટલેક છેટે એક પર્ણકુટીમા નિશ્ચિંતપણે સૂતા હતા તેઓ, પોતાના નિરતરના નિયમિ-તકાળે જાગી ઉઠ્યા અને શીઘ્રતાથી શૌચાદિક ક્રિયા કરી, સ્નાન કરવાને સુરસરિતાપર ગયા ત્યા જઈ ઘણી જ ઝડપથી તેઓએ સ્નાન, સંધ્યા, તર્પણ ઇત્યાદિ કરી લીધુ અને ઉતાવળમા ને ઉતાવળમા જળના ઘડા ભરી પર્ણકુટી તરફ વળ્યા ચ લતા ચાલતા મોટાએ નાહાનાને કહ્યું, "ભાઈ! ઉતાવળ કર, આજે સ્વાધ્યાયનો દિવસ છે. પેલો વિમળમતિ રોજરોજ આગળ આગળથી પાઠ લઈ લે છે; પણ આજે આપણે વહેલા ઉઠ્યા છીએ, માટે તેના પરવાર્યા પહેલા જઇને આપણે ગુરુજી પાસેથી સથા* લઇ લઇએ, તો તો ઠીક! વિમળમતિ તો હજી ઉઠ્યોએ નહિ હોય, અને જ્યારે ઉઠશે ત્યારે મઠમાથી સમાર્જન† કરશે, સ્નાન કરવા જશે, સંધ્યા જપાદિ કરશે, વળી ગુરુને ત્યા જળ ભરશે, ગાયોને ચારો પાણી નિરશે, પછી ગાય દોહોશે, તેઓને વનમા ચરવા મૂકશે, ગુરુના અગ્નિહોત્ર-ને અર્થે વનમાથી દર્ભ સમિધ ઇત્યાદિ લઈ આવશે, પછી લણી લીધેલા અન્નક્ષેત્રોમાથી હવિષ્યાન્નનો સલો‡ કરી આવશે. પણ એટલીવારમાં તો

---

* ગુરુ પાસેથી નવો પાઠ સાભળવો તે. † ઝાડુ વગેરે કાઢવુ, લીપવુ, ગુપવુ (અગ્નિકુંડો વગેરેમા) ‡ પાકેલુ અનાજ ક્ષેત્રના ધણીએ સઘળુ લઈ લીધુ હોય, પણ પછવાડે ક્યાક ક્યા અન્નના કણુસલા રહી ગયા હોય છે, તેને ફરી શોધી એકઠા-કરી આણુવા તેને સલો કરવો કહે છે

આપણે પાઠ શિખી શીઘ્રતાથી પાછા આવતા રહીશું: પછી ભલેને તે એકલો ભિક્ષા કરવા જાય અને ભણવાનું કુટી લે! એના સત્તર પ્રપંચ પૂરા થતા થતામા તો આપણે જ ભિક્ષા લઈ આવીશું! ચાલ, જલદી કર ગુરુના ઘરના પણ એક બે ઘડા પાણી આપણે ભરી આવીશું, તે પછી આપણે શહેરમા જઈશું" આમ વાતો કરતા કરતા હરખભેર તેઓ પાણીના ઘડા પોતાની પર્ણકુટીમા મૂકીને મઠ તરફ ધસ્યા ધસ્યા આવ્યા, પણ જેવા તેઓ મઠના દ્વારમા પેસવા જાય છે કે ત્યા દ્યુતિમાન્ મૃતપ્રાય થઈને પડેલો તેઓના જોવામા આવ્યો ગુરુદેવ અને ગુરુપત્નીના સ્વધામમા પધાર્યા પછી દ્યુતિમાનને જે મૂર્છા આવી હતી, તેમાંથી તે હજી સૂધી સાવધ થયો ન હતો. તે પ્રથમની સ્થિતિમા જ ચત્તોપાટ, નિરાધાર, શૂન્ય થઈને પડેલો હતો! તે બે ભાઈઓએ આવતા વેંત જ દ્વારપર દ્યુતિમાનને પડેલો જોયો કે, મહદાશ્ચર્ય સાથે એકાએક ચમક્યા, ને પરસ્પર કહેવા લાગ્યા, "ભાઈ! આને શું થઈ ગયુ? એને તપાસો તો ખરા, કે એ જીવતો છે કે મૂવો!" એમ કહી તેને મોટેથી હાકો મારી ઢઢોળવા માડ્યો, પછી ઉપાડી બેઠો કર્યો થોડીકવારમા તે સ્વપ્નમાથી જાગ્યો હોય તેમ એકાએક, "હે ગુરુ! ઓ ગુરુજી! અહા ગુરુજી!" કરી, કોમળ કરુણાળ સ્વરે બોલતો ઝબકી ઉઠ્યો, ને મોઢેથી નિ:સાસા નાખવા લાગ્યો જરાક સાવધ થયો ત્યારે પેલા બે ગુરુસેવામા આળસ રાખનારા રાજકુવરોના પૂછવાથી પોતાની આખમાથી વહેતી આસુની ધારા સાથે, પોતાને થયેલા ઉપદેશ વગરની રાત્રિની સઘળી વિગત તેઓને જણાવી, પછી કહ્યુ, "ભાઈઓ! આપણે મોટા ભાગ્યહીન છીએ આપણા કૃપાળુ ગુરુદેવ, આપણને વનમા એકલવાયા મૂકી પરલોક સિધાવ્યા છે, માટે હવે બીજા સર્વ કાર્યો છોડી, આપણે વનમાથી ચન્દન, કાષ્ઠો તથા સમિધો શીઘ્રતાથી એકઠા કરીને સૂર્યોદય થતા જ તેઓના પવિત્ર શરીરોને અગ્નિસસ્કાર કરી, આપણું કર્ત્તવ્ય પૂર્ણ કરીએ."

આ વૃત્તાત સાભળતા જ બન્ને રાજપુત્રો પણ નિરાશ અને શોકાતુર મુખે, દ્યુતિમાન્ સાથે મઠમા પેઠા. ત્યા અગ્નિહોત્રનો અગ્નિ હજુ સૂધી મોટી શિખાઓથી ધમધમાટ બળી રહ્યો હતો, ઘૃતદીપકોની સઘળી જ્યોતિઓ અખડ બળતી હતી, અને દર્ભાસનો પર તે મહાપુણ્યવાન્ પતિપત્નીના શરીર, આગળની જ સ્થિતિએ–સમાધિમા બેઠેલા યોગીઓની પેરે–બેઠેલા હતા પછી એક જણને મઠમા મૂકી, બે જણ (દ્યુતિમાન્ અને મોટો

રાજપુત્ર) વનમા કાષ્ઠ ભેગા કરવા માટે ગયા કાષ્ઠ આણ્યા પછી ગગાને ઉત્તર તીરે એક મોટી ચિતા ખડકી પછી આસપાસના બીજા આશ્રમોમાથી ઘણાક ઋષિઓ, ઋષિપુત્રો વગેરેને તેડી લાવી, તેઓની સમક્ષ શાસ્ત્રોક્ત ક્રિયાથી તે બન્ને શબને, હોત્રના અગ્નિવડે અગ્નિસંસ્કાર કર્યો; અને પુત્રની પેઠે, દ્યુતિમાને પોતાના માતપિતાસમાન તે ઋષિ તથા ઋષિપત્નીની સર્વ ઉત્તરક્રિયા કરી. પછી સપિંડીકરણ, માસિક, ત્રિપાક્ષિક, ત્રિમાસિક, ષાણ્માસિક, સવત્સરી ઇત્યાદિ સર્વ ક્રિયા તેમની પછવાડે સાચવી, તેમના સર્વ ગોધનાદિ વિત્તનો પણ તેમની આજ્ઞાનુસાર સદુપયોગ કર્યો વર્ષાંતે, ગુરુવિયોગથી શોકાતુર થયેલો અને ગુરુના ગુણાનુવાદનું વારવાર સ્મરણ કરતો દ્યુતિમાન, પેલા રાજપુત્રો પ્રત્યે બોલ્યો, "વડીલ બાધવો! સાક્ષાત્ બ્રહ્મદેવ સ્વરૂપ આપણા ગુરુદેવની કૃપાથી આપણે સર્વવિદ્યા સપાદન કીધી છે, હવે તે વિદ્યાનુ પરાક્રમ જગતમા દેખાડી, બ્રહ્મપુરનિવાસી ગુરુજીની કીર્તિને સર્વ સ્થળે પ્રકાશિત કરવા નગરમા ચાલો."

'પુત્રો વિદ્યા સપાદન કરી આવે છે' આવુ સાભળીને રાજા, અતિ પ્રસન્ન થઇને પુત્રોને લેવા માટે તેઓની સામે ગયો અને તેઓને ધામધુમથી નગરમા તેડી લાવ્યો ત્રણે રાજપુત્રોની પરીક્ષા લેતા દ્યુતિમાન્ સર્વ કરતા શ્રેષ્ઠ ઉતર્યો જેથી બીજા રાજપુત્રો કરતા તે દિવસથી રાજાની તેનાપર અધિક પ્રીતિ થઈ પિતાના ચરણમા વદન કરી, તેની આજ્ઞા લઈ, દ્યુતિમાન્ તુરત પોતાની માયાળુ માતુશ્રીની પાસે ગયો તેણે જ્યારે તેના ચરણમા મસ્તક મૂક્યુ, ત્યારે પરસ્પરનાં નેત્રમાથી હર્ષના આસુઓ વહેવા લાગ્યા પછી પૂર્ણ આનદથી તેણે માતુશ્રીને પોતાનો સર્વ વૃત્તાત કહ્યો, ને પૂર્ણ પ્રેમથી બોલ્યો –"માતુશ્રી! આપના ઉપદેશને અનુસરવાથી મારા ગુરુની સેવા કરીને, તેની સપૂર્ણ કૃપાનો હું પાત્ર થયો છુ, અને અમૂલ્ય વિદ્યાઓ અને ભગવચ્છરણ સપાદન કરીને આવ્યો છુ. હું એમ જ સમજું છુ કે, મારા જેવો અલભ્ય લાભ જગત્મા ક્વચિત જ કોઇને મળ્યો હશે, અને તે સઘળો તારા માયાળુ ચરણનો જ પ્રતાપ છે!"

એ દિવસથી દ્યુતિમાન્, ગુરુએ કરેલા બ્રહ્મવિદ્યોપદેશનો નિરંતર અભ્યાસ કરવા લાગ્યો, કૃપાળુ ગુરુનું વારવાર સ્મરણ કરવા લાગ્યો ને માતુશ્રીની રુડી રીતે સેવા કરતો, માતુશ્રીવાળા એકાંત મહાલયમા જ રહેવા લાગ્યો.

પ્રતિદિન પોતાની વિદ્યાવડે નાના પ્રકારના ચમત્કારો દેખાડી, તેણે રાજાનું અધિકાધિક ચિત્ત આકર્ષવા માડ્યું, તથા પોતાના બાહુબળે અનેક દેશાન્તરોના રાજાઓને જિતીને સ્વાધીન કરવા માડ્યા, અને પિતાના ચરણમા નમાવવા માડ્યા એથી પ્રસન્ન થઇને પિતાએ તેને પોતાનો મુખ્ય અધિકાર સોંપ્યો, અને કનિષ્ઠ છતા, ગુણમા તથા પ્રજાનુ રક્ષણ કરવામા જ્યેષ્ઠ પુત્રો કરતા તે ઉત્તમ દેખાવ આપવા લાગ્યો તે અવસ્થામા નાહાનો છતા પણ, પ્રજાની વિનતિથી અને પોતાના અત કરણની પ્રીતિથી, રાજાએ તેને યુવરાજપદનો અભિષેક કીધો પિતા વૃદ્ધ થવાથી જ્યારે તે સિંહાસનારૂઢ થયો, ત્યારે પરમધર્મવડે પ્રજાનુ પાલન કરવા લાગ્યો, અને ગુરુના ઉપદેશને સફળ કરીને, પરમાત્માના સ્વરૂપના સ્વાત્માનુભવાનદમા મગ્ન થતો, અવસાને પરમપદને પ્રાપ્ત થયો.

યજ્ઞભૂએ કહ્યુ,—હે પ્રિય સચિવ વિશાલકેતુ! આટલો ઇતિહાસ કહી તે મહાત્મા યોગી પુરુષે મને કહ્યુ, "ઓ મૃત્યુ લોકના માનવી! આ સઘળા ઇતિહાસ પરથી તેં જાણ્યુ હશે કે, ગુરુસેવા કરનારા ઘુતિમાનને કેવો અલભ્ય લાભ થયો હતો! તેણે કેવા કેવા ઈશ્વરી ચમત્કારો જોયા હતા! તેને ધ્યાનગમ્ય પરમાત્માના કેવા દર્શન થયા હતા! અને પેલા સેવા પ્રમાદી રાજપુત્રો તે સર્વ વાતથી કેવા નિર્ભાગી જ રહ્યા હતા! એ સર્વ તેં યથાર્થ જાણ્યુ છે એનું જ મનન કર, એનુ જ નિદિધ્યાસન કર. ગુરુસેવા એ જ મનુષ્યજન્મમા શ્રેય સાધન છે ગુરુ ને ગોવિંદમા ગોવિદ પરમ છે પણ એ પરમનુ દર્શન કરાવનાર ગુરુદેવ છે, તેથી પરમના પરમ ભગવાન્ ગુરુદેવ છે તીર્થાટન કરવામા એક જ ફળ છે દેહશુદ્ધિ થાય છે, સતસમાગમથી જ્ઞાનપ્રાપ્તિ, સત વિવેક બ્રહ્મોપદેશ અને યમનિયમાદિ સતોની રહેણીનો અનુભવ થાય છે, પણ સદ્ગુરુના સમાગમથી સાક્ષાત્કાર થાય છે માટે સદા સદ્ગુરુની સેવા કરવી ને જે દુર્લભ વસ્તુ છે તે પ્રાપ્ત કરી લેવી આ ઇતિહાસને અગે પ્રસગોપાત્ત પરમ દુર્લભ એવી પરમાત્માની માનસિક સેવાનો પણ મેં તને ઉપદેશ કીધો છે, તેનુ તું કદી પણ વિસ્મરણ કરતો નહિ, એનુ તું નિરતર ધ્યાન કરજે ને નિરતર અભ્યાસ કરજે હવે તારે ગુરુસેવાની કંઈ જરૂર નથી, તથાપિ તારી ગુરુશુશ્રૂષાની ઇચ્છા પૂર્ણ કરવા માટે આ પછવાડેની વાટિકામા જઈ મારે માટે થોડા ફલપુષ્પાદિ લઈ આવ!"

હે વિશાલ! ગુરુની આજ્ઞા સાભળી, તેણે કહેલા ઘુતિમાનના ઇતિ

હાસથી અત્યંત આનન્દ પામતો અને તેનુજ મનમાં મનન કરતો, હું વનમા ગયો એક સુંદર વૃક્ષઘટામા પેઠો. મારા મનમા નિરંતર એમ જ આવતું હતું કે, "એ ધુનિમાન્ કેવો ભાગ્યશાળી! માત્ર એક જ રાતમા અને ફક્ત મુહૂર્તમાત્રમા તેને કેટલુ બધું અને કેવુ પરમ જ્ઞાન પ્રાપ્ત થયુ? તેને જે દર્શન થયા, તે પરમ પ્રભુનુ સ્વરૂપ કેવું હશે? શુ તે આનન્દમૂર્તિ પરમાત્માની સ્તુતિ કરતા તેમણે (ધુતિમાનના ગુરુએ) સર્વવ્યાપી એવું વિશેષણ આપ્યું, તે પરમાત્મા મારા અંતઃકરણમા પણ એવે સ્વરૂપે જ વિરાજતો હશે? શું મને પણ કૃપા કરી, તે પરમ કૃપાળુ દર્શન આપશે?" આ પ્રમાણે ચિંતન કરતો હું એક આંબાના વૃક્ષ ઉપર ચઢ્યો, ને તેના મઘમઘાટ કરતા સુગંધથી મગજને તૃપ્ત કરી દેતા પકવ ફળો (સાખો) તોડી, ઝોળીમા ભરી નીચે ઉતરવા લાગ્યો હું વનમા ગયો, વૃક્ષપર ચઢ્યો, ફળ તોડ્યા ને નીચે ઉતરવા લાગ્યો આ સર્વમાથી કોઈમા પણ મારુ ચિત્ત નહોતું, મારો આત્મા તો શ્રીહરિના પરમ સ્વરૂપ તરફ જ લક્ષપૂર્વક ચોંટેલો હતો જેમ કોઈ બાળક ભૂખ તરશનુ ભાન ભૂલી, પોતાને પ્રિય એવા રમકડામાજ રમણ કરે છે ને આનન્દ ભોગવે છે, અથવા જેમ નિર્દોષ બાળક, ભુખ્યુ થવાથી 'ઓ મા! ઓ મા!' કરતું માતામા જ દૃષ્ટિ રાખી રહે છે, તે જ પ્રમાણે હું પણ સર્વ અહંતા મમતા ભૂલી જઈ, નિજસ્વરૂપમા જ રમમાણ હતો એ સ્વરૂપ સ્વયપ્રકાશ, અનંત શક્તિવાળુ, પ્રમાણથી અગમ્ય અને સર્વાનુભવી હતું

આવી ચિત્તવૃત્તિએ વૃક્ષપરથી ઉતરતા બાજુની એક નાની શાખા ઉપર એક સુંદર અને મોટુ પકવ ફળ મારા જોવામા આવ્યુ તેને ગ્રહણ કરવા માટે હું આતુરતાથી લાંબો હાથ કરી વાંકો વળ્યો, કે તરત મારો ટેકાવેલો પગ થડપરથી લથડ્યો, ને કડડડભૂસ કરતો હું જમીનપર આવી પડ્યો! ઉંચેથી પડવાને લીધે મને એકાએક ચક્કર આવ્યા, આંખે અંધારા આવી ગયા, શરીર શિથિલ થઈ ગયું અને હું મૂર્છિત થઈ ચત્તોપાટ પડ્યો! એ સમયના આશ્ચર્ય અને આનન્દનું હું તારા આગળ શુ વર્ણન કરુ? મને અંધારા આવ્યા, તે વખતે જાણે મને કઈ પ્રત્યક્ષ થતું હોય તેવું હું જોવા લાગ્યો પ્રથમ સર્વત્ર એકાકાર-અંધકાર જ મારી દિવ્ય દૃષ્ટિએ પડ્યો પછી એકાએક તેમાથી ઝળઝળાટ દિવ્ય પ્રકાશ થઈ ગયો. ક્ષણમાત્રમા તે પ્રકાશની અંદર, અનુક્રમે ધુતિ

માનના ગુરુએ જે વર્ણન કર્યું હતુ, તેવી જ લીલા હું અનુભવવા લાગ્યો, તાદૃશ્ય તેવા જ પ્રભુના મને દર્શન થયા! જાણે તેવા જ વિધિએ મેં તેનુ પૂજન આરમ્ભ્યુ હોય તેમ મને થયુ, અનેક મગળ નામોથી મેં તેનુ સ્તવન કર્યું, અત્યત પ્રેમથી પુલકિત થઈ વારવાર તેની પ્રદક્ષિણા કરી અને હર્ષઘેલો થઇ જવાને લીધે મોટેથી, "હે સચ્ચિદાનન્દ પરમ પ્રભુ પરમાત્મા પરબ્રહ્મ દીનદયાળ! હું તારા દાસનો પણ દાસ છુ, મને અન્યથા શરણ નથી, કેવળ તારા જ જગદુદ્ધારક ચરણારવિંદનો આશ્રય છે, માટે હે પ્રભુ! મને શરણે રાખ!" એમ સ્તુતિ કરતો દડવત્નમસ્કાર કરી, જેવો દિવ્ય મૂર્તિના કોમળ પાદપકજમા પડવા જાઉં છુ, તેવુ જ ધડાક દેતું કે મારા હૃદય ઉપર એક મોટુ આમ્રફળ-(જેને વૃક્ષપરથી ઉતરતી વખતે હું લેવા માટે ઇચ્છતો હતો તે જ,) વૃક્ષપરથી પડતી વખત ડાળાઓ સાથે મારુ શરીર અફળાવાથી, ડાળા ખૂબ હાલ્યા ને તેના પરસ્પર ઘસાવાને લીધે આપોઆપ આવી પડ્યુ-તૂટી પડ્યુ તેના જોરશોરના પડવાને લીધે, એકાએક હું ચમકી ઉઠ્યો, મારી આખ ઉઘડી ગઇ, અને મારા જ્ઞાનચક્ષુ (હૃદયચક્ષુ) સમીપમાથી એ ગોચર થતુ સમગ્ર અદ્ભુત અલૌકિક લીલામય દિવ્યસ્વરૂપ તત્કાળ અદૃશ્ય થઈ ગયુ

તુરત હું વૃક્ષ તળેથી ઉઠયો. વૃક્ષ ઉપરથી પડવાનો કશો શ્રમ કે વ્યથા મને માલમ પડી નહિ, પણ ઉલટુ જાણે મારા શરીરમા અધિક બળ આવ્યુ હોય તેમ લાગ્યુ અપરોક્ષ અનુભવ થવાથી મને સમગ્ર વિશ્વ બ્રહ્મરૂપેજ પ્રતીત થવા લાગ્યુ મારામા રહેલા શોક મોહને સ્થાન જ મળ્યુ નહિ હું તો હવે સત્યસ્વરૂપાનન્દમા ખેલતો, હસવા અને નૃત્ય કરવા લાગ્યો તે ધૂનમા ને ધૂનમા ફળની ઝોળી લઈ, ભગવદ્દર્શન સંબંધી વિચાર કરતો કરતો અને વનની અનુપમ શોભા નિરખતો નિરખતો, ગુરુજી પ્રતિ ચાલ્યો આવ્યો આવો જ્ઞાનોપદેશ મળવાથી મારુ મન, સૂર્યદર્શનથી વિકસિત થયેલા કમળની પેઠે પ્રફુલ્લિત થવા માડ્યુ અને ઉચે ને ઉંચે પરમ પુરુષની સમીપમા ને સમીપમા ચઢવા-જવા લાગ્યુ. મને ઉપરાઉપરી અનેક સુવિચારો આવવા લાગ્યા અને આ આત્માજ બ્રહ્મ છે, તે જ સર્વરૂપે સ્થિર ને વિસ્તરેલો છે, એવુ નૂતન જ્ઞાન આપોઆપ સ્ફુરાયમાન થઇ આવ્યુ ગમે તેટલુ તોએ હું હજુ નવો અને થતો જ્ઞાની હતો, તેથી તે વખતે સૃષ્ટિની અંદર ચાલતા કેટલાક ધર્મ માર્ગોની નીતિરીતિનો મને વિચાર આવતા, એ સર્વને મારા મનમા નિંદવા ને તેનો તિરસ્કાર કરવા લાગ્યો.

પ્રથમ મને એમ લાગ્યું કે, 'જગતમા કેટલુ બધું અંધેર છે, કે જે અનત અને સર્વવ્યાપક દિવ્ય તેજોમય પરમાત્મા પરમ આનંદમય છે, જે નિત્ય, અનંત ને સભરે છે, તેને પાષાણુમય, ધાતુમય, મૃત્તિકા કિંવા કાષ્ઠાદિમય પ્રતિમારૂપે લોકો પૂજે છે, એ અવિદ્યાનુ સ્વરૂપ કેવું! તે પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરે છે, ને જેમ ભગવાનને પૂજીએ તેમ ભાવથી શૃંગાર નૈવેદ્યાદિ ઉપચારોથી તેને પૂજે છે! રે! રે! આ લોક કેટલો બધો અજ્ઞાનથી આવૃત છે? અનત શક્તિમાન્ પ્રભુ, પાષાણાદિની મૂર્તરૂપ! તેવો પ્રભુ આ આત્મામા કેમ બિરાજે? જેમ આકાશમા નીલત્વ મિથ્યા છે, મરુભૂમિમા જળ મિથ્યા છે, વૃક્ષ ઠુંઠામા પુરુષાકૃતિ ભ્રાંતિથી કલ્પાય છે, તેમ જ પાષાણાદિ મૂર્તિમા, અખંડાનન્દ એકરસ ભોગી પુરુષોત્તમ પરબ્રહ્મ કલ્પાય છે, એ માત્ર ભ્રાંતિ જ છે! એમ ભ્રાંતિથી કલ્પાયલુ સત્ય તે સત્ય નથી' પણ હે વિશાલ! મનમા સ્ફુરાયમાન થયેલા એવા વિચારોથી, હું કંઈ મારા મનનો તેવો જ નિશ્ચય કરી બેઠો નહિ પાછી મારા મનમા એમ પણ શંકા થઈ કે, 'કોણ જાણે, એમાએ શો ચમત્કાર હશે! પણ એમ હોવાનુ કારણ શું? એ પ્રકારને (મૂર્તિપૂજાદિ પ્રકારને) પરંપરાથી શિષ્ટજનો, અને સર્વ અવતારી પુરુષો પણ માન આપતા આવ્યા છે, માટે એમા કંઈ કારણ તો હોવું જ જોઈએ!' આવા વિચારોમા મગ્ન થતો હું તે દિવ્ય પુરુષની આગળ આવી પહોંચ્યો અને ફૂળની ઝોળી અર્પણ કરી, દંડવત્ પ્રણામ કરીને બેઠો જેવો હું તેના સન્મુખ બેઠો કે, તુરત તે પોતાની દિવ્ય વાણીથી મને પાછો તૃપ્ત કરવા મંડ્યા

તે બોલ્યા, "અલ્યા મર્ત્યલોકના માનવી! સાભળ, એક વાત વિશેષ કહું છું તે. તારા મનમા કંઈ કંઈ નવી નવી શંકાઓ તો થતી હશે જ, કે આ જગતનો શો વિચિત્ર ખેલ છે! બ્રહ્મ શું, પરમ પુરુષ શું, રામકૃષ્ણ શું, મૂર્તિ શું, વિશ્વસ્થાપી પ્રભુ નિશ્વસ્થાની કેમ? એવી એવી શંકા થતી હશે એ શંકાઓ યોગ્ય છે એ પ્રમાણે મનમા આવવું (શંકા થવી) એ મુમુક્ષુનું લક્ષણ જ છે પણ એવા વિચારથી હમણા ને હમણા તું કશા નિશ્ચયપર આવતો નહિ એ નિશ્ચિત વાર્તા તને ઇશ્વરકૃપાથી આપોઆપ સમજાઈ જશે. જગતમા મૂર્તિપૂજાદિક અનેક કર્મકાંડની લીલા પ્રવર્તે છે, તે આ કારણ નથી જ! હે યજ્ઞભૂ! એ ચાલતો (મૂર્તિપૂજાદિનો) પ્રકાર કેવળ અયોગ્ય કિંવા નિરર્થક નથી જ! તે સકારણ અને સહેતુક જ છે. પણ એનો અતિ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરવાનો છે. એ રીતિમા મહાત્માજનોનો અતિ ગૂઢ આશય છે.

એ પ્રકાર મનુષ્યને કુમાર્ગે ચઢાવનાર નથી, પણ સન્માર્ગે પ્રવર્તક અને પરમાત્માના સ્વરૂપના દર્શનના સાધનની પહેલી પાયરી છે હે રાજતનય! તું જો કે, સર્વ રાજપુત્રો, બાલવયમાં પ્રથમ ધનુર્વિદ્યાનો અભ્યાસ કરે છે, તેનો મુખ્ય હેતુ પ્રૌઢ વયે રાજ્ય રક્ષણ કરવા માટેનો જ છે. શત્રુઓ સાથે યુદ્ધ કરવું પડે તે, તથા તેમા સ્વશરીરની રક્ષા કરી શત્રુનો વધ–પરાજય કરવો પડે એ, ઉભય લાભ એમાથી પ્રાપ્ત થાય છે પણ તે માટે યોગ્યાયોગ્ય વિચાર કરી, સત્ય વિવેકથી ધનુર્વિદ્યા શિખતી વખતે અભ્યાસ પાડ્યો હોય તો જ એ વિદ્યા યુદ્ધ સમયે કામ લાગે છે, નહિ તો ગમે તેવો બળવાન્ યોધો પણ શત્રુને હાથે નિશ્ચય મહાત થઈ જાય છે. એ અભ્યાસ પાડવા માટે કઈ ખરેખરા શત્રુ, એ રાજપુત્રો સામે આવતા નથી પણ તેઓના આયુધો (બાણો, ગદાઓ, ભાલા, ફરસીઓ વગેરે)ના પ્રહાર સહન કરવાને એ રાજપુત્રોને પોતાની સામે અનેક જાતના નિશાનરૂપ શત્રુઓ કલ્પવા પડે છે, અને તેના ઉપર શસ્ત્રાસ્ત્રો યોજીને એકાગ્રતાથી અભ્યાસ કરવો પડે છે એ કલ્પિત શત્રુઓ (નિશાનો) માત્ર તેઓને પૂરેપૂરો અભ્યાસ થાય, ત્યા સૂધી જ કામના છે અભ્યાસ–મહાવરો પડી રહ્યા પછી તે વસ્તુઓની જરૂર પડતી નથી. પછી તો એ રાજપુત્રો, જે વીરપુરુષો છે, તે નિશ્ચિતપણે ખરા શત્રુ સામે ઉભા રહે છે ને અભ્યાસમા જેવો શ્રમ કર્યો હોય, તે પ્રમાણે જયાજય મેળવે છે હે પુરુષ! એમ જ ભક્તિપથે લાગેલા સર્વ મુમુક્ષુ જનોને ભગવત્સેવા કરવાનો તથા માનસિક સેવા કરવાનો હેતુ સિદ્ધ થવા માટે, મૂર્તિરૂપ ભગવાનને કલ્પીને તેનુ ધ્યાન, સેવન ઇત્યાદિનો પૂર્ણ અભ્યાસ કરવો પડે છે કેમકે, માયાની આવરણશક્તિથી ઘેરાયલા પ્રાણીના ચક્ષુ આદિમા અને દેહમા, ચિદાભાસના તેજથી 'હું' નામનું અભિમાન કરી બેઠું છે, તેનો લય કર્યા વિના અગમ્ય, અગોચર, અવિનાશી, સર્વવ્યાપી એવુ ભગવત્સ્વરૂપ યથાર્થ લક્ષમા આવતુ નથી પરતુ નિત્યનો અભ્યાસ પાડતા, શ્રીહરિની સાક્ષાત્ મગળમૂર્તિ, આખો મીંચતા પણ જાણે નજર આગળ રમતી દૃશ્યમાન થાય છે એમ કરતા સર્વ ઇદ્રિયો પ્રત્યક્ષ સ્વરૂપના દર્શનથી એકાકાર–તદાકાર થઈ જાય છે, અને ધીરે ધીરે તે અખડાનદ રસથી વહેતા સ્વરૂપમા સર્વ ઇન્દ્રિયો લીન થઈ જાય છે, ત્યારે એ પાષાણાદિક મૂર્તિની સેવાની જરૂર રહેતી નથી છતા ઉપાસનાનુ માહાત્મ્ય ઓછુ મા જાણ પ્રપચને પરહરી, જીવનને તુચ્છ ગણી, દૃઢ મને અને ઇન્દ્રિયોને

સગુણ પરમાત્મારૂપ રામકૃષ્ણાદિમા જો જીવ વહાકાર કરે છે, તો એ જ મૂર્તિમાંથી પણ સાક્ષાત્કાર થાય છે; અને જ્યારે તેમા ને તેમા જ આ જીવાત્મા લચ્યો પચ્યો રહે છે, ત્યારે તે સત્વર મોક્ષને પામે છે ને ત્યા લીલામય ભગવાનની સાથે રમણ કરે છે! મૂર્ત કે અમૂર્ત એમ ઉભય-રૂપે પ્રભુ છે. જેમ ચન્દ્રદર્શનથી આનદ ને શીતળતા પ્રાપ્ત થાય છે, તેમ જ ચાદરણાના સેવનથી પણ આનંદ ને શીતળતા પ્રાપ્ત થાય છે. જેમ આત્મા પરમાત્માના ભેદાભેદના જ્ઞાનથી પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે, જેમ યોગની સાધનાથી સાક્ષાત્કાર થાય છે, તેમ જ મૂર્તિમાન્ રૂપે પૂજાતા, સેવાતા, ભજાતા વિશ્વવ્યાપી, જે સર્વ સ્થાન અને સર્વ પદાર્થમા વ્યાપક છે એવા પરમ પ્રભુમા એક લીનતા થવાથી પણ સાક્ષાત્કાર થાય છે અને તેમા જ તન્મય થઈ જવાથી અને જગતની જજાળને તર-છોડી, કામાદિક વિષયથી મુક્ત થવાથી, આ જીવ લીલામય મોક્ષને પામે છે. સગુણ–મૂર્તિમાન્ પરમ પ્રભુમા એકાકારવૃત્તિ થઈ ગયા પછી તદ્રૂપ બનેલો કે આત્મા પરમાત્માનો એકાકાર જાણ્યા જોયા પછી કોયો પર-મભક્ત, કે આત્મજ્ઞ જીવ, એ આનદરસનો રસ ચાખવાથી વિમુખ થઈ શૂન્ય પદાર્થનુ સેવન કરશે? પ્રત્યક્ષ ચન્દ્રના દર્શનના લાભ પછી, ચિત્રમા ચિત્રેલ ચન્દ્રને કોણ પૂજે છે? તે જાણે છે કે, એ મિથ્યા પદાર્થના સેવ-નથી સુખે મળતુ નથી ને દુ.ખે વિરમતું નથી અદ્વિતીય આનદરસમા પરિષિક્ત થયા પછી સર્વદા એકનિષ્ઠ ભક્ત થવાય છે કે બ્રહ્મનિષ્ઠ જ્ઞાન-સપન્ન થઈ જવાય છે જેમ રજ્જુનો વિવેક થવાથી, સર્પના ભ્રમનો નાશ થાય છે, તેમ જ અદ્વૈત બ્રહ્મનું કે લીલામય પુરુષોત્તમનુ જ્ઞાન થવા પછી સર્વ માયાનો લય જ થાય છે જીવ, બુદ્ધિમાન્, પડિત, ચતુર અને સૂક્ષ્મ દર્શી છે, પણ જ્યા સૂધી તમોગુણી માયામા રહી, કામ, ક્રોધ, લોભ, દભ, અહકાર, ઇર્ષ્યા, મત્સર વશવર્તી છે તેમાથી મુક્ત થયો નથી, ત્યા સૂધી માયાથી મુક્ત થવા માટે, સગુણ ઉપાસના એ પ્રારંભ કર્મ છે, ને નિત્ય કર્મ પણ આવશ્યક છે જે મનુષ્ય પરમાત્માને સગુણ માની તેની ઉપાસનામા તન્મય રહે છે, તેમા જ વ્રતસ્થ વીર રહે છે, તો તેથીએ એ જીવ મોક્ષને પામે છે જીવ આવરણશક્તિથી ઘેરાયલો છે તેને ઉધો નિશ્ચય ને સશય પીડે છે, ને તેથી નિરતર દુ ખ વેઠ્યા કરે છે તેમાથી છૂટવાનો આ ઉપાસના માર્ગ શ્રેષ્ઠ જ છે મૂર્તિરૂપે ભગવાનને કેમ માનવા? એમ જો શકા થાય તો તેનુ નિવારણ એ જ છે કે, सर्व विष्णुमय जगत्। આખુ જગત્

ભગવાન્ વિષ્ણુમય જ છે; સર્વત્ર વિષ્ણુ* વસી રહ્યો છે માટે આ પાષાણાદિની મૂર્તિ પણ વિષ્ણુમય જ છે બ્રહ્મ, પરમેશ્વર, રામ, કૃષ્ણ, હરિ, એ સર્વ વિષ્ણુનાજ નામો છે પરમાત્માનાં જ રૂપો છે. વળી તેમ કરવા પણ તેમા વિશેષ દૈવત્વ આવવા માટે વેદમન્ત્રવડે તેની પ્રાણપ્રતિષ્ઠા કરવામા આવે છે, તેથી તે પ્રતિમા પુરુષોત્તમરૂપ જ છે; એટલે તેને પૂજવાનો અભ્યાસ કરનારનો હેતુ સફલ જ થાય, એમા શો સદેહ? હે રાજપુત્ર! એવા કારણને સહેતુક સમજીને જે, મૂર્તિમાન્ સગુણ પ્રભુની સેવા કરે છે, તે કરનારને જ ખરો અર્થ (ભગવત્સ્વરૂપે દર્શનનો માર્ગ) પ્રાપ્ત થાય છે, બીજાને નહિ

"વળી, બાળકને અક્ષરજ્ઞાન શિખવવા માટે કેવો યત્ન કરવો પડે છે તેનો જ પ્રથમ તુ વિચાર કર. તેઓને શિખવવાનો હેતુ ઘણો પ્રૌઢ અને ભવિષ્યમા બહુ જ ઉપયોગી થઈ પડવાનો હોય છે સપૂર્ણ અક્ષરજ્ઞાન થયા પછી નાના પ્રકારના ઉત્તમ લેખો લખી, તેમ જ વાચી શકાય છે, અનેક પ્રકારના ગ્રન્થો–શાસ્ત્રો, પુરાણો, સ્મૃતિઓ, વેદોના રહસ્યો સમજી શકાય છે, અને વ્યવહારાદિકમા પણ તે ઉપયોગમા આવી શકે છે. પણ એ અક્ષરોનુ યથાર્થ જ્ઞાન થયા પહેલા જ બાળકની આગળ મોટા મોટા ગ્રન્થો મૂકયા હોય તો તે તેઓનો શો ઉપયોગ કરશે? તે વખતે તેનાથી એક અક્ષર પણ તેમાનો વચાઈ શકાવાનો નથી. ઉત્તમ જ્ઞાનપ્રાપ્તિ માટે પણ જેમ અક્ષરજ્ઞાન આવશ્યક છે, તેમ નિર્ગુણ પરમેશ્વરના જ્ઞાન માટે સગુણ પરમેશ્વરની ઉપાસના પણ આવશ્યક છે અક્ષરજ્ઞાન શિખવાને બાળકને પ્રથમ અક્ષરોના આકારનો મોટો ખરડો કરી આપવો પડે છે, ને તે અક્ષરો પોતાની મેળે (કોઈની પણ સહાયતા વગર અર્થાત્ સામેના અક્ષરો જોયા વગર જ) લખાઈ શકાય ત્યા સૂધી તે ખરડો તેને ઘૂટવો પડે છે તે કિત્તા ઘૂટતા ઘૂંટતા હાથ વળી રહ્યો, એટલે પછી આપોઆપ તે કિત્તાના ખરડાને છોડી દેવાય છે, ને પછી અક્ષરો લખવાનુ, અગર બીજે હરેક સ્થળે લખેલા હશે, તે વાચવાનુ મન થશે, ને તે વચાશે તેમ જ હે યજ્ઞભૂ! તુ નિશ્ચયપૂર્વક સમજ કે, ભગવત્સેવાનો અભ્યાસ કરવાને માટે મૂર્તિપૂજા એ શ્રેષ્ઠ અને મોક્ષમાર્ગનું પ્રથમ દ્વાર છે મૂર્તિમાન્ પ્રભુનું સેવન પૂજન પણ (ભક્તિભાવપૂર્વક કર્યું હોય છે

* વિષ્ણુ શબ્દનો મૂળ અર્થ સર્વત્ર વાસ કરનાર એવો છે

તો) તે પ્રભુ સપ્રેમ ગ્રહણ કરે છે. વળી પ્રારભમા જેમ અક્ષરજ્ઞાન આવશ્યક છે, પણ તે જેમ પાછળથી વ્યર્થ છે, તેમ ઉપાસનામાં ઉપાસના વ્યર્થ થતી નથી એનુ મહાન્ ફળ મળે છે અત સૂધી એ ઉપાસનામા નિષ્કામપણે રહી, પ્રભુને જે સેવે છે, તે જીવ પણ સફળતાને જ પામે છે. મૂર્તિરૂપે કરાતી પ્રભુસેવાને ખોટી, નિરર્થક, દોષવાળી અને કુમાર્ગે ચઢાવનારી કહેનારાઓ કેવળ પ્રમાદી, અવિચારી, અજ્ઞાનવિવશ અને ભ્રાંતિવશ જ થયેલા જીવો છે, એમ જ માન! વળી જેમ શરીર નિરોગી કરવાના ઉપચાર પૂર્વે જુલાબની જરૂર છે, તેમ પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ જાણવા માટે ઉપાસના-ભક્તિની પણ જરૂર છે કર્મ, ઉપાસના અને જ્ઞાન, એ ત્રણે એક જ સ્થાનમાથી જન્મેલા છે વળી જાણ કે, મૂર્તિપૂજનની માયા સત્યે નથી, અસત્યે નથી, સત્યાસત્યના સ્વભાવવાળી પણ નથી, નિત્યે નથી ને અનિત્યે નથી, તે સર્વ છે તે પરબ્રહ્મ સ્વરૂપ દર્શનના આશ્રયવાળીએ નથી ને આશ્રય વિનાનીએ નથી. તે સગુણે નથી ને નિર્ગુણે નથી, સાકારે નથી ને નિરાકારે નથી ને તેથી ભિન્ને નથી. તેમા સર્વ છે. તેમા કર્મ છે, ધ્યાન છે ને જ્ઞાન છે તે અદ્ભુત ને અનિર્વચનીય છે બ્રહ્મ-પરમાત્મા-પરમપુરુષનો સાક્ષાત્કાર થાય છે તેઓ મૂર્તિમાન્ છે, તો મૂર્તિરૂપ ભગવાનનું પૂજન, અર્ચન ને ધ્યાન કેમ વ્યર્થ ગણાય? કેમ અકલ્યાણકારક કહેવાય? મનુષ્ય સૃષ્ટિના કોઈ શ્રીમાન્, એકનિષ્ઠ, પ્રભુપરાયણ શેઠની, જે શેઠ દિવ્ય દૃષ્ટિવાળો નથી, ઘટઘટવ્યાપી નથી, સર્વેશ્વર નથી, સર્વાંતર્યામી નથી, તેવા શેઠની, તેનો વાણોતર સત્યતાથી, નિષ્કપટપણે ને ભક્તિભાવથી સેવા કરે, નિત્ય શેઠની છબીના દર્શન કરી સર્વ કાર્ય કરે, અને તે વૃત્તાંત એ શેઠના જાણવામા આવે છે, ત્યારે તે વાણોતરપર પ્રસન્ન થઈ, તેનુ સર્વ પ્રકારે કલ્યાણ કરે છે, તો જે ઘટઘટ વ્યાપી, હૃદયેશ્વર, દિવ્ય દૃષ્ટિવાળો પુરુષોત્તમ-પુરાણ પુરુષ-આદિનાથ-વિશ્વનો સર્જનહાર છે, જેની પ્રતિમાનુ પૂજન અર્ચન વદન ધ્યાન, નિષ્કામપણે-અવિકાર રહિત બની કરવામા આવે તો તે પ્રસન્ન કેમ ન થાય, ને તે ભક્તનુ કલ્યાણ કેમ ન કરે! જે જીવ કર્મ નિષ્કામપણે કરે છે તો તે સર્વોત્તમ ફળ પામે છે. ઉપાસના-મૂર્તિમાન્ સગુણ પુરુષોત્તમની સેવા ભક્તિ, જગતની જજાળ છોડી-માયાનો ત્યાગ કરી, પરમ શ્રદ્ધાથી જે પ્રાણી કરે છે, ને તેમા લીન રહે છે તો તે પરમગતિને પામે છે, અને સર્વ

વિષયોને ત્યાગ કરી આત્માપર આત્માની એકતાના જ્ઞાનવડે, હું કંઇ જ નથી, હું ને તે એકજ છીએ, એવા જ્ઞાનથી પણ પરમગતિ થાય છે."

આ પ્રમાણે ઉપદેશ દઇને તે મહાત્મા, તે જ વૃક્ષની સમીપમાથી ક્યાંઈ અદૃશ્ય થઈ ગયા, તે મારા જોવામા પણ આવ્યું નહિ પછી હું પાસેની વૃક્ષઘટામા, આ મહાત્મા તે કોણ? હું કોણ? હું ક્યાથી અત્ર આવ્યો છું? તેને વિચાર કરતો કરતો લીલા ઘાસની શૈયામા પડ્યો હતો, તે એક ક્ષણમા સકારણ જ જાણે નિદ્રાવશ થઈ ગયો હોઉં, તેમ ગાઢ નિદ્રામા પડ્યો

દ્વિતીય બિન્દુ

તું તારો ગુરુ થઈ બેસ

दम्भो दर्पोऽभिमानश्च क्रोध पारुष्यमेव च ।
अज्ञान चाभिजातस्य पार्थ सम्पदमासुरीम् ॥
सर्वभूतस्थमात्मान सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शन ॥ १ ॥

અર્થ–હે પાર્થ દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, પારુષ્ય અને અજ્ઞાન, એટલી આસુરી સંપત્ અભિજાત (ભોગ ભોગવવાને ઉત્પન્ન થયેલા) મનુષ્યને પ્રાપ્ત થાય છે આત્માને સર્વ ભૂતસ્થ અને સર્વભૂતને આત્મસ્થ, એમ સર્વત્ર સમદર્શનયોગયુક્ત આત્માવાળો પુરુષ દેખે છે

મહાત્મા યજ્ઞભૂએ વિશાળકેતુને પોતાની બીજા દિવસની વીતક વાર્તા નીચે પ્રમાણે કહેવા માડી –

"હે આર્ય! તું સુણ, કહુ છુ તે હિમાલયના શિખરપર–પાછળથી મને જણાયુ કે, હું તે જ સ્થળે હતો–મને તે મહાત્માના વાક્યોનું મનન કરતા જે અનેક શંકાઓ ઉપજી, તેનો વિચાર કરતા કરતા ગાઢ છતા, નિદ્રા ન આવી એટલામા તે રાત્રિ વીતી ગઈ ને પ્રભાત થયું પ્રાત કાળ પૂર્વે ઉઠી, ત્વરાથી પૂર્વોક્ત સરોવરપર જઈ, શૌચ સ્નાનાદિ કરીને સંધ્યાવદનાદિ નિત્ય કર્મ કર્યું, ને ત્યાથી પાછો ગુફા તરફ વળ્યો. માર્ગમા આવતા અનેક સુવૃક્ષોના સૌગંધિક પુષ્પો, જે પ્રાત કાળના મધુર પવનથી આપોઆપ જમીનપર ખરી પડેલા હતા, તે એકઠાં કરી મેં એક સુંદર માળા ગુથી પછી માર્ગમાના ઉત્તમ ફલિત તરુઓપરથી સ્વાદિષ્ટ ફળો ઉતારી, ઝોળીમા ભરી, આશ્રમ આગળ જઇ પહોંચ્યો ગુરુ! રે મહાત્મા! સદ્ગુરુરાય નિજસ્થાનકે વિરાજેલા જ હતા–જાણે મારા આગમનની

પ્રતીક્ષા જ કરવા ન હોય તેમ બેઠા હોય તેવા દેખાતા હતા. હું ગયો ને તેમના જગદુદ્ધારક ચરણારવિંદમાં દંડવત્નમસ્કાર કરી, પેલી પુષ્પમાળા તથા ફળો તેમના ચરણ આગળ મૂકયા પુષ્પમાળા તેમણે તુરત હાથમા લઈ, બહુ પ્રેમ સાથે પોતાના મસ્તકપર આવેલા જટામુકુટપર વીંટી લીધી અને વનફળની ઝોળી પણ બાજૂપર મૂકી પછી હું કઈ પૂછવાની ઇચ્છા કરતો હતો, એટલામા તો તે પોતે જ પરમ ગભીર ગિરાથી મનને આનદ પમાડતા બોલ્યા –

"હે મર્ત્યલોકના માનવી! તું મારા વાકયોનુ મનન કરે છે અને તેને અંત કરણમા યથાર્થ રીતે ઠસાવે છે, તેથી મને લાગે છે કે, તું હવે નિશ્ચય પરમ જ્ઞાનનો અધિકારી થઈ ચૂકયો છે પરમેશ્વરનું–આ સર્વોત્તમ બ્રહ્મજ્ઞાન જેવી દુર્લભ વસ્તુનું, કે જેને પામવાને મહાન્ યોગીજનો પણ નિરતર અથાક શ્રમ કર્યા જ કરે છે, છતા ઇશ્વરેચ્છાએ જ તેઓને તે પ્રાપ્ત થાય છે, પણ હઠથી કિંવા પુરુષાર્થથી એ જ્ઞાન પ્રાપ્ત થતું નથી, એવા બ્રહ્મજ્ઞાનનું, અધિકારીજનને માટે નિર્ધારેલું તું પાત્ર બની ચૂકયો છે! જિજ્ઞાસુ વગર જ્ઞાનનું ફળ નથી, સુપાત્ર વિના કોઈ વસ્તુ ટકી રહી નથી. સુપાત્ર પણ, તે તે વસ્તુને યોગ્ય હોય છે, તો જ તેમા વસ્તુ સ્થિર રહે છે, પણ તે અયોગ્ય હોય તો સુપાત્ર તે અપાત્ર જ બને છે સુપાત્ર વગર વસ્તુ રહી શકતી નથી, એટલુ જ નહિ પણ કદાચ મારી મચરડીને તે સર્વોત્તમ પદાર્થ અપાત્રમા મૂકયો તો તે, સુપાત્રનો અને પોતાનો પણ સાથે સાથે નાશ કરે છે. સિંહણનુ દૂધ બહુ બળવાન્ અને ઉત્તમ છે તેને તેના પોતાના બાળક વગર બીજું કોઈ જીરવી શકતું નથી. કદાચ તે દૂધને કોઈ ધાતુના વાસણમા રાખવામા આવે તો તુરત પાત્રને ફાડીને બહાર નીકળી જાય છે, અર્થાત્ તે ઢળી જાય છે, ને પાત્ર નકામુ થઈ પડે છે. પણ જો તેને તેના યોગ્ય પાત્રમા–સુવર્ણ ધાતુના પાત્રમા–મૂકવામા આવે છે, તો જ્યાસૂધી રાખવા ઇચ્છીશુ ત્યાસૂધી તે રહેશે, પણ બગડશે કે ઢળી જશે નહિ એવી જ રીતે જગતમાની સઘળી વસ્તુઓ તેના યોગ્ય પાત્ર–અધિકારીમા જ ઠરે છે, અનધિકારીમા ઠરતી નથી, તો પછી આ પરમ દુષ્પ્રાપ્ય તત્ત્વજ્ઞાન-પરમાત્મપ્રાપ્તિના તત્ત્વજ્ઞાન જેવી મહદ્વસ્તુ, પાત્ર વગર કેવી રીતે ઠરી શકે? બીજી સર્વ વસ્તુઓને માટે જેમ ધાતુના, મૃત્તિકાનાં, કાષ્ઠના ઇત્યાદિ પાત્રો હોય છે, તેમ એ જ્ઞાનરૂપ પરમ વસ્તુને માટે પરમ જિજ્ઞાસુ, પરમ મુમુક્ષુનું નિર્મળ–નિષ્પાપ અંત.કરણરૂપ પાત્ર છે એ પરમ જ્ઞાન ઉત્તમ

સ્થાનમા જ સારી રીતે ઠરી શકે છે, અને ભોક્તાને (એ જ્ઞાનના યથાર્થ જાણનારને) મહા અવિનાશી સુખનો અનુભવ કરાવે છે. એવા નિર્મળ અંતઃકરણરૂપ યોગ્ય પાત્ર વગર, અર્થાત્ અજ્ઞાન પુરુષના મલિનાંતઃકરણરૂપ અયોગ્ય પાત્રમા, તેને (બ્રહ્મજ્ઞાનરૂપ સર્વોત્કૃષ્ટ વસ્તુને) મૂકવામા આવે તો તેથી લાભ થવાને બદલે અને તેનો સદુપયોગ થવાને બદલે ઉલટો મોટો અનર્થ જ થાય છે પાત્ર થવા માટે મનુષ્યે પોતાને જ જાણવો જોઇએ. જે પોતે પોતાને જાણતો નથી, પોતામા પોતાને શોધતો નથી, તે પોતાનો જ નાશ કરે છે. દેહમા રહેલો જીવાત્મા, જે સંસારરૂપ સમુદ્રમા મગ્ન થઈ ગયો છે તેને, યોગારૂઢપણું સપાદન કરી, સમ્યગ્દર્શનમા નિષ્ઠા રાખીને, પોતાની મેળે જ ઉદ્ધારવો જોઇએ. ફળની સિદ્ધિ થવામા યોગ્ય અધિકારી હોવાની જરૂર છે ને તેમા દેશકાળની પણ સહાયતા જોઇએ જે વિવેકી, વિરક્ત, શમાદિ ગુણશાળી મુમુક્ષુ હોય, તે જ બ્રહ્મજ્ઞાનનો અધિકારી થાય છે એવા અધિકારીએ અવિદ્યા, કામ, ક્રોધ અને અનિત્ય કર્મને કાપી નાખી પોતે પોતાને જ જોવાનો છે, પોતાને જ વિચારવાનો છે, પોતામા જ શોધવાનું છે પોતાને માથે દેવું હોય તો તેમાંથી પુત્ર છોડવે, માથાપર બોજો હોય તો કોઈ બીજો ઉપાડી લે, પણ ભૂખ લાગી હોય તો તેનુ દુઃખ કોણ મટાડે? પોતે ખાય તો જ મટે. તેમ જ અવિનાશી સુખનું સાધન બ્રહ્મજ્ઞાન મેળવવા માટે પોતે પોતાનામા જ જોવો જોઇએ જે પ્રાણી પોતાને જોતો નથી, તે મિથ્યા રડવડિયા મારે છે, અને અંતે અધોગતિને જ પામે છે. તે સબધે હું તને એક ઇતિહાસ સભળાવું છુ, તે લક્ષપૂર્વક શ્રવણ કર.

"કોઈ એક નગરમા વૃદ્ધિચદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો પિતા પાસેથી યુવરાજપદ પ્રાપ્ત કર્યા પછી, પોતાના ચાતુર્ય અને સૈનિકબળથી તેણે રાજ્યાદિ સમૃદ્ધિમા ઘણોક વધારો કીધો હતો. તે રાજાને સઘળી જાતનું સુખ હતુ. તેના મંત્રીઓ, પ્રધાનો અને બીજા સર્વ કાર્યભારીઓ વિશ્વાસુ, સત્યવાદી અને તેનુ હિત ઈચ્છનારા હતા. સેનાધિપતિઓ, મહારથીઓ, રથીઓ અને બીજા સર્વ સૈનિકો ઉત્સાહવાળા, સ્વામીનુ રુડું કરવાની ઉત્કટ ઇચ્છાવાળા અને તેને અર્થે પોતાના પ્રાણનું સમર્પણ કરવામા જ પોતાનો ખરો ધર્મ છે એમ સમજનારા હતા પ્રજા ને રાજમંડળ, સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તનારા હતા. તેને ત્યા હાથી, ઘોડા, રથ ઈત્યાદિ સર્વ પ્રકારના વાહનો હતા, સોનું રૂપુ હીરા, રત્ન ઈત્યાદિ દ્રવ્યના આગારો હતા; તેમ જ સર્વ પ્રકારના ધાન્યના ભંડારો

નિરંતર પૂર્ણ રહેતા હતા. તેના રાજ્યની સઘળી પ્રજા—બ્રાહ્મણાદિથી શ્રેષ્ઠ વર્ણથી માંડીને અત્યજ સુધી—સૌ સર્વ વાતે સુખી, પરસ્પર પ્રીતિવાળી, ધનધાન્યાદિથી પરિપૂર્ણ તથા એકનિષ્ઠ રાજભક્ત હતી રાજાના મિત્રો (રાજ્યની સીમા ઉપર આવેલા રાજ્યોના માંડલિકો), તે રાજાની સાથે બધુભાવથી વર્તતા હતા શત્રુઓ તે રાજાના પ્રતાપથી સદા નમ્રતાવાળા હતા રાજાના કુટુબમા પણ કોઈ જાતનો ક્લેશ કે દ્વેષ નહોતો રાજા પોતે પણ શરીરે મજબુત અને નિરોગી હતો તેની રાણી પણ પતિ એ જ પોતાનુ દૈવત માનનારી, સુશીલ, સૌદર્યવતી અને ભાગ્યશાલિની હતી આવી રીતે વૃદ્ધિચદ્રે પોતાના સમગ્ર સુખમાનુ કેટલુક સુખ ભાગ્યબળે અને કેટલુક પુરુષાર્થબળે સંપાદન કીધેલુ હતું એમ એ રાજા સઘળા સુખનો ભોગી છતા તેની એક ઇચ્છા દૈવે પૂર્ણ કીધેલી નહોતી. હે માનવી! જાણ કે આ સસાર કેવળ દુ ખનું મૂળ છે તેમા, સઘળી જાતના સુખ, વ્યાવહારિક જીવને કયાથી જ પ્રાપ્ત થાય? દૈવની કૃપાથી કદાચ યત્કિંચિત્ સુખ પ્રાપ્ત થાય છે, તો તે પણ નાશવત જ છે આ સસારને તેટલા માટે શિષ્ટ પુરુષોએ "અસાર સસાર" એવુ ઉપનામ આપેલુ છે આ વાત જો કે સર્વ મનુષ્યો સમજે છે અને તેમ કહે છે પણ ખરા કે, "ભાઈ! આ સસારમા શું છે? કેવળ ધૂમાડાના બાચકા ભરવા જેવી સસારસુખની ઇચ્છા છે! રે! એમાં કંઇ જ નથી, રે એ તો નાશવત છે, ચાર ઘડીનો ચટકો છે! ઉડી જતા વાર જ શી!" વગેરે પરતુ તેમાનો કોઇ પણ પ્રાણી એ વાતને અત:કરણમા ઠસાવતો નથી. માત્ર મોઢેથી જ એટલુ કહીને—બકીને જ બેસી રહે છે એ બકવાદનો અર્થ જ નથી. જે જાણે છે, પણ તે પ્રમાણે વર્તતો નથી તે મટોડાના બાવાજી જેવો જ છે! વિશ્વમા સર્વોત્તમ સુખ તો શ્રીહરિ પ્રત્યે પ્રેમભક્તિ ને બ્રહ્મજ્ઞાનપ્રાપ્તિ જ છે!

"રાજા વૃદ્ધિચદ્ર જો કે, એટલા બધા સુખ એકી વખતે પોતાને પ્રાપ્ત થયાં હતા, છતા તેમા અસતોષ માની પોતાની અપૂર્ણ ઇચ્છાને પૂર્ણ કરવાની આશામા તથા તેના યત્નમા જ નિરતર સતપ્ત રહેતો હતો જેને સુખ પ્રાપ્ત થયુ હોય, પણ તે ભોગવવા તરફ જેનું મન ન હોય, તો તેને તે સુખ શા કામનું? તે સુખ છતા દુ:ખ જ છે. જેથી પોતાનું મન માને, આત્માને સતોષ થાય, આનદ થાય તે જ સુખ; અને ન માને તે દુ:ખ. આ રાજાને સઘળા સુખ નિરર્થક હોવાનું કારણ માત્ર એટલું

જ હતું કે, પોતાને એકે પુત્ર નહોતો. લૌકિકમા વંધ્યત્વ, એ એક સંતાપનું કારણ મનાયું છે; અને વળી પુત્રની અભિલાષા ધરાવનાર સ્ત્રી પુરુષોને તો તે બહુ બહુ પ્રકારે સંતાપકારક થઈ પડે છે વાંઝિયા મનુષ્યનુ મુખ પણ પ્રભાતમા કોઈ જોતું નથી પુત્રહીન મનુષ્ય પિતૃ-ઋણમાથી મુક્ત થતો નથી. મૃત્યુ પછી પિંડ મૂકનાર ન હોય, સમૃદ્ધિનો ભોગવનાર ન હોય, લાડ લડાવવા જેવો પુત્ર ન હોય, એ અજ્ઞાની કે જ્ઞાની સૌને સતાપ કરાવે છે. તેથી પોતાની સ્ત્રી બુદ્ધિમતી સહિત, વૃદ્ધિચદ્ર ખિન્ન અત કરણનો રહેતો હતો તેને વારવાર પુત્રની અભિલાષા થયા કરતી હતી આજે સતાન થાય, કાલે થાય, એમ કેટલોક સમય તો રાજાએ આશામા જ ગાળ્યો છેવટે તેણે પુત્રપ્રાપ્તિના ઉપાયો કરવા માડ્યા આ લોક એટલો બધો મૂઢ છે કે, સત્ય તત્ત્વ જાણવાની કામના જ કરતો નથી, પણ રગડામા રગડાવાને પ્રેમથી મથન કરે છે મનુષ્યને આધિ કે વ્યાધિનો ઉપદ્રવ આવે છે, ત્યારે વૈદ્યો વાતપિત્તની પીડા કહે છે, જ્યોતિષીઓ ગ્રહાદિના યોગનો કુયોગ બતાવે છે, ભુવા જતિ ભૂતાદિની વાતો કહે છે અને સર્વે તેના તેના ઉપાયો દર્શાવે છે એ જ સમયે બુદ્ધિ-માનની બુદ્ધિની કસોટી થાય છે બુદ્ધિમાન્ જાણે છે કે, સુખદુ ખાદિ સર્વ કર્મનુ બળ છે

ઘણાક વૈદ્યો, જ્યોતિષીઓ, નજ્રશાસ્ત્રીઓ, સિદ્ધો, મહાત્માઓ ઇત્યા-દિઓની રાજારાણીએ સેવા કરવા માડી પુત્રપ્રાપ્તિ અર્થે જેને તેને ઉપાયો પૂછવા માડ્યા વૈદ્યોએ નિદાનાદિનો નિર્ણય કરીને રાજાને જણાવ્યુ કે, "તમારા કિંવા તમારી સ્ત્રીના શરીરમા કોઈ જાતનો રોગ જણાતો નથી, તેથી તમારી સ્ત્રીને જરૂર સતતિ થવી જ જોઇએ એમ લાગે છે, છતા થતી નથી, તેથી એવુ ધારવામા આવે છે કે, તેને કઈ દિવ્ય દોષ નડતો હોવો જોઇએ!" જ્યોતિષીઓ તરફથી જણાવવામા આવ્યુ કે, "રાજન્! તમારા સતાનભુવનને વિષે ઉચ્ચ ગ્રહ પડ્યો છે, તેથી તમને નિશ્ચય એક મહા પ્રતાપી પુત્ર થવો જોઇએ, પરતુ કેટલાક (શનિ રાહુ આદિ) ગ્રહોની ગતિ, તમારી રાશિ પ્રત્યે ઘણી વિરુદ્ધ અને કઠિન હોવાથી, તમારા પુત્રયોગને તેઓએ નિષ્ફળ કરી મૂકયો છે, માટે તેનું નિવારણ થવુ જોઇએ!" સામુદ્રિક જોનારાઓ તથા કર્મવિપાકી ઇત્યાદિઓએ નિર્ણય કીધો કે, "મહારાજ! પૂર્વ જન્મના અમુક પ્રાયશ્ચિત્તને લીધે આપને સતતિ પ્રાપ્ત થતી નથી, તો તેનું વિધિપૂર્વક પ્રાયશ્ચિત્ત થવુ જોઇએ!"

સિદ્ધોએ અમુક ચમત્કારિક ઔષધ (બુટ્ટી)થી, મત્રશાસ્ત્રીઓએ અમુક અનુષ્ઠાનદ્વારા અને તાંત્રિકોએ અમુક તત્રજત્રમત્રથી રાજાને પુત્ર થવાના ઉપાયો બતાવ્યા. પણ કંઈ વળ્યું નહિ ત્યારે મહાત્મા સતપુરુષોનો સમાગમ કરવા માડયો તેમણે તેવા જ માર્ગપર તેને ઉતારવા યત્ન કર્યો, અર્થાત્ જણાવ્યુ કે "હે રાજન્! તુ શા માટે બીજા મિથ્યા યત્ન કરે છે ને શા માટે વધારે ને વધારે પ્રપચોમા ફસાતો જાય છે? આ સંસાર કેવળ દુ:ખરૂપ અને મિથ્યા છે તેમા પુત્ર છે તોએ શુ ને ન હોય તોએ શુ! આ સસારમા એક પરમાત્માનુ નામસ્મરણજ સાચું છે તે વિના અન્ય સર્વ કચુ છે સસારમા અવતરનારને પોતાની પાછળ લાગેલા પ્રારબ્ધોને લીધે જ નાના પ્રકારના સુખ અને દુખ ભોગવવા પડે છે પ્રારબ્ધો પછવાડે લાગેલા હોય છે, છતા તે સમયમા પણ ચતુરાઇથી ને શ્રીહરિની સહાયતાથી જે પુરુષ પરમાત્માની પ્રાપ્તિ કરવા સબધે કાંઈ પુરુષાર્થ કરે તો તે કોઈ કાળે પણ આ પ્રારબ્ધજન્ય ભવબધનમાથી છૂટવાનો માર્ગ જોઈ, જાણી, વિચારી, તે માર્ગે સચરી, પાર ઉતરી સુખનો સ્વામી બને છે બાકી તો સઘળુ પ્રારબ્ધ પ્રમાણે થયા જ કરે છે નિર્ધનતા, દ્રવ્યપ્રાપ્તિ, વધ્યત્વ, પુત્રપ્રાપ્તિ, સુખદુખ ઈત્યાદિ સઘળુ પ્રારબ્ધાધીન જ છે સર્વ આવે છે ને જાય છે, સ્થિરતા કંઈ નથી માટે વ્યાવહારિક ઉપાયો યોજી પ્રારબ્ધને મટાડવા યત્ન કરવો, એ કેવળ મિથ્યા જ છે પ્રારબ્ધમા હશે તે તો થયા જ કરવાનુ છે, તો પછી શાને માટે પુત્ર પુત્ર કરીને બીજા પ્રાપ્ત થયેલા સુખને પણ દુખ સમાન માનવુ? પુત્ર કોના અને આ સૌ કોનુ? હુ અને મારુ એવા અહભાવવાળુ-મોહના મૂળરૂપ શરીર, જે હાડકા, ચામડા, કફ, પરુ, લોહી, માસ, ધાતુથી ભરેલુ છે, અને હાથ, પગ, જાગ, સાથળ, પીઠ, માથુ, મ્હોડુ આદિ અગ ઉપાગવાળુ છે, તે મળમૂત્રથી લદબદ થયેલુ, ગદુ અને ગધાતું છે એ સર્વથી બનેલુ આ સ્થૂલ શરીર મૂતરાનું પુતળુ છે! તેમા, પાચભૂતોની તન્માત્રા-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગધ છે તે જ વિષયોને સુખકર મનાવે છે દુખકર આ સસારમા તો સ્ત્રી પુત્રરૂપી મહા ભુજગો છે, જે ડસે છે તો આત્માને અધોગતિમા જ ઉતારે છે સ્ત્રી પુત્રાદિ જે સબધી છે, તે મૂઢ મતિજનોને મહા કષ્ટે જેમાથી છૂટી શકાય એવા રાગરૂપ મજબૂત પાશવાળા વિષયોમા બધાવે છે. એ સ્ત્રી પુત્રાદિ સર્વે, કર્મ કરાવી, ખાડામા ધકેલી વિષયના મોહપાશમા બધાવે છે ને વેગવાળા સસારસાગરમા વારે-

વારે હડસેલે છે. તેને યોગે, જીવાત્માને ઊંચ નીચ યોનિઓમાં આવાગમન કર્યા કરવું પડે છે પણ એ વિષયોને તરછોડી, મોહપાશમાંથી જે છૂટો થાય છે, તે જ મોક્ષ પામવાને યોગ્ય થાય છે એ મોક્ષ જ સર્વ કલ્યાણનું કલ્યાણ, સર્વ સુખનુ સુખ, સર્વ આનંદનો આનદ, સર્વ કારણનું કારણ છે આ પુત્ર કલત્ર તો જીવની ફાસી છે. એક પુત્ર હો કે અનેક પુત્રો હો, તોપણ તે સુખનુ કારણ નથી અતે તમા દુઃખ જ છે માટે એ આશા છોડી દઈ તું ભગવત્પ્રાપ્તિનો યત્ન કર, જેથી તને અખડ સુખપ્રાપ્તિ થશે."

આટલુ સમજાવ્યા છતા પણ રાજાની પુત્રાભિલાષા કઈ ઓછી થઈ નહિ તેથી મહાત્માઓએ વિચાર કરીને તેને ફરી જણાવ્યુ કે, "જગતમા પુણ્યથી સર્વ વસ્તુ પ્રાપ્ત કરી શકાય છે પુણ્યથી ઐહિક (આ સસારના) સુખ અને પારલૌકિક (સ્વર્ગના) સુખ પણ પ્રાપ્ત થાય છે, પુણ્યથી પરમાત્મા પણ પ્રસન્ન થાય છે તારા મનની સઘળી કામના સિદ્ધ થવા અર્થે પુણ્ય જેવું બીજુ એકે સાધન નથી ભગવત્પ્રાપ્તિ પણ પુણ્ય કરનારને જ સુલભ છે પુણ્યથી અત કરણ નિર્મળ બને છે પુણ્યના યોગે સદ્ગુરુ–મહાત્મા–સતપુરુષોનો સમાગમ થાય છે, તેમના વચનોપર વિશ્વાસ બેસે છે, ને તેમના ઉપદેશમાથી છેવટે ભગવત્પ્રાપ્તિ પણ થાય છે માટે તુ સઘળું મૂકી યથાશક્તિ પૂર્ણશ્રદ્ધાથી પુણ્ય કર્મ કર."

આ માર્ગ રાજાને ઠીક લાગવાથી, તેણે હવે જેમ બને તેમ પુણ્યદાન કરવા માડ્યા નિર્જળ ગામોમા નવાણ, વાવ, કૂવા ઇત્યાદિ જળાશયો બધાવ્યા, અશક્ત, નિરાધાર, અપગ એવા મનુષ્યો તથા જાનવરો માટે શરીર પોષણના અન્નજળાદિ પદાર્થોના સદાવ્રત બાધ્યા, નિરુદ્યમી સ્ત્રી પુરુષોને ઉદ્યમે વળગાડી તેમના દારિદ્રય દૂર કીધા, ઉગતા બાળક તથા બાળકીઓને સદ્વિદ્યાનુ જ્ઞાન આપવા માટે સ્થળે સ્થળે અને ગામે ગામે મોટી વિદ્યાશાળાઓ સ્થાપન કરી, જીર્ણ થયેલા દેવસ્થાનો, ધર્મશાળાઓ ઇત્યાદિનો જીર્ણોદ્ધાર કર્યો, ઉપરાત બીજે યોગ્ય સ્થળે ધર્મશાળાઓ બધાવી, અને વારવાર મોટા યજ્ઞ, હોમ વગેરે સત્કર્મો કરી દેવતાઓને સંતોષવા માડ્યા. તેનુ નામ સાભળી દેશાતરોમાથી આવતા અનેક પડિતો અને સદ્વિદ્યાના ઉપાસકોને રાજાએ મોટો આશ્રય આપવા માડ્યો. એ પ્રમાણે પોતાના રાજયની ઉપજનો ઘણો મોટો ભાગ તેણે વારવાર એવા પુણ્યના કામોમા જ વાપરવા માડ્યો. આટલું છતા

પણ રાજાનું અંતઃકરણ કંઈ સ્થિર થયું નહિ. હજુ પણ તે પુત્રપ્રાપ્તિને માટે બહુ વળખા જ મારતો રહ્યો.

એક ઇંદ્રિયના જ્ઞાનવાળા પ્રાણીને—એક જ ઇચ્છામાં નિમગ્ન થયેલા પુરુષને, હરકોઈ આડે રસ્તે ઉતારનારા પાખંડીઓ મળે તો તે બહુ ફાવી જાય છે વૃદ્ધિચદ્રના સંબંધમાં પણ એમ જ બન્યું. તેને પુત્ર-પ્રાપ્તિને માટે એકનિષ્ઠાથી પ્રયત્ન કરતો સાંભળી, એક વેશધારી બાવાજી તેના નગરમા આવ્યો. તે શરીરે બહુ ઊંચો, તેમ જ લઠ્ઠપઠ્ઠ અને ભવ્ય આકૃતિવાળો હતો, તેના શરીરપર વિભૂતિ રગડેલી હતી, કપાળમા તથા બીજા અગોપર સિંદૂરના આડલા અને કાજળની બિંદીઓ કરવાથી તેનો દેખાવ જોનારને એકાએક ભયાનક ને આશ્ચર્ય પમાડનારો હતો તે હાથના ચાળા અને બોલવાના ઝપાટાથી મનુષ્યને એકાએક કંઈ ને કંઈ આશામા લોભાવીને, પોતાને વશ કરી લેતો હતો તે પોતાના એક હાથમા કાષ્ઠનો મજબૂત દડ તથા બીજા હાથમા સિંદૂર, કરેણપુષ્પના હાર ઇત્યાદિથી પૂજેલુ અને ધ્વજાવાળુ ત્રિશૂળ ધારણ કરતો હતો તેને જોતા જ પ્રત્યક્ષ માલૂમ પડતું હતુ કે, એ નિશ્ચે કોઈ પાખડ મતાનુયાયી—અર્થાત્ વામમાર્ગી હતો તેના ગળામા ભાતભાતના ગુથેલા માદળિયા, બાહુઓમા અનેક પ્રકારના યત્રો તથા તાવીજો હતા, કાડામા નાના પ્રકારના ખડકના, કચકડાના, તાંબાના ને લોઢાના કડા ઘાલેલા હતા તેણે ઘણી પ્રકારના મારણ, મોહન, ઉચ્ચાટન ઇત્યાદિ મલિન મત્રોના અનુષ્ઠાન કરી, ભૂત, પ્રેત, પિશાચ, ભૈરવ, યોગિની, વૈતાલ ઇત્યાદિ નીચ દેવતાઓ સાધ્ય હશે, એમ લોકમા પ્રત્યક્ષ અનુમાન થતું હતુ તેની મુખમુદ્રા ઘણી ભવ્ય હતી, પણ સમયે સમયે ઘણી દાંભિક અને ક્રોધી પણ દીસતી હતી તે ઘણાક તત્રો જાણતો હોવાથી, પ્રથમ તો તેનુ દર્શન કરવા આવનાર મનુષ્યને તે દ્વારા ચકિત કરીને તેનુ મન હરી લેતો અને પોતાપર આસ્થા બેસાડી દેવામા તે બગસાધુ પ્રવીણ હતો.

એ સાધુએ પૂર દમામથી વૃદ્ધિચન્દ્રના શહેરમા આવીને એક પ્રખ્યાત ધર્મશાળામા ઉતારો કીધો. ત્યા ખૂબ દમ અને ડોળથી આસન માડીને પોતાની સાથેના પોતાના બે પુત્રો—જે તેના શિષ્ય છે એમ જણા-વતો હતો—તેઓને પોતાની કીર્તિ ફેલાવવાને તથા પોતાના આવવાની સર્વને જાણ કરવાને, નગરમા મોકલ્યા તેઓનો વેશ પણ ઘણો અદ્ભુત જ હતો તેઓએ કેટલાક દિવસ સૂધી આખા શહેરમા ફરી સર્વત્ર લોકોમા

જાણ કર્યું કે, એક મહાચમત્કારી સિદ્ધ પુરુષ વિંધ્યાચળમાંથી અત્ર પધાર્યા છે, તે સૌની મન કામના પૂર્ણ કરે છે. આ સાંભળી કોઈ સ્ત્રી વગરના, કોઈ ધન વગરના, કોઈ રોગી, કોઈ સ્ત્રીને વશ કરવાની ઇચ્છાવાળા, કોઈ સ્ત્રીઓ પુરુષને વશ કરવાની ઇચ્છાવાળી, કોઈ પારકા ધનની આશામા ડૂબેલા, કોઈ પારકા પ્રાણના તરસ્યા, કોઈ શત્રુનો પરાજય કરવાને ઇચ્છનારા, કોઈ મોટુ પદ મેળવવાની ઇચ્છા ધરાવનારા, એમ વિધ વિધની કામનાવાળા સ્ત્રી તથા પુરુષો, પેલા વેશધારી સિદ્ધની પાસે રોજ રોજ આવવા લાગ્યા. આ સિદ્ધ દેવીભક્ત હોવાથી તેનું નામ કાલિકાપ્રતાપ હતું. તે પોતાની પાસે આવનારા લોકોને ખૂબ આડબ-રથી અનેક પ્રકારના ટુચકાઓ, ચમત્કારો વગેરે બતાવીને રજન કરતો હતો અને તેઓની આશા પૂર્ણ થવા માટે અમુક લાબી મુદત બતા-વતો તથા કંઇક સાચા જૂઠા તાવીજ, દોરા, ચિઠ્ઠી વગેરે કરી આપતો હતો આ સંસારમાના લોકો કેવળ ગાડરયા ટોળા જેવા છે તેઓ गतानुगतिको लोक એકની પાછળ બીજો ને બીજાની પાછળ ત્રીજો, એમ આધળાની માફક ચાલનારા છે સત્ય જોનારા તો તેમા વિરલ જ હોય છે

કાલિકાપ્રતાપની પાસે આવનારાઓમાથી કોઈ કંઇક પાસો, તેના કહેવા પ્રમાણે સીધો પડ્યો, અર્થાત્ કોઇકની કંઇક કામના સજોગા-સજોગથી સફળ થઈ, એટલે આ બગમહાત્મા, બીજાઓને કહેતો હતો કે, “જુઓજી, પેલા શેઠે મારા કહ્યા પ્રમાણે કર્યું તો તેનુ કાર્ય સિદ્ધ થયુ! પણ તમે મારી બતાવેલી ક્રિયામા કે વિધિમા ભૂલ કરી હશે, તેથી તમારુ કાર્ય સિદ્ધ થયું નહિ પણ ભાઇ! અહિં તો મહાકાળીનો પ્રતાપ છે, તેને પારે આવેલુ કોઈ નિરાશ ગયુ નથી ને જશે પણ નહિ તમે ધીરજ રાખો, તમારુ પણ કામ જગદબા પૂર્ણ કરશે. અંબા મહા-માયાનો પ્રતાપ કંઈ જેવો તેવો નથી” આ પ્રમાણે આડુ અવળુ સમજાવી આખા શહેરમા તેણે પોતાની ખ્યાતિ વધારી દીધી તે એટલે સૂધી કે ધીરે ધીરે રાજદરબાર સૂધી તેની વાત પહોંચી ગઈ

એક દિવસ વૃદ્ધિચન્દ્ર, પોતાની રાજસભા ભરી બેઠો હતો. કેટલાક ગૃહસ્થો અને કાર્યભારીઓ પણ ત્યા બેઠા હતા. તેઓ પરસ્પર અનેક પ્રકારની વાતો કરતા હતા વાતમા ને વાતમા એકે કહ્યુ, “ભાઈ! આપણા નગરમા કેટલોક સમય થયા એક મહાસિદ્ધ પુરુષ આવ્યો છે. તે રાજાજીએ બધાવેલી મોટી ધર્મશાળામા ઉતર્યો છે તે ઘણો

પ્રતાપી છે મેં તો આજ દિન સૂધી કોઈ એવો ચમત્કારિક પુરુષ જોયો જ નથી” બીજાએ કહ્યું, “હા! હા! હું પણ તેને જાણું છું રે! એની તો મેં ઘણી કીર્તિ સાભળી છે જાણવામા આવ્યું છે કે, એ ગમે તેવું અશકય પણ શકય કરી શકે છે, અસભવિત સભવિત કરે છે. આપણા શહેરમા આવી ઘણાક વાઝિયાઓને ત્યા તેણે પારણા બધાવ્યા છે!” એ સાભળી ત્રીજો બોલ્યો, “હાજી હા! એ વાત બરોબર છે. ઘણાક વર્ષથી મારો પડોશી કંઇ પણ સતતિ વગરનો હતો, તેને ત્યા તે સિદ્ધના પ્રતાપથી એક દીકરો અવતર્યો છે, તે આજે લગભગ ચાર પાચ માસનો થવા પણ આવ્યો છે” ચોથો બોલ્યો, “એમ છે, ત્યારે એ વાત શું આપણા રાજાજીના જાણવામા નથી? આપણા કોઇથી અજાણ્યું નથી કે, આજ ઘણા વર્ષો થયા રાજાજી કુવરની ઇચ્છાને લીધે અનેક પ્રયત્નો અને ધર્મકાર્યો કરે છે, છતા હજી પુત્ર અથવા પુત્રી કઇ પણ સંતતિનુ મુખ જોવા પામ્યા નથી આ વાત આપણે તેમના આગળ કરવી જોઇએ શ્રીહરિ કરશે તો એમને પણ એ સિદ્ધના પ્રતાપે પુત્ર થશે! હું જાણુ છું કે, ખરેખર પ્રભુએ જ એને અહિં મોકલ્યો હશે!” આવી રીતે સઘળાઓની સમતિ થવાથી તેમણે કોઈ પ્રસગે તે વાત મહારાજા વૃદ્ધિચન્દ્ર આગળ કરી અને તેને સારી પેઠે સમજાવ્યુ કે, “બેશક, એ સિદ્ધથી આપનુ કાર્ય સિદ્ધ થશે એ સિદ્ધ સાક્ષાત્ મહામાયાનો પરમભક્ત અને અનુચર સરખો છે ને તેના પ્રતાપે તેણે આપણા નગરમા પણ ઘણાકને સુખી કર્યા છે. વળી એમના પર વિશ્વાસ રાખવાનુ મોટુ કારણ એ છે કે, તે આવડુ મહાન્ કાર્ય કરી પોતાને માટે કશી પણ આશા રાખતો નથી, તે તો કેવળ નિઃસ્પૃહી છે, તેને શી ખોટ છે? આદ્યશક્તિ મહામાયાના પ્રતાપથી નવેનિધિ અને અષ્ટ મહાસિદ્ધિ તેને હાજરાહજૂર છે,” ઇત્યાદિ વચનો સાભળવાથી રાજાને તેના પર કંઈક શ્રદ્ધા ઉત્પન્ન થઈ તત્ક્ષણે તેને પોતાની રાજસભામા બોલાવી લાવવાની માણસોને આજ્ઞા કરી. તુરત જ કેટલાક કાર્યભારીઓ, અનુચરો સહિત ધર્મશાળામા ગયા ત્યા મોટા દમામ સાથે કાલિકાપ્રતાપને બેઠેલો જોયો સિદ્ધ મહારાજ એક મોટુ વ્યાઘ્રાબર બિછાવી, તે પર સિદ્ધાસન કરીને વિરાજેલા હતા, કેટલાક સ્ત્રી પુરુષો તેને પખો કરતા તેની બાજુઓ પર ઉભેલા હતા, કોઈ હાથ જોડીને બેઠેલા હતા ને કોઈ ઉભા ઉભા વિનતિ કરતા હતા, કોઈ દડવત્નમસ્કાર કરતા હતા ને કોઈ અએ માતકી જે,

ઇત્યાદિ ધ્વનિ કરતાં હતાં સેંકડો સ્ત્રીપુરુષો તેની આગળ પોતાની મનઃકામના પૂર્ણ કરવાની લાલસાએ ભેગા થયેલા હતાં.

કાર્યભારી ત્યા જઈ, સૌ મનુષ્યોની પેઠે, તેના ચરણમા પડ્યો પછી સર્વ વર્તમાન જણાવીને બોલ્યો કે, "મહારાજ ! આપને, રાજાજી પોતાની રાજસભામા તેડે છે, માટે કૃપા કરી આપ અમારી સાથે પધારો. આપને બેસવા માટે આણેલો ઉત્તમ મિયાનો તૈયાર છે" કાલિકાપ્રતાપનો આ સઘળો યત્ન આટલા જ માટે હતો કાર્યભારીનુ કહેવુ સાભળી તેને પોતાના મનમા બહુ જ આનંદ થયો પણ આ વખતે પોતાની ખરેખરી નિ:સ્પૃહતા દેખાડવા માટે, વધારે આડંબરથી ડાળ કરીને જણાવ્યુ, "તારા રાજાને ઇચ્છા હોય તો ભલે અમારી પાસે આવે, અમે તેને ત્યા આવીશુ નહિ આ જગદમ્બાના જળહળતા પારામા તો જેની મન કામના હોય, તે પોતે જ નમ્ર થઇને આવે છે, તો તેની સર્વ મન - કામના જગદમ્બા પૂર્ણ કરે છે!" આવુ પ્રત્યુત્તર સાભળીને કાર્યભારી રાજા પાસે ગયો ને રાજાને આ વાત જણાવી. આવા જવાબથી તો અંધ શ્રદ્ધાવાળા ને લૈકિકકામનાવાળા રાજાની તેનાપર વધારે શ્રદ્ધા બેઠી ! રાજાએ પોતે જ બીજે દિવસે તે દેવીભક્ત આગળ જવાનો ઠરાવ કીધો. બીજે દિવસે આહ્નિક કૃત્યથી પરવારી રાજા સજ્જ થયો અને કેટલાક મિયાના પાલખી ઇત્યાદિ વાહનો તૈયાર કરાવી, એક પ્રધાનને સાથે લઈ કાલિકાપ્રતાપ પાસે ગયો વૃદ્ધિચન્દ્ર જેવો પૃથ્વીપતિ તેની આગળ ગયો, છતા તેણે તેને કંઈ લેખામા પણ ન ગણતા તેની સામે નજર સરખી પણ ન કરી રાજાએ વગર પરીક્ષાએ માની લીધુ કે, 'અહો ! આ કોઈ ખરેખર મહાપ્રતાપી પુરુષ છે એને નમવામા કંઈ હરકત નથી !' એમ વિચારી–તેણે તેને સિદ્ધ માની લઈ તુરત લાંબો થઈ કાલિકાપ્રતાપના પગમા પડી નમસ્કાર કર્યા અને પોતાના ઉપર દયા કરવાને વિનતિ કરી કાલિકાપ્રતાપ હવે શું કરવા બાકી રાખે ? તે એકાએક પોતાના મ્હોમાથી ધુમાડાના ગોટેગોટા અને પછી અગ્નિના ભડકા કાઢતા મહાગંભીરપણે બોલ્યો, "બેટા ! તેરી ક્યા ઈચ્છા હૈ ? કિસ કારણ તુમ મહામાયાકે પારે આયે ? ઇતને દિન કહા સોતા થા ? તેરા સબ દુ:ખ દૂર હો જાયગા માત સબ અચ્છા કરેગી, મહામાયા આદ્યશક્તિ સર્વ બાતે બલવાન્ હૈ !" આ મધુરા ને આશાજનક વચનો સાભળી રાજા બોલ્યો, "હે દેવીપુત્ર ! આપનું અહીં પધારવું, એ મહામાયાએ કેવળ મારા કલ્યાણને અર્થ જ

કર્યું હોય, એમ મને લાગે છે. પુત્રની ઇચ્છાએ, આશામા ને આશામા મેં આટલા બધા વર્ષો કાઢ્યા, અનેક ઉપાયો કર્યા, છતાં મારી પુત્રપ્રાપ્તિની મન કામના પૂર્ણ થઈ નહિ. મેં અનેક ઔષધોપચાર કર્યા, અનેક જ્યોતિષીઓ ને સામુદ્રિકો પાસે ભવિષ્ય જોવરાવ્યા, અનેક અનુષ્ઠાન કરાવ્યા ને ઘણાક મહાત્માઓની સહાયતા લીધી, છતા મારુ કંઈ વળ્યુ નહિ હે મહારાજ! અને નિરાશ થઇને બેઠો હતો, એવામા શ્રીહરિએ આપ કૃપાળુના દર્શન આપ્યા" આ છેલ્લા બોલ ('શ્રી હરિએ') રાજાના મ્હોંમાથી સાભળવા જ તો કલિકાપ્રતાપ એકાએક ક્રોધાવિષ્ટ થઇને બોલી ઉઠયો, "અબે ગડુ! એ તેરા હરિ હરિ કૌન? અબ મરતા તબભી હરિ હરિ! કયા માનવી હૈ! કૈસે હરામખોર હૈ! હર! હર! જગન્માતા, આદ્યજનની, આદ્યશક્તિ, આદિમાયા ઐસી સાક્ષાત્ જગદમ્બા, જો સ્થાવર જગમાદિ સબ જગકી માતુશ્રી હૈ, ઉનકુ છોડકર ગડુલોક અન્યાશ્રય કરતે હૈ! બ્રહ્મા, વિષ્ણુ ઔર મહેશ્વર, ઔર સત્વ, રજ, ઔર તમોગુણકા તિન અધિકારીઓ દેવતા હૈ, ઉન્હોનેભી મહામાયા જગદમ્બાકી સહાયતા લી હૈ, તો તુ કૌન! તેરા હરિ કૌન? એ દેવ સબ કાર્ય કરતે હૈ, સો સબ મહામાયાકા પ્રતાપ હૈ! ઉસકુ જન્મ દેનેબાલી એહી આદ્યશક્તિ હૈ યહ જગતમેં શક્તિ બીના દુસરા હૈ ક્યા? સબ જગે શક્તિ, શક્તિ ઔર શક્તિ જ વ્યાપેલી હય સબ દેવગન, ઉસિકા અધિપતિ ઇંદ્ર, સૂર્ય ઔર નવગ્રહ સબ નછત્રગન સહિત ચન્દ્ર, પિતૃ, ગધર્વ, યક્ષ, રાક્ષસ, ઔર મહાન્ તીન બર્ગકા ઋખિ,* સબ નાગલોક, ઔર સપ્તપાતાળ, ઔર સપ્ત ઉર્ધ્વ લોક, ઔર યહ સમગ્ર બ્રહ્માડ, શક્તિકે આધારસે રહે હૈ, શક્તિસેહી ઉત્પન્ન હુવે હૈ, ઔર અવસાને શક્તિ હી સબકા લય કરનેબાલી હૈ યહ મહામાયાકી ઉપાસના તજ કર સબ ગડુએ હરિ હરિ કરતે જો શક્તિકુ સેવતા, ઉસકું ધન્ય હૈ, ઔર ઉસિકાહી ઉદ્ધાર હૈ માતુશ્રીકુ છોડ કરકે તેરી માફક અન્ય કોઇકા આશ્રય લેનેબાલા કૃતઘ્ની હૈ, ઔર એ માતાકા કૃપાપ્રસાદ પાતા નહિ હૈ સૂનબે ગડુ! જગન્માતુશ્રી આદ્યશક્તિ જગદમ્બા એહી પ્રાણીમાત્રકા સત્ય દૈવત હૈ ઉસકુ તુ તન, મન ઔર ધનસે ભજ, તેરી સબ મન કામના સફલ હોયગી"

---

* દેવર્ષિ, બ્રહ્મર્ષિ અને રાજર્ષિ એ ત્રણ વર્ગના ઋષિઓ

અલ્યા યજ્ઞભૂ! જોયું, પાખંડીઓ પોતાના મતને પ્રબળ કરવા માટે કેવું ચાતુર્ય વાપરે છે? ગમે તેવા પંડિતને ભમાવવાને પણ તેઓ એવી ધૃષ્ટતા વાપરે છે ને તેના લપ્પનછપ્પનમા જ્ઞાનીજનો પણ સ્વસ્વરૂપ ભૂલી જાય છે, તો અજ્ઞાનીની તો વાત જ શી! અને તેમાએ વળી વૃદ્ધિચન્દ્ર જેવો માયાનો જીવડો–પુત્રની ઝખના કરવાવાળો, આ લટપટપછીના છળવાક્યોમા લપટાઈ સરકી પડે, એમા આશ્ચર્ય શું? એ જ પ્રમાણે આ વૃદ્ધિચન્દ્રને કાલિકાપ્રતાપે ભમાવી, પોતાની ઉપર પૂર્ણ, રે સર્વાંશે શ્રદ્ધાળુ કીધો વૃદ્ધિચન્દ્રને એ સમયે એમ જ લાગ્યુ કે, આ સિદ્ધ પુરુષ કહે છે, તે જ યથાર્થ છે, અને મેં અદ્યાપિપર્યંત જે કંઈ યત્નો કીધા અથવા જે કંઈ ભગવત્સબધી કાર્યો કીધા, તે માત્ર ખાલી ફાંફા જ છે. આવા નિશ્ચયથી તેણે તે દેવીભક્તને બહુ નમ્રપણે કહ્યુ, “મહારાજ! હે દુર્ગાપુત્ર! આપના જ્યા સૂધી દર્શન થયા નહિ, ત્યા સૂધી આ નિર્ભાગી સેવક કેવળ નિરાશપણે જ જ્યા ત્યા ભટકતો ફર્યો, પણ હવે સર્વ યત્ન મૂકીને કેવળ આપની આજ્ઞાને જ અનુસરશે. આપ હવે કૃપા કરીને સેવકના દુ ખને દૂર કરો.” દેવીપુત્રે આવા વચનો સાભળીને ધાર્યું કે, હવે હુ મારા પોતાના યત્નમા પૂરેપૂરો સફળ થયો છુ. તેણે રાજાને પોતાના સપાટામા લેવા માડ્યો. તેણે ખૂબ આડબર કરી જાણે સાક્ષાત્ દેવીનો જ પુત્ર હોય, તેવા ડોળથી રાજાને કહ્યું, “જો તારે તારી મનકામના પરિપૂર્ણ કરવાની ઇચ્છા હોય તો આજથી પ્રતિજ્ઞા લે કે, મારા સિવાય અન્ય કોઈની પણ (કોઈ અન્ય મતવાળાની) વાત સાભળવી નહિ, સાભળી તો તે પ્રમાણે વર્તવુ નહિ અન્યાશ્રય કદી પણ કરવો નહિ માત્ર હું કહું તેમ જ વર્તવું” રાજા તેમ કરવા કબૂલ થયો કે, તુરત જ તેણે પોતાના વામમાર્ગની (દેવીમાર્ગની) મન્ત્રદીક્ષા આપી અને જણાવ્યુ કે, “આ મહામન્ત્રનો પ્રાત, સાય અને મધ્યાહ્ને, એમ ત્રણ વાર અમુક સખ્યાનો જપ કરવો, તે ઉપરાત મહામાયાના તારે દર્શન પૂજનાદિક કરવા જોઇએ, માટે આ ગગાના તટપર આવેલા મહાકાળીના મદિરમા જઈ તું જપ કરજે અને અમે પણ આજથી ત્યા જઈ તારા કાર્યાર્થે પ્રતિદિન દેવીની પૂજા કરીશુ, માટે સર્વપ્રકારનો પૂજાપો કાલથી અમોને પહોંચાડજે”

આટલી વાતચિત થયા પછી રાજા તુરત ઉઠ્યો અને ઘેર જતા જ તાબડતોબ તે દેવાલયને પ્રથમ સમરાવવાની આજ્ઞા આપી. એ શહેરમા કોઇને વામમાર્ગપર પ્રીતિ નહિ હોવાથી કોઈ રડ્યુખડ્યુ જ

તે દેવાલયમા પૂજન કરવા જતું હતુ પણ તે મદિરમા બીજે જ દિવસથી રાજાના નામની પૂજા ચાલુ થઈ. કાલિકાપ્રતાપે પોતાનો અખાડો ત્યા જમાવ્યો રાજા રોજ સાજસવાર નિયમિત રીતે દર્શન કરવા જવા લાગ્યો. 'યથા રાજા તથા પ્રજા' તે પ્રમાણે આખા નગરના લોક પણ તે રસ્તે વળ્યા. જ્યા અજ્ઞાન, અવિદ્યા ને મોહ વસ્યો હોય ત્યા જ્ઞાન, વિદ્યા ને સત્ પદાર્થપર પ્રીતિ કયાથી હોય? ચિત્તનો, સ્વભાવ છે કે, તેને જે જે પદાર્થપર અનુભવસિદ્ધ મોહ ઉત્પન્ન હોય છે, તે તે મોહના સ્થાનમા રાગ ઉત્પન્ન થયા કરે છે એ અજ્ઞાનનુ લક્ષણ છે જેમ જે વૃક્ષના થડમા દેવતા હોય છે તે વૃક્ષ કદી લીલુ હોતુ નથી તેમ જ્યા માયિક પદાર્થપર પ્રેમ હોય છે ત્યા કદી જ્ઞાન હોતું નથી એવા અજ્ઞાનમય શહેરમા અને દેશમા, કાલિકાપ્રતાપ એક રાજા જેવો થઈ પડ્યો. જેની રાજા પણ આજ્ઞા માને અને તે કહે તે પ્રમાણે કરે, તેને પ્રજા કેમ ન માને? એવામા 'કાગનુ બેસવુ ને તાડનુ પડવુ,' આ નિયમ પ્રમાણે દૈવયોગથી રાજાની રાણીને ગર્ભ રહ્યો ને સમય પૂરો થતા પુત્ર પ્રસવ્યો, એટલે તો પછી એ દભીના માન માટે પૂછવુજ શુ? કાલિકાપ્રતાપ ગગનમા જઇને બેઠો અને રાજા તથા પ્રજા એકે અવાજે કહેવા લાગ્યા કે, "ધન્ય છે કાલિકાપ્રતાપને કે, જેણે વાઝિયા રાજાને ત્યા આજ સાઠે વર્ષ પારણુ બધાવ્યુ!" રાજા અને પ્રજા સૌનો કાલિકાપ્રતાપ ઈશ્વર થઈ પડ્યો, તેની જ આખે સૌ જોવા લાગ્યા, મોઢામાથી નીકળતા પહેલા રાજા તેનો બોલ ઉપાડી લેવા લાગ્યો, કાલિકાપ્રતાપ બોલે તે જ ન્યાય અને તે જ ધર્મ આજકાલ કરતા રાજકુમાર પાચ વર્ષનો થયો અને રાજારાણી પુત્રસુખમા નિમગ્ન થઈ ગયા પણ એવામા એક ચમત્કાર બન્યો

દિવસો વસતઋતુના ચાલતા હતા, શહેરમા ઠેકાણે ઠેકાણે દ્વિજબાળકોને યજ્ઞોપવીતના સસ્કાર થતા હતા, તો કોઈ સ્થળે લગ્નસમારભ થઈ રહ્યો હતો, કોઈ સ્થળેથી મંગળ વાદ્યોના ઘોષ સભળાતા હતા, તો કોઈ ઠામે સુંદરીઓ માગલિક ગીતો ગાઈ રહી હતી સમય સધ્યાકાળનો હતો ગગાના નિર્મળ જળનો પાપનાશક પ્રવાહ ગભીરપણે વહી રહ્યો હતો નાની મોટી સુદર નૌકાઓમા બેઠેલા વિલાસી જનો કોઈ લાબ । આલાપથી ગાન કરતા, તો કોઇ વીણા, વેણુ ઇત્યાદિ વાદ્યોના નાદ કરતા હતા ગગાના ગભીર મોજાઓપર લહરીઓપર લહરી આવી રહી હતી સાયકાળનો સમય હોવાથી સ્નાતક બ્રાહ્મણો સાયસધ્યાનો આરભ કરી

રહ્યા હતા. એક સુંદર ઘાટની ઉપર મોટા શૈલશિખર સમાન આવી રહેલુ અને કાલિકાપ્રતાપના અદ્ભુત પ્રતાપથી સર્વમાન્ય થઈ પડેલુ મહાકાલિકાનું મદિર, અદર થતા ઘટાના નાદોથી ધમધમાટ ગાજી રહેલુ હતુ નૌતમ વસ્ત્રાલકારો સજીને સુદરીઓ તથા ફાકડા છેલ પુરુષોના ટોળેટોળા મહાદેવીના દર્શન કરવાને આવતા હતા મહામાયાની સધ્યા આરતિ કરવાને હજુ કેટલોક સમય હતો, તેથી તેનો પરમભક્ત કાલિકા પ્રતાપ, મદિરના બહારના મડળમા વ્યાઘ્રાબરપર મોટા આડબરથી ધ્યાન ધરી, ગૌમુખીમા હાથ ઘાલીને બેઠેલો હતો. અદરનો મડપ, કે જેમા દેવીની પ્રતિમા હતી, તેના કરતા બહારનો મડપ બહુ વિશાળ અને ખુલ્લો હતો પાષાણના ઘણા મજબૂત તથા ઊંચા આઠ થાભલાઓ-પર તે આવેલો હતો એ મડપની ત્રણે બાજુએ ફરતી, બહારના મનુષ્યોને અન્દર આવવાને પાયરીઓ હતી, તેથી મદિરમા આવ્યા પૂર્વે મડપમા જવાતુ હતું દેવીની પ્રતિમા કરતા પણ તે મડપમા ધ્યાન ધરી બેઠેલા કાલિકાપ્રતાપની આગળ લોકો બહુ ભાવથી, નમન કરતા હતા

આવા ઠઠારામા એક ઉન્મત્ત સરખો સાધારણ બાધાનો પુરુષ તે દેવા-લય તરફ આવતો જણાયો તેના શરીરપર કોઈ જાતના અલકાર નહોતા, માત્ર વલ્કલ ધારણ કર્યું હતું તે સઘળી રીતે સાદો છતા શરીર અને મુખમુદ્રા નિહાળી જોતા જાણે કોઈ મગ્નમસ્ત નિઃસ્પૃહી અને આનંદી પુરુષ હોય તેવો તે જણાતો હતો. તે ચાલતા ચાલતા ચારે દિશાએ નજર કરતો અને માર્ગપરના મનુષ્યો, ગગાનો ઘાટ ને નાના પ્રકારના વૃક્ષો વગેરેની સામુ જોઈ જોઈ હસતો તથા ખુશી થતો જણાતો હતો તે ક્ષણમા કોઈ તરફ નજર કરી, તેથી જાણે પોતાને કઈ ખેદ થયો હોય તેમ મુખમુદ્રા ગભીર કરી દેતો! ક્ષણ પછી કોઈ સાથે દૃષ્ટિ કરી ખડખડાટ હસી દેતો હતો! માર્ગમા ચાલતાં વાહનો તથા મનુષ્યો વગેરે તે પુરુષને ઉન્મત્તની પેઠે માર્ગમા માહાલતો જોઈ, "ચલો, ચલો, માર્ગ આપો, બાજુ થા એ બુઢ્ઢા!" ઇત્યાદિ શબ્દો કહેવા છતા તે જાણે બહેરો હોય તેમ સાભળતો જ નહિ, પણ નિશ્ચિતપણે આડો અવળો ચાલ્યા કરતો હતો કોઈ વખતે જરા ઠીક–સીધો ચાલતો, તો કોઈ વખતે જડની માફક સામે આવતા માણસ કે જનાવરની સાથે અથડાઈ પણ પડતો. સમય ઉપર કોઈ બોલાવે ને ધ્યાનમા આવી ગયુ તો તેની સાથે જેમ બોલાયુ તેમ બોલતો, અને સમયે જડની પેઠે મુગો જ રહેતો હતો. કોઈ વખતે કોઈ

વસ્તુપર એકચિત્તે નજર ઠેરવીને કેટલીકવાર સુધી અડગ ઉભો રહેતો, તો કોઈ સમયે જાણે કંઈ તાન આવ્યું હોય તેમ ચડપ લઇને નાચતો કુદતો ગાતો દડવત્ કરતો જ ચાલતો હતો. માર્ગમા ચાલતાં ભીડને લીધે કદાચ ધક્કામુક્કી થાય તો તે કંઈ બોલ્યા વગર સહન કરતો હતો સમયે કોઇએ માર્ગમા જ ચાલતા, ખાવાની વસ્તુ આપી તો જરાએ આનાકાની વગર તે હાથમા લઈ ત્યા ઉભા ઉભા અથવા ચાલતા ચાલતા જ ખાઈ જતો તેનો આવો વિલક્ષણ પ્રકાર જોઇને સમયે નાના બાળકો તેની પછવાડે ચાલતા, બુમો પાડતા, ધૂળ ઉડાડતા ને ચાળાચસકા કરતા, ત્યારે તેની સામુ જોઇને તે હસતો, દિંડ્ મૂઢ સરખો થઈ જતો ને ઘડીકમા ભૂતની માફક ચાળા કરીને દોડવા માડતો હતો આવો જડ, મુગો, બહેરો અને પિશાચવત્ ચેષ્ટા કરતો તે પુરુષ આ મહાકાળીના મદિરના ચોતરા ઉપર આવીને થોડીકવાર ઉભો રહ્યો ક્ષણભર ત્યા ઉભો રહ્યા પછી, જાણે ગગાપરની સૃષ્ટિલીલા અવલોકન કરવાનુ મન થયુ હોય તેમ, ગગા તરફ મુખ રાખી, મદિરમાની મહાકાળી તરફ પીઠ કરી, નિશ્ચિતપણે બેઠો

થોડીકવાર થઈ નહિ એટલામા ધ્યાન કરવાનો ડોળ ઘાલ્યા છતા પણ મદિરમા દર્શન કરવાને કઈ સુદરી આવી? ફલાણા ગૃહસ્થે શી ભેટ મૂકી? ફલાણો કાર્યભારી હજુ કેમ આવ્યો નથી? રાજા આજે મોડો આવશે કે શુ? ઇત્યાદિ વિચારોથી, ચારે તરફ ચપળપણે દૃષ્ટિ ફેરવતા દેવીપુત્ર કાલિકાપ્રતાપની દૃષ્ટિ, એ પુરુષપર પડી. તેને જોતા જ કાલિકાપ્રતાપને, કોણ જાણે કેમ, પણ અકસ્માત્ જ અત્યત ક્રોધ ચડ્યો! તે ધ્યાનમા તો હતો જ નહિ, પણ જાણે ધ્યાનભગ થયુ હોય તેવો ડોળ કરી બોલ્યો, "અરે! પેલો દુષ્ટ કોણ છે રે! શુ એનો કાળ પાસે આવ્યો છે કે શુ? એ ચાડાલ મહામાયા કાલિકાની તરફ ગાડ કરીને બેઠો છે તેનુ એને ભાન પણ નથી? અલ્યા ઓ દુષ્ટ! આ માતુશ્રીને તુ ઓળખતો નથી? માતુશ્રીની સન્મુખ થઇને બેસ, નહિ તો હમણા પ્રાણ ખોઈ બેસીશ!" આ પ્રમાણે સક્રોધ વાકય કહેતા જ તે પુરુષ તુરત ઉભો થયો, નમસ્કાર કરી દેવીની સામે મુખ કરીને બેઠો. એ વેળા ક્રોધવચનથી પોતાને કશુ પણ માઠુ લાગ્યું ન હોય તેમ, પોતાની સ્થિતિ–આકૃતિમા યત્કિંચિત્ પણ ફેરફાર કર્યા વગર, શાત થઇને તે અવધૂત ત્યા જ પાછો બેઠો, અને કાલિકાપ્રતાપ જાણે જ્ઞાનમૂર્તિ હોય તેવો દેખાવ કરી, પાછો ધ્યાનસ્થ થયો

થોડીકવાર વીતી ગઈ તે અવધૂત પુરુષ જડભરત જેવો નીચું મસ્તક કરી બેસી રહ્યો. અકસ્માત્ મસ્તક ઉંચું કરી, તે વિલક્ષણ પુરુષ, સૌ સાંભળતાં મોટેથી બોલ્યો; "અરે ઓ દેવીપુત્ર ! તું ચિંતા શાને કરે છે ? તું જેનું ચિન્તન કરે છે, તે તો તારા પગની નીચે જ છે ! તારા પગ નીચે જ ખોજ (ખોદ), એટલે તે તારા હાથમા આવશે !" આવાં ગૂઢ શબ્દો સાંભળી, સૌ કોઈ આશ્ચર્યથી ચકિત થઈ ગયા અને મૂર્ખ દમ્ભી દેવીપુત્ર ગભરાઈ ગયો તેને વિચાર થયો કે, 'આ મારા મનની વાત કયાથી જાણે ? ન જાણે, પણ મેં એને બેઠો હતો ત્યાથી ઉઠાડ્યો, માટે તેના દ્વેષને લીધે એ મને આમ કહેતો હશે ! પણ એથી લોકો શુ ધારશે ? લોકો તો જાણે છે કે, હું કાલિકાનુ ધ્યાન કરુ છુ, અને હુ જેનુ ધ્યાન કરુ છુ તે મારા પગ નીચે છે એટલે ? શું કાલિકા મારા પગ નીચે છે ? અરરર ! આવો વિચાર લોકોના મનમા આવશે તો તેઓ શું ધારશે ? અહાઅહા ! એ મારી કીર્ત્તિનો તરસ્યો શત્રુ દેખાય છે શત્રુઓનો તો નિધડકપણે નાશ જ કરાવવો જોઇએ ! આજે એનુ સાભળી રહું તો કાલે લોક મારી દરકાર પણ કરશે નહિ ' આવા વિચારથી તે એકાએક ક્રોધાયમાન થઇને બોલ્યો, "હારે, કોઇ હાજર છે ? આ કૃતઘ્ની, પાપી, ચડાળ અહીં કયાથી આવ્યો છે ? એ દુષ્ટ કેવા પાપી વચન બોલ્યો ? અમે ! અમે ! જગન્માતા મહાકાળી મારા પગ નીચે !! એ પાપાત્માનુ બોલવુ વિનાશકારી જ છે ! અરે ! માતુશ્રીનો અને મારો પણ કેટલો મોટો એણે અપરાધ કર્યો છે ! એવા દુષ્ટનો શિરચ્છેદ થવો જોઇએ, એનું મ્હો જોનાર પણ મહાપાતકી થાય માટે વિલબ કરો મા. સિપાઈઓ ! માતુશ્રી મહાકાળીની આજ્ઞા છે–રે ખાસ આજ્ઞા છે કે, તેને એનુ આજે બળિદાન દેવું !"

યજ્ઞભૂ ! આગળ તને જણાવ્યુ છે કે, આખા નગરની પ્રજા અને વૃદ્ધિચન્દ્ર રાજા, એ સહુ કાલિકાપ્રતાપને સાક્ષાત્ દેવીપુત્ર જ માનતા હતા ! તે જે કહે તે જ ધર્મ, તે કહે તે જ સત્ય, તેની વાણી દૈવી અને તે સાક્ષાત્ પરબ્રહ્મ ! રાજા પણ સદા તેની આજ્ઞાને આધીન જ રહેતો હતો, તેની આજ્ઞા થતા જ તુરત તેને હરકોઈ રીતે અમલમા લાવવી જ પડતી હતી, પછી તે યોગ્ય હો વા અયોગ્ય હો ! આ વખતે તે દેવાલયની પરિચર્યા, રક્ષા ઇત્યાદિને માટે રાજાએ રાખેલા કેટલાક શસ્ત્રબંધ યોદ્ધાઓ તૈયાર જ હતા. તેઓને કાલિકાપ્રતાપે આજ્ઞા કરી કે, એનો શિરચ્છેદ કરો ! નિમેષમા તે અવધૂત મહાપુરુષને માટે ખડ્ગો ઉઘાડા થયા; હજારો

માણસોની વચ્ચે દેવાલયની બહાર તેને ઘસડી જઈને ઉભો કરવામા આવ્યો! પણ જેવા યોધાઓ ખડ્ગ ઉગામવા જાય છે, તેવો જ તે વિલક્ષણ અવધૂત મ્હોં મલકાવી ખડખડાટ હસી પડ્યો! ક્ષણમા શાત બન્યો, હોઠપર સ્મિત ફરી વળ્યું; મારાઓ તથા લોકો ભયવિલીન થઈ ગયા; સર્વ લોકો આશ્ચર્ય પામ્યાં કે, મરણ સમયે આટલો બધો આનંદ શો? આમ લોકો પરસ્પર આશ્ચર્ય પામતા હતા, એટલામા તે પુરુષે હસતાં હસતા, નિર્ભયપણે કંઈ બોલવા માડ્યુ લોકોની સાથે તે મારાઓ પણ આવી વિલક્ષણતા જોઈ સ્તબ્ધ થઈ ગયા! તેઓના હાથ જ ઠરી ગયા! તે પુરુષ પોતાના શરીર ઉપર નજર કરી તેને જ જાણે કહેતો હોય તેમ બોલ્યો, "અહો મિત્ર! મારી સાથે અતપર્યંત મિત્રતા જાળવી રાખનારા સદ્ગુણ-સપન્નમિત્ર! મારાપર તારો મોટો ઉપકાર થયો છે આટલા વર્ષ સૂધી તારી સાથે રહી હુ કેવળ કૃતાર્થ થયો છુ તારી મિત્રતા મને બહુ ઉપ-કારક અને યોગ્ય થઈ પડી છે તેનો લાભ મારાથી એટલો બધો સપૂર્ણ લેવાયો છે કે, હવે ફરીને કદી પણ મારે તારા જેવા બીજા મિત્રની સાથે મૈત્રી કરવાની જરૂર પડે તેમ નથી. પ્રિય ભાઈ દેહજી! જે જીવ તારી સાથે સબધ પ્રાપ્ત થયા છતા તેનો કશો સદુપયોગ કરતો નથી, પણ નરતનુનો મહાદુર્લભ પ્રસગ સહજમા ગુમાવી દે છે, તેઓનાપર જગત્પિતા અતિ કોપ કરે છે, અને તેથી તેઓને અનતકાળ સૂધી તારા કરતા ઘણી નીચ અને વિલક્ષણ પક્તિના, પણ કેવળ અજ્ઞાન (જ્ઞાન પ્રાપ્ત કરવાને પણ કેવળ અયોગ્ય) અને પરાધીન તથા ક્ષુદ્રક મિત્રો (મિત્રો તો શુ, પણ અનેક પ્રારબ્ધો ભોગવાવનાર શત્રુઓ) સાથે વારવાર વસવુ પડે છે! પરમ ભાગ્યવત જીવને જ તારા જેવો સન્મિત્ર મળે છે, કે જેથી તે (તારા સબ-ધમા રહી) પરમાત્માના પદને પામે છે! આ જગતમા સર્વ જગમો (હરી ફરી શકનારા પદાર્થો-પ્રાણીઓ) કરતા તુ શ્રેષ્ઠ છે! કલ્યાણ કલ્યાણ આજે તારો અને મારો ઘણા કાળનો સબધ પૂરો થવા આવ્યો છે હું સફળ, તુંએ સફળ તારાથી હું સફળ, મારાથી તુ સફળ જો હું જાણી જોઈને તારી મિત્રતા તોડુ તો કૃતઘ્ની કહેવાઉં, પણ ઇશ્વરેચ્છાથી જ તેમ કરવાનો સહજ પ્રસગ પ્રાપ્ત થયો છે, તો હવે તેને અટકાવવા શા માટે મારે યત્ન કરવો? તુ જાણે છે કે, આ છેવટના સમયમા હું તારુ લાલન-પાલન કરીને તને કશું સુખ આપી શકતો નથી. ઉલટુ જ્યા ફાવે ત્યા ગામમા, વગડામા કે ઘરમા, ભોયપર, પત્થરપર કે ઘાસપર, સુવાડું છું;

જે કંઈ અનાયાસે પ્રાપ્ત થઈ જાય, તે ઉપર તારુ આ જીવનાદિ ચાલે છે, તે સિવાય કંઈ પણ તને ખાવાનું કે પહેરવાનુ મળતું નથી! એ વિના અન્ય કોઈ પણ પ્રકારે હું તને સુખ આપવાની કાળજીએ ધરાવતો નથી; તો હું ધારું છું કે, આજે આપણે છૂટા પડીશું, હું તને ત્યજી દઇશ, તેથી તને કંઈ ખોટુ લાગશે નહિ. તેમ મારા સગમા તને વધુ કાળ રહેવાથી કશું સુખ પ્રાપ્ત થવાનુએ નથી, તો પછી આપણે વધુ કાળ ભેગા પડ્યા રહેવાનીએ શી જરૂર છે? હવે તું નિડર રહી સાવધ થા, તું તારે ઘેર જજે (અર્થાત્ જઇશ જ)ને હું મારે ઘેર જાઉં છું પરતુ ભાઈ! ચિંતા કરીશ મા જ્યા સૂધી તારો ને મારો સબધ છે ત્યા સૂધી બીજા અજ્ઞાન, પામર અને ક્ષુદ્ર બુદ્ધિવાળા આત્મદ્રોહીઓનો તને સ્પર્શ થશે નહિ અને એ સદાના મારા સાથી શુદ્ધાત્મા! પ્રાચીમુખે વિસ્તરતા પૂર્ણેન્દુના ઉદય ભણી તું દૃષ્ટિ કર, તેનો ઉદય ને તારો ઉદય બન્ને સાથે સાથે જ છે! હે પ્રેમ અને શોકને વહેનાર! હવે તુ મને સ્વપ્નમા પણ જોનાર નથી, વિપત્તિ ને વ્યાધિનો તને સગ થનાર નથી, પણ દિવ્ય પ્રકાશ જ તને અનન્તમા વિલીન કરશે! પચતત્ત્વમા આ મારો સન્મિત્ર દેહ ભળી જશે ને તુ અનન્તમા ભળી જઇશ! અહો! આવ્યો! ચાલ્યો! બસ, બસ! સર્વ શમ્યુ, વિરમ્યુ હાસ્! એ નિજ સ્વરૂપથી વિખૂટા પડેલા! રગડાતામા રગડાતા! બીજી સર્વ વૃથા વાતો હવે તુ મૂકી દે, જગદુદ્ધારક શ્રીહરિના મગળ નામનો ઉચ્ચાર કર તથા છૂટા પડવાને સમયે મહાકૃપાળુ પ્રભુનો જય જય બોલ! જય સચ્ચિદાનદ અધમોદ્ધારક ઘનશ્યામ પ્રભુ! જય!"

આટલુ કહી તે પુરુષ બોલતો બધ થયો કે, તેની સાથે જ તેના શરીરની સર્વ ચેષ્ટા પણ એકાએક બધ પડી ગઈ તેના સ્મિતથી ને બોલવાથી સ્તબ્ધ બની ગયલા મારાઓ, જેઓ તેના ઉપર હથિયાર ઉગામીને જ ઉભા રહ્યા હતા, તેઓ પણ આ સ્થિતિ જોઇને વધારે આશ્ચર્યમા પડી ગયા! આ માણુસ હમણા આટલુ બધું શુ બકયો અને હવે શૂન્ય સરખો ઉભો રહી શું કરે છે, તે જોતા ને વિચાર કરતા તેને મારવાનો વિચાર જ જાણે ભૂલી ગયા હોય, તેમ લગભગ એક ઘટિકા સૂધી મારાઓ થભી રહ્યા, એટલામા દેવાલયમાથી કાલિકાપ્રતાપ, ક્રોધને લીધે લાલચોળ નેત્ર કરીને નીકળ્યો અને ઓટલા ઉપર આવી નજર કરી બોલ્યો, "કેમ રે! હજુ સૂધી મહામાયાની આજ્ઞા અમલમા આણી નથી કે! એ કુપાત્રને હજુ સૂધી જીવતો કા રાખ્યો? અરે એ તો મહાદાભિક છે! એ પોતાનુ મરણુ

ટાળવા માટે અનેક ઢોંગ કરી ઉભો છે, માટે હવે ત્વરા કરો એ દુષ્ટ પાપાત્માનો શિરચ્છેદ કરતાં વાર ના કરો, નહી તો તમે સર્વે તેની શિક્ષાને પાત્ર થશો. જગજ્જનની આદ્યશક્તિની અવજ્ઞા કરનાર પાપીને દેહાંતદંડ કરવા ડરો નહિ !" આવી સખ્ત આજ્ઞા સાંભળતા જ, પેલા મારાઓ એક એક ચમકયા અને તુરત પોતાના શસ્ત્રો ફરીથી બળથી ખેંચ્યા. પણ તેઓ તે પુરુષપર પ્રહાર કરે, તે પૂર્વે તો તે મુક્તાત્માનુ શરીર ચૈતન્યરહિત થઈ ગયુ હતું તુરત આકાશમાથી એકાએક વિજળી ઝબકારો કરતી નીકળતી હોય, તેમ તેના શરીરમાથી એક તેજનું બિંબ ઝળઝળાટ પ્રકાશ કરતુ નીકળ્યુ, ને સર્વ લોકોના તથા કાલિકાપ્રતાપના પણ ચક્ષુને અજાવી દેતુ, આકાશમા પથરાઈ ગયુ

આ ચમત્કારથી સૌ કોઈ કેવળ સ્તબ્ધ બની ગયા એકાએક આ શુ થયુ, તેનો તર્ક પણ કોઈ કરી શકયુ નહિ ચૈતન્ય નીકળી ગયા પછી શરીર નિસ્તેજ થઈ જેમનુ તેમ ઉભુ હતુ, પણ તેનાપર એકે સામટા દશવીશ શસ્ત્રપ્રહાર પડવાથી તે ઘાયલ થઈ પૃથ્વીપર પડ્યુ ! કાલિકા-પ્રતાપની આજ્ઞાથી તેને લાગલુ જ ભૂમિદાહ કરવામા આવ્યુ એકત્ર થયેલા સર્વ લોકો અતરમા કંઈક આશ્ચર્ય અને કંઈક ખેદ પામતા, તેમ જ કંઈક ભય-ભીત થતા, મદિરના ચોતરા પર આવ્યા 'દેવીપુત્ર હમણા શુ કહેશે ! રે ! તેના મોઢામાથી શી આજ્ઞા નીકળશે !' આવી રીતે સૌના મનમા ત્રાસ પેશી ગયો એ જ ક્ષણે કાલિકાપ્રતાપે ઘોર સ્વરે કહ્યુ, "અયે મહમાયાના સેવકો ! હમણા તમે પ્રત્યક્ષ જોયુ જ છે કે, મહમાયા કાલિકાની અથવા તેના પુત્ર પરમસેવક કાલિકાપ્રતાપની અવજ્ઞા કરનારની કેવી દુર્દશા થાય છે ! તે જોતજોતામા મહમાયાનો કેવો ભોગ થઈ પડે છે ! રે ! માતુશ્રી તેને તુરત પોતાના ખપ્પરમા વિજળીની ઝડપે ઝડપી લે છે માટે સૌએ બહુ સાવધ રહેવુ, મહમાયાનો અથવા તેના સેવકનો અપરાધ ન થવા માટે ચેતતા રહેવુ, નહિ તો એ દુષ્ટની જે ગતિ થઈ, તેવી ગતિ થતા વિલબ લાગશે નહિ " આટલુ કહી સધ્યા કાળ થઈ ગયો હતો, માટે તેણે મોટી ધામધૂમ સાથે માતાની આરતિ કરી થોડીવારે સૌ લોક દર્શન કરી, મનમા નાના પ્રકારના સકલ્પ કરતા પોતપોતાને ઘેર ગયા

આવી રીતે પાખડીઓ લોકોને ભોળવી પોતાને આધીન કરી લે છે; અને તેવા દુષ્ટો તેને દભ ત્યજાવી, ઉપદેશ દેનારાનો પ્રાણઘાત કરવામાએ પાછા પડતા નથી. સતજનોને તેઓ પોતાના શત્રુઓ ગણે છે, તેઓને

ઘણી રીતે સંતાપે છે. પરતુ હે રાજપુત્ર! તેવાઓનો આખરે પરાજય જ છે. મરનાર મહાત્મા પુરુષને જાણ્યા વગર જ—તેનો પ્રતાપ કેટલો છે અને એ જીવ કેવો છે, એ જાણ્યા વગર જ કાલિકાપ્રતાપે તેનો ઘાત કરાવ્યો ખરો; પરતુ એથી તેને બહુ ભુંડા હાલે મરવું પડ્યુ

તે ઉન્માદ પુરુષ—મહાન્ અવધૂત જીવન્મુક્ત પુરુષ, કે જેના સ્વભાવનું હું વર્ણન કરી ગયો ને જેને કાલિકાપ્રતાપે મારી નખાવ્યો, તે કંઈ સાધારણ જીવ ન હતો; તે તો પરમ ભગવદ્ભક્ત હતો, પરમ જ્ઞાની હતો, પરમના પારમા પ્રવેશ કરવાનું પાત્ર હતો. તેનું અતઃકરણ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપમા લીન હતું આ સસારની સર્વ દૃશ્ય વસ્તુને મિથ્યા માની, તેનાથી તે નિઃસ્પૃહ રહેતો હતો, તેથી તે જાણે દીવાનો અથવા ભ્રમિતચિત્તવાળો છે, એવું મનુષ્યોને લાગતું હતું! તે મહાત્મા સત્પુરુષ વૃદ્ધિચન્દ્ર રાજાના શહેરની બહાર એક પવિત્ર સ્થળવિષે પર્ણકુટીમા વસતો હતો 'તેને બ્રહ્મનો સાક્ષાત્કાર થયો છે તથા પરમ બ્રહ્મનિષ્ઠ છે,' એમ જાણવાથી પડોસના ગામનો એક બ્રાહ્મણપુત્ર—ઋષિપુત્ર—તેનો શિષ્ય થયો હતો તે પ્રતિદિન તેની પાસે આવી, તેની શ્રદ્ધાપૂર્વક સેવા કરતો તથા તત્ત્વજ્ઞાન સપાદન કરતો હતો. કાલિકાપ્રતાપે તેના ગુરુનો ઘાત કરાવ્યો ન હતો, પણ ગુરુએ પોતે જ સ્વેચ્છાથી યોગબળે આ સસારનો ત્યાગ કર્યો હતો

તે યોગીરાજે પોતાનો દેહ તજ્યો, તેને બીજે દિવસે જ નિયમ પ્રમાણે તેનો શિષ્ય તેની પર્ણકુટી આગળ આવ્યો. આશ્રમના ઝાંપામાં પગ મૂકતાં જ તે નિઃશ્વાસ મૂકવા લાગ્યો આજે તેને આખો આશ્રમ અને મઠ, ચૈતન્યરહિત દેહ સમાન નિસ્તેજ લાગ્યો. ચારે બાજુ આમ તેમ ડોકિયાં કર્યાં, ફાંફાં માર્યાં, પણ ક્યાય ગુરુજી દૃષ્ટિએ પડ્યા નહિ, ત્યારે તે શિષ્ય પોતાના મનમા વધારે શકાશીલ થયો. તે નિરાશ થતો કેટલીકવાર સૂધી તે શૂન્ય આશ્રમમા બેઠો, પણ તેને કઈ ચહેન પડ્યુ નહિ. મહાત્મા ગુરુનો શિષ્ય પૂર્ણ યોગ્યતાને પ્રાપ્ત થયેલો તથા ગુરુપ્રતાપે મહાત્મા પુરુષ જ થયેલો હતો, તેથી તેને કઈ એમ ભાસવા લાગ્યું કે, ગુરુજી આ જગતમા વિદ્યમાન નથી. ઈશ્વરેચ્છા! પરંતુ તેમનું શું થયું, તેની તો તપાસ કરવી જોઈએ, એમ નક્કી કરી તે તુરત ત્યાંથી નિકળ્યો ને આમતેમ શોધ કરતા વૃદ્ધિચન્દ્ર રાજાના નગરમા ગયો. ત્યાથી તેને સઘળી ખબર મળી આવી. આગલી રાત્રિએ બનેલી ઘણી

ત્રાસદાયક વિગતની વાત આખા નગરમાં બાલ, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ સર્વમાં પ્રસરી ગઈ હતી. સૌ મનુષ્યો તે વૃત્તાંત સાભળી હેબક ખાઈ ગયા હતા. યોગીરાજના શિષ્યને આ સર્વ વૃત્તાંત માલમ પડવાથી તેને બહુ ક્રોધ ચઢ્યો. તે વિચાર કરવા લાગ્યો કે; "મારા ગુરુજીનું શું અકાળ મૃત્યુ! અપરાધ વગર એક વામમાર્ગીએ તેમનો ઘાત કરાવ્યો! અરેરે! આ વૃદ્ધિચન્દ્ર જેવા ગર્વિષ્ઠ રાજાના નગરમા પાખડીઓનું આટલું બધું પ્રબળ! એવા દુષ્ટોનો, પાખડીઓનો અને તેવાઓને આશ્રય આપનારા રાજાનો પણ શું નાશ થવો નહીં જોઇએ? મારા મહાસમર્થ ગુરુજીએ આ અપરાધ કેમ સહન કર્યો? મહાપ્રતાપી છતા આવા દુષ્ટોને કેમ દંડ ન આપ્યો? નહિ, ગુરુજી સાધારણ જીવ નહોતા તે મહાત્મા હતા તે, મનાદિ ઇન્દ્રિયોને વા કામ ક્રોધાદિ ષડ્રિપુઓને વશ થયેલા ક્ષુલ્લક જીવ ન હતા તેણે, પોતાના દેહના નાશ માટે બીજાપર ક્રોધ કરવો, એ અઘટિત વિચારી, શાન્ત રીતે પોતાના જ દેહપર ક્રોધ કરી, તેની સાથેનો સબધ તોડી નાખ્યો છે! એ તો પરમાત્મસ્વરૂપને પહોંચેલા સાક્ષાત બ્રહ્મપુરુષ જ હતા, તેને ક્રોધ શો? નાશવત પ્રાણીને શાસન શું? તે તો મૂળ દેહોપાધિને ઈચ્છતા જ નહોતા, અને વળી આ દેહ ત્યજવાને આપોઆપ સમય પ્રાપ્ત થયો, તેથી દેહ ત્યજવા ઘણા હર્ષયુક્ત થયેલા હોવા જોઇએ લોકો કહે છે કે, 'તેને મારવા માટે જ્યારે મારાઓની વચ્ચે ઉભા કરવામા આવ્યા, ત્યારે તે રાજી થઈને પછી કંઇક સક્ષેપમા બોલ્યા હતા. હતું તો તે ઘણું ગૂઢ, અને પોતાના શરીરને શિક્ષાવચન સુણાવતા હોય તેવું હતુ, પણ બોલતા સમયે તે સ્મિતથી છવાયલા દેખાતા હતા, એ શું?' હું ધારી શકુ છું કે, ગુરુજીએ દેહ છોડવા ઘણો હર્ષ બતાવ્યો હશે ને તેણે જે કંઈ કહ્યુ, તે પણ દેહપર જ અન્યોક્તિ હશે. એ સઘળુ તો ઠીક, પરતુ આહાહા! મારે તો એવા ભગવદ્રૂપ ગુરુદેવની સાથે સદાનો વિયોગ જ થયો. તેણે તો બીજી આસપાસની વાતપર લક્ષ દીધુ નહિ, કારણ કે તે કેવળ નિઃસ્પૃહી હતા; પણ મારે તો સર્વપર લક્ષ દેવાનો સમય, પરમાત્માએ પરાણે આણ્યો છે. મારા હાથમાથી તો સદ્ગુરુ જેવુ અમૂલ્ય રત્ન ગયુ ને તે વળી પાખડના પ્રાબલ્યને યોગે ગયુ! સુજ્ઞ-સત પુરુષોનુ એ કર્તવ્ય જ છે કે, પાખડધર્મનુ ખડન કરીને સદ્ધર્મની વૃદ્ધિ કરવી હું હવે મારા ગુરુની કૃપાનો પ્રતાપ દેખાડીશ ને દુષ્ટોને શાસન કરવા તથા સદ્ધર્મનુ સ્થાપન કરવારૂપ

શાસ્ત્રાજ્ઞાને અનુસરીશ." આ પ્રમાણે વિચાર કરીને તે ઋષિશિષ્ય નગરમાં ફરવા લાગ્યો અને ગુરુમરણ સંબંધી લોકોને પૂછતો, સંધ્યાકાળની રાહ જોતો અને સર્વદા આનંદરૂપ સમુદ્રમા ડુબેલા મનવાળા, અખંડ બ્રહ્મરસના ભોગી બનેલા પરમગુરુ અનંત તેજમા મળી ગયા, તેનો વિચાર કરતો, ત્યા જ રહ્યો

સાંજ પડી. શહેરમાંથી લોકોના ટોળેટોળા પૂર્વે દિવસની પેઠે મહાદેવીના દર્શન માટે જવા લાગ્યા. તે શિષ્ય પણ ગંગાપર આવેલા કાલિકામંદિર આગળ ગયો ને પોતાના ગુરુ જેમ બેઠા હતા તેમ દેવી તરફ બેધડક પીઠ કરીને ગંગા સન્મુખ થઈ, પડથારપડ બેઠો. કાલિકા પ્રતાપની નજર જેવી તેના પર પડી કે, તુરત તે એકાએક કોપાયમાન થઈને બોલી ઉઠયો, "રે! આજે વળી આ કંટક કોણ આવ્યું છે રે? અલ્યા દુષ્ટ! અરે ચાંડાળ! તારુ પણ મૃત્યુ પાસે આવી લાગ્યુ છે કે શું? એકનુ તો કાલે મહામાયાએ બલિદાન લીધું ને આજે તારુ બાકી રહી ગયું હતું, તે તું આવ્યો છે કે? ચાલ૰ મૂર્ખ! માતુશ્રી સન્મુખ થઈ બેસ, નહિ તો તારી પણ તેવી જ દશા કરવામા કંઈ વિલંબ નથી!" તુરત તો ઋષિશિષ્ય કંઈ પણ બોલ્યા વગર ફરીને બેઠો, પણ તેણે એ ઉપરથી વિચાર કીધો કે, એ જ દુષ્ટ પુરુષ મારા મહાત્મા ગુરુનો ઘાત કરનાર છે. પણ લાવ જોઉં તો ખરો, કે ગુરુજીએ એને કહ્યું હતું કે, 'તું જેનુ ચિન્તન કરે છે તે તારા પગ નીચે જ છે,' તે શા ઉપરથી હતું, ને આ દુષ્ટ શાનું ચિન્તન કરે છે? આ વિચાર કરતો તે સચ્ચિદ્રૂપ, દેવીપુત્રના અંતઃકરણનુ રહસ્ય યોગબળથી અવલોકન કરતો શાંત થઈને બેઠો

આજે પણ કાલિકાપ્રતાપના મનમા ગયા દિવસના સરખા જ તરંગો ઉછળી રહ્યા હતા. જો કે તેણે ડોળ તો મહા દૃઢ ધ્યાન–સમાધિનો ઘાલ્યો હતો–પણ તેનુ મન તો સંસારના પ્રપંચમા ઘુંટાતું હતું. ઋષિ–શિષ્યે પોતાના ગુપ્ત રહસ્યમય યોગબળવડે સઘળું જાણી લઈ નિશ્ચય કર્યો કે નિઃશંક, મારા ગુરુજીએ આ દંભીને જે વચન કહ્યુ છે, તે યથાર્થ છે એ જેનું ચિન્તન કરે છે, તે એના પગ નીચેજ છે! પણ હરિ હરિ! ગુરુજીએ આવા અનધિકારીને તેનો ઉપદેશ કર્યો! બહુ ખોટુ થયું. પણ ખેર, હું તેને તેના કૃતકર્મના ફળ ચખાડીશ "

આજે માતાજીનો મોટો ઉત્સવ હતો ચૈત્રી પૂર્ણિમાનો દિવસ

હતો મહારાજા વૃદ્ધિચન્દ્ર પણ પોતાના કુટુંબ સહિત માતુશ્રીનાં દર્શનાર્થે આવવાના હતા. આ સઘળાને લીધે આખા મંદિરને સારા પ્રકારે શણગારવામા આવ્યું હતું. હાડી, ઝુમ્મર, તકતા વગેરેથી ત્યા ખૂબ ભપકાબધ રોશની કરવામાં આવી હતી જગજ્જનનીને પ્રિય લાગતા નાના પ્રકારના ધૂપો સળગાવી દીધેલા હતા, જગદબાને નવીન નવીન વસ્રો તથા આભૂષણો સજાવેલા હતા, તેની આગળ પાચ સાત ઘીની જ્યોતો ઝળઝળાટ બળતી હતી, મહામાયાના ભોગમાટે હૃષ્ટપુષ્ટ બનેલા મેષ આણી, ચંદનપુષ્પથી શણગારી તૈયાર કરેલા હતા નાના પ્રકારનાં સ્વાદવાળા મદ્યો તથા આસવો, ભોગ ધરાવવા અર્થે, સુદર સુવર્ણપાત્રોમાં ભરીને તૈયાર કરી રાખેલાં હતા અને બીજી પણ પૂજાની ઘણી જ જાતની સામગ્રી તૈયાર હતી એવામા ધ્યાનમા બેઠેલા કાલિકાપ્રતાપને એકાએક હાક મારીને ઋષિશિષ્યે કહ્યું, "અલ્યા ઓ દેવી ભક્ત! કાલે આ વખતે તને જે મહા પુરુષે કહ્યુ હતું, તેજ સત્ય છે! તુ, તે મહાત્માનો ઘાત વૃથા કરાવી પાપપુજમા હબાયો છે જાગ્રત થા, તારા પગ નીચે જો. અરે પાપાત્મા, તું જેનું ચિન્તન કરે છે, તે તારા પગ નીચે જ છે!" અરર! હવે તો પૂછવું જ શું? દેવીપુત્રને તો એ વાક્ય સાભળી પગથી તે માથા સૂધી જ્વાળા પ્રગટી. કાલના જ શબ્દો આજે પુન કર્ણમા પડ્યા. જાણે દૈવકોપ થયો હોય તેમ તે મોટી બરાડ મારીને ઉભો થયો; "રે કોઈ હાજર, કોઈ હાજર! સીપાઇઓ! આ પાપી દુષ્ટને એકદમ બાધો, બાધો, એને જવા દેશો નહિ આજે ઘણુ જ સારુ થયુ, પૂર્ણિમાના ઓચ્છવને દિવસે માતાજીને નરપશુનો ભોગ ધરાશે!" દેવીપુત્રની આજ્ઞા થતાં જ સીપાઇઓએ, તુરત મડપમા આવીને તે ઋષિશિષ્યને પકડી લીધો. લોકો સઘળા તેની આસપાસ વિંટાઈ વળ્યા આખા મદિરમા મોટો શોરબકોર મચી રહ્યો કેટલાક સીપાઇઓ તથા બીજા ચઢાઉ બુદ્ધિના મૂર્ખાનદો આ લાગ જોઇને તે ઋષિશિષ્યને ધક્કા મુક્કી મારવા લાગ્યા. પણ ગુરુકૃપાનો પ્રતાપ કંઈ ઓછો નહોતો ઋષિશિષ્યનુ સર્વાંગ કેવળ વજ્ર સમાન બની ગયુ હતું, તેથી, જે જે લોકો તેના પર હસ્તપાદાદિકના પ્રહાર કરતા હતા, તે જાણે લોઢાની ભીંતપર જ કરતા હોય, તેમ થઇ પડવાથી ઉલટી મારનારનેજ તેથી સખ્ત વ્યથા થતી હતી.

આમ કોલાહલ ચાલ્યો, એટલામા માહારાજા વૃદ્ધિચન્દ્રની સ્વારી આવી પહોંચી, સઘળા તુરતાતુરત ચૂપાચૂપ થઇ ગયા પટ્ટાવાળાઓએ લોકોને

કોરે ખસેડી દીધા. "મહારાજાધિરાજને ઘણી ખંમા!" ઇત્યાદિ શબ્દોથી છડીદારે નેકી પોકારતાં જ રાજા મંડપમા આવ્યો, તેની પછવાડે રાણી, રાજપુત્ર, પ્રધાનો, માંડલિકો વગેરે પણ મંડપમા આવ્યા આ વખતે સીપાઈઓ પેલા ઋષિશિષ્યને પકડી ઉભા હતા, તે જોઈને રાજાએ આશ્ચર્યથી પૂછ્યું, "અરે! આ કોણ છે? એને શા માટે પકડી રાખ્યો છે?" તુરત દેવીપુત્રે ગભીરતાથી કહ્યું, "રાજા! એ કૃતઘ્ની પુરુષ મહામાયાની અવજ્ઞા કરનારો છે. કાલે પણ એક દુષ્ટે માતુશ્રીના શાપથી પોતાના પ્રાણ ખોયા છે ને આજે વળી આ ચડાલ માતાને પારે, ચાહીને ભોગ માટે આવ્યો છે! હે રાજા! માતાજીની ઇચ્છા જ કંઈ પ્રબળ છે આજના ઉત્સવને દિવસે અનાયાસે આ નરપશુ ભોગ માટે આવી ચઢ્યો છે!" આ સાંભળી રાજાએ પ્રશ્ન કર્યું, "મહારાજ! કાલે કોણે અને કેવી રીતે માતાજીની અવજ્ઞા કરી હતી ને તેણે શો અપરાધ કીધો હતો?" ત્યારે "તું જેનું ચિન્તન કરે છે તે તારા પગ નીચે છે," વગેરે આ ગુરુ-શિષ્યે કહેલો સર્વ વૃત્તાત કાલિકાપ્રતાપે રાજાને કહી સભળાવ્યો. પછી, રાજા કંઈ વધુ પૃચ્છા કરે તેના ગભરાટથી, સંધ્યા સમયની આરતિ કરીને ઉત્સવના મહાનૈવેદ્ય તરીકે આ નરપશુ, માતાજીને ભોગમા આપીશું, એમ યદ્વાતદ્વા બકી, કાલિકાપ્રતાપે તુરત મંદિરના દ્વાર ઉઘાડ્યા ને મોટી ગર્જના કરતો ને માતાજીનો જય બોલાવતો, ઉતાવળો ઉતાવળો અદર ગયો ને તૈયાર કીધેલી આરતિ સળગાવી દ્વાર આગળ આવીને ઉભો રહ્યો! રાજા આવ્યો છે, માટે તેને સઘળી વસ્તુનુ સેવાચાતુર્ય તથા પૂજાની ધામધુમ દેખાડવાની ઝુમમા તેણે દેવીની મૂર્તિ સામું તો જોયુ જ નહિ! ઘટાનાદ થઈ રહ્યા છે, મંડપમાં બાંધેલા મોટા ઘટોના ઘણણણકારથી દેવાલય ગાજી રહ્યુ છે, નગારા તથા નોબતો વાગી રહી છે; દર્શન માટે ઉભેલાઓની તાલીઓનો પણ મોટો શબ્દ થઈ રહ્યો છે, તેની વચ્ચે કાલિકાપ્રતાપ મોટા આડબર સાથે દેવીદ્વાર ઉઘાડી, મોટી ઝળઝળાટ કરતી પ્રકટેલી આરતિ હાથમાં લઈ દેવી સામે આરતિ ઉતારવા ઉભો રહ્યો પણ દેવીપુત્ર જેવો "જય આદ્યશક્તિ મા, જય આદ્યશક્તિ"નો પ્રારભ કરે છે, ત્યા તો રાજાની તથા સર્વ લોકોની નજર મદિરના દેવીના સિંહાસનપર પડી અને તુરત અત્યંત આશ્ચર્ય પામી રાજા બોલી ઉઠ્યો, "મહારાજ! તમો કોની આરતિ ઉતારો છો? માતાજી ક્યા છે? મહામાયાનું સિંહાસન તો ખાલીખમ પડેલું છે માજી ક્યાં ગયા?" દેવીપુત્ર તુરત ચમક્યો, અને પાછુ ફરી જોયું તો

સિંહાસનપર કાલિકાની પ્રતિમા જ ન મળે! તેનું મ્હોડું વીલું પડી ગયું, તે બહુ જ ઝંખવાઈ ગયો પરંતુ તેણે એક તાલ કીધી. તુરત બારણા બંધ કીધા ને સૌને સમજાવ્યું કે 'આજ ઉત્સવનો દિવસ છે, માટે માતાજી ક્યાંઈ રમવા પધારેલા હશે!' રાજા સહિત લોકો ઘણીવાર સૂધી વાટ જોતા ઉભા રહ્યા, પણ તેટલા સમય સૂધીમાં તો દેવીપુત્રની મહાદુર્દશા થઈ રહી તે અત્યંત આશ્ચર્યથી ગભરાઈ ગયો અને હવે શું કરવું, પોતાની લજ્જા કેમ સાચવવી, અને પ્રાણ કેમ બચાવવા, તેનો તે વિચાર કરવા લાગ્યો તેણે ઉપરઉપરના ધતરમતરથી ને સ્તુતિપ્રાર્થનાથી દેવીને પ્રસન્ન કરવાના તથા સ્વસ્થાને પધારવાના ઘણુાય ઉપાય કર્યા, પણ તેથી શું? તેની ઘણાક દિવસની રુડા પ્રકારની સેવાથી જગદીશ્વરી આદ્યશક્તિ અતિ સંતુષ્ટ થઈ-ધરાઈ ગઈ હતી એટલે તેને પધારવાની ઇચ્છા જ કેમ થાય?

હવે જ ખરેખરો ખેલ હતો યજ્ઞભૂ! તું જો, કે પાપકર્મથી સંતુષ્ટ કરેલા દેવતાઓ પણ તે પાપાત્મા પ્રાણીને થતી પાપકર્મની શિક્ષાના ભાગીદાર થતા નથી તે તો કરનારને પોતાને જ માથે હાથ દઈને ભોગવવી પડે છે આ વખતે કાલિકાપ્રતાપને માથે મહાદુસ્તર સંકટ આવી પડ્યું તેણે ઘણીકવાર 'ઓ મા! ઓ માડી! ઓ મારી માતુશ્રી! ઓ જગજ્જનની!' વગેરે શબ્દોથી મોટી મોટી હાકો મારી, પણ દેવી પધાર્યાં નહિ આખરે લોકોના તથા રાજાના ટળવળાટથી હારીને મંદિરના બારણા ઉઘાડ્યા. પણ દેવીનું સિંહાસન તો પ્રતિમા વગર ખાલી જ દૃષ્ટિએ પડ્યું પછી રાજાએ દેવીની ઘણીએક વિનતિ કરી અને સૌ લોકો સાથે મોટી ગર્જનાથી તેનો જય બોલાવ્યો, એટલે મંદિરની અંદરના ગભારમાથી એકાએક મોટો શબ્દ સંભળાયો તે શાન્ત થયા પછી તે પરમ ગંભીર અદૃશ્ય વાણીથી જાણે કોઈ ક્રોધાંધ થઈ બોલતુ હોય તેમ સંભળાવા લાગ્યું યજ્ઞભૂ! એ ગંભીર વાણી દેવી કાલિકાની જ હતી અને તે જ અદૃશ્યપણે મંદિરમાથી આ પ્રમાણે બોલી:-

"હે રાજા! રે દુષ્ટ સંગતે લાગેલા વૃદ્ધિચંદ્ર રાજા! હવે હું કદી પણ તારી અપવિત્ર સેવાને ગ્રહણ કરનારી નથી હે પાપી રાજા! જાણ કે, માત્ર પોતાની જિહ્વાના સ્વાદને અર્થે અને પોતાના શરીરના પોષણને અર્થે, અન્ય અવાચક પ્રાણીઓના શરીરોનો મારે નિમિત્તે જેઓ ઘાત કરે છે, તેઓ મારા ભક્ત નથી, પણ કેવળ મારા દ્રોહીઓ જ છે તેઓ પોતાના તે પાપકર્મોનું ફળ યથાર્થ ભોગવે છે ને તેમા હું કદી સહાયતા કરતી નથી. હું સચ્ચિ-

દાનદ પરબ્રહ્મની માયાશક્તિ છું. હું તે પરમાત્માએ પોતાની ત્રિગુણાત્મક વિભૂતિરૂપે ધારણ કરેલા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, એ ત્રિગુણ દેવોની સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતી આદિ શક્તિરૂપે સર્વત્ર વ્યાસમાન છું. મારુ કાર્ય દુષ્ટોને સહાય કરવાનું નથી, પણ તેઓને તેઓનાં કર્મો માટે શિક્ષા કરવાનુ છે આ દુષ્ટ કાલિકાપ્રતાપના કપટપાશથી તું બંધાઈ ગયો છે, તેથી તારા રાજ્યમા અને તારી દૃષ્ટિ આગળ થતા અધર્મથી તું કેવળ અજ્ઞાત છે! એ અધર્મ વળી એવો છે કે, પરમાત્મા સ્વરૂપને પામેલાઓનો અને સાક્ષાત્ બ્રહ્મરૂપ મહાત્માઓનો—મને પણ વંદવા યોગ્યનો—અપરાધ વિના, કોઇના પણ ભય વગર ઘાત થાય છે, છતાં હે મૂઢમતિ! આજ બબે દિવસ થયાં તેની શોધ પણ તારી તરફથી લેવાઈ નથી. હે દુષ્ટ ભૂપતિ! ધિક્! ધિક્! તું આ પરમ ચડાળ કાલિકાપ્રતાપ, જે કેવળ પાખડને પ્રવર્તાવનાર છે, તેને જ અનુસરે છે. ધિક્કાર છે તને! તે દુષ્ટે કાલે એક મહાપુરુષનો, બહુ ક્રૂરતાથી ઘાત કરાવ્યો છે ને આજે વળી આ અધુરામા પૂરુ મારા ઓચ્છવ નિમિત્તે તે મરનાર મહાત્માના કૃપાપાત્ર શિષ્ય અને પરમપદને પહોચેલા શુદ્ધ સાત્વિક સ્વરૂપ, જે જીવન્મુક્ત મહા પુરુષને વિદેહ મુક્ત કીધા તેના—તારી પછવાડે ઉભેલા ઋષિશિષ્યનો ભોગ આપવાની ઇચ્છા કરે છે ધિક્! ધિક્! એ મહાચડાળ બ્રહ્મઘાતીને હું શી શિક્ષા કરુ. અરે રાજા! એ પરબ્રહ્મ પામેલા મહાત્માઓનો કેટલો પ્રતાપ છે, એ તું જાણતો નથી, એ તારુ દુર્દૈવ જ છે.! એઓ સાક્ષાત્ ભગવદ્રૂપ છે રે તેઓના દર્શનથી કાળ પણ કંપે છે, ઈંદ્રાદિ દેવતાઓ તેઓની આજ્ઞા માને છે, અને સર્વ ઉપર તેઓની સત્તા ચાલે છે. તેઓના દર્શન માત્રથી મનુષ્ય પ્રાણીના પાપ નાશ થાય છે. ગગાદિ તીર્થો આખા જગતના પાપને ભસ્મીભૂત કરે છે, પણ તે તીર્થોના પાપ બ્રહ્મરૂપ મહાત્માઓથી નાશ થાય છે. એવા મહાત્મા પુરુષની અવજ્ઞા કરનારને વા તેઓના યત્કિંચિત્ અપરાધ કરનારને, હું જોઈ શકતી નથી, તો પછી તેના દેહનો નાશ કરનારને માટે કેટલી બધી મહાન્ શિક્ષા હોવી જોઇએ? માટે રાજા! એ દુષ્ટ અને મારા નામને તથા માર્ગને પણ ભૂડા કર્મથી દૂષિત કરનાર કાલીપુત્રને અહીંથી દૂર કર, એનુ મ્હો કાળુ કર, અને યોગ્ય શિક્ષા કર, આ મહાત્મા ઋષિશિષ્યને પ્રસન્ન કર; એની આજ્ઞાને જ અનુસર, એને જ તારો ગુરુ કર અને એની જ રુડા પ્રકારે સેવા કર, જે સેવાથી હું મારી જ સેવા થયલી માનીશ"

તુરત તે અદૃશ્ય વાણી બંધ પડી રાજા તથા લોકોના મનમા અતિ આશ્ચર્યે ઘર કર્યું. મહાકાળીએ કરેલા કાલીપુત્રપરના આક્ષેપથી લોકો સ્તબ્ધ થઈ ગયા એ સમયે કાલીપુત્રના આત્માને મૂકવા માર્ગ પણ રહ્યો નહિ તેના રામ ત્યાંને ત્યા જ રમી ગયા તે કેવળ નિ સત્વ થઈ ગયો! તેને એકે દિશા સૂઝી નહિ રાજાએ તુરત પેલા મહાનુભાવ ઋષિશિષ્ય પ્રતિ દૃષ્ટિ કરી આ સમયે ઋષિશિષ્યનું સ્વરૂપ અતિ ભવ્ય, પણ સૌમ્ય અને મહા તેજસ્વી થઈ રહેલુ હતું પામરજનોની તેની પાસે જવાની તો શું, પણ તેના સામું જોવાની પણ હિમ્મત ચાલી શકતી નહોતી. મહામાયા પરોક્ષ કાલિકાના પ્રત્યક્ષ વચનો સાભળી, રાજા અત્યત દીન થઈ, મહાત્મા શિષ્યના ચરણમા પડ્યો, અને “ક્ષમા કરો! ક્ષમા કરો!” ઇત્યાદિ શબ્દો બોલતો તેને વારંવાર પ્રણામ કરવા મંડ્યો. પછી ઘણીક વિનતિ કરીને તેણે ઋષિશિષ્યને તેના ગુરુના મરણ વિષે સઘળી વિગત પૂછી ઋષિશિષ્યે જણાવ્યુ કે, “રાજા! મારા પુણ્યાત્મા ગુરુદેવ ફરતા ફરતા પોતાના આશ્રમથી આ મંદિરના પડથારપર આવી, ગગાતટ ઉપર દૃષ્ટિ રાખી, ઈશ્વરની અદ્ભુત લીલાનું અવલોકન કરતા બેઠા હતા તે વખતે, આ દુષ્ટ પાખડીએ તેનું અપમાન કરીને, તેને ફરી બેસવાનુ કહ્યુ. મહાત્માજનોને માન તથા અપમાન સરખા જ છે, તેથી તેના કહેવાપર કશુ લક્ષ ન દેતા તે ફરીને બેઠા એવામા તો પાખડી કાલીપુત્ર જયા ધ્યાનનો ડોળ કરી બેઠેલો હતો, ત્યા તેની દૃષ્ટિ ગઈ હે રાજન્! મહાત્મા પુરુષોથી કોઇના પણ મનની વાર્તા ગુપ્ત રહેતી નથી તેણે આ પાખડીના મનની વાત જાણી લઈ, તેનાપર દયા કરીને કહ્યુ, ‘અરે દેવીભક્ત! તુ ચિન્તા શાને કરે છે? તું જેનું ચિન્તન કરે છે, તે વસ્તુ તારા પગ નીચે જ છે!’ એ સાભળીને તેના પ્રભાવને ન જાણનારા આ દુષ્ટે તેને કેટલુક તાડન આદિ કષ્ટ આપી, તેનો દેહઘાત કરાવ્યો. હુ તેની શોધ કરતો કરતો અહીં આવ્યો, તો આજે પણ એને તેની તે જ વસ્તુનુ ચિન્તન કરતો મેં જોયો. ત્યારે મેં જાણ્યુ કે, આ જ દુષ્ટ મારા ગુરુનો ઘાત કરાવનાર છે, એ જ પાપાત્મા ધર્મના નામે ઢોગ કરી સર્વને છળે છે! મેં પણ એને ગુરુદેવનું જ વચન પુન કહ્યુ, પણ તે એને ન રુચતા, પોતે આદ્યશક્તિનુ ચિન્તન કરે છે, એમ લોકોને બતાવવાનો ઢોગ જારી રાખ્યો. ઓ રાજા! હવે એને પૂછ કે, તું શાનું ચિન્તન કરે છે? જો એ નહિ માને તો હુ હમણા બતાવીશ.”

આ ઉપરથી રાજાએ કાલીપુત્રને ખૂબ દાબથી પૂછ્યું, પરતુ તેણે કંઈ સીધો જવાબ આપ્યો નહિ. પછી ઋષિશિષ્યે કહ્યું; "હે રાજા! દુષ્ટ-જનો પોતાનો અપરાધ કદી સ્વીકારતા નથી. તેઓ ગમે તેમ કરીને પણ પોતાને લોકમાં મોટા કહેવડાવવાનો જ યત્ન કરે છે પણ રાજા! એના હૃદયમાં એ શાનું ધ્યાન ધરતો હતો, તે સાભળ. આ ક્ષણે પણ આ તારો પરમગુરુ કાલિકાપ્રતાપ, પોતાના પુત્રના વિવાહ માટે તારી પાસેથી પુષ્કળ ધન કઢાવવાની મોટી યોજના ઘડે છે, અને તે ક્ષણે પણ એ તેજ યોજના ઘડતો હતો, કે તારી પાસેથી ધનનો ઢગ કેમ મેળવવો! તે મનમા એમ જ ચિન્તન કરી રહ્યો હતો કે, 'આ હમણા લગ્નગાળો ચાલે છે, માટે આજે રાજા આવે, એટલે તેને કહીને પુત્રના વિવાહનો ખરચ કરવા માટે પુષ્કળ દ્રવ્ય મેળવું.' આ રહસ્ય જાણી મારા કૃપાળુ ગુરુજીએ તેને કહ્યુ કે, 'તુ ચિન્તા ન કર, તું જેનું ચિન્તન કરે છે, તે વસ્તુ તો તારા પગ નીચે જ છે!' પણ એ મૂઢ પાપાત્મા છે, ડાળઘાલુ છે તેથી, મહાત્માના વચનનું રહસ્ય સમજ્યો નહિ. હે રાજા! એ વાતની પ્રતીતિ માટે એ કાલિકાપ્રતાપના આસન નીચે હમણાં જ ખોદાવ, અને જો કે ત્યાથી કેટલુ બધું દ્રવ્ય નીકળે છે! આશ્ચર્યચકિત થયેલા રાજાએ તુરત અનુચરોને આજ્ઞા કરીને ત્યાથી આરસપહાણની લાદીઓ ઉખેડાવીને તે નીચે ખોદાવવા માડ્યુ. બે હાથ ને ચાર હાથ ખોદતા તો અદરથી એક મોટું તામ્રપત્ર નિકળ્યું તેમા લખ્યું હતું કે, આથી ત્રણ હાથ નીચે મોટા તાબાના સાત ચરુ દાટેલા છે, જેમા અનુ-ક્રમે લક્ષ લક્ષ રૂપાના ને સોનાના સિક્કા, તથા હીરા, મોતી, માણેક, પન્ના અને નીલ મણિઓ ભરેલા છે. ખોદતાં ખોદતા એક પછી એક તે મજબૂત બધ કરેલા ચરુઓ નિકળ્યા, જેમાથી દ્રવ્ય કાઢી જોતા આખા મડપમા ઝળઝળાટ થઈ રહ્યો રાજા તથા સર્વ લોક અત્યત આશ્ચર્ય પામ્યા, અને તુરત રાજાએ ઘણા પ્રેમથી ઋષિપુત્રના ચરણ પકડી, તેના ઉપર પોતાનુ મસ્તક મૂકી દીધુ અને તે બોલ્યો, "હે મહાત્મા! હે સાક્ષાત્ ભગવદ્રૂપ પરબ્રહ્મપુત્ર! આપનો પ્રભાવ નહિ જાણનાર તથા આપના મહાન્ પ્રતાપી ગુરુદેવનો ઘાત કરનાર, આ દુષ્ટ કાલીપુત્રને હું ઘણી દુસ્તર શિક્ષા કરીશ. એ દુષ્ટને આપના જોતાં જ યમલોક પ્રત્યે મોકલીશ! પરંતુ મહારાજ! આપ હું અજ્ઞાનીનો અપરાધ ક્ષમા કરો, મારાપર દયા કરો આપનો પ્રતાપ સાક્ષાત્ મહાકાળીથી પણ સહન થઈ

શક્યો નહિ, તો પછી હું પામરનું તે શું ગજું? હે મહાત્મા! અમો સહુ તારે શરણે છીએ; હું તારો શિષ્ય છું, મારો અનુગ્રહ કર." આ પ્રમાણે વિનતિ કરતાં વૃદ્ધિચંદ્રને ઋષિશિષ્યે હાથ ઝાલીને બેઠા કર્યો અને તેના મનની સાંત્વના કરી રાજાએ કાલિકાપ્રતાપને તત્ક્ષણે કેદ કરીને કારાગૃહમાં નાખવાની આજ્ઞા કરી. પછી ઋષિશિષ્ય સાથે પોતે ઉત્તમ રથમા બેસીને સઘળા સમાજ સાથે રાજગૃહ ભણી ગયો.

રાજગૃહમા રાજાએ ઋષિશિષ્યને પરમ ભાવપૂર્વક અર્ઘ્યપાદ્યાદિથી પૂજા કરીને ભોજનપાન લેવા માટે વિનતિ કરી પણ પોતાના ગુરુની ઉત્તરક્રિયા કર્યા વગર, તેણે તેમ કરવાની ના પાડી રાજાએ તુરત તે મહાત્માનું શરીર જ્યા દાટ્યુ હતું ત્યાથી કઢાવીને તેના શિષ્યને સોંપ્યું, એટલે તેણે ગંગાના તટપર ચંદનકાષ્ઠની ચિતા ખડકી, યથાવિધિ પોતાના ગુરુને અગ્નિદાહ દીધો. બીજે દિવસે રાજાએ અતિ કોપાયમાન થઈ, કાલીપુત્રને કમર સૂધી જમીનમા દટાવ્યો, અને લોકોને સખ્ત આજ્ઞા આપી કે, સૌએ એને ઓછામા ઓછા પાચ પત્થર વા શસ્ત્રના ઘા કરવા આવી શિક્ષા થવાથી તે પાંખડી કેટલાક દિવસ પર્યંત રીબી રીબીને, ઘણી ચીસો નાખતો, ભયકર આકૃતિવાળા યમદૂતોને આધીન થયો

તે પછી તે રાજા, ઋષિશિષ્યનો પરમ શિષ્ય થઈ રહ્યો, અને નિરંતર તેના વચનામૃતનુ સદ્ભાવથી શ્રવણ કરીને સપૂર્ણ જ્ઞાન સપાદન કર્યું તેથી તે જીવન્મુક્ત થઈ પરમાત્માના સ્વરૂપને પામ્યો. મહાત્મા પુરુષના દર્શન, સેવન અને અનુકરણથી પરમ સદ્ગતિ થાય છે.

વત્સ! આ ઇતિહાસપરથી તારા જાણવામા આવ્યુ હશે કે, કુપાત્ર (અપાત્ર) ને ઉપદેશ કરનાર પુરુષ, એ બ્રહ્મનિષ્ઠ મહાત્મા ગુરુની પેઠે પ્રાણ ખૂએ છે અને એવા મહાત્મા પુરુષને દુ ખ દેનારની ગતિ પેલા પાખડી દેવીપુત્રના જેવી મહાદુઃખરૂપ થાય છે આ જગતમા પામર જનોએ બ્રહ્મરૂપને શોધવું જોઈએ, જાણવુ જોઇએ, વિચારવુ જોઈએ, પણ અજ્ઞાનમા—અવિદ્યામા ઘેરાવાથી તે એમા પ્રયત્ન જ કરતો નથી. એ સ્વરૂપ પોતા પાસે જ છે, પોતામા જ છે, પણ અવિદ્યાથી તેને તે જાણતો નથી, વિચારતોએ નથી, તો જૂએ તે ક્યાથી? તેથી તે ભૂલમા અથડીયા ખાય છે. સૂર્ય ચદ્રનુ સ્વરૂપ પોતાના નેત્રથી જ જોઇ—જાણી—અનુભવી શકાય છે, પણ બીજા કશાથી જાણી શકાતું નથી, તેમ જ આત્માનુ સ્વરૂપ કહો, કે પરમાત્માનું સ્વરૂપ કહો, તે પોતાના અતર્ચક્ષુ

ઉઘાડી, તેમાં જોવાથી પ્રત્યક્ષ થાય છે જીવશિવની એકતા ત્યારે જ જોઈ શકાય છે, કે જ્યારે અંતર્ચક્ષુ ઉઘડે છે; અને તે ઉઘડ્યા પછી જ પરમાત્માનાં સ્વરૂપના દર્શન કરી શકાય છે.

હે સચિવ! (યજ્ઞભૂ પોતાના પ્રધાન વિશાલકેતુને કહે છે) તે મહાત્મા મને આ ઇતિહાસ કહેતા હતા તે સમયે, જ્યારે પેલા ઋષિ-પુત્રના ગુરુને કાલિકાપ્રતાપની આજ્ઞાથી મારાઓ શસ્ત્ર ખેંચીને માર-વાને માટે ઉભા રહ્યા, તે વેળા તે મહાત્મા અવધૂતે હસી પડીને જે ગુહ્ય ભાષણ કરવા માંડ્યુ હતું, તે શા સંબંધે હતું, એ પૂછવાને મારી ક્યારની ઇચ્છા થઈ રહી હતી; માટે જ્યારે આ જ્ઞાનકથા પૂર્ણ થઈ રહી, ત્યારે હું તે વાત તે યોગેશ્વરને પૂછવાનો વિચાર કરતો હતો, પણ તત્ક્ષણે તે પોતાની મેળે જ બોલી ઉઠ્યા,–"ધન્ય છે હે રાજપુત્ર! સદ્ગુરુની આગળ તારા જેવા જ સચ્છિષ્ય અને તારા જેવા જ શ્રોતા જોઈએ તેઓ ગુરુના પ્રત્યેક વાક્યોપર પોતાના અંત:કરણની વૃત્તિઓને ચોંટાડી તેનુ મનન કરે છે સદ્ગુરુનું પ્રત્યેક વચન અવશ્ય મનન કરવા યોગ્ય જ હોય છે. જો કે મેં તને એ ઇતિહાસ માત્ર પાત્રાપાત્રના વિચાર માટે કહ્યો છે, અને તેનું ફળ, અપાત્રને ઉપદેશ કરવાથી વિટંબણા આવે છે, અને સત્પુરુષને દુ:ખ કરનારા દુષ્ટને યોગ્ય શિક્ષા આપોઆપ થાય છે એ બતાવ્યું છે, તથાપિ પોતે પોતાને જાણ્યા વિના ઇષ્ટ ફળની પ્રાપ્તિ થતી નથી, અને અન્ય સ્થાનમા ઇષ્ટ ફળની પ્રાપ્તિ માટે વલખા મારવા એ અજ્ઞાનતા જ છે, તે પણ બતાવ્યુ છે સારી રીતે વિચાર કરી જોતા આખા ઇતિહાસમા બહુ પૃથક્ પૃથક્ પ્રકરણો આવી ગયા છે પાખંડ કર-નારાઓ કેવા હોય છે, લોકોને પોતાની તરફ કેવી રીતે આકર્ષી લે છે, તેઓ કેટલો મોટો દંભ કરે છે, પોતાને માટે–પોતાની વડાઇને માટે તેઓ બ્રહ્મ-હત્યાદિ મહાપાતકો કરતા પણ ભય રાખતા નથી, વળી બ્રહ્મવિત્ (પરમા-ત્માના સ્વરૂપને જાણનારા) પુરુષોના લક્ષણ કેવા હોય છે, તેઓ કેવળ ગાંડા અને ભ્રાંત સરખા રહી, જડ, મૂક, બધિર અને પિશાચવત્ બહિરાચરણો કરે છે, તેઓને ગમે તેવા વચનો કહેવાથી ખેદ કે આનંદ થતો નથી. તેઓ તો પોતાનો દેહ પડો કિંવા રહો, તેની પણ કશી પરવા રાખતા નથી તથા મરણ સમયે પણ તેઓને કશો ખેદ કે શોક થતો નથી, ઇત્યાદિ ઘણાક દૃષ્ટાંતો જેમા આવી ગયા છે, તેવી જ રીતનું આ તારુ પૂછવાનુ દૃષ્ટાંત પણ છે સાંભળ એ મહાત્મા ઋષિપુત્રના ગુરુએ મરતી

વખતે લોકો વચ્ચે ઉભા રહીને જે કહ્યું, તે પોતાના દેહ પ્રત્યે કહ્યું હતું. તેણે પોતાના દેહને પોતાનો મિત્ર ઠરાવ્યો હતો. જન્મથી મરણ-પર્યંત એક પળ પણ વગર છૂટા પડવે, તે મિત્ર તેની સાથે જ રહ્યો હતો. વળી તે દેહરૂપ મિત્રનો પોતાનાપર મોટો ઉપકાર થયેલો માન્યો હતો. જગતમાં પ્રાણીમાત્રના જે જે દેહો છે (સ્થાવર જંગમાદિક સર્વ જળચર પ્રાણીઓ, પશુ, પક્ષી, તિર્યક્ આદિ સઘળા પ્રાણીઓ કે જેને શરીર છે) તે સર્વ કરતાં નરદેહ (મનુષ્યશરીર) અત્યંત ઉત્તમ છે. પ્રાણીનાપર જ્યારે પરમાત્માની સંપૂર્ણ કૃપા થાય છે, ત્યારે તેને આ નરદેહ પ્રાપ્ત થાય છે સર્વ દેહધારી પ્રાણીમાં આહાર, નિદ્રા, ભય ને મૈથુન—એ સ્વાભાવિક રહે છે. એ ઉપરાત પાચમી જે સદસદ્ બુદ્ધિશક્તિ મનુષ્યમા વિશેષ છે, તેથી તે વિશેષ છે. એ શક્તિ જો વિવેક સાથે વિચરે છે તો તે પોતે પોતાનો ગુરુ બની, પોતામા શુ છે તે શોધે છે એમ શોધતા શોધતાં તે સ્વસ્વરૂપને જોય છે અને તેમાથી પરમ સ્વરૂપના દર્શન કરી, કૃતાર્થ થઈ, ચોરાસીની રેંટમાળમાથી મુક્ત બની જાય છે તે મુક્ત થઈ, જીવ-ન્મુક્ત થાય છે ને દેહવિલય પછી અખડાનદ સ્વરૂપમા લીન થાય છે. આ સર્વ મનુષ્યદેહથી જ પ્રાપ્ત થાય છે, માટે મનુષ્યદેહ સર્વોત્તમ છે વળી અજર અને અમર એવો આત્મા, મનુષ્યદેહનો સગ કરીને અનેક સત્કર્મો કરી શકે છે, સત્સગતિ કરી શકે છે, સદ્વિદ્યા પ્રાપ્ત કરે છે તથા ભગવદ્ભક્તિ કરી પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમના ચરણકમળ પણ એ દેહના સંગથી જ મેળવી શકે છે તે માટે મહાત્માએ પોતાના દેહને કહ્યુ હતુ કે, હે મિત્ર! તારી મિત્રતા મને અત્યત ઉપકારક અને યોગ્ય થઈ પડી છે એથી મેં હરિભક્તિ કરી પરમાત્માના સ્વરૂપનુ જ્ઞાન મેળવ્યુ છે ને હું જીવન્મુક્ત થયો છુ ફરી મને તારા જેવા બીજા મિત્રની જરૂર પડવાની નથી, અર્થાત્ પુન મને નરદેહપ્રાપ્તિની કોઈ કાળે જરૂર નથી नृदेहमाद्य खलु धर्मसाधनम् ॥ નરનો દેહ ધર્મસાધનોમા મુખ્ય સાધન છે પુન. તેણે કહ્યુ કે, હે દેવમિત્ર! તારો દુર્લભ પ્રસગ પ્રાપ્ત થયા છતા, તને જે મનુષ્ય ફોકટમા ગુમાવી દે છે અર્થાત્ ઘણે કષ્ટે પ્રાપ્ત થયેલો આ નરદેહ ધારણ કરીને જેઓ તેનું મહત્વ સમજતા નથી તથા ઉત્તમ કૃત્યો ન સાધી લેતા આયુષ્ય માત્ર હસવામા, ખેલવામા, પરનિન્દામા, વિલાસમા, વિષયસેવનમા અને એવા બીજા અનુચિત કાર્યમા ગુમાવે છે, તેઓ પર પરમાત્મા નિ:શક કોપે છે. મોહમાયામાથી છૂટવા, ને આ સસારસાગરને

તરવારૂપ સાધનો સાધવા માટે જ પરમાત્મા જીવને નરદેહ આપે છે. તેને સહજમા ગુમાવી દેવાથી, દયાળુ પ્રભુ કાં કોપાયમાન ન થાય? પરમાત્માના કોપને લીધે જીવોને બીજા નીચ પંક્તિના મિત્રો સાથે વસવું પડે છે; અર્થાત્ નરદેહનો દુર્લભ પ્રસગ ગુમાવનારા જીવોને બીજા વિલક્ષણ દેહ ધારણ કરવા પડે છે નરદેહ કરતા જૂદા એટલે પશુ, પક્ષી, કીટ, પતગ, જળચર ઈત્યાદિ યોનિના દેહ–જેમા જ્ઞાનપ્રાપ્તિનું સુખ નથી અને જેમાંથી અનેક અધોગતિમા જઈ પડાય છે. પશુ પક્ષી આદિના નીચ દેહમા અવતરવાથી તે દેહમાં રહેલા આત્માથી તરવાનું કશુએ સાધન બની શકતું નથી.

એ મહાત્માએ પોતાના દેહ પ્રત્યે એવી ઉક્તિ કરીને નરદેહનુ માહાત્મ્ય દર્શાવ્યું છે. વત્સ! નરતનુ બહુ દુર્લભ છે, તેમા પણ આત્માનાત્માનો વિવેક દુર્લભ છે, અને સર્વમા સ્વસ્વરૂપનું જ્ઞાન દુર્લભ છે. નરતનુના સગથી જીવ સાક્ષાત્ શિવરૂપ થઈ શકે છે. શિવરૂપ એટલે પરમ પુરુષના સ્વરૂપમા લીન થઈ, સ્વસ્વરૂપ છતે સ્વસ્વરૂપ રહિત બની જાય છે! સાક્ષાત્ મોક્ષનું દ્વાર નરતનુ જ છે આ મહાદુસ્તર ભવરૂપી સાગર તરવાનું ઉત્તમ નાવ નરતનુ જ છે નરતનુ સપૂર્ણ તનુમાત્રનો અધિપતિ છે. સર્વ અન્ય તનુધારીઓપર તેની સત્તા ચાલે છે તું પ્રત્યક્ષ ઉદાહરણ જો કે, એક નરદેહધારી પુરુષ પોતાની આત્મશક્તિવડે કીડીથી મોટા ઐરાવત જેવા હસ્તીને પણ વશ કરીને તેને પોતાની સત્તામાં રાખી શકે છે દૂર શું કામ જવું? ક્યાય એવું સાભળવામા આવ્યું છે કે ગમે તેવા બળવાન્ એકાદા હસ્તીએ કિંવા વિકાળ સિંહ કે વ્યાઘ્રે કોઈ પુરુષને પોતાને વશ કરી લીધો છે?

એ તો સઘળું ઠીક; પણ અત્યારસૂધી મેં તને જે ઇતિહાસ સંભળાવ્યો, તેનું ખરુ રહસ્ય તો બીજું જ છે આજે પ્રથમ તેં તારા મનમા એવી શંકા કરી હતી કે, 'પરમાત્મા, જે સર્વ શક્તિમાન્, સર્વાન્તર્યામી તથા સર્વેશ્વર છે, તેની આપણે (મનુષ્યે વા દેહધારી આત્માએ) સેવા કરવી અને પરમ પ્રેમથી–ભક્તિથી સર્વવ્યાપી પ્રભુનું સ્વરૂપ પ્રાપ્ત કરવું, એ સર્વોત્તમ સિદ્ધાંત છે, તો તે પરમાત્માને પ્રાપ્ત કરવા માટે કયો માર્ગ છે? શુ તે જૂદે જ સ્થળે રહેનારો વા જૂદો જ હશે?'

તારી એ શંકાના સમાધાનરૂપ જ ઋષિપુત્રના ગુરુનું કાલિકાપ્રતાપ પ્રત્યે કહેલું વચન હતું તેણે તે ધ્યાન કરતા દેવીપુત્રને ધ્યાનમાર્ગે

ફાંફાં મારતો અને મનન કરવાનું છોડી દઈને બીજી જ વસ્તુનું ચિન્તન કરતો જોઈ, તેની ભ્રમણા મટાડવાને તેનાપર દયા કરીને કહ્યું હતું કે, 'હે દેવીભક્ત! તું જેનું ચિન્તન કરે છે, તે તારા પગ નીચે જ છે; અર્થાત્ જે ધનનું તું ચિન્તન કરે છે તે તારી પાસે જ છે, એને માટે તારે બીજે ઠેકાણે યત્ન કરવો પડે તેમ નથી. માટે શાસારુ આડાઅવળા વિચાર કરે છે?' આ મહાત્મા પુરુષની વાણી ઘણી ગર્ભિત હતી તેમાંનો એક ઇતિહાસ તો સ્પષ્ટ મેં તને સંભળાવ્યો (કે તું જે દ્રવ્યનું ચિન્તન કરે છે, તે તો તારા પગ નીચે જ છે, અને તે સ્થળે ખોદવાથી તે મળ્યું પણ હતું) પણ બીજો અર્થ મહાગૂઢ અને પરમ આનંદદાયી છે. મહાત્માઓ નિરંતર અંતઃકરણમાં પરમાત્માના સ્વરૂપનું ચિંતન કર્યા કરે છે; અને તેથી તેઓ વાતચિત પણ તે સબંધે જ કરે છે. એટલા માટે તેણે તે દંભધ્યાનીને એવા આશયથી કહ્યું કે, 'રે મૂઢ! તું ધ્યાન ધરે છે ખરો, પણ તારુ સઘળુ ધ્યાન ક્ષણિક છે, અને તેનું કંઈ પણ ફળ મળનાર નથી, કેમકે જે વસ્તુ પાસે હોય તેને ન જોતા અને ન જાણતાં બીજે સ્થળે શોધવાના ફાંફા મારવાથી તે વસ્તુ કેમ પ્રાપ્ત થશે? તું દ્રવ્યનું ચિન્તન કરે છે પણ તે તો તારી પાસે જ છે, પણ અજ્ઞાનપણાથી તુ જાણતો નથી કે મારા પગ નીચે જ દ્રવ્ય છે પણ એ મિથ્યા-નાશવત પદાર્થના ધ્યાન ને ચિન્તનથી લાભ શો? જે દેવીનુ ધ્યાન ધરવાનો તું ડોળ કરે છે તેનુ જ ધ્યાન કર, કે તારી કંઈ સારી ગતિ થાય અથવા ધ્યાન કરવા તથા ચિંતન કરવા યોગ્ય જે પરમાત્માનું સ્વરૂપ છે, તે તો તારી પાસે જ છે, તે તું જ છે, તારા આત્મામા છે, તુંમાં જ છે તું તેને જાણીશ અને જોઇશ, એટલે તારુ ચિંતવેલુ સમગ્ર દ્રવ્ય પણ તારી પાસે જ આવશે, તેનુ જ ધ્યાન કર! આવો આમાં અમૂલ્ય બોધ સમાયલો છે કોઈ મનુષ્ય થોડુ સુવર્ણ પ્રાપ્ત કરવાને ઘણોક યત્ન કરતો હોય, પણ જ્યારે તેને માલમ પડે કે, પોતાના હાથની વીંટીમા જે મણિ છે તે પારસમણિ છે, જેને અડકવા-ઘસાતા માત્રમા લોહ આદિ હલકી ધાતુ સુવર્ણ થઈ જાય છે, એટલે તેના હાથમા આખી સુવર્ણની ખાણ આવી ગઈ. પછી તેને થોડા સુવર્ણ માટે મહાયત્ન કરવાની શી જરૂર? તેમ જ પરબ્રહ્મ પરમાત્મા જેનાથી હું, તું, તે અને જડ ચૈતન્યાદિ આખુ બ્રહ્માંડ ઉત્પન્ન થયુ છે અને જેના સ્વરૂપમા જ સ્થિતિ કરીને રહેલુ છે, તે પરમાત્માના સ્વરૂપની જ્યારે પ્રાપ્તિ થઈ, અર્થાત્

અધ્યાસ દૂર થયો, એટલે આખા બ્રહ્માંડની સર્વ વસ્તુની પ્રાપ્તિ થઈ જ. એ સ્વરૂપ બીજે શોધવાની શી જરૂર? તે તારા પોતામાં જ છે; તેને તું તારા પોતામાં જ જો અને પરમાત્મા વગર બીજું દ્રવ્ય શું કામનું છે?

'તે પરમાત્મા શું જૂદો છે?' ના; તે તારી પાસે જ છે; અર્થાત્ તે તું છે, તે તારામા જ છે; અને તેને પોતાને જ તારે જાણવાનો છે. તે તું છે, તું તે છે. તું તો શું, પણ આખુ જગત્ તે તે જ છે, અને તે, તે આખુ જગત્ છે. હમણાં જ તને મેં કહ્યુ કે, આખુ જગત્ તે પરમાત્મામાંથી જ ઉત્પન્ન થયું છે. અર્થાત્ પરમાત્મરૂપ જ છે જેમ એક દીપકમાંથી બીજા અનેક દીપક પ્રગટી શકાય છે; અને તેમાનો પ્રકાશ કરનારો તેજરૂપ અગ્નિનો ભાગ એ પણ સઘળાઓમા એક જ છે, તેમ જ જીવાત્મા એ પરમાત્માનું વિકારીરૂપ જ છે. અથવા સુવર્ણ એ મૂળ એક જ વસ્તુ છે ને તેમાંથી વેઢ, વીંટી, બાજુબંધ, મોહનમાળા, કંઠી, વાળી, ઝુમણા, ફૂલ ને શેષ-ફૂલ ઈત્યાદિ અલંકારો બને છે, પણ તેઓને ગાળી નાખ્યા હોય, તોએ સોનું ને ન ગાળ્યું તો પણ તે સોનું જ છે; તો પછી તે પ્રત્યેક અલં-કારોથી સોનું જુદુ કેમ કહેવાય? તેવી જ રીતે પરમાત્મા, કે જેમાંથી તું અને સર્વ વિશ્વ ઉત્પન્ન થયું છે, તે તારાથી અને વિશ્વથી જૂદો નથી જેમ અલંકારો કાળાંતરે ભાગી તૂટી જવાથી પોતાના મૂળસ્વરૂપનો જ આશ્રય કરે છે; અર્થાત્ કડા, કુંડળ, વેઢ, વીંટી વગેરે પાછા પોતાના નામ રૂપને છોડી સોનાને નામે વ્યવહારોપયોગી થાય છે, તેમ તે પરમાત્મા-રૂપી મૂળ સ્વરૂપને પ્રાપ્ત થવું, એ જ તારી (અને સૌની) પણ ગતિ છે, માટે હે વત્સ! તે તારા સ્વરૂપને પ્રાપ્ત કર–તારામા રહેલા તારા સ્વરૂપને તું જો, અને તેનુ જ તું ચિંતન કર–તેને જાણુ–જેથી સર્વ જગત્ તારે હસ્તા-મલકની પેઠે (હાથમા રહેલાં આબળાની પેઠે) સ્વાધીન અને દૃશ્ય થશે. વળી તું કદાચ એમ ધારતો હશે કે, પરમાત્મા જગદ્રૂપે શા માટે થયો હશે; તો સાભળ શાસ્ત્રમાં કહ્યું છે કે रमणार्थमिदं सर्वं ब्रह्मैव स्वेच्छयाऽभवत्॥ જ્યારે પરમાત્માને રમવાની–નાના પ્રકારની ક્રીડા કરવાની ઇચ્છા થઈ ત્યારે તે પોતે જ પોતાની ઈચ્છાથી આ સર્વ જગદ્રૂપે થયો. તે સિદ્ધ કરવાને શ્રુતિમા પણ કહ્યુ છે કે, एकाकी न रमते –स द्वितीयमैच्छत्॥ તે (પરમાત્મા) એકલો રમણ કરતો નથી, તેથી તે બીજાની ઈચ્છા કરે છે. રમવા માટે, હે વત્સ! પોતાને રમણાર્થ પરમાત્માએ આ જગત્ ઉત્પન્ન કર્યું છે; (તેનામાથી જ જગત્ ઉત્પન્ન થયું, કેમકે તેને કંઈ ઉત્પન્ન કરવાનો શ્રમ

પડતો નથી.) તેની ઇચ્છા થતાં તેના જ સ્વરૂપમાં ઉત્પન્ન થઈ જાય છે; માટે તે સ્વરૂપ જોવા સારુ પ્રથમ તું તારા દેહમાંહેના શુદ્ધ સ્વરૂપને જો પરમાત્માનાં સ્વરૂપનો અનુભવ થયા પછી તને સર્વ, સર્વત્ર બ્રહ્મ જ દેખાશે. એ પરમાત્મા શુદ્ધ પ્રેમથી અને એકનિષ્ઠપણાથી જ જોઈ શકાય છે.

વળી હે મર્ત્ય લોકના માનવી! તું એમ વિચારે છે કે, તે કાલિકા-પ્રતાપને મહાત્માએ હાભિક શા આશયથી કહ્યો હશે? એકાગ્ર મનવડે ચિંતન કરવું, તે ધ્યાન કહેવાય છે ધ્યાનાવસ્થામાં જ્યા મન લાગેલું હોય, અથવા જે વ્યાપાર કરતું હોય, તેનું જ તે ધ્યાન ગણાય; પણ બીજાનું (જેનું ધ્યાન કરવાનો પોતે ડોળ ઘાલ્યો હોય તેનું) ધ્યાન ગણાય નહિ, તેથી તેને હભી કહ્યો છે! પરમાત્માનું ધ્યાન કરવા બેસે, પણ આંખો મીંચી એટલે મન તો રૂપવતી સ્ત્રી તરફ અથવા દ્રવ્ય ઉપર દોડે; અને 'તે મને કેમ મળશે, તેને મેળવવા માટે હું શો યત્ન કરુ, તે મને મળે તો હું કેવો સુખી થાઉં' ઇત્યાદિ સંકલ્પ કરે, તો એ ધ્યાન પરમાત્માનું નહિ, પણ વિષયોનું જ છે એ વિષયોમા એકલક્ષ થતા અનેક બીજા નવા વિષય ઉત્પન્ન થાય છે, ને તેનો સંહાર કરવાની શક્તિ ન હોવાથી મનુષ્યનુ આખરે પતન થાય છે. એ દૃઢ નિયમ છે કે, જ્યાં મનની એકાગ્રતા છે ત્યા જ તે વસ્તુની પ્રાપ્તિ છે. માટે મનુષ્યે પ્રથમ પોતાના મનને જ ઓળખવું અને વશ કરવું, જેથી સઘળું કાર્ય સિદ્ધ થાય છે. ભક્તિ જ્ઞાન, ચિંતન, હું તુંપણાનું અભિમાન અને સારાસાર વિચાર, એ સહુ કેવળ મનુષ્યના મનની શુદ્ધાશુદ્ધ સ્થિતિ ઉપર અવલંબીને રહે છે જ્યાં મન છે ત્યાં તેઓ સઘળાં રહેલા છે; જે રીતનું સંકલ્પાત્મક મન હોય છે, તે રીતના સંકલ્પો મનને વિશે સ્ફુરે છે. મન પવિત્ર હોય છે તો પવિત્ર વિચાર આવે છે અને પવિત્ર વિચાર થતા પવિત્ર માર્ગે જ સંચરે છે. મન પૂર્ણ પવિત્ર થતા પૂર્ણજ્ઞાન થાય છે ને તેમાથી તરી જવાય છે શરીરમાની કર્મ તથા જ્ઞાન કરાવનારી દશ ઇન્દ્રિયો મનને જ આધીન છે. સર્વનો રાજા મન છે, અને મન કહે છે તેટલુ જ તેઓ કરે છે આનું પ્રત્યક્ષ પ્રમાણ જોવુ હોય તો સાભળ· સંક્ષિપ્ત ઉદાહરણથી જ તને સમજાવું. કોઈ મનુષ્યે અમુક સ્ત્રી વા પુરુષનો વધ કર્યો છે, માટે રાજા તેને દેહાંત-દંડની શિક્ષા કરવાનો છે. તેની મરવાની ઘડી નજદીક આવી પહોંચી છે, તે સમયે ભાતભાતના સુંદર ભોજન તૈયાર કરી, તેને જમવા માટે આગ્રહ

કરવામાં આવે, તો શું તે અપથ્થથી મનુષ્યને તે મીઠાં લાગશે? કોઈ નવયૌવના સૌંદર્યવતી સુંદરી પોતાના હાવભાવથી શું તેને મોહ પમાડી *શકશે? નાના પ્રકારના ઉત્તમોત્તમ સૌગંધિક પદાર્થો સુંઘાડવાથી તેને આનંદ પ્રાપ્ત થશે? કોમળ સ્વરવાળા ગાયનથી તેની મોટી ચિંતા ભૂલાવી શકાશે? નહિ જ. એ સમયે તે બીજા કશાનું ચિંતન કરી શકશે નહિ, તેમ જ તે સમયે, 'આપ મોટા પુરુષ છો, આપ બુદ્ધિમાન્ છો, ગુણવંત છો, આપે ફલાણા ફલાણા મોટા કાર્ય કર્યાં છે,' ઇત્યાદિ વચનોથી તેની સ્તુતિ કરી હોય, તોપણ તેને તે વાતે મોટાઈ વા અભિમાન આવશે? નહિ જ. ગળે તલવાર ને મ્હોમાં સાકર, એ કેમ મીઠી લાગે? પચામૃત જમતી વખતે તેની નાસિકા, ચક્ષુ, શ્રોત્ર ઇત્યાદિ પાચે જ્ઞાનેન્દ્રિયોમાથી સુઘવાના, જોવાના, સાભળવાના વગેરે ગુણો જતા રહેતા નથી, પણ તે વખતે તે ઇન્દ્રિયોનુ અધિષ્ઠાતા જે મન, તે તે ઇન્દ્રિયો ઉપર ધ્યાન આપતુ નથી, પણ માત્ર મરણની ચિન્તામાં એકલક્ષી બની રહે છે, તેથી તેને એ વસ્તુસ્તુતિ રુચતા નથી 'મારે હમણા મરવું છે, પ્રાણ જશે, હાય! હમણા મારો શિરચ્છેદ થશે,' એના ચિંતવનથી–ચિંતાથી જ તેને તેમાનુ કશુ સારુ લાગતું નથી અને તે કોઈ પણ જાતના પદાર્થપર લક્ષ દેઇ શકતો નથી જે વિષયપર મન હોય છે, તે વિષયને જ ઇન્દ્રિયો પણ ગ્રહણ કરી શકે છે, જે વિષય ઉપર મન ન હોય, ત્યાં ઇંદ્રિયો સ્વતંત્ર રીતે કાર્ય કરી શકતી નથી જાણ કે, જે સ્થળે મન દૃઢ હોય છે, તે જ ધ્યાન સિદ્ધ થાય છે ને દૃઢધ્યાની હોય, તો પછી તે ઈશ્વરના પૂજનાનંદમા કે આત્મા પરમાત્માના શોધનમા–પોતાની સર્વે ઇંદ્રિયને જવા દેવાથી જ તે પૂર્ણપણાને પામે છે કાલિકાપ્રતાપનુ ધ્યાન દેવીમાં નહોતુ, પણ દ્રવ્યમા હતુ, પગ દ્રવ્ય નીચે હતું, તેનુ તેને જ્ઞાન ન હતું ધ્યાન એકનું અને દર્શન બીજાનુ, તેથી તેને દાભિક કહ્યો હતો

અજ્ઞાની અને અશ્રદ્ધાવાન્, તેમ જ પ્રપચમા રહી, પ્રપચના ઉદ્દીપન માટે કરવા–ધરવાની ધ્યાન પૂજા, દેવ કે દેવી કોઇપણ સ્વીકારતુ નથી પછી તે દેવદેવી સાત્વિક હો, કિંવા રાજસ હો, વા તામસ હો, પણ તે ડોળઘાલુની સેવાપૂજા ગ્રહણ કરતા નથી, તો ફળ તે શાનુ જ આપે! પ્રપંચમા રચ્યોપચ્યો રહેલો જીવડો પ્રપચમા વિજય પ્રાપ્ત કરવા માટે દેવના દ્વારેદ્વાર પોતાના પ્રપંચના પોટલા આપવા ફરે છે. તે શું દેવદેવીઓ એવા પાપના પ્રપચના પોટલા ગ્રહણ કરનારા છે? નહિ જ!

કપટી મનુષ્ય પોતાના પાપના પોટલા દેવને અર્પણ કરવા દેવમંદિરમા ધાય છે, દાન ધર્મ કરે છે, યજ્ઞયાગાદિ કરે છે, પણ પ્રપંચથી અપાયલુ દેવતાઓ કઈ પણ ગ્રહણ કરતા નથી આ જગતના અલ્પ પ્રાણીઓ મારા દેવને 'આ વાગા ને આ વસ્ત્ર, આ પ્રસાદી ને આ નૈવેદ્ય,' એવા એવા કાલા મનોરથો કરે છે, તેથી તેના દેવ કે ઠાકોર છેતરાતા નથી, પાપનુ પુતળુ પ્રભાતમાં કાલો ઘેલો થઇને કરગરી ઇષ્ટ આરાધ્યની કૃપા વાચ્છે છે અને મધ્યાહ્ને પ્રપચમા જઇ ત્યા જેવો ને તેવો જ રહે છે, અને રાત્રીના દેવ પાસે પાપની ક્ષમા માગે છે તેનું શું પરમાત્મા કલ્યાણ કરશે? ના. પૂર્ણ શ્રદ્ધાવાળી વિશુદ્ધ મનની ભક્તિ અને આત્મજ્ઞાન જ કલ્યાણનો શ્રેષ્ઠ માર્ગ છે કલ્યાણ–મોક્ષની ઇચ્છા રાખનારા જીવે. આત્મબળ વિચારી, નિષ્કામ ભક્તિમાન્ થઈ, પવિત્ર મનથી દૃઢ શ્રદ્ધા જ રાખી સ્વસ્વરૂપને જોવુ, વ્યવહારમા રહે સતે સદા ત્યાથી દૂર થવાના પ્રયત્નશીળ રહેવુ, ઘરમા કે મદિરમા, એકાતમા કે સમાજમા પણ પરમાત્માને દૃષ્ટિ સમીપથી ક્ષણભર દૂર થવા ન દેવા, તેમાને તેમા જ લેહ લગાડેલી રાખવી, અને પોતાના આત્મા સાથે પોતે જ વિચાર કરવો કે હુ કોણ, કયાથી આવ્યો, કયા જવું છે, એનુ ક્ષણે ક્ષણે સ્મરણ, મનન ને નિદિધ્યાસન કરી, પ્રપચસાગરમાથી પાર ઉતરવાનો પ્રયત્ન કરવો જોઇએ પવિત્ર જીવે સકલ્પ વિકલ્પ વગર મન દૃઢ કરવુ ને પરમાત્મામા જ લગની લગાડી રહેવુ કે હુ પરમાત્માનો છુ, અથવા પરમાત્મા મારા છે, અથવા હું ને પરમાત્મા એક જ છીએ, તે તે હું ને હુ તે તે! એ જ કલ્યાણનો માર્ગ છે. પણ જે સંશયાત્મા છે અર્થાત્ આ સત્ય કે તે સત્ય, એવા સકલ્પ વિકલ્પવાળો પુરુષ, આત્મશ્રેય કરી શકતો નથી.

અલ્યા યજ્ઞભૂ! તુ પ્રથમ સર્વ છોડી દઇને, તારા મનનો ગુરુ થઈ બેસ સ્વાધીન અને સ્થિર થયેલુ મન પરમાત્માના સ્વરૂપમા લાગ્યુ કે, તત્કાળ વને તેની પ્રાપ્તિ થશે જ, અને જાણ કે, પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થઈ, એટલે જગતમાની સર્વ વસ્તુની પ્રાપ્તિ થઈ ચૂકી જિજ્ઞાસુ જીવે સ્વરૂપાનુસધાન થવા માટે, વિશુદ્ધ ઉપાસના ને પરમ તત્ત્વજ્ઞાન ઉપર જ લક્ષ દેવું, પણ બીજી ભ્રમણામા પડી, ફાંફા મારવાની જરૂર નથી. શ્રીહરિમા એકરૂપ થવાયુ કે જીવશિવની એકતા થઈ જ સમજવી એ એકતા જ મોક્ષનુ ધામ છે. પડિતાઇ, કર્મ શાસ્ત્રમા કુશળતા, એ મોક્ષનું સાધન નથી, પણ ભોગનુ છે. કોઈ પણ મનુષ્ય મન વશ કર્યા વગર એક-

રૂપ થઈ શકતો નથી. મન કેટલું પ્રબળ છે અને તેના ગુણ કેવા છે, તે યથાર્થતઃ જાણ્યા પછી તેને સ્વાધીનમા રાખ્યા વગર, કોટી વર્ષ પર્યંત પરમાત્માને જાણવા માટે પ્રયત્ન કરે, તોપણ તેનો તે સર્વે પ્રયત્ન મિથ્યા જ જાય છે ને જશે મનને સ્વાધીન કરનારા પુરુષો માત્ર અમુક દિવસોમા અથવા અમુક ઘટિકામા જ પરમ પુરુષના દર્શન કરીને પરમાત્માને પામ્યા છે, પામે છે ને પામશે માટે જ મારી આજ્ઞા છે કે, સૌથી પ્રથમ મનોનિગ્રહ કરવો. મનોનિગ્રહ સિદ્ધ થવાથી પરીક્ષિત રાજા માત્ર સાત દિવસમા અને ખટ્વાગ રાજા માત્ર બે ઘટિકામા પરમાત્માના પદને પહોંચી ગયા હતા શ્રીહરિ કહે, પરબ્રહ્મ કહે, પૂર્ણ પુરુષોત્તમ કહે, પરમાત્મા કહે, નારાયણ કહે, ઘનશ્યામપ્રભુ કહે, કૃષ્ણ કહે, કે રામ કહે, એ સર્વ એકનું જ નામાભિધાન છે તે તારાથી જૂદો નથી, તેને જાણવા ઇચ્છનાર મનોનિગ્રહવાન્ દઢ જિજ્ઞાસુ પુરુષ પર પરમાત્મા કૃપા કરીને તેને આપોઆપ પોતાના સ્વરૂપનું જ્ઞાન આપે છે–સાક્ષાત્ દર્શન દે છે સર્વ વાતનો સાર તને કહું છુ તે આ છે; "તે તારી પાસે જ છે; તારૂ પોતાનું જ તારે પ્રાપ્ત કરવાનું છે, ને તને પોતાને જ તારે જાણવાનો છે; માટે તે તું છે. તું તારો ગુરુ થઈ બેસ. શ્રીહરિ તારી સમક્ષ છે; તારા પોતાના હૃદયમાં જ છે."

હે વિશાલ ! એટલુ કહી તે મહાનુભાવ, અપ્રતિમ તેજવાળા અને મેં કદી ન જોયેલા એવા પરમ અદ્ભુત સ્વરૂપવાળા યોગીશ્વર પ્રભુ વિરામ પામ્યા તેનુ શરીર સમાધિ માટે આતુર થઇ રહેલુ જોયુ એટલે હું ઉઠી, તેને સાષ્ટાંગ પ્રણામ કરી, મારા સ્થાન પ્રત્યે ગયો

તૃતીય બિન્દુ

ભવાટવી

आदौ नित्यानित्यवस्तुविवेक परिगण्यते ।
इहामुत्रफलभोगविरागस्तदनन्तरम् ॥
शमादिषट्कसम्पत्तिर्मुमुक्षुत्वमिति स्फुटम् ॥ शकर

અર્થ–પ્રથમ નિત્યાનિત્ય વસ્તુવિવેક પછી આલોક પરલોક સબધી ફળ ભોગવવામા વૈરાગ્ય, તે પછી શમાદિ ષટ્સપત્તિ, અને તે પછી મોક્ષની ઇચ્છા, એ ચાર બ્રહ્મવિદ્યાના પ્રસિદ્ધ સાધનો ગણવામા આવે છે

મહારાજા યજ્ઞભૂએ પોતાના પ્રધાન વિશાળકેતુને તે પછી પોતાના ત્રીજા દિવસની વીતક વાર્તા આ પ્રમાણે કહી

હે વત્સ વિશાલ ! તે મહાપ્રતાપી મહાત્મા કોણ હતા, તે હું કઇ પણ જાણતો નથી, પણ જેણે મને મુક્તિદાયી ઉપદેશ આપ્યો છે, તેણે પ્રથમ મને સત્સગપ્રતાપ દર્શાવી, નિત્ય, અજર, અમર પ્રભુનુ પૂજન કેમ કરવુ તે કહી, જ્ઞાનીએ કીયુ કાર્ય કરવુ ને કોને જોવો–જાણવો–વિચારવો–આરાધવો તે જણાવી, પોતે વિરામ્યા હતા ત્રીજે દિવસે પ્રભાતમા ઉદયાચળના શિખરોને શોભાવતો, તેના લલાટમા મહાતેજસ્વી હીરો હોય તે પેરે ચળકતો ને શોભતો સૂર્યનારાયણ દેવ ઉદય પામ્યો, તે પહેલા તો હુ, સ્નાનાદિ ક્રિયા કર્મ આટોપી લઇને, તે મહાત્મા સમીપ ગયો માર્ગમા બકુલપુષ્પો જ્યા ત્યા પડેલા હતા, જેના પરાગનો સુગધ મદ મદ પવન ચોમેર ફેલાવતો હતો આ પુષ્પો વીણી લઇને ફરતા ફરતા એક સુદર માળા મેં ગુથી લીધી અમર, કિન્નર, વિદ્યાધર, ગાધર્વ, દૈત્ય ને દાનવ જે સ્થળે વારવાર વિલાસવૈભવ ભોગવે છે, જે પર્વત મદરાચળથી પરાક્રમમા શ્રેષ્ઠ હોવાથી, જાણે પોતાના કીર્તિ

રૂપી કિરણો ચોતરફ ફેલાવી શ્વેત સ્વરૂપે શોભી રહ્યો છે; તેની શોભા નિરખતો નિરખતો હું આગળ વધ્યો ચાલતાં ચાલતાં મને વિચાર આવ્યો કે, એ મહાત્મા તે કોણ હશે? શું અનેક દેવ ઉપદેવે સેવિત શિવજી તો નહિ હોય? પણ તેઓ આ ગિરિપર ગિરિજારહિત કેમ? તેના જટાજૂટમા જાહ્નવી ક્યા છે? એવો વિચાર કરતો કરતો હું તે મહાત્માની સમીપ ગયો મહાત્મા પણ જાણે મારી જ રાહ જોઈને બેઠા હોય, તેવી રીતે પ્રેમદૃષ્ટિથી મને નિહાળીને તેણે મને આશીર્વાદ આપ્યો, અને સમીપના વૃક્ષ આગળ બેસવાની સાન કરી. હું ત્યા બેઠો મહાત્મા કોઈ મન્ત્રનું રહસ્ય જપી રહ્યા પછી બોલ્યા, "વત્સ! યજ્ઞભૂ આમ આવ" હું સાનિધ્યમા ગયો, પ્રણામ કરી તેમના જટામડળપરથી કઠમા પુષ્પની માળા પહેરાવીને પુન. પ્રણામ કીધા. પછી તે મહાત્માએ આ પ્રમાણે બોલવાનો આરભ કર્યો

"હે મર્ત્યલોકના માનવી! મને સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે કે, મેં તને જે બે દિવસમા કહ્યુ છે, તે તારા મનમા વજ્રલેપ પેરે દૃઢ ઠરી રહ્યુ છે, અને તું સર્વ રીતે એ જ્ઞાનનો અધિકારી ઠરી ચૂકયો છે પ્રારબ્ધયોગે ઘણીવાર એમ પણ બને છે કે, મનના મનોરથો મનમા જ રહી જાય છે ને મનુષ્યનુ હૃદય વ્યાકુળ થઈ મોક્ષમાર્ગમાથી ચૂકી જાય છે, અને અનેક વિઘ્નસકટ વેઠતો, સસારમા રગડાઈ, મૂર્ખાઈનો પસ્તાવો કરતો, ચોર્યાસીના ફેરામા અટવાયા જ કરે છે પરંતુ જે સત્કર્મો કરેલા હોય છે, સત્પાત્રને દાન દીધેલા હોય છે, ને સત્સમાગમ કીધો હોય છે, તે સર્વ કદી પણ વ્યર્થ જતા નથી આ જન્મનું કર્તવ્ય તદ્દન નિરાળુ છે કંઈ વૈભવવિલાસમા નિમગ્ન થઇને વિરામવું, એ જ આ જન્મનુ કર્તવ્ય નથી સંસારમાનુ યોગ્ય કર્તવ્ય હોય તેટલુ કરી લેવુ ખરુ, પરંતુ ઇચ્છા એ જ રાખવી કે, ભગવચ્ચરણ ક્યારે પ્રાપ્ત થાય જગતના જીવોને વિકરાળ વ્યાલ પેરે કાળ મુખ વિકાસી ગ્રાસવા માટે તત્પર થઇ બેઠો છે તે આવીને ક્યારે અકસ્માત્ કંઠમાથી પકડશે, તે કોઈ જાણતું નથી. દેવો પણ કાળને આધીન છે, તો હે માનવી! માનવી કોણ વિસાતમા છે?

આટલા જ માટે મારી આજ્ઞા એવી છે કે મનુષ્યે દયા, સત્ય, અસ્તેય, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, દાન, શમ, દમ, ક્ષમાદિ ધારણ કરવાં જોઇએ. એ દૈવીસપત્તિ છે; સર્વોત્તમ છે, એના જેવી બીજી કોઈ પણ સપત્તિ નથી. એ સમ્પત્તિ પ્રાપ્ત કરવા સૌથી પ્રથમ કર્તવ્ય તો એ જ છે કે, આ દેહા-

દિકમાંથી અને તેના સંબંધી પદાર્થો ઉપરથી માયા મમતાનો ત્યાગ કરવો. આ અસાર સસારમા ઘરબાર, પુત્ર કલત્ર, ધનાદિક ઉપર જે મોહ રહે છે, તે ભગવત્સ્મરણમાં ને ભગવત્પ્રાપ્તિમા મોટા અનર્થનું બીજ છે. મૂર્ખ મનુષ્ય આ પંચતત્ત્વનાં પુતળાને સત્ય માને છે, અને સસારના સર્વ પદાર્થ પ્રાણીને પોતાના માની, ને મારુ તારુ કરીને, પોતાનું યોગ્ય-પ્રમુખકર્મ કરવાથી વિમુખ રહે છે મનુષ્ય જેને 'હું' એવી સજ્ઞાથી ઓળખાવે છે, તેવો કોઈ પણ પદાર્થ-વસ્તુ છે જ નહિ માત્ર વ્યવહાર દૃષ્ટિએ 'હું' 'તુ' એમ કહેવામા આવે છે, વસ્તુત તેવુ કઈ જ નથી જ્ઞાની મનુષ્ય, દેહના ભોગ દેહને ભોગવવા દે છે, પણ તેના ભોગમા પોતે લીન થતો નથી! તેમ તેના સુખ દુ ખ, આનદ ઉદાસીનતા, કશામા પણ પોતાને બધાવા દેતો નથી, કેમકે આ સર્વ ભોગોનો દેહ સાથે સબધ છે, પણ આત્મા સાથે સબધ નથી જ્યારે આત્માને કોઈ પ્રકારનો સબધ નથી, ત્યારે લોકવ્યવહારદૃષ્ટિએ જે સુખદુ.ખ મનાય છે, તે સત્ય કેમ હોય? દેહ પોતે જ અસત્ય છે, તો તેના સબધની પણ સર્વ વસ્તુ અસત્ય હોય, તેમા આશ્ચર્ય શુ? અને અસત્યના સગથી પ્રાપ્ત થયેલા સુખદુ ખાદિ સત્ય કેમ ને ક્યારે હોય? દેહ અસત્ય છે-તે નાશવત છે તેની દૃષ્ટિમા આવતા પ્રાણી પદાર્થ પણ અસત્ય છે-સર્વ નાશવત છે દેહને જેનો જેનો સગ થાય છે તે સર્વ અસત્ય છે અસત્યને અસત્યનો સગ થવાથી જે મોહ મમતા થાય છે, તે પણ અસત્ય અસત્ય જ છે કયો જ્ઞાતા અસત્યમા પ્રેમમોહિત થઈ લપટાઈ, સ્વકર્તવ્યનો ત્યાગ કરી, મૂર્ખ બનવા ઇચ્છા કરે છે? સત્ય ક્રિયારહિત છે વિકારના હેતુરહિત છે, પુણ્ય પાપરહિત છે, મોક્ષ કે બધ રહિત છે, વર્ણાશ્રમના ધર્મરહિત છે-તે સદાકાળ સત્ય જ છે, અને અસત્ય ત્રણે કાળમા અસત્ય જ છે અસત્ય એવા દેહે, સગા, કુટુબ, ભાઈભાડુ વગેરે સાચા માનેલા છે, પણ તે સાચા હોઈ શકે જ નહિ

મનુષ્ય પોતે આધિ, વ્યાધિ ને ઉપાધિમા રગદોળાઈ ગયા છતા સત્ય શોધવા મથતો નથી પણ મિથ્યા પદાર્થપર મોહમાયા રાખી તેમા ને તેમા લુબ્ધ રહેવામા મોજ માને છે, તેથી સત્ય વસ્તુ કઈ છે, તે વિચારથી કે અનુભવથી જાણી શકતો નથી. જગત્ કોઈ પણ દિવસ સત્ય નથી, પણ તે સત્યનો માર્ગ દાખવનારુ છે ખરુ એમા પણ તેનો વ્યવહાર-કર્મવ્યવહાર એ તો મિથ્યા જ છે, માત્ર તત્ત્વજ્ઞાનવ્યવહાર-પરમાત્માને જાણવાનો

વ્યવહાર જ સત્ય છે. કર્મવ્યવહાર એ લોકવ્યવહાર સાથે નિકટનો સંબંધ ધરાવે છે, પણ એ ઉભય મિથ્યા છતાં, મનુષ્ય એમ માને છે કે, આ જગતમા જે જે કંઇ વ્યવહાર છે તે સત્ય છે, અને તેથી આ પંચમહાભૂતમય, નાશવત, આશા વગરના, ભયંકર ત્રાસના પાશરૂપ દેહને પોતાનો માની બેસી, અને વ્યવહારના છળપ્રપચમાં ભળી જઇને, બ્રહ્મપરાયણ વર્તવાને બદલે છળપ્રપચપરાયણ થઈ વર્તે છે મનુષ્યને મોહને લીધે આ વ્યવહાર સત્ય જણાય છે પણ મનુષ્ય જ્યાસૂધી નિરભિમાની થતો નથી ને પરબ્રહ્મના સત્ય સ્વરૂપને ઓળખતો નથી, ત્યા સૂધી તેની સ્થિતિ સુખદ–સુખકર થતી નથી માયાના મોહપાશથી બધાયલો મનુષ્ય, પોતે સત્ય કર્તવ્ય ભૂલી જઈ, મિથ્યા પ્રયત્ન કરીને મુક્ત થવા માગે છે, તે ઇચ્છા કેમ પૂર્ણ થઈ શકે? આ લોકનો પ્રપચકુશળ અલ્પ જીવડો, અસત્યને સત્ય માની એ અસત્યમા પડી રહી, વારવાર ઠોકર ખાય છે, અથડાય છે, પડે છે, રવડે છે અને નિરાશ થાય છે, તદપિ પુન પુન આધિ, વ્યાધિ અને ઉપાધિની પીડામા લપટાયલો જ રહેવામા પોતાનુ કર્તવ્ય પૂર્ણ થયેલુ ને સુખદાયી માને છે એનાથી વધારે શોચનીય શુ હોઈ શકે? પરતુ હે વત્સ! જ્યા સૂધી જીવાત્મા મોહનિદ્રામાથી જાગ્રત્ થઇને અભિમાનમાથી મુક્ત થતો નથી, ત્યા સૂધી તે સર્વ કર્ત્તા, સર્વજ્ઞાતા, સર્વભોક્તા, સર્વેશ્વર-એકેશ્વર પરબ્રહ્મને પિછાની શકતો નથી, રે જાણવાની ઇચ્છા પણ કરી શકતો નથી, તો પછી જોઈ તે ક્યાથી જ શકે? અજ્ઞાનમાં મચેલો પ્રાણી અસત્યને સત્ય માને છે, અને પચતત્ત્વના બનેલા સર્વ દૃશ્ય પદાર્થને ભૂલથી સત્ય માની, મોહ પામી તેમા જ લપાયલો રહેવામા મૌજ–આનદ–સુખ માને છે પણ સર્વ દૃશ્ય પદાર્થ ખોટા છે, સસાર પણ ખોટો છે ને માયા મમતા પણ ખોટી છે હુ અસત્યરૂપે છુ, તુએ અસત્યરૂપે છે, આ ગગાનદી, આ પર્વતશ્રેણિ, આ પશુ પખી, વૃક્ષલતા સર્વે અસત્ય છે માત્ર પરબ્રહ્મ જ સત્ય છે તે એક છે, વિશુદ્ધ છે, નિત્ય છે, અવિનાશી છે, અજર છે, અજન્મા છે અને મનુષ્ય જ્યા સૂધી તેના સ્વરૂપને ઓળખતો નથી, ત્યા સૂધી સસારાટવીમા ભટક્યા કરે છે ને ભટક્યા કરશે જ જીવને માયાનુ આવરણ થવાથી નિત્ય વસ્તુને બદલે અનિત્ય વસ્તુમા હું, મારુ અને તારુ એ મિથ્યા ભાસ થાય છે

આ સસારરૂપી ભવાટવીમા રઝળતા પ્રાણીઓ સદા એમ જ માની

બેસે છે કે, જે દૃશ્ય પદાર્થો છે, તે અવિનાશી ને સુખદાયી છે. આ ભાસ-મન અને નેત્રપર પડેલો અજ્ઞાનરૂપ પડદો જ્યા સૂધી ફાટતો નથી, ત્યાસૂધી કદી પણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, પણ જીવાત્મા આવર્જન વિસર્જનમા અટવાયા જ કરે છે કનક–લક્ષ્મી–અને કામિની–સ્ત્રી એ બેમા અલ્પ જીવ બધાયો રહે છે, રે! તેમા તેને આનદ પ્રાપ્ત થાય છે. પણ એ બે શક્તિઓ મનોવૃત્તિને મોહ પમાડે છે, ગુણોનુ ખડન કરે છે, નિરતર ચપલ છે, તે નાસું નાસુ–જાઉં જાઉં એમ વલોપાત કરનારી ને સદા સતાપતી રહે છે, છતા તેના બાહ્ય સૌંદર્યથી ભૂલાવામા પડેલો જીવ, જે મહા દુ ખમા ઉતારે છે, તેવી લક્ષ્મીના પાશમા બધાયલો રહે છે કામિની મનોવૃત્તિને ચલાયમાન કરવામા દૃઢ શસ્ત્રધારિણી છે મનુષ્ય ત્યા જ સૂધી શીતલ મૃદુ સ્પર્શવાળો રહે છે કે, જ્યા સૂધી તેને કનક અને કામિનીનો સગ થયો નથી જેમ મહાવાતથી પડેલા હિમમા જેવી કઠિનતા પ્રાપ્ત થાય છે તેવી કઠિનતા લક્ષ્મીના સગથી ને સ્ત્રીના કોમળ કરથી પ્રાપ્ત થાય છે કે મનુષ્યનુ મનુષ્યત્વ નાશ પામી જાય છે એ ઉભયનો દૃઢ મનથી પ્રથમ ત્યાગ કરવાનો છે તેના સાધન જીવ પાસે જ છે હવે જે જીવ પોતાની પાસે મુક્ત થવાની સર્વ સામગ્રી છતા તેનો સદુપયોગ કરતો નથી અને અતકાલે પોતાના ભાગ્યને દોષ દે છે, તે જાણતો નથી કે તેના પતનનુ પોતે જ મૂળ છે જીવો મુક્તિ માટે કંઈ ને કંઈ કરે છે ખરા, પણ તેના સર્વ પ્રયત્નો નિષ્કામ હોતા નથી, પણ વ્યવહારમય હોય છે, અને તેથી જ તે રઝળે છે, રખડે છે, પરિતાપ પામે છે, નિરાશ થાય છે ને અતે ચોર્યાસીની રેટમાળમા પડે છે ભોગ અર્થે કરેલા પ્રયત્નોથી મુક્તિનો લાભ હોય જ નહિ આથી સસારાર્ણવ તરવા માટે અસત્યની ઇચ્છા નહિ કરતા, ભગવત્સ્વરૂપની ઇચ્છા કરવી, તે જ ઇચ્છા સર્વ મનોરથને સફળ કરનારી છે

યજ્ઞભૂ! વાસ્તવિક વિચાર કરતા આ ભવમા કંઈ સત્ય છે જ નહિ જે જીવ જ્ઞાનધર્મવડે નિત્ય તત્ત્વ વસ્તુનુ અવલોકન કરીને બાહ્ય ચિત્તવૃત્તિને રોધીને પ્રવૃત્તિને ત્યાગે છે, પરમાત્મા સાથે આત્માને ઐક્ય કરાવે છે, તે જ જીવ સત્ય નિત્ય તત્ત્વરૂપ પદાર્થને પામે છે આ સસાર અનિત્ય, પરપ્રકાશિત અને નાશવત છે. તેમા દુ ખ દુ.ખ ને દુ ખ, શૂન્ય, શૂન્ય ને શૂન્ય, નાશ, નાશ ને નાશ, જન્મવુ, મરવુ ને જન્મવુ, એવી રીતની સર્વ પ્રકારની કળા થયા કરે છે. અસત્ય સસારમા ગુચવાયેલો

મનુષ્ય તેમાંથી અનેક જન્મે પણ નીકળવા પામતો નથી. જીવાત્મા, સસા-રમાના જે જે પદાર્થનુ અવલોકન કરે છે, તે તે પદાર્થ વસ્તુત. કંઈ નથી, કેમકે સ્થાવર અને જંગમ સર્વે પૃથિવીની ઉત્પત્તિ છે તથા તે પૃથિવીના નાશની સાથે નાશ પામે છે. એવા વિનાશી જગતના સર્વ પદાર્થમા મોહબુદ્ધિ કરવી, એ જ દુ.ખનુ કારણ છે જીવ જે જે વિષયોને, જેમ જેમ અધિક અધિક ભોગવે છે, તેમ તેમ અધિક અધિક તેમા તલ્લીન થતો જાય છે પણ તેને ભાન નથી કે, એ વિષયોનો એક કાળે નાશ છે, અથવા મારો નાશ છે—બેમાથી એક તો નિશ્ચય તો છે જ કે, તેઓ એક બીજાનો ત્યાગ કરશે જ આ વિષયો ચિરકાળ રહેનારા નથી, અને વિષયમા વળુધેલા જીવને કપાળે ભોગવવાના વિષયો જ રહેશે ! એ વિષયો પણ અવશ્ય જનારા છે, ત્યારે આનદથી અને સ્વેચ્છાથી તેનો ત્યાગ કરવામા ભય શો છે ? આમે જશે ને તેમે જશે જ, ત્યારે માણસે પોતે તત્પર થઇને શા માટે તેને ત્યજવા નહિ ? હાનિ શી છે ? જો વિષયો આપોઆપ તેનો ત્યાગ કરશે તો તેથી મનને અતુલ પરિતાપ થશે, સ્વેચ્છાથી તેને ત્યજીશુ તો તે અનન્ત સુખ આપશે પણ આલોકનો જીવ તેનો વિચાર જ કરતો નથી તે તો આ અસત્ય વિષયોને પકડી જકડી—એ તો મારા ત્રણ લોકના સાથી છે એમ વહાલ કરી, પોતા પાસે રાખે છે આ ભવાટ-વીમા ભટકતા પ્રાણીઓ, પ્રવૃત્તિમા ભમાવાયલા હોવાથી કેવા દુ.ખને પામે છે, તેનુ સ્વરૂપ તુ જો

આ અસાર સસારમા 'મારા મારા'નો પોકાર કરનારાઓની સાથે પ્યાર ધરીને, જીવ પોતાના કર્મના ફળો ભોગવવા માટે, પોતાના નિત્ય મુક્ત એવા પરમ સ્થાનમાથી પ્રથમ બહાર પડે છે આ જગપ્રવાસ માટે નિકળતી વખતે તો તે મનમા મોટી મોટી આશા બાધે છે, પણ સસારરૂપ દુ.ખમય અરણ્યમા પ્રવેશ કરતા મોહાધ બની જવાથી તે ઘણા દારુણ સંકટો ભોગવે છે જગપ્રવાસમા જીવનો વળાવો બુદ્ધિ છે. પણ તે પોતાનુ કર્તવ્ય યથાર્થ નહિ જાણવાથી ષડિન્દ્રિયરૂપી ચોરો તેને માર્ગમા લૂટી લે છે, છતા તેમા જ આનન્દ માને છે. પ્રવાસીરૂપ જીવાત્મા, જે ધન, ધર્મમા ખરચવાને માટે લાવ્યો હતો, તે ધન ભવાટવીમા પ્રવેશ કરતા વેંત જ, પોતાના વિષયોપભોગમા ખરચી નાખે છે હીનબુદ્ધિના યોગથી ભવાટવીમા પ્રવેશ કરતા જ આ પ્રથમ જ મોટી ભૂલ કરી. પછી જેમ જેમ તે અટવીમા જીવ વધારે વધારે આગળ જવા લાગે છે, તેમ

તેમ તેની સામા વાઘ, વરુ, શિયાળવાં વગેરે દોડી આવે છે અને તે ગાફલ જીવને આમ તેમ ખેંચી જવા માંડે છે આવા કષ્ટમાં પણ તે સુખ માને છે આ વાઘ વરુ તે સ્ત્રીપુત્રાદિક છે. (છતા તેમા તલ્લીન થઈને સુખે રહે છે) વાઘ વરુ તેને કેવી પીડા કરનારા છે, તેનું તેને જરા પણ ભાન હોતું નથી આ વાઘ વરુના સગમા વસીને તે બીજી વધારે લીલા નિહાળવાને, કંઈ પણ સંકોચ વગર આગળ વધે છે. ત્યા તેને તૃષ્ણા અને કર્મ વગેરે ઝાડઝાખરા ને ઘાસના ઢગલાઓ ઘણો દુ:ખી કરે છે, વળી વગડામા જથાબધ ઉડતા મચ્છરો તેને કરડીને દુઃખી કરે છે, તોપણ આ અજ્ઞાની જીવડો જરા પણ સમજતો નથી ભવાટવીમા રગદોળાયા પછી આ દેહ જે અસત્ય છે, તેને તે સત્ય માને છે, અને જગદ્રૂપી અરણ્યને કુજમડપ ગણે છે, અને તેમા જ ઉત્કઠાપૂર્વક વિલાસ કરે છે અગાડી વધતા, ઘડીમા દૃશ્ય ને ઘડીમા અદૃશ્ય જણાતા ગંધર્વ-પુરમા તે પ્રવેશ કરે છે ત્યા ભૂતાવળપેરે આવર્જન વિસર્જન થતા ધનને-સુવર્ણને સત્ય માનીને ગ્રહણ કરવા દોડે છે જ્યારે તે હાથમા આવ્યુ જણાય છે, ત્યારે આ જીવરામભાઈ આહ્લાદ પામી, બડી ધામ-ધૂમ કરે છે, પણ જ્યારે તે જાય છે ત્યારે માથે ને મોઢે ધૂળ ઘાલે છે આ રીતે તે પોતાના સાથી સાથે બહુ બહુ ભટકે છે, પણ કેટલાક કાળ સૂધી તો તેને વિશ્રામસ્થળ જ મળતુ નથી આવા સકટમા પણ એ જીવરામ ઉત્તમ સથવારો શોધતો નથી, તેથી ભવરૂપી અટવીમા અટવાયા જ કરે છે તે ગંધર્વનગર અથવા માયાપુરમા ક્યાનો કયા અટ-વાયા જ કરે છે, તેનુ પણ તેને જ્ઞાન નથી, પણ તે મિથ્યા વસ્તુને સત્ય માની તેની પ્રાપ્તિ માટે, અજ્ઞાનથી આમતેમ ભટક્યા કરે છે આ વગડામા રહી ખાવુ, પીવું ને વિષયવિલાસમા મસ્તાન રહીને ઝાઝવાના નીર (જેવા કામાદિક વિષય) ને પકડવામા તે પોતાના જન્મની સાર્થકતા માને છે, અને તે નીર જ્યારે હાથ આવતું નથી, ત્યારે સતાપ પામીને માથુ કૂટે છે! તે (વટોળીયાના વાયુ જેવી) સૌંદર્યવતી સ્ત્રીને જુવે છે કે, તુરત જ આધળોભીત થઈને તે (વટોળીયા) મા લપટાઈ જાય છે અને જ્યારે (વટોળીયાની) ધૂળથી કંઈ સૂઝતુ નથી, ત્યારે આ જીવ-રામ વિવેક મર્યાદાને કોરણે મૂકી તેમા જ તલ્લીન થઈ જાય છે! પ્રસગ-વશાત્ તેની સાથેના કોઇક વિચારશીલ હોય છે તે તેને નિન્દે છે, ગાળો ભાંડે છે, પણ એ નિર્લજ્જ થઈ મોજ જ માણે છે! અને સર્વને હસે

છે, સર્વને અજ્ઞાની જ સમજે છે, અને પોતે જ મહાજ્ઞાની થઈ બેસે છે! પણ જ્યા તે માયાના બધમા પડ્યો કે, કોઈ તેનો સગ કરતું નથી તે સર્વે તેને તુચ્છકારે છે, હસે છે અને તેનો ત્યાગ કરે છે! છતા, એ જીવ, અધાપાને લીધે સારુ નરતું કશું જોઈ શકતો નથી. કદી કોઈ વગડાનો ભોમીયો મળે છે તો વિષયવાચ્છનામાથી નિકળવાનો પ્રયત્ન કરે છે ખરો, પણ એ પાછો જ્યાનો ત્યા જ રહે છે, કેમકે તેને ત્યા આનદ દેખાય છે, તેથી સત્ય માર્ગ તરફ વળવાની ઈચ્છા જ કરતો નથી પણ જ્યારે તેને આ વગડાનો સ્વામી (રાજા), સ્વલ્પાપરાધ માટે કઠોર વચનથી નિન્દે છે ને શિક્ષા કરે છે, ત્યારે તે વગડો (સસાર) મિથ્યા માને છે, છતા ઘડી પછી પાછો એ તેના તે જ વિચારમા અટવાયા કરે છે! જ્યારે તે માનભગ થાય છે ને ઉદરપોષણ માટે ભટકીને થાકી જાય છે અને અન્ન જળ કઈ પણ મળતુ નથી, ત્યારે ચોતરફ ગાડા હાથીની પેઠે ભટકે છે, અને નિરાશ થઈને પાછો ઘેર આવે છે અત્ર તો નિરતરનો દાવાનલ સળગ્યા જ કરે છે, ત્યા તે શોક અને દુ ખ થવાથી માથુ કૂટીને સતાપ કરે છે

સસારમા પડેલા જીવનની કેવી અવસ્થા છે, તે તું જો જ્યારે ભવાટવીમા રઝળતો જીવ, ઘરમા આવે છે, ત્યારે ત્યા પણ સતાપ જણાવાથી તેને શાતિ થતી નથી પુત્ર, સ્ત્રી સતાપવાથી અને અશાતિરૂપી કાટા, કાકરા તેને વારે વારે આવીને પીડવાથી, દરિદ્રતારૂપી વ્યાધિ તેના શરીરનુ રુધિરપાન કરવા માડે છે, એટલે પછી તે નિદ્રારૂપી અજગરના મોમા જઈને પડે છે ત્યા તે શબવત્ થઈ જાય છે અહીંયા એ જીવરામ સર્વ સંતાપને દૂર કરવાનો વિચાર કરે છે, સર્વ પ્રકારે શોચ કરે છે, જગન્નાયકને યાદ કરે છે, કે તે મને આ વનમાથી સીધે માર્ગે ચઢાવે પણ આહ! યજ્ઞભૂ! તુ જો કે તે જેવો પાછો ટટાર થયો કે જેવો ને તેવો જ બની જાય છે.—પૈસા ટકા કે સ્ત્રી પુત્ર મળ્યા, એટલે ગતકાળના સકટ ને ભવિષ્યમા પડનારા દુઃખ એ સર્વેનો વિચાર જ કરતો નથી તે પાછો તે જ દાવાનળમા ઉમગભેર જઈ પડે છે પાછો કાટા કાકરામા અથડાય છે છતા ખૂબી તો જો કે તેમા જ તે મગ્ન મસ્ત રહે છે સમય પરત્વે દુર્જન–ઘાતકી પ્રાણીઓ તેના દર્પનો ભગ કરે છે, ત્યારે તે મહાસતાપ કરે છે તે વેળા તેની ભૂખ, ઊંઘ સર્વે ઉડી જાય છે, સ્ત્રી પુત્ર તેને અકારા લાગે છે અને મનમા વ્યથા થવા માડે છે. હાય! હાય! મેં કઈ કીધું નહિ ને ફોકટમા રવડી મૂવો! પણ ક્ષણ પછી પાછો મોહમા પડી પોતે પોતાને ભૂલી

જાઇને અજ્ઞાનની ખોમા જઈ ભરાય છે પણ જ્યારે તે સર્વ તરફથી હાડમાર થાય છે, ત્યારે પાછો શોચના કરે છે. એ વેળા પણ જીવરામ વિષયરૂપ મધને અમૃત ગણીને પીવાની ઇચ્છા કરે છે–તે પરદ્રવ્ય અને પરસ્ત્રીને માટે લાલસા ધરે છે. પણ જ્યારે મધનો માલીક મધમાખ આવીને તેને ડખ મારે છે, ત્યારે તે જે શોક અને ક્લેશ ભોગવે છે, તેથી ચેતીને પણ અવિદ્યાની ખાઇમાથી નિકળી વિદ્યાને શોધતો નથી, એવો આ જીવરામ મૂઢ છે! કદાચ તે ઘી અથવા તો મધનો કુપ્પો લઈ શકે છે, તોપણ તે તેના હાથમા રહેતો નથી. તેના જેવો જ બીજો આવી, તેની પાસેથી ખુચવી લે છે ને બીજા પાસેથી ત્રીજો, એમ ઉત્તરોત્તર એક હાથમાથી બીજા હાથમા ધન અને સ્ત્રી ચાલ્યા જાય છે સસારી જીવ કોઈ દહાડો પણ સુખે તેનો ઉપભોગ કરી શકતો નથી. આ જીવ ઘડીમા ઇન્દ્રસદન ને ઘડીમા યમસદન જેવા ઘરમા, બાળકોના કાલા કાલા બોલોથી અને સ્ત્રીઓના લટકાથી મોહ પામી, પુન પુન દોડી દોડીને એની એ જ ઉપાધિનુ સેવન કરે છે! કોઇવાર ત્યા થતી રડાપીટથી અને શોકજનક વૃત્તાતથી તેને સસાર અકારો થઈ પડે છે, પરતુ તે નિત્યાનિત્ય વસ્તુનો વિવેક સમજવામા અશક્ત હોવાથી, પાછો ને પાછો આ ભવાટવીમા ભટકવાને જ લલચાય છે

આમ ઉભય રીતે અજ્ઞાનીને આ સસાર મોહ ઉપજાવે છે. શાસ્ત્રમા કહ્યું છે કે –'आये दु ख व्यये दुःखं धिगर्था कष्टसश्रया ધન મેળવતી વેળા પણ દુ ખ, ખર્ચ થાય છે ત્યારે પણ દુ ખ, કષ્ટના આશ્રયવાળા અર્થને ધિક્કાર છે' એવા ધનમા અજ્ઞાની જીવને મમતા રહે છે આ સસાર વગડારૂપ જ છે એમા સુખ, દુ ખ, રાગ, દ્વેષ, ભય, આશા, તૃષ્ણા, ઈર્ષા, અહતા, પ્રમાદ, ક્રોધ, કામ, લોભ, મોહ, મદ, મત્સર, આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરે જન્મથી તે જરા સૂધી જીવની સાથેના સાથે જ રહે છે છતા અવિદ્યામા રહેલો જીવ, માયાના કોમળ હાથના આલિંગનથી હરખાઈ જઈ, વિવેકરહિત થઇને વિહાર વૈભવ ભોગવવાને આતુરનો આતુર રહે છે. આ વગડામા કોઈ કોઈ સ્થળે સુખાશ્રમો (જ્ઞાની જનના ઘરો) છે, પણ તે દેખાવમા સારા નહિ હોવાથી ત્યા આ જીવરામને જવાની ઇચ્છા જ થતી નથી. તેથી બહારથી ડોળવાળા (વિષયવિલાસના) મહેલો જોઇને તે તેમા પ્રવેશ કરવાને ધસે છે ત્યાના નિરતરના થા થા થેઈ થેઇના શબ્દો તેના કાનને ઘણા આનદ આપનારા થઈ પડે છે, એટલે તે ત્યાનો ત્યા જ

વિશ્રામ કરીને પડ્યો પાથર્યો રહે છે પણ જ્યારે તેને મોહ નિદ્રા વ્યાપે છે ત્યારે આ મેઈ મેઇકાર કરતી નાયકાઓ તેને લૂટી લે છે, અને નાગો ઉઘાડો કરીને કોઈ ખાઇમા ફેંકી દે છે, ત્યારે એ જીવરામ, ઓ ઈશ્વર! હે ઈશ! ઓ તું તાર, તુ કાઢ, એમ બૂમો પાડે છે એ વગડામા ફરવા તે (રોગ, અશક્તિ, સપત્તિહીનતાદિ) ગુફાઓમા જઈ પડે છે. તે ક્ષણે તેને વિચાર થાય છે કે, પૂર્વના દેખાતા ઝુપડાઓમા શુ હતુ? તે મેં કેમ ન જોયુ! ચાલ તે તો જોઉં! તે જોવાની તેને ઈચ્છા થાય છે, પણ હવે તે અશક્ત થઈ પડેલો હોવાથી શોક કરતો, રડતો, કકળતો, મોહમાયાનો તિરસ્કાર કરતો, ઘડીમા સકલ્પ વિકલ્પ કરતો, 'આ મારુ, આ મારુ, ઓ ખાધો, ઓ કરડ્યો, હું શુ કરીશ, મારુ શુ થશે, મેં કંઈ કર્યું નહિ, હું તો પિશાચિણી (માયા)ના પાશમા જકડાયલો જ રહ્યો–હુ મૂવો, મારુ રક્ષણ જ નથી,' એમ બૂમો પાડતો ટળવળે છે, અને તેવામા વિકાળ યમપાશને આધીન થઈ જાય છે

આ વગડા (સસાર)મા જે કોઈ જીવ ,પુણ્યદાન ઈત્યાદિ કરીને ભટકતા પ્રાણીઓને આશ્રય આપે છે, તે મૃત્યુ પછી બીજા લોકમા–સ્વર્ગાદિક લોકમા જાય છે, પરંતુ કોઈ પણ પાછુ સ્વધામમા આવતુ નથી. કેમકે પુણ્ય ફળો ભોગવ્યા પછી સ્વર્ગમાથી પાછો આ પૃથ્વી ઉપર અવતાર ધરવો પડે છે અને પુન વગડામા આવ્યા પછી તેમા ને તેમા જ અટવાયા કરે છે આ વગડામાથી નિકળવાનો સૌથી શ્રેષ્ઠ માર્ગ એક જ છે અને તે એ કે, આત્મશોધન કરી પરબ્રહ્મની સાથે સ્વાત્મસ્વરૂપનું અનુસધાન કરવુ અથવા ચરાચરવ્યાપી અનેક રૂપધારી પરમ ઈશ્વરની ઉપાસના, નિષ્કામપણે, માયામાથી મુક્ત બની દૃઢ શ્રદ્ધાભક્તિથી કરવી ગાયના અગમા ઘૃત છે, તે તેનુ પોષણ કરતુ નથી. પણ એ ઘૃત ગાય પોતાના અગમાથી બહાર કહાડે છે, ત્યારે તે તેને ઔષધરૂપ થાય છે તેમ જ ઘૃતની પેઠે ઘટઘટમા વ્યાપી રહેલો જે દેવ છે, જે વિશ્વનુ કારણ છે, સર્વનો નિયતા છે, સર્વ કર્મનો ફળદાતા છે, તેની જ્યારે સાકાર કે નિરાકારે–સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યા સૂધી સાકારે અને સ્થિતિ પ્રાપ્ત થતા નિરાકારે–જે ઉપાસના કરતો નથી, તે માણસનુ કલ્યાણ–હિત–મોક્ષ થતો નથી એ માટે એકલક્ષી થઈને સર્વ માયા મમતાનો ત્યાગ કરવો, એ આવશ્યક કર્મ છે

બહુવાર એમ બને છે કે, મનુષ્ય પોતાના મૂળ કર્તવ્યને ભૂલી જઈ ડાળા પાખડાને વળગે છે એથી તે સુખ પામે છે ખરો, પણ તે અલૌકિક

નિરંતરના સુખનો લહાવો લેવાને શક્તિમાન્ થઈ શકતો નથી જીવ સજ્ઞાનવૃત્તિ ઉપર પ્રીતિ રાખ્યા વિના, અજ્ઞાન અને વિકળ સ્થિતિનો દ્રોહ કર્યા વિના, દેહના સબધનો ત્યાગ કર્યો વિના, અનિત્ય કર્મનો ત્યાગ કર્યો વિના, સત્ સનાતન સુખનો વિચાર કીધા વિના, ઉન્નત ભાવનાઓને જન્મ આપ્યા વિના, અને નિજ સ્વરૂપનો અનુભવ લીધા વિના નિજાનદનો ભોક્તા થઈ શકતો નથી. આ ભોક્તા થવા માટે આ અરણ્યરૂપી સસાર મિથ્યા છે, એવી બુદ્ધિ આણવી જોઇએ। પોતાની ઇચ્છાનુસાર નહિ, પણ દૃઢપણાથી, ઇન્દ્રિયોને અકુશમા લાવી, વિષયોને પગ તળે દાબી, સત્ય સેવી અને દૃઢવ્રત પાળી, તત્ત્વ ને સતનો વિચાર કર્યાથી જ સત્ય ને નિત્ય અવિનાશી સુખ પ્રાપ્ત થાય છે

આ સસારમા સર્વથી મોટુ દુ ખ અહતાનુ છે એને લીધે જ મનુષ્ય ભ્રષ્ટ થઇને સસારમા ભટકયા કરે છે આ જગત્ જો કે આપણી નજરમા પ્રત્યક્ષ જણાય છે અને આપણે તેમા વ્યવહાર પણ કરીએ છીએ, તોપણ વાસ્તવિક રીતે જોતા એ સ્વપ્નવત્ છે તે કેવળ મિથ્યા જ છે જેમ જાગ્રત્ થયા પછી સ્વપ્નમા જોયેલી વસ્તુ જણાતી નથી, તેમ બોધ થયા પછી એ અસત્ય કયા લોપ થઈ જાય છે, તે જણાતુએ નથી વ્યવહાર, સ્ત્રી, પુત્ર, સુવર્ણ, એમાનુ કઇ જ સત્ય નથી સત્ય એક પરમ પુરુષ (પરમાત્મા) છે મનુષ્યજન્મ ધર્યાનુ સાર્થક આ પરમ પુરુષને જાણવામા જ રહેલુ છે એ પરમ પુરુષને જાણવાથી જ—એ પરમ પુરુષને પ્રાપ્ત થવાય છે અને ત્યારે જ આવર્જન વિસર્જનની સર્વ ક્રિયાનો લય થઈ જાય છે

હવે જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે દશા વાસ્તવિક રીતે વિચારતા સત્ય નથી, માત્ર ત્રણ ગુણને યોગે અને માયાને મોહે જ તે જણાય છે એ ત્રણે દશાનો સાક્ષી પરમાત્મા જ છે એ પરમાત્મા સત્ય ને નિત્ય છે જગત્ કઇ જ નથી. તે માટીના ઘડા જેવુ છે, સુવર્ણની વિંટી જેવુ છે, જળના પરપોટા જેવું છે, વહાણમા બેઠેલા મનુષ્યને સર્વે ચીજ ફરતી હોય એવો ભાસ થાય છે તેના જેવુ છે તત્ત્વથી વિચાર કરતા ઘડો એ માટી છે ને વિંટી એ સુવર્ણ છે, તે કોઈ ભિન્ન વસ્તુ નથી જળનો પરપોટો ફૂટતા વાર લાગતી નથી અને વહાણ ફરે છે, પણ પૃથ્વી ફરતી નથી તેમ જ, મૂળ વસ્તુમા આ જગત્ કઈ જ નથી, માટે પરબ્રહ્મને જાણવાથી મનુષ્ય સહજમા ભવાટવીને ઓળવી શકે છે.

આ ઉપરથી તારે સમજવું કે, પ્રારબ્ધ યોગે આ સર્વ આવી મળ્યું છે ને આવી મળશે. પણ એ સર્વમા મોહ ન પામતાં સત્યનું શોધન કરવાને મથવું જોઇએ ને સંસાર રહે કે ન રહે, પણ વિરક્ત થઇને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી, પરમાત્માના પરમપદને પહોચવુ જોઇએ. એ પરમપદને કેમ પહોંચવું, તે માટે એક કથા કહું છુ, તે તું લક્ષમા લે ને તેના ઉપર નિષ્ઠા કર. તત્ત્વચિન્તામણિમા એક વિરક્તની કથા આ પ્રમાણે છે.

વિરક્તનું ઉપાખ્યાન

વિરક્ત એટલે સંસારના વિષય-ઇન્દ્રિયોના વિષયોને વિષે આસક્તિ-પ્રીતિ રહિત જે હોય તેવો મનુષ્ય. એને અરક્ત પણ કહી શકાય. અરક્ત એટલે પણ વિષયોને વિષે રાગ (આસક્તિ-પ્રીતિ) વગરનો અરક્ત નામનો એવો કોઈ એક પુરુષ એક નગરમા વસતો હતો. તે ઘણો સુશીલ અને કુટુંબવત્સલ હતો. તેનુ કુટુબ ઘણું બહોળુ હતું રળનાર પોતે એકલો જ હતો ને ખાનાર પાચ પદર, તેથી તે ઘણી કગાલ અવસ્થામા આવી પડ્યો હતો એક તરફથી એના મનમા દ્રવ્ય સપાદન માટે નાના પ્રકારના તર્ક વિતર્કો થતા હતા, બીજી તરફથી તેના કુટુબનો ભૂખ ભૂખ અને ખાઉં ખાઉંનો દામણો ને દયામણો પોકાર, તેના અત.કરણને ગભરાટમા નાખી દેતો હતો આ ઉપરથી ખિન્ન થઇને તેણે આખરે વનમા નિકળી જવાનો વિચાર કીધો. એક દિવસે મોટે પરોઢિયે તે ઉઠ્યો ને સ્ત્રી પુત્રને જણાવ્યા વગર ઘરમાથી ચાલી ત્રણેક ગાઉપર ગયો એટલામા પ્રાત કાળ થયો ઉદય પામતા સૂર્યનારાયણના દર્શન કર્યા ને વદન કીધુ કે 'હે જગતના નેત્રરૂપી નારાયણ દેવ' મારુ કષ્ટ નિવારણ કરવાને તું જ સમર્થ છે!' એમ પ્રાર્થના કર્યા પછી તે કેટલેક દૂર નિકળી ગયો ભગવાન્ સૂર્યદેવે તેની પ્રાર્થના સાભળી

જેવો તે દૂર ગયો કે, ફળફળાદિવાળા ઝાડોનો સુંદર જથો દેખાવા લાગ્યો એ એક સુદર વનકુજ હતી. તેમા અરક્ત પેઠો. તે વનમા નાના પ્રકારના કોમળ અને પ્રફુલ્લિત વૃક્ષો તથા તેઓને આવેલા અનેક પ્રકારની સુગધીથી મઘમઘી રહેલા પુષ્પો, ફૂળો તથા ફળો, તેમ જ તેઓ પર કાનને હર્ષ ઉપજાવે એવા મધુર શબ્દના ગાયનો ગાઈ રહેલા કોકિલા, પોપટ, મોર આદિ પક્ષીઓ બેઠા હતા તે વનનું સૌન્દર્ય નિહાળીને તેનુ દરિદ્રતાના કલેશથી અકળાઈ રહેલુ મન, બહુ વિશ્રાન્ત પામ્યું.

વનની શોભા નિરખતો નિરખતો તે આગળ વધ્યો. તે થોડેક દૂર ગયો, એટલે એક નદી આવી. તે એ નદી ઉતરતો હતો, તેવામાં તેની નજર સામેના તટપર આવેલી ઝાડોની સુઘટ્ટ ઘટાવાળી એક બીજી જગા તરફ ગઈ દૂરથી જ એ જગા ઘણી મનોહર લાગવાથી તેણે ત્યા જવાનો નિશ્ચય કીધો. નદી ઉતરીને, તે સુંદર જગ્યામા દાખલ થયો. ત્યા તેણે જોયુ તો કોઈ મહાત્મા પુરુષનો આશ્રમ હોય એમ લાગ્યુ એ અરક્ત ડરતો ડરતો જરાક આગળ વધ્યો તે પર્ણકુટી નજીક ગયો ને કુટીના દ્વારમાથી માહે ડોકિયુ કર્યું, પણ આશ્રમમા કોઈ મનુષ્ય તેના જોવામા આવ્યુ નહિ તે માત્ર એક સૂની પર્ણકુટી જ હતી અરક્ત તેથી નિરાશ થઈ અચબો પામીને આમ તેમ જોવા લાગ્યો કે આશ્રમનો કોઈ ધણી છે કે નહિ પણ કોઈ દેખાયુ નહિ પછી તે પર્ણકુટીના આગણાપરના અશોકવૃક્ષની છાયા નીચે બેઠો બેઠો બેઠો ચારેકોર દૃષ્ટિ ફેરવી આશ્રમની શોભા નિરખે છે, એટલામા રસ્તા તરફથી કોઈ આવતુ હોય તેમ લાગ્યુ અરકતે નિર્ભયતાથી આશ્રમમા આવતા એક મહાપવિત્ર અને તેજસ્વી પુરુષના દર્શન કીધા તે પુરુષે એક હાથમા કમંડલુ ધારણ કીધુ હતુ, બીજા હાથમા વનફળની ઝોળી ધરી હતી, બગલમા મૃગચર્મ ભેરવ્યુ હત, માથે જટાજૂટ હતો ને કમરે વલ્કલ પહેરેલુ હતુ

આવો પવિત્ર વેશ જોઈ અરકતે ઉભા થઈ, હાથ જોડી દડવત્‌નમસ્કાર કીધા. તે પછી મહાત્મા પર્ણકુટીમા જઈ મૃગચર્મ બિછાવી તેપર બેઠા, અને અરક્તને આશીર્વાદ દઈ પોતા સામે બેસવાની સજ્ઞા કરી પછી ઝોળીમાથી પાકા સ્વાદિષ્ટ ફળો ને કમડલુમાનુ શીતળ જળ અરક્તને આપ્યા. અરકતે પ્રસન્ન થઈને તે ખાધા ને જળ પીધુ તે પછી અરક્ત શાન્ત અત.કરણે તે મહાત્માના સામે હાથ જોડીને બેઠો. તે મહાત્માએ તેનો સઘળો વૃત્તાત જાણવાની ઇચ્છા દર્શાવી, ત્યારે અરકતે પોતાને વૈરાગ્ય ઉપજવાનુ કારણ કહી બતાવ્યુ તે ઉપરથી એ મહાત્માએ જાણ્યુ કે, આ જીવ દરિદ્રતાના દુ ખથી નાશીને દ્રવ્યને અર્થે બહાર નિકળી આવ્યો છે. પછી અરકતે પણ પુષ્કળ વિનવિ કીધી કે, 'મહારાજ ! આપ સર્વજ્ઞ છો, તેથી મારા દુ ખના નાશનો કોઈ સન્માર્ગ દર્શાવો !' તે મહાત્માને બહુ કરુણા આવવાથી તેને તુરત જ એક સુગમ માર્ગ બતાવી દીધો. એક તલવાર અને એક કોદાળી તેના હાથમા આપી, તે મહાત્મા બોલ્યા, "અલ્યા અરકત ! આ બને શસ્ત્ર તુ લે,

અને આ આશ્રમથી ઉત્તર દિશાએ બરાબર પચ્ચીસ કદમ દૂર થાહ્યો જા જ્યા છેલ્લું પગલું પડે ત્યાં ખોદવા માડજે. ખોદતાં ખોદતાં તને કઈ કૌતુક અથવા ચમત્કાર જણાય તો તેથી તું ભય પામતો નહિ, પણ આરંભેલુ કાર્ય પૂર્ણ કરજે ખોદતા ખોદતા થોડીવારે તને એક ઓરડી દૃષ્ટિગોચર થશે પણ ત્યા આગળ તું વિરામ ન પામતાં તે ઓરડીને ખોદી નાખજે ને વધારે ને વધારે ખોદ્યો જ જજે. થોડુ વધારે ખોદશે, ત્યારે એક બીજી ઓરડી આવશે તેને પણ ખોદી નાખજે. વધુ ખોદતા ત્રીજી, ચોથી, પાચમી, એ રીતે પાચ ઓરડીઓ આવશે, પણ તે સઘળીને તુ ખોદી જ નાખજે તે પાચે ઓરડીઓ ખોદાઈ ગયા પછી જે છઠ્ઠી ઓરડી આવે, તેમા તું દૃષ્ટિ ફેરવજે તેમા નિધિ એટલે મહાદ્રવ્યનો ભડાર ભરેલો છે, તે તને પ્રાપ્ત થશે અને તેથી તારા સર્વ દુ ખોનો નાશ થશે ”

તે પછી અરક્ત તે બને હથિયાર ખભે ભેરવી, મહાત્માને નમસ્કાર કરી, તે આશ્રમમાથી બહાર નિકળ્યો આશ્રમમાથી બહાર નિકળતા જ તેણે પોતાના પગલા ગણવા માડ્યા, ને તે ચોવીસ થયા ત્યા સૂધી ચાલવુ જારી રાખી, પચ્ચીસમે પગલે તુરત અટક્યો ત્યા અટકી ક્ષણભર પણ વિલબ ન કરતા, તેણે ખડ્ગને હેઠે મૂક્યું ને કોદાળીવડે જમીનપર ખોદવા માડ્યુ પ્રથમ ઘા મારતા જ તેને એક મોટો ચમત્કાર દેખાયો ઘા મારતાની સાથે જ જમીનમાથી ચાર અતિસ્વરૂપવાન્ સ્ત્રીઓ બહાર નિકળી આવી અને અરક્તને નમન કરીને સામી આવી ઉભી રહી તેઓને અરક્તે પૂછ્યુ, “તમે કોણ છો ?” તે નવયૌવનાઓ બોલી, “અમે બ્રાહ્મણીઓ છીએ!” તે સાભળી અરકતે આશ્ચર્ય સાથે પુન પૂછ્યું કે, “તમે સૌ ક્યા રહો છો ?” એક બોલી કે, “મહારાજ ! હુ અગ્નિસ્થાન પ્રત્યે રહું છું” બીજી બોલી, “હુ દ્વારમા રહું છુ” ત્રીજીએ કહ્યું, “મારો નિવાસ ધર્મશાળામા છે.” ચોથીએ કહ્યુ “હુ તો અત.પુરને વિષે વસું છું!” એ સાભળી તેઓને એક બાજુએ બેસવાની આજ્ઞા કરી. પુન અરકતે, પોતાનુ ખોદકામ જારી કરયુ ઘા મારતા જ પુનઃ બીજો ચમત્કાર દેખાયો તુરત મોટા યોધાઆ સરખા ચાર વીર પુરુષો બહાર નિકળી આવ્યા તેઓને પૂછતા માલમ પડ્યુ કે, તઓ ક્ષત્રિયો છે. પછી અરકતે તેમના વસવાના સ્થાન પૂછ્યા, ત્યારે પહલાએ જણાવ્યું કે, અગ્નિસ્થાનમાં, બીજાએ દ્વારમા, ત્રીજાએ ધર્મશાળામા ને ચોથાએ અંતઃપુરમાં પોતાનું

નિવાસસ્થાન બતાવ્યું અરકતે પુનઃ તેઓને પૂછ્યું કે, "આ ચાર સ્ત્રીઓ કોની છે?" ચારેએ કહ્યું, "એ અમારી સ્ત્રીઓ છે!" એ સાભળી અરક્ત વિચાર કરવા લાગ્યો કે, 'આ સ્ત્રીઓ તો બ્રાહ્મણીઓ છે અને આ પુરુષો ક્ષત્રિય છે, તો એઓ આ સ્ત્રીઓના પતિ કેમ હોઈ શકે! નિશ્શક એ પુરુષો જૂઠ બોલે છે એ મલીન નિષ્ઠા (પાપદૃષ્ટિ-વિષય-વાઞ્છના)વાળા મહા દુરાચારી ઠગો છે માટે એ દુષ્ટોને જીવતા રાખવા એ યોગ્ય નથી' એમ વિચારી, ક્રોધે ભરાઈ, પેલા ખડ્ગવડે તે ચારેના મસ્તક ઉડાવી દીધા તે પુરુષોને મુઆ જોઈ, પેલી ચારે સ્ત્રીઓ પાસે આવીને અરક્તને કહેવા લાગી, "હાય! હાય! અમારા સ્વામીઓને તમે મારી નાખ્યા એ શુ? હવે અમે તેઓની પછવાડે સતી થઇશુ!" ત્યારે તેણે તમાની એક સ્ત્રી, જે ઘણી સ્વરૂપવાન્ તથા શ્રેષ્ઠ ગુણવાળી હતી, તેને રહેવા દઇને, બાકીની ત્રણ સ્ત્રી તથા તે ચારે પુરુષોને, તે સ્ત્રીઓની મદદથી કાષ્ઠ એકઠા કરી બાળી મૂકયા!

પુન અરકને, મહાત્માએ કરેલી આજ્ઞા પ્રમાણે પાછુ ખોદવા માડયુ ખોદતા ખોદતા આગળની ચાર સ્ત્રીઓ કરતા વધારે તેજવાળી બીજી ચાર સ્ત્રીઓ નિકળી આવી તેને જોઈ આશ્ચર્ય પામી અરકતે પૂછયુ, "તમે કોણ છો?" તેઓએ જવાબ આપ્યો, "મહારાજ! અમે બ્રાહ્મણીઓ છીએ" અરકતે ફરી પૂછયુ, "તમે પરણી છો કે કુવારી?" ત્યારે તે ચારે બોલી, "અમે તો બાલા છીએ, જે વિશુદ્ધ શ્રદ્ધાથી વરે તેને વરીએ!" એ સાભળી અરકતે તે ચારેને બહુ માન સાથે ત્યા આવેલા એક વૃક્ષની છાયા નીચે બેસાડી, અને પૂર્વની ચાર સ્ત્રીઓમાની જે એકને જીવતી રાખી હતી તેને, આ ચારેની સેવામા સોપી દીધી. વળી પાછુ પોતાનુ ખોદ-કામ ચાલુ કર્યું ખોદતા ખોદતા પેલા દયાળુ મહાત્માએ કહેલી એક ઓરડી નિકળી તેમા જૂએ છે તો સઘળે (લાલચના) શીશા જ શીશા ભરેલા હતા પણ ગુરુ મહાત્માએ કહેલુ હતુ, તેથી તેમા મોહ ન પામતા તે ઓરડીને ખોદી નાખી પુન થોડુ ખોદતા બીજી ઓરડી નિકળી તેમા સઘળુ લોઢુ જ (નઠારા કાર્યથી મળતું ધન-સ્ત્રી) ભરેલુ હતુ તેમા પણ લોભ ન કરતા તે પણ ખોદી નાખી પુન વધુ ખોદતા ત્રીજી ઓરડી નિકળી તેમા ત્રાબુ (વારસાનુ ધન) ભરેલુ હતુ તેને પણ ખોદી નાખી પછી ચોથી ઓરડી નિકળી. તેમા રૂપુ (ઉદ્યોગનુ ધન) ભરેલુ હતુ એને પણ કઈ વિસાતમા ન ગણતા, ગુરુવચનને વળગી રહીને તે ઓરડી પણ ખોદી નાખી,

અને આગળ ખોદ્યો જ ગયો. એમ ખોદતા ખોદતાં પાચમી ઓરડી નિકળી તેમા ઝળઝળતું સુવર્ણ (શુષ્કજ્ઞાન) ભરેલુ હતું તેનાથી પણ ન લોભાતા તેને પણ ખોદી નાખી, અને ગુરુની આજ્ઞા પ્રમાણે આગળ ખોદવા માડયુ ખોદતા ખોદતા એક વિશાલ છઠ્ઠી ઓરડી દીઠી. તેમા અપાર હીરા માણિક્ય મોતી વગેરેનો અમૂલ્ય નિધિ (સત્યજ્ઞાન) ભરેલો દીઠો આ અપાર દ્રવ્યનિધિને લઇને અરક્ત પોતાની પાચે સ્રીઓ સહિત સ્વસ્થાને ગયો ને ત્યા અનત કાળ પર્યંત તે કામિનીઓ સગે સ્વાનદસામ્રાજ્યનો વૈભવ ભોગવતો આનદ કરવા લાગ્યો અને અતકાળે પરમપદને પામ્યો

રે યજ્ઞભૂ ! આ કથામા તુ સમજ્યો ! ન સમજ્યો હોઉં તો સાભળ આત્મરૂપ–સત્યજ્ઞાનરૂપ–ધન વગર, પોતાના ઘરમા–સસારમા–ગરીબ–દુ ખી, અરક્ત એટલે વિરક્ત–વૈરાગ્યવાન્ એક જીવ–પુરુષ છે. તે એક દિવસે ગુરુના આશ્રમરૂપ વનમા ગયો ત્યા દયાળુ મહાત્મારૂપ સદ્ગુરુ મળ્યા તેમને પ્રાર્થના કરી કે, 'હે પ્રભુ ! હું આ સસારરૂપી દાવાનલની જ્વાલાઓથી બહુ જ પીડાઉં છુ, તેને બ્રહ્માનન્દ રસથી ભરેલા, પવિત્ર, ઠડા, યોગ્ય અને મનને શાન્ત પમાડનારા વચનો સંભળાવો મારે આત્મજ્ઞાનરૂપી ધનની (અથવા પરમ અખડાનદ, અવિનાશી એવા પરમેશ્વરની પ્રાપ્તિની) ઇચ્છા છે, અને તે (દ્રવ્ય) વગર હું બહુ ગરીબ છુ તે આપવા માટે તમે કૃપા કરો હું આ સસારરૂપી ભયકર સમુદ્રને શી રીતે તરી શકુ ? મારી ઉત્તમ ગતિ કેવી રીતે થાય અને સદ્ગતિનો ઉપાય શો છે, તે સબધે હુ જરાય જાણુતો નથી, તેથી કૃપા કરી મારુ આપ રક્ષણ કરો ' તેના આવા કરુણાજનક ને શ્રદ્ધાવાળા વચન સાભળી, ગુરુએ દયા કરીને તેને વિવેકરૂપ ખડ્ગ અને વૈરાગ્યરૂપ કોદાળી નામના બે શસ્રો આપ્યા તે લઇને તેણે પચ્ચીશ ડગલા જવાનુ કહ્યુ એ પગલા તે પ્રકૃતિરૂપી ગુણો સમજવા· ચોવીશ પ્રકૃતિરૂપ ડગલા અને પચ્ચીશમી ખોદવાની જગા. એમા ખોદવુ શુ ? શરીર. શરીર એ શુ છે ? શરીર એ આત્મજ્ઞાન–પરમેશ્વરપ્રાપ્તિ કરાવનારુ સમર્થ સાધન–સ્થાન છે એ સ્થાનથી વિચાર કરવો કે, હુ કોણ છુ ? કર્તા કોણ છે ? હું કયાથી આવ્યો છુ ? કયા જઇશ ? ગયા પછી મારુ શું થશે ? આ સસારને સર્વ અસત્ય–મિથ્યા–સ્વપ્નવત્ કહે છે, તો સત્ય શુ ? એમ વિચાર કરવો, એનુ નામ ખોદવુ અથવા અહકાર ને દ્વેષદૃષ્ટિ દૂર કરી, જગતની માયાની મોહિનીમા ન બધાતા, શ્રીહરિમા જ દૃષ્ટિ રાખી, એ

હરિ કેવો છે તે જાણવાનો વિચાર કરવો, એનું નામ ખોદવું. એમ શરીરને ખોદવા માંડતાં જ, એટલે ગુરુ વચનાનુસાર, પોતાના મન સાથે વિચાર કરવા માડતાં જ–શરીર એ શુ છે, આત્મા એ શું છે, મને ઉત્પન્ન કોણે કીધો, કરવાનું કારણ શું, આ દેહ તો નાશવંત છે, જન્મે છે ને મરે છે એ નિત્ય જોઉં છુ, જન્મના આપનારા ગયા, સાથે રહેનાર ગયા; જેવા જે આજે છે તે કાલે દેખાતા નથી, ફુલ ખીલે છે, સુગધી આપે છે, ખરી પડે છે, જોતજોતામા દૃષ્ટિથી દૂર થઈ જાય છે! તે આવ્યુ કયાથી, ગયુ ક્યા? મારુ કર્તવ્ય શું? આ માયાજાળમાથી મુક્ત થવાનો માર્ગ શો? તેમ જ શ્રીહરિ કોણ, તે કેવા પ્રકારે મળે, તેની ઉપાસના કરવી તો કેવા પ્રકારે એ વગેરે વિચાર કરવો એ ખોદવુ-શોધવુ એ જીવના પ્રારભ કર્મ છે નિત્ય નિત્ય એનો ને એનો જ વિચાર કરતા સત્ત્વગુણની કાર્યવૃત્તિઓરૂપ ચાર સ્રીઓ શરીરમાથી નીકળી આવે છે એમા –

પહેલી રતિ–લજ્જા -એ અગ્નિના સ્થાનમા એટલે ચક્ષુમા રહે છે.

બીજી દયા–એ દ્વારમા એટલે મુખમા રહે છે

ત્રીજી કીર્તિ–એ ધર્મશાળામા એટલે પ્રાણમા રહે છે.

ચોથી ધૃતિ– અત પુરમા એટલે અંત કરણમા રહે છે.

પછી આગળ અન્નમય કોશમા ખોદવા માડ્યું, એટલે શરીરમા વિચારવા માડ્યુ કે, 'હુ કોણ,' એવો વિચાર કરવાથી ચાર પુરુષો નિકળી આવે છે એમા –

પહેલો કામ–એ અગ્નિસ્થાનમાં રહે છે. એની સ્રી રતિ અથવા લજ્જા છે.

બીજો ક્રોધ–એ દ્વારમા રહે છે. એની સ્રી દયા છે

ત્રીજો લોભ–એ પ્રાણમા રહે છે એની સ્રી કીર્તિ છે.

ચોથો મોહ–એ અત'કરણમા રહે છે એની સ્રી ધૃતિ છે. હવે જ્યાં કામ હોય ત્યા લજ્જા નહિ, ક્રોધ હોય ત્યા દયા નહિ, લોભ હોય ત્યા કીર્તિ નહિ ને મોહ હોય ત્યા ધૈર્ય નહિ, તેથી તેઓનો નાશ જીવે કરવો અવશ્યનો છે, અર્થાત્ જિજ્ઞાસુ જીવે એ ચારેનો ત્યાગ કરવો.

પ્રથમ ખોદતા–મન કુટીમાથી નિકળેલી ચારે સ્રીઓ સત્ત્વગુણવાળીઓ હોવાથી તે બ્રાહ્મણીઓ છે તેને બીજી કુટીમાથી નિકળેલા રજોગુણવાળા ક્ષત્રિયો ભોગવે, એ અન્યાય જાણીને કામ ક્રોધાદિ ચારે ક્ષત્રિ-

ચોને મારવા જોઇએ. મુમુક્ષુએ કામ ક્રોધાદિને જોરથી મારવા, એ જ તેનું પ્રથમ કર્તવ્ય કર્મ છે ને તે જ સાર્થક કરનારુ છે અર્થાત્ તરવાનું સાધન છે. એ બ્રાહ્મણીએ (સાત્ત્વિક વૃત્તિઓ)ને, ક્ષત્રિયો (રાજસવૃત્તિવાળા) ભોગવે તો વિપરીત થાય, એટલા માટે તેને મારી નાખ્યા, અર્થાત્ તેનો ત્યાગ કીધો, ત્યારે કામની સ્ત્રી રતિ–લજ્જા, ક્રોધની સ્ત્રી દયા, લોભની સ્ત્રી કીર્તિ અને મોહની સ્ત્રી ધૃતિ* સતી થવા તત્પર થઈ! ત્યારે પ્રથમની ત્રણને ચારે પુરુષોની સાથે અરકતે બાળી મૂકી, પણ ધીરજ નામની સ્ત્રીને રાખી કારણ કે મુમુક્ષુએ પરમ તત્ત્વને જાણવા માટે ધીરજને સદા જ સાથે રાખવી જોઇએ. પરમ પ્રભુની પ્રાપ્તિ કઈ ઝટ થતી નથી, પણ ધીરજથી તેનો પીછો લેવાથી જ થાય છે પણ જે મુમુક્ષુને પરબ્રહ્મનુ જ્ઞાન સપાદન કરવાના હક્ક છે તેણે લજ્જા, દયા ને કીતિ પ્રાપ્ત કરવાના નથી એ તો માયામા લપટાવે છે, અને જે માયામા લપટાવે છે, તે પરમાત્માના દર્શનમા બાધક છે

એમ બે કૂટી ખોદ્યા પછી, પુન· ખોદતા એટલે શરીરમા પુન. શોધન કરવા–વિચાર કરતા, ત્રીજીવાર ચાર સ્ત્રીઓ નિકળી આવે છે, તે આ પ્રમાણે છે –

પહેલી મૈત્રી–સર્વ જોડે સરખાપણું (મૈત્રીભાવ રાખવામા),
બીજી મુદિતા–પ્રાણી માત્રનો ઉત્કૃષ્ટ જોઇને ખુશી થવુ,
ત્રીજી કરુણા–દીન ઉપર દયા કરવી,
ચોથી ઉપેક્ષા–ત્યજી દીધેલી વસ્તુનું ફરીને ચિન્તન નહિ કરવુ

એ ચાર સ્ત્રી અને પાચમી પ્રથમની ચારમાથી રાખેલી ધૈર્ય સ્ત્રી, પ્રારબ્ધરૂપી કર્મને વશ થઇને આ ચારેની સેવામા રાખવી અર્થાત્ મુમુક્ષુને ઉપલી ચારે વસ્તુનો ઉપભોગ કરતા ધીરજનો ખપ પડે જ છે. ગમે તેવી સ્થિતિ, ગમે તેવો દેશ ને ગમે તેવો કાળ હોય, તો પણ

* વસ્તુત લજ્જા, દયા, કીર્તિ ને ધૃતિ, કામ, ક્રોધ, લોભ તથા મોહની સ્ત્રી જ નથી કેમકે કામ હોય ત્યા લાજ નહિ, ક્રોધ હોય ત્યા દયા નહિ, લોભ હોય ત્યા કીર્તિ નહિ ને મોહ હોય ત્યા ધૃતિ–ધીરજ નહિ એ ચારે સ્ત્રીઓ સત્ત્વગુણવાળી છે ને પુરુષો રજેગુણવાળા છે, માટે જ ચારે પુરુષને જુદા કહ્યા, અને એ સ્ત્રીના પતિ થાય તો વિપરીત ગણાય, માટે મારી નાખ્યા અહીં રતિનો અર્થ લજ્જા લીધો છે કારણ કે રતિ એ ચદ્રની છઠ્ઠી કળા હોવાથી ચક્ષુમા રહેલી છે તેમ જ લજ્જા પણ ચક્ષુમા રહેલી છે આ બેઉ વિકારો મનુષ્યના ચક્ષુમા રહેલા હોવાથી તે બેઉને એક રૂપે ગણ્યા છે

સદા ધીરજ રાખવી, અને ભગવદ્ભક્તિ પરાયણ રહી, સત્કર્મ કરતા રહી સન્માર્ગે વિચરતા રહી, જગપ્રવાસ પૂર્ણ કરવો

લજ્જા, દયા અને કીર્તિ એને મુમુક્ષુએ છોડી દેવા જેવી એટલા માટે ઠરાવી છે કે, કુબ્જાએ લજ્જા છોડી તો તે શરીરે રોગ રહિત થઇ, સુંદર બની, પરમ પુરુષ શ્રીકૃષ્ણની પટ્ટરાણી થઈ અને શ્રીહરિની માનીતી થઈ દેહથી પવિત્ર બની, આત્માને વિશુદ્ધ કરી તરી ગઈ છે પણ ગોપીઓ પરમ પ્રેમી છતા, પરમ સ્વરૂપમા પવિત્ર પ્રેમ રાખવા છતા, લજ્જામા રહી તો પરમાત્માના વિરહથી દુ ખી થઇને મરી ગઈ છે

બીજી સ્ત્રી દયાને માટે સાભળ ભરતે મૃગલીપર દયા કરી ને તેમા વાસના રહી જવાથી ત્રણ જન્મે મુક્તિ મેળવી છે માટે સ્ત્રી, પુત્રો, શરીર કે ઇન્દ્રિયો વગેરે ઉપર દયા કરનારો પુરુષ, તેમા ને તેમા બધાયલો જ રહે છે, અને જન્મ મરણ ભોગવ્યા જ કરે છે માટે બ્રહ્મવિદ્યા સપાદન કરવાવાળા કે પરમ પ્રભુની સેવા કરવાવાળા જીવે, પુત્ર સ્ત્રી વગેરેમા મમતા રાખવી નહિ જેમ કે મારી સ્ત્રી વ્યવહાર સમજતી નથી, મારા બાળકો હજી સમજણ વગરના છે, ધધેધાપે લાગ્યા નથી, વ્યવહાર સમજતા નથી, એમ માની તેનામા દયા એટલે પ્રીતિથી લપટાઇ રહેવું નહિ, પણ સમય મળ્યે તૈયાર થઇ, સર્વનો ત્યાગ કરવામા તત્પર રહેવુ. તેટલા માટે દયા પણ ત્યજી દેવાજોગ છે. જીવે, સદા જ સગુણ સ્નેહબધના પાશને કાપી નાખી સસારમા વિચરવુ.

હવે કીર્તિ માટે શ્રવણ કર બળિ રાજાએ અત્યત દાન કરવાથી અત્યત કીર્તિ મેળવી હતી, પણ તેને લીધે આખરે નાગપાશથી બધાવુ પડ્યુ હતુ એકલશૃગી ઋષિને ગુણિકાઓએ આપેલા મિષ્ટાન્નના સ્વાદનો લોભ થયો હતો, તેથી છેવટે કીર્તિએ ગઈ એવી રીતે કીર્તિનો લોભ પણ ન રાખવો * કીર્તિ થાવ કે ન થાવ, એની જરાએ ચિંતા કર્યા વગર, કે શ્રમ કર્યા વગર, જે શ્રેય સાધન હોય, હરિ ભજ્યા હોય તે ભજવામા જ માણસનુ શ્રેય-તારણ છે

હવે ધૈર્યતાનુ માહાત્મ્ય જાણ કે, એને તો એના પતિ મોહનો ત્યાગ કરવા છતા પણ સમીપ રાખવી જ જોઇએ સુખ તથા દુ.ખ

* જીવતા (પ્રાણ રહેતા) સુધી મનુષ્ય લોભ કરે છે, માટે જ આગળ પ્રાણમા લોભ રહે છે, એમ કહ્યુ છે

બન્ને વખતે ધીરજને સ્વાધીન રાખવી દુ ખ પડે ત્યારે એવી રીતે ધીરજ ધરવી કે ભાર શો છે દુ ખને, આ દુ ખ કંઈ નિરતર રહેવાનું નથી, એને પણ અંત આવશે જ અને દુ ખને અતે સુખ થશે જ, અને સુખમા પણ એવી રીતે જ ધીરજ રાખીને રહેવુ સુખને લીધે છકી કે ઉન્મત્ત થઈ જવુ નહિ ધીરજથી વિચાર કરવો કે, આ સુખ કંઈ નિરતર પહોંચશે નહિ, પણ એને અતે પાછુ દુ ખ જ છે જેમ દિવસ પછી રાત્રિ છે, તેમ સુખને છેડે દુ ખ છે, એમ જે જાણે છે, તે કદી છકી જઈ, અમર્યાદિત બનતો નથી ધ્રુવ, મયૂરધ્વજ આદિ મુમુક્ષુ મહાત્માઓ, ધૈર્યતાના ધારણથી, કાળના મસ્તકપર પગ મૂકી, ત્રણ લોકને જિતી તેથી ઉપરના અખંડાનદ ધામમા જઈને વસ્યા છે ને કૈવલ્યપદને પામ્યા છે

ફરીને વર્ણવેલી અર્થાત્ વિચાર કરતા, જણાયલી મૈત્ર્યાદિ ચાર સ્રીઓને સ્વલ્પવાર અગીકાર કરવાના સબળ કારણો છે તે આ છે –

મૈત્રી-મનુષ્ય સાથે નહિ, પણ હરિ સાથે સ્નેહ કરવા માટે કામની છે

મુદિતા–પ્રભુની મૂર્તિનુ દર્શન કરી, આનદ પામવામા અવશ્યની છે

કરુણા–ઇશ્વરને કરુણામય હૃદયથી ગદ્‌ગદિત કઠે આરાધવામા ઉપયોગી છે

ઉપેક્ષા–મળત્યાગ કર્યા પછી પાછુ તે તરફ જોવાની સ્વાભાવિક રીતે કોઇને પણ ઇચ્છા થતી નથી. તેવી રીતે જેનો–સસારનો–ત્યાગ કીધો, તે તરફ નજર પણ કરવી નહિ આ રીતે તેનો ઉપયોગ કરવાનો છે

એ પ્રમાણે શરીર શોધ્યા પછી એટલે મનની સાથે વિચાર કર્યા પછી, પાછુ ખોદવા, અર્થાત્ વિચારવા માડતા, જિજ્ઞાસુને પ્રથમ ઓરડી–અન્નમયકોશ દૃષ્ટિએ પડે છે પણ તેને મિથ્યા ચિન્તન કરી (જૂઠો જાણી) ખોદી નાખવી જોઈએ આ જીવલોક માને છે કે, હું બ્રાહ્મણ છુ, હુ ક્ષત્રિય છુ, હુ વૈશ્ય છુ, હું શૂદ્ર છુ, હું અમુક છુ ને તમુક છુ, એમ માનીને તેમાજ બધાઈ રહે છે, અને જે જે પદાર્થ દૃશ્ય (નજરે દેખાતુ માત્ર) છે, તે સર્વ જૂઠાજ છે એમ જાણવા-પ્રતીતિ થવા છતા, એ દૃશ્ય પદાર્થના ધર્મોને બુદ્ધિમા આવવા દે છે પણ એ સર્વ પરબ્રહ્મ-પ્રાપ્તિમા બાધકર્તા થઈ પડે છે માટે એ દૃશ્ય પદાર્થો પણ બ્રહ્મવેત્તાને ભ્રષ્ટ કરનારા જાણી ત્યજવા યોગ્ય છે. બ્રહ્મજ્ઞાનના જિજ્ઞાસુએ અથવા શ્રીહરિ–નારાયણના પરમપદની કામના કરનારા જીવે, સર્વ સમાન દ્રષ્ટા થઈ વિચરવું, તેમ જ માયાએ ઉત્પન્ન કરેલા બધનો પાશ કાપી નાખવો જોઇએ,

તે વગર પરમપદના માર્ગમાં જઈ જ શકાતું નથી ત્વચા, ચર્મ, માંસ, હાડકા અને વિષ્ઠાના સમૂહવાળો અન્નમય (કોશ) દેહ, નિત્ય ને શુદ્ધ આત્મા થવાને યોગ્ય નથી દેહ અન્નથી ઉત્પન્ન થયો છે અને તેથી અન્નમયકોશ બને છે પણ તે અસત્ય છે, નાશવત છે, તેથી તેમા પ્રીતિ કરવી યોગ્ય નથી આ દેહ, જન્મની પૂર્વે નહોતો ને અતે પણ રહેવાનો નથી પણ આત્મા તો નિત્ય ને સત્ય છે તેથી આત્મા એ દેહ નથી, પણ દેહનો નિયતા છે, તે તો દેહનો, તેના ધર્મ કર્મનો તથા અવસ્થાનો સાક્ષી છે, દેહથી વિલક્ષણ છે, તેથી શુદ્ધ ચિત્તવાળા જીવે દેહાભિમાન ત્યજી દેવુ

બીજી ઓરડી પ્રાણમયકોશ છે પ્રાણ પણ પરથી પ્રકાશિત હોવાથી અનિત્ય છે એ પણ આત્મા નથી, અર્થાત્ એ દ્રવ્ય (ચૈતન્ય) નથી, પણ જડ પદાર્થરૂપ છે ઊંઘમા કોઈ પાઘડી લઈ જાય, તોએ તે ચોરને પકડતો નથી, એટલે કે તેનામા સર્વજ્ઞતા નથી પરમાત્મામા સર્વજ્ઞતા છે વળી કોઈ પુરુષે બાણ માર્યું, તે બાણ જેમ પેલા મારનાર પુરુષના લક્ષ પ્રમાણે વેગથી ચાલ્યુ જાય છે, પણ તે કઈ સ્વતત્ર નથી અને તે પુરુષ પણ કઈ બાણ સાથે જતો નથી, તેમ પ્રાણ પણ બાણવત્ છે, સ્વતંત્ર નથી એ પ્રાણનો પ્રેરક તો ચૈતન્ય પુરુષ જ છે તેથી એ પ્રાણ પણ જૂઠો છે અને પ્રાણના ધર્મ (ભૂખ તરસ, જવુ, આવવુ વગેરે) આત્માને વળગતા નથી "अन्नादन्यतर प्राणा प्राणादन्यतर मन ॥ અન્નથી જ પ્રાણ આતરરૂપ છે ને પ્રાણથી મન આતરરૂપ છે" એવી રીતે અન્નમયકોશમા પ્રાણમયકોશ છે તે સત્ય હશે કે નહિ, એવો વિચાર પણ મુમુક્ષુ જીવે કાઢી નાખવો

બીજી ઓરડી ખોદી નાખતા (પ્રાણમય કોશ જૂઠો જાણતા) ત્રીજી ઓરડી નિકળી તે મનોમય કોશ છે નિદ્રામા પ્રાણ સાથે મનનો સબધ નથી, તેથી મન સ્વતત્ર છે અજ્ઞાનીને શકા થશે કે શું મન એ આત્મા હશે? પણ વિચાર કરતા જણાશે કે, મન એ અત કરણની સકલ્પ-વિકલ્પાત્મક એક વૃત્તિ જ છે, પણ આત્મા નથી, અને તે આત્મારૂપ નથી, તેથી તે નિત્ય પણ નથી વળી મન બહુ જ ચચળ તથા જન્મ મરણના બધનમાં નાખનારુ છે मन एव मनुष्याणा कारण बन्धमोक्षयो । એ મન જ મનુષ્યોને બંધ ને મોક્ષનુ કારણ છે, મનમાથી જ કામ, ક્રોધ, શકા, શ્રદ્ધા, લજ્જા, ભય સર્વે જન્મે છે સકલ્પ માત્રનુ જન્મસ્થાન મન જ છે આવુ જે મન તે આત્મા નથી, અને તેમા પરમ પુરુષના દર્શનનુ સ્થાન જ નથી, એમ વિચારીને તે ઓરડીને પણ ખોદી નાખવી તાત્પર્ય કે મુમુક્ષુ

જીતે મનને મારવું જોઇએ-વશ કરવું જોઇએ. વળી એ મન અવિદ્યા સાથે સખ્ય રાખનારુ છે અને અવિદ્યા જ સંસારબધનનું મુખ્ય કારણ છે જો મનના વિષયનો અર્થાત્ સંકલ્પવિકલ્પોનો સર્વાંશે નાશ થાય તો સર્વ પ્રપચનો પણ સાથે સાથે નાશ થાય છે. વળી એ જ મન, દેહાદિ વિષય પ્રતિ જીવને દોરવી લઈ જઈ, તેમા પ્રીતિ-મમત્વ કરાવી, બધમા નખાવે છે તેથી એ મનોમયકોશને પણ જૂઠો જાણવો.

ચોથી ઓરડી વિજ્ઞાનમયકોશ છે એ કોશ, બુદ્ધિ, વૃત્તિઓ અને જ્ઞાનેંદ્રિયો મળીને બનેલો છે એ કોશ 'હુ કર્ત્તા છુ, ભોક્તા છુ,' એમ મનાવે છે. સત્યનો બુદ્ધિ કર્ત્તા છે ને મન કર્મ છે બુદ્ધિ મનની પ્રેરક છે એ બુદ્ધિ વિજ્ઞાનમયની અદર છે, તેથી શુ એ આત્મા હશે એમ શકા થશે પણ બુદ્ધિ પરિણામી હોવાથી તે પણ મિથ્યા જ છે ને એ વિજ્ઞાનનુ સ્થાન પણ આત્મા નથી એ સ્થાન માત્ર સહાય તરીકે રહે, પણ સ્વતન્ત્ર રહેવુ ન જોઇએ પરમાત્માના સમીપપણાને લીધે એ વિજ્ઞાનમયકોશ બહુ પ્રકાશવાળો છે, પણ વિજ્ઞાન સુદ્ધાં આત્માને ઉપાધિરૂપ છે. એ ઉપાધિથી તો જીવ 'હું' 'હું'નુ અભિમાન ધર્યા કરે છે ને એ 'હું, હું' માથી તે જન્મ મરણને સેવે છે વિજ્ઞાનમયકોશને જાગ્રત્ સ્વપ્નાદિ અવસ્થા, સુખ દુ.ખના ભોગ, દેહાદિમા રહેલા આશ્રમ ધર્મ કર્મ તથા ગુણો, એ મારા છે એવું નિરતર અભિમાન રહેવાથી ને તેમા, પોતાનુ એકત્વ માનવાથી, પોતે પરિચ્છેદને પામી, સ્વસ્વરૂપે સર્વાત્મક છતા પણ, માટી ને ઘડાની પેઠે, પોતાનાથી પોતાને જૂદો જુએ છે. વિજ્ઞાનમયકોશ, જે આવો છે તેને સત્ય માનવાથી મોક્ષ સભવે જ નહિ. એ કોશ વિકારી, જડ, દૃશ્ય, પરિચ્છિન્ન ને વ્યભિચારી છે તેથી સત્ય નથી, માટે તેનો પણ ત્યાગ કરવો

પાચમી ઓરડી આનદમયકોશ છે ચૈતન્ય (પ્રજ્ઞા) એ આનંદરૂપ જ છે, પણ માત્ર વિકારો મળવાથી જ એ કોશ બન્યો છે. એનુ મસ્તક પ્રિયતા છે, મોદ અને પ્રમોદ એ બે એના આખ છે, આનદવ્યષ્ટિ ને અજ્ઞાન એ બે મળીને ધડ બને છે; અને શેષ બ્રહ્મ રહ્યું તે પુચ્છ છે. એ પણ ઉપાધિસહિત છે, વળી તે પ્રકૃતિના વિકારરૂપ છે, અર્થાત્ કાર્યરૂપ છે અને પુણ્યના વિકારને આધીન છે, તેથી એ પણ સત્ય નથી, અર્થાત્ એ સ્થળ પણ પરમાત્માને જાણવા-પામવાનુ નથી.*

* આ પચકોશ સબધી જેઓને વિશેષ જાણવાની ઇચ્છા હોય, તેઓએ મારી રચેલી 'પચદશી' ઉપરની 'ચન્દ્રકાન્ત' ટીકા જોવી

એ આનંદમયકોશથી અથવા એ પચકોશથી જૂદો સ્વયપ્રકાશ, ત્રણે અવસ્થાનો સાક્ષી, નિર્વિકાર અને સચ્ચિદાનંદરૂપ અને જે ત્રણે કાલમા અક્ષય છે, તે જ પરમ નિધિ છે પાચે ઓરડી (કોશ) ખોદી નાખતા, એટલે મિથ્યા જાણતા-છઠ્ઠી ઓરડી કહો, અથવા પાચમી ઓરડી પછી જે શેષ નિધિ રહ્યો તે-પરમ ધન છે એ જ આત્માની છેલ્લી અવસ્થા છે, એ જ પરમાત્મા છે, એ જ પરમ પુરુષ છે, એ જ શ્રીકૃષ્ણચન્દ્ર છે, એ જ રામભદ્ર છે, એ જ વિશ્વવ્યાપી વામન ને સચરાચરવ્યાપી નરસિંહ ભગવાન્ છે, એ જ જળશાયી નારાયણ ને શેષશાયી પરમ પુરુષ છે! એ જ પ્રાગવટ્પર પોઢેલુ બાળમુકુંદસ્વરૂપ છે, એ જ ષોડશ વર્ષનુ ઘનશ્યામ સચ્ચિદાનદ સ્વરૂપ છે, એ જ શિવસ્વરૂપ છે તેનો સગ્રહ કરવો અર્થાત્ તેને જાણવો, એ જ મનુષ્ય માત્રનુ કર્તવ્ય છે. એ જ સર્વ સુખનુ ધામ છે એને જાણવો, એના જ થઈ રહેવુ, એને જ હૃદયમા ધારણ કરવો, એમા જ લીન થઈ જવુ, અર્થાત્ એ જ સ્વરૂપે થઈ જવું, એ જ આ જન્મનુ સાર્થક છે અલ્યા મર્ત્ય લોકના મુમુક્ષુજન! જે જીવ પચકોશને ત્યાગી, પચ ઇન્દ્રિયથી નિર્વિકારી બની, સાધુ પુરુષ સમ વર્ત્તે છે, અજ્ઞાન અને વિકળ સ્થિતિનો સર્વ રીતે ત્યાગ કરે છે, સસારમાથી નિવૃત્ત થઇને નિવૃત્તિપરાયણ રહે છે, તે જ પરમપદને પાત્ર ઠરે છે

આ સંસાર મિથ્યા છે તેમા રહી અત કરણ શુદ્ધ કરવાને તપ એ શ્રેષ્ઠ સાધન છે, મહાત્મા પુરુષનુ સેવન એ મોક્ષદ્વાર છે, સમદૃષ્ટિ ને શાતવૃત્તિ એ સુખસ્થાન છે, શરીરશોધન એ શુદ્ધતાનુ કારણ છે ને પરબ્રહ્મનુ જ્ઞાન એ અનત સુખનુ નિત્ય મુક્ત સ્થાન છે! કર્મોવ્રતો કર્યા કરવા, બધનો સેવ્યા કરવા, એથી મોક્ષ નથી, સુખે નથી, આનદે નથી પણ જે જીવ અવિદ્યાનો ત્યાગ કરી, કર્મને વશ કરી, દેહબધન તોડી, નિત્ય મુક્ત પરમાત્મામા પ્રીતિ જોડીને રહે છે, તે જ પરમાત્માને પામે છે પણ આ લિંગદેહના અભિમાને સૌને ભૂલાવો ખવરાવ્યો છે અને ખવરાવે છે, પરતુ જે પુરુષ વિવેકી બની, કર્મ ત્યાગ કરીને માયિક વસ્તુનો મોહ છોડે છે, તે જ પુરુષ મોક્ષને પામે છે કર્મત્યાગ એટલે નિષ્કામપણે કર્મ કરવા સર્વ કર્મ કૃષ્ણાર્પણ કરવા-બ્રહ્માર્પણ કરવા જ્યા સૂધી વ્યવહાર છે ત્યા સૂધી કર્મની આવશ્યકતા છે ખરી, પણ તે કર્મો નિષ્કામપણે કરવાના છે વ્યવહારમા રહી કર્મ ત્યાગ કરવા નિમિત્તે,

ભુખ્યાને ભોજન, તૃષાળુને જળ, અર્થીને અર્થ ન આપી, કર્મત્યાગનો ડોળ ઘાલવો, એ તો શઠતા છે જ્યાંસૂધી વ્યવહાર છે ત્યાં સૂધી નિત્ય નૈમિત્તિક કર્મ પણ છેજ જે કર્મ નિષ્કામ છે તે ત્યાગ જેવા જ છે,

આત્માને શોધવાનુ જ્ઞાન કંઈ બહુ શાસ્ત્ર ભણુવાથી આવતું નથી, પણ શુદ્ધ ચિત્તવૃત્તિથી ને તત્ત્વવસ્તુને જાણુવાથી આવે છે. તે અધિકાર પ્રાપ્ત કરવા અર્થે-અધ્યાત્મજ્ઞાનના અધિકારી થવા માટે, કર્ત્તા ભોક્તા-પણાનુ અભિમાન છોડી દેવુ જોઈએ અને મહાત્માઓનો સમાગમ કરીને સત્ય વસ્તુ શું છે, તે જાણુવી જોઇએ તારે નિશ્ચય બુદ્ધિથી જાણુવુ કે આ દેહ નાશવત છે, માટે એનાપરની પ્રીતિ નકામી છે, જગત્ નાશવત છે, એના ઉપર મોહ રાખવો એ મૂર્ખતા છે, સ્ત્રી પુત્ર તારા નથી, તારી સાથે આવ્યા નથી ને તારી સાથે આવનારાએ નથી, તે નાશવત છે, તેમા મમતા એ પણ વગર ખાધાની મોરચી છે, ને તે પતનનુ જ કારણુ છે જાણુ કે પરબ્રહ્મ એક જ છે, પરમાત્મા એક જ છે, તે અદ્વૈત છે, નિત્ય છે, અજર તથા અમર છે જાણુ કે પરમાત્મા ફેરફાર રહિત છે, રાગ દ્વેષ અર્થાત્ સુખ દુ ખથી રહિત છે જાણુ કે પર-માત્મા ત્રણે ગુણોથી વિરક્ત છે જાણુ કે પરમાત્મા સ્વચ્છ, શુદ્ધ, અચળ, અમર, અજન્મા અને અપરિચ્છિન્ન છે જાણુ કે પરમાત્માને આ માયિક નાશવત પદાર્થ સાથે કશો પણ સબધ નથી જાણુ કે આત્મા તે જ પરમાત્મા, તે જ અવતારી સાકાર બ્રહ્મ ને તે જ નિરાકાર નિર્વિકારી પર બ્રહ્મ છે એમા ભેદજ નથી સંસારમા રહ્યો થકો જે મનુષ્ય આવો વિચાર કરે છે, તે જ સત્ય પથે ચઢી, મૂળ ધામને પહોચે છે વળી જાણુ કે સત્ય અને નિત્ય વસ્તુનુ યથાર્થ જ્ઞાન, ઈશ્વરકૃપા અને ગુરુના પ્રસાદ વગર થતુ નથી શોધક પુરુષ જો જીદગીનુ કર્તવ્ય, હેતુ અને કારણુ યથાર્થ જાણે તો તે સુખને માર્ગે ભયરહિત ચાલ્યો જશે, તે નિ શક સત્યાસત્યનો વિચાર કરી શકશે, નીતિ અનીતિ યથાર્થ જાણી શકશે પણ આ સર્વ માટે સૌથી વધારે અગત્યનુ એજ છે કે, શોધવુ, જાણુવુ, વિચારવુ, મનન કરવુ આટલુ કરવાથી જ મનુષ્ય પોતાના શુદ્ધ સાત્વિકસ્વરૂપને જાણી, ઉપાધિરહિત થઇને પરબ્રહ્મરૂપ થાય છે.

હે વિશાળ ! તે મહાત્મા આટલુ કહીને તુરત અટકયા, સમાધિ ચઢાવીને પ્રત્યેક તત્ત્વનુ ધ્યાન ધરવા લાગ્યા અને હુ તેને પ્રણામ કરીને મારા સ્થાન પ્રતિ આવ્યો

ચતુર્થ બિન્દુ.

કર્તવ્ય

स्ववर्णाश्रमधर्मेण तपसा हरितोषणात् ।
साधन प्रभवेत्पुसा वैराग्यादिचतुष्टयम् ॥
कोऽह कथमिद जात को वै कर्ताऽस्य विद्यते ।
उपादान किमस्तीह विचार सोयमीदृश ॥
अनेनैव प्रकारेण वृत्तिर्ब्रह्मात्मिका भवेत् ।
उदेति शुद्धचित्ताना वृत्तिज्ञान तत परम् ॥ अपरोक्षानुभूति

અર્થ- સ્વવર્ણાશ્રમ ધર્મથી, તપથી, હરિને સતોષવાથી, વૈરાગ્યાદિ સાધનચતુષ્ટયની પ્રાપ્તિ પુરુષને થાય છે હુ કાણ? આ જગત્ કેમ ઉત્પન્ન થયુ? આનો કર્તા કાણ છે? આ જગતનુ ઉપાદાન કારણ શુ? આવો જે વિચાર તે જ્ઞાનનુ સાધન છે શુદ્ધ ચિત્તવાળાને આ પ્રકારે જ વિચાર કર્યાથી બ્રહ્માકારવૃત્તિ ઉદય પામે છે અને તે ઉદય પામ્યા પછી વૃત્તિ સ્થિર થાય છે

ચદ્રજબૂ વિશાલકેતુને કહે છે-ચોથે દિવસે હુ મારા નિત્યનિયમાદિ આહ્નિકથી પરવારી, યોગેશ્વર પાસે જવા તત્પર થયો. તેના ત્રણ દિવસના સદુપદેશથી મારુ મન બહુ ખીલી રહ્યુ હતુ, અને મેં જાણે ઘણા કાળનો જ્ઞાનાનુભવ સિદ્ધ કર્યો હોય એવુ મને ભાસતુ હતુ આગલે દિવસે તેણે મારી આગળ ભવાટવીનુ અને શરીર શોધવાનું સંપૂર્ણ વર્ણન કર્યું હતુ, તેથી મારા મનમા હું ખરેખર સમજવા લાગ્યો હતો કે, 'આ સસાર કેવળ ઘોર વગડા સમાન છે, અને તેમાં પ્રવૃત્ત થયેલા જીવો તેનો મર્મ ન સમજતા, તેમાના ક્ષણિક, દુઃખદ, નરકમા પાડનારા વિષયસુખોની આશામા નિરતર અટણ કરી રહ્યા છે તેનું પરિણામ તો માત્ર દુ ખ જ છે, તો કરવુ શું? સસારમા શુ કરવુ? તેનું મનન કરતો કરતો હું જે વેળા તે યોગેશ્વરની સન્નિધિમા ગયો,

અને દંડવત્નમસ્કાર કરીને તેના સન્મુખ બેઠો, એટલે તુરત વગર પૂછ્યાં જ તેણે મને આશીશ દઈ, પોતાની અમૃતરૂપ વાણી વર્ષાવવા માંડી.

તે દિવ્યમૂર્તિએ કહ્યું-સાધુ! તારી મનન કરવાની ટેવ મને સાનંદ સંતોષ આપે છે. મનુષ્ય જન્મ ધારણ કરીને, પ્રાણીએ પોતાનું કર્તવ્ય અવશ્ય જાણવું જોઇએ મનુષ્ય દેહની મહત્તા, તેની શ્રેષ્ઠતા, તેની યોગ્યતા એ વિષે મેં તને પૂર્વે જણાવેલુ જ છે મનુષ્ય જો આ દેહ ધારણ કરી પોતાનુ કર્તવ્ય સમજે નહિ તો પછી ખરેખર તે અપાત્ર જ ઠરે છે, તે પોતાનો અલભ્ય લાભ પાણીને મૂલે ગુમાવી દે છે, અને તેને માટે તેને જન્મ જન્માતરમા વિમાસણ કરવી પડે છે આ મનુષ્યદેહનું સાર્થક-કર્તવ્ય કર્મ એ જ છે કે, જે જાણવા અર્થે એ દેહ મનુષ્યને મળ્યો છે, તેનુ સત્ય સ્વરૂપ જાણી, ચિત્તની શુદ્ધિ કરી સચ્ચિદાનદ ઘનશ્યામ દિવ્ય પુરુષના ચરણ પ્રાપ્ત કરવા. ચિત્તશુદ્ધિથી પરમ પ્રેમમા મસ્ત રહેવાય છે, ને જતે દહાડે લીન થવાય છે મનુષ્યે જે જાણવાનુ છે, તે પરમાત્માનુ સ્વરૂપ છે એ મુખ્ય કર્તવ્ય સિદ્ધ કરવાના સાધનભૂત કર્તવ્યો બીજા ઘણા છે, તો પણ તેઓમાના કલ્યાણકારી મુખ્ય મુખ્ય સાધનો હું તને કહી સંભળાવુ છું

જાગ્રત્ રહેવું

માનવજીવનમા સર્વ કર્તવ્યોને દર્શાવનાર મુખ્ય કર્તવ્ય એ જ છે કે, જગતમાં આવી મનુષ્યદેહ ધરીને જીવે નિરંતર જાગ્રત્ રહેવુ 'જાગ્રત્ રહેવુ' એનો અર્થ તું એમ ન સમજતો કે, મનુષ્ય પ્રાણીએ નિરંતર નિદ્રારહિત રહેવુ જેટલો શ્રમ તેટલો જ વિશ્રામ કહેલો છે પણ આનો અર્થ એવો છે કે, મનુષ્યે નિરતર જાગ્રત્ એટલે સાવધ રહેવું 'હું કોણ છુ? ક્યાંથી આવ્યો છુ? શા અર્થે આવ્યો છુ?' વગેરે વિષયોનો વિચાર કરનાર તથા તે પ્રશ્નોનુ પ્રત્યુત્તર પોતાના મનને આપી, તેનું સમાધાન કરીને તે પ્રમાણે ચેતતો રહેનાર મનુષ્ય, આ જગતમા જાગ્રત્-સાવધ કહેવાય છે જેમ જાગ્રત્ રહેનાર મનુષ્ય લૂટાતો નથી, તેમ મનુષ્યનો દેહ ધરી, આત્માનું કલ્યાણ ઇચ્છનારો, પ્રભુના પરમપાદમાં પાવન થવાની કામના કરનારો પુરુષ જાગ્રત્ રહે છે તો તે માયાની જાળમા સપડાઈ જતો નથી.

જગતમા સ્વાર્થ અને પરમાર્થ એવા બે માર્ગ છે. એમાં સ્વાર્થ

મનુષ્ય પ્રાણી સાથે પ્રથમથી જ સબંધ બાધે છે, અને તેમા પ્રવીણ થવાથી પુરુષ પોતાના ભરણપોષણાદિ વ્યાવહારિક કાર્ય કરી શકે છે પણ એ સ્વાર્થ-સસારનો પ્રપચ-જો તેના યથાર્થરૂપમા સાધવામા આવે તો તેમાથી આપોઆપ પરમાર્થરૂપી ફળ ઉત્પન્ન થાય છે પ્રપચ એટલે વ્યાવહારિક વ્યાપાર અને પરમાર્થ એટલે આત્મતત્ત્વ જાણવા સંબધી વ્યાપાર, અથવા શ્રીહરિની પ્રાપ્તિનો વ્યાપાર. જે મનુષ્ય યથાર્થ રીતે પ્રપચને સાધી શકતો નથી, તેનાથી પરમાર્થ સધાવો પણ ઘણો કઠિન થઈ પડે છે પરમાર્થ જાણવાની શાળા જ પ્રપચ છે પ્રપચમા ઘડાયલો મનુષ્ય સહેલથી પરમાર્થ સાધી શકે છે પણ પ્રપચમા જેટલુ સાવધપણુ અને ખત રાખવાની જરૂર છે, તેટલી જ પરમાર્થમા પણ છે જનકાદિ મહાત્માઓ પરમાર્થમા પાર ઉતર્યા, તેનુ કારણ પ્રપચમા સાવધગીરી જ હતી આ પ્રાપચિક પ્રસગમા કેમ 'જાગ્રત્ રહેવુ' તેનુ માહાત્મ્ય સાભળ

જાગ્રત્ રહેવા સબધે બે મુનિમોનુ દૃષ્ટાત

પૂર્વે કોઈ મોટા રાજનગરમા એક ધનાઢ્ય ગૃહસ્થ રહેતો હતો તે સસારમા કહેલા સર્વ સુખોથી પરમ સુખી હતો, અર્થાત્ શરીર, સ્ત્રી, સતતિ, દ્રવ્ય અને સમય એ સહુ તેને સાનુકૂલ હતા વ્યવહારમા તે સત્યવાદી અને ન્યાયી હતો ઉપાર્જિત લક્ષ્મીનો સદુપયોગ કરવાથી તેની કીર્તિ સર્વત્ર પ્રસરેલી હતી તેને દ્રવ્ય ઉપાર્જન કરવાના ઘણા રસ્તા હતા જળમાર્ગે અને સ્થળમાર્ગે તેનો મોટો વ્યાપાર ચાલતો હતો દેશદેશાતરના મુખ્ય શહેરોમા તેની અનેક દુકાનો ચાલતી હતી તે પ્રત્યેક સ્થળે તેની તરફથી વહીવટ કરનારા તેના મુનિમ ગુમાસ્તા રહેતા હતા તેની મુખ્ય પેઢી તેના પોતાના શહેરમા જ હતી દેશાવર ખાતેની શાખાપેઢીઓ ઉપર વહીવટ કરનારા મહેતા મુનિમોને સ્વત પસદ કરીને મોકલતો હતો એ મહેતા મુનિમોનો પગાર સૌ સૌની યોગ્યતા પ્રમાણે અથવા કામના જોખમ પ્રમાણે પ્રથમથી જ ઠરાવી મોકલતો હતો, પણ શાખાપેઢીમા કેટલો કાળ રહેવુ, અથવા ક્યારે પાછા આવવુ, તેની કબૂલાત તે કદી કરતો નહિ તેનો આ એક ખાસ નિયમ હતો અને તે પ્રમાણે તે મુનિમોને મોકલતી વખતે કહેતો કે, "મુનિમજી ! હુ મારી મરજીમા આવશે ત્યારે તમને તમારા કામપરથી પાછા અહીં બોલાવી લઇશ, અને મારી મરજીમા આવશે ત્યારે તમારા કામનો હિસાબ માગીશ જો જો, હિસાબકિતાબ બરાબર રાખજો, લણદેણ કરતા સભાળજો શઠ, મૂર્ખ, ડાઠગાઓનો સગ કરતા

નહિ આપણી પેઢીપર તેવાઓને પગ જ મૂકવા દેતા નહિ શાહ પુરુષનો સત્કાર કરજો, તેમની સાથે બેધડક વ્યવહાર રાખજો" આમ ચેતાવવાનો હેતુ ઉત્તમ અને ગૂઢ હતો. એથી દેશાવર ખાતે જઇ પરોક્ષ પણે સ્વતંત્ર વહીવટ કરનારા સર્વે નોકરો કદી કોઇ વાતની ગફલત કે દગો કરી કલેશ આપી શકતા નહિ વળી તે પ્રત્યેક નોકરને મોકલતી વખતે સારી રીતે ચેતવતો હતો કે, "તમે એવા ન્યાયી અને નિખાલસપણે વહીવટ કરજો કે, જેથી મારી સાત પેઢીથી ચાલતા બાપદાદાના નામને બટ્ટો લાગે નહિ અન્યાય માર્ગે પેદા કરેલી એક લાખની રકમ પણ મારે જોઈતી નથી, અને ન્યાયથી પેદા કરેલી એક પાઇ પણ મારે ઘણી છે જેમ બને તેમ તમે ધર્મપરાયણ અને સત્યપરાયણ વર્તજો, પ્રામાણિકપણાને સહોદર કરજો, તમારા કાર્ય ઉપરાત બીજામા માથુ મારી ગુચવાવ અને હું અત્ર બોલાવુ ત્યારે આવતી વેળા અકળાટ ગભરાટ થાય તેવુ કઈ જ કરતા નહિ. હું વધારે દ્રવ્ય પેદા થવા ઉપર કદી પણ લક્ષ રાખતો નથી, પણ સઘળે ઠેકાણે ચાલતા મારા વહીવટથી જનસમાજમા કેવો સતોષ ઉત્પન્ન થાય છે તથા લોકો મારા નામને કેટલા ચહાય છે તે પર જ હમેશ મારુ ધ્યાન વધારે ખેંચાય છે સમજીને એટલુ જ કહેવુ બસ છે, પછી તો 'શેઠની શિખામણ ઝાંપા સૂધી,' તમે તમારી બુદ્ધિ અનુસાર વર્તજો પણ બને તેટલી ચેતવણી આપવી, એ મારો ધર્મ છે."

આ સત્યવાદી શેઠને ત્યા એક વખતે બે વણિક્ પુત્રો નોકરી માટે ગયા આ બને જણ સારી રીતે ભણેલા ને વ્યાપારીના જ દીકરાઓ હતા તેઓ વ્યવહારની રીતભાતમા સારી રીતે કુશળ હતા તેઓ પરસ્પર કઈ સગા તો નહોતા, પણ એક ગામના રહેવાશી હોવાથી ઘણાક દિવસની તેઓ વચ્ચે મિત્રાઈ હતી એમાના એકનુ નામ વિવેકચદ્ર અને બીજાનુ નામ અર્થગુપ્ત હતુ આ બનેને વ્યવહારકાર્યમા નિપુણ જોઇ, શેઠે તેઓની માગણી સ્વીકારી અને પોતાના નિયમોથી જાણીતા કરીને તેઓને, જૂદા જૂદા દેશાવરોની પેઢીઓપર મોકલ્યા આ જગતમા સૌનું પ્રારબ્ધ તેની પાસે રહેલુ છે શાસ્ત્રમા કહ્યુ છે કે —

आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठत ।
शेते निपद्यमानस्य चराति चरतो भग ॥

"જીવ જ્યારે નીચે બેસે છે, ત્યારે તેનુ ભાગ્ય પણ નીચે બેસે છે, જીવ જ્યારે ઉભો રહે છે, ત્યારે તેનુ ભાગ્ય પણ ઉભુ રહે છે, જીવ

જ્યારે સુઈ જાય છે, ત્યારે તેનું ભાગ્ય પણ સુઈ જાય છે; અને જીવ જ્યારે ફરે છે ત્યારે તેનું ભાગ્ય પણ ફરે છે" પોતપોતાની ચતુરાઈ, વિવેક, ડહાપણ વગેરે તેને પોતાને જ ખપ લાગે છે. એક જ માતાના ઉદરમાથી જન્મ પામેલા બન્ને ભાઈઓના સ્વભાવમા, વર્તનમા ને ભાગ્યોદય વગેરેમા ઘણો મોટો ફેર હોય છે તેવી જ રીતે વિવેકચંદ્ર અને અર્થગુપ્તમા પણ હતું. જો કે તે બન્ને જણ વ્યાપારના કામમા સરખા જ પ્રવીણ હતા, છતા વિવેકચદ્ર મૂળ મુદ્દા ઉપર જ વિશેષ ધ્યાન આપતો, અર્થગુપ્તનુ મન સઘળા વિષયપર સમાન વિચાર કરનારુ હતું

વિવેકચદ્ર, શેઠને ત્યાથી નિકળ્યો ત્યારથી જ તેના મનમા એ વાત ઠસી ગઈ કે, 'કોણ જાણે કયે વખતે ને કેટલી મુદ્દતે શેઠ મને પાછો બોલાવશે બોલાવતા વેંત જ મારે તેની આજ્ઞા પ્રમાણે મારુ કામ આટોપી, તેની પાસે જવું પડશે, તથા મારે મારા વહીવટના સમયમા થયેલી પ્રાપ્તિ તથા વ્યયનો સઘળો હિસાબ તેની આગળ નિર્વિલબે રજુ કરવો પડશે. માટે પ્રથમથી જ મારે સઘળી વાતે સાવધ રહેવું જોઇએ, અને મારે પોતાને માટે થતો માર્ગનો વ્યય, તથા પેઢીના કામકાજની અને પેઢીના સબધમા આવનારી બીજી વ્યાપારી પેઢીઓ સાથે કરવી પડતી લેવડદેવડ વગેરેની, યથા યોગ્ય નોંધ રાખવી જોઈએ.'

વિવેકચન્દ્રે પ્રથમથી જ આમ કાળજી રાખી, ત્યારે અર્થગુપ્ત ઠંડે કાળજે પોતાની નોકરીની જગ્યાપર જવા નિકળ્યો તેના મનમા એમ ઠસ્યુ હતું કે, 'હમણા શી ઉતાવળ છે? થાય છે, કંઈ નહિ તો સો પચાસ માસ તો સ્થિરતાથી રહેવાનું થશે જ થશે હમણા કોને હિસાબ આપવાનો છે?'

આ પ્રમાણે બન્ને જણા એક જ દિવસે, એક બીજાને મળી ભેટી જૂદા જૂદા વિચાર કરી, કાગળપત્ર લખવાની ભલામણ કરીને, જૂદા પડ્યા ઉભયે શેઠને પ્રણામ કરી, તેમની શિખ લઇને વિદાય થયા વિવેકચદ્રે પોતાની જગા ઉપર જતા જ જૂના કારભારીના હાથમાથી સઘળો વહીવટ તપાસી લીધો, પેઢીનુ લેણું દેણું ચોપડા ઉપરની તપાસીને બરોબર જાણી લીધુ, તેમજ રોકડ નાણું તથા વ્યાપારની માલ મિલકત પણ બરોબર તપાસી ગણી લઈ, તેને પાવતી લખી આપીને છૂટો કર્યો, અને તે સઘળી વિગત પોતાના શેઠને જણાવી, પોતે નવે-

સરથી પેઢીનો વહીવટ કરવા માંડ્યો. મંગલાચરણમાં પોતાના હાથ નીચેનાં માણસોને તાકીદ કરી ચોંપથી ઉઘરાણી કરવાની આજ્ઞા આપી, તથા તકાદો કરનારા લેણિયાતોને લેણા પેટે વળે પડતો માલ આપીને, તેમ જ થોડીઘણી નાણાંની રકમો આપીને ઠંડા પાડી દીધા! પોતાને ત્યાં પુરાત પડેલો માલ શેઠને ત્યાં ખપ હોય કે દેશાવર ખાતેની કોઈ શાખા-પેઢીને જરૂરનો હોય તો તે જાણવાને ઉપરાઉપરી ચારે તરફ પત્રો મોકલી, જ્યાં માલની ખપતી જણાઈ ત્યાં માલ રવાના કરવા માંડ્યો એવી રીતે ચારે તરફથી ચોખ્ખું કરીને દુકાનનો વહીવટ હલકો ફૂલ જેવો કરી મૂક્યો તે પછી, સુખેથી નવા માલની ખરીદી, વેચાણ સાટા વગેરે કરવા માંડ્યા, અને થોડા જ સમયમાં ઉત્તમ પ્રકારનો વ્યવહાર ચલાવી અસલ કરતાં પેઢીની ઘણી સારી સાખ પાડી તે કોઈ પણ દિવસે દુકાનનું નામું ચઢવા દેતો નહિ રોજનો હિસાબ રોજ બંધ કરી દેતો હતો, દેશાવર ખાતેથી આવેલા કાગળ પત્રના પ્રત્યુત્તરો લખવાની ને કામકાજ માટેના પોતાના ખાસ પત્રો લખવાની એક દિવસની પણ ઢીલ રાખતો નહિ, દર વર્ષની સમાપ્તિએ આખા વર્ષના વહીવટનું સરવાયું કાઢીને, વગર મગાવ્યે શેઠને મોકલી આપતો અને તેમાં પોતાના સમયમાં થયેલો ચોખ્ખો નફો વા ટોટો દેખાડી આપતો હતો આ પ્રમાણે સુમારે ત્રીસ ચાલીસ માસ વહીવટ કરતાં તેણે શેઠને ઘણો સારો નફો પેદા કરી આપ્યો, જેથી શેઠ તેના પર બહુ જ સંતુષ્ટ થયા અને તેને પોતાની તરફથી સારો શિરપાવ મોકલી આપ્યો.

ઘણાક દિવસ આ નોકરી કરવાથી વિવેકચન્દ્રે હવે કેટલોક સમય સુધી વિશ્રાંતિ લેવા ધાર્યું ને તે માટે તેણે શેઠને રજા સારુ લખી જણાવ્યું, ત્યારે શેઠે તેની ઘણીક પ્રશંસા કરીને, તેમ જ પગારમાં સારો વધારો કરી આપીને, આગ્રહપૂર્વક લખી જણાવ્યું કે, "ભાઈ વિવેકચન્દ્રને માલુમ થાય કે, તમોએ અમારી પેઢીની ગાદીપર બેસી અમારી પ્રતિષ્ઠામાં, તેમજ દ્રવ્યમાં, બહુ સારી વૃદ્ધિ કરી છે. અમો તમને રજા આપવાને યત્કિંચિત્ પણ રાજી નથી, કારણ તમારી જગા ઉપર તમારા જેવા મોભ્ભાનો માણસ હાલમાં અમને મળી શકવો ઘણો દુર્લભ છે, તમારું કામ તમને જ શોભે છે. તમે શરીરને વિશ્રાંતિ લેવા અર્થે જણાવ્યું, તો હાલના કામનો બોજો ઓછો થવા સારુ એક માણસની તમારા હાથ નીચે વધારે નિમણુક કરજો, પણ અમારી ઇચ્છા છે કે તમારે કેટલીક મુદત સૂધી અમારું કહ્યું માનીને રહેવું ને પેઢીની પ્રતિષ્ઠા

વધારવી!" એ ઉપરથી વિવેકચન્દ્રે રજા લેવી મુલતવી રાખી અને પોતાનું કામ જેમનું તેમ સાવધપણે ચલાવવા માંડ્યું.

પણ યજ્ઞભૂ! હવે વિવેકચન્દ્રના મિત્ર પેલા અર્થગુપ્તનુ શું થયું તે સાંભળ. એ જો કે ધર્મનિષ્ઠ અને ન્યાયપરાયણ હતો ખરો, તો પણ સ્વભાવે વિવેકચન્દ્ર કરતાં જૂદો હતો. તે બહુ પ્રમાદી અને અસાવધ હતો તેના મનમા, 'ફલાણું કામ થાય છે, કરીએ છીએ, શું વહી જાય છે,' એવા જ વિચાર સદા રમણ કરતા હતા. તે શેઠ પાસેથી નિકળ્યો ત્યારથી જ તેણે એકપર એક કામ મુલતવી રાખવા માડ્યા તેની જગા પરનો આગળનો મુનિમ બહુ સાવધ હતો, તેથી અર્થગુપ્તના હાથમા આર ભથી જ સઘળો ચોખ્ખો વહીવટ આવ્યો હતો તેના પૂર્વાધિકારીના કામમા કોઇ વાતનો લોચો કે ગડબડગોટો હતો નહિ તે પોતાનું કામકાજ તથા દુકાન, અર્થગુપ્તને સોંપી શેઠ તરફ વળ્યો ત્યાર પછી કેટલાક માસ સૂધી તો અહીં ઠીક ઠીક ચાલ્યુ, કેમકે આગળનો વહીવટ ને આટ પડી રહી હતી, અને ખાતાદારો તથા આડતીઆઓ હમ્મેશા નાણાની ભરઉપાડ ચોખ્ખી રીતે જ કરતા હતા, તેથી હરકત હિલ્લો નડ્યો નહીં. પણ ધીરે ધીરે તેઓએ અર્થગુપ્તનો સ્વભાવ જાણવાથી ઠડમઠડા ચલાવવા માડી. અર્થગુપ્ત આજનું કામ કાલે ને કાલનુ કામ બે દહાડા પછી થઈ રહેશે, એવા વિચારમા રહેતો હતો, તેનો લાભ મહેતા વગેરે કામદારોએ પણ લેવા માડ્યો ત્યારે નિશ્ચય જાણવુ કે આળસુ અને પ્રમાદી મનુષ્યને સઘળા કામમા આળસ ને પ્રમાદ નડે છે ને તેથી તે સર્વ વાતે પરાજય પામે છે પ્રભુભજન અને વ્યાપારના કામમા એ બે દુર્ગુણોનો પાસ લાગવાથી સઘળું કાર્ય વિનાશ પામે છે! મનુષ્ય પ્રથમ દુર્ગુણ વગરનો હોય, પણ પાછળથી તેનામા એકાદો દુર્ગુણ પ્રવેશ કરવા માડે, ત્યારે પ્રથમ તો તેના ધ્યાનમા જ આવતુ નથી કે, ફલાણો દુર્ગુણ મારામા પ્રવેશે છે, માટે મારે તેને હઠાવવો! પણ ઉલટુ તે દુર્ગુણમા લીન થતો જાય છે એક પેઠે કે ધીરે ધીરે અનેક બીજા દુર્ગુણો સુદૃઢ થઇને તેના સ્વભાવની સાથે એવા હળીમળી જાય છે કે, તેને તે માલમે પડતું નથી કે મારામા આ દુર્ગુણ ન હતો તે નવો આવ્યો છે સારાશ કે મનુષ્યને પ્રથમ ભાસતું જ નથી કે, મારામા અમુક દુર્ગુણો વસે છે, અને કદાચ જાણ્યામા આવ્યુ તો તે તેને એટલુ મોડુ જાણવામા આવે છે કે, તેનો નાશ કરવાને તે અશક્ત જ થઈ પડે છે.

અર્થગુપ્તમા અસાવધપણાંનો અને પ્રમાદનો અવગુણ ઘણા દિવસથી વાસ કરીને રહેલો હતો. તેનું અતઃકરણ દુષ્ટ નહોતું, તેમ પાપીએ નહોતું. તેના મનમા ખરેખરી એજ ભાવના હતી કે મને જે કામ સારુ અહીં મોકલવામાં આવ્યો છે, તે બરોબર પાર ઉતારી, મોકલનાર શેઠનું ભલુ થાય અને તેની પ્રતિષ્ઠા સચવાય તેમ વર્તવું પણ એમ લુખ્ખી ભાવનાથી શું વળે? તેનો પ્રમાદ અને તેની અસાવધતા તેની ભાવનાનો જય થવા દે તેવાં નહોતા. તેના હાથ નીચેના માણસોપર બિલકુલ ચોંપ નહોતી, તેથી તેઓ વખતોવખત ઉઘરાણી તથા નામું ચઢાવી મૂકતા; અને જ્યારે તે એકાએક તાકીદ કરતો, ત્યારે 'હયોજી, અમુક અમુક કામ હતું તેથી કામ રહી ગયેલું છે, પણ આપની આજ્ઞા થઈ તો એક બે દિવસમા તૈયાર કરી દઈશુ,' એમ કહી ઉતાવળથી હિસાબ નક્કી કરવા ને નામું ચોખ્ખુ કરવા મડી પડતા. પણ એવી દોડધામનું પરિણામ શુ? વારેઘડીએ ઘણીક ભૂલ થતી, ને તેથી વરસ આખરનો હિસાબ મેળવતા ઘણી અડચણ પડતી દેશાવરના કાગળપત્રો લખવામા ઘણીવાર આજનું કામ કાલપર રહેતું હોવાથી, તેમ જ પોતાની તરફથી દેશાવર મોકલવાના માલને રવાના કરવા સારુ થોડા દિવસની ઢીલ થઈ જતી હોવાથી, અને વખતે માલનો ભાવ મદ થઈ જવાને લીધે, ઘણુંક નુકસાન પણ ખમવુ પડતું હતું ઉઘરાણી મોળી કરવાથી અથવા સામી આસામી વખતે નબળી પડી ગયેલી જણાય, તોપણ તેની પાસેથી નાણા કઢાવવાની સહજ ઢીલ થવાથી, અગર નાણા પેટે વળે પડતો માલ લઈને પણ તેના દબાણમાથી નિકળવાની યુક્તિ ન હાથ કરવાથી, તેનું ઘણું નાણું ખોટુ થતુ હતું. એમ ચારે તરફ અવ્યવસ્થા થઈ રહેલી હોવાથી, વરસ આખરે શેઠને હિસાબ પણ જણાવી શકાતો નહોતો, અને કદાચ મોડો વહેલો જણાવવામા આવતો તો તે બહુ અસતોષકારક હોવાથી, શેઠને બહુ માઠુ લાગતુ પણ 'હવે પછી કેમ થાય છે તે જોઈએ તો ખરા,' એ વિચારપર અવલબી શેઠ, છેવટના નિશ્ચયપર આવવા માટે પૂર્ણ ધીરજ રાખતો હતો. આમ થોડા દિવસ સૂધી તાલમેલ જોઈ, આસપાસના સમાચારોપરથી, તેમ જ અર્થગુપ્તની પેઢીના દમવગરના કાગળપત્રોપરથી, શેઠે વિચાર કીધો કે, હવે અર્થગુપ્તને ઝાઝા દિવસ પેઢી પર રાખવાથી, આપણે મોટા નુકસાનમા આવી પડીશું, તેથી તેને ત્યા મોકલવા માટે બીજા એક નિપુણ માણસને શોધી કાઢી અર્થગુપ્તને તુરતાતુરત પોતાની પાસે આવવા સારુ હુકમ લખ્યો.

શેઠનો હુકમ આવતાં જ અર્થગુપ્તના મનમાં મોટો ધ્રાસ્કો પડ્યો. તેને એકે દિશા સૂઝી નહિ 'હવે શું કરવું? શેઠને હું શો જવાબ આપીશ? શેઠે તો મને અણચિંતવ્યો તેડાવ્યો એ શું? આ વરસની આખેરી સૂધી મને મુદ્દત આપી હોત તોએ હું સઘળું તૈયાર કરી ચોખ્ખું કરત, પણ શેઠે તો હુકમ કીધો છે કે, વગર વિલબે આવજો! હવે કરવું તે શું? અરે દૈવ! હું આ વાત કહું પણ કોને?' ઇત્યાદિ વિચારોમાં તેનુ મન બહુ જ ગુચવાઈ ગયુ આ વખતે પોતાનો અસલનો મિત્ર વિવેકચન્દ્ર, જે તેને બહુ ચહાતો હતો, અને જેની સાથે તેનો નિરંતર પત્રવ્યવહાર ચાલતો હતો તે, તેને સાભરી આવ્યો મિત્રની આગળ ઘણું કરીને કોઈ વાત ગુપ્ત રખાતી નથી, અને તેને ભલીભુંડી કે સુખદુઃખની વાત કહેવા માટે મનમા કશી શકાએ થતી નથી, કારણ કે, મિત્ર સદા મિત્ર-હિતૈષી હોય છે અર્થગુપ્તને આ સંકટસમે વિવેકચદ્રનુ સ્મરણ થયુ તેણે પોતાના યથાર્થ સમાચાર પત્રદ્વારા તેને તાબડતોબ જણાવ્યા. કાસદ અતિશય ત્વરાથી પત્ર લઇને વિવેકચન્દ્રને મુકામે ગયો ને તેને નમન કરી પત્ર આપીને જણાવ્યુ કે, 'કૃપા કરી આ પત્રનુ પ્રત્યુત્તર જલદી આપશો, એમ ત્યાથી કહાવેલુ છે.' વિવેકચન્દ્ર પત્ર ઉકેલીને વાચવા લાગ્યો,—"હે મિત્રવર વિવેકચન્દ્ર! આપનો મિત્ર હું અર્થગુપ્ત હાલમા મોટી આપત્તિમા આવી પડેલો છુ શેઠનુ કામ જો કે મેં કેવળ સત્ય-તાથી અને નિષ્કપટપણાથી આજ પર્યંત ચલાવ્યુ છે, છતા આખરે હું એકાએક તેના ઠપકાને પાત્ર ઠરુ એવો સમય આવ્યો છે. મને આનુ કારણ સમજાતુ નથી શેઠજીએ મને હાલને હાલ મારુ કામ અધવચથી છોડી, પોતાની પાસે બોલાવ્યો છે મારો હિસાબ કિતાબ તથા લેણુ દેણુની નોંધ તૈયાર નથી, તો હવે હું કેવી રીતે ત્યા જાઉં? મારાથી તેમને કશો જવાબ દઈ શકાય તેમ નથી. માત્ર શેઠજીએ મને બે ચાર માસ અગાઉ ચેતાવ્યો હોત તો હું મારુ સર્વ કામકાજ ઠીકઠાક કરી દેત, જેથી અત્યારે તેની પાસે જવાને મને કશી અડચણ રહેત નહિ. અગર તેમ નહિ તો માત્ર આ ચાલતું વર્ષ પૂરુ થવા દીધુ હોત, તોપણ હું અહીંનુ કામ ચોખ્ખુ કરી સત્વર શેઠજી પાસે જાત પણ શેઠજીએ તો લખ્યુ છે કે, 'તમને અમારી પાસે આવતા જરા પણ વિલંબ લાગવો નહિ જોઇએ' આ કેવી મોટી અડચણ? અત્ર સઘળુ અવ્યવસ્થિત પડેલુ છે; ઉઘરાણી સઘળી એમની એમ છે, ગમે

તેટલી ચોંપ રાખીએ, તોપણ હમણા તે પતે એમ નથી; કેટલીક આસામીઓ ડૂબેલા જેવી જ લાગે છે; રો ડુબી ગઈ છે એમ કહું તોપણ ચાલે, પુરાતમા નાણા પૂરેપૂરા છે નહિ, ને આડતીઆઓની કેટલીક હુંડિયોની મુદતો પાકી ગયેલી છે, તો તે નાણા કેમ ભરવા, એ સૂઝતું નથી. ઘણીક જાતનો માલ પણ હજુ દુકાન ખાતે પડેલો છે, જેના ઘરાક જાગતા નથી; નહિ તો તેના નાણા તેમા ભરત, હુંડીના નાણાની રકમ લગભગ દશ હજાર જેટલી થવા જાય છે, પણ તે પતાવવાની કશી સવડ નથી. આટલુ છતા પણ શેઠે બોલાવ્યો છે, તેથી હું તો જાત; પણ ભાઇ! દુકાનનુ નામુ પણ કેટલેક દરજ્જે ચોખ્ખુ નથી, તો હવે જઇને હું શુ દાવ દેખાડવાનો હતો ! હું ચારેકોરથી ગભરાયો છુ, મને એકે દિશા સૂઝતી નથી, એટલે સામટી ચિંતાઓથી મારુ મસ્તક શૂન્ય થઈ ગયુ છે. મારો એકે વિચાર પાસરો કે દૃઢ થતો નથી, ને છેવટે હવે મારી તો પ્રતિષ્ઠા ગઈ જ છે, પણ શેઠની પ્રતિષ્ઠા–શેઠની પેઢીની પ્રતિષ્ઠા કેમ રહેશે, તે વિચારને લીધે મને અન્ન પણ ભાવતુ નથી મને તો સૌથી સરળ ઉપાય એ જ લાગે છે કે, આવી દુ:ખ ભરેલી જીવનદોરીને તુરત તોડી નાખીને સુખી થવુ, એટલે સઘળી ચિંતાઓનો અત આવી જાય! પણ મારા હિતેચ્છુ મિત્રને મારી વિગત જણાવ્યા વગર હું આ જગતમાથી કેમ અદૃશ્ય થાઉં? માટે પ્યારા સ્નેહી ! હવે છેલ્લે એટલું જ કહું છુ કે, અદ્યાપિ પર્યંત થયેલા મારા સર્વ અપરાધો તુ ક્ષમા કરજે, ને મારી પછવાડે મારા કુટુંબને ધીરજ આપજે હું છેલ્લી ઘડીએ તારા દર્શન કરવાને બહુ જ આતુર છુ, પરતુ નિરુપાયે માત્ર તારા પત્રને જ જોવાથી તારા દર્શન થયા જેટલો સતોષ માનીશ, માટે પ્રત્યુત્તર કૃપા કરીને ઝટ મોકલાવશો."*

'હરિ! હરિ! આ કેવો અનર્થ? કેટલી મૂર્ખતા!' આ પત્ર વાચતા જ એકાએક વિવેકચન્દ્રના મુખમાથી બોલાઈ જવાયુ 'હું પ્રથમથી જ એને કહેતો હતો કે, ભાઈ અર્થગુપ્ત! તું તારુ આળસ ત્યજી દે. એ આળસ કોઈ દહાડો તને ખરાબ કરશે ખરેખર તેવો જ સમય આજે આવ્યો આ સર્વ તેના આળસ ને પ્રમાદીપણાનુ જ પરિણામ છે. તેણે શેઠનુ નબળુ કરીને પોતાનું ભલુ કરવા ધાર્યું નથી, અર્થાત્ તેના કપટ કે અપ્રમાણિકપણાને યોગે કઈ આ વખત આવ્યો નથી, પણ માત્ર તેની

* પ્રભુને જે પ્રાણી સ્મરતો નથી તેવા જનની આ અતકાળની વાણી પણ સમજવી.

અસાવધતા (અવિદ્યા)ને લીધે જ, પોતાનો જીવ અને શેઠની આબરૂ ગુમાવવાનો સમય આવ્યો છે. પણ ફિકર નહિ. પુરુષના સ્વાધીનમાં કોઈ વાત નથી એમ નથી! ભૂલ મનુષ્યથી જ થાય છે; અને એટલા માટે શું પોતાનો અમૂલ્ય દેહ ખોઈ આત્મઘાતી થવું? નહિ નહિ, હું મારા પ્રિયમિત્રનો ઘાત થવા દઇશ નહિ. પણ એને માટે મારે શો ઉપાય યોજવો?' એમ વિચાર કરતો તે તુરત પોતાના ઓરડામા ગયો, ને ગાદીપર બેશી, અર્થગુપ્તપર પત્ર લખવા માડ્યો. થોડીકવારે ઘણાક દિલાસા તથા અર્થગુપ્તે હવે શું કરવુ યોગ્ય છે, તેની યુક્તિઓ વગેરેથી ભરેલો પત્ર લખી, બધ કર્યો, તથા તે પર પોતાની મ્હોર કરી કાસદને આપી જરાક થોભવાને કહ્યું. પછી પોતાના હાથ નીચેના મુખ્યમુનિમને બોલાવી, શેઠના ભડારમાથી દસ હજાર રૂપિયા રોકડા કઢાવ્યા, ને તે આત્મચન્દ્ર શેઠની અર્થગુપ્તવાળી પેઢીને ખાતે ઉધારી થેલીઓ મજબૂત શીવી લીધી, પછી મોહોર છાપ વગેરેથી ચોક્કસ બદોબસ્ત કરી, એક સારા ઊંટપર લાદી તથા જોડે પોતાનો એક વિશ્વાસુ માણસ આપી, કાસદને તે સાથે રવાના કરી દીધો મોંઢેથી પણ તેણે તેઓ સાથે કહેવરાવ્યુ કે, 'આ ઉપરાત પણ બીજી સહાય જોઇએ તો નિ શકપણે લખી જણાવજો તથા ધીરજ રાખી પત્રમા લખ્યા પ્રમાણે કાર્ય કરજો'

દડમજલ કાપતા તે જ દિવસે રાત્રે તે બે માણસો ઊંટ સાથે અર્થગુપ્ત સમીપ જઈ પહોંચ્યા કાસદે પત્ર આપ્યા બાદ વિવેકચન્દ્રના ગુમાસ્તાએ પેલી થેલીઓ અર્થગુપ્તને ગણી આપી અર્થગુપ્તનુ મન કઈક હેઠુ બેઠુ પછી ભોજન પાનાદિકથી તે આવનાર ગુમાસ્તાની આગતાસ્વાગતા કરી, પછી એકાતમા જઈ વિવેકચન્દ્રનો પત્ર વાચવા બેઠો. પોતાના મિત્રના મોતીના દાણા જેવા અક્ષરો ઓળખીને આત હર્ષથી તેણે તે પત્રને પોતાની છાતી સરસો દબાવ્યો, ને વારવાર ચુબન કરી, 'મિત્ર હોય તો આવા જ હજો,' એમ બોલતા પત્રને ઉકેલી વાચવા માડ્યો

પત્રમા પ્રથમ બને પક્ષની કુશળતા ઇચ્છી હતી અને પછી તેમા જણાવ્યુ હતુ કે, "પ્યારા મિત્ર અર્થગુપ્ત! તારો સાઘત પત્ર વાચી હું બહુ જ ખેદ પામુ છુ તારા પર જે જે અડચણો આવી છે, તે મેં જાણી છે, પણ એ સબધે પહેલા મારે જણાવવુ જોઇએ કે, સુજ્ઞ પુરુષે ગમે તેવા દુ ખને સમયે પણ ધીરજ રાખવી જોઇએ પોતાના દેહ ઉપર તિરસ્કાર આણવો, અથવા છેલ્લો ઉપાય દેહ ત્યાગનો જ કરવો, એ કેવળ કાયર મનુષ્યનુ

કર્તવ્ય છે. તેં લખ્યું કે 'અત્રે સઘળું અવ્યવસ્થિત છે, નામું ચડેલું છે, ઉઘરાણી બાકી છે, ને થોડી મુદતમાં એ ગડબડાટમાંથી નિકળી શકાય એવું નથી. પણ કરું શું? શેઠે મને એકાએક બોલાવ્યો!' ભાઈ! એમાં બીજા કોઇની નહિ, પણ તારી પોતાની જ ભૂલ છે. તું શેઠ (પ્રભુ) નાં વચનને કેમ વિસરી ગયો? આપણને નોકરી(સંસાર) ઉપર મોકલતાં પહેલાં જ શેઠે આપણને પ્રથમ શું કહ્યું હતું કે, 'હું તમને નોકરી (સંસારમા કરવાના કર્તવ્યો) પર મોકલું છુ, પણ કયા સૂધી ત્યા રહેવું, તેની મુદ્દત હું તમને કહેતો નથી. મારી મરજીમા આવશે ત્યારે તમને તાબડતોબ તેડાવી લઇશ' આવી શેઠની સૂચના તારા સ્મરણમા રહી નહિ, એ કેવો પ્રમાદ! એ તો કદાચ શેઠે ચેતાવીને કહ્યુ હતું, પણ કદાચ ન કહ્યુ હોય તોપણ શુ આપણે પોતાના મનમા કાળજી રાખવી નહિ કે? શેઠ (પ્રભુ) ક્યારે આપણને બોલાવશે, આપણે તે સમયે તેને શુ ઉત્તર દઇશું તે માટે, પ્રત્યેક મનુષ્યે પોતપોતાના કામમા પ્રતિદિન સાવધ રહેવું જોઇએ કોણ જાણે, કાલે શું થશે ને શી આપત્તિ આવી પડશે, તેની કાળજી રાખી, નિત્યનુ કામ નિત્ય જ પૂરુ કરવુ જોઇએ કોઇ પણ કામ, આવતા સમયને માટે મુલતવી રાખવાની તારી કુટેવ (કાલે પ્રભુ ભજીશુ એ કુટેવ) હું ઘણા વખતથી જોતો આવ્યો છુ, અને એ વિષે મેં તને વારવાર ઠપકો પણ આપ્યો છે તથા એ કુટેવ છોડાવવાને બીજા ઘણાએ પ્રયત્નો કીધા છે, છતા અદ્યાપિપર્યંત તે સર્વ નિષ્ફળ થયા છે પણ ભાઈ! આ પ્રસ્તુત ઉદાહરણ ઉપરથી તારે તે કુટેવ હમેશને માટે છોડી દેવી જોઇએ, અને અસાવધપણારૂપી નિદ્રામાથી એકાએક જાગૃત થવુ જોઇએ અસાવધ મનુષ્ય કદી પણ કાર્યમા જય પામતો નથી તુ વિચારી જો કે, અસાવધપણાથી શુ નથી બગડ્યુ ને નથી બગડતું? આળસ, અવિદ્યા, મુલતવી રાખવાની કુટેવ, તેમ અવિચાર્યું સાહસ, એ સઘળા કુટુબીઓજ છે પુરુષે (પ્રભુભક્તે) તે સઘળાને અદીઠજ કરવાના છે. માટે મારી એટલી જ વિનતિ છે કે, હવે પછી કોઇ પણ દિવસે આજે કરવાનુ કામ કાલે કરવાની મૂર્ખાઈ કરતો નહિ કોણ જાણે કઈ વખતે શું થઈ જશે ને શી આફત આવી પડશે, તેનો સદા વિચાર કરી, પળેપળ કાળજી રાખજે પોતાની જાતે કરવાનુ કામ માણસોને સોંપી, તેની પાસે કરાવતો નહિ. જે સમય જાય છે તે પાછો આવતો નથી, તે આપણા આયુષ્યમાથી જરૂર ઓછો જ થતો જાય છે. ભર્યા ભાણાપર જમવા બેઠેલા માણસના હાથમાંનો ગ્રાસ,

મોંઢા આગળ ગયા છતાં, તે અદર જવા પામતો નથી; કેમકે તે જવા દેવાની સત્તા પ્રાણીના હાથમાં નથી, તો પછી ફુલાણું કામ અમુક સમય પછી કરીશું, હમણા શી ઉતાવળ છે, એમ ભવિષ્યનો વિશ્વાસ રાખી બેસનારને કેવો મૂર્ખ ગણવો? તું જો રોજનુ નામું રોજજ લખ્યો ગયો હોત (પ્રભુભજન નિત્ય કીધું હોત), ઉઘરાણી (સેવાદિકાર્યો) રોજની રોજ જ કરી હોત, અને દેણુ (દાન ધર્માદિ) પણ રોજનુ રોજ ચૂકાવ્યુ હોત તો વારે આવો સમય આવત નહિ. પણ તેં તો આળસની સાથે જ ગાઢી મૈત્રી બાધી છે પણ ભાઈ! આળસુ મનુષ્ય કદી કોઈ વાર જય પામતો નથી મારે એટલુજ કહેવાનુ છે કે, હવે પછી તું આળસ અને પ્રમાદનો સમૂળગો ત્યાગ કરજે, અને મેં આ પત્ર સાથે રૂપિયા દસ હજાર રોકડા મોકલ્યા છે. તે આપણા શેઠની લાજને સારુ લેણિયાત માત્રને, દિવસ ઉગતામા ચૂકવી આપજે, કોઈ પણ વ્યાપારીને તારી પેઢીને માટે ખોટો વિચાર આવે નહિ, તેની સભાળ રાખજે વળી જે માલ તારે ત્યા પુરાત પડેલો છે, તેમાથી કેટલોક અમારે ત્યા ને કેટલોક મારા ગુમાસ્તાને પૂછીને, તે કહે તે તે દેશાવર ખાતે તાબડતોબ રવાને કરી દેજે, કેમકે મારા જે જે આડતીઆઓને માલની ખપતી છે, તે મારો (તારે ત્યા આવનાર) ગુમાસ્તો જાણે છે. વળી, શેઠને તું તારા ગુમાસ્તાઓ મારફત એવી રીતે પ્રત્યુત્તર લખાવજે કે, 'શેઠજી! આપની આજ્ઞાને આધીન છુ, જેવી આજ્ઞા!' આવા સમાચાર જવાથી શેઠ વખતે ધીરજ ધરશે ને આજકાલ કરતા સહજ બે માસ નિકળી જશે પણ એટલામા તુ તારુ સર્વ કાર્ય યથાસ્થિત ચોખ્ખુ કરજે જોજે, કાળજી રાખજે, વારવાર એમ થાય નહિ આ ઉદાહરણ ખુબ હૃદય સાથે સ્મરણ કરી રાખજે અને તારા કામમા નિરતર ચેતતો રહેજે, જેથી શેઠ ચાહે તો ગમે તેવે સમયે ઓચિંતા બોલાવે તોપણ ત્યા જવાને તને ડર રહેશે નહિ આવી રીતનુ ઉપરથી ઘણે દરજ્જે તોછડું દેખાતું લખાણ તારી પર લખતા મારા મનને બહુ ગ્લાનિ થાય છે, પરતુ મિત્ર છે, તેથી મિત્રના ગમે તેવા સભ્ય અસભ્ય શબ્દો સાભળીને ખેદ પામશે નહિ, એવી હુ આશા રાખુ છુ. મારા જેવા મિત્ર વગર તને આવા તોછડા શબ્દો લખવાને કોણ હિમ્મત કરત? માટે ભાઈ? છેવટે, એટલુ જ લખવુ બસ છે કે, ઉંઘેલો માણસ નિદ્રામાથી એકાએક જાગૃત થાય, તેમ તુ તારામા રહેલા આળસ અને

પ્રમાદાદિક દુર્ગુણને દૂર કરીને જાગૃત થઈ જા, સદાને માટે સાવધ–સચેત થઈ જા, જેથી શ્રીહરિ તને સુખી કરશે.” પોતાના મિત્રના આવા શિક્ષણરૂપ પત્રથી મનમા બહુ ચાનક, ચિવટ અને હિમ્મત રાખી, અર્થગુપ્તે તે પ્રમાણે કીધું અને તેમ કરવાથી પોતાના કામમાં તેણે જય મેળવ્યો તેમ જ શેઠના મનમા આવેલો ખરેખરો–અવિશ્વાસ પણ દૂર થઈ ગયો. પછી કેટલીક મુદ્દત બન્ને મિત્રો એકઠા થયા અને પોતપોતાના કામમા પરસ્પરને સાવધ તથા સુખી જોઈ, પરમ હર્ષને પામ્યા, તથા નિરતર એમ વર્તવાથી તેમના માનમા પણ ઘણો વધારો થતો ગયો. છેવટે બને મિત્રો, આત્મચન્દ્ર શેઠને ત્યા પોતાનુ કર્તવ્ય પૂર્ણ કરી, સર્વ માનપાન ને પૂર્ણ આનંદથી તેના બોલાવ્યાથી ગયા

આ મેં તને સાવધ રહેવાનુ એક વ્યાવહારિક દૃષ્ટાત કહ્યું એ ઉપરથી તને લાગ્યુ હશે કે, અસાવધ મનુષ્ય કેવા દુ:ખને પામે છે. વિવેકચન્દ્રે પોતાની મિત્રતાનો ટેક જાળવી, અર્થગુપ્તને સહાય ન કરી હોત તો અર્થગુપ્તનો ખરેખરો વિનાશ કાળ આવી લાગ્યો હતો! પ્રતિષ્ઠા ઓછી થવાથી તેને આપઘાત કરવો પડત અથવા તો શેઠની આગળ જઈ ઘણે નીચે મોંડે ઉભુ રહેવુ પડત, એ તો વળી આત્મઘાત કરવા પણ વિશેષ દુ ખકર થઈ પડત એ સઘળુ બીજા કશાથી નહિ, પણ માત્ર પોતાના આળસ ને પ્રમાદીપણાનું ફળ હતું આ અસાવધપણાનુ દૃષ્ટાત પ્રપચમાથી કહાડી પરમાર્થમા લગાડીશ તો બન્નેનો એક જ અર્થ નિકળશે માટે હે સાધુ! મનુષ્યે પરમાર્થ વસ્તુ સાધવામા નિરતર સાવધ રહેવુ, એ તેનુ નિત્યનુ, મહત્વનુ શ્રેયસ્કર કર્તવ્ય છે.

આ દૃષ્ટાત આપણે જો પરમાર્થ કાર્યમા લાગુ કરીએ તો તે આવી રીતે ઘટાવી શકાય છે સકળ જગતને ઉત્પન્ન કરનારા પરમાત્મા જ કોઈ એક ધનાઢ્ય શેઠ છે તે પોતાના અશભૂત જીવોને આ નરદેહરૂપી પેઢીઓ ઉપર કાર્યભાર કરવા માટે મોકલે છે. જગતના શેઠના કરતા આ શેઠના વિચાર તો અતિગૂઢ અને બહુ બહુ પ્રકારે ચમત્કૃતિથી ભરેલા છે. આગલો શેઠ ગુમાસ્તાને પરદેશની પેઢીપર મોકલતી વખત તેના પગાર વગેરે સઘળી બાબત જણાવતો હતો, માત્ર મુદ્દત ગુપ્ત રાખતો હતો, પણ આ શેઠ તો સઘળુ જ *ગુપ્ત રાખે છે! છતા પણ તેના ઘણાક (જીવો) કાર્ય-

* દરમાયો વગેરે ભૂત માત્રનો દરમાયો પ્રારબ્ધ તે ગુપ્ત જ હોય છે, તેને જીવ જાણી શકતો નથી પણ સચિત પ્રમાણે તેનુ ફળ તેને આપોઆપ મળ્યું જાય છે

બારીઓ (નરદેહરૂપી) પેઢીપર જઈ કેવળ પ્રમાદી રહે છે 'હજુ તો પ્રભુએ મને હમણાં જ મોકલ્યો છે, એટલામાં શું તે મને પાછો બોલાવી લેશે ? અર્થાત્ હું બાળક છું, હમણાં જ જન્મ્યો છું, માટે હમણાં જ કંઇ મારે મરવું નથી ! મારે તો હમણા ખાવું, ખેલવું અને આનદમાં રહેવાનું છે. હમણા પ્રભુભક્તિ કરીને શું કરવું છે ? મોટો થઇશ ત્યારે સત્સગતિ કરીશ, સાધુ પુરુષને શરણે જઈશ, પ્રભુ ભજન સેવન કરીશ પેદા તો કરુ, પછી દાન ધર્મ સૌ થશે હજી તો બહુ જીવવું છે આજે જ પ્રભુભક્તિ કરીએ તો સસાર કેમ તરીએ !' આવો વિચાર કરી ભૂતમાત્ર નિશ્ચિતપણે સસારમા વિહાર કરે છે, પણ ઈશ્વરપ્રાપ્તિ સબંધી ક્ષણભર પણ વિચાર કરતો નથી, કર્મ, ઉપાસના કે જ્ઞાનમાથી એકે ઉપાય યોજતો નથી. જો કે તે પોતાના કરતા પણ નાની ઉમરના બીજા ઘણાક મનુષ્યોને મરતા જુવે છે, તથાપિ તે ચેતતો નથી, કે કાલે મારુ મૃત્યુ થયુ તો શુ થશે ? રે! સત્કર્મ કીધા ન હશે, પ્રભુને ભજ્યા ન હશે, તેનું સ્વરૂપ જાણ્યું કે વિચાર્યું ન હશે તો મારી શી ગતિ થશે ? આના કરતા બીજુ અસાવધપણું કીયું હોય ? મનુષ્યે આ દેહનો એક ક્ષણ પણ ભરોસો કરવાનો નથી આ સ્થૂલ દેહનો અત ક્યારે આવશે ને કયી ઘડીએ આ દેહ પડી જશે, તેની પુરુષને કશી ખબર નથી, છતા આપણે ફલાણા કામમાથી પરવારી નવરા થઇશું, એટલે પ્રભુસબધી કંઇક કરીશું, થઈ રહેશે, પ્રભુ ભજાશે, જ્ઞાન મેળવશું, પ્રભુની પ્રાપ્તિ અર્થે કયા ઘડપણ નથી, એવો વિચાર રાખનારા કરતા બીજો મૂર્ખ કોણ ? પણ અરે ! કોણ જાણે, ક્યારે મારો કાળ આવી પહોંચશે, માટે મારે તો સદા સાવચેત રહેવુ જોઇએ. રે, કોને ખબર છે કે કયે અણચિંતવ્યે સમયે મારા હાથમાથી આ નરદેહરૂપી રત્ન–અમૂલ્ય રત્ન–ખોવાઈ જશે, લૂટાઈ જશે ! મારે તેનો આજે ને આજે જ બને તેટલો સદુપયોગ કરી લેવો ! રે ! ટીપે ટીપે સરોવર ભરાય ને કાકરે કાકરે પાળ બધાય રોજ રોજ થોડુ થોડુ પુણ્ય કર્મ કરીશ, પ્રભુભક્તિ કરીશ, જ્ઞાન મેળવી સસારની માયાની જજાળમાથી ખસતો ને ખસતો રહીશ, તો સસાર ત્યજતી વેળા સૂધીમા તો મોટો ડુગર થશે ! નિત્ય નિત્ય સત્સગ કરીશ તો અત કાળ વેળા કશામા ન બધાતા મુક્ત જ રહીશ, અહર્નિશ ભજન કીર્તન કરીશ તો તેની જ લેહ લાગી રહેશે ને અત સમયે તે અલબેલો મને મૂકી દેશે નહિ તે મને સભાળી લેશે માટે, હું સન્માર્ગે કેવી રીતે ચઢી શકુ, મને તે પરમાત્મા

સંબંધી જ્ઞાન આપનાર સદ્ગુરુ ક્યારે મળશે; સોળે કળા સમ્પૂર્ણ શ્રીકૃષ્ણ પરમાત્માના સ્વરૂપનું દર્શન કેમ થશે અને તેને મેળવવા માટે મારે શો યત્ન કરવો જોઇએ? ઇત્યાદિ વિચારોમાં જ જેનું મન નિરંતર તલ્લીન રહે છે, તે પુરુષ સદા સાવધ કહેવાય છે! સદા જાગ્રત્ મનાય છે! તે કદી લૂંટાઇ જતો નથી.

દેવ, ઋષિ, પિતૃ, મનુષ્ય ઇત્યાદિમાથી કોઇનું પણ જેને માથે ઋણ નથી કે કોઇના ઋણ નીચે જે આવતો નથી, તે જ સાવધ છે, અને આવે છે તો તુરત તેમાથી મુક્ત થઈ જવાનો યત્ન કરે છે, તે પણ સાવધ છે! જે કોઇના અપકારમા કે ઉપકારમા આવતો નથી, અને દૈવવશાત્ કદી આવી ગયો તો તે અપકાર માટે અનુગ્રહ મેળવવાનો અને ઉપકાર માટે ઉપકાર કરી તેના ભારમાથી મુક્ત થવાનો શીઘ્ર પ્રયત્ન કરે છે, જે પોતાને કરવાનાં કાર્યોનો કદી ઉધારો રાખતો નથી– નિત્યનુ કામ નિત્ય કરીને, પળે પળે સાવધાન જ રહે છે, તેનુ અવસાન સુખાકારી નિવડે છે, અર્થાત્ કોઈ પણ વેળાએ ઓચિંતુ મરણ આવી પહોંચે છે તો, સદા સાવધ જીવ સુખથી પરમાત્માના પુર પ્રતિ પ્રયાણ કરવાને તત્પર જ હોય છે, તેને તે સમયે કશી ચિંતા રહેતી નથી કે, મરણ પછી મારુ શું થશે ને હુ કયા જઈ પડીશ! તેમ જ ઈશ્વરના ઉપકાર અથવા અપરાધના બોજા હેઠળથી હું કેમ છૂટીશ! એવો ભય સદા સાવધ, સદા જાગ્રત્, સદા ચેતનાવાળા ભૂતને રહેતો નથી. એવો જીવ પ્રપંચશુદ્ધ કહેવાય છે એવા જ જીવથી પરમાર્થ સધાય છે, એવા જ જીવથી મોક્ષના માર્ગપર ચઢાય છે એવા જીવનો પ્રપચ તે પણ પરમાર્થરૂપ જ હોય છે. સર્વ વાતે સાવધ રહેવાની દૃઢ ટેવ, એ જ પ્રપંચમાથી પરમાર્થમા જવાનું મુખ્ય સાધન છે. મનુષ્ય પ્રાણીએ ઇશ્વરસબધી કાર્યમા નિરતર સાવધ રહેવુ, એ આવશ્યક કર્તવ્ય છે પ્રભુપ્રાપ્તિના કાર્યમા આળસ કે પ્રમાદ કે આજનુ કાર્ય કાલપર મુલતવી રાખવાની ટેવ રાખવી નહિ જ, એ જ આ દૃષ્ટાતનુ તાત્પર્ય છે એ પ્રમાણે સૌ વાતે સાવધ હોય, તે મનુષ્ય જ ભવબધનમાથી છૂટી પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેના પોતાના સર્વ કર્તવ્યો સાધી શકે છે તે જ પ્રભુનો અનન્ય ભક્ત બને છે પ્રથમથી જ મનુષ્યે જાગ્રત્ રહેવુ, અર્થાત્ પોતાના સર્વ કર્તવ્ય સાધવા માટે સાવધ રહેવું, એ જ મોક્ષપ્રાપ્તિનું બીજ છે. હે નિર્વિકારી મુમુક્ષુ! હું, તે કર્તવ્યોમાનાં મુખ્ય મુખ્ય કહું છુ, તે તું સાભળ -

૧ લું કર્તવ્ય-મનુષ્યે સદ્‌ગુરુને શરણે જવું અને તેની કૃપાપ્રસાદી મેળવવા માટે તેની વિશુદ્ધ ભાવનાથી સેવા કરવી.

૨ જું-સદ્‌ગુરુના વચનપર દૃઢ વિશ્વાસ રાખવો.

૩ જુ-એક જ મતનું-માર્ગનું અનુસરણ કરવું

૪ થુ-સંગતિ સાધુની-સજ્જનની,જ્ઞાનીની અનેહરિભક્તની જ કરવી.

૫ મુ-વિષયાધીન ન થવું

૬ ઠુ-શત્રુઓને મિત્ર કરવા

૭ મું-ઉપાધિ વધારવી નહિ.

૮ મું-નિરતર સારાસાર વસ્તુનો વિચાર કરવો.

૯ મું-ભૂતમાત્ર ઉપર દયા રાખવી,

અને ૧૦ મું-પરમાત્મા-પરબ્રહ્મનુ (પછી તે ગમે તે રૂપે હોય, રામ, કૃષ્ણ, નારાયણ, હરિ, હરિહર આદિ ગમે તે રૂપમા હોય, પણ તેનું) અહોર્નિશ ધ્યાન ધરી, તેનાપર દૃઢ આસ્થા રાખીને, હું પ્રભુનો દાસાનુદાસ છુ, પ્રભુ મારા જ છે ને હું પ્રભુનો છુ, તે કદી મને ત્યજે, પણ હું કદી તજીશ નહિ હું જીવ નથી પણ આત્મા છુ. મારે આ સસાર સાથે કઈ પણ લેવા દેવા નથી, મારા આ લોકના કર્મને માટે મને એક પુરુષ પૂછનાર છે, એમ માની અવિદ્યાનો ત્યાગ કરીને સદ્ વિદ્યાનું સેવન કરવુ

આ ઉપરાત તો બીજા કર્તવ્યો ઘણા છે, પણ આટલાનો સાર-આટલા બધાનો તો શું, પણ એમાના એકનો જ માત્ર સાર-યથાર્થ સમજાય તો પછી બીજા તેમા સમાઈ જાય છે.

યજ્ઞભૂ કહે છે, આટલુ કહી તે મહાત્માએ એક ક્ષણભર વિશ્રાન્તિ લીધી તત્ક્ષણે મારા મનમા આવ્યુ કે, શું હવે એ મહાત્મા ઉપદેશ આપવો બધ કરશે ? મેં તેના વાક્યનો સવિસ્તર અર્થ જાણવાની ઇચ્છાથી તેને પ્રશ્ન પૂછવાનો વિચાર કર્યો, પણ એટલામા તો તે દયાળુ મારી તરફ અમૃતદૃષ્ટિએ જોઇને કહેવા લાગ્યા, ધીરજ રાખ અને મારા વચનોનો મર્મ સમજ જીવે મનોનિગ્રહ કરી, વિષયોને વૃથા સમજી જગતને જિતી પ્રભુપર પ્રેમ જોડીને સતપુરુષો (સદ્‌ગુરુ) ને શરણે જવું અને સસારસાગર તરવા માટે સદ્‌ગુરુની સેવા કરીને પરમાત્માના પરમ સ્વરૂપને જાણવા માટે ઉપદેશ ગ્રહણ કરવો જોઇએ. ગુરુના સેવનથી કેવો લાભ થાય છે અને તે નહિ કરનાર જનો, અલભ્ય એવી ગુરુકૃપાથી કેવા નિર્ભાગી નિવડે છે, તે વિષે પૂર્વે જ મેં તને બોધ આપ્યો છે. સદ્‌ગુરુના વચન પર વિશ્વાસ રાખવો, એ વિષય ઉપર એક કથા છે, તે તુ સાભળ.

શ્રદ્ધા

આત્મસત્તામય થવું, એ જીવનું પ્રથમ અને સર્વોત્તમ કર્તવ્ય છે. એ કર્તવ્ય પૂર્ણ થવા માટે પરમ શ્રેષ્ઠ વિશુદ્ધ શ્રદ્ધા હોવી જોઈએ. સત્ય પદાર્થ ઉપર શ્રદ્ધા, એ જ શુભ ફળદાતા છે પ્રાપંચિક કાર્યોમાં પણ ઘણે અંશે શ્રદ્ધા ઉપર આધાર રાખવો પડે છે; ત્યારે ભક્તિ જ્ઞાન ઈત્યાદિ પારમાર્થિક કાર્યો ઉપર શ્રદ્ધા રાખવી પડે, એમાં શું આશ્ચર્ય? સદ્ગુરુએ કહ્યુ હોય કે, તું આ અમુક મન્ત્રનો નિરતર જપ કર, જેથી પ્રભુનો સાક્ષાત્કાર થશે, તને પ્રભુના પ્રત્યક્ષ દર્શન થશે એ શ્રદ્ધા આવી છે– મને આ મન્ત્રથી નિશ્ચય દર્શન થશેજ, ગુરુદેવ અસત્ય વચન બોલે જ નહિ, ગુરુનુ વચન ઈશ્વરના વચન સમાન જ છે! માટે હવે મારે એ સિવાય બીજો યત્ન કરવો નહિ એમ પૂર્ણ શ્રદ્ધા રાખીને જો સદ્દશિષ્ય ગુરુએ આપેલા મન્ત્રનો જાપ કરશે તો (તે મન્ત્રબળવડે) નિશ્ચય તે અન્તર્યામી પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાને ભાગ્યશાળી બનશે પણ એથી ઉલટું કર્તવ્ય કરવાથી, એટલે ગુરૂપદેશપર અશ્રદ્ધાવાન્ બનશે તો તેને પરાસ્ત થઈ નિરાશ થવું પડશે ગુરુએ કહ્યુ તે શુ સત્ય હશે? શું મને પરમાત્મા દર્શન આપશે? અરે! એ પ્રભુ કોને પ્રત્યક્ષ થયા છે કે જેથી મને થાય? પ્રભુ કોણ જાણે કયા હશે? તેને તો સૌ નિરાકાર કહે છે, ત્યારે તે આકાર (રૂપ) વાળો થઈ કેવી રીતે દર્શન આપશે? કોણ જાણે, આ ગટાપટી કેમ હશે? આમ ગુરુના મન્ત્રથી પ્રભુના દર્શન થઈ જતા હોય તો સૌને થાત, પણ જોઈએ તો ખરા કે, એ મન્ત્રથી કંઈ નવી જૂની થાય છે કે નહિ! આવી રીતની અશ્રદ્ધા રાખીને, ગમે તેટલો મન્ત્ર જપશે, તો તેથી યત્કિંચિત્ પણ કલ્યાણ થવાનુ નથી અશ્રદ્ધા સઘળે આધકારક છે દ્વાપરયુગાતે શ્રીકૃષ્ણાવતારમા અર્જુનને આત્મજ્ઞાનોપદેશ કરતી વેળા શ્રીહરિએ, "संशयात्मा विनश्यति" એ વચન એટલા જ માટે કહેલુ છે તાત્પર્ય કે, આમ થશે કે નહિ થાય, આ વાત ખરી હશે કે ખોટી, એમ વારવાર સશયમાં પચી રહેનાર પુરુષ એકે વાતના નિશ્ચય ઉપર આવી શકતો નથી. અને તેનાથી કોઈપણ પ્રકારનુ સત્સાધન કરી શકાતું નથી, એટલે અતે તેનો વિનાશ જ થાય છે તેથી ગુરુવચનપર કિંવા બીજા કોઈ પણ કાર્યમા અશ્રદ્ધા રાખવી નહિ આત્મજ્ઞાન સપાદન કરવાની ઈચ્છાવાળા જીવે સ્થૂલનો પરાજય કરવો જોઈએ તે વગર જ્ઞાન કે શાસ્ત્ર સિદ્ધ કરી શકાતા નથી. મારુ આ વચન બીજા કશા કાર્યને

અવલંબીને નથી, પણ માત્ર સદ્ગુરુવચન (તે સાથે સત્શાસ્ત્ર વચન) ઉપર શ્રદ્ધા રાખવા માટેજ છે. અશ્રદ્ધાળુ પુરુષ ગમે તેટલો યત્ન કરે છે, છતાં તે સફળ થતો નથી

શ્રદ્ધાસંપન્ન શિવભક્તની કથા

પુરાતન કાળમા કોઈક સમે આ સબધે કૈલાસ શિખરને વિષે વસતી મહાદેવી ઉમિયાએ, યોગેશ્વર શિવજીને એવુ પ્રશ્ન પૂછ્યુ હતુ કે, "હે દેવાધિદેવ! આ જગતમા આપનુ ભજન પૂજન વગેરે કરનારા જીવો તો ઘણા દષ્ટિએ પડે છે, પણ તેમાથી આપને પ્રાપ્ત થનારો તો હું કોઈકજ જોઉં છુ, તેનુ શું કારણ? જે આપને ભજે તે આપને પામેજ, એ નિસશય વાર્તા છે!" એ સાભળી શકરે કહ્યુ, "હે સતિ! તેં જે કહ્યુ, તે યથાર્થ છે પણ મારુ ભજન કરનારા ભક્તોમા ઘણા ભેદ છે નિર્મળ મને ભજન કરનારા સર્વેમાથી દઢ શ્રદ્ધાવાનજ માત્ર મને પામે છે." ત્યારે પાર્વતીએ કહ્યુ, "હે સ્વામીનાથ! આપનો દઢ શ્રદ્ધાવાન્ ભક્ત કેવો છે તે જોવાની મારી ઇચ્છા છે, માટે આપે કૃપા કરી આ દાસીને તે દેખાડવો જોઇએ!" એ સાભળી શકરે તેને હાસ્યપૂર્વક કહ્યુ, "તારી ઇચ્છા છે તો કોઇ પ્રસગે હું તુંને દેખાડીશ, પરંતુ ભક્તનો પાર લેવામા સાર નથી"

ઉપરની વાતને કેટલાક દિવસ વહી ગયા શિશિર અને વસતઋતુના મધ્યનો મહાશિવરાત્રિનો દિવસ આવ્યો તે દિવસે શકરનો મહોત્સવ સર્વત્ર થાય છે, તેથી એ દહાડે સૃષ્ટિલીલા કઈ અદ્ભુતજ દર્શન આપી રહી હતી. પ્રત્યેક સ્થળે આવેલા શિવાલયોને પૂર્ણ શોભાથી શણગારવામા આવ્યા હતા, તેના ઉપર નાના પ્રકારની ધ્વજાપતાકાઓ ફરકી રહી હતી, શિવમદિરના આગળ આવેલા મડપોના અને નદી મદિરોના ચારે બાજુના દ્વારોમા દૂર્વા, આસોપાલવ, કનકપુષ્પ, આમ્રપત્ર ઇત્યાદિના તોરણો બાંધેલા હતા વળી તે ઉપરાત શિવના ગણ, ભૈરવ, ગણપતિ, મારુતિ ઇત્યાદિ દેવોના મદિરો, કે જે શિવાલયની સમીપ માત્ર જ આવેલા હતા, તેને પણ ધ્વજાપતાકા, તોરણો ઇત્યાદિથી શણગારવામા આવ્યા હતા ઠામોઠામ અને ગામોગામના લોકો પણ–બાળ, વૃદ્ધ, તરુણ, સ્ત્રી પુરુષો, આડુ તિલક, ભસ્મ ઇત્યાદિ બાહ્યચિહ્નો ધારણ કરવાથી જ પોતાને શૈવી જણાવતા હતા. તેઓએ પણ, ઉત્તમોત્તમ વસ્ત્રાલંકારો ધારણ કરેલા હતા. તમના ટોળેટોળા મળી ઉત્સવદર્શનાર્થે આમથી તેમ જતા હતા આમ

સ્થળે સ્થળે બહુ શોભા થઈ રહી હતી. શિવાલયોમા પૂજન કરનારા બ્રાહ્મણો, તેમ જ દર્શનને માટે આવેલા લોકો "હરહર શંભો! પાર્વતી પતે! કૈલાસપતે! હરહર! ભોળા શભો!" ઈત્યાદિ શબ્દોની ગર્જના કરી રહ્યા હતા. મડપમા લટકાવેલા મોટા ઘટોના ઘણકારા વારવાર થયા જતા હતા. અભિષેક માટે બેઠેલા બ્રાહ્મણો વારવાર રુદ્રીના આવર્તન કર્યા કરતા હતા કોઈ રુદ્રસૂક્તવડે શકરનુ ષોડશોપચારવડે પૂજન કરતુ હતું, તો કોઈ કોઈ શિવલિંગપર અભિષેક, જળની અખડ ધારા ચલાવ્યા જતા હતા, કોઈ નાના પ્રકારના સુવાસિત ચદન ચઢાવતા, તો કોઈ વળી બિલ્વપત્ર, પુષ્પ ઈત્યાદિ અર્પણ કરતા હતા કોઈ વળી ધૂપ, દીપ, નૈવેદ્ય તથા કર્પૂરની આરતિ કરી મન્ત્રપુષ્પાજલિ આપતુ હતુ, તો કોઈ ભક્તિનિષ્ઠ ભક્ત માત્ર નમસ્કાર કરીને જ શિવને પ્રસન્ન કરતો હતો. કોઈ ગાલનો નાદ કરી બમ બોલાવતા હતા, તો કોઈ થનક થનકનાચી શકર ભગવાનને રજન કરવામા મડેલા હતા ત્યારે કોઈ તાળી વગાડી તાલ આપતા હતા અને કોઈ મહિમ્નનો પાઠ જ કરી રહ્યા હતા

આ પ્રમાણે સર્વત્ર શોભા મચી રહી છે સાક્ષાત્ શિવપુરી વારાણસી, કે જ્યા ભગવાન્ શકરનો મુખ્ય નિવાસ છે, ને જેની નિકટમા ત્રૈલોક્યતારિણી ભાગીરથી વહે છે ત્યા તો અનેક પ્રકારની શોભા થઈ રહી છે દેશવિદેશના અસખ્ય યાત્રાળુઓ તથા વળ કાશીપુરીના નિવાસીઓની ભીડને લીધે આજે કાશીપતિ વિશ્વનાથ મહારાજના દર્શન થવા દુર્લભ થઈ પડ્યા છે. નગરીની શેરીઓ અને માર્ગો શિવદર્શનાભિલાષીઓથી પરિપૂર્ણ છે ભીડ એવી ઝામી છે કે, બાળક કે ઘરડુ-બોખરુ, કદાચ ત્યા ગયુ તો તે નિશ્ચય જ ચગદાઈ જાય, એમા સંશય નહિ

દર્શનાર્થે આવનારા સર્વ લોકો પ્રથમ ભાગીરથીમા સ્નાન કરી (ગગાસ્નાન કરવાથી સર્વ પાપનો નાશ થાય છે, માટે પ્રથમ નિષ્પાપ થઈ, પછી શિવનુ દર્શન પૂજન ઇત્યાદિ કરવું એ કારણે) પછી વિશ્વેશ્વરને મદિરે જાય છે. ગગાતટથી તે શિવમદિર સૂધી મનુષ્યોની એક સરખી હાર લાગી રહી છે, હજારો અને લાખો મનુષ્યો ગગાસ્નાન કરીને એ માર્ગેથી જાય છે, તેથી ત્યા એટલી તો ભીડ થઈ છે કે, ગમે તેવા બળવાન્ પુરુષને પણ તેમાથી ચાલવુ બહુ ભારી થઈ પડે છે.

આવો પ્રસંગ જોઈ શકરે તે દિવસે પ્રાત.કાળે પાર્વતીને કહ્યુ, "હે શૈલરાજકુમારિ! તે દિવસની ઇચ્છા પરિપૂર્ણ કરવી હોય તો મારી સાથે

ચાલો; હું તમને મોટા ચમત્કાર સાથે મારા ભક્તોનાં દર્શન કરાવીશ!" લાગલા જ દેવી પાર્વતીએ નંદીપર આરૂઢ થઇને શકર સાથે ઉતાવળથી કાશીપુરીનો માર્ગ લીધો. કાશીપુરી નજીક ગયાં, એટલે શકરે એક પરમ અશક્ત અને વૃદ્ધ પુરુષનું રૂપ ધારણ કર્યું અને પાર્વતીને તથા નદીને પણ પ્રાકૃત સ્વરૂપ ધારણ કરવાની આજ્ઞા આપી. દેવી પાર્વતી સોળ સત્તર વર્ષની સ્ત્રી બની ગઈ અને નંદી એક ઘરડો–આજ મરે, કાલ મરે તેવો બળદ બની ગયો. ત્રણે જણા મણિકર્ણિકાનો ઘાટ, જ્યાથી સર્વ મનુષ્યો સ્નાન કરીને નગરમા જતા હતા ત્યા આવ્યા. સૌની સાથે સ્નાન કરી, શકર પાર્વતી પાણીના ઘડાઓ ભરી શિવાલય ભણી ચાલવા લાગ્યા માર્ગમા ચાલતા સર્વ જનોને મોઢેથી "શિવાય નમઃ હરયે નમ. સદાશિવાય નમ" ઇત્યાદિ મત્રો તથા "હર હર, શિવ શિવ, વિશ્વનાથ, કાશીવિશ્વનાથ, ગગાધર, ઉમાપતિ, ગિરિજેશ," ઇત્યાદિ નામોનો અખડ ઉચ્ચાર સાભળતા સાભળતા ધીમે ધીમે માર્ગમાથી જવા લાગ્યા સર્વ મનુષ્યો બહુ ત્વરાથી–જાણે શકરના દર્શન ક્યારે કરશું, એવી ઉત્કઠાથી–ચાલ્યા જાય છે તે જોઈ પાર્વતી ઘણા રાજી થયા અને મનમા વિચાર કરવા લાગ્યા કે, "અહો! શકરે કહ્યુ ત્યારથી હુ તો એમ જ જાણતી હતી કે, તેના દૃઢ શ્રદ્ધાવાન્ ભક્તો જગતમા વિરલ જ હશે, પણ આ તો સર્વ મહા ભક્તો દેખાય છે! ત્યારે શું તે સર્વે પ્રભુ (શકર)ને પ્રાપ્ત થશે?" શકરે પાર્વતીનો વિચાર અન્તર્યામીપણે જાણીને તેને કહ્યુ, "દેવિ! ધીરજ રાખો, અને મારી પછવાડે ધક્કામુક્કી ખાતા ખાતા આ ભીડમા ચાલ્યા આવો, એટલે હમણા જ આપણે ભક્તની પરીક્ષા કરશું!" જ્યા છડા મનુષ્યને માત્ર પોતાનો જીવ જ સભાળી ચાલવાની પણ અતિ મહેનત પડે છે, ત્યા આ તો ત્રણ જણા, અને વળી તેમની વિલક્ષણ સ્થિતિ! તેઓ આ મેદનીમાથી કેમ પાર ઉતરી શકે? તોપણ જેમ તેમ તે ત્રણે ચાલવા લાગ્યા ડોસા બનેલા શિવજી હાડપિંજરમય, પગથી અકડી ગયેલા બળદપર બેઠા છે, ત્રિલોકસુંદરી ગૌરી, નદીને દોરી ભીડમા ચાલે છે, નદી ચાલતા ચાલતા આડો અવળો જાય છે, જાણે ડોસા બનેલા શકરનો ભાર ઉંચકાતો ન હોય તેમ કમ્મરમાથી બેવડો વળી જાય છે, વખતે ઠોકર ખાય છે બળદ કેમે કરીને પગ ઉપાડી શક્તો નથી, ચોદિશામાથી દોડતા જતા લોકોની ધક્કાધક્કીનો પ્રહાર થાય છે, તેથી ઘડીકમા તે પોઠીઓ આ બાજુ પડે છે, તો ઘડીકમા તે બીજીગમ

પડતાં પડતાં રહી જાય છે! કેટલાકને આ બળદ હમણા પડશે તો આપણને ચગદી મારશે, એવા વિચારથી હસવું આવે છે, તો કેટલાક દયા લાવીને તે સુંદરીને કહે છે કે, "બાઈ! તમે આ ભીડમાંથી હમણાં બાજૂએ નિકળી જાઓ ને કોરણે કોરણે ચાલો."

આમ વિલક્ષણ વેશધારી ત્રિમૂર્તિ ચાલી જાય છે, તેવામા બાજુમા એક કીચડવાળૂ ખાબોચિયુ આવ્યુ. તે જોઈ શકરે પાર્વતીને સાન કરી કે, એ બાજૂપર નંદીને દોરી લેઈ જા. પાર્વતીએ ભીડમાથી બળદને તે ખાબોચિયાની કોરપર દોર્યો બળદ ટગુમગુ ટગુમગુ કરતો તેની પુઠે પુંઠે જતો હતો, એવામા તેનો પગ તે ખાબોચિયાની કોરપરથી લથડ્યો, ને તેવા જ ડોસારૂપ બનેલા શિવજી સહિત તે બળદ ધડડડ-ધૂસ કરતો કીચડની માહે જઇને પડ્યો માર્ગમા ચાલનારામાના કેટ-લાક આ બનાવ જોઈ ખડખડાટ હસી પડ્યા અને કેટલાક દયાથી તે બળદને તથા ડોસાને કાદવમાથી કાઢવા માટે તેણીગમ ધસ્યા સર્વાંગસુંદરી દેવી પાર્વતી, ખાબોચિયાને કાઠે બેઠી બેઠી બહુ બહુ વિલાપ કરવા લાગી અને વિલાપ સાથે માર્ગપરના લોકોને સાદ કરવા લાગી કે, "રે! મારા પતિને કોઈ કાઢો રે કાઢો!" ખાબોચિયામા, વળી કર્મસજોગે ભારી કળ-તર હતુ, તેથી ડોસો તથા બળદ જેમ જેમ નિકળવાનો યત્ન કરવા લાગ્યા, તેમ તેમ વધારે ને વધારે કાદવમા ખૂપી જવા લાગ્યા! બળદ ચારે પગે ને ડોસો કમ્મર સૂધી, કાદવમા ખૂપી બેઠા. બન્ને અશક્ત, તેથી પોતાની મેળે કેમે કર્યું નિકળી શકાય તેમ નહોતું કળતરનું કામ તો એવું કઠિન છે કે, ગમે તેવો બળવાન્ પુરુષ પણ એકવાર અદર ખુપ્યો કે, બીજાની સહાય વિના નિકળવો અશક્ય જ, કેમકે જેમ જેમ તે નિકળવા માટે યત્ન કરે, તેમ તેમ તે અદર વધુ ને વધુ ખૂંપતો-ઉતરતો જાય પાર્વતીની બૂમોથી જેઓ ડોસારૂપ શકરને બહાર કાઢવા આવ્યા, તેઓને વેશધારી શિવજીએ દૂરથી જ કહ્યુ કે, "ભાઇઓ! તમો મને કાઢવા માટે આવો છો તો ભલે, પણ પહેલા એક મારી વાત સાભળો, કેમકે મને કાઢવા જતા તમારા જીવનું જોખમ થાય તે કામનુ નહિ મારે માત્ર એટલુ જ કહેવાનુ છે કે, જે મનુષ્ય કેવળ શકર-પર જ શ્રદ્ધા રાખતો હોય ને તેનો જ પરમ ભક્ત હોય, તેણે જ મને કાઢવા માટે આવવુ. જો પોતામા કંઈ પણ સકલ્પવિકલ્પ હશે તો તે મનુષ્ય મને અડકતા વારને બળી ભસ્મ થઈ જશે, એમા સશય નથી!"

આ વૃદ્ધ પુરુષના આવાં મર્મજ્ઞ વચન સાંભળી, તેને કાઢવા માટે દોડેલા માણસો તુરત ખંચાયા, ને પાછા વળી પોતાને માર્ગે પડ્યા! ડોસો ડોસાને ઠેકાણે જ રહ્યા, પાર્વતી નવધાર અશ્રુવડે સ્નાન કરતા, પણ આ વિલક્ષણ રીતિનો વિચાર કરતા, રડતા જ બેસી રહ્યા! શંકરભક્તો, પરસ્પર વાતો કરવા લાગ્યા કે, 'આ તો વળી એક આશ્ચર્યની વાત છે ભાઇ! જૂઓ તો ખરા, કે પરમાર્થનુ કામ જાણી દયા લાવી તેને કાઢવા જઇએ, ત્યારે આપણે પોતે જ બળીને ભસ્મ થઇએ! ધર્મ કરતાં ધાડ આવે, એ ધન્ધો તો ઠીક! એમ કરતાએ કદાચ કાઢવા જઇએ, પણ આપણા મનની કયા ખબર છે? કોણુ જાણે સંકલ્પવિકલ્પ પણ થયો હોય ગમે તેટલુ તોય ભાઈ સસારમા છીએ, માટે પૂર્ણ શ્રદ્ધાવાન્ તે આપણે કયાથી જ હોઇએ? શકરે આપણું કોઈ કામ ન કીધુ હોય તો આપણે તેને બેચાર ગાળો પણ દીધી હશે! એ તો આપણે માણસ છીએ, પાપ તો મનુષ્યની પછવાડે લાગેલુ જ છે તેમાએ આપણે તે વળી કયા મોટા સત્કર્મ કરનારા છીએ કે, જેથી પાપરહિત હોઇએ? માટે એને કઈ આપણાથી કઢાય નહિ એ બન્હાને વળી પાપ વગરનો પુરુષ કાઢનાર જોઇએ છીએ! એવો તે તેને કોણુ મળનારો હતો? પોતાની ઘડપણની જકને લીધે એમનો એમ કાદવમા પડ્યો પડ્યો સડશે, ને પેલી બિચારી નવયૌવનાના ભોગ મળશે! જૂઓ તો ખરા, આટલો ઘરડોલાકડામા પહોંચવાની તૈયારીમા આવ્યો છે, છતા બિચારી આ સુંદરીનો ભર્તાર થઈ બેઠો છે! આશા તે કઈ ઓછી છે કે? હવે એ ખાડામાથી નિકળી ઘરસૂત્ર ચલાવશે! ઠીક! આ તો ખરેખરો વેશ જ છે વેશ!' વળી કોઈ બીજાએ કહ્યુ, 'ભાઈ! હશે! ગમે તેમ હોય, આપણે તો ધર્મનુ કામ કરવું છે, માટે બને તો કાઢવા જવુ અને નહિ તો મુગે મ્હોંડે માર્ગે ચાલવું, વગર ફોકટમા કોઈની નિંદા કરવામા શો અર્થ?

આ વેળા શકરે, પાર્વતીને પોતાની દેવીવાણીમા કહ્યું, "દેવિ! જોયા તેં આ મારા ભક્તો, કે જેઓ સાક્ષાત્ તરણુતારિણિ ગંગામા ભાવયુક્ત સ્નાન કરીને આવે છે, ને મુખે 'શિવ શિવ, શકર શકર' જપતા મારા જ્યોતિર્લિંગના દર્શન કરવા જાય છે તેમને! એમણે ભસ્મથી આખા શરીર ખરડ્યા છે, ગળામા રુદ્રાક્ષના કઠાઓ તો માતા નથી; કેટલાકોએ તો પહોંચાપર, બાહુપર, કર્ણુપર ઈત્યાદિ કટિ ઉપરાતના સર્વ અગે રુદ્રાક્ષના ભૂષણો પેહેરી લીધા છે, કેટલાકે તો મસ્તકે એકાદશ, શત,

વા સહસ્ર રુદ્રાક્ષોના મુકુટો પહેરેલા છે; કેટલાકના હાથમાં રુદ્રાક્ષના બેરખા આવી રહ્યા છે; કેટલાક નિરંતર મારુ ભજન જ કરી રહ્યા છે; કેટલાકોના હાથમા સદાને માટે મારી લિંગ પ્રતિમાની સ્થાપના કરેલી છે, અને તે લિંગને કોઈ પણ અપવિત્ર પદાર્થ કે પુરુષનો સ્પર્શ ન થાય, માટે પોતાના હાથ તેઓએ સદાને માટે ઉંચા જ રાખી મૂકી, બીજા કોઈ પણ કાર્યમાથી નિરાળા રાખ્યા છે વળી તે સદા ઊંચાના ઊંચા રહેવાથી તેમા રક્તનો પ્રવાહ ન જઈ શકવાને લીધે, સૂકા કાષ્ઠ સમાન થઈ ગયા છે વળી તુ જો, કેટલાકે તો સસારનો ત્યાગ કરી મુડ મુડાવી ભગવા વસ્ત્રો ધારણ કરેલા છે, કેટલાકે સર્વાંગ મુંડન કરાવ્યુ છે, કેટલાકે પચકેશ રાખી મસ્તકપર જટાના મોટા મોટા અંબોડા બાધેલા છે, કેટલાકે માત્ર કોપીન ભેર જ રહી, સર્વ વસ્ત્રોનો ત્યાગ કીધો છે, કેટલાકે ઉપાન તજેલા છે; કેટલાકે મૌન ધારણ કીધેલા છે અને કેટલાક શિવ શિવ વિના બીજી વાણી જ ઉચ્ચારતા નથી કેટલાકે અન્ન તજેલા છે અને કેટલાક એકાહારી જ છે. એમ મારી ભક્તિના ઉદ્દેશે કરીને (પછી ચાહે તો સાચે કે માત્ર લોકોને દેખાડવાને દાંભિકપણે) એવા અનેક વ્રતો અને નિયમો ધારણ કરીને તેઓ મારુ બાનુ ધરાવે છે અને મારા ભક્તો કહેવરાવે છે, પણ એથી હુ શું તેમને પ્રસન્ન થાઉં? અને તેઓ મને પામે? શું એવા બાહ્યાચારથી જ હું ભોળવાઈ જનારો છુ? મને કાઢવા માટેના ધર્મકાર્ય માટે તેઓના મનમા ઉપજેલી ઉપરચોટી દયા અને તેને ખરી કસોટીપર ચઢાવવામાટે મેં વચમા નાખેલી અડચણથી સર્વેનુ ઠડુ થઈ જવું ઇત્યાદિ ઉપરથી તેં જાણ્યુ હશે કે, તેઓના અતર વિશુદ્ધ નથી વિશુદ્ધિ વિના મારી પ્રાપ્તિ નથી પણ ધીરજ રાખ આવા હજારો અને લાખો દેખાવના ભક્તોમાથી, વિશુદ્ધ શ્રદ્ધાવાન્ ભક્ત કોઇક નિકળશે જ, અને તે હુ તને દેખાડીશ."

લોકો તો પૂર્વ પ્રમાણે જ તે ખાડા આગળ આવી, વેશ જોઈ ચાલ્યા જાય છે, અને તેઓ સાભળે તેમ ખાડાની કોરણે બેઠેલા વેશધારી પાર્વતીજી દયામણી વાણીથી કહેતા જાય છે કે, "અરે પુણ્યવાન્ લોકો! અરે શિવભક્તો! તમે સર્વે માત્ર સ્નાન કરવાથી જ સર્વ પાપનો નાશ કરનારી એવી ભાગીરથીમા સ્નાન કરીને ચાલ્યા આવો છો, આજે મહાશિવરાત્રિ જેવુ પુણ્ય પર્વ છે, તો હું અબળા ઉપર દયા કરો, કૃપા કરો! આ મારા વૃદ્ધ અને કાદવમા ખૂંપી રહેલા ભર્તારને બહાર કાઢો. અરે દયા!

દયા ! એ શિવાય હું તમારી પાસે ધન દોલત વગેરે બીજું કશું માંગતી નથી " આવા દયામણા વચનોથી કેટલાકોને દયા આવે છે, ને આગળનાઓની પેઠે જ તેઓ પણ ડોસાને કાઢવા જાય છે પણ ડોસો તેમને એમજ કહે છે કે, "ભાઈ! જે નિષ્પાપ ને પૂર્ણ શિવભક્ત હોય તે જ મને કાઢવા આવો, કેમકે જેનામા કંઈ પણ પાપ હશે, તે મને અડતા વંતજ ભસ્મીભૂત થશે !" એવુ વચન સાભળી સર્વ ભકતો તુરત જ પાછા ફરીને પોતપોતાને માર્ગ ચાલવા માડે છે

આમ કરતા બહુ સમય વીતી ગયો પ્રાત કાળથી તે લગભગ ત્રીજા પ્રહર સૂધી પાર્વતીએ ઘાટા કાઢ્યા, પણ કોઈ નિષ્પાપ પુરુષ શંકરને કાદવમાથી કાઢવાને તત્પર થયો નહિ યજ્ઞભૂ! આ વાતનુ તાત્પર્ય તુ સમજ્યો હોઇશ આ દૃષ્ટાંત પૂરુ થતા જ તને સઘળી સમજણ પડશે હવે લગભગ સાંજ પડવા આવી સાય અભિષેકનો સમય થયો. શિવજી વારવાર હાલવાથી છેક છાતી સૂધી કાદવમા ઉતરી ગયા, બળદને આખો દિવસ ચારો કે પાણી ન મળવાથી તથા કાદવમા અડગ ખૂપી રહેવાથી જાણે તેના ડોળા બહાર નિકળી પડવા જેવા થઈ ગયા હોય ને મોંહ ઉપર ફીણના ફિસોટા આવી ગયા હોય તેમ દેખાતુ હતું! દેવી પાર્વતીના નેત્ર રડી રડીને લાલ થઇ ગયા, ને લોકો તરફ ઘાટા મારી મારીને તેનો કંઠ પણ છેક બેશી ગયો હોય તેમ ખોખરો થઈ ગયો આ સઘળાથી કંટાળી તેણે શિવની સ્તુતિ કરી કે, "હે પ્રભો! હવે તો કૃપા કરો ને પાછા કૈલાસપ્રત્યે ચાલો આવા નિર્દય અને અશ્રદ્ધાળુ અંત કરણવાળા લોકોમા હવે મને ઘડી પણ રહેવુ ગમતુ નથી!"

એટલામા આ સઘળા કૌતુકનો ઓચિન્તો પાર આવ્યો. નિયમપૂર્વક પાર્વતી લોકોને હાકો મારતા જ હતા, ડોસારૂપ શંકર ખાડામા હાંફી જ રહ્યા હતા, લોકો પાસે આવીને પાછા ચાલ્યા જતા હતા! એવામા કોઇએક ગામના સુમારે સો દોઢસો મનુષ્યોનું એક ટોળુ ગંગામા *સચૈલ સ્નાન કરી, વિશ્વનાથના દર્શન કરવાને માટે તે ભીડમાં થઈ પસાર થતું હતુ તે ટોળુ નવયૌવના સુંદરીનુ હૃદયદ્રાવક આક્રંદ સાભળીને ભીડમાથી બહાર નિકળી, ડોસા તરફ વળ્યુ, અને તેને કાઢવાના પ્રયત્ન માટે ખાડાના કિનારા ઉપર વળ્યુ ડોસાએ પોતાની પ્રતિજ્ઞા તુરત જ જણાવી દીધી કે, 'ભાઇઓ! ધીરા થાઓ, સાહસ કરશો મા;

* પોતે પહેરેલા વસ્ત્ર સહિત તીર્થમા વિધિપૂર્વક સ્નાન કરવુ, તેનુ નામ સચેલ સ્નાન

પાપરહિત હો તો જ મને સ્પર્શ કરજો, નહિ તો તુરત જ પ્રાણ ખોશો!' આ સાભળતા જ સઘળા ખચાયા, ને પટોપટ આઘા ખસી ઉભા રહ્યા. આ સો માણસનુ ધાડુ ખાડાપર ઉભુ જોઈ, માર્ગમાંના માણસોને પણ અચરજ થયુ, એ શુ છે, તે જોવાને માટે તેઓ સઘળા પણ, એ તમાસો જોવાને ઉભા રહ્યા! માર્ગમા ખૂબ ભીડ હતી અને વચમા જ લોકો ઉભા રહ્યા છે, એટલે મઝા જોનારાઓનુ પૂછવું જ શુ પણ એ ટોળામાનો એક હૃષ્ટપુષ્ટ અને નિ:સ્પૃહ જેવો દેખાતો પુરુષ, કે જેને તે ટોળામાના તથા તેના આખા ગામના લોકો વારવાર ગાડો, ભ્રાન્ત, ઉન્મત્ત વગેરે કહેતા હતા તે, ટોળામાથી આગળ આવ્યો ને જીદ કરી ડોસાને બહાર કાઢવા માટે કિનારે રહી લાબે હાથે તેનો હાથ પોતાના હાથમા માગવા લાગ્યો ડોસાએ કહ્યુ, "ભાઇ! મારો બોલવાનો અર્થ તુ સમજ્યો? મને કાઢવો એ સાધારણ પુરુષનુ કામ નથી: કેવળ નિષ્પાપ, પવિત્ર અને પૂર્ણ શિવભક્ત હોય, તે જ પુરુષ મને કાઢી શકશે અહીંઆ જ ખરેખરી પરીક્ષા છે, માટે એક તો લાજ અને બીજો જીવ બને ગુમાવશે! માટે તું તારે માર્ગે ચાલ્યો જા!" આ સાભળી તે પુરુષે ડોસાને કહ્યુ, "મહારાજ! (ખભે યજ્ઞોપવીત વગેરે ચિહ્નો જોઈ તે બ્રાહ્મણ છે એમ ધારીને) તમે વૃદ્ધ છતા આવી મિથ્યા શકા કરી મને કેમ ભમાવો છો? મને કા અશ્રદ્ધાવાન્ કરો છો? કા સશયાત્મા બનાવી, મારો વિનાશ કરો છો? આ લોકો તો સઘળા મૂઢ છે, તેથી તેઓને અજ્ઞાનવડે કઈ સૂઝતું નથી, પણ આપ વૃદ્ધ છતા મને ઉલટો ઉપદેશ કેમ કરો છો? શું બીજાઓની પેઠે મારુ હૃદય શૂન્ય છે, એમ આપ ધારો છો? અરે બ્રહ્મદેવ! સર્વ વેદના અર્થ પ્રદર્શિત કરનારા, તેમ જ લોકને પોતાના પવિત્ર નિયમોમા બાધી રાખનારા ધર્માદિ શાસ્ત્રોને તથા તેની સુદૃઢ આજ્ઞાઓને શું અમે અવગણના કરી ભૂલી જઇએ ને તેને ખોટી માનીએ છીએ, એમ તમારુ ધારવુ છે? જો તેમ હોય તો તે કેવળ ખોટુ છે શાસ્ત્રઆજ્ઞાઓ અતિઅમોઘ* અને કોઇથી તોડી ન શકાય તેવી છે એ શાસ્ત્રો શ્રીમતી ગગાને ત્રૈલોક્યપાવિની કહે છે, અને મનસા વાચા કર્મણાથી થયેલા સર્વ પાપ ટાળવા માટે મનુષ્યે તેમા સ્નાન કરવુ, એમ આજ્ઞા કરે છે એટલુ જ નહિ, પણ એ ગગાજી, કે જેણે આ ભૂલોકમા ઉતરતા જ સાઠ હજાર સગરપુત્રોનો એકે સમયે ઉદ્ધાર કર્યો છે અને પછી પણ લાખો વર્ષોથી

* કદી પણ ખોટી ન પડે તેવા ગૂઢ તત્ત્વવાળી

અસંખ્ય પાતકી જીવનો સ્નાન માત્રથી જ ઉદ્ધાર કરતાં આવ્યા છે; તો પછી હું કે જે આ શિવરાત્રિ જેવા મહાપર્વને દિવસે, તે ત્રિભુવનતારિણીના મંગળ ઉદકમા હમણાજ સ્નાન કરી તથા તે ઉદકનું પાન કરીને ચાલ્યો આવું છું, તેના શરીરમાં કશું પણ પાપ હોવાની તમને શંકા પણ કેમ રહે છે? હરિ હરિ! કેવો અધર્મ! કેટલો અવિશ્વાસ! વિપાપા* મહાદેવી ભાગીરથીપર કેવો મોટો આક્ષેપ! હે દેવ! મારાથી આ અઘટિત સહન થતું નથી. વળી હે દેવ! હું ભગવાન્ શંકરપર પૂર્ણ આસ્થાવંત નથી, એમ ધારવાનું આપને શું પ્રયોજન છે? તે મારો ત્રાતા, તે ધાતા છે! હશે, મારે તો તેનો જ ભરોંસો છે, ને તે જ મારી પત રાખશે. હું સત્ ચિત્તથી કહું છું કે, મેં એક વિશ્વનાથ વગર બીજામા શ્રદ્ધા રાખી જ નથી, તો મને ભય શો છે? ખેર, જેનું કર્તવ્ય તેની સાથે, પણ મહારાજ! ચાલો, હવે પ્રભુ વિશ્વનાથનાં દર્શનનો સમય થવા આવ્યો છે અને આ ભારી ભીડમા થઈ છેક મંદિર સુધી જવું છે, માટે કૃપા કરીને સત્વર તમારો હાથ મારા હાથમા આપો, કે જેથી તમને બહાર કાઢીને હું મારે માર્ગે ચાલ્યો જાઉં! તમારા શરીરનો સ્પર્શ કરવાને મને જરા પણ ભીતિ નથી, કેમકે હું ખરેખર નિષ્પાપ છું, પૂર્ણ શિવભક્ત છું ગંગાના જળનો પોતાના શરીરને સ્પર્શ થયા છતા 'મારા શરીરમા પાપ હશે' એવી જેને શકા રહે, તેના જેવો મહાપાપી બીજો કોઈ જ નહિ, તેમ તેને પવિત્ર-પાપરહિત થવાનો બીજો માર્ગ પણ જગતમા નથી" તે ઉન્માદ જેવા દેખાતા પુરુષનું આ ભાષણ સાંભળતા, ઉભેલા સર્વ લોકો દિઙ્મૂઢ થઈ ગયા, અને પેલા કળી ગયેલા વૃદ્ધ પુરુષે કહ્યું, "ધન્ય છે, ધન્ય છે, ખરા શ્રદ્ધાળુ ભક્ત! તને ધન્ય છે. તુ જ ખરેખરો નિષ્પાપ છે તુ જ પૂર્ણ શિવભક્ત છે ને ગંગાનુ 'સર્વ પાપનાશિની' એ નામનુ સાર્થક કરનાર ખરેખરો તુ જ છે! શાસ્ત્રાજ્ઞાપર વિશ્વાસ રાખી તે પ્રમાણે પ્રત્યેક કાર્ય કરનાર, તેના યથાર્થ ફળનો ભોક્તા થાય છે. આ સર્વ લોક પોતાના પાપનો નાશ થવા અર્થે જ ઘટ વગાડી ગંગામા સ્નાન કરે છે, તથા શંકરના દર્શન પૂજનાદિ કરે છે, પણ તેમ કરવાથી પોતાના પાપ સમૂળ નાશ થાય છે કે નહિ, એમ પોતાને શકા રહે તો પછી તેણે તેમ કરવાની (સ્નાન પાન દર્શનાદિની) જરૂર શી છે? તેનું તો તે સઘળુ વ્યર્થ જ જાય છે, અને

* પાપરહિત–નિર્મળ

લાભમાં મિથ્યા શ્રમ જ મળે છે. માટે હે નિષ્પાપ! તું પરમ ભક્ત છે, તારો મહિમા અતુલ છે અને આ અવિશ્વાસુ અજ્ઞાન લોકો તારા પ્રભાવને કે તારા કાર્યને જાણી શકતા નથી. પણ કંઈ ચિંતા નહિ; તે સૌથી તું નિઃસ્પૃહ છે. તારુ કલ્યાણ થાઓ અને તું યોગીઓને પણ દુર્લભ એવા પરમ ધામને પામ!"

આટલું કહેતા જ તે વૃદ્ધ પુરુષે ખાડામાથી પોતાનો હાથ લાંબો કર્યો ને જેવો તે નિષ્પાપ યાત્રાળુ પુરુષ કિનારે વાંકો વળી તેનો સ્પર્શ કરવા જાય છે કે તુરત જ તે ડોસો, બળદ તથા કિનારે બેઠેલી સુંદરી એ ત્રણે અદૃશ્ય થઈ ગયા! આ મહદાશ્ચર્ય જોઈ, ત્યા ઉભેલાં પ્રાણી માત્ર અત્યંત વિસ્મય થઈ ગયા, ને તે નિષ્પાપ પુરુષને વારંવાર વદન કરવા લાગ્યા સૌએ એકે સામટો શ્રીવિશ્વેશ્વરનો જય પોકાર્યો! એ કુટુળી વૃદ્ધ પુરુષ કોણ હતો? તે કોઈ પ્રાકૃત પુરુષ નહિ, પણ સાક્ષાત્ પરમ પુરુષ (પરમાત્મા) હશે એમા સંશય નહિ, એમ તેઓ તર્ક વિતર્ક કરવા લાગ્યા. ઘણાક ભાવિકોને તો પ્રેમરૂગ ચઢવાથી, 'રે! તે પ્રભુને આપણે ઓળખ્યા નહિ, ધિક્! અરે આ ભક્તજનના પ્રસાદથી જ આપણને તેના રૂપાતરથી પણ દર્શન થયા, ધન્ય! છતા હાય પિછાણ્યા નહિ! ધિક્!' એમ બોલતા તે ખાબોચિયાના કાદવને લઈ તેઓ શરીરે ચોળવા લાગ્યા અને અતિ હર્ષથી મસ્તકપર ધારણ કરવા લાગ્યા પણ હવે પછવાડેથી શું વળવાનુ હતુ? સમય વીત્યા કેડે સર્વ નકામુ છે

ત્યાથી કૈલાસ માર્ગે જતા ભગવાન્ શકર પાર્વતીને કહેવા લાગ્યા, "દેવિ! તેં મારા દૃઢ વિશ્વાસુ ભક્તના દર્શન કીધા? તે કેવો નિશ્ચળ સ્વભાવનો હતો, તે તેં જોયુ? આજે લાખો મનુષ્યો ગગામા સ્નાન કરીને શિવના દર્શન કરવા જતા આપણે જોયા, પણ તેઓમાના કોઇની પ્રજ્ઞા એના જેવી સુદૃઢ હતી? જો મારુ સ્મરણ કરનારા, મારી ભક્તિના બાહ્યોપચારથી પરિપૂર્ણ અને અતરમા પણ પૂર્ણ ભક્તિમાન્ છતા, માત્ર શ્રદ્ધાથી રહિત હોય તો તે મને કદાપિ પામતા નથી અને સ્વપ્નામા પણ હું તેઓને દર્શન દેતો નથી! જો એવા જ (અવિશ્વાસુ) મારા ભક્તો હોય ને તે સૌ મને પામતા હોય તો પછી સંસારમા પ્રાપચિક કાર્ય કરનાર કોઈ પણ રહે નહિ!" ભગવાન્ શંકરના આ વચનોથી તથા આજ દિવસે જોયેલા પ્રત્યક્ષ દૃષ્ટાતથી પાર્વતી બહુ વિસ્મિત થયાં અને તેના મનનું ખરેખરુ સમાધાન થયું

યજ્ઞભૂ! શાસ્ત્ર અને ગુરુવચનપર શ્રદ્ધા, એ જ મોક્ષનું મહાદ્વાર છે. પરમ ને વિશુદ્ધ શ્રદ્ધા હોવી; એ જ મોક્ષમંદિરમા પ્રવેશવા મહાદ્વાર છે કહ્યું છે કે, 'अविश्वासो न कर्तव्य सर्वथा बाधकस्तु सः' અવિશ્વાસ કદી કરવો નહિ, કેમકે સર્વ રીતે એ જ બાધકારક થઈ પડે છે' વત્સ! ગુરુ અને શાસ્ત્ર વચન ઉપર વિશ્વાસ રાખીને વર્તવાથી મનુષ્ય નિશ્ચય મોક્ષને પામે છે. મુક્તિ મેળવવા સારુ મનુષ્યે સુખમા કે દુ ખમા, સદ્ગુરુના સત્ કે અસત્–ગમે તેવાં વચન ઉપર નિરંતર દૃઢ વિશ્વાસ રાખવો નિશ્ચય જાણુ કે, સદ્ગુરુ કદી પણ અસત્ વચન બોલે નહિ અને બોલે તો તેનો મર્મ ગૂઢ જ હોય છે!

એક મત માનવો

આ લોકના મનુષ્યે એક જ મતનુ અનુસરણ કરવુ જોઈએ જગતમા શાસ્ત્રો અનેક છે ને તેઓએ જૂદા જૂદા તત્ત્વો પ્રતિપાદન કરેલા છે. શાસ્ત્રો તો શું, પણ વેદની શ્રુતિઓ જ કોઈ સ્થળે કંઈ ને કોઈ સ્થળે કંઈ દેખાય છે તેમ જ સ્મૃતિઓ અને પુરાણોના પણ ઘણાક ભિન્ન ભિન્ન સિદ્ધાતો જણાય છે. આમ ઉપર ઉપરથી જોતા લાગે છે, પણ તે વસ્તુનુ સપૂર્ણ રીતે અવલોકન કરનાર પુરુષ જ્યારે સૂક્ષ્મ દૃષ્ટિએ જૂએ છે, ત્યારે જ તેને ખબર પડે છે કે, શ્રતિ સ્મૃતિ આદિ શાસ્ત્રો અને પુરાણો, એ સઘળાની દૃષ્ટિ, ચકોરની જેમ ચન્દ્રપ્રતિ છે તેમ, એક જ મુખ્ય વસ્તુપર જ ચોંટેલી છે અને તેઓ પૃથક્ પૃથક્ માર્ગમા રહીને તેનુ જ અવલોકન કરે છે જેમ કે કાશીપુરી એ સર્વને દર્શનીય છે સૌ કોઈ યાત્રાર્થે ત્યા આવે છે પણ આવનારાઓ જૂદે જૂદે સ્થળે રહેનારા હોવાથી, કાશીપુરીએ આવવાના માર્ગો, પ્રત્યેક સ્થળનિવાસીઓને માટે જૂદા જૂદા જ નિર્માણ થયેલા છે એવી જ રીતે શ્રુતિ સ્મૃતિ પુરાણાદિ શાસ્ત્રોનો યત્ન અને મર્મ સમજવો શ્રુત્યાદિ સર્વે ઈશ્વરપ્રાપ્તિને જ અર્થે છે, માત્ર અધિકારીપરત્વે માર્ગો જૂદા જૂદા દર્શાવ્યા છે.

કદાચ તને શકા થશે કે, વેદાદિ શાસ્ત્રોમા કેટલાક કર્મને પ્રતિપાદન કરે છે, કેટલાક ઉપાસનાને અને કેટલાક જ્ઞાનને પ્રતિપાદન કરે છે, ત્યારે કેટલાક તો એ સર્વથી જૂદા પડી માત્ર શૂન્યવાદ (નિરીશ્વર)ને જ પ્રતિપાદન કરે છે! એવી ભિન્નતા કેમ? એ સર્વ જો કે દેખીતી ભિન્ન વસ્તુને વર્ણવે છે, એમ તેનુ પ્રત્યક્ષ રૂપ જોતા દેખાય છે, પણ એ સઘળાનુ તારતમ્ય–લક્ષ્યબિન્દુ–એક જ છે. કોઈ દૂધને જ મુખ્ય

ગણે છે, તો કોઈને દહિં જ અતિ માન્ય હોય છે; તેમ જ કોઈ માખણને તત્ત્વ ગણે છે, અને કોઈ ઘૃતને સારરૂપ માને છે. ખરું જોતાં વસ્તુત. સર્વે એક જ છે એ પય, દધિ, ઘૃત આદિ મનુષ્યાદિના ઉપયોગમાં આવી નષ્ટપ્રાય–હતા ન હતા જેવાં–થઈ જાય છે, તેમાં ઉંડા ઉતરી જોઇએ, તો તે સત્યે છે ને અસત્યે છે! કોઈ એમ કહે છે કે, કંઈ વસ્તુ જ નથી. પણ તેમ નથી. દૂધ, દહિ અથવા ઘી, હરકોઇના–મનુષ્ય વા અન્ય પ્રાણીના–ખાધામા આવ્યુ એટલે તે અદૃષ્ટ થયું ખરુ, પણ તેનો કંઈ નાશ ન થયો; કેમકે ખાનાર પ્રાણીના શરીરમા તેનાં પરમાણુએ વાસ કીધો છે, જેથી તેનુ શરીર વૃદ્ધિ પામે છે, અને તે શરીર પણ જ્યારે પડે છે, ત્યારે કીટક, વિષ્ઠા અથવા ભસ્મરૂપે તે વસ્તુના પરમાણુઓ રહે છે, અને તે પૃથ્વીમા મળી જઇને પૃથ્વીરૂપ થાય છે. વળી તે પૃથ્વીપર કાળાતરે પર્જન્ય પડવાથી તે પરમાણુઓ (તે ઘી, દૂધ ઇત્યાદિના રૂપાંતર પામતા આવેલા પરમાણુઓ) તૃણાકુરરૂપે ઉદ્‌ભવ પામે છે, તેને પુન. ગાય ભેંસાદિ પશુ ખાય છે, અને તેનાથી પાછુ દૂધ બને છે એ રીતે ઘણા કાળ સૂધી રૂપાતર પામી પરમાણુરૂપે સ્થિત રહેલું ઘૃત દુગ્ધાદિ તત્ત્વ, પાછુ નિજ સ્વરૂપને જ પામે છે, પણ ખાધાથી અદૃશ્ય થવાથી તેનો નાશ થયો ગણાતો નથી

તેમ જ વેદાદિ શ્રુતિઓ પ્રારભમા જ કર્મોનુ પ્રતિપાદન કરે છે, તે પણ ઈશ્વરને માટે જ છે, ઉપાસના પણ ઈશ્વરાર્થે જ છે અને જ્ઞાન એ પણ ઈશ્વર પ્રાપ્ત્યર્થે જ છે વેદ, સ્મૃતિ, દર્શન (છ શાસ્ત્ર) તથા પુરાણો, પૂર્વે થઈ ગયેલા મહાન્ પુરુષો–એ વગેરે સર્વેનો આદેશ માત્ર ઈશ્વરના જ ગુણો ગાવાનો છે પછી ચાહે તો સ્તુતિરૂપે કે નિંદારૂપે પણ ઈશ્વરને ભજો, ને તેમા જ લીન થાઓ. જૂદા જૂદા પર્વતમાથી નિકળતી સર્વે સરિતાઓનું છેવટનુ સ્થાન મહાસાગર છે, તેમ જ પ્રત્યેક શાસ્ત્રનુ લક્ષ્યબિન્દુ પણ પરમ પુરુષ–પરમેશ્વરની પ્રાપ્તિ જ છે! પણ જેમ વિકટ સ્થળમાથી વહેતી સરિતાને સાગરમા ભળતા લાબો સમય લાગે છે અને સરળ સ્થાનમાથી પ્રસાર થતી સરિતા સત્વર જઈ મળે છે, તેમ જ જે માર્ગો તત્ત્વનો ઉપદેશ કરનારા છે, તે માર્ગો સત્વર પરમ પુરુષની પ્રાપ્તિ પમાડે છે, ને જે શાસ્ત્રો રાજસ તામસવાળા છે તે અનેક પ્રકારે અથડાવી કુટાવી કાળાતરે પરમસ્થાનમા પહોંચાડે છે. વિવાહ-સમયે પરણતા પુરુષના બન્ને પક્ષ (માડવડીઓ અને જાનરડીઓ)ની

સ્ત્રીઓ જે ગીત ગાય છે તેમાં, જાનરડીઓ વરને નાના પ્રકારના (વાણીના) અલંકાર આપીને તેને રાજા સમાન વર્ણવે છે; ત્યારે માડવડીઓ તેને કુરૂપ, અક્કલ વગરનો, નિર્ધન વગેરે કહીને હલકો પાડે છે. પરતુ સર્વે ગીત પરણનાર વરના જ છે માડવડીઓ વરનાં નિંદારૂપ ગીત ગાય છે, તે અતઃકરણપૂર્વક નિંદાના હેતુથી નહિ, પણ માત્ર વિનોદને અર્થે જ છે પ્રત્યક્ષ જોતાં તો તે વરને નિંદે છે, તથાપિ તેની એ વિનોદની નિંદા તેની પ્રશસાને અર્થે જ છે એવી રીતે ઈશ્વરને સિદ્ધ વા અસિદ્ધ–સાકાર કે નિરાકાર–નિર્ગુણ કે સગુણ–માનીને પણ તેમ માનનારાઓ સિદ્ધ જ કરી આપે છે કે, ઈશ્વર છે જ, અને તેની પ્રાપ્તિ જ કલેશાદિનો નાશ કરે છે, અને તે જ જીવ માત્રનુ છેવટનું કલ્યાણકારી સ્થાન છે! નિંદાસ્તુતિથી ઈશ્વરના (સાકાર નિરાકારના વર્ણનથી) અપ્રતિમ અને અપાર ગુણનુ સૌંદર્ય આપણા ધ્યાનમા આવે છે, અને આપણો નિશ્ચય થાય છે કે, અહો! જેને અનેક રીતે વર્ણવવા છતા પણ જેનો કોઈ૰ પાર પામી શક્યું નથી, મહાત્મા અને સત્શાસ્ત્રો જેને નેતિ નેતિ કહી વર્ણવે છે, એવો તે પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિ ગૂઢ છે. ધન્ય ધન્ય!

આ તો નિશ્ચયાત્મક છે કે, સર્વની દૃષ્ટિ ઈશ્વરપર જ છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, તેઓ કેવી રીતે ઈશ્વરને વર્ણવે છે? વેદોએ પ્રત્યેક (ધાતુની) ખાણો ઉઘાડી આપી છે અને શાસ્ત્રોએ તેઓના ઉદ્દેશાનુસાર જૂદી જૂદી ઓળખાણો આપી છે. આ ધાતુઓને બહાર કાઢી સ્મૃતિઓએ ગાળી શુદ્ધ કરી એકત્ર કરી છે, અને પુરાણો તે તૈયાર થયેલી ધાતુના નાના પ્રકારના અલકારો કરી, વિલાસી (સૂક્ષ્મપર દૃષ્ટિ દેવાને અસમર્થ) પુરુષોને પહેરવા–વાપરવાને આપી છે અર્થાત્ વેદોએ પ્રત્યેક વસ્તુના મૂળ તત્ત્વો કથન કરેલા છે તે મૂળ તત્ત્વોના શાસ્ત્રોએ (દર્શનો) વિભાગ પાડીને તેપર વિવેચન કર્યું છે, અને સ્મૃતિઓએ એટલે ધર્મશાસ્ત્રોએ વેદોમા દીસતા–ઝઘારા મારતા ધર્મતત્ત્વના સિદ્ધાતોને ચોખ્ખી રીતે ઉપાડી લઇને એકત્ર કર્યા છે, તથા પુરાણોએ તે ધર્મતત્ત્વના સિદ્ધાતોને કહો કે વિધિવાકયોને, નાના પ્રકારના ઇતિહાસો તથા ઈશ્વરાવતારના અદ્ભુત કર્મો–ચરિત્રો સાથે સયોજીને વિશેષ મીઠાશવાળા તથા સરળ કીધા છે, જે શ્રવણ થવાથી સ્થૂલ મનવાળો જીવ પણ મૂળતત્ત્વોને પરિશ્રમ વિના સમજી શકે છે વિનાશ્રમે તૈયાર થયેલુ ભૂષણ પહેરીને રાજી થવું,

એ જેટલું પ્રિય લાગે છે, તેટલું જ પુરાણુ વેદાદિનું મથન કરીને દર્શાવેલા ઈતિહાસને હૃદયમા ધારણ કરવો પ્રિય લાગે છે.

અજ્ઞાનીને વેદાદિ સર્વ શાસ્ત્રોના મત દેખીતા જૂદા ભાસે છે, પણ ખરું જોતા સર્વે એક જ છે સૂક્ષ્મ દૃષ્ટિએ જોનારા પુરુષને તો એ સર્વ સિદ્ધાંતો અને સર્વ કથાઓ યથાર્થ ભાસે છે, પણ ધર્મતત્ત્વ (આત્મતત્ત્વ વગેરે) જાણવાને અસમર્થ, જેની બુદ્ધિ સસ્કારને પામી નથી, અને જે માયાની જાળમા ફસાયલા છે, તેવા પ્રારભ અભ્યાસીને તેમ ભાસતું નથી, માટે જ તેઓને અનેક શંકા થાય છે, રહસ્ય ન સમજાવાથી ગુચવાય છે તથા ગભરાય છે તે જીવ, સત્ય શું છે ને તત્ત્વ શું છે, તે જોઈ કે વિચારી શકતો નથી. એવા જીવની ગતિ સદ્ગુરુનો સમાગમ, વચનપર પરમ શ્રદ્ધા, નિખાલસ હૃદય અને નીતિનુ પોષણ જ છે મેં તને આ કર્તવ્ય કહ્યુ કે, 'મનુષ્યે માત્ર એક મતને જ અનુસરવું,' પછી તે મત દ્વૈત હો, અદ્વૈત હો, વિશિષ્ટાદ્વૈત હો, શુદ્ધાદ્વૈત હો, કિંવા દ્વૈતાદ્વૈત હો. એક મતને અનુસરવાથી તે મત એકવાર દૃઢ થાય છે અને તે જ પોતાને છેવટ સૂધી પાર પહોંચાડે છે 'આ ઠીક કે આ ઠીક,' એમ અસ્થિર મનને લીધે એકપર પ્રીતિ બેસતી નથી, તેથી કોઈ પણ તત્ત્વ વસ્તુ ગ્રહણ કરી શકાતી નથી માટે જ, પૂર્વે યોગેશ્વર યાજ્ઞવલ્કયે જનકરાજાને ઉપદેશ કરતી વખતે કહ્યુ હતું કે, 'જનક! હું તને તત્ત્વોપદેશ પછી કરીશ, પણ પ્રથમ એક મારી વાત સાભળ તારે માત્ર મારા વચનને જ માન્ય કરવું અને તેને જ પોતાનુ હિતકારક તથા શ્રેષ્ઠ માનવું,પણ તેના કરતા બીજું ગમે તેટલુ તને શ્રેષ્ઠ અને મિષ્ટ લાગે તોપણ, તેના પર તારે વિશ્વાસ રાખવો નહિ મારા વચનપર વિશ્વાસ કરવાથી તારુ મન ચચળ ન થતા તને તત્ત્વપ્રાપ્તિ થશે, તારા વિચારો અનેક શાખાવાળા ન થતા સ્થિર થશે; તારા સશયો દૂર થશે અને અન્તે તારી મુક્તિ થશે માત્ર મારા જ વાક્યોને અનુસરજે, જેથી નિરતરના કલ્યાણનો ભોક્તા થઇશ' એ જ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રે સખ્યભક્ત અર્જુનને પણ કહ્યુ છે કે, 'પાર્થ! આ સર્વ ધર્મો (અનેક શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા)થી તારુ સમાધાન ન થતું હોય, વા તેમા તને સમજણ ન પડતી હોય તો તે સર્વ ત્યજીને તું મારે શરણ આવ,'* અર્થાત્ માત્ર મારા જ વચનને અનુસર, અન્યત્ર ચિત્તવૃત્તિ દોડાવીશ મા, જેથી તું એક સિદ્ધાતપર આવી તરી જઇશ.

* सर्वधर्मान्परित्यज्य मामेकं शरण व्रज એ વચનથી

માટે હે યજ્ઞભૂ! હરકોઈ શાસ્રોક્ત મતનો એક નિશ્ચય પોતાને માટે કરવો પણ તે પોતાના મનથી જ નહિ-સદ્‌ગુરુએ બતાવેલો વા ઉપદેશેલો મત હોય, તેપર જ નિશ્ચય રાખવો, સદ્‌ગુરુના જ વચનપર શ્રદ્ધા રાખવી, પાખંડી કે પોપલા કે પ્રેમલાના આચાર કે વચનપર વિશ્વાસ રાખવો નહિ આ જીવલોકમા સદ્‌ગુરુના સ્વાગમા અનેક અસદ્‌ગુરુ વસે છે તેમનો મત-માર્ગ-ઉપદેશ નરકના ધામમા હડસેલી મૂકનારો છે સદ્‌ગુરુ-સત પુરુષ તો સતનું જ સેવન કરાવે છે, શ્રદ્ધાનો જ આદેશ કરે છે! તેનામા ભેદ જ નથી, આ ઇષ્ટ છે, તેને સેવો, અન્ય ઇષ્ટ જ નથી, તેને સેવો મા, એવા બોધ આપનારા દુનિયાઈ દુકાનદારો છે! જે દુકાનદાર હોય, તે સત્યવાદી કે સત્‌નો સેવક હોય જ નહિ. સદ્‌ગુરુ એક જ માર્ગ દર્શાવે છે, અને કહે છે કે ઇષ્ટાનુસંધાન કર, તે જ ઇષ્ટને આરાધ, તેમા અશ્રદ્ધા કરતો નહિ અશ્રદ્ધા-શકા-સશય જ વિનાશનુ કારણ થઈ પડે છે જગતના જીવો વેવલા બની ત્યાથી ત્યા ને ત્યાથી વળી ત્રીજે સ્થાને દૃષ્ટિ કરે છે. તેવા વેવલાઓથી એકેનુ આરાધન-સેવન બની શકતુ નથી, વ્યવહારવાર્તા છે કે, તુલસીદાસ* નામનો કોઈ ભક્ત હતો તે વૃન્દાવનમા ગયો, પણ પરમ યોગીશ્વર શ્રીકૃષ્ણના દર્શન કર્યા છતા મસ્તક નમાવ્યુ નહિ ત્યારે કોઈએ પૂછ્યુ, એમ કરવાનુ કારણ શુ? ત્યારે તે ભક્તે કહ્યુ, तुलसी मस्तक तब नमे, जब धनुष बाण लीओ हाथ. આવી ભગવાન્ રામભદ્રપર તેની અટૂલશ્રદ્ધાથી પ્રસન્ન થઈ, શ્રીકૃષ્ણચન્દ્રનુ સ્વરૂપ તત્ક્ષણે રામરૂપ બની ગયું ને ધનુષ બાણ સહિત રામના અનન્ય ભક્તને દર્શન આપ્યુ હતુ આટલા માટે એક જ મત-સિદ્ધાત સ્વીકારી, એક જ ઇષ્ટ આરાધ્યનુ સેવન કરવુ, અને અટૂલ શ્રદ્ધાથી રહેવુ પ્રાણાતે પણ શ્રદ્ધા ડગાવવી નહિ તેમ વિવાદમા ઉતરી કલેશ વહોરવો નહિ, કિંવા અન્યના આરાધ્ય ઇષ્ટની નિંદાએ કરવી નહિ પોતે પોતામા મગ્ન રહેવુ, પણ અન્યના દોષ ન જોવા ગુરુ દત્તાત્રેયની વૃત્તિ ધારણ કરી સર્વમાથી તત્ત્વ ગ્રહણ કરવુ અને પોતાના નિશ્ચિત એક માર્ગે, યત્કિંચિત્ પણ સશય વગર, પૂર્ણ શ્રદ્ધાથી, વિચરવા જવુ એવો પુરુષ પરમ પદને પ્રાપ્ત કરી શકે છે એ માટે જ 'સદ્‌ગુરુના વચનપર વિશ્વાસ રાખવો' એને પણ મેં એક કર્તવ્યરૂપે તને કહી સભળાવ્યુ

એક જ માર્ગનુ અનુસરણ કરવુ, એ વાક્યનું દૃઢીકરણ કરવા માટે

* ગત કલ્પનો તુલસીદાસ ભક્ત જાણવો

હું તને એક પુરાતન ઇતિહાસ કહી સંભળાવું છું, જે શ્રવણ કરવાથી અનેક માર્ગપર દૃષ્ટિ રાખનારને કેવો મિથ્યા શ્રમ થાય છે તથા સ્થિર ચિત્તથી એક માર્ગે વિચરનારને કેવી કેવી ઇચ્છિત દુર્લભ વસ્તુની પ્રાપ્તિ (તત્ત્વની પ્રાપ્તિ) થાય છે, તે તને સત્વર સમજાઈ જશે.

બે બ્રાહ્મણપુત્રની કથા

ત્રૈલોક્યપાવિની ભાગીરથીના પવિત્ર તટ ઉપર આવેલા એક નાના ગામમા એક બ્રાહ્મણ રહેતો હતો. તેના પિતાના કોઈ ગુણને લીધે પ્રસન્ન થઈ, તે દેશના રાજાએ તેને કેટલીક રસાળ જમીન શાસિત* કરી આપી હતી તે બ્રાહ્મણ પિતાના વારાથી ચાલતી આવેલી તે જમીનપર ખેડ કરી પોતાનો નિર્વાહ ચલાવતો હતો તેની સ્ત્રી ઘણી સુશીલ હતી અને તે પોતે સારો વિદ્વાન્ હતો દંપતિ આ નાના ગામમા બહુ આનદથી કાળ નિર્ગમન કરતા હતા ખેતીની અદરથી જોઇતુ અન્નાદિ આવતુ હતું, જેથી તેને પોતાના નિર્વાહ અર્થે બીજી કશી કાળજી કરવી પડતી નહોતી. તેઓને મધ્યાવસ્થા સૂધી કશુ સતાન નહોતુ છેક વૃદ્ધાવસ્થામા બબે વરસને આતરે બે પુત્ર થયા હતા મોટા પુત્રની ઉમ્મર જ્યારે આઠ વરસની થઈ, ત્યારે બ્રાહ્મણે તેને યજ્ઞોપવીત સસ્કાર કરવાનો વિચાર કીધો. સસ્કારને અગે જોઇતુ સઘળુ સાહિત્ય તૈયાર કીધુ, સગાવહાલા તથા સસ્કાર કરવામા કુશળ બ્રાહ્મણોને નિમત્રણ કર્યાં, સંસ્કારને માટે નિમેલો યોગ્ય દિવસ પણ આવી પહોંચ્યો એટલામા દૈવયોગે તે બ્રાહ્મણના શરીરમા જ્વરપ્રવેશ થયો. બ્રાહ્મણનું શરીર વૃદ્ધાવસ્થાએ પહોંચ્યું હતું. વૃદ્ધાવસ્થાના યોગે અશક્ત તો ખરુ જ, અને તેમા વળી આવો કઠિન જ્વર શરીરમા પેઠો, જેથી તેણે ધાર્યું કે, હવે આ મંદવાડમાથી હું બેઠો થઈ શકીશ નહિ પતિની આવી અવસ્થા જોઇને પવિત્ર સાધ્વી બ્રાહ્મણીએ પણ નિશ્ચય જ કર્યો કે, હવે વૃદ્ધપતિ આ સસારમાં થોડા દિવસના પરોણા છે! તેણે તેને વિનતિ કરીને કહ્યુ, "સ્વામીનાથ! આપ સુજ્ઞ છો જેથી આપને હું કહેવાને સમર્થ નથી! પાત્ર પણ નથી! પત્ની સદા પતિની આજ્ઞાધારિણી છે! તેને પગલે ચાલનારી છે! તે સ્વતત્ર નથી! પણ એક વાત મારે આપને નિવેદન કરવી છે તે યોગ્ય ન હોય તો મને ક્ષમા કરશો નાથ! આપણા બન્નેના શરીર પૂર્ણ વૃદ્ધાવસ્થાએ

* શાસિત–સ્વાધીનમા કરી આપવુ બ્રાહ્મણને એ પ્રમાણે દાનમા આપેલી જમીનપર કર લેવામા આવતો નહિ

પહોંચ્યાં છે; અને તેમાં વળી આપને આ દુષ્ટ જ્વર લાગુ પડ્યો છે. શરીરનો કંઈ ભરોસો નથી કે તે ક્યારે પડશે; પણ પડશે એ તો નિશ્ચય જ છે! નાથ! આપ જાણો છો કે, આપણા બન્ને બાળક છેક નાના છે; માટે આપણા મોટા દીકરાને મૌંજી ધારણ કરાવવાનો વિચાર કર્યો છે, તો તેની સાથે આ નાનાને પણ કરાવી દો. સમય છે, કાલ કોણે જોઈ છે! પછવાડેથી એને મૌંજીબધન કરાવનાર કોઈ હો વા ન હો; માટે એ બાળક અસસ્કૃત રહેવાથી અથવા સસ્કાર કરવા યોગ્ય વય વ્યતીત થઈ જવાથી, વ્રાત્યતાને પામે તો તેના પિતૃરૂપ આપણે મહાદોષિત ઠરીએ, તથા તેના હાથનુ ઉદક પણ પામવાનો આપણને અધિકાર નહિ! નાનાને હાલમા છઠ્ઠુ વર્ષ પૂરુ થઈ સાતમુ ચાલે છે ને શાસ્ત્રમા પણ બ્રાહ્મણના બાળકને સાતમે વર્ષે ઉપવીત સસ્કાર કરવાની આજ્ઞા છે એમ હું, આપના પ્રતાપથી જાણું છુ માટે, મારુ આટલુ કહેવુ આપ માન્ય કરો તો બહુ સારું. વળી એની બુદ્ધિ અત્યારથી તીવ્ર અને બહુ નિર્મળ દીસે છે, માટે એક વરસ વહેલો સંસ્કાર થશે, તોપણ મને લાગે છે કે, એના મોટા ભાઈની સાથે શાસ્ત્રોક્ત નિયમ પ્રમાણે વર્તી, બ્રહ્મચર્યાશ્રમમા સારી રીતે ચાલી શકશે." આ સાભળી બ્રાહ્મણ બોલ્યો; "તેં ઘણો સારો વિચાર કીધો આ સબધે જો કે મેં તારા જેવો નિશ્ચય તો નહોતો જ કર્યો પણ અત.કરણમા મને એમ થઈ આવ્યું હતું ખરુ કે મોટા સાથે જ નાના પુત્રને પણ ઉપવીત દેવાય તો વધારે સારુ! હવે મારો પણ નિશ્ચય થાય છે કે બન્ને બાળકોને સાથે જ સસ્કાર કરવો "

મૌંજીબંધનના મુહૂર્તનો દિવસ આવી પહોંચ્યો બ્રાહ્મણાદિ સર્વ નિમત્રિત મનુષ્યો આવ્યા નિર્ધારેલે દિવસે સસ્કાર ચાલુ થયો ગર્ભાધાનથી ઉપવીત ધારણપર્યંતમા કદાચ કોઈ સસ્કાર રહી ગયો હોય વા વિધિપૂર્વક ન થયો હોય તો તે સઘળાના પ્રાયશ્ચિત્તથી માડીને તે છેક યજ્ઞોપવીત ધારણ કરવા સૂધીની સઘળી ક્રિયાઓ ઋત્વિજોએ, સૂત્રમા આજ્ઞા કર્યા પ્રમાણે, મત્ર તથા વિધિપુરસ્સર કરાવી પછી યજ્ઞોપવીત ધારણ કરવાથી વેદમંત્રોપદેશના અધિકારી થયેલા બન્ને બાળકોને, ગાયત્રી મત્રનો ઉપદેશ કરવાનો સમય આવ્યો. ગાયત્રી એ સર્વોત્કૃષ્ટ મત્ર અને વેદમાતા છે સાક્ષાત્ પરબ્રહ્મનું સ્વરૂપ પ્રતિપાદન કરનારો એ જ મન્ત્ર છે. એટલુ જ નહિ, પણ તે સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ જ છે. કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણેનો એમા સમાવેશ છે એનો શુદ્ધ મનથી

નિરંતર જપ કરનાર પુરુષ કૈવલ્યબ્રહ્મને પ્રાપ્ત થાય છે. માટે એનો ઉપદેશ પણ સંસ્કૃત થયેલા બાળકને કોઈ સત્વશીલ બ્રાહ્મણથી થવો જોઇએ, અને તેમ નહિ થઈ શકે તો તેના પિતાદ્વારા થવો જોઇએ. આ બાળકનો પિતા સારો વિદ્વાન્ અને શાંત પ્રકૃતિનો હતો, તેથી ઋત્વિજોએ ગાયત્ર્યુપદેશ કરવા માટે તેને કહ્યુ. પાસે બેઠેલા બીજા કોઈ ન સાંભળી શકે, તેમ ત્રણ ત્રણવાર તેમના દક્ષિણ કર્ણદ્વારા, તે બ્રાહ્મણે પોતાના પુત્રોને મત્રોપદેશ કર્યો પછી ઋત્વિજોએ તે બાળકોને તેનો પ્રતિદિન ત્રિકાળ જપ કરવાની આજ્ઞા કરી અને સૂત્રાનુસારે જણાવ્યુ કે, "હે બ્રહ્મચારીઓ! તમે હવે સઘળા વૈદિક કર્મો કરવાને અધિકારી થયા છો, આજથી તમારે નિયમપૂર્વક બ્રહ્મચર્યવ્રત પાળીને વેદાધ્યયન કરવુ!" પછી કટિએ મૌંજી તથા કૌપીન ધારણ કરેલા, હાથમા દડ તથા બગલમા કૃષ્ણાજિન અને ખભે યજ્ઞોપવીત તથા ઉત્તરીય વસ્ત્ર ઇત્યાદિકથી અલકૃત થયેલા બન્ને બટુકોને, ચદન પુષ્પાદિથી વધાવી, માતાએ ભિક્ષા આપી, અને પિતાએ તથા ઋત્વિજોએ તેઓને આશીર્વાદ દઈ, સર્વ કૃત્યની પૂર્ણાહુતિ કીધી.

નિમત્રેલા સગાઓ તથા બ્રાહ્મણોને થોડાક દિવસ રાખી, દક્ષિણા સન્માન ઇત્યાદિથી સન્તુષ્ટ કરી વિદાય કીધા પછી પોતાના બન્ને બાળકોને તે બ્રાહ્મણે સધ્યા વગેરે કર્મો શિખવવા માડ્યા પણ તેના શરીરમા પેઠેલો જ્વર પ્રતિદિન વધારે ને વધારે જોરમા આવતો જવાથી તે તદ્દન અશક્ત થઈ ગયો થોડાક દિવસમા તેનો કાળ આવી પહોંચ્યો. અત સમયે પોતાની સ્ત્રી સાથે બન્ને બાળકોને પોતાની સન્મુખ બોલાવીને તેણે કહ્યુ, "પુત્રો! બીજી કોઇ પુખ્ત વિચારવાળી ભલામણ કરવાને તમે હજુ યોગ્ય થયા નથી, પણ તેને સાટે આ સમયે તમોને હુ એટલુજ કહું છુ કે, તમારે આ તમારી માતાને અનુસરીને ચાલવુ અને તેનુ સદા સન્માન કરતા રહેવુ આ જગતમા માતા સમાન કોઈ હિતૈષી નથી, માતા સમાન કોઈ પાલન કરનાર નથી માતા એ સાક્ષાત્ પૃથ્વીનું-ગૌનુ સ્વરૂપ છે માતા જ સર્વની ગુરુ છે, અને ગુરુની સેવા પરમ કલ્યાણકારી છે તમારા નિર્વાહાર્થે કોઇ વાતની ચિંતા નથી, કેમકે તમારુ રુડી રીતે પોષણ થઈ શકે, તેટલું અન્ન મારા સ્વર્ગવાસી પિતાએ ઉપાર્જિત કરેલી ભૂમિમાથી દર વર્ષે ઉત્પન્ન થાય છે. ધર્મસબધે હું તમોને કંઈ પણ ઉપદેશ કરી શકયો નથી પણ કંઇ ચિંતા નહિ, અત્યાર પહેલા હું તમને ગાયત્રીમત્રનો ઉપદેશ કરવા શક્તિમાન્

થયો છું, તે પણ ઘણું છે તેમાં જ સર્વ છે ગાયત્રી મન્ત્રના નિરંતરના જપથી બ્રહ્મતેજની વૃદ્ધિ સાથે પરબ્રહ્મના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. માટે પ્રતિદિન સંધ્યાવંદન કરી ગાયત્રી મન્ત્રનો જપ કરજો! અને પછી તમારી મા સાથે ખેતરમા કામ કરવા જજો." આટલુ કહી બ્રાહ્મણ બોલતો બંધ થયો ને મનસાવાચાથી હરિસ્મરણ કરતા કરતાં થોડી વારે તેનો પ્રાણ, દેહનો ત્યાગ કરી વિદાય થયો.

અગ્નિસંસ્કારથી માંડીને છેક સંવત્સરી શ્રાદ્ધપર્યંતની સર્વ ક્રિયાઓ તેના મોટા દીકરાએ કરી ધીરે ધીરે પુત્રને પિતાની વિસ્મૃતિ થતી ગઇ મોટાની ઉમર બારેક વર્ષની થઈ, તે ખેતીના કામકાજમા હુશીયાર થવા આવ્યો એટલામા બંને પુત્રને મૂકીને તેમની મા પતિપાદનુ સેવન કરવાને વિદાય થઈ ગઈ બંને બાળકો નોધારા થઈ પડ્યા પણ મોટો સઘળુ કામ કરતો હોવાથી તથા તેમના ઘરમા ઘણા વર્ષથી રહેતો એક શૂદ્ર ચાકર બહુ ભલો હોવાથી, તેમનુ ખેતીનુ કામ જેમનુ તેમ ચાલ્યું ગયુ મોટો પુત્ર રોજ નિયમપૂર્વક ગાયત્રી જપ કરે ને તે જ પોતાનુ દૈવત તથા તે જ પરમ ગતિ છે એમ નિશ્ચયપૂર્વક માની તેમા પરાયણ રહેતો હતો નાનો પણ તેને અનુસરતો હતો ખરો, પરંતુ તેને કામકાજની ઝાઝી ચિંતા નહિ હોવાથી, તે બીજા બ્રાહ્મણ પુત્રો સાથે કોઈ કોઈ સ્થળે સભાઓ મળતી તથા યજ્ઞો વગેરે થતા, તે જોવા સારુ જતો. ત્યા જોવામા આવતા વિદ્વાનો તથા વિદ્યાને લીધે થતી તેઓની પૂજાઓ વગેરેથી, વિદ્યાભ્યાસ કરી શાસ્ત્રજ્ઞ થઈ, સભાઓમા માન મેળવવાની તેને ઉત્કટ ઇચ્છા થઈ, તે પોતાના મોટા ભાઈની આજ્ઞા લઇને કાશીપુરી ગયો ત્યા માધુકરી માગી નિર્વાહ કરી, ચિત્ત દઈ વિદ્યાભ્યાસ કરવા માંડ્યો બુદ્ધિ અતિ સૂક્ષ્મ હોવાથી થોડીક મુદતમા તેણે વ્યાકરણ, ન્યાય વગેરે શાસ્ત્રોનુ સારુ જ્ઞાન સંપાદન કીધુ. મૂળથી જ તેના મનમા વિદ્વાન્ થઈ સભાઓમા માન મેળવવાની મોટી અભિલાષા હતી, તેથી તેણે શાસ્ત્રોનો સારો અભ્યાસ કર્યો તે જે જે શાસ્ત્ર સંપૂર્ણ શિખતો, તે તે શાસ્ત્રના સિદ્ધાંતોથી પોતાના સહાધ્યાયીઓ સાથે સંવાદ ને વિવાદ ને સમયે વિતંડા કરતો ને તેમા પોતાની કોટી ઉપર રહેતી ત્યારે તે બહુ જ આનંદ પામતો આમ કરતા તેણે લગભગ ચાર શાસ્ત્રનું સારું અધ્યયન કર્યું. એ ઉપરાંત વિશેષ અભ્યાસ પણ કીધો પરંતુ તેની સભા જિતવાની અભિલાષાએ તેને પરમ કલ્યાણકારી એવુ યોગ ને સાંખ્યનું જ્ઞાન મેળવતાં અટકાવ્યો શહેરમા નાની મોટી સભાઓમા તે જવા

લાગ્યો ને પોતે અધ્યયન કીધેલા વિષયના વાદમાં પ્રત્યેક સ્થળે આગળ પડી તે પોતાની પ્રભા–છાપ પાડતો થયો. તેને જ્યાં ત્યાંથી યથાયોગ્ય માન મળવા માંડ્યું. દિનપ્રતિદિન આગળ વધતાં તે વિદ્વન્મંડળમાં ઓળખાવા લાગ્યો અને પછી તેને અભ્યાસ ઉપર અભાવ ઉત્પન્ન થવા લાગ્યો! સભાજિત બનવાથી તેને મદ ચઢ્યો કે, 'કાશીપુરી સરખા નગરમાં હું ઘણાક વિદ્વાનોને વાદમાં જિતી ચૂક્યો છું, તો હવે બીજે સ્થળે મારી સામું રહી વાદવિવાદ કરનાર કોણ મળશે?' પણ તે જાણતો ન હતો કે, મારે હજી ઘણું જાણવાનું છે ને ભણવાનું છે; હું હજી ઘણી વાતે અપૂર્ણ છું, આટલેથી જ કંઈ શાસ્ત્રવેત્તા કહેવાઉં નહિ! આવો વિચાર તેના મનમાં કદી પણ આવ્યો નહિ. તેણે તો નક્કી જ માન્યું કે, 'હવે જે કંઈ છું, તે હું જ છું! મારે હવે આ કરતાં કંઈ વધારે જાણવાની જરૂર જ નથી વેદાદિ વિષયોને માત્ર હું ઉપર ઉપરથી જોઈ લઇશ તો ઘણું છે, કે જેથી તે કોઈ દહાડો મારા કામમાં આવે.' આમ કરતાં કેટલોક કાળ વીતી ગયો.

કોઈએક દિવસે કાશીપુરીમાં એવી ખબર ફેલાઈ કે, 'અહીંનો રાજા આ વર્ષની સમાપ્તિ વખતે એક એવી મહાસભા કરનાર છે કે, જેમાં આવનાર પંડિતો સકળશાસ્ત્રવેત્તા હોવા જોઈએ ને તેઓને પ્રતિજ્ઞાપૂર્વક પરમ પુરુષ પરમાત્માનું અસ્તિત્વ સિદ્ધ કરી આપવું જોઈએ. વળી આ નગરની અંદર અદ્યાપિપર્યંત થયેલી અનેક સભાઓમાં વાદ કરી માન પામેલા દરેક પંડિતે તેની સભામાં અવશ્ય પધારવું જ જોઇશે અને ત્યાં નિરીશ્વરવાદી પંડિતોને વાદમાં જિતવા જોઇશે જો, તેમ નહિ બની શકશે, અર્થાત્ નિરીશ્વરવાદીઓને જિતી શકાશે નહિ તો રાજા સઘળે નિરીશ્વર મત સ્થાપન કરશે અને હારેલા સર્વ પંડિતોને દેશનિકાલ કરશે!' આ ખબર જ્યારે આ પંડિત થઈ બેઠેલા બ્રાહ્મણપુત્રના સાંભળવામાં આવી, ત્યારે તે જાણે ઘોર નિદ્રામાંથી જાગ્રત્ થયો હોય તેમ એકાએક ચમકી ઉઠ્યો. તે વિમાસણમાં પડ્યો કે, 'અરે વળી આ તે કેવો વાદ, કે જેમાં તે હારનાર દેશનિકાલ થાય? એ તો ઠીક, પણ એ સભામાં હું વાદાર્થે જઇશ ત્યારે મારે કયા સિદ્ધાંતો ગ્રહણ કરવા? શું ન્યાયની કોટીથી હું સિદ્ધ કરી શકીશ કે ઈશ્વર છે? અરે! તે તો પરમાણુવાદી છે અને પરમાણુવાદીઓને વિનાશી માન્યા છે! અને પરમેશ્વર તો અવિનાશી છે! ત્યારે મીમાંસા? તે તો કર્મોનું પ્રાધાન્યપણું ગણાવે છે અને સાંખ્ય? રે! એ તો પ્રકૃતિ પુરુષને સિદ્ધ કરે છે અને નિરીશ્વર સાંખ્ય તાત્ત્વિક સૃષ્ટિને માને છે.

ત્યારે તત્ત્વશાસ્ત્રોમા કદાચ તે વાત સંપૂર્ણપણે વર્ણવેલી હશે, પણ તે તો હું પૂરેપૂરું જાણતો નથી!' આવી રીતે વિચાર કરતાં પોતે શિખેલા શાસ્ત્રો-માથી ઈશ્વરને સિદ્ધ કરનારા વચનો કાઢતો, ને તેને પોતાના જ વચનથી અસિદ્ધ કરી મૂકતો! તેને એકે વાતનો નિશ્ચય ન થયો જેમ જેમ તે વિચારમા ઊંડા ઊંડા ઊતરતો ગયો, તેમ તેમ તેને ભ્રમ પણ વિશેષ વિશેષ થતો ગયો. આ તો સ્વાભાવિક જ છે કે, કોઈ પણ વાતપર સંશય અને ભ્રમ થયો, તો પછી તે ભ્રમ, ચિત્તને સત્વર સ્થિર થવા દેતો નથી આ બ્રાહ્મણપુત્રને પોતે શિખેલા શાસ્ત્રોનું મોટુ અભિમાન હતું, છતા પોતાના જ ભ્રમથી તેનું મન ભારે વમળમા પડી ગયુ. તે સંશયસાગરમા ડોલવા લાગ્યો નિરીશ્વર કે ઈશ્વર, એમાથી એકેનો તે નિશ્ચય કરી શક્યો નહિ. પોતે વિદ્વાન્ થઈ નામના મેળવેલી, તેથી પોતાને થયેલો સશય બીજાને કહેવાય પણ નહિ, કેમકે તેમ કરવા શરમ લાગે. માટે આપ મેળે ઘણાક દિવસ સૂધી વિચાર કરવાથી તે એકે વાતના નિશ્ચયપર ન આવતા બહુ જ ગભરાયો. રાજાની સભામા જવા માટે શું કરવુ, તેની તેને કશી સૂઝ પડી નહિ છેવટે તેણે વિચાર કીધો કે, 'રાજસભામા થતા સવાદમા જે હારશે, તેને તો રાજા દેશબહાર કરવાનો જ છે, ત્યારે હાર્યા પછી માનભગ થઈ નીકળવું, તે કરતા આપોઆપ જ અહીંથી પલાયનમઃ કરી જવુ, તે વધારે સારુ!' આવો નિશ્ચય કરીને તે ગુચ-વાયેલો બ્રાહ્મણપુત્ર, પોતાના પોથાથોથા બગલમા મારી રાતોરાત નાઠો! તે થોડાક દિવસમા પોતાને ઘેર આવ્યો

અહીંયા મોટો ભાઈ નિયમ પ્રમાણે પોતાનુ કૃષિકર્મ કર્યાં જતો હતો તે, પોતાના પિતાએ કરેલા ઉપદેશને આધારે જ પોતાનુ કર્તવ્ય-કર્મ ચલાવી બીજા કશા વમળમા પડેલો ન હતો. નાનાભાઇને ઘણે વર્ષે દેશાવરથી રુડો વિદ્યાભ્યાસ કરી ઘેર આવ્યો જોઈ, તે બહુ રાજી થયો ને તેનુ સારી રીતે આદરાતિથ્ય કીધું પછી બને ભાઈ રાત્રે નિરાંતે વાતચિત કરવા બેઠા, ત્યારે મોટા ભાઇએ નાનાને તેના દેશાટનના તથા વિદ્યાભ્યાસના સમાચાર જાણવા માટે પ્રશ્નો પૂછવા માંડ્યા નાનાએ સઘળો વૃત્તાત જણાવી કાશીપુરીમા થનાર મહાસભા માટે વાત કરતા કહ્યુ કે, 'મોટાભાઈ! મારે અહીં એકાએક નિકળી આવવાનુ કારણ એ જ છે. હજુ સૂધી ઈશ્વરના અસ્તિત્વ વિષે મારુ સમાધાન થતું નથી મેં આજ સૂધી મેળવેલી વિદ્યા કંઈ જ કામમા ન આવી, પરતુ હું ભ્રમમા

પડ્યો ને પ્રતિષ્ઠાનું ખંડન થવાના ભયથી અહીં નાશી આવવું પડયુ છે! આટલો બધો પઠનશ્રમ ન કરતાં ઘેર રહી, માત્ર આપની મેં સેવા કરી હોત તો પણ હું કૃતાર્થ થાત!'

આ સાભળી મોટા ભાઈએ કહ્યું; 'ભલા માણુસ! હજુ સૂધી તને ઈશ્વર વિષે શકા થાય છે અને તેથી તું તારી વિદ્યાને દૂષણુ દે છે? શું તુ આપણા પિતાજીનું હિતવચન ભૂલી ગયો? એ કેવી વિચિત્રતા! તેણે અંત સમયે આપણને બોલાવીને શું કહ્યું હતું, તેનુ તું સ્મરણ કર. તેણે આપણને યજ્ઞોપવીત સસ્કારને વખતે ઉપદેશેલો ગાયત્રી મત્ર જ પરમાત્મસ્વરૂપનું યથાર્થ દર્શન કરાવનાર છે તેનો નિરતર જપ કરવાથી મનુષ્યને ઈશ્વર સિદ્ધ કરવો તો શું, પણ ઈશ્વરનો સાક્ષાત્કાર થવો પણ દુર્લભ નથી, એ તું કેમ ભૂલ્યો? પણ સત્ય છે કે, માત્ર તેનું જ લક્ષ હોય તો તે સર્વ ફળ આપે છે. અનેક વિચારના ઓઘમા પડેલા મનુષ્યને તે સિદ્ધિ મળતી નથી

यश्च मूढतमो लोके यश्च बुद्धे पर गत ।
उभौ तौ सुखमेधते क्लिश्यत्यन्तरितो जन ॥

"જે મનુષ્ય લોકમા મહામૂઢ હોય છે અથવા તો જે મહાવિદ્વાન્ હોય છે, તે બન્ને પરમ સુખ ભોગવે છે; પરતુ અર્ધદગ્ધ મનુષ્ય ક્લેશ ભોગવે છે" એક ગામથી બીજે ગામ જતા વચમા જૂદા જૂદા ઠેકાણાના દશ બાર માર્ગ એકઠા થતા હોય, ત્યા આગળ અજાણ્યા માણસે જાણીતાને પૂછવાની વાટ જોઇ ઉભા રહેવું, એ જ વધારે સારુ છે ને એજ ભણ્યાગણ્યાનું સાર્થક છે અનેક પ્રકારના સ્વાદિષ્ટ પક્વાન્નોથી ભરેલા ઘણાક પાત્રો, ભૂખ્યા મનુષ્યના આગળ મૂકી, તેમાથી રુચે તે એક જાતનો પાક ઉપાડી લેવાને કહેવામા આવ્યું હોય તો પછી આ સારુ કે આ સારુ, એવો વિચાર કરનાર ભૂખે જ મરે છે, પણ જેનામા સઘળુ પચાવવાની શક્તિ હોય, તે બધા પાત્રો લઈ લે છે અથવા ગમે તે ખાઇશુ તો પણ ભૂખ મટશે એવા સાદા વિચારવાળો, ગમે તે એક પાત્ર લઇ બેસે છે, અને તે જ માત્ર તૃપ્ત થાય છે! તેં શાસ્ત્રોનો અભ્યાસ તો કીધો, પણ તેના રહસ્યને સમજવાનો પરિશ્રમ લીધો નહિ, તેમ સમગ્ર શાસ્ત્રોનો અભ્યાસ પણ કીધો નહિ, કે જેથી યથાર્થ રહસ્ય સમજવાને સમર્થ થાય. એ જ કારણથી તું આ પાર પણ નહિ રહ્યો ને પેલે પાર પણ નહિ પહોંચી શકયો–એવો અર્ધદગ્ધ રહ્યો; અને તેથી તને

અનેક પ્રકારની શંકાઓ ને ભ્રમો ઉપજ્યા. એ તકરારી વિષયમાં તું પ્રથમથી પડ્યો જ નહોત, વા પડીને તે સર્વ વિષયોનું સંપૂર્ણ અવલોકન કીધું હોત તો તારી મતિને આવો ભ્રમ થાત નહિ. માટે હવે તું એ સર્વ વાત એક બાજુએ મૂકી, માત્ર આપણા પિતાજીના અંતકાળના વચનપર જ દૃઢ નિષ્ઠા રાખી અનુવર્તન કર, એટલે તારો સર્વ ભ્રમ મટી તારુ કલ્યાણ થશે.' આ સાભળી તેણે ગાયત્રી મંત્રથી પ્રભુની ઉપાસના કરવા માડી, જેથી થોડાક કાળમાં તેના ગર્વરૂપી સર્વ પાપ નાશ થઇ ગયાં ને અતઃકરણ નિર્મળ થયુ તે કેવળ નિરભિમાની થયો અને અભિમાન ગયું એટલે સર્વમા એકવાક્યતા–અભેદતા દૃષ્ટે પડી ને તેને યોગે, પરમ પુરુષ પરમાત્માનુ સ્વરૂપ તે આ જગત્ છે ને તે હું પોતે જ છુ, એવું શુદ્ધ અદ્વૈત સમ્પૂર્ણ વિવેક વિચારથી જાણી, જીવન્મુક્ત થઇ રહ્યો

વળી વાદવિવાદના ઝઘડામા ન પડતા, એક જ ઈશ્વરને માનવા માટે એક મહાત્માએ કહ્યું છે, તે પણ તું શ્રવણ કર એક પ્રસગે એ જ કાશીપુરીમા શૈવ અને વૈષ્ણવ વચ્ચે વિવાદ થયો. એક પક્ષ કહે શિવ સર્વથી શ્રેષ્ઠ પ્રભુ છે; બીજો પક્ષ કહે વિષ્ણુ પરમ પ્રભુ છે બન્નેમાથી કોઇએ શિવ કે વિષ્ણુના દર્શન કીધા ન હતા એકે પક્ષ સર્વાંગે પોતાના ઇષ્ટપર શ્રદ્ધાવાન્ ન હતો. ડોળમા ને ડોળમા જ શિવ કે વિષ્ણુના સેવનમા આડબરથી–ઠાલી ઠઠારાથી–એકને પૂજ્યા કરતા હતા. બને પક્ષનો ઝઘડો વધી પડ્યો હતો, તેવામા એક દિવસે મધ્યાહ્નકાળે વાદસ્થાનમા હરિહરનુ સ્વરૂપ પ્રગટ થયુ અને સર્વને કહ્યુ, "મૂઢમતિઓ! હે અભેદના ભેદની કલ્પના કરનારાઓ! અદ્વૈતના રહસ્યથી અજ્ઞાત પ્રાણીઓ! તમે કોઇએ હરિ કે હરને જોયા નથી, તો શા માટે લડી મરો છો? પ્રત્યક્ષ જૂવો, હરિહરમા ભેદ જણાય છે ખરો? સર્વત્ર અદ્વૈત જ છે! સર્વત્ર ભેદ રહિત જ છે! જાણ્યા–સમજ્યા–વિચાર્યા વગર શા માટે મિથ્યા માથાકૂટ કરો છો ને લડી મરો છો? જે અભેદમા ભેદ માને છે અને એકને નિદી બીજાને વદે છે, તે દેહ કે ગેહ એકેનો નથી તે ધોબીના કૂતરા જેવો છે! શિવને ભજો કે વિષ્ણુને ભજો, નારાયણને ભજો કે શ્રીહરિને ભજો; કૃષ્ણને ભજો કે રામને ભજો કે સ્થાણુને ભજો કે નરસિંહને ભજો એ સર્વ એક જ છે એક જ પુરુષ, પુત્રનો પિતા, પૌત્રનો દાદો, પત્નીનો પતિ, ભત્રીજાનો કાકો ને ભાણેજનો મામો મનાય છે પરમાત્માનો આ બધો નામભેદ જ છે, તે એક જ છે વારિ, જળ, પાણી, એ એક જ છે, માત્ર નામ-

ભેદ જ છે. વ્યર્થ નિંદામાં ફળ નથી ને દૃઢ શ્રદ્ધાથી જે એકને વંદી તેમાં જ તલ્લીન રહે છે તે જ તરી જાય છે. એકને જ વંદો-ઇષ્ટને જ પૂજો-ભજો, સત્તર પહર સ્થળે ફાંફા ન મારો! જેને વંદો તેમાં જ શ્રદ્ધાવાન્ રહો, તેમા જ શ્રેય છે. એકના સેવનથી જ કલ્યાણ છે" આટલુ કહી હરિહર અભેદરૂપ દર્શાવી અતર્ધ્યાન થઈ ગયા. જે સર્વત્ર અભેદ જૂવે છે ને એક જ માર્ગે સંશય રહિત બની પ્રયાણુ કરે છે, તે જ તરી જાય છે.

સગ

પ્રત્યેક મનુષ્યે, સાધુ પુરુષની સંગતિ કરવી જોઈએ. સંગ એ સૌથી બળવાન્ છે. સર્વ પદાર્થોનું ઉત્પત્તિસ્થાન સગ જ છે. તું સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરી જો, કે શી વસ્તુ સગ વગર બની છે? સર્વત્ર સગ ને સંગ જ છે સગ એટલે મેળાપ અથવા ઐક્ય એક પદાર્થનું બીજાની સાથે જોડાવુ, તેનુ નામ સગ આપણી દૃષ્ટિએ જોવામા આવે છે, તે સર્વ પદાર્થો સગથી જ ઉત્પન્ન થયા છે. હું, તું અને આખું જગત્ પણ સંગથી જ ઉત્પન્ન થયુ છે વિશ્વનુ બધારણ॰ સગથી જ છે. પુરુષ ને પ્રકૃતિના સગથી જ સર્વ બન્યુ છે પૃથ્વીપર પડેલાં બીજને પાણીનો સગ થવાથી જ તેમાથી નવાં અકુરો ફૂટે છે ને તેમાથી કાળાતરે મોટું વૃક્ષ થાય છે. સ્ત્રી પુરુષના સગથી બાળક ઉત્પન્ન થાય છે. એકેક ઇંટનો પરસ્પર સગ થવાથી મોટુ મદિર ઉભુ થાય છે જળનો સંગ થાય તો જ વસ્તુ પલળે છે ને પારસમણિ લોહનો સગ કરે છે તો જ તેને સુવર્ણ કરી શકે છે સગથી મૂર્ખ પડિત થાય છે ને કુલટા સતી થાય છે ટુંકામા આ આખું જગત્, સગથી જ પેદા થયુ છે. સગથી જ સારુ અને માઠુ બન્ને ફળ થાય છે. વિષના સગથી (વિષપાનથી) મનુષ્ય મૃત્યુ પામે છે ને અમૃતના સંગથી અમર થાય છે. એમ જ મુમુક્ષુજને સાધુ (સજ્જન તથા જ્ઞાની) પુરુષનો સગ કરવો, કે જેથી કરીને પોતે સાધુ થઈ જાય. જ્ઞાનીનો સગ શા માટે કરવો? જ્ઞાની અમૃતરૂપ છે, અજ્ઞાની વિષરૂપ છે. જ્ઞાની થવાનો ખરેખરો માર્ગ જ્ઞાની પુરુષની સગતિ કરવી, એના જેવો બીજો એકે નથી. જ્ઞાનીજનના સગથી જ્ઞાન થાય છે અને તેથી સશયની નિવૃત્તિ થાય છે. સાધુના સગને સત્સગ કહે છે. એ સત્સગની જેટલી પ્રશસા કરીએ તેટલી થોડી છે એનો મહિમા અપાર અને જગદ્વિખ્યાત છે એ સત્સંગથી એવું પરમ પદ પ્રાપ્ત થાય છે કે, તે પદ, પૂજનથી, અર્ચનથી, શાસ્ત્રાર્થ

જાણવાથી કે પુણ્ય પ્રાપ્ત કરવાથી થતું નથી પણ સાધુસમાગમથી ઉદ્ભવેલા વિચારથી વિશુદ્ધ થયેલા હૃદયથી જ પરમપદ પ્રાપ્ત થાય છે. માટે જગતના પ્રત્યેક મનુષ્યે નિરંતર સત્સંગ કરવો.

વિષય તજ

મનુષ્યે વિષયાધીન ન થવું, તે વિષે સાભળ. જગતમાં વિષય પાચ છે ને તેને ભોગવનારી ઇન્દ્રિયો પણ પાચ છે. એ વિષયોથી આખું જગત્ બંધાયલું છે ને તેને આધીન થઈને જ પ્રાણી માત્ર વર્તે છે. વિષયો પાચ છે તે આ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગધ. એ પચ વિષય પચ મહાભૂતો થકી ઉત્પન્ન થયેલા છે. શબ્દ આકાશથી, સ્પર્શ વાયુથી, રૂપ તેજથી, રસ જળથી અને ગધ પૃથ્વીથી ઉત્પન્ન થયેલો વિષય છે એ પાચેને ગ્રહણ કરનારી અનુક્રમે શ્રોત્ર (કાન), ત્વચા (ચામડી), ચક્ષુ, (આખ), જિહ્વા અને નાસિકા, એ પાચ જ્ઞાનેન્દ્રિયો છે. એ પ્રત્યેક ઇન્દ્રિયો, પ્રત્યેક વિષયને આધીન થવાથી, આધીન થનારને, તે ઇન્દ્રિયદ્વારાએ, એ વિષયો નાશ કરે છે

માત્ર એક શ્રોત્રેન્દ્રિયને આધીન થનાર, અર્થાત્ તેમા વિશેષ જ્ઞાનવાળુ મૃગપશુ, તે ઇન્દ્રિયના વિષય શબ્દથી લોભાઈ મરણ પામે છે. મૃગને નાદ (શબ્દ) અતિશય પ્રિય હોય છે, તેથી પારધી લોકો કસ્તૂરીને અર્થે, તેને નાના પ્રકારના વેણુ વીણા ઇત્યાદિ વાદ્યોના નાદમા નિમગ્ન કરી, લોભાવી, તેના સ્વરૂપને વિસરાવી દે છે જ્યારે તે નાદના આનંદમા તલ્લીન થાય છે, ત્યારે પછવાડેથી શસ્ત્ર વા અસ્ત્રથી તેનો પ્રાણ હરાઈ જાય છે.

સ્પર્શેન્દ્રિયથી મદમસ્ત માતગ (હાથી) વશ થાય છે હાથી હાથણીનો સ્પર્શ (ભોગવિલાસ) કરવામા બહુ આતુર હોય છે અરણ્યમાથી હાથીઓને પકડનારાઓ એવી યુક્તિ કરે છે કે, એક મોટી કાગળની કે એવી બીજી કોઈ વસ્તુની હાથણી બનાવી ઉભી રાખે છે, ને જે માર્ગેથી હાથી આવવા જવાનો હોય, તે બાજુ એક મોટો ખાડો ખોદી તેનાપર વાસ, પાતરા, લાકડા વગેરે પાથરી, ઉપરથી જમીન જેવી જમીન કરી મૂકે છે. પછી હાથણીને ઉઘાડી મૂકી સઘળા માણસો જ્યા ત્યા આસપાસના ઝાડોમા સતાઈ રહે છે જ્યારે અરણ્યમા ફરતો ફરતો હરકોઈ હાથી, હાથણીને જોઈ વિષયાધપણાથી તેનો સ્પર્શ કરવાની ઇચ્છાથી તેની ભણી દોડ્યો આવે છે ત્યારે, જેવો તે પેલા ઢાકેલા ખાડાપર આવ્યો કે,

તે ખાડામાં પડે છે, અને તેમાંથી તે નિકળી શકતો નથી પછી જ્યારે ઘણા દિવસ સુધી ભૂખ તરસ વેઠી તે ખાડામા પડ્યો પડ્યો નિર્બળ થાય છે, ત્યારે પકડનારાઓ તેને અંકુશોના મારથી અને સાંકળોનાં બંધનથી નમ્ર કરીને દેશમા લાવી, ઈચ્છા મુજબ નચાવે છે.

રૂપવિષયથી પતંગિયું પોતાના પ્રાણ ખૂએ છે. પતંગિયાને તેજ-પ્રકાશ ઉપર અત્યંત પ્રીતિ હોય છે રાત્રિને વખતે બળતો દીવો અથવા બળતો અગ્નિ દેખાય, તેને તે સત્ય સુવર્ણ માની તેપર ઝંપલાવી પડે છે ને વિલંબ વગર એ દીવામા કે અગ્નિમા પડી પ્રાણ ગુમાવે છે.

રસના-જિહ્વા, સ્વાદ જાણનારી ઇંદ્રિય છે રસનાને બહેકાવવાથી મીનના (માછલાના) પ્રાણ જાય છે. મત્સ્ય જાતિની સ્વાદેન્દ્રિય અતિ પ્રબળ હોવાથી તેને પાણીમાથી પકડનારાઓ એક પ્રકારના લોઢાના કાંટાનો ઉપયોગ કરી પકડે છે. માછીમારો લોઢાના તીક્ષ્ણ અણીવાળા કાંટા ઉપર ઘઉંના લોટમા સાકર નાખી બનાવેલી ગોળીઓ ભરાવે છે ને તેને (કાંટાને) બીજે છેડે દોરી બાંધી તેનું પાણીમાં નાખે છે સ્વાદ-લોભી મત્સ્ય તે ગોળી મોંમા લે છે કે ભચ દેતો કે પેલો તીક્ષ્ણ કાંટો તેના તાળવામા ભોંકાઈ જાય છે, જેથી તે તરફડી પોતાના પ્રાણ ખુએ છે.

ઘ્રાણેન્દ્રિય-નાસિકાનો વિષય ગંધ છે એ ગંધ પણ તેને આધીન થનારાનો નાશ કરે છે. એ વિષે મધુકર (ભ્રમર)નુ દૃષ્ટાંત પ્રત્યક્ષ છે ભ્રમરને સુગંધ અતિ વહાલો હોય છે, તેથી તે નિરંતર નાના પ્રકારના પુષ્પો ઉપર ભટક્યા કરે છે કમળનો ગંધ તેને અતિ પ્રિય હોવાથી પ્રાતઃકાળે સૂર્યોદયસમયે કમળો ખીલવા લાગ્યા કે, તે તેની અંદર બેસે છે ને નિશ્ચિતપણે મકરંદ ગ્રહણ કરે છે આ રસમા તે એટલો બધો નિમગ્ન થઈ જાય છે કે, સંધ્યાકાળે સૂર્યનો પ્રકાશ શાંત થવાથી કમળો બીડાવા માંડે છે, તો પણ તેનાથી સુગંધનો પ્રેમ છોડી, અંદરથી ઉડી શકાતું નથી હમણા ઉડું, હમણા ઉડુ એમ કરતા કરતા કમળ સંપૂર્ણ રીતે બીડાઈ જાય છે અને ભ્રમર અંદર કેદી થઈ જાય છે. એ ભ્રમરની શક્તિ શું થોડી છે? ગમે તેવા કઠણ અને જાડા લાકડાંમા પણ તે પોતાના ડંખવડે આરપાર છેદ પાડે છે, તો પછી આ કમળપુષ્પની અતિ સુકો-મળ પાંખડીઓને કોરીને તે બહાર ન નિકળી શકે, એ કેવું આશ્ચર્ય? પણ તેમ તેનાથી બનતુ નથી. ગંધના પ્રેમથી તેને ત્યાંથી નિકળવાનું મન જ થતું નથી; જેથી તેના લોભમા હમણા નિકળુ, હમણા નિકળું,

એવા વિચારમાં તે કમળ કોરીને બહાર નિકળી શકતો નથી અને પ્રાતઃકાળ થતાં પહેલાં તો તે અંદર ને અંદર રુંધાઇને પ્રાણ મૂકે છે.

આવી રીતે પ્રત્યેક વિષયો પોતાને આધીન થનારા અજ્ઞાન-અવાક્ પ્રાણીના પ્રાણ લે છે. હે યજ્ઞભૂ! તું વિચાર કરી જો, કે માત્ર એકેક ઇંદ્રિયના જ્ઞાનવાળા અને એક જ વિષયપર આસક્તિ રાખનારા પ્રાણીઓનો એ રીતે નાશ થાય છે, તો પછી જેને એકે સાથે એ પાચે વિષયો ગ્રહણ કરવાનું સામર્થ્ય છે ને તે પાચેને ગ્રહણ કરનારી ઇંદ્રિયો, જે પોતપોતાના વિષયમા મગ્નમસ્ત અને સ્વચ્છદે વિચરનારી છે એવો જે મનુષ્યપ્રાણી, તે તેઓને આધીન થવાથી તત્કાળ વિનાશ પામે, એમા શુ આશ્ચર્ય? જીવની પાચે ઇંદ્રિયો પ્રબળ છે એ પાચે ઇંદ્રિયના વિષયોમા જે આસક્ત હોય, તેનો વિનાશ કેમ ન થાય? થાય જ એ જ પ્રમાણે સકળ મનુષ્ય પ્રાણીઓ પાચે ઇંદ્રિયોમા તલ્લીન થવાથી વિનાશને જ પામે છે પ્રશ્ન આ થશે કે, શુ એ વિષયોનો ત્યાગ કરવો અને તેઓને ગ્રહણ કરનારી ઇંદ્રિયોને સર્વાંશે મારી નાખવી? ના, તેમ નહિ શિષ્ટ જનોના વચન છે કે, 'જો વિષયનુ વિધિયુક્ત સેવન કરવામા આવે તો તે વિષય ત્યાગ કર્યા સમાન જ છે' એ વચનને અનુસરીને વિષયો ભોગવવા યોગ્ય જ છે! પણ વિષયોમા અધ થઈ ભોગવવાના નથી. અધ થઈ ભોગવાતા વિષયનુ સુખ પ્રથમ તો અમૃતસમાન લાગે છે, પણ પરિણામે તે વિષરૂપ નિવડે છે વિવેકપુરસ્સર એ વિષયોને સ્વાધીન રાખી, તે ભોગવનારો તેના બધનમા પડતો નથી તેઓની અવજ્ઞા કરવા છતાએ, એ વિષયોનું વિધિવત્ સેવન કરવાનુ મહાત્માજનોએ કેમ કહ્યુ હશે, એવી શકા સાહજિક છે પણ જેમ એક સુજ્ઞ સ્ત્રી, પોતાના પતિએ આણેલુ કુધાન્ય પણ સુધાન્ય કરીને રાધે છે, તેમ અવિદ્યાથી વિમુખ એવો સુજ્ઞજીવ પણ, એ વિષયોને સારે માર્ગે ભોગવી શકે છે! અને જેમ સુજ્ઞ સ્ત્રી પોતાના પતિને સુધાન્ય જમાડી, તેને આનદ પમાડી તેની કૃપાપાત્ર બને છે, તેમ એ વિષયો વિધિવત્ સેવાવાથી, પરમ કલ્યાણકારી માર્ગે જવાની પ્રેરણા કરે છે ને આત્માને સત્-ચિત્-આનદના માર્ગપ્રતિ દોરી લઈ જઈ, પરમ પુરુષની કૃપાને પમાડે છે. જેમ વિષ-સોમલ, જગાલ વગેરે પદાર્થો ખરેખરો નાશકર્ત્તા છે, અને તેનો જાણતા કે અજાણતા ઉપયોગ કર્યો હોય, તોપણ તે નાશ જ કરે છે, પણ જો તે પદાર્થો સુજ્ઞ વૈદ્યના હાથમા આવ્યા હોય તો તે, એ નાશકર્ત્તા પદાર્થને કેળવી, તેની રસાયન પ્રયોગોથી

ઉત્તમ માત્રા બનાવે છે, જેના સેવનથી ઘણા સમયથી પીડાતા રોગીઓ આરોગ્ય પામે છે. તેમ જ અગ્નિપ્રતિ દૃષ્ટિ કર. અગ્નિ પ્રત્યક્ષ દાહક પદાર્થ છે, અને તે પોતાને અડનારી સર્વ વસ્તુને બાળીને પોતાના જેવી જ કરી મૂકે છે, છતાં વિધિપ્રમાણે તેનું સેવન કર્યું હોય તો એ જ અગ્નિ સર્વનો પોષક થઈ પડે છે તે શીત મટાડે છે, પ્રકાશ આપીને અંધકાર દૂર કરે છે અને અન્નાદિ પદાર્થો પક્વ કરે છે. એ જ પ્રમાણે જળ, પૃથ્વી, વાયુ, આકાશ ઈત્યાદિ ભૂતો તથા બીજા દૃશ્ય પદાર્થ માત્ર, વિધિ પ્રમાણે સેવ્યા હોય તો તેઓ ગુણકારી થઈ પડે છે.

એ જ વિધિએ આ પંચ વિષયોને જે પુરુષ, યોગ્યાયોગ્યનો વિચાર કરતો વિવેકથી ભોગવે છે, સન્માર્ગે તેને વહેવા દે છે, તે પુરુષ, પ્રારબ્ધે તેમ જ અંતે, એ વિષયોથી દુર્ભાગ્યનો ભોગી થતો નથી, પણ સત્-ચિત્-આનંદમા મગ્ન મસ્ત બની રહે છે ને પરમ ફળને પ્રાપ્ત કરે છે. પણ અવિદ્યાથી ઘેરાયલો પુરુષ એ ફળ મેળવી શકતો નથી. એ ઠેકાણે જ જ્ઞાન અને જ્ઞાતાનો ખપ પડે છે, ત્યા જ જ્ઞાનીની પરીક્ષા થાય છે નબળાને સારુ કરી ઉપયોગમા લેવુ, એ ડાહ્યા પુરુષનું ડહાપણ દેખડાવી આપે છે આ ઇંદ્રિયજન્ય વિષયો, યોગ્યતા પ્રમાણે સેવન કરવા યોગ્ય છે.

એ પંચ ઇન્દ્રિયવિષયનુ વિવેક ને વિધિપુર:સર સેવન કેમ કરવું? તે માટે સાભળ શબ્દગ્રાહક શ્રોત્રેંદ્રિયદ્વારા અનેક પ્રકારના કુત્સિત ભાષણો, પરનિંદા, તેમ જ એવી કોઈ પણ મનને ઉન્માદકારિણી વાતનુ શ્રવણ જ કરવુ નહિ, પણ જે વાણી સાભળવાથી અંત:કરણ પાવન થાય તથા પાપકર્મોનો પણ નાશ થાય, એવા હરિકીર્તન, સત્-ચિત્-આનંદની કીર્ત્તિ, ભગવત્કથા તથા સજ્જન પુરુષોના મુખમાની હરિગુણાનુવાદથી સુસજ્જિત પવિત્ર વાણીનુ શ્રવણ કરવુ, કે જેથી પરમ કલ્યાણ પ્રાપ્ત થાય.

આલિંગન, ચુંબન, સંગ ઇત્યાદિ સ્ત્રી સાથેના વ્યવહારો સ્પર્શેન્દ્રિયથી થાય છે અને એ સ્પર્શેન્દ્રિયમા મગ્ન મસ્ત થનાર પ્રાણી પણ સત્વર નાશને પામે છે! એમાએ પરસ્ત્રીનો સંગ કરનાર તથા તેમા લુબ્ધ થનાર પ્રાણી કેવી અવદશાનો અને કેવી અધોગતિનો અધિકારી બને છે, તે અવર્ણનીય જ છે, અને એનુ નામ જ-પરસ્ત્રીસંગ કરવો તે જ સ્પર્શેન્દ્રિયનો દુરુપયોગ છે એટલા માટે જ જ્ઞાની પુરુષો કહી ગયા છે કે, સ્પર્શવિષય ઘણો અજિત છે, ને તે તારાથી તજી શકાશે નહિ,

માટે તું યોગ્ય વયે તારા યોગ્ય, રૂપ ગુણવતી કન્યાનું, વેદની ને સૂર્યની, ઋષિ, બ્રાહ્મણ, પુરોહિત, ઋત્વિજાદિની તથા સહોદર કુટુંબ આદિની સાક્ષીથી, મારી આજ્ઞા પ્રમાણે, વિધિપૂર્વક પાણિગ્રહણ કર અને સ્વસ્ત્રીની સાથે રહી, તારો ગૃહસ્થાશ્રમ પૂર્ણ કરી, પછી જ્ઞાન સંપાદનના માર્ગમાં વિચર. પત્ની સાથે પણ વિધિ પ્રમાણે જ વર્તન કરવું. એ આજ્ઞાનું ઉલ્લંઘન કરી, સ્વપત્નીનુ પણ જે સેવન કરે છે, તે પણ પરમના લાભથી વિમુખ જ રહે છે. વિધિ એટલે શાસ્ત્રે, સંત પુરુષોએ સ્વપત્ની સાથે જેમ વર્તવાની આજ્ઞા કરી છે, તેમ ન વર્તવું તે, અને વિધિ એટલે સચ્છાસ્ત્રની આજ્ઞાનુસાર વર્તવુ તે શાસ્ત્રાજ્ઞા એવી છે કે, પુરુષે, સ્ત્રી-સંગ, ઋતુસ્રાવના સાત દિવસ પછી કરવો, કુયોગ ને પવિત્ર દિવસોનો ત્યાગ કરવો, સ્ત્રીમા લુબ્ધ થઈ જવુ નહિ, સદા બ્રહ્મચર્યનું સેવન કરવુ, પિતૃઋણ પૂર્ણ થયુ કે સસારાસક્તિ ત્યજવી, પ્રેમમા અધ થવું નહિ ને તેમાં બંધાઈ જવું નહિ 'હા મારી સ્ત્રી, હા મારો પુત્ર!' એવી માયાને વશ ન થવુ, પણ વ્યવહારમા રહેવા જેટલો પ્રેમ જોઇએ તેટલો જ રાખવો, અને સત્ય પ્રેમ તો શ્રીહરિમા જ રાખવો. આ જેમ પુરુષને માથે બધન છે, તેમ સ્ત્રીને માથે પણ છે સ્ત્રીએ સદા શિયળ ને બ્રહ્મચર્યનું સંરક્ષણ કરવુ સ્ત્રીએ સ્વપતિમા ને પુરુષે સ્વપત્નીમા જ એકરાગ રહેવું. જ્ઞાનીજનોએ આ આજ્ઞા ઘણી જ યોગ્ય અને મનુષ્ય પ્રાણીના અત્યત હિતને માટે કહેલી છે વ્યવહારમા રહીને એ પ્રમાણે વર્તવાથી, સ્ત્રી પુરુષ નિરતર સુખી રહે છે, અન્યોન્યમા વ્યભિચારી ભાવ-મનસા, વાચા અને કર્મણાએ કરી, ઉત્પન્ન જ થવા પામતો નથી, પણ બનો, અદ્વૈતરૂપે રહે છે તથા તેઓની સતતિ પણ ધર્મશીળ, બુદ્ધિમાન્ તથા સુદૃઢ શરીરવાળી ઉત્પન્ન થાય છે પરસ્ત્રીને તો તજાય, પણ પોતાની સ્ત્રીનુ પણ અધિક સેવન કીધુ તો તેણે પણ વિષય સેવ્યો જ કહેવાય છે આ ઉપરથી એમ ધારવુ નહિ કે, પોતાની સ્ત્રીપર પ્રીતિ નહિ રાખવી, પણ સ્ત્રીને આધીન જ થઈ જવું અને ગારુડી જેમ મર્કટને નચાવે, તેમ તેની આગળ વિષયાધપણે નાચવું, નિષિદ્ધ દિવસોએ પણ તેનુ સેવન કરવુ, તેની જ ઝખના કર્યા કરવી, એ સર્વ ભ્રષ્ટતાની નિશાની છે. તેમ વળી સ્ત્રીને આધીન પોતે ન છતા, સ્ત્રીને પોતાને આધીન રાખતો હોય, તે પણ બીજા પ્રકારનો સ્ત્રૈણ જીવ જાણવો. વેદાજ્ઞા-શાસ્ત્રાજ્ઞાને નહિ ગણકારનારા સ્ત્રૈણ જીવો એટલા બધા પામર હોય છે

કે, સજ્જને તેઓનું મુખાવલોકન કરવું પણ યોગ્ય નથી, એવી મહાત્મા પુરુષોની આજ્ઞા છે. તેઓ કીયું પાપ નહિ કરે, તે કહી શકાય નહિ. માટે અલ્યા સજ્જનો! સ્પર્શવિષય પણ વિધિપૂર્વક જ સેવવાનો છે. સંત પુરુષોના મંગળ ચરણારવિંદને આલિંગન દેવું, તેઓની જ ભેટ લેવી, તેઓમાં જ આસક્તિ રાખવી અને સગુણ કે નિર્ગુણ મનોમય પરમાત્માની ભગવન્મૂર્તિ (માનસિક સેવામા, પોતાની સેવ્ય મૂર્તિનું પોતે ધ્યાન કરતા હોઇએ તે. જેવી કે શ્રીકૃષ્ણ, શ્રીરામચંદ્ર, શિવ, વિષ્ણુ, નારાયણ ઇત્યાદિ) ની સેવામાં અત્યંત પ્રીતિભાવ ધરવો, એ સ્પર્શેન્દ્રિયનો ઉત્તમ વ્યવહાર છે.

એવી જ રીતે રૂપ વિષયનો પણ સદુપયોગ કરવો તેજમા (તેજના રૂપમાં) લોભાઈ જેમ પતંગિયું બળી મરે છે, તેમ મનુષ્ય, સ્ત્રી આદિના રૂપમા લોભાઈને નાશ પામે છે હમેશા જ સ્ત્રી, પુરુષના અને પુરુષ, સ્ત્રીના રૂપમા લોભાય છે. તે માટે, એ રૂપ વિષયની ગ્રાહક ચક્ષુઇંદ્રિયને સન્માર્ગે લગાડવાનો નિત્ય યત્ન કરવો પ્રત્યેક વસ્તુપરથી પ્રીતિ ઉઠાડવાને તેના અવગુણો તરફ લક્ષ દેવું જોઇએ, એટલે મનની રુચિ તે તરફ વળે નહિ જે સ્ત્રીનુ રૂપ જોઇ મન ભટકયા કરે છે, તે જ સ્ત્રી જો કે ઉપરથી ગમે તેવી સુઘડ સુંદર દેખાય છે, પણ તેમા ઘણી જ મલિન વસ્તુઓ ભરી છે! અને રક્ત, માસ, લોહી, પરુ ઇત્યાદિ વસ્તુઓથી ભરેલા તથા બાહારથી માજી ચળકતા કરેલા ઘટની ઉપમા આપી શકાય. માસ, પરુ, રક્ત, મળ મૂત્રથી ભરેલું એ હાલતું ચાલતું, મોહ ઉપજાવતું, નરકમા મોકલનારુ હાડપિંજર છે. એવી જ રીતે સ્ત્રીના સબંધમા પુરુષ પણ છે. આ સબધે સૂક્ષ્મપણે વિચાર કરી શકનાર પુરુષે, પ્રાત કાળમા જેવી તે ઉઠે, તે જ સમયે અવલોકવાથી સ્ત્રી રૂપે કેવી છે, તેનુ યથાર્થ સ્વરૂપ તેના ધ્યાનમા ઉતરશે; અને તેને લાગશે કે, ગમે તેવુ ઉપરથી સ્વરૂપવાન્ દેખાતું શરીર પણ ખરેખર નરકથી ભરેલો કારમો ઘટ જ છે! આ વિચાર ખરેખરો ઠસવા પછી મનુષ્યને કદી સ્ત્રીના રૂપ ઉપર પ્રીતિ થશે નહિ ને આધળો થઇ તેના મોહમા પટકાઈ પડશે નહિ. નાશવંત રૂપપરથી ઉઠાડેલી પ્રીતિ મનુષ્યે અવિનાશી ભગવત્સ્વરૂપમા જ જોડવી. ધ્યાન સમયે પોતાના હૃદયકમળની અંદર દર્શન દેતા અવિનાશી કોટી કંદર્પ સુંદરવર પ્રભુ પરમાત્માના મહામંગળ મુખારવિંદપર મોહ કરવો;

અને વારંવાર, ‘એ શ્રીમુખનાં મને પુનઃ ક્યારે દર્શન થાય; રે! તે પ્રભુ મારાપર ક્યારે કૃપા કરી આ ભવદ્વંદ્વથી મુક્ત કરશે અને મને સાક્ષાત્કાર આપશે.’ ઇત્યાદિ કામનાઓ નિત્યની નિત્ય કર્યા જવી જોઇએ. તે જ ભવ-વારણનો માર્ગ છે. તેમ જેનાં દર્શન માત્રથી જ મનુષ્યને સદ્બુદ્ધિ સૂઝે છે, એવા મહાત્મા સત્પુરુષો, જ્ઞાનીજનો ભક્તજનો વગેરેના દર્શન કરવા પર પણ પ્રીતિ રાખવી, એ જ રૂપવિષયના સેવનની સાર્થકતા છે.

રસવિષયને લીધે જિહ્વા મનુષ્યને ફાસામા નાખે છે. અનેક પ્રકાર-ના રસો, જેવા કે ગોરસ, મધુરસ*, ઇક્ષુરસ†, ખાટો, ખારો, તીખો, ઇત્યાદિ રસોના સ્વાદમા લાલસા હોવાથી પ્રાણીને છેવટે પ્રાણ ખોવાનો સમય આવી પડે છે એવા અનેક રસોનું સેવન કરવાથી ઇંદ્રિયો બહેકી જઈ નિયમમા રહેતી નથી, પણ નાના પ્રકારના ઉપદ્રવો તથા અપકૃત્યમા શરીરને પ્રેરે છે રસ, મનુષ્યની ઇન્દ્રિયોને વંઠાવી અનેક પ્રકારના અપાયમા નાખે છે, તો શુ એ રસોનો ઉપભોગ મનુષ્યે ન લેવો? ના લેવો તો ખરો. સ્રષ્ટાએ સૃષ્ટિમા સર્જેલી સર્વ વસ્તુ ઉપભોગને અર્થે જ છે પણ તેનો ઉપભોગ તેના નિયમમા રહી લેવાવો જોઇએ રૂપવિષયમા ભળતા નાના પ્રકારના અલકારો, ઉંચા વસ્ત્રો તથા એવા બીજા શરીરને નાજુક તથા સુશોભિત દેખાડનારા પદાર્થો સેવન કરવા ન મળે તો તે વિના કઈ શરીરનો નાશ થતો નથી અને તેના બદલામા સદા શરીરનું રક્ષણ કરનારા ને નાજુકાઈ બતાવનારા નહિ પણ લજ્જાને સાચવનારા વસ્ત્રાદિનું સેવન કરવાથી મનુષ્યને કશી હાનિ થતી નથી, ઉલટુ તે સૌ વાતે ગુણકારી થઈ પડે છે એવી જ રીતે આ રસવિષયમા પણ જાણવું અમુક પ્રકારનું મિષ્ટાન્ન હોય તો જ જમાય અને તે ન હોય તો તેથી પ્રાણ જાય, એવું કદી બન્યુ છે? પાચ પ્રકારના પકવાન્ન અને ગમે તેવા કુધાન્ય (બટી, બાજરો, કોદરા વગેરે)ના ભક્ષણથી પણ આ પચભૌતિક દેહનુ પોષણ થાય છે; તેમ જ પકવાન્નના ખાધાથી પણ દેહનું પોષણ થાય છે માટે રસના (જીભ)ને એવા મિથ્યા સ્વાદમા લોભાવવી નહિ, પણ ઇંદ્રિયો બેહેકી ન જાય ને શરીરનું પોષણ થાય, એવો જ અવિકારી આહાર કરવો વળી વાણી પણ એ રસનાને આધીન જ છે માટે તે વડે અનેક દુષ્ટ ભાષણો, કાનને સાભળવા પણ ન ગમે તેવા કઠોર વેણો, બીભત્સ ગીતો તથા વચનો, પારકી નિંદા, મિથ્યાસ્તુતિ, મિથ્યા ભાષણ ઇત્યાદિ કાર્યોથી તેને અટ-

* મધનો રસ, મધરસ † શેરડીનો રસ

કાવીને ઉત્તમ કાર્યોમાં યોજવી. દોષયુક્ત ભાષણ ન કરતાં સૌને પ્રિય લાગે તેવાં મધુર વચનો ઉચ્ચારવાં, પરનિંદા ન કરતાં તથા કોઇની મિથ્યાસ્તુતિ ન કરતાં સર્વેશ્વર પ્રભુના ગુણાનુવાદ ગાવા-તેની જ સ્તુતિ કરવી, એ રસનાનો પરમ ધર્મ છે. મુખેથી સત્ય જ બોલવું. सत्यान्नास्ति परो धर्मः ! સત્ય જ પરમ શ્રેષ્ઠ ધર્મ છે. જે બોલવાથી પારકાનું કાર્ય સુધરે વા કોઇનું પણ કલ્યાણ થાય, તેવા જ કાર્યમા વાણીનો ઉપયોગ કરવો. રસ માત્ર ખોટા છે ને આ લોકના ઉત્તમ રસ તો અનેક છે, પણ તે સર્વે દુખદ જ છે.

માત્ર એક સર્વોત્તમ રસ છે, કે જેનુ જેમ જેમ વધારે સેવન કરવામા આવે છે, તેમ તેમ તે વધારે ગુણપ્રદ થાય છે તે રસ નામ-સુધારસ છે નામસુધારસ એવો છે કે, તેનું નિરન્તર પાન કરનાર પ્રાણી નિષ્પાપ થઈ, પ્રભુને અતિ પ્રિય થાય છે અન્ય રસ પીતા મનુષ્ય ધરાઈ જાય છે અને તેનો સર્વાંશે ત્યાગ પણ કરે છે, પણ નામસુધારસ પીતા કદી તૃપ્તિ જ થતી નથી જેમ જેમ તે વધુ ને વધુ પીવામા આવે છે, તેમ તેમ જીવ વધુ ને વધુ આનદમસ્ત બની જાય છે તે પીતાં જે આનદ થાય છે, તેનું વર્ણન પણ થઇ શકતું નથી-પિનાર જ તે આનંદ ભોગવી જાણે છે. નામસુધારસ તે એ જ કે જીભવડે નિરંતર પ્રભુના પવિત્ર નામનું રટન-સ્મરણ-કીર્તન કરવું. માટે હે સાધુ ! રસ ગ્રહણ કરવા માટે અતિશય પ્રીતિ ધરાવનારી રસનાને, આ નામસુધારસ (ભગવાનના નામસ્મરણરૂપી અમૃતરસ)ની મીઠાશ નિત્ય નિત્ય ચખાડ્યા જવી અને પછી તેમા રસના ઇન્દ્રિયને એવી તલ્લીન બનાવી દેવી કે, તેને બીજો રસ પીવાની કામના જ ન થાય, બીજા મિથ્યા રસો-દુ:ખદ રસોની આકાક્ષા જ કરે નહિ. વળી એ રસ એવા પરમ છે કે એને યોગે બીજા કશા સાધનોનો ખપ ન પડતા જીવાત્મા, નિજસ્વરૂપને પ્રાપ્ત કરી શકશે. એને જ મહાત્માઓ અમૃત કહે છે.

ગધ વિષય પણ ઇન્દ્રિયોને ઉન્મત્ત કરનારો છે અનેક પ્રકારના સુગંધી પદાર્થોનુ સેવન કરવાથી ઇન્દ્રિયો વિલાસિની બની જાય છે ને એથી પછી કામ વાસનાની વૃદ્ધિ થાય છે. માટે જેના વગર ચાલે જ નહિ તેવા ગધો માત્ર સેવન કરવા, અથવા યથાપ્રાપ્ત સેવન કરવા, પણ તેઓને આધીન થવું નહિ ગંધ વિષય સેવવાનું ખરુ સાર્થકય તો એ જ છે કે, મનુષ્યે સત-સજ્જન પુરુષના ચરણરૂપી કમળનો ગધ સુંઘવો;

અર્થાત્ તેમનાં ચરણકમળની રજ જેવી રીતે કપાળને અને નાસિકાને અડે, એવી રીતે નમીને તેઓને નમસ્કાર કરવા, પૂજવા, તેમની વાણીનો ગંધ સદા ગ્રહણ કરવો તથા તેઓને શરણે જવું, કે જેથી તેઓની કૃપાવડે જ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત થવાય.

નિરીક્ષા

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ—આ પાંચે વિષયોને આધીન જે જીવાત્મા થાય છે, તેનો તે સર્વથા નાશ કરે છે ને આધીન કરી લેનારને પરમ સુખ આપે છે. આ સબંધે એક મહાત્માને તેના શિષ્યે પ્રશ્ન કર્યું હતું કે, "ગુરુજી! આપે કહ્યું કે, એ વિષયોને આધીન થનારને તેઓ દુઃખી કરે છે અને તેને પોતાને આધીન કરનારને તેઓ અનુચરો પ્રમાણે સેવા કરીને સુખ આપે છે, તે કેવી રીતે?"

ગુરુદેવે કહ્યું, "હે શિષ્ય! એ માટે મુખેથી કહેતા વારુ સમાધાન થશે નહિ, માટે તું કાલે પ્રહરેક દિન ચઢ્યા પછી, પડોશના નગરની રાજસભાના દ્વાર આગળ જઈ ઉભો રહેજે, એટલે તને, વિષયને આધીન થનારના અને આધીન રાખનારના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થશે."

બીજે દિને, ગુરુસેવાથી પરવારી શિષ્ય, પૂર્વ દિવસે સદ્‌ગુરુએ કરેલી આજ્ઞાનુસાર રાજદ્વાર આગળ જઈને ઉભો રહ્યો. પહેલો પહોર હતો, તેથી રાજદ્વારના ભવ્ય દરવાજા ઉપર ચોઘડીયા ગડગડી રહ્યા હતા અને તે સાથે મનને હર્ષ પમાડે તેવા અતિ લાંબા અને મીઠા સ્વરથી સરણાઇઓ, કલ્યાણની છાયામાં ભેરવી રાગ ગાઈ રહી હતી, રાજાનું દીર્ઘાયુષ્ય ઇચ્છવાને માટે પોતાના નિત્યના નિયમ પ્રમાણે તેને નમન કરવા માટે ગએલી મુખ્ય સેનાની ટુકડીઓ, પોતાના સૈનિક પોશાક તથા આયુધોથી અતિ શોભા આપતી, એક પછી એક, યુદ્ધવાદ્યોના ઘોષ સાથે દરબારગઢમાંથી બહાર નિકળતી હતી, સ્નાનસંધ્યાદિ નિત્ય કર્મથી પરવારી, દાનકૃત્ય કરવા માટે બેઠેલા મહારાજાએ આપેલા, પોતપોતાની યોગ્યતા પ્રમાણેના અનેક પ્રકારના દાન લઈ, અનેક બ્રાહ્મણો, વિદ્યાર્થીઓ, નિરાશ્રિતો તથા ભાટચારણાદિ બંદીજનો વગેરે આનંદથી જય જય કરતા ને રાજાની ઉદારતાના ગુણ ગજાવતા રાજદરબારમાંથી બહાર નિકળતા હતા, કચેરીઓ ઉઘડવાનો સમય થયો હતો, તેથી ઉતરતા વર્ગના કામદારો, કારકુનો, મહેતા મુત્સદ્દીઓ વગેરે પોતપોતાની ચાકરીપર હાજર થવાને, એક પછી એક અંદર જતા હતા;

કોઈ દેવસ્થાનોમાં દર્શન પૂજનાદિ કરવાને, તો કોઈ નાના પ્રકારના બાગ બગીચાઓમા આવેલા જળાશયોમાં સ્નાનાદિ કરવાને પણ જતા હતા. રાજપુત્રો તથા રાજકુટુંબીઓ, પાલખી, મિયાના ઇત્યાદિ વાહનોમા બેશીને મહેલમાથી બહાર નિકળતાં હતા. તેમાના કોઈ ઘોડેસ્વાર હતા, કોઈ શણુગારેલી સાંઢણીઓપર બેઠેલા હતા કેટલાક પાળાઓ, દૂરના ને નજીકના અનેક દેશાવરોના રાજકીય સમાચારો લઈને દોડ્યા આવતા હતા. જેમ જેમ સમય થતો ગયો, તેમ તેમ મોટા મોટા અમલદારો, ન્યાયાધીશો, મન્ત્રીઓ, પ્રધાનો, સુબેદારો, ન્યાયશાસ્ત્રીઓ વગેરે સુખપાલ, મિયાના, ઘોડા, ગાડી કે રથો ઇત્યાદિ વાહનોમા બેશી, આગળ તથા પાછળ, વાવટાવાળા ઘોડેસ્વારો સાથે આવી, એક પછી એક રાજદરબારમા ઠઠારાથી પ્રવેશ કરતા હતા.

અમલદારો પોતપોતાના કાર્યાસનો ઉપર વિરાજ્યા. રાજસભા ભરાઈ નગરમાથી વાદી પ્રતિવાદીઓના ટોળેટોળાં આવવા માડ્યા. વળી તેઓની ફરિયાદથી જાણીતા હોય એવા તેમના સાક્ષીઓને, તેમ જ બીજા અપરાધીઓને, રાજાની સત્તાથી અનુચરો તેડી લાવવા લાગ્યા આ સઘળો પ્રકાર જોવામા પેલો શિષ્ય તલ્લીન થઈ રહ્યો હતો અને એક પછી એક નવીન નવીન પ્રસગ ને રચના જોઈ તેને આશ્ચર્ય થતુ હતું. એટલામા, દરબારગઢ તરફ આવવાના એક માર્ગ ઉપર, ઘણેક દૂરથી એક ચીસ તેના સાભળવામા આવી ચમકીને તેણે તે તરફ જોયું તો ચાર પાચેક કાળા વસ્ત્રવાળા પટાવાળાઓ, એક અપરાધીને પકડીને દરબારમા ઘસડી લાવતા હતા તે અપરાધીને હાથે અને પગે લોઢાની બેડીઓ પહેરાવી હતી, શરીરપરથી કટીવસ્ત્ર સિવાય બાકીના વસ્ત્રો ઉતારી લીધા હતા અને તેના શરીરપર જેરબંધના માર મારતા પટાવાળાઓ ચાલ્યા આવતા હતા. જેરબંધ મારને લીધે તે બદીવાન કારમી ચીસો પાડતો હતો. પગે બેડીઓ હોવાથી તેનાથી સીધુ અને ઉતાવળુ ચલાતું નહોતું, ત્યારે સિપાઇઓ તેને બદુકના કુંદાઓથી અથવા ચાબૂકોથી મારી, અનેક પ્રકારના દુષ્ટ વચનોવડે સીધો ચાલવાનું કહેતા હતા તે અપરાધીની આખે ચોધારા આસૂ વહેતા હતાં, શરીર મારથી ઉપડી આવ્યું હતું ને વળી અત્યારે તો આટલો માર પડે છે, પણ દરબારમા ગયા પછી કોણુ જાણે શુ વીતશે, એવી ધાસ્તિથી તેને પગે લડથડીઆ આવતા હતાં. આવી સ્થિતિમા બે પાછળ અને ત્રણ આગળ એમ

પાંચ પટાવાળાઓ તેને દરબારમાં લઈ જતા હતા. આ જોઈ તે ઋષિપુત્ર (પેલા મહંતના શિષ્ય)ને મનમાં બહુ કરુણા ઉત્પન્ન થઇ. તે વિચાર કરવા લાગ્યો કે, 'અરે, આ દીન થયેલા મનુષ્યને આ દુષ્ટ પટાવાળાઓ કેવો પજવે છે? પણ શું કરે? તેણે અપરાધ કર્યો છે, માટે પટાવાળાઓને રાજાની સત્તાને આધીન થવું પડ્યું છે ને તેઓ જે કરે છે, તે કંઈ પણ બોલ્યા વગર સહન કરવુ પડે છે.'

આમ વિચાર કરતો તથા માર્ગપરની બીજી અનેક શોભા નિરખતો તે ઋષિપુત્ર, કેટલીકવાર થયા એક વૃક્ષ નીચે ઉભો રહ્યો છે. એટલામા, માર્ગપરના લોકોને ખસો, ખસો, એમ કહેતો એક સ્વાર દરબારમાથી બહાર નિકળ્યો. તેની પછવાડે ભોઇઓએ ઉપાડેલી એક સુંદર પાલખી આવી. એ પાલખીની આગળ પાછળ પાંચ પટાવાળાઓ ચાલતા હતા ને પાલખીમા કોઈ એક મોટો સત્તાધીશ બેઠેલો જણાયો. તે સત્તાધીશ, દરબારની આજ્ઞાથી કોઈ ઠેકાણે દરબારી કામ માટે જતો હતો, માટે તેના કામમા ઉપયોગી તેનું દફ્તર, આગળ ચાલનારા બંને સિપાઈઓએ ઉપાડ્યુ હતું ને પાછલાઓએ તેના જોડા, તથા તેને જ્યારે પાલખીમાથી ઉતરી નીચે ચાલવું પડે ત્યારે તેનાપર ધરવા માટેની છત્રી વગેરે વસ્તુઓ ઉપાડી હતી. આ પાલખી માર્ગપર આવી ત્યારે સત્તાધીશને જમણી બાજુ આવેલા માર્ગપર તેને જવુ હતું, છતા સિપાઇઓ, ભૂલથી સીધેસીધા આગળ જ ચાલ્યા જવા માડ્યા. તે જોઈ પાલખીમા બેઠેલા સત્તાધીશે ક્રોધથી આખ ફેરવી તેઓને કહ્યું, 'રે આધળાઓ! તમને આ વેળા દશ દશ ફટકાની શિક્ષા થવી જોઇએ શું તમારુ મગજ ફરી ગયું છે, કે તમે આગળ ચાલ્યા જાઓ છો? ઓ હરામખોરો! પાછા ફરો ને આ માર્ગે ચાલો!' એવા કરડાં વચન સાભળી પાચે સિપાઇઓ થરથર કાપવા લાગ્યા અને તે માનવત કોણ જાણે વળી શું કહેશે, એવા ભયથી તે અમલદારના મુખ સામુ ને સામું જોતા, બાજૂના માર્ગપર વળ્યા. આ વખતે ઋષિપુત્ર ઉભો ઉભો તે સઘળુ જોયા કરતો હતો તેણે, પેલા પાચે સિપાઇઓને તુરત ઓળખી કાઢ્યા, અને પોતાના મનમા આશ્ચર્ય પામી બોલવા લાગ્યો કે, 'અરે! આ સિપાઇઓ તો હમણા જ પેલા કેદીને દરબારમા લઈ જતા હતા તે જ છે. ઠીક થયુ! તે સમયે તો પેલા બિચારા ગરીબ માણસને નિર્દયપણે સતાપતા હતા, પણ આ વખતે તેઓ કેવા ધ્રુજે છે! એવાને તો એમ જ થવું જોઇએ. પણ રે, આમ કેમ? સિપાઇઓને તો મેં જ્યારે

ત્યારે લોકોપર હુમલો કરતા ને ત્રાસ આપતા જોયા છે ! સાંભળ્યું છે કે, જેના ભોગ હોય, તેને સિપાઇનું તેડું આવે ! અહિંયાં તો તે જ સિપાઈઓને આ પાલખીમા બેઠેલા માણસની આજ્ઞામાં રહેવું પડે છે, એ તે કેવું કૌતુક !' આમ તે વિચાર કરતો હતો, એટલામા દરવાજાપર મધ્યાહ્નનાં ચોઘડીઆ ગડગડ્યા, એટલે મધ્યાહ્ન સંધ્યાનો સમય થયો જાણી, ઋષિપુત્ર ત્યાથી પોતાના આશ્રમ ભણી વિચાર કરતો કરતો ચાલ્યો કે, 'આનો અર્થ શુ હશે, તે હું ગુરુજીને પૂછીશ ત્યારે જ સમજાશે, મને તો એમા કઈ પણ ગમ પડતી નથી '

પછી ગુરુના આશ્રમમાં આવી, તેમનાં ચરણમા સાષ્ટાગ દડવત્ કરી, તેણે રાજદ્વાર આગળ બનેલી સઘળી વાત નિવેદન કીધી તે વૃત્તાત સાભળી ગુરુજીએ કહ્યું; "તેં જોયેલા રાજાના અનુચરો, જેઓની સ્થિતિ અંદર જતા અને બહાર આવતા જૂદા જૂદા પ્રકારની હતી, તેમાથી જ તારે રહસ્ય સમજવાનું છે એ પાચ અનુચરોને તું પાચ વિષયોને ઠેકાણે ગણ; અને પછી વિચાર કરી જો કે, તેને આધીન થનાર અને તેઓને પોતાને આધીન કરનાર કેવા હોય છે અને તેઓની સ્થિતિમા કેટલો તફાવત છે ! પ્રથમ તે સિપાઇઓને તેં જોયા, ત્યારે તેઓ એક કેદીને પકડીને લઈ જતા હતા ! કેદી તેઓને આધીન હતો, એટલે તેઓ ચલાવે, તેમ જ તેને ચાલવુ પડતું હતું, તથા તેમનો માર સહન કરવો પડતો હતો ! તેવી જ રીતે વિષયોરૂપી સિપાઇઓને આધીન થયેલા પુરુષની પણ ગતિ જાણવી. વિષયાધીન જીવને, મન જેમ દોરે તેમ દોરાવું પડે છે તેને લીધે પ્રથમ તો દેહને કિંચિત્ સુખ દેખાય છે ખરુ, પણ પરિણામે તેને જેરબંધનો માર સહન કરવો પડે છે, તથા આત્મને પણ દુર્ગતિ ભોગવવી પડે છે હવે બીજીવાર એ જ સિપાઇઓની સ્થિતિ કેવી દયામણી હતી, તે પણ તેં જોઈ છે ! એ વેળા તેઓ એ અમલદારને આધીન હતા તથા તેની આજ્ઞાથી જરા પણ વિરુદ્ધ ચલાય અથવા ભૂલ થાય તો ઉલટો પોતાને માર પડે અથવા પોતાની નોકરી જાય એમ હતું. માટે તાબે કરનાર સત્તાધીશનું જે સાહિત્ય—તેના ખાસડા સુદ્ધા ઉપાડીને તેની સાથે ગદક ગદક દોડવું પડતું હતું, એટલુ છતાપણ તે સત્તાધીશ-હુકમ કરનાર તેઓને વારવાર ધમકાવતો હતો એવી જ સ્થિતિ વિષયોને સ્વાધીન કરનારની છે જે મનુષ્ય પોતાની ઇચ્છાને વશ રાખી વિષયોને સેવે છે, તેવા જીવની સાથે એ વિષયોનું બળ જરાએ ચાલી શકતું નથી, તેમ જ તે જીવ, જેવા ઉત્તમ

માર્ગે વિષયોને યોજે છે, તે માર્ગે એ વિષયો પ્રવૃત્ત થઈ તેને રુડાં ફળ અપાવે છે તથા આત્માનું કલ્યાણ કરે છે, જે પ્રમાણે કેદી અને અમલદાર એ બન્નેની સાથે સિપાઇઓ હોય છે, પણ તેઓના અધિકારમા ફેર છે, તેવી જ રીતે વિષયોને સેવન કરનારા અને વિષયોને આધીન રાખનારાઓના સબધમા પણ સમજવુ” આથી તે શિષ્યના મનનુ સમાધાન થયું, અને તેણે ગુરુની, આવું પ્રત્યક્ષ દૃષ્ટાત આપવાની યુક્તિ જોઈ, તેને પ્રણામ કરી, સધ્યાવદન માટે જવાની આજ્ઞા લીધી

છ શત્રુઓ

હવે શત્રુને મિત્ર કરવા, એ મનુષ્યનુ કર્તવ્ય છે તે કાર્ય કર્તવ્ય પુરુષથી જ થઈ શકે છે પ્રપચમા પોતાથી વિરુદ્ધ ચાલનારા, અને વેર રાખનારા શત્રુઓ હોય છે, તેમ પરમાર્થમા પણ તેવા છ શત્રુઓ છે, એઓ કઈ મનુષ્યના વૈરી નિર્માણ થયેલા નથી, પણ હમણા મેં તને કહેલા પાચ વિષયોની પેઠે તેઓ પણ બન્ને માર્ગે ચાલી શકે છે અજ્ઞાની મનુષ્યો તેઓની મિત્રતા કરવા જાય છે, (અર્થાત્ સૌ કોઈ મનુષ્યો કામ, ક્રોધ, લોભ, મોહ ઇત્યાદિ સેવે છે), તે કઈ તેમને પોતાના શત્રુ જાણીને સેવતા નથી, પણ તેની સાથે મિત્રતા પ્રમાણે તેઓને વર્તતા આવડતું નથી, જેથી આપોઆપ તેઓ શત્રુ થઈ જાય છે એ શત્રુ છ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર કામ એટલે પોતાના ચિત્તને પ્રિય લાગતી અમુક (સ્ત્રી પુત્ર ધનાદિ) વસ્તુને પ્રાપ્ત કરવાની ઇચ્છા, ક્રોધ એટલે પોતાના વિચારથી ઉલટુ અથવા પોતાને અણગમતું થતું જોઈ મનનું તપી જવુ-કોપવું, લોભ એટલે અમુક વસ્તુ (ધનાદિ) પોતાની પાસે નથી અથવા તો ઓછી છે તો તે વધારે થાય અને તેમાથી કમી થવાનો પ્રસગ આવે નહિ, અથવા તેને માટે અયોગ્ય તૃષ્ણા રાખવી તે, મોહ એટલે અમુક વસ્તુ (ધનસ્ત્રીઆદિ) પર આસક્ત થઈ તે ઉપર અત્યંત પ્રીતિ બાધવી અને અન્ય વસ્તુઓનુ ભૂલવુ-વિસારો કરવો તે, મદ એટલે ‘હું અમુક ફલાણો કહેવાઉં છુ, હું ફલાણાનો દીકરો, મારી કીર્તિ આવી, મારુ બળ વિદ્યા આવા, હું આવો ધનાઢ્ય, છતા મને શું કોઈ ટુકારો કરે અથવા મારી કોઈ અવજ્ઞા કરે? વાહ! હું તે શું ફલાણા સાથે બોલુ? ફલાણાને બોલાવું જ નહિ,’ ઈત્યાદિ વિચારોથી બીજા પર મિથ્યા દર્પ (અભિમાન) થાય છે તે, અને મત્સર એટલે બીજાનુ સારુ થતું જોઈ મનને અણગમો થવો તે એ છએ જો કે ગુણો છે, તોપણ તેના ઉપયોગ

કરતાં ન આવડે તો ઉપયોગ કરનારને તે અવગુણરૂપ થઇને નડે છે અગ્નિ જો કે પરમ દૈવત છે, પંચમહાતત્ત્વમાનુ એક તત્ત્વ છે તથા તેમાં અગાધ ગુણો છે; પરતુ તેનો ઉપયોગ કરતા ન આવડે તો તે માત્ર દાહક (બાળનાર) જ થઈ પડે છે; અને સમજીને ઉપયોગ થાય તો તેનાથી અનેક મોટા યજ્ઞો થાય છે, સુંદર પાકો બનાવી શકાય છે ને બીજા પણ અનેક મહાકાર્ય સૃષ્ટિમા નિપજાવી શકાય છે.

કામ, જે સ્ત્રી પુત્ર ધન ઇત્યાદિમા રાખવામા આવે છે, તે ત્યાં અતઃકરણપૂર્વક ન રાખતા, પ્રભુના જ્ઞાનમય સ્વરૂપને વિષે રાખવો, ને તેના જ સાક્ષાત્કારની ઇચ્છા રાખવી, એટલે કામ સફળ થઈ મિત્ર થશે, ને હિત કરશે. ક્રોધ બીજા પર શા કામનો? પોતાની જ મનોવૃત્તિઓને નીચ કાર્યોમા (પરસ્ત્રી સગ, પરધનેચ્છા, પરનિંદા ઇત્યાદિકમા) પ્રવૃત્ત થતી અટકાવવા માટે જ કોપ કરવો, એટલે આપોઆપ મનોનિગ્રહ થશે અને એથી ક્રોધ સફળ થઈ પોતાનો મિત્ર થશે લોભ, જે ધન ઉપાર્જન કરવામા પૂરેપૂરો રાખવામા આવે છે તે, સસારવ્યવહાર રુડી રીતે ચાલી શકે, તેટલુ દ્રવ્ય પ્રાપ્ત થયુ એટલે બસ—એટલો જ રાખી, ખરેખરો લોભ પ્રભુના નામ રૂપના સ્મરણ દર્શનમા રાખવો ને તેમા સદા અતૃપ્ત રહેવું. ગમે તેટલું ભજન પોતાથી થાય, છતા તેથી સંતોષ માનવો નહિ, કેમકે હરિના નામસ્મરણનો મહિમા અગાધ છે, એવો મનોનિશ્ચય કરી, તેમા અતૃપ્તિ રાખવાથી લોભ સફળ થાય છે નામસ્મરણથી નામી (નામવાળો પરમાત્મા સગુણરૂપે) પ્રત્યક્ષ દર્શન આપે છે; અને જ્યારે પ્રભુના દર્શન થયા, ત્યારે શું બાકી રહ્યું? સર્વ સુધર્યુ જ! એવી રીતે લોભ સફળ થઇને મિત્રરૂપ થાય છે મોહમય થઈ, સ્ત્રીના મુખપ્રતિ દૃષ્ટિ રાખી, પ્રપચના બીજા કાર્યમા મોહાધ બની, ભગવત્પ્રાપ્તિ સબધી યત્નો વગેરે સત્કર્મો ભૂલી જવાથી મોહ જીવનો નાશ કરે છે, પણ જો વ્યવહાર કાર્યમા, સ્ત્રી પુત્રાદિમા વ્યવહાર પૂરતો જ પ્રેમ રાખી તેમા બંધાઈ ન જવામા આવે તો અને ખરો મોહ શ્રીહરિના મુખારવિંદમા જ રાખવામા આવે અને તે પર જ આસક્ત થવાય, તો મોહ મિત્ર થઈ કલ્યાણ કરે છે એ જ્ઞાની જીવનુ પરમ કર્મ છે એ શ્રીહરિમા મોહ રાખવાથી આ જગતના સુખદુઃખ આપોઆપ ચિત્તમાથી ભૂલી જવાય છે એ વાત તો નિર્વિવાદ છે કે, જે વસ્તુની આસક્તિ–મોહ, તેની જ પ્રાપ્તિ; અર્થાત્ જે વસ્તુ નિરંતર ચિત્તમાથી ખસતી ન હોય, તેનું કોઈ કાળે પણ

દર્શન થાય જ. પરમાત્માના સગુણ સ્વરૂપનું ચિંતન રાત દિવસ હોય અને તે પર જ પ્રીતિ દૃઢ થઈ હોય તો પરમ કૃપાળુ પ્રભુ પોતાના આર્ત ભક્તને અવશ્ય દર્શન આપે છે જ. એ પ્રમાણે મોહ પણ સફળ થાય છે.

હવે મદ, જે અન્ય પ્રાણીઓ પ્રતિ કરવામા આવે છે કે, અરે ફલાણો મને આમ કેમ કહે? રે! હુ આવી ઉત્તમ વસ્તુનો ભોક્તા, તે આવી હલકી વસ્તુને કેમ અડુ? ફલાણો મને નમ્યો કેમ નહિ? હું તે કોઇને મસ્તક નમાવું કે! એવા મદથી અત્યત હાનિ છે એમ મદને આધીન થનાર પુરુષ ક્યારે વિનાશ પામશે, તે કહી શકાય નહિ પોતાને જ સૌ વાતે યોગ્ય માનનાર સૌની નિંદાનું પાત્ર થઈ પડે છે તે સારા માઠાની પરીક્ષા કરી શકતો નથી મદમસ્ત થનારો સૌની અવકૃપા મેળવે છે ને સૌને અળખામણો થઈ પડે છે માટે એ મદનો ઉપયોગ એમ ન કરતા, પોતાના જ શરીરપર કરવો 'અરે હુ મનુષ્ય પ્રાણી છુ, તેમાએ હુ પુરુષ (નરદેહવાળો) છુ, મારી યોગ્યતા શું? શું પશુ પક્ષીની યોનિમા જન્મતા પ્રાણીઓ કરતા પણ મારી યોગ્યતા ગઈ? રે તે પશુ પક્ષ્યાદિ યોનિમા જન્મીને તો પ્રાણીથી તારણોપાયનું કશું સાધન થઈ શકતુ નથી, માટે જ પ્રાણીની દયા જાણી પરમાત્માએ મને નરદેહ આપ્યો છે; તો હુ શું પશુ વા પક્ષી કે એવો કોઈ હલકો પ્રાણી છુ કે, મારાથી તારણોપાય નહિ બને? હુ તો મનુષ્ય છુ, માટે મારી યોગ્યતા સમજી, અવસ્થાને યોગ્ય કરવાના કૃત્યો મારે કરવા જ જોઇયે. ભાર શો છે કે મારાથી તે ન થાય! આ દેહમા આવ્યા છતા પણ હુ ઈશ્વરપ્રાપ્તિ ન કરી શકુ કેમ? આ દેહે કરી શ્રીહરિના સ્મરણ કીર્તનાદિ સાધનોથી તેનુ દર્શન હુ ન પામુ તો પછી હુ મનુષ્ય જ શાનો? હું મનુષ્યદેહમા અવતર્યો, તેનુ સાર્થક્ય જ શું? જો આ દેહવડે હુ ઉત્તમ સાધન ન કરી શકું તો પછી ધિક્કાર છે મારા જન્મ્યાને! વિનાકારણે મેં જનનીને દશ માસ ભારે મારી! હુ આટલો જ્ઞાતા બન્યા પછી મને મારા પરમાર્થ કાર્યમા કોણ અટકાવી શકે એમ છે? ભાર શો છે મારી મનોવૃત્તિઓનો ને ઇન્દ્રિયોનો, કે તેઓ મને ઉપાધિમા લીન કરી, પરમાર્થ કાર્યથી વેગળો કાઢે? ખબરદાર, હે મનડા! મને સાવધ રહેવા દે, દૂર જાઓ માયારૂપી પિશાચો, મને આતરો નહિ, મારુ કાર્ય કરવા દો હુ મનુષ્ય છુ, મેં સદ્ગુરુનું શરણ લીધુ છે, અતર્યામી પરમાત્મા મને સહાય છે, મારો દેહ સર્વ પ્રાણીઓ કરતા શ્રેષ્ઠ છે, એટલુ મારા જાણવામા છે હું પ્રભુપ્રાપ્તિનો

પ્રયત્ન મારાથી બનશે તેમ સિદ્ધ કરીશ ને કરીશ જ!' આ પ્રમાણે મદનો ઉપયોગ કરવો, કે જેથી તે સુદૃઢ અને ખરા અભિમાનથી પરમ સ્વરૂપના અનુસંધાનમા જોડાય છે.

હવે મત્સર વશ કેમ કરવો? 'ફલાણાને કંઈ નહોતું ને હમણા તે મોટો પૈસાવાળો થઈ પડ્યો એ શું! હે! ફલાણો મારા કરતા વધારે સુખી, વા પ્રતિષ્ઠાવાળો ને વગવાળો! એ તો મને ઠીક લાગતું નથી તે પાછો દુઃખી કે પ્રતિષ્ઠાહીન થાય તો ઠીક!' એવો મત્સરનો ઉપયોગ કરવો નહિ અન્યને પોતાથી શ્રેષ્ઠ–ગુણ, દાન, વિદ્યામા જોઇ, તેનો દ્વેષ કરી તેને હલકો પાડવાનો પ્રયત્ન ન કરવો, પણ તેના જેવા કે તેનાથી શ્રેષ્ઠ બનવામા મત્સર રાખવો ભક્તરાજ પ્રહ્લાદ, ધ્રુવ, વામદેવ, નારદ, સનકાદિ જેવો હું કેમ ન થાઉં, એમ મનમા મત્સર ધરવો, મત્સર કરવો તો તે નારદના જેવો કરવો, કે જે મત્સર પરમ કલ્યાણકારી થઈ પડે છે કોઇક પ્રસંગે અમર સભામા સંગીત થતુ હતું ત્યા તુબરુ નામના દિવ્ય લોકના ગવૈયાએ એવુ ઉત્તમ ગાન કીધુ કે, બ્રહ્માદિ તેની પ્રશસા કરવા લાગ્યા. તે પરથી નારદના મનમા મત્સર ઉત્પન્ન થયો નારદે વિચાર્યુ કે હું તુંબરુથી શ્રેષ્ઠ કેમ ન થાઉં? પછી તેણે વિવિધ પ્રકારના સગીતનો અભ્યાસ કર્યો, શંકર પાર્વતી પાસે તાડવ ને લાસ્યના નૃત્યસગીતનો અભ્યાસ કર્યો, લક્ષ્મી અને સરસ્વતી પાસેથી સગીતના રાગ અને રાગણીના સ્વરૂપો, આરોહ અવરોહના ભેદો, તાલ સુર, પલટાના ભેદો જાણ્યા, અને ખૂદ સગીતની અધિષ્ઠાત્રીને પ્રસન્ન કરી સગીતના સર્વ અંગનું જ્ઞાન સપાદન કીધું, પછી અમર સભામા જઈ સગીત કર્યુ અમરોએ વાહ! વાહ! કરી, પણ બ્રહ્માએ કહ્યુ, "નારદ! સંગીત તો અચ્છું કર્યુ પણ તુંબરુ જેવું નહિ!" નારદજીને એથી ખૂબ લાગ્યું. તેણે પુન. અભ્યાસ કીધો ને પુનઃ બ્રહ્માએ એમ જ કહ્યુ છેવટે નિર્મત્સરી બની તુબરુ પાસે જઈ સંગીતનો અભ્યાસ કીધો ને બ્રહ્મસભામા સગીત કર્યુ, ત્યારે બ્રહ્મદેવે કહ્યું; "ધન્ય! ધન્ય! નારદ, તારા આગળ તુંબરુ કુચ બિસાતમા નથી! તું પૂર્ણ સંગીતનો જ્ઞાતા છે! તારી તુલનાએ હાહા, હુહુ, તુંબરુ કે કોઈ પણ આવે એમ નથી!" માટે મત્સર એવો રાખવો કે ઉત્તમ–રે સર્વોત્તમ કેમ થવાય. અધમ મત્સર, આત્માની ઉન્નતિનો નાશ કરે છે 'પૂર્વકાળમા મહાન્ પુરુષો થઈ ગયા છે ને જેમણે ભક્તિથી પરમાત્માને વશ કર્યા છે, ને જ્ઞાનથી તેનું પરમસ્વરૂપ જાણ્યું છે, ત્યારે હું શું કમ છું, કે મારાથી તેમ ન બને?

મારે પણ તેવો યત્ન કરવો જ જોઇએ. મારામાં શી વસ્તુ ઓછી છે ને હું શી વાતે અયોગ્ય છુ કે જેથી મારાપર પરમાત્મા કૃપા કરે નહિ ?' એવા નિદિધ્યાસનથી મત્સરને પોતાનો મિત્ર કરવો જોઇએ. એમ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર, એ છએ ગુણો, જેઓને ન ચાલતે શત્રુઓ કહેવા પડે છે, તેઓને યોગ્ય રીતે સેવવામા આવે તો તેઓ મિત્રના-પરમસન્મિત્રની ગરજ સારે છે. રે એ શત્રુઓ, મિત્ર બની મનુષ્યના કલ્યાણકર્તા થઇ પડે છે. માટે સત્-ચિત્-આનદ-ના પદની ઇચ્છાવાળાએ, આ શત્રુઓને એ રીતે અવશ્ય મિત્ર કરી લેવા.

ઉપાધિ કથા

મુમુક્ષુ મનુષ્યે ઉપાધિ વધારવી નહિ, કેમકે તે નિરતર, નિવૃત્તિ-કાર્યમા અતરાય પડાવનારી થઈ પડે છે. પ્રપચમા-વ્યવહારકાર્યમા ઉપયોગી થઈ પડનારી વસ્તુ માત્ર (ઘર તથા ઘરસૂત્રના સઘળા સાહિત્ય) ઉપાધિ જ છે. રાજાને રાજ્ય તે ઉપાધિ, વ્યાપારીને વ્યાપાર તથા તેમા રાખવી જોઇતી માન મહત્તા વગેરે સર્વ ઉપાધિ જ છે ગૃહસ્થને પોતાના ઘરસૂત્રનો કાર્યભાર તથા પોતાની કીર્ત્તિ, મોટાઈ વગેરે પણ ઉપાધિ છે; ખેડુતને ખેતી ઉપાધિ છે અને સત્તાધારીની સત્તા, પદવીવાળાની પદવી, ને ચાકરને ચાકરી ઉપાધિ છે એમ જ્ઞાનીને જ્ઞાનનો ગર્વ પણ ઉપાધિ છે આ ઉપાધિઓ વધારી વધે છે ને ઘટાડી ઘટે છે જ્યાસૂધી અહંતા મમતા હોય છે, ત્યાસુધી ઉપાધિ આપોઆપ વૃદ્ધિ પામતી જ રહે છે. ઉપાધિ વધતી ગઈ, તેમ તેમ પુરુષ ચારે તરફની જજાળમા ફસાતો જાય છે, દહાડે દહાડે તેમા ગુચવાય છે, પછી તેને તે વિના કશું સૂઝતું જ નથી ઉપાધિના સયોગથી નાના પ્રકારના અપાયો મસ્તકપર આવી પડે છે, અને તે જીવ દુ ખોનો ભોક્તા થાય છે માટે સુજ્ઞ પુરુષે, પ્રપચમા બહુ સાવધ રહી, ઉપાધિ વધી ન પડે તેની કાળજી રાખવી હરકોઇ ઉપાધિનુ મૂળ જરા જેટલુ જ હોય છે, પણ તે વધે છે ત્યારે થોડા જ સમયમા તનો અણધાર્યો વિસ્તાર ફેલાઈ જાય છે. એ ઉપાધિ એક પછી એક નવા નવા રૂપમા કેમ વૃદ્ધિ પામતી જાય છે અને જ્ઞાનીને પણ ઉપાધિ કેવી કષ્ટકારી થઈ પડે છે, અને એથી એ ઉપાધિનો અભિમાની પુરુષ કેવી મોટી વિટંબનામા આવી પડે છે, તે વિષે એક વિરક્તનો સંક્ષિપ્ત ઇતિહાસ તું સાભળ.

ઉપાધિગ્રસ્ત વિરક્તની કથા

સરસ્વતી નદીને કિનારે આવેલા કેઇએક પવિત્ર ક્ષેત્રમાં એક બ્રાહ્મણ રહેતો હતો તે નિરંતર સત્સમાગમ કરવાની કામનાથી, સરસ્વતીના તટ ઉપરના એકાંત આશ્રમમા રહેલા એક મહાત્માની પાસે જતો હતો ને તે સતને મુખે સ્વરૂપાનુસધાનનું જ્ઞાન શ્રવણ કરતો હતો એક દિવસે કથામા એવુ આવ્યુ કે, "મનુષ્ય અહંતા મમતા છોડવાથી સર્વ વાતે સુખી થાય છે કલ્યાણની ઇચ્છાવાળા મનુષ્યે હું અને મારાપણું રાખવું નહિ મનુષ્યને હું અને મારાપણું ન હોય તો પોતાના કુટુબમા, કે કોઇને અથવા તો પોતાના પડને પણ કદાચ કોઈ મોટું દુ ખ આવી પડે, તોપણ તેને તે દુઃખની કઈ પણ અસર થતી નથી, મનમા કલેશ થતો નથી ને માયાથી મોહ વશ થઈ મુઝાતોએ નથી જે વસ્તુપર 'તે મારી છે' એવું અભિમાન ન હોય તો તે વસ્તુને ગમે તે કોઈ લઈ જાય અથવા તે ખરાબ થઈ જાય કે નાશ પામી જાય, છતા તેને તે સબધે કશું દુ.ખ થતું નથી, તેમ જ સગા સંબધીઓ કે સ્રીપુત્રાદિ કુટુંબમાં અને છેવટે પોતાના દેહમા પણ મારાપણાનું અભિમાન ન હોય, એટલે તેઓનું ગમે તેમ થાય વા ગમે તેવું સકટ તેઓપર આવી પડે, છતા જ્ઞાનીની તેઓપર અંત.કરણ પૂર્વક પ્રીતિ નહિ હોવાથી, તેને કઈ પણ કલેશ થતો નથી કલેશનુ કારણ મોહ ને ઉપાધિ જ છે મનનો કલેશ આત્મસત્તામા બાધક છે માટે જ મનુષ્યે ઉપાધિ વધારવી નહિ, ને હોય તે કે વધેલી ઉપાધિ ઉપર, આસક્તિ–પ્રીતિ–મમતા લેશ પણ રાખવી નહિ, પણ તે ઘટાડવાનુ અને સમૂળ છેદી નાખવાનુ જ મથન કર્યા કરવુ."

સતનુ આ વચન સાભળી તે બ્રાહ્મણે પૂછ્યુ, "મહારાજ! આપે કહ્યુ તે પ્રમાણે જો કે મનુષ્યની પ્રીતિ, ઘરબાર સ્રીપુત્રાદિ ઉપાધિપરથી ઉઠી ગઈ હોય, ઉપાધિને ત્યજવા મથન કરતો હોય, પરતુ તે ઉપાધિ જ તેને વારવાર તાણી તાણીને તેમા લાવી નાખતી હોય, અર્થાત્ એ ઉપાધિનો સૂત્રી (ચલાવનારો) પોતે જ હોવાથી તેનાથી તેમાથી બહાર નિકળાતું ન હોય, તો પછી તેણે શો ઉપાય કરવો?"

મહાત્માએ કહ્યુ, "શાસ્રમા એ સબધે સ્પષ્ટપણે કહેલુ જ છે કે, મનુષ્યની અવસ્થાના ચાર આશ્રમ છે. એમા ગૃહસ્થાશ્રમ નામની બીજી

અવસ્થામાં જ તેણે ગૃહસૂત્રાદિ ચલાવવાનું છે. સ્ત્રીને એક કે બે પુત્ર-પોતાની પછવાડે તેનુ પાલનપોષણ કરનાર થયા કે, પછી ગૃહસ્થે વાનપ્રસ્થ થવું તે અવસ્થા પૂરી થયા પછી સ્ત્રીની આજ્ઞાએ સન્યસ્ત ધારણ કરવું, અર્થાત્ સ્ત્રી પુત્ર ધન સપત્તિ આદિ ઘરસૂત્રની સાંસારિક ઉપાધિનો ખરેખરો ત્યાગ કરવો એનુ રહસ્ય સમજી તારી અવસ્થાનો વિચાર કરીને તું ઉપાધિનો ત્યાગ કર આ આખો સંસાર ઉપાધિથી જ વિંટાયલો છે. જીવ ઈશ્વરાદિ ભેદ પણ ઉપાધિવડે જ ભાસે છે. રાજા અને રંક પણ ઉપાધિને લીધે જ ઓળખી શકાય છે વસ્તુતઃ ઉપાધિ તજવાથી તેઓ બન્ને સમાન જ પક્તિમા છે. પરબ્રહ્મ પરમાત્મા અખડ અવિનાશી તો એક જ છે, તોપણ ઉપાધિવડે જ તે જીવ અને ઈશ્વર, પશુ અને પક્ષી, દેવ અને મનુષ્ય ઇત્યાદિ ભેદવાળો જણાય છે. એટલા માટે ઉપાધિ તજવી, એ જ પરમાત્મા સાથેની એકતાનુ પ્રારભ ચિહ્ન છે, પણ એ ઉપાધિ અહંભાવ છૂટ્યા વિના તજી શકાતી નથી ”

ગુરુદેવના એ વચન સાભળીને બ્રાહ્મણે તે દિવસથી પોતાના મનમા નિશ્ચય કર્યો કે, ‘હવે મારે શીઘ્રતાથી આ ગૃહસૂત્રાદિ ઉપાધિનો ત્યાગ કરવો. મારે એક પુત્ર છે, વળી તે મોટો પણ છે, એટલે મારુ કામકાજ સુખેથી ઉપાડી લેશે ને હું છૂટો થઈ શકીશ!’ આવા વિચારથી તેણે પોતાની સ્ત્રી આગળ બેશી એક વખતે એકાતમા આ વાત સમજાવી, અને કહ્યુ, “હું વિરક્ત થઇશ, કેમકે તેમા આપણા સર્વનુ કલ્યાણ છે. આ આપણો દીકરો હવે સસાર ચલાવવા યોગ્ય થયો છે, તે તમારા સર્વનુ પોષણ કરશે, માટે મને તમારે બધાએ સન્યસ્ત ગ્રહણ કરવાની આજ્ઞા આપવી ” સ્ત્રીએ કેટલોક સમય સૂધી તો આનાકાની કર્યા કીધી, પણ સ્વાભાવિક રીત છે કે, સ્ત્રીને એકાદો પુત્ર હોય, ને તે વળી મોટી ઉમરનો થયો હોય, પરણ્યો હોય, વ્યવહાર ચલાવવે યોગ્ય બન્યો હોય, એટલે તે સ્ત્રીની પ્રીતિ પોતાના પતિ ઉપર પ્રથમના જેટલી રહેતી નથી; તે માત્ર પુત્રને જોઇને પરમ સતોષ માને છે આવા આવા કંઈ કંઈ કારણથી તે સ્ત્રીએ પોતાના પતિને આખરે સંન્યસ્ત લેવાને હા પાડી. બ્રાહ્મણને તો એટલુ જોઇતું જ હતું.

તુરત એક મહાત્મા સ્વામી (સંન્યાસી)ને ગુરુ કરી, તે બ્રાહ્મણે શિખા (ચોટલી), સૂત્ર (યજ્ઞોપવીત) આદિ સર્વ ઉપાધિનો ત્યાગ કર્યો, અને કાષાયાબર (ભગવા વસ્ત્ર) ધારણ કર્યા. એક હાથમા દડ તથા બીજા

હાથમાં કમડલુ એટલી જ ઉપાધિ તેને હવે રહી! અને તેણે મનમાં માન્યું કે, 'હું આ સંસારની સર્વ ઉપાધિથી મુક્ત થયો!' પણ તે એમ ન હતો જાણતો કે, ઉપાધિ માત્ર બહારથી જ નહિ, પણ ખરેખરી તો અંતઃકરણથી છૂટવી જોઈએ; અને તે છૂટી, એટલે તો પછી નામના સન્યાસી (ભગવા કપડા, દડ, કૌપીન, કમડલુ ઇત્યાદિ વેશધારી) થવાની પણ જરૂર નથી! વૈરાગ્ય કરી બતાવવો, એ મનની મશ્કરી છે. જેને સત્ય વૈરાગ્ય ઉપજે છે તે અતરથી અને બહારથી સર્વાંગે વિરક્ત થાય છે.

પછી તે સન્યાસી બાવા ગામમા આવેલા એક મઠની અંદર રહેવા લાગ્યા, અને મધ્યાહ્ન વખતે મળતી ભિક્ષાથી સંતુષ્ટ રહેવા લાગ્યા. પણ આમ મુડ મુંડાવવાથી જ, કે ઘર છોડી જગલમા વસવાથી જ, કે ભિક્ષા માગી નિર્વાહ કરવાથી જ સન્યાસાશ્રમ પળાતો નથી, કે ઉપાધિમાથી છૂટાતું નથી, ને ઉપાધિથી છૂટાએ થવાતું નથી! સસારમા રહો કિંવા ન રહો, ઘરમા રહો વા અરણ્યમા રહો, પણ જ્યા સુધી મનથી મનોજનો ત્યાગ થયો ન હોય, મમતાનુ બધન મને તોડી ફોડી ભેદી કાઢી ફેંકી દીધુ ન હોય, ત્યા સુધી બહારની ઉપાધિ ભલે ત્યજાઈ હોય, પણ મનની ઉપાધિ તો ક્ષેમકુશળ જ છે!

ઉપાધિત્યાગી તે બ્રાહ્મણના સ્ત્રી તથા છોકરા ગામમા જ રહેતા હતા. ગામમા તે જ્યારે ભિક્ષા કરવા જતો, ત્યારે તેના પોતાના જ ઘર આગળ પણ કોઇ કોઈ સમયે ભિક્ષાર્થે જવું પડતું હતું તથા ત્યાથી જ ભિક્ષા લેવી પડતી હતી આ જોઈ તેના દીકરાને એમ વિચાર આવ્યો કે, મારા પિતાએ સન્યસ્ત લીધુ તો શુ થયુ, પણ હું છતાં તેને ઘેર ઘેર ભટકી શા માટે ભિક્ષા માગવી જોઇએ? મારે ત્યા જ નિત્ય તેને ભિક્ષા કરાવીશ. આવા વિચારથી નિત્ય પ્રાત કાળે ઉઠીને સન્યાસીના મઠમા જાય, ને સૌના પહેલુ પોતે તેને નોતરુ દઈ આવે કે, મારે ત્યા ભિક્ષાર્થે પધારશો! સ્વામીને તો કડાકૂટો મટ્યો ને દ્વારેદ્વાર ભટકવું મટ્યુ, કેમકે આયતું જ સમય થયે પત્રાવલિપર બેસવાનું થયુ! પણ તે અજ્ઞ પુરુષે એમ વિચાર ન કીધો કે, મારા સંન્યાસીપણામા આવી ભિક્ષા ધૂળ નખાવશે! એ પ્રમાણે,એકમાસમા થોડાક જ દિવસ બહાર ને બાકીના બધા દિવસ પોતાના દીકરાને ત્યાં જ તેણે ભિક્ષાર્થે જવા માંડ્યુ.

નિત્યનો સમાગમ થવાથી તેના છોકરા છૈયા સૌ સ્વામીને તો દાદા, બાપા વગેરે નામથી બોલાવવા માંડ્યા, તેમ સ્વામી પણ તેમને આવે।

બેટા, આવ દિકરી કેમ છે? સારી છે? ઈત્યાદિ રીતે બોલાવવા માંડ્યા. સ્ત્રીની જાત ઘણી ચંચળ હોય છે. આ સ્વામીની પૂર્વાશ્રમની સ્ત્રીની કાંઈ મોટી ઉમર ન હતી. સ્વામીના નિત્યના દર્શનથી તેનું મન પણ પ્રતિ દિવસે ચચળ થવા માંડ્યું. સ્વામીને જોતા તે ઉંચી નીચી થતી! આડું અવળુ જોતી! કટાક્ષ પણ સમયે કરતા લજવાતી નહિ! સ્વામી તો સસારની ખટપટો છોડી, તેથી નિશ્ચિત થયા હતા, ને હવે ઉદરપોષણની પણ ચિંતા ન હતી! નિયમ પ્રમાણે સદ્ધર્મીઓ ધારતા કે, પોતાને ઘેર સંન્યાસી જમવા આવે એવા ભાગ્ય ક્યાથી, એમ ધારી, તેને નાના પ્રકારના મિષ્ટાન્ન કરીને જમાડતા હતા, આથી તેમનું શરીર આગળ કરતા ઘણુ હૃષ્ટપુષ્ટ થયુ હતુ હે યક્ષમૂ! તારે નિશ્ચય જાણવું કે, શરીરમા પૌષ્ટિક પદાર્થોના પરમાણુઓ વિશેષ ભાગે ભેગા થયા, એટલે લાગલી જ સર્વે ઇંદ્રિયો પ્રબળ–ચચળ–તીવ્ર–વાસનાથી પ્રેરાયલી ને ઉંડુ ઉંડું કરવા તત્પર બની જાય છે. પછી તેને જોઇતા વિષયો ભોગવ્યા વગર ચહેન જ પડતું નથી, તેમ ઇંદ્રિયો શાત પણ થતી નથી. આ સ્વામી મહારાજમા પણ તેમ જ હતું. અચ્છા અચ્છા મિષ્ટાન્નથી લાલબબ થયેલા સ્વામીનું મન પણ સ્થિર ન રહેતા વિષયોથી ચચળ થઈ પડ્યુ હતુ સચોગ પણ ઘૃત અને અગ્નિના જેવો જ બન્યો જો કે તે સ્વામીવેશમા હતો, તોપણ આગળ કરતા વિશેષ બળવાન્ અને દેખાવડો થયેલો હતો. પોતાના સ્વામી (પતિ)ને આવો સુંદર જોઈને, સ્ત્રી કેવળ જ વિહ્વળ થઈ ગઈ ને એકાંતમા પ્રાણપતિ ક્યારે મળે, તેની વાટ તથા લાગ જોવા મડી.

એક દિવસે તેણીએ તાલ રચ્યો. પોતાના દિકરાની વહુ કેટલાક દિવસથી તેને પીયર ગઈ હતી અને ઘરમા દિકરો એકલો જ હતો. તેને કઈ કામકાજનુ બહાનું કાઢી, પરગામ મોકલ્યો ને પોતે એકલી જ ઘેર રહી સ્વામી તો, નિયમ પ્રમાણે નોતરુ દીધેલુ હોવાથી ભિક્ષા કરવા આવવાના જ હતા, માટે આજે તેન અર્થે તેણીએ નાના પ્રકારના સુદર પકવાન્નો તથા બીજી ઘણી સુંદર રસોઈ તૈયાર કરી મધ્યાહ્ન સમયે સ્વામી આવ્યા. સ્ત્રીએ પ્રથમ જ તેના ચરણ પખાળી, તે નિમિત્તે સ્પર્શ કરી, ચરણોદક લીધું, પછી સુંદર આસનપર બેસાડી ભોજન પીરસ્યુ; અને તે પોતે વીંઝણો લઈ તેની બાજૂએ પવન નાખતી ઉભી રહી સ્વામી જમતા હતા, તે વખતે તે સ્ત્રી, જાતિસ્વભાવ પ્રમાણે ઘણા પ્રકારની શારીરિક ચેષ્ટા (હાવભાવાદિ) કરવા લાગી. સ્ત્રી સાથે એકાંત, એ

મનને ચચળ કરનાર છે એકાત સ્થળ, લાબો સમય ને પ્રાર્થના કરનાર પુરુષ (વા સ્ત્રી) હોય, તો ગમે તેવી સદ્‌ગુણસપન્ન સ્ત્રીનું (કે ગમે તેવા પુરુષ)નું બ્રહ્મચર્યવ્રત નષ્ટ થયા વગર રહેતું નથી. તેમાએ જે સ્ત્રી સાથે સગ થયો છે, વળી જે સ્વપત્ની છે, તેની સમક્ષ સાચા સતનું સત્ પણ ટકી શકતું જ નથી ! એકાતપણાનો તે સ્ત્રીએ લાભ લઈ, સ્વામી મહારાજનું જમી ઉઠતા સુધીમા ભાન ભૂલાવી દીધુ ! ગમે તવો જ્ઞાની પુરુષ પણ, જો ઇન્દ્રિયોનું દમન કરવામા આવતુ ન હોય તો તેને એ ઇન્દ્રિયો વિષયપાશમા ફસાવી મૂકે છે, તો પછી આ ઉપાધિથી વેષ્ટિત સ્વામીદેવ તે કોણ માત્ર ? સ્વામી જમી ઉઠી શુદ્ધાચમનાદિ કરીને મઠમા જવાની તૈયારી કરવા લાગ્યા, ત્યારે સ્ત્રીએ તુરત તેમના દડ કમડલુ ઝુંટાવી લીધા અને હાથ પકડી ખડકીમાથી ઘરમા લઈ જઈ, એક સુંદર આસનપર બેસવાની વિનતિ કરી. આ નૂતન પ્રકાર જોઈ સ્વામીએ 'હટ્, હુત' કરી છેવટે કહ્યુ; "તુ મને સંન્યાસીને કેમ અડકે છે ? રે ! તેં તો મારા વ્રતનો ભગ કીધો. શિવ ! શિવ ! શિવ ! આ તુ શું અધર્મ આદરે છે ?" એ સાભળી સ્ત્રીએ કહ્યુ; "સ્વામીનાથ ! સ્ત્રીને અડકવાથી વ્રત ભંગ થયું હોય તો, આ રસોઈ તો મેં જ કરી છે ને મેં જ મારે હાથે તમારા ચરણુ પખાળી, આસનપર બેસાડીને પૂજા કીધી છે, તથા મેં જ પીરસ્યુ છે, તો તેથી શું આપનુ વ્રતભગ ન થયુ ? એવી મિથ્યા વાત રહેવા દો, ને કૃપા કરો ! આજે સારે ભાગ્યે ઘરમા કોઈ નથી ને એટલા જ માટે મેં સઘળો યોગ સાધ્યો છે હે નાથ ! આ ઘણા દિવસની તપેલી અને જેના સસારસુખનો તમે નાશ કરયો છે, એવી અબળાનો આ એક જ વારનો અને છેલ્લો મનોરથ પૂર્ણ કરો, નહિ તો હું વિહ્વળતાને લીધે તમોને પ્રાણ આપીશ !" સ્વામીએ કહ્યુ; આ ઘણું નિંદિત કર્મ છે હે સાધ્વી ! આમ થવાથી તું, હું, ને આખુ આપણુ કુળ, સૌ ઘોર નરકમા જઇશું, એમા સશય નથી. વળી કદાચ મારા સગથી તુંને ભોગજોગે ગર્ભ રહી ગયો, તો તેથી તારી અને મારી લોકમા મોટી અપકીર્તિ થશે અને આવો પ્રસગ તારા પુત્રના જાણવામા આવતા તેને બહુ ખેદ થવાથી તે સમયે કીર્તિના નાશને લીધે, તે પ્રાણઘાત પણ કરશે ! માટે શાતિ રાખવામાં સૌનુ કલ્યાણ છે, અને તું મને સત્વર અહીંથી જવા દે. ભિક્ષા થઈ રહ્યા પછી સન્યાસીએ ગૃહસ્થના ઘરમા એક પળ પણ ઉભું રહેવું યોગ્ય નથી." પણ સ્ત્રી કંઈ સમજી નહિ સ્વામીનુ ભાષણ સાભળી

તેણે તેનો હાથ ખેંચી આસનપર બેસાડ્યા, અને કહ્યું; "હે નાથ! હે વહાલા! એ તો ગમે તેમ હોય; પણ જો મારી વિરહવ્યથા તમે નહિ શાંત કરો, તોપણ તમને નરક પ્રાપ્ત તો થશે જ! હવે તમને જે બીજાઓની બીતિ છે, તે કશી પણ મનમાં ધરવા જેવી નથી, કેમકે મને ઋતુ પ્રાપ્ત થયાને ઘણા દિવસ થઈ ગયા (સોળ ઉપરાંત) છે, ને હજુ તે પ્રાપ્ત થવાને પણ ઘણો વિલંબ છે, માટે ગર્ભ રહેવાની કશી ધાસ્તી નથી માટે, કલ્યાણ થાઓ કે અકલ્યાણ થાઓ, પણ તમને હું અહિંથી જવા દેવાની નથી. તમે નહિ માનો તો આ ઘડીએ તમારા દેખતા જ હું મારો પ્રાણ-ઘાત કરીશ, જીભ કરડીને મરીશ, જેથી એ વાતેં પણ તમારી સઘળે અપકીર્તિ જ થશે તેથી મારુ કહ્યુ માની મને શાંતિ આપો! અને તમને લાગનાર દોષ ભલે મને લાગો, પણ મારી વ્યથા શાંત કરો!" આટલુ કહી સ્ત્રી તેને ગળે બાઝી પડી, અને સ્વામીનો આખરે કશો ઉપાય ચાલ્યો નહિ, તેથી તેના વિચારને વશ થવું પડ્યું! અણસમજણે ઉપાધિ છોડવા જતા કેવી બમણી, રે હજારગણી ઉપાધિ આવી પડે છે, તે તું જો.

પાપકર્મ જો કે કોઇના જાણ્યામા કે જોવામા આવેલુ હોતું નથી, તોપણ તે કરનારના મનમા આપોઆપ બહુ અને વારવાર દશ કરે છે, તેથી તે પોતે પોતાના મનમા જ ડરે છે. ઉપાધિવાળા સ્વામીજી વિચાર કરવા લાગ્યા કે, 'રખેને મારુ આ કનિષ્ઠ કર્મ કોઇએ જોયુ હોય! શુ આ વાત કોઇને દૃષ્ટિગોચર થઈ હશે? રે એની કોઇને ખબર પડી હશે, એમ બહુ બહુ ચિંતા કરવા લાગ્યો જો કે આ સ્વામીની, પ્રથમત. સ્ત્રીપર આધીન દુષ્ટ બુદ્ધિ ન હોતી, પણ અજ્ઞાનપણાથી સાકડે આવ્યાથી જ તેને તેણીને આધીન થવું પડ્યુ હતું, તથાપિ એ ભગવામા ધૂળ જ હતી! કુટુબીઓપર જરા પણ પ્રીતિ તેણે રાખી હતી, તેનુ આ પરિણામ હતું પછી 'આ દોષનો મૂળ હું જ છુ,' એવી રીતે ખેદ પામતો તે ત્યાથી ચાલી નિકળ્યો; તથા 'આ કર્મ જો કે કોઇએ જોયુ નહિ હોય તોપણ મને ઘરમા આવ્યાને ઘણો સમય થઈ ગયો, તે ઉપરથી પણ કદાચ કોઇ શકા કરશે, માટે કોઇની દૃષ્ટિએ ન પડું તો વધારે સારુ,' એવો વિચાર કરતો, ને લોકોથી છૂપાતો, શિવ! શિવ! કરતો, નીચે જ મુખે જલ-દીથી પોતાના આશ્રમમા જઈ પહોચ્યો ગમે તેવા વિષયી પુરુષને પણ સ્ત્રીસગ થઈ રહ્યા પછી વિમાસણ થાય છે, ને વિરાગ આવે છે કે, 'અરે! મેં આ કર્મ ન કર્યું હોત તો બહુ સારુ!' તેવીજ રીતે આ

સંન્યાસી પણ, એકાંતવાસમાં આવી વિમાસણ કરતો બેઠો. તે સમયે તેની મનોવૃત્તિઓએ તેને મોટા ખેદના ખાડામાં નાખી દીધો. તે વિચાર કરવા લાગ્યો; 'અરરર ! મેં આ શું પાપકર્મ કીધું ? શું મેં મારા વ્રત ઉપર પાણી ફેરવ્યું નથી ? જેના ત્રાસથી, જેના સંગથી છૂટી, હું કેવળ શાંત અને નિવૃત્ત થવાની આશાએ સન્યાસી થયો, તેના જ પાશમાં હું પુન. ફસાયો ! અહો ! ધિક્કાર ! મેં કેટલો બધો અધર્મ કીધો છે ! મારા સદ્વિચારોને તથા વિરક્તપણાને કેટલી બધી કાળપ લગાડી છે ! શાસ્રોમાં પણ મારા જેવુ કર્મ કરનારને માટે કેવી મોટી શિક્ષા લખી છે ! વિરક્ત થયા પછી જેઓ સંસાર તરફ જૂએ છે (તે ભોગવવાની જેને ઇચ્છા જ માત્ર થાય છે), તેઓનો રૌરવ નરકમાથી પરમાત્મા કદી પણ ઉદ્ધાર કરતો નથી ! હાય ! 'હાય ! હવે હું શું પ્રાયશ્ચિત્ત કરુ ! હું શો ઉપાય કરુ, કે જેથી આ પાપમાથી મુક્ત થાઉં ? આનું પ્રાયશ્ચિત્ત બીજું એકે નહિ, પણ જેની પ્રાપ્તિ થવા અર્થે વિરક્તપણું ધારણ કીધુ છે, તે જ્ઞાન–બ્રહ્મજ્ઞાન જ છે, કેમકે જ્ઞાનાગ્નિની અંદર દ્વારા અને માઠા સર્વ કર્મો બળીને ભસ્મ થઇ જાય છે હવે મારે તેની પ્રાપ્તિનો જ યત્ન કરવો જોઇએ ' આવો વિચાર કરતા વળી તે મન સાથે બોલ્યો, 'એ બધુ તો ખરું, પણ શું આ સ્થળે રહીને મારાથી તે સાધન થવાનું હતું ? કદી નહિ. અહીં રહેવાથી જ મારા વ્રતને લાછન લાગ્યુ, અને વળી રહીશ તો ભવકૂપમા પડીશ. માટે હવે એક પળ પણ અત્ર રહેવુ યોગ્ય નથી '

આવો નિશ્ચય કરી, તે તત્ક્ષણે ત્યાથી ઉઠ્યો, અને વન તરફ ચાલ્યો. સરસ્વતીને કિનારે કિનારે છેક સંધ્યાકાળ પર્યંત તેણે ચાલ્યા કીધું. એવામા એક રમણીય સ્થળ આવ્યુ ચારે તરફ સુંદર વૃક્ષોની ઘટા આવી રહેલી હતી, સરસ્વતી નદીનો ઉત્તમ કિનારો પાસે જ આવેલો હતો, ગ્રામાદિ ઉપાધિ એટલામા ક્યાય દૃષ્ટિએ પડે એમ ન હતું એવું જોઈ, તેણે ત્યા આગળ આશ્રમ કરવાનો નિશ્ચય કર્યો રાતની રાત તો તે એકાદ વૃક્ષ નીચે પડી રહ્યો. પણ પ્રાત કાળ થયો, એટલે શૌચ સ્નાનાદિ કરીને એકાતસ્થળે પર્ણકુટી બાધવાનો તેણે નિશ્ચય કીધો ઝાડની ડાળીઓ, પાદડા, પાન્ય* ઇત્યાદિ સાહિત્ય આસપાસથી એકઠું કરી, એક નાનાસા ડુંગરની તળેટીમા ઝુંપડી બાધી નિત્યનો ભિક્ષાનો સમય થયો એટલે ક્ષુધા લાગી પણ આજ કંઈ તેને શીરો, જલેબી કે માલપુવા

* નદી કીન ૧ઉભરતાં ચીકણાં અને જાડાં મોટા લાંબા તૃણ

મળવાના ન હોવા. આજ તો તેને ગૃહસ્થાશ્રમીઓને ઠેકાણે વનનાં વૃક્ષો પાસે ભિક્ષા માગવાની હતી. હવેજ સ્વામીનું કલેજું ઠેકાણે આવે એમ હતું. લાગલી જ તેણે એક ઝોળી વાળી, અને સામે દેખાતી વૃક્ષોની ઘટા તરફ વનફળ લેવા સારુ ચાલ્યો. પેટ પૂરતાં ફળ એકઠાં થયા, એટલે તે લઈ પર્ણકુટિ તરફ આવ્યો. પછી બ્રહ્માર્પણ કરી, નિરાતે બેસી તેનુ ભક્ષણ કર્યું, અને સરસ્વતીનું નિર્મળ અને શીતળ જળ પી શાત થયો ત્યારે તેનો આત્મા ઠાર થયો! ત્યાર પછી તે મન સાથે કહેવા લાગ્યો, 'બસ આવુ જ જોઇએ કોઇ વાતની ચિંતાએ નહિ ને કોઇનો સસર્ગે નહિ; કોઇની પાસ ભિક્ષા કરવા જવુંએ નહિ ને નોતરાંની વાટ જોઇ બેસી રહેવું એ નહિ; એ જ સસારત્યાગ, એ જ સંસર્ગત્યાગ, એ જ ઉપાધિનો ઘટસ્ફોટ! હવે જ મારી ઉપાધિનો ખરેખરો ત્યાગ થયો છે'

યજ્ઞભૂ! તે વિરક્ત હમણાં આવા વિચાર કરવા લાગ્યો હતો ખરો, પણ તેમા તે હજીએ ઠગાતો જ હતો. તેને જરાએ ખબર ન હોતી કે, ઉપાધિ ખરેખરી કેમ છૂટે છે અને વિરક્ત કોને કહે છે! અહિયા પણ ઉપાધિ તો તેની પછવાડે જ વળગેલી હતી, અને તે વૃદ્ધિગત થતી જતી હતી, ફરી એક વખત તેના ભગવામા તેણે (ઉપાધિએ) ધૂળ ઘલાવી! મારા આમ બોલવાથી તને મ્હાચ મનમા શકા થશે કે, એણે ઘર છોડ્યું, સ્ત્રી પુત્ર તથા પૌત્ર પણ છોડ્યા, બ્રાહ્મણત્વ પણ છોડ્યુ, ને છેવટે આખું ગામ છોડ્યુ, તથા સારું સારુ તો શું પણ સાધારણ અન્નનો આહાર પણ છોડી, વનફળ ઉપર નિર્વાહ કરવા લાગ્યો, અને મહેલને ઠેકાણે પાદડાની ઝુપડી બાધીને રહ્યો, છતા હજુ તેને ઉપાધિ શાની રહી? પણ બહારના કર્મના ત્યાગથી કઈ ઉપાધિ છૂટતી નથી, ઉપાધિ તો અતરની શુદ્ધિથી છૂટે છે હજી એ સ્વામી પાસે ઉપાધિવાળી ઘણી વસ્તુઓ હતી, ને જ્યા સૂધી તે તેનાથી છૂટે નહિ, ત્યાસૂધી તેણે ઉપાધિ તજી કહેવાય નહિ. સર્વ ઉપાધિમૂલક મુખ્ય જે દેહાભિમાન, તેણે એનામા હજુ સૂધી સજ્જડ વાસ કીધો હતો ખરો ચટકો લાગ્યા વગર એને 'દેહ એ કોઈ કાળે આત્મા નથી, પણ આત્મા કરતા જૂદો જ છે,' એવું નિશ્ચયપૂર્વક જાણ્યા વગર, તે અભિમાન મટે તેવું નહોતું વળી એને લીધે તેનામા હું અને મારાપણું એ દેહાભિમાનની બે શાખાઓ પણ વિટળાઈ વળી હતી.

વનમાં ફળોનો જ આહાર કરી શાંતપણે નિર્જનસ્થાન વિષે રહેતાં ઉપાધિત્યાગી સતદેવને કેટલાક માસ વહી ગયા. એવામાં શીતકાળ આવ્યો. એક તો નદીનો કીનારો, બીજું પહાડી વન, ત્રીજું ચારે તરફથી નિરંતર પવનના સપાટા આવે એવી પાંદડાની ઝુંપડીમા નિવાસ, અને ચોથું અધુરામાં પૂરું વિંધ્યાચળ પર્વતની નજીકનો પ્રદેશ, એટલે ત્યા વસનારને ટાઢના ઉપદ્રવ માટે તો પૂછવુ નહિ. દિનપ્રતિદિન સૂર્યનારાયણ દક્ષિણાયનની છેલ્લી રેખામા પ્રવૃત્ત થવા લાગ્યો, અને દિવસ છેક નાનો થતો ગયો તે પર્ણકુટિમા વસનારા સ્વામીને ખરેખરી તપશ્ચર્યા થવા માડી ટાઢથી દેહનુ સરક્ષણ કરવા માટે સ્વામીની પાસે એક બે કાષાયાબર હતા ને એક મૃગચર્મ હતું, પણ તેટલેથી કંઇ આ ટાઢ જાય તેમ ન હોતું. તેણે બીજા કેટલાક *વલ્કલ એ વનમાથી પેદા કીધા. પણ એમા એને શત્રુ નડવા માડ્યા એક તો ડુંગરો, બીજી ઝાડી, અને વળી તેમની પર્ણકુટિની ઓથ મળી, એટલે તે ડુંગરામાના ઉંદરડાઓએ ત્યા આગળ દર પાડી મોટા ઘરો બનાવી દીધા; અને રાત્રીના સ્વામી ઉંઘે ત્યારે, કે દિવસે ક્યાઇ વનફળ વગેરે લેવા બહાર જાય ત્યારે, તે પર્ણકુટિમા મૂકેલા તેના વસ્ત્રો, આ ઉંદરડાઓ કાતરી ખાવા લાગ્યા સ્વામી રોજ રોજ સંભાળીને વસ્ત્ર મૂકે, પણ બીજે દિવસે જૂએ તો તેમા મોટમોટા ગાબડા પાડેલા હોય; અને સ્વામી તે જોઇ જોઇને રોજ ત્રાસ પામે; પણ શું કરે? એમ કરતા થોડાક દિવસમા ઉંદરોએ સ્વામીના બધા કપડા કાતરી નાખ્યા તેમાનુ એકે વસ્ત્ર પહેરવા કે ઓઢવા જેવુ રહ્યુ નહિ. સ્વામીના મનમા બહુ જ સતાપ થવા લાગ્યો. તેણે ક્રોધમા આવી જઇને ઉંદરોનો નાશ કરવા માટે કંઈ ઉપાય શોધવાનો નિશ્ચય કર્યો.

એક દિવસે વનમા ફરતા ફરતા તેણે એક બિલાડીને જોઈ, અને વિચાર્યું કે, 'ઉંદરડાઓનો નાશ કરવાનો આ સૌથી સરસ ઉપાય છે! ચાલો આ બિલાડીને આપણે આશ્રમે લઈ જઇએ.' તુરત સ્વામીદેવ તે જગલી બિલાડીને પકડીને લઈ ગયા અને પોતાની પર્ણકુટિમા જ્યા આગળ ઉંદરડા આવ જા કરતા હતા ત્યા આગળ જ, તેણે તેને ડાભની એક દોરડીએ બાંધી છૂટી મૂકી દીધી તે રાત્રીના, બિલાડીનો શબ્દ સાભળી ઉંદરોએ બિલકૂલ આવજાવ કે ચૂચા પણ કર્યું નહિ; અને સ્વામીને એથી

* ઝાડના પાંદડાના અથવા છાલનાં વસ્ત્ર, જે પહેરાય ઓઢાય તેવા હોય છે

કશો પણ ઉપદ્રવ થયો નહિ. પર્ણકુટિમાં આખી રાત્રિ એક પણ ઉંદર આવ્યો નથી, એમ જાણીને સ્વામીને મનમાં બહુજ આનંદ થયો. તેણે ધાર્યું કે, આ ઉપાય આપણને ઠીક મળી ગયો; હવે લુચ્ચા ઉંદરોનું કશું ચાલવાનું નથી પણ જ્યારે તેણે બિલાડી સામું જોયુ, ત્યારે વળી તેને એક નવી ચિંતા ઉત્પન્ન થઈ. પાછલો આખો દિવસ અને આખી રાત તે અવાચક પ્રાણીને કશું ભક્ષ્ય મળ્યું ન હતું, તેથી ક્ષુધા તૃષાથી તે બિલાડુ મરવા જેવુ થઇ ગયુ હતું અને તેનામાં ચુંકારો કરવાની પણ શક્તિ રહી ન હોતી. આ જોઇ સ્વામીને દયા અને ચિંતા ઉત્પન્ન થઇ કે, 'અરે ! આ નિર્દોષ પ્રાણીને મેં કેટલુ બધુ દુઃખ દીધુ. હર ! હર ! હું કેવો નિર્દય ! પણ શું ત્યારે હું એને પાછી છોડી મૂકુ ! તેમ કરુ તો આ ઉંદરડા પાછા જોરપર આવી જશે, ત્યારે આને રાખીને હું શું ખવરાવીશ ? એ વનફળ તો ખાઇ શકશે નહિ, અને હું ભિક્ષા કરવા જતો નથી, જતો હોત તો થોડુ ઘણું અન્ન એને માટે લાવત. ઠીક, કઇ ને કઇ થઇ રહેશે, પણ એ બિલાડીને હવે જવા દઇ, ઉંદરોની પીડા ભોગવીશ નહિ'

આમ વિચાર કરતો કરતો તે સ્નાનાદિક કરવા માટે સરસ્વતી નદીના તીરે ગયો ત્યાથી પાછો આવતો હતો તે વેળા, વનમા ચરવા આવેલુ પાસેના ગામનું ગાયોનું એક મોટું ધણ તેણે દૂરથી જોયું. તેણે મનમાં ધાર્યું કે, આ સારી તક હાથ આવી છે; કેમકે એ ધણમાથી એકાદિ દૂઝણી ગાય મને મળે, તો પેલી બિલાડીનુ એના દૂધથી રક્ષણ થશે. આવો વિચાર કરી તે ગોવાળની પાસે જઇને ઉભો રહ્યો હાથમા દંડ કમંડલુ તથા શરીરે ભગવા વસ્ત્ર અને ભસ્મ ધારણ કરેલી ભવ્યમૂર્તિને જોઈ, તે ગોવાળ લાંબો થઈ ભક્તિભાવથી દંડવત્નમસ્કાર કરી, હાથ જોડીને બોલ્યો, "મહારાજ ! મારા ભાગ્ય કયાથી કે, આજે આપે વનમા મને દર્શન દીધા ! હું કૃતાર્થ થયો, માટે આપની શી ઇચ્છા છે તે કહો." સ્વામીને તો એટલુ જ જોઇતું હતું તેણે તેને કહ્યુ, "તારુ કલ્યાણ થાઓ હે ગોવાળ ! મારે બીજી કઈ ઇચ્છા નથી, માત્ર એક દૂઝણી ગાય પરમાર્થ સારુ જોઇએ છીએ" તુરત એક સારામા સારી દૂઝણી સવત્સી ગાય તે ગોવાળે સ્વામીની આગળ કરી અને પોતાના માણસને ગાયોનું ટોળુ સોંપી, સ્વામીની સાથે તે ગાયને મૂકવા પર્ણકુટિ તરફ ચાલ્યો. ત્યા આગળ જઇ ગાયને એક વૃક્ષને થડે બાંધી, પાદડાના પડિયામા

તેને દોહ્રી, પેલી બિલાડીને દૂધ પાયું. બિલાડી ટટાર થઈને તેના જીવમાં જીવ આવ્યો, એટલે સ્વામી નિશ્ચિંત થઈ મનમા આનંદ પામવા લાગ્યા કે ચલો ઉંદર ને બિલાડીની ઉપાધિ મટી! પણુ તે જાણુતો નહોતો કે, જેમ જેમ હું ઉપાધિ ઓછી કરવા મથું છું, તેમ તેમ તે અણુધારી ને અણેચ્છિત ચોગણી વધતી જાય છે

રાત પડી ને ટાઢના સપાટા આવવા લાગા, ત્યારે ગાયના તથા વાછરડાના ભોગ ફરી વળ્યા! સવાર થતા થતા તો તે અવાચક પશુની પૂરી દુર્દશા થઈ રહી સ્વામીએ ઉઠીને જોયું તો ગાય ટાઢથી કોકડુ વળી ગયેલી હતી, તેના રુવાટા કાળાશ મારી ગયા હતા, અને વાછરડાનુ તો પૂછવુ જ શુ? સ્વામીએ વિચાર કીધો કે, ‘આ તો મેં બહુ ખોટુ કીધુ આ બિચારી ગાયને માટે તો ખૂબ હુફ વળે એવી એક ઝુપડી બાધવી જોઇએ, નહિ તો તે ટાઢથી ઠુંઠવાઇને મરી જશે અને મને ગૌહત્યા ચોંટશે!’ પછી સ્નાનાદિ કૃત્ય કરી આવીને સ્વામી દોહવા બેઠા, ત્યારે ટાઢથી ઠરી રહેલી ગાય રોજના જેટલું દૂધ આપી શકી નહિ તે જોઈ સ્વામીને વધારે ચમક પેઠી અને તુરત બિલાડીને દૂધ પાઈ તથા ગાયને માટે થોડુક આસપાસથી ઘાસ લઈ આવીને, પછી તેને માટે ઝુપડી બાધવાનો યત્ન કરવા માડ્યો થોડીકવારમાં ઘણાક ડાળા પાદડા લાવી એકઠા કીધા, ને પોતાની ઝુંપડીની નજીક આવેલા બે ઝાડની વચ્ચે તેણે એક ઘટ્ટ ઝુપડી તૈયાર કરી, તેમા ગાયને બાધી એથી ગાયને કંઇક સુખ થયુ સ્વામી રોજ આસપાસથી હાથે ચુટીને કેટલુંક ઘાસ લાવે અને ગાયને નીરે કેટલાક દિવસ એમ ચલાવ્યુ, પણુ તેથી ગાય વાછરડાનુ પૂરુ થતુ નહોતુ, એટલે પાછી ગાય સુકાવા લાગી સ્વામીએ વિચાર કીધો કે, ‘આ તો કઈ ઠીક નહિ. મારી પાસે કઈ દાતરડુ વગેરે સાધન ન હોવાથી હું પૂરુ ઘાસ લાવી શકતો નથી, અને ગાય તો ભૂખે મરે છે હવે તો એને છૂટી ચરવા મૂકવી જોઇએ. તેમ નહિ તો, ઘણીકવાર હું તેને ચરાવવા જઇશ’ બીજે દિવસે સવારે ગાય તથા વાછરડાને છોડી સ્વામી ડુગરની તળેટી આગળ ચરાવતા હતા, તેવામા ઘણેક દૂરથી ગાયે પોતના આગળના ટોળામાની ગાયોનો ભાઁ ભાઁ શબ્દ સાભળ્યો કે, તે તુરત ભડકી અને ચરવું પડતુ મૂકી ઉંચી ડોક કરી કરીને ચારે તરફ જોવા લાગી એટલામા એક ગાય તેની નજરે પડી ને તે નજરે પડતા જ તે ગાય ત્યાથી પીઠપર પુછડી ઉછાળીને દોડી સ્વામી ઘણોએ યત્ન કરી

પછવાડે દોડ્યા, પણ તે પાછી વળી નહિ ગાયે ગઈ ને વાછરડુંએ ગયુ સ્વામી સિયાવિયા થઈ ગયા, અને નિરાશ થઈ પર્ણકુટિ આગળ આવી ઉભા ઉભા વિચાર કરવા લાગ્યા કે, 'અરે રામ! એ ગાય ક્યા ગઈ હશે? હવે તે પાછી કેમ કરીને આવશે? આ તો મોટુ સકટ આવી નડ્યુ! બિચારા ગોવાળે પરમ ભાવથી આપેલી ગાય હું ખોઈ બેઠો વ્યાઘ્રાદિ હિંસક પ્રાણી તેનો વધ કરશે તો મારે શિરે ગૌહત્યા બેસશે હવે હું શુ કરુ અને શોધવાએ કોણ જશે?'

ગાય પોતાના ટોળામા જઈ ઉભી, ત્યારે પેલો ગોવાળ, પોતે દાન કરેલી ગાય તથા વાછરડુ પાછા આવ્યા જોઈ, જાણી ગયો કે, આ ગાય સ્વામીને ત્યાથી જરૂર નાશી આવી છે, માટે તેને પાછી મૂકી આવુ આવો વિચાર કરીને ગાય તથા વાછરડાને લઇને ગોવાળ સ્વામીની ઝુપડી આગળ આવ્યો, અને સ્વામીને તે વાત જણાવી, ગાયને તેને ખીલે બાધી સ્વામીએ તેને આશીર્વાદ દઈ કહ્યુ, "ભાઈ ગોવાળ, તારુ કલ્યાણ થજો તેં મારે માટે બહુ યત્ન કર્યો પણ હવે એક મારુ કહેવુ સાભળ, હું અહીં એકલો છુ, માટે મારાથી કઈ આ ગાય જળવાઈ શકાશે નહિ તેમ એ વારવાર નાસભાગ કરશે ત્યારે એની પુઠે પણ હું જઈ શકીશ નહિ માટે તારે ત્યા અથવા તારા ગામમા કોઈ ભાવિક મનુષ્ય હોય તો તેને અહીંઆ લઈ આવ, કે જે અહીં નિરતર મારી પાસે રહે ને ગાય વાછરડાની ચાકરી કરે" એ સાભળી ગોવાળે કહ્યુ, "મહારાજ! ઘણું સારુ, મારો એક નાનો ભાઈ છે, તેને જ હું આપને ત્યા મૂકીશ અમો માણસે બોહોળા છીએ, એટલે કઈ કામની વાણ પડે તેવુ નથી. વળી અમારા એવા ભાગ્ય ક્યાથી કે, આપની સેવા ચાકરી અમારે હાથે બને! હું કાલે જ એને અહીં લઈ આવીશ તે રોજ સવારે ખાઇપીને અહીં આવશે, ને સાજે પાછો ઘેર જશે, અને આપની ઇચ્છા હશે તો અહીં જ રહેશે" એમ કહી ગોવાળ પગે લાગી વિદાય થયો અને સ્વામીજી મનમા રાજી થવા માડ્યા કે, 'લ્યો, ઠીક થયુ, આયતી જ પીડા પતી ગઈ એ બિચારો આખો દિવસ ગાયની સેવા ચાકરી કરીને વળી સાજે પોતાને ઘેર જશે. અને તે કદાચ અહીં રહેશે તોએ શું? ગાય દૂધ પુષ્કળ દે છે, માટે રુડી રીતે એનો પણ નિર્વાહ ચાલી શકે એમ છે માણસ માણસનો ભાગ જવા દેતું નથી આખો દહાડો અહિંયા નકામનો બેસી રહી એ શુ કરશે? એને કઈ ને કઈ કામે લગાડી દઇશુ, એટલે એનુ પેટીયુ એની પોતાની મહેનતમાથી જ નિકળશે.'

બીજે દિવસે ગોવાળ પોતાના ભાઈને મૂકી ગયો સ્વામીએ તેને ગાયની ઝુપડી, તેને ચરવાની ડુગરની તળેટીની છૂટી જગ્યા, ને તેને પાણી પાવાનો સરસ્વતીનો આરો વગેરે બતાવી, સર્વે વાતે માહીતગાર કર્યો આ સેવક તો જાતે જ ગોવાળ એટલે ગાયોનો પાળનાર જ હતો, વળી તે ખાસ એજ કામ ઉપર રહ્યો હતો, તેથી ગાયની ખૂબ સભાળ રાખવા લાગ્યો. રોજ તે ગામમા જતો, અને ત્યાથી દાતરડુ, કોદાળી, પાવડો, કુવાડી વગેરે જોઈતા ઓજારો ઘેરથી ઉપાડી લાવતો, એટલે કોઈ વાતે તે અટકી રહેતો નહી તે જોઇએ તેટલુ લીલુ ઘાસ ગાયને માટે કાપી લાવતો, ને વળી તેને ચરાવી આવતો તે જૂદુ આથી ગાય વાછરડી ખૂબ હૃષ્ટપુષ્ટ બન્યા અને બે માણસનુ પોષણ થાય, તેટલુ દૂધ ગાય આપવા લાગી દૂધ વધી પડતું જોઈ સેવકે એક દિવસે સ્વામીને કહ્યુ, "મહારાજ! હમણા દૂધ નકામું જાય છે, ને મારા પીતા જે વધે છે તે હુ વાછરડાને પાઈ દઉં છુ, કૃપાનાથ! આપ થોડુ થોડુ લો તો ઠીક!" સ્વામી બોલ્યા, "નારે ભાઇ! મારે એવો સ્વાદ જોઇએ નહિ મારે તો કાચા પાકા વનફળ જ ભલા મારે વિરક્તને વળી દૂધ શાનુ? એ ઉપાધિમા વળી કોણ પડે?" યજ્ઞભૂ! જોયુ કે? ઉપાધિમા પ્રતિદિન ફસાતો જતો છતા હજુ એ વિરક્ત બનેલા સ્વામીજી પોતાને ઉપાધિરહિત સમજે છે! તે ગોવાળ પ્રતિદિન નિયમ પ્રમાણે આવતો હતો અને ગાયની સેવા ચાકરી રુડી રીતે થતી હતી

એમ કેટલાક માસ વીતી ગયા, સ્વામીએ પોતાને ઉપાધિમાથી છૂટેલો માન્યો, પણ ગુપ્ત રીતે તો તે ઉપાધિના ફાસામા સજ્જડ જકડાઇ ગયો હતો, છતા તે તેને અજ્ઞાનપણાથી જણાયુ જ નહિ આ લોકમા કર્મ જ બધનુ કારણ છે, ને જેમ જેમ કર્મ વધે છે, તેમ તેમ જીવ વધારે ને વધરે ફસાતો જાય છે. પણ જ્યારે જીવને સતનુ જ્ઞાન થાય છે ત્યારેજ તે જીવ મુક્ત થાય છે ને ત્યારે જ તે કર્મપાશમાથી છૂટે છે. જ્યારે જીવની સર્વ ઉપાધિ ભસ્મીભૂત થાય છે, ત્યારે જ તે નિરજન ને નિર્લેપ બને છે સ્વામીમા સત્ જ્ઞાનનો પ્રવેશ નહોતો, તેથી તે છૂટવાનો પ્રયત્ન કરતા, વધારે ને વધારે બંધાઈ જતો હતો.

દહાડા વીતતા ગયા તેમ તેમ તે ગોવાળનો ભાઈ ગામમાથી મોડો આવવા માડ્યો, તેથી ગાયને ચારા પાણીની તથા દોહવા વગેરેની વેળા વીતી જવા માડી તે જોઈ સ્વામીએ વિચાર કીધો કે, 'એને હવે ગામમા

જવા દેવો નહિ, પણ એને રહેવાની તજવીજ અહીંઆં જ કરીએ તો પછી નિશ્ચિન્તપણે તે પોતાનું કામ કરયો જશે, ચોમાસુ પાસે આવ્યુ છે ને આ સામેના મેદાનમા જમીનનો કટકો પણ સારો સપાટ તથા રસાલ દેખાય છે, માટે એની પાસે થોડુ થોડુ રોજ ખોદાવવુ ને વરસાદ આવે ત્યારે વવરાવવુ, એટલે તે આશામા એ કામકાજમા અહીંનો અહીં જ પડ્યો રહેશે ગોવાળ ગામમાથી કોદાળી પાવડો વગેરે ઓજારો તો લાવેલો જ હતો, તેથી એક દિવસે સ્વામીએ તેને કહ્યુ, "તુ એક કામ કર, એટલે તારે હમ્મેશા ઘેર જવાની ચિન્તા ટળી જાય પેલી સામે દેખાતી જમીન મને બહુ સારી લાગે છે, માટે તેમા રોજ થોડુ થોડુ ખોદતો જા, એટલે વરસાદમા તેની અંદર કંઈક અનાજ વવાય, જેથી તારુ અને ગાયનુ પોષણ થશે ને તુ બારે માસ ખાઈશ, તેટલુ અનાજ મેળવી શકીશ"

વરસાદ પુષ્કળ અને જમીન રસાળ, તેથી એક જણની મહેનતે પણ અન્ન પુષ્કળ પાક્યુ તે ગોવાળે પણ ત્યા એક સારી ને મોટી છાપરી બાધી, ને ખેતરની નિપજમાથી મઝામા રોટલા ખાવા લાગ્યો ને સ્વામીની તથા ગાય વાછરડની સેવા કરતો ત્યા રહેવા લાગ્યો તેને ખેતીનુ કામ કરવુ ઠીક પડ્યુ બે ત્રણ વર્ષ પછી, પાસેની બીજી પણ કેટલીક જમીન તેણે ઝાળા ઝપટા કાઢી નાખીને ખેડી, અને એકના બે ખેતર કરી દીધા.

એક દિવસે એ દેશના રાજાના સવારો જમીનની તપાસ કરવા નીકળ્યા તેઓ એ સ્થળ આગળ આવ્યા લીલા કુંજાર બને ખેતરો જોયા, ને તેમા વાવેતર થયેલુ જોઈ રાજાનો કર લેવાને એ ખેતર કોના છે, તેની પૂછપરછ કરવા માડી ગોવાળે તેને જણાવ્યુ કે, 'આ ખેતરો તો વિરજાનન્દ સ્વામીના છે! હુ તો તેનો સેવક છુ, ને અહીં કામકાજ કરુ છુ." સવારોએ તુરત જમીનની જાત નક્કી કરી, સ્વામીનુ નામ લખી લીધુ, ને દરબારમા જઈ, તે ખેતરોને સરકારી દફતરમા સ્વામીના નામ ખાતે નોંધ્યા ઉપાધિને દૂર હાકી મૂકવા સર્વ તજી નિકળેલા સ્વામીની ઉપાધિમા, ઉપાધિ વધી! દાણાનો પાક તૈયાર થયો કે, સરકારી (રાજાના) પટાવાળાઓએ તેની પાસે આવી, ઉપજમાથી રાજાનો છઠ્ઠો ભાગ માગ્યો અહીં કંઈ સ્વામીનુ ચાલે તેમ નહોતુ, તેમ કંઈ ચિન્તાએ નહોતી, કેમકે જમીન નવી ખેડાણ, તેથી અન્ન પણ તેમા પુષ્કળ પાક્યુ હતું, માટે તુરત તેણે ઉપજેલા અન્નમાથી છઠ્ઠો ભાગ રાજાના

માણસોને કાઢી આપ્યો પણ એટલેથી જ પત્યું નહિ. આ લાગો તો વર્ષોવર્ષ માટેનો હતો. એક બે વર્ષ તો આમ રુડી રીતે ચાલ્યુ, પણ પછી સ્વામીની ખરેખરી રેવડી દાણાદાણ થવાનો વખત આવ્યો

એક સાલ તે દેશમા કોઈ કોઈ સ્થળે મુદ્દલ વરસાદ પડ્યો નહિ. દુકાળ પડ્યો અને લોકો અન્ન વગર તથા જનાવરો ચારા વગર ટળવળવા લાગ્યા. સ્વામીના ખેતરોમા તો થોડો ઘણો વરસાદ પડ્યો હતો, તેથી તેમા અન્ન પાકત, પણ પેલા સેવકના કંઈક આલસ્ય ને કંઈક પ્રમાદને લીધે, સમયસર વાવેતર થયુ નહિ, એટલે ખરડિયાને લીધે વાવેલુ બીજ પણ નકામુ ગયુ પાછલા વરસનુ કંઈ થોડુ ઘણું અન્ન વધ્યુ હતુ, તેવડે નિર્વાહ તો ચાલતો હતો, પણ રાજાનો કર કેવી રીતે ભરવો, એનો સ્વામીના મનમા મોટો ભય પેઠો કર ભરવાના દિવસો પણ પાસે આવી પહોંચ્યા હતા રાજાના માણસોએ સ્વામીની પાસે આવીને કરની ઉઘરાણી કરી ત્યારે તેણે જણાવ્યુ કે, "હોણ સાલ કશુ પણ અનાજ ન પાકવાથી અમો રાજકર ભરી શકીએ તેમ નથી" પણ આમ કેહેવાથી શુ કંઈ તેનો છૂટકો થાય એમ હતું? રાજાના માણસોને સખત હુકમ હતો કે, "જે જમીનદાર કર ભરવાને આનાકાની કરે, તને મને પૂછ્યાની વાટ જોયા વગર બેલાશક બાધી લાવવા!" રાજસેવકોએ રાજાની આજ્ઞા સ્વામીને ખુલ્લી જણાવી દીધી કે, "મહારાજ! જો કે આપ અમારે સર્વથા વદ્ય છો, પરતુ રાજાની આજ્ઞા છે, માટે કા તો હરકોઈ ઉપાયે કર ભરો અથવા તો અમારી સાથે દરબારમા પધારો!" બિચારા સ્વામીદેવ તો તુરત પટાવાળાઓની આગળ થયા. પૂર્વે તો સ્વામી ભિક્ષા કરવા સારુ પણ ગામની અદર જતા નહિ, કેમકે ઉપાધિ તજી હતી, પણ આજે તો છેક કચેરીમા જવું પડ્યુ, અને જ્યા કર નહિ ભરી શકનાર ગરીબ ખેડુતોને પૂરી રાખવામા આવ્યા હતા ત્યા જઈ પૂરાયા. આ વખતે તેણે પોતાના યતિ (સન્યાસી) વેશને ખરેખરો ભજવ્યો! રાજાએ પણ જાણ્યુ કે, ફલાણા સન્યાસીબાવા આપણા કેદખાનાને પાવન કરવા માટે પધાર્યા છે! કોઈ દહાડો નહિ બનવા જેવી વાતથી-સન્યાસીબાવાને કેદમા પૂરાયેલા જોઇને, તે શહેરના લોકો, તેમ જ કચેરીના સર્વ કાર્યભારીઓ વગેરેને બહુ જ આશ્ચર્ય થયુ લોકોના ટોળેટોળા તેને જોવા ભેગા થયા, જેઓને જોઇને સન્યાસીબાવા મનમા બહુ જ સકોચ પામવા માડ્યા પણ શુ કરે? આજે તેની સ્થિતિમા કેટલો બધો ફેર પડી ગયો છે? ક્યા સન્યસ્ત ગ્રહણ કરનાર પુરુષને સૌથી શ્રેષ્ઠ સ્વ-

તંત્રતા ને સત્કાર, ને ક્યા આજે આ સ્વામીનું રાજાના માણસોને તાબે થઈ કેદમા પૂરાવું! ક્યાં સન્યાસીનુ વિરક્તપણું અને ક્યાં આજે આ સ્વામીની જમીનદારી! ક્યા સંન્યાસી પુરુષનું ગંગાસ્નાન તથા સત્પુરુષો (જ્ઞાનીઓ, પરમહસો, મહાત્મા વિરકતો)નો સમાગમ અને ક્યા આ સ્વામીનુ મહા અધમ સ્થળ–કેદખાનામા પૂરાઈ નીચ, ઉંચ, સર્વ જાતિના મનુષ્યો સાથે અથડાવુ! ક્યા સન્યાસીનો અહર્નિશ પ્રણવનો જાપ ને ક્યા આ સ્વામીનુ 'અરેરે' કરને માટે કોણ જાણે રાજા શી શિક્ષા કરશે? હાય! મારે માથે વળી આ શી નવી ઉપાધિ આવી પડી!' ઇત્યાદિ વિચારોનુ અતિ આતુરતાથી ચિંતન! આવી વિલક્ષણ અવસ્થામા વિરક્તાનદ મહારાજ આવી પડ્યા હતા સન્યાસી શો ને વળી તેને રાજદરબાર શો! "સન્યાસી"એ નામને જ પ્રપચની કોઇ પણ ઉપાધિ (ગમે તો સારી કે નરતી) કેમ છાજે? સમ્યક્–રુડે પ્રકારે કરેલો છે ન્યાસ એટલે ત્યાગ જેણે, તે સન્યાસી કહેવાય, પણ અહીંઆ એથી સર્વ ઉલટુ જ છે

રાજા, કચેરીના બીજા કામકાજથી પરવાર્યો, એટલે નાદારોને કેદમાથી પોતાની હજૂર બોલાવ્યા, જેમા આ સ્વામીજી પણ નીચુ મ્હોં કરીને તેઓની ભેળા, રાજાની આગળ જઇને ઉભા રહ્યા હતા રાજા એક પછી એક નાદારને તેની સ્થિતિ ને હકિકત પૂછતો હતો અને જેને જે યોગ્ય ભાસે, તેને તેવી શિક્ષા કરતો હતો. ઘણાક જમીનવાળાઓનો ન્યાય થયા પછી હવે સ્વામીની વારી આવી ત્યારે રાજાએ પૂછ્યું, "વિરક્તાનદ સરસ્વતી કોનુ ના'મ?" સ્વામી નીચે મ્હોંડે જ બોલ્યો, "મારુ નામ" "તારી પાસે કેટલા ખેતર છે?" સ્વામીએ કહ્યુ "બે." રાજાએ પૂછ્યુ, "તારે ત્યાગીને ખેતર શા!" સ્વામીએ કહ્યું, "મારે માટે નહિ, પણ એક ગાયના નિર્વાહને અર્થે તે છે" રાજાએ પૂછ્યુ, "તેં બને ખેતરોનો કર હજુ સૂધી કેમ ભર્યો નથી?" સ્વામીએ ઉત્તર દીધુ, "હોણ સાલ કંઈ અન્ન પાક્યુ નથી તેથી" રાજા બોલ્યો, "તારી તરફના સઘળા ગામોના ખેડુતોના કર આવી ગયા છે, કેમકે ત્યા વરસાદ થયો હતો, અને તારે એકલાને ત્યા જ વરસાદ ન પડ્યો એમ કેમ બન્યુ? એ પ્રાતના સઘળા ગામોનો કર વરસાદ પડ્યા વિના ક્યાથી આવ્યો? તારે ત્યા વરસાદ પડ્યો હતો, છતા સન્યાસી થઈ તુ રાજાનો કર ડુબાવવા કેમ ધારે છે? આ સાલનો કર નહિ આવ્યો, તેને માટે તને યોગ્ય દડ થવો જ

જોઇએ !" રાજાના આ કહેવાનું સ્વામીએ જરા પણ ઉત્તર આપ્યું નહિ; કેમકે સ્વામીની તો આ વિલક્ષણ બનાવથી મતિ જ મુંઝાઈ ગઈ હતી પછી રાજાના હુકમથી પટાવાળાઓએ સ્વામીને કાકુ પકડીને બહાર કાઢ્યો, અને એ દેશના રિવાજ પ્રમાણે કર નહિ ભરનારા સૌ ખેડુતોની જોડે તેને પણ શિક્ષા કરવામા આવી ત્યા શિક્ષા કરવાનો એવો ધારો હતો કે, તડકાની અંદર અપરાધીને ઉઘાડો ઉભો રાખી, તેના બન્ને હાથના કાડા ભેગા બાધી, ઉંચા કરી, માથાની પછવાડે રાખવા અને તે ઉભા કરેલા હાથ, ગરદનની પાછળ રાખીને ગરદન તથા હાથની વચ્ચે એક ભારી શિલા મૂકવી.

ખરા મધ્યાહ્ન થયા હતા દિવસ પણ ઉન્હાળાનો હતો અપરાધીઓને શિક્ષા કરવાનુ મેદાન પણ રેતીથી ભરેલુ હતું રેતી, તડકાને લીધે એવી તો તપેલી હતી કે, તેમા પગ પણ મૂકાય એવું નહોતુ. ત્યા આગળ આપણા વિરક્તાનદ સરસ્વતીજીને લઈ જવામા આવ્યા હાથ બાધીને ગરદન ઉપર તડકાથી તપેલો એક મોટો પત્થર મૂકવામા આવ્યો સ્વામીજી નીચી મુંડી કરી કંઈ પણ બોલ્યા વગર તપશ્ચર્યા કરતા ઉભા રહ્યા ! ઉપરથી ઉન્હાળાનો તડકો તપે છે, શરીર ઉઘાડુ છે અને ગરદનપર શિલારોપણ થયેલુ છે નીચે લાહે જેવી રેતી તપેલી છે આ સઘળો ત્રાસ એકી વખતે જ થવાથી સ્વામીના રોમેરોમથી પરસેવાની ધારાઓ વહેવા લાગી, અને આખમાથી ખળખળ પાણી વહેવા માડ્યા હે યજ્ઞભૂ! આનાથી બીજી નરકયાતના કયી? આ વખતે સ્વામીના ભેખમા ખરેખરી ધૂળ પડી! આજે જ તેના વિરક્તપણાનો વેશ ખરેખરો શોભા આપતો હતો. અપરાધી, પત્થરો ગરદનપરથી નાખી દે નહિ, તે માટે, રાજાના અનુચરોને જેરબધ લઈ, ચારે બાજુ તપાસ રાખવા માટે તે મેદાનમા ફરતા રાખ્યા હતા, ને જે કોઈ અપરાધી આડો અવળો થતો, તેને તુરત ફટકાવી કાઢતા હતા. આ વખતનો ખ્યાલ અર્થાત્ તે વેળા કેવું સંકટ પડતું હતું, તે વાત માત્ર સ્વામી જ પોતાના મનમા જાણતો હતો

સુકૃત ફળવાનુ હતુ, તેથી આ સમયે સ્વામીના મનમા ખરેખરો કાંટો આવી ગયો તેના મનને ખરો ચટકો લાગ્યો ઉંઘેલા માણસપર ફટકા પડવાથી તે એકાએક જાગે અને પછી તેને પોતાના કૃત્ય માટે પશ્ચાત્તાપ થાય તેમ, સ્વામીને અત્યારે પશ્ચાત્તાપ થવા લાગ્યો. "અલ્યા

દેહીડા! તને આ શી વિટંબણા આવી પડી? તું શું હતો ને શું થઈ ગયો છે? આવી આપત્તિ, રે આવુ દુ:ખ તો કોઈ મહાપાતકીને પણ નહિ જ હોય અહો! તારે તે આ યાતના ભોગવવાનુ હોય કે એકાન્તસ્થળમા સ્થિરચિત્તે પ્રાણાયામ કરીને પ્રભુનુ ધ્યાન ધરવાનુ હોય? શી વૈષ્ણવી માયા અને શુ તેનુ પ્રાબલ્ય! પણ આ બધુ શાને લીધે થયુ છે અલ્યા દેહીડા? સસારની ઉપાધિ તજવાને અર્થે તું વિરક્ત થયો અને ગામમા રહેતા ગામમાથી તને ઉપાધિ વળગી, ત્યારે ગામ ત્યજી વનમા આવ્યો. ત્યાએ પણ તારી એ જ દશા! તને આ અપાયમા નાખનાર તો તે ખેતર જ થયાની? 'પણ એ ખેતર તો ગાયને અર્થે જરૂરના હતા' પણ શું ગાય વિના તારે ચાલતું નહોતું કે? ખેતરોનુ અનાજ કે ગાયનુ દૂધ તો તેં કોઈ પણ દિવસે ઉપયોગમા લીધુ નથી 'ગાયની તો બિલાડીને માટે જરૂર હતી ને બિલાડી વગર ઉંદરોના ઉપદ્રવથી કપડાનુ રક્ષણ થાત નહિ' ત્યારે શુ એક કપડાને વાસ્તે જ તુ આટલા દિવસ સૂધી મોટા વ્યવસાયમા અને આખરે આ અપાયમા આવી પડ્યો છે કે? હર! હર! કેવી તારી ક્ષુલ્લક બુદ્ધિ! કેવો નિંદ્ય વિચાર! 'પણ રે, કપડા વગર તો તારે ચાલે તેમ નહોતુ કપડા તારા શરીરના રક્ષણ માટે અવશ્યના હતા.' અહા, ઠીક કહ્યુ ખરી વાત તો આ જ કે, આ શરીરે પોતાને માટે જ પોતાને હાથે કરી પોતાને અપાયમા નાખ્યુ છે. ઠીક, ઠીક દેહીડા! તારુ કર્યુ હવે તુ જ ભોગવ. એ તો ન્યાય જ છે હવે આ શરીર દુ:ખી થઇને કોને દોષ દે એમ છે! હશે! ઈશ્વરેચ્છા! પડી તે ભોગવ્યા વગર છૂટકો નથી" આટલેથી જ કઈ તેના વિચારો શાત પડ્યા નહિ આ કરતા પણ વધુ ઊંડો ને ઝીણો વિચાર તેણે કીધો તેને તરગ ઉઠ્યો, "પણ હાહા! શરીરનુ કર્યુ શરીર ભોગવે, એ વાત સત્ય છે જો ખેતરના દાણા વગેરેથી આ શરીરનુ પોષણ થયુ હત તો તેમ પણ સભવત! પરતુ એ સબધે તો આ શરીરે કશો ઉપભોગ લીધો નથી જો શરીર સબધે જ આ પીડા ભોગવવી પડતી હોય તો તે મારે તો નથી જ, પણ પેલા સેવકને ભોગવવી પડે, કેમ કે ખેતરનુ અન્ન તથા ગાયનુ દૂધ વગેરેનો ઉપભોગ એણે જ કીધો છે છતા એનુ તો કોઇએ નામ પણ લીધુ નહિ, ને ચાલ્યુ ચાલ્યુ આ ગળામા ઝોસરુ આવી પડ્યુ, તેનુ શું કારણ? પણ હા, એ ખેતરો 'મારા' કહેવાયા છે, ને એનો 'હું માલિક' થયો છું! માટે જ આ 'મારા' ને, મારા એટલે દેહના ને તેથી વિટંબણા

આવી નડી પરતુ એ 'મારા' કેમ કહેવાયા? હું કયાથી લાવ્યો ને મને કોણે આપ્યા? આગળ હું કથા સાભળવા જતો હતો ત્યા તે મહાત્મા કહેતા હતા કે, 'આ દેહ, કે જેની અદર આપણે (આપણો આત્મા) વસીએ છીએ તે પણ આપણો નથી, તો પછી બીજુ તે આપણુ ક્યાથી થાય!' વળી હું જ્યારે બ્રાહ્મણ હતો, તે વખતના મારા સ્ત્રી પુત્ર વગેરે પણ હાલ મારા નથી, કેમકે હું તેને મારા કહેતો નથી જ્યારથી હું વિરક્ત થયો છુ, ત્યારથી તેની તરફની સઘળી ચિંતા પણ મટી ગઈ છે પૂર્વાશ્રમમા તો તેને માટે પણ વારવાર મારે અનેક વિટબણાઓમા ફસાવુ પડતું હતુ આજે તેઓ મારા નથી, પૂર્વે એ તેઓ મારા હતા નહિ ને આજે છે પણ નહિ, પણ હુ જેને મારા કહેતો હતો, તેની વતી મારે દુ ખી થવુ પડતુ હતુ તેવી જ રીતે આ ખેતરો મારા ન છતા મારા કહેવાયા, માટે જ મારે દુ ખી થવુ પડે છે કારણ હવે મને સત્ય દર્શાયુ છે એ સત્ય તે એ જ કે, એ ખેતરોને મેં 'મારા' કહ્યા, ને તેનો માલિક 'હુ' કહેવાયો! અહો! ત્યારે 'મારુ' કહ્યુ, એટલા માટે જ 'હુ' આ યાતનામા આવ્યો છુ 'મારુ' અને 'હુ' એ બે શબ્દ માત્રમા જ આટલી બધી ઉપાધિ! હું ઉપાધિ ત્યાગ કરવા માટે આટઆટલુ મથ્યો, પણ ઉપાધિનુ ખરેખર મૂળ તો મારામા ઉંડી જડ ઘાલી રહ્યુ છે અહો! પણ હવે તે મારા જોવામા આવી છે જેની જડ ગઈ તો વૃક્ષ ઉગવાની આશા નથી જડને ભસ્મ કરી દઉં તો ખરેખર મારી સર્વ ઉપાધિ ભસ્મીભૂત જેવી થઈ જાય અને હું મહાસુખીઓ થઈ જાઉં!" આવા વિચારની ખૂબ ધૂનમાથી તે એકાએક ચમકી ઉઠ્યો અને 'આજે જ મારી ઉપાધિ સમૂળી ગઈ!' એ છેલ્લા બોલ ખૂબ હર્ષભેર બોલતો તથા હૃદયમા આનદ ન સમાવાથી એકાએક તે આનદમા ઉછળતો ખડખડાટ હસી પડ્યો, અને તે વેળાના મનના ઉમગના ઉછળવાના આચકાથી, ગરદનપરનો પત્થર આપોઆપ નીચે પડી ગયો!

નરકયાતના ભોગવવાને સ્થળે, સ્વામીનો આવો વિચક્ષણ પ્રકાર જોઈને તથા આવી લાહે જેવી રેતીમા કોઇના પણ ભય વગર તેને હર્ષભેર નાચતો ને કૂદતો જોઈ, અનુચરો તથા કેદીઓ અને તેની આસપાસ ઉભેલા બીજા સર્વ લોકો બહુ વિસ્મય પામી ગયા આ વખતે આ સ્વામીને શાનો આનદ થઈ આવ્યો તેનો તેઓ વિચાર કરવા લાગ્યા. પટાવાળા કે કાર્યભારીઓ વગેરે કોઇને પણ પૂછવાની વાટ ન જોતા સ્વામી તુરત

વાડાની બહાર નિકળી આવ્યો ને રાજા ગ જઈ તેને કહેવા લાગ્યો; 'જેણે મને આ તારી આજ્ઞાનુસાર દંડના ન. વાયમાં નાંખ્યો છે, એ નાંખનાર બીજું કોઈ નહીં, પણ માત્ર આ મારી લંગોટી જ છે લંગોટી લજ્જાને માટે છે, તે લજ્જા, જ્યાં સુધી હુંપણું છે ત્યા સુધી જ છે માટે તે તને સોંપી દઈ, હું કેવળ મુક્ત થાઉં છું, હે રાજા! તું જ મારો ખરેખરો ગુરુ છે, માટે તને પૂર્ણ પ્રેમથી પ્રણામ કરુ છુ. તારુ કલ્યાણ થાઓ!' આટલુ કહી તે સ્વામીએ લાબા થઈ રાજાને નમસ્કાર કીધો ને હજારો લોકોના દેખતા, પોતે પહેરેલી કૌપીન કાઢી, રાજા સામે ફેંકી દઈ, પોતે દિગબર થઈને તુરત ત્યાથી ચાલી નિકળ્યો આજથી તેની જન્મભરની, રે! હજારો અને લાખો જન્મો લેવા પડત તે સર્વની, સઘળી ઉપાધિ ટળી ગઈ, ને તે તત્ક્ષણે જ મહાજ્ઞાની જીવન્મુક્ત થઈ યથેચ્છ સ્થળે વિચરવા લાગ્યો આ પ્રમાણે તે સ્વામી અવધૂત, સર્વોત્તમ શાતિનું સુખ ભોગવતો થયો

વધારેલી ઉપાધિ વધે એ સ્વાભાવિક છે, પણ અણધારેલી-અણ-ચિંતવી ઉપાધિ એવી રીતે વધે છે. એનુ વધતું રૂપ સામાન્ય મનુષ્ય જાણી પણ શકતો નથી કે તે કેમ વધી ધીમે ધીમે તે તેમા ઉંડો ને ઉંડો ઉતરતો જાય છે ને પરિણામે તેના સકટો સહન કરવા પડે છે અને તેના સગથી અનેક વાના વીતે છે માટે જીવે, ઉપાધિને કદી વધારવી નહિ અને તે વધે નહિ, તેમા બહુ સાવધ રહેવુ જોઇએ સસારમા હોઇએ તોપણ, જેમ બને તેમ ઉપાધિ ઓછી જ રાખતા જવુ, અને ઉપાધિ માત્રનુ મૂળ જે અહતા મમતા, તેને જડમૂળથી તજવાને મથતા રહેવુ ઉપાધિ તજવાથી પુરુષ જીવન્મુક્ત થાય છે, એ જ આ વિસ્તીર્ણ ઇતિહાસનુ તાત્પર્ય છે.

સારાસાર વિચાર

હે વિશાલકેતુ! પછી તે મહાત્મા સદ્‌ગુરુએ મને સબોધીને આ પ્રમાણે કહ્યુ.-જગતમા પરમાત્માએ જે કઈ વસ્તુ નિર્માણ કરેલી છે તે સઘળી, મનુષ્યના ઉપભોગ માટે છે એ ઉપભોગમાથી, જે સારા નરસા ફળ મળે છે, તેનું કારણ ઉપભોગ કરનાર મનુષ્યની, સારુ નરસું સમ-જવાની વિવેકબુદ્ધિ છે વિવેકથી ઉપભોગ કરનાર સારુ ફળ પ્રાપ્ત કરે છે, વિવેકરહિત ઉપભોગ લેનાર નરસા ફળનો ભોગી બને છે; એ પૂર્વના ઘણા-ખરા દ્રષ્ટાતોથી તારા સમજવામા આવ્યુ હશે. મેં પૂર્વે કહેલા એ સઘળા

કર્તવ્યો પોતે જાણવાં અને તેઓને પોતાના શુભ કાર્યમાં આણવાં; અર્થાત્ હરકોઈ વસ્તુ ગમે તેવા રૂપમા અને ગુણમાં હોય, પણ તેમાથી પોતાના અર્થનું શું અને નકામું શું, એનો નિશ્ચય કરી, સારુ અને પોતાના અર્થનું હોય તેટલુ જ ઉપયોગમા લેવું, એવી મતિને સારાસાર વિચાર કહે છે સારાસાર વિચાર ન જાણનાર કે ન કરનાર મનુષ્ય ગુણકારી પદાર્થોનો પણ ઉલટો ઉપયોગ કરે છે ને તેથી અપાયમા-કષ્ટમા જઈ પડે છે તેમ ન થાય માટે સારાસાર વિચાર સમજનારી બુદ્ધિને મનુષ્યે અવશ્ય ઉપયોગમા લેવી જ જોઇએ અને તેટલા માટે જ, એને કર્તવ્ય-મા ગણ્યું છે સાર અને અસાર, એને સપૂર્ણ રીતે જાણવુ, એ નિર્મળ શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યનું કર્તવ્ય છે. તેવા વિચક્ષણ અને જ્ઞાતા પુરુષો ગમે તેવી વસ્તુ (સારી વા નરસી) પોતાના આગળ આવે ત્યારે તેને તેના યથાર્થ સ્વરૂપમા ઓળખી, તેમાથી જેટલો મળે તેટલો સાર ગ્રહણ કરી, અસારને તજી દે છે અહીં એ દેખીતી ઉત્તમ અને એક જ વસ્તુ છે, પણ સારગ્રાહી તેનું રુડી રીતે મથન કરી, તેમાથી સારરૂપ નવ-નીત કાઢી લે છે ને છાસને જૂદી કરી દે છે, અને નવનીતનો યથાર્થ રીતે ઉપભોગ લે છે તો આ તન હૃષ્ટપુષ્ટ ને નીરોગી બને છે. તેવી જ રીતે કેવળ એક જ દેખાતી વસ્તુ મનુષ્ય પ્રાણી છે પણ જ્ઞાતા પુરુષો તેમાથી (તેનાથી) સારરૂપ પરમ તત્ત્વ પરમાત્માને જાણી તે વિનાના સર્વને અસારરૂપ જોઈ-માની, તે સર્વને પરમાત્માથી જૂદા અને અનિત્ય માની, તેનાપર પ્રીતિ જ થવા દેતા નથી આટલુ તો સત્ય જ છે કે, એક વસ્તુમાથી (સાર અને અસારરૂપ) બે ભાગ પડ્યા, તો તેનો ઉપભોગ કરનારના મનમા તે સારવાળા ભાગ ઉપર વિશેષ પ્રીત રહેશે ને અસાર તો છે તોયે શું ને ન હોય તોયે શું ? બુદ્ધિનો નિત્ય સ્વભાવ છે કે ઉત્તમ ગ્રહણ કરવું અને અધમનો ત્યાગ કરવો. પ્રથમ તો બુદ્ધિ, તેનાપર પ્રીતિએ નહિ ને અપ્રીતિએ નહિ, તેમ વર્તશે પણ જ્યારે અસાર-પ્રીતિ-અસદ્‌વૃત્તિ, દૃઢતાથી સદ્‌બુદ્ધિને મથનપૂર્વક ચલાયમાન કરે છે, ત્યારે જ સદ્‌બુદ્ધિ ભ્રષ્ટ થાય છે આખુ જગત્ અને તેમા સર્વત્ર વ્યાપી રહેલુ પરબ્રહ્મરૂપ, જ્યારે જ્ઞાતાના ઓળખવામા ખરેખરુ આવે છે, ત્યારે તેની જગત્પરની પ્રીતિ પોતાની મેળે નહિ જેવી થઈ જાય છે, અને સત્ય પ્રીતિ બ્રહ્મપર જોડાય છે આ સબધે સપૂર્ણ સારાસાર વિચાર કરનારા મહાત્મા જનકરાયને કોઈ ચમત્કારિક રીતે પ્રશ્ન ઉઠયું

હતું, જેનું સમાધાન કોઇએ નહિ, પણ એક આઠ વર્ષના ઋષિકુમારે કર્યું હતું, તે ઇતિહાસ તું સાંભળ

જનક વિદેહનું સ્વપ્ન ચરિત્ર

પ્રાચીનકાળમા શ્રી શંકરના મસ્તકનું જ સ્પર્શ કરવાથી પવિત્ર થયેલી ભાગીરથીના તટપર ઘણાક મહર્ષિઓના અનેક આશ્રમો આવેલા હતા. આશ્રમની આસપાસ અનેક જાતના વૃક્ષોના સમૂહો શોભી રહેલા હતા તત્ર સૃષ્ટિલીલા સંપૂર્ણ રીતે પોતાની બલિહારી પ્રકટ કરતી હતી એવા સ્થળમા સાંજ પડવા આવી હતી તે વેળા છેક ભાગીરથીના તટપર આવેલી લતાઓમા કેટલાક બાળકો રમતા હતા એમાના કેટલાકની નજર ભાગીરથીના ગભીર પ્રવાહપર ઠરી રહી હતી, ત્યારે કેટલાકની આ પારથી પેલે પાર જા આવ કરવા સુંદર મછવાઓપર ઠરી રહી હતી કેટલાકો, વૃક્ષલતાપર નાના પ્રકારના શબ્દ કરી રહેલા તથા સંધ્યાકાળ થવાથી એક પછી એક પોતાના માળાઓપર આવી બેસતા પક્ષીઓને જોઈ રહ્યા હતા કેટલાક વિચક્ષણ બાળકો, સંધ્યાસમયે સૂર્ય છેક અસ્તાચળ ઉપર પહોંચતો હોવાથી, ઠંડા સોનેરી તડકામા પોતાના અતિ ઘણા લાબા પડછાયા તરફ જોઈ, બહુ આશ્ચર્ય પામતા હતા, ને બીજા સાથે પોતાના પડછાયાની લબાઈ સરખાવતા હતા, અને કેટલાક કંઈ જૂદા જ પ્રકારની રમતોમા ને નાચ કૂદમા ગુથાઈ રહેલા હતા, તેમ કેટલાએક બાળકો નવનવા મનોગત આનદના શબ્દો ઉચ્ચારતા હતા એ સૌ બાળકો બહુ તેજસ્વી અને પવિત્ર દેખાતા હતા એમા જેઓ મોટી ઉમરના હતા, તેઓને ખભે શોભી રહેલા યજ્ઞોપવીત તથા કટિપરની માંજીમેખલાપરથી સ્પષ્ટ જણાતુ હતુ કે, તેઓ સૌ ઋષિઓના કુમાર છે આમ બાળકો વિહાર કરતા હતા, તેવામા સૂર્યનારાયણ છેક અસ્ત થવા આવ્યો, ત્યારે સાય સંધ્યાનો સમય થયો જાણીને સૌ બાળકો સંધ્યાવંદન કરવા માટે ગગાના તટપર જવાને તૈયાર થયા.

એટલામા ત્યાથી થોડેક છેટે દેખાતા આશ્રમ તરફથી એક બાળકને આવતો તેઓએ જોયો લાગલા જ સર્વ બાળકો તેની તરફ ફરીને હસવા ને કૂદવા લાગ્યા, 'કૂબડો આવ્યો, અરે વાંકલો આવ્યો, અરે ભાઈઓ! તેની ઠમકતી ચાલ તો જૂઓ!' ઇત્યાદિ બોલીને તેને ચ્હીડવવા મડ્યા. પેલો છોકરો છેક પાસે આવ્યો ત્યારે કોઈએ તેના હાથમાંથી લાકડી

લઈ લીધી, તો કોઇએ તેની બગલમાંથી યજ્ઞના ભસ્મની દાબડી અને દર્ભાસન છીનવી લીધુ, કોઇએ પછવાડેથી તેની લગેટી ખેંચવા માડી, તો કોઈ તેના પાસળામા સળીઓ કે આગળીઓ ઘોચતા ઉભા રહ્યા. એમ અનેક પ્રકારના ટીખળ અને ચાળા કરીને સૌ બાળકો તેને પજવવા લાગ્યા આ બાળક પોતાના હાથમાથી લાકડી ગઈ કે, તુરત અશક્ત થઈ પૃથ્વીપર બેશી ગયો, કેમકે લાકડીના આધારે જ તનાથી ચલાતું હતુ તે આખા શરીરે આઠે ઠેકાણે કૂબડો હતો તેના સર્વ અગો એવા કઢગા તથા વાકાચૂકા હતા કે, તેની વિલક્ષણતા જોઈ, હરકોઈ મોટી ઉમરના (પણ મૂર્ખ) મનુષ્યને પણ સહેજે હસવુ આવે પોતાના હાથમા લકડી લઇ તે ચાલતો ત્યારે તેના આઠે અગો, એક સમયે, હસવા જેવી રીતે વાકા વળી જતા હતા ત્યારે જ તેનાથી એક ડગલુ પણ ભરાતુ હતુ, અને તેથી હરકોઈ જોનારને તેની તરફ બે ભાવ ઉત્પન્ન થતા હતા, એક હાસ્ય ને બીજી દયા આટલી નાની, આઠ વર્ષની ઉમરમા, તે બિચારો આટલો બધો દુ ખી, કુરૂપ અને વળી અશક્ત, તેથી દયા તો સહજ ઉપજે, અને વળી તેમા આ વખને છોકરાઓએ તેને પજવી નિરુપાય કરી દીધો હતો, એટલે તે દેખાવ તો ખરેખર કરુણ જ હતો

પણ યજમૂ! ઇશ્વરી માયા કઈ વિલક્ષણ જ છે જગતમા ઘણે ઠેકાણે જોવામા આવે છે કે, જો કોઈ મનુષ્યનુ એક અગ કોઈ કારણથી નકામું થઈ ગયુ હોય તો તેનુ બીજુ અગ તેના બદલામા વિશેષ બળવાન્ અને ચચળ હોય છે એક હાથ, યુદ્ધમા વા કોઇ કારણથી કપાઇ ગયો હોય તો, બીજો તે બેનુ કામ ઘણી ચાલાકીથી ને બળથી કરી શકે છે જેની ચક્ષુ ઇદ્રિય નાશ પામી હોય, તેની સ્મરણ શક્તિમા ને ત્વચામા હરકોઈ વસ્તુનો, સ્પર્શ કરવા માત્રથી જ જ્ઞાનીને નિર્ણય કરવાની વિશેષ શક્તિ આવે છે તેવી જ રીતે, બલ્કે તે કરતા હજારગણું વિશેષ આશ્ચર્ય આ બાળકમા હતુ તેના અગોની સ્થિતિ જો કે આવી વિલક્ષણ હતી, છતા તેની બુદ્ધિ ને જ્ઞાનશક્તિ વૃદ્ધ પુરુષ કરતા પણ શ્રેષ્ઠ હતા આ વાતે તો ઈશ્વરી ચમત્કારનો આડો આક જ હતો એ બ્રાહ્મણબાળક અન્ય બાળકોએ આટલો બધો પજવવા છતા પણ, ક્રોધ ન કરતા શાત થઇને બેઠો પરતુ સધ્યા સમય વહી જતો હોવાથી તેણે તે બાળકોને વિનતિ કરવા માડી, 'ભાઇઓ! કૃપા કરી મારી લાકડી આપો' તેના ઉપર દયા લાવી તે ટોળામાના કેટલાક સમજુ બાળકો, બીજાઓને કહેવા લાગ્યા, 'અરે!

એ ગરીબને પજવશો નહિઃ એનો તો બાપે નથી, તેથી અહીં પોતાની મા સાથે મોસાળમા રહે છે વળી એની માતાના બાપને આ ખબર પડશે તો તે આપણુ બધાને મારશે તે ડોસો બહુ રીસાળ છે. સધ્યા-સમય થયો છે, માટે હમણાં તે પણ ગંગાપર સ્નાન માટે આવતો હશે, માટે એની લાકડી આસન વગેરે ઝટ આપી દો.' તે બાળકની માના બાપનુ નામ સાભળતા જ સઘળા છોકરાઓ તેની લાકડી, આસન તથા ગૌમુખી વગેરે તેની આગળ જ નાખી દઇ, ચડપોચડપ, કેટલાક ગગા-તટપર સંધ્યાવદન માટે ને કેટલાક આશ્રમો તરફ દોડી ગયા

તે કૂબડાની સર્વ વસ્તુ આપી બાળકો ખસી ગયા તે જોઇ, તેને આનદ થવો જોઇએ તેને ઠેકાણે, એ બાળક ગભીર મુદ્રા કરી, કઇક શોચ કરતો હોય એવો જણાયો અને તે સાથે નિ શ્વાસ મૂકી બોલ્યો, "અરે! શુ આ છોકરાઓ કહે છે, તેમ મારે બાપે નથી? શું હું જેને અદ્યાપિપર્યન્ત પિતાજી! પિતાજી! કહુ છુ, તે મારી માનો પિતા છે! રે મારા પિતા કયા છે? શુ મારી માતુશ્રીને આ વાતની ખબર નહિ હોય? હું જરૂર, આજે જઇને તેને પૂછીશ" આમ બોલતો, પોતાની લાકડીને ટેકે ટેકે તે ગગાપર ગયો અને સધ્યાવંદન કરી, તે જ વાતનુ મનન કરતો કરતો ઘેર આવ્યો. પછી રાત્રે સૂવા વખતે આખમા આસુ લાવી, ગદ્ગદિત કઠે તે પોતાની પથારીપર બેઠો હતો એ જોઈ, તેની માએ તેને પૂછ્યુ, "ભાઈ! તુ કેમ રડે છે? તને કોઇએ માર્યો છે કે કોઈ વાતનો ઉપદ્રવ કીધો છે? શાત થા, બાપુ! જેણે તને કોઇ વાતે દૂભવ્યો હશે તેને હું આપણા પિતાજીને કહી, આ આશ્રમ સુદ્ધા તજાવી દઇશ, માટે મને શીઘ્ર જણાવ કે શું છે?" "જનની! મને કોઇએ માર્યો નથી, તેમ દૂભ-વ્યોએ નથી, પરન્તુ તુ જેને પિતાજી કહે છે, તે આપણા કોણ થાય છે?" એમ તે બાળકે પૂછ્યુ ત્યારે તેની મા બોલી, "બાલુડા! એ મારા પિતા અને તારા માતામહ છે, પણ નાનપણથી જ મારુ સાભ-ળીને, તુ તેને પિતા કહેતો આવ્યો છે, માટે હું 'આપણા પિતા' એમ બોલુ છુ!" "હે માતુશ્રી! આપણે શું હાલ મારા મોસાળમા રહીએ છીએ? કહે મને, આપણું ઘર કયા છે? મારા પિતાજી કયા છે? મને ઋષિના બાળકો વારંવાર એમ કહે છે કે 'એને બાપ નથી, એ બિચારો મોસાળમા રહે છે,' તો શુ મારે પિતા નથી?" તેના આ શોચનીય વચન સાભળીને, તેને પોતાના હૃદય સરસો ચાપી, તેની માતુશ્રીએ

કહ્યું, "બાપુ! આપણું ઘર તો અહીંથી બહુ દૂર-પ્રાચીન સરસ્વતી નદીના તટપર છે. પણ ત્યાં તારા પિતા રહેતા નથી, તો આપણે કોની પાસે રહીએ? તું નાનો હતો ત્યારથી તને લઈને હું અહીં મારા પિતાને ઘેર આવી રહી છુ તારુ મૌંજીબંધન પણ અહીંઆ જ થયું છે ને ગાયત્રીનો ઉપદેશ પણ મારા પિતાજીએ તને દીધો છે" "એ બધુ તો ખરુ, પણ માતા! મારા પિતા ક્યા છે, તે તું કેમ મને કહેતી નથી?" એમ બાળકે પ્રતિપ્રશ્ન કર્યું, ત્યારે તેની માએ કહ્યું, "પુત્ર! તારો જન્મ પણ નહોતો, ત્યારથી તારા પિતાનો ને મારો વિયોગ થયો છે. ઘણાક મહાન્ ઋષિઓની સાથે, મિથિલાપુરીના રાજા જનકને ત્યા તેઓ અદ્યાપિ પર્યંત છે એમ સભળાય છે" બાળકે કહ્યુ, "માજી! તેઓને જનકને ત્યા શા માટે જવુ પડયું અને આટલા બધા વર્ષથી તેઓ ત્યા જ કેમ રહ્યા છે? શુ તેં તેમનો કઈ અપરાધ કરીને રીસાવ્યા છે?" "વત્સ! તેમ નથી," માએ કહ્યુ "પણ તારા પિતા અતિ વિદ્વાન્ અને પ્રસિદ્ધ પુરુષ છે, માટે જનક રાજાએ પોતાના કોઈ પ્રશ્નના સમાધાન માટે, બીજા અનેક ઋષિઓ સાથે તેને પણ આમત્રણ કરેલુ હતુ એવુ સભળાય છે કે, ત્યા ગયેલા કોઇ પણ ઋષિ મુનિથી રાજાના પ્રશ્નનુ સંતોષકારક ઉત્તર અપાયુ નથી, તેથી રાજાએ તે સૌને પોતાને ત્યા જ રાખેલા છે, ને કહ્યુ છે કે, 'ઋષિવરો! જ્યાસૂધી મારા આ પ્રશ્નનુ પ્રત્યુત્તર આપથી અપાય નહિ, ત્યાસૂધી આપને મારે ત્યાથી જવું યોગ્ય નથી આપને અગ્નિહોત્રાદિ નિત્ય કર્મ સારુ જે કાઇ સાહિત્યો જોઇએ, તે આપની કૃપાથી અત્ર તૈયાર છે આ રાજ્ય આપનુ જ છે, માટે યથેચ્છ પદાર્થનો ઉપભોગ કરતા આપ અત્ર જ રહી, મારા ગૃહને પાવન કરો!' આમ હોવાથી ત્યા ગયેલા કોઇ પણ ઋષિ અદ્યાપિ પાછા ફર્યા નથી" *

આ વિગત સાભળી તે બાળક એકાએક ઉત્કઠાથી બોલ્યો "મા! એવુ તે કેવુક પ્રશ્ન રાજાએ કીધુ છે કે, જેનુ ઉત્તર હજુ સૂધી કોઇ પણ આપી શકયુ નથી? તને ખબર હોય તો મને કહે કાલે જ સવારે હું મારા મામાને સાથે તેડીને, જનકપુર પ્રતિ પ્રયાણ કરીશ, અને રાજાના પ્રશ્નનું મનમાનતુ ઉત્તર દઇ, મારા પિતા આદિ સર્વ ઋષિઓને ત્યાથી મુક્ત કરીશ આટલા દહાડા સૂધી, રાજાના એક પ્રશ્નનું ઉત્તર નથી અપાયુ તો શું બ્રહ્મબીજ જગતમાથી નિસ્તેજ થયુ, કે બળી ગયુ, કે નિ સત્વ થઇ ગયું? શુ તત્વજ્ઞાની પુરુષોને સ્રીઓ જન્મ આપતી

નથી ?" મા બોલી, "પુત્ર ! આ તુ શુ બોલે છે ! મોટા મોટા પ્રતાપી પુરુષો જે પ્રશ્નનું સમાધાન કરી શક્યા નથી, તેનુ ઉત્તર તું કેમ આપી શકીશ ? તેં હજુ અભ્યાસ કર્યો નથી, તારુ વય છેક નાનું છે, ને તારા શરીરની અવસ્થા આવી દયાર્દ્ર છે, તો આવો મોટો મનોરથ તું મનમા કેવી રીતે આણે છે ? રાજાએ માત્ર 'આ સાચું કે તે સાચુ ?' એટલુ જ મોઘમ પ્રશ્ન પૂછ્યું છે પ્રથમ એ પ્રશ્ન જ સમજવું અશક્ય છે, તો તેનુ ઉત્તર આપવુ, એ તારાથી કેમ બની શકશે ? હે પુત્ર ! તારી બાળમતિથી તુ મને આ કરતા પણ વિશેષ દુખી કરીશ, એમ હું ધારુ છુ તારા પિતાનો મને ઘણા વર્ષનો વિયોગ છે, પરતુ તને જોઈને હું મારા મનને સતોષ માનુ છુ, તો તું મારી નજર આગળથી દૂર થઈશ ત્યારે મારાથી કેમ રહેવાશે ?" માના પ્રેમપૂર્ણ સ્નિગ્ધ વચન સાભળીને, બાળકે કહ્યુ, "મા ! તુ એ માટે કશી પણ ચિંતા કરીશ નહિ મને ત્યા ઝાઝા દિવસ લાગશે નહિ, કેમકે પ્રશ્નનુ ઉત્તર આપીને તરત જ હું મારા પિતાજી સાથે અહીં આવીશ તું રાજી થઈને આજ્ઞા આપીશ તોપણ, અને નહી આપે તોપણ, પિતાજીની સેવા કરવા સારુ અવશ્ય હું ત્યા જઈશ !" પુત્રનો આટલો બધો આગ્રહ જોઈ, તેની માતાએ પોતાના ભાઈને સાથે મોકલી, બીજે દિવસે તેને વિદાય કીધો, એટલે તે અનેક નદીઓ, પર્વતો, વનો અને શહેરોને ઓળગતો જનકપુર ભણી ચાલ્યો

હવે અહીઆથી એક બીજી વાત શરુ થાય છે એક સમે ઉષ્ણ કાળના દિવસોમા, જ્યારે બરાબર મધ્યાહ્ન થયા હતા, પથીઓ માર્ગમા લાગતા અતિશય તાપથી તથા લૂના વાયરાથી કટાળી ખૂબ ઘટ્ટ છાયા-વાળા વૃક્ષો નીચે, કિંવા ધર્મશાળાઓમા વિશ્રામ લેવા બેઠા હતા, તેમ જ ભાગ્યશાળી જનો ઉચા અવાસોમા, બારીએ નાખેલી સુગધી વાળાની ટટ્ટીઓમાથી આવતા સુગધમય શીતળ પવનની લહરોથી આનદ પામતા હીંડોળાપર હીંચતા હતા, અને વનોમા મૃગપતિઓ, રાત્રિની મૃગયાના શ્રમથી પોતાની એકાત અને શીતળ ગુફાઓમા નિરાતે વિશ્રામ લેતા હતા, તે સમયે સૌભાગ્યવતી મિથિલા નગરીને વિષે એક શુભ કૌતુક બન્યુ ઉષ્ણ કાળના દિવસો હોવાથી મહારાજા જનકનો રગમહાલય, નાના પ્રકારના શીત ઉપચારોથી અલકૃત કરેલો હતો, બારી બારણા વગેરે સઘળે ઠેકાણે, પાણીથી છાંટેલા સુગધી વાળાના પખાઓ ફરરરર ફરફરી રહ્યા

હતાં; અને તેથી પોતાની મેળે મંદમંદ વાહતો ઠંડો પવન અંદર આવ્યો જતો હતો; મહેલના દિવાનખાનાની મધ્યમાં એક અતિશય સુશોભિત સુવર્ણ પલંગ બીછાવેલો હતો; તેપર નાના પ્રકારના સુવાસિક પુષ્પોના ગાદી તથા તકીઆ ગોઠવેલા હતાં; તે પલંગની આસપાસ તે દિવાન-ખાનાની સ્ફટિકની ભૂમિમાંથી, સોનાની નળીઓ વાટે ફરફરાટ ઉડી રહેલા ગુલાબ, મોગરા વગેરે પુષ્પોના અર્કના ફુવારા ઉડતા હતા; ત્યાં આગળ મહારાજા જનક, ભોજન કરીને, તે પલંગપર, તકીઆને અઢેલી, આડો થયો હતો શરીરે યક્ષકર્દમ-ઘણાક સુવાસિક ચંદનનો ગારો ચર્ચેલો હતો. આમ સઘળી રીતે શીતળ ઉપચારો થતા હોવાથી, તે ઠેકાણે ઉષ્ણ કાળનો કિંચિત્ ભાસ પણ થતો નહોતો પલંગપર પડ્યા પડ્યા જનકરાયની આંખ સહજ મળી ગઈ તે અર્ધો જાગેલો ને અર્ધો ઉંઘેલો હતો, અર્થાત્ ઉંઘ આવી ન આવી હતી તેવી સ્થિતિમાં, તેને એક વિલક્ષણ સ્વપ્ન આવ્યું

પોતાના રાજ્યપર જાણે કોઈ પરદેશી બળવાન્ રાજા ચઢી આવ્યો છે, તેના અપાર સૈન્યે પોતાના નગરને ચોમેરથી ઘેરી લીધું છે, તેની સાથે તુમુલ યુદ્ધ કરતાં પોતાનું સર્વ સૈન્ય નાશ પામ્યું છે અને તેથી તે નિર્બળ થઈ પડ્યો છે, પોતાને તે શત્રુરાજાએ નગરમાંથી નિકળી જવાની તાકીદ કરી છે ને રાજ્યસિંહાસન પોતાને સ્વાધીન કરી લીધું છે તે શત્રુએ રાજ્ય, ધન, સંપત્તિ, સ્ત્રીઓ અને સર્વસ્વ હરણ કરી લીધું, એટલું જ નહિ, પણ રાજાના શરીરપરના સર્વ વસ્ત્ર તથા અલંકારો પણ ઉતારી લઈ, માત્ર લજ્જા રક્ષણાર્થે એક પટકો પહેરવાને આપીને, તેને ત્યાંથી કાઢી મૂક્યો છે વળી વિજેતાએ સર્વત્ર ઢંઢેરો ફેરવ્યો છે કે, 'આ જનકનું દયાથી, મિત્રતાથી અથવા પોતાનો આગળનો રાજા જાણીને પણ કોઈએ સન્માન કરવું નહિ, તથા કોઈએ પોતાને ત્યાં રાખી, કોઈ જાતનો આશ્રય આપવો નહિ' તુરત જ જનકને, એક કંગાલ જેવા મનુષ્યની હાલતમાં, આંખમાંથી પડતા આંસુએ, અનુચરોના ધક્કા ખાતાં, અતિ સુંદર રાજમહેલમાંથી બહાર નિકળવું પડે છે હવે ક્યાં જવું તેની તેને સૂઝ પડતી નથી; માર્ગમાં, શેરીમાં ને ચૌટામાં કોઈ તેને બોલાવતું કે આદરમાન પણ આપતું નથી; પોતાની રાજસત્તાના સમ-યમાં પોતાનું નામ સાંભળીને જેઓ થરથર ધ્રુજતા હતા ને પોતાના મ્હોંમાંથી માત્ર એક વચન નિકળતાં પૂર્વે જ, સૌ કોઈ તેની આજ્ઞાનું પાલન

કરતા હતા, તેઓ આજે તેની સામું પણ જોતા નથી; હાથીપર કે સુખપાલમા બેશીને પોતાની સ્વારી જ્યારે બજારમાથી નિકળતી, ત્યારે મોટા કોટ્યાધીશથી માંડીને કંગાલ સૂધી સર્વ મનુષ્યો જેને દંડવત્ કરતા હતા, તેઓમાથી આજે કોઈ તેની પાસે પણ ઉભુ રહેતું નથી. શત્રુ-રાજાની આજ્ઞા થવાથી સઘળે તેને મારમાર ને ફીટ ફીટ થઈ રહી છે. માત્ર એક જ ફાટુતુટુ પોતીઉં પહેરેલુ હોવાથી, માર્ગમાના શ્વાનો ભસતા ભસતાં તેને કરડવા આવે છે અને તેની પૂઠે બાળકો તાળીઓ પાડે છે. તેને શહેરમા રહેવાની આજ્ઞા નથી, તેથી તે નગર બહાર નિકળે છે. તે સમયે ખરા મધ્યાહ્ન થયેલા છે ઉન્હાળાનો દહાડો હોવાથી તીવ્ર તાપ પડે છે પગમા જોડા કે શરીરપર વસ્ત્ર નથી. પોતાના અમલ સમયે આવા ઉષ્ણ કાળમા તો બહાર નિકળવુ શેનુ હોય, પણ કદાચ નિકળવુ પડે તો સેંકડો ઘોડેસ્વારો આગળ ને સેંકડો પાછળ ચાલતા, એટલુ જ નહિ, પણ જેમા જરા પણ ગરમ વાયુનો પ્રવેશ થઈ શકે નહિ, એવા ઠડા મ્યાના કે હાથીની અબ ડીમા બેશી તે નિકળતો ને ઉપર સુશોભિત છત્ર ધરાતા હતા, તેવા રાજાઓના રાજાને આજે ખરા મધ્યાહ્ને અડવાણે પગે ને ઉઘાડે શરીરે, નગરમાથી બહાર નિકળવું પડે છે

સૂર્યનારાયણ બારે કળાએ તપેલો છે, નીચે રેતી લાહ્ય જેવી ગરમ થયેલી છે, રાનમાથી ચારે દિશાના અગ્નિની જ્વાળા જેવા લૂના સપાટા શરીરને બાળી નાખે છે, વેળા વટી ગઈ છે, માટે ક્ષુધા પણ લાકડા કરડે તેવી લાગી છે આવી સ્થિતિમા રાજરાજેન્દ્ર જનક પોતાની નગરી જનકપુરીમાથી નિકળી જાય છે જે માર્ગે તે જાય છે, તે માર્ગમા ઝાઝા વૃક્ષો પણ નથી, કે જેની નીચે સહજવાર પણ તે વિશ્રાંતિ લેવા બેસે. અત્યત ત્રાસથી અને શોક તથા ખેદથી, ચૂર્ણ અત.કરણે ને આખોમાથી ગળતે આસુડે, સુમારે સાજ પડતા આવી તે વેળાએ, કોઇક બીજા શહેરમા તે જઈ પહોંચે છે અહિં પણ શત્રુ રાજાએ પોતાની આણ ફેરવી હતી, માટે કોઈ તેને આશ્રય આપે તેવુ નહોતું ભૂખથી લમણાં બેસી ગયા છે અને ડાચા મળી જઈ, પેટ વાસે ચોંટયુ છે. વળી આખો દિવસ વનનો રૌરવ નરકના જેવો મહા ત્રાસ ભોગવી, શરીર કેવળ શિથિલ થઈ ગયેલુ છે, અને પોતાને થયેલા આ અગાધ અપમાન તથા પદ-ભ્રષ્ટપણાની ચિંતા તથા ખેદ તો ત્રૈલોક્યમા પણ સમાતા નથી! આટલુ છતા પેટ કાંઈ મૂકી દે છે? ભૂખ આગળ બીજા સર્વ દુ.ખ હલકાં

જાય છે. માટે હવે પહેલો તેનો ઉપાય કરવો, આવો તે વિચાર કરે છે; પણ કોઈ આશ્રય આપે એમ ન હતું. તેણે બીજે દિવસે, ઘરોઘર ને હાટોહાટ ભિક્ષા માગવા માંડી. આખું શહેર અને તેની ઓગણીશ બજારો ફરતાં ફરતાં છેક પાછલો બે ઘડી દિવસ રહ્યો અને શરીર થાકી ગયુ, ત્યારે ભીખ માગવાથી માત્ર ઓગણીશ બદામ એકઠી થઈ! અરે મારી પાસે એક પા પૈસાનુ વિત્ત પણ નહિ? હવે એમા તે શું અન્ન કે બીજું કંઈ પણ મળે? પછી જેમ તેમ ભાઈ બાપા કરીને તે ઓગણીશ બદામનું, એક કુભારની પાસેથી એક માટીનુ ઠોબરુ (ઠીકરાનુ રામપાત્ર–ચાટણું-ભીખારીનું માગી ખાવાનુ) વેચાતું લીધું ને એક સાહુકાર, પોતાને ત્યા સદાવ્રતમા નિત્ય ભીખારીઓને રાધેલો ખીચડો આપતો હતો ત્યા આગળ તે ઠોબરું લઇને ગયો પણ ત્યા જતા મોડુ થઈ ગયેલુ હોવાથી સૌ ભીખારીઓને ખીચડો અપાઈ ગયો હતો, તેથી રાધનારે તેને મારીને ત્યાથી હાકી કાઢવા માડ્યો, પણ ઘણીક દીનતાથી જ્યારે તેણે પ્રાર્થના કરી ત્યારે દયા લાવી, તેણે વાસણને તળીયે કે પેટે જરાતરા વળગેલો ખીચડો ઘસડીને કાઢી આપ્યો. તે બળ્યો જળ્યો ખીચડો લઇને સઘળા ભીખારીઓની સાથે બજારમા જઈ, સ્વપ્નમદિરનો ભિક્ષુક રાજા જનક બેઠો ત્યા આગળ તે પીરસેલા ખીચડામા તે શાહુકાર તરફથી પૈસાપૈસાભાર ઘી અપાતું હતું અતિશય ક્ષુધાને લીધે આત્મા અત્યત આકુળવ્યાકુળ થતો હતો ને આખુ શરીર કંપતુ હતું, તેથી ભીખારુઓની ભીડમા ઘી લેતી વેળાએ તેના હાથ સ્થિર નહિ રહેવાથી, ઠોબરુ હાલતું રહ્યુ નહિ અને ઘી સઘળુ નીચે ઢળી ગયુ આ કોરી ખીચડી કેમ ખવાશે, એવા વિચારથી તે ઘી આપનારને ઘણાક કાલાવાલા કર્યા, ત્યારે તેણે દયાને લીધે બીજીવાર ઘી નાંખ્યુ ખીચડી મળી, ઘી મળ્યુ, પણ તે કંઈ માર્ગમા બેસી ખવાય નહિ, માટે વિચાર્યું કે ભૂખ ઘણી લાગી છે, તો કોઈ એકાત સ્થળ જોઈ, ત્યા બેસીને હુ નિરાતે ખીચડો ખાઉં તો ઠીક! જોતા જોતા બજારમા જ એક દુકાનના ઓટલા નીચે ચોખ્ખી જગ્યા નજરે પડી ત્યા સ્વપ્નભિક્ષુક રાજા જનક જઈ બેઠા. પછી ધીરે ધીરે ને ધ્રુજતે હાથે, પેલું ઠીકરું ઝાલી તેમાની ખીચડી ભેળવા માડી. 'અરેરે! હે પરમેશ્વર! હું કોણ હતો ને કોણ થઈ ગયો? હે પ્રભુ! તારી અકળ કળા અકળિત જ છે. તારી લીલા તું જ જાણે છે! તુ ઘડીકમા રાજાને રક અને રંકને રાજા બનાવી દે છે તે સત્ય જ છે હે અનાથબંધો! તારી

લીલાની બલિહારી છે. હું તારો મોટો પાડ માનું છું કે, આટઆટલી આપત્તિ મારે માથે પડતા પણ, આખરે અત્યારે તેં મને અન્ન ભેગો કર્યો! હે પરમાત્મા! તેં પાડી ને મેં ઉપાડી છે. પણ હે દીનદયાળ! આ જ્ઞાન મને હમણા જ સાંભરી આવ્યું છે સસારમાં વસેલા મનુષ્ય માત્રની રીતિ જ છે કે, જે કંઈ સુખ સપત્તિ મળી, તે પોતાના ભાગ્યથી મળી એમ માનવુ ને દુ ખ પડ્યુ તે નિર્દય ઈશ્વરે–સર્વાંતર્યામીએ જ દીધુ એમ ધારી લેવું! પણ વિપત્તિ એ મનુષ્ય માત્રનો ગુરુ છે, અને દુ ખ એ જ મોટો સત્સગ છે! દુ ખથી જ તારા મગળ નામાભિધાનનુ મનુષ્યને સ્મરણ થાય છે! સુખસપત્તિમા ભૂલેલો મનુષ્ય, દુ ખ દેખે છે ત્યારે જ તને સભારે છે. સુખમા તો સોની ને દુ ખમા જ રામ! સર્વ વાતે રુડા વાણા હોય છે, ત્યારે હે નાથ! તને કોણ સભારે છે.? પણ હે પ્રભુ! એ સઘળું કંઈ મનુષ્યના સ્વાધીનમા નથી. કારણ અમો સૌ તો તારી માયાના બધનમા વસીએ છીએ; અને તારી માયાવડે જ અમારી એવી વિપરીત મતિ થાય છે. પણ જેઓ નિરતર તારા પરમ પુણ્યરૂપ નામનુ સ્મરણ કરે છે, તેઓને તે માયા ભ્રષ્ટમતિવાળી કરી શકતી નથી પણ હશે! આજ તો તેં મને ખરેખરી પાડી છે. વારુ તારી જેવી ઇચ્છા! આટલુ વેઠતા અંતે આ માગ્યું તાગ્યુ અન્ન મને મળ્યુ છે, તે પણ તુ ખાવા દઇશ તો જ ખવાશે, કેમકે તુ યત્રી છે ને હું તો યત્ર છુ યત્ર માત્ર યત્રીની આજ્ઞામા રહેનારુ છે, તે જેમ ફેરવશે તેમજ તે ફરશે!' આવો વિચાર કરતા ખીચડુ ભેળાઈ રહ્યુ પણ વત્સ! ઈશ્વરી લીલા તો જો! ભગવાનનું નામ લઈ જેવો તે પહેલો જ ગ્રાસ ભરવા જાય છે, તેવામા જ ક્યાયથી, બે મસ્ત સાઢ, ફીસોટા કાઢતા, માહોમાહે લઢતા અને એક બીજાને શિગડા ભેરવતા ત્યા દોડી આવ્યા, તેની અડફટમા રાજા જનક આવવાથી, તૈયાર કરેલી ખીચડીનુ ઠીકરુ ફૂટી ગયુ ને તેમાની ખીચડી ધૂળમા મળી ગઈ! 'અહાહા! ધન્ય પ્રારબ્ધ! ધન્ય ધન્ય મારું ભાગ્ય! અરે! પણ હવે મારી શી ગતિ?' આ છેલ્લો શબ્દ બોલતા જ મહારાજા જનક, પુષ્પની શય્યા ઉપરથી ચમકીને પોતાના રાજમદિરના શયન ગૃહમાના પલંગપરથી ઉઠચો અને સ્વપ્નની સર્વ લીલા અદૃશ્ય થઈ ગઈ!

રાજાને પલગપર જાગેલો જોતા જ, 'મહારાજાધિરાજ જનકરાયને ઘણી ખમા!' એમ છડીદારો વગેરે બોલવા લાગ્યા તથા વારવાર પંખાઓ તથા ચામરો વગેરેથી તેને પવન ઢાળવા લાગ્યા. એ સમયે રાજાને

તેમાંનું કશું રહ્યું નહિ. માત્ર સ્વપ્નની વાત જ તેની નજર આગળ રમવા લાગી! ક્ષણુપર ભિક્ષાથી માગેલું ખીચડાનું હાથમા હોવુ ને તે વળી ધૂળમા મળી ગયું; અને બીજી ક્ષણુમાં રાજસાહિબી! એ શું! તે પોતાના મનમા અતિ વિસ્મયતા સાથે વિચાર કરવા લાગ્યો કે, મેં આ શું જોયુ? અરે મારી કેવી વિપરીત ગતિ થએલી મેં સ્વપ્નમા જોઈ! અરે! એ તે સ્વપ્ન કે સત્ય? કેમકે, જે જે અવસ્થા મારી થઈ, અને તેથી જે જે દુ ખ મને ભોગવવુ પડ્યુ, તે તે સર્વ જાણે મને પ્રત્યક્ષ વીત્યું હોય તેવું હતું. જેવી આ મારી સ્થિતિ છે ને હું જેવા સર્વોત્તમ રાજસી ભોગનો અનુભવ કરુ છું, તેટલું જ—ના, તેનાથી ઉલટુ, સૌથી છેલ્લી પંક્તિનું પરાકાષ્ઠાનું દુ.ખ મેં, ખરેખરો કગાળ થઇને હમણાં જ ભોગવ્યું છે! ત્યારે આ જે હું અહુણા ભોગવું છું, જોઉં છું એ શું આશ્ચર્ય નથી? શું હું હમણાં-ઘડી પહેલા હતો, તેવો કગાલ પુરુષ છુ, કે આ મિથિલ દેશનો રાજા છુ? બેમાથી હું કોણ છું? જો રાજા નથી, પણ કગાલ છુ, એમ માનું છું તો આ હજારો દાસદાસીઓ અને સુબા સુબે-દારો મારી સેવામા તત્પર છે, એ પ્રત્યક્ષ રાજાપણું સિદ્ધ કરી આપે છે અને કગાલ નથી, પણ રાજા છુ એમ માનું છુ તો, હમણા જ પરમ ક્ષુધિત અવસ્થામા મારા હાથમાનુ અન્ન ધૂળમા મળી ગયું, એ મેં પ્રત્યક્ષ જોયુ છે અને હજી સૂધી મને તે અવસ્થામા પ્રાપ્ત થયેલા ભયથી, મારી છાતી ધડકે છે! એ બેમાનું સત્ય કીયું? આ સત્ય કે તે સત્ય? આ માટે મારા મનનું સમાધાન કોણ કરશે? આ વાત હું કોને કહું? હું શું રાજા છતા, મેં હમણા ભોગવેલી કગાળ અવસ્થા કોઇની આગળ પ્રકાશ કરી શકું એમ છે? નહિ જ. આ વાત મારાથી કોઈ આગળ કહેવાય એમ પણ નથી અને એનું રહસ્ય સમજ્યા વગર જીવ સ્થિર પણ થતો નથી! આનુ સમાધાન કોણ કરશે?' આવા અનેક તર્કરગમા તેનું મન લીન થઈ ગયુ એ સમય પછી કોઇ પણ જાતના ભોગ ભોગવવાપરથી તેની આસક્તિ તદ્દન ઉઠી ગઈ; અને માત્ર આ સાચું કે તે સાચુ? એટલી જ વાતપર તનો નિદિધ્યાસ લાગી રહ્યો.

તેણે એક પછી એક મોટ મોટા ઋષિઓ, બ્રાહ્મણો, મુનિઓ તથા તપસ્વીઓને નિમત્રણ કરી પોતાને ત્યા બોલાવવા માડ્યા; અને 'આ સાચું કે તે સાચુ?' એટલું જ માત્ર પ્રશ્ન, પોતાના સમાધાન માટે, તેઓને પૂછવા માડ્યુ. પ્રશ્નનું કંઈ મ્હોં કે માથું હોય તો તેનું પ્રત્યુત્તર દેનાર

કોઈ સમર્થ પુરુષ મળી આવે; પણ બાંધેભારે, 'આ સાચુ કે તે સાચું' એનું ઉત્તર ગમે તેવા વિદ્વાન્ અને જ્ઞાનીથી પણ કેમ કરીને અપાય? તેથી જેટલા મહાન્ પુરુષોને તે પોતાને ત્યા બોલાવે, તેને પોતાની સભાના ,મધ્યમા રુડુ સિંહાસન બિછાવી, તેપર બેસાડી પૂજા અર્ચા કરે, અને પછી પ્રશ્ન પૂછે કે, "મહારાજ! સેવકની એટલી જિજ્ઞાસા છે કે, આ-પની કનેથી મને મારા પ્રશ્નનું સમાધાન મળે તે પ્રશ્ન માત્ર એટલુ જ છે કે, 'આ સાચુ કે તે સાચુ?' આ પ્રશ્ન પૂછતા જ્યારે તે મહાત્માઓથી તેનું ઉત્તર અપાય નહિ, ત્યારે તે તેને હાથ જોડી એટલુ જ કહેતો હતો કે, "હે દ્વિજવરો! આ પ્રશ્નનું ઉત્તર મળ્યા વિના મને વધારે તો શું, પણ અન્નપાનાદિ સુદ્ધા રુચતા નથી, તેથી આપથી મને આવી અવસ્થામા મૂકીને કેમ જવાય? આપ સર્વ પ્રજાના માતપિતા છો, અમો રાજા તથા પ્રજા આદિ સહુ તમારી સતતિ સમાન છીએ, કારણ અમને સૌને ધર્મશાસ્ત્રોનો ઉપદેશ કરીને, સદ્ધર્મ માર્ગે ચલાવનાર આપ જ છો. આપને નિત્યકૃત્ય, અગ્નિહોત્ર, દેવાર્ચન, ઇત્યાદિને માટે જોઇતા સર્વ સાહિત્યો યથેચ્છપણે આ સેવક પાસેથી પૂરા પાડવામા આવશે, અને હું આપની આજ્ઞાનુસાર સર્વ વાતે સેવામા તત્પર જ છુ, તેથી હવે આપ અહીં જ નિવાસ કરો! આ રાજ્ય તથા સપત્તિ સહુ આપના જ છે આપ જ્યારે અમારી અવગણના કરી ચાલ્યા જશો, ત્યારે અમારે બીજા કોને શરણે જવુ? માટે જ્યા સૂધી મારા પ્રશ્નનુ યથાર્થ ઉત્તર મળે નહિ, ત્યા સૂધી કૃપા કરી અત્ર રહીને મારી સેવાને અગીકાર કરો." રાજાનુ આવુ ન્યાયપુર.સર બોલવુ સાભળી, કોઇથી તે અમાન્ય થાય તેમ નહોતું, અને તેથી આવનાર ઋષિ મુનિઓ કઇ પણ આનાકાની વગર જનકપુરમા નિવાસ કરી રહેતા હતા રાજા, તેમને સર્વ સામગ્રી પૂરી પાડતો હતો, અને રહેવાને મ.ટે સર્વ પ્રકારની સોઇવાળા, ઋષિ મુનિઓને વસવા યોગ્ય અવાસો જનકપુરની વિલાસવાટિકાઓમા તૈયાર કરાવી આપતો હતો આમ કરતા કરતા ઘણા વર્ષો વીતી ગયા, પણ જનકરાયને પોતાના પ્રશ્નનુ ઉત્તર મળ્યુ નહિ બ્રાહ્મણો પણ પોતાના ઘર કુટુબનો વિયોગ વેઠતા ત્યા જ પડી રહ્યા છે, પણ તેમનાથી ત્યાથી નિકળાતુ નથી

એક સમયે મહારાજા જનક કઇ કાર્ય પ્રયોજને સુખપાલમા બેશી કેટલાક અધિકારીઓ સાથે છડી સ્વારીથી રાજમાર્ગમાથી જતો હતો

તેવામાં, એક સાંકડા માર્ગપર તેની સ્વારી અટકી આ સ્વારીમા સૌથી મોખરે એક મુખ્ય પ્રધાન, જે ઘણો વિચક્ષણ હતો, તે ચાલતો હતો તે જે વેળાએ રાજમાર્ગપર આવ્યો તે વેળાએ, માર્ગની વચ્ચોવચ્ચ સુમારે આઠેક વર્ષની ઉમરનો અને તદ્દન કદ્રૂપો પેલો બ્રાહ્મણનો બાળક બેઠેલો હતો તેના શરીરના અગેઅંગ વિલક્ષણ પ્રકારે વાકા હતા, તેથી તેને ચાલતા બહુ અડચણ પડતી હોય એમ લાગતું હતું ઘોડેસ્વાર થયેલો અને સ્વારીને મોખરે ચાલનારો પ્રધાન ધબડધબડ કરતો ત્યા આવ્યો, અને તે બાળકને વચમા બેઠેલો જોઈ કહેવા લાગ્યો, "કોણ છે રે માર્ગમા ? ચાલ કોરે ખસી માર્ગ આપ, મહારાજા જનકની સ્વારી આવે છે !" આટલા પ્રધાનના શબ્દ સાભળતા જ, તે બાળક એકાએક ક્રોધ કરીને બોલ્યો, "રે અધ ! રે સનેત્રાધ !* શુ તું તારે નેત્રે જોઇ શકતો નથી કે, મને પૂછે છે જે કોણ છેરે માર્ગમા ?" આ સાભળી પ્રધ ન મનમા કંઈક આશ્ચર્ય પામી આ બાળકનું આવું નિર્ભય પ્રત્યુત્તર સાભળી ખચાયો અને ફરી કંઇ બોલવા જતો હતો એટલામા, વળી તે બાળક બોલ્યો, "ઓ મૂઢમતિ ! કોરે ખસી માર્ગ આપવાનો કોને અધિકાર છે, એ પણ તું નથી જાણતો ? તું તો શુ પણ તું જેને અર્થ માર્ગ આપવાની આજ્ઞા કરે છે, એ તારો રાજા જનક પણ, આ ઉપરથી મને કેવળ મૂઢ લાગે છે ! જા, હું માર્ગમાથી ઉઠનો નથી, અને તારી આજ્ઞા મારે માન્ય નથી જો અહીં થઇને જ જવુ હોય તો તારા જનકને કહે કે માર્ગ બધ છે, માટે બીજે માર્ગે થઇને જા !" આ વચનથી તો પ્રધાનને બહુ જ આશ્ચર્ય થયુ. આટલી નાની વયનો બાળક સપૂર્ણ ન્યાયથી રચેલુ વાકય બોલે છે, એ જાણીને તેના પ્રત્યે તે એક પણ શબ્દ બોલી શકયો નહિ તુરત તેણે પોતાના અશ્વને અટકાવ્યો, ને રાજા પાસે જઈ આ વર્તમાન નિવેદન કીધા

પ્રધાનના મુખથી આ વર્તમાન સાભળી, રાજાએ પોતાની પાલખી ઉભી રખાવી, ને પોતે જ્ઞાતા હોવાથી, પ્રધાનદ્વારા સાભળેલા તે દ્વિજ-પુત્રના વચનથી આશ્ચર્ય પામીને, પ્રધાનના પ્રત્યે બોલ્યો, "તું કહે છે તે પ્રમાણે તે બ્રાહ્મણપુત્રનુ બોલવું યથાર્થ છે એના શરીરના તેજ તથા યજ્ઞોપવિતાદિ ચિન્હોપરથી તારે જાણવું જ જોઇતુ હતુ કે, એ બ્રાહ્મણનો બાળક છે, છતા તેં 'કોણ છેરે માર્ગમા !' એમ જે પ્રશ્ન કર્યું, તે ખરેખર તને

* નેત્ર-આખ છતા આંધળો *

ન કરવા યોગ્ય જ હતુ, અને તેથી જ તેણે નિઃશંકતાથી તને સનેત્રાધ કર્યો છે. વળી, 'ચાલ કોરે ખસી માર્ગ આપ,' એ તારી આજ્ઞા પણ કેવળ અઘટિત હતી; કારણ કે એ બ્રાહ્મણપુત્ર છે, માટે આપણે ક્ષત્રિયે જરૂર તેને વહન કરવું જોઇએ અને માર્ગ આપવો જોઇએ. એ ઉપરાંત વળી તે શરીરે ચાલવાને બહુ અશક્ત છે, તો તેવા અશક્ત મનુષ્યને રાજા તથા પ્રજા, સૌએ માર્ગ આપવો જોઇએ; કેમકે ગમે તેટલી ઉતાવળથી આપણે રાજમદમાં છાકી જઈ તેને કોરે ખસવા કહીએ, પણ તે કેમે કરી ખસી શકે તેમ નથી; માટે આપણો એને બાજૂએ ખસેડવાનો અધિકાર નથી; અને તેથી જ તેણે તને મૂઢ કહ્યો છે! વળી સેવકે કરેલા અપરાધનો દોષ સ્વામીને લાગે છે, અર્થાત્ સેવકે અન્યાય કર્યો, તો તેનો સ્વામી પણ અન્યાયી હોવો જ જોઇએ, એમ અનુમાન કરાય છે, તેથી કરીને તેણે મને પણ મૂઢ કહ્યો, એ પણ વાસ્તવિક છે! પણ તેં કહેલા વચનો ઉપરથી મને તે બાળક બહુ વિચક્ષણ અને ચમત્કારિક ભાસે છે. માટે જા, તેને મારી પાસે તેડી લાવ" પ્રધાન પાછો તે બાળક પાસે આવીને બોલ્યો, 'બ્રહ્મપુત્ર! હું આપને વંદન કરું છુ, મારો અપરાધ ક્ષમા કરો ને મહારાજા જનક આપને બોલાવે છે, માટે કૃપા કરીને તેની પાસે પધારો, તે આપની વાટ જોઈ માર્ગમા જ ઉભા છે' આ સાંભળી તે બાળક બોલ્યો, "કેટલું બધુ આશ્ચર્ય! અરે! કેટલી મોટી અજ્ઞાનતા! હજારો અને લાખો મનુષ્યોપર પોતાનો અંકુશ રાખનારા અને તેઓને ન્યાયથી વર્તવા માટે પોતાના આજ્ઞાબંધનથી બાંધનારા ભૂપતિના પોતાનામા જ જ્યારે ન્યાયથી વર્તવાનુ જ્ઞાન નથી, ત્યારે તે બીજાઓને શું ન્યાયથી વર્તાવી શકે? હું ચાલી શકુ એવો નથી, એ રાજાએ જાણ્યુ છે; તેમ તે કંઈ હમણા ન્યાયાસનપર બિરાજેલો નથી કે જેથી તેનાથી ઉઠી અહીં આવી શકાય નહિ, પણ તે તો હમણા માર્ગમા જ ઉભો છે, અને મેં તેને અટકાવ્યો ન હત તો અહીં પણ ક્યારનો આવ્યો હત જ, તો પછી હમણા તે દૂર ઉભો રહીને મને અશક્તને ત્યાં બોલાવવાની આજ્ઞા કરે છે તો એ રાજા ન્યાયી કેમ કહેવાય? પણ એ તેનો રાજમદ છે. રાજસેવક! તુ જા, તારા રાજાની ઇચ્છા હશે તો મારી પાસે આવશે; હું તો તેની આગળ આવવાને કેવળ જ અશક્ત છુ" તેના આ વચન સાંભળી પ્રધાને રાજા પાસે જઈ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો પુનઃ રાજા બહુ આશ્ચર્યથી કહેવા લાગ્યો, "અહો! ખરેખર એ કોઇ ચમત્કારી પુરુષ

દેખાય છે, માટે ચાલો હું પોતે જ તેની પાસે આવું છું!" આમ કહી પોતે પાલખીમાંથી નીચે ઉતર્યો, અને પગે ચાલતો જ, માર્ગમાં બેઠેલા તે દ્વિજપુત્રની પાસે આવ્યો. એ બાળકનું સ્વરૂપ જોતાં જ મનુષ્યને હસવું આવે એમ હતું; અને રાજાને પણ અંતરમાં બહુ હસવું આવ્યું. પણ શાપના ભયથી તેણે હાસ્યને દબાવી રાખી, તુરત તેને નમસ્કાર કીધા, અને કેટલીક સ્તુતિ કરી કહ્યું; "બ્રહ્મદેવ! ભલે પધાર્યા! આપે મારાં નગરને આજે પાવન કીધું છે, એથી મને બહુ હર્ષ થાય છે. એવી જ રીતે આપ મારા ગૃહને પણ પાવન કરો. આપ કોના પુત્ર છો અને કયે પવિત્ર સ્થળે નિવાસ કરનારા છો? આપનું નામાભિધાન શું છે? આપ આ પ્રસંગે અત્ર કીયા કાર્યાર્થે પધાર્યા છો?" એ વચન સાંભળી તે બાળકે તેને જણાવ્યું; "હે રાજન્! હું કહોલ નામના ઋષિનો પુત્ર છું અમારો મૂળ નિવાસ સરસ્વતીને તીરે છે. પરંતુ મારા પિતા કહોલ ઘણા કાળથી ઘેર ન હોવાને લીધે મારી માતુશ્રી સાથે હું મારા મોસાળમાં રહું છું મારું નામ અષ્ટાવક્ર છે અને તે નામ, હું આઠે અંગે વાંકો છું તેથી જ પડ્યું છે, એમ મારી માતુશ્રીએ મને કહેલું છે મેં સાંભળ્યું છે કે, જનક નામના રાજર્ષિએ પોતાના કોઈ પ્રશ્નનું સમાધાન કરવા માટે ઘણાક ઋષિઓને બહુ વર્ષથી પોતાને ત્યાં રોકી તેમના કુટુંબથી વિયોગ પડાવ્યો છે. હજી સુધી એ જનકના મનનું તેઓથી સમાધાન થઈ શક્યું નથી, માટે રાજાને કદાચ એમ માનવાનો સંભવ છે કે, જગતમાં બ્રહ્મબીજ નાશ પામ્યું હશે, તેથી તે પ્રશ્નનું સમાધાન કરવા અર્થે હું અહીં આવ્યો છું જેને જનક નામે આ લોક માન આપે છે તે તું જ કે? એવું તે કેવુંક તારું પ્રશ્ન છે, કે જેનું સમાધાન હજી સુધી થયું જ નથી?" રાજાએ ઉત્તર દીધું, "મહારાજ! એ જનક તે હું જ અને મારા જ પ્રશ્નનું હજી સુધી સમાધાન થયું નથી. પણ આપ કૃપા કરી એક વખત મારા રાજભવનને વિષે પધારી મને પાવન કરો ને તે પછી હું તે પ્રશ્ન આપને વિદિત કરીશ." રાજાના આગ્રહથી, અષ્ટાવક્ર ઋષિએ રાજભવનમાં જવાની હા પાડી, એટલે રાજાએ, તેને તેના મામાની સાથે પોતાની પાલખીમાં બેસાડ્યો અને તુરત સ્વારી ઘર ભણી પાછી વળી.

ઋષિપુત્રને પોતાને ઘેર લઈ જઈ રાજાએ સારી રીતે તેનું આદરસત્કારયુક્ત પૂજન કર્યું, પછી ભોજનપાનાદિથી સંતુષ્ટ કરી, એક સુંદર ગૃહને

વિષે ઉતારો આપ્યો. બીજે દિવસે સમય થતાં રાજાએ પોતાના રાજમહાલયમા એક મોટી સભા ભરી, અને સૌ પ્રધાનો, કાર્યભારીઓ, સભાવિત ગૃહસ્થો તથા તે નગરમાં રહેલા ઋષિઓ સભામાં બિરાજ્યા પછી ઉતારેથી અષ્ટાવક્ર ઋષિને બોલાવવાને પ્રતિહારને મોકલ્યો. થોડીકવારે દ્વારપાળે આવી, રાજાને કહ્યું, “મહારાજ ! અષ્ટાવક્ર ઋષિ પધારે છે!” આ નામ સાભળી સર્વ સભાજનો તેને જોવાને બહુ આતુર થઈ, ઉંચી ડોકે બેઠા ‘અષ્ટાવક્ર’ એવુ નામ સાભળીને. સૌ બહુ આશ્ચર્ય પામ્યા તેઓ વિચારવા લાગ્યા કે, એ અષ્ટાવક્ર તે વળી કોણ ને કેવાક મુનિ છે! ક્ષણવારમાં લાકડીને ટેકેટેકે ઋષિબાળની સ્વારી સભાના દ્વાર આગળ આવી અને અદર પ્રવેશ કરવા જાય છે તેવા જ તેના સન્માનાર્થે સર્વ સભાસદો ઉભા થયા. સૌ ઉભા તો થયા ખરા, પણ આ વિલક્ષણ મૂર્તિને જોઇને કોઇની પણ ધીરજ હાથ રહી નહિ સૌ કોઈ ખડખડાટ હસવા લાગ્યા, કેમકે તે એક પગલુ ભરવા જાય, તેટલામાં જ તે બાળ મુનિને પોતાના આઠે અગ વાકા' વાળવા પડતા હતા ને અધુરામા પુરુ, સભાનો ઊંબરો વચમા આવવાથી લાકડીની આટી આવીને તે અથળાઈ પડ્યો આ જોઇને તો રાજા પણ ગભીરતા રાખી શકયો નહિ, અને મ્હોડે વસ્ત્ર લઈ હસવા લાગ્યો તે પછી તેના મામાએ ઋષિકુમારને ઉભો કર્યો તે અદર ગયો તે બાળક અદર આવવા લાગ્યો, ત્યારે સર્વ સભાને હસતી જોઇને તે પોતે પણ આડું જોઇ હસવા લાગ્યો રાજાને આશ્ચર્ય થયુ કે, માનભગનુ પરિણામ કોપાનલ છે, મહાત્મા જન તે કોપાનલથી સમુદ્રને બાળી મૂકે છે, તેટલુ છતા આ મહાત્મા બાળક ઉલટો હસે છે, તેનું કારણ શું હશે? જેઓ જિતેન્દ્રિય હોય છે, તેઓ માનાપમાનને વશ થતા નથી અથવા તો હલકો મનુષ્ય માનભગથી કષ્ટ પામતો નથી! એ હલકો છે, કે જિતેન્દ્રિય છે તે જાણવું જોઇએ એ અજ્ઞ તો નથી જ, કેમકે ગઇ કાલે એણે જે ઉત્તર આપ્યુ છે, તે પરથી પ્રકટ છે કે, એ કોઇ મહાત્મા પુરુષ હોવો જોઇએ.

પછી, ગુણવાન્ અને મહાત્માના સમાગમને ચહાનારા જનકે, તેને મોટા સિંહાસનપર પધરાવ્યો અને બે હાથ જોડીને પૂછ્યુ, “મહારાજ! આપ શા કારણથી હસ્યા?” અષ્ટાવક્રે કહ્યુ, “આ તારી મૂર્ખ સભા જોઇને! પણ તું શા હેતુથી હસ્યો તે તો કહે” રાજા બોલ્યો; “મહારાજ! હું સત્ય જ કહીશ, આપ ક્રોધ કરશો મા મારા મનમા આપની સ્થિતિ

આંધને એ વિચાર આવ્યો કે, મારે ત્યાં રહેલા આ સર્વ મહર્ષિઓ, જેઓ અતિ તેજસ્વી છતાં વખતે સૂર્યને પણ પોતાના પરાક્રમથી સ્તંભિત કરવા સમર્થ છે, તેઓથી જ્યારે મારા પ્રશ્નનું સમાધાન થયું નહિ, ત્યારે આપથી કેમ કરીને થઈ શકશે?" આ સાંભળી અષ્ટાવક્રે ક્રોધથી કહ્યું; "તું મૂઢ છે, આટલા જ માટે મને હસવું આવ્યું હતું! જેઓમાં ગુણદોષની પરીક્ષા કે ખરુ ખોટુ સમજવા માટે સારાસાર વિચાર કરવાની શક્તિ નથી, તેવા મૂઢ પુરુષોથી ભરેલી આ સભાની મધ્ય બેસીને તું પ્રજાનું શુ હિત કરી શકતો હોઇશ ને આ પુરુષો તને શી ઉત્તમ સલાહ આપી શકતા હશે, તે હેતુથી હું હસ્યો છું! આશ્ચર્ય છે કે, જે રાજસભામા સકળગુણસપન્ન અને સદસદ્વિવેકી* તથા પ્રૌઢ વિચારના પુરુષો જોઇએ, તેવી રાજસભામા આજે કેવળ નરપશુ જેવા વિચારરહિત પુરુષો મારા જોવામા આવે છે!" આવાં બેધડક અને નિસ્પૃહતા ભરેલા વચનો સાભળી, આખી સભા દિઙ્મૂઢ બની સ્થિર થઈ ગઈ પુન તે કૂબડો બાળક બોલ્યો, "અરે રાજા! તું વિચાર કર કે તૃષાતુર મનુષ્યને ગગાના પ્રવાહમા વહેતા જળની જરૂર છે કે તેના વાકા ચૂકા અને કાદવથી ભરેલા કિનારાઓની જરૂર છે? કિનારાઓ સુશોભિત હશે અને પ્રવાહસ્થળે જળ હશે નહિ તો શું કિનારાનુ પાન કરી-કરડીને મનુષ્ય પોતાની તૃષા મટાડી શકશે? ક્ષુધાતુર મનુષ્યને ભોજન સમયે પીરસેલા અન્નની જરૂર છે કે તે અન્નના સોના રૂપાના કે બીજી ધાતુના પાત્રોની જરૂર છે? પાત્રો સોનાના કે રૂપાના ગમે તેવા હોય ને અદર ભુસાના લાડુ કરી પીરસેલા હોય તેથી શુ ક્ષુધાતુરની ક્ષુધા મટવાની હતી? વાસણો ચાટીને કે કરડીને તે મનુષ્ય આનન્દ માની લેશે કે? હું શરીરે કુરૂપ અને કૂબડો છુ, ને મારા હસ્તપાદાદિ સઘળા અગ વક્ર છે, પણ તે સાથે તારે શું પ્રયોજન છે? તું મને જે પ્રશ્ન પૂછીશ, તેનુ પ્રત્યુત્તર શું મારા હાથ, પગ, માથું, પેટ, મોઢુ, નાક, ચક્ષુ ઈત્યાદિમાથી કોઈ પણ આપવાનુ હતું? તારા પ્રશ્નનુ ઉત્તર તો માત્ર મારી વાણી જ આપશે, અને તે કંઈ કાળી કે કૂબડી નથી, માટે ચાલ ત્વરા કર મૂઢ! તારુ પ્રશ્ન શું છે તે બોલ" આ સાભળી આખી સભા સાથે રાજા અતિશય આશ્ચર્ય પામ્યો, અને આ આઠ વરસના બાળકની આવી પ્રજ્ઞા† જોઈ, તેને નિશ્ચય થયો કે, આ બાળક કોઈ મહાત્મા છે અને એનામા કંઈ મોટું

---

* સત્ અને અસત્ જાણવાના વિવેકવાળા † નવનવી કલ્પનાવાળી બુદ્ધિ

દૈવત જણાય છે. પછી રાજા, સિંહાસનપરથી નીચે ઉતરયો અને તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરયા. પછી દીન વાણીથી પોતાના અપરાધની ક્ષમા માગી, કર જોડી તેની સન્મુખ ઉભો રહ્યો.

રાજાના ગુપ્ત પ્રશ્નનું ઉત્તર સાંભળવાને રાજા પોતે અને ઋષિ મુનિ આદિ સર્વ સભાજનો બહુ આતુર થઈ રહ્યા હતા. તેમની એવી જિજ્ઞાસા જોઇને તે ઋષિપુત્રે રૂરાને કહ્યુ; “બોલ, તારુ શું પ્રશ્ન છે?” ત્યારે રાજા, નિયમ પ્રમાણે બીજુ કશું સ્પષ્ટ ન કરતા માત્ર એટલુ જ બોલ્યો; “મહારાજ, આ સત્ય કે તે સત્ય?” એ સાભળતાં જ તે બાળક મહાત્મા બોલ્યો, “અહો! માત્ર એટલા માટે જ તેં આટલા બધા ઋષિઓને રોકી રાખ્યા છે કે? હે રાજા! આ સત્ય શોધવામા બીજા કોઇએ નહિ, પણ માત્ર તારી લજ્જાએ જ તને આટલો બધો દુ:ખી કીધો છે, ને તે લજ્જાથી જ તેં આ સર્વ મહાત્માઓને પણ સકટ ઉપજાવ્યું છે. જો તેં લજ્જા ન રાખતા સ્પષ્ટપણે પ્રશ્ન પૂછ્યુ હત તો તેનુ ઉત્તર તને ક્યારનુંએ મળી ચૂક્યુ હત પણ તે ન મળવામા તારો પોતાનો જ અપરાધ છે! હશે, પણ હવે સાભળ. જો તુ એ પ્રશ્નનુ મોઘમપણે જ ઉત્તર માગતો હોય તો તારી મેળે સમજ કે, “જેવું તે, તેવું જ આ. એમા ને આમા કંઈ પણ ભિન્નતા નથી. જેવુ તે હતુ, દેખાતું હતું ને નથી, તેવુ જ આ પણ છે, દેખાય છે અને નથી.” આ સાભળતા જ રાજા દંડની પેઠે ઋષિપુત્રના ચરણમા પડ્યો અને ‘સદ્ગુરુ, સદ્ગુરુ’ એમ પોકારવા લાગ્યો, કેમકે તેના મનનુ એ ઉત્તરથી પૂરેપૂરુ સમાધાન થયુ હતું. પણ એ ચમત્કાર જોઇને સર્વ સભાજનો, તેમ જ ઋષિઓને તો ઉલટી વધારે ઉત્કંઠા થઈ, તેમના મન વધારે શકાશીલ થયા કે, રાજાએ શુ પૂછ્યુ ને આ કૂબડાએ શું કહ્યુ! પછી તેમણે ઋષિપુત્રને વિનતિ કરી કે, “હે બ્રહ્મપુત્ર! આ પ્રમાણે ગુહ્યાર્થ જ કહેવાથી અમને શો લાભ? આપે દીધેલા ઉત્તરથી તો માત્ર એકલા રાજાના મનનું જ સમાધાન થયુ, પણ અમે એમા કંઈ સમજી શકયા નથી, માટે હે દેવ! કૃપા કરી અમારી સર્વની શકા દૂર થાય, તેમ એનુ વિવેચન કરો” ત્યારે અષ્ટાવક્રે કહ્યુ; “રાજા! આ સભાસદોનું કહેવુ યોગ્ય છે, માટે સ્પષ્ટ રીતે તારા પ્રશ્નનુ હું સ્ફોટન કરુ છું હે સભ્યો! આ રાજાએ સ્વપ્નમા પોતાનો ઉદય ને અસ્ત જોયો, તે માટે એને શકા થઈ કે, ‘હુ તો છું વૈભવવાળો, છતા સ્વપ્નમા ભીખારી બન્યો એ શું? એમા

શું સત્ય?' મેં ઉત્તર દીધું કે, "સ્વપ્નમાં જોયેલો સઘળો પ્રકાર ખોટો છે, તેવું જ આ સાંસારિક દર્શન પણ ખોટું છે જેવું સ્વપ્ન, તેવો જ આ સંસાર. એટલા માટે મહાત્મા જ્ઞાની જનોએ સંસારને સ્વપ્નવત્ કહેલો છે જેવું એણે સ્વપ્નમા રાજ્ય ખોયું, ક્ષુધા વેઠી, બજારે બજાર ફરી ભિક્ષા માગી, જેમ તેમ કરી મહાસંકટે ઠીકરું તથા ખીચડી મેળવી અને ખાવા માટે અતિશય પ્રયાસ કીધો તથા ઉત્કંઠાથી કોળિયો મોંમા મૂકવા માંડ્યો, છતા આખરે વૃષભોએ તે ખીચડી સહિત ઠીકરુ ફોડી ધૂળમાં મેળવી દીધુ, અર્થાત્ આશામા ને આશામા એવો મિથ્યા પ્રયત્ન કરતાં છેવટે પણ એને જરાએ સુખ પ્રાપ્ત થયું નહિ, ને એના હાથમા કશુએ ન રહેતા, એ જેવોને તેવો જ નિરાશ તથા દુ ખી રહ્યો, તેવુ જ આ એનું રાજ્ય તથા જે દિને એને સ્વપ્ન થયુ તે દિવસનો એનો અનુપમ વૈભવ, એ સર્વ મિથ્યા છે!" પછી ગર્ભપ્રજ્ઞા મુનિ અષ્ટાવક્રે રાજાને સબોધીને કહ્યુ, "હે રાજા! તેનો પ્રત્યક્ષ અનુભવ લેવો હોય તો વિચાર કરી જો કે, જે દિવસે તને એ સ્વપ્ન આવ્યુ હતું, તે દિવસના સ્વપ્નમા ભોગવેલુ દુ:ખ અને જાગ્રત્ અવસ્થામા અનુભવેલુ સુખ, એ બેમાથી આ વખતે તારી પાસે શું છે? તે સમયના ત્રાસથી આ વખતે તને જરાએ પીડા થાય છે; અથવા તે સમયના રાજવૈભવથી આ વખતે તને કિંચિત્ પણ આનદ કે સુખ થાય છે? કઇ જ નહિ જો સ્વપ્ન માત્ર જૂઠુ અને સાસારિક સુખ સાચુ હોય તો, તે નિરતર જેવું ને તેવું જ રહેવુ જોઇએ, પણ તેમ કઈ નથી સ્વપ્નની પેઠે જ આ સસારનો પણ નાશ થતો જાય છે. ફેરફ માત્ર એટલો જ છે કે, નિદ્રાવસ્થામા દેખાતુ એ નાનું સ્વપ્ન જેમ અસત્ય છે, તેમ જાગ્રત્ અવસ્થામા દેખાતુ આ મોટુ સ્વપ્ન પણ અસત્ય છે. શેર અન્ન એક જ દિવસ ખાવા ચાલે, ને મણ ચાલીશ દહાડા પહોંચે, પણ એ શેર ખાઈ રહ્યા પછી કઈ રહેતું નથી ને ચાલીશ દિવસે મણ ખાઈ રહ્યા પછી પણ કઈ રહેશે નહિ, તેમ જ હે રાજા! પરમાત્માએ, જ્ઞાનીજનોને સમજવાને જેવુ રાત્રિસ્વપ્ન રચ્યુ છે, તેવુ જ આ સસારસ્વપ્ન બનાવ્યુ છે, અને વિવેકી-જ્ઞાનસપન્ન-મુમુક્ષુજનને જ્ઞાન થવાને અર્થે ઉદાહરણરૂપે જ આ દેહમા સ્વપ્ન નિર્માણ કીધું છે. જેમ અમુક દેશ અથવા નગરનું ચિત્ર (નમૂનો) વા બનાવેલો ઘાટ જોવાથી તે દેશ કે નગરનું યથાર્થ જ્ઞાન થાય છે; પણ પટમા આલેખેલા તે દેશ કે નગર સત્ય નથી, સત્ય દેશ કે નગર તો નિરાળુ જ હોય છે, તેમ સ્વપ્ન, નકશાપેરે

જોવા માત્રથી સત્ય છે, પણ પરિણામે તે અસત્ય જ છે; તેમ જ સંસાર જોવામાં સત્ય જેવો જણાય છે, પણ તે અસત્ય–ખોટો–જૂઠો છે એવો ખરેખરો નિશ્ચય થાય છે. માટે પુનઃપુનઃ હું કહું છું કે, જેવું તે, તેવું જ આ છે, તેમાં ને આમાં કંઈ પણ ભેદ નથી. પણ હે નૃપ! માત્ર સારાસાર વિચાર કરનારને જ, આ સત્યાસત્ય વસ્તુની ઘટનાની સમજણ પડે છે. તને જ્યારે સ્વપ્ન અને સસાર, એ બેમાથી સારરૂપ સત્ય કીયું તથા અસારરૂપ કીયુ, એમ જાણવાની ખરી જિજ્ઞાસા થઈ, ત્યારે જ તને આજે માલમ પડ્યુ કે, બેમાથી એકે સારરૂપ નથી! જાણ કે, સારાસારનો વિચાર કરનાર પુરુષ જ કાળે કરીને કલ્યાણને પામે છે”

આ સમાધાન સાભળી આખી સભા સાનંદાશ્ચર્યમા તરવા લાગી અને આખુ ઋષિમંડળ આ દ્વિજપુત્રની ભારે પ્રશસા કરવા તથા તેને અનેક પ્રકારના આશીર્વાદ દેવા લાગ્યુ તે પછી રાજાએ તે બાળકના ચરણને નમન કરી કહ્યુ, “હે સદ્ગુરુ બ્રહ્મપુત્ર! આપના સમાધાનથી મને એક નવી શંકા ઉત્પન્ન થઈ છે, તે એ કે, જ્યારે સ્વપ્ન અને સસાર બન્ને અસાર છે-મિથ્યા છે–મૃગ જળવત્ છે, ત્યારે એમા સાર શુ?” તે ઋષિપુત્ર બોલ્યો, “આ પ્રમાણે સૂક્ષ્મ પ્રશ્ન કરવુ, એ જ ખરેખરા મુમુક્ષુનું લક્ષણ છે સાર વસ્તુ જાણવી તો દૂર રહી, પણ તે જાણવાની જિજ્ઞાસા ધરાવનાર પુરુષ પણ મોટો ભાગ્યશાળી ગણાય છે હવે તારી શકા-જિજ્ઞાસા વિશે સાભળ સ્વપ્ન અને સસાર બન્ને મિથ્યા છે, અથવા તો અસાર છે, અસત્ય છે, પણ તેઓનો અનુભવ કરનાર ચૈતન્યમય જે છે, તે સારભૂત છે, તે જ સ્વય પરમાત્મા છે. એ પરમાત્મા–પરમેશ્વર–પુરાણપુરુષ–પુરુષોત્તમ, અજર, અમર, અવિનાશી, નિત્ય ને મુક્ત છે. તે સચરાચર વ્યાપી રહ્યો છે, તેથી તે વિષ્ણુ કહેવાય છે, સર્વનુ કલ્યાણ કરનાર છે; તેથી શિવ કહેવાય છે; અચળ છે તેથી સ્થાણુ કહેવાય છે; જળમા તેનો વાસ છે તેથી નારાયણ કહેવાય છે. તું, હું, આ ઋષિઓ, મત્રી મંડળ ને સર્વ સભ્યેશો તથા છેવટે ભૂતપ્રાણીમાત્રમા, જે એકલો જ સાક્ષીરૂપે વસી રહેલો છે, તે જ નિત્ય છે, સારનો સાર, સત્ત્વનું તત્ત્વ છે અને એ જ વેદે વર્ણેલો પુરાણપુરુષ, પુરુષોત્તમ, શ્રીહરિ છે. તેની જ પ્રાપ્તિ અર્થે, ભક્ત અને જ્ઞાનીજનો, જ્ઞાનભક્તિવડે તેને જાણી, તેની પરમ ભક્તિ કરે છે, અને તેનુ જ યોગીઓ ધ્યાન ધરે છે. તે જ

એક પોતાની ઇચ્છા માત્રથી ઉત્પન્ન કરેલા જગતનું રક્ષણ કરે છે, તે જ પોષણ કરે છે ને તે જ તેનો સંહાર કરે છે. યુગે યુગે અવતાર ધારણ કરી, તે જ પ્રભુ, ધર્મનું સંસ્થાપન કરે છે અને યોગી તથા ભક્તજનોનું, પરમ વાત્સલ્યથી સંરક્ષણ કરે છે. તે જ ત્રિગુણાત્મકરૂપે-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરરૂપે-થયેલો છે, વિશ્વમા વ્યાપી રહેલો છે, ને તે જ ઇંદ્રાદિ સર્વ દેવતાઓ તથા સર્વભૂત પ્રાણી માત્રરૂપે નવનવા રૂપે વિરાજી રહ્યો છે. તે જડરૂપ પણ છે અને ચૈતન્યરૂપ પણ છે, તે જ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે અને તે જ વિરાટમા વિરાટ્‌રૂપ છે; તે નિર્ગુણ છે અને સગુણ છે, તે નિરાકાર છે અને તે જ સાકાર છે. જે કહીએ તે, જ્યા જોઇએ ત્યા તે, અને ચરાચરમા પણ તે જ છે; માટે સર્વમા તેને જ-સારભૂત-નિત્ય અને સત્ય-સત્-ચિત્-આનંદરૂપે જાણવો ”

આ બાળકનુ આવું અપ્રતિમ ભાષણ સાભળી આખી સભા ચિત્ર સમાન થઈ રહી, અને રાજા આનંદ સાગરમા તરવા લાગ્યો. તેને મનમા વિચાર થયો કે, “મને પામરને આજે સદ્‌ગુરુની પ્રાપ્તિ થઇ છે, સાક્ષાત્ પરમાત્માએ જ મારાપર કૃપા કરી મારે ત્યા આપોઆપ આ જ્ઞાન-મૂર્તિને મોકલી છે, માટે હુ આવો સમય કેમ મિથ્યા ગુમાવુ? મારે અવશ્ય એનો સદુપદેશ ગ્રહણ કરવો જોઇએ” આમ વિચારીને તે બોલ્યો, “હે સદ્‌ગુરુ! મારા કોઈ જન્મના સચિતથી આપ મને પાવન કરવાને અત્ર પધાર્યા છો, એમ મારુ મન કહે છે હવે આ દાસ ઉપર અનુગ્રહ કરીને સારભૂત પરમાત્માનો મહિમા કેવો છે ને તેનુ સ્વરૂપ કેવુ છે, તે કહીને મને બ્રહ્મોપદેશ કરો” એ સાભળી અષ્ટાવક્ર બોલ્યા, “હે નરેશ્વર! ઉપદેશની વાત તો પછી, પણ તારા પ્રશ્નોનુ સમાધાન થયું, તેની દક્ષિણા તો પ્રથમ તું મને આપ?” તત્ક્ષણે રાજાએ પોતાના પ્રધાનને આજ્ઞા કરીને, કોશરક્ષકની પાસેથી અતિ ઉત્તમ રત્નો તથા હીરાઓથી ભરીને મોટા બે સોનાના થાળ ત્યા અણાવ્યા અને ઋષિપુત્રને અર્પણ કરવા માડ્યા. તે જોઇ અષ્ટાવક્રે હસીને કહ્યુ, “અલ્યા મૂઢ! આને હુ શુ કરુ? તેં તો આવા રત્નના બે થાળ આણ્યા છે, પણ એવા અનેક રત્નભરિત ભડારો ક્ષણમા નીપજાવી શકે, એવી સર્વ સિદ્ધિઓ અમારી (મારા જેવા જ્ઞાનીઓ-આત્મજ્ઞાનીઓ) આગળ દાસીઓ થઈ ઉભેલી છે, તો પછી આ થાળથી મને શુ સતોષ થશે? હુ કાઈ તારી સભામા દ્રવ્યની ઇચ્છાથી આવ્યો નથી, તેમ મને

કંઈ માન પણ જોઈતું નથી; પણ 'બ્રહ્મબીજ નાશ પામ્યું હશે કે શું?' એવી તારી શંકાને દૂર કરવાને અને ઘણા દિવસથી રોકાઈ રહેલા ઋષિવરોને તેમના કુટુંબ ભેળા કરવારૂપ તેમની પરમાર્થ સેવા કરવાને અર્થે જ હું અહીં આવ્યો છું; માટે મારે જોઇએ છીએ, તે તું મને આપ?" રાજાએ કહ્યું, "ગુરુદેવ! જે આપની આજ્ઞા હોય તે વસ્તુ લાવી હું આપને ભેટ કરીશ, માટે આપ આજ્ઞા કરો." તે સાભળી ઋષિપુત્ર બોલ્યો, "હં, એમ છે! ત્યારે તારુ તન (શરીર), મન અને ધન એ ત્રણ વસ્તુ જ મને ગુરુદક્ષિણામા અર્પણ કર એટલે થયું!" રાજાએ તુરત જ સંકલ્પ કરીને અતિ હર્ષપૂર્વક તે ત્રણે વસ્તુ તેને અર્પણ કરી તે પછી હાથ જોડી તે ઉપદેશની વાટ જોતો ઉભો રહ્યો.

હવે ઋષિસુત શો ઉપદેશ કરે છે, તે જોવાને સર્વ સભા આતુર થઈ બેઠેલી છે ને રાજા પણ જિજ્ઞાસુ થઈ ઉભો છે, એવામા સભાદ્વારા આગળ પોકાર કરતો એક બ્રાહ્મણ આવ્યો તે બ્રાહ્મણ, "હે મહારાજ! હે નરનાથ! હે રાજરાજેંદ્ર જનકરાય! હું દુ ખી બ્રાહ્મણ છુ, મારુ રક્ષણ કર, મને દુ ખથી મુક્ત કર!" એમ બોલતો છેક રાજાની નજીક આવ્યો ગૌબ્રાહ્મણ પ્રતિપાલ મહારાજાધિરાજ જનકરાયે તેના દિન વચનો સાભળી દયાથી તેના સામુ જોઇને, "તારે શુ દુ ખ છે? મારા રાજ્યમાથી તારા જેવા બ્રાહ્મણને કયો દુષ્ટ પીડા કરે છે?" એમ પૂછવા ધાર્યું, પણ તે જ ક્ષણે તેને વિચાર આવ્યો કે, 'અરે! મેં તન તો મારા ગુરુને અર્પણ કર્યુ છે; તે હવે મારુ નથી, તો પછી હું તેના સામું કેમ કરી જોઉં? અથવા તેને કેમ કરી પૂછુ? આ વાણી તનમા જ સમાયલી છે' આવો વિચાર કરી, તે બ્રાહ્મણના સામુ પણ રાજાએ જોયુ નહિ, ને તે કશું બોલી શક્યો નહિ, એ સ્થિતિ નિહાળી તે બ્રાહ્મણ વધારે વધારે વિલાપ કરવા લાગ્યો ને બોલ્યો, "હું ઋણી છું, મારા માથાપર બહુ મોટું ઋણ (દેવુ) છે, તેથી લેણદાર લોકોએ મારી સર્વ સપત્તિ હરણ કરી લીધી છે, છતા તેથી હું છૂટો થઈ શકયો નથી મારા સ્ત્રી, પુત્ર ને કુટુંબીજનો, અન્ન વસ્ત્ર વિના બહુ દુ ખી છે, ટળવળે છે અને મને કોઇનો આશ્રય ન હોવાથી હું તારે શરણે આવ્યો છુ હે રાજા! એક લજ્જા, બીજી ક્ષુધા અને ત્રીજો લેણદારોના ત્રાસ, એ સઘળાથી વ્યાકુળ થઈ હું અહીં આવ્યો છુ, માટે તારા જેવા ગૌબ્રાહ્મણ પ્રતિપાળ મહિપાળે તો મારુ દુ ખ અવશ્ય નિવારણ કરવુ જોઇએ" આ સાભળી રાજાના

મનમાં તે બ્રાહ્મણનું દુઃખ દૂર કરવા માટે બહુ જ ટળવળાટ થયો. આ ક્ષણે પુનઃ તેણે વિચાર્યું, આ બ્રાહ્મણને અમુક ધન આપવાથી એનુ દુઃખ દૂર થાય એમ છે ગુરુદેવને અર્થે આણેલી એ રત્નથાળ પણ અહીં જ પડેલી છે એમાથી એકાદુ રત્ન આપુ તો એનુ દારિદ્રય દૂર થઇ જાય પણ અરે! ધન તો મેં સર્વ ગુરુને અર્પણ કરી દીધુ છે ગુરુ આ સર્વ દ્રવ્યના સ્વામી છે, તો હું તેમની આજ્ઞા વગર કેમ આપી શકુ?" આ વિચારથી તે મનમા મુંઝાઈ યત્કિંચિત્ વિચારવિવશ થઇ નિચુ જ જોઇ રહ્યો. એક શબ્દ પણ તેનાથી બોલી શકાયો નહિ, પણ ગુરુના ચરણપર દૃષ્ટિ રાખી ઉભો જ રહ્યો હવે ગૌબ્રાહ્મણપ્રતિપાળ કહેવાતો જનકરાય, પોતે આટલા વલખા માર્યા છતા પણ કશુ પ્રત્યુત્તર આપતો નથી, તે જોઈ તે બ્રાહ્મણને ઘણો ક્રોધ ચઢયો, અને તે રાજાનો તિરસ્કાર કરીને બોલ્યો, "અરેરે! સમય કેવો વિપરીત આવ્યો છે? અહો? આ કૃતયુગની અદર પણ કલિયુગ પ્રવર્તતો હું જોઉં છુ ધિક્કાર હજો મને, કે હુ આવા ધનલોભી કૃપણ અને ગૌબ્રાહ્મણપ્રતિપાળ કહેવાતા પણ ખરેખરા દાંભિક અને રાજાનુ નામ જ ધારણ કરનારા પાસે યાચવા આવ્યો આ કરતા તો હું કોઇ ઊંડા જળના કૂવામા પડી બૂડી મર્યો હોત તો પણ ઠીક, કે વિષપાન કર્યું હત કે ભૈરવજપ ખાધો હત તોએ ઠીક, કે આવા ષઢ રાજાનુ મુખ મારે જોવુ ન પડત અરે ધિક્કાર છે એવા રાજાને, કે જેને ત્યાથી અતિથિ કે શરણાગત વિમુખ જાય છે ધિક્કાર છે તે લોકોને, કે જેઓ દૂર દેશાતરોમા રહ્યા થકા આ કૃપણ રાજાની ભ્રષ્ટમતિ નહિ જાણતા, તેની મિથ્યા પ્રશસા કરે છે અરે ઓ મદવશ રાજા! મારા આટઆટલા દીન વચનો સાભળવા છતા પણ મને ધન આપવુ તો રહ્યુ, પણ માત્ર પ્રત્યુત્તર આપવુ એ પણ તને ભારી થઈ પડ્યુ છે? હર! હર! કેવો અધમ કાળ પ્રવર્તે છે!" બ્રાહ્મણના આ વચન સાભળી રાજાના મનમા ખળભળાટ થઇ રહ્યો, અને 'અરે! મારુ બિરદ જઇને મારા નામને આ કેવી હીણપત લાગે છે, શું મારે દ્વારથી અતિથિ વિમુખ જાય છે!' એમ તે પુનઃ પુનઃ વિચાર કરવા લાગ્યો. પણ વળી વિચાર થયો કે, 'અહો! હું શો વિચાર કરુ છુ આ મનમાં વિચાર કરવાનો અધિકાર મને ક્યા છે? કારણ કે, મેં તો તન તથા ધનની સાથે, મન પણ ગુરુને અર્પણ કરેલુ છે! બ્રાહ્મણના આ વચનો સાથે મને શુ લાગેવળગે છે? તન મારુ હોય તો બ્રાહ્મણને બોલાવુ. અશ્વાસન દઉં, ધન મારુ હોય તો હું તેને આપુ ને મન પણ મારુ હોય,

તો જ તેના બોલેલાં નિષ્ઠુર વચનોથી મને હીણુપજ લાગે પણ હવે તો મને કંઈ લાગતું વળગતું નથી; તેમ મને તેમાંનો કશો વ્યાપાર કરવાનો અધિકારે નથી.’ આ પ્રમાણે મનમા ને મનમા સમાધાન કરી, રાજા તો વૃક્ષની પેઠે સ્થિર જ ઉભો રહ્યો તે બ્રાહ્મણના આટઆટલા કઠણ વચન સાભળવા છતા, કેવળ જડ અને સ્તબ્ધ થઈ, ગુરુચરણપર દૃષ્ટિ રાખી, હાથ જોડીને રાજા ઉભો જ રહ્યો, તેનાથી હાલીચાલી કે બોલી શકાયુ નહિ. આવી સ્થિતિ જોઈ અષ્ટાવક્રે રાજાને પૂછ્યુ, “को भवान् (તું કોણ છે ?)” ત્યારે, “जनकोऽस्मि (હું જનક છુ)” એમ તેણે પ્રત્યુત્તર દીધુ. ઋષિપુત્રે કહ્યુ, “હે રાજા જનક! આમા તું જનક કોને કહે છે? તારા શરીરની અદર જનક કયા છે, તે મને બતાવીશ? તું તારા માથાને, મ્હોંને, હૃદયને, હાથને, પગને, બુદ્ધિને કે પ્રાણને, એ સઘળામાથી કોને જનક જાણે છે?” રાજા શુ બતાવે? રાજા તો પુન તદ્રૂપ થઈ રહ્યો તેણે ઘણોય વિચાર કર્યો, પણ કોઈ સ્થળે તેનામા જનક દેખાયો કે જણાયો નહિ, તો તેનાંથી શુ ઉત્તર દેવાય? ઘણીકવાર સુધી તે અડગ, સ્થિર અને નિમેષોન્મેષ* વગર જ ઉભો રહ્યો આ જોઈ ઋષિપુત્રે કહ્યુ, “રાજા! બસ, એ જ તને ઉપદેશ, ને એ જ તારુ સચ્ચિદાનદ પરબ્રહ્મ નિત્ય મુક્ત આનદમય સ્વરૂપ!” આ વચન સાભળી જનકરાયે કહ્યુ, ‘ગુરુદેવ! હવે તો હું વનમા જઈને વસીશ” ગુરુએ કહ્યુ, “કેમ કરીને જશે? મારા વચનથી કે વચનથી બહાર જઈ વસશે? તારુ તન, મન અને ધન (રાજ્ય સમૃદ્ધિ આદિ) સઘળુ મને અર્પણ કીધેલુ છે, તો હવે તારી પાસે શુ છે ને હવે તુ પણ કયા છે? વિચાર કર ને પછી જે બોલવુ ઘટે તે બોલ!” આ ઉત્તર સાભળી પુન રાજા સ્તબ્ધ થઈ ઉભો રહ્યો, ત્યારે ઋષિપુત્રે તેને કહ્યુ, “રાજા! જેમ કોઈ મનુષ્ય પોતાનુ દ્રવ્ય, ગૃહ વગેરે બીજાને સાચવવા આપે, તેમ આ રાજ્યાદિ જે (તન, મન તથા ધન વગેરે) મારુ છે, તે આજથી હું તને સાચવવાને આપુ છુ, માટે મારા ભૃત્ય† તરીકે તુ તેનુ નીતિથી પાલન કર આજથી તુ દેહી છતા વિદેહી‡ થયો છે પૂર્વે કોઈ વિદેહી થયુ નથી, પણ તારી આવી સ્વસ્વરૂપાનદ સામ્રાજ્યમા વિહરતી સ્થિતિ થવાથી, તુ વિદેહી જ કહેવાઇશ” આવી રીતે જનકને રાજ્યાસનપર સ્થાપિત કીધો. પછી રાજાએ પેલા બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણને અનેક રત્નો આપી રાજી કરીને વિદાય કીધો!

*આખનુ ઉઘડમીંચ કરવુ તે. † ગુમાસ્તો, સેવક, પ્રતિનિધિ ‡ જીવન્મુક્ત

તે પછી અષ્ટાવક્રે રાજાને આજ્ઞા કરી, "આ ઋષિમાત્રને હવે રુડી રીતે સંતોષીને તેમને ઘેર વિદાય કર." અષ્ટાવક્ર ગુરુની આજ્ઞા થવાથી, રાજાએ ત્યા બેઠેલા સર્વ ઋષિઓની યથાવિધિ પૂજા કરવાનો આરંભ કર્યો. એ વેળાએ ઋષિઓએ જણાવ્યું, "પ્રથમ અમે સર્વે મળી મહાત્મા અને બ્રહ્મવેત્તા ઋષિપુત્ર અષ્ટાવક્રનુ પૂજન વદનાદિ કરીશુ, કેમકે એ અમારા આખા ઋષિકુળને દીપાવનાર અને બ્રહ્મવર્ચસ્‌રૂપ છે. વળી અમને ઘણા કાળના ન્યાયબધનમાથી મુક્ત કરાવનારા પણ એ જ મહાત્મા છે." પછી ઋષિપુત્રે કહ્યુ, "હું બાળક છુ ને આપ સર્વ વૃદ્ધ હોવાથી મારા ગુરુરૂપ છો, માટે તમોએ મારુ પૂજન કે વદન કરવુ યોગ્ય નથી!" એ રીતે, વિનય વિવેકથી કહેવા છતા પણ, પ્રત્યેક ઋષિએ આવીને, તેના ચરણમા પ્રણામ કર્યા ને તેને અનેક પ્રકારના આશીર્વાદ દેવા માડ્યા. એ પ્રત્યેક ઋષિને મહાત્મા અષ્ટાવક્ર, પ્રથમ તેનું નામ, કુળ, ગોત્ર, પ્રવર, શાખા, વેદ ઇત્યાદિ પૂછતા અને પછી તેના પ્રણામ ગ્રહણ કરતા હતા આમ કરતા કહોલ ઋષિ તેને વદન કરવા ઉભા થયા તેનુ કુળ ગોત્રાદિ સાભળતા જ, મુનિકુળદીપક અષ્ટાવક્ર, તત્ક્ષણે સિંહાસન-પરથી નીચે ઉતરી ઉભો રહ્યો અને તેના ચરણમા મસ્તક ધરી, સપ્રેમ વદન કરવા મડ્યો ઋષિ આદિ આખી સભા તે જોઇને આશ્ચર્ય પામી કહોલ ઋષિએ તેને હાથ ઝાલીને બેઠો કર્યો, અને પૂછ્યુ કે, 'આપ કોણ છો?' ત્યારે અષ્ટાવક્રે, પોતાની માનુ તથા પાસે ઉભેલા મામાનુ નામ કહ્યુ અષ્ટાવક્ર મુનિના ગોત્રનુ વર્ણન સાભળી, સર્વ મુનિમડળ બહુ હર્ષ પામ્યું પછી પિતાએ તેને હૃદય સરસો ચાપી, પ્રેમાશ્રુવડે તેના મસ્તકને ભીંજવી નાખ્યુ; ત્યારે જ રાજા વગેરેએ જાણ્યુ કે, આ કહોલ ઋષિ તો અષ્ટાવક્રના પિતા થાય છે! તે પછી સહુએ એક સાથે જયજયનો હર્ષનાદ કીધો, અને બોલ્યા કે, "ધન્ય છે તે પિતાને, કે જેને આવું પ્રતાપી પુત્રરત્ન છે!" પછી કહોલ ઋષિ ગદ્‌ગદિત કઠે સર્વ સભા સાભળતા કહેવા લાગ્યા, "પુત્ર અષ્ટાવક્ર! હુ તારો પિતા છતા મે તારુ કઈ પણ હિત કર્યું નથી, મેં તારુ પાલન પોષણ પણ કીધું નથી, વિદ્યાદાને દીધું નથી, પણ ઉલટો હુ તારા શરીરની વક્રાવસ્થાના કારણરૂપ થયેલો છુ પણ તારુ કલ્યાણ થાઓ ને તું ચિરજીવ રહે!"

કહોલ ઋષિનુ એવુ વચન સાભળીને રાજાને શકા થઈ, તેથી તેણે ગુરુની આજ્ઞા લઈ, કહોલ ઋષિને પૂછ્યુ, "ઋષિવર! મારા ગુરુજીના

શરીરની વક્રાવસ્થાના કારણભૂત આપ કેવી રીતે થયા?" રાજાનાં તે વચન સાભળી ઋષિએ કહ્યુ, "હે રાજન્! આ મારો પુત્ર અષ્ટાવક્ર જયારે એની માના ઉદરમા હતો ત્યારે, એક દિવસે નિત્ય નિયમ પ્રમાણે હુ વેદનુ પારાયણ કરતો હતો એની મા તે વેળા નિદ્રિત હતી ને હું મારો વેદાધ્યયનનો પાઠ કરવામા લીન હતો તેવામા, એકાએક ગર્ભમાથી જ એણે કોઈ ચમત્કારિક ધ્વનિ કીધો તે ધ્વનિ સાભળી હુ ખચાયો ને પાઠ કરવો બધ કીધો. પછી ગર્ભમા રહેલા એણે કહ્યુ, 'પિતાજી! આપ આટલા બધા લાબા કાળથી વેદ પઠન કરતા આવ્યા છો, છતા હજી સૂધી તેની તમારે આવૃત્તિ કેમ કરવી પડે છે ને તે પણ આટલી બધી અશુદ્ધ કેમ? અમુક અમુક સ્થળે તમારી વાણી તથા હાથના સ્વરો અશુદ્ધ છે' આ વચન સાભળી અને ગર્ભની આટલી બધી પ્રજ્ઞા જોઈ, મને આનદ થવો જોઇએ, તેને બદલે ઉલટો ક્રોધ ચઢયો, તેથી મે ક્રોધાવેશમા જ કહ્યુ, 'રે વક્ર! તુ હજી અવતર્યો પણ નથી, છતા મારી આવૃત્તિને અશુદ્ધ કહે છે, માટે જા તુ આઠે અગે વક્ર થઇશ!" એ કારણથી એ અવતર્યો ત્યારથી જ, મારા શાપને લીધે આવો વાકા અગવાળો છે ને તેથી એનુ નામ અષ્ટાવક્ર પડ્યું છે!"

તે પછી પૂજન અર્ચનાદિકથી સર્વ ઋષિઓને સતુષ્ટ કરી રાજાએ સર્વને વિદાય કર્યા, ત્યારે અષ્ટાવક્ર પણ પોતાના પિતા તથા મામા સાથે પોતાના આશ્રમ તરફ ચાલ્યો માર્ગમા આવતા મધુવિલા નામની નદી આવી, તેમા કહોલે અષ્ટાવક્રને વિધિપૂર્વક સ્નાન કરાવ્યુ, જેથી તેના સર્વ અગોનો વાક મટી જઇ, તે સરખા તથા સુરેખ થઇ ગયા તે દિવસથી તે નદીનુ નામ સમગા (સરખા અગ કરનારી) પડ્યુ છે તે પછી અષ્ટાવક્ર મોસાળમા આવી માતાને મળ્યો અને માતામહની આજ્ઞા લઈ, માતા તથા પિતા સાથે પોતાના પૂર્વના આશ્રમા જઇ રહ્યો હતો.

આ પ્રમાણે, હે રાજપુત્ર! બ્રહ્મતત્ત્વજ્ઞાનસપન્ન અષ્ટાવક્ર મુનિ એટલો સમર્થ હતો અને સારાસારવિચાર કરનાર જનક રાજર્ષિએ તેની પાસેથી એ પ્રમાણેનો સદુપદેશ ગ્રહણ કીધો હતો એ ઉપદેશ મળવાનુ મૂળ કારણ માત્ર સારાસારવિચાર જ હતું. સારાસારવિચાર કરનાર મનુષ્ય એવી રીતે પરબ્રહ્મને જાણે છે જનકને સ્વપ્ન અને સસાર એ બેમાથી સાર શુ, એ જાણવાની ખરી જિજ્ઞાસા થઈ ત્યારે જ તેને,

સારભૂત વસ્તુ જે પરમાત્મસ્વરૂપ છે, તેની પ્રાપ્તિ થઈ હતી. મનુષ્યના કર્તવ્યરૂપે તેને આ વૃત્તાંત કહ્યુ છે

અહિંસા

પુનઃ તે સદ્ગુરુ મહાત્મા મને ઉદ્દેશી બોલ્યા, પ્રિય રાજપુત્ર! સર્વ ભૂતપ્રાણી પ્રત્યે દયા અને નમ્રતા રાખવી, એના જેવો બીજો એકે ધર્મ નથી અહિંસા પરમો ધર્મ. સનાતન વેદે વર્ણવ્યો છે પરને પીડા કરવી, પરનો ઘાત કરવો ઇત્યાદિ દુષ્ટ અને હિંસક આચરણનો ત્યાગ, તે અહિંસા કહેવાય છે હિંસા ન કરવી, એ સૌથી શ્રેષ્ઠ ધર્મ છે અહિંસા એ પરમ ધર્મ છે એ જ દયા, અને દયા એ જ શ્રેષ્ઠ ધર્મ છે નમ્રતા એ પણ દયાના અંતરંગ સખી છે. કંઈ પણ આઘાત થવાથી કિંવા નિષ્ઠુર વચનથી પોતાને મનમા જેવુ દુઃખ થાય છે, તેવુ બીજાને પણ થાય જ, એમ જાણનાર પુરુષ દયાળુ છે, અને જે દયાળુ છે તે અહિંસક છે, પોતાના સમાન બીજાને જાણનાર સામાને કદી દુઃખ દઈ શકતો નથી દયાળુ મનુષ્ય પોતે કરેલુ તો શું, પણ બીજા કોઈ કારણથી વા પ્રારબ્ધયોગથી બીજા પ્રાણી પ્રત્યે થઈ ગયેલુ દુઃખ જોઈ, પોતાના અંતઃકરણમા બહુ દ્રવિત અને દુઃખી થાય છે દયાળુ પ્રાણી અન્યનુ દુઃખ દૂર થવા બનતો પ્રયત્ન પણ કરવા ચૂકતો નથી. સંસારમા વસતા ને ઈશ્વરને ઓળખતા પુરુષમા પહેલે અંશે દયા હોવી જોઈએ નિર્મળ અને સૂક્ષ્મ એવી જ્ઞાનદૃષ્ટિએ જોતા, સર્વ પ્રાણીની અંદર વસી રહેલો બીજો કોઈ નથી, પણ માત્ર અખંડ અને એક પરમાત્મા જ છે ઈશ્વરને સર્વ કર્તા હર્તા જે જાણે છે, વળી જે જે તત્ત્વ મારામા છે તે જ સર્વમા છે, તેવો પુરુષ માને છે કે, પરને દુઃખ થયુ તે મને જ થયું, માટે પરને કદી કંઈ દુઃખ ન થાય, તેની સદા સંભાળ રાખે છે દયા એ ખરા અદ્વૈતપણાનું લક્ષણ છે, અને નિર્દયપણામા જેવો બીજો અધર્મ નથી. નિર્દય પુરુષ કદી ભક્તિમાન્ કે જ્ઞાની થઈ શકતો નથી વળી જ્યા નિર્દયતા છે, ત્યા નિરંતર પાપનો નિવાસ હોય છે, અને જ્યા પાપ હોય છે ત્યા જ્ઞાન કે ભક્તિનો પ્રકાશ ઢંકાયલો રહે છે, પણ વ્યક્ત થતો નથી જ્યાસૂધી અંધકારયુક્ત મન હોય છે ત્યાસૂધી પ્રકાશાત્માનું ખરું સ્વરૂપ વ્યક્ત થતું નથી. જ્યા પાપાદિ દુષ્કર્મરૂપ અંધકાર હોય છે, ત્યા પુણ્ય-જ્ઞાનરૂપ તેજનો પ્રકાશ હોતો નથી એટલા માટે, પ્રાણી માત્રે જ્ઞાનપ્રાપ્તિ અર્થે, પ્રથમ સર્વ પ્રતિ સમાન અંતઃકરણવાળા થવુ

જોઇએ સમદૃષ્ટિ રાખનારા જીવનુ અંતકરણ અતિશય મૃદુ અને નિર્મળ હોય છે, તેથી તેનામા ભગવત્પ્રાપ્તિમા પ્રયાસરૂપ બીજદ્વારા, દયા પ્રગટી નિકળે છે, અને તે દયા પ્રતિદિન વૃદ્ધિ પામે છે, તથા તે દયાભાવને લીધે શુદ્ધ થયલા અતકરણમા જે ભક્તિ ઉત્પન્ન થાય છે, તે ભક્તિ જ્યારે આગળ વધતી અનન્યાવસ્થાને પહોંચે ત્યારે તે પુરુષ પરમ પુરુષના સ્થાનનો ભાગી ને ભોગી બને છે અહિંસકનું હૃદય સદા કોમળ હોય છે, નિર્દયનુ અંતકરણ તેથી કેવળ ઉલટુ છે તેનું હૃદય મલિન અને પાષાણુસમાન કઠિન હોય છે તેથી તેનામા સત્સંગ તથા સદ્ગુરુના બોધરૂપ જળનુ વારવાર સિંચન કરવા છતા પણ, જ્ઞાનબીજ ઉદય પામતુ નથી હિંસક સર્વભૂત પ્રાણીને પોતાના શત્રુ માને છે, સર્વત્ર દ્વૈત જુવે છે, તેની કોઇપર પૂર્ણ પ્રીતિ ચોટતી નથી, તેના શરીરમા ક્રોધનો નિરતર વાસ રહે છે અને ક્રોધથી સઘળુ બગડે છે

માટે, એ સર્વ અવગુણ અને અનર્થના અને પરમપદપ્રાપ્તિમા સદા વિઘ્નરૂપ જે નિર્દયતા–હિંસા, તે સમૂળી ત્યજી, મનુષ્યે સર્વ ભૂતપ્રત્યે દયાળુ રહેવુ જોઇએ, અને એ જ્ઞાનમાર્ગમા પ્રવેશવાનુ એક કર્તવ્ય ગણાય છે હિંસા અવાચક પ્રાણીની જ થાય છે, એમ નથી, પણ વાચાવાળા પ્રાણીની પણ થાય છે હિંસાના બે રૂપ છે એક કોઇનો ઘાત કરવો તે, અને બીજુ કોઇના મનને દુ ખ ઉત્પન્ન કરવું તે કારણે કે અકારણે ક્રૂરતા–કઠોરતાથી, નિર્દયદૃષ્ટિથી, પરને તિરસ્કારના વચનો કહેવા, અને પરના આત્માને દુ ખ ઉપજાવવુ, એ પણ એક પ્રકારની હિંસા જ છે. ઘણીવાર ઘાતકપણા કરતા પણ એ હિંસા ભારે થઈ પડે છે! તેનુ પાપે ભારે છે, પ્રાશ્ચિત્ત ભારે છે, અને પોતાના આત્માનો વિનાશ–પતન પણ એ જ હિંસામાથી થાય છે. વાચક કે અવાચક પ્રાણીનો ઘાત એ હિંસા છે, પણ કોઈ કર્મથી કે વાણીથી મનને દુ ખ ઉપજાવવુ, એ શસ્ત્રના ઘાની હિંસા કરતા પણ ભારે હિંસા છે હિંસામા એક જ દુ ખ છે કે એકજ ક્ષણ દુ ખ ભોગવી મુક્ત થવાય છે પણ મર્મવચન બાણનુ દુ ખ ક્ષણે ક્ષણે કષ્ટ આપ્યા કરે છે ને તે જીવન પર્યંત ભૂલી જઈ શકાતુ નથી કષ્ટ સહેનારને જ્યારે જ્યારે તેનુ સ્મરણ થાય છે, ત્યારે ત્યારે વજ્રબાણ માર્યો જેવું, કે પાપી માણસને નર્કમા પડ્યા પછી જે તીક્ષ્ણ દુ'ખ થાય છે તેવુ દુ ખ થાય છે. માટે જેમ શસ્ત્રવડે ઘાત કરવાથી અકલ્યાણ થાય છે અર્થાત્ પ્રભુપ્રાપ્તિના માર્ગમાથી પતન થાય છે, તેમ વાણીરૂપી શસ્ત્રવડે ઘાત કરવામાએ અકલ્યાણ સમાયલુ છે.

આપેલી આશા કે દીધેલો વિશ્વાસ, એનો ભંગ પણ પ્રાણીનું અકલ્યાણ કર્તા થઈ પડે છે. 'આપીશ' એમ કહ્યા પછી જે પુરુષ આપતો નથી અને તેથી આશાના બંધને કાપી નાખે છે તેથી જે કષ્ટ થાય છે એ પણ હિંસા જ છે. આશાબંધની આશાનો નાશ કરવારૂપી હિંસાથી ધાર્મિક રાજાઓને અનેક કષ્ટ ભોગવવા પડ્યા હતા. વિશ્વાસભંગથી જે હિંસા થાય છે, તેનુ પાપ અતિ ભારે છે ને તે ભોગવતા અનેક કષ્ટ વેઠવા પડે છે હિંસા એટલે દુઃખ પછી તે ગમે તેવા પ્રકારનુ અને ગમે તે કારણથી થયુ હોય મુમુક્ષુએ એવું કૃત્ય કદી ન કરવું કે, જેથી તે પાપભાગી થાય ને મોક્ષમા અવરોધકર્તા થઈ પડે

નમ્રતા

નમ્રતા એ દયાની ભગિની છે એ પણ દયાના જેટલી જ પરબ્રહ્મપ્રાપ્તિમા સહાયક છે, સસારમૂલક જે અહકાર, તે નમ્રતાવડે છેક જ દૂર થઈ જાય છે સસારમાના પ્રાણીમાત્રને પોતાનાથી અધિક માનનાર પુરુષ નમ્ર કહેવાય છે, અને તેવા થવુ એ અહકાર દૂર થયા વિના બનતુ નથી. સસારમા સૌ મારો ગુરુ (વડીલ) છે, પૂજ્ય છે, વદનીય છે ને હું તેઓના શિષ્ય સરખો છુ એમ જાણવુ અને એમ વર્તવુ, એ નિરભિમાની પુરુષનુ મુખ્ય લક્ષણ છે. પ્રપચમા પણ નમ્ર પુરુષ વિશેષ માનવતો અને સદ્‌ગુણી અને વદનીય ગણાય છે તેને કોઈ પણ પ્રકારનુ દુ ખ જ આવતુ નથી. હરેક વાતે સામા મનુષ્ય સાથે જે નમ્ર રહે છે, તેને પોતાનો દોષ-પાપ છૂપાવવાની ફરજ પડતી નથી, કેમકે દોષ માટે ક્ષમા માગતા નમ્ર મનુષ્યને લજ્જા થતી નથી, અને લજ્જા ન થવી, તે જ ખરેખરુ નિરહંકારીપણાંનુ લક્ષણ તથા નમ્રતાનુ સ્વરૂપ છે. વળી જે સૌ સાથે નમ્ર, તે સૌને પ્રિય હોય છે. તેને કોઈ અશુભ વચન કહે તો તેથી તે નરસુ માનતો નથી કે ક્રોધ કરતો નથી, કેમકે તેણે ક્રોધને જિત્યો હોય છે, તેથી ક્રોધ તેનાથી દૂરને દૂર રહે છે, તેમ તે પોતે કોઈને ક્રોધ ચઢે તેવુ કે માઠુ લાગે તેવું કૃત્ય કરી શકતો નથી વળી નમ્ર પુરુષથી કદી પણ નિર્દય-હિંસક કાર્ય બનવા પામતુ નથી; નમ્ર પુરુષ બીજાના દોષ વર્ણવી શકતો નથી કે મનમા લાવી શકતો નથી; કેમકે તેને પોતાના કરતા સૌ વિશેષ ગુણવાન્ ભાસે છે. તે પરનિંદાએ કરતો નથી. આ સર્વ ગુણોને લીધે પરમાત્મા તેનાપર અતિ સતુષ્ટ રહે છે. આ કરતા ઉલટો ગુણ તે અનમ્રપણું છે. અનમ્રપણું એ જ અહંકાર. અહંકારી પુરુષ, સર્વ દોષથી ભરેલો હોય છે. નમ્ર પુરુષનું અતર જેમ

નિર્મળ અને સત્ય પ્રેમી હોય છે, તેમ અનમ્રના અંતરમાં દંભે વાસો કરેલો હોય છે. દંભ એ દેખીતું અસત્ય જ છે અંતરનો અવગુણ છૂપાવી, બહાર મોટો ડોળ રાખનાર દાંભિક કહેવાય છે. સ્વલ્પ વિદ્યા છતાં વિદ્વાન્ કહેવરાવવું, અલ્પ સંપત્તિ છતાં સંપત્તિવાન્ દેખડાવવું; દુર્ગુણી, અધર્મી, અનાચારી તથા અભક્ત ઈત્યાદિ અવગુણવાળો છતા બાહેરથી ઠાવકો, સત્યશીળ, ધર્મિષ્ઠ, સદાચારી તથા ભક્તિમાન્ વગેરે દેખાવાનો ડોળ રાખવો, એ દાંભિકના લક્ષણ છે, અને એમ જે હોય તેથી ઉલટું દેખાડવું અથવા કહેવું, એ અસત્ય નહિ તો શું? પણ જેના હૃદયમા નમ્રતા વસી હોય છે, તેનામાથી આ સઘળા દુર્ગુણ એકે સામટા નિકળી જાય છે તે માટે જ સૌ સાથે નમ્રતા રાખનાર પુરુષ સર્વવંદ્ય તથા શ્રેષ્ઠ મનાય છે જ્ઞાની પુરુષનું ખરુ લક્ષણ શું હોય છે? માત્ર નિરભિમાનત્વ, અને એ નિરભિમાનત્વ નમ્રતાથી આપોઆપ પ્રાપ્ત થાય છે.

હરિનામ

વત્સ! સંસારસાગર ઉલ્લંઘવાના હું તને કેટલા કર્તવ્યો ગણાવું? પ્રત્યેક કર્તવ્ય વિશેષ અગત્યનું અને કલ્યાણકારી છે. એ સર્વ જાણવા માટે પ્રથમતઃ જિજ્ઞાસુ મનુષ્ય સાવધ અને શુદ્ધ બુદ્ધિવાળો જોઇએ. તેમ ન હોય તો સાધારણ પ્રજ્ઞાવાળો કેવી રીતે એ કર્તવ્યોને સાધી શકે? સૌ કરતા સરળ અને કલિયુગને વિષે અતિશય કલ્યાણકારી કર્તવ્ય શ્રી હરિનું નામસ્મરણ છે એમા બુદ્ધિ, વિદ્યા કે ઉત્તમ પ્રકારના, જ્ઞાનનું પણ કામ નથી. જેમ અશ્વિનીકુમારના જાણીતા ઔષધોનો સમૂહ અને અરણ્યવાસી તપસ્વીની એક જ જડી બૂટી તનની સર્વ વ્યાધિનો સરખી રીતે, જડમૂળમાથી વિનાશ કરે છે, તેમ આ સઘળા કર્તવ્ય એક બાજુ અને બીજી બાજુ હરિનું નામસ્મરણ છે! તે પરમ કલ્યાણકારક, સર્વ શ્રેષ્ઠ ફળનું દાતા છે નામસ્મરણ સર્વ આધિ ને ઉપાધિનો જડથી વિનાશ કરે છે–બાળી એવું ભસ્મ કરે છે, કે તેની રજ પણ દૃષ્ટે પડતી નથી એના જેવો પ્રતાપ બીજા કશાનો નથી પરમાત્માના મંગળ નામનું નિરંતર સ્મરણ કરનાર પુરુષ, સહજમા નિષ્પાપ થાય છે, અને પાપ દૂર થવાથી સર્વ ગુણો પલટાઇને ગુણરૂપ થઈ જાય છે નામસ્મરણનો મહિમા અપાર છે. નામસ્મરણ કરવાથી પ્રભુના સગુણ સ્વરૂપ વિષે પ્રીતિ જોડાય છે અને એ પ્રીતિ એવી જડબેસુલાખ બેસી જાય છે કે, જેથી પરમાત્મા તેને સગુણરૂપે દર્શન આપે છે અને એ સ્થિતિને અંતે એ ભક્તિમાન્ જીવ, પોતાના શુદ્ધ,

પવિત્ર સ્વરૂપને ઓળખી નિર્ગુણ પરમાત્મામા વિલીન થાય છે અર્થાત્ મૂળ સ્વરૂપને પામે છે. નામસ્મરણ એ જ્ઞાનવૃક્ષમાંથી નવપલ્લવિત થયેલું રમ્ય પુષ્પ છે. આ પુષ્પમાંથી ઉત્પન્ન થયેલું ફળ સર્વ રસથી લદબદ છે! નામસ્મરણ કરનારને તેની લાબી ખેડથી નામી (નામવાળા પરમાત્મા)ના દર્શનની પૂર્ણ જિજ્ઞાસા થાય છે; અને તેમા તલ્લીન થવાથી, પ્રભુનો–આત્મસાક્ષાત્કાર થાય છે નામસ્મરણથી તેનામા હોય છે તે કરવા જિજ્ઞાસા બળવત્તર અને સુદૃઢ થાય છે એ જિજ્ઞાસા તે જ પ્રેમ સૃષ્ટિનું મુખ્ય બીજ પ્રેમ છે પ્રેમ જ હરિ, જગદીશ, રામ, કૃષ્ણ, બ્રહ્મ, પરમાત્મા, એ સર્વરૂપ છે પ્રભુ તો પ્રેમને વશ છે. આ તો સાધારણ નિયમ છે કે, જો પરમાત્માપર મનુષ્યની ખરેખરી અડગ પ્રીતિ થઈ, તો તે વિનાની બીજી સર્વ વસ્તુપર તેની અપ્રીતિ (વિરાગ) થાય છે જેનાપર સર્વાંગે સર્વાંશે પ્રીતિ રહે છે, તેની પ્રાપ્તિ તેપરની અડગ નિશ્ચળતાથી થાય છે એ પ્રિય વસ્તુની પ્રાપ્તિથી સર્વોત્કૃષ્ટ સુખ–સર્વોત્કૃષ્ટ આનદ મળે છે. જેની પરમાત્માના સુદર નામસ્વરૂપમા પ્રીતિ ચોંટેલી છે, તેને સસારમાની દૃશ્ય માયિક વસ્તુ માત્રપર આપોઆપ અપ્રીતિ થાય છે પ્રભુનામમા જડાયલી પ્રીતિ એવી છે કે, તે છોડી છૂટતી નથી, મૂકી મૂકાતી નથી એક કરતા બીજી સારી વસ્તુ ભાસે ત્યારે તેનાપરથી પ્રીતિ ઉતરે કે ની? પરમાત્માપરના પ્રેમથી શ્રેષ્ઠ પ્રેમ કીયો છે કે તેના પર પ્રેમ થાય? સસારપરથી આસક્તિ તદન જતી રહે છે અર્થાત્ માયિક પદાર્થ નાશવત હોવાથી તેનાપર ઉત્કટ વૈરાગ્ય આવે છે તથા શાશ્વત પદાર્થપર અર્થાત્ પરમાત્માપર એકવાર પૂર્ણ પ્રીતિ ચોંટવા પછી તે પ્રીતિ ત્યાથી કાલાતરે પણ ઉખડી શકતી નથી જ્યા પરમાત્મા સાથે અત્યત સ્નેહ થયો–તેનામા લીન થવાયુ, સેવ્ય સેવકનુ ઐક્ય થયું; અને તે વળી ઉત્કૃષ્ટ પ્રકારનુ ઐક્ય થયુ, જે કદી તૂટે નહિ તેવુ ઐક્ય થયુ, તેને જ અદ્વૈત કહે છે. નિર્મળ નિષ્કામ પ્રીતિથી (ભક્તિથી) જગતને દ્વૈતભાવ મટી જાય છે પણ રામ ને કામ–હરિ ને સુવર્ણ–સસાર ને સારરૂપ પરમાત્મા, એમ બે વસ્તુપર સાથે સાથે પ્રીતિ થતી નથી. ઉભયના સેવનથી તો જીવ બધમા જ રહેશે, મોહમાં જ રગડોળાશે; અકલ્યાણ જ વહોરશે. કોઈ ભક્તે કહ્યું છે કે.–

રામ ત્યા નવ કામ ભાસે, કામ ત્યા નવ રામ;
તુલસી દોનો નવ મીલે, રવિ રજની એક ઠામ.

એ જ સત્ય છે. જ્યાં પ્રકાશ ત્યા અંધકાર ન હોય, જ્યાં અંધકાર ત્યાં પ્રકાશ નથી રજની હોય ત્યાં દિવસ હોય એમ કોઇએ જાણ્યું નથી; દૂધમા કાળાશ કોઈએ જોઈ નથી. તેમ જ નામસ્મરણમા અપવિત્રતા હોય જ નહિ. હે બાળઋષિ! જાણ કે આલોકમા નામસ્મરણ એ જ શ્રેષ્ઠ સાધન છે એકલા જ્ઞાનથી સારી રીતે સમજણ આવે છે, પણ વિશુદ્ધ પ્રેમવૃત્તિ ઉત્પન્ન થયા વગર સસારમા વિરાગ અને હરિમા અનુરાગ, સુઘડ ને સુંદર થતો નથી. સાસારિક પદાર્થ અનિત્ય (મિથ્યા) છે, એમ જાણીને તે અનિત્યપર વિરાગ તથા નિત્યપર પ્રીતિ થાય છે ખરી, પણ એકલું એવુ જ્ઞાન-જે શુષ્કજ્ઞાન છે તેની જ્યારે વિસ્મૃતિ થાય છે, ત્યારે વિરાગ ક્યાય એવો જતો રહે છે કે શોધ્યો પણ મળતો નથી. વિરાગ ગયો કે જીવને ફરી સકલ્પવિકલ્પ થવા માડે છે; અને તેથી તે પાછો ચોરાસીના ફેરામા પડે છે વળી જ્ઞાનને, સમયે હુ જ્ઞાની છુ, એવું અભિમાન થવાનો પણ સંભવ છે, તેથી પણ તેને પાછા ચોરાસીના ફેરામા પડવાનો ભય રહે છે, પણ વિજ્ઞાનીને-અનુભવયુક્ત જ્ઞાનવાન્ ભક્તને-અનન્ય ભક્તને અભિમાન ઉત્પન્ન થતું જ નથી, કેમકે તે તો પ્રભુને પોતાના સેવ્ય અને પોતાને સેવક માની, તેમા જ આનદે રમણ કરે છે વિચારી જોતા, ભક્ત એ જ શુદ્ધ ને પરમ જ્ઞાની છે, અને ભક્તિ સહિત જે જ્ઞાન, તેજ પરમ શ્રેષ્ઠ જ્ઞાન છે ને એ જ જ્ઞાન મુક્તિ આપે છે હુ પરમાત્મા સ્વરૂપનો અશ છુ અને મારો અશી પરત્મામા છે, પણ વસ્તુત હુ ને તે એક છીએ, ત્યારે જૂદો કેમ ભાસું છુ? એમ જૂદો ન ભાસું, તેને માટે મારા અશીનો જ મારે નિદિધ્યાસ રાખવો જોઇએ, અર્થાત્ સ્મરણ-ધ્યાન કરવુ જોઇએ એવા નિદિધ્યાસમા લીન થયેલા જીવને સત્વર ઇષ્ટ આરાધ્યનો સાક્ષાત્કાર થાય છે પ્રભુનો સાક્ષાત્કાર થવો, તેજ સર્વોત્કૃષ્ટ જ્ઞાન અને તે જ સર્વોત્કૃષ્ટ ભક્તિ છે। ભક્તિ અને જ્ઞાનમા ભેદ માનવો, એ જડ વિચારનું કાર્ય છે ખરુ જોતા ભક્તિ અને જ્ઞાનને, બીજ વૃક્ષપેરે સબધ છે બીજથી વૃક્ષ અને વૃક્ષથી બીજ બીજ હતું તો વૃક્ષ થવા પામ્યુ ને વૃક્ષ હતુ તો બીજ ઉત્પન્ન થયુ ભક્તિ છે તો જ્ઞાન થાય છે, જ્ઞાન હોય છે તો ભક્તિ સ્થિર રહે છે. વળી જીવે ભક્તિ સાથે આ જ્ઞાન પ્રાપ્ત કરવાનુ છે કે, પરમાત્મા એ મારુ મૂળ સ્વરૂપ છે, પણ અવિદ્યાને યોગે ને સસારના રગડામા ખરડાયલો હોવાને લીધે, તેને સ્વસ્વરૂપનું જે વિસ્મરણ થાય છે, તે ભક્તિમા દૃઢ જ રહી ન થવા દેવું. જ્યારે

જીવની સામેનો સંસાર આવરણનો પડદો ફાટી જાય છે, ત્યારે જ તેને પરમ સ્વરૂપ પ્રત્યક્ષ થાય છે એ પટ ફાડવા માટે જ્ઞાન આવશ્યકીય છે જ્ઞાન થયા પછી, શુદ્ધ પરબ્રહ્મની ભક્તિ થાય છે, અને ભક્તિથી પરમાત્માનો પરિચય થતાં, અર્થાત્ સાક્ષાત્કાર થતા, નિજસ્વરૂપનું ઉત્તમ જ્ઞાન થાય છે કે “અહો! પરમાત્મસ્વરૂપ આવું છે. એ નાશ-રહિત અને સર્વોપરિ છે.” એવુ જ્ઞાન થવાથી, પુન. ભક્તિ દૃઢ થાય કે, પરમાત્મસ્વરૂપ એ જ સત્ય જ્ઞાન છે અને એ જ પરમાનન્દ સ્વરૂપ છે, માટે એ જ સાચુ, બીજુ સર્વ મિથ્યા છે; અને તેમ થતા જીવનો દૃઢ નિશ્ચય થાય છે કે, મારુ કલ્યાણ પરમાત્મપરાયણ રહેવામા જ છે. આ ભક્તિને જ્ઞાનોત્તર ભક્તિ અથવા તો અનન્યભક્તિ કહેવામા આવે છે. હે રાજપુત્ર! તારી પ્રજ્ઞાને જાણવા દેજે કે, ભક્તિથી જ્ઞાન અને જ્ઞાનથી ભક્તિ છે જ્ઞાન વિનાની ભક્તિ સુક્કા કાષ્ઠવત્ છે અને ભક્તિ વિનાનુ જ્ઞાન રસ વગરનુ લુખ્ખુ ફળ છે. એકલી ભક્તિ—સકામ ભક્તિના કરતા નિષ્કામ ભક્તિ—જ્ઞાનભક્તિ—અનન્યભક્તિ—શ્રેષ્ઠ ગણાય છે ભક્તિનું લક્ષણ બાધતા ભક્તિસૂત્રમા કહ્યુ છે કે सा परानुरक्तिरीश्वरे। ઈશ્વર વિષે પરમ અનુરાગ થવો તેનુ નામ ભક્તિ. ભક્તિ વગરનુ જ્ઞાન શૂન્યવત્ છે, અને જ્ઞાન વગરની ભક્તિમા શકા થવાથી સમયે ભ્રષ્ટ થવાય છે માટે જ, સર્વ કર્તવ્યો કરતા સહજમા સધાય તેવું અને વળી સર્વોત્કૃષ્ટ કર્તવ્ય, ભગવન્નામસ્મરણ છે એ નામસ્મરણની સિદ્ધિમા ભક્તિ અને જ્ઞાન મુખ્ય સાધન છે માટે જીવે સ્થિરચિત્તે અને અનન્ય ભાવે—આ સત્ય કે તે સત્ય, એમ વ્યભિચારી પ્રીતિ રાખ્યા વગર, નામસ્મરણરૂપી તપ તપવુ હરતા ફરતા, કામ કરતા, ભોજન કરતા, જળ પીતા, સૂતા, બેસતા ઇત્યાદિ સર્વ સમયે, અતરમાથી શ્રીહરિનુ નામ વિસારવુ નહિ, પણ સર્વ કામના ત્યજી, ભય લજ્જા શંકા ત્યજી, નિર્ભયપણે ભગવન્નામની રટણા રાખવી, અને પાસે બેઠેલો મનુષ્ય પણ સાભળી કે જાણી શકે નહિ, તે રીતે નિરંતર જપ જપ્યા જ કરવો, એ જ પરમ કર્તવ્ય છે, એ જ મોક્ષનુ દ્વાર છે, અને એ જ સાધનનું સાધન, તત્ત્વનુ તત્ત્વ ને સારનું સાર છે! હરિનુ નામ, સર્વ મગળોનુ મંગળ, પાવનોનુ પાવન, કલ્યાણોનુ નિધાન અને પાપોનું હરણ કરનાર છે. તેના ઉચ્ચારણ માત્રથી જ સર્વ દુઃખો દૂર થાય છે. એના હું જેટલા ગુણ ગાઉં તેટલા થોડા છે. નામસ્મરણ એ ખરેખરી અમૃતૌષધિ છે.

નિરંતર પ્રભુના મંગળ નામોનો ઉચ્ચાર કરવાથી સઘળાં કર્તવ્ય સધાશે, ભવસાગર તરાશે, જન્મમરણથી છૂટાશે, સંસારનો ત્રાસપાશ તૂટશે, જ્ઞાનાનંદ લૂંટાશે ને પરમાત્માને ભેટાશે. એ જ સત્ય છે, એ જ નિત્ય છે, એ જ પરમ છે અને એ જ સર્વોત્તમ છે.

વત્સ વિશાળ! આટલું ભાષણ પૂરું થતાં અમને આખો દિવસ તથા બે પ્રહર રાત્રિ વીતી ગઈ છતા તે યોગીશ્વરનાં અમૃત સમાન મધુર વચનોથી થતા આનંદને લીધે, મને તે સમય એક ઘટિકા જેટલો લાગ્યો. પછી જ્યારે તેણે મને આજ્ઞા આપી, ત્યારે હું સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને ત્યાંથી ઉઠ્યો, અને મારા સ્થાન ઉપર ગયો. આજના આનંદને લીધે મારી ક્ષુધા તથા તૃષા સમૂળગી જતી રહી હતી, તેથી કશું પણ ખાધાપીધા વગર જ, હું આનંદ લહરીમા વહેતો અને નામ-સ્મરણના રસથી ઉભરાતા સાગરમાં તરતો, કલ્પવૃક્ષની નીચે સૂઈ ગયો

પંચમ બિન્દુ

જ્ઞાનાનન્દ

परमार्थचमत्कारमन्तस्थानुभव विना ।
अन्यस्यान्यं न जानाति सीधुस्वादुमिव द्विज ॥
अहो शास्त्रमहो शास्त्रमहो गुरुरहो गुरु ।
अहो ज्ञानमहो ज्ञानमहो सुखमहो सुखम् ॥
रसो वै स । रस ह्येवाय लब्ध्वानन्दी भवति ॥

અર્થ–અન્તરમા અનુભવ હોયા વિના, અન્યના પરમાર્થ ચમત્કારને, અન્ય જાણી ન શકે, જેમ મદ્યના સ્વાદને દ્વિજ–બ્રાહ્મણ જાણે નહિ અહો આ શાસ્ત્ર, અહો ગુરુ, અહો ગુરુ, અહો જ્ઞાન, અહો સુખ, અહો સુખ' એ રસ છે એ રસને જે પ્રાપ્ત કરે, તે આનન્દી બને છે

ચન્દ્રાભૂએ કહ્યું પૂર્વ રાત્રિનો ઉજાગરો હતો, તેથી પાચમે દિવસે સહજ હું મોડો ઉઠ્યો ખરો, પરતુ ક્ષુધાએ તો મને કિંચિત્ પણ બાધ કર્યો નહોતો ઉઠ્યો એવો જ હું ત્યાથી સરોવર તરફ ગયો. સ્નાન તથા સધ્યા તર્પણ વગેરે નિત્યકૃત્ય આટપી લઈને મોડુ થઈ ગયુ હતુ, તેથી ઉતાવળો ઉતાવળો પાછો આવવા વળ્યો. માર્ગમા અનેક પ્રકારના સૌગંધીક પુષ્પો શોભી રહ્યા હતા, તે જોઈ મારા મનમા વિચાર થયો કે, “આ સુદર પુષ્પો તો આયતા જ છે, છતા અદ્યાપિપર્યંત મેં મારા ગુરુદેવની પૂજા કરી નથી, તો લાવની, હું એ પુષ્પોવડે તેમના ચરણારવિંદનું આજે અર્ચન કરું!” આવા વિચારથી મેં તુરતના ખિલેલા દિવ્ય પુષ્પો તથા મજરી સહિત તુલસીપત્રો વીણી એકઠા કીધા. હું સ્નાન કરીને આવતો હતો ત્યારે જ ગુરુએ મને પાણી પીવા માટે આપેલુ કમડળુ શુદ્ધ કરીને સરોવરમાથી જળ ભરી લેતો આવ્યો હતો. જળ

તૈયાર હતું. પણ ચંદન ક્યાંથી મળે? અને મળે તો શિલાપર ઘસીને તૈયાર કરવું જોઇએ. અહીંયા શિલા ન હતી. પછી મેં વિચાર કીધો કે, 'ગુરુ પ્રભુતુલ્ય છે, અને પ્રભુ તો, જો ભક્તજને પત્ર, પુષ્પ, ફળ વગેરે શુદ્ધ ભક્તિથી અર્પણ કર્યાં હોય તો, તેથી પણ સતુષ્ટ થાય છે મારી પાસે પત્ર, પુષ્પ અને પાણી તો છે, ફળ નથી, પણ તે અહીંયા પુષ્કળ છે માટે આજે એ વડે હું પૂજન કરુ તો મારી મન કામના પૂર્ણ થાય આમ વિચારીને હું માર્ગથી જરાક આડે ફંટાયો અને જમણા હાથ તરફ ગયો ત્યા અનેક સુઘટ આમરાઇમા, આમ્રતરુઓને પાકી જેવા આવેલા ફળોના ભારથી લચી રહેલા જોયા. મોડુ થઈ જવાના ડરથી, જૂદી જૂદી જાતના ફળો વીણ્યા વગર, માત્ર અતિ સુદર મધુર સુગધથી ભરેલા પાચ ફળ ઉપાડી લઈને હું માર્ગે પડ્યો પછી વાટિકાની અદર ગયો ત્યા મહાત્મા યોગીશ્વર, જાણે મારા આવવાની વાટ જ જોતા હોયની, તેમ માર્ગ ભણી મુખ કરીને મૃગચર્માસનપર વિરાજેલા હતા હું તેની સન્મુખ જઈ, પ્રણામ કરીને ઉભો રહ્યો, કે તુરત તેણે વગર કહે જાણી લીધુ કે, આજે પૂજા કરવાનો મારો મનોરથ છે! તેથી, અમૃતસમાન મધુરવાણીવડે તે બોલ્યા, "તારા મનમા જે પવિત્ર વિચાર આવ્યો છે, તેથી જ તુ મારુ પૂજન કરી ચૂકયો છે, પણ તારી ગુરુ-પૂજન જિજ્ઞાસા પૂર્ણ કર!" આટલુ કહી તુરત તેમણે પોતાના ચરણા-રવિંદ આગળ ધર્યા, એટલે પત્રપુટની* અદર મેં પાદપ્રક્ષાલન કીધુ અને મારા ઉપવસ્ત્રથી લુછી, તેમનાપર, મેં આણેલા મગળ પુષ્પો ચઢાવ્યા. પછી બાકી રહેલા ઉત્તમોત્તમ સુવાસિક સુમનોનો† હાર કરી, તેમા થોડે થોડે અતરે વૃન્દાના‡ પત્રો તથા માજરો ગોઠવીને તૈયાર કરેલી પવિત્ર પુષ્પમાળા, તેમના કઠને વિષે આરોપણ કરી. પછી શેષ તુલસી-દલ તથા પુષ્પો પોતાને હાથે ઉંચકી લઈ, પોતાની સુવર્ણરગ જેવી જટાને વિષે ધારણ કરી, મારી સામુ સ્મિતથી જોઈ રહ્યા તે જોઈ, તેમની મારાપરની અણહદ કૃપા પ્રત્યક્ષ દર્શન દેવા લાગી. પછી મેં પ્રફુલ્લિત હૃદયે પેલા પાચ આમ્રફળો તેમના આગળ મૂકયા તે તેણે હાથમા લીધા ખરા, પણ તે લેઇને કયા મૂકયા, તેની મને ખબર પડી નહિ ક્ષણ પછી તેમાથી એક ફળ તેણે મને પ્રસાદી તરીકે પાછું આપ્યુ. એમ પૂજા સમાપ્ત થઈ, એટલે ઉભો થઈને મેં

* પાદડાના દુના (દડિયા). † પુષ્પોનો. ‡ તુલસીના

તેમની સ્તુતિ કરવાનો વિચાર કર્યો; પણ પ્રેમને લીધે અંતઃકરણ ભરાઈ આવવાથી, વાણી છેક બંધ થઈ ગઈ એક અક્ષર પણ મારાથી સ્પષ્ટ બોલાઈ શકાયો નહિ. ત્યારે મેં મનમા ને મનમા જ પ્રાર્થના કરીને વારવાર તેમની પ્રદક્ષિણા તથા નમસ્કાર કર્યા, અને છેવટે તેમના ચરણુમાં મારુ મસ્તક મૂક્યું આ સમયના પ્રેમાનદનુ વર્ણન હુ કરી શકતો નથી. પછી તેણે મને અનેક આશિર્વચનો કહી બેસવાને કહ્યુ હું પ્રેમભરિતહૃદયે, તેમના ચરણામૃતનું પાન કરી, તેમની સન્મુખ બેઠો

પૂર્વ દિવસે થયેલા ઉપદેશપર મનન કરવાનો મને કંઈ પણ સમય મળ્યો ન હતો પ્રભાતમા સ્નાન કરતી વખતે એટલુ જ મારા મનમા આવ્યું હતું કે, "ગુરુએ જે જે કર્તવ્યો કહ્યા, નિયમો કહ્યા, જ્ઞાનોપદેશ દીધો, એ સઘળુ શાને માટે કહ્યુ હશે? તેના ઉપદેશ પરથી તો એમ લાગતું હતું કે, આ સસાર, કે જે કિંચિત્ સુખ અને અપાર દુ ખથી ભરેલો છે, તેમા વારવાર ગુચવાઈ ન જતા, નિરતર સુખદુ.ખને સમાન ગણીને આત્માનદનો અનુભવ લેવો અને પરમપૂજ્ય પરમાત્મા, જે સર્વત્ર વ્યાપી રહેલો છે, સર્વને અનેક રૂપે દર્શન દે છે, તેની પ્રસન્નતા-કૃપા પ્રાપ્ત કરી, આ સંસારને તરી જવો—એ જ મનુષ્યજન્મનુ સાર્થક છે, અને એ સુખ તો ભગવાન્ ગુરુદેવના કહેવા પ્રમાણે માત્ર પરમાત્મસ્વરૂપમા જ સમાયલુ છે, જે પરમાત્મા અખડ અવિનાશી, નિત્યમુક્ત અને સત્, ચિત્, આનદઘનરૂપ છે. એ સ્વરૂપ આત્માનું પોતાનુ જ છે ને તે સ્વસ્વરૂપને પામવામા જ આત્માનુ સર્વ સુખ—આનદ સમાયલા છે આવી રીતે, ઉત્તમ જ્ઞાનથી અને નિષ્કામ ભક્તિથી જાણીને, એ પરમાત્મસ્વરૂપને ભજવુ (નિરતર તેને વિષે ઐક્યનુ અનુસધાન કરવુ) તે જ ખરુ અને અવિનાશી સર્વોત્તમ સુખ છે ગુરુવચનના ઉપદેશનુ આવુ રહસ્ય વિચારીને, એ પરમાનદ અને તેનાથી થતા આનદનુ સ્વરૂપ કેવુ હશે, આવી શકા મારા મનમા સહજ સ્ફુરી આવી હતી પછી જ્યારે હું હાથ જોડી એકાગ્રચિત્ત થઈને તેમની આગળ બેઠો, ત્યારે તેમણે પોતાનું અમૃતતુલ્ય મધુર ભાષણ ચાલુ કીધુ, જેનુ તાત્પર્ય મારી શંકાના ખરેખર સમાધાનરૂપે જ હતું

યોગેશ્વર બોલ્યા, "તુ મારા ઉપદેશનુ યોગ્ય પાત્ર છે હે વત્સ! તારા મનમા અતર્યામીપણે આજે જ્ઞાનાનદ અથવા સચરાચર વ્યાપી શ્રીહરિના નિજસ્વરૂપના દર્શનથી જે આનંદ થાય છે તે કેવો હશે, એ જાણવાની

જિજ્ઞાસા થઈ છે. એવી જિજ્ઞાસા થવી, એ પૂર્ણ અધિકારીનું લક્ષણ છે. જન્માન્તરમા જે પાપ કર્મો કર્યા હોય છે, તે બીજા જન્મમાં પ્રત્યક્ષ જણાતા નથી, પણ અશુભ વાસનાદ્વારા તેનો અનુભવ અને અનુમાન થાય છે, અને તેથી નિષિદ્ધ કર્મ કરવાની જે ઇચ્છા થાય છે, તે અશુભ વાસના છે તેના વિનાશ માટે, સ્વસ્વરૂપાનુસધાન, ઈશ્વર નામોચ્ચારણ, નિષ્કામ કર્મપર પ્રીતિ ને જનદયા (અર્થાત્ અભેદત્વ) મુખ્ય છે. એથી પાપરૂપ મળ અને વિક્ષેપરૂપ મળ બનેનો નાશ થાય છે ચિત્તની ચચળતાનુ નામ વિક્ષેપ છે એ ચિત્તનાશના બે ક્રમ છે, જ્ઞાન અને યોગ. યોગ એટલે વૃત્તિનો નિરોધ અને જ્ઞાન એટલે સમ્યક દર્શન તત્ત્વજ્ઞાનમા અથવા સ્વસ્વરૂપ વિષે જેનું ચિત્ત સ્થિર થતું નથી. પણ અન્ય વિષયમા જે ભટક્યા કરે છે તે વિક્ષેપ, ને એ વિક્ષેપ દોષયુક્ત છે. સગુણના ચિંતનથી ચિત્તની એકાગ્રતા થાય છે, અને તેથી વિક્ષેપ અથવા દોષ નાશ પામે છે એ દોષ નાશ થયા પછી જીવ જાણે છે કે, બ્રહ્મરૂપ આત્માને હું જાણતો નથી પણ એ અજ્ઞાન છે, એનો નાશ તત્ત્વથી થાય છે પ્રથમના બને દોષ તારામાથી લય પામ્યા છે અને અજ્ઞાન રહ્યુ છે તે પણ શનૈ શનૈ લય પામતુ જાય છે હવે તને નવી નવી જિજ્ઞાસા થાય છે. નવીન જિજ્ઞાસા સ્ફુરાયમાન થવાના કારણમા તેં પોતાની મેળે તારુ સમાધાન કીધુ, તે પણ યથાર્થ જ છે. જન્મમરણની આવૃત્તિ થઇને સસારમા જે નિરતર દુ ખ ભોગવાય છે, તેનો અત આણી નિત્ય અને સત્ય સ્વરૂપને જાણી, અપાર સુખમા રહેવુ, એને માટેજ સસારીના સર્વ કર્તવ્યો છે જીવિતનો–જન્મનો એ જ ખરેખરો હેતુ છે કે કર્તવ્ય પૂર્ણ કરવા કર્તવ્ય પૂર્ણ થયા કે શ્રીહરિ અથવા જેને સાખ્યો બ્રહ્મ કહે છે, તેનુ જ્ઞાન પ્રાપ્ત કરી, દૃઢ યોગથી (નિષ્કામ ભક્તિથી અથવા અદ્વૈતભાવનાવડે) સાક્ષાત્કાર કરવો, અને તેનો આનદ ભોગવવો. એ જ્ઞાનનો આનદ એ શું? જ્ઞાનાનદથી થતુ સુખ કેટલુ છે, કેવુ છે, એ કોઇથી વર્ણવી શકાય તેમ નથી તે અકથ્ય (કથી ન શકાય તેવુ), અવર્ણ્ય (વર્ણન પણ કરી શકાય નહિં તેવુ), અપાર (પાર વગરનુ) અને અતર્ક્ય (તર્કમા–કલ્પનામા પણ ન આવી શકે એવુ) છે એ અનુપમ છે, એ અનિર્વચનીય (વાણીએ વર્ણી ન શકાય એવુ) છે, એને કોઈની ઉપમા આપી શકાય અથવા કોઈ વસ્તુની જોડે સરખાવીને તેની તુલના કરી શકાય એવું એ નથી સસારના દૃશ્ય સુખાનંદો સમગ્ર એકઠા કરીએ તો તેના એક બિંદુ

સમાન પણ જ્ઞાનાનંદનું સુખ ન થાય. જ્ઞાનાનંદ તો અગાધ ને વિશાળ સાગર છે શિવ, શેષ, બ્રહ્મદેવ આદિ પણ તેનો પાર પામી શકે એમ નથી. વેદ કે જે સ્વત શ્રીમુખથી* પ્રગટ થયેલો છે, તે પણ તેને પરમાનંદ† અથવા અનતાનદ (જેનો અંત નહિ તેવો આનદ) કહીને જ વર્ણવે છે એથી આગળ તેનાથી પણ બોલી શકાતું નથી. એ સચ્ચિદાનદ-જ્ઞાનાનદ-બ્રહ્માનદ-પરમાનદને જાણવામા વાણી કે ચક્ષુ પ્રવેશ કરી શકતા નથી, ત્યા પ્રાણ કે ઇન્દ્રિયો પ્રવેશ કરી શકતા નથી. જેમ અગ્નિની જ્વાળા અગ્નિમા પ્રવેશ કરતી નથી, તેમ વેદો પણ તેમા પ્રવેશ કરી શકતા નથી તે અનાદિ, અનત, શેષ, વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય, ચક્ષુર્મય, શ્રોત્રમય, પૃથ્વીમય, જલમય, વાયુમય, આકાશમય, તથા તેજોમય છે તે વળી કામમય છતે અકામમય છે, ક્રોધમય છતે અક્રોધમય છે, ધર્મમય છતે અધર્મમય છે તે સર્વમય છે. તે 'આ' રૂપ છે, તે 'તે' રૂપ છે, તે છતા તે એ નથી, એ તે પણ નથી, એમ નિશ્ચય માનવાનુ છે જેનાથી ભૂત માત્ર જન્મે છે, જન્મ્યા પછી જીવે છે, જેમા પ્રવેશ પામી વિલીન થાય છે, તેજ એ છે જેના લાભથી અન્ય લાભ નથી, જેને જાણ્યા પછી બીજુ જાણવાનુ રહેતુ નથી, જેના દર્શન પછી અન્ય દર્શન નથી, જેના આનદથી અધિક અન્ય આનદ નથી, જે આનદમા વિલીન થયા પછી બીજા આનદની કામના પણ થવ નો સંભવ નથી, એવો બ્રહ્માનદ-જ્ઞાનાનદ-પરમાનદ છે. તને શકા થશે કે, જ્યારે એ આનદ એવો છે, કે જેને કોઈ કથી શકયુ નથી, ત્યારે શું આજ દિન સૂધી તેનો ભોક્તા કોઈ થયો જ નહિ હોય? તેમ નથી એ સ્વત આનદમૂર્ત્તિ છે અને નિજરૂપે તેનો ભોક્તા છે, અર્થાત્ આનદ એ પરમાત્મસ્વરૂપ જ છે અને ઘણા મહત પુરુષો, જેઓ જ્ઞાનયોગની‡ ઉપાસના કરતા કરતા, અને કાળે કરી મુક્ત§ થઈ ગયા છે, તેઓ એ આનદના સગી ને રંગી બન્યા છે, પણ તેઓ પોતાને મુખે તેનુ વર્ણન કરી શકતા નથી, માત્ર અનુભવ કરીને જે જાણે છે, તે જ જાણે છે, એવો તે આનદ અનિર્વચનીય છે"

યોગેશ્વરનુ આટલું ભાષણ સાભળતા તો મને બહુજ ઉત્કંઠા થઈ આવી કે, "અહો! જેને જાણ્યા પછી વર્ણી શકાય નહિ, જેને જાણ્યા પછી

* શ્રી હરિ-પરમાત્માના મુખથી † પરમ-સર્વોત્કૃષ્ટ આનદ ‡ જ્ઞાનયોગ એટલે જ્ઞાન સહિત ઉપાસના § મુક્ત થવુ એટલે તે આનદ-પરમાત્મ-બ્રહ્મસ્વરૂપને પામવુ એ

જાણવાનું શેષ રહેતુ નથી, એ આનદ તે કેવોક હશે!" આ મારી સ્થિતિ જોઈ ગુરુજીએ મને કહ્યું, "તારી જિજ્ઞાસા મેં જાણી છે; પરતુ તે અનુભવ્યા વગર જાણવામા આવતુ નથી અને તે જાણવામા આવ્યા પછી જણાવી શકાતું નથી જણાવ્યાથી પણ જિજ્ઞાસુ જાણી શકતો નથી તો શું, પણ તર્ક કરી શકતો નથી કે એ આનદ આવો છે! જે જાણે છે તે જ એ આનદરસ ચાખે છે તથા તે આનદરસયુક્ત થઈ રહે છે હમણા તો તુ આ વાટિકાની પાછળ એક સરોવર છે, તેમાથી મારુ કમડલુ ભરી લાવ. તે પછી આપણે એ સબધે કથાલાપ ચલાવીશુ"

ગુરુદેવની આજ્ઞા થતા જ હું ત્યાથી કમડલુ લઇને ઉઠચો અને વાટિકામાના સુદર વૃક્ષોની છાયા નીચે થઇને આગળ ચાલ્યો. હું પ્રતિદિન ઉપદેશ સાભળીને, દિવસના પાછલા ભાગમા જ્યારે ફરવા નિકળતો, ત્યારે નિત્ય આખી વાટિકા તથા તેની દશેદિશા ફરી વળતો હતો; પરતુ ગુરુજીએ કહેલુ સરોવર મેં ત્યા કદી જોયુ ન હતુ. મેં વિચાર કીધો કે, 'આટલામા તો કયાય સરોવર છે નહિ, પણ ગુરુની આજ્ઞા થઈ, માટે એણીગમ જઈ જોઈશ!' એમ વિચાર કરતો કરતો હું થોડેક દૂર ગયો નહિ, એટલામા તો કોઈ દિવસ મેં ત્યા નહિ દીઠેલુ એવુ અતિ સુશોભિત, સુદર વૃક્ષોની ઘટાથી છવાઈ રહેલુ એક જળાશય મારી દૃષ્ટિએ પડ્યુ તેના કિનારાપર જઈને હું ઉભો રહ્યો તો તેના પ્રવાલ, મુક્તાફળ ઇત્યદિથી બાધેલા સુદર તટો, તેમા છલાછલ ભરેલુ અમૃત સમાન નિર્મળ જળ, મધ્યાહ્ન થવા આવેલા હોવાથી સર્વત્ર તેમા ખીલી નિકળેલા નીલ, પીત, શ્વેત તથા રક્ત વગેરે રગ રગના કમળોની લહેકી, તેપર ગુજારવ કરી રહેલા ષટ્પદો* તથા તીરપર કલ્લોલ કરી રહેલા હસ, સારસ, ચક્રવાક ઇત્યાદિ પક્ષીઓ વગેરેની લીલાનુ અવલોકન કરતા, મારા મનને બહુ જ આનદ થયો ગુફાની બહાર સ્નાન કરવા હુ જે સરોવરપર નિત્ય જતો હતો, તે જો કે અતિ રમ્ય અને વિશાળ હતુ, પણ આની શોભા આગળ હદ જ આવી રહી હતી કિનારેથી હેઠો ઉતરી જળ ભરવા માટે હું અંદર ગયો ત્યારે તે જળની સુદર નિર્મળતા જોઈ મને તેનુ આચમન કરવાની ઇચ્છા થઈ કમડલુ તટપર મૂકી, પ્રથમ હસ્તપાદાદિ પ્રક્ષાલિત† કરયા પછી, અંજલિમા જળ લઈ એક, બે અને ત્રણ આચમન કરયા! પણ એ શુ થયુ? ક્ષણ માત્રમા મારા મનની તથા મારા દેહની સ્થિતિ

* ભમરાઓ † ધોયા

વિલક્ષણ થઈ ગઈ. તુરત મને શકા થઈ કે, 'રે હું તો બ્રાહ્મણ છુ; ના ના, હું તો ક્ષત્રિયપુત્ર યજ્ઞભૂ છું, ના ના, હું ભૂલું છુ, મારો યજ્ઞ હજુ અધૂરો છે; બ્રાહ્મણો મારી વાટ જોઈ રહ્યા છે અને મારી સ્ત્રી સંકલ્પ કરવા માટે જળની ઝારી ભરી યજ્ઞવેદી આગળ ક્યારની ઉભી રહી છે, એ શું હું ભૂલી જાઉં કે ? ચાલ, હું ઉતાવળથી યજ્ઞશાળામા જાઉં ને યજ્ઞની સમાપ્તિનો સંકલ્પ કરી, પૂર્ણાહુતિ કરુ!' આવી રીતે વિચારવમળમા ગુચવાતો હતો, એવામા તે સરોવરની સામેની દિશામાથી મધુર મધુર આલાપ મારે કાને પડ્યો હું વિસ્મય થઇને તે તરફ જોવા લાગ્યો તેવામા મને, પુન બીજો શબ્દ સંભળાયો, અને તે શબ્દ જાણે મારે લાબા કાળના પરિચયનો હોય તેમ લાગ્યુ મેં તેને પૂરેપૂરો પારખવા પ્રયત્ન કર્યો, પણ તેમા ફલીભૂત થયો નહિ હું કઈ પણ પારખી શકયો નહિ કે, એ આલાપ કોનો છે પછી કમડલુ ભરીને મેં તે શબ્દ કોનો છે તે જાણવા માટે, સામેના તટ તરફ જવા માડ્યુ ઉતાવળથી હું ત્યા જઈ પહોંચ્યો આસપાસ જોવા માડ્યુ સમીપના લતામડપમાથી, મારા ભયને લીધે ના યદૃચ્છાથી સતાતી એક સ્ત્રી મને દૃષ્ટિગોચર થઈ હું તને શુ કહું હે વિશાલ! એ સમય સૂધી મેં એકાતમા કોઇ પણ સ્ત્રી સાથે પ્રસગ પાડ્યો નહતો એ સમયે મારી પૂર્ણ યુવાવસ્થા હતી ને થોડા દિવસથી તો અનેક પૌષ્ટિક પદાર્થોથી મારુ પોષણ થતુ હતું, તેથી એ લતાઓમા સતાતી-ભરાતી-છુપાતી તે કામિનીને જોઇ, મારા અગની વિચિત્ર અવસ્થા થઈ ગઈ! પણ મારા મનને જેમ તેમ વારી-મારી, હું ત્યાથી પાછો વળવાનો વિચાર કરતો હતો, એવામા તે સ્ત્રીએ એક વૃક્ષની ઓથે રહી, મારી તરફ દૃષ્ટિ ફેંકી, અને હું તેના મુખચદ્રનુ અવલોકન કરી શકયો હે વિશાલ! તેના સ્વરૂપનુ હું તારી આગળ શુ વર્ણન કરુ! ટુકામા એટલુ જ કહું છુ કે, ત્રૈલોક્યમા પણ વિધાતાએ તેના જેવી કોઈ સ્ત્રી નિર્માણ કરી જ નહિ હોય! તેને જોતા જ મારી ધીરજ રહી નહિ. તેનુ સુદર મુખ, જાણે મારા અગનુ આકર્ષણ કરતું હોયની તેમ, હું તેનુ મુખ, પુન પુન અવલોકન કરવાની કામનાથી તેની પછવાડે પછવાડે તણાયો-કહે કે ઘસડાયો પવન જેમ પોતાને આધીન પડેલા તૃણને, ઈચ્છાનુકૂળ ઘસડી જાય છે-ઉડાવે છે, રમાડે છે, ને પછાડે છે, તેમ હું તેનો અનુરાગી બની તેની તરફ ઘસડાયો. પછી ઉડ્યો! મારા ઉડવા વેળાએ એકવાર તેણે પાછુ વળીને જોયુ ને મને પૂઠે પડેલો જોઈ, તે ચપળ ચપળા અતિત્વરાથી આગળ ઉડી!

આ વખત તેનું સર્વાંગ મારા જોવામા આવ્યું. તેણે ઝરમરીયો સાળુ પહેર્યો હતો, તેથી તેના સર્વ અવયવો મારી દૃષ્ટે પડતા હતા તેના શરીર પર ધારણ કરેલા અલકારો દિવ્ય હતા ચાલતી વેળાએ તેના પગમાના દિવ્ય નૂપુરનો ઝણઝણાટ થનો અવાજ, મારા હૃદયને તીક્ષ્ણ બાણની પેઠે વીંધતો હતો તે મારી આગળ ને આગળ ઉડવા લાગી. તે વખતે તેના અગમાથી નિકળનો સુગધ, કસ્તૂરી કરતા પણ વિશેષ સુગધીવાળો લાગ્યો મને નિશ્ચય થયો કે, ખરેખર એ કોઈ અપ્સરા હશે તેનું વય પદર કે સોળ વર્ષનુ જ હતુ હે વિશાલ! તુ વિચાર કર કે, એક તો એકાત અરણ્ય, તેમા વળી નદનવનના કરતા પણ અધિક શોભાવાળુ ઉપવન અને તેમા આવી અનુપમ તરુણીનું દર્શન, એ કોને મોહ ન પમાડે?

તે સ્ત્રી આગળ આગળ ઉડવા માડી, એટલે હુ તેની પાછળ પાછળ ઉડવા માડ્યો જેમ જેમ હુ તેની પાછળ ઉડતો ગયો, તેમ તેમ મારી દૃષ્ટિ તેના શરીરપર સ્થિર થતી ગઈ એ ક્ષણે હુ બીજી સર્વ વાતોને વિસરી ગયો, માત્ર તેના દર્શનમા જ લીન બની ગયો તેના વગર બીજુ કશુ મારી દૃષ્ટિએ દેખાતુ નહોતુ પછી હુ અધીરો થઈ, બાવરાની પેઠે જોસભેર ધસ્યો ને ઓચિંતી જ પછવાડેથી તેને મેં પકડી લીધી એનો સ્પર્શ થતા જ મને વધારે સ્મૃતિ આવી ને માયાપાશમા જ મેં જાણે તેને ઓળખી હોય તેમ હુ બોલી ઉઠયો, "પ્રિયે! તુ કેમ આ અરણ્યમા એકલી?" તે રમણી ચમકી ગઈ, કોરે ખશી ગઈ અને મારા મુખ સામુ જોઈ રહી પછી મને ઓળખ્યો હોય તેવી મુખમુદ્રા કરી બોલી, "કોણ! પ્રાણનાથ! તમે જ! શુ દેવતાઓનુ વચન આજે સત્ય થયુ!" આટલુ બોલ્યા પછી જ્યારે તે મારે કઠે વળગી પડી ત્યારે તેના કમળ સમાન બને વિશાળ નેત્રોમાથી ચોધારા આસૂ વહેવા લાગ્યા, મારી પણ એવી જ દશા થઇ ગઇ! ઉભયે એક પણ અક્ષર બોલ્યા વગર, કે હાલ્યા વગર અમે એક બીજાને આલિંગી ઉભા જ રહ્યા! અમે બન્ને ઘણીકવાર સૂધી એમના એમ જ ઉભા રહ્યા જ્યારે તે જરાક સાવધ થઈ ત્યારે તેણે પોતાનો કોમળ કર મારા મુખપર ફેરવ્યો અને પછી પોતાના વસ્ત્રવડે મારા આસૂ લૂછી નાખી, મારા મસ્તકને પોતાના હૃદય સાથે ખૂબ દબાવ્યુ, અને પછી બોલી કે, "પ્રિય! તમે કુશળ તો છો? સોળ વર્ષનો વિયોગ સોળ યુગ સમાન મને થઇ પડ્યો છે પણ આહાહા! અત્યારે તે સર્વ દુ ખનો અંત આવ્યો

છે આપ જેવા યજ્ઞની દીક્ષા લીધેલા દીક્ષિત બ્રાહ્મણનો ઘાત કરનાર તે દુષ્ટ રાક્ષસનો, ઘોર નરકમાથી યમરાજ કદી પણ ઉદ્ધાર નહિ કરે !"

સહુણા અગવાળી તે સુદરીના શબ્દોથી મને મારા પૂર્વજન્મની યથાર્થ સ્મૃતિ થઈ મેં જાણ્યુ કે, પેલા સરોવરનુ જળ પીવાથી, મને જે કિંચિત્ ભાસ થયો હતો, તે મારા પૂર્વજન્મનો જ ભાસ હતો તે પછી તે સુદરી બોલી, "પ્રાણનાથ ! આપને તો આટલા સમયની અદર આ વિરહિણી દાસીનુ કદી સ્મરણ નહિ થયું હોય, પણ મારી તો એક ક્ષણ પણ આપના સ્મરણ વગર વીતી નથી પ્રિય ! આપણો યજ્ઞ નિર્વિઘ્ન સમાપ્ત થયો હોત તો મારે આટલા વર્ષ આપનો વિયોગ ભોગવવો પડત નહિ યજ્ઞની પૂર્ણાહુતિ સમયે મને યજ્ઞશાળામા મૂકી, ગગાપર આપ મધ્યાહ્ન સધ્યા કરવા ગયા ને ત્યા આપના વૈરી રાક્ષસે આપને જળમા બૂડાડી આપનો ઘાત કર્યો, એ વાત આપના સ્મરણમા છે ?" એ સાભળીને મેં કહ્યુ, "હા પ્રિયા, પણ માત્ર ત્યા સૂધીજ; પણ તે પછી શું થયું અને તેં શું કીધુ તે કહે." તે બોલી, "પ્રભુ ! તમારી વાટ જોઈ યજ્ઞશાળામા ઋત્વિજોની આગળ જળપાત્ર લઇને હું ઘણીવાર સૂધી ઉભી જ રહી, પણ જ્યારે આપ પધાર્યા નહિ, ત્યારે યજ્ઞરક્ષકો ગગાપર આપને બોલાવવા ગયા તેઓ તટપર સઘળે જોઈ વળ્યા, પણ આપ ક્યાહી દેખાયા નહિ જેવા તેઓ પાછા આવતા હતા, તેવામા ગગાના જળપર એક શબ તરી આવેલું જોયુ, અને પાસે જઈને જોતા તે આપ-"

આટલુ બોલતા તે પ્રિયવદા પુન· ચોધારે આસૂએ ને કરુણાળ સ્વરે વિલાપ કરવા લાગી. તેનો કઠ છેક રુધાઈ ગયો. જ્યારે મેં હૃદય સાથે ચાપી તેનું વિધવિધ પ્રકારે આશ્વાસન કીધું, ત્યારે તે બોલી "નેત્રમણિ ! તે પછી શબને કિનારે કહાડી, એક સેવક ત્યા ઉભો રહ્યો ને એકે યજ્ઞશાળામા આવી આ વર્તમાન નિવેદન કીધા તે સાભળતા જ હું મૂર્છા ખાઈ ચત્તીપાટ પડી જેમ તેમ કરી ઋત્વિજોએ યજ્ઞ પૂરો કીધો હશે, પણ તેની મને ખબર નથી. આપના એકાએક મરણ પામવાથી આખું ઋષિમડળ ત્રાસ પામી ગયુ ઘણીકવારે જ્યારે મને સાવધ કરી ત્યારે તે પછીના મારા રુદન અને આક્રદનું પૂછતા જ નહિ તુરત હું ગગાના તટપર આવી; તાબડતોબ ચંદનકાષ્ઠની ચિતા ખડકાવી, અને આપના શરીરને લેઇને ચિતામા બેઠી અને બ્રાહ્મણ મડળને કહ્યુ કે, "હે ઋષિવરો ! બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ માટે મારા પતિએ પ્રારભેલો યજ્ઞ, જો કે યથા-

વિધિએ સમાપ્ત થયો નથી ને મારા પતિ વિના, તમે જ તેની પૂર્ણાહુતિ કીધી તો ભલે, જેવી ઈશ્વરેચ્છા! પરતુ તે યજ્ઞનુ સર્વ ફળ–શ્રેય, તમે સર્વ મળી આ ટાણે મારા હાથમા અર્પણ કરો; અને તમારી યજ્ઞદક્ષિણામા મારા આશ્રમ વિષેની, અનેક રાજાઓ પાસેથી મારા પતિએ યજ્ઞાર્થે એકઠી કરેલી દ્રવ્યાદિ સર્વ સમૃદ્ધિ વહેંચી લ્યો!" તુરત ઋષિઓએ 'યજ્ઞશ્રેય' તમારા નામથી મારા હાથમા અર્પ્યું અને યજ્ઞમા વધેલા સમિધો ચિતામા હોમી, યજ્ઞના જ હુતાશનથી ચિતા પ્રકટાવી જોતજોતામા મારુ અને આપનુ શરીર દગ્ધ થઈ ગયુ તુરત આકાશમાથી એક વિમાન ઉતરી આવ્યુ, જેમા બેસવાને તેમાના પાર્ષદોએ મને વિનતિ કરી! પણ હુ એકલી તેમા કેમ બેસુ? જ્યારે મે આપને તેમા જોયા નહિ, ત્યારે મે વિમાનમા બેસવાને ના પાડી મારી મનોવૃત્તિ જાણી વિમાનસ્થ દેવોએ મને જણાવ્યુ, "દેવિ, તારા પતિની સદ્ગતિ છે, પરતુ તેની વાસના બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિમા રહી ગઈ છે, તેથી તેને ભૂર્લોકમા અવતાર ધરવો પડશે અને તે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થયા પછી તને આવી મળશે હમણા કોઈ ઉપાયે તેનુ તુ દર્શન પામશે નહિ!"*

"પાર્ષદોનુ એ વચન સાભળી, વ્યગ્રચિત્તે હુ વિમાનમા બેઠી પછી અતરિક્ષ માર્ગે થઈને અનેક સ્થળોને ઓળગતુ તે વિમાન, આ સ્વર્ગ સમાન સુંદર વાટિકામા આવીને ઉતર્યું અહીં પાસે જ આવેલા એક સુદર અને વિચિત્ર ભવનમા મને રાખી છે મારી સેવામા બ્રહ્મલોકની શ્રદ્ધા અને શાન્તિ નામની બે દાસીઓ સોંપી છે, ને તે દાસીઓને સોંપતા પ્રભુપાર્ષદોએ મને કહ્યુ હતું કે, 'તારો પતિ તને મનુષ્યવેશે સોળ વર્ષ પછી અહિઆ જ મળશે–ત્યા સૂધી તારે ધીરજ ધરીને રહેવુ' આટલુ કહીને વિમાન અતરિક્ષમા ચાલ્યુ ગયુ

"સ્વામીનાથ! અહીં કદી પણ મનુષ્યનુ દર્શન થતુ નથી, પણ યક્ષ, ગધર્વ, કિન્નર, દેવતાઓ વગેરે કત્રચિત્ કનચિત્ અતરિક્ષમા થઈ જતા

* કોઈને શકા થશે કે, બ્રહ્મલોક–પરલોકની પ્રાપ્તિમા વાસના બન્ધનકર્તા છે? હા, એમ જ છે કોઈપણ વાસના બન્ધનકર્તા છે–પછી તે સત્ કે અસત્, ગમે તે હો–વાસના તે વાસના જ વાસના એ અપૂર્ણપણાનુ–અહકારનુ–કામનાનુ બીજ છે શ્રીશકર ભગવાને પણ કહ્યુ છે કે, आत्मज्ञस्यापि यस्य स्याद्धानोपादानता यदि । न मोक्षार्ह स विज्ञेयो वान्तोऽसौ ब्रह्मणा ध्रुवम् ॥ એ વચનથી પ્રત્યક્ષ થાય છે કે જ્યા સૂધી નિર્વાસનામય થવાય નહિ ત્યા સૂધી આગર્જન નિસર્જન થયા જ કરશે જયા સૂધી નિર્વાસનામય ન થવાય ત્યા સૂધી નિશ્ચે છે તેમ જ જ્યા સૂધી પાપ પુણ્યનો નાશ થતો નથી ત્યા સૂધી એ જન્મમરણ છે

જોવામા આવે છે સમયે સમયે અપ્સરાઓ આવી મને મળી જાય છે અને આપના વિયોગથી મને થતી વ્યથા, મારી સખી શાતિ અને શ્રદ્ધા, અનેક પ્રકારે સાત્વન આપી, શાતિ પમાડે છે, પણ નાથ! હવે આપે અહીં શાને માટે ઉભા રહેવુ જોઇએ? કૃપા કરી મારી સાથે ચાલો, ને મારી સેવાને અગીકાર કરીને મને કૃતાર્થ કરો” એટલુ કહી તુરત મારે ખભે હાથ નાખી તે મને લેઇને આગળ ચાલી થોડેક દૂર ગયા તો વૃક્ષની સઘન ઘટામા ઢકાયલુ ઇદ્રિસદન જેવુ એક ભુવન મારી દૃષ્ટિએ પડ્યુ તેની તરફ આગળી કરીને તે સ્ત્રી બોલી, “સ્વામીનાથ! દેવતાઓએ મને વસવા આપેલુ મન્દિર આ જ છે!” અમો અંદર ગયા તો, હે વિશાલ! એ મણિમય મન્દિરની શોભા જોઇને મને જે અત્યત આનંદાશ્ચર્ય થયુ, તેનુ યથાર્થ વર્ણન થઈ શકે તેમ નથી આ ભરતખડમાના ઉત્તમોત્તમ રાજગૃહોની સમગ્ર શોભા, એ વનભવનના બહારના ઓટલની તુલનાને પણ પહોંચી શકે નહિ અસ્તુ! અમો અદર ગયા ત્યા બે દેવાગનાઓ ઉભી હતી તેણે શ્રેષ્ઠ રત્નજડિત ચવરંગ લાવી મૂકયો તેનાપર હુ બેઠો પછી મારી સ્ત્રીએ તે કિન્નરીઓને આજ્ઞા કરી, ‘સખિયો! આજ મારો પૂર્ણ ભાગ્યોદય થયો છે આ મારા પ્રાણના પતિએ યદૃચ્છાથી અત્ર પધારી, લાબા સમયની વિયોગિની આ કિંકરીને કૃતાર્થ કીધી છે તમે તેને માટે સ્નાન, ભોજન તથા શયનાદિની સર્વ સામગ્રી તૈયાર કરો”

આ વચનના શ્રવણથી મારા આનદનો કઈ પાર જ રહ્યો નહિ એ આનદ હું કોઇ પણ રીતે વર્ણવી શકુ તેમ નથી એ આનદ જીરવવાને હું સમર્થ જ ન હતો, અર્થાત્ તે સમયના અદ્ભુત સુખથી મારી મતિ મુઝાઈ! ના, ઝંખાઈ ગઈ હતી! અને તેને ભોગવવાનુ મને ભાન પણ રહ્યુ ન હતુ તો પછી તેનુ વર્ણન હું કેવી વાણીથી કરુ? વાણીની દેવી સરસ્વતી, મારી જિહ્વામા વસે, તોપણ તે આનદનુ-સુખનુ વર્ણન કરવા હું સમર્થ નથી

થોડીક વારમા દાસીઓએ સઘળું સાહિત્ય તૈયાર કીધું તુરત મને સ્નાન કરવા ઉઠાડ્યો એક અમૂલ્ય રત્નજડિત બાજઠપર બેસાડી, મારી સ્ત્રીએ સ્વહસ્તે, અનેક પ્રકારના દિવ્ય સૌગધિક પદાર્થો ચોળીને મને સ્નાન કરાવ્યુ પછી સુંદર પીતાબર પહેરી હુ ભોજનગૃહમા ગયો ત્યા અનેક પ્રકારના દિવ્ય પકવાન્નો, જેના નામ હું જાણતો નથી, ને જેવા, તે

સ્થળ વિના અન્ય સ્થળે મારા જોવામાં પણ આવ્યા નથી તેવા પકવાન્નો, રત્નોને લીધે પ્રકાશ મારતા સુંદર સુવર્ણના થાળોમાં પીરસી, મારી આગળ મૂક્યા. ચવરંગપર બેસી હું ભોજન કરતો હતો અને મારી સ્ત્રી મારી પાસે ઉભી રહી પખો કરતી હતી. પણ મેં ઘણો આગ્રહ કરી તેને મારી સાથે ભોજન લેવા બેસાડી આનંદમાં મગ્ન થતા અમે થોડીકવારે જ ઉઠ્યા. એ પકવાન્નોનો સ્વાદ તો હું જમ્યો, તે વેળા મારી રસના જ જાણતી હતી ત્યા જે જે ઉપચારો હતા તે સઘળા દિવ્ય જ હતા મુખવાસાદિ સ્વીકારી મેં વસ્ત્ર પહેર્યાં, કે તુરત અત્યત પ્રેમાતુર અને પરલોકમા પણ સ્વપતિની જ સાથે રહેવાની ઈચ્છાવાળી પતિવ્રતા મારી પત્ની મને શયનગૃહમા તેડી ગઈ આ શયનગૃહ પરમ સુખનુ ધામ જ હતુ હંસના પીછાની ગાદીઓથી બિછાવેલી રત્નશય્યાપર મને બેસાડી, તે મારુ પાદસેવન કરવા લાગી આ વેળાએ પૂર્વની વાત સાભરી આવવાથી ઓચિંતી તે મને વળગી પડી અને રડતા રડતાં બોલી, "સ્વામીનાથ ! પરમકૃપાળુ પરમાત્માએ મને આપના દર્શન કરવાને આજે ભાગ્યશાળી કીધી છે, તેથી હું કૃતકૃત્ય અને અહોભાગ્ય છુ હવે મને આપનો એક પળ પણ વિયોગ મા થાઓ, એવુ શ્રીહરિ પાસે જાચુ છુ"

એક તો અરણ્ય, તેમા એકાત સ્થળ, તેમા અત્યત સુદર, લાવણ્યરસની ચદ્રિકારૂપ સ્વપત્નીનો મેળાપ, અને તે વળી ઘણા કાળની વિયેગિની તથા પ્રેમીલીનો, ધર્મશીલ ને પતિમા જ સર્વસ્વ જોઈ રહેલીનો, તેમા વળી અતિ દિવ્ય વૈભવવાળુ ધામ–એ સઘળુ સુખ મનુષ્યના અતરને બહાર ઉછાળી રેલમરેલા કરે એવુ જ છે મેં પછી અપાર આનદ અને પ્રેમના ભરપૂર સાગરમા ઝીલતા, તેના અનુપમ અને કોમળ અગોને ખૂબ જોરથી આલિંગન દીધુ અને પછી અમે બને જણા પરસ્પરમા વિલીન થતા મોહિત થઈ શય્યાપર પડ્યા ! ઘણીકવાર સુધી બેમાથી એકેમા કશી સાન કે શુદ્ધિ રહી નહિ તે પછી મારી પત્નીએ, પૂર્વે આજ્ઞા કરી હશે, તેથી પેલી બે કિન્નરીઓએ, અમારી શય્યા સામે આવી મનમોહક મધુર સ્વરથી વીણા આદિ વાજીંત્રોના નાદ સાથે ગાયન કરવા માડ્યુ અમે સાવધ થયા અને એક બીજા સાથે લપટાઈને તે ગાન શ્રવણ કરવા બેઠા તે સમયે મને મારા દેહનુ પણ કિંચિત્ ભાન હતુ નહિ તેમ હું કયા છુ અને કયાથી

આણ્યો છું, એ સૌ વાત તે વેળા વિસરી ગયો હતો વીણાના નાદ સાથે ગાતી કિન્નરીના ગાયન અને તાલથી, તેમ જ મૃદંગપર પડતી થાપથી હું ચમકી ઉઠતો, ને મારી સ્ત્રીના અંગને બાઝી પડી, તેના અત્યંત સુકોમળ તથા ગુલાબી રંગના ગાલપર ઉપરાઉપરી ચુમ્બન કરતો હતો તેનું અમૃતથી ભરપૂર અધરોષ્ઠનું પાન, સ્વર્ગની સુધા કરતા પણ અતિ મિષ્ટ લાગતું હતું હવે આ સમયે તેનામા ને મારામા મને કશો ભેદ માલમ પડતો ન હતો અમે એકરસ, એકરૂપ, અદ્વૈત જ હતા જગતમા દ્વૈત જ નથી, તેથી અમે અદ્વૈતરૂપે શોભી રહ્યા હતા તે મને પોતાનો આત્મા જાણતી હતી ને હું તેને મારો આત્મા જાણતો હતો અમારા ઉભય આત્માનું તો શું, પણ દેહનુંએ ઐક્ય થઈ ગયુ હતું, જેથી અમે જે પરસ્પર લપટાઈ બેઠા હતા, તેમાથી એકને જરા પણ ખસવાનુ મન થતુ નહોતુ આવી ને આવી સ્થિતિમા રાત્રિ થઈ, કિન્નરીઓએ મીઠો રાગ ગાવા માડ્યો, ભવનમાના રત્નો, તેજસ્વી દીપકોની પેઠે પ્રકાશી રહ્યા, મારી સ્ત્રીના દિવ્ય આભરણોની જ્યોતિ તથા રત્નોની જ્યોતિ એકરૂપ થઈ ગઈ, છતા અમારી પ્રેમગ્રન્થિ છૂટે તો શું, પણ કિંચિત્ ઢીલીએ પડી નહિ એમના એમ અમો તે મૃદુ શય્યાપર પુન ઢળી પડ્યા હૃદય સાથે હૃદય, મુખ સાથે મુખ તથા અગ સાથે અગ લગાડી સૂઈ ગયા, એટલે અમને બન્નેને સાથે જ સુખદ નિદ્રા આવી ગઈ!

પણ ઈશ્વરી માયા અપરપાર છે પ્રાત કાળે ઉઠીને જોઉં છુ તો હુ મારા નિત્યના સ્થાને, હિમગિરિપરના કલ્પતરુ નીચે જ પડેલો હતો ' "પ્યારી! પ્યારી! પ્રાણ! વહાલી! પ્રિયા! તુ ક્યા ગઈ? તારો સુંદર દિવ્ય અવાસ ક્યા ગયો? તારુ શરદસરોજ સમાન સુકોમળ સુંદર વદન ક્યા છે? અહો! આ શુ વિલક્ષણ બનાવ? અરે હું ક્યા છુ? રે! મારી પ્રિય પત્ની મને એકલો મૂકીને ક્યા જતી રહી? અહો! હું ક્યા આવી પડ્યો છુ? આ તો મારુ નિત્યનુ કલ્પવૃક્ષ છે; ત્યારે શુ મને સ્વપ્ન થયુ હતું? અત્ર તો, મેં જે જોયુ તેમાનુ કંઈ જ નથી. મારો અનહદ આનદ તથા પરમસુખ ક્યા ગયા?" આવા ઉદ્‌ગારો કાઢતો ને અદ્‌ભુતાશ્ચર્યાનદમા પડેલાની પેઠે, ચારે તરફ ગભરાયેલી આખે દૃષ્ટિ ફેરવતો હતો એટલામા, મારા ગુરુનું જળથી ભરેલુ પેલુ કમડલુ, મારી પાસે પડેલું મેં જોયું. તેના દર્શનથી મને નિશ્ચય થયો કે, એ મને સ્વપ્ન નહોતુ

આ કમંડલુ લઈ હું જળ ભરવા ગયો હતો ને ત્યા મારી પ્રિયા મને મળી હતી, અને તે સગે આનંદે રગે રમ્યો હતો. ત્યારે આ શું થયું! હું અહિયા ક્યાથી આવી પડ્યો! મને અહીં કોણ લાવ્યું! મારી પ્રિયાનો નિવાસ કંઈ દૂર નથી, ત્યારે હું ત્યાં જઈ તેને મળુ. આવો વિચાર કરી, તુરત હું ત્યાથી ઉઠીને તે સરોવરને માર્ગે ચાલ્યો. થોડેક સૂધી તો મને પૂર્વ દિવસે જોયો હતો તેવો જ માર્ગ ભાસ્યો, પણ પછી તો પૂર્વે દેખાયલો માર્ગે નહિ, તે સરોવરે નહિ ને તેની પાસેની વૃક્ષલતાઓ પણ દૃષ્ટિએ પડી નહિ હું ભટકી ભટકીને થાકયો, પણ મને તે સરોવરનો કે તે વિચિત્ર ભવનનો પત્તો લાગ્યો નહિ પર્યટન કરતા આખરે હું થાકયો ને નિરાશ થઈ, શિથિલ ગાત્રે, પાછો પૂર્વ કલ્પતરુ આગળ આવ્યો શોકમાં ને વ્યગ્રતામા લીન થઈ જવાથી, કેટલીકવાર સૂધી હું ત્યા જ પડી રહ્યો દિવસ ઘણો ચઢેલો હોવાથી, ગુરુના ભયને લીધે ઉઠ્યો અને નિયમ પ્રમાણે ગુફા બહારના સરોવરપર જઈ સ્નાન કીધુ ને ભરેલુ કમડળુ લઈ તે યોગીશ્વર આગળ જઈ મૂક્યુ મારા કઈ પણ બોલ્યા પૂર્વે જ, તે યોગેશ્વર બોલી ઉઠ્યા, "કેમ, શી કુશળતા? કાલનો આનદ અને કાલનુ સુખ કેટલુ તથા કેવા હતા? તને તેનુ સ્મરણ છે? કહે, તે કેવો આનદ હતો?" હું શું પ્રત્યુત્તર દઉં? હું તેના આગળ શાનુ વર્ણન કરું? મારી વાણી કુઠિત થઈ ગઈ, આખોમાથી આનદની અશ્રુધારાઓ વછૂટી પછી લાબો થઈ હું તેના ચરણકમળમા પડ્યો, અને ગમે તો મારી પ્યારીના પુન સ્મરણને લીધે, અથવા તો આવુ પ્રત્યક્ષ દૃષ્ટાત આપવાની ગુરુજીની અદ્ભુત દિવ્ય શક્તિને લીધે, એમાથી ગમે તે કારણથી, મને જે અદ્ભુતાનદ થયો હતો, તેના આનદમા જ અશ્રુ વહ્યા. પછી હું તેની સન્મુખ નમન કરીને બેઠો પછી તે બોલ્યા -

"કાલે તેં જે અપાર આનદ ભોગવ્યો અને જે જે સુખ અનુભવ્યુ, તેને તુ જેમ કહી વર્ણવી શકે એમ નથી, તેમ બ્રહ્માનદ, જ્ઞાનાનદ વા સ્વરૂપાનદ કે સચ્ચિદાનદના પ્રત્યક્ષ દર્શનનો આનદ પણ કોઈ વર્ણવી શકે તેમ નથી નિરવધિ સુખનો તેં જે અનુભવ લીધો, તે તારુ મન જ માત્ર જાણે છે તેમ જ તે પરમાનદને પણ તેનો અનુભવ લેનાર જ માત્ર જાણે છે જેમ પોતાને થતો દૃશ્ય પદાર્થનો આનદ બીજાને કહી શકાતો નથી, તેમ જ્ઞાનના આનદનુ કોઈ વર્ણન કરી શકતુ નથી કે સમજાવી શકતુ નથી જે જાણે છે તે જ જાણે છે પરતુ આ તારા ક્ષુલ્લક આન-

દમા અને તે પરમાનદમા અપાર અતર છે. એ આનંદ તો તારા આનદ કરતાં લક્ષ, કોટી વા અર્બુદ ગણો વધુ કહીએ તોપણ થોડો કહેવાય. તે તો અપાર ને અપાર જ છે. માટે હવે તેં યથાર્થ રીતે જાણ્યું હશે કે જ્ઞાનાનદ અપાર અને અવર્ણનીય છે અને તેનો તને સ્વત. પ્રત્યક્ષાનુભવ થયો છે વળી આનદ કઇ કોઈ ઠેકાણે ખૂણાખો-ચરામા કે વિશાળ ભવનમા ભરી નથી રાખ્યો, તેમ તે કઈ જગતની બહાર પણ નથી વિરલા જીવન્મુક્ત પુરુષો અહિં જ–આ સસારમાજ રહીને–તેનો અનુભવ લે છે”

પુન ગુરુજી બોલ્યા “હવે તુ તારા મનમાની સર્વ ચિંતાને દૂર કર, કેમકે એ સ્ત્રી, જેને તેં કાલે જોઈ છે તે પૂર્વજન્મની તારી ધર્મ-પત્ની છે. તેણે જે વૃત્તાન કહ્યુ, તે સત્ય જ છે આ જન્મે પણ એ તને જ વરી ચૂકી છે એ પૂર્ણ પતિવ્રતા છે જેના દર્શનમાત્રથી પાપી નિષ્પાપ થાય એવી તે સ્ત્રીએ, પૂર્વજન્મમા તારી અત્યત સેવા કીધી છે, અને તેના પુણ્યયોગે આ જન્મે પણ તમે બન્ને અનત સુખ ભોગ-વશો. એ સતી શિરોમણિ હવે તને શીઘ્ર જ આવી મળશે ને તારા સકળ મનોરથો પૂર્ણ થશે હું તને આ જે કઈ કહું છુ તે એ જ કે, તુ આ મારી પ્રસાદીનુ પ્રાશન કરશે, તેથી ભવિષ્યમા તને સદા ભવિ ષ્યનુ જ્ઞાન થશે ને તું સદા સર્વોપરિ રાજા તરીકે વિદેહી રહીને રાજ્ય-ભોગ ભોગવીશ તે પછી તું નિર્વાણપદને પામીશ આ નિર્વાણપદ કેવુ છે, તે તને જાતોજાત જ જણાશે જા, યશકીર્તિ સાથે જ્ઞાની થઈ રાજ્ય કર! લે પ્રસાદ,” અને પછી તુરત તેણે પોતાના અવયવોને સ્થિર કર્યા, અને નેત્ર મીચ્યા મને ઉઠવાની આજ્ઞા થઈ એમ જાણી, હું તેને દડવત્ કરી ઉભો થયો પણ ગઈ કાલે તેણે મને પ્રસાદરૂપે આપેલુ આમ્રફળ, જે હજી ત્યા જ પડેલુ હતુ તે–દૃષ્ટિએ પડવાથી–લઇને હું મારા સ્થાનપ્રતિ આવ્યો ગુરુજીએ દૃઢીકરણ કરવાથી તો ઉલટી મારી પ્રિયા મને વધારે સાભરવા માડી તે નિરતર મારી દૃષ્ટિ આગળ જાણે ફરતી હોય તેમ તેનું સ્મરણ થવા લાગ્યુ પણ મનોવૃત્તિને દબાવીને તત્ક્ષણે મારા નિત્ય નિયમ પ્રમાણે હું પ્રભુની માનસિક સેવા કરવા મડ્યો, તો ત્યા પણ ભગવાનના શ્યામસુદર સ્વરૂપની આગળ મારી સ્ત્રી જોવામા આવી પછી જ્ઞાનયોગે સેવા પૂરી કરીને મેં ભોજનની ઇચ્છા કરી. તત્ક્ષણે કલ્પતરુના પ્રભાવથી, સર્વ પદાર્થો મારી સમક્ષ

તૈયાર દેખાયા આ સમે પણ મારી પ્રિયા વગર હું એકલો કેમ જઉં, એમ મારા મનમા આવ્યુ. પણ પેલું ફળ જોઈ તુરત મને સાભરી આવ્યું કે, "અરે! ગુરુપ્રસાદી પહેલાં પ્રાશન કરીને પછી બીજી વાત!' વિશાલ! હું તને શું કહું! ગુરુપ્રસાદીનો શો પ્રતાપ? જેવું મેં તે આમ્રફળ ધોળીને ચૂસવા માડયું કે, તત્ક્ષણે મને મારી સ્રીનુ તથા તે સાથેના સર્વ વિહારસુખનું વિસ્મરણ થઈ ગયું, અને હું જેવો પૂર્વે હતો તેવો જ નિ.સ્પૃહ, નિઃસંગ, નિર્મળ થઈ, હિમગિરિની સુદર ટેકરી પર વિહરવા લાગ્યો

ષષ્ઠ બિન્દુ

મનન

वस्तुस्वरूप स्फुटबोधचक्षुषा स्वेनैव ज्ञेय न तु पण्डितेन ।
चन्द्रस्वरूप निजचक्षुषैव ज्ञातव्यमन्यैरवगम्यते किम् ॥
स्वानुभूत्या स्वय ज्ञात्वा स्वमात्मानमखण्डितम् ।
ससिद्ध. सन्सुखस्तिष्ठेन्निर्विकल्पात्मनात्मनि ॥

અર્થ—ચન્દ્રનુ સ્વરૂપ જેમ નિજચક્ષુથી જ જાણવામા આવે છે, પણ અન્યથી જાણવામા આવતુ નથી, તેમ આત્માનુ સ્વરૂપ પોતાના સ્ફુટ બોધરૂપ ચક્ષુથી જો પોતે સમજે તો જ સમજાય છે, પણ બીજા કોઈની પડિતાઈથી જાણવામા આવતુ નથી સ્વાનુભવથી જ પોતે પોતાના આત્માને અખડિત જાણી, સિદ્ધ થઇને, પોતામા જ નિર્વિકલ્પરૂપે મૌજથી રહેવુ—વિચરવુ

પ્રધાન વિશાળકેતુને રાજર્ષિ યજ્ઞભૂ કહે છે, "છઠ્ઠે દિવસે નિયમ પ્રમાણે હુ તે યોગેશ્વર આગળ ગયો, ત્યારે તેણે મને આશીર્વચનયુક્ત કહ્યુ, "તુ વિદ્યાસપન્ન તથા ચતુર છે, એટલુ જ નહિ પણ તને પૂર્વજન્મનો પૂર્ણ સસ્કાર છે, તેથી તારી બુદ્ધિ અતિ નિર્મળ અને શ્રેષ્ઠ જ્ઞાનપ્રાપ્તિના પાત્રરૂપ બની છે પૂર્વના ઉત્તમ સસ્કારથી જ ને સાત્વિક ઈશ્વરીશક્તિના બળે જ તુ અહીં આવી શક્યો છે, અને મારી પાસેથી અનેક પ્રકારનુ ગુહ્ય તથા સાનુભવજ્ઞાન તેં શ્રવણ કીધુ છે. તારા વગર મેં એ જ્ઞાન કોઇને પૂર્વે કહેલુ નથી, કહ્યુ છે તો ઘણા જૂદારૂપે કહેલુ છે તને જોઈને મને બહુ આનદ થાય છે અને નિરતર આ અપાર બ્રહ્મજ્ઞાનરૂપી આનન્દનુ તારી આગળ કથન કરુ, તો પણ મને કદિ વિશ્રામ લેવાનું મન થાય નહિ હવે તેં જે આજ દિન પર્યંત મારી પાસેથી શ્રવણ કીધું, તેનુ તને યથાર્થ સ્મરણ રહેવું જોઇએ. મુમુક્ષુજને પ્રથમ ગુરુ પાસેથી જ્ઞાન શ્રવણ કરવું, પછી સાભળેલુ વારંવાર અંતઃકર-

ણુમા સ્મરણ કરીને વિચારથી દૃઢ ઠસાવવું; ત્યારે જ તે શ્રવણ કરેલુ તેને સાર્થક થાય છે; અને તેના નિદિધ્યાસનથી સર્વનુ વિસ્મરણ થઈ, વિરક્ત બને છે ને છેવટે બ્રહ્મસાક્ષાત્કાર થાય છે. ઈષ્ટ આરાધ્યમા એકાંત ને સકલ્પ માત્રનો સંન્યાસ, એ જ બ્રહ્મસાક્ષાત્કાર છે ! શ્રવણ, મનન, નિદિ-ધ્યાસન અને સાક્ષાત્કાર એ ચાર મોક્ષના પગથીઆ છે, એમા પ્રથમ શ્રવણ અને તે દૃઢ થયા પછી મનન કરવાનુ છે. શ્રવણ કરેલી વસ્તુનુ વારવાર સ્મરણ કરી યોગ્યાયોગ્ય વિચાર સાથે તેને અત કરણમા દૃઢ-પણે આરોપિત કરવુ, તે મનન એવા મનન વગર શ્રવણ કરેલાની વિસ્મૃતિ થાય છે અને તેથી સદ્ગુરુસમાગમથી પ્રાપ્ત થયેલો અમૂલ્ય લાભ એળે જાય છે હવે તારે મારી પાસેથી શ્રવણ કરેલા જ્ઞાનનુ પાકટ-પણે મનન કરવુ આવશ્યક છે મનન કરવાથી હરેક વાતને, પોતાના અન્યત્ર સાભળેલા કે અનુભવેલા ઉદાહરણવડે, મનુષ્ય જ્યારે દૃઢ કરી શકે છે, ત્યારે તે વસ્તુ તેના હૃદયમા એવી સુદૃઢ થાય છે કે, ખસેડી ખસતી નથી, ઉખેડી ઉખડતી નથી, અને તે વિના અન્યમા જડાતી નથી તુ પણ ઉત્તમ પ્રકારે મનન કર જે કર્યા પછી તુ પરમનુ શ્રવણ કરવાને અને તે હૃદયમા ઠસાવી, સ્વરૂપાનુસધાન કરવાને શક્તિમાન્ થઈશ. વધારે શ્રવણથી વધારે મનન થશે, નિત્યના મનનથી, નિર્લેપ થઈ કેવળ આત્મારામ થઈ જશે હુ તારાપર પ્રસન્ન છુ, અને મારી કૃપાથી તું સસારના અનત સુખો ભોગવ્યા છતા અલિપ્ત રહી, જીવ-ન્મુક્ત ને વિદેહમુક્ત રહીશ !"

આટલુ અમૃતરૂપ ભાષણ કરી, ગુરુજીએ લાગલા નેત્ર બધ કર્યા તેના સર્વ અગો, શ્વાસાદિ સઘળુ સ્થિર થઈ ગયુ મે જાણ્યુ કે, હવે તો ગુરુજી સમાધિસ્થ થશે, તેથી તેને સાષ્ટાગ દડવત્નમસ્કાર કરી, હું તુરત ત્યાથી ઉઠ્યો અને જાણે તેણે આજે પાછલા અભ્યાસની આવૃત્તિ સારુ અનધ્યાય* આપ્યો હોય તેમ સમજી, હું મારા નિવાસસ્થાન કલ્પતરુ નીચે ગયો ત્યા પરબ્રહ્મ પરમાત્મા યોગીઓના યોગી શ્રીકૃષ્ણચદ્રની માનસિક પૂજા કરીને યથેચ્છ ભોજન કર્યા પછી, થોડીકવાર વિશ્રાતિ લીધી એવામા મારા મનમા સહજ વિચાર આવ્યો કે, "આ સ્વર્ગ-સમાન રમણીય સ્થળે હુ ઈશ્વરેચ્છાથી જ્યારનો આવ્યો છુ, ત્યારની મારી ઇચ્છા તે જોવાની થઈ છે, પરતુ હજીસૂધી મેં ચારે દિશાએ ફરીને

* કદી-નવુ ભણાવવુ તે દિવસે બધ રહે છે ને પાછલાનુ આવર્તન થાય છે.

કશું એવું નથી આજે ગુરુએ મને અનધ્યાય આપેલો છે, તે ખરેખર તેણે મારા મનની, ઘણા દિવસની એ જિજ્ઞાસા તૃપ્ત કરવા જ આપ્યો હશે! આજે જેટલુ નિરખાય, તેટલુ આ પવિત્ર સ્થળપર ફરી મારે નિરખવું' આવી ઇચ્છાથી હુ ત્યાથી ઉઠયો. અને ચાલ્યો પૂર્વ બાજુ આવેલી વૃક્ષલતા તરફ ગયો થોડેક દૂર ગયો, એટલામા એક સાધારણ ઉંચાઇનો ડુગર મારી દૃષ્ટિએ પડ્યો તે ચારે બાજૂએ અનેક ઉત્તમ વૃક્ષોના ઘેરાવાને લીધે ઘણો જ સુશોભિત દેખાતો હતો હુ તેના ઉપર ચહડીશ તો આસપાસની સઘળી લીલા મારી દૃષ્ટિએ પડશે, એમ ધારી–વિચારી સર્વ કામના પરી કરી, સારી શાતાને સગે લેઈ, ધીરે ધીરે હું તેપર ચહડવા લાગ્યો ત્યાના વૃક્ષોની અદર નિરતર નિવાસ કરીર હેનારા સુદર પક્ષીઓના મધુરા મધુરા કલરવથી મારુ મન આનદમય થઈ રહ્યુ છેક ઉપર ગયો તો મથાળે સુદર સપાટ જમીન હતી મધ્યમા એક આબાનુ વૃક્ષ, પોતાની વિશાળ શાખા તથા પ્રશાખાઓથી વિસ્તાર પામી, પર્વત ઉપર ઘનઘોર છાયા કરી રહ્યુ હતુ તેની નીચે એક સ્ફાટિકની શિલા પડેલી હતી તેપર બેસી મેં ચારેકોર દૃષ્ટિ કરી તો મારા આનન્દનો પાર રહ્યો નહિ દૃષ્ટિમર્યાદાથી પણ પેલે પાર સૂધી વિસ્તાર પામેલા, અર્થાત્ જેની હદ કયા સૂધી છે એમ નક્કી થઈ શકતુ નહોતુ, તેવા આ આનન્દવનમાની સર્વ શોભા હુ એકે વખતે અવલોકન કરી શકતો હતો. તે સ્થળ ખરેખર ચમત્કારિક જ હતુ અત્ર બેઠો હતો તેવામા એક કૌતક હવુ

જેવો હુ તે શિલાપર બેઠો, કે તે વખતે મારા મનમા અનેક તરગો ઉછળવા લાગ્યા, અને યોગીશ્વર પાસેથી જે જે મેં શ્રવણ કર્યુ હતું, તે સઘળાને દૃઢ કરાવનારા અનેક ઉદાહરણો મારા મનમા એક પછી એક સ્ફુરી આવવા લાગ્યા એ ઉપરાત પણ ઘણુક નવુ જ્ઞાન, જાણે ગુરુજી પોતે જ અતર્યામીપણે મારા હૃદયમા વિરાજી, મને ઉપદેશતા હોયની શું, તેમ સ્ફુરવા માડ્યુ

૧-છે ને નથી

પ્રથમ તો બેઠે બેઠે આકાશના તારાઓપર મારી દૃષ્ટિ ઠરી રહી. અનંત ગોલના અતર્યામીએ હવામા અદ્ધર લટકાવેલા તારાઓનુ હું આવાગમન જોતો હતો, ઈશ્વરી લીલામા લીન થતો હતો એવામા, ક્ષણ બે ક્ષણ પછી, હુ બેઠો હતો તેની ઉત્તર દિશાએથી એક અતિ તેજસ્વી

વિમાન આવતું દૃષ્ટે પડયું તેમા નૃત્ય અને ગાન કરતી અનેક સુંદરીઓ–અપ્સરાઓ વિરાજમાન હતી તે વિમાન સીધું મારી તરફ આવતું હતું, તેથી મેં ધાર્યુ કે, નિશ્ચય આ રમણીય પર્વત ઉપર જ તે ઉતરશે અને તેથી હું તેને નિહાળી શકીશ આવી ઉત્કઠાથી તેને જોવાની આશામા ને આશામા હું તે ભણી એકીટસે જોઇ રહ્યો, અને દૂરથી આટલી બધી શોભા અને તેજ જેનામા છે તે, સન્મુખ આવશે ને જોવ.શે ત્યારે મને કેટલો બધો આનન્દ ઉપજાવશે, તેના ખ્યાલમા હું તરવા લાગ્યો. 'અહો ! આજે તો હું દેવાગનાઓના દર્શન કરવા ભાગ્યશાળી થઇશ અને બનશે તો વાતચિત પણ કરીશ,' એમ વિચાર કરતો હતો એટલામા તો એકાએક તે વિમાન અદૃશ્ય થઇ ગયુ સાવ નિરાશ થઈ જવાથી મારી આખે અધારા આવી ગયા. હું મનોભગ થઈ ગયો. પણ તુરત મારા મનમા વિચાર આવ્યો કે, 'રે ! આ સ્વપ્ન સરખુ શુ થઇ ગયુ? આ પર્વત ઉપર આવી બેસતા મને થયેલો આનદ સઘળો ક્ષણમાત્રમા જ કેમ લોપ થઈ ગયો ?' પુન વિચાર થયો કે, મારે શાને માટે ખેદ કરવો જોઇએ? હતુંએ શુ ને ગયુએ શું? જેમ સ્વપ્નામા જોયેલુ સર્વ જાગ્રત્ થયા પછી નહિ જેવુ થઈ જાય છે, તેમ જ આ પણ એક સ્વપ્ન હતુ આ તો શુ, પણ આખુ જગત્ (દૃશ્ય અને અદૃશ્ય સર્વ પ્રાણી પદાર્થ) પણ તેવુ જ સ્વપ્નવત્–મૃગજળવત્ છે જનક રાજાને અષ્ટાવક્ર મુનિએ સ્પષ્ટપણે કહ્યુ હતું કે, જેવુ સ્વપ્ન તેવો જ સસાર છે, તો પછી આવા આવર્જન વિસર્જન માટે મારે મોહ પામવો ઘટિત નથી મોહ થવો, એ અવિદ્યાનો જ પ્રતાપ છે મૃગજળનુ દૃષ્ટાત આ અસાર સસારને યોગ્ય જ છે આ સસાર છેએ ખરો ને નથી, એ તો નિત્ય સત્ય છે

૨–મૃગજળ

આ વિમાન જો કે હતુ, મેં જોયુ હતુ, તોયે નથી, નહોતું તોયે નથી પણ મેં તેને નજરે જોયુ હતુની ! હા ! નજરે જોયુ હતુ એ સત્ય, પરતુ જોએલુ એ પણ મિથ્યા જ છે મેં તો આગળ જોયુ હતું, પણ હવે તો તે દેખાતુએ નથી, ત્યારે હતુ કયા ? નથી તે નથી જ મૃગજળ કે જેને ઝાઝવાનુ જળ કહે છે તે તો જ્યારે જ્યારે જોઇએ, ત્યારે ત્યારે સ્પષ્ટપણે આખવડે દેખાય છે, છતા તે નથી જ; તેમ આ પણ–વિશ્વ છે ને નથી. મૂળથી જે નથી તેનાપર આસક્તિ ન રાખવી, એ જ જ્ઞાનીનુ લક્ષણ છે ઝાઝવાનું જળ દેખાય છે, પણ વસ્તુત કઈ છે જ નહિ, એમ

નિશ્ચયપણે સમજનારો તો કદી દોડીને તેમાં લોટા ભરવા જશે નહિ; અને ભ્રાંતિથી લોટો ભરવા જનારા અજ્ઞાનીને તે કહેશે કે, 'જે તું જોય છે તે ભૂતમાં નથી, વર્તમાનમા જે દૃષ્ટે પડે છે તે ભ્રમ જ છે, તેમ તે ભવિષ્યમાએ નથી એ છે જ નહિ, તેથી એની કામના તજ.' છતાં કદાચ તે અજ્ઞાની ઝાંઝવાના જળને સત્ય માની જળ ભરવા દોડશે, તોપણ તે છેવટે અથડાઈ નિરાશ થશે ને પછી શોક કરશે ત્યારે શું જ્ઞાની થવાથી (જાણવાથી) એ જળ નથી જણાતુ? ના, તેમ નથી. તે તો જ્ઞાની ને અજ્ઞાની બનેના નેત્રમા જણાય છે, પણ અજ્ઞાની વારવાર ભૂલી, તેમાથી જળ ભરવા દોડે છે ને જ્ઞાની તેને જોવા છતા કદી પોતાનું મન ડગમગાવતો નથી તે જળ ભરવા જતો નથી, ને જળ ન મળે તેથી તેને નિરાશ પણ થવુ પડતું નથી, અને તેથી તેને નિરાશાનુ દુ ખ ભોગવવું પણ પડતુ નથી બધાયેલી આશા નાશ પામે ત્યારે દુ.ખ થાય, પણ મૂળે જેને આશા જ ન હોય, તેને શાનું દુ ખ?

આ જગત્ ખરેખરુ ઝાઝવાનુ જળ છે અજ્ઞાનીને એ સત્ય ભાસે છે, એટલે તેમા તે મોહ પામે છે પણ સંતત તે ખોટું જ છે, અને જે ત્રણે કાલમા ખોટુ જ છે, તેમાથી નિરતરનું સુખ–અખડિત સુખ ક્યાથી મળે? ન જ મળે આ જગતમા જેઓ અજ્ઞાનથી મોહ પામેલા છે, તેવા પુરુષો અસતને સત્ માને છે, અને તેથી જ દુ ખમા પડે છે પણ જ્ઞાનીને તેમ થતું નથી તે તો જગતને મિથ્યા સમજી જ બેઠો છે, તેથી તેને તેમાની કોઇ વસ્તુ સત્ય લાગતી નથી, તથા જે સત્ય નથી તે પર તેને આસક્તિ થતી નથી–પ્રાણી પદાર્થ પુત્ર કે કલત્ર પણ તેને મનથી અસત્ય જ છે. તેને સત્ય કે નિત્ય એવું કઈ આ જગતમા તો દૃષ્ટે પડતું જ નથી જે પુરુષ, પદાર્થમાત્રને અસત્ય માને છે, તેને કોઈમા પણ આસક્તિ નથી, જે સર્વત્ર અસત્ય ને મિથ્યા જોય છે, તેને અસત્ય વસ્તુ હોય તોએ સુખ–આનંદ શુ ને નથી એમ માને તો દુ ખ–શોક શો?

તે તો છે તેવો ને તેવો જ રહે છે ને નિરતર મહાસુખમા મહાલે છે માટે મેં જે મિથ્યા વસ્તુપર પ્રથમ આસક્તિ કરી, તે અવિદ્યા હતી અવિદ્યાને લીધે જ મારા સર્વ આનદનો લય થઈ ગયો ને હું ભ્રાંતિના તથા નિરાશાના દુ ખમા પડ્યો! સત્યાસત્યના જ્ઞાનવાળો જીવ જગતમા બંધાતો નથી પણ ત્યારે અસત્ય વસ્તુમા એ સત્યના જેવી ભાવના થવી, તે શું હશે? નિ.શક, તે અવિદ્યા જ છે, અને અવિદ્યા એ જ ક્લેશનુ કારણ છે?

૩–ક્લેશ (દુ:ખ)નું કારણ અવિદ્યા

આમ ક્લેશ થવાનું કારણ અવિદ્યા (ખોટી વસ્તુમા ખરાનો ભાસ થવો તે) જ છે; અને તેથી કેવી રીતે ક્લેશ (દુ:ખ)આવી પડે છે અર્થાત્ અવિદ્યામાં ડુબેલો પ્રાણી કેવા ક્લેશનો ભોક્તા થાય છે, તેને માટે મને એક ઉત્તમ દૃષ્ટાંત સાંભરી આવ્યું.–

કોઈ એક મહાવનમા એક મદોન્મત્ત વનરાજ-સિંહ રહેતો હતો. વનમા સિંહથી બળવાન્ બીજુ કોણ હોય? તેના મદોન્મત્તપણાથી સસલાથી માડીને હાથી સૂધીના સર્વ વનચરો તેનાથી ત્રાસ પામતા હતાં જ્યારે જ્યારે તે સિંહ પોતાના ભક્ષને સારુ મૃગયા કરવા નિકળતો, ત્યારે ત્યારે અનેક પ્રાણીઓનો વધ કરી નાખતો હતો જ્યારે જ્યારે એની ભયંકર ગર્જના વનપશુઓ સાભળતા, ત્યારે ત્યારે વનમાના સર્વ પ્રાણીઆની વનમા થોડે દૂર સૂધી જવાની પણ હીંમત ચાલતી નહોતી આ પ્રમાણે સર્વ વનચરોને મહાદુ:ખ હતુ આ દુ ખ હવે કેમ નિવૃત્ત થાય, તેનો સહુ પશુઓ ઉપાય શોધવા લાગ્યા એક દિવસે તે મૃગરાજ* મૃગયા કરી પોતાની ગુફા પ્રત્યે ગયો ત્યાંરે નિર્ભય થવાથી, સર્વ વનચરો એક છૂપી જગ્યાએ ભેગા મળ્યા ને પોતાનું દુ:ખ દૂર કરવા માટેના ઉપાય શોધવા લાગ્યા તેઓએ નિશ્ચય કર્યો કે, આપણે સૌએ મળી મૃગરાજ પાસે જઈ વિનંતિ કરવી, અને આપણામાથી નિત્ય એક એક પ્રાણી તેને ખાવા માટે આપવા ઠરાવવું જેથી તે આપણામાના ઘણાઓની હિંસા કરશે નહી. આ ઠરાવથી તેઓ સિંહને ત્યા ગયા, ને તેને વિનતિ કરી કે, મહારાજ, અમે આપની પ્રજા છીએ, ને આપને જે રીતે સુખ થાય, તેમ કરવા માટે તત્પર છીએ. હે વનરાજ! આપના ધ્યાનમા આવે તો અમે નિત્ય એક એક પ્રાણીને આપના ભક્ષ સારુ આપીએ, તેપર આપ તૃપ્ત રહો એમ કરવાથી વનમા ભટકવાની આપને તસ્દી લેવી નહિ પડે, પણ ઘેર બેઠા જ ભક્ષ મળશે!" સિંહે આ વાત માન્ય કરી. નિયમ પ્રમાણે વારા ફરતી નિત્ય એક એક પ્રાણી તેના ભક્ષ સારુ જવા માડ્યુ એક દિવસે એક શિયાળને જવાની વારી આવી શિયાળ ઘણું ચતુર અને કપટકુશળ પ્રાણી છે તેણે પોતાનુ મરણ ટાળવાની એક યુક્તિ શોધી કાઢી. તે નિયમ કરતા સિંહ પાસે કંઈક મોડુ ગયુ, ત્યારે સિંહે તેને ક્રોધથી પૂછ્યુ, "કેમરે, સ્વલ્પ કાળના પ્રાણી! આજે તુ મોડુ કેમ

* સિંહ.

આવ્યું?" ત્યારે શિયાળે કહ્યું; "મહારાજ! એક પ્રજા પર બે રાજા હોય તો તે કોની આજ્ઞા માને? હું શું કરું? અમારા પર આપ જેવા બળવાન્ રાજા છતાં અમને સંતાપનાર એક બીજો જ રાજા આ વનમા વસે છે ને તે અમને આવવા દેતો નથી?" આ સાભળી સિંહ આશ્ચર્યથી બોલ્યો; "એ તું શું બકે છે? શું મારા જેવો સિંહ આ વનમાં છે? ચાલ, બતાવ, કયા છે તે દુષ્ટ. હમણાં ને હમણા હું તેનો નાશ કરુ છુ!" શિયાળ તુરત તેને સાથે લઈ એક મોટા કૂવા આગળ ગયુ ને તેના કાઠા પર સિંહને ઉભો રાખી કહ્યું; "સ્વામી! જુઓ પેલો તમારો શત્રુ ઉભો છે! પોતાનુ પ્રતિબિંબ કૂવાના પાણીમા આબેહૂબ પડેલુ જોઈ, અજ્ઞાન સિંહે જાણ્યુ કે, 'રે! આ તો ખરેખર મારા જેવો જ મોટો સિંહ છે.' પછી તેણે ક્રોધે ભરાઈ, એક મોટી ગર્જના કરીને કૂવામાના સિંહને કહ્યુ કે, "રે દુષ્ટ! તુ અહીં મારા વનમા કેમ આવ્યો છે? શું તું મને તથા મારા બળને જાણતો નથી?" ત્યારે અદરથી પણ તેવો જ પ્રતિધ્વનિ નિકળ્યો તે સાભળી સિંહે તો ખરેખર એમ જ જાણ્યુ કે, 'નિશ્ચય કોઈ બળવાન્ સિંહ આ કૂવામા રહે છે, હું જો તેનો શીઘ્ર નાશ નહિ કરુ તો, મારા રાજ્યઅમલનો નિ:શક છેડો આવશે!" આવા વિચારથી તેણે ક્રોધે ભરાઇ એક બીજી ગર્જના કરી, ત્યારે તેનો પણ તેવો જ પ્રતિધ્વનિ થયો તે સાભળી અતિશય ચ્હીડવાઈ, તે સિંહ એકદમ કૂવામા કૂદી પડ્યો, ને તેના ઊંડા પાણીમા ડૂબી સહજમા મરણ પામ્યો, અને શિયાળ આનદ પામતુ પોતાના સ્થાન આગળ ગયુ અને સર્વે વનચરો તે વર્તમાન જાણી, પરમ નિર્ભયતાના સુખને પામ્યા."

એમ હે વિશાલ! પ્રતિબિંબરૂપ દેખાતા આ મિથ્યા જગતમા, ભ્રાતિથી વ્યાપેલી અવિદ્યાનો ત્યાગ કરી સર્વ જગતને પોતાના આત્માથી ભિન્ન જગતરૂપે ન ઓળખતા, સર્વત્ર પોતાના આત્મરૂપ અર્થાત્ બ્રહ્મરૂપે જોવુ એથી જીવ સર્વ કલેશનો સમૂળો નાશ કરી, આત્મા પરમાત્માના સ્વરૂપાનદમા નિમગ્ન રહેશે.

પણ જ્યારે એ અવિદ્યા એવી નાશકારક છે, ત્યારે શું તેને દૂર ન કરી શકાય? કરી શકાય. જેમ દીપથી અધકારનો નાશ થાય છે, તેમ સર્વત્ર બ્રહ્મરૂપે જોવારૂપી વિદ્યા પ્રાપ્ત થવાથી અવિદ્યાની નિવૃત્તિ થાય છે.

૪–જ્ઞાનદીપક

કોઈ એક પુરુષે સધ્યાકાળ સમયે બહારથી આવી પોતાનું ઘર

ઉઘાડયુ તો ઓરડાની અંદર એક મોટો સર્પ પડ્યો હોય, એમ તેને ભાસ-ભ્રમ થયો ભયને લીધે થરથર ધ્રૂજતાં તે સર્પને નમસ્કાર કર્યા ને તુરત સ્નાન કરી તેના આગળ જઈ કહેવા લાગ્યો કે, "મહારાજ નાગદેવ! આપ મારા પર કૃપા કરી અત્રથી પધારી જાઓ, હું તમારા નિમિત્તે ૧૦૦ જપ કરીશ," એમ કહી અધારામા ને અધારામા જપ કરવા બેઠો. ઘણીકવાર સૂધી જપ કર્યો, પણ ત્યાથી સર્પ ગયો હોય એમ તેને લાગ્યું નહિ તે ઉભો થઈ જોવા લાગ્યો તો સર્પ તો જેમનો તેમ પડેલો જ જણાયો. એક તો અધારુ ને બીજુ ઘરમા સર્પ પડ્યો છે એમ જાણી અતિશય ભયને લીધે તે બ્રાહ્મણે તેને આણ દેવા માડી કે, "મહારાજ! મેં તમારે નિમિત્તે ઘણા જપ કર્યા છે, પણ હજુ તમે જતા નથી તો તમને શેષનાગની આણ છે! વાસુકિની આણ છે! તક્ષકની આણ છે! આસ્તિકની દુવાઈ છે! પધારી જાઓ!" આટલુ છતા પણ સર્પ ત્યાથી ખસ્યો જણાયો નહિ, ત્યારે હારીને તેણે વિચાર કર્યો કે, રખેને કોઈ ક્રોધે ભરાયલો નાગ હોય, માટે લાવ તેને શાત કરવાને માટે હું ઘીનો દીવો કરુ પછી તે પુરુષ દીવો કરી જેવો લાબો થઈ તેને સાષ્ટાગ નમસ્કાર કરવા જાય છે, તેવુ જ તેને જણાયુ કે, ત્યા નાગે નથી ને સાપે નથી, કંઇ જ નથી! ત્યા તો એક જાડી દોરડી પડેલી છે. 'અરરર! મેં મિથ્યાજ આટલો પ્રયત્ન કર્યો ને ત્રાસ વેઠ્યો! આ તો દોરડી છે, તેનાથી મિથ્યા જ ભય પામ્યો! અધારાને લીધે મેં તેને સર્પ જાણ્યો. પ્રથમ જ જો મેં દીપક પ્રકટ કર્યો હોત તો આમાનુ કશું કરવુ ન પડત' આમ વિચારી તરત નમસ્કાર, સ્તુતિ, જપ અને ધ્યાન સઘળુ મૂકી દીધુ અને સુખથી ઘરનુ કામકાજ કરવા લાગ્યો.

એવી જ રીતે તે રજ્જુ (દોરડી)મા સર્પની ભ્રાતિરૂપ અવિદ્યા થઇ, તે માત્ર અજ્ઞાનરૂપી અધકારનુ જ પરિણામ હતું, પણ જ્યારે જ્ઞાન-રૂપ દીપક પ્રકટ થયો, ત્યારે તે સર્વ વિટબણા મટી ગઈ. તેમ આ જગતને અજ્ઞાનરૂપી અધકારને લીધે, જગતને જગત્ ન માનતા એ સત્ છે, એમ મનાવનારી અવિદ્યા, અજ્ઞાની મનુષ્યમા વસેલી છે તેથી તેમા તે લેવાયો-ભૂલાવો ખાતો જાય છે પણ જ્ઞાનરૂપી દીપક પ્રકટ થયા પછી સર્વ ભ્રમ મટી જાય છે, અને સર્વત્ર બ્રહ્મમય જાણી, આત્મા નિજાનદમા મહાલે છે. આ ઉપરથી મને વળી નિશ્ચય થયો કે;

૫-જ્ઞાન ત્યાં કર્મ નહિ, કર્મ ત્યાં જ્ઞાન નહિ

કેમકે એટલું તો નિ:સંશય જ છે કે, જ્યા અંધકાર ત્યા પ્રકાશ (દીપકાદિનો) નહિ ને પ્રકાશ ત્યા અંધકાર ન જ હોય

રામ ત્યાં નવ કામ ભાસે, કામ ત્યાં નવ રામ;
તુલસી દોનો નવ મીલે, રવિ રજની એક ઠામ.

તેમ, જ્યા શ્રીહરિ છે ત્યા કામવાસના-જગતનો મોહ-મમતા-માયા નથી, જ્યા જગતની માયા છે ત્યા શ્રીહરિ નથી. એવી રીતે જ્યાં જ્ઞાન-વિદ્યા છે, ત્યા અજ્ઞાન-અવિદ્યા રહેતી નથી, અજ્ઞાન હોય છે ત્યા જ્ઞાનનો અભાવ થઈ જ જાય છે માટે જ્યાસુધી અજ્ઞાનરૂપી અંધકારને લીધે, અવિદ્યારૂપી જગતના પ્રપંચોમા જીવ લપટાયલો છે, ત્યાસુધી તેને નાના પ્રકારના કર્મ કરવા અવશ્યના જ છે, પણ જ્યારે જ્ઞાનદીપક પ્રકાશિત થાય છે, ત્યારે અવિદ્યારૂપી જગતના પ્રપંચો આપોઆપ શાંત થઈ જાય છે, અને તત્ક્ષણે કર્મો કરવાની કશી આવશ્યકતા રહેતી નથી. જ્ઞાન થયા પછી કોઈ પણ સાધનની જરૂર રહેતી નથી સર્વ સાધનો-સર્વ કર્મો-જ્ઞાનમા લય પામી જાય છે પણ જ્યારે એમ છે ત્યારે, કર્મ ઉપાસના વગેરે તો જ્ઞાનના અર્થાત્ જ્ઞાન થવાના સાધનરૂપ કહ્યા છે તો તે કેમ ન કરવા જોઈએ? હા, એ સાધનો છે ખરા, પણ જેમ અંધારાનો પરાભવ કરવાને દીપક કરવા માટે પ્રથમ કોડીયુ, પછી વાટ ને પછી તેલ, એટલા વાના તૈયાર કરી, તેનો અગ્નિ સાથે સબંધ કરીએ (દીવો પ્રગટાવીએ) તો પ્રકાશ થાય છે ને અંધારુ મટી જાય છે, અને જ્યારે દીવો થયો ત્યાર પછી કોડીયુ, વાટ ને તેલ લેવા જવાની કંઈ જરૂર રહેતી નથી, છે તેનુ જ રક્ષણ કરી, પ્રકાશમા પોતાનુ કામ કરી લઈએ એટલે બસ; તેમ જ જ્ઞાનરૂપ દીપક પ્રકટ્યા સૂધી, કર્મ ઉપાસના ઇત્યાદિ સાધનોની જરૂર છે, પણ તે પ્રકટ્યા પછી સાધનોની જરૂર રહેતી નથી જ કૃતાર્થ જીવાત્માને કોઈ પણ કર્મ અવશેષ નથી જ્ઞાન થયા પછી કર્મની આવશ્યકતા રહેતી જ નથી એ ઉપર મને એક વ્યાવહારિક દૃષ્ટાંત સ્મરણમા આવ્યુ કોઈ એક પુરુષને રાજાની મૈત્રીની ઈચ્છા થઈ. રાજા સાથે મૈત્રી કરવી, એ સહજ વાત નથી. શક્તિ, બુદ્ધિ અને સેવાથી રાજા પ્રસન્ન થાય છે. તે પુરુષે રાજાની સેવા પોતાની બુદ્ધિના પ્રભાવથી કરવા માડી, અને શનૈ શનૈ. રાજદરબારના મનુષ્યો પાસે જવા લાગ્યો. પ્રથમ દરવાન, પછી દરબારી, પછી પ્રધાન, પછી રાણી અને

રાજકુવરના સહવાસમા તે આવ્યો. રાજકુંવરના સહવાસમા આવવાથી એક પ્રસગે તે કુવર સાથે મૃગયાએ ગયો ત્યા રાજપુત્રની અદ્ભુત સેવા બજાવવાથી અને તે વર્તમાન રાજાને નિવેદન થવાથી, રાજાએ તેને પોતાની સમીપમા બોલાવી, ઉત્તમ પ્રકારનો આદરસત્કાર કરી, પ્રથમ તેને પોતાનો દરબારી અને પછી પોતાનો એકાતિક મિત્ર બનાવ્યો. ધીમે ધીમે એવો વખત આવી પહોચ્યો કે, રાજા ને તે એકરૂપ થઈ ગયા ! રાજા તે તે અને તે તે રાજા, એવુ બન્નેનુ અભેદ રૂપ બની ગયું ? રાજાની ઇચ્છાનુકૂળ તે પુરુષ સર્વ કાર્ય કરતો અને તે પુરુષને જે ઇચ્છા થતી, તેને જ રાજા અનુસરતો રાજાનો એકાતિક મિત્ર થયા પછી, જેમ તે પુરુષને દરવાન, દરબારી, પ્રધાન, રાણી, રાજકુંવરની જરૂર રહી નહોતી–ખુદ જાતે જ રાજાનો સમાગમ કરી શકતો હતો, તેવી જ સ્થિતિ જ્ઞાન થયા પછી જ્ઞાની જીવાત્માની છે જ્ઞાન થયા પછી જીવના સર્વ કર્મ ઉપાસનાનુ શમન થઈ જાય છે, તેમજ જ્ઞાની થઈ નિશ્ચયપૂર્વક એકવાર જાણ્યુ કે, આ જગત્ તે પૃથક્ પ્રાપચિકરૂપે નથી જ, પણ સર્વત્ર બ્રહ્મરૂપ છે, શ્રીહરિરૂપ છે, એટલે પછી કોઈ સાધનોની જરૂર રહેતી નથી

વળી એમા એમ સમજવાનુ નથી કે, જ્ઞાની થવા પછી તેણે સર્વ કર્મો ત્યજી દેવા જો કર્મ ઉપાસનાદિનો જ્ઞાની ત્યાગ કરી દે ને જડ પેરે વર્તે તો કર્મ તથા ઉપાસનાને પ્રતિપાદન કરનારી ૯૬૦૦૦ શ્રુતિઓ નિરર્થક થઈ પડે ત્યારે શું શ્રુતિઓ નિરર્થક કહેવાય, એટલા માટે જ કર્મો કરવા ? નહિ, તેમ પણ નથી. શ્રેષ્ઠ જનો જે જે આચરણ કરે છે, તે સામાન્ય લોકના શિક્ષણ માટે અનુકરણ છે, પોતાના હિતને માટે તેઓ કર્મ કરતા નથી માટે જ્ઞાનીએ પણ, જગતના અન્ય જીવોને બોધ થવા માટે જ કર્મ કરવા, ઉપાસના કરવી. નિષ્કામ કર્મ, નિષ્કામ ઉપાસના એ મોક્ષ આપે છે પણ એમ હોય તો "જ્ઞાન ત્યા કર્મ નહિ, ને કર્મ ત્યા જ્ઞાન નહિ." એ વાકય મિથ્યા થઈ પડે, તેનુ શું સમજવુ ? વાસ્તવિક રીતે તેમ પણ નથી જ્ઞાનીએ કર્મ માત્ર કરવા, પણ તેમા આસક્તિ રાખવી નહિ, એટલે તેણે કર્મ કર્યુ તે ન કર્યા બરોબર જ છે, અને એથી જ્ઞાન ત્યા કર્મ નથી એમ જ નિશ્ચય થાય છે ખરુ જ્ઞાન તે જ કે, કર્મો કરવા છતા તેનાપર આસક્તિ ન રાખવી–ફળેચ્છા ન કરવી શ્રુતિઓ પણ કર્મ કર્યા પછી તે પદરે રાખવાનુ કહેતી નથી. તે તો કહે છે કે, નિષ્કામ કર્મો કર, અર્થાત્ કર્મો કરીને તેઓના ફળની આશા

રાખવી નહિ ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु એ વચનથી તે ડિંડિમ વગાડી કહે છે કે, જે કર્મ કરવાં તે બ્રહ્માર્પણ જ કરવા, અને પોતે તો નિર્લેપ જ રહેવુ એમ નિષ્કામ કર્મ કરવાથી ચિત્તની પૂર્ણ શુદ્ધિ થાય છે અને તેથી અને જન્મમરણ આપોઆપ નિવૃત્ત થઈ, મોક્ષ પ્રાપ્ત થાય છે. ફલેચ્છારહિત બનીને-નિષ્કામપણાથી કર્મ કરવાની આજ્ઞા વેદોમા છે. ફલેચ્છાને લીધે કરેલા કર્મોથી પ્રપંચમા બધન થતું જાય છે અને તેથી અજ્ઞાનમા લપટાય છે, પણ નિષ્કામ કર્મો જ્ઞાનના સાધન થઇ પડે છે, અને જ્ઞાન દૃઢ કરવામા સહાય આપે છે

કદાપિ એમ શકા કાઢવામા આવે કે, ત્યારે નિષ્કામ કર્મ અને અકર્મમા ભેદ શો ! અને એવા જ્ઞાનીનું જીવન શું જડવત્ નથી ? અને જ્ઞાન પ્રાપ્ત થયા પછી સસારમા રહેવાનુ પ્રયોજન શું ? મારી એ શકાઓ સ્વાભાવિક હતી, પણ નિષ્કામ કર્મ અને અકર્મમા ઘણો ભેદ છે, એમ મને પુન વિચાર કરતા જણાયુ કોઈ પણ વસ્તુ જગતમા એવી નથી કે, જે કર્મ કરતી નહિ હોય 'હું કંઈ કરતો નથી' એમ કહેનારો પણ કઇને કઇ તો કરે જ છે ! 'હુ કઈ કરતો નથી' એ વચન મિથ્યા છે વારુ, એવું કઈ ન કરવાથી ફળ શુ ? કઇ જ નહિ કઈ ન કરવા કરતાં, ફલેચ્છા વગર પરોપકારાર્થે કે જગતમા રહેલા જીવનો એ ધર્મ છે એમ સમજીને કર્મો કરવા એ વિશેષ ઉત્તમ છે એ પ્રમાણે વર્તવાથી કર્મનુ કોઈ જાતનું બધન જ થતું નથી કર્મ તેના ફળો આપવાને આવે છે ખરા, પણ જ્ઞાનીના અસ્વીકારથી તે નિરાશ થઈ જાય છે આ ઉપર ગુરુજીએ મને કહેલુ એક દૃષ્ટાતનું સ્મરણ થયું પરમ પવિત્ર ભગવાન્ કશ્યપ મુનિ પોતાના પુણ્ય કર્મોને યોગે સ્વર્ગનુ સુખ પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી થયા પણ પરબ્રહ્મ સાથે એકલગની લાગી રહેલી હોવાથી સ્વર્ગના સુખોનો અનાદર કરી, ઇચ્છા માત્ર કરતામા જ સર્વ સુખ પ્રાપ્ત કરાવનાર એવા કલ્પવૃક્ષની છાયામા બેસીને પણ, પરબ્રહ્મના ધ્યાનમા મગ્ન રહેતા હતા કર્મો કશ્યપને ફળ આપવાને આવ્યા હતા ખરા, પણ તત્ત્વવિવેકદૃષ્ટિએ તે પતન કરનારા છે એમ વિચારીને, નિષ્કામ કર્મયોગી શ્રી કશ્યપે તેની અવગણના કરી હતી; અર્થાત્ નિષ્કામ કર્મ કરનાર સદા મુક્ત જ છે. વળી, નિષ્કામ વર્તનાર જ્ઞાનીનુ જીવન જડવત્ નથી, કારણ કે એ રીતે તે સંસારમા રહેલા પ્રાણીઓ પર એક જાતનો ઉપકાર કરી રહેલો છે. તે આ જગતમા શરીરધારણ તો માત્ર, માટીના વાસણો એકવાર

ઘડીને ઉતારી લેવામા જેના પરથી આવ્યા છે એવા કુંભારના ચાકની ગતિ જેવું, માને છે! ગતિમાં આવેલુ ચાક વાસણો ઉતારી લીધા પછી એમનુ એમ ફરયા જ કરે છે, અને જ્યારે તેની અવધ પૂર્ણ થાય છે, ત્યારે જ તેની ગતિ બધ પડે છે; અવધિ સૂધી તો તે ચાક ફરયા જ કરે છે તેમ નિષ્કામ કર્મ કરનાર જ્ઞાની પોતાનુ જીવન, પ્રારબ્ધ-પૂર્વ કર્મની અવધિ પૂર્ણ થવા માટે જ ગાળે છે! આમ કર્મ, અકર્મ અને નિષ્કામ કર્મનો વિવેક છે, અને 'જ્ઞાન ત્યા કર્મ નહિ, અને કર્મ ત્યા જ્ઞાન નહિ' એ સૂત્ર વાકયનુ સમાધાન ગુરુકૃપાએ મારા હૃદયમા થયુ

પણ ત્યારે જગતમા અવતરનાર સૌને કંઈ ને કંઈ કામના હોય છે, તો તે કામનાથી રહિત કયારે થવાય? એને માટે મને એક દૃષ્ટાંત મારા પૂર્વાભ્યાસ સમયનુ સાભર્યું.

૬-જમ્યા પછી ઝેરના લાડુ!

જગતમા આસક્તિ ઉત્પન્ન કરાવનારા વિષયો છે, માટે તે વિષયોને વિષરૂપ જ જાણવામા આવે, તેમજ તેમા તિલમાત્ર પણ વાસના ન રહે તો જ જગતપરની સઘળી આસક્તિ નિર્મૂળ થઈ જાય છે એક વખત એવુ બન્યુ કે, કોઈએક પુરુષ, ત્રણ દિવસનો ભૂખ્યો હતો, તે ભિક્ષા કરવા સારુ ગામમા ગયો અને એક ગૃહસ્થને ત્યા ભોજનનું માગ્યુ. તે ગૃહસ્થે તેને કહ્યુ, "મહારાજ! આપ ત્રણ દિવસના ભૂખ્યા છો, માટે ખાવાનું તો આપુ રૂપાળા મોતીચૂરના લાડુ છે, પણ માંહિ કિંચિત્ ઝેર ઘાલેલુ છે તે ચાલશે?" એ સાભળી ભિક્ષુકે કહ્યુ, "ભાઈ તારા લાડુ તારી પાસે રહેવા દે ગમે એટલા ભૂખ્યા હોઈએ, પણ કંઈ ઝેર ખાઈને મરીએ કે?" પછી તે ત્યાથી આગળ ચાલ્યો ગયો અને બીજે સ્થળે મિષ્ટાન્ન જમી તૃપ્ત થયો ત્યાથી તે પાછો ફરતો હતો ત્યારે પુન પેલા ગૃહસ્થે કહ્યુ કે, "મહારાજ! જમો, જમો, આ લાડુ ખૂબ સ્વાદિયા છે. જમશો તો હુ એ ઉપર મોટી દક્ષિણા પણ આપીશ!" ત્યારે તે પુરુષે કહ્યુ "ભલા મનુષ્ય! ભૂખ્યો હતો તે વેળાએ તારા ઝેરના લાડુ જમ્યો નહિ, તો હવે ધરાયા પછી મરવા માટે જ તારા લાડુ જમીશ કે? અને તે માત્ર દક્ષિણાની લાલચે? અલ્યા મૂઢ! મુવા પછી મને દક્ષિણા શું કામની છે?" એમ કહી તે ત્યાથી ચાલ્યો ગયો.

એવી રીતે વિષયો, કે જેને ભોગવવાથી સસારમા પ્રાણીની આશા પ્રતિદિન વૃદ્ધિગત થતી જાય છે, તેને વિષરૂપ જાણવો જોઈએ,

અને એ જ્યારે વિષ જ છે, અર્થાત્ હમણાં કદાચ ભોગવવા મીઠા લાગશે, પણ તેનું પરિણામ વિષરૂપ જ આવનાર છે ત્યારે, પોતાની એક વેળાની ભૂખ મટાડવા માટે, પોતાના આખા આયુષ્યનો નાશ કરનારા ઝેરના લાડુ જેમ ભિક્ષુકે, અતિક્ષુધાતુર છતાં પણ ખાધા નહિ અને જમ્યા પછી પણ ઝેરના લાડુ ખાવા માટે દક્ષિણાના લોભે લોભાયો નહિ, તેમ એક ક્ષણના સુખ સારુ પોતાના અનત સુખ (જ્ઞાનપ્રાપ્તિ, નિજસ્વરૂપ પ્રાપ્તિ)ના નાશ કરાવ-નાર વિષયમા, મુમુક્ષુએ આસક્તિ રાખવી નહિ વળી પેલા ક્ષુધાતુર ભિક્ષુક પેઠે, વિષય ભોગવવામા જિજ્ઞાસુ (આસક્તિવાળો) હોવા છતા, જેણે વિષ જાણી વિષયોનો ત્યાગ કરચો છે (તેમા આસક્ત થયો નથી) તે જીવ, જ્ઞાની (તૃપ્ત) થયા કેડે તેનાપર કેમ જ મન દોડાવે ? વળી એ વિષયા-સક્તિને છોડીને તે મુમુક્ષુએ એવો વિરાગ રાખવો કે, જેમ બહિર્દિશાએ (મોટી હાજતે) ગયેલો પુરુષ, તે સ્થળેથી ઉઠીને લાગલો તિરસ્કારથી પોતાના સ્થાન તરફ ચાલ્યો આવે છે, અને તે કદી પણ પોતાના મળ-મૂત્ર તરફ પાછું ફરી જોતો નથી, તેમ ત્યાગેલા વિષયો તરફ સદા જ તિરસ્કાર રાખવો જોઇએ. એવો વિરાગ અત કરણ શુદ્ધ થવા વિના ક્યાથી થાય ? તેમ અત કરણ શુદ્ધ થવા માટે જ મનુષ્યની પછવાડે કર્માદિ નિર્માણ થએલા છે પણ ત્યારે એવો વિરાગ ટકી રહેવા માટે, કર્માદિ નિરતર કરચા કરીએ તો પછી તેનો પાર ક્યારે આવે ?

૭–જ્ઞાન થયા પછી કઇ નથી.

કુક્કુટ, કપોત, કાક, કોકિલા ઇત્યાદિ પક્ષીઓ પોતાના અડનુ ક્યાસૂધી સેવન કરે છે, કે જ્યાસૂધી તે અંડ પરિપકવ થયુ નથી, પણ પરિપકવ થયુ એટલે સ્વાભાવિક રીતે જ તે પક્ષી પોતાનુ ઇંડુ કોરી કાઢે છે, એટલે માહેથી પક્ષી (બચ્ચુ) નિકળે છે, પણ જો એ પ્રાણી પકવ થયા પછી તે ઇંડું નિરતર સેવ્યા જ કરે તો અદરના બચ્ચાની પાખ ગળી જાય છે એવી જ રીતે કર્માદિનુ સેવન ત્યાસૂધી છે કે, જ્યા-સૂધી જ્ઞાન થયું નથી. જ્ઞાન થયુ એટલે કર્મો પોતાની મેળે જ ગળી જાય છે, બળી જાય છે; જગતની આસક્તિ આપોઆપ છૂટી જાય છે કર્મો કર્યા જવામાં આવે અને જો તે બ્રહ્માર્પણ થાય તો કર્મો કરચા તે નકર્યા જેવા જ છે. પણ કર્મોમા આસક્તિ રાખે તો, જેમ પરિપકવ થયેલા ઇંડાનુ સેવન કરવાથી ગળી જનારી અદરના બચ્ચાની પાખની પેઠે, પ્રાપ્ત થએલુ જ્ઞાન–પકવ થયેલાં હૃદયની અદરનુ જ્ઞાન પણ, બાહ્ય આસક્તિને લીધે ગળી જાય

છે, અર્થાત્ શિથિલ થઈ જાય છે. માટે, જ્ઞાન થયા પછી તો આસક્તિ-રહિત નિજાનંદપણે જ વિચારવાનું છે.

આ સમયે મને એવો વિચાર આવ્યો કે, 'અહો ! હું જે મારા મનથીજ આવી અનેક પ્રકારની શકાઓ ને તેના મનમાનતાં સમાધાનો કરી શકુ છુ, તે કોને પ્રતાપે ? ખરેખર મારા મહાત્મા ગુરુજીના જ પ્રતાપે ! મને પામરને, તેના વગર આવો અલભ્ય લાભ ક્યાથી હોય ? અને મને તો શુ, પણ ગમે તેવા મહાપુરુષને પણ ગુરુ વિના તે જ્ઞાન ન જ થાય.

૮–ગુરુની આવશ્યકતા

દરેક પ્રાણી (મનુષ્યાદિ) નિત્ય સર્વ દૃશ્ય પ્રપચ સ્થૂલાદિની ઉત્પત્તિ કરે છે; અર્થાત્ પ્રાણીમાત્ર જાગ્રદવસ્થામા અહતા મમતા ઉત્પન્ન કરે છે ને તે જાગ્રદવસ્થામા ઉત્પન્ન થએલી અહુતા મમતાનો (તેમા કરેલા ક્રિયમાણ માત્રનો) સ્વપ્નાવસ્થામા લય કરે છે સારાશ સ્વપ્નાવથામા, જાગ્રદવસ્થામા કરેલુ કશુ તેને સ્મરણમા રહેતું નથી એટલે તેનો લય જ થાય છે પછી તે જાગ્રત્ તથા સ્વપ્નાવસ્થાનો, સુષુપ્તિ અવસ્થામા લય કરે છે, એટલે જાગ્રત્ તથા સ્વપ્નામા જોયેલી અનેક વસ્તુઓ, અને કરેલા અનેક વ્યાપારો, ભરનિદ્રામા બિલકુલ દેખાતા નથી ને તેનુ સ્મરણ પણ થતું નથી, એટલે તે પણ લય જ પામે છે સુષુપ્તિ એટલે કોઈ વાર્તાનુ ભાન ન રહેવારૂપ ઘાડ નિદ્રા આવવી તે સુષુપ્તાવસ્થા પરમાનદરૂપે જો કે છે, પણ તે ક્ષણિક છે નાશવાન છે, અને તે અવસ્થામા પુરુષ જે આનંદ ભોગવે છે તેનુ તેને જ્ઞાન તે વેળાએ હોતુ નથી, એટલા માટે તુરીયાવસ્થા અર્થાત્ ચતુર્થાવસ્થા જેને મોક્ષાવસ્થા કહેવામા આવે છે તે સતત પરમાનદની પ્રાપ્તિ કરાવનાર છે–તેમા તે આનદરૂપ જ બની રહે છે આ ચતુર્થાવસ્થામાં યોગીઓ ત્રણે અવસ્થાનો લય કરે છે એનુ નામજ સતજ્ઞાન પ્રત્યેક મનુષ્ય નિરતર વ્યાપાર તો કરે છે, પણ તેનુ તેને જ્ઞાન હોતુ નથી, તેથી એ જ્ઞાન થવા માટે જ ગુરુની સહાયતા જોઈએ गुशब्दस्त्वन्धकारेऽस्ति रुशब्दस्तन्निरोधक ગુ એટલે અધારુ અને રુ એટલે તેનો નાશ કરનાર એમ ગુરુ જ, અજ્ઞાનરૂપી અધકારનો નાશ કરનાર છે મનુષ્ય અજ્ઞાની છે અને તેને જ્ઞાન થવા સારુ ગુરુની આવશ્યકતા છે જ્ઞાન વિના મુક્તિ નથી ને તેવુ જ્ઞાન સદ્ગુરુ વિના પ્રાપ્ત થતુ નથી. પણ ઈશ્વર (સમર્થ)ને તો તેવી જરૂર નથી ઈશ્વર–હિરણ્યગર્ભ ઈશ્વર–બ્રહ્મદેવ–સૃષ્ટિકર્તા ઈશ્વર (બ્રહ્મદેવ)નો, વેદના સ્મરણરૂપ ગુરુ છે. જ્યા

સૂધી શ્રુતિનું સ્મરણ થયું ન હતું ત્યા સૂધી બ્રહ્માદેવને શું કરવું, તેમાંનું કશું સુઝતુ ન હતું; પણ આકાશવાણીદ્વારા વેદનો ઉપદેશ તેને થયો, એટલે તે (વેદ)મા કહ્યા પ્રમાણે તેણે આ સૃષ્ટિની રચના કરવા માડી તેવી જ રીતે સર્વત્ર ગુરુની આવશ્યકતા છે. ગુરુ તે કંઇ મનુષ્ય જ હોય વા ઈશ્વર જ હોય એમ નથી, પણ હરકોઇ પદાર્થ–કે જગતમાની કોઇ-પણ વસ્તુ–મનુષ્યનો ગુરુ થઇ શકે છે આ જગત્ જ મનુષ્યનો મહા-ગુરુ છે મહાસમર્થ સર્વોત્કૃષ્ટ જ્ઞાની શ્રીદત્તાત્રેય સ્વામીએ પણ ચોવીશ ગુરુ કરેલા છે તે માત્ર મનુષ્ય જ નહિ પણ સમડા, કુકડા, શ્વાન, ગીધ, એવા પ્રાણીઓ છે. માટે ગુરુવિના પરમપદની પ્રાપ્તિ જ્ઞાન થતું નથી

ત્યારે ગુરુ કયાથી લાવીને શિષ્યને જ્ઞાન (પરમાનદપ્રાપ્તિનો માર્ગ) દર્શાવે છે ? શું તેને કઇ પોતાના પદરનુ આપવુ પડે છે ? ના; મને તો મારા મહાત્મા યોગીશ્વર ગુરુએ મારુ પોતાનુ જ સ્વરૂપ (મૂળ પરમાત્મસ્વરૂપ) જ્ઞાનદ્વારા દર્શાવ્યુ છે. તેમા બીજુ કઇ બતાવ્યું નથી, પણ મારા આ દેહના મધ્યમાના જ્યોતિશ્ચક્રની મધ્યમા જોવાનુ જ્ઞાન કરાવ્યુ છે; અર્થાત્ મારાથી કશુ ભિન્ન નથી, જે છે તે હું જ સર્વ છુ એમ સમજાવ્યુ છે એ પરથી સિદ્ધ થાય છે કે, ગુરુને પોતાની ગાઠનુ કંઈ ન ખરચવુ પડતા, શિષ્યનુ જે છે, તે જ તેને બતાવી આપે છે એપર મને એક ઇતિહાસ સાભરી આવ્યો.

૯–શિખરમાનુ ધન

એક સાહુકાર મરણ પથારીપર સૂતો, ત્યારે પોતાના સર્વ પુત્રોને તેણે પોતાની આગળ બોલાવ્યા અને કહ્યુ કે. "પુત્રો ! મારે તમારી પ્રતિષ્ઠા, મારી પછવાડે પણ જેવી છે તેવી જ રાખવી, બલકે વધારવી, પણ તેમાથી ન્યૂન થવા દેશો નહિ તો જ તમે મારું નામ રાખ્યુ અને મારો ઉદ્ધાર કર્યો કહેવાશે મારી કેટલીક સપત્તિ સ્થાવર છે તથા કેટલીક સપત્તિ જગમ છે, તે તમે સારી રીતે જાણો છો એમાથી તમે રીતસર વાપરશો તો કોઇ કાળે ખુટશે નહિ પણ કદાચ કાળયોગે, વ્યાપારમા નફો તોટો થવાનો સભવ હોવાથી. તમને નાણાની તગી પડે ત્યારે જો તમે આપણા જૂના ચોપડા, વિચારપૂર્વક સભાળીને જોશો તો તેમાથી મારુ વિશેષ ધન કયા છે તે તમને મળી આવશે, ને તમારુ સકટ દૂર થશે " તે સાહુકાર મરી ગયો ને કેટલાક વર્ષ પણ વીતી ગયા એક સમય એવો આવ્યો કે વેપારમા ભારે ખોટ ગઈ નાણું ખુટી પડ્યુ ત્યારે તેના દીકરાઓ એકઠા મળી પોતાના

પિતાની સૂચના પ્રમાણે, ચોપડા તપાસવા માંડ્યા. પાના ઉથલાવતા ઉથલાવતા એક ઘણી જૂની વહીની અંદર આમ લખેલું હતુ –"ચૈત્ર શુદી ૧૦ ને દિવસે, પ્રહર દિવસ ચઢતા આપણા ઘરની પાસેના શિવાલયના શિખરમા, મેં ઘણુ જ દ્રવ્ય દાટેલુ છે જ્યારે તમને ખપ પડે ત્યારે તે ખોદીને કાઢી લેજો!" આ વાક્ય વાચી, તેનો મર્મ ન સમજવા બીજે જ દિવસે તેઓએ એવો નિશ્ચય કીધો કે, એ શિવાલયના શિખરમાં પિતાજીનું ધન છે, માટે એને તોડી પાડીને કાઢી લેવું. પછી કેટલાક મજુરોને મંદિર ઉપર ચઢાવી, તેઓએ શિખર ઉતરાવવા માંડ્યુ. આ વર્તમાન જાણતા આખા શહેરમા હાહાકાર થઇ રહ્યો! લોકો તે વણિક્ પુત્રોનો ફિટકાર કરવા લાગ્યા "અરેરે! ખરેખરો કલિકાળ આવ્યો! જગતમા શકરનુ શિખર કોઇએ ઉતરાવ્યુ હોય, એમ કદી સાભળ્યુ નથી; પણ જુઓ તો ભલા, શેઠની પછવાડે સારા સપૂત નિકળ્યા કે, તેમના પિતાએ પુષ્કળ દ્રવ્ય ખરચીને પરમાર્થ માટે શિવાલય બધાવ્યુ છે, તેનું તેઓ આજે શિખર તોડવા તૈયાર થયા છે! ફૂટ રે ભુડાઓ! ધધામા દેવાળુ કાઢ્યુ, એટલે હવે શકરના શિખરમાથી દ્રવ્ય કાઢવા માડ્યું! પણ મૂર્ખાઓ એટલુ સમજતા નથી કે, એમા તે દ્રવ્ય ક્યાથી હોય?"

આ વૃત્તાત જાણી, તે મરનાર સાહુકારનો કોઈ શાણો, વૃદ્ધ ને અનુભવી મિત્ર, તે શહેરમા રહેતો હતો તેણે, તે મન્દિર પાસે જઇને, વણિક્પુત્રોને કહ્યુ, "ભાઇ તમે આ શુ કરો છો?" વણિક્પુત્રોએ કહ્યુ, "કાકા, અમારા પિતાએ ચોપડામા લખ્યુ છે, તે પ્રમાણે આ શિખરમાથી અમે દ્રવ્ય કાઢીએ છીએ" વૃદ્ધ બોલ્યો, "અરે ભલા માણસો! શિખરમા કયાય અપાર દ્રવ્ય સમાય? ચોપડામા લખેલુ તમે સમજતા નહિ હોવ, તેથી જ આવા અપકાર્યમા હાથ ઘાલો છો, લાવો ચોપડો, તેમા શુ લખ્યુ છે તે હુ તપાસુ" તુરત તેઓએ ચોપડો લાવી આગળ મૂકયો પછી તે વૃદ્ધે વાચી જોયુ કે, 'અમુક વખતે શિખરમા દ્રવ્ય દાટેલુ છે!' પોતાના મન સાથે સારી રીતે વિચાર કરીને તે બોલ્યો, "ભાઇઓ, છે તો એમ જ, પણ મારો મિત્ર (તમારો પિતા) ઘણો વિચક્ષણ પુરુષ હતો, માટે એના લખવામા કઇક ઉંડો ભેદ છે. એ ભેદ વિચાર કર્યા વગર સમજાય તેમ નથી વિચાર કરો કે દેવાલય કરાવ્યાને તો ઘણા વર્ષ વીતી ગયા ને આ દ્રવ્ય તો તે પછી દાટ્યુ છે, માટે શિખર ઉતારીને દ્રવ્ય દાટ્યુ હોય એમ સભવતુ નથી વળી શેઠજીએ અમુક

વર્ષમાં દ્રવ્ય દાટ્યુ છે એમ ન લખતા, માત્ર ચૈત્ર શુદી ૧૦ મ જ લખી મૂક્યું છે, ને વળી તેમાં પ્રહર દિવસ લખ્યો છે, માટે ચૈત્ર શુદ ૧૦ આવવા દો એટલે આપણે તેની પૂરી તપાસ કરીશું કે ધન મૂકવાનું લખ્યું છે એનો મર્મ શો છે." ચૈત્ર શુદ ૧૦ આવી અને તે વણિક્‌પુત્રોએ તે વૃદ્ધને બોલાવ્યો. જ્યારે પ્રહર દિવસ ચઢયો ત્યારે તે શિવાલય આગળ સૌ જઈ ઉભા રહ્યા. તે સમયે આસપાસની જગ્યાપર દૃષ્ટિ કરી, તે વૃદ્ધે વિચાર કરીને, તેઓને કહ્યું, "વણિક્‌પુત્રો! વારુ તમે મને કહેશો કે, આ સમયે દેવળનુ શિખર ક્યાં છે? જે એ શિખરને સૌથી પહેલો અડકશે, તેને તેમાનું દ્રવ્ય મળશે!" ત્રણે પુત્રો જેમ તેમ કરી શિખરને અડકવા સારુ દેવળપર ચઢવા લાગ્યા, ત્યારે ચોથો પુત્ર, જે વિચક્ષણ હતો તેણે વિચાર કીધો કે, 'હુ ચઢી શકુ એમ નથી, માટે આ શિખરની છાયા છે તે પણ શિખર જ કેની! તેથી લાવ તેને જઈ અડકુ!' તુરત તે શિખરની છાયાપર જઈ ઉભો રહ્યો એ જોઈને વૃદ્ધે બીજાઓ તરફ દૃષ્ટિ કરી કહ્યુ, "અલ્યા અજ્ઞાનીઓ! મિથ્યા શ્રમ શું કરવા કરો છો? હેઠા ઉતરો શિખરને તો તમારો નાનો ભાઈ અડકયો છે!" ત્યારે તેઓએ કહ્યુ, "એ શું શિખર કહેવાય કે!" વૃદ્ધે કહ્યુ, "હા; આ સઘળી શાની છાયા કહેવાય!" "દેવળની" "તેમા એ દેવળનુ શિખર ક્યું?" "આ જ!" ત્યારે તે વૃદ્ધ બોલ્યો, "ભાઈ, એ જ શિખર અને ત્યા જ ખોદો કે ત્યાથી દ્રવ્ય મળશે તમારા પિતાએ શિખર પાડવાનુ લખ્યુ નથી, પણ ખોદવાનુ લખ્યુ છે એ કેમ ભૂલો છો?" પછી સૌએ, પૃથ્વીપરના શિખરની જગ્યાપર જઈ, ખોદીને જોયુ તો ત્યાથી અપાર દ્રવ્ય નિકળ્યુ અને તેઓ સૌ પરમ હર્ષ પામી, પેલા વૃદ્ધ સજ્જનની બહુ સ્તુતિ કરવા લાગ્યા કે "કાકા સાહેબ, તમે અમારા પિતાના મિત્ર તે અમારા પિતાતુલ્ય જ છો, તમે હતા તો અમને આ દ્રવ્ય મળ્યુ ને લજ્જા રહી, માટે તમારા ઉપકારમાથી અમે કયા છૂટીશુ?" આ સાભળી તેણે તેઓને કહ્યુ, "ભાઈ, દ્રવ્ય તમારુ જ હતુ ને તમોને મળ્યુ, તેમાં મારો શો ઉપકાર? મેં કાઈ મારી ગાઠથી કાઢીને તમને આપ્યુ નથી. માત્ર તમારી અજ્ઞાનતાને લીધે તમે જાણતા ન હોતા, તે મેં તમોને બતાવી આપ્યું છે માટે ખાઓ પીઓ ને સન્માર્ગે ખર્ચો, એટલે બહુ થયું!" એમ કહી તે પોતાને ઘેર ગયો.

એવી જ રીતે અજ્ઞાની જીવ, જે અજ્ઞાનરૂપી તમ (અધકાર)માં

ભટકવાથી, અથવા ભ્રાંતિથી પોતાનું સચ્ચિદાનંદ સ્વરૂપ જાણી શકતો નથી તેને ગુરુ, જ્ઞાનોપદેશ કરી નિજસ્વરૂપનું ભાન કરાવે છે, પણ ગુરુ કંઈ સચ્ચિદાનદ રૂપ નવું આપતા નથી

વિશાલ! આ વેળા મને લાગ્યુ કે, જ્યારે સર્વત્ર સચ્ચિદાનંદરૂપ જ વિરાજે છે, ત્યારે તો તેની પ્રાપ્તિને અર્થે પણ કશો આયાસ ન જ પડવો જોઈએ નિ.શક તેમ જ છે. તે વિષયમા મને એક દૃષ્ટાત સાભરયુ

૧૦–માત્ર જોવામાં જ ફેર છે

એક મુમુક્ષુએ કોઇ સતને જઇ પૂછયુ કે, "મહારાજ! મારાથી પરમાત્મા શી રીતે દેખાય? સર્વ જ્ઞાનીઓ અને આપ પણ વારવાર કહો છો કે, જ્યા ત્યા સચ્ચિદાનદ પરમાત્મા જ વિરાજે છે, પણ મારી દૃષ્ટિએ તે તો ક્યાય જોવામા આવતો નથી" આ સાભળી તે મહાત્માએ કહ્યુ, "ભાઈ તું કહે છે તે સત્ય છે, પણ માત્ર જોવાજોવામા જ ફેર છે હીરાને પારખી, તેનો પરીક્ષક ઝવેરી તેને મોટા મુકુટ અથવા કઠામા જડે છે, ત્યારે તેની કિમ્મત નહિ જાણનારો ભરવાડ, તેને એક ચકચકતો પથરો જાણી પોતાની બકરીના ગળામા બાધે છે પણ તેથી એ હીરો પથરો થઈ જતો નથી, હીરો તે હીરો જ છે તુ અહીં બેઠો છે તે ખસીને અહીં બેસ, એટલે તને પરમાત્મા પ્રત્યક્ષ જણાશે" તાત્પર્ય કે, તારી બુદ્ધિ જે જગતમા સત્યત્વ (જગતપણુ) માની રહી છે, તેને તુ પરમાત્મામા સત્યત્વ (એટલે જગત્ એ પરમાત્માનુ જ સ્વરૂપ છે, જગતમા જેટલી દૃશ્ય અને અદૃશ્ય વસ્તુ છે, તે સર્વમા પરમાત્મા જ છે એમ) માનવાવાળી કર, એટલે પછી તુ સત્યનો જ્ઞાની થયાથી, નિજસ્વરૂપને નિહાળી શકશે આ જગત્ કઈ બીજેથી આવી પડયુ નથી, પણ પરબ્રહ્મ સ્વરૂપમાથી જ તે આવિર્ભાવને પામ્યુ છે (ઉત્પન્ન થયુ છે), માટે જ સર્વ ખલ્વિદ બ્રહ્મ એ વાકય વેદે કહેલુ છે, તે તારા મનમા ઠસશે, અર્થાત્ આ જે છે તે સઘળુ બ્રહ્મ જ છે, બીજુ કઈ જ નથી, કેમકે તે પૂર્ણ બ્રહ્મમાથી જ આ સર્વ અપૂર્ણ ઉત્પન્ન થવા પામ્યુ છે

૧૧–કારણ કાર્યમાં ભેદ નથી

એ ઉપરથી આટલુ તો નિશ્ચય થાય છે કે, કારણ થકી કાર્ય ભિન્ન હોતું નથી કાર્ય એટલે ઉત્પન્ન થઈ અમુક રૂપમા આવેલો પદાર્થ, અને કારણ એટલે જેનાથી કાર્ય થયું, અર્થાત્ જેમાથી તે પદાર્થ ઉત્પન્ન થયો તે. જેમ ઘડો અને માટી. માટીમાથી ઘડો થયો, માટે માટી એ કારણ

અને ઘડો એ કાર્ય માટી અને ઘડાનો પરસ્પરનો સંબંધ જોતા, કારણથી કાર્ય ભિન્ન ક્યા રહ્યું? ઘડામાં આદ્યે માટી હતી, ઘડો તૈયાર થયો ત્યારે પણ માટી ને તે ફુટી ગયો એટલે પણ પાછી માટી જ થઈ ગઈ. ઘડો થયો તો પણ તેમાંથી કઈ માટીપણું ગયું નથી, એટલે માટી તોય માટી ને ઘડો તોય માટી માત્ર મધ્યદશામા "ઘડો" એમ દૃષ્ટિએ પડે છે. મૃત્તિકાનો વિકાર એ માત્ર ઘડો એવુ નામ જ ધારણ કરે છે, અન્ય કઈ જ નથી.

વળી બીજુ દૃષ્ટાત આવુ છે, તેનું પણ મને સ્મરણ થઇ આવ્યું. એક સાહુકારે સોનીને શેર ચાદી આપી તેનો લોટો કરાવ્યો લોટો તૈયાર થયો, એટલે સોનીએ શેઠને બોલાવી કહ્યું, "શેઠ, તમારો લોટો લઈ જાઓ!" શેઠે આવી જોયુ તો લોટાનો ઘાટ પસદ પડ્યો નહિ, તેથી ક્રોધે ભરાઇને તે સોનીને કહેવા લાગ્યો, "અરે તું કેવો મૂર્ખ છે કે, મારી આ રૂપાળી ચાદીનો આવો નઠારો લોટો બનાવ્યો? મેં આવો ઘાટ કરવાનું તને ક્યારે કહ્યુ હતું? મને મારી ચાદી પાછી આપ" તુરત સોનીએ તે લોટો તેના હાથમા મૂક્યો, ત્યારે શેઠે તેને ફેંકી દઈ કહ્યું; "હું એને શુ કરું? મારે તો મારી ચાદી જોઈએ છે!" સોનીએ વિચાર કીધો કે, 'આ મૂઢ મતિ કઈ સમજતો નથી, માટે તેના જેવો જ હું થઇશ તો ઠીક પડશે' પછી તેણે તે લોટો ઉપાડી લઈ, તુરત એરણ-પર મૂક્યો, ને હથોડાવતી શેઠના દેખતા ફૂટી પીટીને એક ગોળો કરી શેઠના હાથમા મૂકતા કહ્યું કે, "લ્યો શેઠજી, આ તમારી રૂપાળી ચાદી!" એ જોઈ શેઠને ઘણું માઠું લાગ્યુ, પણ ખરી વાત હોય ત્યા શુ બોલી શકે? તેથી તે ચાદીનો ગોળો લઈ મુગે મોંડે ચાલતો થયો.

માટે કાર્ય એ તો માત્ર કારણની અદર કલ્પના જ છે એમ છે તો પછી આ જગતરૂપી કાર્ય પરમાત્મારૂપી કારણમાથી પેદા થયું છે, તે તેના કરતા જૂદુ કેમ જ હોય? તે જૂદુ નથી જ વાસ્તવિક રીતે, જ્ઞાનદૃષ્ટે જોતા જગત્ છે જ નહિ પરતુ સર્વ બ્રહ્મમય જ છે

આમ વિચાર કરી મેં નિશ્ચય કર્યો કે, જ્યારે કારણ અને કાર્ય જૂદા નથી, ત્યારે આ સર્વ દૃશ્યાદિક પ્રપચ પરમાત્મારૂપ છે, તે વિના અન્ય કઈ પણ છે જ નહિ

૧૨–પરમાત્મા જૂદો નથી

તે એક જ (પરમાત્મા) માત્ર ઉપાધિ ભેદે કરીને જગત્ તથા જીવ ઈશ્વરાદિરૂપે થયો છે અને કહેવાયો છે. સૂક્ષ્મદૃષ્ટિએ જોતા, જેવી

રીતે ઉત્પત્તિ, સ્થિતિ, અને લય એ કાર્ય ઈશ્વરનાં છે, તેવી રીતે અન્ય પ્રાણીરૂપ કાર્ય પણ ઈશ્વરનું જ છે સમષ્ટિ ભેદે પરમાત્મા ઈશ્વર, અને વ્યષ્ટિભેદે તે જીવ કહેવાય છે. જીવ એ ઈશ્વરનું જ સ્વરૂપ છે તે તેનાથી અતિરિક્ત (જૂદું) નથી વળી ઈશ્વર જેમ સ્વતંત્ર છે, તેમ જીવ પણ પોતાના કાર્યમા સ્વતંત્ર જ છે પણ જ્યારે જીવ અને ઈશ્વર બન્નેને સ્વતંત્ર ગણીએ ત્યારે તો ઈશ્વરના જેવુ મહત્ કાર્ય જીવથી પણ થઈ શકશે પણ તેમ થતું નથી, કારણ કે કાર્ય (કૃત્યકર્મ)ના ભેદે કરીને જીવ અને ઈશ્વર જૂદા એટલે ન્યૂનાધિક ગણાય છે પણ તેમે નથી, કેમકે ઈશ્વરનુ પણ અમુક કાર્યમા ઈશ્વરત્વ અને અમુકમા અનીશ્વરત્વ થઈ જાય છે જેમ જગતને કષ્ટ આપનાર ને વિધિનિષેધનો લોપ કરનારા રાવણાદિને મારવા ઈશ્વરે રામાવતાર લીધો, તે સ્થળે જળશાયી નારાયણ ઈશ્વર ગણાશે નહિ, પણ શ્રીરામચદ્ર જ ઈશ્વર ગણાશે. તેમ જ કસને મારવાને કૃષ્ણાવતાર ધર્યો, તેમા શ્રીકૃષ્ણ જ ઈશ્વર ગણાશે, કંસવધાદિ કાર્યમાં રામચદ્ર ઈશ્વર ગણાશે નહિ તેમ જ હિરણ્યકશિપુના વધ માટે શ્રીનૃસિંહ જ ઈશ્વર છે, પણ રામકૃષ્ણ નહિ આ પરથી સ્પષ્ટ દર્શાય છે કે, જેમ એ એક જ ઈશ્વરરૂપ, કર્મભેદથી ભિન્ન ભિન્ન ગણાય છે; તેમ જ જીવ પણ માત્ર માયારૂપી ઉપાધિ અને કર્મોપાધિને લીધે જીવ કહેવાય છે જ્ઞાનદૃષ્ટિએ જોઇશું તો એ સર્વ ઈશ્વરના જ રૂપો છે, ઈશ્વરથી કઈ વ્યતિરિક્ત નથી કે કોઈ ન્યૂનાધિક નથી, કેમકે જીવ એ પોતાના કર્મમા (અજ્ઞાનવૃત્તિએ) ઈશ્વર જ છે રાજા એ જીવ છતા પ્રજાના સબધમા ઈશ્વર જ છે, ગૃહપતિ પોતાના ઘરમા જ ઈશ્વર છે, જીવ પણ પોતાના કર્મમા ઈશ્વર છે વિશ્વામિત્ર મહર્ષિને આપણે જીવ કોટીમા જ ગણીએ, અને તેમ જ છે, તો પણ તેણે જે નવી સૃષ્ટિ રચી, અને તેમા ત્રિશકુને ઈશ્વર (તે નવી સૃષ્ટિનો અધિપતિ) કરીને સ્થાપ્યો, તેમા તો તે ઈશ્વરનો પણ ઈશ્વર થઈ ચૂકયો છે, (નવી સૃષ્ટિનો ઈશ્વર ત્રિશકુ અને ત્રિશકુનો ઈશ્વર વિશ્વામિત્ર) તો એમા પછી જીવપણું કયા રહ્યુ? માટે ઈશ્વર, જીવ અને આખુ જગત્ એ સર્વે પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માનુ જ સ્વરૂપ છે, પણ તેનાથી ભિન્ન નથી. જ્યા આખુ જગત્ પરમાત્મારૂપ છે, ને પરમાત્મા સપૂર્ણપણે જગતરૂપ છે, તો પછી પરમાત્મા જૂદો કયા રહ્યો?

૧૩–નિવૃત્તિ

વિશાલ! આ વેળા મને એમ પણ વિચાર આવ્યો કે, ત્યારે વસ્તુતઃ

એકરસ એકરૂપ છતાં, ઉપાધિવડે ઈશ્વરથી જૂદો દેખાતો જીવ, નિર્મળ (પ્રારબ્ધ વગેરે કર્મોથી રહિત) ક્યારે થાય? જ્ઞાનજ્યોતિથી જણાવાયું કે, તે સ્થૂલ સૂક્ષ્મદેહને (તેના અભિમાનને) ત્યજે ત્યારે જીવ નિર્મળ થાય છે. સ્થૂલ એટલે બહાર દેખાતું પાચભૌતિક શરીર, અને સૂક્ષ્મ એટલે વાસનારૂપે અદૃશ્ય રહેલુ જે શરીર-સ્થૂલની અદર અને સ્થૂલ દેહ પડ્યા પછી પણ આત્માની સાથે રહેનારુ લિંગ શરીર-વાસના દેહ જીવના પ્રારબ્ધ કર્મો જ્યારે ભોગવાઈ રહે છે ત્યારે તે ફળ આપતાનિવૃત્તિ થાય છે, અને લિંગદેહ, અજ્ઞાન જતું રહી સર્વત્ર વિરાગવૃત્તિ વ્યાપવાથી વાસનાનો નાશ થાય છે, ત્યારે જીવ નિવૃત્ત થાય છે એ બન્ને દેહ નિવૃત્ત (સમાપ્ત-માનસિક મૃત્યુમય) થયા, એટલે આત્મા નિરજન નિરાકાર સ્વયં પ્રકાશ થઈ, પોતાના મૂળ-પરમાત્મા સ્વરૂપમા વિલીન થાય છે, અર્થાત્ મોક્ષ પામે છે-સંસારત્રાસથી છૂટી, નિવૃત્તિ (શાતિ) પામે છે, અને તેને પુનઃ આવર્તન વિસર્જન (જન્મમરણ) કરવાની જરૂર રહેતી નથી.

૧૪-પ્રારબ્ધ

એ સ્થૂલદેહ, પ્રારબ્ધની નિવૃત્તિથી નિવૃત્ત થાય છે, ત્યારે પ્રારબ્ધની નિવૃત્તિ કેવી રીતે થાય?

કોઈ યુદ્ધ પ્રસગમા એક બળવાન્ યોધો હાથમા ધનુષ અને પીઠપરના ભાથામા સેંકડો બાણો ભરી યુદ્ધ કરવા ગયો શત્રુઓને એકાએક મારમાર કરતા જોઈ, તેણે રણાગણમા પ્રવેશ કરતા જ, અતિશય ક્રોધ કરી, પોતાના હાથમાનુ એક દિવ્ય બાણ, જે એકેફેરે આખા સૈન્યનો નાશ કરી નાખે એવું હતુ તે, પોતાના ધનુષ્યમા યોજી, શત્રુઓપર છોડ્યું આ બાણ ધનુષ્યમાથી છૂટતા જ, શત્રુઓના અનેક રથ, ઘોડા, સારથિ તથા બીજા વાહનો સહિત સૈન્યનો નાશ કરતુ, સડસડાટ આગળ ને આગળ ચાલ્યુ. એમ જ્યારે તે યોધાએ એકેફેરે આખા સૈન્યનો ઘાણ વળતો જોયો ત્યારે તેને વિચાર થયો કે, 'અરેરે! મારાથી આ નાશકારક બાણ મૂકાઈ ગયુ! એથી તો જોતજોતામા મોટો સહાર વળી જશે! પણ હવે શો ઉપાય? મૂક્યુ તે મૂક્યું. એ બાણ હવે કઈ મારા હાથમા પાછુ આવવાનું નથી. એ તો તેનો જેટલો વેગ હશે તે પૂરો થયેજ નિવૃત્ત થશે. હવે એમા કઈ મારુ ચાલે તેમ નથી' એવો વિચાર કરી, આગલા જોસ્સાની અદર, ભાથામાથી જે બીજુ બાણ કાઢી ધનુષ્યમા સધાન કર્યુ હતું, તેને તે પછી ન છોડતા, જડવત્ ઉભો રહી વિચારવા લાગ્યો કે,

'આ બાણ હું હવે નહિ છોડું; કેમકે એ હજુ સૂધી મારા સ્વાધીનમા છે પણ છોડ્યા પછી એ મારા હાથમાં રહેવાનું નથી!' એટલામા શત્રુસેનાના પ્રમુખે તેનો સઘળો પ્રકાર જોઈ, વિચાર કીધો કે, 'આ સેનાનીએ એક બાણ તો નાશકારક મૂક્યુ, જેથી આખુ સૈન્ય મૂર્છિત થઈ ગયુ છે, સહાર વળી ગયો છે, અને પુન. આ બીજુ બાણ મૂકવાનો એ વિચાર કરે છે! સોગજોગે જો એણે એ બીજું બાણ મૂક્યુ તો કોણ જાણે તેથી શુ સત્યાનાશ વળી જશે તેમ ન થાય તે અર્થે, લાવ હું એના યત્નનો જ ભગ કરુ' એવો વિચાર કરી, તુરત શત્રુસેનાધીશે, એક અગ્ન્યસ્ત્ર બાણ યોજ્યું, અને તેથી તે બળવાન્ યોધાના ધનુષ્ય, બાણ તથા અસ્ત્રોથી ભરેલો ભાથો, એ સર્વ બાળી ભસ્મ કરી દીધા! આ બનાવથી તે યોધો ખેદ પામવાને બદલે, ઉલટો આનદ પામ્યો, અને બાણ તથા ધનુષ્ય વગેરે સઘળી ઉપાધિ સમૂળી ભસ્મીભૂત થઈ ગઈ, તેથી તેણે પોતાને ખરેખરો શાત અને નિવૃત્ત થયેલો માન્યો એટલુ જ નહિ, પણ રણાગણ છોડી, તત્ક્ષણે આનદ પામતો તે ત્યાથી, વિરક્તની પેઠે ચાલી નિકળ્યો. તે યોધાએ યુદ્ધમા આવતી વખતે પોતાના પિતાની સમક્ષ એવી પ્રતિજ્ઞા કરી હતી કે, 'આ એક જ વખતે મેં ગ્રહણ (ધારણ) કરેલા આયુધો જ્યાસૂધી પહોંચશે ત્યાસૂધી જ હું યુદ્ધ કરીશ, અને યુદ્ધમા જો જીવીશ તો તુરત રણાગણ છોડીને ચાલ્યો જઈશ!' આ ઇતિહાસ ઘણો વિસ્તીર્ણ અને રસિક છે, પણ વિશાલ! આ સ્થળે તે સઘળો કહેવાની જરૂર નથી માત્ર તાત્પર્ય જેટલા જ ભાગનુ મને તે ક્ષણે સ્મરણ થયુ હતું તેથી તે જ ભાગ મેં તને કહી સભળાવ્યો છે. એ પ્રમાણે તે યોધો રણ છોડી વિરક્ત થઈ ચાલ્યો ગયો, એટલે યુદ્ધ પણ વિરામ પામ્યુ

એ ઉદાહરણમાથી મેં તાત્પર્ય એ લીધુ કે, પ્રાણીને એ યોધારૂપ જ જાણવો; યોધાના ભાથામા ભરેલા જે સેંકડો બાણો હતા, તે રૂપ પ્રાણીના પ્રારબ્ધો જાણવાં, તથા હાથમા રહેલુ ધનુષ્ય, તેને પ્રાણીના જીવપણાની ઉપાધિ જાણવી. હવે ભાથામાથી કાઢી ધનુષ્યદ્વારા છોડી દીધેલુ બાણ, જે આગળ નિકળી સૈન્યને મૂર્છિત કરી ચૂક્યુ છે, તેને પ્રત્યક્ષ પ્રારબ્ધો જાણવા. જે જે પ્રારબ્ધો ફળ આપવાને (ભોગવવાને) આગળ આવી ચૂક્યા છે, તે તે પ્રારબ્ધો તો જીવે ભોગવવા જ જોઇશે, અને પેલા છૂટેલા બાણપેરે તેઓ ભોગવાઈ રહેશે, ત્યારે તેની ગતિ આપોઆપ બધ પડશે, અને ત્યારે જ જીવ સંપૂર્ણ શાતિ પામી નિવૃત્તિયુક્ત બની સોહંને પ્રાપ્ત થશે. જેમ યોધા-

એ મૂકેલું બાણુ પાછું આવી શકે નહિ, તેમ ફળ આપવાનો પ્રારભ કરી ચૂકેલાં પ્રારબ્ધો કઈ ફળ પૂરુ ભોગવાવ્યા વિના એની મેળે જ નિવૃત્ત થવાના નથી, તે તો ભોગવે જ છૂટકો છે હવે સૈન્યનો એક-એક નાશ થતો જોઈ, જેમ યોધાને વિચાર આવવાથી તેણે બીજુ બાણુ મારવુ બધ કર્યું, તેમ પ્રારબ્ધ કર્મોથી ભોગવાતા અનેક સુખ દુ ખો જોઈ, હવે પછી બીજા પ્રારબ્ધો ન ભોગવવા પડે, અર્થાત્ પ્રારબ્ધ ભોગવવાને દેહ ન ધરવો પડે તો ઠીક એમ ધારી, પ્રાણીએ પરમાર્થ સાધનનો સદા વિચાર કરવો અને ભોગવવા પડે તેવા નવા કર્મો કરવા નહિ. પણ જેમ પેલા શત્રુ તરફથી આવેલા અગ્ન્યસ્ત્ર બાણુવડે યોધાના ભાથા-સહિત સર્વ બાણો બળી ગયા, તેમ પ્રારબ્ધ કર્મો ભોગવવાના ભયથી પાછા હઠી, પરમાર્થ સાધનનો જ વિચાર (યત્ન) કરવો તેવા મુમુક્ષુ-જનને જ્ઞાનરૂપ બ્રહ્મ સાથે લગ્નિ લાગવાથી—તેમા એકતાર બની જવાથી—તે રૂપ જ થઈ જવાથી—એટલે જ્ઞાનરૂપ અગ્નિથી, તેના બાકી રહેલા સર્વ સચિત પ્રારબ્ધ બળીને ભસ્મ થઈ જાય છે, અને જેમ અસ્રોરૂપી ઉપાધિ નાશ પામવાથી તે યોધો કેવળ નિ સ્પૃહ અને નિવૃત્ત થયો હતો, તથા આનદ પામીને રણાગણ છોડી ત્યાથી ચાલી નિકળ્યો હતો, તેમ સર્વ પ્રારબ્ધ બળી જવાથી અને દેહરૂપ ઉપાધિ નાશ પામવાથી, મુક્ત થયેલો જીવ, પોતાના મૂળરૂપ પરમાત્માના સ્વરૂપાનદમા મગ્ન થઈ જાય છે.

એ પ્રારબ્ધો બે પ્રકારના છે તે કેમ કરીને નિવૃત્ત થાય, એ પ્રશ્ન સાહજિક છે જાણુ કે એક પ્રારબ્ધ 'સચિત' છે 'સંચિત' એટલે પૂર્વે જે કર્મ કરેલુ હોય તેના ફળ બીજા જન્મમા ભોગવવાને બધાયલુ પ્રારબ્ધ આ ભવમા ભોગવવાને તૈયાર બની રહેલુ એ સચિત પ્રારબ્ધ તે ભાથામાના બાણુની પેઠે, જ્ઞાનરૂપી અગ્ન્યસ્ત્રથી બળી જાય, અને માત્ર પ્રથમ મૂકેલા બાણુની પેઠે ભોગવવા શરુ થયેલા પ્રારબ્ધ ભોગવેથી નિવૃત્ત થવાય, અર્થાત્ આ દેહ રહે ત્યા સૂધી જે કઈ ભોગવાય તે ભોગવી, તેટલેથી જ સમાપ્તિ થાય, એમ સચિત તો બને રીતે નિવૃત્ત થઈ જાય છે. પણ બીજુ પ્રારબ્ધ 'ક્રિયમાણુ' છે, અર્થાત્ આ દેહ રહે ત્યા સુધીમાં તેણે કરેલા અને તેનાથી પ્રતિદિન થતા, એટલે નવા, સારા યા નરસાં કાર્યોરૂપ પ્રારબ્ધ જે આ દેહ છૂટી બીજો દેહ ધારણ કરીએ ત્યારે ભોગવવા પડે છે તે 'ક્રિયમાણુ' પ્રારબ્ધ તો, જ્ઞાન થયા પછી, પ્રાણીના પદરમા રહેતા જ નથી. કેમકે જ્યા સૂધી જીવને ફળની આસક્તિ હોય

છે ત્યાં સૂધી જ તેને કર્મો (પ્રારબ્ધો) ભોગવવા માટે બંધન થાય છે; પણ જ્ઞાન થયા પછી જીવને આસક્તિ જ રહેતી નથી, તેથી જીવથી થતા નવા પ્રારબ્ધો-કર્મો, બ્રહ્માર્પણ-કૃષ્ણાર્પણ-શિવાર્પણ થવાથી, અને અહંભાવનો લય થઈ જવાથી, જીવને અંગે તે ચોંટતા જ નથી. એટલે, ગમે તેટલા ક્રિયમાણ થયા હોય તોપણ, જ્ઞાની આસક્તિ રહિત થયેલો હોવાથી, એ ક્રિયમાણો, તેને કશો બાધ કરી શકતાં નથી અર્થાત્ જ્યારથી આસક્તિનો લય થયો ત્યારથી તે તો નિવૃત્ત થયેલા જ છે. શ્રુતિ વચન છે કે 'જ્ઞાનાગ્નિથી સર્વ કર્મ બળીને ભસ્મ થઈ જાય છે' જ્યારે એમ છે ત્યારે જ્ઞાની થયા પછી પણ મનુષ્યનો દેહ કેમ ટકી રહે છે? તેનું કારણ એ જ કે, દેહ એ પ્રત્યક્ષ પ્રારબ્ધનુ (પ્રારબ્ધ ભોગવવા માટે જ નિર્માણ થયેલુ) પૂતળુ છે, અને જ્ઞાન થયા પછી કર્મો (પ્રારબ્ધો) બળા ગયા, એટલે તેને (દેહ)ને કર્મ માત્રમાથી તો તુરત નિવૃત્ત થવુ જ જોઈએ-નિષ્કામ થઈ જવુ જ જોઈએ. હવે જ્ઞાન થયા પછી દેહ ભલે રહે, કર્મ ભલે થાય, પણ એ કર્મો જ્ઞાન પ્રતાપે કૃષ્ણાર્પણ-બ્રહ્માર્પણ-શિવાર્પણ કરવામા આવે તો, એ કર્મો બાધ કરતા નથી-રે તે તો કરવે જ અશક્ત થઈ પડે છે પણ જ્ઞાની અજ્ઞાની 'હુ કરુ છુ,' 'હુ જ કરીશ,' એમ 'હુ હું'નો આશ્રય થયા કરે છે, તેને જ યોગે તે બંધમા પડ્યો રહે છે 'હું' નો ત્યાગ કરી કરેલા કર્મો-વ્રત-તપ-દાન-યજ્ઞ-આદિ કદી પણ બાધ કરી શકતા નથી

૬૫-અશ્વત્થામાનું અગ્ન્યસ્ત્ર

અજ્ઞાનરૂપી અવિદ્યાના પોતાના પેટમા બે ભેદ છે. એક આવરણ-શક્તિ અને બીજી વિક્ષેપશક્તિ આવરણશક્તિ આત્માને અજ્ઞાનમા જ ડુબાડી-ઢાકી રાખનારી છે, અને વિક્ષેપશક્તિ પ્રારબ્ધ ભોગવાવારૂપે આત્માને પરમાત્માના સ્વરૂપથી વિક્ષેપ (જુદાઈ) પડાવનારી છે. જ્ઞાન થતા વેંત અવિદ્યાની એટલે અજ્ઞાનની આવરણશક્તિ તો દૂર થઈ જાય છે; અર્થાત્ આત્માપર છવાયલુ અજ્ઞાનનુ આવરણ-ઢાકણ-કોરે ખસી જાય છે; પણ વિક્ષેપશક્તિ દૂર થઈ જતી નથી જો કે તે દૂર થઈ જાય છે ખરી, પરતુ જેમ બળેલુ કપડુ છે જ નહિ, અર્થાત્ રાખરૂપ છે-નાશ થઈ ગયેલુ છે, પણ તેને જ્યા સૂધી કોઈ મનુષ્યે અથવા વાયુએ ચુથી નાખ્યું ન હોય ત્યા સૂધી તેનો આકાર અવ્યક્તપણે દેખાયા કરે છે, તેવી રીતે વિક્ષેપશક્તિ દેખાતી જ રહે છે એ વિક્ષેપશક્તિ તો સ્થૂલાદિ દૃશ્ય

પદાર્થોની સાથે સાથે જ નિવૃત્ત થાય છે એ માટે એક ઇતિહાસ મને સાભરી આવ્યો, તેનો સાર મેં અહીં ગ્રહણ કીધો.

મહાભારતના યુદ્ધમા કૌરવ પક્ષના મહારથી અશ્વત્થામાએ, અર્જુનપર અગ્ન્યસ્ત્ર બાણ મારયું, તેથી અર્જુનનો રથ, ઘોડા વગેરે સૌ ભસ્મ થઈ ગયું પણ અર્જુનના સારથી શ્રીકૃષ્ણ હોવાથી તેની, યોગશક્તિવડે રથ ઘોડા વગેરે સર્વે બળેલુ છતા, જેમનું તેમ (ન બળેલાની પેઠે) ચાલ્યા કરતું હતું ભસ્મ થયેલા છતા રથ, ઘોડા, સારથિ, ધ્વજાનું ફરફરવુ એ સર્વે રણક્ષેત્રમા સ્થિતિ કરીને રહ્યા હતા, ને પૂર્વપેરે જ કાર્ય થયા કરતું હતું ! આ વાત પરમ પુરુષ પરમાત્મા શ્રીકૃષ્ણ સારી રીતે જાણતા હતા, પણ અર્જુનને તેની કશી ખબર નહોતી તે તો એમ જ સમજતો હતો કે 'ભાર નથી અશ્વત્થામાનો કે, તે એક પણ અસ્ત્ર મારીપર ચલાવી શકે ! મારા અસ્ત્રો એટલા બધા બળવાન્ અને સિદ્ધ પરાક્રમવાળા છે કે, તેવડે મેં તેનું અગ્ન્યસ્ત્ર પણ આજે નિષ્ફળ કીધું છે !' આથી અતર્યામી પ્રભુ શ્રીકૃષ્ણે જાણ્યું કે, 'અરે ! અજ્ઞાની અર્જુનને પતન કરાવનારુ આ કેવું અભિમાન થયુ ! એ જાણતો નથી કે, એક ઈશ્વર વિના અગ્ન્યસ્ત્ર સર્વને બાળી ભસ્મ કરે છે અજ્ઞાની સખાનુ અજ્ઞાનથી ઉભરાયલુ અભિમાન તૂટવુ જોઇએ, તે તૂટે નહિ ત્યા સૂધી એને પૂર્વે કરેલો સર્વ જ્ઞાનોપદેશ નિષ્ફળ જ છે.' પછી જ્યારે યુદ્ધ બધ થયુ, ત્યારે શ્રીહરિએ મુકામપર રથ હાકયો ને ડેરા આગળ જઈ, તેણે અર્જુનને પ્રથમ રથમાથી ઉતરવાનું કહ્યુ. એ સમે અજ્ઞાની અર્જુન બોલ્યો, "યાદવેશ્વર ! નિત્ય પ્રતિ રથમાથી આપ પ્રથમ ઉતરો છો ને આજે મને પ્રથમ ઉતરવાનુ કહો છો, એનુ કારણ શું ?" શ્રીકૃષ્ણે કહ્યુ, "એકવાર તું ઉતર, પછી હુ તને એનુ કારણ કહીશ !" પ્રેમીભક્ત અર્જુન, શ્રીકૃષ્ણને પરમ સખારૂપ માનતો હતો, તેથી તેની ઇચ્છા પ્રમાણે પ્રથમ તે રથપરથી હેઠો ઉતર્યો. પછી પરમાત્મા ઉતર્યા. જેવા શ્રીકૃષ્ણ રથમાથી ઉતર્યા કે અદ્ભુત પ્રત્યક્ષ હતું. જોતજોતામા અર્જુનનો આખો રથ અને દિવ્ય ઘોડા સૌએ ભસ્મનો ઢગલો થઈ પડ્યા ! આ ચમત્કાર જોઇ અર્જુન બહુ આશ્ચર્ય પામ્યો અને દિગ્મૂઢ થઇ ઉભો જ રહ્યો. તેને એવો જડભરત બની ગયેલો જોઇ, શ્રીભગવાને કહ્યું; "કેમ અર્જુન ! અશ્વત્થામાના અગ્ન્યસ્ત્રનો પ્રભાવ જોયો ? જો હું પ્રથમ ઉતરત તો રથ અને અશ્વની સાથે તું પણ બળી ભસ્મ થાત, એના અગ્ન્યસ્ત્રનો પ્રહાર થયો ત્યારથી જ તે સૌ બળી રહેલાં હતાં.

પણ માત્ર મારી યોગશક્તિના દિવ્ય પ્રભાવવડે બળેલાં છતાં પણ ચાલતા હતાં ને કાર્ય કરતા હતાં એ સર્વે મેં માત્ર તારા સરક્ષણાર્થે જ કીધુ હતુ." આ સાભળી અર્જુન ગર્વરહિત થઇ સ્તુતિ કરતો ભગવાનના ચરણમા પડ્યો !

સાર એ જ કે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણરૂપ વિક્ષેપશક્તિવાળા જે પ્રારબ્ધો–તેની શક્તિવડે જ ઇંદ્રિયોરૂપી ઘોડાથી જોડેલો શરીરરૂપી રથ ચાલ્યા કરે છે. જો કે જ્ઞાનરૂપી અગ્ન્યસ્ત્રવડે સર્વ કર્મો બળી ગયા છતા પણ જ્યારે તેમાથી વિક્ષેપશક્તિરૂપ શ્રીકૃષ્ણ હેઠા ઉતર્યા–વિક્ષેપશક્તિ ખસી ગઈ–પૂરી થઇ, એટલે પૂર્ણ પ્રાપ્ત થયેલા જ્ઞાનથી, સર્વ કર્મો (પ્રારબ્ધાદિ સૌ) તે જ વખત ભસ્મવત્ થઈ જવાના માટે જ્ઞાનીનું શરીર, જગતના વ્યવહારમા રહે સતે, જો તે સર્વ વ્યવહાર બ્રહ્માર્પણ ભાવે કરે છે તો તેનુ શરીર ને વ્યવહાર નહિ જેવા જ જાણવા જ્ઞાની કર્મ કરે છે એમ માત્ર અવિદ્યાવાળી દૃષ્ટિથી દેખાય છે, પણ જ્ઞાનદૃષ્ટિએ દેખાતા નથી.

જ્ઞાન એવુ ઉત્તમ છે કે, જેથી જ્ઞાની નિષ્પાપ, નિષ્કર્મ અને નિર્બંધ (મુક્ત) થઇ જાય છે, ત્યારે એ જ્ઞાન શું નિરતર એવુ ને એવુ જ જ્ઞાનીના અંતઃકરણમા સતેજ રહેતું હશે ? હા, તેમ જ છે પણ જ્ઞાની નિરતર વિષયસેવનથી વૈરાગ્યવાન્ રહે અને જ્ઞાનને દૃઢ કરતો જાય તો જ, નહિ તો વિષયો એવા બળવાન્ છે કે, ગમે તેવા જ્ઞાનીને પણ પાછો જ્ઞાન શિખરથી પાડી નાખી, અજ્ઞાનરૂપી ખાડામા હડસેલી દે છે

૧૬–યતિ અને રાજકન્યા

કોઇ એક ત્યાગી પરમહસ એક શહેરની ભાગોળે આવીને એક વૃક્ષતળે ઉતર્યો તે પૂર્ણ બ્રહ્મદશાને પામેલો હતો ભોજન પાનાદિકને માટે પણ તેને કશી કાળજી નહોતી કોઇને ત્યા ભિક્ષા કરવા સારુ પણ તે શહેરમા જતો નહિ માત્ર અવધૂતની પેઠે ખુશીમા આવે ત્યા પડ્યો રહેતો. કોઇ ખવરાવે તો ખાય ને પાણી પાય તો તે પીએ તેને કેવળ પરબ્રહ્મ–પરમાત્માની જ લગની લાગી રહેલી હતી ઘણાક દિવસ એ શહેરને પાદરે રહેતા વીતી ગયા, ત્યારે સર્વત્ર–ઘરેઘર સૌ તેને જાણી ગયા કે એ કોઇ મહાત્મા છે ! રાજાને પણ એ મહાત્માની ખબર થઇ આવો પરમહસ મહાત્મા પોતાના નગરમા છે, તે જાણીને સાનદ સતોષથી તે નગરનો રાજા પોતે જ, તેને માટે સુદર પકવાન્નોથી ભરેલો એક થાળ લઇ તેની પાસે આવ્યો ને પોતાને હાથે તેણે તે અવધૂતને જમાડ્યો. પછી

બીજા કોઈને ત્યાંથી ખાવાનું ન લાવવા દેતાં રાજાએ નિત્ય પોતાને ત્યાંથી જ થાળ લઈ જઈ તેને જમાડવું ચાલુ રાખ્યું. એમ કરતાં સુમારે માસ દોઢમાસ વીતી ગયો ત્યારે રાજાની, સંતજનો પ્રત્યેની આવી ઉત્તમ ભક્તિ જોઈ, તે વિરક્ત અવધૂતે પ્રસન્ન થઇને કહ્યું; "રાજા! તું ધર્મિષ્ઠ અને ભક્તિમાન્ છે, તેથી હું તારાપર પ્રસન્ન થયો છું. પ્રસન્ન થઇને બોલ, તારી શી કામના છે?" આ સાંભળી રાજા બહુ આનંદ પામી બોલ્યો, "મહારાજ! આપની કૃપાથી મારે ત્યા સર્વ સુખ-સંપત્તિ અને ઋદ્ધિસિદ્ધિ વસે છે. સર્વ સુખમા ઉણપ માત્ર પુત્રસુખની છે!" તે પરમહંસે કહ્યુ; "બચ્ચા! તુ કશી ચિંતા કરીશ નહિ, તારે ત્યા એક સુંદર પુત્ર જન્મશે!" હવે પરમપદને પામેલા મહાત્મા પુરુષનું વાક્ય પરમાત્મા કેમ મિથ્યા થવા દે? થોડાક દિવસમા જ રાજાની સ્ત્રીને ગર્ભ રહ્યો નવ માસ પૂરા થતા એક કાંતિમાન્ પુત્રને રાણીએ જન્મ આપ્યો! આ પ્રસગથી રાજાને તે વિરક્તના વાક્યપર અત્યંત શ્રદ્ધા બેઠી, તે તેને સાક્ષાત્ પ્રભુ સમાન માનવા લાગ્યો. પછી ઘણી ઘણી વિનતિ તથા આગ્રહ કરીને તેણે તે મહાત્માને પોતાના એક એકાંત મહેલમા લાવી રાખ્યો. તેની સેવામા અનેક ચાકરો મૂકી દીધા અને રાજા પોતે તથા તેનું આખુ કુટુંબ (રાણી, તેની દીકરી વગેરે) પણ દિવસનો ઘણો ખરો ભાગ તેની સેવામા જ રહેવા માડ્યો એ ભક્તજનો પ્રતિદિન વિવિધ પ્રકારના પકવાન્નો કરી તે યતિને યથેચ્છપણે જમાડતા હતા, અને સર્વ પ્રકારના રાજભોગો પોતાને હાથે બનાવીને રાજા તેને અર્પણ કરતો, તે પછી જ તે ભોજન લેતો હતો વિરક્ત મહાત્મા જે મુખમાથી આજ્ઞા કરે, તે જ પ્રમાણે રાજા કરે, ને સર્વ સેવકજન તેની આજ્ઞામા જ રહે રાણી અને રાજપુત્રી પણ વારવાર મહાત્મા સ્વામીજીની પગચપી કરે, તથા 'મહારાજ! મહારાજ!' કરતા તેમના મોંઢા સહાય, આમ સૌ વાતે મહાત્મા સ્વામીજીને તો તેઓએ પૂર્ણ વિલાસી બનાવી દીધા.

સ્વામીનુ શરીર નાના પ્રકારના સ્વાદિષ્ઠ અને પૌષ્ટિક પદાર્થોના સેવનથી ખૂબ હૃષ્ટપુષ્ટ અને તેજસ્વી બન્યું તેણે, સર્વ ઇંદ્રિયોને અનેક પ્રકારે કષ્ટો આપી આપીને દમન કરવાથી નિર્બળ કરી દીધી હતી, તે પાછી તેવી જ સતેજ અને પ્રબળ થઈ ગઈ! રાજાનું અન્ન પૂર્ણ રજોગુણી, તેના આહારથી સાત્વિક બુદ્ધિ કદી પણ રહેતી નથી દહાડે દહાડે મહારાજ પણ રાજસી બનતા ગયા. યતિની સર્વે ઇંદ્રિયો જાગ્રત્ થઇ થનથનાટ કરવા લાગી. જ્યાં

ઘૃત તથા અગ્નિ બન્ને ભેગાં થયાં ત્યાં શું બાકી રહે ? તે રાજાની કન્યાની ઉમ્મર પહર સોળ વર્ષની હતી; તેનું સ્વરૂપ દેવાંગના સમાન હતું; અને તે અનુપમ પૂતળું એકાંતમાં તે યતિની સેવા કરવામાં વારંવાર તત્પર રહેતું હતું. તે રાજકન્યાને જોઈ, યતિ મહારાજનું મન ડગમગ્યું પ્રથમમાં જ રાજ્યાન્ન ભક્ષણ કર્યું, તેથી શહેરમાં આવવાની બુદ્ધિ થઈ પછીથી રાજમહેલમાં રહી રાજસ વૈભવ ભોગવવાથી, રગેરગમાં રજોગુણ વ્યાપી ગયો. જ્ઞાન નાસી ગયું. વ્યભિચારના પાપમાં પડવાની પણ તેને કામના થઈ ! યતિ મહારાજની બુદ્ધિ બગડી. તેને રાત અને દિવસ રાજકન્યાનું જ સ્મરણ થવા લાગ્યું મનમાં કામના થવા લાગી કે, હવે ક્યારે તે પોતાને પત્ની તરીકે પ્રાપ્ત થાય ! આવા કુવિચારે ઘર કરવાથી એક યુક્તિ રચીને તેણે રાજાને એકાંતમાં કહ્યું, "રાજા ! હું કહું તેમ કરીશ ?" રાજા તો, પુત્ર આપ્યો હતો, તેથી સર્વ રીતે તેને આધીન થઈ રહ્યો હતો, તેથી સ્વામીનું એવું વચન સાંભળીને કહેવા લાગ્યો કે, "મહારાજ ! આપ એ શું બોલ્યા ? જે કહેશો તે કરવા આ દાસ તત્પર છે" ત્યારે જટિલ મહાત્મા બોલ્યા કે, "મેં તને પુત્ર આપ્યો, પણ તેનો જન્મ કોઈ કઠણ યોગમાં થયેલો છે, તેથી તેના સંરક્ષણ માટે તું, હું બતાવું તેવો ઉપાય કર, બીજી કોઈ પણ વસ્તુ તારા પુત્રને ઘાતક નથી, પણ માત્ર તારી આ દીકરી–રાજપુત્રીનો યોગ તારા પુત્રનો ઘાત કરનાર છે તેનો ગ્રહયોગ એવો પ્રબળ છે કે, તારા પુત્રના જીવનને ટકાવી રાખી શકશે નહિ માટે તું જો સત્વર તેનો ત્યાગ કરીશ નહિ તો તારો આ દૈવી પુત્ર બચવો અશક્ય સમજ !" રાજાએ પૂછ્યું, "મહારાજ ! એમ છે ત્યારે હું એનો ત્યાગ કેવી રીતે કરું ? આપ કહો તો હમણા ને હમણા ઘડીઆ લગ્ન લઈ કોઈ યોગ્ય પુરુષની સાથે પરણાવી દઉં !" જટિલે કહ્યું, "ના, ના, પરણાવે ત્યારે તો ત્યાગ કર્યો ન કહેવાય પણ એ કોઈ દિવસ ફરીને તારે ઘેર આવવા પામે નહિ, તે માટે હું બતાવું તેમ કર" જટિલ જોગીએ મનમાં વિચાર કીધો કે, જો પરણાવવાનું કહીશ તો રાજકન્યા મારા હાથમાં નહિ આવે ! માટે તેણે બતાવ્યું કે "તું એને સોળે શણગાર સજાવી, પાણીમાં તરી શકે એવા આકારની એક પેટીમાં પૂરીને, નદીમાં વહેતી મૂકી દે !" રાજાએ કહ્યું, "મહારાજ, આપની આજ્ઞા એવી થઈ તો હું હમણા જ તે જ પ્રમાણે કરું છું" એમ કહી રાજા યતિ પાસેથી વિદાય થયો ને એ વાત તુરત પોતાના પ્રધાનને કહી સંભળાવી, તેવી પેટી તૈયાર કર-

વાની તત્કાલ આજ્ઞા આપી! આ વાત સાંભળતાં જ પ્રધાન પોતાના મનમાં ચમકી ઉઠ્યો: 'રે રે! આ તો નિઃસંશય બાવાજીનું મન જ બગડ્યું દેખાય છે. આ પાપકર્મ કરાવવામા એ વિના તેનો બીજો કશો હેતુ જણાતો નથી!' એક દિવસે, રાજાએ સ્વામીજીના કહેવા પ્રમાણે રાજપુત્રીને સર્વ શણગાર પહેરાવીને પ્રધાનને ત્યા મોકલી દીધી, જ્યા તેને પુરવા માટે પેટી તૈયાર રાખવામા આવી હતી. વિચારશીલ પ્રધાને સત્યાસત્યની પરીક્ષા કરવા સારુ, તેમ જ સ્વામીજીનાં આચરણ કેવા છે તે જાણવા માટે, તે નિર્દોષ રાજપુત્રીપર દયા આણીને, પ્રથમથી જ યોધાઓને મોકલીને જગલમાથી એક વાઘ પકડાવી મગાવ્યો હતો તે વિકરાળ પશુને પેલી પેટીમા પૂર્યો અને શ્વાસને માટે કોઈ કોઈ સ્થળે છિદ્રો રાખી તે પેટીને બધ કરી દીધી, અને આ વાતની રાજા તથા જટિલ કોઇને ખબર પડવા દીધી નહિ પોતાની એ યોજનાની કોઇને ખબર ન પડે તે સારુ પ્રધાને તે પેટી, વાજીત્રોના ઘોષ સાથે ઉપડાવી, શહેરની બહાર નદી કીનારા ઉપર આણી અને આઘેથી રાજાને બતાવીને તેને નદીના પ્રવાહ વચ્ચે તરતી મૂકી દીધી!

પેલા મહાત્મા જટિલને તો આ વાત ઈષ્ટ જ હતી તેણે તો આથી સોનાનો સૂરજ ઉગ્યો જાણ્યો. પછી લાગ સાધી તે રાજમહેલમાથી શૌચ (ઝાડે) જવાનું બહાનુ કરી, શહેર બહાર નિકળી પડ્યો, અને જ્યા આગળથી પેટી તરતી મૂકી હતી ત્યાથી આગળ ઘણેક દૂર જઇ, નદી કિનારે ઉભો રહી પેટીની વાટ જોવા લાગ્યો કેટલીકવારે પેટી તરતી તરતી ત્યા આવી પહોંચી, એટલે તેણે હર્ષભેર નદીમાથી તેને બહાર ખેંચી કાઢી, અને કિનારે લાવીને રાજપુત્રીનું મુખાવલોકન કરવા માટે મોટી આતુરતા સાથે, ઉતાવળથી બારણું ઉઘાડ્યુ પણ જેવુ પેટીનુ ઢાકણુ ઉઘડ્યુ કે તે જ ક્ષણે તે પેટીમાથી એક મહા વિકરાળ વાઘ બહાર કૂદી પડ્યો! "આ શો ગજબ!" એમ આશ્ચર્યથી બોલતા બોલતામા તો વાઘે સ્વામીજીની ગરદન પકડી પાડી અને યથેચ્છ રુધિરપાન કરવા લાગ્યો. સ્વામીના પ્રાણ ત્યાગ થયા, એટલે શબને છોડી, તે વાઘ ક્યાય જગલમા નાસી ગયો! આ ક્ષણે સ્વામીને ઘણો જ પસ્તાવો થયો, પણ શો ઉપાય? મરતાં મરતાં તેણે જમીનપર એક શ્લોક લખ્યો કે:—

मनसा चिंतित कार्यं दैवमन्यत्र चिंतयेत् ।
राजकन्याप्रसंगेन व्याघ्रो जटिलभक्षकः ॥

હવે આણીગમ રાજદ્વારમાં મહારાજ શૌચ કરવા ગયા ને ઘણી-વાર થઈ ગઈ એટલે, 'મહારાજ ક્યાં, મહારાજ ક્યાં' એવી બૂમ પડી રહી સઘળે ખોળાખોળ ચાલી બહુ બહુ શોધ કરતા માલમ પડ્યુ કે, તે તો નદી તીરે મૂએલા પડ્યા છે! તુરત રાજા, પ્રધાન વગેરે સૌ શૌચ કરવા ત્યા આવ્યા ને જોયુ તો એક પેટીની નજીકમા યતિદેવ ચત્તાપાટ પડેલા છે જ્યારે રાજા બહુ શોચ કરવા લાગ્યો, ત્યારે પ્રધાને તેને કહ્યું કે, "રાજાધિરાજ! એમા શોચ કરવાનુ કઇ કારણ નથી સૌ સૌના પાપે નાશ પામે છે આ પેટી તમારી પુત્રીની જ છે ને એ બાવાજી રાજ-કન્યાને પરણીને નાસી જવાની ઇચ્છાથી, પોતાના તપ ને ઐશ્વર્યમા ધૂળ નાખવા અહીં આવ્યા હતા, તેથી આ દશાને પામ્યા છે!" રાજાએ અતિ આશ્ચર્યથી કહ્યુ; "એ તું શુ કહે છે? શું એ સત્ય કથા છે?" ત્યારે પ્રધાને પોતે જેવી રીતે રાજકન્યાનુ રક્ષણ કર્યું હતું, તે સઘળી વાત રાજાને કહી સભળાવી અને રાજકન્યા રાજાને સોંપી. રાજા તેના પર બહુ જ પ્રસન્ન થયો, અને તેની આવી સૂક્ષ્મબુદ્ધિ માટે તેને બહુ બહુ ધન્યવાદ આપવા માડ્યો

હે વિશાલ! જ્યાસુધી એ જ્ઞાનીએ વિષયના વિષનુ પાન મુદ્દલ કર્યું નહોતું, ત્યાસૂધી તેની બુદ્ધિ પરમ શુદ્ધ-અમૃતતુલ્ય હતી, અને તેથી તેણે કહેલુ રાજાને પુત્ર થવાનુ વચન પણ ઈશ્વરકૃપાથી સિદ્ધ થયુ હતુ પણ જ્યારે તેણે રાજાન્ન ભક્ષણ કર્યું, ને તેમાએ વળી ઉત્તમો-ત્તમ સ્વાદિષ્ટ ભોજન, પાન તથા ઉત્તમ વૈભવો ભોગવતા, સ્ત્રીઓ સાથે પ્રસગ પાડ્યો-એકાતમા મળવાનુ રાખ્યુ, શરીરને સ્પર્શ થવા દીધો, ત્યારે તેણે પ્રાણ પણ ખોયો માટે જ્ઞાનીએ નિરતર કોઈ પણ જાતના વિષયસેવનથી વિરક્ત જ રહેવું રાજાનુ, વેશ્યાનુ અને દુષ્ટનુ અન્ન પ્રાણાતે પણ જ્ઞાનીએ ભક્ષણ કરવુ નહિ

૧૯-આહાર તેવો ઓટકાર

આ જટિલના દૃષ્ટાત ઉપરથી મને નિશ્ચય થયો કે, જેવું અન્ન ખાવામા આવે, તેવી જ બુદ્ધિ થાય એમા ફેર નથી. આ શરીરનો અને મનનો, કેટલેક અશે નિકટનો સબધ છે, તેથી જેવી સ્થિતિ શરીરની થાય, તેવી જ રીતનું મનનુ પણ આપોઆપ વલણ થઈ જાય છે સાત્વિક, રાજસ અને તામસ, એમ ત્રણ પ્રકારનુ અન્ન છે. રાજસ અન્ન ભક્ષણ કરવામા આવે તો તેથી રજોગુણ, તામસથી તમોગુણ અને

સાત્વિકથી સત્વગુણ શરીરમા પ્રકટી નિકળે છે સર્વત્ર પ્રસિદ્ધ છે કે, જેવા પદાર્થનું સેવન તેવી જ બુદ્ધિ. ઉદાહરણ તરીકે જોઇએ, તો કોઈ પુરુષ ભાગ અથવા મદ્યનુ પાન કરે છે તો લાગલી તેની મતિ ફરી જઈ, તે નાના પ્રકારના કુચિહ્નો કરતો યદ્વાતદ્વા બકવા મડી પડે છે; અને જો તેને કઈ કહેવામા આવે છે તો તેથી તે સામા મનુષ્યપર બહુ ક્રોધે ભરાઈ જાય છે એ સર્વ તામસ પદાર્થના સેવનનો પ્રતાપ છે માટે જેવો આહાર તેવો ઓટકાર સમજવો

પૂર્વે કોઇક સમયે એક ગામમાથી બે બ્રાહ્મણો, કાશીપુરીએ વિદ્યા સપાદનાર્થે ગયા હતા. તેઓ સહોદર હતા બને ભાઇઓ કાશીપુરીથી વિદ્યાભ્યાસ કરીને કેટલેક વર્ષે ઘેર આવવા નિકળ્યા. માર્ગમા એક જણ રસોઈ કરતો ને બીજો ભિક્ષા માગવા જતો હતો. આમ નિર્વાહ કરતા તે બને, એક વખતે એક ગામની ધર્મશાળામા આવી ઉતર્યા. નિયમ પ્રમાણે એક રસોઇની તૈયારી કરવા માટે તથા સરસામાન સભાળવા માટે બેઠો, અને બીજો ગામમા ભિક્ષાન્ન લેવા માટે ગયો ગામમા ફરતા ફરતા કોઈ ઠેકાણે એક સદાવ્રત અપાતુ હતુ ત્યા આગળ તે ગયો, અને લોટ દાળ ચોખા ઘી ઇત્યાદિ સઘળો સીધાનો સામાન, બને જણને ચાલે તેટલો લઈ, તે મુકામ તરફ આવવા નિકળ્યો બને થાક્યા તો હતા જ, પેટમા ક્ષુધા પ્રકટી હતી, અને તેમા આ સીધુ લેવા જનારને તો સીધાને માટે ગામમા પણ બહુ રખડપટ્ટી થઈ હતી, તેથી તેને બહુ થાક લાગ્યો હતો. ભૂખનુ અને થાકનુ એકઠુ જોર તેનાથી સહન થઈ શક્યુ નહિ. क्षुधातुराणा न बल न तेज એ નીતિવચન પ્રમાણે તેની દશા થઈ રહી હતી. મધ્યાહ્ન થવા આવેલા હતા, પેટમા સવાબશેરનો ખાડો ને પગ થાકી ગયેલા, તેથી 'હવે તો ગમે તેમ પણ ખાવા મળે તો જ ડગલુ ભરાય' એમ ધારી, તેણે પોતાના સીધાનુ પોટકુ છોડ્યુ ને જઠરને આધાર આપવાને તેમાથી કાચુ અનાજ ફાકવાનો વિચાર કીધો. લોટ અને દાળ કંઈ કાચા ફકાય નહિ, તેથી ચોખાની મુઠીઓ ભરીને તે આરોગવા લાગ્યો એક બે ને ત્રણ મુઠી ચોખા ખાવાથી જરાક શાતિ વળી, એટલે તે પોટકુ પાછું બાધીને ઉતારા ઉપર ગયો ત્યા તેનો મોટો ભાઈ નાહી ધોઈ સધ્યાદિ કરી, રસોઇના સાહિત્યની ગોઠવણ કરીને વાટ જોતો બેઠો હતો તેણે કહ્યુ, "ભાઈ, ભલે આવ્યો, પણ લે આ કૂવાપર જઈ એક ઘડો પાણી ભરી લાવ, એટલે હુ અહીં રસોઈ ચાલતી કરું." કૂવો

ધર્મશાળા આગળ જ હતો, ત્યા ગામના કેટલાક ભાગની સ્ત્રીઓ પાણી ભરતી હતી. તે પણિયારીઓની આ વેળા કૂવાપર પુષ્કળ ભીડ હોવાથી તે વિદ્યાર્થી બ્રાહ્મણથી શુદ્ધપણે (કોઇનો છાટોછુટી ઉડ્યા વગર) પાણી ભરી શકાય તેમ નહોતું, તેથી તે બ્રાહ્મણના મનમાં એક યુક્તિ સૂઝી આવી. તે પેલી પણિયારીઓ પ્રત્યે બોલ્યો, "બાઇઓ, કોરે ખસી જાઓ અને અમને પાણી ભરવા દો, કેમકે અમે ગરોડા છિયે, તેથી તમે અભડાશો!" આવી રીતનુ નાનાભાઈનુ બોલવું સાંભળીને મોટો ભાઈ એકાએક વિસ્મય જ થઈ ગયો! તે મનમા વિચાર કરવા લાગ્યો, 'અરેરે! આ શા વિપરીત વચન! મારા ભાઇની મતિ આજે આટલી બધી ભ્રષ્ટ કેમ થઈ ગઈ, કે તે પોતાને ગરોડો કહે છે! બેશક, એમા કઈ પણ કારણ હોવુ જોઇએ? એને પૂછી જોઉં કે, એણે કોઈ દુષ્ટનુ વા નીચનું અન્ન તો નથી ખાધુ? કેમકે એ પરમ સ્નાતક અને મારા કરતા પણ શુદ્ધ મનનો છે, છતા એની એકાએક આવી નીચ બુદ્ધિ થવામા કઈએ ગુપ્ત ભેદ હોવો જોઇએ' એવામા કૂવાપરની સ્ત્રીઓએ પણ તેને પૂછ્યું કે, "મહારાજ! તમો બ્રાહ્મણ દેખાઓ છો, ને ગરોડા છીએ એમ કેમ કહો છો?" એટલે તેણે કહ્યુ, "અમે ગરોડા જ છીએ, ગરોડા!" પછી પાણી ભરીને તે ધર્મશાળામા ગયો, ત્યારે મોટા ભાઇએ કહ્યુ, "ભાઈ, તું કાલ બપોરનો ભૂખ્યો છે, માટે લાવ પહેલે તને હુ કઈ કાચુકોરુ કરી આપુ, જેથી રસોઇને કદાચ વિલબ લાગે તોપણ તે ખાવાથી તને જરા ધીરજ રહેશે!" એ સાભળી નાનાભાઇએ કહ્યુ, "ભાઈ, તેવી કઈ જરૂર નથી, બાકી છે તો તમો કહો છો તેમ જ! કેમકે આપણે ખેપ કરીને આવ્યા હતા અને આ ગામમા વળી મારે સીધા માટે બહુ રખડવુ પડ્યું છે, તેથી મને ક્ષુધા ઘણી લાગી હતી-રે! મારામા ચાલવાની પણ આય રહી નહોતી પણ જ્યારે મેં સીધામાથી થોડાક કાચા ચોખા ફાકયા, ત્યારે મારા પેટને જરાક ધીરજ આવી! હવે કઈ કાચુકોરુ કરવાની જરૂર નથી. રસોઈ થયા પછી આપણે બને જોડે બેમીને જમીશુ" તુરત મોટા ભાઇએ અનુમાન કીધુ કે, "ગરોડો કહેવામાં નિશ્ચય તે ચોખાનો જ પ્રતાપ છે! તે એના પેટમા ગયા ત્યારથી જ એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ હોય એમ મને લાગે છે માન ન માન, પણ તે અન્ન (ચોખા વગેરે સીધુ) કોઈ નીચ જાતિનું હોવું જોઇએ!" આવો વિચાર કરીને રસોઈની જગામાંથી તે તુરત બહાર નિકળી કૂવા ઉપરની પણિયારીઓને તેણે

પૂછ્યું; "બાઇઓ! આ ગામમા સદાવ્રત કેટલા છે?" ત્યારે એક સ્ત્રીએ ઉત્તર દીધું, "મહારાજ! આટલા નાના ગામમા સદાવ્રત તે વળી ક્યાથી હોય? એક સદાવ્રત હોય એમ લાગે છે. પણ અમને એમ ખબર છે કે, ઘણાક વટેમાર્ગુઓ ત્યાંથી સીધુ લેતા નથી" ત્યારે એક બીજી સ્ત્રી બોલી; "બીચારા અજાણ્યા વટેમાર્ગુઓ ત્યાથીએ સીધુ સામાન લે છે, પણ જે કોઈ ત્યા જઈ પૂછે છે કે, 'આ સદાવ્રત કોનું છે?' અને તેનું ઉત્તર મળ્યા પછી, કોઈ પણ વટેમાર્ગુ, બ્રાહ્મણ કે સત, ગમે તેવો ગરજુ હોય છે, તોપણ તે સદાવ્રત લીધા વગર ત્યાંથી ચાલ્યો જાય છે!" એ સાભળી બ્રાહ્મણે પૂછ્યુ; "બાઈ, ત્યારે એ સદાવ્રત કોનું છે?" એક પણિયારીએ જણાવ્યુ, "મહારાજ! અમને એની પાકી ખબર નથી, માટે ગામમા જઈ પૂછીને તપાસ કરો" તુરત બને ભાઈ ગામમા ગયા. ત્યા તપાસ કરતા જણાયુ કે, એ સદાવ્રત કોઈ ગરોડા ચમારનું છે એ વૃત્તાંત જાણતા જ મોટા ભાઇની પૂરી ખાત્રી થઈ કે, ઢેઠનું અન્ન ખાવામા આવ્યાથી મારા ભાઇની બુદ્ધિ ભ્રષ્ટ થઈ, ને તેણે પોતાને ગરોડા કહેવામા કશી ગ્લાનિ-લજ્જા ગણી નહિ. પછી તે દિવસે તેને ઉપવાસાદિ પ્રાયશ્ચિત્ત કરાવ્યુ, અને ગામમાથી પાછી ભિક્ષા માગી લાવીને રસોઈ કરી પોતે જમ્યો પછી તેણે પોતાના ભાઇને કહ્યુ કે, "હવે પછી એવુ નીચનુ, પાપીનુ, વેશ્યાનુ, રાજાનુ ઇત્યાદિનું અન્ન ન ખાવુ" અને તે માટે શિખામણ આપતા દૃષ્ટાતરૂપે એક શ્લોક કહ્યો કે –

યાદૃશં ભક્ષયેદન્નં બુદ્ધિર્ભવતિ તાદૃશી ।
દીપસ્તિમિરં ભક્ષયતિ કજ્જલં ચ પ્રસૂયતે ॥

"જેવુ અન્ન ખાવામા આવે છે, તેવી જ બુદ્ધિ થાય છે જેમ કે દીવો અધારાનુ ભક્ષણ કરે છે, તો તે કાજળનો જન્મ આપે છે." માટે જેવો આહાર તેવો જ ઓટકાર, એ યથાર્થ છે ભોજનનું અન્ન નબળુ અથવા નબળા ઠેકાણાનું ન હોય, તેને માટે મનુષ્યે ઘણું સાવધ રહેવુ જોઇએ

આ સમયે મને એક શકા થઈ આવી કે, પેલો જટિલ (રાજ-કન્યાના પ્રસગવાળો) તો વિદ્વાન્ અને પરમજ્ઞાની હતો, અને (જેવું અન્ન ખાવામા આવે તેવી જ બુદ્ધિ થાય એ નિયમ પ્રમાણે) રાજાન્ન ભક્ષણ કરવાથી જ પોતે મરણાવસ્થાને પ્રાપ્ત થયો હતો, ત્યારે તેણે મરતી વેળા એમ લખ્યુ કે મનસા ચિંતિતં કાર્યં દૈવમન્યત્ર ચિંતયેત્। 'મનમા પુરુષે કંઈ

કાર્ય ચિંતવ્યુ હોય, પણ પ્રારબ્ધયોગે તેનુ કઈજ બની આવે છે,' તેનો અર્થ શો? જો કે નિમિત્ત આ કામમા રાજાજ થયું હતુ ખરુ, પણ એનુ વાઘથી મરણ પ્રાપ્ત થવામા તો મૂળ કારણ તેનુ દૈવ–પ્રારબ્ધ–ભાગ્ય જ હતુ ભાગ્યયોગે તેને તેવી બુદ્ધિ થઈ તે કામનાવાળા રાજાના ગામ આગળ ગયો, ત્યા ભાગોળે ઉતર્યો, રાજાએ તેને માન્યો, તેના વચનથી રાજાને પુત્ર થયો, પોતે રાજાજ ભક્ષણ કીધુ, રાજમહેલમા જઈ રહ્યો, સ્ત્રીઓ સાથે પ્રસંગ પાડ્યો, રાજકન્યા અને પટ્ટરાણીએ તેની સેવા કરી, સ્ત્રીઓના કોમળ કરસ્પર્શથી તેની બુદ્ધિભ્રષ્ટ થઈ, જ્ઞાન નાસી ગયું, તેનુ મન રાજકન્યામા મોહ પામ્યુ અને પોતાનું મરણ ન જાણતા પોતેજ રાજકન્યાને પેટીમા પૂરાવી, નદીમા મૂકવા માટે રાજાને પ્રેરણા કરી. આ સર્વ પ્રકારો, માત્ર તેના પ્રારબ્ધે જ પ્રેર્યા હતા बुद्धि कर्मानुसारिणी–'બુદ્ધિ પૂર્વના કર્માને અનુસરે છે,' એ નીતિવાકયને અનુસરીને જ તેણે मनसा એ શ્લોક લખ્યો હતો એમ માનવુ પડે છે ગમે ત્યા જાઓ, ગમે તેમ કરો, પણ પ્રારબ્ધ તો તેના ફળ ભોગવવાને આગળનુ આગળ જ આવીને ઉભુ રહે છે

૧૮–ભાડાનું પરણેતર

એક શહેરમા કોઇ બ્રાહ્મણ પોતાની પછવાડે બે પુત્ર મૂકીને મરણ પામ્યો મોટા દીકરાનુ લગ્ન તો તેણે પોતાની હયાતિમા જ કર્યુ હતુ, પણ મરણકાળ નજીક આવી જવાથી નાનાનુ તો વેવીશાળ પણ તે કરી શકયો ન હતો. પિતાના દેવલોક પામ્યા પછી બને ભાઇ ભેગા રહેતા હતા મોટાની સ્ત્રી ઘેર આવતીજતી હોવાથી નાનાને રસોઈ પાણીની કશી ચિંતા નહોતી તે નિશ્ચિન્તપણે પોતાનો વિદ્યાભ્યાસ કર્યો જતો હતો એક દિવસે ઘરમા બેઠો બેઠો તે પોતાના અધ્યયનનુ આવર્ત્તન કરતો હતો એવામા, તેની ભાભીએ આવીને કહ્યુ, "દિયરજી, હું રસોઇમા છુ ને આ છોકરો બહુ રડે છે, માટે એને જરા રમાડીને છાનો રાખોની" ત્યારે તેણે કહ્યુ; "ભાભી, મારા વિદ્યાભ્યાસમાથી હું કેવી રીતે ઉઠુ, અને ખોટી થઈ એને રમાડુ પણ કેમ?" એટલે તો ભાભીએ જરાક છણકો કરીને કહ્યુ, "એટલામા તમારે શુ વહી જાય છે. હું અસ્પર્શમા* છું, તે ખબર નથી?" આથી નિરુપાયે પોતાનો અભ્યાસ પડતો મૂકી–માથાના ઘા સમાન લાગ્યુ છતા તેને ઉઠવુ પડ્યુ પણ શું કરે? તે પરતન્ત્ર હતો,

* અબોટમા–રસોડામા

માટે કંઈ બોલી શકયો નહિ. પછી થોડીકવારે રસોઇ તૈયાર થઈ ત્યારે મોટા ભાઈ સાથે પોતે જમવા બેઠો. જમતી વેળા દાળમાં કે શાકમા કંઇ મીઠું મસાલો ઓછો વધતો હશે તેથી તેણે કહ્યું; "ભાભી, આજે દાળ સાવ મોળી કેમ થઇ છે, અને શાકમા વધાર કર્યો નથી કે શું?" ત્યારે ભોજાઇ ચીરડાઇને બોલી, "દિયરજી! તમારા ભાઈ બેઠા છે એટલે હું તમને વધારે તો શુ કહું? પણ મારી દેરાણીને લઇ આવો, એટલે તે સઘળુ બરાબર સભાળથી કરીને જમાડશે?" આ શબ્દો તેને એક તીક્ષ્ણ બાણની પેઠે હ્રદયમા વાગ્યા. પણ તે વિચારશીલ હતો, તેથી તુરત એક શબ્દે ન બોલતા, મુંગે મોઢે જે ભાવ્યું તે ખાઈને ઉઠી ગયો. એ પછી કોઈ વાતે તેને ચ્હેન પડયુ નહિ, ઘરમા કે વિદ્યાભ્યાસમા કોઇ સ્થળે તેનો જીવ ઠરયો નહિ તેના મનમા તો પોતાની ભાભીના વચનરૂપી બાણો જ કેવળ સાલ્યા કરતા હતા આમ વિચારમા ને વિચારમા ને એકનીએક ઘટનામા તેને ક્રોધને લીધે ઉકાટો ચઢી આવ્યો ને બબડયો, 'બસ, મારે હવે રસોઇ જમવી તો ભાભીનાં હાથની નહિ, પણ મારી સ્ત્રીના હાથની જ જમવી, ને તેમ થવા માટે મારે કાશી જઈ સપૂર્ણ વિદ્યાભ્યાસ કરી સ્ત્રી પરણી લાવવી. હવે હું અહી રહું તો ખરેખર મારા મનુષ્યદેહને ધિક્કાર છે!' આવા આવેશમા ને આવેશમા એક દિવસે સુમારે અર્ધરાત્રિ વીત્યા પછી પથારીમાથી ઉઠયો, ને કોઇને ખબર ન પડે તેમ છાનોમાનો, પોતાના પાના પુસ્તક લઈ, ઘરમાથી નિકળી પડ્યો. ત્રણ ચાર દિવસ સૂધી દડમજલ માર્ગ કાપતા સુમારે પચાસ પોણોસો કોશપર આવેલા એક ગામ આગળ જઇ પહોચ્યો સાજ પડવા આવેલી હતી, થાકી પણ ગયો હતો, તેથી તેણે ત્યા જ એક ધર્મશાળામા ઉતારો કર્યો, અને ગામમાથી ભિક્ષા માગી લાવીને ખીચડી ઓરી, ભોજન ભેળો થવાનો વિચાર કરતો બેઠો પણ એવામા એક કૌતુક બન્યુ

એ બ્રાહ્મણપુત્ર જે શહેરમા ઉતરયો હતો ત્યાના રાજાની પુત્રીના તે જ દિવસે લગ્ન હતા એથી આખા શહેરમા બહુ શોભા થઈ રહી હતી. રાજકન્યાના બાપનો તાબેદાર કોઇ માડલીક રાજા, પોતાના કુંવરને તે કન્યા સાથે પરણાવવા માટે જાન લઇ ત્યા આવ્યો હતો ધર્મકર્મજોગે, પરણવા આવનાર રાજપુત્રને વાઈ (મીરગી)નો રોગ હતો. તે રોગ રાજપુત્રને એટલો બધો અસાધ્ય થઈ ગયો હતો કે, જ્યારે તેને વાઇ થઇ આવવી હતી ત્યારે તે એકાએક મૂર્છિત થઇ જતો, તે છેક

એ ત્રણ દિવસે ભાનમાં આવતો હતો હવે રાજાલોકનું કામ; માટે જો દીકરીના બાપને આ વૃત્તાતની ખબર પડે તો તે સગપણ રાખે નહિ, ને તેમ થાય તો વરના બાપને ઘણી હિણપત લાગે, તેમ તેને બીજેથી પણ કન્યા મળે નહિ મોટી ધામધૂમ સાથે જાન લઈને તો વેવાઈ રાજા આવ્યો ખરો, પણ સાજ પડી ને લગ્ન મુહૂર્તને થોડા સમયનો વિલબ હતો, ત્યારે રાજાના (વરના બાપના) મનમા મોટી ચિંતા થવા લાગી, કે અકસ્માત્ મડપમા રાજપુત્રને વાઈ થઈ આવી તો આપણી પૂરેપૂરી ફજેતી થશે, ને ફીકે મોંઢે પાછા જવુ પડશે. એ વિચારથી તેણે પોતાના પ્રધાનને બોલાવીને કહ્યુ, “આજે મને એકે વાતે ચેન પડતું નથી. તું જાણે છે કે, રાજકુમારને જો એકે સામટા બે ચાર દીવા જોવામા આવે છે તો તે તુરત એકાએક ચકરી ખાઈને ગાડાની પેઠે ભોયપર પડે છે, ને લાગલો તેને વાઈનો ચાળો થઈ આવે છે આજે તો લગ્નનુ કામ છે, તેથી ત્યાની ધામધૂમનુ પૂછવુ જ શુ? અનેક પ્રકારના દારુખાના ઉડશે, ઘણીક મસાલો ને સખ્યાબધ દીવાઓ મડપમા થયેલા હશે, બદૂકો અને તોપોના અવાજોથી ઘમસાણ મચી રહેશે, સ્ત્રીઓના ગીતો, ગજ તથા અશ્વોના ઉન્મત્ત શબ્દો અને એકઠા મળેલા સ્ત્રી પુરુષોની હુચમચથી મોટી ગર્જના થઈ રહેશે, તેમ જ વિજળીસમાન ચળકતા અનેક આયુધો, વાહનોના સાજો તથા સ્ત્રી પુરુષોએ પહેરેલા સુવર્ણના તથા રત્નના અલકારો વગેરેના ઝાકઝમાળને લીધે એકે સામટો પડનો પ્રકાશ, ચોમેર છવાઇ રહેશે એ સમયે આપણા રાજપુત્રના શા હવાલ થશે, એ વિચારથી મારુ મન બહુ ગભરાય છે હું ધારુ છુ કે, આજે આપણી લાજ રહેવી અશક્ય છે” તે પ્રધાન ઘણો વિચક્ષણ હતો તે, રાજાની ચિંતા કળી ગયો અને એ ચિંતા સત્ય છે તે પર પુખ્તપણે વિચાર કરી, રાજાને ધીરજ આપીને કહેવા લાગ્યો, “મહારાજ, આવે સમયે ગભરાઈ જવું યોગ્ય નથી, કોઇ પણ રીતે આ સંકટમાથી દૂર થવા આપણે પ્રયત્ન કરવો જોઇએ. આપ ધીરજ ધરો, થોડીકવારમા હું એની કઇ યુક્તિ શોધી કાઢુ છું” એમ કહી તુરત તે શહેરમા ફરવા નિકળ્યો, અને જ્યા જ્યાં સારા દેખાવડા અને રાજકુમારની ઉમરના છોકરાઓ રમતા દીઠા, ત્યા ત્યાથી, જેઓની કાંતિ કઇ પણ તે રાજકુમાર સાથે મળતી આવતી હોય તો તેવા છોકરાઓને તેણે લાવી ઉતારે એકઠા કીધા, અને વિશેષ કરીને રાજકુમાર સાથે બરોબર મળતો આવે, એવા છોકરાની શોધમા તે ફરતો જ

રહ્યો. તે પેલા બ્રાહ્મણપુત્રવાળી ધર્મશાળા આગળ આવ્યો. ત્યાં એક ખૂણામા તે બ્રાહ્મણપુત્ર સંધ્યાકર્મ કરી, વિચારગ્રસ્ત બેઠો હતો અને જોડમા તેની રસોઈ થતી હતી, તેનાપર તેની દૃષ્ટિ પડી તે બ્રાહ્મણપુત્ર ઘણીક રીતે રાજપુત્ર સાથે મળતો દેખાયો પ્રધાન મનમા બહુ હર્ષ પામ્યો. પછી તેણે તે બ્રાહ્મણના પુત્રને કહ્યુ, "મહારાજ, તમે જલદી મારી સાથે ચાલો, તમને અમારા રાજાજી અહુણા ને અહુણા બોલાવે છે!" ભોજાઈના મર્મ-વચનથી કાશી જવા નિકળેલો દ્વિજપુત્ર, પ્રધાનના આવા આજ્ઞાવાચક વચન સાભળી, ભયથી કંપવા લાગ્યો. તેના મનમા અનેક પ્રકારના સકલ્પ વિકલ્પ થઈ આવ્યા. તેણે વિચાર્યું કે, 'હે પ્રભુ! હું કોઈના અપરાધમા નથી, મેં કોઈનુ બગાડ્યું નથી, ને મને તે આ પ્રધાન વિના કારણે શા માટે બોલાવી લઈ જાય છે? મેં એના રાજાનો શો અપરાધ કીધો છે? રાજાનું તેડુ તે તો મોતનુ તેડુ છે!' પછી તેણે પ્રકટપણે કહ્યું "સરદાર સાહેબ! આપના રાજાજીને મારુ અત્યારે એવું શુ કામ પડ્યુ છે કે તે મારા જેવા રકને અહુણા ને અહુણા બોલાવે છે? હું હમણા જ સધ્યા કરી રહ્યો છુ ને હવે આ ખીચડી પણ સીજીને તૈયાર થઈ છે, તેથી તે ખાઈને ઈચ્છા હોય તો તમારી સાથે આવુ?" પ્રધાનને તો હવે જે ઘડી જાય તે સોનાની હતી લગ્નનો વખત પણ થવા આવ્યો હતો, તેથી તેણે એકદમ બ્રાહ્મણપુત્રને પોતાની સાથે આવવાનો હુકમ કીધો બિચારો બ્રાહ્મણપુત્ર, ખીચડી એમને એમ ચૂલા ઉપર મૂકી, ધ્રુજતે અંત:કરણે તેની સાથે ચાલ્યો પ્રધાને પોતાને ઉતારે આવી તેને રાજા આગળ ઉભો કીધો, ત્યારે બીજા એકઠા કીધેલા સર્વ બાળકો કરતા એ દ્વિજપુત્ર તો જાણે આબેહૂબ રાજપુત્ર જ હોય, એવો જણાયો. રાજાની સમતિથી પ્રધાને તુરત સર્વ બાળકોના હાથમા એકેકી મુદ્રા મૂકી, સર્વને ખુશી કરીને વિદાય કરી દીધા, અને તે દ્વિજપુત્રને મગળસ્નાન કરાવી, સારા સારા વસ્ત્રાલંકારો ધારણ કરા-વવાની ગોઠવણ કરવા માડી પછી દ્વિજપુત્રને તેને એકાતમા લઈ જઈ સમજાવ્યું કે, "મહારાજ! ઉતાવળને લીધે હું તમને આ વેળા બીજું કશું કહી શકતો નથી, પણ તમે અમારા રાજપુત્રને બદલે આજે પરણવા ચાલો. આજે એક રાત અમારે માટે ખોટી થઈ સવારે તમારી ઈચ્છામા આવે ત્યા વિદાય થઈ જજો. આને માટે અમે તમને એક સહસ્ર સુવર્ણમુદ્રા આપીશુ. અમારા વેવાઈના મડપની અંદર તમે

પોતાને રાજપુત્ર માનીને જ સઘળી રીતે વર્તજો ને કોઈ વાતે રાજપુત્રને સાટે પરણવા આવ્યા છો, એવી ખબર પડવા દેશો નહિ. અમે પણ સૌએ તમને કુવરજી કહીને જ બોલાવીશું. આજની રાત્રિ સાવધ રહી તમે અમારુ કાર્ય સિદ્ધ કરશો તો તમને બીજી રીતે પણ ખુશી કરીશુ" એ પ્રમાણે કહી તે રાજાના રાજકુળની જે કંઈ રીતભાત હતી, તે સર્વથી તેને માહિતગાર કર્યો

દ્વિજપુત્રનો આત્મા હવે જરાતરા હેઠો બેઠો. તે મનમા જ વિચાર કરવા લાગ્યો કે, "હશે! આપણે શું કામ છે; ગમે તેમ હોયની! આપણે એક રાત્રિ રાજપુત્રનું સુખ તો ભોગવી લઈશું અને વળી એક હજાર સોના મોહોર મળશે, તે તો જૂદી આપણને તો ભાભીના વચનથી શુકન સારા ફળ્યા!" લગ્નવેળા થઈ, આખી જાન શણગારાઈને ચાલી પેલો દ્વિજપુત્ર રાજકુમાર બનીને, સજ્જ કરેલા અમૂલ્ય અશ્વ પર સ્વાર થયો માથે છત્ર આવી રહ્યુ છે, ચમ્મર ઢળે છે, નેજા જળહળે છે, વાજીત્રો વાજે છે; એમ ઠાઠમાઠ મોટો છે એવી મોટી ધામધુમથી તે રાજદ્વાર આગળ જઈ પહોંચ્યો વિધિયુક્ત બને પક્ષના ગોત્રોચ્ચારો કરી લગ્નક્રિયા કરવામા આવી અને ભાડાનો વર, રાજાની કુવરી પરણી, પરણવાનો લહાવો લઈ પરવાર્યો

હવે તે કન્યાના બાપના કુળમા એવો ધારો હતો કે, જે દિવસે લગ્ન થાય, તે જ દિવસે રાજપુત્રીના રંગમહેલમા વર અને કન્યાએ સાથે રહી, રતિવિલાસનુ સુખ માણવું. વરકન્યા મગળ ફેરા ફરી રહ્યા પછી ને કુળદેવીનુ પૂજન કરી પરવાર્યા, તે પછી થોડીકવારે, વરરાજાને રાજકન્યાના શયનમન્દિરમા મોકલવાનું કહેવામા આવ્યુ તુરત જ ત્યાથી સર્વે દાસદાસીઓ વગેરે કોરે ખસી ગયા લગ્નક્રિયા સમાપ્ત થઈ ને ભાડાનો વરરાજા રાજકન્યાના ભુવનમા સિધાવ્યો તત્ક્ષણે જાનવાળા પોતાને ઉતારે ગયા. ઉતારાપર રાજા તથા પ્રધાન પરસ્પર કહેવા લાગ્યા કે, "ચાલો, ઠીક થઈ ગયુ કે, આ બ્રાહ્મણનો છોકરો મળી આવ્યો એનાથી જ આપણી લાજ રહી છે! આજ રાત્રિ વીતી જાય તો ગગા નાહ્યા!"

લગ્નની રાત્રિ સુમારે બે પ્રહર વીતી ગઈ હતી, અને ભાડાના વરરાજાને ત્રણ દિવસની કેટલાક કોશની પાકી મજલ થઈ હતી! અધુરામા પૂરુ આખા દિવસથી અન્ન મળ્યુ નહોતુ, તેથી તે તો મહેલમા જઈ સુવર્ણ પલગપર જેવો સુતો, તેવો જ મીઠી નિદ્રાને વશ થઈ

ગયો! થોડીકવાર થઈ એટલામાં શયનમન્દિરમાં, કોઈ દેવીની ઉપમા અપાય એવી અથવા સ્વર્ગની અપ્સરા સમાન કાંતિવાળી રાજકન્યા સોળે શૃંગાર સજી, એક હાથમા રત્નદીપક તથા બીજા હાથમાં ચંદન, પુષ્પ, મુખવાસ આદિ સૌગંધિક પદાર્થોથી ભરેલો થાળ લઈ, રમઝમ કરતી ત્યા આગળ આવી ઉભી રહી. તેણે પલંગ પાસે જઈ જોયું તો વરરાજા ઉંઘી ગયેલો છે તેણીએ મુખદર્શનની આશાએ પતિને ઢંઢોળ્યો, એટલે તે જાગ્યો તો ખરો, પણ મોંઢામાથી એક શબ્દ પણ બોલ્યો નહિ. તેને બોલાવવાને માટે રાજકન્યાએ ઘણો ઘણો યત્ન કર્યો, બહુ બહુ કાલા-વાલા કર્યા; "હે સ્વામીનાથ! મારામા શી ખોડ છે? શું હું આપને ગમતી નથી કે આપ મારી સાથે બોલતા નથી? હે મમ પ્રાણ! આજે તો હર્ષ અને આનંદનો પ્રથમ દિવસ છે અને હું આ દાસી આપની આજ્ઞાની વાટ જોઈ હાથ જોડીને ઉભી છે, છતા આપ શા માટે બોલતા નથી?" આમ સરળ હૃદયે, નવોઢાએ પ્રાર્થના કરવા છતા પણ વરરાજા (દ્વિજપુત્ર) એક શબ્દ બોલ્યો નહિ તો શું, પણ ઓઠ સુદ્ધાત ફફડાવ્યો સરખો નહિ. ત્યારે કન્યા પોતાના મનમા બહુ ખેદ પામીને વિચાર કરવા લાગી કે, "શું એ બોબડો હશે, વા મૂર્ખ કે પુરુષત્વહીન હશે? તે વગર આમ વિનતિ કર્યા છતા પણ મારી સાથે બોલે નહિ, એ તો આશ્ચર્ય જ! સ્ત્રી પુરુષના પ્રથમ અને એકાતના પ્રસગમા એવો કોણ પુરુષ હોય કે જે ધીરજ ધરી મૌન્ય ગ્રહણ કરી રહે? હવે મારે એની કેવી રીતે પરીક્ષા કરવી!" તે રાજકન્યા વિદ્યા અને કાવ્યકળામાં બહુ નિપુણ હોવાથી, તુરત ઉભાં ઉભા જ એક અર્ધો શ્લોક બનાવીને બોલી, "હે સ્વામીનાથઃ—

शय्या वस्त्र भूषण चारु गध,
वीणावाणी दर्शनीया च रामा ।

"અર્થાત્-આવી એકાત શય્યા, મેં ધારણ કરેલા ઉત્તમ વસ્ત્રાભૂષણો તથા સેવન કરવાના નાના પ્રકારના અત્તર પુષ્પાદિ પદાર્થો, વીણા સમાન મનોહર મારી વાણી અને એકંદર રીતે મારા જેવી શ્રેષ્ઠ સૌંદર્યવતી ભાર્યા, એમ સઘળા આનંદદાયક પદાર્થો પ્રાપ્ત થયા છતાં આપ શા માટે બોલતા નથી?" તે દ્વિજપુત્ર પણ મહાવિદ્વાન્ ને કળાચતુર હતો તેથી, આ રાજકન્યામા શીઘ્રકાવ્ય કરવાની આવી અદ્ભુત શક્તિ જોઈ, આનંદાશ્ચર્યથી ટટાર થઈ ગયો. તે મનમા વિચાર કરવા લાગ્યો કે, 'રખેને મને આ સ્ત્રી મૂર્ખ ગણે, કેમકે રાજબાળાએ આ શ્લોકમા સમસ્યા

કહેલી છે, ને તેનું ઉત્તરાર્ધ જાણે મારી પાસેથી પૂર્ણ કરાવવા માંગતી હોય તેમ તેણે તે ઉત્તર પાદો બાકી રાખ્યાં છે, તો મારે બે પાદો સત્વર પૂર્ણ કરવા જોઇએ.' દ્વિજપુત્રે ક્ષણમાં આવો વિચાર કરી લઈ, મનને કહ્યુ,-'મારે એ સમસ્યા પૂરી કરવી જ જોઇએ, ન કરૂ તો પછી મારી વિદ્યા શા કામમા આવશે?' આવો વિચાર કરી, તુરત તે રાજપુત્રીના શ્લોકના ઉત્તરમાં બાકીનો અર્ધો શ્લોક બોલ્યો કે,

"नो रोचन्ते क्षुत्पिपासातुराणा,
सर्वारमास्तन्दुला प्रस्थमूला ॥

"અર્થાત્-હે સ્ત્રી! તેં કહ્યુ તે સર્વ છે, પરતુ ભૂખ્યા અને તરસ્યા પુરુષને તેમાંનુ કશુંએ કેમ કરીને રુચે? એ સર્વનુ મૂળ માત્ર તાદુલ [અન્ન] છે, ને તે ન હોય તો રભા જેવી સ્ત્રી પણ સાપણ જેવી લાગે છે."

આ સાભળી તે ચતુર રાજકન્યા મનમા બોલી, "મારા ધનભાગ્ય છે! માન ન માન, પણ આ કોઈ મૂર્ખ અથવા નપુસક નથી, પણ મહાબુદ્ધિમાન્ તથા વિદ્વાન્ પુરુષ છે પણ એ પોતાને ભૂખ્યો જણાવે છે એનુ કારણ શુ?" પછી આશ્ચર્ય સાથે તે બોલી, "સ્વામીનાથ! કદી નહિ ને આજે લગ્ન દિવસે જ તમે ભૂખ્યા! એનુ શુ કારણ?" ત્યારે તે દ્વિજપુત્રે, પોતાની ભાભીના મર્મવચનથી વિદ્યાભ્યાસ કરી સ્ત્રી પરણી લાવવાનો નિશ્ચય કરી, પોતે ઘેરથી કેમ ચાલી નિકળ્યો હતો તે, અને ઘેરથી નિકળી તે ધર્મશાળામા આવી ઉતરચો, અને ભોજન માટે ખીચડી તૈયાર કરતો હતો તેવામા ખીચડી ત્યાની ત્યા જ રહી ગઈ ને સામા રાજાનો પ્રધાન કેમ પકડી ગયો ને રાજકુમારને સાટે બ્રાહ્મણકુમાર કેમ પરણ્યો ને આ પલંગપર પણ ક્યારનો અન્ન વગર અશક્ત થઈ કેમ પડ્યો હતો ત્યાસૂધીનો, ઇત્થભૂત વૃત્તાત તે રાજપુત્રીને કહ્યો. રાજપુત્રી તે સાભળીને ઘણી આશ્ચર્ય પામી અને તેની આજ્ઞા લઇને તુરત પોતાની મા (રાણી) પાસે જઈ તેને સર્વ વૃત્તાત જણાવ્યો. રાણી પણ બહુ વિસ્મય પામી પણ પોતાના મનમા સતોષ માનવા લાગી કે, "મારી પુત્રી ભાગ્યશાળી છે, તેથી તેને આ સઘળી પ્રથમથી ખબર પડી, નહિ તો આ પરણવા આવનાર ખરો રાજપુત્ર, જે નિશ્ચય કઈ મહાખોડવાળો હશે તેની સાથે, તેને મિથ્યા ભવ ગુમાવવો પડત, પણ સારૂ થયુ કે, એ દ્વિજપુત્ર તેને વર્યો!"

પછી નાના પ્રકારનાં મિષ્ટ પક્વાન્નોનો થાળ ભરી, રાજપુત્રીને પાછી મહેલમાં મોકલી. રાજપુત્રીએ દ્વિજપુત્રને સારી પેઠે તૃપ્ત કરીને જમાડ્યો. પછી મુખવાસાદિ આપી કેટલીક વાતચિત કરતાં દ્વિજપુત્ર શાંત થયા પછી, રાજપુત્રી પાછી બોલી; "પ્રભુ, હવે શી આજ્ઞા છે?" ત્યારે તેણે કહ્યું; "સ્ત્રી! મેં તો તને પ્રથમ જ કહ્યું છે કે, મારે કાશીએ જવાનો સંકલ્પ છે. ત્યા રહી વિદ્યાભ્યાસ કરતા મને સુમારે દશ બાર વર્ષ લાગશે. હું અત્યારે તારી સાથે પ્રેમ જોડું, તો તે પછવાડેથી તને અને મને બન્નેને અથાક શોકનું કારણ થઈ પડશે વળી વિશ્વાસઘાત કરવો, આ મારુ કર્ત્તવ્ય પણ નથી. કેમકે હું તો તારી સાથે માત્ર લોકોને દેખવા માત્ર જ પરણ્યો છુ! પણ તારે ખરા પતિરૂપે તો, અહીં જાન લઈ આવનાર અને મને ભાડે પરણાવનાર રાજાના કુંવર-ની જ સેવા કરવાની છે. હું તો એક વટેમાર્ગુ છુ, મારુ કામ પૂર્ણ કરીને પ્રાતઃકાળ થતા હું મારે માર્ગે ચાલ્યો જઇશ. હું આજની રાત્રિ માત્ર મુંગે મોંઢે ગાળીને પ્રાત કાળે ચાલ્યો જાત, પણ મૂર્ખ ન ગણાઉં, માટે તારા પૂર્વાર્ધ શ્લોકનુ ઉત્તર આપવા માટે મારે બોલવું પડ્યુ છે. હે સ્ત્રી! હે રાજકન્યા! મારા જેવા વટેમાર્ગુ અને બ્રાહ્મણપુત્રની સાથે તારે શાને પ્રેમ બાધવો જોઇએ? તુ તો નાના પ્રકારના રાજવૈભવ ભોગવનારી છે તેથી, તારા પતિ–રાજપુત્રના સુંદર મહાલયની અંદર રહીને, તે રાજપુત્ર સાથે અનેક સુખોનો અનુભવ લેવાને પાત્ર છે!"

બ્રાહ્મણપુત્રનુ આ નિસ્પૃહ ભાષણ સાભળી, રાજકન્યા તેના પ્રત્યુત્તરમા બોલી, "પ્રાણવલ્લભ! કોણ રાજપુત્ર અને કોનો પતિ? ગમે તો મોટા ચક્રવર્તીનો તે પુત્ર હશે, તોપણ મારે તેની સાથે શો સબંધ છે? હું બીજા કોઇને નહિ, પણ તમને જ પરણી છુ, ને મારા બાપે મારો જમણો હાથ પકડી, અનેક લોક તથા બ્રાહ્મણ, અગ્નિ ને સૂર્યની સાક્ષીએ તમારા જ હાથમા કન્યાદાનરૂપે આપ્યો છે. અહીં તો શું, પણ પરલોકમાએ તમારો અને મારો સબધ હવે કદાપિ છૂટે તેમ નથી. તેમા વળી હું સમજણપૂર્વક પરણેલી છુ એટલે મારા લગ્ન, અજ્ઞાન લગ્ન ન જ કહેવાય. હે નાથ! મારે તો આપ જ આ દેહના માલીક છો. તમારા વિનાના સર્વ પુરુષ મારે પિતા તથા ભ્રાતા સમાન છે. શુ દમયતીએ, દારિદ્ર્યનો દાસ ને કુરૂપ બનેલા નળને તજ્યો હતો? શું વન સેવતા પાડવોને દ્રૌપદીએ તજ્યા હતા?

શું પરમંદિરમા કષ્ટે દહાડા કહાડતી સીતાએ રામને તજ્યા હતા? હું પણ તેવી જ છું આપ વિના હું અન્યને ભજીશ નહિ. તે છતાં આપ જો મારો ત્યાગ કરશો તો નિશ્ચય હું આ દેહનો ત્યાગ કરીને પરલોકમા જઈ, ત્યા તમને વરવાની વાટ જોઈશ!" આટલું કહીને પુનઃ તે બોલી, "પ્રાણનાથ! તમારે, કાશી જવાનો સંકલ્પ છે તો ભલે જઈ આવો અને થોડાક દિવસમા અત્ર પાછા પધારો અથવા તમારી ઈચ્છામાં આવે એવી વિદ્યા, અહીં મોટા વિદ્વાન્ શાસ્ત્રીઓ રાખીને ભણો આપ જાણો છો કે, મારા પિતા સર્વ વાતે સમર્થ છે આપ જે ઇચ્છા કરશો, તે વસ્તુ આપને માટે તે હાજર કરશે હે દેવ! હવે તો આ દેહ, મન અને પ્રાણ સઘળુ આપને જ અર્પણ છે આપ સ્વામી અને હું આપની દાસી આપ વિષ્ણુ ને હું લક્ષ્મી! આપ કૃષ્ણ અને હું રુક્મિણી! આપ શિવ અને હું પાર્વતી! આ ભવ જ નહિ, પણ સર્વભવમા એ જ સંબંધથી રહ્યાં છીએ ને રહીશું પણ મારી એક વિનતિ સાંભળો. આપ વચનથી બંધાયલા છો, તેથી પ્રભાતના અહીંથી થઇને વિદાય થશો જ, પણ જ્યારે તે રાજા આપને વિદાય કરે, ત્યારે આપ જરૂર આ મહેલ આગળ થઇને જજો, અને આ દાસીનો અવતાર અફળ કરતા અટકજો!" આવી રીતે દ્વિજપુત્રનુ સમાધાન કરી તે ચતુરા પુન: બોલી, "સ્વામીનાથ! હવે તો હું આપની આજ્ઞાની જ વાટ જોઈ રહી છુ, માટે પ્રસન્ન હો તો શય્યાપર પગ મૂકુ!" દ્વિજપુત્રે રાજકન્યાનું અંતઃકરણ પવિત્ર અને દૃઢ જોઈ, શય્યાપર આવવાની આજ્ઞા આપી ને બંને સમાન હોવાથી આખી રાત્રિ તેમણે રતિસુખમા નિવૃત્ત કરી.

બીજે દિવસે સવારે ભાડાનો વરરાજા જાનીવાસે ગયો અને પોતાનો રાજપુત્રનો વેશ ઉતારી, પરઠેલી સહસ્ર મુદ્રા લઇને, આગળ જેવા વિદ્યાર્થીના વેશમા કાશી જવા માટે વિદાય થયો રાત્રિના રાજકન્યાએ કહી રાખ્યુ હતું માટે તેના મહેલ આગળ થઇને જેવો તે દ્વિજપુત્ર જાય છે કે તુરત તે સાધ્વી કન્યાએ તેને પોતાની પાસે બોલાવી લીધો ને બ્રાહ્મણવેશ-વટેમાર્ગુનો વેશ ઉતરાવી, ઉત્તમ પ્રકારના વસ્ત્રો તથા અલંકારો તેને ધારણ કરાવ્યા, અને પોતાની માતાની આજ્ઞાથી ગુપ્તપણે તેને પોતાના મહેલમા જ રાખ્યો. એક બે દિવસે પેલા વરનો બાપ, રાજપુત્ર વગેરે સમાજને લઇને કન્યાના બાપને ત્યાં પહેરામણીને માટે આવ્યો; અને કહેવા લાગ્યો કે, "રાજાજી, હવે ઘણા દિવસ થઈ ગયા, માટે આપની દીકરી

સહિત અમને વિદાય કરો!” કન્યાના કહેવાથી તેનાં માતાપિતા-રાજા રાણી વગેરે સૌએ વરનો ગુપ્ત ભેદ જાણી લીધો હતો, પરંતુ માત્ર લોકવ્યવહાર દર્શાવવા માટે રાજપુત્રીના બાપે, વરવાળાઓને ઉપરઉપરથી એક બે દિવસ વધારે રહેવાનો આગ્રહ કર્યો. પણ અંતે તેઓનો જવાનો વિચાર જાણીને રાજાએ રાજકન્યાને બોલાવી વિદાય કીધી. જાન વિદાય થવાને તત્પર બની. રાજપુત્રીને વિદાય કરવાને તેની સખી સાહેલી સાથે આવી. પણ જ્યારે રાજપુત્રની જોડે રથમા બેસવાનો કન્યાનો સમય આવ્યો, ત્યારે રાજપુત્રને જોઈ તે એકાએક ચમકતી, પાછી હઠી અને જાનના, માડવાના તથા શહેરના બીજા હજારો લોકોના દેખતા, રાજકન્યા સૌ સાભળે તેમ બોલી, “અરે! આ રથમા કોણ અણજાણ્યુ બેઠું છે? મારા સ્વામી ક્યા છે? આ રથમા બેઠેલો મારો સ્વામી નથી, એ કોઈ પર પુરુષ છે. હુ તેની જોડે રથમા બેસીશ નહિ!” આ વચન સાભળતા સૌના મનને અતિશય આશ્ચર્ય લાગ્યુ, અને રાજકન્યા શું કહે છે, તે સાભળવા સૌ ટોળે મળ્યા જાનવાળાઓએ ને વરના બાપે રાજકન્યાને ઘણી ઘણી રીતે સમજાવી કે, ‘એ જ તારો પતિ છે, એ જ રાજકુવર છે અને એની જ સાથે તારા લગ્ન થયા છે!’ પરતુ રાજકન્યા એકની બે ન જ થઈ. તે સૌનો ધિક્કાર કરીને, રથથી દૂર જઈ, પોતાના પિતા વગેરે ઉભા હતા ત્યા જઈ ઉભી રહી અને કહેવા લાગી કે, “પિતાજી, મારો પતિ આ રથમા બેઠેલો પુરુષ ન હોય જેની સાથે મારુ લગ્ન થયું છે, તે પુરુષનુ ને આનુ એકે ચિહ્ન મળતું નથી.” સકેત પ્રમાણે કન્યા તો આમ હઠ જ લઇને બેઠી, ત્યારે હારીને વરના બાપે તે રાજાને (કન્યાના બાપને) વિનતિ કરી કે, “રાજાજી, રાજકન્યા તો કદાચ બાળક છે, તેથી તેણે અમથી હઠ પકડી હશે, પણ આપ કહેતા હો તો હમણાં નહિ ને થોડા દિવસ પછી આણું કરવા આવીશું” વેવાઇનુ એ વચન સાભળી રાજાએ કહ્યુ, “એમ કેમ બને? મારી કુવરી તો કહે છે કે, આ રથમા બેઠેલો તમારો કુમાર મારો પતિ જ નથી, તો પછી તમારી સાથે મારાથી તેને આજે કે ભવિષ્યમા મોકલાય જ કેમ? અને આણું પણ કેવું! પણ હુ એને સમજાવી પૂછીને ખાત્રી કર્યા પછી તમને કહું કે એના બોલવાનો મર્મ શો છે?” એમ કહી, કંઈ સેજસાજ રાજકન્યા સાથે વાત કરી, રાજાએ વરના બાપને કહ્યુ; “મારી પુત્રી તો કહે છે કે, જેની સાથે મારાં લગ્ન થયા, જેણે મારો પાણિગ્રહણ કીધો, તે પુરુષ બીજો જ

છે, અને રથમા બેઠેલો પુરુષ મારો પતિ નથી જ; અને તેમ છતાં તે જો કદાચ ન માનતા હો તો મને પરણવા આવનાર મારા પતિ સાથે, મારે રાત્રિના જે પ્રસંગ બન્યો છે, તેની એ રાજપુત્ર નિશાની આપે તો હું તેને મારો પતિ માનીશ! માટે વેવાઇજી! હું એમ ધારુ છું કે, કન્યાનું મન માને એમ તેને લગ્નની રાત્રિની નિશાની અપાવો, એટલે આપોઆપ તે પોતાની હઠ છોડશે!" આ વાત તો અવશ્ય કબૂલ કરવી પડે તેમ જ હતું, તેથી નિરુપાયે તેઓએ તેમ કરવાની હા પાડી તુરત રાજકન્યાએ કહ્યું; "બીજી કશી નિશાની નહિ, પણ માત્ર સમસ્યારૂપે હું એક અર્ધો શ્લોક લગ્નની રાત્રિના બોલી હતી, ને તે મારા પતિએ તુરત જ પ્રત્યુત્તરરૂપે પૂરો કરી આપ્યો હતો, તે જ શ્લોકનું ઉત્તરાર્ધ જો એ રાજકુવર બોલે તો એ મારો પતિ છે, એમ હું માનીશ." એટલુ કહી તે બોલી

" शय्या वस्त्र भूषण चाकराध, वीणावाणी दर्शनीया च रामा ॥ "

રાજપુત્રને આ શ્લોકની ખબર શી? તે બિચારો જાણે જ ક્યાથી કે એનુ પ્રત્યુત્તર આપે? આ જોઈ વરનો પિતા વગેરે સૌ ભોઠા પડ્યા. પછી કન્યાના બાપે બહુ ક્રોધ કરી તેઓને કહ્યુ, "કેમ વેવાઈ, શું તમે મારી સાથે છેતરપિંડી રમ્યા છો કે? તમારા કુવરની મૂર્ખતા, રોગ વા એવી કોઈ છુપી ખોડ છૂપાવવાને, તમે તેને બદલે બીજા આસામીને પરણવા મોકલ્યો હતો કે? ધિક્કાર છે તમારા જીવતરને! પણ રે, તમારુ અધમ કૃત્ય હું જાણુ છુ તમે તો કોઈ કુબડા કુંવરને આ રાજબાળા પરણાવવી ધારી હતી, પણ મારી પુત્રી પોતાના અહોભાગ્યને યોગે સત્પાત્રને વરી છે તે પુરુષ ઉચ્ચ વર્ણનો અને વિદ્વાન્ છે, એટલે ઈશ્વરે જ મારી લાજ રાખી છે, એમ હું સમજું છુ. મારી પુત્રીના ભાગ્યે જ કઈક જોર કીધુ, નહિ તો તેને કર્મે તમારો મૂર્ખ રાજકુમાર ચોંટત! આને માટે હું તમને જેટલી શિક્ષા કરુ એટલી થોડી છે, પણ આ વેળા માત્ર દયા લાવીને જ હું તમને જતા કરુ છુ મને બતાવો, પરણનાર પુરુષ ક્યા છે?" એ સાભળી રાજકન્યા બોલી ઉઠી, "પિતાજી! એ મારો પતિ મારા મહેલમાથી જાનમા જઈ, પોતાનો રાજવેશ ઉતારી, બ્રાહ્મણ-વેશે કાશીએ જતો હતો તે વેળા, મેં તેને બોલાવી લઇને મારા મહેલમા રાખ્યો છે" રાજાએ તુરત તેને ત્યા આગળ તેડાવ્યો, ને સૌના દેખતા તેણે રાજપુત્રીનો અર્ધો શ્લોક, જે તે લગ્નની રાત્રિએ બોલ્યો હતો તે-નો रोचंते। ઈત્યાદિ પદો બોલીને પૂરો કરી આપ્યો. એ ઉપરથી પ્રજા-

જનોની પણ ખાત્રી થઈ કે, આ દ્વિજપુત્ર જ રાજપુત્રીનો ખરો પતિ છે. સર્વ કોઈ દ્વિજપુત્રને જોઈ પ્રસન્ન થયા; જાનવાળાઓ ફીકા પડી ગયા. વરવાળાઓ કન્યાના બાપના તાબેદાર–ખંડીયા રાજા હોવાથી મનમા જ સમજીને મુંગે મોઢે, શિશુપાલની પેઠે મોંઢા વકાસી, પાછા ચાલ્યા ગયા. પછી પેલો દ્વિજપુત્ર, પોતાનો સંકલ્પ પૂર્ણ કરવા માટે કાશીએ જઈ આવ્યો; અને મહાવિદ્વાન્ થઈ ઘણીક રિદ્ધિસિદ્ધિ સાથે રાજકન્યાને લઈ પોતાને ઘેર ગયો એ દંપતીને જોઈ, તેની ભોજાઈ, પોતે બોલેલા મર્મ-વચનને માટે બહુ પસ્તાવા લાગી, પણ પછી એ બન્ને ભાઇઓ તથા તેઓની સ્ત્રીઓ વગેરે સઘળું કુટુંબ, એકત્ર રહીને પૂર્ણ સુખ ભોગવવા લાગ્યું

હે વિશાલ! આ દૃષ્ટાંત ઉપરથી મને નિશ્ચય થાય છે કે, કર્મ (પ્રારબ્ધ)ના ભોગ તો વગર ઈચ્છવે ને વગર માગવે આપોઆપ આગળ આવીને ઉભા રહે છે. તે સંબંધે કઈ ચિંતા કે હર્ષશોક કરવો, એ જ્ઞાની પુરૂષનુ કર્તવ્ય નથી

૧૯—લિંગ અને સ્થૂલ દેહ

જ્યારે પ્રારબ્ધ મનુષ્યને હરકોઈ રીતે ભોગવવાજ પડે છે, અને તે માત્ર દેહ જ ભોગવે છે, આત્માને કંઈ સ્પર્શ કે અસ્પર્શપણું લાગતું વળગતું નથી, ત્યારે પૂર્વના પ્રારબ્ધો પૂર્વનો દેહ પડી જાય છે ત્યારે એ પ્રારબ્ધો કયા રહે છે? અને પૂર્વજન્મના પ્રારબ્ધો આ નવીન દેહને શા માટે ભોગવવા પડે છે? સત્ય તો આ છે કે, પૂર્વદેહને અને આ બીજા દેહને કશો સંબંધ જ નથી આ શંકાનું ગુરુકૃપાથી એવી રીતે મારા મનને સમાધાન થયુ કે, પ્રારબ્ધો શરીર ભોગવે છે ખરા, પણ તે શરીર બે પ્રકારના છે એક સ્થૂલ અને બીજુ સૂક્ષ્મ અથવા લિંગ શરીર, જેને જ્ઞાનીઓ વાસનાદેહ પણ કહે છે સ્થૂલદેહ તે આ પ્રત્યક્ષ દેખાય છે તે શરીરને જ કહે-વામા આવે છે, પણ લિંગદેહ, આ સ્થૂલદેહની અંદર અદૃશ્યરૂપે વસી રહેલો છે સ્થૂલદેહ અમુક સમયે પડે (મરે) છે, પણ લિંગદેહ કદી મરતો નથી, અર્થાત્ તે તો જન્મજન્માંતરમા એક ને એક જ રહે છે. આવા અનેક સ્થૂલદેહો (મનુષ્યના તો શું, પણ પશુ, જળચર ઇત્યાદિના પણ) બદલાયા છતા પણ, અંદર રહેલો લિંગદેહ બદલાતો નથી, તે તો જેનો તે જ રહે છે, તે વધતો નથી, તેમ ઘટતો નથી, તેમ બદલાતોએ નથી. પ્રારબ્ધ કર્મોનો ભોક્તા તથા અભિમાની પણ તે સૂક્ષ્મદેહ જ છે અને એ જ સૂક્ષ્મદેહને લીધે જીવને વારંવાર જન્મમરણ ધરવા પડે છે, અને એ જ

સૂક્ષ્મદેહ પોતાનાં પ્રારબ્ધો ભોગવ્યા કરે છે. સ્થૂલદેહ બહારથી દેખવા માત્ર છે ખરો, પણ તેનું ઉત્પત્તિકારણ સૂક્ષ્મદેહ જ છે સૂક્ષ્મદેહના યોગથી જ આ સ્થૂલદેહને સઘળું ભાસે છે; તેમ સ્થૂલદેહને આશ્રયે પોતે હોવાથી પ્રારબ્ધોથી થતાં સુખદુઃખો સૂક્ષ્મદેહ જાણી શકે છે. એકલા સૂક્ષ્મદેહથી કંઈ પણ કર્મ બની શકે એમ નથી એ તો સ્થૂલ અને સૂક્ષ્મ બંને એકત્ર થાય છે, ત્યારે જ પ્રારબ્ધો ભોગવી શકે છે. સ્થૂલદેહ પડી ગયો, એટલે પોતાની સાથેના પ્રારબ્ધો લઈ સૂક્ષ્મદેહ એક બીજરૂપે બીજો સ્થૂલદેહ ધારણ કરે છે; અને તે પછી પ્રતિદિન વૃદ્ધિગત થાય છે ત્યારે જ તે સુખદુ.ખાદિની પરીક્ષા કરનારો થાય છે. પણ સ્થૂલદેહ વૃદ્ધિ પામ્યો ન હોય ત્યા સૂધી સૂક્ષ્મથી તેમાંનું કશું જાણી કે કરી શકાતું નથી. દૃષ્ટાંતમા જેમ એક બાળક ઘોડીયામા સૂતો સૂતો રમકડુ હાથમા લઈ રમે છે, તેને આપણે કહીએ કે, 'રે, તારો બાપ મરી ગયો, કે તારી મા મરી ગઈ, કે તારા ઘરમા ચોર આવ્યા કે આગ લાગી, કે તારે માટે રમકડુ લાવ્યો, કે તારી મા॰ખાવાનું આપે છે, ત્યારે તે જરાએ ખેદ ન પામતા, જેમનો તેમ આનંદમા રમ્યા કરે છે, કેમકે તેને સુખ કે દુ ખ કંઈજ નથી પણ જ્યારે તેજ બાળક મોટો યુવાન થશે, ત્યારે ઉપરના શબ્દો સાભળીને તેને જુદી જ અસર થશે ચોરથી વા આગથી ભય પામી નાસવા માડશે, ને મા કે બાપના મરણસમાચાર સાભળીને પોકળશ્રાદ્ધ કરવા મડી પડશે' એ સાભળનાર સૂક્ષ્મદેહ તો તે વખત પણ તેનો તે જ હતો, પણ સ્થૂલદેહની સહાયતા વિના તેને કંઈ અસર થતી ન હતી, કે કંઈ કરી શકતો ન હતો, તેથી તે સમયે તેને અસર થતી ન હતી લિંગદેહની શક્તિથી એક જળના ટીપાનુ શરીર બધાયું ને ધીરે ધીરે તે આવુ ઝાડના થડ જેવુ મોટુ થયુ છે। પણ જ્યારે સિત્તેર પોણોસો વર્ષ પછી કે પાચ દશ વર્ષ પછી એ સ્થૂલમાનો લિંગદેહ, આત્મા સાથે ચાલ્યો જાય છે ત્યારે તે પડી રહેલા સ્થૂલથી પણ કંઇ બનતું નથી તે નિ સત્વ જ પડયુ રહે છે માણુસ પોતાના કાન ગમે તેટલા બંધ કરશે, તોપણ મોટા શબ્દોનો કઇક ભણકારો તેના સાભળવામાં આવશે કેમકે તે સાભળનારના સ્થૂલદેહની અંદર સૂક્ષ્મદેહ છે, પણ જો તેના કાનના છિદ્ર જ નહિ હોય તો અથવા સ્થૂલદેહ જ ધારણ ન કર્યો હોય તો, સૂક્ષ્મ શુ સાભળવાનો હતો ? અને સૂક્ષ્મ ન છતા બાકી પડી રહેલો આ સ્થૂલ પણ શું સાંભળવાનો હતો ? માટે એ પ્રારબ્ધોને સાચવી રાખનાર જો કે

સૂક્ષ્મદેહ છે ખરો, પરંતુ તે સ્થૂલદેહ ધારણ કરીને તેના સબંધથી તે સર્વ કર્મો ભોગવી શકે છે.

૨૦-વાસના

હવે એ લિંગદેહ, જે સ્થૂલદેહનાં બીજરૂપ છે, તેને વાસનાદેહ કહેવામાં આવે છે; એટલા માટે કે, સ્થૂલદેહ પડવી વખતે જો મનની વાસના (ઇચ્છા-અભિલાષા) સસારના અમુક સુખ કે ભોગ ભોગવવાની રહી જાય છે તો, પતનસમયની વાસનાથી, વાસનારૂપે એક નવો લિંગદેહ બધાય છે, અને જેવી વાસના તેવે રૂપે અવતરી, અનેક સ્થળે તેને ભમવું પડે છે. માટે મોક્ષની ઇચ્છાવાળા જીવાત્માએ વાસનાને જ પ્રથમ તોડવી જોઇએ. એટલા માટે પરમાત્મા શ્રીકૃષ્ણે, અર્જુનને કહ્યુ છે કે, "મરણ-સમયે જે પ્રાણી મારુ સ્મરણ કરીને દેહ છોડે છે, તે નિશ્ચય સદ્ગતિને પામે છે." જેવી મતિ તેવી ગતિ મરણસમયે જેવી મતિ હોય છે, તેવી ગતિ તે જીવાત્માની થાય છે આ સસાર સર્વ પ્રકારે વાસનામૂલક છે વાસનાને લીધે જ પ્રાણીને વારવાર મરવુ અને અવતરવું પડે છે જ્ઞાની પુરુષ, કે જેના સર્વ કર્મ જ્ઞાનાગ્નિવડે બળી ગયેલા હોય છે, ને જેઓ જીવન્મુક્ત (પાપ પુણ્યથી રહિત થયેલા હોવાને લીધે, આ સસારમા જીવિત ધરતા છવા મુક્ત થયેલા છે) દશાને પામેલા હોય છે, તેઓની પણ જો આ સ્થૂલદેહ ત્યજતી વખતે કશામા વાસના રહી જાય તો જેવી જેની વાસના હોય છે તેવો તેને અવતાર ધારણ કરવો પડે છે શ્રી ઋષભ-દેવ ભગવાનનો પુત્ર ભરત કે જે પરમજ્ઞાની હતો, અને સસારનો ત્યાગ કરી કોઇનો સગ ન થાય માટે વનમા જઈ એકાતવાસને વિષે રહેતો હતો, તેને પણ મૃત્યુકાળે એક મૃગ બાળમા વાસના રહી જવાથી, મૃગનો દેહ ધારણ કરવો પડ્યો હતો, અને પછી બીજે જન્મે-જડભરત નામના અવતારમા, તેણે પોતાની વાસના કશામાં ન રહી જાય માટે, સર્વ સગનો પરિત્યાગ કર્યો હતો એ છેલ્લા જન્મમા કેવળ જડ તથા મુગા બહેરા જેવો થઇ તે સસારમા વિચરતો હતો એ પ્રમાણે વાસનાને માટે બીજાં ઘણાં દૃષ્ટાતો છે પણ તેમાનું એક મને યાદ આવ્યું

કોઈ એક મહાત્મા સ્વામી, પોતાના બે શિષ્યો સાથે ગંગાતટપર એક સુંદર આશ્રમની અંદર વસતો હતો, તે બ્રહ્મવિદ્યામા અત્યત નિપુણ હતો, તેથી વારવાર ઘણાક મહાત્માઓ તેના દર્શન અને સમાગમ માટે આવતા હતા. એક દિવસે સ્વામીએ કથા કરતા કરતાં શિષ્યોને જણાવ્યું

કે, "આ મનુષ્યદેહ સર્વોત્તમ છે; અને તેને આશ્રયે રહી પ્રાણી પ્રયત્ન કરે તો પરમજ્ઞાની થઈ સર્વ વાસનાથી મુક્ત થઈ, પરમપદને પ્રાપ્ત થાય છે. માટે, આ મનુષ્યદેહ પ્રાપ્ત થવાનુ સાર્થક ત્યારે જ કહેવાય કે જ્યારે આત્માને પુનઃ બીજો કોઈ દેહ ધારણ કરવો ન પડે. એ સાર્થક પ્રયત્ન, તે જ માત્ર બ્રહ્મજ્ઞાન છે, જે જ્ઞાન પ્રાપ્ત થયા પછી આત્માને નિ.સશય પોતાનુ પરમ ધામ પ્રાપ્ત થાય છે" આ સાભળી એક શિષ્યે સહજ વિનોદાર્થે પૂછ્યું, "ગુરુદેવ! એ કેમ જાણી શકાય કે જ્ઞાની પરમપદને પામ્યો છે?" શિષ્યનું વચન સાંભળી સ્વામીએ કહ્યું, "જ્ઞાન થયા પછી તો પોતાને અથવા પરને કશુ જાણવા જણાવવાપણું રહેતું નથી. જીવ તો સ્વસ્વરૂપને જોઇને આત્મરૂપમા વિલીન થઈ જાય છે ને આત્મા સચ્ચિદાનન્દસ્વરૂપ થઈ જાય છે, જેને કોઈ જાણી શકતુ નથી, પણ તારે જાણવાની ઇચ્છા હશે તો હુ તને કોઇ સમયે જણાવીશ"

એવામા થોડેક દિવસે એ સ્વામી પોતે જ, આયુષ્યની દોરી પૂરી થવાથી અવસાનશય્યાપર સૂતા બન્ને શિષ્યો બહુ રડવા તથા શોક કરવા લાગ્યા, અને "હે ગુરુજી, અમને મૂકીને આપ કેમ જાઓ છો, અમારી સભાળ હવે કોણ લેશે?" એમ શોચ કરતા હતા. પરમજ્ઞાની સ્વામીએ તેમનું ઘણીક રીતે સાત્વન કરીને કહ્યુ, "ભાઇઓ! આ જગતમા જન્મ પામેલા સર્વેનો મોડો કે વહેલો પણ નાશ તો થવાનો જ છે, માટે એવી નાશવત વસ્તુનો શોચ શો કરવો? સચ્ચિદાનદસ્વરૂપ જે દેહી (દેહમા રહેલો આત્મા) છે, તેનો તો કોઈ કાળે વા કોઈ રીતે નાશ જ નથી–તે તો અવિનાશી જ છે. તે અજર છે, અમર છે, નિત્ય છે, શુદ્ધ છે આ દેહમાં રહેલો જીવાત્મા, કર્માનુસાર કા તો એક છોડીને બીજો દેહ ધારણ કરે છે, અથવા નિર્વાસનિક હોય છે તો પરમપદને પ્રાપ્ત થાય છે!" આ છેલ્લુ વાક્ય સાભળી એક શિષ્યને સ્મરણ આવ્યુ, તેથી પૂછ્યુ, "હે ગુરુજી! આ જીવ પરમપદ કેવી રીતે પામે છે, તે અમને આપ ક્યારે જણાવશો?" સ્વામીએ કહ્યુ, "પરમપદને પામનાર અથવા નિજસ્વરૂપને પ્રાપ્ત થનાર આત્મા, કેવળ નિર્ગુણ અને નિરાકાર થઈ જાય છે તો પછી તેને કોણ જાણી શકે? પણ તને નિશ્ચય થવાને માટે, આત્માએ બીજો કોઈ દેહ ધારણ કર્યો છે કે તે મુક્ત થઈ પરમપદને પામ્યો છે, એની નિશાની ખાસ મારા પોતાના સબધમા હું તને કહું છુ તે સાભળ મારી વાસના આ જગતમાની કોઈ પણ દૃશ્ય વા અદૃશ્ય

વસ્તુમાં નથી; માત્ર હું પરમાત્મસ્વરૂપને જ સત્ય જાણું છું; અને તેમાં મેં મારા આત્માને જોડી દીધો છે; તેથી જ્યારે મારું આ કલેવર છૂટશે ત્યારે થોડીક વારમાં આકાશમાર્ગે ઘંટા, દુંદુભિ ઇત્યાદિ દિવ્ય વાજિંત્રોનો ઘોષ તમારા સાંભળવામાં આવશે દિવ્ય વાદ્યોનો ઘોષ તમારા શ્રવણમાં આવે તો તમારે જાણવું કે, મારો આત્મા પરમપદ પામ્યો છે; અને નહિ તો નિશ્ચય જાણજો કે, તેણે કોઈ બીજો દેહ ધારણ કર્યો છે"

આ વાતને એક બે દિવસ વીત્યા પછી પોતાનો અંતકાળ પાસે આવ્યો જાણી, સ્વામીએ શિષ્યો પાસે સઘળી તૈયારી કરાવી, ને મધ્યાહ્ન સમયે આત્માએ દેહને છોડ્યો! તુરત બીજા ઘણાક મનુષ્યો સાથે શિષ્યોએ સ્વામીની શાસ્ત્રમા કહ્યા પ્રમાણે પૂજા કરી, એક પાલખીમા બેસાડીને તેના કાષ્ઠવત્ દેહને ગંગામા પધરાવી દીધો! અને પછી સૌ શિષ્યો શોક કરતા આશ્રમમા આવ્યા એ સમયે તેમાના એક શિષ્યને સાભરી આવ્યું કે, 'અરે! શું આપણા ગુરુની અસદ્ગતિ થઈ? કેમકે તેના કહેવા પ્રમાણે દૈવી વાદ્યો વગેરે વાગવાની તો આપણને કશી નિશાની જણાઈ નથી' આવી આશંકાથી સૌ કહેવા લાગ્યા કે, 'એમ કેમ થયુ વારુ? આવા મહાત્માની દુર્ગતિ થવી તો સંભવતી જ નથી, એ તો સાક્ષાત્ જીવન્મુક્ત હતા અને તેણે કહેલું વચન પણ મિથ્યા કદી હોય નહિ! પણ હરિની ગતિ હરિ જાણે.' આમ વિચાર કરતા કેટલાક દિવસ વિત્યા પછી તે મરનાર સ્વામીની પાસે, ઘણી વખતે સત્સગાર્થે આવનારા એક મહાત્મા, તેમને મળવાની ઇચ્છાએ ત્યા આવ્યા તેને જોઈ પેલા બન્ને શિષ્યો બહુ શોક કરવા લાગ્યા તથા સ્વામીના અક્ષય ધામ સિધાવ્યાની વાત તેને જણાવી, તે મહાત્માને પણ એ વૃત્તાત જાણતા બહુ ખેદ થયો અને એવા મહાત્માના હવે દર્શન કયા થશે, તેના વિના આપણા અંતઃકરણોમા બ્રહ્મજ્યોતિ કોણ પ્રદીપ્ત કરશે, વગેરેનુ સ્મરણ થવાથી બહુ બહુ શોક કર્યો અને પછી જ્ઞાનોપદેશવડે તે શિષ્યોનું તથા પોતાના મનનુ સમાધાન કર્યું રાત્રિના, તે શિષ્યોએ મરનાર સ્વામીએ જે વાત પોતાના મોક્ષ માટે કહી હતી તે વાત આગતુક મહાત્માને જણાવી બોલ્યા કે, "ગુરુએ કહ્યુ હતુ તે પ્રમાણે અતરિક્ષમા દિવ્ય વાદ્ય તો વાગ્યા નહિ, માટે તેમની અસદ્ગતિ થઈ, એમ ધારી અમને બહુ જ ખેદ થાય છે" એ વાત સાભળી, ચોતરફનો વિચાર કરીને, તે મહાત્માએ વિચાર્યું કે, એ સ્વામી કેવળ પરમજ્ઞાની હતા, બ્રહ્મનિષ્ઠ હતા, વાસના રહિત હતા, તેની દુર્ગતિ

તો ન જ થાય; પણ કોણ જાણે, પ્રાણીને કેવળ અસાવધ કરી નાંખનારા અંતકાળ સમયે, ક્હાચ કોઈ વસ્તુમાં તેની વાસના રહી ગઈ હોય તો તેમ બને પણ ખરુ. પછી તેણે તે શિષ્યોને પૂછ્યું, "મને એક ઉપાય સૂઝ્યો છે, તેવડે હું જાણું છુ કે, આપણે સ્વામીની ગતિ જાણી શકીશું. તમે મને ક્હેશો કે, મરણ સમયે સ્વામી ક્યા અને કેવી રીતે સૂતા હતા?" શિષ્યોએ પર્ણકૂટીમા જઇને દેહથી મુક્ત થયેલા મહાત્માના મરણનુ સ્થળ બતાવ્યું પછી સ્વામીની પથારી જેટલા સ્થળમા હતી, તેટલા સ્થળમા પથારી ગોઠવાવી પછી મરનાર સ્વામી જેમ સૂતા હતા તેમ જ એ બીજો મહાત્મા, તે પથારીપર સૂતો પછી તે મહાત્માએ શિષ્યોને પૂછ્યું, "તમને યાદ છે કે, એ સમયે સ્વામીની દૃષ્ટિ ક્યા હતી?" "હા! તેમની દૃષ્ટિ નાસિકા તરફ હતી, પણ સહજ ઝોબો આવતા જમણી બાજૂની આખ થરડાઈ ગઇ હતી!" એ જ પ્રમાણે દૃષ્ટિ તથા દેહની સ્થિતિ કરી, પથારીમા સૂતા સૂતા તે બીજા મહાત્માએ જોયુ તો તે સમયે તેની દૃષ્ટિ એક બોરડીના ફલિત વૃક્ષ ઉપર પડી, અને તેમા પણ પોતાની દૃષ્ટિની બરોબર સામે તો તે બોરડીપરનુ એક સુંદર અને મોટું પાકુ બોર દેખાયુ તુરત પથારીમાથી ઉઠી શિષ્યો પાસે તેણે તે બોર તોડી મગાવ્યુ, બન્નૅ શિષ્યોને પાસે રાખી પછી તેણે તે બોર જોવા માડ્યુ, તો બોરના ઉપરનુ પાતળુ ફોતરુ જ માત્ર બાકી રહેલુ હતું ને અદરનો મીઠાશવાળો સઘળો ગર્ભ ખવાઈ ગયેલો હતો. ફોતરુ ઉખેડતા તે બોરના ઠળીઆની બાજુમા એક મોટો કીડો, ખુબ ખાઈ પીને ધરાયલા જીવની પેઠે, જાણે હવે કશી ઇચ્છા જ ન હોય તેવો થઈ, આનદમા શાતપણે પડેલો હતો તે દેખાયો તે હાલતો કે ચાલતો કે બીજો કશો વ્યાપાર કરતો નહોતો જો કે તે એક જન્તુ હતુ, છતા તેના શરીરની દિવ્યપ્રભાથી બોરના પોલાણનો સઘળો ભાગ પ્રકાશી રહ્યો હતો. આ ચમત્કાર પેલા શિષ્યોને પ્રત્યક્ષ દેખાડીને તે મહાત્માએ તેમને કહ્યુ; "શિષ્યો! બીજુ સર્વ કામ છોડી તમે બોર સહિત આ કીડાને ગગાના પ્રવાહમા પધરાવો, એકદમ દોડો, કેમકે એ કીડાનું આયુષ્ય હવે સ્વલ્પ છે, માટે તેને મરવા પૂર્વે તેના શરીરને ગગાજળનો સ્પર્શ થવો જોઇએ."

એ વાતનો પૂરો મર્મ ન સમજતા છતા પણ, તે શિષ્યો બીજા મહાત્માની આજ્ઞાથી, ત્વરાથી ગંગાપર ગયા, અને તે બોરને ગગાના પરમપવિત્ર પ્રવાહની અદર ઝોકાવી દીધુ! થોડીક ક્ષણ થઈ નહિ, એટલામાં તો

આકાશમાર્ગે જતો કંઈ દિવ્ય તેજનો પ્રકાશ તે શિષ્યોના અને ગંગાપર ઉભેલા અનેક મનુષ્યોના જોવામા આવ્યો અને તત્ક્ષણે અંતરિક્ષમાં બહુ જોરથી ઘટાનો તથા દુંદુભિ, વીણા, વેણુ, શખ ઇત્યાદિ વાદ્યોનો, એકે સામટો નાદ થવા લાગ્યો! સૌ મનુષ્યો અત્યંત આશ્ચર્ય પામ્યા અને પેલા શિષ્યો તો આ ચમત્કારથી એટલા બધા વિસ્મય થઈ ગયા, કે આ તે શુ બન્યુ, તેને માટે વિચાર કરવાનો પણ તેઓને અવકાશ મળ્યો નહિ પણ ઘણાક મનુષ્યોની સાથે આનંદમા મગ્ન થઈ ગયેલા તેઓ આશ્રમમા આવ્યા, ત્યારે તે મહાત્માએ તેઓને પૂછ્યુ; "કા ભાઈ! તમારા ગુરુ દિવ્યગતિ (દેવલોક) પામ્યા કે? હવે તો તેને પરમધામ પ્રાપ્ત થયુની?" આ પ્રશ્નથી તો તે શિષ્યો ઉલટા વધારે વિસ્મય પામીને બોલ્યા, "મહારાજ! આપ એ શું કહો છો? શું એ અમારા ગુરુજી હતા, અને તે પરમપદ પામ્યા, તેથી જ અતરિક્ષમા દિવ્ય વાજિત્રો વાગ્યા?" મહાત્માએ કહ્યુ, "હા, તે જ તમારા ગુરુ!" "ત્યારે શું એમને એવા એક જતુની યોનિ પ્રાપ્ત થઈ હતી? એટલી બધી અસભવિત વાત કેમ સભવે?" સ્વામીએ કહ્યુ, "એમના અતકાળ સમયે એમની થરડાયેલી દૃષ્ટિ સુંદર બોરપર પડી હતી, અને તેમના અવ્યવસ્થિત ચિત્તને (મરણ સમયે ચિત્તાવસ્થા ઘણું કરીને દુ ખને લીધે અવ્યવસ્થિત જ હોય છે) તેપર વાસના ચોંટી હતી, તેથી મનુષ્યદેહ છૂટતા જ તેનો આત્મા, વાસનાદેહ ધારણ કર્યા પછી તે બોરમા પેઠો હતો, અને ઘણાક દિવસ સૂધી કીટક (કીડા)નો સ્થૂલદેહ ધારણ કરીને, તેણે બોરમાનુ સત્વ ભક્ષણ કરી, પોતાની વાસના તૃપ્ત કરી હતી! પણ હવે તેને બોરમા કશી પણ વાસના ન હોવાથી, પૂર્વ જન્મના જ્ઞાનને બળે, કીટકરૂપ એ મહાત્મા, કેવળ શાત થઈ દેહ છૂટવાની આશાએ પડ્યો રહ્યો હતો! અહુણા તેને ગગાના જળનો સ્પર્શ થયો ને કીટક દેહ મૂકાયો, કે તત્કાળ તેના આત્માએ સચ્ચિદાનંદ સ્વરૂપ ધારણ કર્યું, ત્યારે સ્વામીજીના કહ્યા પ્રમાણે દિવ્ય વાદ્યો વાગ્યા! માટે શિષ્યો! આ સસાર વાસનામૂલક છે. મનની જેમા જેમા વાસના રહે છે, તે તે દેહ જીવને ધરવો પડે છે. તેથી મુમુક્ષુ એવા જ્ઞાની જને વાસનાને નિર્મૂળ કરવી જોઇએ ઉપરનો વૃત્તાત સાભળીને તે શિષ્યોના મનનું સારી રીતે સમાધાન થયું. પછી ઉભય શિષ્યે પોતાના ગુરુનો શોક કરવો મૂકી દીધો.

૨૧—મન

પણ એ દૃષ્ટાંત ઉપરથી મને એમ વિચાર થયો કે, આ સઘળું વાસનાથી ભોગવવું પડે છે, અને જે વેળાએ પ્રારબ્ધો એકઠાં મળે છે તે સમયે પ્રારબ્ધો વાસનાનું ફળ ભોગવાવે છે. પરંતુ એ વાસના તો મનને થાય છે, આત્માને કંઈ થતી નથી; છતા વાસનાને લીધે આત્માને શા કારણથી નાના પ્રકારના વિટંબણારૂપ દેહો ધારણ કરવા પડે છે? તેનું સમાધાન એમ છે કે, મન એ કંઈ સ્વતઃસિદ્ધ વસ્તુ નથી પોતાની પાછળ લાગેલી, અર્થાત્ પોતાના તાબામા રહેનારી દશે ઇન્દ્રિયો સાથે તે તો કલ્પિત અને જડરૂપ છે, અને આત્મા (ચૈતન્ય)ની સત્તાથી તે પ્રકાશે છે. એ વાસના જો કે મનને થાય છે, તો પણ તેની વાંસે અલિપ્ત* આત્મા પણ ઘસડાયો જાય છે જળમા જેમ સૂર્યનો આભાસ પડે છે, તેથી જળ પ્રકાશી નિકળે છે, પણ સ્વતઃ જળ તો જડરૂપ છે, તેનામા પ્રકાશવાની સત્તા જ નથી; તેમ મન પણ જડ છે, તે પોતે કંઈ કરી શકતું નથી. પરંતુ ચેતન પરમાત્માના સંબંધથી નાના પ્રકારના તે વિચારો—સંકલ્પો કરે છે, અને જોયેલા કે સાંભળેલા અનેક સ્થળોમા ગતિ પણ કરી શકે છે. માટે સઘળો ભાર આત્માને શિરે છે જો કે મન આત્માની સત્તાથી સ્ફુરે છે, તથાપિ તેની શક્તિ કંઈ ઓછી નથી રથમા બેસીને ગતિ અથવા યુદ્ધ કરનારો મહારથી યોદ્ધો, જેમ સર્વ સત્તાધારી છે ખરો, તથાપિ તેનો સઘળો આધાર સારથિ ઉપર છે અને તે જ્યા રથને હાંકી જાય છે, ત્યા તે પોતે જાય છે, તેવી જ રીતે આ શરીરરૂપી રથમા બેઠેલા મહારથી આત્માનો સારથિ મન છે. જે માર્ગે એ સારથિ, ઇન્દ્રિયરૂપી અશ્વોને હાંકે છે તે માર્ગે દેહરથ† ઘસડાયો જાય છે માટે, આત્માની સત્તા નીચે વસતુ છતા પણ મન યથેચ્છ ગતિ—ક્રીડા કરે છે મન એટલુ બધુ પ્રબળ છે કે, ઘણા ઘણા યત્નો કર્યાથી પણ તે વશ થતું નથી. એ સૂક્ષ્મમા પણ સૂક્ષ્મ અને મોટામા મોટુ છે એની ગતિનો વેગ અપર-પાર છે. એ ચંચળ છે, અસ્થિર છે, મહાબળવાન્ છે, દૃઢ છે, સર્વ ઇન્દ્રિયોને મથી નાખનાર છે, માટે એને વશ કરવુ ઘણું જ અશક્ય છે. આકાશ કે જે સર્વવ્યાપી રહ્યુ છે અને અપાર છે, તેનુ પણ કદાચ કોઇથી માપ થઈ શકે, વાયુ કે જે અતિશય ચંચળ; મહા વેગવાન્ અને સર્વવ્યાપક છે, તેનુ પણ કદાચ પડીકુ બાંધી શકાય, અને સમુદ્ર

* કશામા લેપાય નહિ તેવો   † શરીરરૂપી રથ

જે અબાધ છે, તેનો એક અંજલિમાં સમાવેશ કરી શકાય. તાત્પર્ય કે એવી અશક્ય વસ્તુઓ પણ એમ ધારીએ કે કદાચ શક્ય બની શકે; પણ ચંચળ મનને સ્થિર કરવાનું કામ તેથી પણ મહા કઠિન છે. મન છે તે જ સંસાર બંધનનું કારણ છે મનની એવી વિચિત્ર ગતિ છે કે, જો તે સ્વાધીન હોય છે તો વિદ્યાવાન્ બનાવી શકે છે, નહિ તો અવિદ્યામાં લોટપોટ કરી દે છે મનનો નાશ થાય-મન સ્વાધીન થાય, તો સઘળા પ્રપચનો લય થાય છે ને અનંત સુખની પ્રાપ્તિ થાય, પણ જો મનોબળ વૃદ્ધિ પામી સ્વતન્ત્ર બને છે તો પ્રપચ માત્રની વૃદ્ધિ થાય છે હવે, સુષુપ્તિમા મનની સર્વ ઇન્દ્રિયોનો મનમા લય થઈ જાય છે ત્યારે કંઈ પણ રહેતું નથી એમ સુષુપ્તિમા મનની સર્વ ક્રિયા જો કે નિવૃત્તિને પામે છે, પણ તે વાસનારૂપે રહેલી હોય છે. જો વાસનારૂપે ન રહેલી હોય તો, નિદ્રાવશ પુરુષ પુન જાગૃત થાય નહિ પણ નિદ્રાધીન મનુષ્યને બોલાવવાથી કે હાથવડે ઢંઢોળવાથી તે જાગૃત થાય છે એમ સમયને માટે નિવૃત્ત પામેલી મનની વૃત્તિઓ, વાસનાને બળે પુન ઉદ્ભવે છે. મનની વૃત્તિઓ, જ્યારે શાન્ત હોય છે ત્યારે આત્મા બ્રહ્માનદમા યથેચ્છ મહાલે છે પણ તે અવિદ્યાને યોગે અખંડ આનદથી બહિર્મુખ જ રહે છે અને ચિરકાળનો આનદ ભોગવી શકતું નથી અવિદ્યાના નાશથી અને વિદ્યાના પ્રકાશથી જ અખંડ આનદ ભોગવી શકાય છે વળી મન અને આત્મા ભિન્નભિન્ન છે કારણ આત્મા ચૈતન્યરૂપ છે તથા મન અજ્ઞાનસ્વરૂપ હોવાથી જડ છે સુષુપ્તાવસ્થામા, જ્યારે મનનો લય પ્રાજ્ઞ-સ્વરૂપમા થયો, ત્યારે કોઈ તે સમયના આનદનું સુખ ભોગવતુ હતું, એ જ્યારે મનુષ્ય જાગૃત થાય છે ત્યારે પ્રત્યક્ષ થાય છે. નિદ્રા સમયમા ગમે તે થાય છે, તે મનુષ્ય જાણતો નથી, તેથી તે કહે છે કે મને કંઈ ખબર ન હતી એ ખબર મનને ન હતી, કેમકે આત્મા તો નિત્ય છે, ને જ્યા સૂધી તે છે ત્યા સૂધી મનુષ્ય ચૈતન્યમય હોય છે એથી સર્વ દુ:ખના કારણભૂત મનને, સતત અભ્યાસવડે વિરક્ત ને જ્ઞાની મનુષ્યો લાંબે કાળે વશ કરી શકે છે. મનોવિજય થયો તો સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે, કારણ આ સંસાર આત્માનો નથી, પણ આ સંસાર મનઃકલ્પિત જ છે, અને જે મનઃકલ્પિત છે, તે વાસ્તવિક નથી એથી સમજાય છે કે, જેમ વાદળાંને લાવનાર વાયુ છે, ને તેને વેરી નાંખનાર પણ વાયુ છે, તેમ સંસારને સત્ય, સુખદાયી મનાવનાર મન છે ને સસારરૂપી બંધનને

કાપનાર, સસારને અસત્ય-મિથ્યા-નાશવંત, દુ ખરૂપ દર્શાવનાર-મનાવનાર પણ મન જ છે. સસારના પ્રપચમાંથી મુક્ત કરનાર પણ મન જ છે, ને બંધાવનાર કે બધાયલો રાખનાર પણ મન જ છે મન જ દેહાદિ સઘળા પદાર્થમા વ્યાપી રહ્યુ છે. તે સંસારના પરોક્ષ ને અપરોક્ષ સર્વ વિષયોમા પ્રેમ-રાગ ઉપજાવે છે અને એ જ મન સર્વ વિષયોમા વૈરાગ પણ ઉપજાવે છે જીવાત્મામા મનની પ્રેરણાથી વિવેક વૈરાગ્ય વધે છે તો તે સિદ્ધિ પામીને મુક્તિ આપવા સમર્થ થાય છે. પણ જ્યારે જીવાત્મામા રજો તમો ગુણ વધે છે, ત્યારે એ મન જ મલિન થઈ સસારરગડામા રગડોલાવે છે જીવ જો મનશુદ્ધિના માર્ગમા પડે છે તો ધીરે ધીરે સસારમાની વસ્તુઓપર તેની અપ્રીતિ થતી જાય છે અને તેમ તેમ મનનુ વલણ સત્ય વસ્તુ (આત્મતત્ત્વ) પ્રતિ સજ્જડ ચોંટતુ જાય છે નિરકુશિત ને યથેચ્છ ક્રીડા કરતા મનને, નાના પ્રકારની યુક્તિપ્રયુક્તિથી જ્ઞાનીઓ અકુશમા આણે છે જેમ આપણે ધ્યાનમા બેઠા હોઇએ, તે સમયે જો કે મનને એકાગ્ર કર્યુ હોય છે તો પણ, કદાચ પડોસમા ગાયન થતુ હોય, અથવા નગારા વાગતા હોય કે બદૂકો ફૂટતી હોય તો તે આપણને સભળાય છે, અને તેમ થતા વેંત જ મનની વૃત્તિ ડગમગવા માડે છે કે એ શુ છે! સ્થૂલદેહ જ્યા છે ત્યા જ પડ્યો રહે છે ને મન ત્યા જઈ પહોંચે છે ને તેમા બધાઇ જાય છે એવે સમયે સાવધ રહી મનને અકુશમા રાખી, ત્યા જતા અટકાવવાનો પ્રયત્ન કરતા શિખવુ જોઇએ, અને તેમ કરવાનો નિત્ય અભ્યાસ પાડવો જોઇએ આપણે મનુષ્ય છીએ ને કોઈ શ્વાનને તૂ તૂ કરી બૂમ મારતુ હોય અને તે કોઈ જીવના સાભળવામા આવે પણ તેથી તે જીવ તે બોલનાર ભણી દોડતો નથી, કે તેને દોડવાનુ મન પણ થતુ નથી, અથવા કોઈ જીવના નામથી અન્ય હરિદાસ, રામદાસ ઇત્યાદિ મનુષ્યવાચક બીજાં નામો લઇને પણ કદાચ કોઈ બોલાવે છે, તો તે તરફ તે જોતો નથી કે જતો નથી. એમ જ દેહ મોટી ઉમરનો થયો છે, એટલે કોઈ બાળકને પારણામા સૂતુ કે રમતુ દેખીને તેને તેવી રીતે પારણામા સૂવાનુ કે ગોટી ઘુઘરે રમવાનુ મન પણ થતુ નથી એવી જ રીતે મનુષ્યના શબ્દો પણ પુરુષને ગમે તેવા સભળાય, અને લોકો ગમે તેમ બોલે, પણ હુ મનુષ્ય છુ, કૂતરો નથી, રામદાસ છુ, પણ જેને બોલાવે છે તે રામદાસ હુ નથી, આવુ દૃઢ જ્ઞાન વ્યાવહારિક

મનુષ્યને પોતાને માટે હોય છે તેથી જ તે તૂ તૂ શબ્દ કે રામદાસ હરિદાસ શબ્દપર લક્ષ આપતો નથી વિવેકી પુરુષે–આત્મજ્ઞ પુરુષે–હું પુરુષ નથી, સ્ત્રી નથી, બ્રાહ્મણ નથી, શૂદ્ર નથી, પાંચભૌતિક દેહ નથી, પણ અવિનાશી પરબ્રહ્મરૂપ છું, આમ નિત્ય જ્ઞાનદૃષ્ટિથી મનન કરીને મનને વશ કરવાનુ છે.

૨૨–અભ્યાસ

એ સઘળુ નિત્યના અભ્યાસથી થશે. અભ્યાસથી ગમે તેવી અશક્ય વસ્તુ પણ શક્ય થઈ જાય છે અર્જુને શ્રીહરિને મનની ચલિત અને અનિવાર્ય સ્થિતિ માટે પૂછ્યું ત્યારે ભગવાને તેને એ જ પ્રત્યુત્તર આપ્યુ હતું કે, "હે અર્જુન! મન નિઃસંશય વાયુ જેવુ દુર્નિગૃહ્ય તથા ચંચળ છે, પણ તેને અભ્યાસથી વશ કરી શકાય છે." નિયમ પ્રમાણે હરકોઈ વસ્તુ પ્રતિદિવસે કરવી, તેનુ નામ અભ્યાસ. અભ્યાસ કરવામા પણ યુક્તિ જોઇએ પ્રથમ કિંચિત, પછી જરાક વધારે, પછી એથી વધારે, એમ થોડે થોડે વધતા વધાય છે. મોટા ગિરિપર ચઢવુ હોય તો એક-દમ ઠેકડા મારીને નહિ, પણ એકેક પગથીએ ચઢતા ચઢતા છેક શિખ-રપર પહોંચાય છે, તેમ પરમ પુરુષ પ્રતિના જ્ઞાનમા પણ ધીમે ધીમે વધાય છે તેમા પણ વળી ટુકા કરતા લાબા સમયનો અભ્યાસ સુખસાધ્ય થાય છે. તે સબધે મને એક રાજાનો ઇતિહાસ સાભળી આવ્યો –

કોઇએક દેશનો રાજા પોતાની બાલ્યાવસ્થાથી જ કઈ નબળી સગતિને લીધે અથવા કોઈ કારણને લીધે એક જાતનુ વિષ ખાવા શીખ્યો હતો. નિયમ જ છે કે, કોઈ પણ જાતનુ વ્યસન એક વખત શરીરને વળગ્યુ તો પછી છૂટવુ બહુ દુષ્કર થઈ પડે છે તે પોતાની મેળે છૂટે તો શાનુ જ, પણ પ્રતિદિન ઉલટું વધતું જાય છે જ્યારે તે રાજા ભર-યુવાવસ્થામા આવ્યો, ને જ્યારે પોતાનો આખા રાજ્યનો કાર્યભાર પોતાના શિરપર આવી પડ્યો, ત્યારે તેની સ્થિતિ એટલી બધી શોચનીય થઈ પડી કે તે રાજ્યના એક પણ કામપર લક્ષ આપવે અશક્ત થઈ પડ્યો! એથી મન્ત્રિમંડળ મોટા વિચારમા પડી ગયુ. એ રાજાએ જ્યારે વ્યસનનો આરભ કર્યો ત્યારે તો તે માત્ર રતિભાર વિષ ખાતો હતો, પણ ધીરે ધીરે વધીને તેનુ પ્રમાણ સુમારે બે ત્રણ તોલા જેટલું થઈ ગયુ. પ્રાત કાળે સ્નાનાદિ કરી પરવારે કે સૌ પહેલા વિષનો ત્રણ તોલાનો ગાંગડો તેને જોઇયે, અને તે ખાધા પછી જ તેને કળ વળે,

જરાક વિલંબ થાય તો જીવ તલપાપડ થઈ જાય. આમ નિરંતર વિષ-સેવન કરવાથી તેના શરીરમા કે બળમા તો કંઈ ઝાઝો ફરક પડ્યો નહિ, કેમકે વિષજ્વાળાને શાંત કરવા માટે ઘૃત, દૂધ ઈત્યાદિ ઘણાક પૌષ્ટિક પદાર્થો જોઈએ તે તો તે રાજા હોવાથી તેને જોઈએ તેટલા પૂર્વથી જ મળી શકતા હતા, પણ તેના મનની સ્થિતિ બહુ પ્રમાદી તથા કુવિચારી થઈ પડી વિષનુ સેવન અને ઉપરથી જોઇએ તેટલું શરીરનું પોષણ થાય, તેથી તેની કામવાસના એટલી બધી વધી ગઈ, કે એક ઘડી પણ સ્ત્રી વિના તેનાથી રહી શકાય નહિ રાત ને દહાડો સ્ત્રી, સ્ત્રી ને સ્ત્રીનુ જ તે સેવન કરવા લાગ્યો. આ કારણથી રાજકાજની અંદર જાણે કેવળ અંધારાની પેઠે થઈ રહ્યુ પ્રધાન જો કે ઘણો બુદ્ધિમાન્ હતો, તથાપિ રાજા વગર તેનુ શું ચાલે? કાર્યભારીઓ ને સુબેદારો વગેરે મરજીમા આવે તેમ વર્તવા માડ્યા. જ્યા જોઈએ ત્યા અન્યાય અને અનીતિ જ ચાલવા લાગી તાત્પર્ય કે, આખા રાજતન્ત્રમા ભગાણુ પાડવા જેવુ થઈ ગયુ અને સુવિચારી ને કાર્યદક્ષ પ્રધાન નિત્ય ઘણી કડવી ફરિયાદો રાજા આગળ લાવવા લાગ્યો

રાજા પોતાની એક અત્યંત સ્વરૂપવતી, પણ ગુણવતી પટ્ટરાણીમા લુબ્ધ થઈ, નિરંતર તેના રંગમહેલમા જ પડ્યો પાથર્યો રહેતો હતો. સ્ત્રીઓને તો આટલુ જ જોઈએ. નિરંતર પુરષ પોતાના લાવણ્યને લીધે વશ થઈ, પોતાની પાસે રહે ને કામવાસનાની શાંતિ કરે તો તેને અષ્ટમાહસિદ્ધિ ને નવેનિધિ પ્રાપ્ત થઈ! ઘણાક દિવસ તો એમ ચાલ્યુ રાજા નિરંતર પોતાની પાસે રહે, તેથી રાણીએ મનમા બહુ આનંદ માન્યો પણ જ્યારે પ્રધાન પ્રતિદિન રાજા સમક્ષ આવીને રાજ્યની પડતી દશાવિષે કહેવા લાગ્યો, ત્યારે રાણીની આંખ કઇક ઉઘડી રાણી ઘણી ચતુર હતી તેણે વિચાર કીધો કે, 'જો આમ જ રાજાજી રાજ્ય સામું ન જોતા નિરંતર મારી પાસે જ પડી રહેશે, તો મારુ આ સુખ ઝાઝા દિવસ પહોંચશે નહિ રાજા હોય તો રાજ્ય છે ને રાજ્ય હોય તો રાજા છે, પણ રાજ્યની દુર્વ્યવસ્થાને લીધે તે મારા પતિના હાથમાથી નિશ્ચય, થોડા કાળમા જતું રહેશે; અને તેમ થયુ તો અમે તથા પ્રજા મહાદુ ખી થઈ જઇશું માટે હવે મારે રાજાના વ્યસનનો કંઈ સત્વર ઉપાય કરવો જોઇએ.' આમ વિચાર કરીને તેણે એક દિવસે પ્રધાનને સમજાવીને કહ્યુ, "રાજા ગમે તેવો હોય

તોપણ રાજ્યની લગામ બુદ્ધિમાન્ પ્રધાનના હાથમાં છે, ત્યાં સૂધી રાજ્યને કશી વાતની હરકત અળવળ થતી નથી આપ તો ઘણા બુદ્ધિમાન્ તથા રાજાજીના પૂર્ણ હિતેચ્છુ છો, માટે રાજાજી પોતે જ ચિંવટ રાખે તેવી ચિંવટ અને યુક્તિ રાખી રાજ્યમા સઘળી વ્યવસ્થા કરશો એમ મને ખાત્રી છે, અને હું આજથી થોડા સમયની અંદર રાજાજીને પૂર્ણ સાવધપણે રાજ્ય કરી શકે એવી દશામા આણવાના પ્રયત્ન કરીશ અહુણા તો તમે સઘળે તાકીદ કરો, ને કોઈ પણ અધિકારીથી વા પ્રજાથી કોઈ પણ જાતનો અપરાધ બને તો તેને માટે ઘણો સખ્ત દંડ દેઈ, રાજ્યમા દાખલો બેસાડો, કે જેથી ભયને લીધે સૌ ન્યાયથી વર્તે !"

એ પ્રમાણે પ્રધાનને કહી, રાણીએ સ્વત વિચાર કીધો કે, 'મારા પતિની આવી દુરાવસ્થાનુ કારણ હું નહિ, પણ તેનું દુર્વ્યસન છે જ્યારથી એ તેના શરીરમા પેઠું છે, ત્યારથી તેના શરીરના હાલહવાલ થઈ ગયા છે પણ હવે તેને સુધારવાનો ઉપાય એ જ છે કે, કોઈ પણ પ્રકારે એ વ્યસન દૂર કરાવવુ પરન્તુ તેને દૂર કેમ કરાવી શકાય? એક દિવસ ચૂકી જવુ તો રહ્યું, પણ માત્ર દરરોજનો તે વિષ ખાવાનો સમય જો કદાચ કોઈ દિવસે સહજ ચૂકી જવાય છે તો તેનુ શરીર મૂર્છિત જેવુ થઈ જાય છે. આમ હોવાથી, એ વ્યસન એ છોડે તો તો તુરત એના દેહને હાનિ થાય ત્યારે કરવુ શું? આ પણ એક આશ્ચર્ય જેવી વાત છે કે, રાજાજી જેટલુ વિષ ખાય છે તેનો અષ્ટમાશ તો શું પણ શતાશ પણ જો કોઈ પ્રાણી એક વખત ખાય તો તે તુરત મરણ પામે પણ રાજાજીને તેનાથી કંઈ પણ પીડા થતી નથી, તેનુ શુ કારણ? તેણે પણ એકદમ તેટલુ ખાવા માડ્યુ હોત તો તેની અવસ્થા પણ તેવી જ થાત પ્રથમ તો એ માત્ર રતિભાર ખાતા હતા, તેમાથી વધતા વધતા આજે તેઓ ત્રણ તોલા સૂધી ખાવાપર ચઢ્યા છે. હું ધારુ છું કે, જેવી રીતે થોડુ થોડુ કરતા વ્યસન આટલુ વધ્યુ, તેવી જ રીતે થોડુ થોડુ કરતા તે છેક ઘટી પણ જાય ખરુ. માટે લાવ, એ જ ઉપાય હું કામે લગાડુ'

તે ચતુર રાણીએ આવો વિચાર કરી, બીજે દિવસે જ્યારે રાજાને વિષ ખાવાની વેળા થઈ ત્યારે, નાના પ્રકારના હાવભાવથી તેને રાજી કરી, મધુર વાણીવડે કહ્યું, "સ્વામીનાથ! આપ નિત્યે પોતાની મેળે જ અમલ કરો છો, પણ આજે આ દાસી પોતાને હાથે આપને રગ આપ-

વાને ઇચ્છે છે!” રાજાએ કહ્યું, “હું બહુ ખુશી છું. તું એ પ્રમાણે પ્રતિદિન આપશે તો તેથી મને અધિક આનંદ થશે.” આમ રાજાએ રાણીના હાથનો અમલ લેવા માટે સ્વીકાર કર્યા પછી, એક દિવસ રાણીએ પોતાને હાથે આપ્યુ, ને પછી તો રાજાને ટેવ જ પડી ગઈ કે નિત્યે પોતાનું વ્યસન રાણીને જ હાથે કરવું નિત્ય રાણી પોતાને હાથે ત્રણ તોલા વિષ તોળીને તેને આપતી હતી. સઘળો કબજો રાણીના હાથમા આવ્યો હતો, તેથી તોલાઓનુ વજન, જે સુશોભિત અકીકનું હતુ તેને ઠેકાણે રાણીએ એક ત્રણ તોલા વજનનો ખડીનો કાકરો રાખ્યો, ને તેવડે તોળીને રાજાને વિષ આપવા માડ્યુ જ્યારે વિષ તોળવાનો સમય થાય, ત્યારે તે કાકરાનો એક લીંટો ભીંતપર કાઢીને પછી તેવડે તોળે થોડાક દિવસ એમ ચલાવ્યા પછી વળી એવો નિયમ રાખ્યો કે, તે ખડીના કાકરાવતી ભીંતપર બે લીંટા ખેંચીને વિષ તોળવુ આમ કરતા–બે માસ પૂરા થવા પહેલા જ તે કાકરો અડધો ઘસાઈ ગયો ને રાજાના પેટમા વિષ પણ તેટલુ ઓછુ જવા માડ્યુ છતા તેને કશીએ વ્યથા કે ઉદાસી જણાઈ નહિ. કેમકે રાજા તો એમ જ જાણતો હતો કે, હુ તો આગળ જેટલુ જ વિષ ખાઉં છુ બીજા બે માસ પૂરા થતા પહેલા પેલો કાકરો જ્યારે ચણાના દાણા જેવડો રહ્યો, ત્યારે રાજા જાણે ઊંઘમાથી જાગ્યો હોય તેમ ટટ્ટાર થઈ ગયો, ને તેનુ આળસ તથા ઘેન ક્યાય દૂર નાસી ગયા તે ધીરે ધીરે હવે રાજસભામા જવા લાગ્યો તેના રાજદરબારમા જવાથી, રાજ્યમા અવ્યવસ્થાના ચિહ્ન પ્રતિદિન ઓછા જ જણાવા લાગ્યા એમ કરતા કરવા પેલો કાકરો છેક ઘસાઈ ગયો અને રાજા પૂરી સાવચેતીમા આવ્યો, ત્યારે રાજદ્વારી કામકાજમા પ્રવૃત્ત થવાથી, વિષ ને વિષ સઘળુ ક્યાય ભૂલાઈ ગયુ! રાજકાજપર નજર થવાથી રાજ્ય પાછુ હતુ તેવુ નિયમિત તથા સતેજ થઈ રહ્યુ, અધિકારીઓ તેની પૂરેપૂરી ધાક માનવા લાગ્યા, અને સઘળુ યથાસ્થિત થવાથી પતિપત્નીએ ઘણોક કાળ સુખમા કાઢ્યો પછી કોઇએક દિવસે રાજાને, પોતાના વિષનુ વ્યસન કેમ દૂર થયુ, એ વિષે સર્વ હકીકત રાણીથી જણાતા, તે અતિ આનદ પામ્યો અને પોતાનુ આવુ મોટુ હિત કરવાની પ્રીતિ તથા યુક્તિને માટે રાણીને તે વારવાર ધન્યવાદ આપવા લાગ્યો

એ જ પ્રમાણે, ધીરે ધીરે અભ્યાસ પાડવા ગમે તેવા અનિવાર્ય

મનને પણ મનુષ્ય પોતાને વશ સુલભતાથી કરી શકે છે. અભ્યાસ એ જ સર્વ કાર્યની સુલભતાનું મુખ્ય કારણ છે સર્વ સૂત્રકારો, સ્મૃતિકારો, શાસ્ત્રકારો તથા પુરાણકારો પણ મનુષ્યનું હિત ઇચ્છી, અનેક પ્રકારના ઉપાયોથી શનૈ શનૈ (ધીરે ધીરે) અભ્યાસ દૃઢ કરવાનુ કહી ગયા છે, તથા પ્રતિદિન અમુક યમનિયમ કરવાને માટે ઘણીક આજ્ઞાઓ પણ કરી ગયા છે ઉદાહરણ તરીકે મનુષ્યે ત્રિકાળ સધ્યા કરવી અમુક સૂક્ત કે અમુક સ્તોત્રનો પાઠ ભણવો કે ગીતાનો પાઠ કરવો, પ્રતિદિન નિયમિત રીતે પ્રભુનુ માનસિક ધ્યાન ધરવું, વારવાર હરિસ્મરણ કરવુ ઇત્યાદિ શાસ્ત્રાજ્ઞા શા અર્થે છે? માત્ર લાબા કાળના સદભ્યાસને માટે જ છે આપણને ભોજનનો અભ્યાસ પડી રહ્યો છે, તેથી અંધારામા પણ કદાચ જમવુ પડે તો ગ્રાસ, બીજી કોઈ ઇંદ્રિય આગળ ન જતા, બરોબર મુખમા જ પેસી જાય છે એવી જ રીતે પ્રતિદિન નિયમ પ્રમાણે ભગવદ્ધ્યાનાદિ કરવાનો અભ્યાસ હોય તો અતસમયે પણ આપોઆપ તેનુ (ભગવાનનુ) જ સ્મરણ થાય છે, અને પરમાત્મા વિના બીજી કોઈ વસ્તુમા વાસના ન રહેવાથી પ્રાણીની સદ્ગતિ થાય છે, એ નિશ્ચય જ છે શાસ્રોમા, ભગવાનની સેવા, ધ્યાન અથવા નામ સ્તુતિ, પાઠાદિનું સ્મરણ જો એક જ વાર કરવામા આવે છે તો તેનુ અનત (પરમપદ પ્રાપ્તિ સૂધીનુ) ફળ બતાવ્યુ છે, તો ઉપર અવિદ્યાવાળા અને અલ્પ વિચારી મનુષ્યને શકા થાય છે, અને એ વાત મિથ્યા લાગે છે, પણ તેમા શકા ન કરતા, તેનો લક્ષ અભ્યાસપર લેવાનો છે, અને તેમા એમ સમજવાનુ છે કે, નિશ્ચયપૂર્વક માત્ર એક જ વખત, પણ પ્રતિદિન નિયમ પ્રમાણે શુદ્ધ મનથી પરમાત્માનુ સ્મરણાદિક કરવામા આવે તો, પરિણામે તેમની કરનાર સદ્ગતિ થશે જ અભ્યાસ એ સર્વમા સબળ કારણ છે

૨૩–બોલે તે બીજો નહિ!

અભ્યાસ પાડીને મનને વશ કરવુ જોઇએ મન વશ થવાથી જ મનની વૃત્તિ બ્રહ્મ સાથે અખડ એકાકાર થઈ જાય છે વૃત્તિ એકાકાર થઈ કે મનુષ્ય સસારમા રહ્યો તોયે શુ ને ગયો તોયે શુ પણ તેથી ઉલટુ, એકાકાર વૃત્તિ વિનાનુ ગમે તેવુ ધ્યાન ધરો અથવા વિરક્તપણુ રાખો, તે કઈ પણ અર્થ પ્રાપ્ત કરાવતું નથી કોઈએક મહાત્માની પાસે એક શિષ્ય ઉપદેશ લેતો હતો. એક દિવસ ગુરુએ કથાપ્રસગે તેને કહ્યુ કે, "ભાઈ! જે બોલે છે તે બીજો નથી અર્થાત્ તે ઘટઘટ વ્યાપેલો સર્વવ્યાપી બ્રહ્મ છે, અન્ય કોઈ

નથી.” આ ઉપદેશને બરાબર લક્ષમા લઈ એક દિવસે તે શિષ્ય ધ્યાન કરવા બેઠો, અને પ્રાણાયામ કરી મનને એકાગ્ર કરીને પરમાત્મસ્વરૂપમા જોડાવાનો પ્રયત્ન કરવા લાગ્યો એવામા એ શહેરના રાજાનો એક હાથી, મદમસ્ત થઈ છૂટી ગયો કોઇથી ન પકડાતા તે હાથીએ શેરીએ શેરીએ ને ગલીએ ગલીએ ભારે રમખાણ મચાવી મૂક્યું માર્ગમા તે દોડતો જાય ને વચમા જે આવે તેને સુંઢવડે પકડી, ગમે ત્યા પટકી નાખીને નાસતો જાય! આથી આખા શહેરમા હાહાકાર વર્તાઈ રહ્યો રાજાએ તત્કાળ જ આજ્ઞા કીધી કે, એને જે પકડશે તેને એક હજાર મુદ્રા શિરપાવ આપીશ તુરત ઘણા ચતુર માવતો, સાવચેતીથી તેને પુછડે થઈ તે હાથીના ઉપર ચઢી ગયા ને ઘણાએ અંકુશોના માર મારવા માડ્યા, પણ હાથી તો વશ થવાને બદલે ઉલટો વધારે મસ્ત થતો ગયો પછી થાકીને માવતો ઉપર રહ્યા રહ્યા બૂમો મારવા લાગ્યા કે, “ભાઇઓ! માર્ગમાથી જે હોય તે જીવ લઇને નાસજો, હાથી ગાડો થયો છે તે મારી નાખશે” અહિંયા પેલા મહાત્માનો શિષ્ય, જે ધ્યાનમા બેઠેલો હતો, તેણે એ બૂમો સાભળી ઇંદ્રિયોના દ્વારો ખુલ્લા જ હોય છે, તેથી તેનો ધર્મ તે આપોઆપ જ સભાળે છે પણ એ શિષ્યે તો ‘બોલે તે બીજો નથી’ એ ગુરુવચનપર જ શ્રદ્ધા રાખી અને એ બોલનાર તથા હાથી વગેરે સૌ બ્રહ્મ જ છે, માટે મને એનાથી કઈ પણ પીડા થવાની નથી એમ માન્યુ આમ વિચારીને તે તો ત્યાનો ત્યા, આસપાસ થતા કોલાહલ ઉપર કઈ પણ ધ્યાન ન આપતા, જેમનો તેમ જ ધ્યાન ધરીને બેસી રહ્યો પણ એટલામા દોડાદોડ કરતો હાથી ત્યા આવી પહોંચ્યો. નજીકમા આવતા હાથી, તે ધ્યાનપરાયણ શિષ્યને, સપાટાબધ પોતાની સુંઢમા લઈ, કોરણપર ફેંકી દઇને આગળ ચાલ્યો ગયો. તત્ક્ષણે તે શિષ્યનું ધ્યાન તૂટી ગયુ, એટલુ જ નહિ, પણ તેના એક હાથને પુષ્કળ પીડા થઈ પછી તે ક્રોધે ભરાઈ પોતાના ગુરુ પાસે જઇને કહેવા લાગ્યો કે, “મહારાજ! આપ કહો છો કે ઘટઘટમા બ્રહ્મ છે, દૃશ્ય અદૃશ્ય સર્વ બ્રહ્મ છે, સર્વત્ર બ્રહ્મ છે, બ્રહ્મ ચરાચરવ્યાપી છે. હું કહું છું કે એ વચન કેવળ મિથ્યા છે બ્રહ્મ નિર્વિકાર છે, જગત્ પણ નિર્વિકાર છે, હું બ્રહ્મ છુ, જગત્ બ્રહ્મ છે, હું બ્રહ્મના જ ધ્યાનમા બેઠો હતો, છતા મને હાથીએ પટકી મારવાથી મારો હાથ ભાગ્યો, એનું કારણ શું?” ગુરુએ કહ્યુ, “મૂર્ખા રે! એ મહાવાક્ય મિથ્યા નથી, પણ તારા સમ-

જવામાં અને વર્તવામાં ફેર છે, એટલે તને મારુ કહેવું મિથ્યા ભાસે છે. જગતમા સર્વત્ર બ્રહ્મ છે ખરો, પણ તે વ્યવહારદૃષ્ટિએ નહિ, એ તો જેની જેવી વૃત્તિ, તેવી તેની સ્થિતિ તારી વૃત્તિ દૃઢપણે બ્રહ્મમા એકાકાર થઈ હોત તો સર્વત્ર બ્રહ્મ જ હતુ, અને હાથીથી તને કશી પીડા થાત નહિ? પણ 'હાથી આવે છે, નાસજો' વગેરે વચન તેં સાભળ્યુ તો ખરુ કેની?" શિષ્યે કહ્યુ, "હા!' ગુરુએ કહ્યુ, "ત્યારે તુ શા માટે નાઠો નહિ? એ સાભળવા જેટલી વૃત્તિ ચચળ–અસ્થિર હતી, શ્રવણેંદ્રિય પોતાના ધર્મમા હતી, અને જ્યાસુધી ઇંદ્રિયો પોતપોતાના ધર્મમા હોય છે, ત્યાસુધી એકાકાર વૃત્તિ કયા છે? એકાકાર વૃત્તિ વગર બ્રહ્મ ક્યા? શ્રવણેંદ્રિય પોતાના ધર્મમા હતી તો પછી સર્વત્ર બ્રહ્મ તને કયા ભાસ્યુ? આ જ સત્ય છે કે આ સર્વ બ્રહ્મ જ છે, બીજુ કઈ જ નથી. અને એવી વૃત્તિથી તુ તલ્લીન થઈ ગયો હોત તો તુ સાક્ષાત્ બ્રહ્માકાર જ હતો, એટલે હાથી તારી પાસે આવ્યા છતા તને પોતાના કાળસમાન જોઈને દૂર નાસી જાત આટલો પણ જે તુ બચ્યો, તે પણ માત્ર પરમાત્માના ધ્યાનનો અને સર્વત્ર બ્રહ્મ છે એમ જાણવાનો જ પ્રતાપ જાણજે, કેમકે એટલી પણ તારી વૃત્તિ પરમાત્મા તરફ વળેલી હતી, નહિ તો એ હાથીના સપાટામા જે કોઈ આવ્યુ છે, તે જીવવા પામ્યુ જ નથી વળી તુ મૂર્ખ કેવો કે જ્યારે તેં માન્યુ કે સર્વત્ર બ્રહ્મ જ છે, ત્યારે હાથીને ને માવતને પણ કેમ બ્રહ્મ ન માન્યા? તું બ્રહ્મ, હાથી બ્રહ્મ ને માવતે બ્રહ્મ! હવે માવત બ્રહ્મે તુ બ્રહ્મને આજ્ઞા કીધી કે હાથી બ્રહ્મ ગાડો થયો છે, માટે નાસજો, તેનો તેં અનાદર કરવાનો પ્રયત્ન કેમ કીધો? હે શિષ્ય! મહાવાક્યમાથી, વ્યાવહારિક જીવે રહસ્ય લેવુ, શબ્દાર્થ લેનાર તો પીડા જ પામે છે માટે ગુરુના વચનપર અવિશ્વાસ ન કરતા, તેપર પૂર્ણ વિચાર કરીને અનુભવ કરવો, અને પછી સિદ્ધ થવું, જેથી પરમાત્મા–પરબ્રહ્મ–શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થશે. વિચાર વિનાનુ કાર્ય, સાચુ હોય તોપણ મિથ્યા થઇ જાય છે, વગર વિચારે કરેલુ કૃત્ય સિદ્ધિ આપતુ નથી."

આ ઉપરથી મને એમ પ્રશ્ન ઉઠ્યો કે, ત્યારે પરમાત્મા સાથે એકાકારવૃત્તિ કેવી રીતની હોવી જોઇએ? તે માટે મને શુક યોગીશ્વરના જીવનનુ સ્મરણ થઈ આવ્યુ

૨૪–એકાગ્રવૃત્તિ–શુક યોગીશ્વર

શ્રીકૃષ્ણદ્વૈપાયન–શ્રીમદ્વેદવ્યાસ મુનીશ્વરના સ્ખલિત વીર્યથી* જન્મ પામેલો શુકમુનિ, શંકરના પ્રસાદથી અવતર્યો હોવાથી, જન્મનો જ મહાજ્ઞાની હતો તે જન્મથી જ આ સસાર તરફ઼ ઉદાસીન અને વૈરાગ્યવાન્ રહેતો હતો માતાપિતા કે જગતમા કોઈ પણ પદાર્થ પ્રાણી વસ્તુમાં તે પ્રીતિ ધરાવતો ન હતો જન્મતાવેંત જ તે અરણ્યમા ચાલી નીકળ્યો હતો આ વેળા તેનુ શરીર જન્મતા બાળક જેવડું નહિ, પણ ષોડશ વર્ષના જેવડુ થયેલુ હતુ પરંતુ પૂર્ણ ત્યાગવૃત્તિને યોગે વસ્ત્રાદિ કશું પાસે ન છતા, તે એમનો એમ નગ્ન જ, જેમ દાવાનળથી બીહીને પશુપખીએ । નાસે છે તેમ, આ સસારદાવાનળમાથી છૂટવા માટે નાસવા લાગ્યો આવો દિવ્ય પુત્ર ઉત્પન્ન થયા છતા, તે માતાપિતાને પુત્રસુખ દીધા વગર જતો રહે છે એમ જોઈ, મહામુનિ વેદવ્યાસ તેને પાછો વાળવાને પછ વાડે દોડ્યા આગળ શુક ને પાછળ વ્યાસજી, તેને પાછો વાળવાને દોડવા લાગ્યા દોડતા દોડતા વ્યાસે ઘણા ઘણા બોધવચનો કહ્યા તથા સસારમા મોહિત કરવા માટે અનેક યુક્તિઓથી તેને સમજાવ્યો,† પણ શુકદેવે

* ઘૃતાચી નામની અપ્સરા શુકી (પોપટી)નુ સ્વરૂપ લઇ નિરતર પૃથિવીને વિષે વિહાર કરતી હતી આ અપ્સરા અત્યત સ્વરૂપવતી હતી કોઈ સમય તે વનમા વિચરતી હતી તેવામા વનની અતિ શોભા જોઇને સ્વેચ્છાથી તેણીએ પોતાનુ દિવ્ય સ્વરૂપ પ્રગટ કર્યું, ને સુશોભિત વૃક્ષલતાઓમા ક્રીડા કરવા લાગી એટલામા દૈવયોગે ત્યા થઇને વ્યાસ મુનિ જતા હતા તેના જોવામા તે દિવ્ય અપ્સરા આવી, અને તે સુદરીને જોઇ તે અતિશય મોહાતુર થઈ ગયા, તથા તેને રોમેરોમ કામદેવ વ્યાપી ગયો પોતે જ્ઞાતા હોવાથી અનગ વેગને ઘણો વાર્યા, છતા તેનો આવેશ સહન ન થઈ શકવાથી, તેનુ દિવ્ય વીર્ય સ્થાન ભ્રષ્ટ થઈ સ્ખલિત થઈ ગયુ એ વીર્યમાથી તુરત એક દિવ્ય બાળક ઉત્પન્ન થયુ, તે જ એ શુકમુનીશ્વર એ શુકીરૂપ અપ્સરાને જોઈ વીર્ય પતન પામ્યુ, અને તેમાથી ઉત્પન્ન થયો માટે તે બાળકનું નામ શુક પાડ્યુ એ જ શુકદેવ–એ જ જન્મયોગી શુક મહામુનિ કહેવાયો–જેના ઉપદેશથી મહારાજા પરીક્ષિત સાત દિવસમા સ્વર્ગપદને પામ્યો હતો

† વ્યાસમુનિએ તેને કહ્યું હતુ કે, "હે પુત્ર ! હજુ તને સસારનો વાયુ વાયો નથી, ને સર્વ વાતે તુ નિર્લેપ છે, પણ સસારાનુભવ લીધા વિના અત્યારથી જ તુ વિરક્ત થઇ જઇશ તો પછવાડેથી તારુ મન તેના લોભાશે, ને તેમ થવાથી તારુ આગળનુ (આ બાલ્યવયનું) વિરક્તપણુ ભ્રષ્ટ થશે, કેમકે જેણે સસાર જોયો નથી, તેને વિરક્ત કોનાથી થવાનુ હતુ ? સસારમા શુ છે ને તેનાથી શા માટે ઉદાસ થવુ જોઇએ, એ સસારાનુભવ વિના માલમ પડી શકે નહિ, પણ સસારનો પૂરે પૂરો અનુભવ લઇને પછી તેને મિથ્યા માની, જે ત્યાગ વૃત્તિ ધારણ કરે છે, તેનુ મન કદી પુન સસારમા લોભાતુ નથી આગમા પ્રથમ અતૃપ્તિ

તેમાનુ કશું માન્યુ નહિ, કારણ કે, તેને એવું કંઇક અભિમાન હતુ કે, "હું પોતે સંપૂર્ણ જ્ઞાની છું! છતાં સસારમાં આસક્તિ રાખવાથી સંસાર-બધન મને નડશે અને અજ્ઞાનાધકારથી હું સંસારમા મોહ પામીશ તો પુનઃ મને જન્મમરણ ભોગવવુ પડશે, અને કદાચ તેમાથી મુક્ત થતાં બહુ વિલંબ લાગશે!" એવા વિચારથી શ્રીશુકે વ્યાસ મુનિને પ્રત્યુત્તર આપ્યુ "હે પિતાજી! તમારે મારી સસારમા આવવાની આશા રાખવી નહિ, હું જ્ઞાની છું, માટે જાણીબુજીને સસારમા કાળાતરે પણ મોહ પામીશ નહિ!" 'હું જ્ઞાની છું' એમ જ્યારે શુકે કહ્યુ અને જ્ઞાનનું અભિમાન રાખી, વ્યાસનુ એકે વચન લક્ષમા લીધુ નહિ, ત્યારે વ્યાસ-મુનિએ જોયું કે, 'આ પુત્રને પોતાના જ્ઞાનનુ અભિમાન છે, તે તેના યોગમા લાછનરૂપ છે એ લાછન દૂર થાય તો એ સાક્ષાત્ બ્રહ્મરૂપ થઇ રહે એમા સશય નથી, માટે એને કઈ બોધ કરુ,' એમ વિચારી, પુત્રનું એ અભિમાન દૂર કરવા અને પૂર્ણત્વ પમાડવા માટે, વ્યાસે નાસતા શુકને કહ્યુ; "તુ આટઆટલુ કર્યા છતા પણ મારુ કહેવુ માનતો નથી, તો ભલે યથેચ્છ વિચર, પણ પ્રથમ જનક રાજાને ત્યા જા, પછી તારી ઇચ્છામા આવે ત્યા જજે!"

પિતાનુ આ ઉપદેશવચન દોડતા દોડતા શુકને કાને પડચુ 'જનક રાજાને ત્યા જા,' એટલુ જ વચન માત્ર પકડી લઇ, શુકદેવ ત્યાથી કેટલેક કાળે ફરતો ફરતો, જનકપુરમા આવ્યો. મહારાજા જનકના દર્શન કરવા માટે નગરમા પ્રવેશ કર્યો જનક તો સાક્ષાત્ વિદેહી હોવાથી સર્વજ્ઞ હતો, તેથી શુકદેવને આવતો જોઇ, તેણે પોતે આત્મશક્તિદ્વારા જાણી લીધુ કે, શ્રીમદ્વેદવ્યાસમુનિએ એનુ જ્ઞાનાભિમાન દૂર થવા માટે જ આ બાળયોગીને મારી પાસે મોકલ્યો છે' જનકના મહેલમા પ્રવેશ કરતા જ તેણે શુકદેવનો, રુડા પ્રકારે આદરસત્કાર કીધો, અને પોતે સર્વ વૃત્તાત જાણતો છતા પણ બે હાથ જોડી પૂછ્યુ, "હે ગર્ભજ્ઞાની*! તું અહીં પધાર્યો તેથી મારુ ગૃહ, રાજ્ય અને હું એ સૌ પાવન થયા છીએ, તારી આ દાસ પ્રત્યે શી આજ્ઞા છે, તે કૃપા કરી જણાવ" શુકદેવે કહ્યુ, "હે રાજન્! મને જ્ઞાનોપદેશ-

---

રહે છે, પણ પૂર્ણ ભોગ ભોગવ્યા પછી તેનો કંટાળો આવે છે, પછી ઉદાસીનતા આવે છે ને પછી દહાડે દહાડે ત્યાગની વૃત્તિ બધાતી જાય છે એ વૃત્તિ દૃઢ થવા પછી જે ભોગોથી વિરક્ત થાય છે તેની વૃત્તિ સદા સ્થિર રહે છે

* ગર્ભમાથી જ જ્ઞાન છે એવા

આત્મોપદેશ કર." જનક બોલ્યો; "મહારાજ! હે શુક! તું સર્વ જ્ઞાનીઓમાં પણ શિરોમણિ છે છતા મારી પામરની પાસેથી ઉપદેશ માગે છે એ શું? પરતુ જો તારો આગ્રહ છે તો ભલે, તું આ સંસારમાંની નિરુપયોગી વસ્તુ મને આણી આપ, એટલે હું તને આત્મોપદેશ કરીશ!" એ સાભળી શુક, જો કે પરમજ્ઞાની હતો, છતા જ્ઞાનાભિમાનને લીધે જનકની આજ્ઞાનો મર્મ સમજી શક્યો નહિ, તેથી નકામી વસ્તુના શોધને માટે જગતમા ફરવા નિકળ્યો. હવે સસારાનુભવ તો એક કોરે રહ્યો, પણ સસારનું અવલોકન પણ તેણે કર્યું નહોતું, તેથી તેને નિરુપયોગી ને ઉપયોગી વસ્તુ શી છે, તેનુ જ્ઞાન જ નહોતુ. તે સમગ્ર સસારને જ નિરુપયોગી માનતો હતો, તેથી સંસારમા દેખાતી પ્રત્યેક વસ્તુને નિરુપયોગી માની લીધી, અર્થાત્ જે પદાર્થનો તુરત ઉપયોગ કરતું કોઇ જોવામા ન આવે, એટલે તે નિરુપયોગી જ હશે એજ સમજી, જે તે પદાર્થને તે ઉપાડવા લાગ્યો પણ ત્યા જનકરાયની યોગશક્તિવડે એવો ચમત્કાર બનતો કે, જે વસ્તુ શુક નિરુપયોગી સમજી પોતાના હાથમા લેવાનો વિચાર કરે કે તે વસ્તુને વાચા થતી ને પછી તે વસ્તુ તુરત પોતાના અત્યત ઉપયોગીપણા માટે અનેક ઉદાહરણો આપતી,* અને આવી ઉપયોગી વસ્તુને નિરુપયોગી માનવાના અજ્ઞાનપણા માટે તેમનુ હાસ્ય કરતી! એ પ્રમાણે પદાર્થ માત્રનુ ઉપયોગીપણું જોઇ, આશ્ચર્ય પામી શુકનુ 'હું જ્ઞાની છુ' એવુ અભિમાન ધીરે ધીરે ગળવા માડ્યુ પણ તેને હજુ સુધી માલમ પડ્યુ નહિ કે નિરુપયોગી વસ્તુ

* જેમકે માર્ગમા અથડાતો એક પથ્થર ઉપાડી તે નકામો છે એમ જાણીને પોતાની સાથે લીધો, ત્યારે તે પથ્થરે કહ્યું, "હે ભાઈ' તુ મને નિરુપયોગી જાણી મારુ માનખડન કરવા માટે રાજા પાસે લઈ જાય છે, પણ તારે જાણવુ કે, હુ નિરુપયોગી નથી, હું તો હજારો કામમા આવી શકુ એમ છું નાના પ્રકારના ગૃહો, દેવમદિરો ને કિલ્લાઓ બાધવામા મારો અવશ્ય ખપ પડે છે, હુ જ્યારે વ્યાપારીના હાથમા જાઉં છુ ત્યારે તેની તુલામા બેસીને આનદ કરુ છું, મારા વડે વિવિધ પ્રકારના અન્ન, ઓષધો, ઘૃત, શર્કરા તથા સુવર્ણ રૂપાદિ અનેક ધાતુઓ તોળવામા આવે છે અરે અતિશય મૂલ્યવાળા મોતી, હીરા અને રત્નો પણ મને ઘડી ઘાટીલા બનાવેલા તુલા (ગટલા)થી તોળવામા લે છે વળી અત્યારે હુ આવો છું, પણ કોઈ નિપુણ શિલ્પીને હાથે જાઉં તો તે પોતાની ઉત્તમ પ્રકારની શિલ્પકળાનો ઉપયોગ કરી મને એક પ્રતિમારૂપ બનાવે, ને તેને વેદ મત્રોવડે પ્રાણપ્રતિષ્ઠા કરીને સ્થાપિત કરવામા આવે તો હું ઈશ્વરતુલ્ય પૂજાઉં એવો ઉત્તમ છું આ કરતા પણ બીજી અનેક રીતે હુ અત્યત ઉપયોગમા આવુ છુ" એમ જ ધૂળ, તૃણ, નદીને કાદવ વગેરે પદાર્થોમા ગુણ જોવામા આવ્યો હતો

થી છે! તે ઘણું ઘણું ફર્યો, પણ જ્યાં જ્યાં જોયું ત્યાં ત્યાં-હવામાં ઉડતું એક તૃણ અને માર્ગમાં ખુંદાતી રજ પણ તેને અત્યત ઉપયોગી માલમ પડ્યાં. એ પરથી બહુ ખેદ પામીને, તે પાછા જવાને નિશ્ચય કરે છે એવામા બાજુપરના ઉકરડામા પડેલી વિષ્ટાપર તેની દૃષ્ટિ પડી! 'અહો! હવે મને નકામી વસ્તુ જડી! હુ ધારુ છુ કે, ખરેખર આ સૌથી નકામામા નકામી વસ્તુ છે!' એમ બોલતા તેણે તે વિષ્ટાને હાથમા લેવાનો પ્રયત્ન કર્યો, તેવી જ અતિ આશ્ચર્ય સાથે, તેમાથી એક પ્રકારની ચમત્કારિક વાણી સંભળાઈ: "અલ્યા ઓ તું કોણ છે રે! હજારોના કામ માટે નિર્માણ થયેલા મને તું કયા લેઈ જાય છે? શું તુ મને નકામી ધારે છે કે! મારા ઉપયોગથી આખુ જગત જાણીતું છે ને તું યોગી અજાણ્યો જ રહ્યો!" વિષ્ટાની આ વાણી સાભળી શુક બહુ જ વિસ્મય પામ્યો. તેણે તેને પ્રશ્ન કર્યું, "હે વિષ્ટા! તુ તે શા ઉપયોગની છે? તને પોતાની નજરે જોવા પણ કોઈ મનુષ્ય ઇચ્છતુ નથી, છતા તું પોતામા ઉપયોગીપણાનુ આટલુ બધુ અભિમાન ધરાવે છે, તેનુ શુ કારણ? જેની સાથે તારો રાત દહાડાનો સબધ હતો તે પણ તારી તરફ દૃષ્ટિ કર્યા વગર તારો ત્યાગ કરી ચાલ્યો ગયો, તો તારામા શો માલ છે? જો માલ હત તો, તારો સબધી તારો ત્યાગ કરી તને રઝળતી મૂકી ચાલ્યો ન જ જાત! તે તને સગ્રહત" તેના પ્રત્યુત્તરમા વિષ્ટામાથી ધ્વનિ થયો, "હે સંત! ખર, શ્વાન તથા બીજા એવા કુટેવવાળા પ્રાણીઓ મને ખાઇને પોતાનુ પેટ ભરે છે, કૃષિકારો* મને સૌથી પહેલે દરજ્જે ઉપયોગી ગણી પોતાના કૃષિ કાર્યમા† વાપરે છે, ને હુ પણ તેમના ખેતરોમા પડી ભૂમિને વિશેષ રસાળ તથા ફળદ્રૂપ બનાવુ છુ. જમીનને મારો સગ થવાથી તેમા હુપટ્ટ અને રસમય અન્ન નિપજે છે, જે તારા-મનુષ્યોના-ખાવામા આવે છે એ અન્નનુ વીર્ય બંધાય છે, ને તેમાથી જ તારા જેવા નાના રત્નો જન્મે છે એવી ઉપયોગી હુ કેમ નિરુપયોગી છુ? વળી મારી સ્થિતિ, હમણા તુ જુવે છે તેવી ખરાબ અને દુર્ગંધવાળી નહોતી હુ પૂર્વાશ્રમમા તો સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપી અન્ન હતુ अन्नं ब्रह्म रसो विष्णु 'અન્ન સાક્ષાત્ બ્રહ્મરૂપ અને રસ એટલે જળ સાક્ષાત્ વિષ્ણુરૂપ છો!' હે યોગીંદ્ર! હુ વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ પકવાન્નો હતી, ને રત્નજડિત સુવર્ણના થાળમા મને રાખવામા આવેલી હતી પણ મને જમનારા મનુષ્યના શરીરને માત્ર

---

* ખેડુતો † ખેતીમા

એક રાત્રિનો જ સંગ થયો, તેટલામાં તો હું આવી નીચ અને દુષ્ટ સ્થિતિમાં આવી પડી છું, તો હે જોગી ! શું તારા જેવા મનુષ્યોના શરીર કરતા પણ મને તું નિરુપયોગી ગણે છે?"

આટલું કહી તુરત તે ધ્વનિ બંધ પડ્યો અને જાણે નિદ્રામાંથી જાગ્યો હોય તેમ શુકદેવને એકદમ જ્ઞાન થયું: 'અહો ! સત્ય વાર્તા તો ત્યારે એ જ છે કે, આ મારો (મનુષ્યનો) દેહ જ નિરુપયોગી છે, કે જેના સંગને લીધે અન્નની આવી દુર્દશા થઇ પડી છે. બીજા પ્રાણીઓનો દેહ તો ઘણો ઉપયોગમા આવે છે, પણ આત્મા ગયા પછી મનુષ્યનો દેહ, જો એક ઘડીવાર વધારે પડી રહે છે તો તેમાથી દુર્ગંધ ઉઠે છે અને એ કારણથી આત્માના પ્રયાણ પછી તુરત જ તેને દાટવામા, દહન કરવામા કે જળસમાધિ કરવામા, કે હિંસકને ખાવા માટે ફેંકી દેવામા આવે છે' આવો નિશ્ચય થવાથી, શુક યોગીશ્વર, તુરત જનકરાય પાસે ગયો ને "લ્યો આ નિરુપયોગી વસ્તુ" એમ બોલતો પોતાનો દેહ રાજા જનકની આગળ નાખ્યો ! અને પછી કહ્યુ, "હવે મને આત્મોપદેશ કર!" એ સાભળી રાજાએ કહ્યુ, "હે શુક ! હજુ પણ ઉપદેશ બાકી છે?* હજીએ જો એમ જ છે તો ઠીક, તુ એક કામ કર. આ તૈલપૂર્ણ (તેલથી છેક કાંઠા સૂધી છલોછલ ભરેલી) થાળી, તારા બને હાથમા લઈ, મારા જનકપુરની પ્રદક્ષિણા કરી આવ પણ ધ્યાન રાખજે કે, એમાથી એક ટીપુ પણ ઢળવા પામે નહિ, ઢળશે તો, આ તારી સાથે મારા અનુચરો ઉઘાડા ખડ્ગો લઈ આવે છે તે તત્ક્ષણે તારુ મસ્તક છેદી નાખશે!"

બંને હાથમા તેલની ભરેલી થાળી લીધી છે, આગળ તથા પાછળ રાજસેવકો ઉઘાડાં ખડ્ગ સાથે ચાલે છે ને એવી સ્થિતિમા યોગીંદ્ર શુકદેવ નગર પ્રદક્ષિણા કરે છે તે દિવસે ખાસ કરીને જનકપુરની આસપાસ એક મોટો મેળો ભરાયો હતો. તેમા કોઇ સ્થળે મનોહર ગાયન થતા હતા, કોઈ સ્થળે રંભા જેવી રૂપવતી સ્ત્રીઓ નૃત્ય કરતી હતી, કોઈ બાજુએ નાના પ્રકારના પકવાન્નો તથા અનેક સ્વાદિષ્ટ ફળાદિકો વેચવા માટે સિંચી મૂકયા હતા, કોઈ સ્થળે અનેક વસ્ત્રો, આભૂષણો, પાત્રો ઈત્યાદિ લઈ વ્યાપારીઓ બેઠા હતા, કોઈ સ્થળે નાના પ્રકારના ખેલ

* આ દેહ આત્મા ન છતા મિથ્યા જ છે, માટે તેને અવલબી હુ, તથા મારુ, એમ કહેવાપણુ દેહ નકામો જણાયાથી મટી ગયુ-અર્થાત્ દેહાભિમાન છૂટવારૂપી બોધ થઈ જ ચૂક્યો હતો.

તમાસા થતા હતા, અને કોઈ સ્થળે અનેક જાતનાં મધુર વાદ્યો વાગીને મનનું આકર્ષણ કરતા હતાં. એવી રીતે સર્વ પ્રકારની મનોહર વસ્તુઓનું પ્રદર્શન નગરની આસપાસ રચાયું હતું તેની મધ્યે થઇને, શુકદેવને તૈલપૂર્ણપાત્ર સહિત ચાલવાનું હતું. બને બાજુઓ આવા મનોહર દેખાવોથી ભરપૂર હતી, છતા શુકની દૃષ્ટિ, આ તૈલપૂર્ણપાત્રપરથી ખશી ક્યાય જઈ શકે તેમ નહોતી, કેમકે મનમા મોટી ભીતિ એ હતી કે, જો કદાચ એક બુદ પણ એમાથી ઢોળાયુ તો તરત રાજસેવકો મારો શિરચ્છેદ કરશે એ કારણથી કોઈ પણ સ્થળે દૃષ્ટિ ન કરતા, માત્ર તેલને જ સભાળી તેણે નગરની પરિક્રમા કીધી, અને રાત્રિ પડવા આવી ત્યારે પાછો રાજદ્વારમા આવી પહોંચ્યો. જનકરાયે પ્રણામ કરી, તેને ધન્યવાદ આપતા તેના હાથમાનુ પાત્ર લઈ લીધુ. હજી પણ શુકદેવ બોલ્યો, "હે રાજન્! હવે આત્મબોધ કર!" "શુ હજી આત્મબોધ અવશેષ છે?" જનકરાયે પૂછ્યુ "ભલે એમ થાઓ, પણ તું એકવાર ભોજન કરી લે, પછી નિરાતે હું તને બોધ કરીશ" મહેલમા તુરત સુદર રત્નજડિત આસન બિછાવવામાં આવ્યા, ને તેવા જ રત્નોથી જડેલા સુદર સુવર્ણ થાળની અદર વિવિધ પ્રકારના પકવાન્ન પીરસી તે બાળયોગીને ભોજન કરવા બેસાર્યો પણ પ્રાણાહુતિ આપીને શુક જેવો જમવાનો આરભ કરે છે એવામા તેની દૃષ્ટિ ઉચે ગઈ, અને પોતાના મસ્તકપર એક સો મણ વજનની શિલા, પડુ પડુની સ્થિતિમા અદ્ધર લટકતી હતી, તે તેણે જોઈ એ અદ્ધર તોળાઈ રહેલી શિલાને પકડી રાખવાને કોઈ બાજુથી કશો આધાર નહોતો, તે આ પડી, હમણા પડશે ને પડશે તો કચડઘાણ કાઢી નાખશે, એમ જ શુક મુનિને લાગ્યુ જ્યારથી તે અદ્ધર લટકતી શિલા તેની દૃષ્ટિએ પડી ત્યારથી તેનુ ચિત્ત તો તે શિલાના અદ્ધરપણામા જ જઈ ચોંટયુ અને ભય થયો કે રખેને એ શિલા પડે તો મારા પ્રાણ નિકળી જાય! હવે જો કે ભોજન ઘણુ સ્વાદિષ્ઠ હતું, છતા દૃષ્ટિ ને મન બને તે શિલા તરફ લાગી રહ્યા હતા, તેથી ભાણામા શું છે ને હું શું જમુ છુ, એનુ પણ તેને ભાન રહ્યું નહિ. જેમ તેમ કરી તે જમી ઉઠયો

પછી મુખવાસાદિ લઈ, જનકે તૈયાર કરાવી રાખેલા આસનપર જઈ શુકમુનિ બેઠો. પુનઃ તેણે આત્મબોધ માટે પ્રશ્ન કર્યું. ત્યારે જનકરાયે પૂછ્યુ, "હે વ્યાસપુત્ર! તું મને કહેશે કે, આજે મારા

નગરની તેં પ્રદક્ષિણા કરી, તેમાં શું શું તારા જોવામાં આવ્યું હતું." શુકદેવે કહ્યુ, "રાજન્! મેં મારા હાથમાના તૈલપૂર્ણપાત્ર સિવાય માર્ગ-માનું બીજુ કશું પણ જોયું નથી!" "વારુ, તું હમણા શું શું જમ્યો તે કહે?" પુનઃ જનકે પ્રશ્ન કર્યું. "અરે, એની પણ મને કશી ખબર નથી કે મારા ભાણામા શા શા પદાર્થો હતા, કેમકે મારા આસનની બરાબર ઉપર જ એક શિલા ટિંગાઈ રહેલી હતી તે જોઈ, તે મારાપર પડવાની બીકથી, મારી દૃષ્ટિ ને વૃત્તિ તે તરફ જ ઠરી રહી હતી!" એમ શુકે કહ્યુ તે વચન સાભળી રાજાએ કહ્યુ, "બસ એ જ તને બોધ ને એ જ ઉપદેશ તું સપૂર્ણ આત્મજ્ઞાની તો છે અને તેથી તને પરમાત્મ સ્વરૂપનો સાક્ષાત્કાર છે જ, પણ જેમ નગરપ્રદક્ષિણા કરતા માર્ગની આસપાસની વસ્તુઓનુ, અને જમતા ભોજનના પદાર્થોનું, દેહોત્સર્ગના ભયથી તને કશું ભાન રહ્યુ નહિ ને માત્ર તે ભયપ્રદ વસ્તુઓ તરફ જ તારી વૃત્તિ ને દૃષ્ટિ સ્થિર ઠરી રહી હતી, તેવી જ સ્થિરવૃત્તિ તેં જાણેલા પરમાત્મસ્વરૂપ ઉપર રાખ, એટલે તને સસાર કોઈ પણ રીતે બાધ-કારક થશે નહિ" આવી રીતે પ્રત્યક્ષ સમાધાન થવાથી, આનદ પામી, જનકને ગુરુ માનીને, શુક ત્યાથી વિદાય થયો માટે હે વિશાલ! ધ્યાન સમયે તો શું, પણ નિરતર પુરુષની વૃત્તિ એવી રીતે પરમાત્મામા સ્થિર થાય ત્યારે જ તે એકાગ્ર-એકાકાર-તદાકાર વૃત્તિ કહેવાય, અને તેવડે જ આત્મા તથા પરમાત્માનુ અનુસધાન-પરમ ઐક્ય-અદ્વૈતરૂપ થઈ જાય છે, અર્થાત્ તે બ્રહ્માકાર થઈ જાય છે.*

૨૫-માયા

પણ આ સમયે હે વિશાલ! મને એક શકા થઈ કે, એ પ્રમાણે એકાગ્રવૃત્તિ રાખવી, તે કઈ મનુષ્યના સ્વાધીનમા નથી, કેમકે મનુષ્ય ગમે તેટલુ મથે તોપણ તેને પ્રભુની માયા કોઈ ને કોઈ સમયે ભૂલાવી દે છે. મનુષ્યના મનને નિર્મળ જળની ઉપમા આપી શકાય જળનો ધર્મ દ્રવતાનો છે, તે સારી વા નબળી વસ્તુઓ સાથે જલદી મળી જાય છે, એટલે તેમા અનેક પ્રકારના મળો ભેગા થઈને તેના ઉપર તે મળોના આવરણરૂપ લીલ બાઝી જાય છે, ને પછી તે શુદ્ધ જળને

* પરબ્રહ્મ પરમાત્માનુ ધ્યાન કરતા મન તો અનેક માયિક વસ્તુઓમા ચોંટેલુ રહે અને બહારથી ઢોંગ આદરે, પૂજા પાઠ કરે, એ બીજું કંઈ જ નહિ, પણ માત્ર દભ જ કહેવાય એકાગ્ર ચિત્તવૃત્તિ વગર બ્રહ્મનુ ધ્યાન-પ્રભુનુ ધ્યાન-પૂર્ણ કરેલુ ગણાય નહિ

ઢાંકી દે છે. તેવી જ રીતે મનનો ધર્મ પણ દ્રવતાનો છે. તે કંઇ પણ જોતાં વેંત જ સારા વા નબળા વિષયોમા તુરત જ દ્રવિત થઈ, તે સાથે મળી જાય છે—તદ્રૂપ બની જાય છે, એટલે તેથી, તેના નિર્મળપણાંપર નાના પ્રકારના પાપરૂપ મળો એકઠા થઈ, માયારૂપ લીલ બધાતા વાર લાગતી નથી. એવી રીતની એ દુસ્તર માયા, મોહ–આવરણની અંદર લપટાઇને, આત્માને તથા મનને બનેને ઢાકી દે છે માટે એ માયાના આવરણમા ફસાયલો પ્રાણી કદી પણ પોતાની ચિત્તવૃત્તિ દૃઢ રાખી શકતો નથી

૨૬–માયા એ શુ છે ?

ત્યારે માયા એ શું છે ? શાસ્ત્રોમા માયા માટે આ પ્રમાણે જૂદી જૂદી છ વ્યાખ્યાઓ કરેલી છે. તેમાની

પહેલી–જે વસ્તુ ભૂત, ભવિષ્ય, વર્તમાન આદિ ત્રણે કાળમા છે જ નહિ તેને 'છે' એમ માનવી, તેનુ નામ માયા

બીજી–જીવના આત્મસ્વરૂપને, જે પોતાના આવરણથી આચ્છાદિત કરે છે તે માયા

ત્રીજી–જે વસ્તુ યથાર્થ જ્ઞાન થયા પછી સમૂળી નિવૃત્ત થઈ જાય છે તેનું નામ માયા.

ચોથી–કાર્ય કારણ (જગત્ એ કાર્ય અને પરમાત્મા એ કારણ)ના ભેદનું કારણ–અર્થાત્ કાર્ય કારણના ભેદને ઉત્પન્ન કરનારી વસ્તુ તે માયા,

પાચમી–માયા એ વસ્તુત: કંઇ જ નથી; પણ વેદમા આત્માને જગતનું કારણ તથા સર્વ જગદ્રૂપ કહ્યો છે, તેથી જગતનુ કારણ સિદ્ધ થવાને માટે (અર્થાત્ જગત્ ઉત્પન્ન થવાને પરમાત્મા વગેરે કોઈ કારણભૂત છે એમ નિશ્ચય થવા માટે) માત્ર માયાની કલ્પના કરી છે.

છઠ્ઠી–પોતાના અધિષ્ઠાને જે આત્મા છે, તેના સાક્ષાત્કારવડે અજ્ઞાન નિવૃત્ત થઈ જાય છે, એટલે તેને સર્વત્ર સત્ય પરબ્રહ્મ જ ભાસે છે, માટે એ અજ્ઞાન છે તેને જ માયા એવુ નામ આપ્યું છે.

૨૭–માયા કેમ પ્રગટ થાય છે ?

એ માયા તો આપોઆપ ઉભી થાય છે પણ એના સામા થઇએ અને તેને મણકારીએ નહિ તો તેનું કંઇ ચાલતું નથી. જ્યારે વિલાસવૈભવમા બેઠા હોઇએ ત્યારે; સસારની અનેક પીડામા અનુરક્ત થયા હોઇએ ત્યારે;

પ્રાકૃત મનુષ્ય જેવા વ્યવહારમા લપટાયલા હોઈએ ત્યારે; ગાનતાન રંગરાગની મસ્તીમાં નિર્મર્યાદ અવિવેકી વર્તન વેળાએ, એ રાક્ષસી માયા જે અનેક રૂપધારિણી છે તે પીડતી નથી પણ જ્યા આત્મા જાગૃત થઈ ઉન્નત ભાવનાવાળો બનવા જાય છે, ત્યા એ સામી આવી ક્રૂર દૃષ્ટિથી પીડે છે જ્યારે જીવને એવો વિચાર થાય છે કે, આ સસાર અસાર છે ત્યારે, આ જીવન વ્યર્થ છે એવો વિચાર કરવા માડે છે ત્યારે, જ્ઞાન-કથા વાચે છે ત્યારે, સદ્‌ગુરુમુખે જ્ઞાન સાભળે છે ત્યારે, સદ્‌ગુરુની સેવામા તત્પર બનતી વેળાએ, મહાત્માજનો જે માર્ગે ગયા હોય તે માર્ગે જતી વેળાએ, અને ધ્યાનસ્થ થવાની પૂર્વે, અને ધ્યાનસ્થ થયા પછી જ્યાસૂધી વૃત્તિ સ્થિર થઈ નથી ત્યાસૂધી, એ માયા અનેક પ્રકારના રૂપો દર્શાવતી સામી આવી નડે છે આપણું ચિત્ત જ જ્યારે દ્રવતાના ગુણવાળુ છે, ત્યારે તેનાપર માયા પોતાનો પ્રભાવ બજાવ્યા વગર કેમ રહે ?

એક વણિક્ નિત્ય સત્સગ કરતો હોવાથી એક વિષ્ણુમંદિરમા જઈ પ્રતિદિન પાછલા પહોરનો' કથા સાભળતો હતો એક દિવસે કથામા પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર પરમાત્માનુ અતિ અદ્‌ભુત ચરિત્ર ચાલી રહ્યુ હતું, તેના રસમા સર્વ શ્રોતાઓ એકાગ્રચિત્ત થઈ, ચિત્રવત્ આળેખાઈ ગયા હતા, કોઈને પોતાના દેહનુ પણ ભાન નહોતુ એવામા પેલા વણિકનો કોઈ અતલગનો અને વ્યવહારમા બહુ પ્રતિષ્ઠિત ગણાતો સગો ત્યા આવી તેને કહેવા લાગ્યો, "સતદાસ ! સતદાસ ! ઉઠો ઉઠો ! એક લાગ આવ્યો છે. ફલાણા ફલાણા વ્યાપારમા બે હજાર રૂપિયા મળે તેમ છે સાટુ તો મેં કીધુ છે, માત્ર સહી કરવાની જ વાર છે પણ મે વિચાર કીધો કે, તમે મારા અતલગના સગા ને સ્નેહી એવા જે તમે, તેને મૂકીને મારાથી એકલપેટા કેમ થવાય? માટે આખા ગામમા તમને શોધતો શોધતો હુ અહી આવ્યો છુ. માટે ચાલો, વાર કરો નહિ !" આ સમયે કથા સાભળવામા સોનુ ચિત્ત એકાગ્ર થયેલુ હતુ. ત્યા આગળ માયા કે કાયાનુ ઝાખુ પણ દર્શન નહોતુ. પણ આ વ્યવહારિયાએ આવીને સૌના મન વ્યગ્ર કરાવ્યા પેલા સત્સગી વણિકના મનમા લાગલી માયા પ્રગટી 'આવો મોટો મારો સગો ને વળી આવા લાભકારક વ્યાપારમા મારો ભાગ રાખી, મારે માટે પોતે આટલે બધે રખડીને પણ અહીં સૂધી મને શોધવા આવ્યો છે, તો પછી મારે અવશ્ય જવું જોઈએ, ન જાઉં તો મારો લાભ જાય, અને એને વળી બહુ ખોટુ લાગે !' આમ માયાએ પ્રકટ દર્શન

કરાવ્યું! અત્રે માયાબંધનમાં ફસાઇને તે વણિક ત્યાંથી ઉઠી પોતાના સગા સાથે, કથાને રામ રામ કરી વિદાય થઈ ગયો. બજારમા જઈ સાટું નક્કી કરી તેમા સહી કરીને રૂપિયા ગણી આપી, માલ વખારમાં પણ નાખ્યો. પરતુ માયા તે તો માયા જ! બન્યું એમ કે, જે માલ તેઓએ ખરીદ્યો હતો અને જે મોંઘે ભાવે વેચાય એમ ચોક્કસ હતું, તેનો ભાવ દેશાવરોમા તેની ભરતી થઈ જવાને લીધે, ત્યાના આવેલા સમાચારો ઉપરથી, બીજે જ દિવસે બહુ મદો પડી ગયો જો તુરતાતુરત થોડી ઘણી ખોટ ખાઇને પણ તે ખરીદ કીધેલો માલ વેચી નાખે નહિ તો આગળ તેને ઘણી જ ખોટ ખમવી પડે એમ હતુ. પરન્તુ વ્યવહાર વિચિત્ર છે થોડે લાભે કે થોડી ખોટે વ્યવહારિયો જંપતો નથી ખોટ પૂરી ખાય ને નફો તો દૈવાધીન! તાત્કાલ માલ વેચ્યો નહિ ભાવ ઘટ્યા જ ગયા ને છેવટે પૂરેપૂરી ખોટ ખાઈ મંદે ભાવે માલ વેચવો પડ્યો. ખોટ સજ્જડ ગઈ વળી બીજે માર્ગે પણ માયા પુગી! લાભ આવ્યો હોત તો સૌને પોતાને ભાગ વધારે રાખવાનુ મન થાત, પણ ખોટનુ શરીગત કોણ થાય? માટે ખોટમા ભરવાના રૂપિયા પદરથી કાઢવા માટે બીજાઓએ આનાકાની કરવા માડી, એટલે અન્યોઅન્યમા મોટો વિરોધ થયો જેનુ કહ્યુ જરા પણ ઓલઘાય નહિ એવા મોટા પ્રતિષ્ઠિત અને સ્નેહી સગા સાથે પણ તેને પાકી શત્રુતા થઈ! કેવી માયા! કેવુ માયાનુ પ્રાબલ્ય!

આ પોતાના વ્યાપારની ખોટની વાત તેણે કેટલેક દિવસે તે કથા વાચનાર સતપુરુષ આગળ કરી, ત્યારે તેણે હસીને કહ્યુ, "ભાઈ, ભગવદ્-ગુણોના શ્રવણરૂપી અમૃતને છોડી તુ માયામા ફસાયો તો તારી આવી દશા થઈ વિષ્ણુનું સેવને ન થયુ ને લક્ષ્મીબાઈ પણ નાસી ગયા! આએ ખોયુ ને તેએ ખોયુ પણ પ્રથમ જ તે તારા સગાને કહ્યુ હોત કે, 'શેઠજી! હુ તો આ શ્રવણમા બેઠો છુ, માટે મારાથી આવી શકાય એમ નથી. તેમ છતા જો મારાપર આપનો જીવ બહુ તણાતો હોય તો મારે નામે આપ જ રાખજો, જે થશે તેનો હું ભાગીદાર છુ, તો તે પોતાની મેળે સમજીને ચાલ્યો જાત અને લાભના લોભથી બીજાને તે રળીને કોણ આપે, એવા વિચારથી તારો ભાગ ન રાખત; અને કદાચ રાખત તો શ્રીહરિની કૃપાથી તેમા તને લાભ પણ થાત. પણ એ માયા તારા અંતરમા પ્રબળપણે પ્રગટ થઈને તેના આવરણમા તારું મન ઢંકાઈ ગયું, ત્યારે તારા કર્મના ફળ તારે જ ભોગવવા જોઈયે!"

૨૮–માયા ઠગારી છે

આમ જગત્ આખુ માયાના બંધનમાં પરોવાઇ રહેલું છે અને જેમ એક જ દોરી વા કળને લીધે આખો યત્ર ચાલે છે, અથવા યત્રથી થતું કામ કોઈની પણ સહાયતા વિના આપોઆપ થયા કરે છે, તેવી જ રીતે માયારૂપી યત્રને લીધે આખું જગત્ ચાલે છે. હવે એ માયા એવી છે કે, પ્રાણીઓને તે પોતના સૌંદર્યમા ભૂલાવે છે, મોહપાશમા ફસાવે છે, અને જ્યા જીવ લટ્ટુ બન્યો કે તેને હમેશાનો જ ભ્રષ્ટ કરે છે! જેમ કોઈ ઠગારો, પ્રથમ મોંઢેથી મીઠુ મીઠુ બોલી લાગ આવ્યા પછી પોતાના અતરનો દુષ્ટ હેતુ પ્રકટ કરે છે, અથવા કોઇ લુચ્ચો વેપારી, સારો માલ દેખાડીને, આપતી વખતે ખરાબ માલ ધકેલી દે છે, તેમ આ માયા પોતાના ક્ષણિક સૌંદર્યમા ફસાવવા માટે પ્રથમ પ્રાણીને તેના પોતાના હિતનું અને સારુસારુ દેખાડે છે! પણ પ્રથમ સુંદર દેખાતું, પછવાડેથી પેલા સત્સગી તણિકની પેઠે કટકરૂપ થઇ પડે છે શરીર ઉપરથી જોઇએ તો સ્ત્રી ઘણી જ સ્વરૂપવતી, નવયૌવના, પ્રિયવદા લાગે છે, પણ તેની અદર મળ મુત્ર, રક્ત, અસ્થિ, માસ, મજ્જા ઇત્યાદિ સાવ દૂષિત પદાર્થો ભર્યા છે. રૂપ, લાવણ્ય, યૌવન, પ્રિયવદાપણું એ માયાનુ રૂપ છે, એ તેનુ ઠગારાપણું છે માયા એ ખરેખર એક ધૂતારી જ છે અને તેમા ફસાયલુ આખુ જગત્ પણ તેના ગુણને અનુસરીને ધૂતારુ જ છે જગત્ તો એવુ સ્વાર્થી ને ધૂતારુ છે કે જે કઇ કરે છે, તે ખરુ જોતા માત્ર પોતાના સ્વાર્થ-સુખને અર્થે જ કરે છે, છતા ઉપર ઉપરથી તેમા સામાનુ સુખ અને સ્વાર્થ પ્રદાશત કરવાનો ઢોંગ જ કરે છે. જુઓ સ્ત્રી અને પુરુષ પરસ્પર પોતાના જ સુખ-વિષયસુખ માટે એક-બીજા સાથે પ્રીતિ બાધે છે, પણ બહારથી પુરુષ કહેશે, "પ્યારી! તને દુ ખ થાય, એ મારાથી કેમ ખમાય! આ સઘળુ હું તો તારા સુખને અર્થે જ કરુ છુ!" ત્યારે સ્ત્રી કહેશે; "સ્વામીનાથ! આ દાસી આપની સેવા કરવા જ નિર્માણ થયેલી છે, અને આપને સુખ થવાના પ્રયત્નોમાં જ નિરતર રોકાયલી છે!" એમાથી એકાદુ મરે છે, ત્યારે પાછળ રહેલું પોતાના ડુબેલા સ્વાર્થને માટે ઘાટા કાઢી રડે છે, પણ તે મરનારનું કેમ થયું હશે, વા તેને દુ.ખ હશે કે સુખ, તેનો તે વિચાર જ કરતું નથી. તેવી જ રીતે પુત્રપર જે અત્યત પ્રીતિ હોય છે તે, ઉપરથી જોતા પુત્રના સ્વાર્થ અર્થે લાગે છે, પણ ખરુ જોતા તો પોતાના સ્વાર્થ માટે જ છે.

એ પોતાના સુખ સારૂ પ્રીત ન હોય અને પુત્ર સારૂ જ હોય તો પુત્ર નીચની સ્ત્રી સાથે લંપટ થઈ વટલીને તેને લઈ નીચ થઈ રહે, ત્યારે તેના ભેગાં તેનાં માબાપ રહેવા કાં નથી જતા, કે આ મારો દીકરો બિચારો દુઃખી થશે? પણ નહિ, તેમ કરે તો ઉલટું તેમને માથે મોટું દુ ખ આવી પડે છે, સઘળે ફિટકારને પાત્ર થાય છે, અને જાતિ ને જ્ઞાતિથી ભ્રષ્ટ થાય છે માટે પુત્ર ગયો તો મૂવો, એના કર્મ એ ભોગવશે, આપણે શું કરીએ, એમ કહી તેઓ બેસી રહે છે. તેવી જ રીતે ઘરેણાં ગાઠાને પણ મનુષ્યો સુંદર દાબડામા ઘાલી ઢાકીને તાળુ મારે છે, ને કહે છે કે ઘરેણાના રક્ષણને અર્થે આમ કીધુ! પણ એમાએ સ્વાર્થ તો પ્રાણીનો પોતાનો જ છે ઘરેણાને શુ કઈ ટાઢ વાવાની હતી કે તાપ લાગવાનો હતો, કે તેની દયા લાવીને તેને ઢાકયા ને તાળા કુચીમા મૂકયા? પણ તેને કોઈ લઈ જાય તો પોતાને નુકસાન થાય, પેહેરે શું, શ્રીમત કેમ ગણાય, એ જ હેતુથી તેને જતને કરી સભાળી રાખે છે. એમ આ જગતમા સર્વત્ર પોતાનો સ્વાર્થ નહિ તો બીજુ શું છે? એવી રીતે ઠગારી માયાના આવરણ–મોહમા રહેલુ સૌ કોઈ પોતપોતાના જ સુખ સારૂ એક બીજા ઉપર પ્રીતિ કરે છે, અને એના આવરણમા–મોહમા ન ઢકાયલા તથા પરમાર્થ સારૂ પ્રીતિ કરનારા પુરુષો વિરલ જ હોય છે.

૨૯–માયાનુ બધન

પણ અવિદ્યાથી પૂર્ણ પ્રાણીનુ શું થાય? તે માયામા જકડાઈ, ગર્ભવાસના દુ.ખોનો જ ભોક્તા થાય છે માયાનુ બધન એ ઘણું અદ્ભુત છે, દુસ્તર છે, અને તેથી પ્રાણીમાત્ર, છતી આખે તેમા બધાઈ ગુચવાઈ જાય છે. એ માયાનુ બધન કેવુ વિચિત્ર છે, તેપર મારા અનુભવનું મને સ્મરણ થયુ

એક વણિક્ પુત્રનુ સગપણ કોઈ દૂર દેશના સાહુકારની પુત્રી સાથે કર્યું હતુ દેશાતર હોવાથી તે સાહુકારની તરફનો પુરોહિત જ માત્ર આવીને અહીં સગપણ કરી ગયો હતો તેણે સઘળી વિગતથી તેઓને જાણીતા કીધા હતા કે, 'એ સાહુકારને ત્રણ પુત્રીઓ છે, તેમા સૌથી શ્યાણી તથા સુધાસમાન કાતિવાળી મોટી દીકરી છે, તેની સાથે તમારૂ સગપણ હું કરી જાઉં છું' વણિક્પુત્ર તો ભવિષ્યમા પોતાની ગૃહિણી થનારી સાહુકારની પુત્રીના ગુણ સાભળી બહુ રાજી થવા માડ્યો એ સગપણ ઘણાક દિવસ સૂધી રહ્યુ, અને તે દરમ્યાનમા સાહપુત્રે પોતાની

થનારી વધૂને માટે ઘણાંક વસ્રો, અલકારો તથા ખાવા વગેરેના પદાર્થો મોકલ્યા. કર્મજોગે એવામા એકાએક એવી ખબર આવી કે, તે સાહુકારની મોટી દીકરી મરણ પામી છે! આ સાંભળીને તે વણિક્પુત્ર પોકેપોક મૂકીને રડવા લાગ્યો, "અરેરે! રે મારું ઘર ભાગી ગયું હાય હાયરે! એવી ગુણ તથા સ્વરૂપવાળી સ્રી હવે મને ક્યાથી મળશે! અરેરે! મારુ ભાગ્ય ફૂટી ગયુ! ઓય બાપલીઆ!" આમ તેમ તે વિલાપ કરવા લાગ્યો. જો કે તે સાહપુત્રે અદ્યાપિપર્યંત તે કન્યાને પોતાની દૃષ્ટિથી જોઈ પણ નહોતી, બોલતી સાભળીએ ન હતી, તેના ગુણ પણ અનુભવ્યા ન હતા, રૂપ કે કરૂપનો પ્રત્યક્ષ અનુભવે ન હતો, માત્ર તે સગપણ કરનાર પુરોહિતના વાક્યથી જ તે માયાના બધનમા આવી પડ્યો હતો માટે એવી રીતે વાક્યજાળથી પણ માયા પ્રાણીને બાધે છે. પણ મને પ્રશ્ન ઉઠ્યો કે, ત્યારે, માયા કોને આધીન છે?

૩૦–માયા કોને આધીન છે?

તેનુ નિરાકરણ આમ થઈ શકે છે–માયારૂપી યત્રને લીધે આ આખુ જગત્ ચાલે છે. જેમ યત્રની અમુક કળ અથવા દોરી તેના કર્ત્તાના અથવા ચલાવનારના હાથમા હોય છે, તેથી તે જેમ તે કળને મરડે છે અથવા દોરીને ખેંચે છે, તેમ તે યત્ર ચાલે છે, તેવી જ રીતે આ માયાયત્રની દોરી જગત્કર્ત્તા શ્રીહરિના હાથમા છે અને તે પોતાની ઇચ્છાથી જેમ ચલાવવા ઇચ્છે છે તેમ તે ચાલે છે, અર્થાત્ માયા ઈશ્વરને આધીન છે.

૩૧–માયા કેવી રીતે મનુષ્યને ન નડે?

ત્યારે એ માયા કેવી રીતે મનુષ્યને ન નડે–બધનમા ન નાખે એનો પણ મને વિચાર થયો. તેને માટે એ જ વિચાર મને દૃઢ થયો છે કે, જે વસ્તુ જેને આધીન હોય તેની કૃપા મેળવવી, જેથી તેની આજ્ઞામા રહેનારી વસ્તુ આપણને બાધ કરી શકે નહિ. એક દેશથી બીજા દેશમા પોઠીઆઓદ્વારા વ્યાપારનો માલ લઈ જનારા વ્યાપારીઓને વણજારા કહેવામા આવે છે માર્ગમા, જગલમા, રાત્રિને સમયે તથા ભયના સમયમા તેઓની પોઠોનું રક્ષણ કરવાનુ કામ તેઓની સાથેના કૂતરાઓ કરે છે. જ્યા જ્યા પડાવ પડ્યો હોય ત્યા ત્યા પોઠની ચારે બાજૂ તેઓના કૂતરાઓ ફરતા જ રહે છે; અને કંઈ ભય આવી પડ્યુ તો તુરત પોતાના ધણીને જાગૃત કરી દે છે. એ કૂતરાઓ કોઈ પણ અજાણ્યા માણસને

પોઠમાં આવવા દેતાં નથી. એકાદ માણુસને તે વણજારાની પાસેથી કાંઈ માલ લેવાની કે વ્યાપાર સંબંધે કંઈ વાતચિત કરવાની જરૂર પડી તો તે વણજારાના મુકામ આગળ જાય છે, ત્યારે તે બાજૂનો કૂતરો તેને અટકાવે છે; ને જોરથી પેસવા જાય તો કરડી ખાય છે પણ એ માણુસ વિનતિ સાથે વણજારાને હાક મારે કે, 'ભાઈ, મારે તમારી પાસે આવવું છે,' એટલે વણજારો તુરત કૂતરાને હાક મારી સમજાવી દે છે, અથવા પોતાની પાસે બોલાવી લે છે, જેથી સુખેથી તે માણુસ વણજારા પાસે જઈ શકે છે. તેવી જ રીતે, આ માયા કૂતરી ઈશ્વરને આધીન છે જો આપણે ઈશ્વરને પ્રેમપૂર્વક એકાગ્રચિત્તવૃત્તિએ સેવીએ-અનન્ય ભાવવડે તેને શરણે જઇએ તો તે એ માયાકૂતરીને પાછી ખેંચી લે, એટલે પછી તેની સમીપ જવામા વિલબ થતો નથી. ઈશ્વરની સહાયતા વિના સ્વાભિમાનથી કોઈ પણ જીવ તેને જિતવા માગે તો તે ઉલટો તેમા વધારે વધારે ફસાય છે ને વધારે વધારે દુ ખ પામે છે, કેમકે માયાકૂતરી ઘણી બળવાન્ છે, એમ મહત પુરુષો કહે છે. હે વિશાળ! આ સમયે મને પ્રશ્ન ઉઠ્યો કે, એવી તે માયા કેવી ગહન છે?

૩૨–માયા કેવી છે?

એ માયાકૂતરી માયાવી છે તે અનેક રૂપો ધારણ કરવાવાળી છે આ જગતમા તે કૂતરી કોઈવાર પત્નીરૂપે, કોઈવાર પતિરૂપે, કોઈવાર પુત્રરૂપે, કોઈવાર પિતારૂપે, કોઈવાર ધનરૂપે, કોઈવાર ધર્મરૂપે, કોઈવાર સ્વામીરૂપે, કોઈવાર સેવકરૂપે, કોઈવાર દાનરૂપે, કોઈવાર માનરૂપે, કોઈવાર પરાર્થરૂપે, કોઈવાર પરમાર્થરૂપે દર્શન દેઈ, એવા ભોળવી નાખે છે કે ભલભલા તેમા ફસાઈ જાય છે. એ ઉપર મને મહાભારતની એક કથા સાભરી આવી

એક દિવસે ધર્મધુરધર મહારાજા યુધિષ્ઠિર રાજસભામાથી પરવારી અતઃપુરમા ગયા, તો ત્યા મહારાણી દ્રૌપદીને દીઠા નહિ! કોઈ દિવસે નહિ ને આજે મારા આવવાના સમયપર સતી કયા ગયા હશે, એવો વિચાર કરીને પોને સૂના પલગપર એકલા જ સતીની વાટ જોતા બેઠા. થોડીકવારે સતી દ્રૌપદી આવ્યા, પણ આજે દ્રૌપદી, સતીના ધર્મ પ્રમાણે મહારાજાને નમન, પ્રાર્થના કર્યા વગર, કે તેની આજ્ઞા લીધા વગર જ, લાગલા યુધિષ્ઠિરના પલગપર બેસી ગયા! તેથી આશ્ચર્ય પામી ધર્મરાજા (યુધિષ્ઠિર) વિચાર કરવા લાગ્યા કે, આજે આમ કેમ?

નિત્ય તો એ મારી નાના પ્રકારે સેવા કરે છે ને આજ્ઞા લીધા પછી પલંગપર બેસીને મારા ચરણ તળાંસવા માડે છે ને આજે તો તેમાંનું કંઈ નથી, એ શું? પણ રાજા યુધિષ્ઠિર મહાજ્ઞાની ને વિદ્વાન્ હોવાથી, તથા દ્રૌપદીનો ગુહ્ય પ્રતાપ સારી રીતે જાણતા હતા તેથી, તે સમજીને ઉઠી ગયા. તુરત જ સતી પલંગપર સૂઈ ગયા ને મહારાજા યુધિષ્ઠિરને પોતાના પગ ચાપવાની આજ્ઞા કરી! વગર બોલે ને વગર ચાલે, મહારાજા તેના પગ ચાંપવા બેઠા! પછી દ્રૌપદીએ કહ્યું, "મહેલના બારી બારણા સૌ ઉઘાડી નાંખો તથા ચક પડદા વગેરે ખુલ્લા કરી દ્યો!" તુરત તેમ કરીને, ધર્મ-રાજા સતીના પગ તળાંસવા બેઠા! એટલામા મહારાજાનો નાનો ભાઈ ભીમસેન બહારથી તે રંગમહેલમા આવ્યો. તેના જોવામા આ સઘળો વિલક્ષણ પ્રકાર આવ્યો, એટલે તે તો દિંગ જ થઈ ગયો! ભીમ તુરત ફેરે ખસી જઈ મનમા કહેવા લાગ્યો, 'અરે! આ શું? આજે ધર્મ-રાજા, દેવી દ્રૌપદીની–પોતાની સ્ત્રીની–પગચપી કરે છે, એ શું? આજે એણે કંઈ ભાગબાગ પીધી છે કે ગાંડા થઈ ગયા છે, કે છે શું? શું એમનામાં અધર્મનો પ્રવેશ થયો છે કે? પણ રે! આ તો મહાપીડાની વાત થઈ પડી! કેમકે જ્યારે દ્રૌપદી સગે રહેવાનો મારો વારો આવશે ત્યારે મારે પણ એ પ્રમાણે જ કરવું પડશે હાય! હાય! પગચપી, તે પણ સ્ત્રીની, મારાથી કેમ થઈ શકશે? હું તો કદી એમ કરીશ નહિ! ભીમના હાથ તો રણમા ઝુઝનારા છે, તે શું સ્ત્રીની પગચપી કરશે કે? પણ ધર્મરાજાએ જે ધારો પાડ્યો, તે મારાથી તોડી શકાય પણ કેમ? અને મારે કરવુ પણ શું? મારે આ વાતનો મર્મ કહેવો પણ કોને?' આમ વિચાર કર્યા પછી તેણે શ્રીકૃષ્ણ પાસે જવાનો નિશ્ચય કરી, તાત્કાલમા તો તે ત્યાથી વિદાય થઈ ગયો રાત્રિ પડી, એટલે તે શ્રી-કૃષ્ણને ઉતારે ગયો. દ્વારપાળથી પ્રથમ ખબર મોકલી ભીમસેન અદર ગયો. શ્રીકૃષ્ણ પોતાના નિત્યકર્મથી પરવારી એક સુદર આસનપર વિરા-જેલા હતા ભીમે પ્રણામ કરી પછી ધર્મરાજા તથા દ્રૌપદી સબધીનો સઘળો વૃત્તાત અથેતિ શ્રીકૃષ્ણને નિવેદન કર્યો અને પ્રાર્થનાપૂર્વક કહ્યું કે, "મહારાજ! આપ કૃપા કરીને ધર્મરાયને સમજાવો, કે જેથી અત્યારથી જ એ કુટેવ નિકળી જાય! ધર્મરાજા આપનું જ કહેવું માત્ર માનશે!" યત્કિંચિત્ વિસ્મયતા દર્શાવ્યા વિના યાદવેશ્વરે કહ્યુ, "ભીમસેન! એ વાતમા હું વચ્ચે નહિ પડુ, તેમ ધર્મરાજાને એ સબધે કશું કહી પણ

નહિ શકું કેમકે પ્રેમ એવો જ છે! વખત આવે તારે પણ એમ જ કરવું પડશે–તારે પણ દ્રૌપદીના પગ ચાંપવા જ પડશે!” ભીમસેન બોલ્યો; “પ્રભુ, ત્યારે શું સ્ત્રી સ્વરૂપવતી હોય–ગુણવતી હોય, તેથી પુરુષે તેના લૂગડાં ધોવાં ને પગ ચાંપવા? એવી સ્ત્રી શા કામની? જે વસ્તુ સુખને અર્થે ગ્રહણ કરવામાં આવે, તેનાથી ઉલટું દૂષણ થતું હોય તો તે વસ્તુને શા માટે ગ્રહણ કરવી? એવો સેવક શા અર્થનો કે જે પોતાના સ્વામીને ખરારૂઢ કરે, (અર્થાત્ ગધેડે બેસાડે) ને લજ્જા પમાડે, ને હાસીને પાત્ર કરે? મહારાજ! સ્વાદમાં અને જોવામાં ગમે તો અમૃતતુલ્ય હોય, પણ પરિણામે ધર્મથી અથવા શરીરથી રહિત કરે (વટલાવે કે મરણ પમાડે) એવું ભોજન સુજ્ઞ પુરુષ કદી કરતો નથી, તો પછી સ્ત્રી, કે જે ખાસ કરીને પુરુષની પરિચર્યા કરવા માટે જ સર્જેલી છે, તેની શું પતિ સેવા કરે? એ કદી પણ નહિ બને!”

આ પ્રમાણે ઘણી ઘણી રીતે ભીમસેને શ્રીકૃષ્ણને સવાલ જવાબ કીધા, પણ પ્રભુએ તો માત્ર એ જ પ્રત્યુત્તર દીધું કે, “ભીમ, એ વાતને છેડવામાં કંઈ સાર નથી, માટે મનમાં જ સમજી બેસી રહે ને ધર્મ કરે તેમ તું પણ કર્યાં જા. હું એ વાતમાં ધર્મને કશું કહી કે સમજાવી શકું તેમ નથી જ!” આ પ્રત્યુત્તરથી સમાધાન ન થવાને લીધે, વિમાસણમાં પડેલો ભીમસેન ત્યાંથી ઉઠી પોતાને મંદિરે આવ્યો પણ તે દિવસથી તેના અંતરમાં આ વાતનો મોટો ખટકો પેઠો. જ્યારે જ્યારે એ વાત સાંભરી આવે ત્યારે ત્યારે તે બહુ ઉદાસ થઈ જાય; તેના જીવને કશું ચેન પડે નહિ દિનપ્રતિદિન આ વાતે તેના મનમાં જબરું ઘર કર્યું, જેથી અન્નપાનાદિપરથી પણ તેની પ્રીતિ ઉઠી ગઈ. દહાડે દહાડે શરીર પણ બહુ સૂકાવા લાગ્યું આમ ચિંતામાં ને ચિંતામાં ઘણાક દિન વીતી ગયા તેનું શરીર ઘણું દુર્બળ થયેલું જોઈ માતા કુંતાએ તેને એક દિવસે પૂછ્યું, “બેટા ભીમ! તારા શરીરની આવી અવસ્થા કેમ થઈ ગઈ વારુ? શું તારા ખાવાપીવાની સંભાળ બરોબર નથી રહેતી, કે કોઈનાથી તને ભય પામવાનું કારણ મળ્યું છે? તેમ તો હોય નહિ, કેમકે તું મહા પરાક્રમી છે” ત્યારે ભીમસેને કહ્યું, “માતુશ્રી, મને એક પ્રકારનો દુષ્ટ રોગ લાગુ પડ્યો છે, જેને લીધે મારા દેહની આવી દુર્દશા થઈ છે એ રોગનું ઔષધ શ્રીકૃષ્ણ પાસે છે, પણ મને તે આપતો નથી, માટે, તું તેને કંઈ કહે તો સારું!” તુરત કુંતાજીએ શ્રીકૃષ્ણ પાસે જઈ ભીમને માટે વિનતિ કરી, ત્યારે તેણે કહ્યું; “અરે ફોઈ,

આવા સહજ કારણ માટે તમારે આટલો બધો શ્રમ શું કામ લેવો પડ્યો? ચાલો, આજે જ અમાસ ને શનિવાર છે, તેથી હું તેને ઔષધ આપીશ; રાત્રે ભીમને મારી પાસે મોકલજો."

કુતા માતાના કહેવાથી રાત્રિ થઈ, એટલે ભીમ શ્રીકૃષ્ણ પાસે ગયો. શ્રીકૃષ્ણે કહ્યુ, "ભીમસેન, હું બતાવું ત્યા આજે તું જશે?" "હા; આપ જેમ આજ્ઞા કરશો તેમ કરવા માટે હું આપનો દાસ સદા તત્પર જ છું!" શ્રીકૃષ્ણે કહ્યુ, "ઉત્તર દિશા તરફ જતા શહેરથી કેટલેક દૂર ગગાના તટપર એક અશ્વત્થ વૃક્ષ આવેલુ છે, તેનાપર ચઢીને તું છૂપાઈ બેસજે, અને ત્યા જે થાય તે ગુપ્ત રહી સર્વે જોજે પણ યાદ રાખજે, ત્યા આગળ ભય ઘણો છે?" તુરત ભીમસેન શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઈને તે અશ્વત્થ આગળ ગયો ત્યા વ્યાઘ્ર, સિંહ ઇત્યાદિ ભયકર પશુઓ, તેમ જ ભૂત, પિશાચ, ડાકિણી, વૈતાળ ઇત્યાદિ નિશાચરો, નાના પ્રકારના ભયપ્રદ શબ્દો કરી રહ્યા હતા, જે સાભળી ગમે તેવા પુરુષનુ કઠણ કાળજુ પણ થરથરી જાય તેમ હતુ. રાત્રિ અધારી ઘોર હતી અને ગગાનો પ્રવાહ ખળખળાટ કરી રહ્યો હતો તે દેખાવ જોતા કાચાપોચાના તો ગાત્ર જ શિથિલ થઈ જાય, પણ આ સઘળાથી વીરપુરુષ ભીમને જરા પણ ભય થાય તેમ ન હતુ તે તો ત્યા થતા નાના પ્રકારના ચેટકો તથા કૌતુકોને બિલકુલ ન ગણકારતા, સડસડાટ તે પીપળાના ઝાડપર ચઢી ગયો, અને પાદડાનો તથા ડાળીઓનો બરાબર ઘટાવ જોઇને તેને ઓથે એક મજબૂત શાખાપર ભરાઈ બેઠો જ્યારે દોઢેક પ્રહર રાત્રિ વીતી ત્યારે તે વૃક્ષની સામેના ભાગમા એક પછી એક એમ નાના પ્રકારના ચમત્કારો દૃષ્ટિએ પડવા લાગ્યા

પ્રથમ ત્યા આગળ ઝળઝળાટ કરતો દિવ્ય પ્રકાશ થયેલો તેના જોવામા આવ્યો પછી થોડીકવારે એક કાતિમાન્ તથા બળવાન્ પુરુષ, પવનસમાન વેગથી, તે પ્રકાશવાળા સપાટ મેદાનમા આવી, તે ભૂમિ સાફ કરવા લાગ્યો આ ભીમસેનનો પિતા વાયુ હતો તે પછી દિવ્ય શિલ્પી વિશ્વકર્માએ ત્યા આવીને જોતજોતામા એક અતિ સુંદર અને અનેક પ્રકારના મણિઓ તથા રત્નોથી જડેલા સ્તભવાળો વિશાળ મડપ રચી દીધો તેની મધ્યે એક મહાતેજસ્વી સિંહાસન મૂકયુ, તથા તેની આસપાસ બીજા અત્યત સુશોભિત નાના મોટા આસનો ગોઠવી દીધા. સભામડપ તૈયાર થયા પછી રવિસોમાદિ નવે ગ્રહો, હાથમાં છડીઓ

લઈ, દ્વારપાળો થઈને મંડપના દ્વાર આગળ આવી ઉભા રહ્યા પછી નારદ, વામદેવ, શુક, વ્યાસાદિ દેવર્ષિ ને બ્રહ્મર્ષિઓ ત્યાં આવ્યાં. પછી એકાદશ રુદ્રો, દશે દિગ્પાળો તથા ઇંદ્રાદિ તેત્રીશ કોટિ દેવો પણ ત્યાં આવ્યા; જેમને નારદ મુનિએ યોગ્ય આસનોપર બેસાડી દીધા પછી છપ્પન કોટિ યાદવો સાથે શ્રીકૃષ્ણ પરમાત્મા પણ ત્યા આવી બેઠા. તેની સાથે પાચે પાડવો આવ્યા. તેમાં પોતાના જ જેવો ભીમ જોઈ, વૃક્ષે બેઠેલા ભીમસેનને બહુ આશ્ચર્ય થયુ કે, "અરે! આ તે વળી પાડવો ક્યિા ને ભીમ તે એ કે હું? બેમાથી ખરો કોણ?" ભીમ એમ વિચાર કરે છે, એટલામા ગણો સહિત શકર આવ્યા. તેના ગણોને બહાર રાખી મુખ્ય ગણો તથા કુટુબ સહિત ભગવાન્ શકરને નારદે અદર બેસાડ્યા. પછી વિષ્ણુ અને બ્રહ્મદેવ આવ્યા, જેને પેલા સિંહાસનની બને બાજુના આસનોપર બેસાડ્યા. આ પ્રમાણે આખુ ત્રૈલોક્ય (ત્રૈલોક્યની અદર કાર્યભાર કરનારાઓ) ત્યા આવ્યુ મડપ સઘળો પરિપૂર્ણ ભરાઈ ગયો પરતુ મુખ્ય સિંહાસન તો હજી ખાલી જ હતું એ જોઈ ભીમસેનને વિચાર થયો કે, 'આ સઘળી દેવસભાનો મુખ્ય અધિપતિ તો હજી આવ્યો જ નથી! તે તે કોણ હશે? બ્રહ્મા, વિષ્ણુ અને શકર એ ત્રિગુણાત્મક ઈશ્વર પણ તેના સિંહાસનની નીચે બેઠા છે તો એનાથી શ્રેષ્ઠ કોણ છે?' આમ તે વિચાર કરતો હતો, એટલામા તો એક મહાભવ્ય સ્વરૂપવાળી સ્ત્રી, છમછમાટ કરતી, છેટેથી આવતી જણાઈ તેણે દિવ્ય વસ્ત્રાલકારો ધારણ કરેલા હતા, તેના અગની પ્રભા આગળ તે આખા મડપની અંદર બેઠેલા સૌ ઝાખાઝપ પડી જતા હતા તેનો ચોટલો છૂટો હતો ને તે છેક પગની પેની સુધી લટકી રહેલો હતો. લલાટમા કુકુમની ભવ્ય આડ કાઢેલી હતી, તેના હાથમા ત્રિશૂળ તથા પાશ ધારણ કરેલા હતાં. મડપના દ્વાર સમીપ પધારતા જ અદર બેઠેલા સર્વે દેવો એકાએક ઉભા થઈ ગયા ને તે મહામાયા આદ્યશક્તિની જય જય બોલાવવા લાગ્યા એ મહાદેવી મડપમા જઈ, પેલા મુખ્ય સિંહાસન ઉપર બેસી ગઈ તે પછી તેની આજ્ઞા થતા સૌ બેસી ગયા! તે મહામાયા આદ્યશક્તિ મહેશ્વરીએ મસ્તકપર, ક્ષણે ક્ષણે રગ બદલતો મુગટ ધારણ કરેલો હતો, દિવ્ય વસ્ત્ર એવા પરિધાન કરેલા હતા કે તે કયા અમુક રગના છે તે કહી શકાય જ નહિ ભીમસેનની દૃષ્ટિ તે મહામાયાના તેજને લીધે તેની ઉપર ઠરતી જ નહોતી, પણ ઘણીવાર નિહાળીને જોયું તો તેને જણાયું કે, 'રે! આ તો દેવી દ્રૌપદી

પોતે જ! શું એનો પ્રતાપ આટલો બધો છે કે, જેને બ્રહ્મા, વિષ્ણુ આદિ પણ નમન કરી મહામાયા આદ્યશક્તિ કહી વિનતિ કરે છે! અહો! દ્રૌપદી તો સાક્ષાત્ આદિમાયા છે! પણ વારુ, જોઉં તો ખરો કે, એ હવે શું કરે છે!

એટલામા બ્રહ્મદેવ ઉઠી હાથ જોડી વિનતિ કરવા લાગ્યા, ત્યારે તે મહામાયાએ તેને પૂછ્યું; "કમલભૂ બ્રહ્મદેવ! સૃષ્ટિક્રમ બરાબર થાય છે કે?" "હા માતુશ્રી! આપની આજ્ઞા પ્રમાણે સેવક નિરતર વર્ત્યો જાય છે." પછી આજ્ઞા થવાથી બ્રહ્મા બેસી ગયા પછી મહાદેવીએ વિષ્ણુને પૂછ્યું, "રે ચક્રપાણિ! તારા વિશ્વભર, એ પદને અનુસરીને તું સૃષ્ટિનું પાલન યથાર્થ ચલાવે છે કે? હે શૂલપાણિ! (શકરને કહ્યું) નિયમ પ્રમાણે સૃષ્ટિનું સહારકાર્ય તું ચલાવે છે કે?" બંનેએ નમન કરી વિનતિપૂર્વક કહ્યું; "માજી! આપની આજ્ઞાનુસાર સર્વ કર્યા જઇએ છીએ." ઇત્યાદિ પ્રત્યુત્તર કર્યા પછી નારદે તેમને બેસવાને કહ્યું પછી ઇંદ્રાદિ દેવો, દિક્પાળો વગેરે સૌને તેમના પોતપોતાના નિયત થયેલા કામ માટે પૂછ્યું છેલ્લે યમરાજા, આગળ આવ્યા ને દેવીને નમન કરી ઉભા રહ્યા તેણે છ રુધિરથી ભરેલા તથા એક ઠાલો એવા સાત ઘડા દેવી આગળ મૂકી જણાવ્યું, "હે માતુશ્રી! આ છ કુભો સૃષ્ટિના આરંભથી માડીને–આ કલ્પ ચાલુ થયો ત્યારથી તે અત્યાર સૂધીમાં, મહિષાસુરાદિ અનેક દૈત્યો અને યોધાઓના રક્તથી ભરેલા છે; પણ સાતમો ખાલી છે, તે હવે થનાર કૌરવ પાડવોના યુદ્ધ સમયે ભરાવાનો છે!" એ સાભળી દેવી દ્રૌપદીએ પૂછ્યું, "એ કોના રક્તથી ભરવાનો છે? એ બને પક્ષના સૈન્યમા જેના પ્રતાપી રક્તથી આ ઘટ ભરાય એવો યોધો કોણ છે?" ત્યારે યમરાયે કહ્યું, "માજી! ભીમ યોધા પોતાના બળનુ બહુ અભિમાન કરે છે, અને તેના મદને લીધે તે કોઇને પણ ગણકારતો નથી, તેના રક્તથી એ ઘટ ભરવાનો છે જો તે અહીં આવે તો હમણા જ હું આપને ભરીને સાતે ઘટ પૂર્ણ કરી આપુ!" એટલે વચમા જ નારદજી બોલી ઉઠ્યા, "અરે યમરાજ, ભીમ તો આ પેલા અશ્વત્થના વૃક્ષપર સતાઈ રહ્યો છે, માટે તારા દૂતો મોકલીને પકડાવી મગાવ!" આ સઘળુ ભીમસેન સાભળતો જ હતો, તે હવે થરથર કપવા લાગ્યો તેણે વિચાર કીધો કે, 'અહો! આજે તો મોતની ઘડી આવી પહોંચી! પણ મને શું યમદૂતો લેવા આવશે? મારે આમે

મરવું ને તેમે મરવુ તો છે જ; ત્યારે યમદૂતોના હાથે જવા કરતાં લાવની હું પોતે જ જઇને દ્રૌપદી દેવીને પગે લાગુ એ મારી સ્ત્રી નહિ, પણ દેવી છે, સાક્ષાત્ મહામાયા આદિશક્તિ છે, માટે તેની પગચપી તો શું, પણ તે તો કહે તે સેવા કરવા પણ હું તત્પર છુ,' આમ નિશ્ચય કરવા જ પીપલાના વૃક્ષપરથી ભીમસેન એકાએક, દ્રૌપદી દેવીને નમવા માટે ધડડધૂસ કરતો નીચે કુદી પડ્યો પણ એટલામા તો ત્યા તે સભાએ નહી ને કંઇએ નહિ! સઘળી માયા જોતજોતામા અદૃશ્ય થઈ ગઈ!

પણ આ દૃશ્યથી ભીમસેનને બહુ ભય વ્યાપ્યો. તેના શરીરપર પ્રસ્વેદનાં બુદેબુદ આવી ગયા, તેનું અતઃકરણ જોરથી ધડકવા લાગ્યુ! થોડીક વારે સાવધ થઈ ત્યાથી જીવ લઇને તે નાસી શહેરમા શ્રીકૃષ્ણના મુકામ આગળ ગયો, ને તેને મળી વીતેલી સર્વ વિગત યથાર્થ જણાવી પછી શ્રીકૃષ્ણે તેને ધીરજ આપી કહ્યુ, "હે વૃકોદર! હું પરમાત્મા આ જગતમા ક્ષર* અને અક્ષર† એ બને પુરુષોથી શ્રેષ્ઠ પુરુષોત્તમ છુ, અને તેં જોઈ તે મહાશક્તિ મારી માયા છે. એ મારે આધીન છે, પણ હું કોઇને આધીન નથી. મારી એ માયાના પાશથી જ આખુ જગત્ વિંટાયલુ છે, મારી પ્રેરેલી તે માયા સઘળુ કરે છે. દેવી દ્રૌપદી અને યુધિષ્ઠિરની પગચપીનો તેં જે પ્રસગ જોયો તે સર્વ મારી માયાના તત્રમા છે. દેવી દ્રૌપદી મહામાયા છે, આદ્યશક્તિ છે, એને મારી કૃપા વગર કોઇથી જિતાય એમ નથી એ કૃષ્ણા (દ્રૌપદીનુ બીજું નામ કૃષ્ણા હતુ) ને હું શ્રીકૃષ્ણ નામે જગતમા પ્રકટ છીએ, માટે જ્યારે એ દ્રૌપદીના શરીરમા મારી માયાનો પ્રવેશ થાય છે, ત્યારે ત્યારે તેને તારે સ્ત્રી નહિ માનતા તેની સેવા કરવી પણ ભીમ, એ પ્રકાર કઈ નિત્ય બનનાર નથી એ તો માત્ર મારી માયાનુ પ્રાબલ્ય તને દેખાડ્યુ છે!" આવી રીતે શ્રીકૃષ્ણ પરમાત્માએ શાંતિ આપી ત્યારે ભીમસેનનુ મન સઘળી શકા, ભય તથા અભિમાનથી નિવૃત્ત થયુ અને પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણને વારવાર નમન કરી પોતાને ભુવને ગયો. હે વિશાલ! પ્રભુની માયા એવી જ છે!

૩૩–માયા અસખ્ય રૂપિણી છે

એ માયાના રૂપ અપાર છે. મહામાયા, આદિશક્તિ, આદિમાયા જગન્માતા ઈત્યાદિ નામો, તેના અનેક રૂપોને અનુસરીને જ છે. એ

* ક્ષર–સર્વ ભૂત પ્રાણીમાત્ર † અક્ષર–ઈશ્વર

સિવાય પણ જગતમાં તે પોતે અસંખ્ય સ્વરૂપે રહી છે. વળી જેમ માયાપતિ (પરમાત્મા) રજ, તમ અને સત્વ ગુણ ધારણ કરી, બ્રહ્મા, શિવ અને વિષ્ણુરૂપે થયા છે, તેમ એ માયા પણ એ ત્રણે ગુણની દેવીરૂપે, ત્રણ સ્વરૂપ નિર્માણ કરીને વસી રહી છે. તે રજોગુણે લક્ષ્મી છે જ્યા લક્ષ્મી હોય ત્યા પ્રત્યક્ષ રજોગુણનું રાજ્ય છે, ત્યા સર્વત્ર રાજસી વૈભવ પ્રસરી રહ્યો હોય છે તમોગુણે મહાકાલી છે. કાલિકા દેવી મહાતમોગુણી હોવાથી તેણીએ અનેક દુષ્ટ રાક્ષસોને હણ્યા છે અને મૃત્યુની અધિષ્ઠાત્રી દેવી પણ તે જ છે, એટલે તમોગુણવડે સસારનો સહાર કરવાનો ગુણ તેમા પ્રત્યક્ષ છે. સત્વગુણે સરસ્વતી છે સરસ્વતી એટલે વાણી અથવા વિદ્યા. જે વિદ્યાનો આશ્રય કરે છે, તે મનુષ્ય બીજાઓ કરતા વિશેષ સત્વગુણી હોય છે, અને વિદ્યાથી જ સત્વગુણના સમુદ્રરૂપ પરમાત્માનુ જ્ઞાન થાય છે.* એ ત્રિગુણી માયા જે મહાલક્ષ્મી, મહાકાલી અને મહાસરસ્વતીરૂપે વિસ્તરેલી છે ખરી, પણ વળી તે પ્રત્યેક સ્વરૂપના પણ અશરૂપે બીજા અસખ્યરૂપે વિસ્તરેલી છે, જે રૂપો, તે તે રૂપોની ઉપાસના કરવાના ખાસ ગ્રથોમા પરિપૂર્ણરૂપે વર્ણવેલા છે હવે સાધારણ દૃષ્ટિથી જોઈએ તોપણ જણાય છે કે, સરસ્વતી વાણીદેવી એક જ પુરુષ કે મનુષ્યમા અનેકરૂપે વસે છે, તો પછી અનેક પુરુષોમા અનેકરૂપે હોય, તેમા શુ આશ્ચર્ય? એક જણને એક જ વાણીથી પૂછીએ કે, 'કેમ ભાઈ, સારી પેઠે તો છો?' ત્યારે તેના ઉત્તરમા તે કહેશે કે, 'હાજી, આપની કૃપાથી આનદ પ્રવર્તે છે.' બીજાને તે જ પ્રશ્ન પૂછીએ ત્યારે તે કહેશે, "શું, સારી પેઠે નથી ત્યારે તારે વળી કંઈ માહાબાહા પાડવાનો વિચાર છે કે?" આમ એક જ વાણીના રૂપો ભિન્ન ભિન્ન દૃષ્ટે પડે છે આજે એક છોકરી મળે તેને પૂછીએ કે, 'કેમ બેટા અથવા કેમ બ્હેન, ઠીક છેની?" પણ કાલે કદાચ તેના સાથે આપણા લગ્ન થયા તો તેને કદી બેટા કે બ્હેન કહે-

* કાશીનિવાસી સ્વામી શ્રી કૃષ્ણાનંદ સરસ્વતી સ્વર્ગસ્થ મન સુખરામને ત્યા ઉતર્યા હતા, ત્યારે સ્વામિશ્રીએ કહ્યુ કે, "વિદ્યાના આશ્રયથી સત્વગુણી જ હોય એવો કંઈ નિયમ નથી પરાવિદ્યા અર્થાત વ્યવહારકુશળ મનુષ્ય અથવા દુનિયાદારીનો ડાહ્યો મનુષ્ય વિદ્યાથી ભૂષિત હશે તોપણ સત્વગુણી હોય, રજોગુણી હોય કે તમોગુણી પણ હોય માત્ર અપરા વિદ્યાથી ભૂષિત જ સત્વગુણી હોય વ્યવહારમા, વિદ્યાથી ભૂષિત જણાતા ઘણા કામી, ક્રોધી, લોભી, માહાંધ ને મદાંધ જોવામા આવે છે

વાશે નહિ, પણ તે વખતે જૂદી જ વાણીનો પ્રયોગ કરવો પડશે. વિવાહ સમયે એ જ વાણીથી ગાણા ગવાય છે, અને મરણ સમયે એ જ વાણીથી, ઓ બાપ રે, ઓ મારે, એમ પોક મૂકાય છે એક જ વાણીથી બોલાશે કે આ સસાર અસાર છે, માટે પરમાત્માને જ સેવી જીવનનું સાર્થક કરી લેવુ, ત્યારે બીજી વાણીથી સભળાશે કે, 'આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો,' અહિં તો ખાઈ પી ચમનદારી ઉડાવવી, એ જ જીવનનું સાર્થક છે! એવી રીતે અસંખ્યરૂપે સરસ્વતી વિસ્તરેલી છે. તેમ મહાલક્ષ્મી પણ અસખ્યરૂપે છે. નાના પ્રકારના શૃગાર, દ્રવ્ય, મોજ, શોખ, બાગ, બગીચા, મહેલ, ઝુંપડા, હાથી ઘોડા ઇત્યાદિરૂપે તે જણાય છે, અનેક રીતે ભોગવાય છે. સત્પુરુષ એ મહાલક્ષ્મીનું સેવન પરાર્થે ને પરમાર્થમા કરે છે તે સતોને પોષે છે, વાવ કુવા બધાવે છે, રોગી દુઃખીને દ્રવ્ય આપી કિંવા તેમના કષ્ટ કાપવા માટે આશ્રમો સ્થાપે છે–દીનને દાન, ભુખ્યાને ભોજન, તૃષાળુને પાણી મળે તેમા લક્ષ્મી વાવરે છે સૌથી શ્રેષ્ઠ વિદ્યાદાન–તેની ગોઠવણ કરે છે, જીવની ઉત્તમ ગતિ થવા માટે તીર્થો, દેવસ્થાનો બધાવે છે પણ અસત્ પુરુષ વિષય-સેવન, મધુપાન તથા દ્યુતાદિમા એ લક્ષ્મીનો ઉપયોગ કરે છે. મહાકાલી પણ અનેક પ્રકારના વ્યાધિઓ, દુઃખો, કલેશો, શસ્ત્રાસ્ત્રો, ભય, શોકાદિ વૃત્તિઓ વગેરે દેહને અને મનને ક્ષીણ કરનારા પદાર્થોમા અનેક રૂપે વ્યાપેલી છે એવા માયાના અનેક પ્રકાર છે

૩૪–સર્વ રીતે દેવ (પરમેશ્વર) એક જ છે

વિશાલ! યજ્ઞભૂ કહે છે, આ વેળા મને શકા થઈ કે ત્યારે સર્વેશ્વર (સૌનો ઈશ્વર–સૌનો નિયતા શ્રીકૃષ્ણાદિ) અને તેની આજ્ઞામા રહેનારી માયા આદિશક્તિ છે, તથા તે મહામાયાના તત્રમા આ આખું જગત્ ભેરવાઈ રહેલુ છે, પણ ત્યારે પુરાણોમા, એટલે જે જે દેવને વિષે જે જે પુરાણ હોય તેમા તેમા, તે તે દેવને (બ્રહ્મા, વિષ્ણુ, શકર, શક્તિ, સૂર્ય, ગણપતિ ઇત્યાદિ દેવોને) સૌ કરતા વિશેષ વર્ણવેલા છે અને તેનાથી પર કોઈ છે જ નહિ, એમ વર્ણવેલુ છે તેનુ રહસ્ય શું? શિવપુરાણમા શિવને સર્વથી શ્રેષ્ઠ, અનાદિ અને જગત્કર્ત્તા કહ્યા છે, વિષ્ણુપુરાણમા વિષ્ણુને, દેવીપુરાણમા દેવીને, અને ગણેશપુરાણમા ગણપતિને સર્વથી શ્રેષ્ઠ, અનાદિ વગેરે કહ્યા છે એ શુ મિથ્યા હશે? વાસ્તવિક રીતે તેમ નથી. એ પુરાણકર્ત્તાઓનુ કહેવું સત્ય જ છે.

કારણ एको देव केवलो निर्गुणश्च। દેવ–સર્વેશ્વર–તો સદા સર્વદા સર્વત્ર એક જ છે, પણ માત્ર ઉપાધિભેદે કરીને જૂદે જૂદે રૂપે પ્રતીત થાય છે. ઈશ્વર એક જ છે, એ સંપૂર્ણ જાણ્યા છતા પણ પુરાણકર્ત્તા–શાસ્ત્રકર્ત્તાઓએ જૂદા જૂદા દેવોની ઉપાસના કરવાનું એટલા માટે જ કહ્યું છે કે, જગતમા કંઈ સઘળા મનુષ્યો સમાન પ્રકૃતિ (સ્વભાવ)ના હોતા નથી. મનુષ્ય માત્રની રુચિ ભિન્ન ભિન્ન જ છે કોઈને કોઈ ને કોઈને કોઈ વાતપર રુચિ હોય છે, માટે ઉપાસના કરનારા પોતપોતાની રુચિ પ્રમાણે ઈચ્છામા આવે તે દેવની ઉપાસના કરે, ને પૂર્ણ ભક્તિ કરી તેનો સાક્ષાત્કાર મેળવે તો પછી તે જ દેવના અનુગ્રહથી, સર્વત્ર દેવ એક જ છે એવુ સ્પષ્ટ સૂઝશે, એટલે ઉપાસક, જ્ઞાની થઈને નિર્ગુણ બ્રહ્મને ભજશે.

૩૫–માત્ર માર્ગ જ જૂદા છે

સર્વ શાસ્ત્રોનુ, પુરાણોનુ અને વેદનુ પરમ લક્ષ તો એક જ છે સૌએ જે જે કહ્યુ છે, તે માત્ર એક પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થવા અર્થે જ કહેલુ છે પણ તેઓએ ભિન્ન ભિન્ન રુચિના મનુષ્યોને અનુસરવાને માર્ગો જૂદા જૂદા બતાવ્યા છે. ધાર કે, આ ભરતખંડની મધ્યમા આવેલી અવતી નગરી એક મોક્ષપુરી છે. ત્યાં આખા ભરતખંડના આર્યજનો યાત્રાર્થે જાય છે તેમા પશ્ચિમ દિશાથી ત્યા આવનારાઓ જૂદે માર્ગેથી આવે છે, ને તેઓ પશ્ચિમ દરવાજે થઈને નગરમા પેસે છે, ને પૂર્વ દિશાના લોકો તે દિશાભણીના માર્ગથી આવે છે, ને તે દિશાના દરવાજામાથી પ્રવેશ કરે છે એમ ઉત્તર, દક્ષિણ આદિ દિશામાથી ને વિદિશામાથી આવનારા યાત્રાળુઓ, પૃથક્ પૃથક્ માર્ગે જ આવે છે. એ સઘળાઓને માટે અવંતી જવાનો એક માર્ગ નથી, અને તે હોય જ કેમ? કારણ કે પૂર્વ દિશાના રહેનારાઓ, પશ્ચિમ ભણીના માર્ગે થઈ શા માટે જાય? તેમ જવાથી તેમને મિથ્યા ચોગણો પથ કરી કષ્ટ વેઠવુ પડે, એ જ લાભ થાય! વળી ગગા જમના સરસ્વતી ગોમતી આદિ નદીઓનો માર્ગ જૂદો જૂદો છે, પણ સર્વનુ છેવટનુ સ્થાન સાગરમા લય થવામા જ છે. તેમ જ ગમે તે દેવને ઉપાસો, પણ લક્ષ્યસ્થાન એક જ હશે તો તેથી ગમે ત્યારે પણ, અથડાઈ કૂટાઈને પણ મૂળ સ્થાનને જ પ્રાપ્ત થવાશે માટે જેને જે રુચે અને યોગ્ય તથા સુગમ લાગે, તે તે માર્ગે ઈશ્વરપ્રાપ્તિને માટે મનુષ્ય પ્રાણીએ યત્ન કરવો. પણ આ સારો

કે તે સારો, આ ખરો કે તે ખરો, એવી શંકા કરનાર મનુષ્યો મિથ્યા ગોથાં જ ખાય છે, અને તેનું પતન જ થાય છે

૩૬–દેવ (પરમાત્મા) એક જ છે

બ્રહ્મ–પરમાત્મા–પરમેશ્વર–પુરુષોત્તમ એક જ છે, તે અદ્વિતીય છે, અખંડ છે, સર્વત્ર છે, પરિપૂર્ણ છે, સદા પ્રકાશિત છે, અવિનાશી છે, તે જન્મમરણ રહિત છે, વૃદ્ધિક્ષય રહિત છે અનાદિથી એ એવો જ છે. તે છે ને છે જ. તેનાથી પ્રથમ આકાશ ઉત્પન્ન થયું, એ આકાશથી વાયુ ઉત્પન્ન થયો, વાયુથી તેજ (અગ્નિ, સૂર્ય આદિમા છે તે) ઉત્પન્ન થયુ, તેજમાથી જળ તથા જળમાથી પૃથ્વી થઈ એ પૃથ્વીમાંથી ઔષધિ અને અન્ન ઉત્પન્ન થાય છે, અન્નથી વીર્ય નીપજે છે અને વીર્યમાથી પુરુષ (સૃષ્ટિ) ઉત્પન્ન થાય છે એવી રીતે આ આખું જગત્ પરંપરાએ બ્રહ્મમાથી ઉત્પન્ન થયું છે; તે બ્રહ્મમાથી ઉત્પન્ન થયું છે, થાય છે ને થશે, અને કલ્પ સમયે લય પણ બ્રહ્મમા જ થઈ ગયુ છે, થાય છે ને થશે. પૃથ્વીમા ઉત્પન્ન થયેલી સૃષ્ટિ (જળચર, સ્થળચર, નભચરાદિ) અને તેમાના સર્વ પદાર્થ–પ્રાણી કાળે કરીને મરીને, બળીને, દટાઈને, ભાગીને, ઘસાઇને માટી થઈ જાય છે લયકાળે પૃથ્વીમા પૃથ્વી; જળમા જળ, તેજમા તેજ; વાયુમા વાયુ ને આકાશમાં આકાશ, એમ પંચતત્ત્વો પરમાત્મામા વિલીન થઈ જાય છે ને પાછાં તેમાથી જ ઉત્પન્ન થાય છે. પરમાણુથી તે ઈશ્વર સૂધી આખું જગત્ બ્રહ્મમાથી ઉપજે છે ને બ્રહ્મમા જ લય પામે છે. આપરથી મેં નિશ્ચય કર્યો કે, (સૃષ્ટિની આદ્યે અન્ત્યે તથા મધ્યમા) નિરંતર–અખંડ બ્રહ્મ જ રહેલો છે. તે દેવમા દેવ, પશુમા પશુ, જડમા જડ અને ચૈતન્યમા ચૈતન્યરૂપે વ્યાપી રહ્યો છે. તે એક છે, અદ્વૈત છે અને પરમ છે. એનાથી પર કંઈ પણ નથી.

૩૭–મથન

જ્યારે પરમાત્મા એક, અદ્વૈત અને સર્વસ્વરૂપ છે ત્યારે તે પ્રત્યક્ષ દેખાતો કેમ નથી? તેના ઉત્તરમા જાણુ કે, કાષ્ઠમા અગ્નિ સર્વત્ર વ્યાપી રહ્યો છે અને તે કાષ્ઠમા સર્વવ્યાપી છે, છતા પ્રત્યક્ષ દેખાતો નથી. તેમ ચરાચર વ્યાપી–ઘટઘટ વ્યાપી બ્રહ્મ અથવા પરમપુરુષ પણ દેખાતો નથી. પરંતુ બે બને કાષ્ઠનુ પરસ્પર ખૂબ મથન કરવામા આવે તો તુરત તેમાથી અગ્નિ પ્રકટી નિકળે છે, અથવા દૂધમા સર્વાંશે ઘી ભરેલું

જ છે, પણ બહાર દેખાતું નથી, પણ તેનું જમાવીને રુડી રીતે મથન કરવાથી (વલોવવાથી) ઘૃત ઉત્પન્ન થાય છે, એમ જ પરમાત્મા સર્વ વ્યાપક છે, છતા અદૃશ્ય રહ્યો છે ખરો પણ તે ગુરુબોધથી, સત્સંગથી, સચ્છાસ્ત્રના અભ્યાસથી, સજ્ઞાનનિર્ગુણભક્તિથી, જગતનુ મિથ્યાત્વ જાણ્યાથી અને પરમના ચિંતવનથી-ઇત્યાદિ દ્વારા મથન થવાથી દર્શન આપે છે દેહીને જ્યારે આત્મસ્વરૂપનુ-ઇષ્ટ આરાધ્યનુ જ્ઞાન થાય છે, ત્યારે તેને સર્વત્ર પરબ્રહ્મ-પુરુષોત્તમનો સાક્ષાત્કાર થાય છે

૩૮-જડ અને ચૈતન્ય

કાષ્ઠઅગ્નિના ન્યાયની પેઠે જ્યારે પરમાત્મા વ્યાપક છે, ત્યારે તો કાષ્ઠમાથી અગ્નિ નિકળી ગયા પછી તે કાષ્ઠ અગ્નિથી રહિત થઈ જાય, માટે જડ અને ચૈતન્ય એ રૂપે રહેલો આત્મા દ્વૈત કહેવાય એવી શકા થશે. એ શકા સ્વાભાવિક છે, પણ સત્ય નથી અગ્નિ પ્રકટ થયા પછી કાષ્ઠ રહે જ ક્યાથી? કેમકે પ્રકટ થયેલો અગ્નિ તો સદ્ય જ બાળીને ભસ્મ કરી દે છે દૂધમાથી ઘી થયુ એટલે પછી દૂધ કયા રહ્યુ? તેવી જ રીતે જગતમા જે કઈ દૃશ્યાદૃશ્ય* વસ્તુ છે તે સર્વ જડ છે, અને તે જડનુ અસ્તિત્વ, ચૈતન્ય અથવા પરમસત્ય પરમાત્માના અધિષ્ઠાનથી જ છે જો ચૈતન્ય ન હોય તો જડનુ અસ્તિત્વ હોય જ નહિ ચૈતન્યના આધારે જ જડ પદાર્થો પણ ભાસે છે એમ ચૈતન્યમાથી જડ પ્રકટ્યુ છે ને ચૈતન્યમા જ તેનો પાછો વિલય થાય છે, માટે જડ અને ચૈતન્યમા દ્વૈતપણું† નથી દેહ જડ છે તે આત્મારૂપ ચૈતન્યવડે પ્રકાશે (રહે) છે, પણ તેમાથી ચૈતન્યરૂપ આત્મા બહાર નિકળી ગયો, એટલે તે કદી પૂર્વ જેવો રહેશે જ નહિ, અર્થાત્ હરકોઈ રીતે તે લય જ પામશે અને અવસાને ચૈતન્યમા જ મળી જશે

૩૯-સગુણ નિર્ગુણ

એ ચૈતન્ય તો કેવળ નિર્ગુણ અને નિરાકાર હોવુ જોઈયે, કેમકે નિર્ગુણ વગર સર્વત્રવ્યાકપણુ ઈત્યાદિ વિશેષણો સભવે નહિ, પણ એ નિર્ગુણને ઘણા શાસ્ત્રો સગુણરૂપે વર્ણન કરે છે તેનુ શુ સમજવુ? પ્રથમ તો મારા ગુરુદેવે જ મને પરમાત્મા મુરલીધરના સગુણ સ્વરૂપની ઉપાસના કરવા માટે ઉપદેશ કર્યો હતો અને તે વેળાએ તેણે મને કહ્યુ હતું કે, 'પરમાત્મા જગદ્રૂપે થવાથી સગુણ છે ને પરબ્રહ્મરૂપે થવાથી

* દેખાતી ને ન દખાતી † જુદાપણુ

તે નિર્ગુણ છે.'* એ પરબ્રહ્મનું સ્થાન કંઈ અન્ય સ્થળે નથી; અર્થાત્ તે કંઈ જગતથકી વ્યતિરિક્ત નથી, પણ તેમા તત્વરૂપે રહ્યો છે. આ જગતનો જ્યારે લય થાય છે ત્યારે જે શેષ રહે છે તે એ જ પરબ્રહ્મ છે–એ શેષ અથવા અનતપર તે શયન કરે છે. પરમાત્માનું શયનસ્થાન ક્ષીરસાગર છે અને શયન કરનાર નારાયણના નામે ઓળખાય છે એ પરબ્રહ્મ–પરમેશ્વર–નારાયણ, જેમ એક ગૃહમા, કુળમા, ગામમા, પ્રાતમા ને દેશમા તેનો પાલક તથા મુખી હોય છે (રાજા વગેરે), તેમ તે પોતે જ જગદ્રૂપ થઇને તેના પાલક અને નિયતા (નિયમથી ચલાવનાર–આજ્ઞામા રાખનાર) રૂપે, આખા જગત્ કરતા સર્વોત્કૃષ્ટ અદ્વિતીય એવુ એક પોતાનું નિત્યમુક્ત† સ્વરૂપ નિર્માણ કરે છે એ પરમાત્માનુ સગુણ સ્વરૂપ છે, માટે સગુણ નિર્ગુણ સ્વરૂપમા ભેદ માનવો, એ માત્ર વિતડા છે હા, એમ છે ખરુ, કે સગુણ ઉપાસના નિર્ગુણ કરતા સરળ અને પ્રથમથી જ આનદદાયક છે, અને છેવટ સૂધી તે ઉપાસનામા મગ્ન થવાથી, જેમ ભ્રમરીના ડંખથી કીટ જતે દહાડે ભ્રમરીરૂપ થઈ જાય છે, તેમ સગુણ પરબ્રહ્મની ઉપાસનાથી નિર્ગુણ પરબ્રહ્મને, પૂર્ણતાથી પણ પમાય છે જે જીવ પરબ્રહ્મમા જ એકતાર થઇ જાય છે, તે બીજા સર્વને ભૂલી જાય છે અને તે જ રૂપ થઈ જાય છે

૪૦–અક્ષર બ્રહ્મ

સગુણ ઉપાસના સરળ છે અને તે નિર્ગુણ બ્રહ્મના જ્ઞાનમા કારણરૂપ છે–સહાયભૂત છે સહાયભૂત એટલા માટે છે કે, જેમ અક્ષર એ (क, ख, ग, ઇત્યાદિ અથવા શબ્દ કે જે અક્ષરોદ્વારા સમજવામા આવી શકે છે તે) કેવળ નિર્ગુણ નિરાકાર છે એ અક્ષર क અથવા ख મોઢેથી બોલાય છે, પણ તેનુ સ્વરૂપ કેવુ છે, એ કહેવાને કોઈ સમર્થ નથી અર્થાત્ તે અરૂપ જ છે પરન્તુ વ્યવહારમા તે અક્ષરોને ઓળખવાનુ અમુક સ્વરૂપ નિર્માણ કરવુ પડે છે, જે આવો હોય તે જ क કહેવાય. હવે તેમ જાણવાથી જ્ઞાની અને અજ્ઞાની, વૃદ્ધ અને બાળક

---

* રજ, તમ અને સત્વાદિ ગુણોથી રહિત જે સ્વરૂપ તે નિર્ગુણ, અને ગુણનો જેમા સભવ છે તે સગુણ સ્વરૂપ જ્યારે ગુણોથી રહિત હોય ત્યારે તેને શરીર, રૂપ, આકાર આદિ કંઈ જ નથી, ને ગુણો સહિત હોય ત્યારે દિવ્ય શરીર, એટલે માયા–કર્મ પ્રકૃતિ એ સઘળુ છે

† નિરતર મુક્તજન, જેને સસાર જગત્ વગેરેથી કશું બધન નહિ, જેને જન્મ મરણાદિ, દુઃખ શોકાદિ કશું નહિ, પણ જે પરમાનદ સ્વરૂપ છે તે

સૌને–અક્ષર નિરાકાર છે, છતાં પણ તેનું સરળતાથી સંપૂર્ણ જ્ઞાન સાકારપણે થઈ જાય છે. તેવી જ રીતે, સગુણ બ્રહ્મની ઉપાસના કરવાથી પરમાત્માના નિર્ગુણ સ્વરૂપનું જ્ઞાન પણ સહજમાં થાય છે. અક્ષર પણ બ્રહ્મ જ છે અને તે 'અક્ષરબ્રહ્મ' એ નામથી શાસ્ત્રોમા પ્રતિપાદિત છે. આ ઉપરથી કઈ પરબ્રહ્મ જૂદો ને વળી અક્ષરબ્રહ્મ જૂદો છે એમ ન સમજવું. અક્ષર એટલે જેનો નાશ નહિ તે, અર્થાત્ અવિનાશી અને અવિનાશી એ જ બ્રહ્મ. બીજી રીતે, વિચારીશું તો જેવડે પ્રાણીઓ કહી, સમજાવી તથા પ્રમાણ કરી શકે છે એવા શબ્દના આદિરૂપનું જેનાદ્વારા જ્ઞાન થાય છે એવો જે છે તે અક્ષરબ્રહ્મ શબ્દજ્ઞાન આપનાર અક્ષરબ્રહ્મ કેવી રીતે? દૃષ્ટાંત તરીકે, અમુક સ્થળે પોતાના કોઈ મિત્રને ઘેર મોટો લગ્નસમારંભ થવાનો છે, તેથી કોઈ મનુષ્યપર તે મિત્રને ત્યાંથી એક કંકોત્રી આવી કે, "સ્વસ્તિશ્રી–ઇત્યાદિ અમારે ત્યા અમારા પુત્ર ભાઈ કૃષ્ણજીવનના લગ્ન મહા સુદિ ૫ ના નિર્ધાર્યા છે, તે ઉપર સુંદર મંડપ રચાવેલો છે ને સર્વ દેશાંતરોથી પણ અમારા સગા સબંધી પધારવાના છે. એ પ્રસંગે આપ જરૂર પધારી મંડપને શોભા આપશો" હવે એ કંકોત્રી, ઉપરથી નીચે સુધી વાંચ્યા કરે તો તેમા માંડવો, સમારંભ, સગાં સબંધી એ કશાનુ દર્શન વાચનારને થશે નહિ, પણ એ અક્ષરો વાચી, જ્યાથી કંકોત્રી આવી હતી ત્યા તેણે લક્ષણા કરી કે, 'ફલાણે સ્થળે સઘળું થવાનુ છે, માટે આપણે ત્યા જવુ. નહિ જઇએ તો તેને ખોટું લાગશે' પછી ત્યા જાય તો જ મૂળ વિષય જોવામા આવશે એવી રીતે અક્ષરબ્રહ્મના જ્ઞાનમા શબ્દો પ્રમાણરૂપ છે અક્ષરોથી શબ્દોનું અને શબ્દોથી અક્ષરબ્રહ્મનુ, એમ ઉત્તરોત્તર જ્ઞાન થાય છે.

૪૧–પ્રતિમાપૂજન

જેવી રીતે અક્ષરનુ સ્વરૂપ કલ્પિત અક્ષરો ઉપરથી સમજાય છે તેવી રીતે ભગવાનના સ્વરૂપનુ જ્ઞાન પણ પ્રતિમા ઉપરથી થાય છે અક્ષરને તો જાણે મૂળે સ્વરૂપ જ નથી, પણ પરમાત્મા તો આખા જગતમા અધિષ્ઠાતા તરીકે પોતાનું નિત્યમુક્ત અને સર્વસેવ્ય સ્વરૂપ ધારણ કરી રહ્યો છે એનુ સ્વરૂપ શાસ્ત્રોમા વર્ણવેલું છે. એના સ્વરૂપને પ્રાપ્ત થવા માટે, શાસ્ત્રમા વર્ણવ્યા પ્રમાણે, પ્રતિમા કલ્પીને તેનું પૂજન કરીએ તો પરમાત્મા તે પૂજન અંગીકાર કરે છે. ભગવાનની પ્રતિમાને લક્ષ કરીને રોજરોજ ધ્યાન કરતા જ્યારે મન–ચિત્તવૃત્તિ–

ભગવાનના સ્વરૂપ વિષે દૃઢ થાય છે, ચિત્તનો નિરોધ થાય છે, દૃષ્ટિમાં પ્રપંચ જ રહેતો નથી તથા સર્વ સંકલ્પોનું કેન્દ્રસ્થાન અદ્વિતીય ઇષ્ટમાં વિલીન થઈ જાય છે, ત્યાર પછી પ્રતિમાની જરૂર રહેતી નથી. એમ મનોનાશ થઈ, સર્વે ઇન્દ્રિય ભગવદ્રૂપ થવા પછી, તેવી ચિત્તવૃત્તિનો પણ ધીરે ધીરે નાશ કરીને, કેવળ પરમાત્મામય જ ધ્યાનાત્મક પુરુષ થઈ જાય છે; ત્યારે તેને પરમ પુરુષની પ્રતીતિ સ્વાનુભવથી થાય છે. માટે પ્રતિમા, એ ભગવાનના સત્ય સ્વરૂપનું જ્ઞાન સંપાદન કરવા માટે પ્રથમ અને શ્રેષ્ઠ સાધન છે. એ ધ્યાનાત્મક સ્વરૂપમા છેવટ પર્યંત એક લક્ષી રહેવાથી પરમપુરુષનું દર્શન થાય છે ને પરમપદની પ્રાપ્તિ પણ થાય છે. સ્વરૂપસેવન એટલા માટે જ છે કે, ચચળ ચિત્તવૃત્તિવાળાની દૃષ્ટિ સ્થિર જ રહેતી નથી. પ્રતિમાપૂજન એ ભગવત્પદપ્રાપ્તિનું પ્રથમ પાદ (પગથિયું) છે અને નિત્ય પાદ પણ છે એ પાદથી ઉત્તરોત્તર વિશેષ વિશેષ ને સહજ સહજ ઉન્નત સ્થાનમા જવાને સશક્ત થવાય છે. પ્રથમાભ્યાસીને પ્રતિમા વિના પરમાત્માના નિરાકાર સ્વરૂપનું એકદમ જ્ઞાન થઈ શકતું નથી. પણ નિરાકારનુ જ્ઞાન સપાદન કરવા માટે પ્રતિમાપૂજન એ એક મહાન્ સોપાન છે નિરાકારના જ્ઞાનથી જેમ મોક્ષ છે તેમ સાકારની ઉપાસનાથી પણ મોક્ષ છે. જો નિરાકારના જ્ઞાનથી જ મોક્ષ માનીએ ને સાકારથી મોક્ષ ન માનીએ તો અનેક ભક્તજનોનો મોક્ષ, સત્પુરુષો સાકારથી વર્ણવે છે તે વાતોના ગપોડા થઈ પડે, અને શાસ્ત્રો ધૂતારાની દુકાનો મનાય પણ સાત્વિક પ્રભુનો ઉપાસક દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, માન આદિ જે આ લોકના આનદના હેતુરૂપ મનાય છે, તેને તેવા ન માનતા અર્થાત્ નાશવતમા પ્રીતિ ન જોડતા, દેહાદિના જીવન અને વ્યવહારમા રહેવા છતા જેનાવડે દેહાદિ સમર્થ બને છે, અને જેનાવડે જ આ સર્વ દૃશ્ય આનંદરૂપ દેખાય છે–લાગે છે એવા અવિનાશી–પ્રાણના પણ પ્રાણ–પ્રભુ–સર્વના અતર્યામીને, જે પ્રતિમારૂપે–સાકારરૂપે ઉપાસે છે, અને તેમા જ સર્વ ઇન્દ્રિયનો લય કરે છે, તે મોક્ષ પામે છે

૧૨–દ્વૈત*

પરમાત્માને જૂદા માનવા, અને તેનાથી પોતાને જૂદો માનીને પરમાત્માની સેવા કરવી ઈત્યાદિ સ્વીકારીએ તો પરમ દ્વૈતપણું (જગત

* દ્વિ+ઈત=દ્વીત, તેજ દ્વૈત દ્વિ એટલે બે અને ઈત એટલે જ્ઞાન. બે પ્રકારનું જે

અને ઈશ્વરમા જૂદાપણું) કહેવાશે, આવી કેટલાએકને શંકા થશે. પરંતુ તેવી શંકા કરવી નહિ. વાસ્તવિક રીતે દ્વૈત, કંઈ આપણું કરેલું થતું નથી. પરમાત્મા જે એક સ્વયપ્રકાશ, સચ્ચિદાનદરૂપ છે તે તો એક જ છે પણ દ્વૈત વગર આનદ આવતો નથી, માટે ક્રીડા કરવાના હેતુથી, તેણે પોતે જ પોતામાથી માયા ઉત્પન્ન કીધી, એટલે વગર પૂછે દ્વૈત થયું જ. એ માયામાંથી આખું જગત્ ઉપજ્યું પણ આ દ્વૈત કઈ એમ માનવાનુ નથી કે, જગત્ એ કઈ સ્વયમેવ જૂદો જ પદાર્થ છે, ને પરમાત્મા પણ કોઈ જ જૂદો છે. બાપ દીકરો બે જૂદા તો ખરા જ, પણ સૂક્ષ્મદૃષ્ટિએ જોતા, દીકરો બાપનો અંશ જ (તેના વીર્યથી ઉપજ્યો માટે) છે, અને તેથી કરીને તેઓ એક જ છે, માટે સ્થૂલદૃષ્ટિએ પરમાત્મા અને જગત્ જૂદા (દ્વૈત) દેખાય છે, પણ સૂક્ષ્મદૃષ્ટિએ જોતા જગત્ પરમાત્માથી થયું માટે તેનાથી જૂદુ નથી જ પણ એવુ સૂક્ષ્મ રીતે જાણવાપણું કઈ સર્વમા હોતું નથી જગતની દૃષ્ટિ તો સ્થૂલ છે, માટે તે એકાએક સૂક્ષ્મ થઈ શકે નહિ, તેથી પ્રથમ દ્વૈતરાણે ઉપાસના કરતા કરતા અત્યં પ્રેમળ-ભક્તિ થઈ એટલે તે પ્રેમળ જીવનો પરમાત્મા સાથે આપોઆપ અદ્વૈતભાવ થઈ જાય છે જેમ જનકપુરનો લુહાર, બાણ ઘડવામા અદ્વૈતભાવને પામ્યો હતો, તેથી દોઢ કોશ લાબી રાજાની સ્વારી તેની પાસેથી ગઇ તો પણ તેણે જાણ્યું નહિ કે અન્ય શું છે, તેમ

૪૩-દ્વૈતવાદ

પણ આવુ સ્થૂલ દૃષ્ટિએ દેખવા માત્ર જે દ્વૈત છે, તેને દ્વૈતાદ્વૈત જ છે એમ ઠરાવવા માટે કોઈ યત્ન કરે તો તે ખોટુ જ કહેવાય, ને તેમ

જ્ઞાન હોય તે દ્વૈત જ્ઞાન ને બે પ્રકારનુ જ્ઞાન એ સમજવુ કે, કાર્ય કારણરૂપથી, નામ રૂપથી અને જીવ ઈશ્વરરૂપ ભેદથી જે સમજાય છે તે દ્વૈતવાદી, જીવ અને ઈશ્વરને સદા ભિન્નસ્વરૂપે માને છે દ્વૈતવાદી ઈશ્વર અને જીવનો આશ્રય-આશ્રયીભાવ, સેવ્ય-સેવક-ભાવ માને છે, પણ જન્ય જનકભાવ તાદાત્મ્યભાવરૂપે માનતા નથી મોક્ષ દશામા પણ જીવ ઈશ્વરાકાર થતો નથી, પણ સ્વસ્વરૂપમા જ રહે છે એમ દ્વૈતવાદી કહે છે ને માને છે, પણ જેમ સાયકાળે વિશાળ વૃક્ષમા નાનાદિક દેશથી ચારો ચરી આવેલા પક્ષીઓના ટોળા શાતપણે વસે છે, તેમ સસારના સબધથી મુક્ત થયેલા જીવો, કલ્પ-વૃક્ષસમાન પરબ્રહ્મમા પક્ષીપેરે વસે છે એમ પણ અદ્વૈત જ છે દ્વૈત અને અદ્વૈત એ માત્ર શબ્દભેદ છે વાસ્તવિક વિચારતા દ્વૈતમા જ અદ્વૈત છે અને અદ્વૈતમા દ્વૈત પ્રત્યક્ષ છે દ્વૈતવાદી સેવ્ય સેવક ધર્મને ઇષ્ટ ગણે છે, પણ પરિણામે દ્વૈત-જૂદો પણ અદ્વૈત જ-એકરૂપ જ બની જાય છે એ સમજવામા જ્ઞાનસપત્તિની જરૂર છે.

સમજનાર પોતે કદી ખરા સત્વ (પરમાત્મપ્રાપ્તિ)નો લાભ મેળવી શકે નહિ અને એ વાતના મિથ્યા મમત્વથી માનભંગ થાય તે જૂદું. આ માટે મને એક વાત સાંભરી આવી:-

કોઈએક સમયે, કાશીપુરીમા એક વિદ્વાન્ આવ્યો. તેણે ત્યાં આવ્યા પૂર્વે બીજાં મોટા મોટા સ્થળોમા મોટી મોટી સભાઓ ભરી હતી. તેમા શાસ્ત્રાર્થ કરતા પોતાનો દ્વૈતવાદ સિદ્ધ કર્યો હતો, અને ઘણાક વિદ્વાનોને પોતાના દ્વૈતવાદમા સમત કરી તેમની પાસેથી વિજયપત્ર મેળવ્યા હતા કાશીમા પણ તે એવા જ નિશ્ચયથી આવ્યો હતો કે દ્વૈત જ છે, અદ્વૈત છે જ નહિ, એ સિદ્ધ કરી હુ વિજય મેળવુ આ સમયે ત્યા અદ્વૈતાનંદ સરસ્વતી નામના એક મહાજ્ઞાની અને બ્રહ્મનિષ્ઠ સ્વામી વસતા હતા શહેરના મોટા મોટા પ્રસિદ્ધ વિદ્વાનો પણ તેની પાસેથી તત્ત્વજ્ઞાનપ્રાપ્તિની ઈચ્છાથી તેની સેવા કરતા હતા. પેલો વિદ્વાન્ પણ સ્વામી પાસે આવ્યો તેણે સ્વામીને જણાવ્યુ કે, "મહારાજ! હું દ્વૈત પ્રતિપાદક છુ ને મેં તે વાદ સિદ્ધ કર્યો છે, માટે એ સબધે મારી સાથે વાદ કરીને કા તો તમે તમારુ અદ્વૈત સિદ્ધ કરી આપો, અથવા તો મારા દ્વૈતમતના સિદ્ધાત માટે મને તમારી સહીનુ વિજયપત્ર લખી આપો!" તેનુ આ બોલવુ સાભળી, સ્વામીએ જાણી લીધુ કે, આ કોઈ વિદ્યાનો ભારવહન કરનાર વેહિયો ઢોર છે, તેથી જ કેવળ મિથ્યા મમત્વને લીધે, દેશાતરોમા ભટકી રહ્યો છે પણ હશે, આપણે શો અર્થ છે? એણે વાદ માગ્યો તો આપણે તે આપવો એમ વિચારી, સ્વામીએ તેને વાદ આપવાનુ કહી, સભા ભરવી ઠરાવી. સભાના દિવસ પૂર્વે, તેણે એક લાકડા વેચનારને (કઠીઆરાને) તથા એક હજામને સમજાવી મૂકયા કે, અમુક વખતે અમારે સભા ભરવાની છે, તે સમયપર, એક પછી એક તમારે સભામા આવીને મને મળવું ને હું પૂછુ તેનુ ઉત્તર દેવુ

નિર્માણ દિવસે ઘણાક પડિતો સભામા એકઠા થયા ને તે સર્વની સાક્ષીથી સ્વામીનો તથા પેલા દ્વૈતવાદીનો વાદ શરુ થયો પડિતે પ્રથમ જ વચન કહ્યું કે-अद्वैतमसिद्ध અદ્વૈત કહેવું એ ખોટું છે सर्वशास्त्रेष्वपि द्वैत प्रतिपादित सर्वसमत च। સર્વ શાસ્ત્રોમાં પણ સર્વ સંમતથી દ્વૈત જ પ્રતિપાદન કરેલુ છે આ પ્રમાણે તેણે પોતાના દ્વૈતના પ્રતિપાદન માટે અનેક વચન કહ્યા, ને હજુ પણ તેનુ વક્તૃત્વ ચાલુ જ હતું સ્વામી તો એકે વચનનું પ્રત્યુત્તર ન આપતાં માત્ર તેનુ ભાષણ શ્રવણ કરી રહ્યા હતા.

પંડિતજીનું થોડુંક ભાષણ ચાલ્યું તે પછી, સંકેતપૂર્વક પેલો લાકડાંવાળો, માથે લાકડાંની ભારી લઈને આવ્યો. તેને તુરત સ્વામીએ સભામાં બોલાવી, સર્વના સાંભળતાં પૂછ્યું, "ભાઈ કઠીઆરા! તું તો મોટો પરમેશ્વર દેખાય છે, જેથી આખી સભા તારા સામું જ જોઈ રહી છે!" એ શબ્દ સાંભળતાં જ તે ચમકીને બોલ્યો; "નારે બાપજી! હું કાં ને પરમેહર કાં? પરમેહર તે તો મોટો અન્નદાતા! તે તો મોટો દેવ, કેથે બેઠો ઓહે!" આખી સભા તેના વચન સાંભળી ખડખડ હસી પડી. ત્યારે સ્વામીએ વળી તેને કહ્યું; "અલ્યા શાબાસ છે! તું તો વગર ભણ્યે ને વગર મહેનતે પરમેશ્વર તારા કરવા જૂદો છે એમ જાણે છે, ત્યારે એવું દ્વૈત સમજવાને અમારે વર્ષોના વર્ષો શાસ્ત્રો ભણવાની મિથ્યા મહેનત શા માટે કરવી જોઇએ?" પછી તે કઠીઆરે સ્વામીની ઇચ્છાથી, પોતાના કાષ્ઠ વેચી, તેના દામ લીધા ને ત્યાંથી એક બાજુએ જઈ બેઠો. પેલો પંડિત કંઈ આનો મર્મ સમજ્યો નહિ તેથી તેણે તો પોતાનું ભાષણ જોસભેર આગળ ચલાવ્યું. થોડા સમય પછી પેલો હજામ આવ્યો. તેને પણ એ જ પ્રમાણે સભામાં બોલાવી સ્વામીએ કહ્યું; "આવ ભાઈ આવ, તું તો અમારો પરમેશ્વર છે!" ત્યારે હજામ બોલ્યો; "અરર! મહારાજ! આપ એ શું બોલ્યા? પરમેહર ક્યાં! ને હું ક્યાં? તે તો મારો બાપો પરભુડો, ને હું તો તેનો દાસ થવાને પણ લાયક નથી." એને પણ એક કોરે બેસાડી દીધો. થોડા સમયમાં પેલા દ્વૈતવાદીનું સભાષણ સમાપ્ત થયું પછી સ્વામીજીએ સભામાં દૃષ્ટિ કરી ને જાણે સૌ પ્રત્યે કહેતા હોય તેમ બોલ્યા, "અહો પંડિતો! પ્રથમ તો દ્વૈતવાદ સિદ્ધ કરવાના માન માટેના વિજયપત્રો, સુવર્ણપત્રપર લખાવીને આ હજામ અને કઠીઆરાને આપવા ઘટે છે; અને તે પછી ઘટે તો આ પંડિતજીને એક વિજયપત્ર આપવું! પંડિતજી તો પચીશ ત્રીશ વર્ષ સુધી બોહોળો શાસ્ત્રાભ્યાસ અને તેના મનનનો મોટો શ્રમ કરીને, આજે દ્વૈત સિદ્ધ કરવા લાગ્યા છે, પણ આ કઠીઆરા તથા હજામે તો, વગર ભણે અને વગર મહેનતે આપણા સૌની આગળ દ્વૈત સિદ્ધ કરી આપ્યું કે જીવ ને ઈશ્વર જૂદા જ છે. પંડિતજીને મારે વિનયપૂર્વક કહેવું જોઇએ કે, આવી અજ્ઞાનાવસ્થામાં પણ દ્વૈત જાણી શકાય છે, કે ઈશ્વર અને આ દેહ અથવા દેહી અને અંતરાત્મા જૂદા છે! એવું સરળ જ્ઞાન પ્રાપ્ત કરવા અર્થે તમને આટલા બધા વર્ષો શાસ્ત્રાધ્યયનપર મહેનત કરવાની કંઈ જરૂર નહોતી.

ક્ત તો કૂબળો અને હજામ સરખા પણ જાણે છે. એ જ્ઞાનઆસિમાં કોઈ વિદ્વાન્ કે વિદ્વત્તાનો ખપ નથી. પણ અદ્વૈત જાણવું એ મહાકષ્ટકારક છે. એ પરિપક્વ જ્ઞાનનું પરિણામ છે. ઉહાપોહને વિષે વિચક્ષણ, બુદ્ધિમત, વિદ્વાન્ ને મુક્તના લક્ષણવાળો પુરુષ જ અદ્વૈત જ્ઞાનનો અધિકારી છે; વિવેકી, વૈરાગ્યવાન્, શમાદિ ષટ્સંપત્તિથી સંપન્ન ને મોક્ષની ઇચ્છાવાળો હોય છે, તે જ અદ્વૈત જાણી શકે છે. પરન્તુ દ્વૈત તો આવા ક્ષુલ્લક પ્રાણી પણ જાણે છે, વિશેષ આપને શું કહું?" આ ભાષણ સાંભળીને વિવાદ કરવા માટે આવેલો તે વિદ્વાન્ તુરત તેનું રહસ્ય સમજી ગયો, જેથી લજ્જા પામીને પોતાનું ભાષણ પોતાની મેળે જ સમાપ્ત કર્યું, ને બીજે દિવસે વિજય કે દિગ્વિજયપત્ર લેવું મૂકી દઈને છાનોમાનો ચાલી નિકળ્યો.

તાત્પર્ય કે મનની સ્થૂલતા (અજ્ઞાનતા) દૂર કરવા માટે વિદ્યાભ્યાસ છે, જે કરવાથી મન પૂર્ણ રીતે વિચાર અને તુલના કરનારુ બને છે; અને વિદ્યાના પ્રસાદથી દ્વૈત જાણવાની સ્થૂલમતિ ખસી જઈને પરમાત્મા પરિપૂર્ણ એક જ છે એમ નિશ્ચય થાય છે

૪૪–અદ્વૈત

ત્યારે સદ્વિદ્યાના લાભથી મનની સ્થૂલમતિ મટી જઈને સર્વત્ર પરમાત્મા એક ભાસે છે એ કેવી રીતે? જ્યારે મારામા પણ તે જ આત્મસ્વરૂપ છે ને ઇન્દ્રમા, અગ્નિમાં, કીડીમા તથા હાથી અને ગરુડ એ સૌમાં પણ તે જ આત્મા છે, તો મને કીડીના મનની તથા ઇન્દ્રના સુખની કેમ ખબર પડતી નથી? ગુરુજીએ મને એ માટે સુવર્ણનું દૃષ્ટાંત આપેલુ છે. સુવર્ણ એક જ છે, પણ તેના ઘાટ જૂદા જૂદા છે. મારા કાનના કુંડળોમાનું અને હાથની મુદ્રિકામાનુ સુવર્ણ એક જ છે ખરુ, પણ જે સુવર્ણ કુંડળમા છે તે જ સુવર્ણ મુદ્રિકામા નથી. અગર જે સુવર્ણ જમણા કાનના કુંડળમા છે તે જ સુવર્ણ ડાબા કાનના કુંડળમા નથી. વળી આ સૂર્યનો પ્રકાશ પણ મને આ દૃષ્ટાંતમા સહાયભૂત થઈ પડ્યો, કેમકે સૂર્ય પોતે પ્રકાશક એક જ છે, તેમ તેનો પ્રકાશ પણ સર્વત્ર એક જ છે, પરતુ ઝીણી નજરે જોતા જે પ્રકાશ આ સામેના આમ્રતરુપર પડેલો છે, તેનો તે પ્રકાશ તેની જોડના કદંબતરુપર નથી. તેવી જ રીતે આ મારુ આત્મસ્વરૂપ જે સર્વત્ર એકરૂપે જ ને પરિપૂર્ણ

છે, તે જે રૂપે આ મારા શરીરરૂપી વ્યષ્ટિ* સ્થૂલ ઉપાધિને પ્રકાશે છે, તેના તે રૂપે કઈ ઇન્દ્રના શરીરરૂપી ઉપાધિને અથવા ઇન્દ્રરૂપી ઉપાધિને પ્રકાશતું નથી, તો પછી હું ઇંદ્રના સુખની કે કીડીના મનની વાત કેમ જાણી શકુ? ઉપાધિભેદને લીધે જ જૂદાપણું ભાસે છે, બાકી આત્મા કેવળ અદ્વૈત જ છે† દ્વૈત તો અવિદ્યાનુ કાર્ય છે, વિદ્યાનું કાર્ય તો અદ્વૈત જ છે સ્થળે સ્થળે ને સમયે સમયે શાસ્ત્રોએ ને મહાત્માઓએ દ્વૈત સમજાવ્યુ છે તેનો હેતુ આ જ છે કે, કોઈ પણ રીતિથી જીવાત્માને તેનુ—પરમપુરુષનુ જ્ઞાન થાય કોઈ એક બાળક છે. તે બહુ સમયથી રો રો કર્યા કરે છે તેને તેની માતા દ્રાક્ષાદિ ખાવાના પદાર્થ આપી શાન્ત પાડે છે અને આનદ—રમવુ, ફરવુ, કુદવું એ તેનુ નિત્યનુ સુખ છે તેમા તેની વૃત્તિ લગાડે છે એમા મુખ્ય આશય શાન્ત પમાડી તેના નિત્યના આનદમા તેની વૃત્તિ ચોંટાડવાનો છે, તેમ અનાદિકાળથી પ્રાપ્ત થયેલા સસારની સત્પણામા મૂઢ બનેલા, ચચળતાવાળા અને અવિદ્યાથી અધોગતિને પામેલા ચિત્તને સ્થિર કરવા, અને સત્ જે સચ્ચિદાનન્દ ઘનશ્યામ અદ્વૈત, તેમા અદ્વૈતભાવ સ્થાપવા—તે માર્ગે વળવાને જ દ્વૈતદ્વારા કેળવવામા આવે છે એ દ્વૈતમા પણ જીવ અદ્વૈતપણે જ વિચરે છે—જ્યારે તે પોતાના ઇષ્ટમા વિલીન તદાકાર થઈ જાય છે ત્યારે તેને પોતાથી જૂદો જોતો નથી, પણ પોતામા જ જોય છે, તદાકારપણું સર્વમા જોય છે. એવા અદ્વૈતના જ્ઞાન પછી સત્ય તો આ જ રહે છે કે, જેના આનદ-લેશથી વિશ્વ આનદમય છે, જેના સત્વાભાસમા સર્વનો ભાસ છે, જેના આલોચન પછી સર્વ બીજુ હેઠ છે, તે જ નિત્ય પરબ્રહ્મ હું છુ આ સર્વ બ્રહ્મ જ છે દ્વૈત કઈ જ નથી, દ્વૈત પણ અદ્વૈત જ છે, અને જે દેખાય છે તે અવિદ્યાએ પ્રેરેલો રોગ જ છે

૪૫—બ્રહ્મવેત્તા

આ પ્રમાણે દ્વૈતના સમાધાનપરથી મને એમ થયુ કે, ત્યારે એવા અદ્વૈત જાણનારા પુરુષો કેવા હશે? મારા ગુરુજીનુ મને વચન યાદ આવ્યું કે તેવા પુરુષોને તો પછી આવા કે તેવા એમ કશી ઉપમા અપાય

* ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, સાખ્યદર્શન, યોગદર્શન અને મીમાસાદર્શન,—એ પાચ દર્શનમા દ્વૈત સિદ્ધ કરવામા આવે છે, અને ઉત્તર મીમાસા—વેદાત દર્શનમા અદ્વૈત સિદ્ધ કરવામા આવે છે કેવળ માધવાચાર્યજીવાળા વેદાત દર્શનમા પણ દ્વૈત સિદ્ધાત સ્વીકારે છે.

† આ અદ્વૈત શાકરમત પ્રમાણે છે

એમ રહેતું જ નથી, કેમકે तत्त्वमसि એ મહાવાક્યનો ઉપદેશ થવાથી त्वं પદના લક્ષ્યાર્થમા અને तत् પદના લક્ષ્યાર્થમા અને तत् પદના લક્ષ્યાર્થને શાંતાત્મામા લય* કરવાથી, આત્માનો 'સાક્ષી' 'આત્મા' કે 'બ્રહ્મ' ઇત્યાદિ કશી સજ્ઞા રહેતી નથી. એવી રીતે વૃત્તિને બ્રહ્માકાર કરી શાતાત્મામા સ્થિતિ કરી રહેનાર પુરુષને બ્રહ્મવેત્તા (બ્રહ્મને જાણનાર) પણ કહેવાય નહિ, કેમકે બ્રહ્મવેત્તા એટલે તો બ્રહ્મને જાણનારો, પણ કઈ બ્રહ્મ પોતે જ નહિ; અને આ પુરુષ તો બ્રહ્મરૂપ જ થયો, માટે તેને (બ્રહ્મૈવ બ્રહ્મ જ) કહેવો જોઇએ. જ્યા સૂધી અવિદ્યા–અજ્ઞાન હોય ત્યા સૂધી જીવરૂપે રહે છે, અને અજ્ઞાન જઈ જ્ઞાન થયુ ત્યારે બ્રહ્મવેત્તા–બ્રહ્માકારવૃત્તિવાળો થાય છે. પણ આ શાતાત્મામા સ્થિતિ કરનાર બ્રહ્મૈવ તો અજ્ઞાન તથા જ્ઞાન બંનેથી રહિત હોવાથી બ્રહ્માકારવૃત્તિને પણ છોડી સ્વયપ્રકાશરૂપે રહે છે જ્ઞાની પુરુષ વ્યવહારમા રહ્યો સતો 'હુ દેહી છુ,' એમ અનર્થ કરતો નથી. પણ જેમ કોઈ મનુષ્ય વ્યાઘ્રનો વેશ ધારણ કરી, તેના મૂળ સ્વરૂપને ન જાણનાર મૂર્ખ મનુષ્યને બ્હીવડાવે છે, પણ મનુષ્યનુ ભક્ષણ કરતો નથી કે પશુને ખાઈ જતો નથી, અથવા સ્ત્રીનો વેશ ધારણ કરનાર નટવો, સ્ત્રીના હાવભાવ કરે છે, લલચાવે છે, છતા પુરુષસગની ઇચ્છા કરતો નથી, તેમ જ જ્ઞાની, વ્યવહારમા રહે છે છતા દેહગેહને ઉપાધિનો વેશ માની અનર્થ કરતો નથી કે બધાતો નથી તે દેહથી પોતાને જૂદો માને છે. દેહથી અવચ્છેદ પામેલો ચિદાભાસરૂપ આત્મા, જે દેહનો અનુભવ કરનાર છે તે જૂદો જ છે–આત્મા માત્ર સાક્ષી છે એમ માને છે આવી સ્થિતિમા રહી તે વ્યવહાર કરે છે.

૪૬–સ્વયપ્રકાશ

જ્યારે પરબ્રહ્મ પોતે સ્વયપ્રકાશ છે, અને તેની જ સત્તાથી આ સર્વ જગત્ પ્રકાશે છે, તો તે કેવી રીતે પ્રકાશે છે? તેનુ સમાધાન આમ

* ગુરુએ तत्त्वमसि (તે તુ છે) ઉપદેશ આપ્યો એટલે त्वं પદનો લક્ષ્યાર્થ જે પોતાતણુ (હુ પણું) તેને तत् પદમા એટલે તે મારુ મૂળસ્વરૂપ પરમાત્મા છે તેમા લય કર, અર્થાત્–હુ તે હુ નહિ, પણ તે તુ છુ–પરમાત્મા છુ એમ જાણ્યુ પછી તે અને હુ એટલુ માનવાપણુ સાવ મટી ગયુ એટલે સર્વત્ર કેવળ શાત સ્વરૂપ આત્મા જ છે એવુ જાણ્યુ હવે એવી સ્થિતિ થઈ ત્યારે તેને આત્મા (પરમાત્માનો અશ) પણ કહેવાય નહિ, તેમ દેહમાં રહી સાક્ષીરૂપે તેના કર્તવ્ય ભોક્તૃત્વ જોનારો એમ પણ તેને કહેવાય નહિ, તેમ તેને બ્રહ્મસજ્ઞા પણ અપાય નહિ કેમકે તે તો અનિર્વચનીય સત્યપરબ્રહ્મ થયેલો છે, અર્થાત્ તેને પછી કોઈ સંજ્ઞા (નામ–વિશેષણ) વાચ્ય થાય નહિ.

છે. પ્રથમ સ્થૂલદૃષ્ટિએ જોતા પ્રશ્ન થશે કે, આખા જગતમાં કોણ પ્રકાશ આપે છે? સૂર્ય. જ્યારે સૂર્ય. ન હોય ત્યારે ચન્દ્ર પ્રકાશ આપે છે, ને ચન્દ્ર ન હોય ત્યારે તારાગણ પ્રકાશ આપે છે ને તેના અભાવે દિવસનો અગ્નિ પ્રકાશ આપે છે. પણ એ અગ્નિ ન હોય તો? તો તે વેળા વાણી પ્રકાશ આપે છે જેમકે અધારે કોઇએ બૂમ પાડી કે, "કોણ છે?" ત્યારે તેને કહેવામાં આવે છે કે, "જમણા હાથ તરફ ચાલ્યા આવો, અમે છીએ" એવી રીતના ધ્વનિરૂપ વાણીના પ્રકાશથી તે સ્થળને જાણીને, સાભળનાર તે આધારે આધારે ચાલ્યો જાય છે. એવી રીતે સૂર્ય, અગ્નિ આદિ કોઈ ન હોય ત્યારે વાણી પ્રકાશ આપે છે એ વાણી સ્વત. પ્રકાશિત નથી, પણ બ્રહ્મથી પ્રકાશ પામે છે, કેમકે શબ્દ (ધ્વનિ) થયો, એ અક્ષરબ્રહ્મથી પ્રમાણ થાય છે હવે તેની પ્રતીતિ અર્થે જુઓ કે બ્રહ્મ (આત્મા) સદા સર્વદા–દેહની સર્વ અવસ્થાઓ (જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ આદિ)મા પ્રકાશિત જ છે જેમ, મને ફલાણુ સ્વપ્ન થયુ હતું, અથવા હું સુખેથી સૂતો હતો તે સ્વપ્ન સુષુપ્તિઆદિનો અનુભવ કરનાર આત્મા તો નિરતર પ્રકાશ કરી જ રહ્યો છે નહિ તો સુષુપ્તિ જેવી ધાડ નિદ્રા થવાથી, દેહને કે ઇદ્રિયોને કશું ભાન રહેતું નથી! તે સમે, હું સુખે સૂતો હતો એમ કેવી રીતે કહી શકાય! માટે એ સર્વ અવસ્થાનો સાક્ષી આત્મા નિરતર સ્વયપ્રકાશ છે અને એ જ સૌમા સ્વસત્તાથી પ્રકાશે છે

૪૭–આત્મા આનદરૂપ છે

આત્મા સ્વયપ્રકાશ છે, અને જાગૃતાદિ અવસ્થા દેહને થાય છે, આત્માને નહિ ત્યારે એ આત્માનું સ્વરૂપ કેવું હશે? મને ગુરુજીએ કહ્યુ છે કે, આત્મા કેવળ આનંદરૂપ છે; અને તેને દેહની કોઈ અવસ્થા સાથે સબધ નથી, તે તો કેવળ સર્વ કર્મનો સાક્ષી છે અને તેથી સ્પષ્ટ દેખાય છે કે સુખ, દુ ખ, ક્ષુધા, તૃષા, હર્ષ, શોક ઇત્યાદિ ધર્મો પણ મનના અને દેહના છે, આત્માના નથી જો આત્માના હોય તો સુષુપ્તિ* કાળે તો સૌનો લય થઈ જાય છે, ને જ્યારે દેહને કશું ભાન રહેતું નથી, તે વખતે પણ આત્મા તો એકલો અસગ સ્વયજ્યોતિ સ્વરૂપે જાગૃત જ હોય છે હવે એ આત્મા આનદરૂપ કેવી રીતે છે? જાણુ કે હરકોઈ પ્રાણીનો દેહ ગમે તેવો દુ.ખી હોય તોપણ તેને એમ કહીએ કે, "ભાઈ,

* ગાઢ નિદ્રા

તું દુખ પામે છે માટે લાવ તને અમે મારી નાખીએ; અથવા તું પોતે જ મરી જા," તો તે વાત તેને કદી સારી લાગશે નહિ; અને તે દુઃખી છતાં પણ જીવવા જ ઇચ્છશે; અથવા અનેક પ્રકારનાં વ્યાવહારિક દુ.ખો જેના શિરપર પડ્યા છે, ખાવાને અન્ન નથી–મહા કષ્ટે રોટલો મળે છે, પહેરવાને વસ્ત્ર નથી–ફાટાતૂટા પહેરી ચલાવે છે; પતિ મરણ પામ્યો છે; પુત્રો મરણ પામ્યા છે; વહુઓ વિધવાવસ્થામા રડે છે, દીકરીઓ વિધવા છે; શરીરમા આય નથી–ઉઠયુ ઉઠાતું નથી, દાંત પડી ગયા છે ને શરીરના ચામડા ઝૂલી ગયા છે–ખાતી વેળાએ જેવી તેવી ઉકાળેલી બાજરીની રાબ પીને દેહ ટકાવી રાખે છે એવી નવ્વાણું વરસની ડોસી જે આજે મરે કાલે મરે તેવા કષ્ટ ભોગવે છે, તેને કોઈ કહે છે કે, 'ડોસી મા, હવે તમે મરો?' તો તે તુરત જ કહેશે કે, 'ભાઈ તને હું શું ભારે પડી? આ સુકો પાકો રોટલો ખાઉં છુ, તે તને નડી?' અથવા એમ પણ કહેશે કે, 'તુ મરને! હું શું કામ મરુ?' એનુ કારણ કે, આત્માને દુ ખ નથી, તે તો સદા સુખી જ છે એ આત્મા પોતે જ સર્વદા પરમાનંદનુ સ્થાન છે, સુખ દુ ખ રહિત છે અને તે આત્માને લીધે જ તેની પાછળ રહેલા સ્ત્રી, પુત્ર, ઘરબાર વગેરે તથા ઇંદ્રિયાદિકના ઉત્તમ ખોળીયા વહાલા લાગે છે, પરન્તુ તેના અભાવે કોઈ પણ વસ્તુ ઉપર પ્રીતિ–ભાવ થતો નથી. સર્વ વસ્તુ ઉપર પ્રીતિ થવાનુ કારણુ આત્મા છે, કારણ કે તે પરમાનન્દરૂપ છે.

૪૮–બોધ

આ વિચારપરથી મને નિશ્ચય થયો છે કે, આત્મા તો નિરંતર જેવો ને તેવો જ–આનંદરૂપ છે, અને તેનો અનુભવ પણ સૌ મનુષ્યાદિ પ્રાણીઓ કરે છે પરન્તુ એ વાતનો તેમના અંતરમા બોધ હોતો નથી, તેથી આત્માનંદના અલૌકિક સુખ વિશે તેઓ કશુ જાણી શકતા નથી. પ્રત્યેક મનુષ્યને બોધ જોઈએ સ્ત્રીમા સ્ત્રીપણું પરિપૂર્ણપણે છે, ઉમ્મર સોળ વર્ષની થઈ છે; પણ હજી સૂધી તેની મા કે કોઈ અન્ય સ્ત્રી અથવા સખીની સાથે પુરુષના સહવાસની વાત તેણીએ કદી સાંભળી નથી, તેથી પુરુષના સહવાસસુખનું તેને કશુ ભાન નથી: જો કે તે ઘણીવાર કામકાજે પુરુષોના પ્રસંગમા આવે છે; પણ જ્યારે કોઈ વખત તે સ્ત્રીએ પુરુષસહવાસના સુખની વાત સાંભળે છે, કે તત્ક્ષણે તેના મનમા તે માટેની પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થાય છે; અને અનુભવથી તેનો

આનંદ કેવો છે તે જાણે છે તેવી રીતે મનુષ્યને પણ બોધ વગર આત્મજ્ઞાન સંબન્ધે બોધ થયા વગર-તેના ભવ્ય સ્વરૂપની ખબર પડતી નથી ને આનદ ભોગવાતો નથી એ માટે મને એક દ્દષ્ટાત સાભર્યું

એક રાજા અને તેનો મશ્કરો કોઈક સ્થળે જતા હતા. માર્ગમા એક મેદાન આવ્યુ તેને જોઈ મશ્કરાએ કહ્યુ, “અહો રાજાજી! આ મેદાન બહુ વિશાળ છે હોં!” તે સાભળી રાજાએ કહ્યુ, “અરે વળી મેદાન તે શુ? મેદાન કોને કહેતા હશે?” મશ્કરાએ વિચાર કીધો કે, રાજાને અત્યારે મેદાન પ્રત્યક્ષ બતાવીશ તોપણ તે સમજશે નહિ, માટે કઈ યુક્તિ કરવી એવા વિચારથી તે બોલ્યો, “રાજાજી! એ માટે હું તમને પછી કહીશ, તેને માટે એક વર્ષની મુદ્દત જોઇશે તથા ઘણી જમીન તથા ખરચવા પૈસા જોઇશે” રાજાએ, તે જે ઇચ્છે તે તે આપવા કબૂલ કર્યું, પણ મેદાન શુ એ જાણવાની તે અજ્ઞાને બહુ ઉત્કઠા જણાવી પછી મશ્કરાએ એક મોટો જમીનનો ભાગ ખોદાવી તેમા પાસે પાસે જાતજાતના ઝાડો રોપાવ્યા, ને અદર ભાતભાતની કુજો બનાવી જ્યારે તે બગીચાના ઝાડ, માણસથી સહજ ઉંચા થયા ત્યારે તો એવો ઘટાવ થઈ રહ્યો કે માહે કોઈ બાજુથી જરા પણ પવન સચરી શકે એવુ પણ રહ્યુ નહિ. હવે તે રાજાને પ્રતિદિન મેદાનની ઝખના લાગી રહી હતી કે મશ્કરો કયારે મેદાન બતાવે, માટે તે રોજ તેને મેદાન માટે પૂછતો હતો જ્યારે બગીચો ખરેખરો ખીલ્યો ત્યારે ખરેખરા ઉનાળાના દિવસ હતા, તાપ સખત પડતો હતો, પવન મદ હતો ને મધ્યાહ્ન થયા હતા. તે વખતે મશ્કરો રાજાને લઇને તે બગીચામા ગયો રાજાએ કહ્યુ “અરે ભાઈ મેદાન બતાવની! મને તે જોયા વગર ચહેન પડતુ નથી!” પછી રાજાને, મશ્કરાએ બગીચામા સઘળે ફેરવ્યો, પણ તાપ પ્રચડ પડતો હતો તથા ક્યાયથી પવનનો સચાર નહોતો તેથી રાજા ઘણો અકળાયો ને કહેવા લાગ્યો કે, “મેદાન બતાવ, નહિ તો મારો જીવ જાય છે!” મશ્કરાએ સકેત કરી આગળથી તે બગીચાના દરેક ઝાડ આગળ કુવાડા સાથે એકેક માણસ ઉભો રાખ્યો હતો, ને તેમને સમજાવી રાખ્યુ હતું તેથી જ્યારે રાજાની આવી આતુરતા જોઈ ત્યારે, તેણે સૌને સાન કરી દીધી કે તુરત જોતજોતામા સઘળા ઝાડવા કપાઈ ભોંયપર પડ્યા ને બગીચો હતો તેનુ મેદાન થઈ રહ્યુ! તે જ વેળાએ મશ્કરાએ રાજાને કહ્યુ, “જુઓ મહારાજ! આનુ નામ તે મેદાન!” તુરત ચારે કોરથી

થડો પવન આવ્યો, ને રાજા શાંત થયો પછી રાજાએ કહ્યું; "અરે! આવું મેદાન તો મેં આગળ પણ જોયું જ હતું!" ત્યારે મશ્કરો બોલ્યો; "મહારાજ, મેદાન તો તમે રોજ જોતા હતા, પણ તેનો તમને બોધ ન હતો, કે આને જ મેદાન કહેવાય છે પણ હવે આ બોધ થવાથી તમે પૂરેપૂરું જાણ્યું કે, આનું નામ તે મેદાન!" માટે વિશાળ, પ્રત્યેક વસ્તુ આપણે પ્રતિદિન જોઈએ છીએ, અનુભવીએ છીએ, પણ બોધ થયા પછી જ તેને યથાર્થ રૂપમા સમજી શકીએ છીએ એમ જ આત્મબોધના સબધમા પણ સમજવુ

૪૯-છુટેલો છોડ!

મને જ્ઞાન થયુ કે, બોધ વગર મનુષ્યને આત્મજ્ઞાન થતુ નથી પણ એ બોધ ખરેખરા જ્ઞાતાદ્વારા થાય તો જ કામનો, નહિ તો તેનું કશુ ફળ થતું નથી

કોઈએક શ્રીમાન્ સાહુકારને ત્યા એક પુરાણી પ્રતિદિન શ્રીમદ્‌ભાગવતની કથા કરતો હતો કથા કરતા કરતા તેને ઘણા વર્ષ વીતી ગયા શ્રીમદ્‌ભાગવતની અદરના સર્વ ઇતિહાસો તથા કથાઓ વારવાર સાભળવામા આવેલી હોવાથી શેઠને તે મુખપાઠ જેવી થઈ ગઈ હતી તે શેઠ જેમ નિત્યે કથા સાભળતો હતો, તેમ એક દિવસે પણ સાંભળતા, શ્રીમદ્‌ભાગવતના માહાત્મ્યમા એવુ આવ્યુ કે, "આ શ્રીમદ્‌ભાગવત જે કોઈ જીવ માત્ર એકવાર જ સાભળે તો તેનુ અત.કરણ શુદ્ધ થઈ, તેના સકલ્પાદિ શાત થઈ, પોતે શાતિને પામે છે!" આ વાકય સાભળવા જ તે શેઠ બોલી ઉઠયો, "મહારાજ! માહાત્મ્યમા જ્યારે આમ કહ્યુ છે, ત્યારે મેં તો તમારી પાસેથી ઘણીવાર શ્રીમદ્‌ભાગવતનુ સપૂર્ણ શ્રવણ કર્યુ છે, છતા મને શાતિ કેમ થતી નથી? હે દેવ! આ વાકય અતિશયોક્તિ ભરેલુ તો નહિ હોય?" એ સાભળી પુરાણી બાવાએ કહ્યુ, "શેઠજી! સાક્ષાત્ ઈશ્વરાવતાર મહામુનિ શ્રીવેદવ્યાસજીના વચન ત્રિકાળે પણ છેતરનારા, અસત્ય, કિંવા અતિશયોક્તિવાળા હોય નહિ, પણ એ વચનો સિદ્ધ ન થવા માટે તો આપણામા જ શ્રોતા અથવા વક્તામા જ કઈ દોષ હોવો જોઈએ." ત્યારે પુન શેઠે પૂછ્યુ, "પુરાણીજી! વારુ ત્યારે એ દોષ કોનામા હશે?" આ ઉપરથી બ્રાહ્મણે (પુરાણીએ) વિચાર કીધો કે, "હવે શું ઉત્તર દેવુ? મને તો બે પાસથી ધર્મસકટ આવી પડ્યુ! જો શ્રોતામા એટલે એ સાભળનાર શેઠમા દોષ છે એમ કહીશ, તો તે મનો-

ભંગ થઈ, મારી પાસેથી કથા શ્રવણ કરતાં શરમાશે, એટલે મારી આજીવિકા જશે; અને મારામાં, અર્થાત્ વક્તામાં દોષ છે એમ કહીશ તો તે પછી મારાથી કથા શ્રવણ ન કરતાં કોઈ બીજા પુરાણીને શોધશે, જેથી પણ મારી તો આજીવિકા જશે જ!" આવા વિચારથી તેણે શેઠને કહ્યું, "મહાશય! હમણાં તમે શ્રવણ કરો. તમારી શકા હું કોઇક પ્રસગે નિવારણ કરીશ."

બ્રાહ્મણને તો હવે આ શેઠના સમાધાનની જ ચિંતા થઈ રહી. તે મુંઝાયો કે, જ્યારે બીજી વખત શેઠ મને પૂછશે ત્યારે તેને હું શું કહીશ? આ વિચારથી તે પ્રતિદિન શોકમગ્ન રહેવા લાગ્યો, ને આજીવિકા જવાની બ્હીકે શરીરે પણ બહુ સૂકાઈ ગયો. એવામા એક દિવસે કોઇ મહાત્મા સંતપુરુષ તેને ત્યા પધાર્યો તેની સેવા પૂજા કરી, હાથ જોડી, શોકાતુર સરખો તે તેની આગળ બેઠો તે મહાત્માએ આશ્વાસન કરતા તેના દુ ખનુ કારણ પૂછ્યું. તે વેળા બ્રાહ્મણે સઘળી વિગત તે મહાત્મા આગળ વિદિત કરી. સ્વામીએ કહ્યુ, "કઈ ચિંતા કરીશ નહિ, એનો નિર્ણય હું કરીશ. તું તે શેઠને જઇને કહે કે, મારે ઘેર કોઈ સાધુ પુરુષ આવ્યા છે તે તમોને ઉત્તર આપવા માટે ઘેર બોલાવે છે" તુરત તે બ્રાહ્મણ શેઠને ત્યા ગયો ને ઉક્તવચન કહી પોતાને ત્યા યજમાનને બોલાવી લાવ્યો પછી ત્યાથી શેઠ, બ્રાહ્મણ તથા મહાત્મા એ ત્રણ જણ, શેઠની એક વાડી હતી ત્યા ગયા, વાડીમા એક સુંદર વિલાસભવન હતું તેના એક સ્તંભ સાથે સ્વામીએ પ્રથમ પેલા બ્રાહ્મણને તાણીને બાધ્યો ને તેની સામેના સ્તભ સાથે તે શેઠને તાણીને બાધ્યો! પછી તે બનેની સામે ઉભા રહી, મહાત્માએ પ્રથમ બ્રાહ્મણને કહ્યુ, "બ્રહ્મદેવ! જા તું તારા યજમાનને છોડ" ત્યારે બ્રાહ્મણે કહ્યુ, "મહારાજ, હું પોતે જ બધાયલો છુ, તે શેઠને કેમ કરીને છોડી શકું?" પછી સ્વામીએ શેઠને કહ્યુ, "શેઠજી, તમારા પુરાણીને છોડો તો!" શેઠે ઉત્તર આપ્યું; "મહારાજ! જેવો તે છે, તેવો જ હું છું હું જો છૂટો હોઉં તો તેને છોડી શકું કેની?" તુરત જ સતે તે બનેને છોડી દીધા! પછી શેઠે પૂછ્યું, "મહારાજ! મારુ ઉત્તર ક્યારે આપશો?" મહાત્માએ કહ્યુ, "અહો! હજુ તુ સમજ્યો નહિ! તારુ ઉત્તર હજુ બાકી જ છે કે? તેં તારી પોતાની મેળે જ તારા પ્રશ્નનું સમાધાન કીધુ, છતા તને સમજણ ન પડી? એક બધાયલો બીજા બંધાયલાને કેમ કરીને છોડી શકે? જે વક્તા

પોતે જ બંધાયલો, એટલે વિષયાસક્તિમાં મગ્ન હોય અને તે બીજા વિષયાસક્ત પ્રાણીને બોધ કરે તો તેથી શું ફળ મળે? પણ જો ઉપદેશ કરનાર પોતે શુદ્ધ અંતઃકરણનો-રાગદ્વેષરહિત-અર્થાત્ મુક્ત હોય ને તે જો બીજા બદ્ધ* પુરુષને ઉપદેશ કરે તો, તે બદ્ધ પુરુષ મુક્ત થઈ શકે. આ તારો ઉપદેશદાતા બધાયલો છે, તું પણ બંધાયલો છે, એમ તમે બન્ને વ્યવહારમાં લોટપોટ છો. કોણ કોને છોડવી શકે એમ છે? તારે નિશ્ચય જાણવું કે, છૂટેલો છોડે! બધાયલો છોડી શકે નહિ!'

૫૦—સંત પુરુષ

આમ બોધ વિના મનુષ્ય જ્ઞાની થતો નથી ને વળી તે બોધ તો સંત પુરુષથી મળી શકે છે. સતો એવા છે કે, બોધ તો શુ, પણ તેના સમાગમ માત્રથી મનુષ્ય, પાપ તથા દૈન્યથી મુક્ત થાય છે એ માટે કહ્યુ છે કે.—

गगा पाप शशी ताप दैन्य कल्पतरुस्त था ।
पाप ताप च दैन्य च हरेत्साधुसमागम. ॥ १॥

ભાવાર્થ—ગગામા સ્નાન કરવાથી પાપ જાય છે, ચન્દ્રમા તાપનુ હરણ કરે છે ને દીનતા (દારિદ્ર્યાદિ)ને કલ્પવૃક્ષ દૂર કરે છે, પણ સાધુ પુરુષનો સમાગમ તો એકે ફેરે એ ત્રણે (પાપ, તાપ ને દૈન્ય)ને હરણ કરે છે તે કેવી રીતે? સાભળ સંત અનીતિને માર્ગે જતા પ્રાણીને અટકાવીને તેમા કલેશ તથા દુ:ખ છે એમ સમજાવે છે, એટલે તેથી જીવ પાપ કરતા અટકે છે, અતરના કામ ક્રોધાદિ ષડ્રિપુઓને મારવાનો ઉપદેશ કરીને શાતિ આપે છે, તેથી પ્રાણીના સસારના તાપ મટે છે. હવે સુખ દુ ખ, લાભ હાનિ વગેરે પ્રારબ્ધયોગે આપોઆપ થાય છે—તેમા આપણુ કઈ ચાલતું નથી, તો પછી શા માટે મિથ્યા દીનતા રાખવી કે, 'મને ફલાણું દુ ખ છે અથવા મારી પાસે ફલાણી વસ્તુ નથી?' એ પરમાત્મા જ હર્તા કર્તા છે, તે મેં જાણ્યા નથી, તે જ પીડે છે ને પ્રારબ્ધ તો એ ડગલા આગળનુ આગળ જ છે,

यदभावि न तद्भावि भावि चेन्न तदन्यथा ।
इति चिंताविषघ्नोऽयमगद किंन्न पीयते ॥ १ ॥

'જે થવાનુ છે તે મિથ્યા થનાર નથી ને નહિ થવાનું હોય તે

* વિષયથી બધાયલા

કદી થનાર નથી, માટે એવી ચિંતારૂપી વિષને હરનારુ શાંતિરૂપ ઔષધ કાં ન પીવુ?' વગેરે ઉપદેશ સતમુખે થવાથી, તેપર વિચારવાથી, મહાત્મા સત પુરુષ પ્રાણીને દીનતાથી મુક્ત કરે છે એવા ઉદ્દાર સત પુરુષો હોય છે.

૫૧–સતસંગતિ

એવા સંત પુરુષોની સગતથી પુરુષ સહજમા, અત્યત અલક્ષ્ય એવા આત્મસુખનો અનુભવ લે છે એ સર્વે સંતની સગતિનો જ પ્રતાપ છે જેમ કે—

> असज्जन सज्जनसगयोगात्करोति दु साध्यमपीह साध्यम् ।
> पुष्पाश्रयाच्छभुजटाविरूढा पिपीलिका चुबति चद्रबिबम् ॥

'અસજ્જન (અસાધુ) પુરુષ પણ સજ્જન (સાધુ) પુરુષની સગતિથી દુ સાધ્ય* વસ્તુને પણ સાધ્ય કરી શકે છે (મેળવી શકે છે) જેમ કે કીડીએ ચન્દ્ર પાસે જવાનુ મન કીધુ, એ જો કે અસાધ્ય હતુ, તો પણ તેણે (ધતુરાના) પુષ્પનો આશ્રય લીધો તો તેની સાથે તે શકરની જટાપર ચઢી (પુષ્પ કોઈએ શિવને ચઢાવ્યુ તે સાથે) અને શિવે લલાટમા ધારણ કરેલા ચન્દ્રમાના બિમ્બનો સ્પર્શ કર્યો, તેની સાથે કીડીએ પોતાની મન કામના પૂર્ણ કરી' એવી રીતે એ પુષ્પરૂપી સજ્જનના સમાગમથી, કીડીરૂપ અસજ્જન પણ શિવજટારૂપ અક્ષય-પદારૂઢ થઈ સદ્ગતિને પામી, તો પછી મનુષ્ય જેવો કેમ પામી શકે નહિ? પણ એવી સતસગતિ એકાદિવાર થઈ એટલે થયુ એમ જાણવું નહિ, એ તો નિત્યકર્તવ્ય છે. એ માટે આ દૃષ્ટાંત છે—

૫૨–સત્સગ નિત્ય કર્તવ્ય છે

એક મહાત્મા જ્ઞાની પુરુષે શ્રોતાઓના મન તપાસવાને કથા સભળાવતા શ્રોતાઓ પ્રત્યે પ્રશ્ન કર્યું કે, "તમે પ્રતિદિન તમારા ઘરના કામકાજ છોડી ચાર ચાર ઘડી મારી પાસે આવીને બેસી રહો છો, તેમા તમને શો લાભ છે?" મહાત્માનુ આવું ઉલટુ પ્રશ્ન સાભળીને સર્વ શ્રોતા આશ્ચર્ય પામી સ્તબ્ધ થઈ બેસી રહ્યા, પણ તેમાના કોઈ-એક અનુભવી શ્રોતાએ પ્રતિપ્રશ્ન કર્યું કે, "ગુરુદેવ! આપ એ શું બોલ્યા? આપના દર્શનનો લાભ પણ અમને મળવો દુર્લભ છે તો પછી આપના, સસારરોગને નાશ કરનારાં ઔષધરૂપ વચનામૃતો કાનમા

* ન મળી શકે એવી

પડવાનાં અમારાં પામરોનાં ભાગ્ય ક્યાંથી ? આપના પ્રતિદિનના સમાગમથી અમોને અતિ ઘણો લાભ છે અમારો તથા સંસારનો, નોળીયા સર્પના જેવો પ્રસગ છે નોળીયાને અને સર્પને સ્વાભાવિક વૈર હોય છે, તેથી સર્પને જોવા જ નોળીયો પોતાના દરમાથી નીકળીને તે સાથે લડવા માંડે છે લડતા લડતા સર્પ નોળીયાને જોરથી એવા દંશ કરે છે કે, જેથી તેનુ વિષ નોળીયાના અગોઅગે વ્યાપી જાય છે પણ જ્યારે તે નોળીયો અશક્ત થઈ જાય છે, ત્યારે તુરત સર્પ આગળથી સટકી જઈ પોતાની વાડમાથી કોઈ એવી વિષહારકબુટ્ટી (વનસ્પતિ) સુંઘી આવે છે કે, તેનું સઘળુ વિષ તથા શ્રમ સમૂલુ દૂર થઈ જાય છે, અને પુનઃ તે સર્પ સાથે લડે છે વળી સર્પનુ ઝેર ચઢી જાય છે, એટલે પુનઃ વાડમા જઇને તે જડીબુટ્ટી સુઘી આવે છે વળી લડે છે, વળી બુટ્ટી સુઘી આવે છે, પુન લડે છે, પુન ઝેરથી નિર્ગત બને છે, પુન. બુટ્ટી સુઘી પાછો હતો તેવો હુશિયાર થઈ સર્પ સાથે લડે છે, એમ લડતા લડતા સર્પને આખે અગે પ્રહારો કરીને છેવટે મારી નાખે છે અને શત્રુ રહિત થઇને સુખે વસે છે તેમ, આ સસારરૂપી સર્પની સાથે અમારે લડવાનુ છે આખો દિવસ લડવાથી અર્થાત્ કામકાજ વ્યવહારાદિ કરીને તેનું ઝેર તથા થાક અમને ચઢી જાય છે ત્યારે અમે નોળીયાની પેઠે, આપ સદ્ગુરુના મુખમાની વચનરૂપ જડીબુટ્ટી સુંઘી જ્ઞાન શ્રવણ કરીએ છીએ, એટલે પૂર્વ હતા તેવા શુદ્ધ થઇને પાછા સસારસર્પ સાથે યુદ્ધ ઝમાવીએ છીએ એમ લડતા લડતા અને સસારસગરૂપ ઝેરના ડંખ સહન કરતા, ને તેના ઉતારરૂપ તમારા વચનરૂપ જડીબુટ્ટી સુઘતા સુઘતા જ્યારે એ સસારસર્પ મરી જશે ત્યારે અમે નિર્ભય થઇને આત્મસુખ ભોગવીશું એટલા માટે હે સ્વામીજી ! આપના વચનામૃતોનું શ્રવણ અમારે નિત્ય કરવુ જોઈએ "

૫૩–સસારસાગરમાં શરીર નૌકા

ગુરુજીના (મહાત્મા, સત વગેરેના પણ) અને વેદ શાસ્ત્રાદિના વચનો, સસારરોગની જડીબુટ્ટીરૂપ અથવા તો ખરેખર પારસમણિરૂપ છે, એમ મને નિશ્ચય થયો હતો તેમા આ દૃષ્ટાતથી તે નિશ્ચયને પુષ્ટિ મળી સમુદ્રમા ઘણે સ્થળે લોહચુબકના પહાડ હોય છે, તેથી તેની નજીક થઇને જો કદાચ લોઢાના ખીલાઓવાળું વહાણુ નિકળે તો તે, ચુબકના આકર્ષણુથી ઘસડાઈ, તે પહાડની સાથે જઈ અફળાય છે ને

ભાગી ફૂટી આખરે ડૂબી જઈ વિનાશ પામે છે પણ તેમ થવા પૂર્વ જ કદાચ નૌકાપતિ પોતાના વહાણને પારસમણિનો સ્પર્શ કરે (જ્યાં જ્યા લોઢુ હોય ત્યાં ત્યા પારસમણિ લગાડે) તો તેથી તેમાનું લોઢુ પોતાનુ મૂળરૂપ બદલીને (આકૃતિ બદલ્યા વગર) સુવર્ણરૂપ થઈ જાય અને તે પછી ગમે તેવા લોહચુંબક પાષાણના આકર્ષણનો તેને મુદ્દલ ભય રહેતો નથી, અને તે વહાણ સુખેથી પેલે પાર જઈ શકે છે તેવી જ રીતે આ સંસારસમુદ્રમા વિષયવાસનાઓરૂપ લોઢાના ખીલાઓથી જડેલુ (સૂક્ષ્મ અથવા લિંગ) શરીરરૂપ વહાણ, પાચ વિષયો (વિષયના પદાર્થો–ગાયન, શ્રવણ, સ્ત્રીસેવન, ઉપવન વગેરેનુ નિરીક્ષણ, મિષ્ટ-ભોજન, પુષ્પ, અત્તરનો સુવાસ વગેરે) રૂપ લોહચુંબક પાષાણના આકર્ષણથી તેની તરફ ઘસડાઈ જાય છે અને તેની સાથે (તે વિષયરૂપ પાષાણ સાથે) અફળાઈને (સસારની આસક્તિથી) નાશ પામે છે ને જન્મમરણાદિના વમળમા પડે છે પણ જો સદ્ગુરુ, વેદ, શાસ્ત્ર ઇત્યાદિથી મળેલાં મહાજ્ઞાનરૂપી પારસમણિનો, તે શરીરરૂપ વહાણને (અર્થાત્ ઇંદ્રિયોની અધિષ્ઠાતા મન સહિત બુદ્ધિને) સ્પર્શ થાય અને યથાર્થ જ્ઞાન થાય કે, 'હું બ્રહ્મ છુ, અસગ છુ, શુદ્ધ છુ, આ વિષયો મારા નથી, સંસાર સત્ય નથી, આ તો ચલિયાનો માળો છે, વખત આવે સૌ ઉડી જશે, ધન માન કીર્તિ સર્વ અસત્ય છે,–કોઈ કોઈનુ નથી, સ્ત્રી પુત્ર મિત્ર સહોદર સર્વ સ્વાર્થે આવી મળ્યા છે–ઋણાનુબધ છે ત્યા સૂધી સૌ છે, પણ ઋણાનુબંધ મટ્યુ કે હું ક્યા ને એ ક્યા, કોઈ કોઈનુ નથી, ને કોઈ કોઈની પાસે રહેવાનું નથી, સ્ત્રી કે પુત્ર મારા નથી, હુ આવ્યો ત્યારે મારી સગે સ્ત્રી ક્યા હતી? હું જઇશ ત્યારે મારી સાથે ક્યા આવવાની છે? કા તો તે મારાથી પહેલી જશે કે મારા પછી આ લોકમા કેટલાએક કાળ પર્યંત રહેશે. પુત્રો પણ મારા શેના? ઘણા આવ્યા ને ઘણા ગયા; મારા હોય તો મને ત્યજી કેમ જાય? ધન તો મારો બાપ મૂકી ગયો છે, એક દિવસ મારે એને મૂકી જવાનુ છે, અથવા મને મૂકી એ બીજાને ત્યા જશે! પૂર્વે એ મારુ હતું નહિ ને ભવિષ્યમા મારી પાસે રહેવાનુએ નથી રે આ દેહ જ મારો નથી તો બીજુ તે શુ હોય? હું જોઉં છુ કે દેહ તો અહિંયા પડી રહે છે, પણ તેમાનુ તત્ત્વ ક્યારે ચાલ્યુ જાય છે મારી સાથે જ મારો દેહ આ લોકમા આવ્યો છે, મારી સાથે જ સદા રહે છે, એક ક્ષણ પણ તે આજે મારાથી વિખૂટો પડતો નથી, છતા તે મારી સાથે

આવવાનો નથી. દેહ મારો હોય તો મારી સાથે આવે, પણ તેને તો ફુકી દેવામા આવે છે.' એમ જાણી-અનુભવથી-પોતાના મનને મજબૂત કરે છે તો જીવરૂપ વહાણમાના વાસનારૂપ ખીલા, કે જેઓ દુષ્ટ વાસનાની આસક્તિને લીધે લોઢા જેવા નીચ પદને પામેલા છે તેઓને, એ દિવ્ય જ્ઞાન સુવર્ણરૂપ થવાથી, એટલે વૈરાગ્યને લીધે આસક્તિરૂપ મળથી રહિત થઈ, શ્રેષ્ઠ જ્ઞાનવડે, ઉત્તમ રૂપ પ્રાપ્ત થવાથી, તેના ઉપર પેલા વિષયોરૂપ ચુંબક પાષાણનુ જોર ચાલી શકતું નથી, કારણ કે પુરુષ તે સર્વને મિથ્યા જાણી, તેમના ઉપર વિતૃષ્ણ થઇ જાય છે, એટલે નિર્વિઘ્ને સંસારસાગર તરી, પેલે પાર પહોંચી પરમપદને પામે છે

૫૪-વૈરાગ્ય

વિષયો ગમે તેવા બળવાન્ છે, છતા મનુષ્યને તે પર વૈરાગ્ય ઉપજે તો પછી તેઓનુ જોર ચાલી શકતું નથી, એમ ઉપરના દૃષ્ટાતમા કહેવામા આવ્યું છે, પણ હવે વૈરાગ્ય કેમ ઉપજે, તે પર મને વિચાર થયો આ જગતની વસ્તુઓ-જેનાપર અતિશય આસક્તિ હોય, તે વિષયો ઝેરરૂપ છે ને જીવનો નાશ કરનારા છે પણ એ વિષયો વ્યર્થ છે, અનિત્ય છે અને પરિણામે દુ ખકારક છે, એવુ એનુ સત્ય સ્વરૂપ સમજાય છે અને સત્ય જ્ઞાન થાય છે, ત્યારે તે ઉપરથી પ્રીતિ ઉઠી જાય છે, પ્રીતિ ઉઠી ગઈ કે વૈરાગ્ય ઉપજે છે. પરતુ કૃત્રિમ વૈરાગ્ય કઈ પણ કામનો નથી. કોઇક સસ્કારી જીવને ટચકો લાગતા જ વૈરાગ્ય ઉપજે છે ને સર્વનો ત્યાગ સત્વર કરી દે છે એવા વૈરાગ્યના સબધમા મને એક વાત યાદ આવી હતી

કોઇએક મોટા ધનાઢ્ય શેઠનો પુત્ર, કોઇ ગામના તેવા જ ધનાઢ્યની પુત્રીને પરણ્યો હતો. દૈવેચ્છાથી લગ્ન થયા પછી કેટલેક દિવસે તેના માબાપ, સર્વ સમૃદ્ધિ તેને સોંપી દેવલોક પામ્યાં. સમય આવતા તેણે પોતાની સ્ત્રીને ઘેર તેડી આ સસારની રીતિ પ્રમાણે રાત્રિ પડવા તેઓ રગમહેલમા સૂવા ગયા રગમહેલમા હાડી, વકતા, પુષ્પની ચાદર, ધૂપ, ચદનાદિક સુગધી પદાર્થોથી તથા છત્રપલગ ઇત્યાદિથી અત્યંત શોભા બની રહેલી છે, દપતી પલગપર આનદમા સૂતા છે. એટલામા જ તે વણિક્પુત્રની દૃષ્ટિ તે પોતાના પલંગની સામેની ભીંતપર પડી ત્યાં એક સુંદર અને સોનેથી મઢાવેલો મોટો આરસો ટાગેલો હતો, તેના બને ખૂણાઓની પટ્ટીપર તેના પિતા તથા માતાના મુખચિત્ર, કોઈ હોશિયાર કારીગરના કોતરેલા હતા. આ ચિત્ર જોતા જ વણિક્પુત્રની

આખમા ધડધડાટ આંસૂ આવી ગયા. થોડીકવાર તે અબોલ પડી રહ્યો! આવો પ્રકાર જોઈ પેલી નવી વહુ, જે બહુ સુશીલ તથા કુલીન હતી તે વિનયપૂર્વક બોલી, "સ્વામીનાથ! આજે તો આપણા આનદનો પ્રથમ દિવસ છે, તે પ્રસગે ઉલ્લાસ પામવાને બદલે, આપ આ શું કરો છો!" શાહપુત્ર બોલ્યો; "પ્યારી! કઈ નહિ, સહજ વિચારથી મારી આખમા આસૂ આવી ગયા!" એમ કહી વાત છુપાવવા માડી સ્ત્રી ચતુર હતી, તેણે વિચાર્યું કે, આવા આનદપ્રસગમા, સહજ કારણથી અશ્રુ વહે નહિ, તેથી બહુ બહુ આગ્રહ કર્યો કે, "નાથ! આપ દુ ખી તો હું પણ દુ ખી જ, માટે આપનુ દુ ખ મનમા દબાવશો નહિ, જે હોય તે મને કહો" સ્ત્રીનો બહુ આગ્રહ જોઈ તે વણિક્પુત્રે કહ્યુ, "પ્રિયા! આજે તું ને હું જે સઘળા સુખ ભોગવીએ છીએ તેવા સુખ પૂર્વે મારા માતપિતા ભોગવતા હતા જો, તે જ મારા પૂજ્ય માતપિતા આ બેઠા છે! એ જોતા, મને વિચાર થયો કે, આપણા કરતા પણ તેમને આપણા જેવા પ્રસગમા વધારે આનદ થયો હશે પણ બનેમાનુ આજે કોઈ જીવતુ નથી, એક પછી એક તેઓ બને ચાલ્યા ગયા ને આ સઘળુ જેમનુ તમ પડ્યુ રહ્યુ છે! એ જ પ્રમાણે આપણે બને પણ નિશ્ચયપૂર્વક ચાલ્યા જવાના છીએઃ આમાનુ કશું આપણી સાથે આવવાનુ નથી, ત્યારે આ સઘળા વૈભવથી આપણને શો લાભ? જગત્ રગ પલક સુગધનો ચટકો છે, ચાર ઘડીનો લીલો સુકો છાયડો છે, આ સૌ શોભા મિથ્યા છે તેવા જ આપણા કોમળ દેખાતા શરીર, અને આ સર્વ શોભા ને આનદભોગ પણ, આખરે ખોટા જ છે, તો તેના ઉપર તે મોહ શો? આ શરીર અને આ જગતના પદાર્થ માત્ર ક્ષણભગુર છે; તેમા મોહ કરી, જે જીવ આયુષ્ એળે ગાળે છે, એ તેની મૂઢતા જ છે" આ વચન સાભળીને તે સ્ત્રી, જે ચતુર ને જ્ઞાતા હતી, તે રહસ્ય સમજી ગઈ ને તેની પણ પતિના જેવી જ સ્થિતિ થઇ ગઈ. આવા વૈરાગ્યમા ને વૈરાગ્યમા તે આખી રાત વહી ગઈ ને એ સદ્વિચાર અતરમાથી ન ખસવાને લીધે સામટા બે ત્રણ દિવસ એમના એમ વહી ગયા, અને બને જણ જગદ્વ્યવહારથી દૂર રહ્યા પછી બન્નેનું એકાગ્રચિત્ત થવાથી, તેમણે સદ્ગુરુનો સમાગમ કરી જ્ઞાન સપાદન કર્યું અને અતે મોક્ષ પામ્યા માટે એવી રીતે વૈરાગ્યનો સચોટ ચટકો લાગવો જોઇએ ને ત્યારે જ સસાર જિતાય છે

૫૫–અજ્ઞાન કેફ

સમજણપૂર્વક, પણ અચાનક વૈરાગ્ય થાય, ત્યારે જ અજ્ઞાનરૂપી નિશો ઉતરી જાય છે. આપણે જો કે છીએ તેવા જ (મૂળસ્વરૂપે જ) છીએ, પણ અજ્ઞાનરૂપી કેફને લીધે સંસાર–જગતને સત્ય માની, ભૂલાવામા પડ્યા છીએ એ અજ્ઞાનનો નિશો છે એ અજ્ઞાન કેફ વિલક્ષણ છે. એક મનુષ્ય કોઈ જાતનો નિશો કરીને ગગાને પેલે પાર જવા નિકળ્યો સામેપાર જનારા બીજા મનુષ્યોની સાથે તે નાવડામા બેઠો. નાવ ચાલતું થયુ બને બાજુએ જળજળ જોઈ તેને નિશો વધારે ચઢવા લાગ્યો, ત્યારે તેણે નાવમા બેઠા બેઠા વિચાર કીધો કે, વખતે મને વધારે કેફ ચઢશે ને હું કયાક બદલાઈ જઇશ તો કેમ? આમ ધારી તેણે પોતાને પગે નિશાની સારુ એક દોરો બાધ્યો. જેમ જેમ નાવ આગળ ચાલતું ગયુ, તેમ તેમ તે વધારે ને વધારે ગુમ થઈ બેભાન થઇને નાવમા પડ્યો ખારવાઓ વગેરેએ જાણ્યુ કે, આણે નિશો કીધો છે, ને એને કશુ ભાન રહ્યુ નથી, તેથી તેની મશ્કરી કરવાનો ઠરાવ કીધો થોડીવારે નાવ સામેપાર પહોચવા આવ્યુ. પણ એટલામા એક અટકચાળા ખારવાએ પેલા કેફીના પગનો દોરો છાનામાના છોડી લઈ, પોતાને પગે બાધ્યો સૌ માણસો કિનારે ઉતરી પડ્યા, પછી ખારવાએ તે કેફીને બે ચાર હાક મારીને ઉતરી જવા માટે કહ્યુ, એટલે કેફીએ ઘેનમાથી જરાક ઉચુ જોયુ ત્યાર પછી ખારવાના પગ તરફ જોયું, પોતાના પગમાનો દોરો ખારવાના પગમા જોઇને તે ત્રૂટક ત્રૂટક શબ્દે બોલ્યો "અરે ભાઈ! હું તો ઉતર્યો છુ" ખારવાએ કહ્યુ, "રોંડના બેભાન, હોડીમા પડ્યો છે ને ઉતર્યો કહે છે એ શુ?" તેણે કહ્યુ, "પેલો પગમા દોરો છે એ હું છુ, કેમકે એ દોરો હું બદલાઈ ન જાઉં માટે બાધ્યો હતો. તે હુ તો ઉતર્યો છુ, માટે ઝાઝી ખટપટ નહિ કર!" આ સાભળી સૌ લોકો હસી પડ્યા બીજા ઉતારુઓને લઈ સામેપાર જવાની ઉતાવળ હોવાથી ખારવાએ તેને ઉઠવા માટે ઘણુ ઘણુ કહ્યું, પણ તે ઉઠ્યો જ નહિ, ત્યારે ક્રોધે ભરાઈ તેના લમણાપર ખારવે એક તમાચો જોરથી ખેંચી કાઢ્યો, એટલે તુરત તેનુ મસ્તક ઠેકાણે આવી ગયુ, કેફ ઉતરી ગઈ ને તે ઝટપટ કિનારે ઉતરી પડ્યો!

આવી જ રીતે આપણે અજ્ઞાનરૂપી કેફથી ભૂલી, મિથ્યા વસ્તુપર આસક્તિ રાખી, કેફના ઘેનમા પડ્યા છીએ તેથી આત્માના સત્યસ્વરૂપને ભૂલી ગયા છીએ, અને તેથી વેદ, શાસ્ત્ર અને ગુરુ આદિ નાવિ-

કોના સત્યવચનને પણ કંઈ ધ્યાનમાં લાવતા નથી. પણ જેમ તે ખારવાએ તમાચો મારવાથી કેફીનું ભાન ઠેકાણે આવ્યું, તેમ સંસારમા મનુષ્યને એવો એકાદો જ્ઞાનરૂપ ફટકો પડે છે, ત્યારે જ તેનું ભાન ઠેકાણે આવી, અજ્ઞાન નિશો ઉતરી જાય છે, ને પછી સસારમા રહ્યો સતો વૈરાગ્યે વર્તે છે.

૫૬–વૈરાગ્ય ફટકો–વિદ્વાન્ ચોર

આવો ફટકો તે એક રાજાને લાગ્યો હતો, તે વાત તે પછી મને સાભરી આવી. પૂર્વે ઘણી વિસ્તીર્ણ પૃથ્વીનો સ્વામી એક રાજા હતો તે સર્વ વાતે સુખી હતો ધન, ધાન્ય, પુત્રપૌત્રાદિક સતતિ, રાજ્ય, સૈન્ય, કુટુબ, મિત્ર અને એવી બીજી સર્વ વસ્તુઓ તેને પરમ અનુકૂળ હતી દુ ખ કોઈ વાતનુ નહોતુ એક રાત્રિએ તે પોતાના રગમહેલમા સૂતો હતો, તે વેળા તેને વિચાર થઈ આવ્યો કે, 'અહો! મારા જેવો કોણ સુખી હશે? મને સર્વ વસ્તુ આ વેળા અનુકૂળ છે, દુ ખનો લેશ પણ નથી, માટે મને ધન્ય છે!" આવા વિચારમા તેણે પોતાના સુખોનુ વર્ણન કરનારો એક શ્લોક મહેલની ભીંતે લખવા માડ્યો—

> चेतोहरा युवतय सुहृदोऽनुकूला ।
> सद्बांधवा प्रणयनम्रगिरश्च भृत्या ॥
> गर्जंति दंतिनिवहास्तरलास्तुरगा ।

[અર્થ.–"મનોહર તરુણ સ્રીઓ છે, અનુકૂળ મિત્રો છે, સારા બાધવો છે, આજ્ઞાને આધીન નમ્ર વાણી બોલનારો ભૃત્ય* વર્ગ છે, હાથીઓ ગર્જના કરી રહ્યા છે અને ઘોડાઓ કુદી રહ્યા છે"] આમ ત્રણ ચરણો તો તુરત ભીંત ઉપર લખી નાખ્યા, પણ ચોથુ ચરણ કેમ પૂરુ કરવું, તેના વિચારમા તે પડી ગયો એ વેળા રાત્રિ ઘણી ગયેલી હોવાથી નેત્રમા નિદ્રા આવવા માડી હતી, તેથી બાકીનો શ્લોક કાલે પૂરો કરવાના વિચારથી, તે શ્લોક અધૂરો મૂકીને જ તે રાજા ઉઘી ગયો. એવામા એક કૌતુક બન્યુ

એ જ શહેરના કોઈ બ્રાહ્મણના પુત્રને ચોરી કરવાની ટેવ પડેલી હતી. બ્રાહ્મણપિતા પોતે બહુ વિદ્વાન્ હોવાથી તેણે, છોકરો ચોરી કરતો અટકે, એને માટે કર્મવિપાક તથા ધર્મશાસ્ત્ર વગેરેના ગ્રથો ભણાવ્યા

* ચાકરો

હતા. ફલાણી વસ્તુ ચોરવાથી ફલાણું પાપ લાગે છે, ફલાણું ચોરનારને યમરાજ ફલાણી શિક્ષા કરે છે, ઇત્યાદિ વિષયો ચોરપુત્રના હૃદયમાં સંપૂર્ણપણે ઠસાવ્યા હતા—એટલા જ માટે કે, જે જાણવાથી ડરીને છોકરાનુ મન ચોરી કરતાં પાછું હઠે છોકરો પણ બાપ જેવો જ ભણીને વિદ્વાન્ થયો હતો, પણ ચોરી કરવાની કુટેવ પડેલી, તે કેમે કરી જાય નહિ. ઉપલે જ દિવસે તે બ્રાહ્મણપુત્ર રાત્રે ચોરી કરવા નિકળ્યો ફરતો ફરતો એ વિદ્વાન્ ચોર, ખાસ રાજાના મહેલમા જ લાગ ફાવવાથી ઘસી ગયો મહેલમા ફર્યો, પણ શુ ચોરવુ તે તેને સૂઝે નહિ. રાજાના મહેલમા કશી વસ્તુ નકામી ન હતી સુવર્ણ લેવામા અમુક દોષ છે, ઝવેરાત અથવા રૂપુ લેવા માટે ધર્મશાસ્ત્રોમા ફલાણો દોષ કહેલો છે, ઇત્યાદિ વિચારમા તેનાથી કશું ચોરાયું નહિ પછી ચોરવા જેવી નિર્દોષ વસ્તુની શોધમા તે ફરતો ફરતો રાજાના પલગ આગળ જઈ ચઢ્યો રાજા તો ઉંઘતો હતો, એટલે નિશ્ચિંતપણે ચો મેર દૃષ્ટિ કરતા, પાસેની ભીંતપર લખેલો શ્લોક જોયો બ્રાહ્મણપુત્રે જોયું તો તે શ્લોક અધૂરો હતો, તેથી વિચાર્યુ કે લાવ હુ એને પૂરો કરુ પછી ત્રણ પદની સાથે તેણે ચોથુ પદ લખ્યુ કે.—

सम्मीलने नयनयोर्नहि किंचिदस्ति ॥ १ ॥

[‘બે આખ્યો મીંચાઈ એટલે પછી એમાનુ કંઈ તારુ નથી.’] એટલુ લખી, પછી જે વસ્તુ ચોરવામા પોતાને કશો બાધ ન લાગે તેવા શાળનાં ફોતરા લઈ તે ત્યાથી બહાર નીકળી ગયો.

પ્રાતઃકાળે ઉઠતા જ રાજાની દૃષ્ટિ ભીંતપર ગઈ અને શ્લોક પૂરો થયેલો જોયો. વળી એ છેલ્લુ પદ હૃદય ભેદે એવુ જોયુ તેનુ મન બહુ જ પ્રફુલ્લિત થયુ તેણે વિચાર કર્યો કે, ખરેખર! મારો અંતકાળ આવશે, એટલે એમાનુ કઇ મારી સાથે નહિ આવે, માટે મારે એ સઘળા ઉપર શા માટે મિથ્યા મોહ રાખવો જોઇએ! પણ અરે! મને આ મોહનિદ્રામાથી આ શ્લોક લખી જગાડનાર ખરેખર કોઈ વિદ્વાન્—મહાવિદ્વાન્ જ હોવો જોઇએ! તે કોણ હશે?’ તેને જોવાની ઉત્કંઠાથી તેણે નગરમા દાડી પીટાવી, શ્લોક લખનાર દ્વિજપુત્રને બોલાવી ભારે શિરપાવ આપ્યો. પોતાને સસારપરથી વૈરાગ્ય ઉપજવાને લીધે તત્ત્વોપદેશ લઈ તે જ ક્ષણથી તેણે જીવન્મુક્ત થઈ શેષ આયુષ્ય ગાળ્યું.

એવી રીતે અકસ્માત્ ફટકો લાગવાથી પણ મનુષ્યને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. મારા ગુરુજીએ મને સારાસાર વિચારના કર્તવ્ય માટે મહારાજા જનકનુ દૃષ્ટાંત દીધુ હતું તેમા જણાવ્યા પ્રમાણે જનકરાયને પણ પોતાના સ્વપ્નપરથી જ, અકસ્માત્ વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો.

૫૭—અધિકાર

તે પછી મને વિચાર આવ્યો કે, શું આ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, આત્મરસાયન જાણવુ, શોધવુ, પાન કરવુ ઇત્યાદિ, સૌ જીવને માટે સરખા હશે, ને શું તે સૌના આગળ સરખી પ્રતિષ્ઠા પામતા હશે? નહિ જ તેમ કેમ હોય? જેવી પ્રકૃતિ હોય, તેવી વાત તેને રુચે છે. પાપી મનુષ્યને એમાનું કશુંએ રુચતું નથી કદાચ એના ભોક્તા—અધિકારી વિના જો કોઈ પરાણે તેને રુચાડવા કે કહેવા જાય છે તો તેથી વિપરીત પરિણામ આવે છે. આ અધિકાર માટે તો ગુરુજીએ મને, પેલા મહાત્માએ, પાખડી કાલિકાપુત્રને કરેલા ઉપદેશનુ દૃષ્ટાંત આપ્યું હતું વળી સ્મરણ થયુ કે, એ જ પ્રમાણે પૂર્વે એક બ્રહ્મર્ષિએ ઇન્દ્રને બ્રહ્મવિદ્યા આપવા માંડી જેથી ઇંદ્રને વૈરાગ્ય થવા માડ્યો ઈન્દ્રે વિચાર કર્યો કે, 'આ તો ઘરબાર જવાની વાતો છે!' પછી ક્રોધ કરીને તેણે ઋષિને કહ્યુ, 'ખબરદાર! જો આજ પછી કોઇને તમે બ્રહ્મવિદ્યા આપવાનુ નામ પણ લીધુ તો હું તમારુ માથુ કાપી નાખીશ અમે જેમ બને તેમ સૃષ્ટિની વૃદ્ધિનો યત્ન કરીએ, ત્યારે તમે આમ સૌને વિરાગી બનાવી મૂકો, તે કેમ પાલવે? એ અમારે જોઇએ નહિ, તેમ કોઇને આપશો પણ નહિ' ઋષિએ કહ્યુ, 'બહુ સારુ ભાઈ, લવરી કરવી મટી બાપ, તેં મને પૂરો સુખીઓ કર્યો હવે આજ પછી કોઈને બ્રહ્મવિદ્યાનો કે બ્રહ્મપ્રાપ્તિનો ઉપદેશ નહિ જ આપુ' માટે, અધિકારી થયા વગર આ વિદ્યા કોઇને આપવી કે કહેવી એ વૃથા છે.

૫૮—અનુભવ

વળી આ આત્મવિદ્યા સબધે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યાદિની વાતો જ માત્ર સાભળવાથી, તેનો અનુભવ થયા વગર, તે કશા કામની નથી પણ હું શા ઉપરથી અનુભવ લઉં? મારી પોતાની સ્વમતિએ કરેલો અનુભવ શુ યથાર્થ જ્ઞાન આપશે? ના! જગતમા સૌની પ્રકૃતિ એક નથી, પણ જૂદી જૂદી છે અને અનુભવ પણ જૂદો જૂદો થાય છે. મને પગે ચાલવાનો અને હાથે જમવાનો અનુભવ છે ખરો, પણ તેથી આકાશમાં

પાંખવડે ઉડવાનો અને ચાંચવડે ખાવાનો ઇત્યાદિ પક્ષીની ગતિનો અનુભવ હું કરી શકીશ નહિ. મને અનુભવ છે કે, મુહૂર્ત કરતા વધારે સમય પાણીમા ડુબકી મારી રહું તો મારા પ્રાણ જાય, પણ મત્સ્યને તે મોટો અનુભવ સહાનો છે. દિવસના દિવસ સૂધી તે પાણીમા રહી શકે છે. એમ સ્વાત્માનુભવ સાર્વજનિક હોતો નથી પણ બ્રહ્મવિદ્યા તો સાર્વજનિક છે. તેને માટે ગુરુ, શાસ્ત્ર અને વેદ એ ત્રણેનો અનુભવ કરીને યથાર્થ જ્ઞાન સંપાદન કરવુ આવશ્યક છે એકલા શાસ્ત્રો કે વિદ્વાનો વગેરેના વચનપર પણ પ્રતીતિ કરવી યોગ્ય નથી, કેમકે તેમા પણ ભિન્નભિન્ન અનુભવ છે સન્માર્ગદર્શક સત્વગુણી આચાર્ય-ગુરુ, ઉપદેશક બ્રાહ્મણ વગેરેને પૂછીએ તો તે કહેશે કે, 'ભાઈ, સ્ત્રીએ પતિવ્રતા રહેવુ, સ્વામીને ઈશ્વર માની તેની સેવા કરવી ને પુરુષે એક પત્નીવ્રત રહેવુ, પરસ્ત્રીને મા સમાન જાણવી, વગેરે' પણ રાજસ તામસના દાસોને પૂછીએ તો તેથી ઉલટો જ જવાબ આપશે જેને જેવુ ભાસે તેવુ તે કહેશે. માસભક્ષણની કોઇને ના કહેશે, તો તેનો ઉપયોગ કરનારા હા કહેશે. એમ શાસ્ત્રોમા પણ બહુ ઋષિમત ભરેલા છે જેને જે ઠીક લાગે તે પ્રમાણે તે લખી ગયા છે, માટે એમા કોનો અનુભવ ખરો માનવો, તે વિષે બહુ બહુ ગોટાળામા પડાય છે. એટલા માટે, જિજ્ઞાસુએ પ્રથમ સદ્ગુરુ, પછી વેદશાસ્ત્ર અને છેવટે તેના ઉપદેશ પ્રમાણે સ્વાત્માનુભવ કરવો, અને તે જ અનુભવ ખરો સમજવો અને તેનાથી જ ખરો માર્ગ-બ્રહ્મવિદ્યાનો માર્ગ સૂઝે છે

૫૯-નિશ્ચય

મનુષ્યને અનુભવ થયા પછી પણ ઘણીક વેળાએ શ્રદ્ધાપૂર્વક એક નિશ્ચય થવો-દૃઢતા થવી, એ ઘણી જરૂરની વાત છે. ઘણીવાર આપણા જાણવામા આવ્યુ છે કે, આ અસાર સસારમા સારરૂપ તત્ત્વ કઈ નથી અને આ સર્વ દેખાતા પદાર્થો ઉપાધિરૂપ છે અને તેનાપરના મોહથી ફસાઈ-બંધાઈ વારંવાર સસારસાગરમા આપણે અટવાઇએ છીએ, આથડીએ છીએ, ગુચવાઇએ છીએ અને કદીમદી પરબ્રહ્મને જાણવાનો નિશ્ચય કરીએ છીએ ખરા, છતા પાછા ભૂલાવો ખાઇને ચોરાસીના ફેરામા પડીએ છીએ. એવુ જ્ઞાન થાય છે ખરુ, તથાપિ તેમાથી નિકળવાને આપણે અશક્ત જ રહેવામા આનન્દ માનીએ છીએ. અનુભવ કહે છે કે, સસાર અસાર છે અને મનુષ્યનુ મન સકલ્પ વિકલ્પવાળુ હોવાથી, વારે વારે સસારની

રેંટમાળામાં ફસાઈ ઉપર ને નિચે ફર્યા કરે છે. તેમાથી કેમ છૂટવું? તેને માટે મને સરળ માર્ગ એ જ જણાયો કે, શ્રદ્ધાપૂર્વક એક મને અને દૃઢ મને એકનો જ નિશ્ચય કરવો-પ્રભુ પ્રેમમાં અડગ રહેવુ. જીવ અસતોષી ને ચચળ છે, પણ પરમાત્મા સતોષી ને અચળ છે. જીવે પરમાત્માપરના પ્રેમમા મસ્ત રહીને સુખદુ ખ આવે તોએ પરમાત્મ-સ્વરૂપના અનુસધાનમા દૃઢતા જ રાખવી. નિત્ય જ વિચારવું કે, આ જગત્ મિથ્યા છે; તેમા સુખદુ ખ ક્ષણે ક્ષણે આવે છે ને જાય છે અને તેથી અલ્પજ્ઞ જીવને અધીરતા થવાના કારણો મળે છે પણ જે જીવ વૈરાગ્યમા દૃઢ હોય છે, તેને કોઈ પણ ઉપાધિ બાધ કરી શકતી નથી. માયાના મોહમાથી મુક્ત થયેલા જીવને સુખ આવો કે દુ ખ આવો, તે સમાન જ છે, પુત્ર જન્મો કે પચત્વને પામો, તેમા હર્ષ નથી ને શોક નથી સૂક્ષ્મદૃષ્ટિએ અતરઆત્મામા જોવાથી સ્પષ્ટ જણાશે કે, આ મને જ જગતને સત્ય કલ્પ્યુ છ, પુત્રને મારો છે એમ મનાવ્યું છે! એમ અસત્યતામા સત્યતા બતાવી, એ જ મને જીવને ફસાવ્યો છે. પણ એ જ મન નિશ્ચય કરીને હરિને સર્વ કલ્યાણના ગુરુ માને ને તેમા જ અડગ રહે તો પછી સત્યપરથી આસક્તિ ઉઠી જાય નહિ. આ લોકમા શ્રેય જૂદુ છે તેમ જ પ્રેય જૂદુ છે શ્રેય આત્યતિક છે, પ્રેય કામ્ય છે ફલેચ્છાથી જે કર્મ કરવામા આવે તે પ્રેય, નિષ્કામપણાથી, માત્ર મુક્તિની સિદ્ધિ અર્થે જે કર્મ કરવામા આવે તે શ્રેય વળી પ્રેમ એ જૂદી જ વસ્તુ છે. સુખની ઇચ્છાથી સ્ત્રી પુત્ર ધન માનમા જે પ્રેમ કરવામા આવે તે પ્રેમ નહિ પણ વાસનાનુ બધન છે, પણ નિરુપાધિક-સર્વદા કલ્યાણ માર્ગે પ્રેરતો અને કલ્યાણ જ આપનારો પરમાત્મા, તેનાપ્રતિ નિશ્ચળવૃત્તિ તે જ પ્રેમ અને તે જ પ્રેમ સત્ય છે. પ્રેમ દુ ખનું કારણ છે, સ્વલ્પકાળ આનદ આપે છે, મૂઢમતિ જ તેમા પ્રેમ કરે છે-અને તેમા બધાય છે પરમપુરુષ શ્રીહરિ નિરતિશય સુખનુ આત્યતિક પુણ્યનુ સાધન અને આત્યતિક શ્રેય-પ્રેમનુ સ્થાન છે જે શ્રીહરિમા અડગ નિશ્ચયવાળો તત્ત્વ-જ્ઞાની ભક્ત છે તે જ તેનો આશ્રય કરે છે એવી સ્થિતિ પ્રાપ્ત થવા માટે 'જ્ઞાનગર્ભ' વૈરાગ્ય થવો જોઇએ ઘરમા ખાવાની વિટમ્બણાથી, સ્ત્રી પુત્રાદિના સતાપથી, સ્નેહી મિત્રના મરણથી, આશાના નાશથી, તૃષ્ણાની તૃપ્તિ ન થવાથી અતરમા જે દુઃખ થાય ને તેથી જે વૈરાગ્ય ઉપજે તે સાચો વૈરાગ્ય નથી. એવા વૈરાગ્યને 'નિર્વેદ વૈરાગ્ય' કહે છે. એવો

વૈરાગ્ય જેને વ્યાપે છે તે ક્ષણિક છે. આવતું દુ:ખ અટકી જાય, આવેલા દુ:ખનો નાશ થાય–સુખ ઉછળી ઉછળી આલિંગન કરે કે આ ક્ષણિક વૈરાગ્ય ક્યા નાસી જાય છે, તે સ્વપ્ને પણ જોવામાં આવતું નથી પણ જે પુરુષમાં 'જ્ઞાનગર્ભ' વૈરાગ્ય આવે છે તે તો, જેમ ઓકી કાઢેલા પદાર્થપર પાછી નજર કરવાની ઇચ્છા જ થતી નથી, તેમ જેનો ત્યાગ કીધો છે તે પ્રતિ દૃષ્ટિ પણ કરતો નથી. ત્યાગ બે પ્રકારના છે ગેહપ્રવ્રજ્યા અને દેહપ્રવ્રજ્યા અંતરના દોષો ગયા વગર ગેહપ્રવ્રજ્યા–ઘરબાર, ધન માન, પુત્ર સ્ત્રી મિત્રાદિનો ત્યાગ–થઈ શકે છે; પણ તે ત્યાગ ને તેથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય માત્ર બહારનો જ વૈરાગ્ય છે. એવો વૈરાગ્ય માત્ર મનની મશ્કરીરૂપ છે પણ દેહપ્રવ્રજ્યા એટલે દેહાભિમાનનુ છૂટી જવુ, સઙ્કલ્પનો સન્યાસ થવો, વાસનાનુ અવસાન થવુ, તેવી સમજણ સાથે જે વૈરાગ્ય વ્યાપે છે, તે જ પરમ સુખદાયી ને મુક્તિદાતા વૈરાગ્ય છે એવો વૈરાગ્ય કેમ આવે? એવો વૈરાગ્ય ત્યારે જ આવે છે કે, જીવની સર્વ અહંતા ને મમતા છૂટી જાય ત્યારે આવે. દાખલા તરીકે કોઈ પ્રવાસી, પોતાને મૂળસ્થાને જવાને નિકળ્યો છે માર્ગમા કોઈ ગામ કે શહેરમા રાતવાસો રહે છે ઉતારામા રહેલા જરૂર જોગા મનુષ્ય કે પદાર્થ સાથે સબધ પાડે છે, પણ કોઈ સાથે મમતાથી બધાતો નથી હવે ઉતારામા રાત્રિના આગ લાગે છે, ભડભડાટ સર્વ પદાર્થ બળી જાય છે, ત્યારે જરૂર જોગી મદદ પણ કરે છે, પણ તે પ્રવાસીને ને ધર્મશાળા, ત્યાના માણસો, કે ત્યાના સરસામાનપર મમતા ન હોવાથી, પ્રભાત થતા, તે સ્થાનના સુખદુ ખનો યત્કિંચિત્ પણ વિચાર કર્યા વગર ત્યાથી ચાલ્યો જાય છે. તે સમયે તેને સ્થાનના નાશનું કે અન્યની પીડાનુ તેના અતરમા જરાએ દુ ખ નથી, જરાએ શોક થતો નથી, કેમકે 'એ માર' છે એવી અહંતા બધાઈ નથી. તેમ ઉતારામા રહેલા પદાર્થ પ્રાણીમા પણ મમતા બધાઈ નથી તેમ જ વિવેકી પુરુષે જાણવુ કે, આ લોકનુ સ્થાનક એ રાતવાસાનો ઉતારો છે, એમા અહતા કેવી ને મમતા શી! વિવેકી પુરુષ ઘરકુટુબમા રહેવા છતા અહતારૂપ અભિમાનથી રહિત હોય છે, તેથી દેહના સુખદુ:ખાદિનુ તેને સ્મરણ થતુ નથી–રે સ્મરતો જ નથી વિવેકી પુરષ સદા મમતારૂપ અભિમાનથી મુક્ત જ હોય છે, તેવો વિવેકી તો સર્વદા એ જ વિચાર કરે છે કે, જે આવવાનુ છે તે આવશે જ ને જે જવાનુ છે તે જશે જ,

એમાં હર્ષ કે શોક શો? સુખ શાનું ને દુઃખ શાનું? એમ વિવેકી પુરુષ મનપર વિજય મેળવી, અડગ રહી પરમાત્મામાં જ લક્ષ રાખે છે. તેની દઢતા કશાથી પણ ડગતી નથી—એ જ મોક્ષ આપનારો વૈરાગ્ય છે. એવી દઢતા વગર જીવની ગતિ જ નથી.

પણ ગુરુજીએ જણાવ્યું છે કે, મન એ સર્વથી બળવાન્ છે; તે ગમે તેવા નિશ્ચયને ડગાવે છે. આ જીવ એમ માને છે કે, "હુ હું" ને તેથી જે જન હું નેજ વળગી રહેશે, તે નિ શક જન્મમરણ ધર્યા કરશે. પણ જે જીવ, હુ (દેહ)ને નાશવત માને ને આત્માને જ સત્ય માને ને હું તો માત્ર સર્વ પ્રકાશક—સર્વ સાક્ષી આત્મા છુ—અસગ છુ—પરમાત્માનો અશી છુ અને પરમાત્મા જ રહેવાનો છુ, પણ દેહ નથી એમ માને, તે દુ ખી થતો નથી. એવા નિશ્ચયમાથી તે ડગશે નહિ તો એક જ જન્મમા તે તરી જશે દેહાભિમાની જનજ સદા દુ ખી થાય છે ને તેને જ જન્મમરણનો ભય રહે છે, પણ દેહાભિમાનરહિત વિવેકી પુરુષ સદા મુક્ત જ છે. તેને જગતના સુખસગો કે દુ ખસગો કઈ લાગતું વળગતું નથી, કેમકે તેને મનથી આ સર્વ દૃષ્ટિએ પડતુ નામરૂપવાળું જગત્ મિથ્યા જ છે મોક્ષને માટે તો, હે વિશાળ! પ્રાણીને હરિનામનો દૃઢ નિશ્ચય હોવો જોઇએ, અહતા મમતા ન હોવી જોઇએ, 'જ્ઞાનગર્ભ' વૈરાગ્ય જોઇએ, અને એકલક્ષી બનવું જોઇએ જેને પરમાત્માનો દૃઢ નિશ્ચય છે, તે જ સતોષી ને સુખી છે, તે જ જગતમા રહ્યો સતો મુક્ત છે ને તે જ પરમપદને પામે છે.

આ વેળા મને એક વ્યાવહારિક દૃષ્ટાતનું સ્મરણ થઈ આવ્યું પરમાત્માના એક નિશ્ચયપણામા એ દષ્ટાત બહુ સચોટ છે કોઇએક વિદ્વાન્ બ્રાહ્મણ પરમાત્માના ખરા સ્વરૂપનુ જ્ઞાન થવાથી કઇપણ વ્યાપાર કર્યા વિના જગતમા વિચરતો હતો કદી પણ તે ભિક્ષાર્થે નગરમા જતો નહિ, પણ આપોઆપ જે મળી આવે તે ઉપર જ સતોષ માનીને દિન વ્યતીત કરતો હતો. તેને દૃઢ નિશ્ચય હતો કે, તે જ્યારે ચાહશે ત્યારે અષ્ટમહાસિદ્ધિ અને નવેનિધિ આપશે. તેના આવા દૃઢ નિશ્ચયથી તેની સ્ત્રી રોજ રોજ અનેક પ્રકારના તેને મહેણાટોણા મારતી હતી. સ્ત્રી ઉન્નત વિચારથી બહિર્મુખ હતી, તેથી તેના નામના રોજ કુટણા કુટે, રાજીઆ ગાય, 'મૂવાને પાલવે બાધી મારા માબાપે મને નરકકુ ખમા નાખી છે' એમ કહે, 'જ્યારે પેટ ભરવાનો પુરુષાર્થ નથી તો પરણ્યો શું કામ?'

રાંડીરાંડ પેઠે ઘરમાં શું બેસી રહ્યો છે? હાથે ચુડો પહેરે તોએ ઠીક, એમ નિત્ય ટોણા મારી ઝગડો કરતી હતી પણ બ્રાહ્મણને તો પરમાત્મા ઉપર દ્દઢ વિશ્વાસ હતો તે દ્દઢતામા ચળ્યો નહિ સ્રીવચનથી તે જરાપણ કંટાળ્યો ન હતો, પણ ઈશ્વરપર જ દ્દઢ શ્રદ્ધા રાખીને બેસી રહ્યો હતો. વખતે કોઈ સત્સંગી મનુષ્ય અન્ન વગેરે નખાવે, પણ પૂરુ થાય કે પાછો સ્રીપુરુષને એવો જ ઝઘડો શરુ થતો હતો. એક દિવસે એમ બન્યું કે, તે બ્રાહ્મણ નદીતટે દીર્ઘ શકાએ ગયો. ત્યા નદીના ભાઠાના એક ખાડામાં એક ઘડો જોવામા આવ્યો તેમા અણમોલ હીરા મોતી ભરેલા હતાં એક વિશ્વભર ઉપર જ આધાર રાખનારા તે બ્રાહ્મણે વિચાર્યું કે, આ પદાર્થ ન ધણીયાતો છે, હું લઈશ તો કશી હરકત નથી; પણ મારો તો નિશ્ચય છે કે ઘર આગણે જે આવે તે ઉપર જ નિર્વાહ કરવો, તો મારે આ સપત્તિ શુ કામની છે! આમ વિચારીને તે ઘેર ચાલ્યો આવ્યો. બન્યું એમ કે, તે જ રાત્રિના તેના ઘરમા કેટલાક ચોર આવ્યા ત્યારે આ એકનિષ્ઠ બ્રાહ્મણે, પોતાની સ્રીને કહ્યુ કે, "આ બાપડા ચોર,' આપણે ભિક્ષુકને ઘેરથી શું લઈ જવાના છે? પણ જો નદી કિનારે અમુક સ્થળે જાય તો ત્યા એક ઘડામા અણમોલ રત્નો પડેલા છે, તે એ ચોરને મળે ને એમનુ દ્રારિદ્રય જતુ રહે" તે ચોરો બ્રાહ્મણનુ એવું વચન સાભળીને નદીતટે ગયા ને પેલો ઘડો જોયો. ચોરોના નસીબજોગે તેમા તો વિંછી સર્પ વગેરે વિષવાળા જનાવરો દૃષ્ટિએ પડ્યા આ જોઇને તે ચોરોને ઘણો ક્રોધ ચઢયો! સર્વ મળી વિચાર કીધો કે, 'રાંડના બામણાએ છેતર્યાં તો લાવો એનો જ ઘાટ ઘડીએ!' એમ બબડી તે ઘડો ઉપાડીને બ્રાહ્મણને ત્યા આવ્યા અને છાપરા વાટે તે ઘડો બ્રાહ્મણના ઘરમા નાખ્યો! પણ ત્યા અજાયબ જેવું એ થયું કે, ઘડામાથી સર્પ વિંછી પડવાના અવાજને બદલે, ખણખણાટ કરતા હીરા મોતીનો અવાજ સભળાયો. બ્રાહ્મણ ઝબકી ઉઠ્યો, પણ તેણે દ્રવ્યને હાથ લગાડ્યો નહિ. લક્ષ્મીની લોંડીએ લક્ષ્મીની પરોણાગત કરી–તેણે સર્વે લઇને પેટીમાં મૂક્યુ, પણ એક પરમાત્મા ઉપર જ દ્દઢ વિશ્વાસ રાખનારો તે બ્રાહ્મણ તો નિરંતર ભગવદ્દભજનમા જ મચ્યો રહ્યો.

આ રીતે જેનો પરમાત્મા ઉપર દ્દઢ નિશ્ચય છે–અચળ શ્રદ્ધા છે, તે દુ:ખી થતો નથી, પણ જેઓ શ્રદ્ધા વિનાના છે, તેઓ તો લાખો ફાંફા મારે છે, વેવલા વીણે છે, ને હડખાયા કુતરાપેરે જ્યા ત્યા લેવાને

દોડે છે. જગતના ઘણા જીવો શ્રીહરિનુ ખાનું ગ્રહે છે ખરાં, પણ શ્રીહરિપર ક્ષણવાર શ્રદ્ધા રાખતા નથી અને તેથી સસારમા તગડાયા જાય છે. વિવેકરહિત જીવો અનેક પ્રકારે દોડાદોડી કરે છે, પણ તેમા તે જીવો ફાવતા નથી ત્યારે નિરાશ થઇને હરિથી વિમુખ થઈ બેસે છે. પણ એક દૃઢ નિશ્ચયથી ને સત્ય પુરુષાર્થવડે સર્વ મળે છે. પણ પુરુષાર્થ તે કેવો કરવો?

૬૦–પુરુષાર્થ

આ વિષયમા મને ઘણા ઘણા વિચાર આવ્યા. આ જગતમા ઘણા મનુષ્યો દેવદેવીની ઉપાસના કરી, ઉપાધિથી મુક્ત થવાના ફાંફા મારે છે ઘડીચપકો દેવસેવા કરી, તેના પૂજનાદિકથી પોતાને કૃતકૃત્ય માની, તેને જ પુરુષાર્થ ગણે છે પણ એ પુરુષાર્થ સત્ય નથી સત્ય પુરુષાર્થ એ જ છે કે, પરબ્રહ્મને જાણવો, પરબ્રહ્મમા જ તલ્લીન રહેવુ–તલ્લીન થઈ જવુ, અને સર્વનો યન્ત્રી વર્તાવે તેમ વર્તવુ. જગતમા રહી કરવાના કર્મ નિષ્કામ-પણે જ કરવા અને તે પરબ્રહ્મ ના ધ્યાનમાથી ક્ષણભર પણ પાછા હઠવુ નહિ, કે તેના વગરનો અન્ય સકલ્પ પણ કરવો નહિ એ જ સત્ય પુરુષાર્થ છે. એ જ પુરુષાર્થ કરેથી પરમ પ્રેમના પાદારવિંદમા તલ્લીન થવાય છે સગુણ દેવદેવીઓને સેવવા ને તેમા જ કૃતકૃત્ય માનવુ, એ તો એક ઉપાધિ વધાર્યા જેવુ છે. તે પુરુષાર્થને સત્ય પુરુષાર્થ માનવાથી મનુષ્ય પરમપદના દ્વાર-પ્રતિ જવા પાછો ઢળી પડે છે, તો તે પામવાની તો વાત જ કેમ કહી શકાય? ઘણાઓ પુરુષાર્થની વાતો કહે છે ખરા, પણ પુરુષાર્થ કરી શકતા નથી. જેમ કોઈ કહે છે કે, રસોઈ કરીએ તો સારુ સારુ ખાવાનુ મળે! પરતુ એમ બોલવા માત્રમા ભોજન મળે નહિ પરતુ ચુલો સળગાવીને ભોજન તૈયાર કરે તો જ તેને સારુ ભોજન મળે. અમૃતના કુડ પાસે ફર્યા કરે કે અમૃતને જોયા કરે તેથી અમર થવાય નહિ, પણ અમૃતપાન કરે તો જ અમર થવાય તેમ કોઈ કહે કે, મારે અમુક શેઠને મળવુ છે. હવે તેની વતી કોઈ બીજો મળી આવે તો તેથી તેનો કઈ અર્થ સરે નહિ, પરતુ પોતે જાતે જાય ને તેને શોધે ને મળે તો જ તેનુ કાર્ય સિદ્ધ થાય. તેમ પડે જ, ગુરુને સેવી, સચ્છાસ્ત્ર સાભળી, તેનુ મનન કરી, ઇન્દ્રિયોનો નિગ્રહ કરી, સર્વ વાસનાથી મુક્ત બની–અહતા અને મમતાનો ત્યાગ કરી, સ્વાત્માનુભવથી સિદ્ધ થઈ, નિર્વાસનિક બની પરબ્રહ્મને જાણવા-જોવા વૃત્તિઓને અતર્મુખ કરી, સદા મથન કરતો રહે, તો જ તેનું

કાર્ય થાય. બીજાની વાતોથી કે બીજાના કહેણથી, આ જીવ, પર-બ્રહ્મના અંશને પણ જાણી શકશે નહિ જે જીવ પુરુષાર્થ કરતો નથી, પણ દૈવને વળગીને બેસી રહે છે, તેનું કોઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી. તે સ્વાત્મદ્રોહી બનીને પોતાનું જીવન વ્યર્થ ગાળે છે.

વિશાલ! મને વિચાર થયો કે, પુરુષાર્થ કર્યા વગરનો મનુષ્ય, માયામાં લપટાઇને સંસારરૂપી પિંજરામા કેદમા પડેલો વાઘ જેવો છે તથા તે ગમે તેમ આડોટેડો ફરી છૂટવાના વ્યર્થ ફાફાં મારતો ફરે છે. પણ સંસારરૂપી પિંજરામાથી બહાર નિકળવાનું દ્વાર ને તેની કુચી જાણ્યા વગર તે તેમાથી છૂટી શકતો નથી. કોઈ એક વાઘ હતો તે વાઘમાં બારસેં ગોધાનુ બળ હતું તે એક લોઢાના પિંજરામા કેદ પડેલો હતો તેમાથી તેનાથી નિકળાતુ નહોતુ જો તે છૂટે તો સ્વતન્ત્ર થઈ યથેચ્છ વિચરે, પણ પોતાનો છૂટકો કેમ કરવો, તે એ વાઘને ખબર ન હતી એથી તે સદા કેદમા પડેલો રહ્યો પિંજરામા કેદ પડેલો તે વાઘ છૂટવા માટે દોડે છે, ઘૂરકે છે, ગર્જના કરે છે, સળીયા ને પ્રાટીયાને કરડે છે, પણ તેથી તેનુ શું વળે? જે બારણાની કળ છે તેને તોડી નાખે તો જ તેનો છૂટકો થાય. આ જીવની પણ તેવી જ અવસ્થા છે જીવને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધરૂપી સળીયાવાળા પાંજરામા કેદ કરેલો છે. તે પાંજરાને 'હું' ને 'મારું' એ રૂપી બે પાટીયા, ઉંચે ને નીચે જડેલા છે આવા પિંજરામા ગોંધાયલો–ઘેરાયલો જીવ, પુરુષાર્થ વિના ને કળ જાણ્યા વિના નિકળી શકતો નથી જો બંધનમાથી મુક્ત થવા માટે સત્ય પુરુષાર્થ કરે–સદ્‌ગુરુને મળે, અને તે કુચી બતાવે, તો તે શ્રીહરિને યથાર્થ પિછાણી શકશે, અને તો જ તેનો છૂટવાનો પ્રયત્ન ફ્લીભૂત થાય.

૬૨–હરિસાગરમાં ડૂબકી મારવી

આ સંસારસાગરમા નિત્ય આવર્જન ને વિસર્જન થતા, સહજમા જણાતા અને સહજમા નાશ પામતા પરપોટારૂપ સુખદુઃખને સત્ય માનીને, તેમા જ મનુષ્ય મગ્ન થાય છે એ માત્ર અવિદ્યાનો પ્રભાવ છે સંસારના સુખો જળના પરપોટા જેવા છે. તે ઘડીપર હતા, પણ ઘડી પછી રહેવાના નથી. અવિદ્યાથી ઘેરાયલા જીવને પરપોટા–લહરીઓરૂપ સુખદુઃખ વગેરે જે કાંઈ જોવામા આવે છે તે નાશવંત છે, માટે તે અસત્‌ છે, ને તેમાં જ સપડાઈ જાય છે. ભરતી થાય છે ને ઓટ પણ થાય છે એટલે ભરતી ને ઓટ જેમ અસત્‌ છે, તેમ આ સંસારમા

જણાતી માયિક–દૃશ્ય વસ્તુઓ અસત્ છે, એમ જાણવા-સમજવામા આવે તો દુર્ઘટ પિંજરામાંથી આ જીવરૂપી વાઘ છૂટી શકે છે. આ સંસાર અખડ એક બ્રહ્મસ્વરૂપ મહાસાગર છે, તેને વિષે અનેક બ્રહ્માડરૂપ તરગ-લહરીઓ ઉઠે છે ને લય પામે છે. વળી આ પરપોટા જેવો દેહ કેટલાક વર્ષપર હતો નહિ, કેટલાક વર્ષ પછી રહેવાનો પણ નથી, માત્ર તે મધ્યકાળમા દેખાય છે, પણ કાયારૂપી કાચના કૂપ્પાને ફૂટી જતા વિલબ લાગતો નથી માટે એમા મોહ ન પામતા સત્ય, અનત, અખડ, સચ્ચિદાનદ, પરમાત્મસ્વરૂપ સમુદ્રમા ડુબકી મારી જવી, એ સર્વ જીવનો સર્વોત્તમ પુરુષાર્થ છે જેમ સમુદ્રમા ડુબકી મારતા સર્વત્ર જળજળ જણાય છે, તેમ હરિસાગરમા ડૂબકી મારનારને–પરબ્રહ્મના તાનમા સદાકાળ એકતાર થવાથી–સઘળુ બ્રહ્મમય જ ભાસે છે જ્યારે પરમાત્માના નિજસ્વરૂપમા જ મનુષ્યને લગ્નિ લાગી રહે છે, ત્યારે તેની સન્મુખ નથી સસાર કે નથી વિશ્વ કે નથી અનતકોટિ બ્રહ્માડ! જ્યારે વાસનાથી ખરડાયલો આ જીવાત્મા, સચ્ચિદાનદસમુદ્રમા ડુબકી મારશે–ત્યારે જ સર્વ મલિનતા ધોવાઈ જશે ને સચ્ચિદાનદ સ્વરૂપમા એકતાર થઈ જશે, અને ત્યારે જ તેનો ચોરાસીનો ફેરો પણ મટી જશે! આ સસાર એક વિશાળ વૃક્ષ છે, કર્મ એ તે વૃક્ષનુ મૂળ છે, મોહ, મદ, અહંતા, મમતા, હર્ષ, શોકાદિ તેના અનેક પત્રો છે, કામ ક્રોધાદિ તેની શાખા ને પ્રશાખાઓ છે, સ્ત્રી પુત્ર ધન માન આદિ પક્ષીઓ તે વૃક્ષપર નિવાસ કરનારા છે એ વૃક્ષ આદિમા, મધ્યમા અને અતમા મિથ્યા–અસત્ છે, છતા તે જન્મમરણરૂપ ફળ આપનારુ છે માટે જ્ઞાની પુરુષે અસગપણાના વાસનાના ત્યાગનુ જ્ઞાનરૂપી ખડ્ગ ધારણ કરી, તે વડે તે વૃક્ષને છેદી નાખી, સર્વદા હરિરસસાગરમા ડૂબકી મારી જવી. એને માટે જીવે બહિર્મુખ વૃત્તિનો ત્યાગ કરીને અતર્મુખવૃત્તિનુ સેવન કરવુ, એ જ સર્વથા કલ્યાણકારક છે. હે વિશાળ! મનુષ્યની વૃત્તિ સર્વદા બહિ-ર્મુખ છે, તેને અતર્મુખ કરવાનો પૂરતો પ્રયત્ન કરવો જોઇએ ઇદ્રિયોની સ્વાભાવિક વૃત્તિ એવી છે કે, બહારના પદાર્થ જોવા, બહારના શબ્દ સાભળવા વગેરે આ બહિર્મુખવૃત્તિ કહેવાય છે. એ વૃત્તિને પાછી વાળીને અંતર્મુખવૃત્તિ કરવી, એટલે અતરમા જે પરમાત્મા છે તેનો સાક્ષાત્કાર કરવો, તેના જ શબ્દો સાભળવા ને તેમા જ ડુબકી મારી જવી, એ જ મુખ્ય ને સતત સત્સાધન છે હરિરસસાગરમા હમેશની

ડૂબકી મારવાથી, આ સંસારના ક્ષણભંગુર તરંગોનું તેને દર્શન થશે નહિ, પણ નિરંતર પરબ્રહ્મનું સત્સ્વરૂપ દૃષ્ટિગોચર થશે.

હે વિશાળ! આ પ્રમાણે વિચારોપર વિચારો આવતાં તે વૃક્ષ નીચે જ મને છેક સાંજ પડવા આવી. આ વેળાએ મેં અસ્તાચળપર વિરાજેલા સવિતાનારાયણનાં દર્શન કરીને વિશ્વંભરની લીલા નિરખી. તે દેવને મેં પ્રણામ કીધા પછી સાયંસંધ્યાદિ કર્મની વેળા થયેલી જાણી, ત્યાંથી ઉઠવાનો વિચાર કરતો હતો, એટલામા પેલું અદૃશ્ય થઈ ગયેલુ વિમાન મને પુનઃ દૃષ્ટિગોચર થયું આ વેળા તો તે છેક મારી નજીક થઇને ચાલ્યું, એટલે વધારે ઉત્કંઠાથી તેને જોવાને હુ ઉભો થયો તત્ક્ષણે તેમાની એક દિવ્ય સુંદરીએ મારી તરફ સાન કરી, પોતાની સખીઓને દેખાડતા ગીર્વાણ ગિરામા કહ્યું; "અલિ ઓ! જો, જો! પેલી સતીનો ભર્તાર જે આ વૃક્ષતળે ઉભો છે તેજ! હવે થોડા જ દિવસમા તેઓનો વિયોગ મટી જશે!" તે સાભળી વિમાનમાની બીજી સઘળી અપ્સરાઓએ ઘણા હર્ષભેર મારી તરફ જોયુ. પછી નાના પ્રકારના દિવ્ય કુસુમોને વર્ષાદ વરસાવી પરમાત્માનો જયજયકાર બોલાવતા, ક્ષણમા તે વિમાન અદૃશ્ય થઈ ગયુ હું ઘણો આશ્ચર્ય પામ્યો પણ નિશ્ચય કીધો કે, ખરેખર મારી પ્રિયા જે મને કહેતી હતી કે, કોઇ કોઈ દિવસ અપ્સરાઓ તેના સમાગમ માટે આવે છે, તે પ્રમાણે આ અપ્સરાઓ ત્યા ગયેલી હશે, ને તેથી જ તેઓએ મને ઓળખ્યો છે. એમ મન સાથે વિચાર કરતો તે રમણીય ડુગર ઉપરથી હું નીચે ઉતરવા લાગ્યો. વિશાલ! એ વેળાએ ગુરુના પ્રતાપે મારી પત્ની તરફ થતી મારી કામના લગાર પણ ઉંડી ઉતરી નહિ પછી શ્રીહરિનુ નામ સ્મરણ કરતા સરોવરપર જઈ મેં નિત્યકર્મ કીધુ, પછી મારા સ્વસ્થાન કલ્પતરુ નીચે જઈ પરમ સ્વસ્થચિત્તે બેઠો એવી રીતે મારો છઠ્ઠો દિવસ ત્યા નિર્ગમન થયો હતો.

સપ્તમ બિન્દુ

ફલસિદ્ધિ

यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सर ।
सम सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥
स्रोतसा नीयते दारु यथा निम्नोन्नतस्थलम् ।
दैवेन नीयते देहो यथाकालोपभुक्तिषु ॥
धन्योऽह धन्योऽहं कर्त्तव्य मे न विद्यते किञ्चित् ।
धन्योऽह धन्योऽह प्राप्तव्य सर्वमद्य सम्पन्नम् ॥
अहो पुण्यमहो पुण्य फलित फलित दृदम् ।
अस्य पुण्यस्य सम्पत्तेरहो वयमहो वयम् ॥

અર્થ–દૈવવશાત્ જે લાભ થાય તેથી સતુષ્ટ રહી, દ્વન્દ્વાતીત, મત્સરરહિત સિદ્ધિ અને અસિદ્ધિમા જેને સમાન ભાવ છે એવો જીવ કર્મ કરતો સનો બધાતો નથી, પણ સ્રોતના વેગથી જેમ લાકડુ ઉંચા નીચા સ્થાનોમા તણાઈ જાય છે તેમ દૈવ યથાકાળે દેહને યોગ્ય ઉપભોગ ભોગવાવે છે

મારે (જીવને) કિંચિત્ માત્ર કર્તવ્ય રહ્યુ નથી, તેથી હું ધન્ય છું, હુ ધન્ય છુ, અને આજે પામવા યોગ્ય સર્વ પામ્યો છું તેથી, હું ધન્ય છુ ધન્ય છુ મારુ પુણ્ય અહો સર્વોત્કૃષ્ટ છે, એ પુણ્યને પણ વાહવાહ છે, કે જે આજે સપૂર્ણ રીતે ફળ્યુ છે એવા પુણ્યની નપત્તિને લીધે અમે પોતે અહો ધન્ય છીએ કે, અમે સર્વોત્તમ ભાવને પામ્યા

વિશાળ પ્રધાનને યજ્ઞભૂ કહે છે, આજે સાતમો દિવસ હતો ને તે છેલ્લો જ દિવસ હતો તે મહાત્મા મહાપુરુષ યોગીરાજના દર્શનથી જે મહાપ્રતાપી જ્ઞાનનો હુ આજે ભોક્તા થયો છુ, અને અસાર સસારમા મને સર્વત્ર એક સરખુ જ ભાસે છે-દ્વૈત નાશ પામ્યુ છે, એવા જ્ઞાનના દાતા મારા ગુરુજીના દર્શનની પૂરતી અભિલાષાથી અરુણોદય થયા પૂર્વે હુ ઉઠ્યો મહમહ પવનની લહરીઓથી આ આલસ્યવાળા અંગમા ચૈતન્ય આવ્યું ચોમેર સુગધ ફેલાવતો, અંગને

શીતળ કરતો, રાત્રિની નિદ્રાનો નાશ કરતો, સુખદ પવન વહી રહ્યો હતો આ ગુમાન ભર્યા સમીરના વાવાથી-મુદિત મનનો થયેલો આ જીવાત્મા, પેલા સરોવર ભણી ગયો. અહાહા ! એ માનસસરોવર સત્પુરુષના જ હૃદય જેવું સ્વચ્છ દેખાતું હતું, ધર્માચારવાળાની ધર્મક્રિયા જેવુ નિર્મળ હતું, સત્પુરુષના સચ્ચિંતવન જેવુ જ પવિત્ર હતું અને પરમ પુરુષના જેવુ (અ)પારદર્શક હતું, અને સદા જ સ્થિર છે જે પરમજ્ઞાન, તેના જેવુ તેમાનું જળ સ્થિર થઈ રહ્યુ હતું નવમુકુલિત પદ્મોમાથી પરાગ ચોમેર ફેલાઈ ગયો હતો હું ઘણો પ્રફુલ્લિત થઇને પ્રેમભર્યો સરોવરમા ઉતર્યો ને સ્નાન કીધુ પછી સંધ્યા કરી, ઉત્સાહી હૃદયે હું ગુરુજીના આશ્રમ ભણી ચાલ્યો

તે મહાત્મા યોગીશ્વર, પૂર્વના વટવૃક્ષ નીચે ધ્યાન ધરીને ષટ અરિને પરા કરી, એકચિત્તે નરી નિર્મળી અધ આખે બેઠા હતા. મેં જતા જ પ્રણામ કીધા તેઓ ધ્યાનમા છે એમ જોઇ, સમીપમાના દર્ભાસનપર હુ જઈ બેઠો આ વેળાએ મારા મનમા સકલ્પ વિકલ્પ થવા માડ્યા કે સત્સગ જોયો, આત્માને જાણ્યો, ભવાટવીમા જે વિટબણા છે તેનો અનુભવ તો નિત્યે જ લઉં છુ, આ વ્યવહારકાર્યમા કેમ વર્તવુ અને જ્ઞાનાનંદ તે શું તે પણ જાણ્યુ, પણ ત્યારે સત્ય શુ અને નિત્ય તે શુ ? દૃશ્ય પદાર્થો તો માયાની ઉપાધિ છે, એમાથી કંઈ પણ મનને શાતિ વળે ને સુખાનદમા નિમગ્ન રહીએ તેવુ થોડુ જ પ્રત્યક્ષ થાય છે જ્ઞાન એ બહુ ઉત્તમ છે, તદપિ તેમા જોઇતો આનદ ન થાય તો શા ઉપાય લેવા ! એ જ્ઞાન સર્વથી વિશેષ અગત્યનુ છે પરમ જ્ઞાનજ તરણતારણ છે, પણ આનદાનદનુ જ્ઞાન તે કેવુ હશે ? માટે એ વિષય આજે ગુરુજી પાસેથી સ્પષ્ટ કરુ તો ઠીક, સર્વ કાર્યની ફળસિદ્ધિ મારે જાણવી જોઇએ આવા અનેક પ્રકારના મનમા વિચારો આવતા હતા ને હુ તે પૂછવાનો વિચાર કરતો હતો, તેટલામા ગુરુજી સમાધિમાથી મુક્ત થયા ને તેણે મારા પ્રત્યે પ્રેમભરી દૃષ્ટિથી જોયુ

મેં પુન પુન પ્રણામ કીધા તેઓએ લાબો હાથ કરી આશીર્વાદ આપ્યો ક્ષણભર થોભ્યા પછી યોગીશ્વર બોલ્યા, હે જીવન્મુક્ત ! ગઈ કાલે તારો કાળ ઘણા આનદમા વ્યતીત થયો છે, તેમા કઈ પણ સંદેહ જેવુ નથી. એક જગદીશ્વર પરમાત્માનુ સદોદિત ચિંતન કરવું, વેદોક્ત કર્મને અનુસરવુ ને શુદ્ધાચાર પાળવો, એ આર્યનું અને મુમુક્ષુનું નિત્ય

કર્તવ્ય છે, અને પરમાત્માની શુદ્ધ મૂર્તિને જ્ઞાને કરીને ઓળખવી ને તેમા જ વિલીન થઈ જવું, એ મુક્તજનને માટે સિદ્ધ સાધન છે મહાત્મા વસિષ્ઠ મુનિએ પણ રામને ઉપદેશ દેતા કહ્યુ છે કે, જ્ઞાનાનુભવનુ કારણ શિષ્યની પ્રજ્ઞા છે, બીજું કઇ નથી તેથી મનુષ્યે, આ પ્રતિબિંબરૂપે રહેલી માયામાથી મુક્ત થવાનો પ્રયત્ન નિરતર કરવો જોઇયે ને મહા પુણ્યરૂપી ધનના બદલામા, કાયારૂપી આ નાવ, સસારરૂપી દુ:ખસાગર તરવા આણ્યું છે-મળ્યુ છે, તે ભાગી ન જાય ત્યા સુધીમા તરી જવુ. એ કાર્યાર્થે, જે જે જ્ઞાન ગુરુના મુખથી મળ્યુ હોય, તેનુ નિત્ય-નિરતર મનન કરવુ, એ જ મોક્ષનુ સર્વોત્તમ સાધન છે તારા મનમા જે જે વિચારો ગઈ કાલે તરી આવ્યા છે તેથી તારુ પરમાત્મસ્વરૂપનુ જ્ઞાન સુદૃઢ થયુ છે તારે જે કર્તવ્ય કરવાનુ છે, અને તુ જે ફળ-સિદ્ધિની ઈચ્છા રાખે છે, તે હવે કોઈ પણ પ્રકારે તારે માટે અવશેષ રહી નથી પરમાત્મામા પ્રેમપૂર્વક એકચિત્તવૃત્તિ રાખવી તે જ અમૃત-સ્વરૂપ છે અને તેનુ પાન કરવાથી હરકોઈ અમૃતસમાન જ થાય છે. પરમાત્મામા ચિત્તવૃત્તિનુ ઐક્ય થવાથી તે નથી કોઈ બીજાની ઈચ્છા કરતો કે નથી કોઇનો શોક કરતો, નથી કોઇમા પ્રેમ કરતો કે નથી કોઈમા ઉત્સાહ ધરતો. તેને જાણ્યા પછી આ જીવ એકાકાર-આત્માકાર થઈ જાય છે અને દેહાકારનો લય થાય છે પરમાત્મા ઉપર જે પ્રેમ કરવો, તે કામનાથી નહિ કરવો, પણ માત્ર તેના ચરણકમળમા અહોનિશ ચિત્ત ચોંટેલુ રહે, તે માટે કરવો બીજાને સેવવામા આવે-આ જગતના સર્વ પદાર્થને સેવવામા આવે, તેમા જે પ્રયોજન હોય તેનાથી સહસ્રગણું વિશેષ પ્રયોજન પરમાત્માને સેવવામા છે પરમાત્માને સેવવો, એ જ સર્વોત્તમ ફળસિદ્ધિ છે એ સંબધે જગત્પ્રસિદ્ધ રાજગુરુ વિષ્ણુસ્વામીનું ચરિત્ર સાભળ

રાજગુરુ વિષ્ણુસ્વામીની કથા-પ્રયોજન શુ!

પરમ પ્રતાપી મહાત્મા રાજગુરુ વિષ્ણુસ્વામી, એ દક્ષિણ દેશમા આવેલા દ્રાવિડ દેશમા, નારાયણભટ્ટ નામના સર્વગુણાલકૃત એક દ્વિજને ત્યા જન્મ્યો હતો. બાળપણાથી જ આ બાળકનું ચિત્ત પરમાત્મામા લીન હતુ કદી નિર્ગુણ ને કદી સગુણ એવુ પરમાત્માનુ દિવ્ય સ્વરૂપ બાળવિષ્ણુ ત્યા ત્યા જોયા કરતો હતો એક સમે તેના પિતા વસ્રાલકાર સજીને, રાજમડળમા સિધારતા હતા ત્યારે, વિષ્ણુએ પોતાના પિતાને પૂછ્યું;

"પિતાજી! આપ ક્યા પધારો છો?" તેના પિતાએ કહ્યુ, "પુત્ર! રાજ-સભામાં, રાજાજી પાસે." વિષ્ણુએ પુન. પ્રશ્ન કીધો; "રાજા પાસે જવાનુ શુ પ્રયોજન?" તેના પિતાએ કહ્યુ, "રાજાને પ્રસન્ન કરવા. તે પ્રસન્ન થાય તો રુડુ પુષ્ટિદાન દે!" આ જ પ્રમાણે બીજે સમે રાજાની સ્વારી બીજે ગામ જતી હતી, ત્યારે એ જ પ્રશ્ન વિષ્ણુએ પૂછયો ત્યારે તેના પિતાએ પ્રતિઉત્તર આપ્યુ, "તે રાજા આ રાજનો સ્વામી છે, તે મોટો છે તેથી તેને પ્રસન્ન કરવા!" વળી એક સમે તે સર્વે મડળ, તે કાળના ચક્રવર્તી રાજાને મળવાને જવા તૈયાર થયુ, તે સમયે વિષ્ણુએ એ જ પ્રશ્ન કીધું, ત્યારે તે પ્રશ્નના પ્રતિઉત્તરમા તેના પિતાએ કહ્યુ, "તે સર્વોપરિ રાજા છે ને તે પ્રસન્ન થાય તો ઘણો મોટો લાભ થાય તે સર્વે રાજાને ગામ ગિરાસ તથા વતન વજીફા આપવાને કુલ મુખત્યાર છે" તે સાભળી વિષ્ણુએ પૂછયુ, "પિતાજી! તેનાથી વડો કોઈ છે?" તેના પિતાએ પ્રતિઉત્તર આપ્યુ, "તેનાથી વડો તો સ્વર્ગનો રાજા ઇન્દ્ર છે" વિષ્ણુએ પૂછયુ, "તેને માનવાથી શુ પ્રયોજન?" તેના પિતાએ કહ્યુ, "તે સ્વર્ગલોકમા આપણને તેડી જાય ને ત્યા સર્વ પ્રકારના સુખ ઐશ્વર્ય આપે" વિષ્ણુએ પૂછયુ, "તેનાથી કોઈ વડો છે?" તેના પિતાએ કહ્યુ, "તેનાથી મોટો બ્રહ્મા, બ્રહ્મા શિવજીનો સેવક છે ને શિવજીથી વડો વિષ્ણુ છે" છેલ્લે વિષ્ણુએ પૂછયુ, "વિષ્ણુથી મોટો કોણ છે?" તેના પિતાએ કહ્યુ "તેનાથી મોટો સર્વવ્યાપી પરમાત્મા છે" પુન. વિષ્ણુએ પૂછયુ, "તેનો કોઈ સ્વામી છે?" તેના પિતાએ કહ્યુ, "ના તેનાથી મોટો કોઈ નથી તે અજન્મા નિત્ય અને સનાતન છે; તે અનેક સૂર્યના તેજથી પણ વિશેષ તેજસ્વી છે, સૌન્દર્યમા સર્વોપરિ છે, માધુર્યમા મનો-હારી છે, લીલામા અલૌકિક છે, કાંતિમા કોટિ ચદ્રસમાન છે, પરા-ક્રમમા અદ્વિતીય છે તે સર્વ કર્તા, સર્વ હર્તા, સર્વ ભર્તા–રે સર્વનુ સર્વસ્વ છે તેના સ્થાનમા અનેક કુંજલતાઓ છે, તેનુ મદિર વિશ્વવ્યાપી છે, તેના ભક્તજનો અનેકાનેક છે, તે જગતની શ્રી, સુખ, માન, દેહગેહ સર્વનો સ્વામી છે તેની આજ્ઞામા સર્વ પ્રવર્તે છે, પણ તે કોઈની આજ્ઞામા નથી તેના સાનદ સામ્રાજ્યમા સર્વ પ્રકારના આનદનો, સર્વ સુખનો, સર્વ વૈભવનો, સર્વ શાતિનો નિવાસ છે. તેનુ મદિર અત્યત તેજસ્વી મણિમય મહાયોગ શિખાસ્તભનુ છે તપ્ત કાચન જેવુ તે મદિર અતિ અનુપમ છે ત્યા વેદવેદાન્ત સર્વશાસ્ત્રમય સચ્ચિદાનન્દઘન પર-

આત્મા પરમ પરમાનદરૂપે, અનેક કોટિ, નિત્યસિદ્ધ, સાધનસિદ્ધ-ભક્તો સહિત, યોગપીઠપર એકાગ્રચિત્તથી ધ્યાનાવાસ્થત રહે છે. તે અક્ષરાતીતછે, નિત્યાનન્દ છે, પરમાનન્દ છે. તે સર્વને ત્રાતા, સર્વને દાતા અને સર્વને નિયતા છે તે પરને પર-પરાત્પર છે-તેનાથી પર કોઈ પણ નથી ત્યા આકાશને પણ અવકાશ છે, ત્યા કાળ પણ કળા માત્રને પામે છે, ત્યા દિશાએ પણ અતવાન્ છે, તેના સમીપ વિરાટ્ પણ નાનો ગણાય એવો મોટો જે હિરણ્યગર્ભ ને જે પૂર્ણ ગણાય છે, પણ એવો હિરણ્યગર્ભ પણ તે પરમાત્માના પ્રદેશમા પ્રકટ થાય છે તેથી પણ મોટામા મોટો એ પરમાત્મા છે તે પૂર્ણને પૂર્ણ છે મહા-સાગરો જો કે પૂર્ણ છે, પણ પ્રલય કાળે જ્યારે એ પૂર્ણ સાતે મહા-સાગરોનુ જળ એકઠું થઈ જાય છે તે પછી જેવો મહાસાગર પૂર્ણ ગણાય તેવો પૂર્ણને પૂર્ણ એ પુરુષોત્તમ-પરમ પુરુષ-પરમાત્મા છે તે જ વિરાટ-રૂપે વામન છે, તે જ દ્વિધારૂપ ધારણ કરનાર સિંહ છે, તે જ સર્વમા રમણ કરનાર રામ છે, તે જ સર્વને શાન્તિદાતા કૃષ્ણ-વિષ્ણુ, હરિ, નારાયણ, સચ્ચિદાનદઘન છે ”

પિતાનુ આવુ વચન સાભળી, વિષ્ણુએ પિતાને પ્રેમપુર સર પ્રમાણ કરી કહ્યુ, “હે પિતાજી ! આ સચ્ચિદાનદઘનને ત્યજી, આ જગતના અજ્ઞ જીવો અને તેના સેવકોને સેવવાનુ શુ પ્રયોજન ? હુ તો હવેથી કોઈ અન્યને નહિ સેવતા તેનુ જ સેવન કરીશ, ને તેને જ સેવક થઇને રહીશ જેનાથી પર કોઈ નથી, જે ક્ષરથી પર અક્ષર છે, જેને જાણ્યા પછી કંઈ જાણવાનુ રહેતું નથી, જેને જોયા પછી કંઈ જોવાનુ રહેતું નથી, જેની સેવા પછી અન્યની સેવા કરવી રહેતી નથી ને જેને સેવવાથી જ સર્વ સિદ્ધિએ મળે છે, તેને ત્યજી હે પિતાજી ! મારે હવે બીજાને સેવવાનુ કશુ પ્રયોજન નથી-તે તો અણસર્જી પીડા જ છે.”

આમ બોલીને વિષ્ણુએ સન્યસ્ત લીધુ તે ત્રિદડી સન્યાસી થઈ ગયો પછી તેણે નિત્ય નિયતા સાક્ષાત્ પરમાત્માનુ સેવન કરવા માડ્યું તેના મનમા દૃઢાસ્થા પરમાત્માની જ હતી, તેના સિવાય તે બીજા કોઇને મનમા સકલ્પ સરખો પણ થવા દેતો નહોતો તેણે બાલ્યકાળમા એક વખતે પરમાત્માને ભોગ ધરીને કહ્યુ કે, “જેને કોઈ સ્વામી નહિ હોય ને જે કોઇને સેવક ન હોય, તે આ મારો ભોગ આરોગે. જેનાથી પર કોઈ જ નહિ હોય તે આ ભોગ ભલે આરોગે.” પ્રથમ તો તેની દૃઢતા

જોવાને પરમાત્માએ ભોગ ગ્રહણ ન કીધો, પણ સાત દિવસ સૂધી તે દૃઢ નિશ્ચયવાળો, અને સંકલ્પ વિકલ્પ વગરનો જણાયા પછી, પરમાત્માએ પ્રકટ દર્શન દઈને તેને ઉપદેશ કીધો, ને પછી નિત્ય તે જ પરમાત્મા તેનો ભોગ આરોગતા હતા.

હે વિદેહી! આ કથાનુ રહસ્ય એવુ જાણવુ કે, પરમાત્મા વિના અન્યને સેવવાનુ કે ધ્યાન ધરવાનુ કશુ પ્રયોજન નથી પરમાત્મા તો કલ્પવૃક્ષતુલ્ય છે જો પરમ વિશુદ્ધિથી તેનુ સેવન કરીએ તો તેનો સાક્ષાત્કાર સહજમા થાય છે તેનાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે જેનો કોઇ સ્વામી જ નહિ તેવા પરમાત્મામા એક દૃઢચિત્તવૃત્તિ ઠેરવી રાખીને, આ સંસારમા રહ્યા છતા પણ, મનુષ્ય સાયુજ્યમુક્તિ પામે છે આવી વૃત્તિ રાખવી, એ જ મુખ્ય કૃતકૃત્યતા છે સસારવ્યવહારમા રહેલા સર્વે મુમુક્ષુજને, પરબ્રહ્મના જ્ઞાન માટે, ખરેખરી ચેતના રાખવી જોઇએ એ ચેતના કેવી છે, તે સબધે આ એક પુરાતન કથા સાભળ.

પ્રભુ ભજવામા ચેતના

એક સમે પાડવો અને કૌરવો, ગુરુ દ્રોણાચાર્ય પાસે યુદ્ધવિદ્યા શીખતા હતા. શીખવામા તેઓમા સૌ કરતા અર્જુન આગળ પડતો હોવાથી તેનાપર તથા સર્વ પાડવોપર, કૌરવોના મનમા ઇર્ષાનું બીજ રોપાયુ હતું તેવામા કર્ણ પણ તેના પાલક પિતા અધિરથની ઇચ્છાથી ત્યા (હસ્તિનાપુરમા) ધનુર્વિદ્યા શીખવા માટે આવ્યો આ કર્ણ તો તે શાળામા આવીને, પોતાના ચાતુર્યવડે, કોઈ કોઇ વાતે અર્જુનના ઉપર પણ છાપ પાડી ઘણીક વિદ્યામા તે અર્જુન કરતા પણ વધારે ચાતુર્ય દેખાડવા લાગ્યો આથી દુર્યોધન વગેરેને ઠીક ફાવ્યુ. કૌરવોએ તુરત કર્ણ સાથે મૈત્રી બાધી, અને તેની સાથે મળીને તેઓ અર્જુનનો બહુ દ્વેષ કરવા લાગ્યા દુર્યોધન મનમા એમ ધારતો હતો કે, કર્ણ જેવા વીર-પુરુષને જો આપણે અત્યારથી સતુષ્ટ કરીને મિત્ર કરી રાખીશુ તો આગળ જતા એ આપણુને બહુ ઉપયોગી થઈ પડશે, એવા વિચારથી કર્ણને જ્યા કહીં જવું આવવુ હોય તો તેને માટે રથ તથા સારથિ આપવા લાગ્યા અને એવી બીજી ઘણી રીતે તેને જોઇતી વસ્તુથી તથા ખાનપાનાદિકથી પ્રતિદિન સતુષ્ટ રાખવા લાગ્યા.

એ કર્ણ હમેશા પોતાની શીખેલી વિદ્યાને કસવાને તથા તેનો અભ્યાસ પાડવાને રથમા બેસી એકલો વનમા જતો હતો. તે વખતે

સારથિ વગર બીજા કોઇને તે સાથે લેતો ન હતો. કારણ કે ઘણા મનુષ્યો સાથે હોવાથી, અભ્યાસમાં ચિત્તની એકાગ્રતા રહેતી નથી. એ જ પ્રમાણે એક દિવસે તે રથમા બેસી વનમા ગયો, અને એક ખુલ્લા મેદાન તરફ સારથિને રથ હાકવાની આજ્ઞા કરી. શાળામા વિદ્યાર્થીઓ (રાજપુત્રો) સાથે થયેલી સરસાસરસીથી તે દિવસે, તે મનમા જરાક ચ્હીડવાયલો હોવાથી ને નિશાન મારવાપર તેનુ મન બહુ ઉશ્કેરાયલુ હતું તેથી, વનમા જતા જ તેણે સારથિને આજ્ઞા કરી રથ છોડાવ્યો, અને રેતીમા ત્રણ મોટા બરુના રાડા ઉભા રોપી, તેપર પોતાની પાસેનુ એક સ્વતઃ ફરતુ સુંદર પક્ષીના આકારનું રમકડુ ગોઠવ્યું તે પક્ષી પોતાની ચાચમા ત્રણ ફૂલવાળી ઝાડની ડાખળી લઈ ચકરચકર ફર્યા જ કરતુ હતું કર્ણની ધારણા એવી હતી કે, 'એકે સપાટે ફરી રહેલા એ પક્ષીના મોંઢામાની ડાખળીના છેડાપરના ત્રણ ફૂલોમાનુ વચલુ ફૂલ, મારા બાણની ચોટથી તોડી લેવુ, અને તેમ કરતા, આજુબાજુના ફૂલોને, કિંવા તે ડાખળીના બીજાં પાદડાને, કે તે પક્ષીને, મારા બાણથી જરા પણ ઈજા થવી જોઈએ નહિ !' આવી ઈચ્છાથી તે નિશાનને રોપીને, હાથમા ધનુષ બાણ લઈ, તે નિશાનને તોડવા માટે સજ્જ થયો એ વખતે તેની નજર તે નિશાન તરફ જ હતી, અને પોતાના રસ્તાપર પીઠ કરી, તે નિશાનનુ એકલક્ષ્ય કરતો કરતો પાછે પગે ચાલ્યો જતો હતો. એમ પાછે પગે ચાલતા ચાલતા તે લગભગ સોએક કદમ દૂર નિકળી ગયો, તો પણ પોતાનુ ધારેલુ અતર પૂરુ ન થવાથી, હજુ તે પોતાની ધૂનમા ને ધૂનમા પાછળ પાછળ પગલા ભર્યો જ જતો હતો પણ એવામા તેનો સારથિ, જે નિશાનની પાસે ઉભો ઉભો રમકડાની ફૂદડી ફરવાની ખૂબી જોયા કરતો હતો, તેની નજર એકાએક કર્ણ તરફ ગઈ કર્ણ જેવો છેલ્લુ પગલુ ભરવાની તૈયારીમા છે, તેટલામા જ તે સારથિએ, એકાએક ચમકીને, પોતાની પાસેના પરોણાથી તે ફરતા ખૂબીદાર નિશાનને ભાગી ભૂમિપર લેટાડી દીધુ ને તુરત પોતે રથની ઓથમા ભરાઈ બેઠો

કર્ણની નજર તો તે નિશાન સામી જ હતી, તેથી સારથિએ એકાએક નિશાન ભાગી નાખ્યુ તે જોઇ, પોતે જે પગલુ મૂકવાની તૈયારીમા હતો તે જ પગલુ પાછળ ન મૂકતા, નિરાશભેર આગળ મૂક્યુ, ને ત્યાથી દોડતો ક્રોધભેર સારથિ પાસે આવ્યો, અને તે જેવો સારથિને ધનુષનો ગોદો મારી લાત મારવા જાય છે, તેવો જ સારથિ દંડવત્નમસ્કાર કરી

તેને ચરણે નમ્યો ને 'મારો અપરાધ ક્ષમા કરો,' એમ દીન વાણીથી બોલી, રડી પડ્યો. એ જોઈ કર્ણને દયા આવી. તે શાંત પડ્યો મહાત્માઓ ક્રોધવશ બહુ કાળ રહેતા નથી. પછી કર્ણે તેનો હાથ ઝાલી ઉભો કીધો અને પૂછ્યું, "અલ્યા ! તેં આ શું કીધુ ? મારુ આવુ ઉત્તમ નિશાન તથા અત્યાર સૂધી કીધેલો મારો સર્વ શ્રમ એ સઘળું મિથ્યા કેમ કીધું ?" તે વચન સાભળી સારથિ બોલ્યો, "મહારાજ ! મેં જે કંઈ કીધુ છે, તે બીજા કોઈ પણ કારણથી નહિ, પણ માત્ર આપના હિતને અર્થે જ કીધુ છે આપના શરીર કરતા એ નિશાન કંઈ વધારે કિંમતવાળુ નથી !" તે સાભળી કર્ણ ઘણા અચબામા પડ્યો ને તેનુ કારણ પૂછવા લાગ્યો કે, "શુ છે તે કહે." સારથિએ કહ્યુ, "મહારાજ ! આપ જ્યાથી હાલ દોડ્યા આવ્યા, ત્યા પાછા તમારે પગલે પગલે જાઓ ને છેવટના પગલા આગળ જઈ જૂઓ કે ત્યા શુ છે" તત્ક્ષણે કર્ણ અને સારથિ બન્ને ચાલતા ચાલતા ત્યા ગયા ને છેલ્લા પગલા આગળ જઈ જૂએ છે તો ત્યા એક મોટો ઝડ જગલી કૂવો આવેલો છે, તેની ઉંડાઈનો કંઈ પાર નથી જગલમા હોવાથી તે અવાવર હતો, એટલે તેમાની હવા તથા પાણી એવા ઝેરી બની ગયા હતા કે, તે કૂવામા અડધે જતા જ પડનારના પ્રાણ દેહથી જૂદા થઈ જાય, એવો તે ભયકર છે આ જોઈ કર્ણ તો ચકિત થઈ ગયો ને પોતાના સારથિની ચાલાકી તથા સાવધતા જોઇને ઘણો સતોષ પામી બોલ્યો, "સાબાશ સૂત ! તને ધન્ય છે. સાબાશ તારા કૃત્યને ! આજે તેં મને કાળના મુખમાથી બચાવ્યો છે તારી એ સાવધતા માટે હુ તને દુર્યો-ધનની રાજસભામા મોટો અધિકાર અપાવીશ, કારણ કે હવે તુ કંઈ માત્ર સૂત (સારથિ)નુ જ કામ કરવાને યોગ્ય નથી, પણ મોટા પદને પાત્ર છે ?" એમ કહી બન્ને રથ પાસે આવ્યા, ને ઘોડા જોતરી તુરત રથપર સ્વાર થઈ, હર્ષિત થતા, હસ્તિનાપુર ભણી ચાલ્યા ગયા

કર્ણ ઘણો બુદ્ધિમાન્ હતો, તેથી જાણી ગયો કે, આણે મારો પ્રાણ બચાવ્યો છે, પણ બીજો અબૂઝ હોત તો તે સમયે પ્રશ્ન કરત કે, 'એમ હતુ તો તારે મારુ નિશાન ન ભાગતા મને પાછો વળવાને હાક મારવી હતી' પણ સારથિ જો તેમ કરત તોપણ અનિષ્ટ જ થાત. એ વખતે સારથિ કદાચ તેને એમ હાક મારત કે, 'પાછળ કૂવો છે માટે તેમા પડી જશો, તેથી જલદી પાછા વળો,' તો કર્ણ એકાએક આશ્ચર્યથી ચમકીને ગભરાટમા પાછુ જોવા જતા પણ કૂવામા પડી જાત.

ને તેથી પણ નિશ્ચય પ્રાણ જાત. નિશાન ભાગ્યું, એ જો કે આશ્ચર્ય જ હતું, છતા તે તેની દૃષ્ટિએ પ્રત્યક્ષ જોતા બન્યુ હતું, કારણ કે તેની નજર તેપર જ ઠરી રહી હતી, અને તેનાપરના આકર્ષણને લીધે તે વગર અડચણે પાછળ હઠતો અટક્યો હતો અકસ્માત્ અચંબો માણસને બહુ ગભરાવી નાખે છે, અને તે ગભરાટમા માણસ પોતાનો દેહ જોખમમા નાખે છે, તે પ્રમાણે કર્ણને, 'ત્યા કૂવો છે' એમ સારથિએ કહ્યુ હોત તો તે પાછળ જોવા જતા કૂવો જોઈને જ ચકરી ખાઈ તેમા ઝીકાત, માટે એ સારથિની ચેતનાને ધન્ય છે

મુમુક્ષુજનો આ દૃષ્ટાતને બીજે જ માર્ગે લગાડી શકે છે. એમા કર્ણને બ્રહ્મવિદ્યાનો અભ્યાસી પુરુષ સમજવો અને નિશાનને બ્રહ્મ જાણવુ મુમુક્ષુએ સંસારમા રહેતા છતા એક સુરતા રાખીને ચાલવુ જોઈએ એવા વર્તનથી શુદ્ધ મુમુક્ષુજનને કોઈ પણ પ્રકારે આ સસારની માયા મોહ પમાડી શકતી નથી સસારમા ચેતના એ રાખવી કે, પ્રભુને ભજતા રખેને સસારરૂપી નરકવાસનારૂપ કૂવામા પડાય. તેમાથી બચાવનાર ગુરુરૂપી સારથિ એ મુખ્ય છે હે જીવન્મુક્ત! તને વિશેષ શું કહું? પરન્તુ આટલુ તો તારે નિત્ય ને નિશ્ચયપૂર્વક સ્મરણમા રાખવુ કે, સંસારમા રહ્યો છતો કોઈ પણ જીવન્મુક્ત પ્રાણી, જો પરમાત્મામા એકતાર બને છે તો તેને કશાનુ આવરણ થતુ નથી મનુષ્યજન્મમા મુખ્ય શ્રેષ્ઠ સાધન આ જ છે કે, ચોરાસીની રેંટમાળામાથી મુક્ત થવુ ગમે તે કાર્ય કરો પણ સર્વોત્તમ, પરમ શ્રેષ્ઠ કાર્યની સિદ્ધિ, જે સાધનથી નારદ ભગવાનને થઈ હતી, તે જ સર્વોત્તમ, સિદ્ધિ છે. તે કથા તું એક ચિત્તથી સાભળ એ જ આ મનુષ્યદેહનુ મુખ્ય ફળ છે—આ લોકમા જન્મ્યાનું સાર્થક છે.

પરમ સાધન

ભગવાનના પરમભક્ત શ્રીનારદજી દાસીપુત્ર હતા જન્મતા જ તેના હૃદયમા પરમાત્માની લગની લાગી રહેલી હતી આ સૃષ્ટિમા સિદ્ધ જ્ઞાની ચાર ગણાય છે; નારદ, વામદેવ, પ્રહ્લાદ ને શુક એ ચારે જ્ઞાનીઓને, માતાના ઉદરમાથી જ, પરમપુરુષનો સાક્ષાત્કાર ને પરમતત્ત્વનુ જ્ઞાન હતુ. નારદજી પણ તેવા જ હતા તેની માતાએ તેને બાલ્યાવસ્થામા જ પરમાત્મા સબધી ઉપદેશ આપ્યો હતો તે હરિગુરુસતની નિત્ય સેવા કર્યા કરતો હતો જ્યારે નારદ વયે આવ્યો ત્યારે તે પરમાત્માની ઉપા-

સના કરવાને એક ઘાડા અરણ્યમાં જઈ, આંબાના વૃક્ષમાં આશ્રમ સ્થાપી ત્યા રહ્યો ને પ્રભુનું દર્શન કરવા માટે ઉગ્ર તપ આરંભ્યું તપ કરતા કરતા અનેક વર્ષો વીતી ગયા, પણ તેના મનમા જે એવી જ ઉગ્ર ઇચ્છા હતી, કે શ્રેષ્ઠ સાધન કયું તે સાક્ષાત્ પરમપુરુષથી જાણવું, તે ઇચ્છા પૂર્ણ થઈ નહિ વનમા પશુ, પક્ષી ને જનાવરો તેને ઘણી ઘણી પીડા કરતા હતા, નારદ અડગ મને એક લક્ષથી તપ આચરતો હતો. તેના તપોબળના પ્રભાવથી ઇંદ્રના મનમા એવો ભય ઉત્પન્ન થયો કે, એ મારુ ઇંદ્રાસન ચાહતો હશે, તેથી તેના તપનો ભગ કરવા માટે અનેક અપ્સરાઓને મોકલી પણ દૃઢ ધ્યાની નારદ, તે માયાની પૂતળીઓથી જરા પણ ચલાયમાન થયો નહિ જ્યારે સર્વે અપ્સરાઓ નિરાશ થઈ પાછી ફરીને ઇંદ્રને તે વર્તમાન નિવેદન કીધુ, ત્યારે ચિન્તાતુર મને ઇંદ્ર બ્રહ્મા સમીપ ગયો ને પ્રાર્થના કરી કે, "હે દેવ! જો નારદનુ તપ ભગ ન થાય તો નિ:શક મારે મારા પદપરથી ભ્રષ્ટ થવું પડશે, ને તે કોણ જાણે કેવા પ્રકારે દેવલોકને પીડશે !" આ વચનથી ભયાકુળ થયેલો બ્રહ્મા, નારદ પાસે આવ્યો ને કહ્યું; "પુત્ર, તારી ઇચ્છામા આવે તે વર માગ !" ત્યારે નારદમુનિ બોલ્યો, "મને કોઈ વાતની તૃષ્ણા નથી, પણ કહો કે પરમસાધન શું છે આ ભયયુક્ત સંસારમાથી મુક્ત થવાય તેવું અને નિત્ય-સત્ય-પરમપદાર્થને પામવાનું સાધન શુ છે?" બ્રહ્માને તે સાધનની ખબર નહિ હોવાથી તેણે અનેક પ્રકારની વાતો કહી, પણ તેથી નારદમુનિનુ મન તૃપ્ત થયુ નહિ ને તેણે પુન તપશ્ચર્યા આરંભી.

વળી હજારો ને લાખો વરસો વીતી ગયા દેવલોક ખળભળી ઉઠ્યુ, ઇન્દ્રાસન ડોલ્યું ને શેષનાગ સળક્યો, સ્વર્ગલોક તેના તપના પ્રભાવથી ડોલવા લાગ્યો, બ્રહ્મલોક હિંચી રહ્યો, પૃથ્વી કપારવ કરવા લાગી; પાતાળ ખળભળી ઉઠ્યા, દશે દિગ્પાળો ઝુલી રહ્યા. એ પ્રકારે ત્રણે લોકમા ખળભળાટ થઇ રહ્યો ત્યારે શિવજી, પ્રચડ ભૈરવનાથનું રૂપ ધરીને નારદને તેના તપમાથી ચલાયમાન કરવાને આવ્યા. શકર ભગવાન્ મહાભયંકરરૂપે કોપ કરીને, પોતાના વિકરાળ સ્વરૂપથી તેને ત્રાસી, જવા તૈયાર થયા, પણ શ્રીહરિનો જેને પૂર્ણ વિશ્વાસ છે તેવો નારદ જરા પણ ચલાયમાન થયો નહિ, કે ક્ષોભ પણ પામ્યો નહિ. ભૈરવનાથ તેનું આવું ઉગ્ર ને સુદૃઢ સ્વાત્મબળ નિરખી, પ્રસન્ન થયા ને કહ્યુ કે, "ઇચ્છામા આવે તે વર માગ" ત્યારે નારદે કહ્યુ "મને આ લોક-

માંના કોઈ પણ પદાર્થપર પ્રીતિ નથી. મને આ સકળ વસ્તુઓ અસાર જોવામા આવે છે. ત્રણ કાળમા માત્ર પરમાત્મામા એકચિત્ત કેમ રહે, તેજ વસ્તુ પ્રાપ્ત થાય તો મને કૃતકૃત્ય સમજું છું આ જીવને તેવુ કંઈ હોય તો આપો. કહો, પરમસાધન શુ છે?" આ આપવે ને કહેવે શિવજી પણ અસમર્થ થઈ પડ્યા, તેથી તે તુરત જ ત્યાથી અતર્ધાન થઈ ગયા.

નારદજીએ ઉગ્ર તપ શરુ જ રાખ્યુ તેના તપપ્રભાવથી પ્રસન્ન થઈ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ પરમાત્મા પ્રગટ થયા ને નારદના શિરપર હાથ ધરીને તેને જાગૃત કીધો. નારદજીએ પરમાત્માના દિવ્ય સ્વરૂપથી મોહ પામીને, તેના ચરણનુ ચુબન લીધુ, ને પછી કહ્યુ "પ્રભુ! જેથી મને માયા આવરણ કરી શકે નહિ, ને આપના ઉપર પૂર્ણ પ્રેમમય મારી શ્રદ્ધા અહોકાળ ચોટેલી રહે, તેવુ જે હોય તે કહો પરમસાધન શું છે તે કહો." પરમાત્માએ કહ્યુ, "હે નારદ! તને જે ઈચ્છા છે તે ઘણી ઉત્તમ છે, તેથી હુ તને કહું છુ કે, મારી પૂર્ણપ્રેમથી ભક્તિ કરવી, અહોકાળ મારી તરફ ચિત્તવૃત્તિને ચોટાડેલી રાખવી, ત્રણે કાળમા, ત્રણે અવસ્થામા, મનેજ મનમા ધારણ કરી રાખવો, એજ પરમ સાધન છે અહોકાળ સગુણનિર્ગુણ ભેદરહિત બની મારુ ચિંતનરૂપ ઉપાસન કરવુ, ચિત્તની એકાગ્રતાપૂર્વક મારુ કીર્તન કરવુ, પરમજ્ઞાનમય વાક્યરૂપ મારા વચનો (ગીતા ઉપનિષદાદિ)નુ સ્નાન કરવુ, સતપ્રતિ સદા ગમન કરવુ, ભગવત્પૂજનરૂપ વર્ણના કર્મો-યજ્ઞાદિ કરવા, એ જ પરમ સાધન છે. તેં જે ઉગ્ર તપશ્ચર્યા કીધી છે, તે એવી છે કે જેના સમાન બીજી નથી. અસાર વસ્તુને તેં ત્યાગી છે, ને માત્ર હુ જે જગદીશ્વર પરમાત્મા પૂર્ણ-બ્રહ્મ, તેને જ તેં ચાહ્યો છે-તારા હૃદયમા ધરી રાખ્યો છે અને હુ કહું છુ કે, તારા આ ઉત્તમ ભક્તિભાવથી તારા હૃદયમાથી મારુ સ્મરણ દર્શન ત્રણે કાળમા પણ ચલાયમાન થશે નહિ. હુ જે પરબ્રહ્મ તેની પ્રેમલક્ષણાભક્તિનુ સત્ય સ્વરૂપ, તને મારા પૂર્ણ ભક્ત શિવજી દેખાડશે, અને તને મારા પ્રતાપથી ત્રિકાળનુ જ્ઞાન થશે હે પરમ પ્રેમી ભક્ત! માયા મમતા કોઈ પણ તને ભેદી શકશે નહિ. તને આજે અનિત્ય, મુક્ત, અજન્મા સ્વરૂપનો જે સાક્ષાત્કાર થયો છે, તે તારી દૃષ્ટિમા, મનમા, શ્રવણમા, ને સકટમા અહોકાળ પ્રદીપ્ત રહેશે એ જ પરમ-સિદ્ધ સાધન છે" આમ કહીને જેવા પરમાત્મા તેના હૃદયમાં વાસ કરવા જાય છે કે, તત્ક્ષણે આ રીતની આકાશવાણી થઈ.—

वसन्ततिलकावृत्तम् ॥
आराधितो यदि हरिस्तपसा ततः किम् ।
नाराधितो यदि हरिस्तपसा ततः किम् ॥
अन्तर्बहिर्यदि हरिस्तपसा ततः किम् ॥
नान्तर्बहिर्यदि हरिस्तपसा ततः किम् ।

"જો હરિ આરાધેલા હોય તો પછી તપનુ શુ કામ છે? જો હરિ આરાધ્યા જ ન હોય તો પછી તપનુ શું કામ છે? અતરમા અને બહાર જો હરિ જ છે તો પછી તપથી શુ વિશેષ છે? અને અતર કે બહાર ક્યાય હરિ જ નથી તો પછી તપથી શુ થવાનુ છે? હે નારદ! તારા હૃદયમા સચરાચર પ્રભુએ વાસ કીધો છે, તેં મનનો અવરોધ કરીને બાહ્યેન્દ્રિય ને અતરેન્દ્રિયના વિષયોને સર્વ પ્રકારે ત્યાગ્યા છે, તારો આત્મા પરમાત્મા સાથે સંમીલન થયો છે, એટલે હવે તારે તપ કરવાનુ કઈ પણ પ્રયોજન નથી પરમાત્મા ઉપરના પૂર્ણ પ્રેમભાવથી તું નિષ્કામ રહીશ તારો યોગ તીવ્ર છે, તેં આત્મા પરમાત્માનુ ઐક્ય કીધુ છે, તારુ અત કરણ સકલ્પ વિકલ્પથી રહિત થઈ ગયું છે, તેથી કોઈ પણ પદાર્થ તને આવરણ કે વિક્ષેપ કરી શકશે નહિ. યાદ રાખજે કે, પરમાત્મામા જેને લેહ લાગે છે, તેને માટે બીજુ કોઈ શ્રેષ્ઠ સાધન જ નથી.

તુરત આકાશવાણી વિરામ પામી, અને નારદ વીણાધ્વનિથી સર્વત્ર ભગવન્નામની ધૂન મચાવતા, શિવજી, જે સર્વ વિદ્યાના ઈશ, સૌ ભૂતના ઈશ્વર અને સચરાચરના ગુરુ છે તેની પાસે ગયા અને પ્રેમપુર સર પ્રણામ કરી, વિનતિ કરી કે, મને પરમાત્માના સ્વરૂપનો ઉપદેશ કરો. પ્રથમ શિવજીએ ના પાડી, પણ ત્રિપુરાસુરના યુદ્ધમા, તે સહારક પ્રભુએ ત્રિપુરનો નાશ કીધો ત્યારે અનેક પ્રકારે નારદે શિવની સ્તુતિ કીધી, તેથી પ્રસન્ન થઈ, શિવજીએ પરમાત્માના શુદ્ધ સાત્વિક સ્વરૂપનો ઉપદેશ કરતા કહ્યુ કે, "આ જગતમા સર્વ વસ્તુઓ અસત્ય—નાશવત છે, માત્ર પરમાત્મા જ સત્ય છે. જે ત્રણ કાળમા રહે છે તે સત્ય કહેવાય છે. પરમાત્મા ત્રણ કાળમા વર્તમાન હોવાથી સત્ય છે અને તેના અસ્તિત્વથી જ બીજા નાશવત પદાર્થોનું પણ અસ્તિત્વ જોવામા આવે છે. તે સર્વવ્યાપક પરમાત્મા, માયોપાધિથી જગદ્રૂપે થયો છે. તેનું એક નિષ્ઠાથી સ્મરણ–મનન કરવુ, સર્વ વાસનાથી રહિત બનવું અને નેત્રને પાછા વાળી, હૃદયાકાશમા રહેલુ જે આત્મસ્વરૂપ, જેમા તેનું જ સ્વરૂપ વિરાજેલું

છે તેન યથાર્થ જાણવું-જોવુ, એ જ સર્વોત્તમ મોક્ષનું સાધન છે. જે પૂર્ણ પરમાત્મા છે, તેનું આવાહન નથી, સર્વાધારને આસન કેવુ? સ્વચ્છને પાદ્ય અર્ઘ્ય ન હોય ને શુદ્ધને આચમન શું? નિર્મળને સ્નાન શુ, વિશ્વોદરને વસ્ત્ર શા, નિરાલબને ઉપવીત કેવું, અને જે પરમાત્મા નિર્વાસનિક છે તેને પુષ્પ અર્પણ ન હોય! નિર્લેપને ધૂપ નહિ, રમ્ય-રમણીયને આભૂષણ ન ઘટે, અને જે નિત્યતૃપ્ત છે તેને નૈવેદ્ય તાબૂલ શા? હે નારદ! અનંતની પ્રદક્ષિણા શી, અદ્વય છે તેને નમસ્કાર શા, જે વેદવાકયથી અવેદ્ય છે, તેની સ્તોત્રથી સ્તુતિ શી? જે સ્વયપ્રકાશ છે તેની આરાર્તિક કોણ કરે, અને જે અંદર અને બહાર પૂર્ણ છે તેનુ વિસર્જન કેમ થાય? હું ને મારુ એ બધનનો નાશ, એ જ પર-માત્માની પરમ પૂજા ને પરમ સાધન છે" આટલો ઉપદેશ આપીને શિવજી અતર્ધાન થઈ ગયા

આ પ્રમાણે વિદેહી નારદે પરમાત્માને અતરમા ને બહાર સર્વ ઠેકાણે સ્થાન આપ્યું. પ્રેમથી નિરંતર પરમાત્માને અતરમા ધારણ કરવો, એ જ પરમ સાધન છે, એ જ શ્રેષ્ઠ ધર્મ છે, એ જ ઉગ્ર તપ છે, એ જ મુમુક્ષુજનનુ નિત્ય ને પરમ કર્તવ્ય છે ને મુક્ત કરનાર પણ એ જ છે. હે વત્સ! સાત દિવસમાં તે જે પરમજ્ઞાન પ્રાપ્ત કીધુ છે, તેથી હું જાણું છુ કે, તું સર્વદર્શી થશે, અને તારા સકલ્પ વિકલ્પો નાશ પામશે અને તારી બાહ્યચિત્તવૃત્તિને સસાર આવરણ કરી શકશે નહિ

યજ્ઞભૂનો વૃત્તાંત

આટલુ કહી સાક્ષાત્ પરમાત્માના અશાવતાર મહાત્મા યોગેશ્વર મહાપ્રભુ વિરામ્યા; અને પોતાની જટામાથી એક અમૃત ફળ કાઢી મને આપ્યુ. હે વિશાળ! તે ફળ મેં પ્રેમપૂર્વક પ્રણામ કરીને હાથમા લીધુ પછી મને તે મહાત્માએ ઘણા પ્રેમથી વિદાય થવાની આજ્ઞા આપી, એટલે હું પ્રફુલ્લિત હૃદયે આનદરસમા લહરીયા લેતો લેતો ત્યાથી વિદાય થઈને મારા નિત્યના કલ્પવૃક્ષ નીચે આવીને બેઠો અને ચોમેર દૃષ્ટિ ફેંકી તો અહા! હે વિશાળ! દશે દિશામા મને આનદ આનંદ જ દર્શન દેવા લાગ્યો મદમદ પવનની લહરીઓ સાથે નિર્મળ ગગન-મડળ, દિવસ સમાન ઉજ્જવળપણે પ્રકાશતું જણાયું, અમર, કિન્નર, વિદ્યાધર ને ગંધર્વો મારાપર કુસુમવૃષ્ટિ કરવા લાગ્યા તથા કલ્યાણ કલ્યાણનો આશીર્વાદ દેતા જણાયા પરમ પવિત્ર ગગા યમુના ખળ-

અખાટ વહેતી જોવામાં આવી, સત્પુરુષની ઉજ્વળ કીર્તિ જેવો ને સર્વ અચલોના ચક્રવર્તી જેવો, યશસ્વી હિમાચલ, મને પોતાની ટોંચપર બેસાડીને જાણે ગગનમડળમા ઘૂસી જતો હોય, તેવો જણાવા લાગ્યો; સ્થળે સ્થળે વિહાર કરતી સુરાગનાઓ મારા મસ્તકપર આવીને થભીને વેણુવીણાના નાદથી હ્રદયને આહ્લાદિત કરવા લાગી, વિદ્યાધરીઓ પરમાત્મામા તલ્લીન કરનારા ને અગમા રોમાચ કરતા મધુરા રાગ સુણાવવા લાગી. આ વેળાએ મારા તનમા, હ્રદયમા, મનમા ને આત્મામાં સર્વત્ર એક જ પરબ્રહ્મના નિત્ય લીલામય સ્વરૂપનુ જ ધ્યાન લાગી રહ્યું હતું સધ્યા થઈ–જાણે વૈતાલિક આવીને કહેતો હોય કે, હે વિદેહી! હવે શાત થા ને માયિક વિચાર ત્યજ, કે તત્ક્ષણે ચકવાએ ચકવીનો ત્યાગ કીધો. મને ઘણા ઘણા વિચાર આવ્યા કે, આ મહાપુરુષ યોગેશ્વર, જેણે મને કશાપણ લાભ વિના આટલો બધો સદ્બોધ આપ્યો તે કોણ હશે? પછી જાણે મારો અતરાત્મા જ મને કહેતો હોય તેમ જણાયું કે, એ જ સાક્ષાત્ કૈવલ્ય મૂર્ત્તિ છે અને મારા પૂર્વ જન્મના કોઈ સુકૃતને યોગે, આ અમૂલ્ય બોધ આપ્યો છે. મહાત્મા પુરુષો જનકલ્યાણનુ કાર્ય કરતા બદલાની અપેક્ષા કરતા નથી. તેમના બોધના પ્રભાવવડે હું આશા, તૃષ્ણા, મોહ, મમતા, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર રહિત થઈને પૂર્ણપ્રેમી પરમાત્માનો ભક્ત બનીને આનદ લહરીમા તણાવા લાગ્યો અને હે વિશાળ! હું કહી શકતો નથી કે, તેમા હું કયા સૂધી તણાઈશ: અદ્યાપિ પર્યંત તણાયો જ જાઉં છુ જે આનદ મને તે કાળે તે કલ્પવૃક્ષ નીચે થયો હતો, તેવો જ આનદ અદ્યાપિ પર્યંત મને થયો જ જાય છે, અને તુ નિશ્ચય જાણ કે, આ આનદ આ પંચાતત્ત્વથી ઘડાયલા માયિક દેહના પડવા સૂધી તેવો જ સતેજ રહેશે.

પછી મેં મારુ નિત્યકર્મ–સાયંસધ્યા આટોપી લીધી. આખા દિવસનો ભુખ્યો ને થાકેલો હતો, તેથી મહાત્મા યોગેશ્વરના આપેલી પેલી પ્રસાદીનું ફળ પ્રાશન કીધુ પછી હું શુ જોઉં છુ? મને સર્વ પ્રકારનું જ્ઞાન થયુ, મારી સમક્ષ ત્રણે કાળની લીલા નૃત્ય કરતી હોય તેમ જણાઈ મારા હ્રદયમા તો આ ઉપાધિવાળી સાસારિક જજાળ માટે યત્કિંચિત્ પણ ભાવ નહોતો. પણ ગુરુ જાણે હ્રદયમા વસી મને પ્રેરણા કરતા હોય કે, “બચ્ચા! સસારકસોટીપર ચઢ્યા વિના ખરી પરીક્ષા થતી નથી, તો હે વિદેહી! ડર્યા વિના સંસારમા રહી, જે

ભાવી નિર્માણ છે તે ભોગવ; સ્વપત્ની સહિત સદ્ધર્મે રહી, પ્રજાપાલન કરી ક્ષાત્રધર્મને અનુસર; સ્વધર્મનો ત્યાગ, અધોગતિનું મંડાણ છે, સચિત ભોગવ ક્રિયમાણમાં સાવધ રહે," તેમ થવા માડ્યુ જ્ઞાન થયા પૂર્વે જેના ફળ થવાનો આરંભ થઇ ચૂકયો હોય એવા કર્મ, પોતાનુ ફળ આપ્યા વિના વિનાશ પામતા નથી. કોઈ પુરુષે ગાયને વાઘ સમજી બાણ છોડ્યુ, ને છોડ્યા પછી જાણ્યું કે, રે! રે! એ તો ગાય છે, છતાં તે બાણ પાછુ ફરતું નથી, પણ તે બાણ પોતાનું કાર્ય કરે જ છે, તેમ જ જ્ઞાનીઓનુ પણ પ્રારબ્ધ બલવત્તર હોય છે. તે પ્રારબ્ધનો ક્ષય, ભોગથી જ થાય છે. બ્રહ્મસ્વરૂપની એકતા થયા પૂર્વે, ફળ આપવા તત્પર થયેલા પ્રારબ્ધો ભોગવેથી સકળ સિદ્ધિ છે, બ્રહ્મસ્વરૂપની એકતા પછી તો ન સચિત, ન ક્રિયમાણ કે ન પ્રારબ્ધ, કઇ પણ રહેતુ નથી, કારણ કે સ્વરૂપાનુસધાનમય આત્મા નિર્ગુણ બ્રહ્મરૂપ છે તે સદ્રૂપ, ચિદ્રૂપ, આનદરૂપ, નિત્ય, ક્રિયારહિત બ્રહ્મરૂપ છે, તે વિષયરહિત, આશ્રયરહિત, નિરજન, બ્રહ્મરૂપ છે, અને મહાત્માઓ એ તત્ત્વને જાણીને તેના ઉત્તમ પરિણામમા આત્માનો આત્મા સગે યોગ કરેથી પરમસુખ પામેલા છે માટે હે વિશાળ! તું પણ આ પરમતત્ત્વરૂપ અને આનદઘન આત્માનું સ્વરૂપ વિચારી, અરે પોતાના મને કલ્પેલા જગતના અસત્યથી સંભાળી, મોહને ટાળી, મુક્ત, કૃતાર્થ ને પ્રબુદ્ધ થા

તે આશ્રમમા મારા મનમા સ્ફુરાયમાન થયેલા આવા બોધવચનની પ્રેરણાથી તથા ઉત્તેજિત વાક્યથી, જાણે દોરાયો હોઉં તેમ હું અથાગ સંસારને તરી જવાને, તેમાના મગરમચ્છોથી, વા વટોળીઆથી તથા મોટા મોજાઓમાથી પાર ઉતરી જવાને તૈયાર હોઉં, તેવી મારી ચિત્તવૃત્તિ થઈ રહી. પ્રતિભા બદલાઈ ગઈ. ગુરુપ્રસાદીના પ્રતાપ-પ્રભાવથી મને તે જ વેળાથી સર્વ જ્ઞાન થયુ છે, જે હજી ગુરુપ્રતાપથી જેવુ ને તેવુ સતેજ છે, અને જે પરમાત્માનો મારા હૃદયમા, ચિત્તમા, મનમા, અતરમા આત્મામા નિરતરનો નિવાસ છે, તેનો પ્રભાવ નિસ્તેજ થવા પામશે નહિ.

ઈશ્વરી લીલા અગાધ છે. જો કે મને તે સ્થળે સર્વ જ્ઞાન પ્રાપ્ત થયું હતું, પણ તાત્કાળમા મારે અર્થ શુ બનવાનુ હતું તે, તે યોગીશ્વરના પ્રતાપથી મારી દૃષ્ટિની બહાર હતું આનદના સાગરમા પૂર્ણ તણાતો આ દેહ, તે કલ્પવૃક્ષ નીચે, તે પછી ગાઢ નિદ્રામા પડી ગયો અને મારા આશ્ચર્ય વચ્ચે બીજે દિવસે તે જ દેહ આ નગરના પશ્ચિમ દરવાજાના

નદીતટપર સ્થાપેલા શ્રી નારાયણના મદિરના ચોકમાં પડેલો જણાયો. મને નિશ્ચય થયો કે, સાત દિવસમાં મને જે જાણવા યોગ્ય હતું, તે સપૂર્ણ મને જણાવી, આ વ્યવહારકાર્યમાં પ્રવૃત્ત થવા પાછો અત્ર લાવી મૂક્યો છે. દૈવેચ્છાને આધીન કોણ નહિ થાય ?

ત્યાં આવ્યા પછી પણ મારા હૃદયમા પરમાત્માના નિરતરના વાસને લીધે પૂર્ણાનદ હતો: અન્ય ઇષ્ટની પ્રાપ્તિનો વિચાર જ નહોતો. વૈભવયુક્ત રાજ્યસપત્તિ મળે કે અરણ્યના ઝાખરા મળે, તે માટે ઇચ્છા કે અનિચ્છા, એમાનું કઈ જ મને ન હતું આ દેહ પડો કે રહો, તે માટે સકલ્પ નહોતો તેથી આ માયિક જગતને જજાળના દર્શન થવા છતા પૂર્વના જેવો જ વૈરાગ્ય મને વીટી રહ્યો મારા પિતાનું રાજ્ય, આ દેહના શત્રુએ છિનવી લીધું હતું, પણ દેવની ઇચ્છા એવી નહોતી કે, મારે સહાર કરીને રાજ્ય સપાદન કરવુ તેની ઇચ્છા નિરાળી હતી જે મદિરમા હું પડ્યો હતો, તે મદિરમા કેટલાક દિવસ હું રહ્યો એક સમયે ત્યા શત્રુ રાજા આવી ચઢ્યો ને મારામા કઈ વિચિત્ર ભાવ જોઈ, એકદમ મને પગે પડી કહ્યુ, 'બલીભદ્રકુમાર! હું તારે શરણે છું, મારો અપરાધ ક્ષમા કર, અને તારુ રાજ્ય પુનઃ ગ્રહણ કર ' ક્ષાત્રધર્મને વશ થઈ મેં જણાવ્યુ, 'યુદ્ધ આપ !' ત્યારે શત્રુ રાજાએ જણાવ્યું, 'જેના પ્રતાપ સમીપ નારાયણનું સુદર્શન અને નરનું ગાડીવ પણ નમન કરે છે, તેને આ અલ્પ પ્રાણી યુદ્ધ કેવી રીતે આપે ?' એમ કહી દડવત્નમસ્કાર કરતો, ગળગળા કઠે પ્રાર્થના કરતો, તે જમીનપર પડ્યો મેં દયા દર્શાવતા તેને ઉઠાડ્યો ને તેના મનનુ સાત્વન કરી, તે રાજાની ઇચ્છાનુસાર, મેં નગરમા પ્રવેશ કીધો અને નગરજનના આશીર્વાદ સાથે હું સિંહાસનારૂઢ થયો તે પછી હું છતે દેહે વિદેહી રહી, પરમાત્માએ યોજેલી ને સોંપેલી આ પ્રજાનુ. તેના જ પ્રભાવથી પાલન કરી, જનકપેરે, તેનો દાસ બની રાજ્ય કરુ છુ, જે તુ જોય છે. તે દિવસથી તે જ પરમાત્માના દર્શનમા નિમગ્ન રહીને સસારમા વિચરુ છુ, હું છતે નેત્રે અધ છુ, છતે કાને બધિર છુ, છતી વાચાએ મુંગો છુ આ સર્વ દૃશ્ય પદાર્થમા મારુ જે કઈ છે તે પરમાત્મા જ છે હું જે કઈ જોઉં છું તે પરમાત્માનુ નિત્ય શુદ્ધ સ્વરૂપ જોઉં છુ, જે કઇ સાભળુ છુ તે તેના જ ગાન સાભળુ છુ; જે કઈ બોલુ છુ તે તેના ગુણગાન છે; દાસોઽહ છતા હું સોઽહ જ છુ. મને રાગે નથી ને દ્વેષે નથી જે છે તે છે જ્યા સૂધી દૈવેચ્છા છે ત્યા સૂધી

આ દેહ તેના ભોગ ભોગવે છે, પણ મને કશું લાગતું વળગતું નથી. ગુરુ આજ્ઞા પ્રમાણે આ સ્ત્રી સાથ મેં લગ્ન કીધા છે, પણ માત્ર તે વ્યવહાર માટે જ, મને તેની સાથે કશી લેવાદેવા નથી.

જાણ, ઓ વિશાળ ! તે યોગીશ્વરના પ્રતાપપુંજથી મારા પુત્રનું ભાવી મેં જે રીતે જાણ્યું હતું, તેમ જ બન્યુ છે મને તો હર્ષ કે શોક કાંઈ નથી તે મારો હતો પણ નહિ અને મારો હોવાનો પણ નથી મારુ ચિત્ત તેમા હોય તો જ મને તેની માયા પીડે, પણ મારુ ચિત્ત નિવૃત્તિ-પરાયણ થઈને તે જ સત્યસ્વરૂપ વિશ્વેશ્વર પરમોદ્ધારક જગદ્‌ગુરુ ધર્માત્મા અખિલ વિશ્વના સ્વામી પરમાત્મામા લવલીન થઈ રહ્યુ છે, તેમા જ પ્રેમભક્તિથી જડાઈ રહ્યુ છે, તેમા જ એકતાર થયુ છે, તેની જ મને માયા છે અને તે જ મને માત્ર પીડે છે, કે જે પીડામા જ મારો નિત્યનો આનદ સમાયો છે, અને તેમા જ હું પોતાને કૃતકૃત્ય માનું છુ ! જયી આનદી પરમાત્મા બ્રહ્મસ્વરૂપની પીડાનો જે આનંદ છે, તે જવલ્લો જન ભોગવે છે

આ પ્રમાણે યજ્ઞભૂએ, વિશાળ પ્રધાનને પોતાની પૂર્વ જ્ઞાનપ્રાપ્તિની કથા કહી સભળાવી તે પછી મુમુક્ષુ પ્રધાન તેના ચરણમા પડ્યો ને કહ્યું, "હે મહારાજ! આપના પ્રતાપથી આજે હું કૃતકૃત્ય થયો છુ ને આપ જે યોગેશ્વરના ચરણ સેવી આવ્યા છો, તેની વાણીથી મારી માયા મમતા છૂટી ગઈ છે, તો પછી આપની આ વિદેહી દશા થાય, તેમા શુ આશ્ચર્ય ?" તે પછી રાજા પ્રધાન બન્ને વિદેહી રહી રાજકાર્ય કરવા લાગ્યા, અને કાળાવધિ સૂધી આ લોકમા રહી સર્વત્ર પરમાત્માનુ જ દર્શન કરતા, સદ્ધર્મથી પ્રજાપાલન કરી, આ સસારમા વિચરતા હતા તે જ્યારે પ્રારબ્ધ ભોગ પૂરો થઈ રહ્યો, ત્યારે પરમાત્માના નિજસ્વરૂપને પામીને અક્ષરધામમા જઈ વસ્યા.

इति श्रीनन्दनंदनपादारविंदमिलिंदेन देशाईकुलोत्पन्नेन सूर्यरामसुतेन इच्छारामेण विरचिते चंद्रकाते 'तत्त्वज्ञानपूर्वकससार-निराससाधननामा' द्वितीय. प्रवाह

ઇચ્છારામ સૂર્યરામ દેશાઇના રચેલાં ગ્રન્થો

વેદાંત

ચન્દ્રકાન્ત (ભાગ પ્રથમ–નવમી આવૃત્તિ)	૪– ૦–૦
ચન્દ્રકાન્ત (ભાગ દ્વિતીય–છઠ્ઠી આવૃત્તિ)	૬– ૮–૦
ચન્દ્રકાન્ત (ભાગ તૃતીય–ચોથી આવૃત્તિ)	છપાય છે

ઉપન્યાસ (સામાજિક)

ગંગા (એક ગુર્જર વાર્તા) અને શિવાજીની સુરતની લુંટ (ત્રીજી આવૃત્તિ)	૧– ૪–૦
સવિતા સુંદરી (સામાજિક ગુર્જરકથા) (ત્રીજી આવૃત્તિ)	૦– ૪–૦

ઉપન્યાસ (ઐતિહાસિક)

હિન્દ અને બ્રિટાનિયા (રાજકીય)	છપાય છે
ટીપુ સુલતાન (પ્રથમ ભાગ)	છપાય છે
દિલ્લીપર હલ્લો (પૃથ્વીરાજની વાર્તા) (ત્રીજી આવૃત્તિ)	છપાય છે

બાળ સાહિત્ય

ગુજરાતી સચિત્ર વાંચનમાળા–પહેલી ચોપડી	છપાય છે

બાળ સાહિત્ય (સંયોજન કરેલું)

બાળકોનો આનંદ (ભાગ ૧ લો) (ચોથી આવૃત્તિ)	૦–૧૦–૦
બાળકોનો આનંદ (ભાગ ૨ જો) (ત્રીજી આવૃત્તિ)	૦–૧૦–૦

અંગ્રેજીમાંથી અનુવાદ કરેલાં ગ્રન્થો

ઔરંગઝેબ	૧– ૪–૦
રાસેલાસની કથા (૩ જી આવૃત્તિ)	છપાય છે
મહારાણી શ્રીવિક્ટોરિયાનું જીવનચરિત્ર (બીજી આવૃત્તિ)	૧– ૪–૦
અરેબિયન નાઇટ્સ (સચિત્ર ૩ જી આવૃત્તિ)	૧૦– ૦–૦

સંસ્કૃતમાંથી અનુવાદ કરેલાં ગ્રન્થો

શ્રી પંચદશી–(શ્રી વિદ્યારણ્ય સ્વામીકૃત) (૨ જી આવૃત્તિ– ચન્દ્રકાન્ત નામક ગુજરાતી સ્વતંત્ર વિવરણ સહિત)	૬– ૦–૦

રાજતરંગિણિ અથવા **કાશ્મીરનો ઇતિહાસ** (કવિ કહ્લણ કૃત) (પ્રથમ ભાગ)	છપાય છે
શ્રીમદ્ વાલ્મીકિ રામાયણ (૩ જી આવૃત્તિ)	૬- ૦-૦
વિદુરનીતિ (૭ મી આવૃત્તિ)	૦- ૬-૦
કળા વિલાસ (કવિ ક્ષેમેન્દ્ર કૃત) (૨ જી આવૃત્તિ)	૦-૧૨-૦
ચારૂચર્યા અથવા **શુભાચાર**-(કવિ ક્ષેમેન્દ્ર કૃત) (૪ થી આવૃત્તિ)	૦- ૨-૬
સરળ કાદમ્બરી (૩ જી આવૃત્તિ)	છપાય છે
રાજભક્તિ વિડમ્બણ (ભાણ-નાટક)	૦- ૨-૦
યમસ્મૃતિ	છપાય છે
સત્યનારાયણની કથા	છપાય છે
શુક્રનીતિ (૨ જી આવૃત્તિ-ટીકા સાથે)	૨- ૦-૦

સંપાદન કરેલા ગ્રન્થો

બૃહત્ કાવ્યદોહન ભાગ ૧ લો (૭ મી આવૃત્તિ)	છપાય છે
,, **૨ જો** (બીજી આવૃત્તિ)	૩- ૦-૦
,, **૩ જો** (બીજી આવૃત્તિ)	૫- ૦-૦
,, **૪ થો**	છપાય છે
,, **૫ મો**	છપાય છે
,, **૬ ઠ્ઠો**	૫- ૦-૦
,, **૭ મો**	૩- ૦-૦
,, **૮ મો**	૩- ૦-૦
નરસિંહ મેહેતા કૃત કાવ્ય સંગ્રહ	૩- ૦-૦
કૃષ્ણ ચરિત્ર (કવિ ગિરધર કૃત)	છપાય છે
પદબંધ ભાગવત (કવિ પ્રેમાનંદ, સુંદર, અને વલ્લભ કૃત) (ત્રીજી આવૃત્તિ)	૬- ૦-૦

ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ અને શ્યામજી વાલજી શાસ્ત્રી

કથા સરિત્સાગર (ભાગ ૧ લો ૨ જી આવૃત્તિ)	૩- ૦-૦
કથા સરિત્સાગર (ભાગ ૨ જો ૨ જી આવૃત્તિ)	૩- ૦-૦

ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ અને પ્રાણજીવન હરિહર શાસ્ત્રી

કામંદક નીતિસાર (૨ જી આવૃત્તિ ટીકા સાથે)	૧- ૮-૦